51130
श्रीकैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र

॥ ॐ श्री अर्हं नमः ॥

॥ स्वपरसमयपारावारपारीण–शासनसम्राट्–जगद्गुरु–सर्वतन्त्र–
स्वतन्त्र–सूरिचक्रचक्रवर्ति–तपागच्छाधिपति–भट्टारकाचार्य–
महाराजाधिराज–प्रत्यूषाभिस्मरणीय–
श्री विजयनेमिसूरिभगवद्भ्यो नमो नमः ॥

॥ तपागच्छगगनाङ्गणभास्कर–भट्टारकाचार्यश्रीहीरविजयसूरीश्वर-
विनेयोपाध्यायश्रीकीर्तिविजयगणिशिष्योत्तंसमहोपाध्याय
श्रीविनयविजयगणिविनिर्मितः ॥

# ॥ श्रीलोकप्रकाशः ॥

2

॥ तस्य चायं ॥

## ॥ द्रव्यलोकप्रकाशसत्कसर्गत्रयात्मकः प्रथमो विभागः ॥

॥ यंत्रचित्रटिप्पण्यादिविभूषितगूर्जरभाषानुवाद–
विस्तृतविवेचनसमलङ्कृतः ॥

२८५५

॥ विवेचनादिप्रणेता ॥

॥ तपागच्छाधीश्वरश्रीमद् विजयनेमिसूरीश्वरपट्टधरशिष्यः
सिद्धान्तवाचस्पति–न्यायविशारद
श्रीविजयोदयसूरिः ॥

DELISTED

॥ प्रकाशयित्री ॥

॥ संघवी शेठ नगीनदास करमचंदसमर्पितद्रव्यपूर्णसाहाय्येन राजनगर ( अमदावाद )स्था
श्री जैनग्रन्थप्रकाशकसभा ॥

वीर संवत् २४६० ] प्रति १००० [ विक्रम संवत् १९९०

30
2001
अमदावाद
पुस्तक
नंबर १५९२

॥ नमो सिद्धचक्कस्स ॥

॥ णमो सिरिगुरुणेमिसूरीणं ॥

॥ शार्दूलविक्रीडित ॥

जेनो उत्तम बोध शोध करतो, तत्त्वार्थना तत्त्वनी ।
एकीसाथ प्रशंसना मतिधनो, जेना करे सत्त्वनी ॥
पाम्यो हुं श्रुतबोध योगविधिने, जेना प्रसादे करी ।
वंदुं श्रीगुरु नेमिसूरिचरणे, ते उपकारो स्मरी ॥ १ ॥

## ॥ प्रस्तावना ॥

धर्मवीर प्रियबंधुओ ! अविच्छिन्नप्रभावशालि त्रिकालाबाधित आपणुं श्री जैनेन्द्रदर्शन सर्व दर्शनोमां प्रधानपद भोगवे छे, ते व्याजबी ज छे. कारण के ते जैनेन्द्र दर्शन ज अन्य सर्व दर्शनोने उचित न्याय आपवा समर्थ छे. माटे ज जैनेन्द्र दर्शन "निष्पक्षपातिदर्शन" "अनेकांतदर्शन" एवा नामथी ओळखाय छे. जुओ !

" अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद्–यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन्, न पक्षपाती समयस्तथा ते ॥ १ ॥"

ए ज आशयथी महर्षि भगवंतोए ते लोकोत्तर दर्शनने समुद्रनी उपमा आपी छे, तेमज अन्य दर्शनोने नदी समान कह्या छे. जुओ—

" उदधाविव सर्वसिंधवः, समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥ १ ॥"

जेम समुद्रमां सर्व नदीओनो समावेश थाय छे तेम जैनेन्द्र दर्शनमां ज सर्व दर्शनोनो समावेश थाय छे. अन्य प्रत्येक दर्शनने आगीया जीव जेवो

प्रकाश पण जैनेन्द्र दर्शनना एक अंशने ज आभारी छे, जेथी समजी शकाय तेम छे के-अन्य दर्शनो अपूर्ण अने आपेक्षिक ज्ञान संपादन कराववामां असमर्थ छे. कारण ते ते दर्शनना स्थापक महात्माओ विशिष्ट ज्ञानी नथी माटे ज कोइ कोइ बाबतमां एकांतवाद स्थापवा जतां अनेकांतवाद स्वीकार्यो होय तेम अनेक स्थले जणाय छे, जे वात प्रसंगे जणाववी उचित छे.

तात्पर्य ए के-मोक्षसाधनने कषायादिनी शुद्धि दर्शाववापूर्वक संपूर्ण रीते प्रतिपादन करनार-भवोभव चाहवालायक श्री जैनेन्द्र दर्शन ज छे, माटे ज मंत्री वस्तुपाले अंतिम समये ए ज माग्युं छे के—

"यन्मयोपार्जितं पुण्यं जिनशासन-सेवया ॥
जिनशासनसेवैव तेन मेऽस्तु भवे भवे ॥ १ ॥"

"शास्त्राभ्यासो जिनपदनतिः संगतिः सर्वदार्यैः,
सद्वृत्तानां गुणगणकथा दोषवादे च मौनम् ।
सर्वस्यापि प्रियहितवचो भावना चात्मतत्त्वे,
सम्पद्यन्तां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥ १ ॥"

शासननी सेवा तो लोकोत्तर फलदायक छे एमां नवाइ शी? परंतु तेनो प्रेम पण व्हाणना जेवुं काम करे छे, माटे ज श्रीमान वाचकवर्ये कह्युं छे के—

"अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानां ।
अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥ १ ॥"

"विषयानुबन्धबंधुर-मन्यत्र किमप्यहं फलं याचे ।
किंत्वेकमिह जन्मनि, जिनमतरागं परत्रापि ॥ २ ॥"

आवा सर्व दुःखनाशक ज्ञानानन्दना विलासथी भरेला-सर्वसंपत्तिदायक जैनेन्द्रशासनमां मोक्षनी प्राप्ति संक्षेपे ज्ञानयुक्त क्रियाराधनथी अने विस्तारे उत्तम दर्शनादि त्रणना आराधनथी कही छे. जुओ—

ज्ञानक्रियाभ्यां मोक्षः ॥ सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥

अहीं एक प्रश्न उपस्थित थाय छे के क्रियानी पहेलां ज्ञान केम कीधुं? उत्तर-क्रियानी निर्दोष आराधना तो ज्ञानने आधीन छे, माटे ज कह्युं छे के—

पढमं नाणं तओ दया० ॥ नाणं पयासगं सोहओ–तवो संजमो अ गुत्तिधरो० ॥

आ ज अभिप्राये ज्ञानने आदिमां कह्युं छे. एवा ज्ञाननी आवश्यकताने समजता शास्त्रकारो फरमावे छे के–त्रीजा लोचन समान, अलौकिक सूर्य समान, आश्चर्यकारी घरेणा समान, चोर न चोरे तेवा धन समान सम्यग्ज्ञान छे. हेय पदार्थोथी निवृत्ति अने उपादेय पदार्थोमां प्रवृत्ति कराववनार पण ते ज ज्ञान छे. कृत्याकृत्यादिनी पिछाण–चारित्रनी साधना–चित्तनी निर्मळता–कषायनो क्षय पण पूर्वोक्त ज्ञानथी ज करी शकाय छे. माटे ज तेने सूर्य–वज्र विगेरेनी उपमा आपी छे. अन्यत्र एम पण कह्युं छे के—पीयूषमसमुद्रोत्थमित्यादि ॥ ज्ञानथी पवित्र बनेली क्रिया सोनाना घडा जेवी कही छे. तथा ज्ञानपूर्वक क्रियाराधनथी थयेलो कर्मक्षय दग्धमंडूकचूर्णनी जेवो कह्यो छे. माटे ज ज्ञानविनानी क्रिया खद्योत प्रकाशतुल्य कही छे. अने ज्ञानने अपेक्षाए सूर्यतुल्य कह्युं छे, स्वर्ग मनुष्यत्व पण आवा ज ज्ञानथी मेळवी शकाय छे, तेथी आवा ज्ञानने धारण करनार श्रमण विगेरेनी ऊर्ध्वगति शास्त्रमां दर्शावी छे. एम होवाथी अनेक अपेक्षाओने ध्यानमां लइने पूर्वाचार्य भगवंतोए ज्ञानना उत्कर्षने चारित्र कह्युं छे. एटले ज्यां ज्ञाननो परिपाक होय त्यां अवश्य चारित्र होय ज, माटे ज कह्युं छे के—'ज्ञानस्य फलं विरतिः' ॥ आवा ज्ञानकल्लोलथी भींजायेला मनवाळा जीवो मोहराजानो सुखेथी पराजय करी शके छे. मिथ्यात्वरूपी पर्वतना पक्षने छेदी नाखनार ज्ञानरूपी वज्रथी शोभायमान योगी–निर्भयपणे आत्मानंदरूपी नंदनवनमां शक्रनी माफक क्रीडा करे छे. आवा ज्ञानना बळे ज–कर्मोदयकाले पण ज्ञानीने क्लेश थतो नथी, एम तो गीता पण कबूल करे छे, जुओ–ज्ञानिनोऽज्ञानिश्चात्र० ॥ कृतार्थ पण तेवा ज्ञानीने ज कह्या छे, जुओ—

ते धन्ना सुकयत्था, जेसिं नियतत्तबोहरुइजाया ।
जे तत्तबोहभोई, ते पुज्जा सव्वभव्वाणं ॥ १ ॥ इत्यादि—

एकांत पक्षवालाओ पण पोताना अभिप्रायानुसारे ज्ञानने तो मुक्तिना साधनरूपे स्वीकारे ज छे. जुओ 'ऋते ज्ञानान्न मुक्तिः' ॥ 'पंचविंशति–तत्त्वज्ञः मुच्यते नात्र संशयः ॥ ज्ञानाग्निः सर्वकर्माणि० ॥ परंतु भिन्नता त्यां ज जणाय छे के तेओ अपेक्षा ज्ञानना अभावे ज्ञानथी ज मुक्ति माने छे.

एटले क्रियाने मानता ज नथी अने परमप्रभावसंपन्न श्री जैनेन्द्रदर्शन ज्ञानयुक्त क्रियाथी मुक्ति माने छे. एनुं रहस्य ए छे के–ज्यारे प्रत्येक ज्ञानमां अने क्रियामां मुक्ति पमाडवानुं देशथी सामर्थ्य छे त्यारे संपूर्ण सामर्थ्य तो उभयमां ज रहेलुं छे. जेम गाडाने चलाववानुं सामर्थ्य प्रत्येक पैडामां देशथी छे अने बंनेमां संपूर्ण रहेलुं छे, तेम ज्ञानक्रियामां पण समजवुं. वळी ए पण ध्यान बहार न ज होवुं जोइए के ज्ञानविनानी क्रिया अंधजेवी अने क्रियाविनानुं ज्ञान पंगु-( पांगळो माणस ) ना जेवुं छे. जेम वनमां सळगेला दावानलना प्रसंगे भलेने अंधमां चालवानी शक्ति होय पण ज्यांसुधी पांगळाने खभे बेसाडी तेना बतावेला मार्गे अंधजन न चाले त्यांसुधी दावानलना दुःखथी न बचे, तेम ज्ञानक्रिया उभयनुं आराधन न करे तो आ जीव संसारदावानलथी शुं बचे खरो के ? न ज बचे.

पूर्वे कहेल ज्ञान–सर्वानुयोगमय पंचमांग श्री भगवतीसूत्र तथा श्री नंदीसूत्रादिमां पांच प्रकारनुं कहेल छे. युक्ति पण एम ज जाहेर करे छे के–जेम दुनियाना प्रकाशक सूर्यादि पांच छे तेम ज्ञान पण पांच कह्या छे; कारण के ते पण प्रकाशक ज छे. प्रकाश अने ज्ञान ए बे समान अर्थवाळा शब्दो छे. माटे ज नाणं पयासयं० इत्यादि पूर्वधर भगवंतोए कह्युं छे. आ पांचे ज्ञानमां स्वपरस्वरूपने जणावनार श्रुतज्ञान ज छे. जेमां द्वादशांगी ए मुख्य गणाय छे. ते अंगरचनाना संबंधमां एम समजवुं के–जेम एक पुरुष वृक्ष ऊपर चढी फूलो भेगा करी नीचे नांखे, ते फूलोने माळी वस्त्रमां झीली माळा बनावे छे तेम पूज्यपाद सर्वज्ञ प्रभु श्री तीर्थंकर महाराजाए केवळज्ञानरूप वृक्षउपर चढी अनेकार्थरहस्यगर्भित सकलजीवोपकारिणी सुधासमान देशनाद्वारा कहेला वचनोरूपी पुष्पोने वीणीने यथार्थ स्वरूपे बीजबुद्धिना निधान पूज्य श्री गणधरभगवंतोए आचारांगादि सूत्रोरूपी माळा गुंथी. माटे ज कह्युं के—**अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं ॥** श्रुतकेवळी आदि स्थविर भगवंतोए अंगोनुं स्पष्टीकरण करवा उपांगादिनी रचना करी. आ प्रसंगे ए पण ध्यान बहार न ज होवुं जोइए के–दूधमां जेम घी रहेलुं छे, तेने विचक्षण पुरुष जुदुं करी शके छे एम अंगसूत्रो दूध जेवा अने निर्युक्ति–भाष्य–चूर्णी घी जेवा समजवा. चतुर्दशपूर्वधर श्री भद्रबाहुस्वामी आदि महापुरुषोए ते सूत्रनी साथे अभिन्न स्वरूपे रहेला निर्युक्त्यादिने जुदा गोठव्या, एम सर्वानुयोगमय पंचमांग श्री विवाहप्रज्ञप्तिसूत्रमां कहेल **सुत्तत्थो खलु पढमो०**

इत्यादि वचनथी जाणी शकाय छे. पूर्वे ए आगमरूप गणाला सूत्रोना दरेक पदनुं चारे अनुयोगगर्भित व्याख्यान करवामां आवतुं हतुं. केटलोक समय वील्या बाद अवसर्पिणीना दुषम काळना प्रभावे जीवोनी थती बुद्धिमंदताथी ते ते अनुयोगोमां थती गुंचवण विगेरे कारणो ध्यानमां लइने पूज्यपाद–जगद्गुरु–न्यूनदशपूर्वधर भगवान्श्री आर्यरक्षितसूरीश्वरजी महाराजाए ते चारे अनुयोगोने प्रत्येक सूत्रोमां जुदा जुदा कहेल्या त्यारथी ते ते सूत्रोनुं व्याख्यान ते ते अनुयोगने आश्रयीने ज करवामां गौरव छे. वळी हालनी अनेक शोध-खोळो पण ते ज विद्या–मंत्र विगेरेना खजाना समान आगमोमांथी ज नीकळी छे. कारण के ते आगमोमां ज कर्मवाद–परमाणुवाद–आत्मवाद विगेरे संपूर्ण अपूर्व फिलोसोफी भरेली छे. मारे कहेवुं जोइए के–दरेक परमाणु जुदा जुदा स्वरूपे परिवर्तन पामे छे, माटे वास्तविक रीते रागद्वेषनुं खरुं कारण कोइ अन्य छे ज नही, केवल अज्ञानजन्य जुदी जुदी प्रतीति थाय छे. एम जैनागम पहेलेथी ज फरमावे छे. वळी शब्दने आकाशनो गुण छे एम माननारा नैयायिकोने जैनदर्शन पहेलेथी जणावतुं हतुं के–' शब्द ए पौद्गलिक पदार्थ छे. ' एम नहीं स्वीकारनारा तेओ फोनोग्राफनी शब्दने कैद (पकडवानी) करवानी शक्ति जोइने हवे कबूल करे ज छे. कारण गुण तो पकडाय ज नहि; पुद्गल ज पकडी शकाय. ए वात तो जगजाहेर छे. वळी वायरलेस् टेलीग्राफनी शोधखोळने जैनदर्शन नवीन शोध-खोळ तरीके स्वीकारतुं ज नथी; कारण के अमारा निर्दोष सुवर्णसमान पवित्र आगमो पहेलेथी ज डिंडिम वगाडीने जणावे छे के–तारना अनुसंधान विना पण सुघोषा घंटाना शब्दो असंख्य योजन दूर रहेला बीजा विमानोनी घंटाओमां उतरे छे. ते सांभळवाद्वारा देवताओ कल्याणकनो महोत्सव करवा सावधान थाय छे. ए शब्दशक्ति सिवाय बीजुं शुं होइ शके ? सदाकाल आरंभपरिग्रहथी निवृत्त रहेनारा आपणा श्रीतीर्थंकरदेवो आरंभपरिग्रहादिथी बनता एक्स्पेरीमेंट (प्रयोग) अजमाव्या शिवाय मात्र केवलज्ञानथी जाण्या बाद देशनाद्वारा कहे छे के–बे वायुना योगे पाणी नीपजे छे. आ वात जुओ सूयगडांगसूत्रमां वातयोनि पाणी कह्युं छे. तथा वनस्पतिमां जीव छे एम कहेलुं छे. (जुओ आचारांगसूत्रमां) एम छतां हालना शोधखोळ कर नाराओ, जेओ उपर कहेल वातने नवीन शोधखोळ तरीके जाहेर करे छे, तेओ जैन-सिद्धांतनो पूरेपूरो अनुभव नहि होवाने लइने ज तेम जणावे छे. वळी आत्माना

असंख्य प्रदेशो, दरेक प्रदेशे रहेली अनंती ज्ञानादि पर्यायो, दरेक आत्मप्रदेशे चोंटेली अनंत परमाणुमय अनंती कर्मवर्गणाओनो दरेक परमाणु-कये टाइमे केवा परिवर्तनने पामे छे ? बंध—उदय—उदीरणा—सत्ता—अबाधाकाल—स्थितिघात—रसघात—गुणश्रेणी-गुणसंक्रम-निषेकरचना-करणकरणादि-नवी—कष—छेद—ताप विगेरेनुं अपूर्व संपूर्ण स्वरूप अलौकिक तत्त्वज्ञान—कहो तो खरा के जैनेन्द्रागमो (जैनसाहित्य) सिवाय अन्यत्र क्यां छे ? आवा ज आशयने लइने एक महापुरुषे शास्त्राभ्यास विगेरे सात वानां मने भवोभव मळजो एम कहेल छे एम पहेलां पण कह्युं छे. अढार हजार शीलांगरथ आदिनी संख्याने ध्यानमां लइने गणधर भगवंते जेओना १८ हजार आदि षमणा बमणा पदो बनाव्या छे, ते पवित्र आगमो कालादिक दोषे करी पूर्व स्थितिने जाळवी शक्या नथी एम देखातुं प्रमाण पण साक्षीती करावी शके तेम छे. तो पण जैनसाहित्य जेटलुं विशाल अने सुसंगत स्वरूपमां हाल मोजुद छे तेटलुं भाग्ये ज अन्य कोइ दर्शननुं साहित्य हशे. तत्त्वज्ञानना पिपासु बुद्धिशाळी वर्गने पण जैनसाहित्यज—संतोष पमाडशे, ए वातमां बेमत होय ज नहीं. कुदरतनो नियम एवो छे के जेना पायो—भींत—पाटडा मजबूत होय ते ज महेल टकाउ कही शकाय, तेम जैनसाहित्यरूपी महेलना त्रणे वाना मजबूत होवाथी ते विजयवंत वर्ते छे, अने वर्तशे. त्रण वानामां पाया समान निर्दोष—शांतरससिंधु श्री वीतराग देव जाणवा. भींत सरखा कंचनकामिनीना त्यागी—निरभिलाषि शुद्ध गुरु समजवा. तथा पाटडा समान—अविच्छिन्न प्रभावशाळी त्रिपुटी ( कष, ताप, छेद ) शुद्ध दयामय धर्म जाणवो. ए ज कारणथी जेओ जैनसाहित्यनो आंशिक बोध धरावे छे, एवा ते पाश्चिमात्य विद्वानो पण जैन साहित्यनेज मुक्तकंठे प्रशंसे छे, एम अनेकआधारोद्वारा कही शकाय तेम छे.

जैनसाहित्यमां बनावेला एक पण पदार्थनो संपूर्ण संगीन बोध—तेनाथी बीजां तमाम पदार्थोने जाण्या सिवाय न ज थइ शके. माटे ज कह्युं के—जे **एगं जाणइ से सव्वं जाणइ० ॥ एको भावः सर्वथा येन दृष्टः सर्वे भावाः सर्वथा तेन दृष्टाः० ॥ इत्यादि ॥** एज कारणथी सर्वे सूत्रोना यथार्थ अर्थो गुरुद्वाराज जाणी शकाय. जुओ—**सव्वे सुत्तथ्था गुरुमइहीणा** ॥ स्वतंत्र अभ्यासथी तो विपरीत बोध थाय, तेथी संसारभ्रमण वधे, माटेज व्यवहारसूत्रमां जीतव्यवहारने अनुसारे सूत्र भणाववाने दीक्षापर्यायनो नियतकाल जणाव्यो छे.

आवा परमप्रभावसंपन्न श्री जैनसाहित्यमां आगमरूपे गणाता सिद्धांतोनो साधुवर्ग सिवाय अन्य वर्ग लाभ लइ शकतो नथी. कारण के दरेक सिद्धांतना अभ्यासमां कारणभूत पवित्र योगोद्वहननी क्रिया छे. जेनो साधुवर्ग ज अधिकारी छे. तेथी दरेक वर्गने तेओमां कहेल भावोनो बोध थाय; ते सारु श्रीअंग–उपांगादिमांथी रहस्य ग्रहण करीने पूर्वाचार्य महर्षि भगवंतोए श्रीतत्त्वार्थ–संग्रहणि–धर्मसंग्रहणि–प्रवचनसारोद्धार–क्षेत्रसमास–पंचसंग्रह-कर्मप्रकृति आदि ग्रंथो बनाव्या छे. आ ग्रंथो पण घणा ज विस्तीर्ण-महार्थवाला-गहन-तीक्ष्णबुद्धिगम्य होवाथी ते तमाम सूत्रादिमांथी सार सार ग्रहण करीने गीतार्थशिरोमणि पूज्यपाद महोपाध्याय श्रीविनयविजयजी महाराजे आ श्रीलोकप्रकाश नामनो अपूर्व रत्ननिधाननी जेवो ग्रंथ बनाव्यो छे.

जेम कुंचीविना म्हेलनुं द्वार उघाडी शकाय नही, तेम आगमरूपी महेलनुं द्वार उघाडवाने कुंचीसमान गणाता श्री भगवती–प्रज्ञापना–नंदीसूत्र–अनुयोगद्वारसूत्र–जंबूद्वीपप्रज्ञप्ति–जीवाभिगम–बृहत्क्षेत्रसमासादिमां ते ते स्थले रहेल समजवामां कठीन करणाम्नायादि प्रक्रियाने तथा अन्य पदार्थस्वरूपने सरलरूपे जणाववापूर्वक सुबोध शब्दरचना पण ग्रंथकारे आ ग्रंथमां घणी ज सरस वापरी छे.

प्रस्तुत ग्रंथकारे आ ग्रंथनुं अन्य कोइ नाम न राखतां लोकप्रकाश एवुं नाम केम राख्युं ? उत्तर–जेना बळे जीवनी ऊर्ध्वगत्यादि थाय छे तेवा धर्मास्तिकायादि अलोकमां नथी. अनंता तीर्थंकरादि शलाका पुरुषो लोकमां ज थयेला होवाथी लोकनी प्रधानता छे. धर्मसामग्री पण अहीं ज छे, दर्शनादि शुद्धिकारक विशिष्ट पदार्थो पण लोकमां ज रहेला छे; माटे ज लोकमां विशेष वक्तव्य होवाथी लोक–प्रकाश नाम राख्युं होय एम संभवे छे. प्रकाशनो अर्थ ज्ञान पण थाय छे, माटे लोकना स्वरूपने जणावनार एवो ग्रंथ लोकप्रकाश कही शकाय.

लोकमां अने अलोकमां रहेला सकल पदार्थो द्रव्यादि चारनी अपेक्षाए चार स्वरूपमां वहेंचाया छे. स्वद्रव्य-क्षेत्र-काल–भावनी अपेक्षाए दरेक पदार्थोमां अस्तित्व रहेलुं छे अने परद्रव्यादिनी अपेक्षाए नास्तित्व रहेलुं छे. एम दरेक पदार्थोनुं अस्तित्व अने नास्तित्व–द्रव्यादि चारनी अपेक्षाथी ज जाणी शकाय छे. एथी ज सप्तभंगी आदिनी उत्पत्तिनो पण बोध थइ शके छे. ते चारेनुं निरूपण होवाथी आ ग्रंथना चारे विभागो अन्वर्थ पोतपोताना नामथी कहेवाय छे. १ द्रव्यलोकप्रकाश. २ क्षेत्रलोकप्रकाश. ३ काललोकप्रकाश. ४ भावलोकप्रकाश.

द्रव्यलोकप्रकाशना ११ विभागो छे जे सर्गोना नामथी कह्या छे.

ग्रंथकारना परिचय परत्वे एटलुं जाणी शकाय छे के तेओश्रीना तेजपाल नामना पिता अने राजश्री नामना मातुश्री हता. स्वोपज्ञवृत्ति समेत श्री हैमलघु-प्रक्रिया विगेरे जोवाथी तेओश्री वैयाकरणशिरोमणि हता एम कही शकाय छे. शांतसुधारस ग्रंथ, अनेक स्तोत्रो तथा नयकर्णिका विगेरे तेओश्रीनी अपूर्व कृतिओ संस्कृतकाव्यरचनामां तथा नयप्रमाणादिनिरूपणमां पण तेमनी कुशळता जणावे छे. श्रीकल्पसूत्रनी सुबोधिका टीका पण तेओश्रीए बनावी छे. श्रीपाळ रास–पुण्यप्रकाश स्तवन विगेरे जोतां तेओश्रीनी गूर्जरकाव्यकुशळता पण साबीत थाय छे. तेओश्री अपूर्व तत्त्वबोधशाली हता, एम आ एकज ग्रंथ कही शके तेम छे.

### ग्रंथकारनी पट्टपरंपरा—

**श्रीहीरविजयसूरि**
- वाचक कल्याणवि० — उपाध्याय कीर्तिविजय गणि
  - लाभवि० — उ० विनयवि० गणि
    - नयवि० — जीतवि०
      - पद्मवि० — उ० यशोवि० गणि

श्रीपाळरासनो अधूरो भाग पूरो करवाने ग्रंथकारे समर्थ विद्वान् श्रीमान् उपाध्यायजी यशोविजयजीने भलामण करी जेथी ते महापुरुषे महागंभीर अर्थ-वाळा चोथा खंडसमेत रास पूर्ण कर्यो. ए उपरथी बंने महात्माओ समकालीन हता एम जाणी शकाय छे. रांदेरमां ग्रंथकार काळधर्म पाम्या छे.

आ ग्रंथनो अभ्यास करती वखते केटलेक स्थळे संस्कृतना बोधवाळा जीवोने संक्षेप होवाने कारणे समजवामां मुश्केली नडे छे. वळी केटलेक स्थळे स्पष्टीकरणनी खास आवश्यकता दृष्टिगोचर थाय छे.

तथा संस्कृतना अजाण जीवोने स्पष्ट अर्थनो बोध–मूळग्रंथथी थइ शकतो नथी. विगेरे कारणोने ध्यानमां लइने सर्वतंत्रस्वतंत्र–तपोगच्छाधिपति–शासनसम्राट्–

जगद्गुरु—सूरिचक्रचक्रवर्ति—मारा आत्मोद्धारक—परमोपकारिशिरोमणि—पूज्यपाद-श्रुतयोगसंपत्संपादक—प्रातःस्मरणीय—जंगमकल्पतरु—कलिकाले श्रीगौतमगुरु-समान—परमाराध्य—सदाध्येयपरमगुरु—सुगृहीतनामधेय—श्रीस्थानांगोक्तपंचातिशयधारक—आचार्य श्रीगुरुमहाराज **विजयनेमिसूरीश्वरजी** महाराज साहेबजीना पट्टधर—सिद्धांतवाचस्पति—न्यायविशारद—श्रुतज्ञानदाता—मारा विद्यागुरु सत्कृति-सांनिध्यकारक—परमोपकारी—पूज्यपाद—गुरुभक्तिपरायण—भव्यजीवोने अध्यापनादिद्वारा कृतार्थ बनावनार—जैनतत्त्वपरीक्षा—नवतत्त्वविस्तरार्थ—दंडकविस्तरार्थ विगेरे अपूर्व ग्रंथोना बनावनार—गीतार्थशिरोमणि—आचार्य महाराज श्रीमान् **विजयोदय-सूरिजी** महाराज साहेबजीए यंत्रादि सहित विस्तरार्थ लख्यो छे; तथा तेओश्रीए ज घणे ठेकाणे स्फुटनोटद्वारा पण स्पष्टिकरण घणुं ज सरस कर्युं छे.

तेओश्रीनो आ अनहद उपकार अनाग्रही तत्त्वरसिक जीवो भूले तेम छे ज नही. तेथी आखो द्रव्यलोक भेगो बहार पाडवानी इच्छा छतां पण तत्त्वज्ञानना पिपासुओनी तीव्र इच्छाने मान आपीने प्रथमना त्रण सर्गनो आ प्रथम विभाग बहार पाड्यो छे.

विषयानुक्रमणिका जुदी छपायेली होवाथी ग्रंथना विषयोनुं ज्ञान ते द्वारा थइ शके तेम छे.

अंतमां आ ग्रंथना पठन—पाठन—निदिध्यासनद्वारा भव्यजीवो आत्मस्वरूप ओळखे, पदार्थतत्त्वनो यथार्थ बोध मेळवे, हितमार्गमां प्रवर्ते, अहितमार्गथी पाछा हठी, पवित्र वीतराग परमात्ममार्गनी आराधना करी मुक्तिपद मेळवे एम हार्दिक निवेदन करी आ टुंक प्रस्तावनाने संक्षेपी लइश. तथा छद्मस्थ जीवोने ज्ञानावारककर्मना प्रतापे अनाभोगजन्य स्खलना अनिवार्य छे. कह्युं छे के—

अवश्यंभाविनो दोषा, छद्मस्थत्वानुभावतः ।
समाधिं तन्वते सन्तः, किं नराश्चात्र वक्रगाः ॥ १ ॥

तेथी आ ग्रंथमां गुणग्राही वाचकवर्गने संशोधनजन्य तथा मुद्रणजन्य जे कांइ भूलचूक जणाय तेने महाशयो सुधारीने वांचशे तथा कृपा करी जणावशे तो बीजी आवृत्तिमां सुधारो पण थइ शकशे.

निवेदक—

भावनगर
मौनएकादशी
१९९०

तपोगच्छाधिपति-श्रुतयोगसंपत्संपादक-परमोपकारिशिरोमणि—
श्रीगुरु नेमिसूरीश्वरचरणकिंकर—उपाध्याय
पद्मविजयगणि.

# विषयानुक्रमणिका।

## प्रथमः सर्गः।


| विषयाः | पृष्ठाङ्काः |
|---|---|
| १ मङ्गलाचरणविवेचनप्रस्तावे ॐकारवर्णनम् ... ... | १ |
| २ मङ्गलाचरणविवेचनम् ... ... ... ... | |
| ३ शिष्टप्रमादप्रार्थनादिविवेचनम् ... ... ... | १९ |
| ४ त्रिविधाङ्गुले औत्सेधाङ्गुलविवेचनम् ... ... | २२ |
| ५ औत्सेधांगुलप्रदर्शनपूर्वकः प्रमाणांगुलोपक्रमः ... | २५ |
| ६ प्रमाणांगुल-आत्मांगुलस्वरूपम् ... ... | २६ |
| ७ श्रीवीरप्रभुदेहप्रमाणविरोधशङ्कोद्भावना तन्निरासश्च ... | २९ |
| ८ प्रमाणांगुल-आत्मांगुलविषयस्वरूपम् ... .... | ३५ |
| ९ अंगुलसप्ततिकागतचर्चाविचारः .... .... .... | ३७ |
| १० गुणकारादिगणितविषयविचारः .... .... .... | ३९ |
| ११ गुणाकारविषयविचारः .... .... .... ... | ४७ |
| १२ त्रिविधपल्योपमसागरोपमस्वरूपम् .... .... | ४९ |
| १३ बादरोद्धारपल्योपमविचारः .... ... | ५१ |
| १४ सूक्ष्मोद्धार-बादरसूक्ष्माद्धाप० सा० विचारः .... .... | ५३ |
| १५ सूक्ष्मक्षेत्रपल्योपमशंकानिरासः .... .... .... | ५५ |
| १६ संख्यातादिभेदाः संख्यातव्याख्यानम् .... .... | ५८ |
| १७ उत्कृष्टसंख्यातस्वरूपनिरूपणे चतुष्पल्यस्वरूपम् .... | ६० |
| १८ उत्कृष्टसंख्यातस्वरूपम् .... .... .... | ६२ |
| १९ परित्तासंख्यात-युक्तासंख्यातस्वरूपनिरूपणम् .... | ६६ |
| २० सिद्धान्तानुसारिअसंख्यात-अनन्तकविचारः ... | ६८ |
| २१ कार्मग्रन्थिकविचारेण असंख्यात-अनन्तकस्वरूपम् ... | ७० |
| २२ असंख्यातादिस्वरूपे कार्मग्रन्थिकविचारः ... ... | ७२ |
| २३ अनन्तके ग्रासभावविचारः ... ... ... | ७४ |
| २४ अनन्तजीवाल्पाबहुत्वयन्त्रम् ... ... ... | ७६ |
| २५ संख्यातादिभेदविचारकोष्टकम् ... ... ... | ७८ |

## द्वितीयः सर्गः


१ द्रव्यादिचतुर्भेदलोकस्वरूपविचारः .... ... ... ८२
२ धर्मास्तिकाय–अधर्मास्तिकायस्वरूपविचारः ... ... ८४
३ आकाशास्तिकाय–तद्भेदवर्णनम् ... ... .... ८६
४ अलोकगत्यभावादिदृष्टान्त–अवगाहविचारः ... ... ८८
५ अवगाहपरिणाम–धर्मादिविशेषविचारः ... ... ९०
६ अगुरुलघुपर्याय–हानिवृद्धिचक्रविचारः ... ... ९२
७ हानिवृद्धिचक्रं तथा जीवद्रव्यविचारः ... ... ९४
८ जीवास्तिकाय–तल्लक्षणवर्णनम् ... ... ... ९६
९ जीवस्यतत्त्वभूतज्ञानवैचित्र्यहेतुविचारः ... ... ९८
१० सिद्धजीवभेद १५ विचारः ... ... ... १००
११ सिद्धजीवानां सिद्धिस्थानगतिहेतुविचारः ... ... १०२
१२ जीवनिर्गममार्ग–तद्धेतुकगतिज्ञानविचारः ... ... १०४
१३ सिद्ध्यमानजीवगति–जीवसंख्याविचारः ... ... १०६
१४ द्वारभेदेन सिद्ध्यमानजीवसंख्याविचारः ... ... १०८
१५ सिद्ध्यमानजीवसंख्या–मुक्तिक्षेत्रावगाहविचारः ... ११०
१६ सिद्धक्षेत्रस्थितसिद्धजीवस्वरूपविचारः ... ... ११२
१७ सिद्धावस्थाजीवस्वरूपविचारः .... ... ... ११४
१८ सिद्धावगाहना–मरुदेवावगाहनासमाधानविचारः ... ११६
१९ सिद्ध्यमानजीवपूर्वावस्था सिद्धाल्पबहुत्वविचारः ... ११८
२० निरुपमसिद्धजीवसुखविचारः ... ... ... १२०
२१ सिद्धसुखनिरुपमताविचारः ... ... ... १२२
२२ सिद्धस्वरूपनिस्यन्द–सिद्धसंख्यायन्त्र ... ... १२४
२३ सिद्धप्राभृतोक्तद्वारविशेषविचारः ... ... १२६


## तृतीयः सर्गः ।


१ संसारिजीवानां सप्तत्रिंशद्द्वाराणां स्वरूपम् .... .... १३२
२ पर्याप्तिद्वारविशेषवर्णनम् ... .... .... .... १३६
३ योनिद्वार स्वरूपभेदादिविचारः ... .... .... १४३
४ योनिद्वारतद्भेदविशेषवर्णनम् .... .... .... १४६

| | | |
|---|---|---|
| ५ | योनिद्वारे योनिभेदनिरूपणम् .... .... .... | १४७ |
| ६ | कुलद्वारे कुलकोटिसंख्यानिरूपणम् ... .... .... | १४९ |
| ७ | भवस्थितिद्वार–उपक्रमस्वरूपनिरूपणम् .... ... | १५० |
| ८ | भवस्थितिद्वारे आयुर्बन्धकालविचारः .... ... | १५५ |
| ९ | कायस्थितिद्वारे शरीरद्वारवर्णनम् .... ... .... | १५८ |
| १० | शरीरद्वारे तदर्थहेत्वादिनिरूपणम् ... ... ... | १५९ |
| ११ | शरीरद्वारे कारणकृतादिभेदविचारः ... ... | १६१ |
| १२ | शरीरद्वारे स्वामिविषयकृतभेदविचारः ... ... | १६३ |
| १३ | शरीरद्वारे प्रयोजनावगाहनाकृतभेदविचारः .... ... | १६४ |
| १४ | एकेन्द्रियादीनां मरणान्तसमुद्घाते तैजसकार्मणावगाहविचारः | १६६ |
| १५ | नारकतिर्यङ्मनुष्याणां मरणान्तसमुद्घातेऽवगाहविचारः | १६८ |
| १६ | देवानां मरणान्तसमुद्घाते तैजसकार्मणावगाहविचारः .... | १७० |
| १७ | शरीरद्वारे स्वामिविषयकृतभेदविचारः ... .... | १७६ |
| १८ | शरीरद्वारे स्थिति–अल्पबहुत्वकृतभेदविचारः.... ... | १७८ |
| १९ | शरीरद्वारेऽल्पबहुत्व–अन्तरकृतो भेदविचारः... ... | १८० |
| २० | शरीरद्वारे तैजसावगाहनायन्त्रकम् ... ... ... | १८२ |
| २१ | शरीरद्वारे ११ प्रतिद्वारयन्त्रकम् ... ... ... | १८३ |
| २२ | संस्थानद्वारे समचतुरस्रादिसंस्थानविचारः ... ... | १८५ |
| २३ | समुद्घातद्वारे वेदनाकषायसमुद्घातविचारः ... .... | १८६ |
| २४ | समुद्घातद्वारे मरणान्तसमुद्घात–वैक्रियसमुद्घात—आहारक-समुद्घातविचारः ... ... ... ... | १८८ |
| २५ | समुद्घातद्वारे केवलिसमुद्घातविचारः .... ... | १९१ |
| २६ | संस्थानद्वारे समचतुरस्रादिसंस्थानविचारः ... ... | १९८ |
| २७ | समुद्घातविचारनिरूपकोविजयनन्दनसूरिप्रणीतः समुद्घात-तत्त्व ग्रन्थः .... .... .... .... .... | २०१ |
| २८ | समुद्घातद्वारयन्त्रकम् ... ... .... ... | २३३ |
| २९ | लेश्यास्वरूपं मतभेदविचारनिश्चयः.... ... ... | २३५ |
| ३० | लेश्याद्वारे लेश्यापरिणामदृष्टान्तविचारः ... ... | २४१ |
| ३१ | लेश्याद्वारे लेश्यापरिणामभेदविचारः ... ... | २४३ |
| ३२ | लेश्याद्वारे लेश्यास्थितिविचारः ... ... ... | २४५ |

३३ लेश्याद्वारे नारकदेवसम्बन्धिलेश्यास्थितिविचारः ... २४७
३४ लेश्याद्वारे शुक्ललेश्यास्थितितद्दर्शनविचारः ... ... २५२
३५ लेश्याद्वारे लेश्यापरिणामदृष्टान्तविचारः ... ... २५४
३६ लेश्याद्वारे लेश्यापरिणामभेदविचारः... ... ... २५६
३७ लेश्याद्वारटिप्पनकम् ... ... .... ... २५८
३८ लेश्यायन्त्रम् ... ... ... ... ... २६१
३९ लेश्याद्वारे नारकदेवसम्बन्धिलेश्यास्थितिविचारः ... २६२
४० नारक लेश्यास्थितियन्त्रम् ... .... ... २६३
४१ दिगाहारद्वारस्वरूपम् ... ... ... .... २६३
४२ दिगाहारद्वारे द्रव्यादित आहारस्वरूपवर्णनम् .... ... २६६
४३ संहननस्वरूपनिरूपणम् ... ... ... ... २६८
४४ कषायद्वारे अनन्तानुबन्ध्यादिस्वरूपवर्णनम् ... ... २७०
४५ कषायद्वारे कषायस्थित्यादिस्वरूपनिरूपणम् ... ... २७२
४६ कषायद्वारे प्रकारान्तरतःकषायभेदनिरूपणम् .... ... २७४
४७ संज्ञाद्वारे संज्ञाभेदाः संज्ञास्वरूपनिरूपणं च ... ... २७६
४८ कषाययन्त्रम् ... ... ... ... २७७
४९ एकेन्द्रियेषु संज्ञास्वरूपदृष्टान्ताः .... ... ... २७८
५० आचाराङ्गादिसंवादेन षोडशादिसंज्ञादिनिरूपणम् .... २८२
५१ संज्ञाद्वारे संज्ञाविचारयन्त्रकम् ... ... ... २८४
५२ इन्द्रियद्वारे इन्द्रियस्वरूपं तद्भेदादिनिरूपणं च ... २८६
५३ इन्द्रियद्वारे द्रव्येन्द्रियस्वरूपभेदादिनिरूपणम् ... २८८
५४ इन्द्रियद्वारे भावेन्द्रियनिरूपणम् ... ... ... २९०
५५ इन्द्रियद्वारे द्रव्येन्द्रिययन्त्रकम् .... ... ... २९२
५६ इन्द्रियद्वारे तद्विशेषस्वरूपनिरूपणम् ... ... २९४
५७ इन्द्रियद्वारे तद्विषयप्रमाणादिनिरूपणम् ... ... २९६
५८ इन्द्रियद्वारे प्राप्यकारित्वाप्राप्यकारित्वविचारः ... २९८
५९ इन्द्रियद्वारे तद्विषयप्रमाणनिरूपणम् ... ... ३०२
६० इन्द्रियद्वारे तद्विषयप्रमाणस्वरूपनिरूपणम् ... ... ३०४
६१ इन्द्रियद्वारे तदवगाह–प्रदेशाल्पबहुत्वनिरूपणम् .... ३०६

६२ इन्द्रियेषु ९. नवद्वारयन्त्रकम् ... ... ... ३०७
६३ इन्द्रियद्वारे आमुक्तिप्राप्तेर्भावीन्द्रियविचारः ... ... ३०८
६४ इन्द्रियद्वारे आमुक्तिप्राप्तेर्जीवेषु भूतभावीन्द्रियविचारः ... ३१०
६५ इन्द्रियद्वारे नोइन्द्रियमनोनिरूपणं–इन्द्रियाल्पबहुत्वविचारश्च ३१४
६६ संज्ञिद्वार–वेदद्वारनिरूपणम् .... ... ... ३१६
६७ वेदद्वारे वेदत्रयस्वरूपलक्षणाल्पबहुत्वादिनिरूपणम् ... ३१८
६८ वेदद्वारे वेदकायस्थितिविचारः ... ... ... ३२०
६९ सम्यग्दृष्टिद्वारे तदुत्पत्ति–करणत्रयनिरूपणम् ... ... ३२२
७० ,, ग्रन्थ्यासन्नस्थजीवत्रयस्वरूपनिरूपणम् ... ३२४
७१ ,, ग्रन्थिभेदानिवृत्तिकरणनिरूपणम् ... ३२६
७२ ,, क्षायिकादितद्भेदनिरूपणमवान्तरमाक्षेप- ....
परिहारादि च ... ... ... ३२८
७३ ,, क्षायिकादितद्भेदनिरूपणम् ... ... ३३०
७४ ,, एकद्वित्र्यादिसम्यक्त्वभेदनिरूपणम् ... ३३४
७५ ,, क्षायिकादिस्थिति–संख्यागुणस्थाननियमविचारश्च ३३६
७६ ,, देशविरत्यादिप्राप्तिसामायिकचतुष्कविचारश्च ३३८
७७ ,, सम्यक्त्वसामायिकादीनामाकर्षविचारः
मिथ्यादृष्टिमिश्रदृष्टिविचारश्च ... ... ३४०
७८ मिथ्यात्वभेदपूर्वकतत्स्वरूपमिश्रदृष्टिविचारः .... .... ३४२
७९ मिथ्यादृष्टिद्वारे आभिनिवेशिकमिथ्यात्वे गोष्ठामाहिलस्वरूपम् ३४४
८० दृष्टिद्वारयन्त्रकाणि ... ... ... ... ३५४
८१ सामायिकचतुष्के विशेषविचारः ... ... ... ३५७
८२ ज्ञानद्वारे मतिज्ञानप्रभेदव्यञ्जनावग्रहस्वरूपनिरूपणम् ... ३६२
८३ मतिज्ञानभेदप्रभेदविचारः ... ... ... ३६८
८४ दृष्टान्तपुरःसरंव्यञ्जनावग्रहादिमतिज्ञानस्वरूपम् ... ३७०
८५ ज्ञानद्वारे मतिज्ञानप्रभेदबहुबहुविधादिस्वरूपनिरूपणम् .... ३७२
८६ ज्ञानद्वारे मतिज्ञानभेदप्रभेदविचारः ... ... ३७४
८७ ,, मतिज्ञानभेद औत्पत्तिक्यादिबुद्धिचतुष्कविचारः .... ३७६
८८ ,, श्रुतनिश्रितमतिज्ञानभेदविचारः .. ... ३७८

| | | | |
|---|---|---|---|
| ८९ | ,, | श्रुतज्ञानस्वरूपनिरूपणम् ... ... ... | ३८२ |
| ९० | ,, | श्रुतज्ञानचतुर्दशभेदविचारः ... ... | ३८६ |
| ९१ | ,, | दृष्टान्तपुरःसरं श्रुतज्ञानचतुर्दशभेदविचारः ... | ३९४ |
| ९२ | ,, | श्रुतज्ञानविंशतिभेदनिरूपणविचारः ... | ३९६ |
| ९३ | ,, | एकादशाङ्ग चतुर्दशपूर्वस्थपदसङ्ख्यायंत्रकम् ... | ३९८ |
| ९४ | ज्ञानद्वारे | अवधिज्ञानभेदविचारनिरूपणम् ... ... | ४०० |
| ९५ | ,, | अवधिमनःपर्यायज्ञानभेदाक्षेपपरिहारविचारः .... | ४०४ |
| ९६ | ,, | मनःपर्याय-केवलज्ञाननिरूपणम् ... ... | ४०६ |
| ९७ | ,, | मतिज्ञानविषयविचारः .... ... ... | ४०८ |
| ९८ | ,, | श्रुतज्ञानविषयविचारः ... ... ... | ४१० |
| ९९ | ,, | अवधिज्ञाननिरूपणम् .... ... ... | ४१२ |
| १०० | ,, | अवधिज्ञानविषयविचारः ... ... ... | ४१४ |
| १०१ | ,, | अवधिज्ञानविषयक्षेत्रकालसंवेधनिरूपणम् ... | ४१६ |
| १०२ | ,, | मनःपर्यायविषयविचारनिरूपणम् ... ... | ४२० |
| १०३ | ,, | केवलज्ञानविषयः ... ... ... | ४२१ |
| १०४ | ,, | मत्यज्ञानाद्यज्ञानत्रयविषयविचारः ... ... | ४२२ |
| १०५ | ,, | ज्ञानानां प्रमाणान्तर्गतता—प्रमाणभेदादिविचारः | ४२४ |
| १०६ | ,, | ज्ञानानां प्रमाणस्वरूपतानिरूपणम् .... .... | ४२६ |
| १०७ | ,, | ज्ञानानां प्रमाणान्तर्गतताविचारः .... .... | ४२८ |
| १०८ | ,, | ज्ञानानां सहभावःकेवलिन उपयोगविचारश्च .... | ४३० |
| १०९ | ,, | केवलज्ञानविषयतदुपयोगसम्बन्धिमतभेदविचारनिरूपणम् | ४३२ |
| ११० | ,, | केवलोपयोगविषयिमतत्रितयैकमत्यनिरूपकाणि वाचकवर्य श्रीयशोविजयोपाध्यायपद्यानि तद्विवरणं च | ४३३ |
| १११ | ,, | मत्यादिज्ञानानां स्थितिविचारः .... .... | ४४२ |
| ११२ | ,, | मत्यादिज्ञानानामन्तरविचारः .... .... | ४४४ |
| ११३ | ,, | साक्षेपपरिहारं मतिज्ञानस्य पर्यायनिरूपणम् .... | ४४६ |
| ११४ | ,, | श्रुतज्ञानपर्यायनिरूपणम् ... ... ... | ४४८ |
| ११५ | ,, | अवध्यादिज्ञानानां पर्यायनिरूपणं, पर्यायाल्पाबहुत्वं च | ४५० |
| ११६ | ,, | ज्ञानपर्यायाणां अल्पबहुत्वनिरूपणम् ... ... | ४५२ |
| ११७ | ,, | अवग्रहादीनां स्थितिमानयन्त्रम् ... ... | ४५३ |

११८ ,, ज्ञानद्वारविचारयन्त्रकाणि ... ... ... ४५४
११९ ,, प्रसङ्गायातं षट्स्थानकनिरूपणम् ... ... ४६०
१२० दर्शनद्वारे दर्शनभेदविचारः ... ... ... ४६२
१२१ ,, दर्शनभेदनिरूपणम् ... ... ... ४६६
१२२ ,, दर्शनद्वारयन्त्रकम् ... ... ... ४६७
१२३ उपयोगद्वार–आहारकद्वारनिरूपणम् ... ... ४६८
१२४ आहारकद्वार–प्रासङ्गिकं संघातादिनिरूपणम् ... ... ४७०
१२५ संघातादिकरणयन्त्रकम् .... ... ... ... ४७२
१२६ आहारकद्वारे वक्रगतिभेदादिस्वरूपम् ... ... ४७४
१२७ ,, विग्रहगतावनाहारकविचारः ... ... ४७६
१२८ ,, ओजसादित्रिविधाहारस्वरूपम् ... ... ४७८
१२९ ,, ओजसादित्रिविधाहारयन्त्रम् .... .... ४८०
१३० ,, विग्रहगतियन्त्रम् ... ... ... ४८१
१३१ गुणस्थानद्वारे प्रथमगुणस्थाननिरूपणम् ... ... ४८२
१३२ ,, प्रथमद्वितीयगुणस्थानप्ररूपणम् ... ... ४८४
१३३ ,, तृतीयप्रमादासप्तमगुणप्ररूपणम् .... .... ४८६
१३४ ,, पञ्चमगुणस्थानप्ररूपणम् .... .... ४८८
१३५ ,, अष्टमगुणस्थानस्वरूपवर्णनम् ... ... ४९०
१३६ ,, अष्टमापूर्वकरणगुणस्थानस्वरूपम् .... .... ४९२
१३७ ,, नवम दशमैकादशगुणस्थानस्वरूपवर्णनम् .... ४९६
१३८ ,, एकादशोपशान्तमोहगुणस्थाननिरूपणम् .... ४९८
१३९ ,, एकादशगुणस्थानप्रसंगत उपशमश्रेणिस्वरूपम् ५००
१४० ,, द्वादशक्षीणमोहगुणस्थानप्ररूपणम् .... ५१४
१४१ ,, द्वादशक्षीणमोहगुणस्थानप्रसंगतः क्षपकश्रेणिप्ररूपणम् ५१६
१४२ ,, ,, ,, क्षपकश्रेणिस्थापना ५२८
१४३ ,, त्रयोदशसयोगिकेवलिगुणस्थानवर्णनम् ५३०
१४४ ,, चतुर्दशायोगिकेवलिगुणस्थाननिरूपणम् .... ५३२
१४५ ,, गुणस्थानानां परभवसहगमनादिविचारः .... ५३४
१४६ ,, ,, अल्पबहुत्वविचारः .... .... ५३६

| | | | |
|---|---|---|---|
| १४७ | ,, | ,, कालनियमविचारः .... | ५३८ |
| १४८ | गुणस्थानद्वारे | गुणस्थानानामन्तरस्वरूपनिरूपणम् | ५४० |
| १४९ | ,, | गुणस्थानेषु सत्पदप्ररूपतादिद्वारविचारः | ५४२ |
| १५० | ,, | ,, द्रव्यप्रमाणविचारः .... | ५४४ |
| १५१ | ,, | ,, क्षेत्रस्पर्शनाद्वारविचारः | ५४६ |
| १५२ | ,, | ,, स्पर्शनाद्वारविचारः .... | ५४८ |
| १५३ | ,, | ,, कालद्वारविचारः .... | ५५४ |
| १५४ | ,, | ,, कालान्तरद्वारविचारः | ५५६ |
| १५५ | ,, | ,, अन्तरद्वारविचारः .... | ५५८ |
| १५६ | ,, | ,, भावद्वारविचारः .... | ५६२ |
| १५७ | ,, | अल्पबहुत्व–भागद्वार–गुणश्रेणिविचारः | ५६४ |
| १५८ | ,, | गुणस्थानेषु नवद्वारयन्त्रकवर्णनम्.... | ५६६ |
| १५९ | ,, | ,, सत्पदप्ररूपणतादिद्वारविचारः | ५६८ |
| १६० | ,, | ,, जीवभेदसङ्ख्यायन्त्रविचारः | ५७० |
| १६१ | योगद्वारे | पञ्चदशयोगस्वरूपनिरूपणम् .... | ५७२ |
| १६२ | ,, | औदारिकमिश्रयोगविचारः .... | ५७४ |
| १६३ | ,, | मनोवचोयोगभेदविचारः .... | ५७६ |
| १६४ | ,, | भाषावाग्योगविचारनिरूपणम् .... | ५७८ |
| १६५ | ,, | वचनयोगप्रसङ्गतोभाषाभेदनिरूपणम् | ५८० |
| १६६ | ,, | भाषाभेदस्वरूपनिरूपणम् .... | ५८२ |
| १६७ | ,, | भाषाभेदविचारः .... | ५८४ |
| १६८ | ,, | भाषाभेदविचारे मिश्रभाषाभेदविचारः | ५८६ |
| १६९ | ,, | भाषावाग्योगविचारनिरूपणम् .... | ५८८ |
| १७० | ,, | भाषाभेदस्वरूपनिरूपणम् शेषद्वारवर्णनं च | ५९० |
| १७१ | तृतीयसर्गोपसंहारः | .... | ५९२ |

# शुद्धिपत्रक.

| पत्र | पंक्ति | अशुद्ध | शुद्ध |
|---|---|---|---|
| २ | ६ | आकार | आकर |
| ३ | १८ | बेउने | बेउने अने तेमां पण प्रथम पत्र मूकेल होवाथी ध्वनित थाय छे के विशेषे करी |
| ४ | १३ | सब | सर्व |
| ४ | ३१ | काम | विकास |
| ४ | ३२ | इश्वर | ईश्वर |
| ४ | ३२ | तस्य | ना |
| ५ | २० | अर्था | अर्थो |
| ५ | २४ | विशिष्ट | विशिष्ट |
| ५ | २५ | तिना | तिनी |
| ७ | २ | कर्या | कर्यु |
| ८ | २ | न्याद | न्याय |
| ९ | ८ | थयां | थयां |
| ९ | ९ | शन्द्रिम | शन्द्रिन |
| ११ | १६ | शिरच्छेद | शिरच्छेद |
| १२ | ८ | पामे छे. | पामवा संभव छे, पण |
| १३ | ७ | विगाओ | विगाओ साथे |
| १३ | २६ | सूय | सूर्य |
| १५ | २४ | संकीतन | संकीर्तन |
| १६ | २२ | निर्विघ्न | निर्विघ्न |
| १९ | ८ | मत्रण | मंत्रण |
| १९ | १० | तीथा | तीर्थो |
| २१ | २ | मारा | मारो |
| २२ | ३ | इक्ष्वाकुयोना | इक्ष्वाकुयोना. |
| २२ | २० | घणी | घणो |
| २२ | २८ | नो १ | नो १ गाउ अने ४ |
| २२ | ३६ | धनुषनो | धनुषनो १ गाउ अने ४ |

| | | | |
|---|---|---|---|
| २४ | १६ | उध्वे | ऊर्ध्वं |
| २४ | २० | सवथी सू | सर्वथी सू |
| २४ | २२ | तीक्ष्ण | तीक्ष्ण |
| २४ | २४ | पाडो | पाडी |
| २५ | २२ | मुन्छ्लि: | मुच्छ्रित: |
| २६ | १५ | + | ÷ |
| २७ | ८ | शतोत्तङ्ग । | शतोत्तुङ्ग । |
| २८ | १ | २ | २॥ |
| २८ | ५ | दी | दीर्घ |
| ३२ | २४ | ४ ० | ४०० |
| ३४ | २२ | सव | सर्व |
| ३५ | २८ | आय | आर्यं |
| ३६ | १४ | क्षेत्रफळ) | क्षेत्रफल)थी गुणतां |
| ३८ | १५ | अङगुल | अङ्गुल |
| ३९ | ६ | गुण्यो | गुंण्यो |
| ३९ | १४ | येक | श्येक |
| ३९ | १८ | यथाथ | यथार्थ |
| ३९ | २९ | प्रकारभां | प्रकारमां |
| ४२ | १५ | हस्ताऽगुल: | हस्तोऽङ्गुलै: |
| ४३ | १३ | म्म्यक् | रम्यक् |
| ४३ | २२ | प्होळाइ | प्होळाइ ) |
| ४४ | ८ | शब्दाथ: | शब्दार्थ: |
| ४६ | १९ | प्रसप्पता | प्रसर्प्पेता |
| ४६ | २० | नीच | नीचै |
| ४७ | ९ | असख्येय | असंख्येय |
| ४८ | ३ | रुय | र्स्यं |
| ४८ | १३ | कपणे | कर्पणे |
| ४८ | १८ | चक: | चैक: |
| ४८ | १९ | कप्यते | कर्प्यते |
| ४८ | १९ | सस्पृष्ठा | संस्पृष्टा |

| | | | |
|---|---|---|---|
| ૪૮ | ૨૧ | એકક | એકૈક |
| ૫૦ | ૨૪ | મસ્તવાલા | મસ્તકવાલા |
| ૫૩ | ૫ | રુપ | રૂપ |
| ૫૩ | ૧૭ | કર્યે | કલ્પ્યે |
| ૫૪ | ૨૫ | મન્ય | મન્થ |
| ૫૫ | ૨ | સ્પશલા | સ્પર્શેલા |
| ૬૧ | ૧૨ | ઉંડો | ઉંડો અને ૮॥ યોજન જગતી તથા વેદિકા સાથે ઉંચો |
| ૭૨ | ૧૬ | સવ | સર્વ |
| ૭૮ | ૧૬ | અ૦સં | અસં |
| ૭૯ | ૪ | પ્રક્ષેપવા | પ્રક્ષેપી પુનઃ ત્રિવર્ગ કરી કેવલજ્ઞાન-દર્શનના અનન્ત પર્યાયો પ્રક્ષેપવાથી થયેલ રાશિ |
| ૮૫ | ૧૩ | અ૦નં૦ ( યંત્રમાં ) | અનં૦ |
| ૮૭ | ૧૧ | ફેંકેલો | ફેંકેલા |
| ૯૧ | ૧૯ | પુદ્લ | પુદ્ગલ |
| ૯૨ | ૨૨ | તા | તો |
| ૯૩ | ૮ | નમી | તમો |
| ૯૩ | ૧૦ | તમે | નમો |
| ૯૬ | ૨૮ | અને એ | અને સર્વદા એ |
| ૯૮ | ૧૪ | તરમતા | તરતમતા |
| ૧૦૩ | ૧૪ | પૂવ | પૂર્વ |
| ૧૦૩ | ૧૬ | ચૈંક્રમાં હિંડોલામાં | ચંક્રમાં હિંડોલામાં |
| ૧૦૮ | ૨૫ | અવ૦ ના ત્રીજા અને ઉત્સ૦ ના ચોથા આરાના છેવટના | અવ૦ ના ત્રીજા આરાના છેવટના અને ઉત્સ૦ ના ચોથા આરાના પ્રારંભમાં |
| ૧૦૯ | ૧૭ | અન્ય | અન્યં |
| ૧૦૫ | ૧૫ | દેવ—ને | ને |
| ૧૦૫ | ૨૩ | ભાંગામાંથી | ભાંગામાંથી |
| ૧૧૦ | ૨૧ | અ શ્ય | અવશ્ય |

| | | | |
|---|---|---|---|
| १११ | २१ | सव | सर्व |
| ११३ | १५ | जीवना | जीवनो |
| ११५ | ४ | च्छया | च्छाया |
| ११८ | १३ | ३ | ६ |
| १२१ | ४ | जग्घ | जग्ध |
| १२२ | ११ | र य | रम्य |
| १२२ | १५ | सिद्ध | सिद्ध |
| १२२ | ३० | हृत्रं | हृद्यं |
| १२६ | ५ | तिर्यंची | तिर्यंचणी |
| १२६ | ७ | घम | धर्मं |
| १२६ | १६ | गुण, | गुण, तेथी |
| १२६ | २२ | तेथी अल्प | अल्प, तेथी |
| १२७ | २४ | विशेषाधिक | विशेषाधिक, तेथी उत्स० अव० ना दुःषम सुषमारकसिद्ध असंख्यगुण, तेथी अव० कालना सर्वसिद्ध असंख्यगुण, तेथी उत्स० कालना सर्वसिद्ध विशेषाधिक. |
| १२९ | २४ | व | वर्ष |
| १३३ | ५ | कुर्मा | कूर्मा |
| १३४ | २४ | शगाराक्षा | शर्गीगाक्षा |
| १३५ | ५ | यऽगिन: | येऽग्निनः |
| १३५ | २८ | यवामां | थवामां |
| १३६ | ५ | पर्याप्ता | पर्याप्तिओ |
| १३६ | २१ | वामां | थवामां |
| १३७ | ९ | आरब्धाजु | आरब्धाज्ञ |
| १३९ | ३० | पूण | पूर्ण |
| १४१ | १३ | मोऽस | मोऽस्यं |
| १४२ | ४ | तेने | तेना |
| १४२ | ५ | गाथ | गाथा |
| १४२ | २४ | मायी | मायो |
| १४२ | ३० | संपूण | संपूर्ण |
| १४६ | २५ | शंखख | शंख |

| | | | |
|---|---|---|---|
| १४८ | २४ | तुर | तुरता |
| १५२ | ४ | घणे काळे | घणा काळ |
| १५५ | १५ | लय | यल्य |
| १५६ | १० | मुहूत | मुहूर्त |
| १५७ | १६ | बंध | वंध |
| १६१ | २० | भूवे | भुवे |
| १६२ | १० | था | थी |
| १६३ | १४ | कामर्ण | कार्भण |
| १६३ | १८ | याज्ञ | याज्ञ |
| १६५ | १५ | देवकुल | देवकुल विगेरे |
| १६६ | २७ | बत्रीश क्रोड | त्रण क्रोड बीश लाख |
| १७२ | ५ | दुर्वा | दुर्वार |
| १७४ | २० | अवेलं | आवेलुं |
| १७७ | २१ | हवाथी | होवाथी |
| १८२ | ८ | पंडवन | पंडकवन |
| १८२ | १० | त्रीजी | त्रीजी |
| १८५ | १५ | सस्थान | संस्थान |
| १८६ | १२ | केट | केटला |
| १८७ | ५ | आपुर्यां | आपूर्यां |
| १८८ | २१ | ताऽभि | तोऽभि |
| १८९ | २१ | लंवाइमां | लंबाइमां स्वशरीर प्रमाणथी अधिक |
| १९० | २७ | व | वै |
| १९३ | २६ | हेड | आंतरा |
| १९३ | २७ | कपाट | मंथान |
| १९४ | १ | आठमे | छट्ठे |
| १९६ | १२ | क्षिना | क्षिना |
| १९७ | ३ | मोहनो | मोहनी |
| २०१ | ५ | समुग्घाएणं | समुग्घाएणं |
| २०३ | २१ | संहिता | संहिया |

| | | | |
|---|---|---|---|
| २०६ | १७ | नन्वेवं | नत्वेवं |
| २०७ | ६ | सत्वात् | सत्त्वात् |
| २०७ | ९ | सुर | सर |
| २०७ | २३ | नचैवं | नचैवंमति |
| २१० | १५ | क्षपणीलया | क्षपणीयनया |
| २१२ | ७ | वेदनीयादेः | वेंदनीयादेः |
| २१६ | १५ | मन्थ | मन्थान |
| २१९ | ८ | न्यूमन्यून | न्यूनन्यून |
| २२३ | २८ | आहारसरीरका० | आहारगसरीरका० |
| २२३ | २८ | कम्मसरीरका० | कम्मगसरीरका० |
| २२५ | १९ | कदया | कर्मोदया |
| २२५ | २० | नामर्मो | नामकर्मो |
| २२५ | २२ | नामकर्मा | नामकर्मो |
| २२५ | २९ | वोध्यमिनि | वोध्यमिति |
| २४१ | ११ | वैडर्य | वैडूर्य |
| २४६ | २३ | थो | थी |
| २४८ | १२ | दश हजार वर्ष | कापोतलेश्यानी उत्कृष्ट स्थिति सरखी एटले पल्यासंख्यभागाधिक त्रण सागरोपम |
| ,, | २४ | दश हजार वर्ष | साधिक त्रण सागरोपम |
| ,, | २८ | लेया | लेश्या |
| २५२ | ५ | द्वार | द्वार |
| २५२ | २९ | कर्मग्रथ | कर्मग्रंथ |
| २५६ | ७ | ते | तेथी |
| २५६ | १९ | ते तेजो | ते ते |
| २६० | ४ | सवलोकमां | सर्वलोकमां |
| २६० | ८ | स्पश | स्पर्श |
| २६० | १७ | परावस | परावर्त |
| २६९ | ८ | हाय | होय |

| | | | |
|---|---|---|---|
| २७२ | ८ | गोमत्रिका | गोमूत्रिका |
| २७४ | २१ | सबदा | सर्वदा |
| २७६ | २४ | दशि | दर्शि |
| २७८ | ११ | वल्लीआ | वल्लीओ |
| २७८ | १३ | वल्ली | वल्ली |
| २८१ | १४ | नामभिः | नामभिः |
| २८२ | १३ | विपयक | विषयक |
| २८३ | ५ | अथ | अर्थ |
| २८४ | २० | परमेसर | परमेसर |
| २८८ | ५ | निवृत्ति | निर्वृत्ति |
| २८९ | १३ | निवृत्ति | निर्वृत्ति |
| २९० | २५ | एकेंद्रिय | एकेन्द्रिया |
| २९३ | १ | नुवल्य | नुभवत्य |
| २९३ | १७ | अत्मा | आत्मा |
| २९६ | १५ | सख्य | संख्य |
| ३०० | २७ | रिन्द्रिय | रिन्द्रिय |
| ३०९ | १ | द्वीन्द्रिया | ये वार एकेन्द्रिया |
| ३१२ | ८—९ | सम्बबन्धि | सम्बन्धि |
| ३२६ | २५ | मथी | मंथि |
| ३२८ | १३ | जम्भले | जृम्भते |
| ३३२ | ५ | शाधिता; | शोधिताः |
| ३३४ | १३ | ३३ | ३ |
| ३३४ | २२ | केटलाए | केटलाएक |
| ३३७ | १८ | एवमति | एवमप्रति |
| ३४२ | १८ | मिथ्या | मिथ्या |
| ३४४ | २९ | मण्डपा | मण्डपमां |
| ३४५ | ११ | कर्य | कर |
| ३४५ | २३ | कयो | कर्यो |
| ३४८ | ९ | ते | तो |

| | | | |
|---|---|---|---|
| ३५७ | ११ | अंतरद्वींप | अंतर्द्वीप |
| ३७१ | ९ | हतुक | हेतुक |
| ३७२ | ४ | गृण्ह् | गृह् |
| ३७३ | १२ | अर्ह्चाय | अर्हेचाय |
| ३७८ | ७ | कौ | का |
| ३७८ | ९ | पिताने | पोताने |
| ३७८ | ३६ | नामनो | गामनो |
| ३७९ | ८ | शिष्य | शिष्ये |
| ३८० | १३ | करवा शरू क्यो | करवो शरू कर्यो |
| ३८४ | २४ | ७६८॥ | ७६८॥ कर्तुं |
| ३८४ | २७ | जाणे | आणे |
| ३८५ | २३ | पूछे | पूछे |
| ३८५ | २४ | छद्मस्ग | छद्मस्थ |
| ३८९ | ६ | ममांसा | मीमांसा |
| ३८९ | ९ | रेते | रेतैः |
| ३९५ | १३ | प्राभत | प्राभृत |
| ४०५ | २८ | विपुलमिति | विपुलमति |
| ४०९ | २७ | पूर्वाविभद् | पूर्वाविभृद् |
| ४१४ | ९ | वाळी | वाळो |
| ४१४ | ११ | समवा | समजवा |
| ४१५ | २२ | श्रत्य | श्रित्य |
| ४१६ | १८ | वृत्ति | वृद्धि |
| ४२२ | १२ | सामाधर्म | सामान्य धर्म |
| ४२६ | २८ | थी | नथी |
| ४२६ | २८ | अमाव | अभाव |
| ४२६ | २९ | स्थानेस्थने | स्थानेस्थाने |
| ४२६ | २९ | बन्धु | बन्धुः |
| ४२७ | १२ | भवि | भावे |
| ४३१ | २२ | जोवोने | जीवोने |
| ४३१ | २३ | ( वे ) | ( बे ) |

| | | | |
|---|---|---|---|
| ४३२ | २७ | समथन | समर्थन |
| ४४३ | ६ | वषना | वर्षना |
| ४४६ | २२ | परयायो | परपर्यायो |
| ४४६ | ३१ | णे | ते |
| ४४७ | ५ | मतिज्ञानमां | मतिज्ञानमां (अस्तित्व स्वस्वरूपे) |
| ४४८ | २२ | जाय ते | जाय ते अनुदात्त अने मध्यमां स्पर्शी करीने जाय ते |
| ४४८ | २३ | सव | सर्व |
| ४५५ | १० | श्रूत | श्रुत |
| ४५६ | ३ | सागरोपम | सागरोपम–साधिक |
| ४५६ | १८ | संख्ये | संख्येय |
| ४५६ | १९ | असंख्ये | असंख्येय |
| ४५९ | ६ | सांगर | सागर–साधिक |
| ४६० | २० | अवधिज्ञान | अवधिज्ञान, अचक्षु० अवधि० |
| ४६० | २१ | मति–अज्ञान | मति–अज्ञान अचक्षु |
| ४६१ | ९ | ओप | औप |
| ४६७ | २ | अचक्षुदर्श | अचक्षुर्दर्श |
| ४६७ | २४ | वंथी | सर्वथी |
| ४६७ | २८ | सागरोपम | सागरोपमसाधिक |
| ४६८ | २२ | सागरोपम | सागरोपमसाधिक |
| ४६९ | १३ | प्राणमत् | प्राणभृत् |
| ४७० | २४ | म था | सर्वथा |
| ४७४ | ८ | दर्शितं | दर्शितं |
| ४७५ | २९ | नहारक: | नाहारक: |
| ४७८ | १२ | तजस: | तैजस: |
| ४८२ | ४ | वम् | ध्रुवम् |
| ४८६ | २३ | साम्य | सम्य |
| ४९५ | ८ | श्रति | श्रेति |
| ४९८ | २३ | अन्तमु | अन्तर्मु |
| ५०० | १६ | स्थि | स्थिति |

| | | | |
|---|---|---|---|
| ५०४ | २४ | निवृत्ति | अनिवृत्ति |
| ५१२ | १७ | उपश श्रेणि | उपशमश्रेणि |
| ५२५ | २ | विशेषा | विशेषाव० |
| ५३६ | ९ | स्या तीय– | स्यात्तृतीय |
| ५४२ | २६ | समूर्छिम | संमूर्छिम |
| ५४३ | २८ | जीवो थाय | जीवो केम न थाय ? |
| ५४३ | ३० | तारतम्य जाणवुं | तारतम्यनो संभव जाणवो |
| ५४९ | २७ | उत्तर— | ० |
| ५५१ | २९ | रिन्मर्नतरपा | निरंतरपसा |
| ५५३ | ९ | स्थानल | स्थानक |
| ५५४ | ५ | मुहूर्त्त | मुहूर्त्त |
| ५५८ | २० | अध | अर्ध |
| ५७१ | २५ | नियुक्ति | निर्युक्ति |
| ५७३ | १८ | ततीया | तृतीया |
| ५७६ | ११ | संकाल्प | संकल्पं |
| ५७८ | १७ | जाव | जीव |
| ५८० | ४ | रूप | रूपं |
| ५८१ | ६ | असे | अने |
| ५८२ | २० | व | च |
| ५८३ | १० | निर्णित | निर्णीत |
| ५८४ | १४ | जावा | जीवा |
| ५८४ | १५ | द्वे, | द्वे ४–५, |
| ५८४ | १५ | ४–५ | ६ |
| ५८६ | २५ | यां | या |
| ५९० | १८ | नैन | नैनं |
| ५९० | २३ | निग | निर्ग |
| ५९० | २४ | सगः | सर्गः |
| ५९१ | २० | नीती | नीति |
| ५९१ | २७ | अव | आव |

॥ ॐ अर्हं नमः ॥

॥ सकलस्वपरसमयपारावारपारीणेभ्यः सत्संयमभृदवतंसकेभ्यो जगदनुग्रहकरणेभ्यस्तपोगच्छाचार्यभट्टारकश्रीमद्विजय-नेमिसूरीश्वरपादपद्मेभ्यो नमो नमः ॥

## ॥ विवरणादिसमेतः ॥

॥ परमकारुणिकमहोपाध्यायश्रीविनयविजयगणिविनिर्मितः ॥

# ॥ श्री लोकप्रकाशः ॥

तस्य चायं

॥ श्रीद्रव्यलोकप्रकाशाभिधानः प्रथमो विभागः ॥

तत्र च

## ( प्रथमः सर्गः )

श्रीशङ्खेश्वरमाप्तपूजितपदं पार्श्वं सदाऽऽनन्ददं,
वीरं तीर्थपतिं प्रणम्य गणभृच्छ्रीगौतमं सद्गुरुम् ॥
सूरीशं विजयादिनेमिममलं नत्वा मुदा भारतीं,
स्तुत्वा मन्दमतिप्रबोधविधये यन्त्रादिभङ्ग्यान्वितम् ॥१॥
लोकप्रकाशनाम्नो, ग्रन्थस्यास्यार्थमत्र लोकभाषातः ॥
वितनोमि विनयविजय--सन्मन्त्रं हृद्गतं कृत्वा ॥२॥

बुद्धिमन्थानमथित सिद्धान्त-ग्रन्थोना नवनीतस्वरूप निखिलतत्त्वप्रदर्शक सकलभव्यसत्त्वोपकारक आ लोकप्रकाशग्रन्थना प्रारंभमां परमकरुणानिधान महोपाध्याय श्रीमान् विनयविजयजीगणी महाराज शिष्टाचारपालन, निर्विघ्न ग्रन्थ समाप्ति विगेरे अनेक हेतुओनो विचार करी अभीष्ट-अभिमत-अधिकृत देवविशेषनुं मंगलाचरण करतां प्रथम अनेकातिशयसूचक अभीष्टदेव श्रीशंखेश्वरपार्श्वनाथप्रभुना नमस्कार स्वरूपसंकीर्तन-आशीर्वादात्मक मंगलत्रिकने त्रण श्लोकोये प्रतिपादन करे छे, तेमां प्रथमनमस्कारस्वरूप मंगलप्रतिपादक आद्यश्लोक—

॥ मङ्गलाचरणम् ॥

**ॐनमः परमानन्द–निधानाय महस्विने ॥**
**शंखेश्वरपुरोत्तंस–पार्श्वनाथाय तायिने ॥ १ ॥**

**शब्दार्थ**—उत्कृष्ट आनन्दना निधानरूप, तेजस्वी (अने सर्व जीवना) रक्षण करनारा शंखेश्वर नगरना मुकुटरूप श्रीपार्श्वनाथ प्रभुने प्रणवसहित नमस्कार थाओ.(१)

विवेचन—सर्व तत्त्वोना आकार अने सकल सिद्धान्तना निःस्यन्दरूप आ (लोकप्रकाश) ग्रन्थना प्रणेता उपाध्याय श्रीमद् 'विनयविजयजी महाराजा' पवित्र ओंकार स्वरूप चमत्कारिक प्रणवाक्षरथी प्रारंभ करायेला ग्रन्थनी शरुआत-मां "शिष्टसम्मत उत्तम पुरुषो कोइपण शुभ कार्य शरुआत करतां पोताना अभीष्ट देवनी स्तुति या नमस्काररूप मंगलाचरण करीने ज प्रवृत्ति करे छे." ते मार्गनुं पालन करवाने माटे अने तेम करवाथी ज पोतानामां पण शिष्टपणुं आवे छे. कारण के "शिष्टाः शिष्टत्वमायान्ति शिष्टमार्गानुपालनात्" 'शिष्ट पुरुषोमां शिष्टपणुं त्यारेज आवे छे के ज्यारे तेओ शिष्ट मार्गनुं पालन करे छे,' आवी पूर्वसूरिओनी सोनेरी मुद्राओनुं मनन करी तेमज वळी अतिशय उल्लसेली भक्तिपूर्वक आविर्भूत थयेला श्रद्धादिगुण पूर्वक शुभ भावनारूप धोधबंध जल प्रवाहे करी क्लिष्ट कर्म मळना विलय थमेवा-थी ज प्रस्तुत ग्रन्थनी निर्विघ्न पणे समाप्ति थशे. अन्यथा महापुरुषोने पण श्रेयः कार्योमां घणां विघ्नो आवी नडे छे, कारणके "श्रेयांसि बहुविघ्नानि भवन्ति महतामपि" 'श्रेयः कार्यो मोटाओने पण घणा विघ्नवाळा होय छे' श्रेयः कार्यनी समाप्तिमां आडे आवनारा ते विघ्नो भवसन्ततिमां करेला पूर्वना दुष्कृत अशुभ पापकर्मोना उदयथीज थाय छे, अने ते कर्मोना ज्यां सुधी अ-पवर्त्तनादि करणे करी स्थितिघात रसघातादि करवामां न आवे त्यां सुधी अवसरे विपाकरूपे अर्गला समान आडा आवीने पडे छे, माटे ते अशुभ कर्मो-ना स्थिति–रसघातादिना हेतुरूप शुभ अध्यवसायनी आवश्यकता छे, ते शुभ अध्यवसाय पण परमात्माना सद्भूत अलौकिक आश्चर्यप्रद गुणोनुं कीर्तन तथा तथाभूत गुणवत् त्रिभुवनगुरु तीर्थंकर महाराजना नमस्कारद्वारा प्रदीप्त थाय छे आवो अपूर्व विचार मनमां लावी श्रीशंखेश्वर पार्श्वप्रभुनुं गंभीर अने अलौकिक चमत्कारिक अपूर्वभावजनक शब्दोमां नमस्काररूप मंगलाचरण करे छे.

हवे "महावाक्यार्थ बोधात्मक या तो ऐदंपर्यार्थबोधात्मक शाब्दबोधमां ते ते पदजन्य पदार्थज्ञाननी कारणता छे." एवो सामान्य नियम होवाथी तेम-ज "संहिता च पदं चैव पदार्थः पदविग्रहः । चालना प्रत्यवस्थानं व्याख्या तन्त्रस्य षड्विधा ॥ १ ॥" ए छ व्याख्याना संहितादिभेदोमां पदार्थ ए पण एक बीजुं व्याख्यांग होवाथी प्रथम आ स्तुतिमां आवेला पदो संबंधी वि-

धारणा करीये !!! आ स्तुतिमां प्रारंभमांज 'नमः' पद साथे प्रणवाक्षरनुं उपपद मुकी नमस्कारने घणो ज सुशोभित अने महिमास्पद बनाव्यो छे, तेमज आ स्तुतिने प्रारंभमां सर्व मंत्रोना आदिबीजरूप ॐकारनो न्यास करी मंत्रना रूपमां सूचित करी छे, वळी आ ओंकारमां चौद पूर्वना साररूप सकल श्रुतस्कन्धोनी अभ्यन्तर वर्तता पंच परमेष्ठिनो पण समावेश थयेलो छे, ['अ (अरिहंत)-अ (अशरीरी-सिद्ध) आ-आ (आचार्य) आ-उ (उपाध्याय) ओ-म (मुनि-साधु) ओम्' बे 'अ' मळी आ, आ-ने' आ मळीने पण 'आ', तेमां उ मळवाथी ओ, तेनी साथे म् मूकवाथी 'ओम्' थाय छे. कह्युं छे के-"अरिहंता असरीरा आयरिय उवज्झायया मुणिणो ॥ पंचक्खरनिप्फन्ने पणवक्खरे पंचपरमिट्ठी ॥ १ ॥ इत्यादि जेनुं विशिष्ट स्वरूप गीतार्थ गुरु आम्नायथी समजी शकाय छे. तेमज ॐकारनुं ध्यान शा माटे करवामां आवे छे, तेना फळ विगेरे संबंधी अनेक चमत्कारिक विचारो छे जे गीतार्थ गुरु कुलवासनी उपासनाथी प्राप्त थइ शके तेम छे, वळी " ॐकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः । कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥ १ ॥ ईप्सित वस्तुने तथा परंपराये मोक्ष फळ आपनार बिन्दुसहित जे ॐकारनुं योगीओ हंमेश ध्यान करे छे ते ॐकारने वारंवार नमस्कार थाओ, तेमज आ ॐकार अने अथ शब्द विगेरेने महामांगल्यसूचक तरीके वर्णव्या छे, षड्दर्शनवेत्ताओए पण ॐकार अक्षरने अने अथ शब्दने ब्रह्माना आदिध्वनिरूप मान्या छे, अने तेथी ते बेउने ॐकारने तेओ पण मंगळपणे कहे छे. कह्युं छे के:-"ॐकारश्चाथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा ॥ कंठं भित्वा विनिर्यातौ तेन माङ्गलिकावुभौ" ॥१॥ तेमज ॐ शब्दना निरुक्तमां पण तेओ "अकारो विष्णुरुद्दिष्ट उकारस्तु महेश्वरः । मकारेणोच्यते ब्रह्मा प्रणवेन त्रयो मताः ॥ १ ॥" "अ, उ, म, ए त्रण अक्षरोथी उत्पत्ति पामेलो ॐकार छे" तेम बतावी ॐमां अकारथी पालन शक्तिमत् विष्णुनुं अधिष्ठान छे, उकारथी संहारशक्तिमन् शंकरनुं अधिष्ठान छे अने मकारथी उत्पादशक्तिमन् ब्रह्मानुं अधिष्ठान छे तेम सूचवे छे. अने तेज कारणथी शक्तित्रयसंपन्न देवत्रितयनो वाचक ॐकार महामङ्गलरूप थयलो छे. जो के आ तेओनुं मन्तव्य आकाशकुसुम वर्णन जेवुं केटलुं सत्य छे ते हाल मंगल प्रस्ताव होवाथी मुलतवी राखी आगळ उपर तेनो विचार करीशुं परन्तु एटलुं तो निर्विवाद छे के तेओ पण ॐकारने मंगळरूप मानी पवित्र कार्य प्रसंगे ध्यान करे छे, वळी तेओ ॐकारने केटला उच्चतमाशयथी पवित्र अभ्यसनीय, उपासनीय अने ध्याननो विषय माने छे ते विचार नीचे लखेला तेओना ज पवित्र ग्रन्थोना पद्योथी जाणवामां आवशे. ॥ "यथा पर्णं पलाशस्य, शङ्कुनैकेन धार्यते । तथा जगदिदं सर्व-मोंकारेणैव धार्यते ॥ १ ॥ अकारं चाप्युकारं च, मकारं च प्रजापतिः । वेदत्रयाच्छिरदुहत्, भूर्भुवःस्वरिति त्रिधा ॥ २ ॥ सिद्धानां चैव सर्वेषां, वेदवेदान्तयोस्तथा । अन्येषामपि शास्त्राणां, निष्ठाऽथोंकार उच्यते ॥ ३ ॥ प्रणवाद्या यतो वेदाः, प्रणवे पर्यवस्थिताः । वाङ्मयं प्रणवः सर्वं, तस्मात्प्रणवमभ्यसेत् ॥ ४ ॥ ॐतत्सदिति निर्देशो, ब्रह्मणस्त्रिविधः स्मृतः । ब्राह्मणाश्चेव वेदाश्च,

यज्ञाश्च विहिताः पुरा ॥ ५ ॥ तस्मादोमित्युदाहृत्य, यज्ञदानतपःक्रियाः । प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥ ६ ॥ " वळी मांडूक्योपनिषद् विगेरे उपनिषदोना पण प्रथम मन्त्रोमां प्रजापतिए ऋग्, यजुः, साम ए त्रण वेदोमांथी साररूपे दोहन करेला अनुक्रमे अ, उ, म्, स्वरूप ॐकारनो सर्वोत्तम महिमा वर्णन करतां जणाव्युं छे के "ओमित्येतदक्षरमिदं सर्वं तस्योपव्याख्यानम् । भूतं भवद्भविष्यदिति सर्वमोंकार एव " वळी विशेषथी उपदिशे छे के, "प्रणवो धनुः शरो ह्यात्मा, ब्रह्म तल्लक्ष्यमुच्यते । अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥ १ ॥ इत्यादि ॐकारना संबन्धमां उपनिषद् विगेरेना अनेक विचारो शास्त्रोथी जाणवा योग्य छे.

ॐकार ए सर्व मंत्रोमां आद्यपद छे मंत्रोनुं आदिबीजक छे, सर्व वर्णोनो आद्यजनक छे, शब्दसृष्टिनुं मूलबीज छे. अनाद्यनन्तगुणयुक्तस्वरूपमंत्र छे, ज्ञानज्योतिनुं केन्द्र छे, अनाहतनादनो प्रतिघोष परब्रह्मनो द्योतक अने परमेष्ठिपदनो वाचक छे, सर्वदर्शन अने मतमतांतरोमां एक सरखी रीते ते व्यापक छे, योगिजनोनो आराध्य देव छे, सकाम उपासकोने कामितफलनो अने निष्काम उपासकोने आध्यात्मिक मोक्षफलनो दाता छे. हृदयना चमत्कारथी जेम योगिओना हृदयमां निरन्तर स्फुर्या करे छे. भिन्नभिन्न वर्णरूपे ध्यान करतो विविधविध फलने आपनार छे, इत्यादि विशिष्ट स्वरूपमय शास्त्रकारोये वर्णव्यो छे, वळी महापुरुषो फरमावे छे के–दुःखदावानलनी ज्वालाने शान्त करवामां नवीन मेघ, सकल शास्त्रज्ञानना प्रकाशमां दीपक अने पुण्यना शासनरूप आ प्रणवने निरन्तर स्मरण करो जे प्रणवरूप ॐकारथी अत्यन्त निर्मल शब्दात्मक ज्योति उत्पन्न थयुं छे ते ॐकारनी साथेज परमेष्ठिनो वाच्यवाचक सम्बन्ध छे. एटले के ॐकारनुं परमेष्ठि वाच्य छे अने परमेष्ठिनो ॐकार वाचक छे कह्युं छे के— स्मर दुःखानलज्वालाप्रशान्तेर्नवनीरदम् ॥ प्रणवं वाङ्मयज्ञानप्रदीपं पुण्यशासनम् ॥ यस्माच्छब्दात्मकं ज्योतिः प्रसूतमतिनिर्मलम् ॥ वाच्यवाचकसम्बन्धस्तेनैव परमेष्ठिनः ॥ आ ॐकारने मंत्रशास्त्रोमां प्रणव ए नामथी कहेवामां आव्यो छे. जो के प्रणवशब्द मंत्रबीजक सूचवे छे तो पण व्युत्पत्त्यर्थथी एटलुं तो निर्विवाद छे के, "णुंक् स्तुतौ", ए धातुउपरथी 'नवनं नवः' ए शब्द बने छे प्रकृष्टो नवः प्रणवः एटले के उत्कृष्टप्रकारनी स्तवना अथवा प्रकर्षेण नूयते स्तूयतेऽनेनेति प्रणवः "प्रकर्षपणे स्तवना कराय छे जे अक्षरवडे ते प्रणव अक्षर कहेवाय ए प्रणवशब्दनो अर्थ थाय छे वळी आ प्रणवने योगशास्त्रकारोए आत्मविकास माटे घणो अगत्यनो तेना जापविधि साथे बताव्यो छे, कहे छे के–ते ईश्वरनो वाचक छे ईश्वर तेनो वाच्य छे. जुओ पातंजलयोगदर्शन तस्य (बे सूत्र) समाधिपादसूत्र २७—२८ "तस्य वाचकः प्रणवः" "तज्जपस्तदर्थभावनम्" वळी अन्योना परमाराध्यशास्त्र गीताजीमां पण प्रणववाचक ॐकारनो परम महिमा बताव्यो छे जुओ गीता अध्याय ८ श्लोक १३, "ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ॥ यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥ " वळी

स्मृतिकारोए पण ॐकारनो महिमा गायो छे के-"अदृष्टविग्रहो देवो भावग्राह्यो मनोमयः ॥ तस्योङ्कारः स्मृतो नाम, तेनाहूतः प्रसीदति ॥ १ ॥ " " अपरञ्च प्रणवो नित्यं, ब्रह्मविष्णुशिवात्मकम् ॥ कोटिसूर्यसमं तेजो, ध्यायेदात्मनि निर्मलम् ॥ २ ॥ " तेमज "जपित्वा पूर्वमोंकारं वेदाध्ययनमारभेत् ॥ " इत्यादि स्मृतिवचनोथी वेदाध्ययनना प्रारम्भमां 'ॐकार' जापनी कर्तव्यता बतावेली होवाथी ॐकारनी मांगलिकता ध्वनित थाय छे. वळी पातञ्जलयोगदर्शनना साधनपादमां समाधिसाधनो तरीके जे स्वाध्याय विगेरे बताव्या छे तेना अर्थमां प्रणव जाप ए मुख्य स्वाध्याय कह्यो छे, "स्वाध्यायः प्रणवजपः, मोक्षशास्त्राध्ययनं वा", आ उपरथी जणाहे के प्रणवजाप ते समाधिनुं मुख्य साधन छे, तेम पतञ्जलि फरमावे छे. व्याकरण शास्त्रकारोए पण प्लुतविधान सूत्रोना प्रसंगमां 'ॐ' ने संभार्यो छे के, ज्यारे प्रारंभ एटले प्रणाम विगेरेनुं अभ्यादान गम्यमान होय त्यारे 'ॐ' ना स्वरोमांनो अन्त्य स्वर प्लुत विकल्पे थाय छे, जेमके "ओ३म् ऋषभमृषभगामिनं प्रणमत (२)" विगेरे, जुओ सिद्धहैमशब्दानुशासन सातमा अध्यायना चतुर्थपादनुं सूत्र ९६ मुं " ओमः प्रारंभे "

आ विगेरे अनेक विचारोथी महर्षियोए ॐकारने घणोज महिमाशालि वर्णव्यो छे, वळी ॐ शब्द प्रकृति-प्रत्ययनी व्युत्पत्तिथी पण विचारतां महामंगलरूप छे, कारण के मंगल विघ्नथी रक्षण करे छे, ज्यारे ॐनी शास्त्रकारोए करेली व्युत्पत्ति पण तेज अर्थ बतावे छे, ' अवति विघ्नादित्योम् ' तेमज अनेकार्थक आ ॐकारनो प्रयोग करेलो होवाथी ग्रन्थनो प्रारंभ, मंगलकारक, मंगलस्वरूप, शुभ रीते आ नमस्कार थाओ ए विगेरे अनेक अर्थो ॐकारथी संभवी शके छे ! ! !

वळी उपाध्यायजी महाराज आ स्तुतिमां नमस्कारवाचक नमःपद मुकी पोतानी अलौकिक भक्ति प्रदर्शित करे छे, कारणके " नमः ए नैपातिकपद द्रव्यथी हस्त शिरः चरणादि संकोचरूप विशिष्टकाययोगात्मक पंचांगप्रणिधान अथवा अष्टांगप्रणिधानादिना अवस्थाने तेमज भावथी मननी प्रस्तुत नमस्कार विषयमां एकाग्रता करवारूप मनोयोगात्मक भाव प्रणिधानद्वारा सूचवे छे " तथा " शब्दोच्चारणमां वचनयोग प्रणिधान तो स्पष्ट ज छे. " आ उपरथी योगत्रिकथी करेलो नमस्कार भावनमस्कार छे, अने शेष द्रव्यनमस्कार छे.

वास्तविक रीते परमार्थ ऐहिक आमुष्मिक फळने आपनार भाववन्दन ज छे, जेने माटे कृष्ण शांबकुमार विगेरेना दृष्टान्तो प्रसिद्ध ज छे, अने द्रव्यवन्दन वास्तविक तेवा फळने आपनार थतुं नथी, तेने माटे पण वीरकशालवी, पालक कुमारादिना निदर्शनो पण सिद्ध ज छे, आ नमः निपातने पण शास्त्रोमां मंगलफळपणे प्राचीन आचार्योए ग्रहण करेलो छे ? ? ?

हवे आपणे उपाध्यायजी महाराजे आपेला शंखेश्वर पार्श्वनाथप्रभुना अलौकिक आश्चर्यप्रद गुणबोधक अतिशयादि विशेषणोनो विचार करीये.

'परमानन्दनिधानाय' आ पदना अनेक अर्थो संभवी शके छे, जेमांना केट-

लाक अर्थों आपणे क्रमशः जोइ शकीशुं, उत्कृष्ट आनन्दना निधानस्वरूप पार्श्वनाथ भगवान् ए प्रथम प्रसिद्ध ज अर्थ छे, आ उपरथी उत्कृष्ट आनन्द के 'जे कोइपण वखते दुःखथी मिश्रित थतो ज नथी.' 'जे आनन्दनी विच्युति नथी.' 'जे आनन्द अगम अगोचर अलक्ष्य कहेवायेलो छे.' 'जे आनन्दने साक्षात् केवलदृष्टिए सर्वज्ञप्रभु जाणतां छतां प्रत्यक्ष यथास्थित तथाभावे कही शकता नथी. मात्र जे कांइ देखाडे छे ते पण असत् उपमाए करी यत्किंचित् देखाडे छे.' 'जे आनन्द मुमुक्षु आत्माओने सर्वदा इच्छा विषयरूपे रमी रह्यो छे,' जे आनन्दने परमयोगीओ यत्किंचित्पणे सहजानुभवथी वेदी रह्या छे,' 'जे आनन्दे करी आत्माना सहगुण ज्ञान दर्शन चारित्र वीर्यादिनी स्वरमणतामां आत्माओ लय पामी रहे छे,' 'जे आनन्दने माटे तीर्थंकर गणधर प्रतिपादित मोक्षानुष्ठानमां अखंड अविच्छिन्न अविचलपणे उद्यम करवानी आवश्यकता छे,' 'जे आनन्दथी आधिदैविक आधिभौतिक आध्यात्मिक शारीरिक मानसिक परकृतादि आधि व्याधि उपाधिओ सर्वथा दूर ज रहे छे,' 'जे आनन्दमां कोइपण जातनी परभावनी रमणता के विपरीतता भ्रान्ति विगेरे रहेता ज नथी,' विगेरे भावनाथी षट्कारक चक्रो पण जेनी अन्तर्गत थाय छे, आवा अपूर्व आनन्दनो यत्किंचित् अनुभवास्वाद पोताना शुद्धशीलमां वर्तता मुनिओ अनुभवे छे. कारणके तेवा मुनिओना मासादिपर्यायनी वृद्धिए देवताना उत्तम सुखोनो पण अतिक्रम 'भगवतीआदि' सिद्धान्त ग्रन्थोमां प्रतिपादन कर्यो छे, आ परमानन्दनी अपेक्षाए मुनिओना यत्किंचित् आनन्दने पण सिद्धान्तकारोए चक्रवर्तिना सुखथी पण अनुपम वर्णव्यो छे. कह्युं छे के "विनष्ट थया छे रागद्वेष जेमना एवा ग्रांसना संथारा उपर बेठेला मुनि जे निर्लोभ दशाना सुखने अनुभवे छे. ते सुखने चक्रवर्त्ति पण क्यांथी अनुभवी शके?" आ वचनने दशपूर्वधर वाचक उमास्वाति महाराजानुं वचन मजबूत टेको आपे छ, "लोकव्यापारथी विरक्त रहेनार मुनिओने जे सुख अहीं छे ते सुख चक्रवर्तिने के इन्द्रने पण नथी" आ उपरथी घटलुं तो निर्विवादपणे आपणने कबुल करवुं पडशे के रागद्वेषनी विरक्तिथी एकान्त शान्तरसमां मग्न रहेनार मुनिओ अवर्णनीय लोकोत्तर आनन्दनो अनुभव करे छे ! !

आ सुखना हेतु शान्तरसेन्द्रने शास्त्रकारोए चक्रवर्तिनी साथे सरखाव्या छे, कारणके चक्रवर्त्तिने जेम रसा घटले पृथ्वीनुं इन्द्रपणुं होवाथी रसेन्द्र कहेवाय छे, तेम शान्तरस पण शृंगार वैराग्यादि सर्व रसोमां अधिपति होवाथी ते पण रसेन्द्र छे, तेमज चक्रवर्त्तिने नवनिधानो प्राप्त थाय छे तेम शान्तरसेन्द्रमां सर्व मंगलोनो निधि प्राप्त थयेलो छे ! ! !

वळी शान्तरसने शास्त्रकारोए अमृतनी साथे सरखाव्यो छे, जेम लौकिक उदन्त प्रमाणे देवोए घणी ज महेनतथी मन्दार पर्वतरूपी रवैयाथी समुद्रनुं मन्थन करी अमृत काढयुं हतुं तेम पूर्वाचार्योए अंगउपांग प्रकीर्णकादि आगमो

तथा ग्रन्थरूपी समुद्रमांथी तीव्र क्षयोपशमजन्य महाबुद्धिरूपी रवैयाथी आ शान्तरसामृतने दोहन कर्युं छे, तेम ज शान्तरसेन्द्रने रसेन्द्र सर्व रसायणोमां उत्तम पारानुं उपमान पण घटी शके छे ! !

आवा अत्युत्तम शान्तरसनी भावनामां लीन रहेनार मुनिओ जे सुखने अनुभवे छे ते सुखनी आगळ सर्व इन्द्रियोथी थतुं सुख समुद्रनी आगळ पाणीना बिन्दुनी उपमाने लायक थाय छे. ज्यारे सामान्य मुनिसुख पण आटलुं लोकोत्तम छे तो वीतरागतानुं अने सिद्धदशानुं अलौकिक सुख तो निर्वचन करी शकाय ज नहीं. प्रकरणकारो पण वीतरागसुखना वर्णनमां जणावे छे के " आ लोकमां जे कामजन्य विषयसुख छे अने देवोनुं जे महासुख छे ते पण वीतरागना सुखनी आगळ अनन्तमाभागे न्यून छे, " आज कारणमाटे लौकिकसुखने कुसुमपुर नगरमां भिक्षुकना स्वप्ननी उपमाए असत्स्वरूपे शास्त्रमां वर्णव्युं छे. आ सिद्धना अनुपम सुखने आज ग्रन्थना बीजा सर्गमां ग्रन्थकार उपाध्यायजी पोतेज वर्णन करशे ! ! !

आवा अवर्णनीय अपूर्व परमानन्दनिधि परमात्माने नमस्कार अवश्य मंगलने माटे थाय छे ? ? ? आ आनन्दना तरंगो जेमजेम रागद्वेषनी हानि थती जाय तेम तेम प्रगट थता जाय छे. ते यावत् क्षपकश्रेणीमां आरूढ थई निद्रा स्वप्न जागर ए दशात्रिक उल्लंघी चोथी उजागर दशामां लीन थता स्नातक निर्ग्रन्थावस्थामां कैवल्यलक्ष्मी संपादन करी यावत् शैलेशीकरण विगेरे अवस्थाओमां कर्मोनो क्षय करी संपूर्ण ब्रह्मरस अनिर्वचनीय अखण्डानन्द प्राप्त कराय छे, आ विशेषणना अर्थमां तीर्थकृत्प्रभुना मूळ चार अतिशयमांनो प्रथम ' अपायापगम ' नामनो अतिशय तेमज ' सुखातिशय ' पण ध्वनित थाय छे. १,

'प-रमा-आनन्दनिधानाय' आ प्रमाणे शब्दश्लेष करवाथी 'पातीति पः' ए व्युत्पत्तिए करी प्रकृति प्रत्ययना विभागवाळा 'प' शब्दना षड्जीवनिकायना पालक तीर्थंकर महाराजा वाच्य छे, अने 'रमा' शब्दे करी तेओश्रीनी जे आर्हन्त्यलक्ष्मी चोत्रीश अतिशयो अष्टमहाप्रातिहार्यो पांत्रीश वाणी गुणो विगेरे तेना आनन्दना निधान पार्श्वनाथ प्रभु छे, ए बीजो अर्थ थाय छे, आ अर्थथी तीर्थङ्कर प्रभु के जेमणे पोताना अग्रिम त्रीजा भवे विंशतिस्थानक पदोमांथी कोइपण पदनी अथवा तो बे त्रण चार यावत् वीशपदोनी यथाविधि सम्यगाराधनाथी तीर्थंकर नामकर्म निकाचित करी देव अथवा नरक भवमांथी ते ते गति संबन्धि अवधिज्ञानसहित भरत ऐरवत के विदेहीय बत्रीश विजयना मध्यखंडमां आर्यदेशमां उत्तम जाति कुलने विषे परमात्मरूपे सर्व जगज्जीवना उद्धारने माटे रत्नकुक्षी माताना गर्भमां अवतरे छे, तेज वखते त्रिभुवनमां उद्योत, सर्व जीवोने आनन्द, नारकी जेवा दुःखानुषक्त, जीवोने पण हर्ष थाय छे, देवेन्द्रना अचल सिंहासनो पण चलित थाय छे. अवधिप्रयोगथी परमात्मानुं च्यवन जाणी शक्रस्तवथी त्यां रह्यां छतां द्रव्यथी

सन्मुख जया पूर्वक भाववन्दन करी विशाल हृदयथी च्यवन कल्याणकनो महिमा करे छे, त्यारबाद गर्भस्थिति पूर्ण थये परमात्मा शुभ्ल जन्म प्राप्त करे छे, तेज समये प्रभुना प्राच्य पुण्य प्रभावपुञ्ज पद्मना मकरन्दथी आकृष्ट थयेली छप्पन्न दिक्कुमारी भमरीओ आवी सूतिकर्मादि करे, यावत् चोसठ इन्द्रो स्व स्वपरिवार सह मळी मेरुपर्वत उपर परमात्मानो जन्माभिषेक करी जन्मकल्याणकनो महोत्सव अनोखभक्तिपूर्वक रुडी रीते करे छे. यावत् दीक्षाकल्याणक महोत्सव, केवलज्ञानकल्याणकमहोत्सव, समवसरणादिसमृद्धि इत्यादि तीर्थंकरसाम्राज्य जे काललोकनी अंदर आगळ ग्रन्थकार उपाध्यायजी पोतेज वर्णवशे ते सकल तीर्थंकर लक्ष्मीना भोक्ता पार्श्वनाथप्रभुनो नमस्कार मंगलप्रद छे. आ अर्थ करवाथी बीजो 'पूजातिशय' पण व्यंजित थाय छे, २

'पर-मा-आनन्दनिधानाय' आ प्रमाणे शब्द विश्लेष करवाथी पर-सर्वथी श्रेष्ठ ज्ञानस्वरूप या मोक्षस्वरूप, मा-लक्ष्मी तेना आनन्दना निधान पार्श्वनाथ प्रभु छे. आ पण एक अर्थ थइ शके छे. आ अर्थथी त्रीजो 'ज्ञानातिशय' स्पष्ट थाय छे. ३

'प-रमा-आनन्दनिधानाय' ए विश्लेषथी पौद्गलिक उत्कृष्ट ऋद्धिनो आनन्दभोक्ता जेम प—कुबेर छे तेम पार्श्वनाथप्रभु निजस्वरूप आत्मिक ऋद्धिना आनन्दनिधि छे ए चोथो अर्थ. ४ परम-आनन्दनिधानाय' आ विश्लेषथी ऐकान्तिक आनन्दनिधि ए पंचम अर्थ. ५

इत्यादि अनेक अर्थोथी आ विशेषणमां उपाध्यायजीए पार्श्वनाथप्रभुना अद्भूत आश्चर्यप्रद अनेक गुणो तथा अतिशयोनो भास आपणने कराव्यो छे, वली शंखेश्वर पार्श्वप्रभुनुं बीजुं 'महस्विने' एवुं अपूर्वगुणबोधक विशेषण छे. एटले के तेजवंत पार्श्वनाथप्रभु छे. प्रस्तुतविशेषणमां कदाच कोइने अज्ञान अवस्थाथी के भ्रान्तभावथी वितर्क उत्पन्न थशे के आ विशेषण तेओश्रीना आत्माने लागु पडे तेम नथी कारणके उद्योत के प्रभा स्वरूप तेज पुद्गलात्मक होवाथी अमूर्त्त आत्माने ते होई शके नहि, माटे तेमना प्रतिबिंबनुं या तो तेओश्रीना शरीरनुं ज आ विशेषण मानवुं पडशे, प्रतिबिंबना गुणने अने परमात्माने कोइपण संबंध नही होवाथी प्रतिबिंबना गुणनुं वर्णन करवुं केवल व्यर्थ छे, वली परमात्मा सिद्धदशामां शुद्धनिरंजन निराकार होवाथी तेओनी आकृति पण संभवित नथी विगेरे विगेरे आ तेओनी मीमांसा केटली भूल भरेली छे ते तेमज चार निक्षेपामांथी कया निक्षेपानो नमस्कार उपाध्यायजीश्रीने अभिमत छे, चारे निक्षेपा केवी रीतना परस्पर कथंचित् अभिन्न होई उपकारक थाय छे, वीतरागता, शान्ति आदि अनेक गुणोनो भास करावनारी तेओश्रीनी आकृति केटला निःसीमगुणने उत्पादन करनारी छे विगेरे विचारो विशेष्यपदान्तर्गत विशेषणथी जोइ शकीशुं, आ पार्श्वप्रभुनुं तेज सकल देव देवेन्द्रोना पिंडित करेला तेजथी पण अनन्तगुणुं छे

जे असमसदर्शन तीर्थकृत्प्रभुना तेजना दर्शन माटे प्रभुना तेजःपुञ्जमांथी पिंडित करेलुं अदृश सूर्य तुल्य महातेजयन्त भामंडल प्रभुनी पुठे राखवुं पडे छे. आ अपूर्व तेजः स्वरूपनुं शास्त्रकारोए अन्योना औत्पत्तिक शब्दनी अनुसारे प्रभुना अतिशयोनुं वर्णन आदि अनेक स्थले वर्णन कर्युं छे. शरीर आकृति कोइना पण गुणबोधक विशेषण तरीके अर्थ न करता 'महस्विने' ए पदनो केवल ज्ञानरूप झलहलता दीप्तिमान् सूर्यनो उदय थवाथी ज्ञानरूपी अपूर्व तेजोनिधान पार्श्वप्रभु छे एवो अर्थ करवाथी कोइ प्रकारनी विरोधापत्ति भासमान थशे नहीं ! ! आ अर्थ करवाथी वली एक अद्भूतलाभ ए थयो के बीजो ज्ञानातिशय नामनो अतिशय स्पष्टतया शब्दित् थयो. आ पार्श्वप्रभु शंखेश्वरपुरना मुकुट छे आ वाक्यथी एटलो नैसर्गिक विचार उद्भवशे के श्री पार्श्वप्रभुना च्यवनादि कल्याणकोवडे पवित्र थयेलु शंखेश्वर नगर नथी तेमज निर्वाण कल्याणकवडे पण नथी कारणके च्यवन-जन्मादि कल्याणकोथी पावन थयेली वाराणसी नगरी छे, ज्यारे निर्वाण कल्याणकथी पवित्र श्रीसमेतशिखर महातीर्थ छे, तो श्री पार्श्वनाथ प्रभुना शंखेश्वर-सेरीसक स्तम्भन -गोडी-शामी-पञ्चासरा-जीरावला मुहरी-वरकाणा-करहेटक- फलवृद्धि-नाकोडा--लोद्रवा-अवन्ती-मक्सी विगेरे उपपदो कहेवाय छे ते केवीरीते संभवी शके ?, आ विचारनो उत्तर तो स्पष्टज छे के- ते ते नगरोमां प्रतिष्ठित थयेली प्रतिमाओना औपाधिक ( नगरोना नाम-रूप उपाधियुक्त ) ते ते नामो श्रीपार्श्वप्रभु अने तेमनी प्रतिमा एकरूप होवाथी श्रीपार्श्वनाथना ते ते उपपद सहित नामो बोलवामां तेमज ते ते प्रतिमाओना अधिष्ठानथी पावन थयेली ते ते नगरीओना मुकुटरूप श्रीपार्श्वनाथजी कहेवामां कोइपण बाधकविचार अवकाश पामी शकतो नथी, अर्थात् विश्वविदित श्री-पार्श्वनाथप्रभुनो महिमा आबालगोपाल जगत्प्रसिद्ध छे. आ शंखेश्वरनगरना प्रदेशमां ज्यारे प्रतिवासुदेव जरासंध अने वासुदेव कृष्णनुं अतुलयुद्ध आरम्भ्युं हतुं, घणो काल वीत्या पछी जरासंधे शत्रुसैन्यने अभेद्य जाणी कोइपण रीते जय थवानो संभव नहीं थवाथी छेवटे पूर्वे साधेली असुरी जराना बलथी बलदेव वासुदेव श्रीमन् तीर्थङ्कर नेमिनाथजी ए त्रण विना सर्व शत्रु सैन्यने मूर्छितावस्थाये पहोंचाड्युं. उच्छवासमात्र धारण करतुं बनाव्युं, प्रातःकाले मङ्गल बिरुदावलीपूर्वक जागेला कृष्ण वासुदेवे पोताना सैन्यने तथावस्थ देखीने करमायेला मुखे नेमिकुमारने कह्युं, हे बन्धु ? आ शुं थयुं ! तमारा देखतां मारुं सैन्य मूर्छित जेवुं थाय छे ? स्वामिश्रीनेमिकुमारे अवधिज्ञानना उपयोगथी असुरसुन्दरी जरानी चेष्टा जाणी वासुदेवने जणाववाथी कृष्णे नम्रवचनथी 'हवे शुं करवुं ? ते प्रमाणे नेमिकुमारने पुछ्युं नेमिकुमारे उत्तर आपतां जणाव्युं, हे कृष्ण ? पाताल ( अधोलोक ) मां भुवनपतिनी बीजी नागकुमारनिकायना दक्षिणश्रेणिना अधिपति धरणेन्द्रना भुवनमां अधिकमहिमाशाली भविष्यकालमां थनारा त्रेवीशमा तीर्थङ्कर श्रीमत्पार्श्वनाथजीनी प्रतिमा छे माटे अट्ठम ( ३ उपवास) वडे एकाग्रध्यानथी धरणेन्द्रनी आराधना करी तेमनी पांसे ते प्रतिमानी याचना

करो, तमारी प्रार्थनाथी महिमाशालि पार्श्वप्रभुनुं बिंब ते तमने आपशे, " ते बिंबना चरणकमळना स्नात्र जल सिंचवाथी तमारुं सर्व सैन्य मूर्छा त्याग करी उत्थित थशे. " त्यारे कृष्णवासुदेवे नेमिकुमारने कह्युं, हे बन्धु ! त्रण दिवस सुधी हुं जो ध्यानमां लीन थाउं तो सैन्यनुं कोण रक्षण करशे ? आवा कृष्णनां दयाजनक वचनो सांभळी, नेमिकुमारे हे हरि ! शत्रु संकटमांथी तारी सेनानुं हुं रक्षण करीश. तमे निश्चिन्त थाओ ! ! श्रीनेमिकुमारना अनुग्रहवचनो सांभळी हर्षथी उत्साहित हृदयवाळा कृष्णवासुदेव अप्रमत्तपःपूर्वक पौषधशालामां पौषध अङ्गीकार करी एकाग्रध्याने धरणेन्द्रनी आराधना करवा लाग्या, एवामां अहीं पण प्रभातकाले जेटलामां जरासन्ध हर्षपूर्ण हृदयथी जराथी व्याप्त थयेलुं मूर्छितावस्थ शत्रु सैन्यने जाणी चतुरङ्गसेनाथी परिवरेलो बाणोनो वरसाद वरसावतो यादवोने हणवा तत्पर थयो तेटलामां इन्द्रे मोकलेला श्रीनेमिकुमारना रथना सारथी मातलिए श्रीनेमिकुमारनी आज्ञाथी यादव सैन्यनी फरता चारे दिशामां संवर्तकवायुनी माफक स्वच्छन्दपणे नेमिकुमारना रथने भमाड्यो रथमां बेठेला श्रीनेमिकुमार पण एकदम चोतरफ बाणो छोडवा लाग्या. जरासन्धपक्षना राजाओ आवती बाणपंक्ति जोइ ने युद्धमां जाणे मध्यस्थ साक्षिओ ज होय नहि शुं ? तेम दूर उभा रह्या अहो ! हो ! हो ! आश्चर्यजनक तीर्थङ्कर परमात्मानी सत्यता के जे प्रभु हजु तो गृहस्थावासमां छे, आरंभथी विरक्त नथी, रणसंग्राममां शत्रुनी सामा उभा छे. बाणोनो वरसाद वरसावे छे, छतां पण प्रभुए शत्रुसैन्यना सुभटोमांना कोइना बख्तर, कोइना मुकुट, कोइना ध्वज के कोइना बाण विगेरे निर्जीव पुद्गलोनो मात्र चमत्कार देखाडवानी खातर छेद कर्यो, पण कोइ जीवना प्राणोनो वियोग कराववो ते तो दूर ज रह्यो. परन्तु किञ्चिन्मात्र शत्रुसैन्यमां दुःख कर्युं नहीं. वळी केटलाको कहे छे के तेटलो पण छेद प्रभुए कर्यो नथी. परन्तु विष्णु सैन्यनी चोतरफ रथ भमाडता नेमिप्रभुए मात्र शङ्ख वगाड्यो के जेथी शत्रु सैन्य त्रास पाम्युं, अने विष्णुसैन्यनुं रक्षण थयुं अस्तु ! गमे तेम हो ? पण विष्णुसैन्यनुं रक्षण कोइपण प्रकारे थयुं एवामां ध्यानमां लय पामेला कृष्णनी आगळ त्रीजे दीवसे धरणेन्द्रनी आज्ञाथी प्रभापुञ्ज मध्यमां रहेला धरणप्रिया पद्मावती अनेक देवी परिवारथी परिवरेली प्रकट थया. सुरीगणथी वींटायेला पद्मावतीने जोइ कृष्ण तेमना चरणोनो प्रणाम करी स्तुति करवा पूर्वक कृष्ण वासुदेव नीचे प्रमाणे बोल्या " हे पवित्रनेत्रि ! तमारुं जे मने दर्शन थयुं तेथी मारा आत्माने आजे हुं धन्य कृतार्थ पवित्र थयेलो मानुं छुं, आज मारी सर्व कामनाओ सफल थइ. हे पवित्रनेत्रि ! तमारा जे वैभवने शक्रादिदेवेन्द्रो पण वर्णववा अशक्त छे, ते वैभवने हुं पोतानी जीभे शुं वर्णन करुं ? " इत्यादि कृष्णना अप्रतिम भक्तिवचनथी प्रीति पामेला पद्मावतीदेवी कृष्णने कहे छे हे हरि ! जे कारण माटे तमे मारा स्वामिनाथने संभार्यो ते कार्य दर्शावो के जेथी हुं तमारुं इष्टकार्य शीघ्र पार पाडुं, देवीना वचनो सांभळी कृष्ण बोल्या, हे पवित्र भगवति ? जो आप तुष्टमान हो तो

आपना भवनमां रहेल अद्भुत श्रीपार्श्वप्रभुनुं बिंब मने आपो के जे बिंबना स्नात्रजले करी अशक्त मारुं सैन्य स्वस्थ करुं ! पद्मावती उत्तर आपनां बोल्या. श्रीपार्श्वप्रभुनी प्रतिमा तो अहीं नही आवे. परंतु ते शिवाय ज हुं तमारुं सैन्य स्वस्थ करुं, वळी पण बोल्या जरासन्धने सेनाधिपति सहित बांधी क्षणवारमां तमारी पांसे लावी आपुं विगेरे तमारुं जे जे इष्ट होय ते सर्व संपादन करुं, परन्तु श्रीपार्श्वप्रभुनी प्रतिमा मारा स्थानमांथी लाववाने मने उत्साह थतो नथी. त्यारे वली कृष्ण बोल्या. हे भगवति ! आपे कहेलुं सर्व सत्य छे. आप ते सर्व करवाने समर्थ छो. परन्तु तेम करवाथी अमारामां कांइपण पुरुषकार नथी ते ज जणाय अने मात्र लोकोमां अपवाद ज थाय जे 'देवताए सर्व शत्रुपराजयादि कार्य कर्युं पण यादवोमां कांइपण शक्ति नथी.' माटे जो आप प्रसन्न ज हो तो मने पार्श्वप्रभुनी प्रतिमा आपो के जेथी हुं आपना प्रसादे करी पोते ज संग्राममां शत्रुने पराजय पमाडुं. कृष्णना अत्याग्रह अने भक्तिथी तुष्टमान थयेला देवी पद्मावती श्रीपार्श्वप्रभुनी प्रतिमा लावी आपी स्वस्थाने गया, हवे कृष्णे श्रीपार्श्वप्रभुनी प्रतिमानी विधिपूर्वक स्नात्रादि पूजा करी स्नात्रपाणीथी सिञ्चन करायेलुं समग्र सैन्य निद्राथी प्रबोधनी माफक स्वस्थावस्था पाम्युं. यादव शत्रुसैन्य [illegible] थयुं, कृष्णे प्रतिविष्णु जरासन्धनो चक्रवडे शिरच्छेद कर्यो, जयस्थल मेदिनीना प्रदेशमां वासुदेवे, श्रीपार्श्वप्रभुनी पूजा समृद्धि माटे निजनामथी गुणनिष्पन्ननामवाला शंखेश्वरनगरनी स्थापना करी कारणके कृष्ण शंखना ईश्वर छे, तेमज वळी आ नगरनुं शंखपुर एवुं बीजुं नाम पण छे. कारण के ते भूमिमां कृष्णे शत्रुसैन्यने त्रास उपजाववा शंख पूर्यो हतो, आ नगरमां पद्मावती समर्पित श्रीपार्श्वप्रभुना बिंबने कृष्णे अपूर्व अप्रतिम भक्तिपूर्वक स्थापन कर्युं !!!

" कृष्णोऽथ वामेयजिनस्य मूर्ति–ममेयभक्तिर्यदुभिः प्रणुन्नः ॥
अस्थापयत्तत्र निजां च मूर्तिं, तच्छासने तच्च पुरं चकार ॥१॥

केटलाक एम पण कहे छे के ज्यारे कृष्ण ध्यानमां बेठा हता अने नेमिनाथ प्रभुए सैन्य रक्षण माटे शंख पूर्यो हतो तेने उद्देशीने ज आ नगर कृष्णे वसाव्युं ! जेथी ते नगरनुं शंखपूर ( शंखेश्वर ) नाम प्रसिद्ध थयुं ! अस्तु !

उपरना वृत्तान्तमां आपणने अंतरंग दृष्टिथी वास्तविक विचार करतां अपूर्व बोधजनक सारतत्त्वनी प्राप्ति थाय छे. श्रीमत्तीर्थंकरदेवनी गृहस्थावासमां पण अप्रतिम निरभिमानता के श्रीमान् नेमिप्रभुना चरणकमळना स्नात्रजलथी त्रिभुवननी सर्व प्रकारनी आधिव्याधिओ दूर थइ शके तेम छे, छतां पण पोतानो ते प्रभाव न जणावतां भावितीर्थंकर श्रीमत्पार्श्वप्रभुनी पूज्य प्रतिमानो ते प्रभाव दर्शावे छे वली तीर्थंकर प्रभुनी अलौकिक दया के जे प्रभु भविष्यमां पशुपक्षिओ उपरनी कृपाथी संसारमंगल विवाहनो पण त्याग करशे. तेमज षड्जीवनिकायना अभयदाता थइ भविजीवोने ते मार्गमां उपदेश आपी दोरशे इत्यादि अनुभव करावता ज आपणे होय नहि, तेम अत्यारे पण शत्रुसैन्यमां किंचित् दुःख मात्र उत्पन्न कर्युं नही. श्रीमत् तीर्थंकरदेवो साक्षात्स्व-

मुखे भावेलो देवाराधननो प्रकार, महत्पुरुषोनी अपूर्व दाक्षिण्यता, शलाका पुरुष वासुदेवकृष्णे देवाराधननो करेलो व्यवसाय, शाश्वती नही पण कृत्रिम प्रतिमा उपर सम्यग्दृष्टि देवोनी स्थिति नहि पण भक्तिभारभार, प्रभु प्रतिमानो अनुपम महिमा इत्यादि अनेक सारतत्त्वोनी उपलब्धि थाय छे ! ! हवे आ श्री पार्श्वप्रभुनी प्रतिमा कोणे निर्माण करी ? क्या हेतुथी ? त्यार पछी धरणेन्द्र नागकुमाराधिपति पासे क्यांथी आवी ? विगेरे विगेरे अनेक ऐतिहासिक भारेकाओ अवकाश पामे छे ते संबंधमां गुरुकृपाथी शास्त्रोमां मली आवतो इतिहास तपासतां सर्व शंकास्थानो विलय पामे छे. आ द्रव्यानुयोगनो ग्रन्थ होवाथी तेमज ग्रन्थविस्तारना भयथी आ तेमज बीजा पण प्रसंगानुप्रसंगे प्राप्त थता अनेक विचारो आगल उपरने माटे मुलतवी राखीतेमज बीजा ग्रन्थोमां विस्तृत विचार करेलो होवाथी आ स्थले संकोच करवामां आवे छे

प्रस्तुत मंगलश्लोकमां वर्णवेला 'शंखेश्वरपुरोत्तंस' ए विशेष्य पदान्तर्गत विशेषणपदथी 'उपाध्यायजी श्रीमान्‌ने' स्थापना निक्षेपस्वरूप प्रतिमानो नमस्कार आ मंगलाचरणमां अभिप्रेत छे, तेम सहज अनुभव थइ आवे छे. परन्तु ते स्थापनानिक्षेप पण युक्तिथी, तेमज 'श्रीभगवतीजी' आदिमां वर्णवेल अधिकारोथी तेमज 'ज्ञाताधर्मकथांग' 'रायप्पसेणीय' 'जीवाभिगम' विगेरेमां 'द्रौपदी', सूर्याभदेव, 'विजयदेव' विगेरेए प्रतिमाजी पासे भक्तिपूर्वक उदात्त भावथी उच्चारेल भावजिनना अधिकारमय शक्रस्तव नमुत्थुणं विगेरे स्तोत्रपाठथी, तेमज प्रतिमाजी आगल उखेवेल धूपना प्रसंगमां "धूवं दाऊणं जिणवराणं" इत्यादि पाठोथी भावनिक्षेपनी साथे कथञ्चित् अभिन्नपणे रहेल छे. आर्योक्ति पण छे के 'जिनपडिमा जिन सारीखी.' हवे इतिहासदृष्टिए अवलोकन करतां आ प्रतिमाजीना संबंधमां मळी आवतो इतिहास पूरवार करे छे के, गई चोवीशी मटले के जेवो आ उतरता भाववाळा छ आरा स्वरूप 'अवसर्पिणीकाल' प्रवर्ते छे, अने छठ्ठो आरो पूर्ण थये चढता भाववाळा छ आरा स्वरूप 'उत्सर्पिणीकाल' प्रवर्तशे के जे बन्ने कालोनुं स्वरूप 'काललोकमां' ग्रन्थकार पोतेज विस्तारथी वर्णन करशे. तेवा आ अवसर्पिणीकालना प्रथम आरा पूर्वे थइ गयेल उत्सर्पिणी कालना छ आराओ पैकी त्रीजा चोथा आराओमां मली 'ऋषभादि-महावीर पर्यन्त' चोवीश तीर्थंकरोनी माफक 'केवलज्ञानी प्रभृति संप्रति पर्यन्त' चोवीश तीर्थंकरो थइ गया छे. जे पैकीना त्रीजा आरामां थयेल 'इन्द्रमहाराजे' जन्माभिषेक समये कंठमां पूजन निमित्ते स्थापन करेली दाम (माला) उदर (पेट) उपर शोभी रहेल होवाथी 'दामोदर' शुभ नामथी प्रसिद्ध थयेल आ चोवीशीना सोलमा प्रभु शान्तिनाथ तथा भावि चोवीशीना नवमा 'पोट्टिलप्रभु' तुल्य नवमा तीर्थंकरप्रभुना शासनमां "आषाढि" नामना श्रावके मारुं पोतानुं कल्याण क्यारे ? कोना तीर्थमां ? अने कोना आलंबनथी ? थशे, तेवा प्रश्नो पूछेला, जेना उत्तरमां प्रभुए ते कालनी अपेक्षाए भावी चोवीशीना मटले के वर्तमान चोवीशीना त्रेवीशमा तीर्थंकर 'पार्श्वनाथप्रभुना' समयमां, तेमना

तीर्थमां, अने ते पार्श्वनाथना उपदेशथी तेमनेज हाथे प्रव्रज्या लइ, गणधरपद पामी, तमारुं कल्याण थशे, ते प्रमाणे आपेल उत्तर सांभळी भावि उपकार मनमां लावी अनेक भव्य जीवोना बोधि बीजनुं साधन प्रतिमा भरावी सुविहित आचार्य पांसे प्रतिष्ठा करावी अद्‌भूतमहिमानिधान ते प्रतिमा पूजित थइ हती, कालान्तरे 'श्री ऋषभदेव प्रभुना' विद्यमान कालमां चोवीशीनी शरुआतमां छद्मस्थ अवस्थामां रहेला 'श्रीऋषभदेव प्रभुनी' सेवाथी सन्तुष्ट थयेल श्री धरणेन्द्रे जेओने अडतालीश या अडतालीश हजार विद्याओ वैताढ्य पर्वतनी दक्षिणोत्तर श्रेणिनुं राज्य समर्पण कर्युं हतुं ते 'श्री नमिविनमि' विद्याधरेन्द्रो पांसे ते [ श्री शंखेश्वर पार्श्वप्रभुनुं ] बिम्ब आव्युं, तेओ निरन्तर पूजन करता हता. त्यारबाद सौधर्माधिपति 'शक्र' इन्द्र महाराजे स्वविमानमां ते बिम्बनुं पूजन कर्युं. तेमणे कालान्तरे रैवताचलना 'कांचनबलानक' नामक शिखरपर स्थाप्युं. त्यांथी ते प्रतिमानी 'चंद्र-सूर्य' ज्योतिष्केन्द्रोये स्वविमानमां लइ जइ चिरकाल पूजा करी, त्यारबाद ते प्रतिमा तेमणे पूर्वस्थान रैवतकाचल (गिरिनार गिरि) ना शिखरपर स्थापी. त्यांथी नागेन्द्र धरणकुमारे मेळवी. तेज आ शंखेश्वर पार्श्वनाथप्रभु छे, के जेमनी सेवा विषे 'धरणेन्द्र' सर्वदा समीपमांज रहे छे, तेम छन्नीहजार नागकुमारोना अधिपति जेमनुं पूर्वभवमां 'वर्धमान-आचार्य' नाम हतुं ते नागेन्द्र जे शंखेश्वर पार्श्वनाथना अधिष्ठायक छे. पाटणमां श्री जिनहर्षसूरिए रात्रि भोजनरास बनाव्यो छे, तेना मंगलाचरणमां तेओ श्री चन्द्रप्रभुस्वामिनाथारा (काल)मां आ बिंब भराव्यानुं जणावे छे "श्री शंखेश्वर' पास प्रभु, महिमा त्रिजगवास, ॥ जक्षजागतो जेहनो, पूरे वंछित आस ॥ १ ॥ जूनी मूर्ति जेहनी, तुरत जणावे वेद, ॥ वारे चंद्र प्रभुतणे, बिंब भराव्यो एह ॥ २॥ "श्री प्रद्युम्नसूरि" कृत "समरादित्य संक्षेपमां" '-भूतानन्द" नामक नागकुमार निकायनी उत्तरश्रेणिना अधिपति जेमना अधिष्ठायक वर्णव्या छे ! ! अडतालीश हजार यक्षोना नायक पार्श्वयक्ष जेमना यक्ष छे. ! ! जेमना आराधनथी "सज्जन" मंत्रीये अनेक यंत्र, मंत्र, तंत्र, सिद्धिओ सिद्ध करी हती. ! ! जेमनी उपासना तेमज स्नात्रजलना सिंचनथी "दुर्जन शल्य" नामना "झींझुवाडाना' राजा के जेमने प्रत्यक्ष प्रभाव देखाडनार अधिष्ठायकसहित सूर्यप्रतिमानी उपासना करतां अधिष्ठायकदेवे कह्युं हतुं जे, "तवाङ्गकुष्ठादिरोगास्त्यो मयाऽपनेतुं न शक्यते, ततस्त्वं शंखेश्वरपार्श्वनाथपार्श्वे प्रयाहि, स एव तव सर्वाङ्गीणान्रोगानपनेष्यति" तारा शरीरना कुष्ठादिरोगो दूर करवा माराथी शक्तिमान् थवाय तेम नथी, माटे तुं शंखेश्वर पार्श्वनाथ पांसे जा, तेज 'तारा सर्व शरीरमां व्यापी गयेल समग्र रोगोने दूर करशे.' त्यार बाद ते राजा शंखेश्वर पार्श्वनाथनी आराधनाथी सर्व रोग मुक्त थयो. ! अने तेणे विमानतुल्य नूतन चैत्य (मंदिर) बंधाव्युं, तेमां तेमनी (शंखेश्वर पार्श्वनाथप्रतिमानी) स्थापना करी, ! ! पूर्वोक्त समग्र वर्णन प्राचीन भगवंतोये स्तुतिविषे वर्णव्युं पण छे. "अपूपुजत्त्वां विनमिर्नमिश्च, वैताढ्य-शैले वृषभेशकाले । सौधर्मकल्पे सुरनायकेन, त्वं पूजितो भूरितरं च कालम् ॥१॥ आराधितस्त्वं समयं कियन्तं, चान्द्रे विमाने किल भानवेपि । पद्मावतीदेवतया

च भागा-धिपेन देवावसरेऽर्चितस्त्वम् ॥ २ ॥ यदा जरासन्धप्रयुक्तविद्या-बलेन जातं स्वबलं जरानैम् । तदा मुदा नेमिगिरा मुरारिः, पातालतस्त्वां तपसा निनाय ॥ ३ ॥ तव प्रभो ? स्नात्रजलेन सिक्तं, रोगैर्विमुक्तं कटकं बभूव । संस्थापितं तीर्थमिदं तदानीं, शंखेश्वराख्यं यदुपुंगवेन ॥ ४ ॥ तथा कथंचित्तव चैत्यमत्र, श्रीकृष्णराजो रचयांचकार । स द्वारकास्थोपि यथा भवन्तं, ननाम नित्यं किल सप्रभावम् ॥ ५ ॥ श्रीविक्रमान्मन्मथबाणमेरु-महेशतुल्ये समये व्यतीते । त्वं श्रेष्ठिना सज्जननामकेन, निवेशितः सर्वसमृद्धिदोऽभूः ॥ ६ ॥ हंसूपुरे सूर्यपुरोऽनघान्तं, स्वस्तोऽधिगम्याक्रमनक्ररूपम् । अचीकरद्दुर्जनशल्यभूपो, विमानतुल्यं तव देव ? चैत्यम् ॥ ७ ॥" महा प्रभावशालि श्रीशंखेश्वर पार्श्वप्रभुना नामस्मरण मात्रथी सर्व महाभयोना नाशनी साथे सर्व समृद्धिओनी प्राप्ति थाय छे. बहोळे भागे अनेक प्रभावक आचार्योये आ शंखेश्वर पार्श्वनाथजुंज प्रभुनी शरुआतमां मंगलाचरण करेलुं छे तेम ज जे प्रभुनी भक्ति निमित्ते अनेक अतिशायि स्तोत्रो. स्तवनो, छन्दो विगेरे करेला छे जे अन्यारे घणाज प्रसिद्ध छे. ते प्रभुनो नमस्कार अवश्य सकल विघ्नोनो नाश करवापूर्वक ग्रन्थ समाप्तिनुं परम कारण छे. ! ! !

अटले सुधी परमात्मानी स्वार्थ सम्पत्तिनुं वर्णन कर्युं. हवे तेज प्रभुनी परार्थ संपत्ति श्रीमान् उपाध्यायजी महाराज तायिने ए सुंदर विशेषणे वर्णवे छे. 'तायिने'- रक्षण करनारा, प्रभुनी क्रिया, प्रभुनो उपदेश, प्रभुनुं ध्यान केवळ दयामांज प्रवर्ततुं होवाथी यथार्थ रक्षयिता प्रभुज छे. प्रभु पोतेज अनुपम सुख पाम्या छे तेटलुंज नथी, बीजाओने पण अपूर्व बोध देशना आपी तेज सुखनी सन्मुखताये लावनारा छे. आथी तेमनी परार्थसंपत्ति अने वचनातिशयनो लाभ थाय छे. आ श्लोकमां 'पार्श्वनाथाय' ए विशेष्य पदनो 'नमः' क्रिया साथ अन्वय थइ जवाथी शान्ताकाङ्क्षपणुं होइ पुनः 'तायिने' ए विशेषण पद आपतां "क्रियान्वयेन शान्ताकाङ्क्षस्य विशेष्यवाचकपदस्य विशेषणान्तरान्वयार्थं पुनरनुसन्धानं समाप्तपुनरात्तत्वम्" (काव्यदोषः) ए न्यायथी 'समाप्त पुनरात्तत्व' नामक काव्यदोषापत्तिनी शंका प्रभुमां नमस्कार्यत्व गुणना हेतुरूप तायि विशेषणपदलभ्य मार्गदेशकत्वनी अपेक्षा विचारणा करतां उत्थिताकाङ्क्षपणुं होवाथी कोइपण रीते अवकाश पामी शके तेम नथी. आ मंगल नमस्कार पोताना प्रारब्ध ग्रन्थनी समाप्तिमां आडे आवनार विघ्नोना निवारणार्थे करी शिष्योने शिष्ट आचार समजाववो, प्रमादी शिष्योने ग्रन्थ पठननी शरुआतमां मंगलाचरण करतां भूल न थाय विगेरे अनेक उपकार निमित्ते ग्रन्थघटक करी भव्यश्रोताओ उपर असीम उपकार कर्यो छे ॥ १ ॥

हवे ग्रन्थकार महाराज तेज अभीष्टदेवमां रहेल नमस्कार्यत्वगुणनो हेतु बतावधापूर्वक तेज श्रीशंखेश्वरपार्श्वप्रभुनुं आशीःस्वरूप द्वितीय मङ्गलाचरण करे छे.

॥ द्वितीयमंगलाचरणम् ॥

**पिपर्ति सर्वदा सर्व–कामितानि स्मृतोऽपि यः ॥**

**स कल्पद्रुमजित्पार्श्वो, भूयात्प्राणिप्रियङ्करः ॥ २ ॥**

शब्दार्थ–जे श्रीशंखेश्वर पार्श्वप्रभु स्मरण कराया छतां पण सर्व काले सर्व प्राणिओना सर्व इष्टपदार्थोने पूर्ण करे छे, कल्पवृक्षने पण (स्वमहिमाये करी) जीतनारा ते श्रीपार्श्वनाथप्रभु जन्तुओनुं अभीष्ट करनारा थाओ. (२)

विवेचन—जेनुं आगळ वर्णन करवामां आवशे, ते कल्पवृक्षो दश प्रकारना छे. अने ते दरेक नियत ऐहिकफल अमुक ज क्षेत्रमां अने अमुक ज कालमां तेनी निकट आवेला आराधक अमुक ज जीवोने (मनुष्योने) आपे छे, ज्यारे शंखेश्वर पार्श्वनाथ महाराज स्मरण मात्रमां ज इह परभव संबंधी वांछित एकान्त हितरूप फळ सर्व क्षेत्रमां सर्वकाले तेमज सर्व जीवोने आपनारा छे. जो के श्रीपार्श्वप्रभु कोईनुं प्रियाप्रियकरनार नथी तो पण ते प्रभुनुं स्मरण करवाथी थयेली भक्तजीवनी शुभचित्तवृत्ति अथवा ते पार्श्वप्रभुना शासनना विघ्नविदारक तथा शासनरक्षक नागकुमाराधिपति धरणेन्द्र के जेणे पूर्वभवना पोताप्रत्येना असीम-अमोघ उपकारनुं स्मरण करी कृतज्ञभावथी कमठे करेला श्रीपार्श्वप्रभुना उपसर्गो दूर कर्या हता, ते धरणेन्द्र अथवा पार्श्वयक्ष पण जेमना स्तोत्र, मंत्र, नामोना स्मरणथी सन्तुष्ट चित्तवाळा थई आज पण भक्तजीवोना कष्टोनो नाश करवा साथे वांछित वस्तुओ पूर्ण करे छे. कह्युं पण छे के. "श्रीपार्श्वस्तोत्रमंत्राख्या—स्मरणातुष्टमानसः ॥ अद्यापि शमयन्कष्टमिष्टानि वितरत्यसौ ॥ १ ॥" (२)

सर्वनुं सर्वथा हितकरवापणुं विघ्न विघातकत्व अने सर्व पदार्थ ज्ञानना अभावे थइ शके नही जेथी उपमा सहित निरुपम अवयव वर्णनद्वारा विघ्न विघातकत्व गुण बतावया पूर्वक प्रभुनुं सर्व पदार्थ विषयक ज्ञान निरूपण करता 'स्वरूप संकीर्तन' नामक चरम मंगलभेदरूप श्री शंखेश्वर पार्श्वप्रभुनुं मंगलाचरण करे छे.

॥ तृतीयमंगलाचरणम् ॥

**पार्श्वक्रमनखाः पान्तु दीप्रदीपाङ्कुरत्विषः ॥**

**प्लुष्टप्रत्यूहशलभाः, सर्वभावावभासिनः ॥ ३ ॥**

शब्दार्थ—चळकता दीवानी कळी सरखी कान्तिवाळा, बळी गयां छे. (वा बाळ्यां छे) विघ्नस्वरूप पतंगीआओ जेमां (जेनाथी, वा जेणे), सर्व पदार्थो

अने सर्व पदार्थोनी पर्यायोने प्रकाश करनारा, श्रीपार्श्वप्रभुना चरणना नखो रक्षण करनारा थाओ. (३)

विवेचन—ग्रन्थनी समाप्ति पदार्थ ज्ञानना अभावमां मात्र मंगलाचरण-थीज थई शकती नथी, तेम पदार्थज्ञान होय पण ग्रन्थरचनाना उद्यममां प्रमाद रोग प्रभृति अनेक विघ्नो उपस्थित थया होय तोपण ग्रन्थ समाप्ति थवी दुःशक छे. तेमज रक्षण थवुं बे प्रकारे छे, उपद्रव नाश थवाथी, अने इष्ट वस्तुनो योग मळवाथी. ते तमाम प्रकारोमां सर्वांशे श्रीपार्श्वप्रभु समर्थ होय तेमां तो नवाइज शी ! पण तेमना नख अंगोपांग अवयवरूप नखो पण समर्थ छे, ते आ श्लोकमां श्रीमान् उपाध्यायजी महाराजे सूचन कर्युं छे,

यद्यपि सर्व तीर्थंकर भगवंतो सर्वातिशय संपूर्ण छे. तथापि श्रीपार्श्वनाथ प्रभुनो तो कोइ अलौकिक अनिर्वाच्य महिमा, पुण्य प्राग्भार छे के. सर्व मांगलिक कार्योमां तेमनी स्तुतिने आवश्यक कर्तव्य तरीके गणेली छे. साधुओ विहार करी जे वसतिमां पधार्या होय त्यां, तेमज पाक्षिकचतुर्दशी, चातुर्मासिक, सांवत्सरिक पर्वोना अगाउ दिवसे दैवसिक प्रतिक्रमणमां श्रीपार्श्वप्रभुनुं स्तोत्र (चैत्यवन्दन) स्तवे छे. प्रतिष्ठा विधिमां प्रतिष्ठा, प्रवेश, अष्टोत्तरी, शान्ति-स्नात्रादि मांगलिक महोत्सवोमां पण 'श्रीजीराउली (पल्ली) पार्श्वनाथना' मंगलनामरूप मंत्रस्मरण उपयोग वारंवार करे छे. दुष्ट व्यन्तर देवोये करेला उप-द्रवोनुं महापुरुषोये रचेला श्रीपार्श्वप्रभुना स्तोत्र स्मरणथी निवारण थयेलुं सुप्रसिद्ध छे. मूळसूत्रोमां संबोधेलुं श्रीपार्श्वप्रभुनुं 'पुरिसादाणीये' विशेषण निरुपम पुण्यातिशय सार्थक करे छे. श्रीपार्श्वप्रभुना विघ्नविनाशकत्व गुण विगेरे संबं-धमां अनेक विचारो छे, जे अहीं द्रव्यानुयोगनो ग्रन्थ होवाथी संक्षेपवा पडे छे, पण एटलुं तो निर्विवादज छेके श्रीपार्श्वप्रभुना मंगलथी प्रारब्ध कार्य निर्विघ्न पूर्णता पामे छे. एज कारणे इष्टकार्यना प्रारंभमां अनेक महापुरुषोये श्रीपार्श्व-प्रभुनुं स्मरण करेलुं ठामोठाम देखाय छे. ( ३ )

---

श्री शंखेश्वर पार्श्वप्रभु रूप अभीष्ट देव के जेमनुं त्रिविध मंगलाचरण उप-रना त्रण श्लोकमां वर्णववामां आव्युं ! ! हवे जेना उपकारथी ग्रन्थरचनानुकूल पदार्थबोध थयो छे, ते श्री तीर्थंकर प्रभुनी वाणी (आगम)नुं 'तुलादण्डमध्यग्रहण' न्याये त्रिविध मंगलो पैकी आशीःस्वरूप मध्य मंगल वर्णवे छे.

---

जयन्ति व्यक्तिताशेष–वस्तवोऽन्तस्तमोद्रुहः ॥
गिरः सुधाकिरस्तीर्थ–कृतामद्भुतदीपिकाः ॥ ४ ॥

शब्दार्थ—प्रगट करायेल (प्रकाशित) छे सर्व पदार्थो जेनाथी, अने अ-

न्तरङ्ग अन्धकार [मोह–अज्ञान]नो द्रोह (नाश) करनारी, अमृत झरनारी, अद्भुत ( अलौकीक ) दीवीओ सरखी श्री तीर्थंकर भगवंतनी वाणी जयवन्ती वर्ते छे. ( सर्वोत्कर्षभावे वर्ते छे. ) (४)

विवेचन—दीवानी कळी अमुक (नियत) क्षेत्रमांज पोतानी प्रभाने ते क्षेत्रना पण स्थूल ( सूक्ष्म नहीं ), अने अमुकज ( सर्व नहिं ) ते पण सर्वांशे नही पण अमुक भागे, अमुक पर्यायोपेत पदार्थो प्रकाश करे छे, ज्यारे श्रीमत्तीर्थंकरदेवे प्ररूपेली वाणी स्ववाच्यपणे लोकालोकनो विषय करी लोकालोक सर्वक्षेत्रवर्ती बादर-सूक्ष्म सव पर्यायोपेत सर्व पदार्थोने सर्व स्वरूपे प्रकाशित करे छे. वळी दीवी ज्यारे पोतानी नीचे अन्धकार राखती काजळ झरती छती मात्र बाह्य अव्यवहित द्रव्य अन्धकारनो नाश करे छे, त्यारे प्रभुनी वाणी सर्वत्र प्रकाश करती अभ्यन्तर भावान्धकारनो पण नाश करे छे. ज्यारे दीवी अग्नि वर्षावनारी छे, त्यारे प्रभुनी वाणी क्रोध दवानलथी तपेला जीवोने पण परम शान्ति आपनारी होवाथी अमृत झरनारी छे, वळी अमृतनुं रूपक प्रभुवाणीने आपवाथी अमृततृप्त आत्माओने रज्जु आदि बन्धन, क्षुधा, पिपासा, चक्करीः (भ्रमि), घाम, कोढ, शूल, जीर्णता, ज्वरदाह, चक्षुमां काच पडो, इत्यादि वेदनाओ जेम पीडा आपी शकती नथी तेम प्रभुवाणीतृप्त आत्माओने पण दृढकर्मसन्तान दोरडाओनुं बन्धन, विषयोमन्ये असन्तोष रूप क्षुधा, विषयाभिलाष तृषा, संततपणे भवचक्रभ्रमण, कषायघामनी गरमी, मिथ्यात्व महाकोढ, अन्यप्रत्ये इर्ष्यारूप शूल, दीर्घ संसारमां अवस्थानथी जीर्णता, रागमहाज्वरनो दाह, कामरूप काचपडलथी अन्धता विगेरे वेदनाओ उपद्रव करी शकती नथी जेथी अद्भुत ( आश्चर्यकारी अलौकिक ) दीवीओ सरखी प्रभुनी वाणी छे. अने ते वाणी सर्व दर्शनकारोनी वाणीओमां पूर्वापर अविरोध, अर्थगांभीर्य प्रभृति अनेक गुण गण विभूषित होइने सर्वोत्कर्षभावे वर्ते छे ! ! (४)

---

पंचेन्द्रियत्वमां श्रवणलब्धि प्राप्त थया छतां पण परमात्मवाणीनुं श्रवण अनन्त पुण्यराशिये पण आत्माने दुर्लभ छे, ज्यां श्रवणनी आटली दुर्लभता छे त्यां तेनी प्राप्तिमां तो अनेक विघ्नो ( अन्तरायो ) आवी पडे छे, ते विघ्नोने दूर करवामां अने चित्तसमाधिमां परमनिमित्त अभिमत देवस्वरूप श्रुताधिष्ठायिका श्रुतदेवीनी स्तवना करवी कृतज्ञ जीवोने आवश्यकज छे, तेम विचार करी श्रीमान् उपाध्यायजी महाराज प्रतिपादन करे छे.

---

**कृपाकटाक्षनिक्षेप–निपुणीकृतसेवका ॥**
**भक्तव्यक्तसवित्री सा जयति श्रुतदेवता ॥ ५ ॥**

शब्दार्थ—कृपारूप कटाक्षो ( सप्रेम चक्षु चेष्टा विशेषो ) फेंकवाथी निपुण बनाव्या छे सेवको जेणीये ते भक्तजीवोनी प्रकटमाता श्रुतदेवता जयवन्ती वर्ते छे. भक्तजीवोने निपुण बनाववामां सर्वोत्कर्ष भावे वर्ते छे. ( ५ )

विवेचन—अहिं श्रुत देवी ते श्रुताधिष्ठायिका देवी समजवी परन्तु उपरना श्लोकमां वाणीनी स्तुतिमां वर्णवेल होवाथी तेमज प्राचीन महापुरुषोना वचनथी श्रुतरूप देवी अहीं जाणवी नहीं. श्रुतदेवीनी आराधनाथी अनेक महापुरुषोनां दृष्टान्तो कथित्व, कवित्व शक्ति मेळववाना संबंधमां सुप्रसिद्ध छे. । ( ५ )

---

उपर बताव्या प्रमाणे अभीष्ट—अभिमत देवोना नमस्कार—आशीः—वस्तुसंकीर्तन—स्तुति आदि प्रकारवाळां मंगलो प्रतिपादन करी हवे पोताना परमोपकारक विद्या, बोध, सुचरित प्रभृतिगुणोना परमहेतु अधिकृतदेव स्वरूप गुरुनी स्तवना रूप मंगल करतां युगप्रधान तुल्य शासनप्रभावक स्वदेशना प्रभावे अकब्बरनृप जेवा सम्राट्ने प्रतिबोध आपी दयाडिंडिम वगडाववा पूर्वक तीर्थसाम्राज्यने उन्नतिमां लावनार श्रीहीरविजयसूरीश्वरजी महाराजनुं स्तुत्यात्मक मंगल करे छे. ।

जीयाज्जगद्गुरुर्विश्व–जीवातुवचनामृतः ॥
श्रीहीरविजयः सूरि–र्मदीयस्य गुरोर्गुरुः ॥ ६ ॥

शब्दार्थ—जगतमां (सर्वने) जीवनौषधरूप छे वचनामृत जेओनुं ते मारा गुरुना गुरु (दादा गुरु) जगत्‌ना गुरु ( जगद्गुरु बिरुदधारक ) श्रीहीरविजयसूरीश्वरजीमहाराज जयवन्ता वर्तो. (६)

विवेचन—श्रीमान् 'विजयदानसूरीश्वरजी' महाराजना पट्टप्रभावक श्रीमान् हीरविजयसूरिजी चरमतीर्थंकर प्रभु 'श्रीमहावीर' शासनवर्ति जे श्रमण गण प्रथमपट्टाधिपति पञ्चम गणधर 'श्री सुधर्मा' स्वामिथी 'निर्ग्रन्थ' नामे प्रसिद्धि पाम्यो हतो, तेज श्रीश्रमण संघ, अनुक्रमे श्रीवीरप्रभुना निर्वाणथी त्रण सैका-बाद नवमी पाटे थयेल सूरिमन्त्रनो कोटिशः जाप करनार 'श्री सुस्थितसूरि' अने श्री-सुप्रतिबद्धसूरि' आचार्योथी 'कौटिक' वीरनिर्वाणथी छट्ठा सैकामां पंदरमा पट्टाधिपति 'श्रीचन्द्रसूरिथी' 'चन्द्र' तथा तेज श्रीचन्द्रसूरिजी शिष्य सोळमापट्टप्रभु श्री 'समन्तभद्र' सूरिथी 'वनवास' वीरनिर्वाणथी १४६४ वटले विक्रमथी ९९४ वर्षे पांत्रीसमापट्टपति 'श्रीसर्वदेव' सूरिथी 'वड (वट)' अने श्री वीरनिर्वाणथी १७५५ वटले विक्रमथी १२८५ वर्षे चुंवालीशमा पट्टनायक जेओश्रीने 'मेदपाट' महीपति महाराणा 'श्रीजैत्रसिंहजी' ए अनेकशः दिगंबरादि वादिओने वादमां हीरानी माफक अभेद्य रहेवाथी 'हीरला' एवुं बिरुद समर्प्युं हतुं. अने युग प्रधान तुल्य तेज श्रीमान् 'जगच्चन्द्रसूरिए' अभिग्रह पूर्वक यावज्जीव आचाम्लादि तीव्र

तपस्याओ करी हती जेथी भक्तिभरहृदये सन्तुष्टवदनथी तपानामे बोलाववाथी 'तपा' नामे प्रख्यातिपाम्यो. कह्युं छे के—"निर्ग्रन्थः' १ श्रीसुधर्माभिधगणधरतः "कोटिकः" २ सुस्थितार्यात् "चन्द्रः" ३ श्रीचन्द्रसूरेस्तदनु च "वनवासी"ति ४ सामन्तभद्रात् ॥ सूरेः श्रीसर्वदेवाद् "वट" गण ५ इति यः श्री जगच्चन्द्रसूरे— र्विश्वे ख्यात "स्तपाख्यो" ६ जगति विजयतामेष गच्छो गरीयान् ॥१॥ तेज तपागच्छमां अठ्ठावनमा पट्टधर श्रीमान् 'हीरविजयसूरीश्वरजी' थया, जेमना अप्रतिमगुण सौरभ्यनी वासनामां लुब्ध बनेला अकब्बर भूपाले भक्तिगौरवथी आमन्त्रणकरी उपदेशामृतनुं पानकरी प्रतिवर्षे छमास जेटला दिवसोमां अमारि उद्घोषणाना परवाना करी आपवा साथे "जगद्गुरुनुं बिरुद्र अर्प्युं हतुं. तेमज श्वेताम्बर प्राचीन जैन तीर्थो "श्रीसिद्धगिरिजी–संमेतशिखर–गिरनार–तारंगा–अर्बुद-गिरि (आबु)–राजगृहना पंचपहाड केशरीयाजी" आदितीर्थोना जन्मसिद्ध(कायमी) हकोना पण परवाना करी आप्या हता जे अन्य ग्रन्थो तेमज न्यायालयोमां घणाज सुप्रसिद्ध छे. श्रीमान् हीरविजयसूरिजी एक महान् प्रतापी, प्रभावक अने प्रतिभा-शालि आचार्य थया, ए तो निर्विवाद छे जे संबंधमां अन्य ऐतिहासिक ग्रन्थो पण साक्षीनी आपी रह्या छे. ! ! ! (६)

उपरना श्लोकमां पोताना पितामहगुरु ( दादा गुरु, गुरुना गुरु ) श्रीहीर-विजयसूरि महाराजश्रीनुं स्तुत्यात्मक मंगल कर्युं. हवे पोताना गुरु के जेमने आ-धीन तमाम शास्त्रारंभो रहेला छे. 'गुर्वायत्ता यस्मा—च्छास्त्रारंभा भवन्ति सर्वेऽपि.' पोताना सर्वधार्मिक जीवनना परमआधार, महोपाध्याय 'श्रीकीर्तिविजयजी' रूप अधिकृत देवतानुं मंगलज जाणे ध्वनित करता होय नही तेम आलंकारिक भाषाथी अपूर्वभंगना रूपकमां स्तवना करे छे.

---

**श्रीकीर्तिविजयान्सूते, श्रीकीर्तिविजयाभिधः ।**
**शतकृत्वोऽनुभूतोऽयं, मन्त्रः स्तादिष्टसिद्धिदः ॥ ७ ॥**

शब्दार्थः—जे 'श्रीकीर्तिविजय' नामनो मंत्र ज्ञानादिलक्ष्मी अथवा शोभा, कीर्ति (गुणप्रसिद्धि) अने विजयने जन्म आपे छे. सेंकडो वखत ( आरा-धीने) अनुभवेलो आ मन्त्र इष्टसिद्धि आपनारो थाओ. । ७ ॥

विवेचन—आ श्लोकथी पोताना गुरुवर्य प्रत्येनी अप्रतिमभक्ति साबीत करी बतावे छे. महापुरुषो आ युगमां गुरुमहाराजने साक्षात् देवरूप वर्णवे छे. ज्यारे जगत्प्रकाश सूर्य 'भानु' शब्दथी बोलाय छे. त्यारे रात्रिना अन्ध-

---

१ गुणश्रेणिमणिसिंधोः, श्रीहीरविजयप्रभोः । जगद्गुरुरिदं तेन, बिरुदं प्र-ददे तदा ॥ १ ॥ ( हीरसौभाग्यकाव्य. )

कारनो नाश करनार अग्नि ' बृहद्भानु ' कहेवाय छे. " गुरुगौरवाढ्यां गुरु-प्रक्रियात: । कलौ हैमवतोऽपीति सम्यग्मसिमं । लमित्सातमित्रापहारी कृशानु-र्बृहद्भानुरित्युच्यते किं न लोके ॥ ६ ॥ "

आटले सुधी आ महान् ग्रन्थना प्रारंभमां अभीष्ट, अभिमत, अधिकृत देव-त्रिकना सर्व प्रकारे मंगलो करी आमधेय, अधिकारी, प्रयोजन सम्बन्ध प्रतिपादनादि निरूपण करे छे.

**अस्ति लोकस्वरूपं य-द्विप्रकीर्णं श्रुताम्बुधौ ॥ परोपकारिभिः पूर्व-पंडितैः पिंड्यते स्म तत् ॥ ८ ॥ ततः संक्षिप्य निक्षिप्त-माम्नायैः करणादिभिः ॥ संग्रहण्यादिसूत्रेषु । भूयिष्ठार्थं मिताक्षरं ॥ ९ ॥ साम्प्रतं च क्रमात्प्रायः । प्राणिनो मंदमेधसः ॥ असुबोधमतस्तेस्तत् । काव्यमिव बालकैः ॥ १० ॥ ततस्तदुपकृत्यैत-न्मया किंचिद्वितन्यते ॥ करणोक्त्यादिकाठिन्य-मपाकृत्य यथामति ॥ ११ ॥**

अर्थ—श्रुतरूपी समुद्रमां लोकनुं स्वरूप जे छुटुं छुटुं विखरायलुं छे तेने परोपकारी एवा ( श्री आर्यश्यामाचार्यादि ) पूर्वना पंडितोए ( जीवाभिगम–प्रज्ञापना–जंबूद्वीपप्रज्ञप्त्यादि उपांगोमां ) एकठुं करेलुं छे, ॥ ८ ॥ अने तेमांथी पण संक्षेपीने (श्रीजिनभद्रगणि क्षमाश्रमणादि पूज्य भगवंतोए) करणादि ( गणितप्रक्रियादि ) आम्नाय ( संप्रदाय ) वडे संग्रहणि ( क्षेत्रसमास ) विगेरे सूत्रोमां थोडा अक्षरोमां घणो अर्थ समाय तेवी रीते ते लोकनुं स्वरूप स्थापेलुं छे. ॥९॥ परन्तु वर्त्तमानकाळमां जीवो प्रायः (घणुं करीने) अनुक्रमे मन्दबुद्धिवाळा थता जाय छे, ए हेतुथी ते ( गणितनी कठिनतावाळुं ) लोकनुं स्वरूप बाळकोने काव्यनी माफक सुखे समजाय तेम नथी ॥ १० ॥ तेथी तेओनापर उपकार करवाने माटे हुं आ लोकनुं स्वरूप गणितप्रक्रियादि कठिनता दूर करीने मारी मतिने अनुसारे

१ जेनापरथी अनेक भांगापूर्वक घणो अर्थ उपजावी शकाय तेवी मूळ रीति ते करण कहेवाय जेमके 'संग्रहणीसूत्रमां' नारकनां देवमां प्रति प्रतरे भिन्न भिन्न आयुष्य शरीर प्रमाण विमान संख्या विगेरे कहेवाने 'पईखिइ-ठिंइविसेसो ' इत्यादि ' सोहम्मुक्कोसठिइ. नियपयरविहत्त ' इत्यादि मूळ रीतिवाळी गाथाओ आपेली छे. ते परथी आयुष्यादि जुदा जुदा काढी शकाय छे माटे तेवी संक्षिप्त मूळ रीतिवाळी गाथाओ ते करणोक्ति–करणगाथा कहेवाय, तथा क्षेत्रसमासादिमां परिधि गणितपद जीवा–बाहा–धनुःपृष्ठादि लाववा माटे बतावेल ' विक्खंभवग्ग दहगुण, करणी वट्टस्स परिरओ होइ' विगेरे ते पण करणोक्ति गाथाओ कहेवाय.

कंइक विस्तारथी कहुंछुं ॥ ११ ॥
हवे ग्रंथकार पोतानी लघुता दर्शावे छे. आ ग्रंथ बनाववामां मारी शक्ति विचार.

**अयि प्रसन्नास्ते सन्तु । सन्तः सर्वोपकारिणः ॥ मयि प्रवृत्ते पुण्यार्थ–मविमृश्य स्वशक्यताम् ॥ १२ ॥ शिशुक्रीडागृहप्राया । ममेयं वचसां कला ॥ निवेशनीयास्तत्रामी । कथमर्था द्विपोपमाः ॥ १३ ॥ श्रीगुरूणां प्रसन्नाना–मचिन्त्यो महिमाथवा ॥ तेजःप्रभावादादर्शे । किं न मान्ति धराधराः ॥ १४ ॥ सङ्क्षिप्ताः सङ्ग्रहाः प्राच्या यथा ते सुपठा सुखे ॥ तथा सविस्तरत्वेन । सुबोधो भवतादयम् ॥ १५ ॥ लोकप्रकाशनामानं । ग्रन्थमेनं विचक्षणाः ॥ आद्रियध्वं जिनप्रोक्त–विश्वरूपनिरूपकम् ॥ १६ ॥ प्राप्यानुशासनमिदं समुपक्रमेऽह–मैदंयुगीनविहरद्गुरुगौतमस्य ॥ श्रीमत्तपागणपतेर्विजयादिदेव–सूरीशितुर्विजयसिंहमुनीशितुश्च ॥ १७ ॥ ( इति ग्रन्थप्रस्तावना. )**

अर्थ–आ ग्रंथ बनाववामां पोतानी शक्यता [ माराथी आ कार्य बनशे के केम ? ते शक्ति] विचार्या विना मात्र पुण्यने अर्थेज प्रवर्तेला मारा उपर सर्वने उपकारी एवा ते सज्जन पुरुषो ! प्रसन्न थाओ ! ! ॥ १२ ॥ वळी मारी आ वचनोनी कळा ते बाळकना [1]क्रीडागृह सरखी छे, अने तेवा वचनोरूपी क्रीडागृहमां मोटा हाथीओ सरखा आ अर्थ केवी रीते पेसाडी शकाय ? ॥ १३ ॥ अथवा प्रसन्न थयेला एवा श्रीगुरुमहाराजनो महिमाज कोइ अचिंत्य प्रभाववाळो छे, जेथी एवा मोटा अर्थरूप हाथीओ पण मारा वचनरूपी लघुगृहमां उतरी शके ! प्रवेश करी शके छे, (आ बाबतमां प्रत्यक्ष दृष्टान्त छे के ) तेजना प्रभावथी न्हाना सरखा आरिसामां मोटा पर्वतो पण शुं समाता (प्रवेश थता) नथी ? ॥ १४ ॥ जेम पूर्वे करायला ते अर्थना संक्षिप्त संग्रहो ( टूंकां सूत्रो ) सुखे करीने कंठाग्र थइ शकतां हतां, तेम विस्तारपणावडे आ ग्रंथ सुखपूर्वक समजाइ शके तेवो थाओ. ! ! ॥ १५ ॥ हे विचक्षण सज्जनो ! श्रीजिनेश्वरे कहेल सर्व जगत् पदार्थने निरूपण करनार आ "लोकप्रकाश" नामना ग्रंथनो आदर करो. ! ! ॥ १६ ॥ आ युगमां (वर्तमानकाळमां) विचरता मुनिगणमां गौतम गुरु सरखा श्रीतपागच्छना अधिपति "श्रीविजयदेवसूरि" अने " श्री विजयसिंहसूरीश्वरनी " आज्ञा पामीने हुं आ ग्रन्थ-

[1] वर्षाकालमां धूळमां रमता बालको जे धूळना घरो बनावे छे ते.

(कार्य) नो प्रारंभ करूंछुं. ॥ १७ ॥

## ॥ त्रण प्रकारना अंगुलनुं स्वरूप. ॥

अवतरण—आ ग्रन्थमां आगळ वर्णववाता जीवाजीवद्रव्योना क्षेत्रना, काळना तथा भावना स्वरूपमां अंगुलादिना प्रमाणनी विशेष आवश्यकता होवाथी तेओनुं स्वरूप प्रथम कहेवुं जोइये? अने तेमां पण अंगुलना मापनी प्रथमज आवश्यकता छे कारण—अंगुल प्रमाणनो निर्णय कर्या शिवाय योजन रज्जु आदि प्रमाण थइ शके नही. तेमज पल्योपम तथा सागरोपमनुं स्वरूप प्यालानी तथा तेमां भरेला वाळोनी कल्पनाथीज थाय छे, अने ते प्यालो अमुक प्रमाण उंडो पहोळो लांबो परिधिवाळो विगेरे मापसहित होय छे, ते मापवामां पण प्रथम अंगुलनी जरुर छे वळी उत्कृष्ट संख्यातुं असंख्यातुं विगेरे गणित पण आगळ बतावाती अनवस्थितादि प्यालानी कल्पनाथीज बतावेलुं छे, तो ते प्यालाओनुं माप पण अंगुलादिथी करेला प्रमाणवडेज थाय छे, माटे तेमां पण अंगुल स्वरूपनो प्रथम उपयोग छे. माटे ते अंगुल भेदो बतावे छे.

मानैरङ्गुलयोजन-रज्जूनां सागरस्य पल्यस्य ॥ सङ्ख्यासङ्ख्यानन्तै—रुपयोगोऽत्रेह प्रभूयान् ॥ १८ ॥ (आर्या) ततः प्रथमतस्तेषां । स्वरूपं किञ्चिदुच्यते ॥ तत्राप्यादावङ्गुलानाम् । मानं वक्ष्ये त्रिधा च तत् ॥ १९ ॥ औत्सेधाख्यं प्रमाणाख्य—मात्माख्यं चेति तत्र च ॥ उत्सेधात्क्रमतो वृद्धे—र्जातमौत्सेधमङ्गुलम् ॥ २० ॥

अर्थ—आ ग्रंथमां अंगुल–योजन–रज्जुना–सागरोपम–अने पल्योपमना प्रमाण तथा संख्याता–असंख्याता–अनंता(ना प्रमाण) वडे घणोज उपयोग छे ॥१८॥ माटे सौथी पहेलुं ते अंगुलादिकनुं कंइक स्वरूप कहेवाय छे, तेमां पण प्रथम अंगुलनुं प्रमाण कहीश. ते अंगुल त्रण प्रकारनुं छे ॥१९॥ औत्सेधांगुल—आत्मांगुल अने

१ आ योजनादिना परिमाणनुं कोष्टक आगळ विस्तारथी ग्रन्थकार बतावे छे पण तेथी लौकिक परिभाषामां कोइ कोइ स्थळे भिन्नता देखाती होय जेम वैजयन्ती कोशमां चार हाथनुं धनुष्य, १००० धनु १ कोश, २ कोश १ गव्यूत, ४ गव्यूत १ योजन, ए कोशलादि देशोनी परिभाषा छे अने मगधादिमां २ गव्यूत १ योजन ए प्रमाणे छे, कौटिलीय अर्थ शास्त्रमां १ हजार धनुषनो १ गाउनुं १ योजन विगेरे, पण तेथी जैन सिद्धान्तोनी परिभाषा अमुक देशीय छे तेम कही शकाय नहि, कारण सिद्धांत परिभाषा नियत एक स्वरूपज रहे छे ज्यारे भिन्नभिन्न देशीय परिभाषा काळभेदे परिवर्तन पण पामे छे

प्रमाणांगुल. तेमां उत्सेधथी एटले (परमाणुथी मांडीने) अनुक्रमे वृद्धि पामवाथी थयेलुं जे अंगुल ते प्रथम औत्सेधांगुल ॥ २० ॥ (हवे अनुक्रमे वृद्धि बतावे छे)

तथाहि–द्विविधः परमाणुः स्यात् । सूक्ष्मश्च व्यावहारिकः ॥ अनन्तैरणुभिः सूक्ष्मै–रेकोऽणुर्व्यावहारिकः ॥ २१ ॥ सोऽपि तीव्रेण शस्त्रेण । द्विधा कर्तुं न शक्यते ॥ एनं सर्वप्रमाणाना–मादिमाहुर्मुनीश्वराः ॥२२॥ व्यवहारनयेनैव । परमाणुरयं भवेत् ॥ स्कन्धोऽनन्ताणुको जात–सूक्ष्मत्वो निश्चयात्पुनः ॥२३॥ अनन्तव्यवहाराणु–निष्पन्नोत्श्लक्ष्णश्लक्ष्णिका । निष्पद्यते पुनःश्लक्ष्ण-श्लक्ष्णिका ताभिरष्टभिः ॥२४॥

॥अयं भगवत्याद्यभिप्रायो, (सा० १) जीवसमाससूत्रे (सा० २) च परमाणू य अणंता, सहिया उसण्हसण्हिया एक्का ॥ साणंतगुणा सन्ही । समण्हिया सोणु ववहारी ॥ ( परमाणवश्चानन्ताः, सहिता उत्श्लक्ष्णश्लक्ष्णिकैका । साऽनन्तगुणा सन्ही, श्लक्ष्णश्लक्ष्णिका सोऽणुर्व्यावहारिकः ॥ १ ॥ )–आगमे चेयं पूर्वस्याः सकाशादनेकस्थानेष्वष्टगुणैव निर्णीता, अनेन त्वनंतगुणा कुतोऽपि लिखितेति केवलिन एव वेत्तार इति तद्वृत्तौ ( सा० ३ ) ॥ ताभिरष्टाभिरेकः स्या–दूर्ध्वरेणुर्जिनोदितः ॥ अष्टोर्ध्वरेणुनिष्पन्न-त्रसरेणुरुदीरितः ॥ २५ ॥ त्रसरेणुभिरष्टाभि–रेकः स्याद्रथरेणुकः ॥ अष्टभिस्तैर्भवेदेकं । केशाग्रं कुरुयुग्मिनाम् ॥ २६ ॥ ततोष्टघ्नं हरिवर्ष–रम्यकक्षेत्रभूस्पृशाम् ॥ ततोष्टघ्नं हैमवत—हैरण्यवतयुग्मिनाम् ॥ २७ ॥ तस्मादष्टगुणस्थूलम् । वालस्याग्रमुदीरितम् ॥ पूर्वापरविदेहेषु । नृणां क्षेत्रानुभावतः ॥ २८॥ स्थूलमष्टगुणं चास्मा–द्भरतैरवताङ्गिनाम् ॥ अष्टभिस्तैश्च वालाग्रै–र्लिक्षामानं भवेदिह ॥ २९ ॥

* ॥ अयं तावत्संग्रहणीबृहद्वृत्ति ( सा० ४ ) प्रवचनसारोद्धारवृत्त्याद्यभिप्रायः, ( सा० ५ ) जंबूद्वीपप्रज्ञप्तिसूत्रवृत्त्यादिषु ( सा ६–७) तु अष्टभिः पूर्वापरविदेहनरकेशाग्रैरेव लिक्षामानमुक्तमिति ज्ञेयम् ॥ *

लिक्षाष्टकमिता यूका । भवेद्यूकाभिरष्टभिः ॥ यवमध्यं ततोऽष्टाभि–स्तैः स्यादौत्सेधमङ्गुलम् ॥ ३० ॥ ( इत्यौत्सेधाङ्गुलस्वरूपम् )

अर्थ–(प्रथम औत्सेधांगुल स्वरूप ) ते आ प्रमाणे–सूक्ष्म अने व्यावहारिक

१ अंगुल–वेंत हाथ–धनुष्य–कोश–योजन इत्यादि प्रमाणोमां.

२ एक आकाश प्रदेश जेटला प्रमाणवाळो, जेना बे विभागो केवलि

ए प्रमाणे परमाणु बे प्रकारनो छे, त्यां अनंत सूक्ष्मपरमाणुओ मळीने एक 'व्यावहारिक परमाणु' थाय. ॥ ३१ ॥ ए व्यावहारिक परमाणु पण अति तीक्ष्ण शस्त्रवडे बे भाग करी शकाय नहिं, ए हेतुथी महर्षिओ एने सर्व प्रमाणोमां आदि कारण माने छे. ॥ ३२ ॥ वळी ए परमाणु व्यवहारनयेज परमाणु कहेवाय अने निश्चयनयथी तो थयेल छे सूक्ष्मपणुं जेने एवो अनंतपरमाणुनो बनेलो सूक्ष्मस्कंध कहेवाय छे. ॥ ३३ ॥ एवा अनंत व्यावहारिक परमाणु मळीने एक [1] 'उत्श्लक्ष्णश्लक्ष्णिका' थाय' पुनः तेवी आठ उत्श्लक्ष्णश्लक्ष्णिका मळीने एक [2] श्लक्ष्णश्लक्ष्णिका' थाय. ए श्री "भगवत्यादि" सूत्रनो अभिप्राय कह्यो. अने

श्री "जीवसमास" सूत्रमां तो—" अनंत परमाणु मळीने एक उत्श्लक्ष्णश्लक्ष्णिका, अने अनंत उत्श्लक्ष्ण उत्श्लक्ष्णिका मळीने एक श्लक्ष्णश्लक्ष्णिका थाय, ए श्लक्ष्णश्लक्ष्णिका तेज व्यावहारिक परमाणु कहेवाय."

(पुनः जीवसमासनी वृत्तिकार कहे छे के) " सिद्धान्तमां अनेक स्थाने आ श्लक्ष्णश्लक्ष्णिकाने उत्श्लक्ष्णश्लक्ष्णिकाथी आठ गुणीज कहेली छे. छतां आ जीवसमास कर्त्ताए अनंतगुणी कोइ स्थानेथी पण लखी ? ते केवलिज जाणे " एम [3] जीवसमासनी वृत्तिमां कह्युं छे.

तेवी आठ श्लक्ष्णश्लक्ष्णिका मळीने एक [4] 'ऊर्ध्वरेणु' जिनेश्वरे कहेलो छे, अने आठ ऊर्ध्वरेणुए [5] १ 'त्रसरेणु' कहेलो छे. ॥ ३५ ॥ पुनः आठ त्रसरेणु मळीने [6] १ 'रथरेणु' थाय, अने आठ रथरेणु मळीने देवकुरु अथवा उत्तरकुरुना

बुद्धिथी पण करी शकाय नहीं, अप्रदेशी छे. एक वर्ण गन्ध रस अने बे स्पर्शवाळो छे, सवथी सूक्ष्म, अने सर्व स्कन्धोनुं मूळ कारण तेज निश्चयनयथी परमाणु मानेलो छे तेवा अनन्त परमाणुओ एकठा थाय त्यारे व्यवहार माटे कल्पेलो परमाणु कहेवाय जोके तेना पण तीक्ष्णशस्त्रादिथी छेद भेदादि थता नथी तोपण बुद्धिथी तेना अनन्ता भागो पाडी शकाय ! अनन्त प्रदेशी छे, तेमां रहेला वर्ण गन्ध रस स्पर्शादिना अनेक भगो पाडी शकाय छे. (तात्पर्य)

१–२ श्लक्ष्ण=एटले सूक्ष्म अने श्लक्ष्णिका=एटले अति सूक्ष्म अर्थात् सूक्ष्ममां सूक्ष्म अने उत् उपसर्ग अतिशय वाची होवाथी उत्श्लक्ष्णश्लक्ष्णिका कहेवाय. ते श्लक्ष्णश्लक्ष्णिकाथी अति ( आठमे भागे ) सूक्ष्म होय छे.

३ अहिं वृत्ति कर्त्ताए अनंतगुणपणानो एकज तफावत दर्शाव्यो छे. परन्तु वास्तविक रीते बे तफावत पडे छे. तेमां प्रथम तफावत श्लक्ष्णश्लक्ष्णिकाने ( उत्श्लक्ष्णश्लक्ष्णिकाथी ) अनंतगुणी कही ते, अने बीजो तफावत श्लक्ष्णश्लक्ष्णिकाने व्यवहार परमाणु मान्यो ते.

४ स्वतः वा परप्रयोग ( वायुयोगे ) ऊर्ध्व अधोने तिर्यग् गति करनारो रेणु ( रज )—(श्री अनुयोगद्वार. )

५ पर प्रयोगे ( वायुयोगे ) गति करनारो रेणु—( श्री अनुयोगद्वार. )

६ रथ चालवाथी उडती धूळनो रजकण -( श्री अनुयोगद्वार. )

युगलीयाओनो एक वालाग्र थाय ॥ २६ ॥ ते (कुरुक्षेत्रना युगलीआना वाला-ग्रथी) आठ गुणो हरिवर्ष अने रम्यक्क्षेत्रना मनुष्यो ( युगलीआ ) नो वालाग्र तेथी आठगुणो हैमवन्त अने ऐरण्यवन्त क्षेत्रना युगलीआनो वालाग्र थायछे॥२७॥

तेथी आठगुणो जाडो क्षेत्रना तथारूप महिमाथी पूर्वमहाविदेह अने पश्चिम-महाविदेहक्षेत्रमां मनुष्योनो एक वालाग्र कहेलो छे ( आ सर्व स्थले एकज वा-लाग्रमां सूक्ष्म अने जाडापणुं क्षेत्रना ते ते काळना महिमाथी थायछे, जेम आ भर-तक्षेत्रमां अवसर्पिणीना प्रथम आरामां तथा उत्सर्पिणीना छट्ठा आरामां कुरुक्षेत्र-जेवा भावो होवाथी तेवखते भरतना मनुष्योनो वालाग्र पण कुरुक्षेत्रना मनुष्यो जेवो ज होय पछी अनुक्रमे घटतां बीजे तथा पांचमे आरे हरिवर्ष रम्यक् जेवो. पछी क्रमे क्रमे कालहानि थतां आगळ बताव्यातो जाडो वालाग्र थायछे, अने तेज प्रमाणे ऐरवतक्षेत्रमां पण समजवुं. ॥ २८ ॥ तेथी ( विदेहनावालाग्रथी ) आठगुणो जाडो भरत अथवा ऐरवतक्षेत्रना मनुष्यनो १ वालाग्र होय, अने तेवा आठ वालाग्र मळीने १ लीख थाय ॥ २९ ॥ ए संग्रहणीनी बृ-हद्वृत्ति तथा प्रवचनसारोद्धारवृत्ति विगेरेनो अभिप्राय कह्यो, अने जम्बू-द्वीपप्रज्ञप्तिसूत्रनी वृत्ति विगेरेमां तो आठ पूर्वपश्चिमविदेहमनुष्यना वालाग्र मळीने १ लीखनुं प्रमाण थाय एम कह्युं छे. आठ लीखनुं प्रमाण मळीने १ जू थाय, आठ जू मळीने १ यवमध्य थाय. अने तेवा आठ यवमध्य मळीने १ उत्सेधांगुल थाय. ॥ ३० ॥

चत्वार्यौत्सेधांगुलानां, शतान्यायामतो मतम् । तत्सार्द्धद्व्यंगुल-व्यासं, प्रमाणांगुलमिष्यते ॥ ३१ ॥ प्रमाणं भरतश्चक्री, युगादौ वादिमो जिनः । तदंगुलमिदं यत्तत्, प्रमाणांगुलमुच्यते ॥ ३२॥ यदौत्सेधांगुलैः पंच–धनुःशतसमुच्छ्रितः । आत्मांगुलेन चाप्योऽ-र्हन्, विंशांगुलशतोन्मितः ॥ ३३ ॥ ततः षण्णवतिघ्नेषु, धनुः

१ अहीं दरेक क्षेत्रना मनुष्यना जे वालाग्र कह्या ते जन्मदिवसना वालाग्र लेवा के बीजी कोई अवस्थाना लेवा,ते संबंधि स्पष्ट निर्णय नथी तोपण आग-ळ पल्योपमनी गणत्रीमां मस्तक मुंडाव्या बाद सात दिवस सुधीना वालाग्रनुं ग्रहण कर्युं छे, ते अनुसारे अहिंपण तेवाज वालाग्र गणवानुं समजाय छे.

शतेषु पंचसु । (अंगु० ४८०००)शतेन विंशत्याढ्येन, भक्तेऽवाप्ता चतुःशती ॥३४॥ यच्च क्वाप्युक्तमौत्सेधा–त्सहस्रगुणमेव तत् । तदेकांगुलविष्कंभ—दीर्घश्रेणिविवक्षया ॥ ३५ ॥ यच्चतुःशतदीर्घायाः, सार्द्धद्व्यंगुलविस्तृतेः । स्यादेकांगुलविस्तारा, सहस्रांगुलदीर्घता ॥ ३६ ॥

॥ द्वितीय प्रमाणांगुलस्वरूप ॥

अर्थ–चारसो (४००)उत्सेधांगुल लांबु अने २॥ उत्सेधांगुल व्यासवाळुं (पहोळुं) १ प्रमाणांगुल थायछे. ॥ ३१ ॥ अहिं भरतचक्रवर्ती अथवा युगनी आदिमां थयेला श्री आदिजिनेश्वर ते *प्रमाण, अने तेमनुं जे आ अंगुल ते प्रमाणांगुल कहेवाय. ( ए व्युत्पत्त्यर्थ कह्यो ) ॥ ३२ ॥ कारण के आ [1]युगनी आदिमां थयेल श्रीऋषभदेव भगवान् उत्सेधांगुलवडे ५०० धनुष्य उंचा हता.अने आत्मांगुलवडे ( पोताना अंगुलवडे ) १२० अंगुल उंचा हता ॥ ३३ ॥ तेथी ५०० धनुष्यना अङ्गुल करवा माटे ५०० ने ( ९६ अङ्गुलनो १ धनुष्य होवाथी) ९६ ए गुणतां ५००×९६=४८००० उत्सेधाङ्गुल उंचाइ आवे ते ४८००० उत्सेधाङ्गुलनी उंचाइने पुनः १२० आत्मांगुलवडे भाग आपतां ४८०००÷१२०=४०० उत्सेधांगुलनुं श्रीऋषभदेवनु १ आत्मांगुल थयुं ॥ ३४ ॥ वळी केटलेक स्थाने जे उत्सेधांगुलथी प्रमाणांगुल १००० गणुं ज कह्युंछे ते तेनी ( आत्मांगुळनी ) १ अङ्गुलनी ( उत्सेधांगुलनी [2]पहोळाइवाळी दीर्घश्रेणीनी अपेक्षा-

---

* सांप्रतकाळे चालता भरतक्षेत्रमां व्यवहारना मूळ प्रवर्तक भगवान् श्री ऋषभदेवजी छे तथा माणवकनिधिने अनुसारे तेमज भगवान् ना अनुयायिपणे भरतचक्रवर्तिए करेला आर्य वेदोत्र छे, माटे ऋषभदेव प्रभु तथा भरतचक्रवर्ति प्रमाणभूत छे.

१ अहिं अवसर्पिणीना युगनी आदि समजवी. कारणके उत्सर्पिणी युगनी आदिमां वक्ष्यमाण देहप्रमाण ( जिनेश्वरनुं ) होय नहि.

२ आत्मांगुलना १ अंगुलनी जे २॥ उत्सेधांगुल पहोळाइ छे ते पहोळाइने २॥ उत्सेधांगुल प्रमाण नहि राखतां १ उत्सेधांगुल प्रमाण राखीए तो दीर्घता २॥ गुणी वधे ए रीते दीर्घश्रेणीनी अपेक्षा जाणवी.

ए कर्युंछे. ॥ ३९ ॥ कारण के ४०० अङ्गुल दीर्घ अने २॥ अङ्गुल विस्तृतनी एक अंगुलप्रमाण विस्तारवाळी लंबाइ १००० अंगुल थाय(४००×२॥=१०००)॥६

दृष्टांतश्चात्र ॥ चतुरंगुलदीर्घायाः, सार्द्धद्वयंगुलविस्तृतेः । पटया यथांगुलव्यास–श्चीरो दैर्घ्ये दशांगुलः ॥३७॥ वस्तुतः पुनरौत्सेधा-त्सार्द्धद्विगुणविस्तृतं । चतुःशतगुणं दैर्घ्ये, प्रमाणांगुलमास्थितम् ॥३८॥एतच्च भरतादीना–मात्मांगुलतया मतं । अन्यकाले त्वनि-यत—मानमात्मांगुलं भवेत् ॥ ३९॥ यस्मिन् काले पुमांसो ये, स्वकीयांगुलमानतः । अष्टोत्तरशतोत्तुङ्गा, आत्मांगुलं तदंगुलम् ॥ ४० ॥ एतत्प्रमाणतो न्यूना–ऽधिकानां तु यदंगुलम् । तत्स्यादा-त्मांगुलाभासं, न पुनः पारमार्थिकम्॥ ४१ ॥

यदाहुः प्रवचनसारोद्धारे- जे जंमि जुगे पुरिसा, अट्ठसयंगुलस-मुस्सिआ हुंति ॥ तेसिं जं निअमंगुलमायंगुलमित्थ तं होइ॥१॥जे पुण एअपमाणा–ऊणा अहिगा य तेसिमेअं तु । आयंगुलं न भण्णइ, किंतु तदाभासमेवत्ति ॥२॥ (सा०८) ( ये यस्मिन्युगे पुरुषा अष्टशतांगुलस-मुच्छ्रिता भवन्ति । तेषां यन्निजकांगुलमात्मांगुलमत्र तद्भवति ॥ १ ॥ ये पुनरेतत्प्रमाणादूना अधिकाश्च तेषामेतत्तु । आत्मांगुलं न भण्यते किन्तु तदाभासमेवेति ॥२॥) प्रज्ञापनावृत्तौ तु–जे णं जया मणूसा, ते-सिं जं होइ माणरूवं तु । तं भणिअमिहायंगुल–मणिअयमाणं पुण इमं तु ॥ १ ॥ इत्येवंरूपमात्मांगुलम् ॥ परमाणू रहरेणू । तसरेणू अग्गयं च वालस्स । लिक्खा जूया य जवो, अट्ठगुणा विवड्ढिया कमसो ॥२॥ इत्यादिरूपमुत्सेधांगुलम् ॥–उस्सेहंगुलमेगं, हवइ पमाणंगुलं सहस्स-गुणं । तं चेव दुगुणियं खलु, वीरस्सायंगुलं भणियं ॥ ३ ॥ इत्येवं रूपं प्रमाणांगुलमिति ज्ञेयम् ॥ (सा० ९) ( ये यदा मनुष्यास्तेषां यन्मा-नरूपं तु । तद्भणितमिहात्मांगुलमनियतमानं पुनरिदं तु ॥ १ ॥ परमाणू रथरेणु त्रसरेणुरग्रकं च वालस्य । लिक्षा यूका च यवः अष्टगुणा विव-र्धिताः क्रमशः ॥ २ ॥ औत्सेधांगुलमेकं भवति प्रमाणांगुलं सहस्रगुणं । तदेव द्विगुणितं खलु वीरस्यात्मांगुलं भणितम् ॥ ३ ॥ )

अर्थ—अहिं दृष्टान्त आ प्रमाणे छे—जेम ४ अंगुल दीर्घ अने २॥ अंगुल पोळी पटीनो चीरो एकज अंगुल पहोळो राखे तो लंबाइमां १० अंगुल थाय. (४×२॥=१०)॥३७॥

पुनः वास्तविक रीते तो उत्सेधांगुलथी अढीगणाविस्तारवाळुं अने ४०० गणुं दीर्घ ( लांबु ) प्रमाणांगुल छे ॥ ३८ ॥ वळी ए प्रमाण भरतादिकना आत्मांगुलने अनुसारे मान्युं छे, अने भरतचक्रवर्ति शिवायना बीजा काळमां आत्मांगुलनुं प्रमाण अनियमित होय छे, ( माटे शेषकाळना आत्मांगुलने अनुसारे प्रमाणांगुलनुं प्रमाण गणी शकाय नहिं. ) ॥ ३९ ॥ जे काळने विषे जे पुरुषो पोताना अंगुल प्रमाणथी १०८ अंगुल ऊंचा होय तेओनुं अंगुल आत्मांगुल कहेवाय ॥ ४० ॥ अने एथी न्यूनाधिक प्रमाणवाळा पुरुषोनुं जे अंगुल ते [1]आत्मांगुलाभास कहेवाय, परन्तु वस्तुतः यथार्थ आत्मांगुल न कहेवाय. ॥ ४१ ॥

श्रीप्रवचन सारोद्धारमां कह्युं छे के—

"जे युगने विषे जे पुरुषो १०८ [2]अंगुल ऊंचा होय तेओनुं पोतानुं जे अंगुल ते अहिं आत्मांगुल होय छे. ॥ १ ॥ परन्तु जेओ यथोक्त प्रमाणथी हीन वा अधिक होय तेओनुं जे आ अंगुल ते आत्मांगुल नहि पण आत्मांगुलाभास ज कहेवाय." ॥ २ ॥)

श्रीप्रज्ञापना सूत्रनी वृत्तिमां तो—

" जे काळमां जे मनुष्यो ( होय ) तेओना अंगुलनुं जे प्रमाण होय ते अहिं *आत्मांगुल कहेवाय छे. वळी आ आत्मांगुल अनियत प्रमाणवाळुं छे. ॥ १

१ २॥ अंगुलनी पहोळाइ तोडीने १ अंगुल पहोळु राखे ने वधेली १॥ अंगुलनी पट्टीने पण दीर्घ करी आगळ जोडतां २॥ गुणी लंबाइ वधवाथी १० अंगुल दीर्घता थाय.

१ यथार्थ प्रमाणरहित जे आत्मांगुल ते आत्मांगुलाभास कहेवाय.

२ पोताना अंगुलवडे १०८ अंगुलनी उंचाइ रूप प्रमाणथी.

* अहिं पोताना अंगुलवडे जे १०८ अंगुल उंचो होय तेनुं अंगुल ज आत्मांगुल एम न गणवुं माटे प्रथमना वक्तव्यथी तफावत छे.

ए प्रमाणे आत्मांगुलनुं स्वरूप कह्युं. ॥ परमाणु–रथरेणु त्रसरेणु–वालाग्र–लीख–जू–अने जवे ए अनुक्रमे आठ आठ गुणा अधिक कर्या छतां उत्सेधांगुल थाय ॥ २ ॥ इत्यादि प्रमाणरूप उत्सेधांगुल कह्युं. ॥ एक उत्सेधांगुलथी प्रमाणांगुल १००० गणुं होय, अने तेज उत्सेधांगुल बमणुं थयुं छतुं अर्थात् बे उत्सेधांगुल प्रमाण श्रीवीरभगवाननुं १ आत्मांगुल कह्युं छे. ॥ ३ ॥ ए प्रमाणे प्रमाणांगुलनुं स्वरूप जाणवुं. " ॥

---

१ अहिं " परमाणु " शब्दवडे व्यावहारिकपरमाणु जाणवो. पुनः जीवसमासना कर्ताए जे श्लक्ष्णश्लक्ष्णिकानेज परमाणु मान्यो हतो ते मन्तव्य आ प्रज्ञापनावृत्तिकर्ताना मन्तव्य साथे मळतुं आव्युं छे.

२ चालु प्रकरणने अंगे ऊर्ध्वरेणुने बदले रथरेणु गण्यो छे.

३ चालु प्रकरणमां ८ ऊर्ध्वरेणु मळीने १ त्रसरेणु थाय एम कह्युं हतुं ने अहिं ८ रथरेणु मळीने १ त्रसरेणु कह्यो ए तफावत छे.

४ चालु प्रकरणमां त्रसरेणु पछी रथरेणु गण्या बाद वालाग्रनी गणत्री थइ हती अहिं त्रसरेणुथी तुरतज वालाग्र कह्यो ए तफावत छे, इत्यादि परस्पर घणो तफावत छे.

५ जव एटले जवनो मध्यम भागज समजवो.

(*श्री प्रज्ञापनाजीने अभिप्राये २०९७१५२ परमाणुए १ उत्सेधांगुल थाय छे.)

कोष्टक नीचे प्रमाणे—

| | | | | | |
|---|---|---|---|---|---|
| २०९७१५२ | परमाणुथे(व्य०) | १ अंगुल | ५१२ | लीखे | १ अंगुल |
| २६२१४४ | रथरेणुथे | ,, | ६४ | जूए | ,, |
| ३२७६८ | त्रसरेणुथे | ,, | ८ | यवे | ,, |
| ४०९६ | वालाग्रे | ,, | | | |

( भगवती आदि सिद्धान्तोने अनुसारे सूक्ष्मपरमाणुथी मांडीने प्रकरणोमां चालतुं उत्सेधांगुल प्रमाणनुं कोष्टक.)

| | |
|---|---|
| [1]अनंतासूक्ष्मपरमाणु | १ व्यवहारपरमाणु |
| अनंतव्यवहार परमाणु | १ उत्श्लक्ष्णश्लक्ष्णिका |

---

१ ( जीवसमासमते अनन्तसूक्ष्मपरमाणुथी १ उत्श्लक्ष्णश्लक्ष्णिका थाय छे. अने अनन्तउत्श्लक्ष्णश्लक्ष्णिकाथी एक श्लक्ष्णश्लक्ष्णिका बने छे आ श्लक्ष्णश्लक्ष्णिका ज व्यवहारपरमाणु नाम कहेवाय छे, अनान्तर जुदो व्यवहारपरमाणु नथी)

| | |
|---|---|
| ८ उत्श्लक्ष्णश्लक्ष्णिका | १ श्लक्ष्णश्लक्ष्णिका |
| ८ श्लक्ष्णश्लक्ष्णिका | १ ऊर्ध्वरेणु |
| ८ ऊर्ध्वरेणु | १ त्रसरेणु |
| ८ त्रसरेणु | १ रथरेणु |
| ८ रथरेणु | १ कुरुक्षेत्रवालाग्र |
| ८ कुरुक्षेत्रवालाग्र | १ हरिवर्षरम्यकवालाग्र |
| ८ हरिवर्षरम्यकवालाग्र | १ हिमवंतहिरण्यवंतवालाग्र |
| ८ हिमवंतहिरण्यवंतवालाग्र | १ विदेहवालाग्र |
| [5]८ विदेहवालाग्र | १ भरतऐरवतवालाग्र |
| ८ भरत ऐरवतवालाग्र | १ लीख |
| ८ लीख | १ यूका ( जू ) |
| ८ यूका ( जू ) | १ यवमध्य |
| ८ यवमध्य | १ उत्सेधांगुल |

५ ( जम्बूद्वीप प्रज्ञप्तिआदिसूत्रोने अभिप्राये विदेहक्षेत्रना आठवालाग्रोएक-री एक लीख थाय छे बाकी यूका विगेरे प्रमाण सरखुं छे. )

६ अहिं पाटीगणितनी अपेक्षाए ( क्षेत्रफलने हिसाबे ) १००० गणुं प्रमाणांगुल कह्युं छे.

७ अहिं जे उत्सेधांगुले श्रीवीरनुं एक आत्मांगुल कह्युं, परन्तु ते बहु विचारवा योग्य छे. अने ते संबंधि जे विस्तृत उल्लेख श्री मलयगिरिजी महाराजे बृहत्संग्रहणीनी टीकामां कर्यो छे तेज अर्थ अत्रे अक्षरशः दर्शावीये

जो हजारगणुं उत्सेधांगुल ते एक प्रमाणांगुल कहेवाय छे, अने प्रमाणांगुल ते भरतनुं आत्मांगुल छे तो भरतचक्रवर्ति श्रीवीर भगवानथी ५०० गुण थाय. ते केवी रीते ? एम जो पूछता हो तो कहीए छीए के— " उत्तमपुरुषो तो स्वांगुलवडे १०८ अंगुल उंचा होय " ए वचन प्रमाण होवाथी भरतचक्रवर्ति पोताना अंगुलवडे १०८ अंगुल प्रमाण होइ शके. अने भरतनुं आत्मांगुल उत्सेधांगुलनी अपेक्षाए १००० गणुं दीर्घ छे तो १०८ ने १०००थी गुणतां १०८००० ( एक लाख आठ हजार ) थाय. हवे भगवान श्रीवर्धमान

स्वामी उत्सेधांगुलनी अपेक्षाए २१६ अंगुल प्रमाण ( बे उत्सेधांगुले श्रीवीरनुं १ आत्मांगुल गणतां ) थाय, तो १०८००० ने २१६ थी भाग आपतां ५०० आवे, तेथी भरतनी अपेक्षाए श्री वीर भगवान् ५०० मे अंशे ( भागे ) छे. अथवा श्री वीरथी भरत ५०० गुणा मोटा छे, कह्युं छे के- " भरहायंगुलमेगं, जइ य पमाणंगुलं विणिद्दिट्ठं । तो भरहो वीराओ, पंचसयगुणो न संदेहो ॥१॥(अर्थ-भरतनुं आत्मांगुल तेज प्रमाणांगुल कह्युं छे, तो ते श्रीवीरभगवानथी भरत ५०० गुणा होय एमां संदेह नथी.) तथा जो बे उत्सेधांगुल प्रमाण श्रीवीरनुं १ आत्मांगुल छे, तो श्रीवीर भगवान् आत्मांगुल वडे ( पोताना अंगुलवडे ) १०८ अंगुल उंचा केवी रीते होय ? कारण के ए प्रमाणे तो श्री वीरभगवान् ८४ अंगुलज उंचा होइ शके, ते आ प्रमाणे— श्रीवीर भगवान उत्सेधांगुलवडे ७ हाथ प्रमाण छे, अने एक हाथना २४ अंगुल थाय तो चोवीशने सातथी गुणतां १६८ उत्सेधांगुल थाय, अने बे उत्सेधांगुले श्रीवीरनुं १ आत्मांगुल छे तो १६८ ने बेए भाग आपतां ( १६८ अंगुलने अर्ध करतां ) ८४ आत्मांगुल श्रीवीरभगवाननुं प्रमाण आवे छतां श्री वीर भगवान् १०८ आत्मांगुल प्रमाण गणाय छे. पुनः जो श्री वीरभगवान् १०८ आत्मांगुल प्रमाणज होय तो बे उत्सेधांगुले श्रीवीरनुं १ आत्मांगुल गणतां श्री वीरभगवान् २१६ उत्सेधांगुल प्रमाण थाय, अने तेम थवाथी भगवान् उत्सेधांगुल वडे ( २१६ अंगुलने २४ थी भाग आपतां ) ९ हाथ प्रमाण थाय, अने ए वात(श्रीवीरप्रभुनी ९ हाथनी उंचाइ)कोइने पण सम्मत नथी तो बे उत्सेधांगुले श्रीवीरनुं एक आत्मांगुल इत्यादि अंगुलनुं प्रमाण विसंवाद रहित केम गणाय ? बीजे स्थाने पण कह्युं छे के "एवं चायंगुलओ, कहस्स दुसयं जिणा हवइ वीरो? । उस्सेहंगुलमाणेणं, कहं च सयमट्ठसट्ठं सो ॥१॥ हा सोलसुत्तरसया, उस्सेहंगुलपमाणओ एवं । अहवायंगुलमाणेणं, होइ चुलसीइ मुणिवरो ॥२॥ (अर्थ-जो ए प्रमाणे होय तो श्री वीर जिनेश्वर आत्मांगुलथी १०८ अंगुल प्रमाण केवी रीते होय ? अने जो आत्मांगुलथी १०८ अंगुल प्रमाण होय तो ते श्री वीर उत्सेधांगुलवडे १६८ अंगुल (७ हाथ) केवी रीते होय ? ॥ १ ॥ अने ए प्रमाणे तो उत्सेधांगुलथी २१६ अंगुल, अथवा आत्मांगुल वडे ८४ अंगुल श्री वीर भगवान् उंचा होइ शके छे. ) ए प्रमाणे " श्रीवीरप्रभुथी भरतचक्री ५०० गुणा उंचा" संबंधी प्रथम विरोधोद्भावना अने अनंतरोक्त बे गाथारूप बीजी विरोधोद्भावना करी.

## ॥ पूर्वोक्त बन्ने विरोधनुं समाधान ॥

पूर्वे अमोए " १००० उत्सेधांगुलनुं १ प्रमाणांगुल, अने ए प्रमाणांगुल ते भरतनुं १ आत्मांगुल " एम जे कह्युं तेनुं कारण आ छे के— भरतचक्री निश्चयथी आत्मांगुलवडे १२० अंगुल प्रमाण छे. कारणके सर्वे तीर्थंकर-चक्रवर्ति-अने वासुदेव आत्मांगुलवडे ( पोताना अंगुले करी ) १२० अंगुल प्रमाण होयछे अने श्री अनुयोगद्वार सूत्रमां " हुंति पुण अहियपुरिसा, अट्ठसयं अंगुलाण उव्विद्धा ( वळी उत्तम पुरुषो १०८ अंगुल उंचा होय छे) एम जे कह्युं छे ते तीर्थंकर-चक्री—अने वासुदेवथी शेष ( सिवायना प्रधान पुरुषोनी अपेक्षाए जाणवुं. ए हेतुथी १२० अंगुलनो ( ९६ अंगुले १ धनुष्य ए हिसाबे ) १। धनुष्य थाय, अने उत्सेधांगुलवडे भरतचक्री ५०० धनुष्य प्रमाणना हता तेथी अहिं त्रिराशिने हिसाबे गणतां आत्मांगुलना १। धनुष्ये उत्सेधांगुलनां ५०० धनुष्य थाय तो आत्मांगुलना १ धनुष्यवडे उत्सेधांगुलना केटलां धनुष्य थाय ? अहिं वर्तमानपद्धतिए त्रिराशि स्थापना १।—५००—१ छे. त्यां प्रथमनो राशि अंशसहित छे ( अपूर्ण छे ) माटे गुण्यगुणकने सरखा करवाने १। धनुष्यना हाथ करतां ५ हाथ थाय, अने ५०० ने ४ थी गुणतां २००० हाथ थाय अने अन्त्यराशि १ ने पण चारे गुणतां ४ थाय. जेथी पुनः त्रिराशिस्थापना ५—२०००—४ ए प्रमाणे थइ. हवे अन्त्यना ४ रूप राशिवडे मध्यना २००० राशिने गुणतां ८००० थाय अने प्रथमना ५ राशिवडे भाग आपतां १६०० हाथ थाय, तेना धनुष्य करवाने पुनः [ चार हाथनो १ धनुष्य ए हिसाबे ] चारथी भाग आपतां ४०० धनुष्य आवे. तो अथाय ए आव्यो के आत्मांगुलना एक धनुष्यवडे उत्सेधांगुलना ४०० धनुष्य थाय, एप्रमाणे आत्मांगुलना एकहाथवडे उत्सेधांगुलना ४०० हाथ, एक आत्मांगुलवडे ४०० उत्सेधांगुल, अने एकआत्मांगुल योजनमा ४०० उत्सेधांगुल योजन थाय, तेथी एक श्रेणीप्रमाणांगुलने विषे ४०० उत्सेधांगुल थाय एम साबित थयुं, अने ते श्रेणीप्रमाणांगुल १ उत्सेधांगुल जाडुं अने २॥ उत्सेधांगुल विस्तारवाळुं थयुं. तेथी श्रेणीना जे ४०० उत्सेधांगुल छे तेने २॥ उत्सेधांगुलना विस्तारवडे गुणीए तो एक प्रमाणांगुल १००० उत्सेधांगुल जेटलुं लांबु थाय. एवा प्रकारना प्रमाणांगुलवडे ( प्रमाणांगुलना विष्कंभवडे ) पृथ्व्यादिकनां प्रमाण मापवां, परन्तु ४०० उत्सेधांगुल दीर्घ

एवा सूची ( श्रेणि ) प्रमाणांगुलवडे पृथ्व्यादिनुं माप न करवुं.

॥ इति प्रथमविरोधापहारः ॥

तथा " बे उत्सेधांगुले श्रीवीरनुं एक आत्मांगुल थाय " ए संबंधमां जे विरोध दर्शाव्यो ते पण परमार्थ नहि जाणवाथी अयुक्त छे. कारणके भगवान् श्री वर्धमान स्वामी सूत्रान्तरोमां कह्या प्रमाणे आत्मांगुलवडे ८४ अंगुल, अने उत्सेधांगुलवडे १६८ अंगुल गण छे. श्रीअनुयोगद्वार चूर्णिकारे कह्यु छे के-- " वीरो आयसंतरओ आयंगुलेण चुलसीइ अंगुलमुच्चि-त्तो । उस्सेहंगुलओ सयमट्ठसट्ठि हवइ " माटे बे उत्सेधांगुले श्रीवीरनुं १ आत्मांगुल थायछे. वळी जेओना मते श्रीवीरभगवान् आत्मांगुलवडे १२० अंगुलप्रमाण छे, तेओना मत प्रमाणे समचतुरस्रबाह्य प्रतिबाह्य गणितना (समचोरस क्षेत्रफलना गणितना) क्रमवडे बे उत्सेधांगुले श्री वीरनुं १ आत्मांगुल थाय. ते केवी रीते ? एम जो पूछता हो तो कहीए छीए के-- जो भगवान् आत्मांगुलवडे १२० अंगुल प्रमाण छे तो हस्त संख्याए पोताना ५ हाथ प्रमाण छे. अने पूर्वे कहेला १६८ अंगुलथी थयेला ७ हाथ समचोरस क्षेत्रफलना हिसाबे ४९ हाथ थाय, अने एक हाथ वधी अने केश विगेरेना प्रमाणनो गणतां सर्व मळीने ५० हाथ ( क्षेत्रफळ प्रमाणे ) थाय ए ५० हाथनुं अर्ध करतां २५ हाथ थाय. ( तो ५ × ५= २५ ए रीते २५नुं क्षेत्रमूळ ५ हाथ आववाथी प्रथम कह्या प्रमाणे १२० आत्मांगुल थवाथी बे उत्सेधांगुले श्रीवीरनु १ आत्मांगुल ( समचोरस क्षेत्रफळनी रीते ) प्राप्त थयुं. अने जो बाह्यगणितनी अपेक्षा न राखीए तो भगवंतना १ आत्मांगुलना १ उत्सेधांगुल पूर्ण, अने बीजा उत्सेधांगुलना पांचीया बे भाग (= $१\frac{२}{५}$ उत्सेधांगुल ) थाय. ते आ प्रमाणे--जो १२० आत्मांगुलना १६८ उत्सेधांगुल प्राप्त थाय तो एक आत्मांगुलना केटला उत्सेधांगुल प्राप्त थाय ? अहिं त्रिराशिस्थापना १२०--१६८--१ थाय, त्यां अन्त्यना १ वडे मध्यराशि १६८ ने गुणतां १६८ आवे, अने त्यार बाद १६८ ने प्रथमराशि १२० वडे भाग आपतां १ उत्सेधांगुल संपूर्ण आवे ने शेष ४८ वधे तेनी चोवीसवडे अपवर्तना करवाथी ४८ ने स्थाने २ अने १२० ने स्थाने पांच आवे जेथी एक पूर्णांक बे पञ्चमांश ( $१\frac{२}{५}$ ) उत्सेधांगुलनो १ श्रीवीरनो आत्मांगुल थाय.

वळी जेओना मते भगवान् १०८ आत्मांगुल प्रमाण छे, तेओना मते श्री वीरनुं एक आत्मांगुल $१\frac{५}{९}$ उत्सेधांगुल जेटलु थाय. अहिं पण त्रिराशिनी रीति पूर्ववत जाणवी.

॥ कया अंगुलवडे कया पदार्थो मापवा ? ते कहे छे. ॥

औत्सेधांगुलमानेन, ज्ञेयं सर्वांगिनां वपुः । प्रमाणांगुलमानेन, नगपृथ्व्यादि शाश्वतम् ॥४२॥ तत्रापि ॥ तस्यांगुलस्य दैर्घ्येण, मीयते वसुधादिकम् । इत्याहुः केचिदन्ये च, तत्क्षेत्रगुणितेन वै ॥ ४३ ॥ तद्विष्कंभेण केऽप्यन्ये, पक्षेष्वेतेषु च त्रिषु । इष्टे प्रामाणिकं पक्षं, निश्चेतुं जगदीश्वरः ॥ ४४ ॥

॥ अत्र प्रथमपक्षे एकस्मिन् योजने उत्सेधांगुलनिष्पन्नानि चत्वारि योजनशतानि भवन्ति, द्वितीयपक्षे सहस्रं, तृतीये दशकोशा भवन्ति । परं श्रीअनुयोगद्वारचूर्णौ तृतीय एव पक्ष आदृतो दृश्यते । तथा च तद्ग्रन्थः ॥

जे य पमाणंगुलाओ, पुढवाइप्पमाणा आणिज्जंति ।
ते अ पमाणंगुलविक्खंभ-भेणं आणेयव्वा ण पुण सूइअंगुलेणंति ? (गा० १०)
( यानि च प्रामाणांगुलात् पृथ्व्यादिप्रमाणान्यानीयन्ते ।
तानि च प्रमाणांगुलविष्कम्भेणानेतव्यानि न पुनः सूच्यंगुलेनेति ॥१॥)

॥ श्रीमुनिचन्द्रसूरिकृतांगुलसप्ततिकायामप्युक्तं ॥

एयं च खित्तगुणिएण, केइ एयस्स जं पुण भिणंति ।
अन्ने उ सूइअंगुल-माणेण न सुत्तभणियं तं ॥ १ ॥ ( गा० ११ )
( एतच्च क्षेत्रगुणितेन केचिदेतस्य यत्पुनर्मिन्वन्ति ।
अन्ये तु सूच्यंगुलमानेन न सूत्रभणितं तत् ॥ १ ॥ )

॥ अत्र चर्चादिविस्तरः अंगुलसप्ततिकातोऽवसेयः ॥

वापीकूपतडागादि, पुरदुर्गगृहादिकं । वस्त्रपात्रविभूषादि, शय्याशस्त्रादि कृत्रिमम् ॥ ४५ ॥ इंद्रियाणां च विषयाः, सर्वं मेयमिदं किल ॥ आत्मांगुलैर्यथामान--मुचितैः स्वस्ववारके॥४६

अर्थ—उत्सेधांगुलना प्रमाणवडे सर्व जीवोना शरीरनी उंचाइ जाणवी अने

प्रमाणांगुलना मानवडे पर्वत अने पृथ्व्यादि शाश्वतपदार्थो. मापवा ॥ ४२ ॥ तेमां पण केटलाएक एम कहेछे के–पृथ्व्यादिकनुं माप प्रमाणांगुलनी दीर्घता ( ४०० उत्सेधांगुल प्रमाण दीर्घता ) वडे करवुं, अने केटलाएक कहेछे के प्रमाणांगुलना ( १००० उत्सेधांगुलरूप ) क्षेत्रफळवडे माप करवुं, ॥ ४३ ॥ अने केटलाएक प्रमाणांगुलना विष्कंभवडे मापवानुं कहेछे, ए त्रण पक्षमां प्रामाणिक पक्ष कयो छे ? तेनो निश्चय करवाने सर्वज्ञज समर्थ छे ॥ ४४ ॥ अहिं प्रथमपक्षमां एक योजनने विषे उत्सेधांगुलप्रमाणवाळा ४०० योजन, बीजे पक्षे १००० योजन, अने त्रीजे पक्षे २॥ जोजन ( १० कोश ) थायछे. परन्तु श्रीअनुयोगद्वारचूर्णिमां त्रीजो ज पक्ष ग्रहण करेलो देखाय छे तेनो पाठ आ प्रमाणे—

" वळी जे प्रमाणांगुलथी पृथ्व्यादिकनां प्रमाण मपायछे, ते प्रमाणांगुलना विष्कंभवडे मापवां, परन्तु सूचि अंगुल वडे नहि. "

पुनः श्रीमुनिचंद्रसूरिकृत अंगुलसित्तरिमां पण कह्युं छे के–

केटलाएक ए पृथ्व्यादिकने ( प्रमाणांगुलना ) क्षेत्रफळवडे जे मापे छे, अने केटलाएक वळी सूचिअंगुलना प्रमाणवडे मापे छे ते सूत्रमां कहेल नथी "

ए संबंधे अधिक चर्चानो विस्तार श्रीमुनिसुंदरसूरिकृत 'अंगुलसप्ततिका ग्रन्थथी जाणवो.

---

१ अंगुलसित्तरी ग्रन्थनो भावार्थ आ प्रमाणे छे –

जे पृथ्व्यादिकनां प्रमाण कहेलां छे ते तेना ( प्रमाणांगुलना ) विष्कंभ वडे मपाय छे, ए प्रमाणे श्री अनुयोगद्वारचूर्णि अने वृत्तिमां कहेलुं छे. ते आ प्रमाणे—॥ गाथा १३ मी ॥

" जे अ पमाणांगुलाओ पुढवाइप्पमाणा आणिज्जंति ते अ पमाणांगुल विक्खंभेण आणेयव्वा ण पुण सूइ अंगुलेणंति " ॥१४॥ ( गतार्थः )

वळी ए पृथ्व्यादिकना प्रमाण केटलाएक प्रमाणांगुलना क्षेत्रफळवडे मापेछे अने बीजा केटलाएक सूचिअंगुलवडे मापे छे ते सूत्रोक्त नथी ॥ १५ ॥

परन्तु अम्ने मतने विषे ( सूचिथी अने क्षेत्रफळथी मापतां ) मगधदेश अंगदेश, अने कलिङ्ग विगेरे प्रायः सर्व आर्यदेश एकज योजनमां समाइ जायछे ॥ १६ ॥

( क्षेत्रफळने हिसाबे ) दीर्घ अने विस्तृत मापवडे १००० योजन प्रमाणवाळा समचोरस योजनने परस्पर गुणतां १० लाख योजन ( १०००× १०००=१०००००० ) उत्सेधांगुलमानवाळा प्रगट थायछे.

( सूचि अंगुलने हिसाबे ) ४०० योजन प्रमाणने परस्पर गुण्ये छते एक लाख साठ हजार ( ४००×४००=१६०००० ) उत्सेधयोजन थाय छे ए रीते बन्ने पक्षवाळा १ प्रमाणांगुलयोजनमां प्रायः सर्व आर्यदेश केम न समाय ? ॥ १८ ॥

वळी ए वातत पण अलौकिक छे के जो एकज योजनमां ते सघळा आर्यदेश समाय तो ( ५२६ योजन – ६ कला प्रमाण ) भरतक्षेत्रना बाकी-रहेल योजन ( ५२५. ६ ) सर्व निष्फळ थायछे ( खाली रहेछे. ) ॥ १९ ॥

तथा द्वारिका अथवा अयोध्या नगरी के जे बन्ने नगरीओ कुबेरदेवे बनावेली होवाथी निश्चे प्रमाणमां ( लंबाइ पहोळाइमां ) सरखीज छे. का-रणके बन्ने नगरी १२ योजन लांबी अने ९ योजन पहोळी छे ॥ २० ॥

एमांनी एकज नगरीना प्रमाणने १००० (=१००० ना क्षेत्रफळ ) करतां १० क्रोड ने ८० लाख योजन ( १२×९=१०८+१०००=१०००=१०८०००००० योजन ) थाय, अने ४०० ना क्षेत्रफळथी गुणतां ( १०८+१६००००=) १७२८-०००० उत्सेध योजन प्रमाण एक नगरी थाय. ॥ २१ ॥

जे कारण माटे नगरीनुं ए प्रमाण घणुंज मोटुं थयुं ते अयोग्य भासे छे. माटे पृथ्व्यादिकनुं ( नगरीनुं पण ) प्रमाण प्रमाणांगुलना विष्कंभथी ग्रहण करवुं जोइए. ॥ २४ ॥

तथा पूर्वे कह्या प्रमाणे एवा घणा मोटा प्रमाणवाळी नगरी होय तो साधेली छे दक्षिण दिशा ( दक्षिणना ३ खंड ) जेणे अने परिमित आयु-ष्यवाळा एवा कोणिक राजानुं ( चक्रवर्ति बनवाना लोभे ) वैताढ्य प्रत्ये गमन केम थइ शके? (अर्थात् नगरी बहार निकळता पहेलांज आयुष्य संपूर्ण थइ रहे. ) ॥ २५ ॥

पुनः शाश्वतचैत्यवन्दना करवाने वैताढ्य गुफा पासे अने ( अशाश्व-तदेवाधिष्ठित प्रभाविक ) चैत्यने वन्दन करवा माटे वीतभयनगरमां ( जे हाल पंजाबमां पिंडदादरखा गामनी नजीक भेरानामथी ओळखाय छे तेमां) गंधार श्रावकनुं गमन केम थइ शके ? ॥ २६ ॥ ( माटे पृथ्व्यादि-कनां प्रमाण प्रमाणांगुलना विष्कंभवडे ज मापवा युक्त छे. ए तात्पर्य कह्युं )

वळी केटलाएक तो एम कहे छे के—ए प्रमाणे ( विष्कंभवडे ) पृथ्व्या-दि प्रमाण माप्ये छते भरतक्षेत्रमां भरतचक्रीनो परिवार ( ७२००० महान-गर विगेरे– बार बार योजन प्रमाण ९ निधिओ—६४००० परिणीत स्त्रीओ अने दरेक स्त्रीओ बे बे दासी मळीने १९२००० सर्व स्त्रीयो-३२००० देश— ८४००००० घोडा—८४००००० हस्ति—८४००००० रथ-९६ क्रोड गाम-इत्यादि)

५२६ योजन मात्र भरतक्षेत्रमां केवी रीते समाइ शके ? ते सम्बन्धमां सम जवानुं के एमां कोइ विरोध नथी ॥ २७ ॥

कारणके भरतक्षेत्रनुं सर्व प्रतर ( भरतनी भूमि ) ५३८०६८२ योजन छे. ( प्रतर लाववानी रीति क्षेत्रसमासथी जाणवी. ) ए प्रतर गणित दक्षिणभरत–उत्तरभरत–अने वैताढ्यनुं तल ए त्रणनुं मळीने छे. ॥ २८–२९ ॥

यो० कळा. विकळा.

त्यां दक्षिणभरतनुं प्रतर १८३५४८२–१२–५ छे. वैताढ्यतलनुं प्रतर ५१२३०७ यो०–१२ कळा छे. अने उत्तरभरतनुं प्रतर ३०३२८८८ यो०–१२ कळा—११ विकळा छे. ॥ ३०-३१–३२ ॥

ए प्रमाणांगुलयोजनना उत्सेधांगुल योजन करवा माटे प्रमाणांगुलना विष्कंभ २॥ ए गुणतां एक प्रमाणांगुल योजनना २॥ उत्से० योजन थाय, अने तेना गाउ ( ४×२॥=) १० थाय तेनुं क्षेत्रफळ १०×१०=१०० उत्से० गाउ थाय ए रीते प्रत्येक समचतुरस्र १ प्रमाणांगुल योजनना उत्सेधांगुली क्षेत्रफळ गाउ १०० थाय तो पूर्वना प्रतर योजनना गाउ करतां भरतक्षेत्रमां उत्सेधांगुल मानवडे क्षेत्रफळ गाउ ५३८०६८२०० थाय. अर्थात् भरतक्षेत्रनी क्षेत्रफळ भूमि ( सर्व भूमि ) ५३८०६८२०० उत्से० गाउ प्रमाण छे, ते. था एकेक चोरस गाउने विषे बे त्रण अथवा चार गाम होयछे, जेथी आगळ दर्शाव्या प्रमाणे १० क्रोड गाउमां ९६ क्रोड गाम समाइ शकेछे. ॥ ३३—३४=३५—३६ ॥

८ क्रोड गाउमां बे बे गाम होय, बीजा आठ क्रोड गाउमां त्रण त्रण गाम होय, अने १४ क्रोड गाउमां चार चार गाम होवाथी [८+८+१४=) ३० क्रोड गाउमां (१६+२४+५६=) ९६ क्रोड गाम समाइ शके छे. अने शेष कांइक न्यून २४ क्रोड गाउना अर्धमां ( कंइक न्यून १२ क्रोड गाउमां ) पत्तन—पुर—कर्बट-खेट इत्यादि जे ग्रन्थमां कह्या छे ते सर्व समाइ रहेछे. ॥ ३७—३८ ॥

ए पत्तनादि सर्व मळीने ३१७१०५ होय ते पटलामां किंचित् न्यून १२ क्रोड गाउमां सुखे समाइ शके छे.तथा वैताढ्यादि पर्वतो अने वैताढ्यादि उपर जे नगरादि होय ते सर्व भरतक्षेत्रनी एज १२ क्रोड गाउ प्रमाण भूमिमां जाणवा अने शेष १२ क्रोड गाउमां गंगा सिंधु विगेरे नदीओ अने बीजा पण अनेक जळाशयो तथा नदीओ विगेरेना द्वीपादि समाइ शके. अने ए सर्वने बारक्रोडोमां पटही बीजो समाय तोपण घणी जमीन पडतर रहे ॥ ३९—४०—४१ ॥

इत्यादि वर्णन अंगुलसित्तरीमां कह्युंछे, तेमांथी उपयोगी विषय अत्रे भावार्थ रूपे कह्यो, अहिं गाथाओमां जे जे अंक मुद्रक छे ते ते गाथानो विषय अत्र अति उपयोगी नहि होवाथी ग्रहण कर्यो नथी एम जाणवुं-

वाव–कूवा—तळाव विगेरे जळाशयो, नगर–किल्ला–अने घर विगेरे वस्तुओ तथा वस्त्र – पात्र अने आभूषणादि–तेमज शय्या अने शस्त्र विगेरे सर्व कृत्रिम वस्तुओ, तथा इन्द्रिओना [1]विषयो ए सर्व निश्चय पोतपोताने वारे [2]उचित एवा आत्मांगुलवडे यथायोग्य मापवु.. ४५–४६ ॥

## ॥ सूचि-प्रतर-अने घनांगुलनुं स्वरूप ॥

आत्मोत्सेधप्रमाणाख्यं, त्रेधमप्यंगुलं त्रिधा ॥ सूच्यंगुलं च प्रतरां—गुलं चापि घनांगुलम् ॥ ४७ ॥ एकप्रदेशबाहल्य—व्यासैकांगुलदैर्घ्ययुक् ॥ नभःप्रदेशश्रेणिर्या, सा सूच्यंगुलमुच्यते ॥ ४८ ॥ वस्तुतस्तदसंख्येय–प्रदेशमपि कल्प्यते ॥ प्रदेशत्रयनिष्पन्नं, सुखावगतये नृणाम ॥ ४९ ॥ सूची सूच्यैव गुणिता, भवति प्रतरांगुलम् । नवप्रादेशिकं कल्प्यं, तद्दैर्घ्यव्यासयोः समम् ॥५०॥ प्रतरे सूचिगुणिते, सप्तविंशतिखांशकं ॥ दैर्घ्यविष्कंभबाहल्यैः, समानं स्याद् घनांगुलम् ॥ ५१ ॥ उपर्युपरिप्रतरत्रये स्थापिते स्थापना ॥

अर्थ–आत्मांगुल–उत्सेधांगुल–अने प्रमाणांगुल ए त्रणे अङ्गुल सूचीअङ्गुल प्रतरअंगुल–अने घनांगुल एम त्रण त्रण प्रकारनां छे. ॥ ४७ ॥ त्यां एक आकाश प्रदेश जाडी अने पहोळी तथा एक अङ्गुल दीर्घ :लांबी एवी जे आकाशप्रदेशनी श्रेणी ते [3]सूचीअंगुल कहेवाय ॥ ४८ ॥ वास्तविक रीते जो के ते सूचीअंगुल असंख्य आकाश प्रदेश प्रमाण दीर्घ छे तोपण मनुष्योने सुखे समजाववा माटे त्रण प्रदेशात्मक कल्पाय छे, . ४९ ॥ सूची वडे गुणाकार

---

१ स्पर्शेन्द्रियादिनो विषय ९ योजन इत्यादि ( मेया आत्मांगुलैरेव, प्रागुक्तेन्द्रियगोचराः इति इन्द्रियद्वारे कहेल होवाथी )

२ भरतचक्रीने वारे भरतना आत्मांगुलवडे, अने श्रीवीरने वारे श्री वीरना आत्मांगुलवडे तथा जे काळे जे उत्तम पुरुषो थाय तेओना आत्मांगुलवडे.

३ यथा००० ए श्रेणि सूची अंगुल

करायली सूची ( सूची अंगुलनो जे वर्ग ) ते ¹प्रतरांगुल थायछे, अने लंबाइ तथा पहोळाइमां सरखुं एवुं ते प्रतरांगुल नव आकाश प्रदेशनुं कल्पाय छे ॥ ५० ॥ पुनः प्रतरने सूचीवडे गुण्ये छते २७ आकाशप्रदेश प्रमाण तथा लंबाइ पहोळाइ अने जाडाइमां सरखु एवुं घनांगुल होयछे, ॥ ५१ ॥ ते उपराउपरी त्रण प्रतरो ²स्थापवाथी थायछे, ते स्थापना नीचे ( स्फुटनोटमां ) दर्शावी छे,

तत्र गुणनविधिश्चैवम् ॥ अंकोऽतिमो गुण्यराशे-गुण्यो गुणकराशिना ॥ पुनरुत्सारितेनोपां-त्यादयोऽप्येवमेव च ॥५२॥ उपर्यधश्चादिभावस्थौ, राश्योर्गुणकगुण्ययोः ॥ कपाटसंधिवत्स्थाप्यौ, विधिरेवमनेकधा ॥ ५३ ॥ स्थानाधिक्येन संस्थाप्यं. गुणितेऽङ्के फलं च यत् ॥ यथास्थानक्रमंकानां. कार्या संकलना ततः ॥५४॥ अंकस्थानानि चैवं ॥ एकं दशशतसहस्रा-युतलक्षप्रयुतकोटयः क्रमतः ॥ अर्बुदमब्जं खर्वं, निखर्वमहापद्मशंकवस्तस्मात् ॥ ५५ ॥ जलधिश्चांत्यं मध्यं । परार्ध्यमिति दशगुणोत्तरं संज्ञाः ॥ इति ॥ अत्रोदाहरणं ॥ पंचत्र्येक-

---

१ ० ० ० ए प्रतरांगुल
० ० ०
० ० ०

२ घनांगुलनी (उपरा उपरी प्रतर गोठववारूप) स्थापना यथार्थ स्थापवी अशक्य होय छे तोपण त्रणे प्रतरोनी भिन्न स्थापनाथी समजी शकाय छे ते

| | उर्ध्वप्रतर | मध्यप्रतर | अधःप्रतर | |
|---|---|---|---|---|
| आ प्रमाणे— | ० ० ० | ० ० ० | ० ० ० | ए त्रण प्रतरने उप- |
| | ० ० ० | ० ० ० | ० ० ० | |
| | ० ० ० | ० ० ० | ० ० ० | |

राउपरी स्थापवाथी घनांगुल थाय.

गुणक गुण्यनी रकमने $\frac{१२}{१३५} \frac{गुणक}{गुण्य}$ ए रीते कपाट संधिवत् पहेले आगळना भागमां समश्रेणिए आवे एवी रीते स्थापवी पण $\frac{१२}{१३५}$ — $\frac{१२}{१३५}$ इत्यादि रीते न स्थापवी. अहिं अनेक प्रकारमां १३५ एम पण स्थपाय.

मितो राशि—र्दिवाकरगुणीकृतः । स्याद्दिशा षोडशशती, क्रमोऽकानां च वामतः ॥ ५६ ॥ अथ प्रसंगादुपयोगित्वाच्च भागहारविधिरुच्यते ॥ यद्गुणो भाजकः शुद्ध्ये-दंत्यादेर्भाज्यराशितः ॥ तत्फलं भागहारे स्यात्, भागाप्राप्तौ च खं फलम् ॥ ५७ ॥ अग्रे यथाप्यते भागः, पूर्वमंकं तथा भजेत् ॥ षड्भिर्भागे यथा षष्टेः, प्राप्यन्ते केवलं दश ॥ ५८ ॥

अर्थ–अहीं सूचीवडे प्रतरने जे गुणवानुं कह्युं ते गुणाकारनो विधि आ प्रमाणे छे—जे राशिनो ( रकमनो ) गुणाकार करवो होय ते गुण्यराशिनो ( गुणवा लायक राशिनो ) छेल्लो अंक गुणकराशिवडे ( जे-टलाए गुणवाना होय ते रकमवडे ) गुणवो. पुनः गुण्यराशिना गुणेला छेल्ला अंकने छोडी दइ पाछळ हठवा पूर्वक उपान्त्यादि ( छेल्लानी पासेनो विगेरे ) अंकने पण ए प्रमाणेज ( अन्त्य अंकनी पेठे ) गुणवा. ॥ ५२ ॥ त्यां गुणक अने गुण्यनी रकममां पहेलो गुणक रकमने उपर अने छेल्ली ( बीजी ) गुण्य रकमने नीचे कपाटनी संधिवत् स्थापवी, ए प्रमाणे रकम स्थापवानी विधि अनेक प्रकारनी छे ॥ ५३ ॥ वळी एकेक अंकने गुणतां जे जे ( जवाब ] आवतुं जाय ते ते फळने एकेक अंकस्थान ( आगळना भागमां ] अधिक रहेतुं जाय तेवी रीते गोठववुं त्यारबाद सर्व फळनो ( जवाबनी रकमनो ] सरवाळो करवो ॥ ५४ ॥ गुणाकार विगेरेमां उपयोगी अंक स्थानो आ प्रमाणे छे—

१ गुणाकार करवानी रीति स्थापना पूर्वक आप्रमाणे

| शास्त्रीय रीतिए | | चालु रीतिए | |
|---|---|---|---|
| १२<br>१३५ | अथवा | १३५<br>१२ | ए बे रीते स्थापना थाय छे परन्तु |
| १२<br>१३५ | अथवा | १३५<br>१२ | इत्यादि रीते गुणक गुण्यनी रकम न स्थपाय. |

| | | | |
|---|---|---|---|
| एक | १ | अब्ज | १००,००००००० |
| दश | १० | खर्व | १०००,००००००० |
| सो | १०० | निखर्व | १००००,००००००० |
| हजार | १००० | महापद्म | १०००००,००००००० |
| दश हजार | १०००० | शंकु | १०,०००००,००००००० |
| लाख | १,००००० | जलधि | १००,०००००,००००००० |
| दश लाख | १०,००००० | मध्य | १०००,०००००,००००००० |
| क्रोड | १,००००००० | अन्त्य | १००००,०००००,००००००० |
| दश क्रोड | १०,००००००० | परार्ध | १०००००.०००००,००००००० |

ए प्रमाणे वर्तमानकाळमां पण १८ संख्याओ अनुक्रमे दश दश गुणी गणवामां आवेछे. ॥ ५५ ॥

पूर्वे कहेला गुणाकार विधिनुं उदाहरण ( दाखलो ) आ प्रमाणे छे— जेम १३५ नी रकमने १२ गुणी करी होय तो १६२० आवे. सर्वत्र शास्त्रमां शब्दद्वारा जे रकम कही होय ते शब्दोनो अनुक्रम [1]डाबी बाजुए गणवो ॥५६॥

---

ए गाथामां गुणक गुण्यनी रकमने स्थापवानी विधि दर्शावी अने आगळनी गाथामां गुणक गुण्यनो गुणाकार करतां एकेक रकमनो जे गुणाकार आवे तेने स्थापवानी विधि दर्शावी छे. हवे गुणाकारनी विधि नीचे प्रमाणे—

| एक रीते | बीजी रीते |
|---|---|
| १२ गुणक | १३५ गुणक |
| १३५ गुण्य | १२ गुण्य |
| ६० फल | २७० फल |
| ३६ फल | |
| १२ फल | १३५ फल |
| १६२० संक० | १६२० संक० |

एमां १२ गुणकवडे १३५ गुण्यने गुणतां प्रथम १२ ने अन्त्य अंक ५ थी गुणतां फळ ६० आवे त्यारबाद १२ ने उपान्त्य अंक ३ थी गुणतां फळ ३६ आवे ते उपरना ६० मां नो एक अंक बाकी राखी नीचे स्थापेल छे. त्यारबाद १२ ने पाछळ हठी १ साथे गुणतां फळ १२ आवे तेने पण पूर्वफळ ३६ नो एक अंक ६ ने अधिक [ बाकी ] राखी ३ नी नीचे स्थापवानी रीते स्थापेल छे. त्यारबाद यथा स्थाने रहेला त्रणे फळ नो (६०-३६-१२ नो) संकलना-सरवाळो करता गुणाकार जवाब १६२० आवे.

१ जेमके शास्त्रमां पांच—त्रण—एक एम शब्दोमां लखेल होय तो रकम गोठववामां प्रथम एक, त्यारबाद त्रण ने त्यारबाद पांच गोठववा जेथी १३५ थाय.

हवे प्रसंगथी अने उपयोगी होवाथी भागाकारनो विधि कहेवाय छे ते आ प्रमाणे— अन्त्यादि भाज्य राशिमांथी जेटला गुणो भाजक बाद जाय तेटलो भागाकारमां जवाब आव्यो जाणवो. अने भाज्यराशिमांथी भाजक बाद न जतो होय तो जवाबने स्थाने शून्य जवाब आवे ॥ ५७ ॥ अने आगळ जेम जेम प्राप्त थतो जाय तेम तेम पूर्व अंकने ( भाज्यना अंकने ) भागता जवुं. जेम ६० ने ६ ए भागतां मात्र जवाब १० ज आवे. ॥५८॥

॥ अथ प्रकृतम् ॥ पादः स्यादंगुलैः षड्भि-र्वितस्तिः पादयोर्द्वयम् ॥ वितस्तिद्वितयं हस्तो, द्वौ हस्तौ कुक्षिरुच्यते॥५९॥ कुक्षिद्वयेन दंडः स्या—त्तावन्मानं धनुर्भवेत् ॥ युगं वा मुसलं वापि, नालिका वा समाः समे ॥ ६० ॥ अंगुलैः षण्णवत्यैव, सर्वेऽपि प्रमिता अमी । सहस्रद्वितयेनाथ, क्रोशः स्याद्धनुषामिह ॥ ६१ ॥ चतुष्टयेन क्रोशानां, योजनं तत्पुनस्त्रिधा । औरसेधात्मप्रमाणाख्यै—रंगुलैर्जायते पृथक् ॥ ६२ ॥ एवं पादादिमानानां, सर्वेषां त्रिप्रकारताम् । विभाव्य विनियुञ्जीत । स्वस्वस्थाने यथायथम् ॥ ६३ ॥ प्रमाणांगुलनिष्पन्न--योजनानां प्रमाणतः । असंख्यकोटाकोटीभि-रेका रज्जुः प्रकीर्तिता ॥६४॥ स्वयंभूरमणाब्धेर्ये, पूर्वपश्चिमवेदिके । तयोः पर्यन्तान्तरालं, रज्जुमानमिदं भवेत् ॥ ६५ ॥ लोकेऽथ ॥ यवोदरैरंगुलमष्टसंख्यं हस्तोऽगुलैः षड्गुणितैश्चतुर्भिः । हस्तैश्चतुर्भिर्भवतीह दंडः,

---

| | | |
|---|---|---|
| ६ | ६० | १० |
| | ६० | |
| | ०० | |

अहिं भाज्य रकम ६० ने भाजक रकम ६ वडे भागतां ६ थी १० गुणी रकम भाज्यमांथी बाद जाय छे माटे १० ए जवाब कहेवाय. अहिं शास्त्रकर्ताए भागाकार संबन्धी सामान्य विधि दर्शावी छे, ने विशेषविधि ग्रन्थान्तरोमां ( लीलावती वगेरेमां ) छे. त्यांथी जाणवी. पुनः भागाकारविधि अभ्यासीओने (शाळाओमां भणता होवाथी) सुगम होयछे माटे ते संबंधि विशेष वर्णननुं अत्रे प्रयोजन नथी.

क्रोशः सहस्रद्वितयेन तेषाम् ॥ ६६ ॥ स्याद्योजनं क्रोशचतुष्टयेन, तथा कराणां दशकेन वंशः ॥ निवर्तनं विंशतिवंशसंख्यैः, क्षेत्रं चतुर्भिश्च भुजैर्निबद्धम् ॥ ६७॥ इत्याद्यभिधीयते ॥

अर्थ-हवे चालु विषय कहेवाय छे—परन्तु पूर्वनो संबंध जोडवाने माटे जो के अंगुल प्रमाण पूर्वे सारीरीते बतावेलु छे तोपण फरीथी कोष्टकद्वारा दर्शावाय छे

| | |
|---|---|
| * अनन्त सूक्ष्मपरमाणुओनो | १ व्यावहारिकपरमाणु |
| अनंत व्यवहार परमाणुनो | १ उत्श्लक्ष्णश्लक्ष्णिका |
| ८ उत्श्लक्ष्णश्लक्ष्णिकानो | १ श्लक्ष्णश्लक्ष्णिका |
| ८ श्लक्ष्णश्लक्ष्णिकानो | १ ऊर्ध्वरेणु |
| ८ ऊर्ध्वरेणुनो | १ त्रसरेणु |
| ८ त्रसरेणुनो | १ रथरेणु |
| ८ रथरेणुनो | १ कुरु (युगलिकनो) वालाग्र |
| ८ कुरु वालाग्रनो | १ हरिवर्षरम्यकवालाग्र |
| ८ हरि०रम्य०वालाग्रनो | १ हैमवतहैरण्यवतवालाग्र |
| ८ हैमवतहैरण्यवतवालाग्रनो | १ पूर्वापरविदेहवालाग्र |
| ८ पूर्वापरविदेहवालाग्रनो | १ भरतैरवतवालाग्र |
| ८ भरतैरवतवालाग्रनो | १ लीख |
| ८ लीखनी | १ यूका |
| ८ यूकानो | १ यवमध्य |
| ८ यवमध्यनो | १ उत्सेधांगुल |

ए गतविषयनुं कोष्टक कही चालु विषयनुं कोष्टक कहेवाय छे,

| | |
|---|---|
| ६ उत्सेधांगुले | १ पाद (पगना तळीयानी पहोळाइ |

* जीवसमासमां अनंत सूक्ष्म परमाणुथीज उत्श्लक्ष्णश्लक्ष्णिका थायछे अने अनंत उत्श्लक्ष्णश्लक्ष्णिकाथी एक श्लक्ष्णश्लक्ष्णिका बनेछे आ श्लक्ष्णश्लक्ष्णिकानुज बीजुं नाम व्यवहार परमाणु कहेवायछे अर्थान्तर जुदो व्यवहार परमाणु नथी.

१ जम्बूद्वीपप्रज्ञप्ति आदि सूत्रोना अभिप्राये विदेहना वालाग्रथीज लीखनुं प्रमाण थायछे.

| | |
|---|---|
| २ पादनी | १ वेंत |
| २ वेंतनो | १ हाथ. |
| २ हाथनी | १ कुक्षि |
| २ कुक्षिए वा ४ हाथनो वा ९६ अंगुलनो | १ दंड (अथवा धनुष्य–युग-मुसल नालिका इत्यादि. |
| २००० धनुष्यनो | १ गाउ |
| ४ गाउनो | १ योजन |

शब्दार्थः–छ अंगुलोये एक पादथाय, बे पादोनी एक वेंत, बे वेंतनो हाथ. अने बे हाथे एक कुक्षि कहेवाय छे. ॥ ५९ ॥ बे कुक्षिये एक दंड थाय, तेटलाज ( दंड जेटला ) प्रमाणवाळुं धनुष् होय, युग, मुशल, नालिका ( दंड, धनुष ) ए सर्व सरखा ( एक अर्थप्रमाणवाळा ) छे. ॥ ६० ॥ आ दंड विगेरे सर्व पण छन्नुं आंगले [ चार हाथे, बे कुक्षिये ] मपायेला छे. आ शासनमां धनुषनी बे-हजार संख्या ( बे हजारधनुष ) वडे एककोश थाय ॥ ६१ ॥ चारकोश (गाउ) वडे एक योजन थाय, परन्तु ते योजन उत्सेध, आत्म, प्रमाण, अंगुलेकरी जुदुं जुदुं त्रण प्रकारे थाय छे.

अर्थात्–आ योजन उत्सेधयोजन आत्मांगुलयोजन ने प्रमाणांगुलयोजन ए रीते ३ प्रकारनो (ते ते अङ्गुलना अनुक्रमथी) जुदा जुदा प्रकारनोछे ॥ ६२ ॥ अने ए रीते अंगुलना तफावतवडे वेंत–पाद इत्यादि सर्व प्रमाण त्रण त्रण प्रकारनां जाणीने पोतपोताने उचित स्थाने यथासंभव ( जे मापमां जे प्रमाणनो उपयोग थतो होय ते प्रमाणथी ) योजवां ( उपयोगमां लेवां, ) ॥ ६३ ॥ अहिं प्रमाणांगुल योजनना मापथी असंख्य कोडाकोडि योजननो १ राज ( रज्जु ) कहेल छे ॥ ६४ ॥ स्वयंभूरमणसमुद्रनी जे पूर्ववेदिका अने पश्चिम वेदिका ते बन्ने वेदिकाओनुं पूर्वथी पश्चिम सुधीनुं ( वच्चेनुं ) जे अंतराल ( अंतर ) ते एक रज्जु ( मान विशेष ) प्रमाण थायछे. ( ए प्रमाणे लोकोत्तर जैन शास्त्रने अनुसारे अंगुलादिकनुं प्रमाण कह्युं ) ॥ ६५ ॥ लोकोवडे अन्य शास्त्रमां–" ८ यव मध्यनो १ अंगुल, २४ अंगुलनो १ हाथ, ४ हाथनो एक दंड, तेवा २००० दंडनो १ गाउ, ४ गाउनो एक योजन, तथा–१० हाथनो १ वंश ( वांस ), २० वंसनो १ निवर्तन, अने ४ हाथयुक्त

२० वंशनुं ( २०४ हाथनुं ) [१] क्षेत्र, इत्यादिरीते कहेवायछे ॥६६ ॥ ६७ ॥

॥ इति ३ अंगुलादि, योजन, अने रज्जु (राजलोक)नुं प्रमाण कह्युं ॥

## ॥ हवे [१]पल्योपमनुं तथा [२]सागरोपमनुं स्वरूप कहेवाय छे. ॥

मानं पल्योपमस्याथ, तत्सागरोपमस्य च । वक्ष्ये विस्तरतः किंचित्, श्रुत्वा श्रीगुरुसन्निधौ ॥ ६८ ॥ आद्यमुद्धारपल्यं स्या--दद्धापल्यं द्वितीयकम् । तृतीयं क्षेत्रपल्यं स्या--दिति पल्योपमं त्रिधा ॥ ६९ ॥ एकैकं द्विप्रकारं स्यात्, सूक्ष्मबादरभेदतः । त्रैधस्यैवं सागरस्या--प्येवं ज्ञेया द्विभेदता ॥ ७० ॥ उत्सेधांगुलसिद्धैक--योजनप्रमितोऽवटः । उण्डत्वाया-मविष्कंभै--रेष पल्य इति स्मृतः ॥ ७१ ॥ परिधिस्तस्य वृत्तस्य, योजनत्रितयं भवेत् । एकस्य योजनस्योन- षष्ठभागेन संयुतम् ॥ ७२ ॥ संपूर्य उत्तरकुरु--नृणां शिरसि मुंडिते ॥ दिनैरेकादि-सप्तान्तै- रूढकेशाग्रराशिभिः ॥७३॥ क्षेत्रसमासबृहद्वृत्ति--जंबूद्वीपप्रज्ञप्तिवृत्त्यभिप्रायोऽयम्. (सा० १२-१३) प्रवचनसारोद्धारवृत्ति--संग्रहणीबृहद्वृत्त्योस्तु ।

"मुण्डिते शिरसि एकेनाह्ना द्वाभ्यामहोभ्यां यावदुत्कर्षतः सप्तभिरहोभिः प्ररूढानि बालाग्राणीत्यादि सामान्यतः कथनादुत्तरकुरुनरबालाग्राणि नोक्तानीति ज्ञेयम्" ॥ (सा० १४-१५)

वीरं जयसेहरक्षेत्रविचारसत्कस्वोपज्ञवृत्तौ तु--

"देवकुरूत्तरकुरुजसप्तदिनजातोरणस्योत्सेधांगुलप्रमाणं रोम सप्तकृत्वोऽष्टखंडीकरणेन विंशतिलक्षसप्तनवतिसहस्रैकशतद्विपंचाशत्प्रमितखण्डभावं प्राप्यते, तादृशै रोमखण्डैरेष पल्यो भ्रियत इत्यादिरर्थतः संप्रदायो दृश्यत इति ज्ञेयम्" ॥ ( सा. १६ )

१ पल्य-कूवानी छे. उपम-उपमा जेने ते पल्योपम.

२ सागर-समुद्रनी छे. उपम-उपमा जेने ते सागरोपम.

एतानि चांगुलसत्कानि रोमखण्डानि चतुर्विंशतिगुणानि हस्ते, तानि चतुर्गुणानि धनुषि, तानि द्विसहस्रगुणानि क्रोशे, एवं क्रमेण समवृत्तघनयोजनपल्यगतो रोमखण्डराशिर्भवति ॥ स चांकतो यथा ॥ त्रयस्त्रिंशत्कोटयः स्युः, सप्त लक्षाणि चोपरि । द्वाषष्टिश्च सहस्राणि, शतं च चतुरुत्तरम् ॥ ७४ ॥ एतावत्यः कोटिकोटि--कोटाकोट्यः स्मृता अथ ॥ चतुर्विंशतिर्लक्षाणि, पञ्चषष्टिः सहस्रकाः ॥ ७५ ॥ पंचविंशाः शताः षट् च, स्युः कोटाकोटिकोटयः ॥ कोटाकोटीनां च लक्षा, द्विचत्वारिंशदित्यथ ॥ ७६ ॥ एकोनविंशतिरपि, सहस्राणि शता नव । षष्टिश्चोपरि कोटीनां, मानमेवं निरूपितम् ॥७७॥ लक्षाणि सप्तनवति--स्त्रिपञ्चाशत्सहस्रकाः । षट् शतानि च पल्येऽस्मिन्, स्युः सर्वे रोमखण्डकाः ॥ ७८ ॥ त्रित्रिखाश्वरसाक्ष्याशावाह्यब्ध्यब्धिरसेन्द्रियाः। षट्द्विपञ्चचतुर्द्व्येकां-कांकषट्खांकवाजिनः ॥ ७९ ॥ पञ्च त्रीणि च षट् किञ्च, नव खानि ततः परम् । आदितः पल्यरोमांश—राशिसंख्यांकसंग्रहः ॥८०॥ अत्रोक्तशेषो विस्तरस्तु उपाध्यायश्रीशान्तिचन्द्रगणिकृतश्रीजम्बूद्वीपप्रज्ञप्तिवृत्तेरवसेयः (सा०१७)॥तथा निबिडमाकण्ठं,भ्रियते स यथा हि तत् । नाग्निर्दहति वालाग्रं,सलिलं च न कोथयेत्॥८१ यथा च चक्रिसैन्येन, तमाक्रम्य प्रसर्पता । न मनाक्क्रियते नीच—रेवं निबिडतां गतात् ॥ ८२ ॥ समये समये तस्मा—द्वालखंडे समुद्धृते । कालेन यावता पल्यः, स भवेन्निष्ठितोऽखिलः ॥ ८३ ॥ कालस्य तावतः संज्ञा, पल्योपममिति स्मृता । तत्राप्युद्धारमुख्यत्वा–दिदमुद्धारसंज्ञितम् ॥ ८४ ॥ [ त्रिभि-

विशेषकम् ] इदं बादरमुद्धार--पल्योपममुदीरितम् । प्रमाणमस्य संख्याताः । समयाः कथिता जिनैः ॥ ८५ ॥ अस्मिन्निरूपिते सूक्ष्मं, सुबोधमबुधैरपि । अतो निरूपितं नान्य--त्किंचिदस्य प्रयोजनम् ॥ ८६ ॥ एतेषामथ पल्यानां, दशभिः कोटिकोटिभिः ॥ भवेद्बादरमुद्धार--संज्ञकं सागरोपमम् ॥८७॥ अथैकैकस्य पूर्वोक्त--वालाग्रस्य मनीषया ॥ असंख्येयानि खण्डानि, कल्पनीयानि धीधनैः ॥ ८८ ॥ यत्सूक्ष्मं पुद्गलद्रव्यं छद्मस्थश्चक्षुषेक्षते । तदसंख्यांशमानानि, तानि स्युर्द्रव्यमानतः ॥ ८९ ॥ सूक्ष्मपनकजीवाङ्ग--ऽवगाढक्षेत्रतोऽधिके । असंख्येयगुणे क्षेत्र--ऽवगाहन्त इमानि च ॥ ९० ॥ व्याचक्षतेऽथ वृद्धास्तु, मानमेषां बहुश्रुताः । पर्याप्तबादरक्षोणी--कायिकांगेन सम्मितम् ॥ ९१ ॥ समानान्येव सर्वाणि, तानि च स्युः परस्परम् । अनन्तप्रादेशिकानि, प्रत्येकमखिलान्यपि ॥ ९२ ॥ ततस्तैः पूर्यते प्राग्वत् , पल्यः पूर्वोक्तमानकः । समये समये चैकं, खण्डमुद्ध्रियते ततः ॥ ९३ ॥ निःशेषं निष्ठिते चास्मिन्, सूक्ष्ममुद्धारपल्यकम् । संख्येयवर्षकोटीभिर्मितमेतदुदाहृतम् ९४ सुसूक्ष्मोद्धारपल्यानां, दशभिः कोटिकोटिभिः । सूक्ष्मं भवति चोद्धाराभिधानं सागरोपमम् ॥९५॥ आभ्यां सागरपल्याभ्यां, मीयन्ते द्वीपसागराः । अस्याः सार्द्धद्विसागर्याः, समयैः प्रमिता हि ते ॥ ९६ ॥ यद्वैतासु पल्यकोटा--कोटीषु पञ्चविंशतौ । यावन्ति वालखण्डानि । तावन्तो द्वीपसागराः ॥ ९७ ॥ एकादिसप्तान्तदिनो--द्गतैः केशाग्रराशिभिः । भृतादुक्तप्रकारेण, पल्यात्पूर्वोक्तमानतः ॥ ९८ ॥ प्रतिवर्षशतं खण्ड--मेकमेकं समुद्ध-

रेत् । निःशेषं निष्ठिते चास्मि--न्नद्धापल्यं हि बादरम् ॥९९॥ एतेषामथ पल्यानां, दशभिः कोटिकोटिभिः । भवेद्बादरमद्धाख्य, जिनोक्तं सागरोपमम् ॥ १०० ॥ पूर्वरीत्याथ वालाग्रैः, खण्डीभूतैरसंख्यशः । पूर्णात्पल्यात्तथा खण्डं, प्रतिवर्षशतं हरेत् ॥१॥ कालेन यावता पल्यः, स्यान्निर्लेपोऽखिलोऽपि सः । तावान्कालो भवेत्सूक्ष्म--मद्धापल्योपमं किल ॥ २ ॥ एतेषामथ पल्यानां, दशभिः कोटिकोटिभिः ॥ सूक्ष्ममद्धाभिधं ज्ञानसागराः सागरं जगुः ॥ ३ ॥ सूक्ष्माद्धापल्यवार्धिभ्यामाभ्यां मीयन्त आर्हतैः । आयूंषि नारकादीनां, कर्मकायस्थिती तथा ॥ ४ ॥ एतेषामेव वार्धीनां दशभिः कोटिकोटिभिः । उत्सर्पिणी भवेदेका, तावत्येवावसर्पिणी ॥ ५ ॥ एकादिसप्तांतघस्र–रूढकेशाग्रराशिभिः । भृतादुक्तप्रकारेण, पल्यात्पूर्वोक्तमानतः ॥ ६॥ तत्तद्वालाग्रसंस्पृष्ट-खप्रदेशापकर्षणे । समये समये तस्मिन्, प्राप्ते निःशेषतां तथा ॥ ७ ॥ कालचक्रसंख्यातेमितं तत्क्षेत्रनामकम् । बादरं जायते पल्यो-पममेवं जिनमतम् ॥ ८ ॥ कोटाकोट्यो दशैषां च, बादरक्षेत्रसागरम् । सुबोधतायै सूक्ष्मस्य, कृतमेतन्निरूपणम् ॥ ९ ॥ छिन्नैरसंख्यशः प्राग्वत्, केशाग्रैः पल्यतो भृतात् । समये समये चैकः, खप्रदेशोऽपकृष्यते ॥ ११० ॥ एवं केशांशसंस्पृष्टा–ऽसंस्पृष्टाभ्रांशकर्षणात् । तस्मिन्निःशेषिते सूक्ष्मं, क्षेत्रपल्योपमं भवेत् ॥ ११ ॥ यद्यप्यत्र वालाग्रखंडस्पृष्टास्पृष्टनभःप्रदेशाकर्षणेऽधिकृते एककस्य वालाग्रस्याऽसंख्यभागकरणं नोपयुक्तमुभयथाप्यविशेषात्, तथापि प्रवचनसारोद्धारवृत्त्यादिषु पूर्वग्रन्थेषु तथादर्शनादत्रापि

तथोक्तमिति क्षेत्रम् (ल० १८) ॥ नन्वेवं निचिते पल्ये, वालाग्रैः संभवन्ति किम् । नभःप्रदेशा अस्पृष्टा—स्तदुद्धारो यदीरितः॥१२॥ उच्यते संभवन्त्येवा--ऽस्पृष्टास्ते सूक्ष्मभावतः ॥ नभोंऽशकानां वालाग्र—खण्डौघात्तादृशादपि ॥ १३ ॥ यथा कुष्मांडभरिते, मातुलिंगानि मञ्चके ॥ मान्ति तैश्च भृते धात्री—फलानि बदराण्यपि ॥१४॥ तत्रापि मान्ति चणका—दयः सूक्ष्मा यथाक्रमम् । एवं वालाग्रपूर्णेऽपि, तत्रास्पृष्टा नभोंऽशकाः ॥ १५ ॥ यद्वा ॥ यतो घनेऽपि स्तम्भादौ, शतशो मान्ति कीलकाः ॥ ज्ञायतेऽस्पृष्टखांशानां, ततस्तत्रापि संभवः ॥ १६ ॥ एवं वालाग्रखण्डौघै—रत्यन्तनिचितेऽपि हि ॥ युक्तैव पल्ये खांशाना—मस्पृष्टानां निरूपणा ॥ १७ ॥ एतेषामथ पल्यानां, दशभिः कोटिकोटिभिः ॥ सूक्ष्मं सूक्ष्मैक्षेभिः क्षेत्र—सागरोपममीक्षितम् ॥ ॥ १८ ॥ बादरक्षेत्रपल्यांभो—निधिभ्यां सूक्ष्मके इमे ॥ असंख्य गुणमाने स्तः, कालतः पल्यसागरे ॥ १९ ॥ क्षेत्रसागरपल्याभ्या—माभ्यां प्रायः प्रयोजनम् ॥ द्रव्यप्रमाणचिन्तायां, दृष्टिवादे क्वचिद्भवेत् ॥ २० ॥ पल्यं पल्योपमं चापि, ऋषिभिः परिभाषितम् ॥ सारं वारिधिपर्यायं, सागरं सागरोपमम् ॥२१॥

हवे श्रीगुरुना मुखथी श्रवण करीने पल्योपमनुं अने तेना ( जे नामनो पल्योपम ते नामवाळा ) सागरोपमनुं प्रमाण कंइक विस्तारथी कहीश. ॥६८॥ त्यां प्रथम उद्धारपल्योपम, बीजो अद्धापल्योपम अने त्रीजो क्षेत्रपल्योपम ए रीते पल्योपम ३ प्रकारना छे. ॥ ६९ ॥ ते पण दरेक सूक्ष्म—अने बादर ए भेदथी बे बे प्रकारना छे ( अर्थात् पल्योपम ६ प्रकारना छे. ) अने ए प्रमाणे षणे प्रकारना सागरोपम पण बे बे भेदवाळा जाणवा. ॥७०॥ ते आ प्रमाणे—

१. बादर उद्धार पल्योपम (वा सागरोपम)
२. सूक्ष्म उद्धार पल्योपम (वा सागरोपम)
३. बादर अद्धा पल्योपम (वा सागरोपम)
४. सूक्ष्म अद्धा पल्योपम (वा सागरोपम)
५. बादर क्षेत्र पल्योपम (वा सागरोपम)
६. सूक्ष्म क्षेत्र पल्योपम (वा सागरोपम)

उत्सेधांगुले निष्पन्न थयेल [ उत्सेधांगुलमानवाळा ] १ योजनप्रमाणनो उंडो–लांबो–अने पहोळो एवो जे मोटो खाडो–कूवो ते पल्य कहेल छे, ॥७१॥ ते पल्यनी गोळाइनो परिध १ योजनना किंचित् न्यून ६ ट्ठा भाग युक्त ३ योजन प्रमाण छे, [ अर्थात् किंचित् न्यून ३ $\frac{1}{6}$ योजन छे,॥७२॥ ते कूवाने देवकुरु अथवा उत्तरकुरु मनुष्योना मुंडावेला मस्तकपर एकथी सात दिवस सुधीना उगेला *वालाग्रना राशिवडे पूरवो ॥७३॥ ए क्षेत्रसमासबृहद्वृत्ति अने जम्बूद्वीपप्रज्ञप्तिवृत्तिनो अभिप्राय कह्यो.

प्रवचनसारोद्धारवृत्ति–अने संग्रहणीनी बृहद्वृत्तिमां तो ए प्रमाणे कह्युं छे के–" मस्तक मुंडाव्ये छते एक दिवसना–बे दिवसना यावत् उत्कृष्टथी ७ दिवसना उगेला वालाग्रो " इत्यादि सामान्यपणे कहेवाथी उत्तरकुरुमनुष्यना वालाग्र(के कोइ बीजा क्षेत्रवर्ती मनुष्यना वालाग्र? ते) कह्या नथी एम जाणवुं. अने वीरंजयसेहर क्षेत्रविचारनी स्वोपज्ञवृत्तिमां तो " देवकुरु अने उत्तरकुरुमां उत्पन्न थयेला सात दिवसना जन्मेला घेटाना १

---

* अहिं वालाग्र एटले वाळमां अग्रभाग नहिं पण " अमुक प्रमाणनो वाळ " ते वालाग्र कहेवाय अग्र शब्द अमुक प्रमाणवाचक छे जेथी मुंडापनदिवसथी सात दिवस सुधीमां जेटला वधे तेटला वाळोनुं वालाग्र लेवुं,


१ ए युगलिक मनुष्योने मस्तक मुंडाववानुं होय नहिं परन्तु कोइपण मुंडावेल मस्तवाळा मनुष्यनो एकथी सात दिवस सुधीमां जेटलो वाळ उगे ते वाळ जणाववा दृष्टांत मात्र आपवानुं छे.

२ क्षेत्रसमासनी पहेली गाथानुं पहेलुं चरण " वीरंजयसेहरपय " ए प्रमाणे होवाथी ए लघुक्षेत्रसमासनुं नाम " वीरंजयसेहर क्षेत्रसमास " छे.

३ मूळकर्त्ताथी रचेली.

## चित्र नंबर २

## पल्य




आ समघनवृत्त १ योजन प्रमाण पल्य (कूवो) छे. तेमां रोमखंडवालाग्र भरेला छे बादर पल्योपम लाववा एकवालना संख्यात टुकडाओ अने सूक्ष्म पल्योपम लाववा एकेका खंडना असंख्य असंख्य टुकडाओ करीने भरवा. झीणामां झीणा पण पुद्गल स्कंधमां प्रायः विरल प्रदेशो होय छे तेथीज स्पृष्ट प्रदेशो करतां अस्पृष्टप्रदेशो असंख्यात गुणा होय छे.

आनन्द प्रो. प्रेस—भावनगर.

उत्सेधांगुल प्रमाण रोमने सातवार ओठ आठ खंड करवाथी २०९-७१५२ खंड ( भाग ) थाय, तेवा रोमखंडवडे आ पल्य भरवो " इ-त्यादि संप्रदाय[2] अर्थ देखाय छे एम जाणवु. ए एकेक अङ्गुलना करेला रोमखंडनी राशिने २४ गुणी करीए तो ( ५०३३१६४८ रोमखंड ) १ हाथ जेटली जग्यामां समाय; पुनः एने ४ गुणा करतां ( २०१३२६५९२ रोमखंड ) एक धनुष्य जेटली जग्यामां समाय. पुनः तेने २००० गुणा करतां ( ४०२६५३१-८४००० रोमखंड ) एक गाउमां समाय; ए प्रमाणे अनुक्रमे सरखा गोळाकारवाळा १ घनयोजन ( १ योजन लांबो—एक योजन पहोळो ने एक योजन ऊंडा एवा ) कूवामां रहेला रोमखंडनो जे राशि थाय छे ते आंकडाथी कहेवाय छे. ३३ क्रोड ७ लाख अने उपर ६२ हजार एकसो चार एटली कोडाकोडी कोडाकोडिओ कहेली छे. पुनः २४ लाख ६५ हजार छसे ने पचीश कोडाकोडि कोडि छे. पुनः ४२ लाख १९ हजार ९ सो ने ६० एटली कोडाकोडि. अने ९७ लाख ५३ हजार ने ६ सो क्रोड एटला सर्व रोमखंड आ पल्यमां (कूवामां) समाय. ॥ ७४ थी ७८ ॥ अर्थात्[3] ३३०७६२१०४,२४६५६२५,४२१९९-६०,९७५३६००,०००००० ए प्रमाणे पल्योपमनी रोमखंड संख्यानो अंक अहिं प्रथमथी अनुक्रमे गणवो ( परन्तु शास्त्रकथित अंकानां वामतोगतिः ने अनुसारे नहिं. ए तात्पर्य छे, ) ॥ ७९–८० ॥ अहिं पूर्वे कह्याथी बाकी रहेलो विस्तार जम्बूद्वीपप्रज्ञप्तिनी वृत्तिथी जाणवो.

---

१ विवक्षित १ रोमना प्रथमवखत ८ खंड कर्याबाद पुनः ते आठे खंडना बीजीवार आठ आठ खंड करवाथी ६४ थाय पुनः ते ६४ मांना दरेकना त्रीजीवार आठ आठ खंड करवाथी ५१२ खंड थाय चोथीवार ४०९६, पांचमीवार ३२७६८, छठीवार २६२१४४ अने ए रीते सातमीवार आठ आठ खंड करतां २०९७१५२ खंड ( १ उत्सेधांगुल वालना ) थाय.

२ संप्रदाय अर्थ—गुरुपरंपराथी चाल्यो आवतो अर्थ के जे शास्त्रमां होय अथवा न पण होय.

३ प्रथम एक गाउमां समायला रोमखंडने ४ गुणा करतां १६१०६१२७३६००० रोमखंड १ सूची योजनमां समाय, तेनो वर्ग करतां ( तेटलाथज गुणतां ) २५९४०,७३३८५३,६५४०५६१,६०००००० रोमखंड १ प्रतर योजनमां समाय, पुनः एनो वर्ग करतां ४१७८०४७६३,२५८८१५८.४२७७८४५४४२५,६०००००-०००० रोमखंड एक घनयोजनमां समाय, परन्तु एटला रोमखंड चोरस घन

ते कूवाने तेवा प्रकारना रोमखंडथी एवी रीते किनारा सुधी निबिड (नक्कर) भरवो के जेथी ते वालाग्रने अग्नि बाळी शके नहिं, पाणी भिंजावी शके नहिं. ॥८१॥ वळी तेने चांपीने चालता एवा चक्रवर्तीना सैन्यवडे (तेमांनो एक वालाग्र पण ) नीचो नमावाय ( दबाय ) नहिं, एवी रीते नक्कर भरेला ते कुवामांथी ॥ ८२ ॥ एकेक समये एकेक वालाग्र काढये छते जेटला काले ते कुवो सघळो खाली थाय ॥ ८३ ॥ तेटला काळनी पल्योपम एवी संज्ञा (नाम) कहेली छे, तेमां पण ( प्रति समये प्रत्येक रोमखंड ) उद्धरवानो–बहार काढवानी मुख्यताए आ ( बादर ) उद्धार नामनुं (पल्योपम) छे, ॥ ८४ ॥ आ जे बादर उद्धारपल्योपम कह्यो छे. तेनुं प्रमाण जिनेश्वरोए संख्यात समय कहेल छे. ॥ ८५ ॥ वळी आ बादरनुं प्रथम निरूपण कर्याथी सूक्ष्मपल्योपम अल्पमतिवाळा जीवोथी पण सुखे समजी शकाय माटे प्रथम बादर पल्योपमनुं निरूपण करेल छे, माटे आ बादर पल्योपमना निरूपणनुं बीजुं कइपण प्रयोजन नथी. ॥ ८६ ॥ अने एवा १० कोडाकोडि बा०उ० पल्योपमनो एक बादर उद्धार ( नामनो ) सागरोपम थाय. ॥ ८७ ॥ ( सूक्ष्म–उद्धार पल्योपम )

हवे पूर्वे कहेला दरेक वालाग्रना बुद्धिमान पुरुषोए बुद्धिवडे असंख्य असंख्य खंड कल्पवा ॥ ८८ ॥ द्रव्यप्रमाणथी ( कदमां ) ते रोमखंड छद्मस्थजीव चक्षुवडे जे सूक्ष्मपुद्गलने ( स्कंधने ) जोइ शके छे तेनाथी असंख्यातमा भाग जेवडा नाना होय छे. ॥८९॥ वळी क्षेत्रथी सूक्ष्म साधारण वनस्पतिकायनुं ( निगोदनुं)जीव शरीर जेटला क्षेत्रमां (जेटली जग्यामां) समाइ शके छे ते करतां पण असंख्यगुण अधिक क्षेत्र(जग्या)मां आ रोमखंड समाइ शके छे॥९०॥ वळी बहुश्रुतज्ञानी एवा वृद्धो (पूर्व पुरुषो)कहे छे के–ए रोमखंडोमांना प्रत्येक रोमखंडनुं प्रमाण पर्याप्त बादरपृथ्वीकायना शरीर जेवडुं छे. ॥९१॥ अने ते सर्व रोमखंडो परस्पर सरखा कदना छे. पण कोइ नाना मोटा नथी अने ते पण सर्व अनन्त अनन्त प्रदेशवाळा छे. ॥९२॥ तेथी तेवा सूक्ष्म रोमखंडो वडे पूर्वोक्त प्रमाणवाळा कुवाने

---

योजनमां समाया तेथी घुल घनयोजनमां केटला समाय ते आणवाने प्र संख्याने १९ गुणी करी ( ओगणीशे गुणवाथी. ७९१८२९०८०१९१७५०१०१२७९०६३४०८६४००००००००० संख्या थाय छे. ) २४ थी भागतां पूर्वोक्त संख्या आवी रहे, ( शतक कर्मग्रन्थनी टीकामां वोरसनुं घृत करवा माटे १९ थी गुणी २२ वडे भागवानुं कह्युं छे.)

पूर्वे कहेली रीतिए भरीए, अने त्यारबाद ते कुवामांथी प्रतिसमय एकेक वालाग्र बहार काढीये ॥ ९३ ॥ तो ए कुवो सघळो खाली थतां जेटलो काळ लागे तेटलो काळ सूक्ष्म उद्धार पल्योपम कहेवाय, ए सू०उ० पल्योपमकाळ संख्याता क्रोडवर्ष प्रमाणनो कह्यो छे ॥९४॥ दश कोडाकोडि सूक्ष्मउद्धार पल्योपमे करीने एक सूक्ष्म उद्धार (नामनो) सागरोपम थाय छे. ॥९५॥ आ सू० उ० पल्योपम अने सागरोपम वडे द्वीप अने समुद्रोनी संख्यानुं प्रमाण थइ शके छे. कारणके ए २॥ सू० उ० सागरोपमना जेटला समयो छे तेटलाज द्वीप अने समुद्रो ( बन्ने मळीने ) छे. ॥ ९६ ॥ अथवा एवा २५ कोडाकोडि कुवाओमां जेटला वालाग्र समाय तेटला द्वीपसमुद्रो छे. ॥९७॥ ( अद्धापल्योपमस्वरूप )

तथा एकथी सात दिवस सुधीना उगेला वालाग्रना राशिवडे पुर्वोक्त प्रकारे भरेला (प्रत्येक अङ्गुल प्रमाण वाळना सातवार आठ आठ खंड करीने भरेला) पूर्वोक्त प्रमाणवाळा ( १ योजन लांबो–पहोळो–ने उंडो एवा ) कुवामांथी सो सो वर्षे एकेक वालाग्र बहार काढे तो ते सघळो कुवो खाली थतां जे काळ लागे तेटलो काळ बादर अद्धा पल्योपम कहेवाय ॥ ९८–९९ ॥ अने एवा १० कोडाकोडि बा० अ० पल्योपमनो जिनेश्वरे कहेलो एक बादर अद्धा सागरोपम थाय. ॥ १०० ॥ (सूक्ष्म–अद्धापल्योपम )

तथा पूर्वोक्त रीतिए प्रत्येक वालाग्रनो असंख्यवार खंड कर्ये छते ते असंख्यातमा भाग जेटला सूक्ष्मवालाग्रो वडे भरेला ते कुवामांथी प्रत्येक रोमखंडने तेवीज रीते सो सो वर्षे एकेक ( वालाग्र ) बहार काढे ॥ १०१ ॥ अने जेटले काळे ते सघळो कुवो खाली थाय तेटलो काळ निश्चय सूक्ष्म अद्धा पल्योपम कहेवाय ॥ १०२ ॥ अने तेवा १० कोडाकोडि सू० अद्धापल्योपमे श्री सर्वज्ञोए एक सूक्ष्म अद्धा सागरोपम कहेल छे. ॥ १०३ ॥ आ सूक्ष्म अद्धापल्योपम अने सागरोपम वडे श्री अरिहन्तो नारकी वगेरे जीवोनां आयुष्य, कर्मनी स्थिति–तथा जीवोनी स्वकाय स्थिति वगेरे मापे छे. ॥ १०४ ॥ वळी एज १० कोडाकोडि सूक्ष्म अद्धा सागरोपमनी एक उत्सर्पिणी, अने तेटलाज प्रमाणवाळी एक अवसर्पिणी थाय छे. ॥ १०५ ॥ ( क्षेत्रपल्योपमस्वरूप )

तथा एकथी मांडीने सात दिवस सुधीना उगेला वालाग्रना राशि वडे पूर्वोक्त प्रकारे ( प्रत्येक रोमना सातवार आठ आठ खंड करवा पूर्वक ) भरेला

पूर्वोक्त प्रमाणवाळा कुवामांथी ॥ १०६ ॥ ते ते वालाग्रने स्पर्शेला आकाशप्रदेशोने प्रतिसमये एकेक ( आकाश प्रदेश ) काढतां तेवीज रीते ते स्पृष्ट आकाशप्रदेशो संपूर्ण काढी रह्या छते जे असंख्य काळचक्र ( २० को० को० सागरोपमनुं १ काळचक्र एवां असंख्य काळचक्र ) जेटलो काळ लागे तेटलो काळ बादर क्षेत्र पल्योपम थाय एम श्री जिनेश्वरोए मानेलुं छे. ॥ १०७–१०८ ॥ अने एवा १० कोडाकोडि बा० क्षे० पल्योपमे एक बादर क्षेत्र सागरोपम थाय. वळी आ बा० क्षे० पल्योपम तथा सागरोपमनुं निरूपण सूक्ष्म क्षेत्र पल्यो० तथा सागरो० सुखे समजवा माटे करेलु छे. बीजुं कंइ प्रयोजन नथी. ॥१०९॥

पुनः पूर्वोक्त रीतिए असंख्यवार खंडित करेल ( एटले दरेकना असंख्य असंख्य खंड करेल ) वालाग्रो वडे भरेला कुवामांथी प्रत्येक समये एकेक आकाश प्रदेश अपहरे–बहार काढे ॥ ११० ॥ तो ए प्रमाणे वालाग्रोने स्पर्शेला अने नहिं स्पर्शेला आकाश प्रदेशोने बहार काढतां ते कुवो संपूर्ण खाली थये छते ( अथवा ते कुवामांना सर्व आकाशप्रदेशो अपहराये छते ) जेटलो काळ लागे तेटलो काळ सूक्ष्म क्षेत्रपल्योपम कहेवाय. ॥ १११ ॥

जो के अहिं वालाग्रने स्पर्शेला अने नहिं स्पर्शेला आकाशप्रदेशो बहार काढवामां प्रत्येक वालाग्रना असंख्य भाग करवानुं प्रयोजन नथी कारणके असंख्य भाग करे अथवा न करे तो पण बन्ने रीते सरखुं ज छे, छतां पण प्रवचनसारोद्धार वृत्ति वगेरे पूर्वग्रंथोमां तेवा प्रकारे देखवाथी अत्रे पण तेमज ( असंख्यभाग करवानुं ) कहेलुं छे. एम जाणवुं.

---

१ प्रश्नः-ज्यारे वालाग्रने स्पर्शेला अने नहि स्पर्शेला (एटले आखा कुवाना) आकाशप्रदेशो काढवा छे तो वालाग्र भरवानुं कांइ प्रयोजन नथी.

उत्तर–दृष्टिवादमां केटलाएक द्रव्य वालाग्र स्पृष्ट आकाशप्रदेश वडे, केटलांएक अस्पृष्ट आकाशप्रदेशवडे अने केटलांएक स्पृष्टास्पृष्ट आकाशप्रदेशवडे मपाता होवाथी वालाग्र भरवानुं प्रयोजन छे.आ प्रमाणे बृहत्संग्रहणि टीका–अनुयोगद्वारवृत्ति पंचमकर्मग्रंथवृत्ति विगेरेमां कहेलु छे, इति विशेषः)

प्रश्न—ए प्रमाणे वालाग्रोवडे कुवो अति निबिड भर्ये छते पण शुं वालाग्रने नहिं स्पर्शला आकाशप्रदेशो होय छे ? के जेथी ते अस्पृष्ट प्रदेशोने उद्धरवानुं कर्युं छे ! ॥ ११२ ॥

उत्तर—तथा प्रकारना वालाग्रखंडना समूहथी पण आकाशप्रदेशो अति सूक्ष्म होवाथी ते आकाशप्रदेशोमांना केटलाएक आकाशप्रदेशो वालाग्रखंडोने नहिं स्पर्शेला पण संभवी शके छे. ॥ ११३ ॥ जेमके कोळां वडे भरेला मंचकमां (मांचा वगेरे स्थानविशेषमां) बीजोरां समाय छे, अने बीजोरांना आंतराओमां जेम हरडे अने हरडेना आंतराओमां बोर ॥११४॥ अने बोरना आंतराओमां जेम चणा वगेरे अनुक्रमे नानी नानी वस्तुओ समाय छे ते प्रमाणे सूक्ष्मवालाग्रोवडे भरेला एवा ते कुवामां पण अतिसूक्ष्म एवा आकाशप्रदेशो अस्पर्शायला रहे छे. ॥ ११५ ॥ अथवा जेम नक्कर एवा थांभला वगेरेमां सेंकडो खीला समाइ जाय छे, तेम ते कुवामां पण नहिं स्पर्शेला आकाशप्रदेशोनो संभव होय छे. ॥ ११६ ॥ ए प्रमाणे वालाग्रना खंडसमूहवडे अत्यन्त भरेला एवा कुवामां पण नहिं स्पर्शेला आकाशप्रदेशोनी प्ररूपणा करी ते योग्यज छे ॥ ११७

हवे ए १० कोडाकोडि सू० क्षे० पल्योपमनो एक सूक्ष्मक्षेत्रसागरोपम सूक्ष्मदृष्टिवाळा सर्वज्ञोए जोयेल छे. ॥ ११८ ॥ बादर क्षेत्रपल्योपम अने सागरोपमथी आ सूक्ष्मक्षेत्रपल्योपम अने सागरोपमनो काळ असंख्यगुणो छे. ॥ ११९ ॥ आ सू० क्षे० पल्योपम अने सागरोपमनुं प्रयोजन प्रायः श्री दृष्टिवादसूत्रमां कोइ कोइ स्थाने त्रसादि द्रव्योनी संख्या मापवाने माटे होय छे. ॥ १२० ॥ पूर्वाचार्योए पल्योपम, पल्य अने सागरोपम—सार—वारिधि—सागर ( अतर ) इत्यादि पर्याय शब्दो ( एकार्थसूचक शब्दो ) कहेला छे. ॥ १२१ ॥ ॥ इति पल्योपमसागरोपमस्वरूपम् ॥

---

१ पूर्वे कहेला वालाग्रो वडे समवृत्त घनयोजन कुवो कोइ देवादिके भर्यो नथी भरता नथी ने भरशे पण नहिं, परन्तु काळनुं प्रमाण समजाववाने माटे ए सर्व कल्पनानुं दृष्टान्त आपेल छे.

॥ पल्योपम—

| संख्या (१) | पल्योपमनामानि (२) | वालाग्र (वा आकाशप्रदेश) संख्या (३) | वालाग्रप्रमाण (४) |
|---|---|---|---|
| १ | बादर उद्धार पल्यो० | ३३०७६ इत्यादि ३७ अंक प्रमाण | अंगुलना संख्यातमा भागना |
| २ | सूक्ष्म उद्धार पल्यो० | बा० उ० ना वालाग्रोथी असंख्य गुणा | पर्या० बा० पृथ्वीदेह जेवडा, वा मूळ वालाग्रनो असंख्यातमा भागना |
| ३ | बादर अद्धा पल्यो० | बा० उ० ना वालाग्र जेटला | बा० उ० ना वालाग्र जेवडा |
| ४ | सूक्ष्म अद्धा पल्यो० | सू० उद्धारना वालाग्र जेटला | सू० उद्धारना वालाग्र जेवडा |
| ५ | बादर क्षेत्र पल्यो० | वालाग्र स्पृष्ट असंख्य आकाशप्रदेश | आकाश प्रदेश तुल्य |
| ६ | सूक्ष्म क्षेत्र पल्यो० | पल्यगत वालाग्र स्पृष्ट तथा अस्पृष्ट सर्व आकाश प्रदेशो | ,, |

भेदयन्त्रकम् ||

| उद्धरणकालः ( प्रत्येक बालाग्रस्य वा आकाशप्रदेशस्य ) (५) | उद्धारसमाप्तिकालः (६) | प्रयोजनम् (७) |
| --- | --- | --- |
| प्रति समये | ३३०७६ इत्यादि ३७ अंक जेटला समय ( संख्यात समय ) | सू० उद्धार पल्यो० समजवा माटे. |
| प्रति समये | [illegible] क्रोड वर्ष | द्वीपसमुद्रोनी संख्या मपाय छे. |
| दर १०० वर्षे | बा० उ० ना बालाग्र जेटलां १०० वर्ष ( संख्यात १०० वर्ष ) | सू० अद्धा पल्यो० समजवा माटे. |
| दर १०० वर्षे | असंख्यात वर्ष. | आयुष्य, कायस्थिति, कर्मस्थिति, उत्सर्पिणी आदि मपाय छे. |
| प्रति समये | असंख्य कालचक्र | सूक्ष्मक्षेत्रपल्यो० समजवा माटे. |
| प्रति समये | असंख्य कालचक्र | जीवादिद्रव्य संख्या मपाय छे केटलांयक स्पृष्ट उद्धरणथी केटलांयक अस्पृष्टथी केटलांयक उभयथी. |

## ॥ हवे संख्यात--असंख्यात--अने अनन्तनुं स्वरूप कहेवायछे. ॥

अथ संख्यातादिकानां, स्वरूपं किंचिदुच्यते । श्रोतव्यं तत्सावधानै--र्जनैस्तत्त्वबुभुत्सुभिः ॥ १२२ ॥ त्रिधा संख्यातं जघन्य--मध्यमोत्कृष्टभेदतः । असंख्याताऽनन्तयोस्तु, भेदा नव नवोदिताः ॥१२३॥ परीत्तासंख्यातमाद्यं, युक्तासंख्यातकं परम्। तार्त्तीयीकमसंख्याता--संख्यातं परिकीर्त्तितम् ॥ १२४ ॥ परीत्तानन्तमाद्यं स्या--द्युक्तानंतं द्वितीयकम् । अनंतानंतकं तार्त्ती--यीकं च गदितं जिनैः ॥१२५॥षडप्येते स्युर्जघन्य--मध्यमोत्कृष्टभेदतः । अष्टादशाथ संख्यातै--स्त्रिभिः सहैकविंशतिः ॥ १२६ ॥ द्वावेव लघु संख्यातं, त्र्यादिकं मध्यमं ततः । अर्वागुत्कृष्टसंख्यातात , नैकस्तु गणनां भजेत् ॥ १२७ ॥ यत्तु संख्यातमुत्कृष्टं, तत्तु ज्ञेयं विवेकिभिः । चतुष्पल्याद्युपायेन, सर्षपोत्करमानतः ॥ १२८॥ तच्चैवम् ॥ ( संख्यातादिभेदोनो उद्देश, संख्यातभेदवर्णन )

अर्थ--हवे संख्यातादिकनुं कंइक स्वरुप कहेवाय छे, ते तत्त्वजिज्ञासु जनोए सावधानपणे सांभळवुं ॥ १२२ ॥ जघन्य--मध्यम--अने उत्कृष्ट ए प्रमाणे संख्यातना ३ प्रकार छे, अने असंख्यात तथा अनंतना नव नव भेद कहेला छे. ॥ १२३ ॥ तेमां प्रथम प्रत्येक असंख्यात, बीजुं युक्त असंख्यात, अने त्रीजुं असंख्यात असंख्यात कहेलुं छे, ॥१२४॥ तथा प्रथम प्रत्येक अनंत छे, बीजुं युक्त अनंत, अने त्रीजुं अनंतानंत श्रीजिनेश्वरोए कहेलुं छे. ॥ १२५ ॥ ए छए जघन्य--मध्यम--अने उत्कृष्ट ए त्रण त्रण भेदवाळा होवाथी १८ थाय छे, अने पूर्वोक्त संख्यातना ३ भेद मेळवतां संख्यातादिकना सर्व २१ भेद थाय छे. ॥ १२६ ॥ तेमां बे ( २ नी संख्या ) ते जघन्य संख्यात, अने त्रण ( ३ ) थी मांडीने उत्कृष्ट संख्यातथी अर्वाक् ( पहेलां--१ कमी ) सुधीनी सर्व संख्याओ मध्यम संख्यात कहेवाय छे. पण एक ( १ ) नी संख्या गणवीमां

( संख्यातमां ) गणाती नथी. ॥ १२७ ॥ तथा जे उत्कृष्ट संख्यात छे ते तो विवेकी पुरुषोए आगळ कहेवाता चार पल्यादिकना उपायवडे सरसव राशिना प्रमाणथी जाणवुं. ॥१२८॥ ते आ प्रमाणे—( संख्यातादिभेद कोष्टक )

| | |
|---|---|
| १ जघ० संख्यात | १२ उत्कृष्ट असंख्यात असंख्यात |
| २ मध्यम संख्यात | १३ जघ० प्रत्येक अनन्त |
| ३ उत्कृष्ट संख्यात | १४ मध्यम प्रत्येक अनन्त |
| ४ जघ० प्रत्येक असंख्यात | १५ उत्कृष्ट प्रत्येक अनन्त |
| ५ मध्यम प्रत्येक असंख्यात | १६ जघ० युक्त अनन्त |
| ६ उत्कृष्ट प्रत्येक असंख्यात | १७ मध्यम युक्त अनन्त |
| ७ जघ० युक्त असंख्यात | १८ उत्कृष्ट युक्त अनन्त |
| ८ मध्यम युक्त असंख्यात | १९ जघ० अनन्तानन्त |
| ९ उत्कृष्ट युक्त असंख्यात | २० मध्यम अनन्तानन्त |
| १० जघ० असंख्यात असंख्यात | २१ उत्कृष्ट अनन्तानन्त |
| ११ मध्यम असंख्यात असंख्यात | |

जंबूद्वीपसमायाम-विष्कंभपरिवेषकाः । सहस्रयोजनोद्वेधाः, पल्याश्चत्वार ईरिताः ॥ १२९ ॥ उच्चया योजनान्यष्टौ, जगत्या ते विराजिताः । जगत्युपरि च क्रोश-द्वयोच्चवेदिकांचिताः ॥१३०॥ दिदृक्षवो द्वीपवार्धीन् , स्वीकृतोद्ग्रीविका इव । ध्यायंतो ज्येष्टसंख्यातं, योगपट्टभृतोऽथवा ॥ १३१ ॥ त्रिभिर्विशेषकम् ॥ आद्योऽनवस्थिताख्यः स्या-च्छलाकाख्यो द्वितीयकः । तृतीयः प्रतिशलाक--स्तुर्यो महाशलाककः ॥ १३२ ॥ आवेदि-

१ एक घटादि वस्तु देखतां आ एक घट छे एम नहिं, पण आ घट छे. एवो एकत्वविशेषण रहित बोध थाय छे. तेथी, अथवा आपवा लेवाना व्यवहारमां एक वस्तुनी गणत्री थती नथी माटे, अथवा अति अल्पसंख्या होवाथी एकनी संख्या संख्या तरीके ( संख्यातमां ) गणाती नथी ( इति ४ थं कर्मग्रन्थ टीका ). वळी जेम बेने बे वण आदि आगळनी संख्याथे गुणवाथी चार, छ आदि संख्यावृद्धि थाय छे, तेम एकने एके गुणवाथी अगर बे, त्रण आदिने एके गुणवाथी एक, बे त्रण आदि संख्यामां वधारो थतो नथी. विगेरे अनेक कारणोथी एक संख्या संख्याताली गणत्रीमां गणाती नथी.

कांते सशिख–स्तत्र पल्योऽनवस्थितः । मायादेकोऽपि न यथा, सर्षपोऽम्रियते तथा ॥ १३३ ॥ असत्कल्पनया कश्चि–द्देवस्तमनवस्थितं । कृत्वा वामकरे तस्मा–त्सर्षपं परपाणिना ॥१३४॥ जंबूद्वीपे क्षिपेदेकं, द्वितीयं लवणोदधौ । तृतीयं धातकीखण्डे, तुर्यं कालोदवारिधौ ॥ १३५ ॥ एवं द्वीपे समुद्रे वा, स पल्यो यत्र निष्ठितः । तत्समायामविष्कंभ–परिधिः कल्प्यते पुनः ॥ ॥ १३६ ॥ उद्वेधोत्सेधतः प्राग्वद्–भ्रियते सर्षपैश्च सः । क्रमाद्–द्वीपे समुद्रे च, पूर्ववन्न्यस्यते कणः ॥ १३७ ॥ एवं द्वितीयवारं च. रिक्तीभूतेऽनवस्थिते । मुच्यते सर्षपः साक्षी, शलाकाभिधपल्यके ॥ १३८ ॥ पूर्यमाणै रिच्यमानै–रेवं भूयोऽनवस्थितैः । शलाकाख्योऽपि सशिखं, पूर्यते साक्षिसर्षपैः ॥ १३९ ॥ अत्रेदं ज्ञेयम्—( अनवस्थितादि पल्यस्वरूप, उत्कृष्टसंख्यातविचार )

अर्थ–जंबूद्वीप सरखा (एक लाख योजन) लांबा (एक लाख योजन ) पहोळा अने ( ३१६२२७॥। योजन अधिक ) परिधिवाळा, तथा १००० योजन ऊंडा एवा चार पल्य कहेल्या छे, ॥ १२९ ॥ ते चारे पल्य आठ योजन उंची एवी जगती ( कोट–गढ )वडे शोभित अने जगती उपर बे गाउ उंची वेदिका युक्त छे. ॥ १३० ॥ एवा प्रकारना ते चारे पल्य द्वीपसमुद्रोने जोवा माटे जाणे उंची डोक करीने रह्या होय तेवा अथवा उत्कृष्ट संख्यातनुं ध्यान करता एवा योग-

१ धान्यभरी राखवाने वांसनी चीपोनां बनावेलां पालां–कणां ते गोळ वाळे छे, ने तेमां धान्य भरे छे, जेने धान्यना लाटा कहे छे ते लाटा प्यालाना (पाणी पीवाना जामना) आकारना होय छे. माटे पल्य एटले प्यालो कहेवाय. पूर्वे कहेल " पल्य एटले कूवो " ए अर्थ अत्र नथी.

२ जगती मूळमां बार योजन, मध्यमां आठ योजन अने उपरथी ४ योजन पहोळी छे ते पहोळाइना बराबर मध्य भागमां चारे बाजु फरती बे गाउ उंची अने ०। ( १ / ०।४ ) गाउ पहोळी सडक सरखी ने सपाट भूमि फरवा हरवाना उपयोगमां आवे ते वेदिका कहेवाय.

पेट्टने धारण करनारा जाणे योगीओ न होय ? तेवा शोभे छे. ॥ १३१ ॥ ए चारमां प्रथम अनवस्थित नामे, बीजो शलाका नामे, त्रीजो प्रतिशलाका, अने चोथो महाशलाका नामनो पल्य छे. ॥ १३२ ॥ त्यां पहेलो अनवस्थित प्यालो वेदिकाना अंत-कांठा सुधी सरसवो वडे शिखा सहित एवी रीते भरवो के जेथी एक पण सरसव न समाय ( मूकाय. ) ॥ १३३ ॥

हवे असत्कल्पनाए कोइक देव ते अनवस्थित प्यालाने डाबा हाथमां उपाडी तेमांथी जमणे हाथे एक सरसव जंबूद्वीपमां, बीजो लवणसमुद्रमां, त्रीजो धातकीखंडमां, अने चोथो कालोदधि समुद्रमां नाखे, ॥ १३४-१३५ ॥ ए प्रमाणे सरसव नाखतां जे द्वीपमां अथवा समुद्रमां ते अनवस्थित प्यालो ( लाख योजन वृत्त वाळो ) खाली थयो होय, ते द्वीप वा समुद्र सरखी लंबाइ अने पहोळाइ वाळो अने लंबाइ पहोळाइ ने अनुसारे परिधिवाळो (त्रण गणी अधिक परिधिवाळो) फरी बीजो प्यालो कल्पवो. ॥ १३६ ॥ परन्तु उंडाइ अथवा उंचाइमां तो पूर्वे कह्या प्रमाणे १०००जोजन उंडो जाणवो ए नवा कल्पेला मोटा प्यालाने पण पुनः सरसवो वडे तेवीज रीते भरवो,अने पूर्वोक्त रीते अनुक्रमे त्यांथी आगळना द्वीपमां अने समुद्रमां एकेक दाणो नाखता जवुं. ॥ १३७ ॥ ए रीते नाखतां आ मोटो अनवस्थित प्यालो पण (पहेला प्यालानी अपेक्षाए) बीजीवार खाली थये छते साक्षी माटे ( खात्री थवाने ) १ सरसव शलाका नामना प्यालामां नाखवो. ॥ १३८ ॥ ए प्रमाणे वारंवार भरीने खाली कराता ( अनेक ) अनवस्थित प्यालाओनी साक्षी रूप सरसवो वडे शलाका नामनो प्यालो पण शिखा सहित संपूर्ण भरवो. ॥ १३९ ॥

आद्येऽनवस्थिते रिक्ती--भूते साक्षी न मुच्यते । सर्वैः पल्यैः समानत्वा--न्नानवस्थितताऽस्य यत् ॥१४०॥याऽस्याऽनवस्थितेत्याख्या, ज्ञेया योग्यतया तु सा । घृतयोग्यो घटो यद्वद्, घृतकुंभोऽभिधीयते ॥ १४१ ॥ साक्षी च सर्षपकणो, मुच्यते यः श-

१ पृष्ठजान्वोः समायोगे, बद्धं वलयवद्दृढम् । परिवेष्टय यदूर्ध्वं स्थितं तत् योगपट्टकम् ॥ १ ॥ योगिनामासनविशेषो योगपट्टकम् ॥ इत्यादिस्वरूपे आसनविशेषे. (पलांठीवाळवानुं ध्यान करवानुं आसन छे.)

२ जे वात बनी शकती न होय पण स्वरूप मात्र समजाववाने कहेवी होय ते वात असत् कल्पनावाळी कहेवाय.

लाकके । अनवस्थितसत्कं तं, जगुरेके,परे परम् ॥१४२ ॥ पूर्णी-भूते शलाकेऽथ, स्थाप्यस्तत्राऽनवस्थितः । क्रमागतद्वीपवार्द्धि--समानः सर्षपैर्भृतः ॥१४३ ॥ अथोत्पाट्य शलाकाख्यं , प्राग्व-त्तस्य कणान् क्षिपेत् । अनवस्थांतिमकणा-क्रांतद्वीपांबुधेः पुरः ॥ १४४ ॥ रिक्तीभूते शलाकेऽथ , पल्ये प्रतिशलाकके । क्षिप्यते सर्षपस्तस्य, साक्षीभूतस्तृतीयके ॥ १४५ ॥ अथ तत्र स्थितं पू-र्णं, तं गृहीत्वाऽनवस्थितम् । शलाकान्त्यकणाक्रान्ता-दग्रे प्राग्व-त्कणान् क्षिपेत् ॥ १४६ ॥ पूर्यमाणैरिच्यमानै--र्भूयोभूयोऽनवस्थि-तैः । पुनः शलाको भ्रियते, प्राग्वत्तथानवस्थितः ॥ १४७ ॥ प्रा-ग्वच्छलाकमुत्पाट्य, परतो द्वीपवार्धिषु । रिक्तीकृत्य च तत्सा-क्षी, स्थाप्यः प्रतिशलाकके ॥ १४८ ॥ एवं प्रतिशलाकेऽपि, स-शिखं संभृते सति । अनवस्थशलाकाख्यौ, स्वयमेव भृतौ स्थितौ ॥ १४९ ॥ शलाकसाक्षिणः स्थाना-ऽभावात्स रिच्यते क-थम् । आद्यस्यापि तदभावात् , कथं सोऽपि हि रिच्यते ॥ १५०॥ ततः प्रतिशलाकाख्य—मुत्पाट्य तस्य सर्षपान् । क्षिपेत्पूर्वोक्त-या रीत्या, परतो द्वीपवार्धिषु ॥ १५१ ॥ एवं प्रतिशलाकेऽपि, निखिलं निष्ठिते सति । साक्षीभूतं कणमेकं, क्षिपेन्महाशलाक-के ॥ १५२ ॥ ततः शलाकमुत्पाट्य, द्वीपाब्धिषु तदग्रतः । स-र्षपान्न्यस्य तत्साक्षी, स्थाप्यः प्रतिशलाकके ॥ १५३ ॥ ततः क्रमाद्वर्द्धमान--विस्तारमनवस्थितम् । उत्पाट्य परतो द्वीप-पाथो-धिषु कणान् क्षिपेत् ॥ १५४ ॥ प्राग्वदेतत्साक्षिकणैः, शलाका-ख्यः प्रपूर्यते । तमप्यनेकशः प्राग्वत् , संरिच्यैतस्य साक्षिभिः ॥१५५॥तृतीयः परिपूर्येता--ऽसकृदेतस्य साक्षिभिः । पल्यो महा-

शलाकोऽपि, सशिखं पूर्यते ततः ॥१५६॥यथोत्तरमथो साक्षि-स्थानाऽभावादिमे सभे । भृताः स्थिता दिक्कनीनां, क्रीडासमुद्गका इव ॥१५७ ॥ यत्रांतिमायां वेलायां , रिक्तीभूतोऽनवस्थितः । तावन्मानस्तदास्त्येष , त्रयस्त्वन्ये यथोदिताः ॥१५८ ॥

अर्थ–पहेलो (लाख योजन समवृत्त) अनवस्थित प्यालो खाली थये छते माक्षीनो १ सरसव शलाकामां मुकातो नथी,कारणके सर्व [1]प्यालाओनी साथे मरखापणुं होवाथी ए पहेला प्यालाने अनवस्थित पणुं नथी, ॥ १४० ॥ छतां एनुं नाम अनवस्थित छे ते योग्यतानी अपेक्षाए जाणवुं, जेम घी भरवाने योग्य एवो घडो योग्यता मात्रथी (घी भर्या विना पण) " घीनो घडो " कहेवाय छे. ॥ १४१ ॥ वळी साक्षीभूत जे १ सरसवनो दाणो शलाका प्यालानी अंदर नखाय छे ते दाणो केटलाएक आचार्य अनवस्थित प्यालामांनो कहे छे, अने केटलाक एक तो बीजो नवो दाणो लेवानुं कहे छे. ॥ १४२ ॥ हवे ए प्रमाणे शलाका प्यालो संपूर्ण भराइ रह्या बाद अनुक्रमे प्राप्त थयेला द्वीप वा समुद्र जेवडो अनवस्थित प्यालो सरसव वडे भरीने हमणा त्यांज राखी मूकवो ( कारणके ते दरम्यानमां शलाका प्यालानी व्यवस्था करवानी छे ). ॥१४३॥

हवे ( अनवस्थित प्यालाओनी साक्षीओवडे संपूर्ण भरायलो ) शलाका प्यालो उपाडीने अनवस्थित प्यालानो छेल्लो दाणो जे द्वीपमां अथवा समुद्रमां पडयो होय ते द्वीप वा समुद्रथी आगळना द्वीप वा समुद्रोमां पूर्वेनी पेठे ते शलाकाना सरसवोने नाखता जवुं, ॥ १४४ ॥ ए प्रमाणे ( शलाकामांना सरसव नाखतां ) शलाका प्यालो खाली थये छते ते शलाकानो साक्षिभूत सरसवनो १ दाणो प्रतिशलाकानामना बीजा प्यालामां नाखवो ॥ १४५ ॥ हवे ( ज्यां अनवस्थितनो छेल्लो दाणो पडयो हतो ) त्यां [ ते द्वीप वा समुद्रमां ]

१ शलाका–प्रतिशलाका–अने महाशलाका ए त्रण प्यालाओनी साथे,

२ अर्थात् अनवस्थितपणानी गणत्री लाख योजन प्रमाणना पहेला अनवस्थित प्यालाथी नहि पण बीजा अनवस्थित प्यालाथी गणवी. कारणके पहेला अनवस्थित प्यालानुं नाम अनवस्थित छे पण प्रमाण तो सर्व प्यालाओ जेटलुं होवाथी अवस्थितज छे

प्रथम राखी मूकेला ते पूर्ण ( सरसवो वडे भरी मूकेल ) अनवस्थित प्यालाने उपाडी जे स्थाने शलाकाप्यालानो छेल्लो दाणो पड्यो छे ते स्थानथी आगळना द्वीप समुद्रोमां पूर्वनी पेठे अनवस्थित प्यालाना सरसव दाणाना खवा जवुं ॥ ॥ १४६ ॥ ए प्रमाणे वारंवार भरी भरीने खाली करता अनवस्थित प्याला-ओनी साक्षिओ वडे बीजी वार शलाका प्यालो भरवो अने ते साथे पूर्ववत् ( अनवस्थितना छेल्लो दाणो ज्यां पड्यो छे त्यां ) अनवस्थित प्यालो पण भरी राखवो. ॥ १४७ ॥ हवे प्रथमनी पेठे आ बीजो शलाका प्यालो उपाडी ने आगळना द्वीप समुद्रोमां खाली करीने तेनी साक्षीरूप १ दाणो त्रीजा प्रति-शलाकामां नाखवो, ( अहिं सुधीमां प्रतिशलाकाने विषे बे दाणा पड्या छे. ॥१४८॥ ए प्रमाणे वारंवार शलाकाओनी साक्षीओवडे प्रतिशलाका प्यालो शिखा सहित संपूर्ण भराइ रहे छते अनवस्थित अने शलाका ए बे प्याला स्वतः भरेलाज पड्या छे. ( पण साक्षी दाणानी जग्या नहिं होवाथी खाली करी शकाता नथी, कारणके) ॥१४९॥ शलाकानी साक्षिना स्थानना अभावथी ते शलाका प्यालो खाली केम थइ शके?,तेमज अनवस्थितप्यालानी साक्षीना स्थानना अभावथी ते अनवस्थित प्यालो पण खाली केम थइ शके ? ॥ १५० ॥ माटे प्रतिशलाका प्यालो उपाडी तेना सरसवोने आगळना द्वीपसमुद्रोमां पूर्वप-द्धतिए नाखवा. ॥ १५१ ॥ अने ए प्रमाणे प्रतिशलाका प्यालो पण संपूर्ण खाली थये छते साक्षीभूत (-प्रतिश० नो साक्षीरूप ) १ दाणो महाशलाकामां नाखवो ॥ १५२ ॥ त्यारबाद शलाका प्यालो ( के जे भरीने राखी मूक्यो छे तेने ) उपाडी त्यांथी आगळना ( प्रतिशलाकानो छेल्लो दाणो ज्यां पड्यो छे त्यांथी आगळना ) द्वीपसमुद्रोमां सरसवो नाखी तेनी साक्षी प्रतिशलाकामां नाखवी. ॥१५३॥ तदनन्तर अनुक्रमे वधता विस्तारवाळो अनवस्थित प्यालो [ के जे शलाका साथे ज भरी राखी मूक्यो हतो ते ] उपाडी आगळना ( दा-णा रहित ) द्वीप समुद्रोमां तेना सरसव नाखवा ॥ १५४ ॥ अने पूर्ववत् एनी साक्षीना सरसवो वडे शलाका प्यालो भरवो, वळी ते शलाकाने पण पूर्वनी पेठे अनेकवार भरी भरीने खाली करी एनी साक्षिओ वडे त्रीजो प्रतिशलाका प्यालो भरवो, पुनः वारंवार प्रतिशलाका साक्षीओ वडे महाशलाका प्यालो पण शिखा सहित संपूर्ण भरी देवो. ॥१५५-१५६॥ हवे अनुक्रमे (चारे प्यालाओनी ) साक्षीनुं स्थान नहिं होवाथी ( पांचमो प्यालो नहिं होवाथी )

## चित्र नंबर १




आ चार पल्य १००००० (एक लाख) योजन लांबा
,, पहोळा वर्तुलाकार छे.
१००० (एक हजार) योजन उंडा
८ योजन जगती उंची
०॥ योजन वेदिका

आनन्द प्री. प्रेस—भावनगर.

ए सघळा भरेला प्याला ( चार ) दिशारूपी कन्याओने क्रीडा करवाना [रमवाना] चार डाबडा, के जेना पर अनुक्रमे ढाळ पडतुं शिखर सहित सरसव राशिरूप ढांकणुं छे तेवा) देखाय छे ॥ १५७॥ तेमां छेल्ली वखते अनवस्थित प्यालो ज्यां खाली थयो छे ते द्वीपसमुद्र जेवडो प्रथम अनवस्थित प्यालो भराइ रहेलो छे, अने शेष ३ प्याला तो प्रथम कह्या प्रमाणे लाख लाख योजनना विस्तारवाळा छे. ॥ १५८ ॥ (हवे सर्व सरसव दाणाओनी व्यवस्था करे छे.)

अथैतांश्चतुरः पल्यान्, सावकाशे स्थले क्वचित् । उद्दम्य तत्सर्षपाणां, निचयं रचयेद्धिया ॥ १५९ ॥ ततश्च जंबूद्वीपादि–द्वीपवार्धिषु सर्षपान् । उच्चित्य पूर्वनिक्षिप्तां–स्तत्रैव निचये क्षिपेत्॥ १६०॥ एकसर्षपरूपेण,न्यूनोऽयं निचयोऽखिलः । भवेदुत्कृष्टसंख्यात–मानमित्युदितं जिनैः ॥ १६१ ॥ एतदुत्कृष्टसंख्यात–मेकरूपेण संयुतम् । भवेत्परीत्ताऽसंख्यातं, जघन्यमिति तद्विदः ॥ १६२ ॥ ज्येष्ठात्परीत्ताऽसंख्याता–दर्वाग् जघन्यतः परम् ।मध्यं परीत्ताऽसंख्यातं, भवेदिति जिनैः स्मृतम् ॥ १६३ ॥ जघन्ययुक्ताऽसंख्यात--मेकरूपविवर्जितम् । भवेत्परीत्ताऽसंख्यात--मुत्कृष्टमिति तद्विदः ॥ १६४ ॥ जघन्ययुक्ताऽसंख्यप्रकारश्चायम्—

अर्थ--हवे ए चार प्यालाओने कोइक मोटी जग्यावाळा स्थळमां ते खालीकरीने बुद्धिवडे ते सरसवोनो एक मोटो ढगलो कल्पीये ( रचीये ) ॥ १५९ ॥ अने त्यारबाद जंबूद्वीपादि द्वीपसमुद्रोमां प्रथम नाखेला सरसवो एकठा करीने तेज ढगलामां नाखीये, ॥ १६० ॥ एरीते करतां जेटला सरसव थया तेमांथी १ सरसव ओछो करतां ते ढगलाना जेटला सरसव थाय तेटलुं उत्कृष्टसंख्यातनुं प्रमाण

१ ए रीते वारंवार भरी खाली करतां महाशलाकामां जेटला सरसव छे तेटली वार प्रतिशलाका खाली थयो, अने महाश०ना सरसवनो वर्ग करीए तेटली वार शलाका प्यालो खाली थयो, अने महाश०मां सरसवनो घन करीये तेटली वार अनवस्थित प्यालो खाली थयो. अने ए चारे प्याला जेटली वार खाली करवा पडया तेथी एकवार अधिक भरवा पडया छे. जेमके महाशलाका मां ४ सरसव छे तो प्रतिशलाका ४ वार, शलाको १६ वार, ने अनवस्थित ६४ वार खाली थाय.

छे, एम श्री जिनेश्वरोए कहेलुं छे ॥ १६१ ॥ वळी ढगलामांथी जे एक सरसव काढी लीधो हतो ते सरसवने पुनः ते ढगलामां नाखतां ते ढगलामां जेटला सरसव थाय तेटला सरसवप्रमाण जघन्य प्रत्येकअसंख्यात थाय, एम जाणवुं. ॥ १६२ ॥ ए जघन्य प्रत्येक असंख्यातथी एकादि अधिक अने उत्कृष्ट प्रत्येक असंख्यातथी एकादिन्यून जे सर्व संख्याओ ते मध्यम प्रत्येकअसंख्यात छे एम श्री जिनेश्वरोए कह्युं छे. ॥ १६३ ॥ तथा एक न्यून जे जघन्य युक्त असंख्यात ते ज उत्कृष्ट प्रत्येक असंख्यात छे, एम जाणवुं ॥ १६४ ॥

हवे ते जघन्ययुक्त असंख्यात केवीरीते थाय ? तेनी रीत आ प्रमाणे छे.—

**यावत्प्रमाणो यो राशि--र्भवेत्स्वरूपसंख्यया । स न्यस्य तावतो वारान्, गुणितोऽभ्यास उच्यते ॥ १६५ ॥यथा पञ्चात्मको राशिः, पंचवारान् प्रतिष्ठितः । मिथः संगुणितो जातः, प्रथमं पञ्चविंशतिः ॥१६६॥ शतं सपादं सञ्जातो, गुणितः सोऽपि पञ्चभिः । पुनः संगुणितः पंच--विंशानि स्युः शतानि षट् ॥ १६७ ॥ जातश्चतुर्थवेलाया--मेकत्रिंशच्छतानि सः । पंचविंशत्युपचिता--न्यभ्यासगुणितं ह्यदः ॥ १६८ ॥ ततश्च ॥ प्रागुक्ते सार्षपे पुंजे, यावन्तः किल सर्षपाः । तत्संख्यान् मुख्यनिचय--तुल्यान् राशीन् पृथक् पृथक् ॥१६९ ॥ कृत्वा मिथस्तद् गुणने, यो राशिर्जायतेऽन्तिमः । जघन्ययुक्ताऽसंख्यं त--दावलीसमयैः समम् ॥ १७० ॥ इयमत्र भावना——** (अभ्यासगुणाकारे जघन्ययुक्तासंख्यातस्वरूप)

अर्थ—जे रकम पोतानी संख्यावडे जेटला प्रमाणवाळी होय ते रकमने तेटलीवार ( समश्रेणिए ) स्थापीने परस्पर गुणाकार कर्याथी जे जवाब आवे ते अभ्यास कहेवाय. ॥ १६५ ॥ जेम ५ रकमने पांच वखत स्थापो ( ५—५—५—५—५ आ रीते स्थापी ) परस्पर गुणाकार करतां पहेलो गुणाकार २५ थाय ॥ १६६ ॥ तेने पण पांचे गुणतां बीजो गुणाकार १२५ थाय तेने पण पांचे गुणतां त्रीजो गुणाकार ६२५ थाय, ॥ १६७ ॥ अने तेने पुनः पांचे गुणतां चोथी वखतनो गुणाकार ३१२५ थाय ए ( ३१२५ ) अभ्यास (गुणाकार) कहेवाय. ॥१६८॥

तो हवे पूर्वे कहेल सरसवना ढगलामां निश्चय जेटला सरसवो छे तेटली संख्यावाळी मुख्य ( मूळ ) ढगला जेटली राशिओ जुदीजुदी ( समश्रेणिए ) स्थापीने परस्पर गुणाकार करतां जे छेल्लो ( गुणाकार ) राशि थाय ते 'जघन्य युक्तअसंख्यात' कहेवाय, अने ते एक आवलिना जेटला समयो छे तेटली संख्यावाळुं छे. अर्थात् एक आवलिना समय पण जघ० युक्त असंख्यात जेटला छे. ।।१६९-१७० ।। अहिं आ प्रमाणे विचारणा करवी.

स सर्षपाणां निकरः, कल्प्यते चेद्दशात्मकः । प्राग्वदभ्यासगुणितः, सहस्रकोटिको भवेत् ॥१७१ ॥ गरिष्ठयुक्ताऽसंख्याता-दर्वाग् जघन्यतः परम् । मध्यमं जायते युक्ता--ऽसंख्यातमिति तद्विदः ॥ १७२ ॥ जघन्ययुक्ताऽसंख्यातं, प्राग्वदभ्यासताडितम् । हीनमेकेन रूपेण, युक्ताऽसंख्यातकं गुरु ॥ १७३ ॥ एतदेव रूपयुक्त--मसंख्याऽसंख्यकं लघु । मध्याऽसंख्याताऽसंख्यात--मस्मादुत्कृष्टकावधि ॥ १७४ ॥ जघन्याऽसंख्याऽसंख्यातं, भवेदभ्यासताडितम् । एकरूपोनितं ज्येष्ठा--ऽसंख्याऽसंख्यातकं स्फुटं ॥ १७५॥ अत्रैकरूपक्षेपे च, परीत्ताऽनंतकं लघु । मध्यं चास्मात्समुत्कृष्ट-परीत्ताऽनंतकावधि ॥ १७६॥ ह्रस्वं परीत्ताऽनंतं च, प्राग्वदभ्याससंगुणम् । परीत्तानंतकं ज्येष्ठ-मेकरूपोनितं भवेत्॥१७७॥ सैकरूपं तज्जघन्य-युक्तानंतकमीरितम् । परमस्मात्पराच्चार्वाग्, युक्तानन्तं हि मध्यमम् ॥१७८॥ युक्तानंतं तज्जघन्य-मभ्यासपरिताडितम् । निरेकरूपमुत्कृष्ट-युक्तानन्तकमाहितम ॥१७९॥ अत्रैकरूपक्षेपे स्यादनंताऽनंतकं लघु । अस्माद्यवधिकं मध्या-ऽनंतानंतं च तत्समम् ॥१८०॥ उत्कृष्टाऽनंताऽनंतं तु,नास्ति सिद्धान्तिनां मते, अनुयोगद्वारसूत्रे, यदुक्तं गणधारिभिः ॥१८१॥ एवमुक्कोसयं अणंताणंतयं नत्थित्ति ( एवमुत्कर्षकं अनन्तानन्तकं नास्ति ) इति ॥ (सा०)

अर्थ-(अहीं उदाहरण आ प्रमाणे छे)- ते सरसवोना समूहने जो १० प्रमाणवाळो

कल्पीए ( एटले ते ढगलामां १० सरसव छे एम मानीये ) तो पूर्वे कहेली रीत प्रमाणे अभ्यास गुणाकार करतां ( १०×१०×१०×१०×१०×१०×१०×१० १०×१०–१०००,००००००० ) एक हजार क्रोड थाय(एटला समय प्रमाणनी एक आवलिका छे अथवा ए प्रमाण जघन्य युक्त असंख्यातनुं जाणवुं.)॥१७१॥

उत्कृष्टयुक्तअसंख्यातथी ( एकादि ) न्यून, अने जघ०युक्तअसंख्यातथी (एकादि ) अधिक संख्या ते मध्यमयुक्त असंख्यात छे. एम जाणवुं. ॥ १७२ ॥ पुनः जघन्ययुक्तअसंख्यातने पूर्वनीपेठे अभ्यासगुणाकार करीने एक बाद करतां उत्कृष्टयुक्त असंख्यात थाय. ॥ १७३ ॥ अने बाद करेल एकने पुनः उ० यु० असं० मां उमेरतां एज ( एक अधिक उ० यु० असं० ज ) जघन्य असंख्यात असंख्यात थाय. ए ज० असं० असं० थी आगळ ( एकादि अधिक ) उ० असं० असं० सुधीनी संख्याओ सर्व मध्यम असंख्यात असंख्यात कहेवाय. ॥ ॥ १७४ ॥ पुनः जघ० असं० नो अभ्यास गुणाकार करी एक ओछो करतां प्रगटरीते उत्कृष्ट असंख्यात असंख्यात थाय. ॥ १७५ ॥ पुनः ए उ० असं० असं० मां एक उमेरतां ( मेळवतां ) जघन्य प्रत्येकअनन्त थाय, ए ज० प्र० अनंतथी आगळ अने उ० प्र० अनंतथी नीचेनी सर्व संख्याओ मध्यम प्रत्येक अनंत कहेवाय. ॥ १७६ ॥ पुनः ज० प्र० अनंतनो पूर्वनी पेठे अभ्यास गुणाकार करी एक रूप कमी करतां उत्कृष्ट प्रत्येक अनंत थाय. ॥ १७७ ॥ पुनः तेमां ( उ० प्र० अनंतमां ) एक मेळवतां जघन्ययुक्त अनंत थाय एम कहेलुं छे, वळी ए ज० यु० अनंतथी आगळ अने उ० यु० अनं० थी नीचेनी सर्व संख्याओ मध्यमयुक्त अनंत कहेवाय छे. ॥ १७८ ॥ पुनः ते ज० यु० अनं० नो अभ्यास गुणाकार करी एक बाद करतां जे संख्या आवे ते संख्याने उत्कृष्टयुक्त अनंत कहेल छे. ॥ १७९ ॥ पुनः ए उ० यु० अनंतमां एक अधिक मेळवतां जघन्य अनंतानंत थाय छे. ए ज० अनं० अनं० थी आगळ अने उ० अनं० अनं० थी नीचेनी सर्व संख्याओ मध्यम अनंतानंत गणाय छे. ॥ १८० ॥ अने उत्कृष्ट अनंतानंत तो सिद्धांतकारोए मानेलुंज नथी ( जेथी तेनी रीत पण दर्शावी नथी. ) जे कारणे श्री अनुयोगद्वारसूत्रमां श्री गणधरमहाराजे कह्युं छे. के–॥ १८१ ॥ "ए प्रमाणे उत्कृष्ट अनंतानंत नथी "–(हवे कार्मग्रन्थिकविचार दर्शावे छे)

अभिप्रायः समग्रोऽयं,प्रोक्तः सूत्रानुसारतः ।अथ कार्मग्रंथिका-

नां, मतमत्र प्रपंच्यते ॥१८२॥ समद्विघातो वर्गः स्या-दिति वर्गस्य लक्षणम् । पञ्चानां वर्गकरणे,यथा स्युः पंचविंशतिः ॥१८३॥ जघन्ययुक्ताऽसंख्याता--वधि तुल्यं मतद्वये । अतः परं विशेषोऽस्ति, स चायं परिभाव्यते ॥ १८४ ॥

जघन्ययुक्ताऽसंख्याता--दारभ्योत्कृष्टकावधि । मध्यमं युक्ताऽसंख्यातं,स्यादुत्कृष्टमथोच्यते ॥१८५ ॥ जघन्ययुक्ताऽसंख्यातं, वर्गितं रूपवर्जितम । उत्कृष्टयुक्ताऽसंख्यातं, प्राक्तरूपैः प्ररूपितम्॥ १८६ ॥ एकरूपेण युक्तं त-दसंख्याऽसंख्यकं लघु । अर्वागुत्कृष्टतो मध्य-मथोत्कृष्टं निरूप्यते ॥ १८७ ॥ जघन्याऽसंख्याऽसंख्यातं,यत्तो वर्गितं त्रिशः । अमीभिर्दशभिःक्षेपै--र्वक्ष्यमाणैर्विमिश्रितम् ॥ १८८ ॥ तच्चैवम्-

त्रिंशत्कोटाकोटिसारा, ज्ञानावरणकर्मणः । स्थितिरुत्कर्षतो ज्ञेया, जघन्यान्तर्मुहूर्त्तिकी ॥ १८९ ॥ अनयोरन्तराले च, मध्यमाः स्युरसंख्यशः । आसां बन्धहेतुभूता--ऽध्यवसाया असंख्यशः ॥ १९० ॥ एवमेवाध्यवसाया, अपरेष्वपि कर्मसु । स्युरसंख्येयलोकाभ्र-प्रदेशप्रमिता इमे ॥ १९१॥ जघन्यादिभेदवन्तो-ऽनुभागाः कर्मणां रसाः । तेऽप्यसंख्येयलोकाभ्र-प्रदेशप्रमिताः किल ॥ १९२॥ततश्च॥लोकाभ्रधर्माधर्मैक-जीवानां ये प्रदेशकाः।अध्यवसायस्थानानि, स्थितिबन्धानुभागयोः ॥१९३॥ मनोवचःकाययोग--विभागा निर्विभागकाः । कालचक्रस्य समया-स्तथा प्रत्येकजन्तवः ॥ १९४ ॥ अनन्ताङ्गिदेहरूपा, निगोदाश्च दशाप्यमून् । त्रिर्वर्गिते लघ्वसंख्या--ऽसंख्येऽसंख्यान्नियोजयेत् ॥१९५॥ त्रिशः पुनर्वर्गयेच्च, भवेदेवंकृते सति । असंख्याऽसंख्यमुत्कृष्ट-मेकरूप-

विनाकृतम् ॥ १९६ ॥ तत्रैकरूपप्रक्षेपे, परीत्तानन्तकं लघु । परीत्तानन्तकाज्ज्येष्ठा-दर्वाक् तच्च मध्यमम् ॥१९७॥ अभ्यासगुणिते प्राग्व-त्परीत्तानन्तके लघौ । परीत्तानन्तमुत्कृष्ट-मेकरूपोज्झितं भवेत् ॥ १९८ ॥ सैकरूपे पुनस्तस्मिन्, युक्तानन्तं जघन्यकम् । अभव्यजीवैस्तुलितं, मध्यं तूत्कृष्टकावधि ॥ १९९ ॥ जघन्ययुक्तानन्ते च, वर्गिते रूपवर्जिते । स्याद्युक्तानन्तमुत्कृष्ट-मित्युक्तं पूर्वसूरिभिः ॥ २०० ॥ अत्रैकरूपप्रक्षेपा-दनन्तानन्तकं लघु ॥ प्राग्वदेतदपि ज्ञेयं, मध्यमुत्कृष्टकावधि ॥ २०१ ॥ जघन्यानन्तानन्तं तत्, वर्गयित्वा त्रिशस्ततः । क्षेपानमूननन्तान् षट्, वक्ष्यमाणान्नियोजयेत् ॥२०२॥ ते चामी ॥ वनस्पतीन्निगोदानां, जीवान् सिद्धांश्च पुद्गलान् । सर्वकालस्य समयान्, सर्वलोकनभोऽंशकान् ॥ २०३ ॥ पुनस्त्रिर्वर्गिते जात-राशौ तस्मिन् विनिक्षिपेत् । पर्यायान् केवलज्ञान-दर्शनानामनन्तकान् ॥ २०४ ॥ अनन्ताऽनन्तमुत्कृष्टं, भवेदेवंकृते सति । मेयाऽभावादस्य मध्ये-नैव व्यवहृतिः पुनः ॥ २०५ ॥( कर्मग्रन्थिकविचारभेद )

अर्थ–ए सर्व अभिप्राय सिद्धांतने अनुसरीने कह्यो. अने हवे कर्मग्रंथकर्ताओनो जे मत छे ते अहिं विस्तार पूर्वक कहेवाय छे. ॥१८२॥ ते आ प्रमाणे—सरखी बे संख्यानो जे गुणाकार ते वर्ग कहेवाय. एज वर्गनुं लक्षण छे. जेम ५ नो वर्ग करतां ( ५+५– ) २५ थाय. ॥ १८३ ॥ हवे अहिं जघ० युक्त असंख्यात सुधी तो सिद्धांतकार अने कर्मग्रंथकार बन्नेनो मत तुल्य छे अने त्यांथी आगळ जे कंइ तफावत छे ते दर्शावाय छे. ते आ प्रमाणे—॥ १८४ ॥

१ सिद्धान्तकार अने कर्मग्रन्थकार बन्नेना मत प्रमाणे संख्यानी तुल्यता ज० यु० असं० सुधी छे, अने त्यारबाद म० यु० असं० थी बन्नेना मत प्रमाणे संख्यानी प्रायः तुल्यता रहेती नथी. घणे स्थाने प्ररूपणानी तुल्यता आवे छे, मात्र ४ स्थाने प्ररूपणा भेद पडे छे. ते आगळ स्फुटनोटमां दर्शावेल छे.

जघन्य युक्त असंख्यातथी आरंभीने उत्कृष्ट युक्तअसंख्यात सुधी ( मध्यगत संख्याओ) मध्यम युक्त असंख्यात कहेवाय, हवे उ० युक्त असंख्यात केवी रीते थाय ? ते कहेवाय छे.—॥ १८५ ॥ जघ० यु० असं० नो वर्ग करी १ बाद करतां उत्कृष्ट युक्त असंख्यात थाय, एम श्री सर्वज्ञोए कहेलुं छे. ॥ १८६ ॥ अने ते उ० यु० असं० मां १ अधिक मेळवतां जघन्य असं० असं० थाय. ए ज० असं० असं० थी आगळ अने उ० असं० असं० थी अर्वाक् ( नीचे ) मध्यम असं० असं० कहेवाय. हवे उ० असं० असं० कहेवाय छे. ॥ १८७॥ जे जघ० असं० असं० छे तेनो त्रण वखत वर्ग[1] करी आ आगळ कहेवाती १० क्षेपववा योग्य ( मेळववा योग्य ) वस्तुओ वडे मिश्रण करवी ( एकत्र करवी. ) ॥ १८८ ॥ ते १० वस्तुओ आ प्रमाणे—ज्ञानावरणकर्मनी ३० कोडाकोडि उत्कृष्ट स्थिति अने जघन्य अन्तर्मुहूर्त प्रमाण स्थिति जाणवी. ॥ १८९ ॥ ए जघ० अने उत्कृ० स्थितियोनी वच्चेनी असंख्याती मध्यम स्थितियो छे अने सर्वे स्थितियोना बंध हेतुभूत अध्यवसायो पण प्रत्येकना असंख्य असंख्य छे. ॥ १९० ॥ ए प्रमाणे बीजां कर्मोना पण अध्यवसायो, ते सर्वे मळीने असंख्य लोकाकाशना जेटला प्रदेश होय तेटला प्रमाणना छे. ॥ १९१ ॥ तथा जघन्य मध्यम इत्यादि भेदवाळा अनुभाग एटले कर्मना रस भेद ते पण निश्चयथी असंख्य लोकाकाशना प्रदेश जेटला छे ॥ १९२ ॥ अने तेथी लोकाकाशना–धर्मास्तिकायना–अधर्मास्तिकायना अने एक जीवना जे ( सरखी संख्याए असंख्य असंख्य ) प्रदेशो तथा स्थितिबंध अने अनुभाग बंधना हेतुभूत अध्यवसायस्थानो, ॥ १९३ ॥ मन वचन अने काययोगना निर्विभाज्य विभागो ( एटले सर्व योगाणुओ ), काळचक्रना समयो ( एटले २० को० को० सागरोपमनी समय संख्या ), प्रत्येक शरीरी जीवोनी संख्या ( एटले साधारण वनस्पति अने सिद्ध सिवायना सर्वे जीवो, ॥ १९४ ॥ तथा साधारण वनस्पतिना शरीर रूप असंख्य निगोदो ( एटले अनंतकाय जीवनां सर्वे शरीरो ), ए दशे असंख्यानी वस्तुने[2] प्रथम त्रणवार

१ जेम ५ नो त्रण वखत वर्ग करतां ( ५×५=२५, २५×२५=६२५, ६२५×६२५=३९०६२५ ) ३९०६२५ आवे ए रीते.

२ १ लोकाकाशना प्रदेश, २ धर्मास्तिकायना प्रदेश, ३ अधर्मास्तिकायना प्रदेश, ४ एकजीवना प्रदेश. ५ स्थितिबन्धना अध्यवसायो, ६ रसबन्धना अध्यवसायो; ७ योगाणुओ. ८ एक काळचक्रना समयो, ९ प्रत्येक शरीरीजीवो, १० निगोद, ए १० प्रक्षेप्यवस्तुओ.

वर्ग करेला जघ० असं० असं०मां मेळववी.॥१९५॥ वळी मेळवीने पण तेनो पुनः त्रणवार वर्ग करवो, ए प्रमाणे कर्ये छते जे संख्या आवे तेमांथी एक बाद करीए तो उत्कृष्ट असं० असं० थाय, ॥ १९६॥ पुनः ए उ० असं० असं०मां एक मेळवतां जघ० प्रत्येक अनंत थाय, अने जघ० प्र० अनन्तथी आगळ ने उ० प्र० अनन्तनी नीचे सर्व मध्यम प्रत्येक अनंत थाय ॥ १९७ ॥ तथा पूर्ववत् जघ० प्रत्ये० अनन्तनो अभ्यास गुणाकार करी एक कमी करवाथी उत्कृष्ट प्रत्येक अनंत थाय ॥ १९८ ॥ पुनः तेमां एक प्रक्षेप कर्ये छते जघ० युक्त अनंत थाय,आ ज० यु० अनन्त जेटलाज अभव्यजीवो छे. पुनः ज० यु० अनन्तथी आगळ उ० यु० अनन्तथी नीचेनी सर्व संख्या मध्यम युक्त अनंत कहेवाय ॥ १९९ ॥ तथा जघ० युक्त अनन्तनो वर्ग करी १ कमी करतां उत्कृष्ट युक्त अनंत थाय एम पूर्वाचार्योए कह्युं छे. ॥ २०० ॥ पुनः ए उ० यु० अनन्तमां १ अधिक मेळवतां जघन्य अनंतानंत थाय, अने पूर्वनी पेठे उ० अनन्तानन्त सुधीनी ( वच्चेनी ) संख्याओ सर्व मध्यम अनंतानंत गणाय, ॥ २०१ ॥ पुनः जघ० अनन्तानन्तनो त्रणवार वर्ग करवो त्यारबाद तेमां आ आगळ कहेवाता ६ पदार्थो मेळववा ॥ २०२ ॥ ते ६ पदार्थो आ प्रमाणे–१ वनस्पति–२ निगोदना सर्वजीव–३ सर्वसिद्ध–४ सर्वपुद्गल–५ सर्वकाळना समय ( त्रणे काळना समय)– अने ६ सर्वअलोकाकाशना प्रदेश ( ए ६ पदार्थो, मेळवीने ॥ २०३ ॥ पुनः त्रणवार वर्ग कर्ये छते जे संख्या प्राप्त थाय ते संख्यामां केवळज्ञान अने केवळदर्शनना अनन्तपर्याय मेळववा ॥ २०४ ॥ ए प्रमाणे कर्ये छते उत्कृष्ट अनंतानंत थाय, परन्तु आ उ० अनन्तानन्तमां ( वडे) कोइपण मापी शकाय एवो पदार्थ नहि होवाथी एनो व्यवहार प्रवर्त्तनो नथी. ॥ २०५ ॥ ( मतभेद निःस्यन्द अनन्तकप्रयोजनविचार )

---

१ अहिं प्ररूपणानो तफावत मात्र चार ठेकाणेज आवेलो छे ते आ प्रमाणे—
१ उत्कृष्ट युक्त असंख्यात— सिद्धांतने मते ज० यु० असं० ना अभ्यास गुणाकारमांथी एक कमी करवाथी थाय छे, अने कार्मग्रन्थिकमते ज० यु० असं० ना वर्गमां १ कमी करवाथी थाय छे.
२ उत्कृष्ट असं० असं०–सिद्धांतने मते जघ० असं० असं० ना अभ्यास गुणाकारमांथी १ कमी करवाथी थाय छे, अने कार्मग्रन्थिकमते जघ० असं०असं० नो त्रणवार वर्ग करी पूर्वोक्त १० असंख्यात वस्तुओ मेळवी पुनः त्रणवार वर्ग करी एक कमी करवाथी थाय छे.

## ॥ अनन्तना भेदनिगमन तथा प्रयोजन ॥

एवं च नवधाऽनन्तं,कर्मग्रन्थमते भवेत् । भवत्यष्टविधं किञ्च सिद्धान्ताश्रयिणां मते ॥ २०६ ॥ सर्वेषां रूपमेकैक-मेषां ज्येष्ठ-कनीयसाम् । मध्यमानां तु रूपाणि, भवन्ति बहुधा किल ॥ २०७ ॥ संख्यातभेदं संख्यात-मसंख्यातविधं पुनः । असंख्यात-मनन्तं चा-ऽनन्तभेदं प्रकीर्त्तितम् ॥२०८॥ प्रयोजनं त्वेतेषां ॥ अ-भविअ चउत्थणन्ते, पञ्चमि सम्माइपरिवडिअसिद्धा । सेसा अट्ठमणन्ते, पज्जथूलवणाइ बावीसं ॥ २०९ ॥ (सा०२०) (अभ-

३ उत्कृष्ट युक्तअनंत—सिद्धांतने मते जघ० यु० अनन्तमा अभ्यासमांथी १ कमी करवाथी थाय छे. अने कर्मग्रन्थमते जघ० यु० अनन्तना वर्गमां १ कमी करवाथी थाय छे.

४ उत्कृष्ट अनन्तानन्त—सिद्धांतने मते आ उ० अनं० अनं० छे ज नहिं, अने कर्मग्रन्थमते जघ० अनं० अनं० नो त्रणवार वर्ग करी अनन्तसंख्यावाळा ६ पदार्थो मेळवी पुनः त्रणवार वर्ग करी केवलद्विकना पर्याय मेळववाथी उ० अनं० अनं० थाय छे, परन्तु मेय पदार्थना अभावे एनो व्यवहार नथी ( अहिं बन्ने मतनी युक्ति अपेक्षापूर्वक होवाथी अविरुद्ध समजाय छे. ) पुनः संख्यानी तुल्यना जघ० यु० असं० सुधीज रही छे. अने मध्य० यु० अ० म० थी संख्या वधतानी चाली छे.

१ श्री पन्नवणाजीमां ९८ बोलना महाल्पबहुत्वमां सम्यक्त्वपतितनी साथेज सिद्धो गणाव्या छे तथा आगळ आठमा अनन्तनी बावीस वस्तुओमां सिद्ध गण्या नथी. एवा अनेक कारणोथी अनेक आचार्योना अभिप्राये सम्यक्त्वथी पडेला अने सिद्धपरमात्मा पांचमे अनन्ते वर्णव्या छे, वळी केटलाक विचारको अतीत अनादि अनन्त पुद्गलपरावर्तरूप आठमा अनन्तप्रमाण काळथी मुक्तिमार्ग वहेतो होवाथी कदाच जघन्यथी एक समय अने उत्कृष्टथी छमासनो विरहकाल गणीए अने ते विरहकाल बाद करतां पण ते अनन्तकालमां जघन्यथी एक समये एक अने उत्कृष्टथी एकसो आठ जीवोनी मुक्ति गणतां तथा वर्गणानुं रहस्य विचारतां पण आठमा अनन्तप्रमाण पण सिद्धोनो सम्भव थवो जोइए,तेम कहे छे. तत्त्व केवलि जाणे. वास्तवीक रीते एक निगोदनो अनन्तमो भाग, अने अभव्यथी अनन्तगुणाजीवो सिद्ध थयेला छे.

व्याश्चतुर्थेऽनन्ते, पञ्चमे सम्यक्त्वादिपरिपतितसिद्धाः ॥ शेषा अ-ष्टमेऽनन्ते पर्याप्तस्थूलवनादयो द्वाविंशतिः॥२०९॥) तेचामी ॥ बा-यरपजत्तवणा१,बायरपज्ज २ अपज्जबायरवणा य ३ । बायर अपज्ज ४वायर ५,सुहुमापज्जवण ६ सुहुमअपज्जा७॥२१०॥ सुहुमवणा प-ज्जत्ता ८,पज्जसुहुमा ९ सुहुम १०भव्व ११य निगोया १२ । वण १३ एगिंदिय १४ तिरिया १५,मिच्छद्दिट्ठी १६अविरया १७ य ॥२११॥ सकसाइणो १८य छउमा, १९सजोगि २०संसारि २१सव्वजीवा २२ य । जह संभवमब्भहिया, बावीसं अठमेऽणंते ॥२१२॥ (सा०२१) (बादरपर्याप्तवनाः बादरपर्याप्ता अपर्याप्तबादरवनाश्च ॥ बा-दरापर्याप्ताः बादराः सूक्ष्माः सूक्ष्मापर्याप्तवनाः सूक्ष्मापर्याप्ताः ॥२१०॥ सूक्ष्मवनाः पर्याप्ताः पर्याप्तसूक्ष्माः भव्याश्च निगोदाः ॥ वना एकेन्द्रियास्तिर्यञ्चः मिथ्यादृष्टयोऽविरताश्च ॥२११॥ सकषायि-णश्च छद्मस्था सयोगिनः संसारिणः सर्वजीवाश्च ॥ यथासंभवम-भ्यधिका द्वाविंशतिरष्टमेऽनन्ते॥२१२॥)इत्यादि यथास्थानं ज्ञेयम्॥

इत्यंगुलादिप्रकृतोपयोगि-मानं मयाप्तोक्तिमपेक्ष्य दृब्धम् ।
अथो यथास्थानमिदं नियोज्यं,कोशस्थितं द्रव्यमिवागमज्ञैः॥२१३॥

अर्थ--ए प्रमाणे कर्मग्रन्थने मते ९ प्रकारनुं अनन्त छे, अने सिद्धांतकारने मते ८ प्रकारनुं छे ॥ २०६ ॥ ए २१ प्रकारमां उत्कृष्ट अने जघन्यनी संख्या एकेक प्रकारनी छे, अने मध्यमनी संख्याओ निश्चय अनेक प्रकारनी छे ( कारणके एक अधिक बे अधिक इत्यादि अनेक प्रकारे मध्यम भेद होय छे. ) ॥ २०७ ॥ ( अथवा मूळ त्रणभेद [ संख्य-असं०-ने अनन्त ] ने आश्रयि विचारतां ) संख्यात संख्यात प्रकारनुं छे, असंख्यात असंख्य प्रकारनुं, अने अनन्त ते अनन्त प्रकारनुं कहेलुं छे. ॥२०८॥ (आटले सुधी संख्यातादिना स्वरूपनो विचार कर्यो)

अथ अनन्तानो उपयोग—ए अनन्तानो उपयोग आ प्रमाणे छे-अभव्य जीवो चोथे अनन्ते ( ज० यु० अनन्त जेटला ) छे, सम्यक्त्वादिकथी ( ४ थी ११ मा गुणस्थान सुधीथी पतित थयेला ) जीवो अने सर्वसिद्ध ए बे

पांचमे अनन्ते (म०युक्त अनन्त जेटला)छे, अने शेष पर्याप्तबादर वनस्पत्यादि २२वस्तु [जीवो] आठमे अनन्ते (म० अनन्तानन्त प्रमाण)छे.॥२०९॥ते २२ वस्तुओ आ प्रमाणे१ बादरपर्याप्तवनस्पति–२बादरपर्याप्ताजीव–३ अपर्याप्तबादरवनस्पति–४ बादरअपर्याप्ताजीव–५ सर्व बादरजीव–६ सूक्ष्मअपर्याप्त वनस्पति–७ सूक्ष्मअ-पर्याप्ता–८ सूक्ष्मपर्याप्तवनस्पति–९ पर्याप्तसूक्ष्मजीवो–१० सर्व सूक्ष्मजीवो–११ भव्यजीवो–१२ निगोदजीवो–१३ वनस्पतिजीवो–१४ एकेन्द्रियजीवो–१५ ति-र्यंचजीव–१६ मिथ्यादृष्टिजीव–१७ अविरतजीव –१८ सकषायीजीव–१९ छद्म-स्थजीव–२० सयोगीजीव-२१ संसारीजीव-अने २२ सर्वजीव. ए अनुक्रमे अधिक अधिक एवा बावीस पदार्थ आठमे अनन्ते छे, ॥२१०–११–१२॥ इत्यादि जे प-दार्थ जे संख्यास्थाने वर्ततो होय ते पदार्थ ते संख्यास्थाने विचारवो. ( अर्थात् आठमे अनन्ते आ २२ ज "पदार्थ छे एम नथी बीजा पण पुद्गल काळ विगेरे छे. पण जीवापेक्षाए २२ छे, तेम जाणवु)ए प्रमाणे चालु विषयने(ग्रन्थने)उपयोगी एवुं अल्पबहुत्वादिकनुं प्रमाण में सर्वज्ञना वचनने अनुसरीने कर्युं छे. ते आगमना जाण-कारोए(बीजे पक्षे–कामना जाणनाराओए)भंडारमां रहेला द्रव्यनी(धननी)माफक योग्यस्थाने जोडवुं.।।२१३॥ (अनन्तमां प्राप्त थता जीवोना अल्पबहुत्व-नो यन्त्र )

| संख्या | नाम | अल्पबहुत्व | कारण |
|---|---|---|---|
| १ | अभव्य | चतुर्थ अनन्ते | जघन्ययुक्त अनन्तप्रमाण होवाथी. |
| २ | सम्यक्त्वभ्रष्टा-दि पतित | पांचमा ,, (अभ०अनं०) | अभव्यथी अनन्तगुण होवाथी. |
| ३ | सिद्ध | पांचमा अनन्ते (तेथी अनं०गु० | सम्य० पतितथी अनन्तगुण छे. ) |
| ४ | पर्याप्त बा० वनस्पति | (तेथी अनं०गु० आठमा अनन्ते | आठमा अनन्तप्रमाण होवाथी. ( सिद्धो करता एक निगोदमां पण अनन्तगुण जीवो छे. |
| ५ | बा० पर्याप्त | तेथी विशेषाधिक | बा० पर्या० पृथ्वीकायादि प्रक्षेपवाथी |
| ६ | बा०अप०वन० | तेथी असं० गुण | एकेक बा० निगोदपर्या०नी निश्राए असं० असं० बा० अप० निगोद होवाथी. |
| ७ | बादर अप० | तेथी विशेषाधिक | बा० अप० पृथ्वीकायादिनो प्रक्षेप करवाथी. |
| ८ | बादर | ,, | पर्या० अपर्याप्त बन्ने बादरना प्रक्षेपथी |

| | | | |
|---|---|---|---|
| ९ | अप०सू०वन० | तेथी असं० | बादरथी सूक्ष्म अप० वन० असं०गुण होवाथी |
| १० | अप० सूक्ष्म | तेथी विशेषाधिक | सू० अप० पृथ्वीकायादिनो प्रक्षेप करवाथी. |
| ११ | सूक्ष्म पर्या० वनस्पति | तेथी संख्येयगुण | प्रज्ञा०भिप्राये सूक्ष्ममां एकेक अप० नी निश्राए संख्यातपर्या०नी उत्पत्ति होवाथी (आचा०वृत्ति अभिप्राये असंख्यातनी उत्पत्ति कहीछे ) |
| १२ | पर्याप्त सूक्ष्म | तेथी विशेषाधिक | पर्या० सू० पृथ्वीकायादिनो प्रक्षेप करवाथी |
| १३ | सूक्ष्म | ,, | अपर्याप्त सूक्ष्मपृथ्व्यादीनो प्रक्षेप करवाथी |
| १४ | भव्य | ,, | चोथा अनंत जेटला अल्प अभव्यो सिवाय सर्व भव्य होवाथी. |
| १५ | निगोद जीव | ,, | निगोदान्तर्गत अभव्यजीवराशिनो पण प्रक्षेप करवाथी. |
| १६ | वनस्पति | ,, | प्रत्येक वनस्पतिनो पण प्रक्षेप करवाथी. |
| १७ | एकेन्द्रिय | ,, | बा० अने सू० बन्ने पृथ्वीकायादिनो प्र० करवाथी |
| १८ | तिर्यंच | ,, | पर्या०अपर्या० द्वीन्द्रियादित्रस तिर्यंचोनो प्रक्षेप करवाथी. |
| १९ | मिथ्यादृष्टि | ,, | अल्पतिर्यंच पंचेन्द्रियो जे सम्यग्दृष्टिआदि छे ते बाद करी बारेगतिना मिथ्या०ओ गणवाथी |
| २० | अविरत | ,, | अविरत सम्यग्दृष्टिओनो प्रक्षेप करवाथी |
| २१ | सकषायी | ,, | देशविरतादिकनो (५ थी १० गुण स्था० सुधीनो) प्रक्षेप करवाथी |
| २२ | छद्मस्थ | ,, | उपशान्तमोही उ० ५४ अने क्षीणमोही उ० १०८ नो प्रक्षेप करवाथी. |
| २३ | सयोगी | ,, | सयोगी केवलि जघ० २ क्रोड उत्कृ० ९ क्रोड नोप्रक्षेप करवाथी |
| २४ | संसारी | ,, | अयोगिकेवलि उ० १०८नो प्रक्षेप करवाथी. |
| २५ | सर्वजीव | ,, | पूर्वोक्त ३ नंबरनी संख्यावाळा सिद्धनो पण प्रक्षेप करवाथी. |

## ॥ सर्गनु अन्तिम निगमन ॥

विश्वाश्चर्यदकीर्त्ति-कीर्त्तिविजयश्रीवाचकेन्द्रांतिष-
द्राजश्रीतनयोऽतनिष्ट विनयः श्रीतेजपालात्मजः ।
काव्यं यत्किल तत्र निश्चितजगत्तत्त्वप्रदीपोपमे,
सर्गो निर्गलितार्थसार्थसुभगः पूर्णः सुखेनादिमः ॥ २१४ ॥

॥ लोकप्रकाशे प्रथमः सर्गः समाप्तः ॥

अर्थ—विश्वमां आश्चर्य उपजावे एवी कीर्तिवाळा श्री कीर्तिविजयउपाध्यायना शिष्य अने राजश्रीना ( संसारीपणामां राजश्री नामनी माताना ) पुत्र तथा श्री तेजपाल (संसारी पिता ) ना पुत्र विनय ( विनयविजयजि उपा० ) जे काव्य विस्तारता हवा(रचता हवा)निश्चित (निश्चळ) एवा जगतना तत्त्व-पदार्थने प्रगट करवामां दीपक सरखा एवा ते काव्यमां साररूप झरेला अर्थना समुदाय वडे करीने सौभाग्यवाळो आ प्रथम सर्ग सुखे करीनें समाप्त थयो. ॥ २१४ ॥

## ( सिद्धान्त मते संख्यातादि २० भेद )

१ जघ० सं २ ( एक गणतरीमां नथी )
२ मध्यम संख्या०—३ थी १ न्यून उ० संख्यातसुधी.
३ उ०सं०—एक न्यून सर्व सरसव प्रमाण. (चार प्यालाना दृष्टान्तोक्त)
१ जघ० प्रत्ये० असं०—सर्व सरसव प्रमाण.      ”
२ मध्यम प्र० असं०—१ अधिक सर्व सर्षपथी १ न्यून उ० प्र० असं० सुधी.
३ उ०प्र० असं०—१ न्यून जघ० यु० असं० प्रमाण.*
४ जघ० युक्त असं०—सर्षपराशि अभ्यास प्रमाण. ( १ आवलिकाना समय )
५ मध्य०यु०असं०—सुगम छे. (जघन्यथी एकाधिक उत्कृष्टथी एक न्यून)
६ उ० यु० असं०—१ न्यून उ० असं० असं० प्रमाण.
७ ज० असं ०असं०—ज० यु० असं० ना राशिअभ्यास प्रमाण.
८ मध्यम असं० असं०—सुगम छे, (ज० थी १ अधि० उ० थी १ न्यून)

* अहिं उत्कृष्ट भेद कहेवानो अनुक्रम शास्त्रोक्त रीतथी भिन्न रीते कह्यो छे परन्तु संख्यामां तफावत नथी.

९ उ० असं० असं०—१ न्यून ज० प्र० अनंतप्रमाण.

१ जघ० प्र० अनंत—ज० असं० असं० ना राशिअभ्यास प्रमाण.

२ मध्यम० प्र० अनंत—सुगम छे. (ज० थी १ अधिक उ० थी १ न्यून)

३ उ०—प्र० अनंत—१ न्यून ज० यु० अनंत प्रमाण.

४ ज० यु० अनंत—ज० प्र० अनंतना राशिअभ्यास प्रमाण. [अभव्यजीवसंख्या]

५ म० यु० अनंत—सुगम छे. [ सम्यक्त्वादिपतित, सिद्धसंख्या ]

६ उ० यु० अनंत—१ न्यून ज० अनंतानंत प्रमाण.

७ ज० अनंतानंत—ज० यु० अनंतना राशिअभ्यास प्रमाण.

८ मध्यम अनंतानंत—सुगम छे. [ २२ पदार्थ [जीव] संख्या ]

॥ सिद्धान्तमते ९ मुं अनंत नथी. ॥

## ॥ कर्मग्रंथमते संख्यातादि २१ भेद ॥

१ जघ० सं०—२

२ मध्यम सं०—३ थी १ न्यून उ० सं० सुधी.

३ उ० सं०—१ न्यून सर्व सर्षप प्रमाण.

१ ज० प्र० असं०— सर्व सरसव प्रमाण.

२ म० प्र० असं०— सुगम छे.

३ उ० प्र० अ० सं०—१ न्यून जघ० यु० असं० प्रमाण.

४ जघ० यु० असं०—सर्व सरसवना राशिअभ्यास प्रमाण.

५ मध्यम यु० असं०—सुगम छे. ( अहिंथी कर्मग्रंथाभिप्राय भिन्न पडे छे. )

६ उ०यु० असं०—१ न्यून ज० असं० असं० प्रमाण.

७ ज० असं० असं०—ज० यु० असं० ना वर्ग प्रमाण.

८ मध्य० असं० असं०—सुगम छे.

९ उ० असं० असं०—१ न्यून ज० प्र० अनंत प्रमाण.

१ ज० प्र० अनंत— जघ० असं० असं० नो त्रिवर्ग करी पूर्वोक्त १० वस्तुनां असंख्यात प्रक्षेपी पुनः त्रिवर्ग करवा प्रमाण.

२ म० प्र० अनंत—सुगम छे.

३ उ० प्र अनंत- ज० यु० अनंतमां १ न्यून.

४ ज०यु०अनंत—ज०प्र० अनंतना राशिअभ्यास प्रमाण. (अभव्य जीवप्रमाण.)

५ म० यु० अनंत—सुगम छे. [ सम्यक्त्वादिपतित, सिद्धो ]

६ उ० यु० अनंत--१ न्यून ज० अनंतानंत तुल्य.
७ ज० अनंतानंत--ज० यु० अनंतना वर्ग प्रमाण.
८ म० अनंतानंत- सुगम छे. [२२ जीव संख्या]
९ उ० अनंतानंत --ज० अनंतानंतनो त्रिवर्ग करी ६ वस्तुनां अनंत प्रक्षेपवा प्रमाण.

## ॥ संख्यातादिकमां प्राप्तभाव ॥

जघ० युक्त असं०-एक आवलिकाना समय.
जघ० युक्त अनंत--अभव्य जीव.
मध्यम युक्त अनंत--सम्यक्त्वादिपतित जीवो, अने सर्व सिद्ध.
मध्यम अनंतानंत--१ बादरपर्याप्त वनस्पति, २ बादर पर्याप्त, ३ अपर्याप्त बादर वनस्पति, ४ बादर अपर्याप्त, ५ बादर, ६ सूक्ष्म अपर्याप्त वनस्पति, ७ सूक्ष्म अपर्याप्त, ८ सूक्ष्मपर्याप्त वनस्पति, ९ पर्याप्त सूक्ष्म, १० सूक्ष्म, ११ भव्य, १२ निगोद, १३ वनस्पति, १४ एकेन्द्रिय, १५ तिर्यंच, १६ मिथ्यादृष्टि, १७ अविरत, १८ सकषायी, १९ छद्मस्थ, २० सयोगी, २१ संसारी, २२ सर्व जीव.

स्वमतिबोधिताकब्बरनृपप्रदत्ताहिंसा--अनादिसंसिद्धश्रीजैनसत्ताकश्रीशत्रुञ्जयादितीर्थरक्षायत्तीकरणस्फुरन्मान-जगद्गुरुविरुद*धारकमहाप्रभावतपागच्छाचार्यश्रीविजयहीरसूरीश्वरशिष्यमहोपाध्यायश्रीकीर्तिविजयगणिविनेयावतंस-अनेकग्रन्थसन्दर्भलब्धयशोधवलीकृतदिङ्मंडलमहोपाध्यायश्रीविनयविजयगणिविरचितशास्त्रसन्दोहोपनिषद्भूत--निखिलतत्त्वप्रकाशनप्रदीप-लोकप्रकाशग्रन्थप्रथमविभागद्रव्यलोकप्रकाशे यन्त्रचित्रालंकृत भाषानुवादविभूषितः प्रथम सर्गः समाप्तः ॥

---

सर्गनिष्कर्ष, विषयसूची { अंगुलयोजनरज्जु—पल्याब्धिनिरूपणानि गुणाकारः ॥ भागाहृतिसंख्येया-संख्यानन्तानि चाद्रिमे सर्गे ॥ १ ॥

*जगद्गुरुविरुद तथा फरमानमां पुरावा जोवा होय तो जुओ हीर सौभाग्य, विजयप्रशस्ति विगेरे प्रायः समानकालीन ग्रन्थो, असल परवानाओ पण शेठ. आणन्दजी कल्याणजीना अचळ चोपडे मोजुद छे.

# ॥ अथ द्वितीयः सर्गः ॥

प्रथम सर्गमां सर्व ग्रंथोपयोगि अंगुलादि--योजनादि--पल्योपमादि--संख्यातादिनुं स्वरूप प्रतिपादन कर्युं, हवे ग्रन्थनुं वाच्य जे लोकस्वरूप, लोकना द्रव्य क्षेत्र काल भाव भेदो, तदन्तर्गत द्रव्यलोकवाच्य षड्द्रव्यभेदो--अस्तिकायना प्रकारो तथा तेनुं विस्तार वर्णन अने छेवटे जीवास्तिकायना भेदरूप महा मंगलमय सिद्धजीवनुं द्वार—प्रतिद्वारो सहित विस्तारथी आ सर्गमां वर्णन करायछे.

स्तुमः शङ्खेश्वरं पार्श्वं, मध्यलोके प्रतिष्ठितम् । देहलीदीपकन्यायाद्, भुवनत्रयदीपकम् ॥ १ ॥ प्रस्तूयतेऽथ प्रकृतं, स्वरूपं लोकगोचरम् । द्रव्यतः क्षेत्रतः काल–भावतस्तच्चतुर्विधम् ॥२॥ एकः पञ्चास्तिकायात्मा, द्रव्यतो लोक इष्यते । योजनानामसंख्येयाः, कोटयः क्षेत्रतोऽमितः ॥३॥ कालतोऽभूच्च भाव्यस्ति, भावतोऽनन्तपर्यवः । लोकशब्दप्ररूप्यास्ति–कायस्थगुणपर्यवैः ॥ ४ ॥

अर्थ—घरना उमरामां रहेलो दीपक जेम घरनी बहारना भागमां तथा आखा घरमां प्रकाश करे छे तेम 'देहलीदीपक' न्यायथी मध्यलोकमां रहया छतां त्रणे भुवनमां प्रकाश करनार श्री शंखेश्वरपार्श्वनाथनी स्तवना करीए छीए ॥१॥ हवे कहेवा मांडेलुं लोक संबंधि स्वरूप विस्तारथी कहेवाय छे, ते लोकस्वरूप द्रव्यथी-क्षेत्रथी–काळथी–अने भावथी एम चार प्रकारनुं छे. ॥ २ ॥ त्यां पञ्चास्तिकायरूप लोक ते द्रव्यलोक, द्रव्यथी एक छे. क्षेत्रथी

---

१ श्रीशंखेश्वर पार्श्वनाथ भगवाननुं मनोहर चैत्य वढीयार देशमां श्रीशंखेश्वर गाममां विद्यमान छे. जिनप्रतिमा अने साक्षात् जिननुं समानपणुं छे ते संबंधी तथा श्रीशंखेश्वरपार्श्वनाथ संबंधी अपूर्व वर्णन प्रथम सर्गना मंगलाचरणमां विस्तारथी आपवामां आव्युं छे त्यांथी जोइ लेवुं.

सर्व दिशाए असंख्य क्रोड योजन जेटलो छे, ॥ ३ ॥ काळथी प्रथम हतो–आगळ रहेवानो छे–अने वर्तमानमां छे, अने [1]भावथी लोके शब्दवडे प्ररूपवायोग्य अस्तिकायमां रहेला गुण अने पर्यायो वडे अनंत पर्याय युक्त छे. ॥ ४ ॥

[2]अथवा ॥ जीवाऽजीवस्वरूपाणि, नित्याऽनित्यस्वभन्ति च । द्रव्याणि षट् प्रतीतानि, द्रव्यलोकः स उच्यते ॥ ५ ॥ तथोक्तं स्थानाङ्गवृत्तौ॥जीवमजीवे रूवम–रूवि सपएसमप्पएसे अ । जाणाहि दव्वलोगं, निच्चमनिच्चं च जं दव्वं ॥६॥ (सा०२२)(जीवा अजीवा रूपिणोऽरूपिणः सप्रदेशा अप्रदेशाश्च ॥ जानीहि द्रव्यलोकं नित्यमनित्यं च यद्द्रव्यम् ॥६॥ भग०वृ०श०११–उ०१०पत्र ५२३) ये संस्थानविशेषेण,तिर्यगूर्ध्वमधःस्थिताः । आकाशस्य प्रदेशास्तं, क्षेत्रलोकं जिना जगुः ॥७॥ समयावलिकादिश्च, काललोको जिनैः स्मृतः । भावलोकस्तु विज्ञेयो, भावा औदयिकादयः ॥८॥ यदाहुः॥उदइए उवसमिए, खइए अ तहा खओवसमिए अ । परिणामसन्निवाए, छव्विहो भावलोउत्ति ॥९॥ इति स्थानाङ्गवृत्तौ ॥ [सा०२३] [औदयिक औपशमिकः क्षायिकश्च तथा क्षायोपशमिकश्च ॥ पारिणामिकः सान्निपातिकश्च षड्विधो भावलोक इति ॥ ९ ॥] तत्र प्रथमतो द्रव्य–लोकः किञ्चिद्वितन्यते । मया श्रीकीर्त्तिविजय--प्रसादप्राप्तबुद्धिना ॥१०॥ (द्रव्यादि ४ लोकस्वरूप)

अर्थ–अथवा जीव अने अजीव स्वरूपवाळां तथा नित्य अने अनित्य एवां प्रसिद्ध जे ६ द्रव्य तेज द्रव्यलोक कहेवाय छे. ॥ ५ ॥

---

१ पांच अस्तिकाय ( जीव-धर्मा०--अधर्मा०--आका०--पुद्गल ) ना समुदायपणे " लोक " एवी संज्ञा छे ते पांच अस्तिकायना जे गुणपर्याय ते लोकना गुणपर्याय कहेवाय माटे " लोकशब्दवडे प्ररूपवा योग्य इत्यादि " कह्युं छे.

२ अहिं अथवा शब्दथी द्रव्यादि चारे लोकनो अर्थ बीजे प्रकारे दर्शावाय छे.

श्रीठाणांगजीनी वृत्तिमां कह्यु छे के—"जीव अने अजीव, रूपी अने अरूपी, सप्रदेशी अने अप्रदेशी, तथा नित्य अने अनित्य एवां जे ६ द्रव्य तेज द्रव्यलोक जाणवो." ॥ ६ ॥

अमुक संस्थानवडे ( एटले वज्रने आकारे अथवा केडे हाथ दइ जामो पेरी उभा रहेला मनुष्यने आकारे—वैशाख आकारे—अथवा वैशाख संस्थाने ) तिर्यक्-ऊर्ध्व—अने अधोदिशामां रहेला जे आकाशना प्रदेशो तेने जिनेश्वरो क्षेत्रलोक कहे छे. ॥ ७ ॥ जे समय—आवली ( तथा मुहूर्तादि ) वगेरे ते जिनेश्वरोए काल-लोक कह्यो छे, अने औदयिकादि ( ५ ) भावो ते भावलोक जाणवो. ॥८॥

कह्युं छे के—" औदयिक-औपशमिक-क्षायिक-क्षायोपशमिक-पारिणामिक अने सान्निपातिक ए ६ प्रकारनो भावलोक छे " एम श्री ठाणांगवृत्तिमां कह्यु छे. ॥ ९ ॥ त्यां श्रीकीर्तिविजयवाचक गुरुनी कृपाए प्राप्त थयेली बुद्धिवाळो हुं (विनयविजयजी) प्रथम द्रव्यलोकनुं स्वरूप कंइक विस्तारथी कहुं छुं. ॥ १० ॥

## द्रव्यलोक स्वरूपना वर्णनमां ६ द्रव्यनुं स्वरूप

धर्मास्तिकायाऽधर्मास्ति--कायावाकाश एव च । जीवपुद्गल-कालाश्च, षड्द्रव्याणि जिनागमे ॥११॥ धर्माऽधर्माभ्रजीवाख्याः, पुद्गलेन समन्विताः ।पञ्चामी अस्तिकायाः स्युः, प्रदेशप्रकरात्मकाः ॥१२॥ अनागतस्याऽनुत्पत्ते--रुत्पन्नस्य च नाशतः । प्रदेशप्रचयाऽभावात्, काले नैवास्तिकायता ॥१३॥ विना जीवेन पञ्चामी, अजीवाः कथिताः श्रुते ।पुद्गलेन विना चामी,जिनैरुक्ता अरूपिणः ॥१४॥

अर्थ-धर्मास्तिकाय-अधर्मास्तिकाय-आकाशास्तिकाय-जीवास्तिकाय-पुद्गलास्तिकाय—अने काळ आ ६ द्रव्य (विद्यमानपदार्थ) श्री जिनेश्वरना सिद्धांतमां कह्यां छे. ॥ ११ ॥ त्यां धर्मा०—अधर्मा०—आका०—जीवा०—अने पुद्गला० ए पांच प्रदेशना समूह रूप होवाथी अस्तिकाय कहेवाय छे, ॥१२॥ अने भविष्य-काळनी उत्पत्ति हजी थइ नथी, अने भूतकाळ जे उत्पन्न थइ गयेलो छे ते विनाश पामेलो छे, ए प्रमाणे काळने प्रदेशनो समूह नहिं होवाथी काळमां अस्तिकायपणुं

---

१ " पर्वा " एटले ए रीते बे बे विभागवाळां ( छ द्रव्यो छे. )

नथी. ॥ १३ ॥ तथा जीव सिवायनां ए पांचे द्रव्य सिद्धांतमां अजीव कहेल छे, ( अने जीव द्रव्यने जीव कहेल छे. ) तथा पुद्गल सिवायनां ए पांचे द्रव्य श्री जिनेश्वरोए अरूपी कहेल छे ॥ १४ ॥ ( अने पुद्गलने रूपी कहेल छे. )

## ॥ धर्मास्तिकाय–अधर्मास्तिकाय द्रव्यनुं स्वरूप ॥

धर्मास्तिकायं तत्राह,पञ्चधा परमेश्वरः । द्रव्यतः क्षेत्रतः काल--भावाभ्यां गुणतस्तथा॥१५॥द्रव्यतो द्रव्यमेकं स्यात्, क्षेत्रतो लोकसम्मितः । कालतः शाश्वतो यस्मा--दभूद् भात्यस्ति चानिशम् ॥ १६ ॥ वर्णरूपरसैर्गंध--स्पर्शैः शून्यश्च भावतः । गत्युपष्टंभधर्मश्च, गुणतः स प्रकीर्त्तितः ॥१७॥ स्वभावतः सञ्चरतां, लोकेऽस्मिन् पुद्गलात्मनाम् । पानीयमिव मीनानां, साहाय्यं कुरुते ह्यसौ ॥१८॥ जीवानामेष चेष्टासु, गमनागमनादिषु । भाषामनोवचःकाय--योगादिष्वेति हेतुताम् ॥ १९ ॥ अस्यासत्त्वादलोके हि, नात्मपुद्गलयोर्गतिः । लोकाऽलोकव्यवस्थापि, नाऽभावेऽस्योपपद्यते ॥ २० ॥

द्रव्यक्षेत्रकालभावै–र्धर्मभ्रातेव युग्मजः । स्यादधर्मास्तिकायोऽपि, गुणतः किन्तु भिद्यते ॥ २१ ॥ स्थित्युपष्टम्भकर्त्ता हि, जीवपुद्गलयोरयम् । मीनानां स्थलवद् येना-लोके नासौ न तत्स्थितिः ॥ २२ ॥ अयं निषदनस्थान–शयनालम्बनादिषु । प्रयाति हेतुतां चित्त--स्थैर्यादिस्थिरतासु च ॥ २३ ॥ इदमर्थतो भग० श० १३ उ० ४ मुद्रि० प० ६०८ (सा० २४)॥ गतिस्थितिपरिणामे, सत्येवैतौ सहायकौ । जीवादीनां न चेत्तेषां, प्रसज्येते सदापि ते ॥ २४ ॥ ( धर्मास्तिकायद्रव्यभेदविचार)

अर्थ–ए ६ द्रव्यमां धर्मास्तिकाय द्रव्य जीनेश्वरोए ५ प्रकारनुं कहेलुं छे–१ द्रव्यथी, २ क्षेत्रथी, ३ काळथी, ४ भावथी, अने. ५ गुणथी. ॥ १५ ॥ त्यां धर्मास्तिकाय द्रव्यथी (संख्याए) एक छे, क्षेत्रथी लोकाकाशप्रमाण छे, काळथी शाश्वत छे, कारणके पेहेलां हतुं, भविष्यमां रहेवानुं छे, अने वर्तमान-

काळमां विद्यमान छे. ॥ १६ ॥ भावथी वर्ण--गंध--रस--अने स्पर्श रहित छे, अने गुणथी ते ( जीव पुद्गलने ) गति करवामां सहाय आपवाना स्वभाववाळुं कहेलुं छे. ॥ १७ ॥ आ लोकमां स्वभावेज गति करता जीव पुद्गलोने मत्स्यने तरवामां जेम जळ तेम आ धर्मास्तिकाय सहाय करे छे, ॥ १८ ॥ वळी जीवोने तो गमन आगमनादि चेष्टा (क्रिया)मां अने भाषाग्रहण मनयोग--वचनयोग-अने काययोग इत्यादिमां पण ए कारणिक थाय छे. ॥१९॥ आधर्मा० अलोकमां नहिं होवाथी त्यां जीव अने पुद्गलनी गति थइ शकती नथी अने ए धर्मास्तिकायना अभावे लोक अलोकनी व्यवस्था पण न संभवे.॥२०॥तथा द्रव्य-क्षेत्र काळ अने भाववडे धर्मास्ति०नो साथे जोडले जन्मेलो भाइ सरखो अधर्मास्तिकाय पण छे, ( एटले- द्रव्य, क्षेत्र, काळ, भावथी अधर्मास्तिकायनुं स्वरूप धर्मास्तिकायना जेवुंज छे ) परन्तु गुणमां तफावत छे. ॥ २१ ॥ कारणके ए अधर्मा० मत्स्यने स्थिर थवामां जेम द्वीपादि स्थळ तेम जीव पुद्गलने स्थिर थवामां ( अधर्मा० ) अवलंबन ( आधार ) भूत छे. जे कारण माटे अलोकमां अधर्मा० नथी तेथी त्यां जीवपुद्गलोनी स्थिति पण नथी. ॥ २२ ॥ आ अधर्मास्तिकाय बेसवामां--उभा रहेवामां, शयन करवामां, आलंबन लेवामां, अने चित्तनी स्थिरता वगेरे स्थिर कार्योमां कारणरूप थाय छे. ॥२३॥ आ स्वरूप अर्थथी श्रीभगवतीजीशतक १३मे ४ था उद्देशे कह्युं छे. जीवो अने पुद्गलो गति अने स्थिति परिणामवाळा थये छतेज ए बन्ने सहाय करनारा छे, अने जो तेम न होय तो जीव अने पुद्गलोनी हंमेशां गति थया करे अथवा स्थिति रह्या करे. ॥ २४ ॥ ( धर्मा० अधर्मा० वर्णन संपूर्ण )

१ जो धर्मा० न होय तो भाषादि पुद्गलोनी गतिना अभावे भाषाग्रहण अने मनयोगादि कंइपण न होइ शके माटे भाषा-मन--वचन–इत्यादिमां धर्मा० कारणरूप छे.

२ कोइक वस्तुने धरी—पकडी राखवामां

३ भावार्थ ए छे के—जीव अथवा पुद्गल पोताना स्वभावथीज गति स्थिति क्रियामां वर्तता होय त्यारे ए बन्ने द्रव्यसहायक थाय, परन्तु जीव पुद्गल स्वभावथी गति स्थिति न करता होय, अने ए बे द्रव्य पओने प्रेरीने ज गति स्थिति करावता होय तो ए जीव पुद्गलोमां हर हमेश गति अथवा स्थितिज रह्या करे अने एम थवाथी परस्पर गतिस्थितिमां सांकर्यभाव पण उपजे. माटे वस्तुतः ए बे० द्रव्य जीव पुद्गलोने गति स्थितिमां प्रेरणा करतां नथी पण मात्र सहायकज थाय छे.

## ॥ षड्द्रव्य यन्त्रकम् ॥

| संख्या | द्रव्यनां नाम. | द्रव्यथी (संख्याथी) | क्षेत्रथी | काळथी | भावथी | गुणथी |
|---|---|---|---|---|---|---|
| १ | धर्मास्तिकाय | १ | संपूर्ण लोकाकाश प्रमाण | सर्वद्रव्यो प्रत्येकवाय अनादि अनन्त. | वर्णादि रहित | गतिसहायक |
| २ | अधर्मास्तिकाय | १ | ,, | | ,, | स्थितिसहायक. |
| ३ | आकाशास्तिकाय | १ | लोकालोक प्रमाण | | ,, | अवकाशदायक |
| ४ | काळ | समया पे० १ अती०अनाअ०नं० | २॥ द्वीप०२ समुद्रप्र० | | ,, | वर्तना, परत्वापरत्व० स्वभाव |
| ५ | पुद्गलास्तिकाय | अनंत | संपूर्ण लोकप्रमाण | | वर्णादिसहित | पूरणगलनधर्मयुक्त |
| ६ | जीवास्तिकाय | ,, | ,, | | वर्णादिरहित | चैतन्यगुणयुक्त |

### ॥ आकाशास्तिकायनुं स्वरूप ॥


भवेदआस्तिकायस्तु, लोकालोकभिदा द्विधा । लोकाकाशास्तिकायः स्या--त्तत्रासंख्यप्रदेशकः ॥२५॥ स भाव्यलोकाकाशेन, परीतोऽतिगरीयसा । गोलकं मध्यसुषिरं, महान्तमनुकुर्वता ॥२६॥ तथोक्तं भगवतीशतक०११ उ०१०-अलोए णं भंते! किं संठिए प०? गो०झुसिरगोलसंठिए प०इत्यादि॥(सा०२५)अलोको भदन्त? किं संस्थितः प्रज्ञप्तः, ? गौतम ! शुषिरगोलकसंस्थितः प्रज्ञप्तः ) असौ च धर्माऽधर्माभ्यां, स्वतुल्याभ्यां सदान्वितः । भूपाल

इव मंत्रिभ्यां, बिभर्त्ति सकलं जगत् ॥ २७ ॥ अलोकाभ्रं तु धर्माद्यै-र्भावैः पञ्चभिरुज्झितम् ॥ अनेनैव विशेषेण, लोकाकाशपृथगीरितम् ॥ २८ ॥ अनन्तस्याप्यस्य पूर्व्यै-र्महत्तायां निदर्शनम् । असद्भावस्थापनया, पञ्चमाङ्गे प्रकीर्त्तितम् ॥ २९ ॥ तथाहि--सुदर्शनं सुरगिरिं, परितो निर्जरा दश । केऽपि कौतुकिनः सन्ति, स्थिता दिक्षु दशस्वपि ॥ ३० ॥ मानुषोत्तरपर्यन्ते--ऽष्टासु दिक्षु बहिर्मुखाः । बलिपिण्डान् दिक्कुमार्यः, क्षिपन्त्यष्टौ स्वदिक्ष्वथ ॥ ३१ ॥ विकीर्णान् युगपत्ताभि--स्तान् पिण्डानगतान् क्षितिम् । यथा गत्वा सुरस्तेषा--मेकः कोऽप्याहरेद्रयात् ॥ ३२ ॥ तया गत्याथ ते देवा, अलोकान्तदिदृक्षया । गन्तुं प्रवृत्ता युगपद्, यदा दिक्षु दशस्वपि ॥ ३३ ॥ तदा च वर्षलक्षायुः, पुत्रोऽभूत् कोऽपि कस्यचित् । तस्यापि तादृशः पुत्रः, पुनस्तस्यापि तादृशः ॥ ३४ ॥ कालेन तादृशाः सप्त, पुरुषाः प्रलयं गताः । ततस्तदस्थिमज्जादि, तन्नामापि गतं क्रमात् ॥ ३५ ॥ अस्मिंश्च समये कश्चित्, सर्वज्ञं यदि पृच्छति । स्वामिंस्तेषां किमगतं, क्षेत्रं किं वा गतं बहु ॥३६॥ तदा वदति सर्वज्ञो, गतमल्पं परं बहु । अगतस्यानन्ततमो, भागो गतमिहोच्यताम् ॥ ३७ ॥

अर्थ–आकाशास्तिकाय लोक अने अलोकना भेदवडे बे प्रकारनो छे. तेमां लोकाकाश असंख्य प्रदेशवाळो छे, अने ते (लोकाकाश) चारे बाजुथी फरीवळेला, ॥ २५ ॥ अने मध्यमां पोकळ ( पोला ) एवा मोटा गोळा सरखा अलोकाकाशवडे शोभावाळो छे. ॥ २६ ॥ श्री भगवती शतक ११माना १० मा उद्देशामां तेमज कह्युं छे के—" हे भगवान् ! अलोकाकाश केवा आकारनो छे ? उत्तर–हे गौतम ! पोला गोळाना आकारवाळो छे इत्यादि " आ लोकाकाश (प्रमाण अने प्रदेशवडे) पोताना सरखा धर्मास्ति० अने अधर्मा० वडे सदाकाळ युक्त रह्यो छतो राजा जेम बे प्रधाने करीने जगतने धारण करे

# अलोकाकाशनुं चित्र नंबर ३

## (झुसिर संस्थान)



पहोळा पगो करी केडे बे हाथ दइ उभेली पुरुषाकृति तुल्य आकार वाळो चौदराज उंचो मध्य भागमां लोक छे, अने तेनी फरतो दरेक दिशा विदिशाए अनन्त योजन प्रमाण अलोक छे.

आनन्द प्री. प्रेस—भावनगर.

(राज्यपाळे) छे तेम ए पण जगतने धारण करे छे. ॥२७॥ अने अलोकाकाश तो धर्मास्तिकायादि ५ द्रव्यरहित छे ए नफावतना कारणथीज अलोकाकाशने लोकाकाशथी जुदो कहेल छे. ॥ २८ ॥ वळी आ अलोकाकाश अनंत छे तोपण पूर्वाचार्योए एनी मोटाइनुं उदाहरण असत्कल्पनाए करीने पांचमा अंगमां ( श्री भगव० मां) कहेलुं छे ॥ २९ ॥ ते आ प्रमाणे--[अलोकमहत्ता दृष्टान्त ]

सुदर्शन नामना सुरगिरिनी ( मेरु पर्वतनी ) दशे दिशाओमां कोइक दश ( १० ) कौतुकी देवो रहेला छे, ॥३०॥ अने मानुषोत्तर पर्वतने छेडे ( एटले मेरुपर्वतथी २२॥ लाख योजन दूर ) आठ दिशाओने विषे बाहेर मुख करीने ( बहारना द्वीप समुद्रो तरफ मुख करीने ) रहेली आठ दिक् कुमारीओ ( देवीयो ) पोतपोतानी दिशा तरफ बलिपिंड फेंके ॥ ३१ ॥ अने ते दिक्कुमारीओए सहुए एक साथे फेंकेलो बलिपिंड पृथ्वी उपर पडयाविना अधरथीज तेओमांनो कोइएक देव जे गतिवडे करीने शीघ्र उपाडी ले ॥ ३२ ॥ तेवी शीघ्रगतिए अलोकनो अन्त देखवानी इच्छाए ते देवो दशे दिशाओमां एक साथे चालवा मांडे ॥ ३३ ॥ हवे ते वखते कोइक गृहस्थने १ लाख वर्षना आयुष्यवाळो पुत्र जन्म्यो, पुनः ते पुत्रने घेर पण तेवोज ( लाख वर्षना आयुष्यवाळो ) पुत्र जन्म्यो वळी ए पुत्रने पण तेवोज ( लाख वर्षना आयुष्यवाळो ) पुत्र जन्म्यो ए प्रमाणे सात पेढीओ सुधी लाख लाख वर्षायुष्यवाळा पुत्रनो जन्म थतो रह्यो, ॥३४॥ हवे काळे करीने तेवा प्रकारना (लाख लाख वर्षना आयुवाळा) साते पुरुषो मरण पाम्या, त्यारबाद तेनां हाड मज्जा मांस विगेरे अने तेओनुं नाम पण अनुक्रमे नाश पाम्युं ॥३५॥ हवे ए वखते कोइक जिज्ञासु श्री सर्वज्ञने प्रश्न करे के हे स्वामिन् ! ते देवोनुं अगतक्षेत्र ( जवाने बाकी रहेल क्षेत्र ) घणुं छे के गत क्षेत्र ( गयेल-उल्लंघन करेल क्षेत्र ) घणुं छे ? ॥ ३६ ॥ ते वखते श्री सर्वज्ञ उत्तर आपे के उल्लंघेल क्षेत्र अति अल्प छे, अने बीजुं जवाने बाकी रहेल क्षेत्र घणुं छे, अने ते अहिं उल्लंघन करेल क्षेत्र बाकी रहेल क्षेत्रथी अनन्तमा भाग जेटलुं अल्प छे ( अर्थात् ) हजी अनंतगुण क्षेत्र जवाने बाकी रहेलुं छे. ॥ ३७ ॥

स्थित्वा सुरोऽपि लोकान्ते, नालोके स्वकरादिकम् । ईष्टे

१ मानुषोत्तर पर्वतनी बाह्यपरिधिना जेटला योजन थाय तेथी पण बलिपिंडो जेटले दूर जाय तेटला योजन अधिक शीघ्र फरवा ए बलिपिंडो जमीन उपर पडवा न देतां ग्रहण करवा माटे जेवी गति थाय तेवी.

लम्बयितुं गत्य–भावात्पुद्गलजीवयोः ॥३८॥ तदुक्तं ॥ देवे णं भन्ते ! महड्ढिए जाव महेसक्खे लोगंते ठिच्चा पभू अलोगंसि हत्थं वा पायं वा जाव ऊरुं वा आउंटावित्तए पसारित्तए वा? गो० णो इणट्ठे समट्ठे॥इति भग० शतक १६ उद्दे० ८ मुद्रित प० ७१७ ॥ (सा० २६) देवो भदन्त ! महर्धिकः यावत् महेशाख्यः (महासौख्यः) लोकान्ते स्थित्वा प्रभुः अलोके हस्तं वा पादं वा यावदूरुं वा आकुंटयितुं प्रसारयितुं वा? गौतम ! नायमर्थः समर्थः ॥) वस्तुतस्तु नभोद्रव्य--मेकमेवास्ति सर्वगम् । धर्मादिसाहचर्येण, द्विधा जातमुपाधिना ॥३९॥ लोकाऽलोकप्रमाणत्वात्, क्षेत्रतोऽनन्तमेव तत् । असंख्येयप्रमाणं च, परं लोकविवक्षया ॥ ४० ॥ कालतः शाश्वतं वर्णा- दिभिर्मुक्तं च भावतः । अवगाहगुणं तच्च, गुणतो गदितं जिनैः ॥ ४१ ॥ अवकाशो पदार्थानां, सर्वेषां हेतुतां दधत् । शर्कराणां दुग्धमिव, वह्नेर्लोहादिगोलवत् ॥४२॥ युग्मम् ॥यतः॥ परमाण्वादिना द्रव्ये--णैकेनापि प्रपूर्यते । खप्रदेशस्तथा द्वाभ्या–मपि ताभ्यां तथा त्रिभिः ॥ ४३ ॥ अपि द्रव्यशतं माया--त्तत्रैकप्रदेशके । मायात्कोटिशतं माया--दपि कोटिसहस्रकम् ॥४४॥ अवगाहस्वभावत्वा--दन्तरिक्षस्य तत्समं । चित्रत्वाच्च पुद्गलानां परिणामस्य युक्तिमत् ॥४५॥ द्वयोरपि क्रमाद् दृष्टान्तौ ॥ दीप्रदीपप्रकाशेन, यथाऽपवरकोदरम् । एकेनापि पूर्यते त--च्छतमप्यत्र माति च ॥४६॥ तथा ॥ विशल्यौषधसामर्थ्या--त्पारदस्यैककर्षके । सुवर्णस्य कर्षशतं, तौल्ये कर्षाधिकं न तत्॥४७॥ पुनरौषधसामर्थ्यात्तद्वयं जायते पृथक् । सुवर्णस्य कर्षशतं, पारदस्यैककर्षकः ॥ ४८ ॥ इत्यर्थतो भगवतीशतक १३ उद्देशक ४ वृत्तौ ( सा० २७ ) मुद्रित प० ६०८ ॥

अर्थ--लोकने अन्ते (किनारापर) रहीने कोइ देवपण ( मनुष्य, तिर्यंचनी तो वातज शी ? ) अलोकमां पुद्गलनी अने जीवनी गतिनो अभाव होवाथी ( अलोकमां ) पोतानो हाथ विगेरे लंबाववा समर्थ नथी ॥ ३८ ॥ ते गंथमां कह्युं छे के-"हे भगवन्! महाऋद्धिवाळो यावत् महेश नाम (महा समर्थस्वरूप)वाळो कोइक देव लोकने अन्ते उभो रहीने अलोकने विषे हाथ अथवा पग यावत् साथल ( विगेरे कोइपण अंग ) संकोचवा अथवा प्रसारवाने समर्थ छे? उत्तर-हे गौतम! ए अर्थ(ए कार्य करवाने) समर्थ नथी. " ए प्रमाणे श्री भगवतीजीना १६ मा शतकना ८ मा उद्देशामां कह्युं छे. [ आकाशास्तिकायना द्रव्यादि पांच विचारो ]

वास्तविक रीते तो आकाश द्रव्य द्रव्यथी एकज अने सर्वव्याप्त छे, परन्तु धर्मास्तिकायादिकनी साथे रहेवारूप उपाधिवडे ( उपचारथी ) ( लोकाकाश-अने अलोकाकाश एम ) बे प्रकारनुं पयेलुं छे. ॥ ३९ ॥ ए आकाशद्रव्य लोकालोकप्रमाण होवाथी क्षेत्रथी अनंत छे. परन्तु लोकाकाशनी अपेक्षाए आकाश द्रव्य असंख्य (असंख्यप्रदेशात्मक) पण कहेवाय. ॥४०॥ तथा आकाश द्रव्य काळथी शाश्वत, अने भावथी वर्णादि रहित छे, तथा ते द्रव्य गुणथी अवकाश आपवाना स्वभाववाळुं श्री जिनेश्वरोए कहेलुं छे. ॥ ४१ ॥ साकरने जेम दूध अने अग्निने अवकाश आपवामां जेम लोखंडनो गोळो ( हेतुभूत छे ) तेम सर्व पदार्थोने ( धर्मा०-अधर्मा०-जीव-अने पुद्गल ए चारने ) अवकाश आपवामां हेतुपणाने धारण करनारुं(आकाशद्रव्य)छे ॥४२॥ (अर्थात् ए चार पदार्थने अवकाश आपवामां कारणरूप छे.-( अहिं श्लोकनुं युग्म होवाथी बे श्लोकनो भेगो अर्थ करवो जोइए तेने बदले आ अर्थमां युग्मनी पद्धति नहिं राखी बन्ने श्लोकनो अर्थ छूटो पाडी दीधेल छे ) जे कारणथी ( श्री भगवतीजीना तेरमा शतकमां ) कह्युं छे के-[आ स्थळे भगवतीजीना पाठनो भावज ग्रंथमां गुंथ्यो छे.]

एक आकाशप्रदेश परमाणु आदि एक द्रव्यवडे पण पूराय छे, तेमज बे द्रव्यवडे ( बे परमाणुवडे ) तथा त्रण द्रव्यवडे पण पूराय छे. ॥ ४३ ॥ वळी ते एक आकाश प्रदेशमां १०० द्रव्य (परमाणु) समाय छे, तथा सेंकडो क्रोड अने हजारोक्रोड द्रव्यो (-परमाणुओ ) पण समाय छे. ॥४४॥ आकाशनो अवकाश आपवानो स्वभाव होवाथी, अने पुद्गलोना परिणामनी विचित्रताथी उपर कहेली सघळी वात युक्तिवाळीज छे, ॥ ४५ ॥ ए वातनी विशेष प्रतीति माटे अनुक्रमे

बन्नेनुं (अवगाहस्वभाव अने परिणामवैचित्र्यनुं) दृष्टांत—उदाहरण आ प्रमाणे छे— बळता एवा एक दीपकना प्रकाशवडे जेम ओरडो पूराय छे,तेम सेंकडो दीपकना प्रकाश पण तेटलाज ओरडामां समाइ रहे छे, ॥ ४६ ॥ अथवा ( बीजुं दृष्टांत ए छे के )एककर्ष (तोलो-रूपीआभार,पारामां औषधिना सामर्थ्यथी १०० कर्ष तोला सोनुं (सुवर्ण) प्रवेश करी जाय छे (अर्थात् समाय छे) छतां पण ते पारो तोलने विषे १ कर्षज कायम रहे छे. (अर्थात् तोल जरापण वधतो नथी.) ॥ ४७ ॥ वळी औषधिना सामर्थ्यथी ज १०० तोला सुवर्ण अने एक तोलो पारो बन्ने जुदा पण थइ जाय छे. ॥४८॥ ए भावार्थ श्री भगवतीजीना १३ मा शतकना ४ था उद्देशानी वृत्तिमां कह्यो छे. ( हवे चालु विषय कहे छे. )

## ॥ धर्मास्तिकायादिकनुं विशेष स्वरूप ॥

किञ्च॥ धर्मास्तिकायस्तद्देश-स्तत्प्रदेश इति त्रयम् । एवं त्रयं त्रयं ज्ञेय—मधर्माभ्रास्तिकाययोः॥४९॥तत्रास्तिकायः सकल—स्वप्रदेशात्मको भवेत् । कियन्मात्रांशरूपाश्च, तस्य देशाः प्रकीर्त्तिताः ॥५०॥ स्कन्दन्ति शुष्यन्ति पुद्गलविचटनेन, धीयन्ते च पुष्यन्ते पुद्गलचटनेनेति स्कन्धाः । 'पृषोदरादयः' इतिरूपनिष्पत्तिः, इति प्रज्ञापनावृत्तौ व्युत्पादितत्वादेते स्कन्धव्यपदेशं नार्हन्ति ॥ अत एव सूत्रे प्रायः 'धम्मत्थिकाए, धम्मत्थिकायस्स देसे' ( धर्मास्तिकायः,

१ पाराने अमुक अमुक औषधिवडे घणा पुट आपतां पारामां बुभुक्षित अवस्था उत्पन्न थवाथी ए सुवर्णादि खाइ जाय छे. अने (रेचक) औषधिना प्रभावे पुनः सुवर्णादि जुदुं पण पडी जाय ते संभवित छे. सांभळवा प्रमाणे थोडा वखत उपर एक वृद्ध अनुभवी वैद्यना वडीलो पाराने बुभुक्षित अवस्था आपीने लगभग सात तोला जेटलुं सोनुं समावता हता. श्री स्थानांग सूत्र वृत्तिमां "अचिन्त्यत्वात् द्रव्यपरिणामस्य यथा पारदस्यैकेन कर्षेणचारिताः सुवर्णस्य ते सप्तात्यैकीभवन्ति, पुनर्वामिताः प्रयोगतः सप्तैव न इति " ए पाठ मां सात तोला सोनुं ग्रहण कर्युं छे. जे उपरोक्त वैद्य वृत्तांतथी पण सिद्ध थाय छे, अने कोइ विशिष्ट औषध प्रयोग होय तो. सो तोला सोनामां पण प्रवेश निर्गम करवामां विरोध नथी, एज आर्यावर्तना आर्यशासननी विशालता अने गंभीरता छे के जेने हजु सुधी हालना वर्तमान जमानाना साइन्सना प्रोफेसरो पण पहोंची शक्या नथी. आर्यविज्ञान त्रिकालाबाधित छे.

धर्मास्तिकायस्य देशः) इत्याद्येव श्रूयते॥(सा० २८) नवतत्त्वावचूर्णौ तु चतुर्दशरज्ज्वात्मके लोके सकलोऽपि यो धर्मास्तिकायः स सर्वः स्कन्धः कथ्यते इत्युक्तमिति ज्ञेयम (सा० २९)॥ निर्विभागा विभागाश्च,प्रदेशा इत्युदाहृताः । ते चाऽनन्तास्तृतीयस्याऽसंख्येया आद्ययोर्द्वयोः ॥५१॥ अनन्तैश्चागुरुलघु-पर्यायैः संश्रिता इमे । त्रयोऽपि यदमूर्त्तेषु, सम्भवन्त्येत एव हि ॥ ५२ ॥

अथ–धर्मास्तिकाय–धर्मास्ति० देश–धर्मास्ति० प्रदेश ए प्रमाणे ३ प्रकारनो धर्मास्ति० छे. ए प्रमाणे अधर्मा० ना अने आकाशना पण ३–३ भेद जाणवा. ( ते आ प्रमाणे—) ॥ ४९ ॥ [धर्मास्तिकायादिना विभागनुं यन्त्र ]

| | | |
|---|---|---|
| १ धर्मास्तिकाय | ४ अधर्मास्तिकाय | ७ आकाशास्तिकाय |
| २ धर्मास्तिकाय देश | ५ अधर्मा० देश | ८ आकाशा० देश |
| ३ धर्मास्तिकाय प्रदेश | ६ अधर्मा० प्रदेश | ९ आकाशा० प्रदेश |

त्यां अस्तिकाय ते पोताना सघळा प्रदेशात्मक होय छे, ( अर्थात् पोताना सर्व प्रदेशनो समूह ते अस्तिकाय कहेवाय. अहिं व्युत्पत्ति " अस्ति–सर्वप्रदेशनो, काय–समूह " ए प्रमाणे छे.) अने केटलाएक अंशरूप (अर्ध पा इत्यादि) तेना देश कहेला छे, (अर्थात् देश एटले स्कंधनी अपेक्षाए न्यून स्कंधमांनो भाग.) ॥५०॥ (हवे "धर्मास्तिकाय स्कंध" एवो भेद न कहेतां मात्र "धर्मास्तिकाय " ज पहेलो भेद केम कह्यो? ए प्रश्नना उत्तरमां समजवा योग्य विचार आ प्रमाणे छे के–)

स्कन्दन्ति एटले पुद्गलना खरवा वडे–विखरवावडे जे शोषाय छे अने धीयन्ते एटले पुद्गलना मळवा वडे जे पुष्ट थाय छे ते स्कंध कहेवाय. अहिं "पृषोदरादयः" ए सूत्रथी "स्कंध" शब्दनी उत्पत्ति छे ए प्रमाणे श्री पन्नवणाजीनी वृत्तिमां कहेल होवाथी ए धर्मा० वगेरे त्रण द्रव्यो "धर्मास्तिकाय स्कंध" एवा व्यपदेशने ( नामने ) योग्य नथी, अने ए हेतुथीज सिद्धान्तोमां प्रायः ( घणेस्थाने ) धर्मास्तिकाय–धर्मास्ति० देश" इत्यादि पाठ संभळाय छे (देखाय छे.) नवतत्त्वनी अवचूरीमां तो १४ रज्जु प्रमाण लोकने विषे सघळो जे धर्मास्तिकाय ते सर्व "स्कंध" कहेवाय छे. ए प्रमाणे कहेलुं छे एम जाणवुं.

द्रव्यना जे निर्विभाज्य (–जेना बे भाग न कल्पी शकाय ) तेवा विभाग ते

प्रदेश कहेला छे, ते प्रदेशो त्रीजा आकाश द्रव्यना अनंत छे, अने प्रथमना बे द्रव्यना ( धर्मा० अधर्मा० ना ) असंख्यात छे. ॥५१॥ वळी आ त्रणे द्रव्यो अनंत अगुरुलघु पर्यायोवडे आश्रित छे, ( अर्थात् ए त्रणमां अनंता अगुरु लघु पर्याय छे, ) कारणके अरूपी द्रव्योमां एज पर्यायो छे. ॥ ५२ ॥

१ जे गुणवडे द्रव्यमां ६ प्रकारनी हानि अने ६ प्रकारनी वृद्धिनी वर्तना होय ते अगुरुलघुगुण कहेवाय, अने ते गुणवडे प्रवर्तती ६ प्रकारनी वृद्धि वा हानि ते अगुरुलघुपर्याय कहेवाय. ते वृद्धिहानिनां नाम आ प्रमाणे—

| | |
|---|---|
| १ अनन्तभागवृद्धि | १ अनन्तभागहानि |
| २ असंख्यभागवृद्धि | २ असंख्यभागहानि |
| ३ संख्यभागवृद्धि | ३ संख्यभागहानि |
| ४ संख्यगुणवृद्धि | ४ संख्यगुणहानि |
| ५ असंख्यगुणवृद्धि | ५ असंख्यगुणहानि |
| ६ अनन्तगुणवृद्धि | ६ अनन्तगुणहानि |

ए ६ प्रकारनी वृद्धि हानि क्रमे ए द्रव्यमां प्रतिसमये वर्ते छे. मात्र ए त्रण द्रव्यमांज छे एम नथी. अरूपि द्रव्योमां कइ बाबतनी वृद्धि वा हानि प्रवर्ते छे ते सम्बन्ध अतिविस्तृत होवाथी श्रीबहुश्रुतथी समजवा योग्य छे, ए हानिवृद्धिनी समज नीचे प्रमाणे—

१ कोइक राशिना अनन्त भाग करीए तेमांनो एकज भाग अधिक होय ते अनन्तभागवृद्धि. ( जेनी अंक स्थापना अहिं दर्शावाशे )आ भाग बहु नानो होय छे,

२ कोइक राशिना असंख्य भाग करीए तेमांनो एक भाग अधिक होय तो असंख्यभागवृद्धि कहेवाय. आ एक भाग पूर्वोक्त अनन्तभाग करतां म्होटो होय छे.

३ कोइक राशिना संख्यात भाग करीए, तेमांनो १ भाग वधे तो संख्यभागवृद्धि आ भाग पूर्वोक्त असंख्यभाग करतां पण म्होटो होय छे.

४ कोइक राशिने संख्यात राशिवडे गुणीए अने जे जवाब आवे ते संख्यगुणवृद्धिवाळो जाणवो. आ संख्यातराशि जो के पूर्वोक्त अनन्तभाग विगेरे ३ भागोथी मोटी होय अथवा न्हानी पण होय, तोपण ए राशिवडे गुणायलो राशि तो पूर्वोक्त त्रणे राशिओथी मोटोज होय.

५ कोइकराशिने असंख्यात्मक राशिवडे गुणतां जे जवाब आवे ते जवाबराशि असंख्यगुण कहेवाय. आ जवाबराशि पूर्वोक्त सर्वे राशि करतां म्होटो होय छे.

६ कोइक राशिने अनन्तरूप राशिवडे गुणतां जे जवाब आवे ते जवाब राशि अनन्तगुण कहेवाय. आ जवाबराशि पूर्वोक्त पांचे राशिथी म्होटो होयछे.

आ ६ वृद्धिमां सर्व जथावराशिओ अनुक्रमे मोटा मोटा प्रमाणमां ज प्राप्त थई शके छे. ए प्रमाणे यथायोग्य ६ हानि पण विचारवी, तेनी अंक स्थापना आ प्रमाणे—

धारोके १० ए संख्यात छे, १०० असंख्यात छे, अने १००० अनन्त छे अने एक निर्णीत राशि १ लाख ( १००००० ) छे तो—

नियत राशि १००००० नो अनं० मो भाग (एटले÷१०००=)१०० आवे ते अधिक करतां १००१०० ए अनंतभागवृद्धि.

नियतराशि १००००० नो असंख्यातमो भाग (एटले÷१००=) १००० आवे ते अधिक करतां १०१००० ए असंख्यभागवृद्धि.

नियत राशि १००००० नो संख्यातमो भाग (एटले÷१०=) १०००० आवे ते अधिक करतां ११०००० ए संख्यभागवृद्धि

नियतराशि १००००० ने संख्यात एटले १० वडे गुणतां १० लाख आवे ते संख्यगुणवृद्धि.

नियतराशि १००००० ने असंख्य एटले १०० वडे गुणतां १ क्रोड आवे ते (१००००००००) असंख्यगुणवृद्धि जाणवी.

नियतराशि १००००० ने अनन्तगुण एटले १००० वडे गुणतां (१००००००००=) १० क्रोड आवे ते अनन्तगुणवृद्धि जाणवी.

नियतराशि १००००० ने अनन्त एटले १००० वडे भागतां १०० आवे ते १ लाखमांथी बाद करतां ९९९०० आवे ते अनन्तभाग हानि जाणवी.

नियतराशि १००००० ने असंख्य एटले १०० वडे भागतां १००० आवे ते १ लाखमांथी बाद करतां ९९००० आवे ते असंख्यभागहानि जाणवी.

नियतराशि १००००० ने संख्यात एटले १० वडे भागतां १०००० आवे ते १ लाखमांथी बाद करतां ९०००० आवे ते संख्यभागहानि.

( हवे संख्यगुणहानि एटले संख्यातगुण करीने आवेलो जवाब मूळराशिमांथी घटाडवो एवो अर्थ नथी परन्तु गुण एटले भाग एवो अहिं पारिभाषिक अर्थ छे. माटे नियतराशिना संख्यात भाग पाडी तेमांनो १ भाग राखवो ते संख्यगुणहीन कहेवाय ए गुणहानिनुं लक्षण छे, ए प्रमाणे असंख्यगुण हानिमां असंख्य भाग पाडी १ भाग राखी बीजा सर्व भाग घटाडवा ते असंख्यगुणहानि अने अनन्तभाग पाडी १ भाग राखवो ते अनन्तगुणहानि कहेवाय तेनी अंकस्थापना आ प्रमाणे—

नियतराशि १००००० ना असंख्यात भाग पाडतां संख्यात एटले १० थी भागे दशहजार दशहजार (१००००) जेवडो एकेक भाग पाडे तेवा १० भाग पाडे तेमांथी ९ बाद करी १ ज भाग राखतां १०००० रहे ते संख्यातगुणहानि

नियतराशि १००००० ना असंख्यात भाग पाडवा माटे असंख्यात एटले १०० थी भागतां १०००, १००० (एकेक हजार) जेवडो एकेक भाग एवा १०० भाग आव्या तेमांथी ९९ भाग काढतां बाकीनो १००० जेवडो १ भाग रहेवा

## ॥ जीवद्रव्यनुं स्वरूप ॥

अथ जीवास्तिकायस्य, स्वरूपं वच्मि तस्य च । चेतनालक्षणो जीव इति सामान्यलक्षणं ॥ ५३ ॥ मतिश्रुतावधिमनः–पर्यायकेवलान्यपि । मत्यज्ञानं श्रुताऽज्ञानं, विभङ्गज्ञानमित्यपि ॥ ५४ ॥ अचक्षुश्चक्षुरवधि–केवलदर्शनानि च । द्वादशामी उपयोगा, विशेषाज्जीवलक्षणम् ॥ ५५ ॥ उपयोगं विना कोऽपि, जीवो नास्ति जगत्त्रये । अक्षरानन्तभागो यद्–व्यक्तो निगोदिनामपि ॥ ५६॥ तं चाक्षरानन्तभाग-मपि त्रैलोक्यवर्तिनः । न शक्नुवन्त्यावरितुं, पुद्गलाः कर्मतां गताः ॥ ५७ ॥ एषोऽप्यावियते चेत्तत्–स्याज्जीवाऽजीवयोर्न भित् । अक्षरं त्विह साकारे–तरोपयोगलक्षणम् ॥ ५८॥ रवेर्यथातिसान्द्राभ्र-च्छन्नस्यापि भवेत्प्रभा । कियत्प-

---

वृद्ध तो ते १००० ए असंख्यगुण हानि छे.

नियतराशि १००००० ना अनन्त भाग पाडवा माटे अनन्त एटले १००० वडे भागतां १००·१०० ( सो सो ) एवडा १००० भाग पडे तेमांथी ९९९ भाग काढतां बाकीनो १ भाग १०० जेवडो राशीए ते १०० ए अनन्तगुणहानि छे.

ए प्रमाणे १००००० नियतराशि माटे १० ने संख्यात, १०० ने असंख्यात, तथा १००० ने अनन्त गणतां.

| | | | |
|---|---|---|---|
| अनन्तगुणहानि | १०० | अनन्तभागवृद्धि | १००१०० |
| असंख्यगुणहानि | १००० | असंख्यभागवृद्धि | १०१००० |
| संख्यगुणहानि | १०००० | संख्यभागवृद्धि | ११०००० |
| संख्यभागहानि | ९०००० | संख्यगुणवृद्धि | १०००००० |
| असंख्यभागहानि | ९९००० | असंख्यगुणवृद्धि | १००००००० |
| अनन्तभागहानि | ९९९०० | अनन्तगुणवृद्धि | १०००००००० |

ए प्रमाणे अनुक्रमे अंकवृद्धिनी अपेक्षाए आ स्थापना लखी छे. अन्यथा हानिवृद्धिनो अनुक्रम तो " अनन्तभाग " थी प्रारंभीने ज होय छे. वळी, अगुरुलघु स्वभावने अनिर्वाच्य स्वरूपवाळो शास्त्रकारोये वर्णन कर्यो छे, धर्मास्तिकायादि सर्वद्रव्यने स्वरूपावस्थानमां पण अगुरुलघुपर्यायनी अपेक्षा संभवे छे, षड्गुणहानि-वृद्धिना चक्रोनो विशेष विचार "कम्मपयडी" विगेरे ग्रन्थोथी जोइ लेवो,

नावृता रात्रि–दिनाऽभेदोऽन्यथा भवेत् ॥ ५९ ॥ इयं चाल्पीयसी ज्ञान–मात्राद्यसमये भवेत् ॥ अपर्याप्तनिगोदानां, सूक्ष्माणां क्रमतस्ततः ॥ ६० ॥ शेषैकाक्षद्वित्रिचतु–ष्पंचाक्षादिषु मात्रया । वर्धमानेंद्रिययोग--लब्धिवृद्ध्यपेक्षया ॥ ६१ ॥ क्षयोपशमवैचित्र्या--न्नानारूपाणि बिभ्रति । सर्वज्ञेयग्राहिणी स्याद्, घातिकर्मक्षयेण सा ॥ ६२ ॥ नन्वेवमात्मनो ज्ञानं, यदि लक्षणमुच्यते । अभेदः स्यात्तदनयोः, सास्नावृषभयोरिव ॥ ६३॥ एवं चास्य सदा ज्ञानमिष्यतेऽखिलवस्तुगम् । ज्ञानरूपो न जानाती–त्येतद्युक्तिसहं न यत् ॥ ६४ ॥ कथं च ज्ञानरूपस्या- त्मनः स्युः संशयस्तथा । अव्यक्तबोधाऽबोधौ च, किंचिद्बोधविपर्ययाः ॥ ६५ ॥ अत्रोच्यते ॥ सत्यप्यस्य चिदात्मत्वे,नोपयोगो निरन्तरम् । भवत्यावरणीयानां, कर्मणां वशतः खलु ॥६६॥ तथाहि ॥ आत्मा सर्वप्रदेशेषु । व्यक्ताष्टांशानष्ट मध्यगान् । प्रक्वथ्यमानोदकव–त्सदा विपरिवर्तते ॥ ६७ ॥ ततः स चिरमेकस्मि--न्न वस्तुन्युपयुज्यते । अर्थान्तरोपयुक्तः स्या–च्चपलः कृकलासवत् ॥ ६८ ॥ उत्कर्षेणोपयोगस्य, कालोऽप्यांतर्मुहूर्त्तिकः । उपयोगांतरं याति, स्वभावात्तदनन्तरम् ॥ ६९ ॥ न सर्वमपि वेत्त्येष, प्राणी कर्मावृतो यथा । नार्कस्याभ्राभिभूतस्य, प्रसरन्त्यभितः प्रभाः ॥ ७० ॥ संशयाऽव्यक्तबोधाद्या, अप्यस्य कर्मणां वशात् । कुर्वतां ज्ञानवैचित्र्यं, क्षयोपशमभेदतः ॥ ७१ ॥ किंच ॥ आभोगानाभोगो–द्भववीर्यवतो यदा क्षयोपशमः । लब्धिकरणानुरूपं, तदात्मनो ज्ञानमुद्भवति ॥ ७२ ॥ वीर्यापगमे च पुन–स्तदेव कर्मावृणोत्यपाकीर्णम् । शैवलजालमिवाम्भो--दर्पणमिव विमलितं पङ्कः ॥ ७३ ॥

अर्थ–हवे जीवास्तिकायनुं स्वरूप कहुंछुं. त्यां "चेतनालक्षणवाळो ते जीव" ए प्रमाणे जीवनुं सामान्य लक्षण छे.॥५३॥अने मतिज्ञान–श्रुतज्ञान–अवधि-ज्ञान–मनःपर्यवज्ञान–केवलज्ञान(ए ५ ज्ञान)मतिअज्ञान–श्रुतअज्ञान-विभंगज्ञान (ए ३ अज्ञान) चक्षुदर्शन–अचक्षुदर्शन–अवधिदर्शन–अने केवलदर्शन (ए ४ दर्शन) ए १२ उपयोग ते जीवनुं विशेष लक्षण छे.॥५४-५५॥ त्रणे जगतमां उपयोगरहित एवो कोइ पण जीव नथी जे कारणथी निगोदजीवने ( लब्धि अपर्याप्ता सूक्ष्म साधारणवनस्पति जीवने भवना प्रथम समये) पण अक्षरनो (ज्ञाननो) अनंतमो भाग उघाडो छे.॥५६॥ ते अक्षरना अनंतमा भाग जेटला अल्पज्ञानने पण लोकमां वर्तता अने कर्मत्वने प्राप्त थयेला कोइपण पुद्गलो आवरवाने (आच्छादित करवाने–ढांकवाने)समर्थ नथी,॥५७॥ अने जो ए अक्षरनो अनंतमो भाग पण अवराइ जाय तो जीव अने अजीवमां कांइपण भेद न पडी शके. अहीं अक्षर एटले साकारोपयोग अने निराकारोपयोग, ॥ ५८॥ (अर्थात् अक्षर- ज्ञानोपयोग अने दर्शनोपयोग जाणवो. ) अतिगाढ मेघवडे ढंकायेला एवा सूर्यनी प्रभा पण कंइक ( के-

१ जेनाथी वस्तु जणाय ( लक्ष्यते वस्त्वनेनेति, असाधारणधर्मो लक्षणम् ) तेवो असाधारण ( जेनुं लक्षण करवानुं होय ते वस्तुथी अन्यमां नहि रहेनार ) जे धर्म ते लक्षण कहेवाय, लक्षणनुं इतरभेद ज्ञान फल छे अने ते लक्षण अव्याप्ति–अतिव्याप्ति,–असंभव ए त्रण दोष रहित होवुं जोइये. त्रिदोष रहित लक्षण तेज सद्लक्षण कहेवाय, जे वस्तुनुं लक्षण बांधवुं होय तेना अमुक अंशमां रहेवुं अने अमुकमां न रहेवुं ते अव्याप्ति, लक्ष्यथी अधिकमां रहेवुं ते अति व्याप्ति, लक्ष्य मात्रमां न रहेवुं ते असंभव, आ संबंधी विशेष वर्णन दृष्टान्त पुरःसर-अनुमानादि साथे जोवुं होय तेणे "नवतत्त्व विस्तारार्थमां" पांचमी गाथाना विस्तरार्थनी टिप्पणीथी जाणी लेवुं, असाधारण धर्म पण बे प्रकारे छे १ सामान्य धर्म, २ विशेष धर्म, जेम वर्ण ए पुद्गलनो सामान्य धर्म, अने कृष्ण, नील, पीत विगेरे विशेष धर्मो छे, सामान्य धर्म गुण संज्ञाथी ओळखाय छे. अने विशेष धर्म पर्याय शब्दथी ओळखाय छे. आथी वस्तुने ओळखावनार सामान्य धर्म ( गुण ) ते सामान्य लक्षण अने वस्तु ओळखावनार विशेष धर्म (पर्याय) ते विशेष लक्षण. चैतन्यए जीवनो सामान्य धर्म अने उपयोगोए विशेष धर्म छे. अथवा. सर्व जीवमात्रमां अने ए लक्षण व्याप्त थइ शके छे (लागु पडी शके छे.) सर्वदा माटे सामान्यलक्षण कहेवाय. अने १२ उपयोगमांथी कोइ जीवने कोइ उपयोग अने कोइ जीवने कोइ उपयोग, पण सर्वने तथा सर्वदा एकज उपयोग होतो नथी माटे विशेषलक्षण कहेवाय.

* आनुं विशेषस्वरूप त्रीजा सर्गमां विस्तारथी जोइ लेवुं.

दरेक अंशे ) अनावृत ( नहिं ढंकायेली ) होय छे, अने जो तेम न होय तो रात्रि अने दिवसमां कंइपण भेद न होय. ॥ ५९ ॥ ( अर्थात् दिवस अने रात्रि बन्ने सरखांज थइ जाय.) वळी आ अति अल्प ज्ञानमात्रा ( ज्ञाननो अंश ) सूक्ष्म लब्धिअपर्याप्ता निगोदने भवना प्रथम समये होय छे. ॥६०॥ तेथी शेष एकेन्द्रिय द्वीन्द्रिय त्रीन्द्रिय चतुरिंद्रिय अने पंचेन्द्रिय जीवोमां अनुक्रमे एकेक मात्राए वधती इन्द्रियलब्धि अने योगलब्धिनी वृद्धिनी अपेक्षाए ॥६१॥ क्षयोपशमना विचित्रपणाथी अनेक रूपने ( प्रकारने ) धारण करती एवी ते ज्ञानमात्रा अनुक्रमे ( वधतां ) घाती कर्मना क्षयवडे सर्व ज्ञेयपदार्थोने जाणनारी थाय छे. ॥ ६२ ॥ प्रश्न—जो ए प्रमाणे आत्मानुं ज्ञान एज लक्षण कहेवाय तो सास्ना ( गळानी गोदडी ) अने वृषभनी पेठे आत्मा अने ज्ञान बे अभिन्न (एकज) होइ शके. ॥ ६३ ॥ अने ए प्रमाणे होवाथी आत्माने समस्तपदार्थने प्रकाश करनारुं एवुं ज्ञान सदाकाळ होय, जे कारणथी "ज्ञानरूप एवो आत्मा जाणतो नथी" एम कहेवुं ते युक्तिने नहिं सहन करनारुं एटले युक्ति शून्य थाय छे.॥६४॥वळी ज्ञानरूप एवा आत्माने"संशय–अव्यक्त ( अस्पष्ट ) बोध–अबोध (अजाणपणुं) अने विपरीत बोध केवीरीते होय ? ( वळी ज्ञानस्वरूप आत्माने विस्मरण पण केम थाय? विगेरे दोषो पण जाणवा)॥६५॥ उत्तर–आ आत्मानुं ज्ञान स्वरूप होते छते पण निश्चय ज्ञानावरणीयादि कर्मना वशथी निरन्तर उपयोग होतो नथी ॥ ६६ ॥ ते आ प्रमाणे—आत्मा मध्यभागे रहेला आठ प्रदेशोने ( रुचक प्रदे-

---

१ त्यारबाद द्वितीयादि समये एकेक ज्ञानमात्रा वधती जाय छे,

२ एकेक मात्राए ज्ञानवृद्धि लब्धिअप० सूक्ष्म निगोदने द्वितीयादि समये होय छे, छतां द्वीन्द्रियादि जीवोने पण मात्रावृद्धि कही तो अहिं व्यवहारथी जे जीवने प्रथम समये जेटलुं जघन्य ज्ञान होय तेनाथी द्वितीयादि समये जेटलुं ज्ञान वधे ते दरेक वृद्धिस्थानो ज्ञाननी मात्रा तरीके गणीए तो संभवी शके छे, पुनः अमुक जघन्यज्ञानवाळा जीवथी कंइक अधिक ज्ञानवाळा बीजा जीवमां पण जे ज्ञाननी अधिकता ते पण जीवोमां परस्परापेक्षाए ज्ञानमात्रा गणी शकाय.

३ अर्थात् जीवोमां जेम जेम इन्द्रिय लब्धि अने योगलब्धिनी वृद्धि थती जाय तेम तेम ज्ञानमात्रा पण वधती जाय.

४ जेम बळदनी गळानी गोदडीथी बळद भिन्न नथी तेम.

शोने ) छोडीने सर्व प्रदेशोमां उकळता पाणीनी माफक सदाकाळ परिवर्त्तन पाम्या करे छे. ॥ ६७ ॥ तेथी ते आत्मा घणाकाळ सुधी एक वस्तुमां उपयोगवाळो रहेतो नथी, पण काकीडानी माफक ( काकीडो के जे वारंवार शरीरना रंग बदले छे अने जेनी डोक प्रति समय ऊंची नीची थया करे छे पण स्थिर रहेती नथी माटे तेनी माफक ) चपळ थयो छतो बीजा बीजा पदार्थोमां उपयोगवाळो थाय छे. ॥ ६८ ॥ ए हेतुथी ए आत्माना उपयोगनो ( एकज वस्तुमां ) उत्कृष्ट काळ अन्तर्मुहूर्त्त प्रमाण छे अने तदनंतर आत्मा स्वभावथीज बीजा उपयोगवाळो थाय छे. ॥ ६९ ॥ वळी जेम मेघथी पराभव पामेली सूर्यनी प्रभा चारे बाजु प्रसरती ( फेलाती ) नथी, तेम कर्मवडे आवृत थयेलो (वींटायलो) आ आत्मा सर्व पदार्थने जाणी शकतो नथी. ॥७०॥ वळी आ आत्माने संशय अने अस्पष्ट बोध विगेरे पण ज्ञानने विचित्रप्रकारनुं करनार एवा कर्मना क्षयोपशम भेदो ( विचित्रता–तारतम्य) ना वशथीज थाय छे ॥७१॥ वळी अभिसंधिज अने अनभिसंधिज वीर्यवाळा आत्माने ज्यारे क्षयोपशम प्रगट थाय छे,त्यारे लब्धि अने करणने अनुसारे (अर्थात्–क्षयोपशम अने इन्द्रियोने मळतुं एटले के तेनी तरमना अनुसारे ) ज्ञान पण प्रगट थाय छे. ॥ ७२ ॥ अने ते वीर्यनो नाश थतां दूर करेली शेवाळनी जाळ ( शेवाळनो समूह ) जेम जळने अने निर्मळ करेल दर्पणने जेम कादव तेम तेज कर्म पुनः आत्माने आवृत करे छे. ॥ ७३ ॥ (जीवभेदविचार)

अथ प्रकृतं ॥ द्विधा भवन्ति ते जीवाः,सिद्धसंसारिभेदतः । सिद्धाः पञ्चदशविधा–स्तीर्थाऽतीर्थादिभेदतः ॥७४॥ यदाहुः ॥ जिण अजि-

१ उकळतुं पाणी जेम आम तेम दोडादोड करी मूके छे तेम सयोगी आत्माना प्रदेशो सयोगीपणानी अवस्था रहे त्यां सुधी प्रतिसमय प्रत्येक प्रदेश उपर नीचे थया करे छे, जेथी मस्तकगतप्रदेश पगे आवे ने पगना प्रदेशो मस्तके चढे इत्यादि परिवर्त्तना चाल्या करे छे. छतां पण जळमांनो एक जळ चलायमान छतां पण जळथी छूटो पडी जतो नथी तेम आत्माना प्रदेशो प्रतिसमय चलायमान छतां तेमांनो एक पण प्रदेश आत्माथी छूटो पडतो नथी, परन्तु प्रदेशो मांहोमांहे छूटा पडी जाय छे.

२–३ मनना विचार पूर्वक जे क्रियाप्रवृत्ति करवी ते आभोगिक अथवा अभिसंधिज वीर्य, अने तेथी विपरीत ( विचारशून्य प्रवृत्ति ) अनाभोगिक अथवा अनभिसंधिज वीर्य कहेवाय. तेमां अभिसं० वीर्य फक्त संज्ञि जीवोने अने अनभिसंधिज वीर्य संज्ञिअसंज्ञि सर्व जीवमात्रने होय.

य तित्थतित्था, गिहि अन्न सलिंग थी नर नपुंसा । पत्तेयसयंबुद्धा बुद्धबोहिकणिका य॥१॥(सा०३०)(जिनाजिनतीर्थातीर्था गृह्यन्यस्वलिंगस्त्रीनरनपुंसकाः । प्रत्येकस्वयंबुद्धाः बुद्धबोधिता एका अनेकाश्च ॥ १ ॥ ) जीवन्तीति स्मृता जीवा, जीवनं प्राणधारणम् । ते च प्राणा द्विधा प्रोक्ता, द्रव्यभावविभेदतः ॥ ७५ ॥ सिद्धानामिंद्रियोच्छ्वासा--दयः प्राणा न यद्यपि । ज्ञानादिभावप्राणानां, योगाज्जीवास्तथाऽप्यमी ॥ ७६ ॥ अलोकस्खलिताः सिद्धा, लोकाग्रे च प्रतिष्ठिताः । इह सन्त्यज्य देहादि, स्थितास्तत्रैव शाश्वताः ॥ ७७ ॥ ते ज्ञानावरणीयाद्यै-र्मुक्ताः कर्मभिरष्टभिः । ज्ञानदर्शनचारित्रा-द्यनन्ताष्टकसंयुताः ॥ ७८ ॥ तथोक्तं गुणस्थानकमारोहे ॥ अनन्तं केवलज्ञानं, ज्ञानावरणसंक्षयात् ॥ अनन्तं दर्शनं चापि, दर्शनावरणक्षयात्॥७९॥क्षायिके शुद्धसम्यक्त्व-चारित्रे मोहनिग्रहात् ॥ अनन्ते सुखवीर्ये च, वेद्यविघ्नक्षयात्क्रमात्॥८०॥आयुषः क्षीणभावत्वात्, सिद्धानामक्षया स्थितिः । नामगोत्रक्षयादेवा--मूर्त्तानन्ताऽवगाहना ॥ ८१ ॥ [सा० ३१]

अर्थ–हवे चालु विषय कहे छे– ते जीवो सिद्ध अने संसारी भेदथी बे प्रकारना छे, त्यां तीर्थसिद्ध–अतीर्थसिद्ध इत्यादिभेदथी सिद्ध १५ प्रकारना छे. ॥ ७४ ॥ कह्युं छे के–"१जिन–२अजिन–३तीर्थ–४अतीर्थ–५गृहस्थ–६अन्यलिंग–७स्वलिंग–८स्त्री–९नर–१०नपुंसक–११प्रत्येकबुद्ध–१२स्वयंबुद्ध–१३बुद्धबोधित–१४एक–अने १५अनेकसिद्ध" ए प्रमाणे १५ प्रकारना छे. ( एओनुं स्वरूप कहेवाय छे. )

१ तीर्थंकरपणुं पामीने जे सिद्ध थया ते ऋषभदेवादि ' जिनसिद्ध '
२ तीर्थंकरपणुं पाम्या विना जे सिद्ध थया ते पुंडरीकगणधरादि ' अजिनसिद्ध '
३ तीर्थनी स्थापना स्थपाया बाद जे मोक्षे गया ते गणधरादि 'तीर्थसिद्ध '
४ तीर्थनी स्थापना थया पहेलां जे मोक्षे गया ते मरुदेवादि ' अतीर्थसिद्ध '

त्यां जीवन्ति—जीवे छे ते माटे जीव कहेला छे, अने जीववुं एटले प्राणने धारण करवुं, (ए व्युत्पत्ति छे.) ते प्राणो पण द्रव्यप्राण अने भावप्राण ए भेदथी बे प्रकारना कहेला छे.॥७५॥ पुनः सिद्ध परमात्माओने जो के इन्द्रिय उ-

---

५ गृहस्थवेषमां रहीने जेओ मोक्षे गया तेवा अंतगडकेवली 'गृहस्थलिंगसिद्ध'

६ जेओ तापसादिक वेषमां ( जैन मुनिथी जुदा वेषमां ) मोक्षे गया ते वल्कलचीरी विगेरे 'अन्यलिंगसिद्ध'

७ साधुना वेषमां ( जैन साधुना वेषमां ) जे मोक्षे गया तेवा अनेक मुनिमहात्माओ 'स्वलिंगसिद्ध'

८ स्त्रीपणामां (लिंगमां) जे ओओ मोक्षे गया ते चंदनबालादि 'स्त्रीसिद्ध'

९ पुरुषलिंगमां जेओ मोक्षे गया ते गौतमादि 'पुरुषसिद्ध'

१० नपुंसकलिंगे जे मोक्षे गया ते गांगेय विगेरे 'नपुंसकसिद्ध'

११ कोइक निमित्त पामीने वैराग्यादि उत्पन्न थतां मोक्षे गया ते 'प्रत्येकबुद्धसिद्ध' ( जेम नमिराजर्षि स्त्रीओना कंकणना खडखडाटथी वैराग्य पामी मोक्षे गया )

१२ कोइपण निमित्तविना स्वाभाविकरीते वैराग्य उत्पन्न थवाथी मोक्षे गया ते कपिलकेवली वगेरे 'स्वयंबुद्धसिद्ध'

१३ गुरु विगेरेनो उपदेश सांभळवाथी वैराग्य पामी मोक्षे गया ते 'बुद्धबोधितसिद्ध,,

१४ एक समयमां एकज मोक्षे गया होय ते 'एकसिद्ध,

१५ एक समयमां जे अनेक सिद्ध थया ते ऋषभदेवादि 'अनेकसिद्ध,

ए १५ भेद सामुदायिक छे परन्तु वास्तविकरीते सिद्धना बे अने त्रण भेद छे ते आ प्रमाणे—

सिद्धना २ भेद—जिनसिद्ध अने अजिनसिद्ध— अथवा तीर्थसिद्ध अने अतीर्थसिद्ध—अथवा एक सिद्ध अने अनेक सिद्ध, एम २ भेद ३ रीते थाय छे.

सिद्धना त्रण भेद— गृहस्थलिंगसिद्ध, अन्यलिंगसिद्ध, ने स्वलिंगसिद्ध. —अथवा स्त्रीलिंगसिद्ध— पुरुषलिंगसिद्ध, अने नपुंसकलिंगसिद्ध—अथवा प्रत्येकबुद्धसिद्ध,स्वयंबुद्धसिद्ध. अने बुद्धबो०सिद्ध एम त्रण भेद पण त्रण प्रकारे छे.

पूर्वोक्त १५ भेदमां कोइपण एक भेद १५ मांना अनेक भेदमां अंतर्गत गणी शकाय छे —जेम— गौतम गणधर जे मोक्षे गया ते १५ भेदमांथी अजिनसिध्ध—तीर्थसिध्ध—प्रायः अनेकसिध्ध – स्वलिंगसिद्ध-पुरुषलिंगसिध्ध— अने बुध्धबोधित सिध्ध ए छ भेद मां गणी शकाय.

ए प्रमाणे कोइपण एक जीव जुदी जुदी रीते पण ६—६ भेदमां आवी शके छे प्रभु महावीर देवमां जिन, तीर्थ, स्वलिंग, पुरुष, स्वयंबुद्ध अने एक सिद्ध एम छ भेद होय छे.

छ्वासादि द्रव्यप्राण नथी तो पण ज्ञानदर्शनादिभावप्राणना संयोगथी तेओ " जीव " कहेवाय छे. ॥ ७६ ॥ अलोकवडे स्खलना पामेला ( अलोकमां धर्मास्ति० नहि होवाथी जतां अटकी गयेला ) सिद्ध परमात्मा लोकना अग्रभागे ( शिखर पर ) रहेला छे. तेओ आ मनुष्यलोकमां शरीरादिकनो त्याग करीने त्यां शाश्वतभावेज ( पुनः त्यांथी अत्रे आववानुं ज नथी एवा प्रकारे ) रहेला छे. ॥ ७७ ॥ ते सिद्धो ज्ञानावरणीयादि आठ कर्मरहित थया, तेथी अनन्तज्ञान अनन्तदर्शन अनन्तचारित्र इत्यादि आठ अनन्त वडे सहित थयेला छे. ॥ ७८ ॥

श्रीगुणस्थानक्रमारोहमां कह्युं छे के–"ज्ञानावरणकर्मना क्षयथी अनन्तकेवलज्ञान, दर्शनावरणकर्मना क्षयथी अनन्तदर्शन ॥७९॥ मोहनीयना क्षयथी शुद्धक्षायिकसम्यक्त्व अने क्षायिकचारित्र,वेदनीयना क्षयथी अनन्तसुख, अने अन्तरायना क्षयथी अनन्तवीर्य ॥ ८० ॥ आयुष्यना क्षयथी सिद्धोनी अक्षयस्थिति, नामकर्मना क्षयथी अरूपीपणुं, अने गोत्रकर्मना क्षयथी अनन्त अवगाहना प्राप्त थयेली छे. ॥ ८१ ॥

रोगमृत्युजराद्यर्त्ति--हीना अपुनरुद्भवाः । अभावात्कर्महेतूनां, दग्धे बीजे हि नांकुरः ॥ ८२ ॥ यावन्मात्रं नरक्षेत्रं, तावन्मात्रं शिवास्पदम् । यो यत्र म्रियते तत्र--वोर्ध्वं गत्वा स सिद्ध्यति ॥ ८३ ॥ उत्पत्योर्ध्वं समश्रेण्या, लोकांतस्तैरलंकृतः । यत्रैकस्तत्र तेऽनन्ता, निर्बाधाः सुखमासते ॥ ८४ ॥ तथोक्तं तत्त्वार्थभाष्ये ॥ कृत्स्नकर्मक्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति ॥ यथा दग्धेन्धनो वह्नि-र्निरुपादानसंततिः ॥८५॥ दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नांकुरः । कर्मबीजे तथा दग्धे, नारोहति भवांकुरः ॥८६॥ तदनन्तरमेवोर्ध्व-मालोकांतात्स गच्छति । पूर्वप्रयोगा१ऽसङ्गत्व२ --बंधच्छेदो३र्ध्वगौरवैः४ ॥ ८६ ॥ कुलालचक्रे दोलाया--मिषौ चापि यथेष्यते । पूर्वप्रयोगात्कर्मेह, तथा सिद्धगतिः स्मृता१ ॥ ८७ ॥ मृल्लेपसंगनिर्मोक्षा--द्यथा दृष्टाप्स्वलाबुनः । कर्मसं

१ अनन्तकाळ सुधी एक सरखी रहेनारी.

२ अग्नि उत्पन्न थवामां मूळ कारणरूप.

गविनिर्मोक्षा-त्तथा सिद्धगतिः स्मृता२ ॥ ८८ ॥ एरण्डयंत्र-पेडासु, बन्धच्छेदाद्यथा गतिः । कर्मबन्धनविच्छेदात्, सिद्ध-स्यापि तथेष्यते३ ॥ ८९ ॥ व्याघ्रपादबीजबन्धनच्छेदाद्यंत्रबन्ध-नच्छेदात्पेडाबन्धनच्छेदाच्च गति र्दृष्टा मिंजाकाष्टपेडापुटानामेवं कर्मबन्धविच्छेदात्सिद्धस्य गतिरिति भावः ॥ ऊर्ध्वगौरवधर्माणो, जीवा इति जिनोत्तमैः । अधोगौरवधर्माणः, पुद्गला इति चोदि-तम् ॥ ९० ॥ ऊर्ध्वगमन एव गौरवं धर्मः स्वभावो जीवानां, पुद्गलास्त्वधोगमनधर्माण इति सर्वज्ञवचनमिति भावः ॥ यथाध-स्तिर्यगूर्ध्वं च, लोष्टवाय्वग्निवीतयः । स्वभावतः प्रवर्त्तन्ते, तथो-र्ध्वगतिरात्मनः४ ॥ ९१ ॥ अतस्तु गतिवैकृत्य-मेषां यदुपलभ्यते । कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते ॥ ९२ ॥ अधस्तिर्यग-थोर्ध्वं च, जीवानां कर्मजा गतिः । ऊर्ध्वमेव तु तद्धर्मा, (तद्-धर्म्यात्,इतिउत्त०वृत्तौ)भवति क्षीणकर्मणाम् ॥९३॥ [सा० ३२]

---

१ आना तात्पर्यने जणावनारो 'तत्त्वार्थभाष्य' तथा तेनी 'टीका'नो पाठ नीचे प्रमाणे छे. "बन्धच्छेदाद्यथा रज्जुबन्धच्छेदात्पेडाया बीजकोशबन्ध-च्छेदाच्चैरण्डबीजादीनां गतिर्दृष्टा तथा कर्मबन्धनच्छेदात्सिध्यमानगतिः" ॥ [भाष्यं] "बध्यते येन रज्ज्वादिना स बन्धः, तस्य छेदः शस्त्रेण त्रोटनं वा, तद्यथाच्छेदे यथा रज्ज्वा गाढमापीड्यापीड्य बद्धायाः कीचकविदलघटितायाः 'रज्जुबन्धच्छेदा' दुपरितनपुटस्य गमनमूर्ध्वं दृष्टं 'बीजकोशबन्धच्छेदाच्च' बीजकोशः फली फलं वा तस्याः सुबन्धनं गाढसंपुटता सवितृकरजालशोषि-तायाः परिणतिकाले संपुटोद्भेदः छेदः, ततश्च एरण्डादिफलभेदे बीजानां गतिर्दृ-ष्टा तानि हि कूद्योत्कूद्य दूरे पतन्ति तथा कर्मबन्धः फलकदलस्थानीयस्तच्छेदा-त्तद्विघटनादनन्तरमेव चोर्ध्वं सिध्यमानगतिरिति"(वृत्तिः)भावार्थः--जेम दोरडाथी सखत बांधेली वांसनी सपाटनी बनावेल पेडानुं दोरडानुं बन्ध तुटवाथी ऊर्ध्व गमन थाय छे, वळी एरंडबीजनी फली सूर्यकिरणथी सुकाये छते परिणामकालमां संपुट फुटये छते बीज ऊडी ऊडीने दूर पडे छे, तेम कर्मबन्धननो छेद थवाथी सिद्ध थता जीवनी गति थाय छे. विशेषविचार 'तत्त्वार्थ वृत्ति' आदिथी जाणवो,

अर्थ–रोग मृत्यु अने वृद्धत्वादिक पीडारहित, अने कारणरूप कर्मना अभावे जेम बीज बळी गये छते अङ्कुर उगतो नथी तेम पुनः संसारमां नहिं उत्पन्न थना एवा सिद्ध परमात्मा छे. ॥८२॥ तथा जेटलुं (४५ लाख योजनवृत्त विस्तारवाळुं)मनुष्यक्षेत्र छे. तेटलाज प्रमाण वाळुं मुक्तिक्षेत्र (मोक्षस्थान) पण छे. कारण के–जे सिद्ध ज्यां काळ करे छे. त्यांथीज ऊर्ध्वसमश्रेणिए जइने ते सिद्ध थाय छे. ॥ ८३ ॥ पुनः ते सिद्धभगवन्तोए ऊर्ध्वसमश्रेणिए जइने ऊर्ध्वलोकान्तने ( लोकना अग्रभागने ) अलंकृत करेल छे, अने ज्यां एक सिद्ध होय त्यां अनन्तसिद्ध पण कोइपण बाधा–पीडा रहित सुखपूर्वक रही शके छे. ॥ ८४ ॥

श्री तत्त्वार्थभाष्यमां कह्युं छे के–" जेम बळी गयेला काष्ठवाळो अग्नि उपादान कारणरूप काष्ठना समूह विना स्वयमेव निर्वाण पामे छे ( अर्थात् बुझाइ जाय छे, तेम सिद्धपरमात्मा पण सर्वकर्मना क्षयथी ऊर्ध्वगतिए निर्वाण पामे छे. ॥ ८५ ॥ जेम बीज बळी गये छते अंकुर प्रगट थतो नथी तेम कर्मबीज बळी गये छते जन्म अंकुर ऊगतो नथी ॥८६॥ अने तदनन्तर (कर्मक्षय थया पछी तुर्तज ) ते सिद्धपरमात्मा पूर्वप्रयोग--असंगत्व–बन्धछेद--अने ऊर्ध्वगौरववडे लोकना अन्तसुधी ऊर्ध्व ( उंचे--उपर ) जाय छे. ॥ ८६ ॥ ( पूर्व प्रयोग-हेतु दृष्टान्त १ ) कुंभारना चक्रमां--हिंडोळामां--अने बाणमां पण जेवा प्रकारे पूर्वप्रयोगथी क्रिया (गति) देखाय छे. तेम अहिं पण ( पूर्व प्रयोगथी) सिद्धोनी गति कहेली छे,॥८७॥(असंगहेतुदृष्टान्त२) जेम माटी विगेरेनो लेप उतरी जवाथी पाणीमां तुम्बडानी ऊर्ध्वगति देखाय छे, तेम कर्मसंगना छूटवाथी सिद्धोनी ऊर्ध्वगति कहेली छे, ॥८८॥(बंधछेदहेतुदृष्टान्त३) तथा एरंडाना फळ-यन्त्र--अने पेडामां बन्धनना छेदथी जेम [एरंडनां बीज वगेरेनी] गति थाय छे, तेम कर्मबंन्धनना विच्छेदथी सिद्धनी पण गति थाय छे ॥ ८९ ॥ (अर्थात्)

१ प्रथम दंड नाखीने चक्र फेरवे त्यारबाद दंड काढी लीधा छतां पण चक्र फर्याज करे तेम

२ प्रथम हाथथी हलाव्याबाद पण हिंडोळो स्वतः झुल्या करे तेम.

३ प्रथम धनुष्यमां चढाववानां प्रयत्न करवो पडे ने धनुष्यमांथी छुटवाबाद प्रथमना प्रयत्न वडेज सीधि दिशामां चाल्युं जाय तेम.

४ तुंबडापर घणी माटीनो लेप करी पाणीमां नाखे तो डुबी नीचेज बेसे परन्तु पाणीमां माटी पलाळवाबाद जेम जेम लेप उतरतो जाय तेम तुंबडुं उंचुं आवतुं जाय अने सर्व लेप धोवाइ गया बाद तद्दन पाणीना उपर आवी जाय तेम.

काष्ठना पण सरखा एरंडबीजना बन्धननो छेद थवाथी एरंडबीजनी, ग्रन्थबन्धननो छेद थवाथी काष्ठनी अने पेडाबन्धननो छेद थवाथी पेडापुटनी जेम गति थाय छे तेम सिद्धनी पण गति थाय छे, ए तात्पर्य छे, ॥ (ऊर्ध्वगौरवहेतुस्वरूप४) तथा ऊर्ध्वगतिरूपगुरुत्व धर्मवाळा जीवो छे अने अधोगतिरूप गुरुत्वधर्मवाळा पुद्गलो छे, एम जिनेश्वरोए कह्युं छे. ॥ ९० ॥ अर्थात् जीवोनो धर्म- स्वभाव ऊर्ध्वगमन करवानी गौरवतावाळो गुरुतावाळो छे, अने पुद्गलो अधोगति स्वभाववाळाछे. ए श्री सर्वज्ञनुं वचन छे. जेम पाषाणनी अधोगति, वायुनी तिर्यग्गति, अने अग्निज्वाळानी ऊर्ध्वगति स्वभावथीज प्रवर्त्ते छे, तेम आत्मानी पण ऊर्ध्वगति स्वभावथीज छे. ॥९१॥ ए कारणथी जीवोनुं जे गतिवैकृत्य ( स्वाभाविकगति ऊर्ध्व छे छतां तिर्यगादि गमन करवारूप गतिनो विकार ) देखाय छे ते कर्मना प्रतिघातथी अने प्रयोगथी ( अन्यनी प्रेरणाथी--प्रयत्नथी ) ते गतिविकार बनाय छे. ॥ ९२ ॥ ए प्रमाणे जीवोनी कर्मथी उत्पन्न थयेली गति अधोतिर्यग् अने ऊर्ध्व एम त्रण प्रकारनी छे.परन्तु कर्मरहित जीवोनी तो ऊर्ध्वगतिज होय छे. ॥९३॥

तत्रापि गच्छतः सिद्धिं, संयतस्य महात्मनः । सर्वैरंगैर्विनिर्याति, चेतनस्तनुपंजरात् ॥ ९४ ॥ तदुक्तं स्थानांगपंचमस्थानके [३ उद्दे० सू० ४६१]पञ्चविहे जीवस्स णिज्जाणमग्गे पन्नत्ते, तंजहा--पाएहिं, उरूहिं, उरेणं, सिरेणं, सव्वंगेहिं ॥ पाएहिं निज्जायमाणे निरयगामी भवति, उरूहिं निज्जायमाणे तिरियगामी भवति, उरेणं निज्जायमाणे मणुयगामी भवति, सिरेणं निज्जायमाणे देवगामी भवति, सव्वंगेहिं णिज्जायमाणे सिद्धिगतिपज्जवसाणे पण्णत्ते ॥ [सा० ३३] (पञ्चविधो जीवस्य निर्याणमार्गः प्रज्ञप्तः, तद्यथा--पादाभ्यां उरुभ्यां उरसा, शिरसा, सर्वाङ्गैः । पादाभ्यां निर्यान् नरकगामी भवति, उरुभ्यां निर्यान् तिर्यग्गामी भवति, उरसा निर्यान् मनुष्यगामी भवति, शिरसा निर्यान् देवगामी भवति, सर्वाङ्गैर्निर्यान् सिद्धिगतिपर्यवसानः प्रज्ञप्तः) भवो-

पमाहिकर्मांत–क्षण एव स सिद्धयति । उदच्छन्नस्पृशन्नस्या, अचिन्त्या शक्तिरात्मनः ॥९५॥ अत्र च अस्पृशंती सिद्ध्यंतराल्प्रदेशान् गतिर्यस्य सोऽस्पृशद्गतिः, अंतरालप्रदेशस्पर्शने हि नैकेन समयेन सिद्धिः, इष्यते च तत्रैक एव समयः, अतोऽन्तराले समयान्तरस्याऽभावादन्तरालप्रदेशानामसंस्पर्शनमित्यौपपातिक--वृत्तौ [सा० ३४] । अवगाढप्रदेशेभ्योऽपराकाशप्रदेशांस्त्वस्पृशन् गच्छतीति महाभाष्यवृत्तौ (सा०३५) । यावत्स्वाकाशप्रदेशेष्विहावगाढस्तावत एव प्रदेशानूर्ध्वमप्यवगाहमानो गच्छतीति पञ्चसंग्रहवृत्तौ (सा० ३६)। तदत्र तत्त्वं केवलिगम्यम् ।

अर्थ–तेमां पण मोक्षे जता एवा मुनि महात्मानो आत्मा शरीररूपी पिंजरामांथी सर्वांगथी निकळे छे ॥९४॥ श्री ठाणांगजीना पांचमा ठाणामां कह्युं छे के– " जीवने ( देहमांथी ) निकळवानो मार्ग ५ प्रकारनो कह्यो छे ते आ प्रमाणे–पगमांथी–साथळमांथी–छातीमांथी--मस्तकमांथी--अने सर्व अंगोमांथी. तेमां पगथी निकळतो जीव नरकगामी थाय, साथळथी निकळनारो तिर्यंचगतिमां जनारो थाय, छातीमांथी निकळतो जीव मनुष्य गतिमां जाय, अने माथामांथी नीकळनारो जीव देवगतिमां जनारो होय, अने सर्वांगथी निकळनारो जीव मोक्षमां जनारो कह्यो छे. " (सिद्धिगतिमां कइ गतिए जीव जाय ? ते कहे छे. )

जे समये भवोपग्राही ( आखा भवसुधी--संसारना अंतसुधी रहेनारां ४ अघाती ) कर्मनो अन्त थाय छे तेज समये अस्पर्शगतिए उर्ध्वगमन करता केवली भगवान् सिद्धि पद पामे छे. अहिं उववाइ सूत्रनी वृत्तिमां कह्युं छे के--"जेनी गति ( मनुष्य क्षेत्र अने ) मोक्षनी वचमां रहेला आकाश प्रदेशोने स्पर्श्याविनानी होय ते जीव अस्पर्शगतिवाळो कहेवाय, कारण के वच्चेना प्रदेशो स्पर्शे छते एक समयमां सिद्धि न होय, अने सिद्धिगतिनी मान्यतामां तो एकज समय कहेलो छे माटे वचमां बीजो समय नहीं थवाथी वच्चेना आकाशप्रदेशोनी अस्पर्शनाज होय छे" तथा महाभाष्य वृत्तिमां कह्युं छे के -"अवगाहित आकाशप्रदेशो सिवायना बीजा आकाशप्रदेशोने स्पर्श्या विनाज जाय छे" तथा पञ्चसंग्रहवृत्तिमां कह्युं छे के " जेटला आकाशप्रदेशोमां अवगाढ (जीव अवगाहेलो) छे

तेटलाज आकाशप्रदेशोने ऊर्ध्वपण अवगाहतो जाय" अहिं तत्त्वश्री सर्वज्ञ जाणे.

॥ हवे कये स्थानथी केटला मोक्षे जाय ? ते कहे छे. ॥

एकस्मिन्समये चोर्ध्व-लोके चत्वार एव ते । सिद्ध्यन्त्युत्कर्षतो दृष्ट–मधोलोके मतत्रयम्॥९५॥विंशतिर्द्वाविंशतिश्च, चत्वारिंशदिति स्फुटम् ।उत्तराध्ययने संग्र-हण्यां च सिद्धप्राभृते ॥९६॥ 'वीसमहे तहेवेति' (विंशतिरधस्तथैवेति) उत्तराध्ययने जीवाजीवविभक्त्यध्ययने, (सा० ३७) 'उड्ढहोतिरियलोए चउबावीसट्ठसयं' (ऊर्ध्वाधस्तिर्यग्लोकेषु चतुर्द्वाविंशत्यष्टोत्तरशतं) इति संग्रहण्यां, (सा० ३८) । 'वीसपुहुत्तं अहोलोए' ( विंशतिपृथक्त्वमधोलोके ) इति सिद्धप्राभृते, (सा० ३९) तट्टीकायां 'विंशतिपृथक्त्वं द्वे विंशती' (सा० ४०) इति ॥ अष्टोत्तरशतं तिर्यग्--लोके च द्वौ पयोनिधौ । नदीनद्यादिके शेषे--जले चोत्कर्षतस्त्रयः ॥९७॥विंशतिश्चैक-

१ अपेक्षापूर्वक विचारतां त्रणे मत परस्पर अविरुद्ध जणाय छे.

२ श्री उत्तराध्ययनजीनी वादिवेताल श्री शान्तिसूरिजीकृत पाइयटीका ( बृहट्टीका ) मां "चउरुड्ढलोए अ दुवे समुद्दे, तओ जले वीसमहे तहेव" इत्यादि गाथाने ठेकाणे बीजाओ आ प्रमाणे बे गाथाओ कहे छे पण कही "चउरो उड्ढलोगंमि, वीसपहुत्तं अहे लोगे ॥" इत्यादि गाथाओ लखी छे, ते वाचनानुसारे उत्तराध्ययनजीमां पण "अधोलोकमां २० पृथक्त्व मोक्षे जाय" तेम आशय छे इति विशेषः ॥ आ आशय सिद्धप्राभृतने मळतो थाय छे.

३ श्रीहर्षपुरीयगच्छालङ्कार मलधारी श्रीअभयदेवसूरिपट्टरत्नश्रीहेमचन्द्रसूरिशिष्यश्रीचन्द्रसूरि महाराजे बनावेली संग्रहणिनी तेमना शिष्य श्रीदेवभद्रसूरि के जेमणे श्रीमुनिचन्द्रसूरिमहाराजथी प्रतिष्ठा मेळवी छे.तेमणे रचेली टीकामां लख्युं छे के-"वीसपुहुत्तं अहोलोए"ए प्रमाणे सिद्धप्राभृतमां तथा 'विंशतेः पृथक्त्वं द्वे विंशती' ए प्रमाणे तेनी टीकामां पाठ होवाथी जो अहीं पण 'बावीसं' ए पदने बदले 'दोवीसं' एवुं पद बोलीए तो सिद्धप्राभृत तथा संग्रहणि बन्नेनो संवाद मळत, आज प्रमाणेनो आशय श्रीजिनभद्रगणिक्षमाश्रमणमहाराजनी रचेली बृहत्संग्रहणिनी श्रीमलयगिरिजीमहाराजे बनावेली टीकामां प्रक्षेप गाथाओ लखी छे तेमां 'बावीसमहोलोए' ए वाक्यनी टीका करतां लख्युं छे के आ गाथाने अनुसारे अधोलोकमां बावीश छे, पण सिद्धप्राभृतने अनुसारे विंशति-

विजये, चत्वारो नन्दने वने । पंडके द्वावष्टशतं, प्रत्येकं कर्मभूमिषु ॥ ९८ ॥ प्रत्येकं संहरणतो, दशाऽकर्ममहीष्वपि । पञ्चचापशतोच्चा द्वौ, चत्वारो द्विकरांगकाः ॥ ९९ ॥ जघन्योत्कृष्टदेहानां, मानमेतन्निरूपितम् । मध्यांगास्त्वेकसमये, सिद्ध्यन्त्यष्टोत्तरं शतम् ॥ १०० ॥ उत्सर्पिण्यवसर्पिण्यो--स्तार्तीयीकतुरीययोः । अरयोरष्टसहितं, सिध्यत्युत्कर्षतः शतम् ॥ १०१ ॥ यत्त्वस्या अवसर्पिण्यास्तृतीयारकप्रांते श्रीऋषभदेवेन सहाष्टोत्तरं शतं सिद्धास्तदाश्चर्यमध्येऽन्तर्भवतीति समाधेयम् ॥ विंशतिश्चावसर्पिण्याः, सिद्ध्यन्ति पञ्चमेऽरके । उत्सर्पिण्यवसर्पिण्योः, शेषेषु दश संहृताः ॥ १०२ ॥ (सिद्ध्यमानजीवसंख्याविचारः)

अर्थ–ऊर्ध्वलोकमांथी एक समयमां उत्कृष्ट ४ सिद्ध मोक्षे जाय, अने अधोलोकथी मोक्षे जवामां ३ मत देखेला छे. ॥९५॥ ते आ प्रमाणे–उत्तराध्ययनमां २०, संग्रहणीमां २२, अने सिद्धप्राभृतमां ४० मोक्षे जाय एम प्रगट कहेल छे.

पृथक्त्व जाणवुं. अने ते विंशति पृथक्त्व पदले थे बीस अर्थात् चालीश प्रमाण त्यां लीधुं छे तेथी जो अहिं पण 'दोवीसमहोलोए' एवो पाठ लइए तो सारी रीते घटे छे. आ बेउ टीकाकारो पण सिद्धप्राभृतने संमत थाय छे.

४ श्रीसिद्धप्राभृतनी वर्तमान टीकामां तो "वीसपुहुत्तं अहोलोए" 'विमुक्तिस्थानेभ्यः पृथक्त्वं अधोलोकग्रामेषु एवं ' एटलोज पाठ छे, परन्तु श्रीदेवभद्रसूरिमहाराजनी उपर बतावेल संग्रहणी टीकामां लखेला श्रीसिद्धप्राभृत टीकाना पाठथी श्रीविनयविजयजी महाराजे उपर प्रमाणे पाठ लख्यो समये छे. अथवा वर्तमानटीकामां आपेला पुरावा उपरथी प्राचीन बीजी टीका हशे तेम जणाय छे तो ते टीका उपरथी आमां या संग्रहणी टीकामां पाठ लीधो होय! (तात्पर्य) दरेक विजयमां वीश मोक्षे जाय छे ते दरेकने संमत छे तो अधोलोकमां आवेली पश्चिममहाविदेहनी छेल्ली बे विजयोमां थइ चालीश मोक्षे जाय ए संगत जणाय छे, अने तेथी दरेकना टीकाकारोए संमति आपेली छे, आ प्रमाणे अमोने जणातुं तात्पर्य लख्युं छे. पण यथावस्थिततत्त्व श्रीकेवलिमहाराज जाणे.

५ श्रीसिद्धप्राभृतसूत्र तथा टीकामां ' जले चउक्कं ' 'जलमज्झे चउक्कं' ए प्रमाणे पाठो छे. अर्थात पाणीमां चार जीवो मोक्षे जाय. इति विज्ञाः ॥

त्यां ॥९६॥ उत्तराध्ययनना जीवाजीवविभक्ति अध्ययनमां–तेमज "वीस अधोलोकमां" इत्यादि पाठ छे, अने संग्रहणिमां–"ऊर्ध्व अधो अने तिर्यग्लोकमां अनुक्रमे चार-बावीस-अने एकसो आठ" इत्यादि पाठ छे अने सिद्धप्राभृतमां–"अधोलोकमां वीस पृथक्त्व" इत्यादि पाठ छे. अने सिद्धप्राभृतनी टीकामां "वीसपृथक्त्व एटले बे वीश–४० " एवो अर्थ करेलो छे. तिर्यग्लोकमांथी १०८, समुद्रमांथी २, शेष नदी नद विगेरे जळाशयोमांथी उत्कृष्ट ३ ॥ ९७ ॥ एक विजयमांथी २०, नन्दनवनमांथी ४, पण्डकवनमांथी २, प्रत्येक कर्मभूमिमांथी १०८ ॥ ९८ ॥ संहरणथी प्रत्येक अकर्मभूमिमांथी पण १०, पांचसें धनुष्य ऊंची कायावाळा २, बे हाथनी कायावाळा ४ ॥ ९९ ॥ ए प्रमाणे जघन्योत्कृष्टदेहवाळाओनुं प्रमाण कह्युं अने मध्यम अङ्गवाळा एक समयमां १०८ सिद्धिपद पामे छे. ॥ १०० ॥ उत्सर्पिणीना ३ जा अने अवसर्पिणीना ४ था आरामां उत्कृष्ट १०८ जीवो सिद्धि पामे छे. ॥ १०१ ॥ वळी जे आ अवसर्पिणीना त्रीजा आराने छेडे(तथा उत्कृष्ट अवगाहनावाळा) श्री ऋषभदेवसहित १०८ जीवो मोक्षे गया ते(१० आश्चर्यमांना) आश्चर्यमां अन्तर्गत थाय छे. एम समाधान करवुं. अवसर्पिणीना पांचमा आरामां २० सिद्धिपद पामे छे अने उत्सर्पिणीना तथा अवसर्पिणीना शेषे आरामां संहरण करायला १० मोक्षे जाय छे. ॥१०२॥

पुंवेदेभ्यः सुरादिभ्य--श्च्युत्वा जन्मन्यनन्तरे ॥ भवन्ति पुरुषाः केचित्तु, स्त्रियः केचिन्नपुंसकाः ॥ १०३ ॥ स्त्रीभ्योऽपि देव्यादिभ्यः स्यु--रेवं त्रेधा महीस्पृशः ॥ क्लीबेभ्यो नारकादिभ्यो-ऽप्येवं स्युर्मनुजास्त्रिधा॥१०४॥नवस्वेतेषु भंगेषु,पुंभ्यः स्युः पुरुषा

१ कोइ देवना संहरण इत्यादिथी समुद्रमां डुबतां अन्तकृत् केवली थइ मोक्षे जाय अथवा प्रथम केवळज्ञान पामेला जीवने कोइ पूर्वभवनो दुश्मन देव समुद्रमां फेंके अने आयुष्यनो अन्त आव्यो होय तो समुद्रमांथी मोक्षे जाय

२ अकर्मभूमिमां युगलिको मोक्षे जता नथी माटे अहिं देवादिके संहरेला केवली मोक्षे जइ शके छे, अकर्मभूमिनी जेम ५६ अन्तर्द्वीपमां संभवे छे.

३ महाविदेहमांथी कोइक वैरी देवे केवलि मुनिने संहरी आ भरतादि क्षेत्रमां कोइपण आराना वखतमां लावे तो. ते अपेक्षाये अव० ना १, २, ६, ठा तथा उत्स० ना १, २, ५, ६ ठा आरामां पण मोक्ष संभवे छे. अव० ना त्रीजा अने उत्स० ना चोथा आराना छेवटना भागमां भरतना जीवो पण मोक्षे जाय छे. भरतनी जेम ऐरवतमां पण समजवुं.

हि ये ॥ सिद्ध्यन्त्यष्टोत्तरशतं, तेऽन्ये दश दशाखिलाः ॥१०५॥ दशाऽन्यभिक्षुनेपथ्या- श्चत्वारो गृहिवेषकाः । सिद्ध्यन्त्यष्टोत्तर-शतं, मुनिनेपथ्यधारिणः ॥१०६॥ विंशतिर्योषितः क्वाऽपि,पुमांसोऽ ष्टोत्तरं शतम् । एकस्मिन्समये क्लीबाः, सिद्ध्यन्ति दश ना-धिकाः ॥१०७॥ एकसमये अष्टोत्तरशतसिद्धियोग्यतासंग्रहश्चैवं -

तिर्यग्लोके १ क्षपितकलुषाः कर्मभूमिस्थलेषु,२
जाता वैमानिकपुरुषतो३ मध्यमांगप्रमाणाः४ ।
सिद्ध्यन्त्यष्टाधिकमपि शतं साधुवेषाः ५पुमांस६--
स्तार्त्तीयीके७नियतमरके चिन्त्यतां वा तुरीये८॥१०८॥

अर्थ—पुरुषवेदवाळा देवादिकमांथी चवीने परभवमां (नरभवमां) केटलाएक पुरुष, स्त्री अने केटलाएक नपुंसक थाय छे. ॥१०३॥ तथा स्त्री वेदवाळी देवी विगेरेमांथी चवीने पण पूर्वोक्त रीते त्रणे प्रकारना मनुष्य थाय छे. तेमज नपुंसक वेदवाळा नारक विगेरेमांथी चवीने पण ए रीते त्रणे प्रकारना मनुष्य थाय छे. ॥ १०४ ॥ ए ९ भांगामांथी जेओ पुरुषमांथी पुरुष थया होय तेओ १०८, अने बीजा सर्व ( आठे ) भांगावाळा १०-१० सिद्धिपद पामे छे ॥ १०५ ॥ अन्यदर्शनी तापसादिवेषवाळा १०, गृहस्थवेषवाळा ४, सर्वज्ञोक्त मुनिवेषने धार-

१ देव-मनुष्य-अने तिर्यंचमांथी.
२ देवी-मनुष्यणी-अने तीर्यंचीथी.
३ नारक-मनुष्य देव-ने तिर्यंचमांथी. ( नव भांगानु यंत्र )

| | | |
|---|---|---|
| ४ १ पुरुषथी पुरुष | ४ स्त्रीथी पुरुष | ७ नपुं०थी पुरुष |
| २ पुरुषथी स्त्री | ५. स्त्रीथी स्त्री | ८ नपुं०थी स्त्री |
| ३ पुरुषथी नपुंसक | ६ स्त्रीथी नपुंसक | ९. नपुं०थी नपुं० |

ए ९ भांगामांथी.

५ अन्यदर्शनी तापसादि वेषवाळा मोक्षे जइ शके छे. पण अन्यदर्शनना तापसादि धर्मवाळा मोक्षे जाय नहि, कारणके मोक्ष पामवानो सर्व जीवोनो मार्ग एकज छे के--सम्यग्दर्शन ज्ञान चारित्रनी प्राप्ति थवी जोइए पछी ते वेषथी तापस हो के गमे ते हो पण धर्मपरिणति तो सम्यग्दर्शनादिरूप एकज होवी जोइए अन्यथा कोइपण जीव मुक्ति पामी शके ज नहि.

६ अहिं पण वेष गृहस्थनो होय परन्तु स्वाभाविक रीते वैराग्य परिणति थइ सम्यक् चारित्रनी प्राप्ति थतां अन्तकृत् केवलि थइ मोक्षे जइ शकेछे. अहिं तापसादिवेषमां अने गृहस्थवेषमां केवलज्ञान उत्पन्न थाय अने आयुष्य अन्तर्मु० मात्र बाकी होय तो तापसादिवेषे मोक्ष होइ शके छे. अन्यथा

ण करनार १०८ सिद्ध थाय छे. ॥ १०६ ॥ वळी स्त्रीयो २०, पुरुषो १०८, अने नपुंसक १० सिद्ध थाय छे. पण अधिक नहि ॥१०७॥ एक समयमां १०८ सिद्ध थाय तेवी योग्यतावाळा जीवोनो संग्रह आ प्रमाणे छे—तिर्यग्लोकमां१कर्मभूमिमां २(पुंलिङ्ग)वैमानिक देवोमांथी आवेला ३मध्यम अङ्गना प्रमाणवाळा ४साधु वेषवाळा ५पुरुषो ६निश्चयथी (उत्सर्पिणीना) त्रीजे ७ अथवा ( अवसर्पिणीना) चोथे आरे ८क्षपित कर्मवाळा थया छतां एक समयमां १०८ मोक्षे जाय छे. एम जाणवुं. ॥ १०८ ॥

## ॥ सिद्धपरमात्मा केवी रीते रह्या छे ? ते कहेवाय छे. ॥

यत्रैको निर्वृतः सिद्ध-स्तत्रान्ये परिनिर्वृताः । अनन्ता नियमाल्लोक--पर्यन्तस्पर्शिनः समे ॥ १०९ ॥ अयमर्थः ॥ संपूर्णमेकसिद्धस्या--ऽवगाढक्षेत्रमाश्रिताः । अनन्ताः पुनरन्ये च, तस्यैकैकं प्रदेशकम् ॥ ११० ॥ समाक्रम्यावगाढाः स्युः, प्रत्येकं तेऽप्यनन्तकाः । एवं परे द्वित्रिचतुः–पञ्चाद्यंशाभिवृद्धितः ॥१११॥ तथा ॥सिद्धावगाहक्षेत्रस्य,तस्यैकैकं प्रदेशकम् । त्यक्त्वा स्थितास्तेऽप्यनन्ता,एवं द्व्यादिप्रदेशकान्॥११२॥एवं च॥प्रदेशवृद्धिहानिभ्यां येऽवगाढा अनन्तकाः । पूर्णक्षेत्रावगाढेभ्यः, स्युस्तेऽसंख्यगुणाधिकाः ॥ ११३ ॥ ततश्च ॥ एकः सिद्धः प्रदेशैः स्वैः, समग्रैरतिनिर्मलैः । सिद्धाननन्तान् स्पृशति, व्यवगाढैः परस्परम् ॥११४॥ तेभ्योऽसंख्यगुणान् देश-प्रदेशैः स्पृशति ध्रुवम् । क्षेत्रावगाहनाभेदै--रन्योन्यैः पूर्वदर्शितैः ॥ ११५ ॥ तथोक्तं प्रज्ञापनायामौपपा-

---


अधिक आयुष्य होने छते अवश्य साधु वेषने अंगीकार करे एवो नियम होवाथी स्वलिंगे मोक्ष थइ शके छे, ( अहिं कूर्मापुत्रादि कोइक जीव अपवादरूपे होय, कारणके कूर्मापुत्र गृहस्थ केवलिने ६ मास सुधी ज्ञानिये तथाभाव देख्यो होवाथी साधुवेष प्राप्त थयो नथी ए आश्चर्यरूप जाणवुं. )

३ ए आठ विशेषणो पैकी कालनो एक ज होय माटे सातमांथी एक पण न्यून विशेषण होय तो एक समयमां १०८ नो मोक्ष न थाय, ए तात्पर्य छे

५७–५८

## प्रदेश हानिवृध्धिए रहेला

ऊर्ध्वक्षेत्र वर्ति अनन्त अलोकाकाश




उपरनी सिध्धावगाहनामां मध्यनो जाडो वर्तुल समावगाही अनन्त सिध्धोनो पिंड जाणवो. ते मध्य वर्तुलनी अंदर आवेला पातली रेखावाला आजुबाजुना बीजा वर्तुलो प्रदेशनी हानिवृध्धिए रहेला बीजा अनन्त सिध्धो जाणवा.

आ सर्व सिध्ध भगवंतो उपरना लोकाग्रे स्पर्शेला छे.

आनन्द प्री. प्रेस—भावनगर.

-त्तिके आवश्यके च॥ फुसइ अणन्ते सिद्धे, सव्वपएसेहिं नियमसो सिद्धो। ते वि असंखिज्जगुणा, देसपएसेहिं जे पुट्ठा ॥१॥ [सा० ४१-४२-४३](स्पृशति अनन्तान् सिद्धान्, सर्वप्रदेशैः नियमतः सिद्धः। तेऽपि असङ्ख्येयगुणा, देशप्रदेशैर्ये स्पृष्टाः ॥)

अर्थ--जे स्थाने एक जीव मोक्षे गयो होय तेज स्थाने घोजापण घणा जीवो मोक्षे गया होय छे, अने ते सर्व अनन्तसिद्ध निश्चयथी लोकना उर्ध्वान्तनेज स्पर्शनारा होय छे. ॥ १०९ ॥ अर्थात् संपूर्ण एक सिद्धना अवगाढ क्षेत्रमां बीजा अनन्त सिद्धो ( तेटलीज अवगाहनाए ) अवगाहेला छे. वली तेओना [ संपूर्णावगाही सिद्धोना ] एकेक प्रदेशने आक्रमीने ( दावीने ) ॥ ११० ॥ प्रत्येक प्रदेशे पण जे सिद्धो अवगाही रहेल छे ते पण अनन्त अनन्त छे. ए प्रमाणे बे त्रण चार पांच इत्यादि प्रदेशवृद्धिए आक्रमी रहेला सिद्धो पण प्रत्येके अनन्त अनन्त छे. ॥ १११ ॥ तथा ते सिद्धना अवगाहक्षेत्रना एकेक प्रदेश छोडीने रहेला जे सिद्धो ते पण प्रत्येके अनन्त अनन्त छे. ए प्रमाणे बे त्रण इत्यादि प्रदेशो छोडीने रहेला सिद्धो पण अनन्त अनन्त छे. ॥ ११२ ॥ ए प्रमाणे प्रदेशनी हानि वृद्धिए अवगाहेला सिद्धो संपूर्ण क्षेत्रावगाही सिद्धोथी असंख्यगुण जेटला अधिक छे. ॥ ११३ ॥ अने तेथी एक सिद्ध पोताना अति निर्मल अने परस्पर अवगाहेला सर्व आत्मप्रदेशोवडे अनन्तसिद्धने स्पर्शे छे. ॥ ११४ ॥ अने पूर्वे दर्शावेला भिन्न भिन्न क्षेत्रावगाहनाना भेदोरूप देश अने प्रदेशोवडे निश्चय तेथी पण असंख्यगुण सिद्धोने स्पर्शे छे. ॥ ११५ ॥

श्री प्रज्ञापनासूत्रमां उववाइ सूत्रमां अने आवश्यकजीमां कह्युं छे के—" निश्चयथी एक सिद्ध सर्व प्रदेशोवडे अनन्तसिद्धने स्पर्शे छे, अने

१ आ स्थाने प्रदेश एटले आत्मप्रदेश नहि पण आकाशप्रदेश जाणवो. कारणके अन्यसिद्धोए आक्रान्त करेल ते सिद्धावगाढ आकाशप्रदेश एक बे त्रण इत्यादि संख्यावाळा छे पण आक्रान्त करेला आत्मप्रदेशो तो सर्वत्र असंख्य असंख्यज छे.ते शिवाय लोकप्रदेशसंख्य जीवप्रदेशो तेटलामां न रहे.

२ एक सिद्धना अवगाहेला आकाशप्रदेश असंख्य छे. ते प्रत्येक आकाश प्रदेशने आक्रमीने अनन्त अनन्त सिद्ध अवगाहेला छे तो प्रदेशहानिवृद्धिए रहेला सिद्ध संपूर्णावगाही अनन्तसिद्धथी असंख्यगुण अनन्त थइ शके छे,

३ अर्थात् संपूर्णावगाही सिद्धोनी साथे परस्पर अवगाहेला.

४ " सर्व आत्मप्रदेशो वडे " एटले सर्व आत्मप्रदेशात्मक स्कन्धवडे

५ संपूर्णावगाही अनन्तसिद्धने स्पर्शे छे.

देश तथा प्रदेशवडे स्पर्शायला जे सिद्धो ते तेनाथी पण असंख्यगुणा छे" ॥१॥

अशरीरा जीवघना, ज्ञानदर्शनशालिनः। साकारेण निराकारे-णोपयोगेन लक्षिताः ॥११६॥ ज्ञानेन केवलेनैते, कलयन्ति जगत्त्रयीम्। दर्शनेन च पश्यन्ति, केवलेनैव केवलाः ॥११७॥ पूर्वभवाकारस्या-न्यथाऽवस्थापनाच्छुषिरपूर्त्या। संस्थानमनित्थंस्थं, स्यादेषामनियताकारम् ॥ ११८ ॥ केनचिदलौकिकेन, स्थितं प्रकारेण निगदितुमशक्यम्। अत एव व्यपदेशो, नैषां दीर्घादिगुणवचनैः ॥११९॥ तथाहुः--*"से न दीहे, न हस्से, न वट्टे" इत्यादि(सा० ४४)(स न दीर्घः, न ह्रस्वः, न वृत्तः)॥[प्रश्नः]संस्थानं ह्याकारः,स कथममूर्त्तस्य भवति सिद्धस्य?। (अत्रोच्यते) परिणामवत्यमूर्त्ते-ऽप्यसौ भवेत्कुम्भनभसीव ॥ १२० ॥ पूर्वभवभाविदेहा-कारमपेक्ष्यैव सिद्धजीवस्य। संस्थानं स्यादौपा--धिकमेव न वास्तवं किञ्चित् ॥ १२१ ॥ तथाहुरावश्यकनिर्युक्तिकृतः॥ उगाहणाइ सिद्धा, भवतिभागेण हुन्ति परिहीणा। संठाणमणित्थत्थं, जरामरणविप्पमुक्काणं ॥१॥ उत्ताणओ व पासिल्लओ व अहवा निसन्नओ चेव। जो जह करेइ कालं, सो तह उववज्जए सिद्धो ॥ २ ॥ इहभवभिन्नागारो, कम्मवसाओ भ-

*से न दीहे १, न हस्से २, न वट्टे ३,न तंसे ४,न चउरंसे ५, न परिमंडले ६, न किण्हे ७, न नीले ८, न लोहिए ९, न हालिद्दे १०, न सुक्किल्ले ११, न सुरहिगंधे १२, न दुरहिगंधे १३, न तित्ते १४, न कडुए १५, न कसाए १६, न अम्बिले १७, न महुरे १८, न कक्खडे १९, न मउए, २०, न गरुए २१, न लहुए २२, न सीए, २३ न उण्हे २४, न णिद्धे २५, न लुक्खे २६, न काऊ २७, न रुहे, २८ न संगे,न इत्थी, २९ न पुरिसे,३० न अन्नहा३१. परिन्ने सन्ने' (आचारांग अध्ययन ५. उद्दे. ६.) आवश्यकचूर्णिमां 'न संगे' ए पद नथी तथा न अन्नहा ने बदले ' न नपुंसे ' ए पद छे. अर्थ बेउनो एकज छे. जेथी सिद्ध परमात्मामां ५ संस्थान. १ हस्यपणुं, ५ वर्ण, २ गंध, ५ रस, ८ स्पर्श; १ काया, १ उगवापणुं, ३ वेद ए एकत्रीश दोषना अभावरूप एकत्रीश गुणो छे.

वन्तरे होइ। न य तं सिद्धस्स जओ, तंमी तो से तयागारो ॥३॥ जं संठाणं तु इहं, भवं चयन्तस्स चरमसमयंमि। आसीअ पए-सघणं, तं संठाणं तहिं तस्स ॥४॥ (सा० ४५) (अवगाहनया सिद्धा भवत्रिभागेन भवन्ति परिहीणाः। संस्थानमनित्थंस्थं जरा-मरणविप्रमुक्तानाम् ॥१॥ उत्तानको वा पृष्ठलो [ पार्श्वस्थितो ], वा अथवा निषण्णश्चैव। यो यथा करोति कालं, स तथा उपपद्यते सिद्धः ॥ २॥ इहभवभिन्नाकारः, कर्मवशात् भवान्तरे भवति। न च तत् सिद्धस्य यतः,तस्मिन् ततः स तदाकारः ॥३॥ यत् संस्थानं तु इह, भवं त्यजतः चरम समये। आसीत् प्रदेशघनं, तत् संस्थानं तत्र तस्य ॥४॥) ( सिद्धजीवस्वरूपविचार )

अर्थ–शरीररहित, जीवप्रदेशोवडे घन ( निबिड ), ज्ञानदर्शनयुक्त, अने साकार तथा निराकार उपयोगरूप लक्षणवाळा ॥ ११६ ॥ ( अर्थात् ज्ञानदर्शन-लक्षणयुक्त ) एवा ए सिद्धपरमात्माओ केवलज्ञाने करीने त्रणे जगत्ने जाणे छे, अने केवलदर्शनवडे समस्त जगत्ने देखे छे. ॥ ११७ ॥ पूर्वभवमां सिद्धना जीवना जे आकार हतो ते देहना पोलाण भागो पूरती वखते जुदा प्रकारनो थइ जवाथी ए सिद्धोनुं अनियमित आकारवाळु अनित्थंस्थ संस्थान होय छे. ॥ ११८ ॥ अर्थात् कोइ अलौकिकप्रकारे रहेलुं अने ( " अमुक प्रकारनुं छे " एम) कहेवुं अशक्य छे, ए हेतुथीज ए सिद्धोनो ( अथवा सिद्धना संस्थाननो ) दीर्घादिगुणवाळां वचनोद्वारा ( एटले आ दीर्घ छे आ चतुरस्र छे इत्यादि ) व्यपदेश थतो नथी. ॥ ११९ ॥ कह्युं छे के--" ते दीर्घ नथी. ते ह्रस्व नथी,

१ एकेक प्रदेशनी हानिवृद्धिथी उत्पन्न थएला,

२ ज्यारे योगनिरोधकाळमां सूक्ष्मक्रियाप्रतिपाति नामनुं शुक्लध्यान प्राप्त थाय छे ते वखते उदर--मुख विगेरे पोलाण भागमां पण आत्मप्रदेशो व्याप्त थाय छे जेथी केवलिनो आत्मा संकोचाइने २/३ भाग क्षेत्रमां ( एटले ९ हाथनी कायावाळो आत्मा ६ हाथ प्रमाण ) रहे छे.

३ अन् नहिं इत्थं=आ प्रकारनुं स्थ=रहेलुं छे. अर्थात् " आ प्रकारनुं छे" एवा व्यपदेशने अयोग्य ते अनित्थंस्थ,

ते गोळ नथी " इत्यादि, प्रश्न--संस्थान एटले आकार ते अरूपी एवा सिद्ध परमात्माने केम होय ? उत्तर--परिणामधर्मवाळा एवा अरूपी पदार्थमां पण घटाकाशनी माफक संस्थान कहेवाय छे. ॥ १२० ॥ पूर्वभवमां प्राप्तथयेला शरीरना आकारनी अपेक्षाए सिद्धपरमात्माने पण औपाधिक ज संस्थान होय छे. परन्तु वास्तविक नहिं ॥ १२१ ॥ ( औउववाइय सूत्रमां पण तेज भाव छे.)

श्री आवश्यकनिर्युक्तिकारे कह्युं छे के--" सिद्धपरमात्मा अवगाहनाए करीने पूर्वभवनी अवगाहनाथी त्रीजे भागे न्यून होय छे, अने जरा मरण रहित एवा सिद्धोनुं अनित्थंस्थ संस्थान होय छे.॥१॥ चत्ता अथवा उंधा (वा पासु वाळीने) सूतेला, अथवा निश्चे बेठेला एवा केवलिभगवान जे जेवी रीते (जेवी अवस्थामां)काळ करे ते तेवीज रीते सिद्ध थाय ॥२॥ जीव कर्मना वशथी आ भवथी भिन्न आकारवाळो भवान्तरमां बने छे,ते कर्म सिद्धने छे नहिं,ते कारणथी (अहिं जे आकारवाळो जीव हतो) तेज आकारे ते सिद्ध अवस्थामां थाय छे. ॥३॥ अर्थात् आ भवने त्याग करता एवा जीवनो अन्त्य समये जेवो आकार ( पोलाण भाग पूरवी वखते थयेलो ) हतो तेवाज आकारे आत्मप्रदेशनो घन सिद्धने पण सिद्धिगतिमां होय छे, " ॥४॥ (जघन्यादिभेदेन सिद्धावगाहनादिविचार)

शतानि त्रीणि धनुषां, त्रयस्त्रिंशद्धनूंषि च । धनुस्त्रिभागश्च परा, सिद्धानामवगाहना ॥ १२२ ॥ जघन्याष्टांगुलोपेत–हस्तमाना प्ररूपिता । जघन्योत्कृष्टयोरंत--राले मध्या त्वनेकधा ॥ १२३ ॥ षोडशांगुलयुक्ता या, मध्या करचतुष्टयी । आगमे गीयते सर्व–मध्यानां सोपलक्षणं ॥ ११४ ॥ प्राच्ये जन्मनि जीवानां, या भवेदवगाहना । तृतीयभागन्यूना सा, सिद्धानामवगाहना ॥ १२५ ॥ उत्कृष्टा च भवे प्राच्ये, धनुःपंचशतीमिता। मध्यमा च बहुविधा,जघन्या हस्तयोर्द्वयं ॥१२६॥जघन्या सप्तहस्तेव,जिनेंद्राणामपेक्षया।त्र्यंशोनत्वे किलैतासां,ताः स्युः सिद्धावगाहनाः॥१२७॥एतदभिप्रेत्यैवौपपातिकोपांगे उक्तं ॥ जीवा णं भंते सिज्झमाणा कयरंमि उच्चत्तेसि ज्झंति,गो०जहण्णेणं सत्तरयणीए।

उक्कोसेणं पंचधणुसइए सिज्झंति॥ (जीवा भदन्त ! सिद्धयमानाः कतरस्मिन् उच्चत्वे सिद्धयन्ति? । गौतम ! जघन्येन सप्तरत्नौ, उत्कृष्टेन पञ्चधनुःशत्यां सिद्धयन्ति॥)(सा०४६)मरुदेवा कथं सिद्धा नन्वेवं जननी विभोः। साग्रपंचचापशतो--त्तुंगा नाभिसमोच्छ्रया? ॥ १२८ ॥ संघयणं संठाणं, उच्चत्तं चेव कुलगरेहिं समं ॥ '(संहननं संस्थानं,उच्चत्वं चैव कुलकरैः समम्) इति वचनात्[सा०४७] अत्रोच्यते ॥ स्त्रियो ह्युत्तमसंस्थानाः, पुंसः कालार्हसंस्थितेः । किंचिदूनप्रमाणाः स्यु--र्नाभेरूनोच्छ्रयेति सा ॥ १२९ ॥ गजस्कंधाधिरूढत्वा--त्मनाक्संकुचितेति वा । पंचचापशतोच्चैव, सेति किंचिन्न दूषणम्॥१३०॥अयं च भाष्यकृदभिप्रायः ॥(सा० ४८)॥ संग्रहणीवृत्त्यभिप्रायस्त्वयं॥यदिदमागमे पंचधनुःशतान्युत्कृष्टं मानमुक्तं तद्बाहुल्यात्,अन्यथैतद्धनुःपृथक्त्वैरधिकमपि स्यात्,तच्च पंचविंशत्यधिकपंचधनुःशतरूपं बोद्धव्यम् (सा० ४९) सिद्धप्राभृतेऽप्युक्तं ॥ ओगाहणा जहण्णा,रयणिदुगं अह पुणाइ उक्कोसा । पंचेव धणुसयाइं, धणुअपुहुत्तेण अहियाइं ति ॥ (अवगाहना जघन्या, रत्निद्विकं अथ पुनः उत्कृष्टा। पञ्चैव धनुःशतानि, धनुःपृथक्त्वेन अधिकानि इति ॥ ( सा० ५० ) एतद्वृत्तिश्च--पृथक्त्वशब्दोऽत्र बहुत्ववाची, बहुत्वं चेह पंचविंशतिरूपं द्रष्टव्यमिति ॥ (सा० ५१)[धणुपुहुत्तेण अहियाइं मरुदेवीकालवत्तीणं मु०सू०]

अर्थ–सिद्धपरमात्मानी उत्कृष्ट अवगाहना ३३३ धनुष्य अने १धनुष्यनो त्रीजो भाग ( एटले १ हाथ ने ८ अङ्गुल ) होय छे. ॥ १२२ ॥ अने जघन्य अवगा-

१ ५०० धनु० नो $\frac{२}{३}$ भाग ( ५००× $\frac{२}{३}$ = $\frac{१०००}{३}$ =३३३ $\frac{१}{३}$ धनुष्य. )

२ २ हाथनो $\frac{२}{३}$ भाग ( २× $\frac{२}{३}$ = $\frac{४}{३}$ =१ $\frac{१}{३}$ हाथ=१ हा.–८ अं. )

हना आठ अङ्गुल सहित एक हाथनी (एटले १ हाथ–८ अङ्गुल ) होय छे. तथा ए जघ० अने उत्कृ० बेनी वच्चेनी मध्यम अवगाहना अनेकप्रकारनी होय छे. ॥ १२३ ॥ सिद्धांतमां जे १६ अंगुल सहित चार हाथनी ( ४ हाथ–१६ अङ्गुल ) मध्यम अवगाहना गणाय छे, ते सर्व मध्यम अवगाहनाओना उपलक्षणवाळी जाणवी. ॥ १२४ ॥ पूर्वभवमां जीवनी जे अवगाहना होय तेनो त्रीजो भाग न्यून सिद्धपरमात्मानी अवगाहना होय. ॥ १२५ ॥ पूर्वभवमां (मोक्षेजनार) जीवनी उत्कृष्ट अवगाहना ५०० धनुष्य, मध्यम अवगाहना अनेकप्रकारनी ( ५०० थी न्यून अने ४८ अङ्गुलथी अधिक ), अने जघन्य अवगाहना २ हाथनी होय छे ॥१२६॥तथा तीर्थंकरोनी अपेक्षाए जघन्य अवगाहना ७ हाथप्रमाण होय,ते सर्वनो त्रीजो भाग न्यून करवाथी ते ते अवगाहनाओ सिद्धपरमात्मानी थाय ॥ १२७ ॥ ए अभिप्रायथीज उववाइ उपांगमां कह्युं छे के– "मोक्षे जता जीवो हे भगवन् ! केटली उंचाई होते छते मोक्षे जाय ? जवाब–हे गौतम ! जघन्यथी ७ हाथना अने उत्कृष्टथी ५०० धनुष्य उंचाईमां [ जीवो ] मोक्षे जाय."

प्रश्न–जो ए प्रमाणे छे तो नाभिराजाना जेटली सवा पांचसो धनुष्य (५२५ धनु० ) उंचाइ वाळां श्रीऋषभदेवप्रभुनी माता मरुदेवा केवी रीते मोक्षे गयां ? ॥ १२८ ॥ श्री आवश्यकनिर्युक्तिमां कह्युं छे के–( कुलगरनी स्त्रीओनुं ) " संघयण–संस्थान–अने उंचाइ निश्चय कुलगरो जेटली होय छे " ए वचनथी ( ५२५ धनु० उंचां मरुदेवा केम मोक्षे जाय ? )

उत्तर—" उत्तम संस्थानवाळी स्त्रीयो ते काळने योग्य संस्थानवाळा पुरुषो करतां कंइक न्यून प्रमाणवाळी होय छे. ए प्रमाणे ते मरुदेवा मातानी अवगाहना ५०० धनु० प्रमाणज हती. ॥ १२९ ॥ अथवा हस्तिना स्कन्ध उपर बेठेल होवाथी कंइक संकोचायली कायावाळां एवां मरुदेवा माता ५०० धनुष्यज उंचां हतां माटे कोइपण विरोध नथी. " ॥ १३० ॥ ए अभिप्राय भाष्यकर्ता–

१ जे एक मध्यम अवगाहनानुं नाम लेवाथी बीजी सर्व मध्यम अवगाहनाओ अध्याहारथी ग्रहण थाय माटे अहिं जिनेन्द्रभक्तिवोनी जे ४ हा०–१६ अंगुल जघ० अवगाहना ते सर्व जीवोनी अपेक्षाए मध्यम अवगाहना होवाथी एनुं ज उपलक्षण कहेल छे. जेम चूला उपर रांधवा मूकेला चोखाओ तपेलीमांथी एक चोखानो दाणो दाबी जोवाथी तमाम दाणाओनी हीलाश समजी शकाय छे तेनुं नाम उपलक्षण कहेवाय छे.

नो कह्यो अने संग्रहणीवृत्तिनो अभिप्राय तो आ प्रमाणे छे के –" आगममां जे ५०० धनुष्य उत्कृष्ट प्रमाण कह्युं छे, ते बहुलताए जाणवुं, अन्यथा ए प्रमाण धनुष्यपृथक्त्व अधिक पण होय अने ते अधिक प्रमाण ५२५ धनुष्यरूप जाणवुं" सिद्धप्राभृतमां पण कह्युं छेके–"जघन्यअवगाहना २ हाथनी अने उत्कृष्ट अवगाहना धनुष्यपृथक्त्व अधिक ५०० धनुष्य पण जाणवी,"सिद्धप्राभृतनीवृत्तिमां–"पृथक्त्वशब्द अहिं बहुत्ववाचक छे, अने ते बहुत्व (अधिकता) अहिं २५ रूप जाणवी" ए प्रमाणे कह्युं छे. (॥सिद्ध्यमानजीवपूर्वावस्था विचार ॥)

आद्यसंहनना एव, सिद्ध्यन्ति न पुनः परे । संस्थानानां त्वनियम–स्तेषु षट्स्वपि निर्वृतिः ॥१३१॥ पूर्वकोट्यायुरुत्कर्षात्, सिद्ध्येन्नाधिकजीविनः (तः)। जघन्यान्नववर्षायुः, सिद्ध्येन्न न्यूनजीविनः [तः] ॥१३२॥ द्वात्रिंशदंता एकाद्या–श्चेत्सिद्ध्यंति निरंतरम् । तदाष्टसमयान् याव–न्नवमे त्वंतरं ध्रुवं ॥ १३३ ॥ अष्टचत्वारिंशदंता–स्त्रयस्त्रिंशन्मुखा यदि । सिद्ध्यन्ति समयान् सप्त, ध्रुवमन्तरमष्टमे ॥ १३४॥ एकोनपञ्चाशदाद्याः, षष्ट्यन्ता यदि देहिनः । सिद्ध्यन्ति समयान् षड् वै, सप्तमे त्वन्तरं भवेत् ॥ १३५ ॥ एकषष्टिप्रभृतयो, यावद्द्वासप्ततिप्रमाः । सिद्ध्यन्ति समयान् पंच, षष्ठे त्ववश्यमन्तरम् ॥१३६॥ त्रिसप्ततिप्रभृतय–श्चतुरशीतिसीमकाः । चतुरः समयान् यावत्, सिद्ध्यन्त्यग्रेतनेंतरम् ॥ १३७॥ पंचाशीत्याद्याः क्षणांस्त्रीन्,यान्त्याषण्णवतिं शिवम् ।क्षणौ सप्तनवत्याद्या, द्वौ च द्व्याढ्यशतावधि ॥१३८॥ त्र्यधिकशताद्याश्चे–द्यावदष्टोत्तरं शतं । सिद्ध्यन्ति चैकसमयं, द्वितीयेऽवश्यमन्तरं ॥ १३९ ॥ जघन्यमन्तरं त्वेक–समयं परमं पुनः । षण्मासान्नास्ति सिद्धानां, च्यवनं शाश्वता हि ते ॥ १४० ॥ सर्वस्तोकाः क्लीबसिद्धा–स्तेभ्यः संख्यगुणाधिकाः । स्त्रीसिद्धाः पुनरेभ्यः पुं–सिद्धाः संख्यगुणाधिकाः ॥ १४१ ॥ सर्वस्तोका दक्षिणस्या–मुदीच्यां च मिथः

**समाः । प्राच्यां संख्यगुणाः पश्चि-मायां विशेषतोऽधिकाः ॥ १४२ ॥**

पुनः प्रथमसंघयण ( वज्रऋषभनाराच ) वाळा ज सिद्धिपद पामे छे. पण बीजा( पांच संघ० वाळा ) नहिं. अने संस्थाननो नियम नथी कारण के छए संस्थानमां मोक्ष होय छे. ॥ १३१ ॥ वळी उत्कृ० पूर्वकोडि आयुष्यवाळा मोक्ष पामे छे पण एथी अधिक आयुष्यवाळाओ नहिं. अने जघन्यथी ९ वर्षना आयुष्यवाळा मोक्ष पामे छे. पण एथी अल्प आयुष्यवाळा नहिं ॥१३२॥

## ॥ कइ संख्याए केटला समय सुधी मोक्षे जाय ? ते कहे छे. ॥

१ थी ३२ सुधीनी संख्यावाळा जीवो जो मोक्षे जाय तो निरन्तर ( लगोलग ) आठ समय सुधी मोक्षे जाय त्यारबाद नवमे समये निश्चयथी अन्तर पडे ( अर्थात् कोइ मोक्षे न जाय ) ॥ १३३ ॥ ३३ थी ४८ सुधीना मोक्षे जाय तो निरन्तर ७ समय सुधी जाय अने आठमे समये निश्चय अन्तर पडे ॥ १३४ ॥ ४९ थी ६० सुधीनी संख्यावाळा जीवो जो मोक्षे जाय तो निरन्तर ७ समय सुधी जाय अने सातमे समये अन्तर पडे ॥ १३५ ॥ पुनः ६१ थी ७२ सुधीना पांच समय सुधी मोक्षे जाय अने छट्ठे समये अवश्य अन्तर पडे ॥ १३६ ॥ ७३ थी ८४ सुधीना चार समय सुधी मोक्षे जाय अने पांचमे समये अन्तर पडे ॥ १३७ ॥ ८५ थी ९६ सुधीना ३ समय सुधी मोक्षे जाय, ९७ थी १०२ सुधीना बे समय मोक्षे जाय ॥ १३८ ॥ अने १०३ थी १०८ सुधीना १ समय मोक्षे जाय अने बीजे समये अवश्य अन्तर पडे. ॥ १३९ ॥

१ श्रीस्थानांगसूत्रवृत्तिआदिमां श्रीअभयदेवसूरि आदि आचार्य भगवन्तो बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी य, बोद्धव्वा । चुलसीइ छण्णउई, दुरहिय-मट्ठुत्तरसयंच ॥१॥ ए प्रमाणे श्रीजिनभद्रगणिक्षमाश्रमण भगवन्तनी गाथा लखी तेनी टीका करतां उपरनो विचार दर्शावी विशेषमां नीचे प्रमाणे भाव जणावे छे, " बीजा आचार्यो आ गाथानो अर्थ एम पण करे छे के. जो आठ समय सुधी निरन्तर सिद्धिप्रवाह चालु रहे तो पहेले समये १ थी ३२, बीजे समये १ थी ४८, त्रीजे १ थी ६०, चोथे १ थी ७२, पांचमे १ थी ८४, छट्ठे १ थी ९६, सातमे १ थी १०२, अने आठमे समये १ थी १०८ सुधी जीवो मोक्षे जाय अने नवमे समये अन्तर पडे, आ ज प्रमाणे जो निरन्तर सात समयसिद्धि प्रवाह चाले तो पहेले समये १ थी ४८, बीजे १ थी ६०.त्रीजे १ थी ७२, चोथे १ थी ८४, पांचमे १ थी ९६, छट्ठे १ थी १०२ अने सातमे समये १ थी १०८ सिद्ध संख्या जाणवी, आज रीतिथी निरन्तर छ समय

सिद्धिमां १ यावत् ६० सुधी थी शरुआत करवी, पांच समयमां १ यावत् ७२ थी, चार समयमां १ यावत् ८४ थी, त्रण समयमां १ यावत् ९६ थी, बे समयमां १ यावत् १०२ थी शरुआत करवी अने एक समयमां १ यावत् १०८ जीवो मोक्षे जाय पछी निश्चये अन्तर (विरह) पडे " विशेष स्वरूप जिज्ञासुए श्री स्थानांग सूत्रवृत्तिथी जोइ लेवुं, वळी श्री जिनभद्रगणि क्षमाश्रमण भगवन्तनी रचेली श्रीबृहत्संग्रहणिनी श्रीमलयगिरि आचार्य भगवन्ते ! बनावेली वृत्तिमां उपरोक्त गाथानी टीकामां एटलो विशेष छे के " जो आठ समय सुधी निरन्तर सिद्धि होय तो प्रथम समये १ थी ३२ सुधीनी कोइ पण अनियत संख्याये सिद्धि थाय, बीजे यावत् आठमे समये पण तेज प्रमाणे १ थी ३२ सुधीनी कोइपण अनियत संख्यायेसिद्धिपद पामे, अने नवमे समये अन्तर पडे, तेमज जो सात समय सुधी सिद्धि प्रवाह चालु रहे तो प्रथम समये ३३ थी ४८ अथवा १ थी ४८ सुधीनी कोइपण अनियत संख्याये सिद्धि पद पामे, तेज प्रमाणे बीजे यावत् सातमे समये पण ३३ थी ४८ अथवा १ थी ४८ सुधीनी कोइपण अनियत संख्याये मोक्षे जाय अने आठमे समये अवश्य अन्तर पडे. तेम विचारवुं, ( अहीं सात समयनी निरन्तर सिद्धि होय त्यारे सात पैकी कोइपण एक समये तत्समयसंबद्ध जणावेली ३३ थी ४८ पैकीनी संख्या मोक्षे जवी जोइए अन्यथा आठ समय अने सात समयनो भेद न रहे तेम संभवे छे, ते प्रमाणे आगळ पण विचारवुं) आज शैलीथी छ समय निरन्तरमां ४९ थी ६० अथवा १ थी ६०, पांच समयमां ६१ थी ७२ अथवा १ थी ७२, चार समयमां ७३ थी ८४ अथवा १ थी ८४, त्रण समयमां ८५ थी ९६ अथवा १ थी ९६, बे समयमां ९७ थी १०२ अथवा १ थी १०२, अने एक समयमां १०३ थी १०८ अथवा १ थी १०८ जीवो सिद्धि पद पामे, पछी अवश्य अन्तर पडे, वळी केटलाक नीचे दर्शावेलो विचारसंभव पण बनी शके तेम जणाय छे. " आठ समय निरन्तर सिद्धि प्रवाह चालतो होय त्यारे अर्थात् प्रथम समये १ जीव मोक्षे गयो, बीजे समये १ जीव मोक्षे गयो, त्रीजे समये पण १, चोथे समये पण १ यावत् आठमा समय सुधी १-१ मोक्षे जइ शके त्यारबाद नवमे समये अन्तर पडे, ए प्रमाणे पहेले समये २, बीजे समये २ यावत् आठमा समय सुधी बे बे ( २-२ ) जीवोनो मोक्ष चालु रहे ने नवमे समये कोइ पण जीव मोक्षे न जाय. ए रीते त्रण त्रणनी-चार चारनी यावत् ३२-३२ सुधीनी संख्यावाळा जीवो आठ आठ समय सुधी मोक्षे जइ शके अने ९ मे समये अवश्य विरह पडे अर्थात् कोइपण मोक्षे न जाय.

आ ज शैलीये सात समयसिद्धि आदिमां ३३ विगेरेथी ४८ विगेरे सुधी अथवा १ विगेरेथी ४८ विगेरे सुधीनी संख्या लेवी, तत्त्व श्रीकेवलि महाराज जाणे. ( ग्रन्थोक्त निरन्तर सिद्धि संख्यायन्त्र.)

सिद्धगतिनुं ज्ञघ० अन्तर १ समय अने उ० अन्तर ६ मास सुधीनुं छे. वळी सिद्धपरमात्माने च्यवन ( सिद्धिगतिमांथी पुनः संसारमां आगमन ) तो छे ज नहिं कारणके तेओ शाश्वत ( सादि अनन्त ) स्थितिवाळा छे. || १४० ||

(आ प्रमाणे निरन्तरसिद्धसमय संख्या तथा अन्तर-विरह कह्यो)

सर्वथी अल्प नपुं० लिंगे सिद्ध छे, तेथी संख्यातगुण स्त्रीलिंगे सिद्ध छे, तेथी पण संख्यातगुणा पुरुषलिंगे सिद्ध छे ||१४१|| अथवा बीजी रीते-सर्वथी अल्प दक्षिण अने उत्तर दिशामां थयेला सिद्ध छे, अने ते परस्पर तुल्य छे. तेथी संख्यातगुणा पूर्वदिशामां थयेला सिद्ध छे. अने तेथी विशेषाधिक [ संपूर्ण बम-णा नहिं ] पश्चिमदिशामां थयेला सिद्ध छे. ||१४२|| ( ए अल्पबहुत्व कह्युं. )

## || सिद्धपरमात्माना अनंतसुखनुं वर्णन ||

न तत्सुखं मनुष्याणां, देवानामपि नैव तत् । यत्सुखं सिद्धजीवानां, प्राप्तानां पदमव्ययम् ॥१४३॥ त्रैकालिकानुत्तरान्त-निर्जराणां त्रिकालजम् । भुक्तं भोग्यं भुज्यमान -मनन्तं नाम यत्सुखम् ॥ १४४ ॥ पिंडीकृतं तदेकत्रा--ऽनन्तैर्वर्गैश्च वर्गितम् । शिवसौख्यस्य समतां, लभते न कदाचन ॥ १४५ ॥ सर्वाद्धा-पिंडितः सिद्ध--सुखराशिर्विकल्पतः । अनन्तवर्गभक्तोऽपि, न मा-

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | थी | ३२—८ | समय | ७३ | थी | ८४—४ | समय |
| ३३ | थी | [illegible]—७ | समय | ८५ | थी | ९६—३ | समय |
| ४९ | थी | ६०—६ | समय | ९७ | थी | १०२—२ | समय |
| ६१ | थी | ७२—५ | समय | १०३ | थी | १०८—१ | समय |

१ अर्थात् कोइक वखत एवो अवसर आवे छे के काळमा वैचित्र्यथी जेम एक इन्द्र च्यव्या बाद बीजो इन्द्र उत्पन्न थवामां उत्कृष्ट अन्तर छ मासनुं पडे छे. तेम छ मास सुधी (आ जगतमांथी) कोइपण जीव मोक्षे जतो नथी.

२ दक्षिणमां भरत अने उत्तरमां ऐरावत सर्वथी न्यून प्रमाण (एक एक खंड ५२६ योजन अने ६ कला प्रमाण) होवाथी, ते दिशाओमां थोडा जीवो मोक्षे जाय, अने पूर्वमां पूर्वमहाविदेह क्षेत्र चोसठ खंड प्रमाण तथा लाख विजयवाळुं भरतथी संख्यातगुण मोटुं क्षेत्र होवाथी संख्यातगुण अने पूर्वमहाविदेहथी पश्चिम महाविदेहनी जमीन ऊंडाइमां १ हजार योजन ढाळ ऊतरती गयेली होवाथी तेथी विशेषाधिक. (बमणुं न थाय त्यां सुधी विशेषाधिक कहेवाय)

याद् भुवनत्रये ॥१४६॥ वर्गविभागश्चैवं ॥ स्युः षोडश चतुर्भक्ता--श्चत्वारो वर्गभागतः । द्वावेव परिशिष्येते, चत्वारोऽपि द्विभाजिताः ॥ १४७ ॥ सुखस्य तस्य माधुर्यं, कलयन्नपि केवली । वक्तुं शक्नोति नो जग्ध-गुडादेर्मूकदेहिवत् ॥ १४८ ॥ यथेप्सितान्नपानादि-भोजनानन्तरं पुमान् । तृप्तः सन्मन्यते सौख्यं, तृप्तास्ते सर्वदा तथा ॥ १४९ ॥ एवमापातमात्रेण,दर्श्यते तन्निदर्शनम् । वस्तुतस्तु तदाह्लादो--पमानं नास्ति विष्टपे ॥ १५० ॥ औपम्यस्याप्यविषय--स्ततः सिद्धसुखं खलु । यथा पुरसुखं जज्ञे, म्लेच्छवाचामगोचरः॥१५१॥ तथा चाहुः ॥ (औपपातिकादौ)

अर्थ—ते सुख मनुष्यने नथी अने ते सुख देवोने पण नथी के जे सुख मोक्षपदने पामेला सिद्ध परमात्माने छे! ॥ १४३ ॥ त्रणेकाळमां उत्पन्न थयेला अनुत्तरविमान सुधीना सर्व देवोनुं भोगवेलुं भोगववानुं अने भोगवातुं ए त्रण काळनुं उत्पन्न थयेलुं जे अनंत सुख छे ॥१४४॥ ते अनंत सुखने एक स्थाने एकठुं करीने अनंत वर्ग वडे वर्गित अनन्तीवार वर्ग गुणाकार कर्युं होय तोपण मोक्षना सुखनी तुल्यता (बराबरी) कदीपण पामी शके नहि! ॥१४५॥ अथवा त्रणे काळना एकठा करेला मोक्षसुखना राशिने कल्पनाथी अनंतवर्गथी भाग्या छतांपण(एटले अनंतीवार वर्गमूळनां वर्गमूळ काढ्या छतां पण)आ त्रण भुवनमां (१४ राजमां) समाय नहि. ॥ १४६ ॥ वर्गनो भागाकार आप्रमाणे—१६ ने ४ वडे भागतां वर्ग भागथी ४ आवे, पुनः ए ४ ने पण २ वडे भागतां वर्गभागथी बेज रहे ॥१४७॥ ते सुखनी मधुरताने केवली भगवान् ज्ञानथी जाणता छतां पण गोळ वगेरेने खाधेला मूंगा माणसनी पेठे मुखे कही शकवा समर्थ नथी ॥ १४८ ॥ जेम मन इच्छित अन्नपाननुं भोजन कर्याबाद तृप्तथयेलो पुरुष संपूर्ण सुख माने छे तेम ते सिद्धपरमात्माओ ( आत्मगुणवडे ) तृप्त थया छता सर्वकाळ सुखीज छे. ॥ ॥ १४९ ॥ ए प्रमाणे ते सुखसंबंधि आपात (देखाव) मात्र दृष्टान्त देखाडाय छे, परन्तु वस्तुपणे ता ( परमार्थतः ) मोक्षसुखनी उपमा त्रण जगतमां पण नथी, ॥ १५० ॥ ए कारणथी निश्चे मोक्षनुं सुख उपमाने पण अगोचर छे ( अर्थात् मोक्ष सुखनी उपमा कोइ नथी)जेम नगरनुं सुख म्लेच्छ वचनने अगोचर थयुं॥१५१॥

१ ए प्रमाणे जेम १६ नो बे वार वर्गभाग=वर्गमूळ काढतां २ अवशेष रह्यो तेम मोक्षसुखना राशिनो अनंतवार वर्गभाग करवो

तेनुं दृष्टान्त आ प्रमाणे—[ अर्थथी उववाइय सूत्रादिमां कह्युं छे.]

म्लेच्छः कोऽपि महारण्ये, वसतिस्म निराकुलः । अन्यदा तत्र भूपालो, दुष्टाश्वेन प्रवेशितः ॥ १५२ ॥ म्लेच्छेनासौ नृपो दृष्टः, सत्कृतश्च यथोचितम् । प्रापितश्च निजं देशं, सोऽपि राज्ञा निजं पुरम् ॥ १५३ ॥ ममायमुपकारीति, कृतो राज्ञाऽतिगौरवात् । विशिष्टभोगभूतीनां, भाजनं जनपूजितः ॥ १५४ ॥ तुङ्गप्रासादशृङ्गेषु, रम्येषु काननेषु च । वृतो विलासिनीवृन्दै--र्भुङ्क्ते भोगसुखान्यसौ ॥ १५५ ॥ अन्यदा प्रावृषः प्राप्तौ, मेघाडम्बरमम्बरे । दृष्ट्वा मृदङ्गमधुरै--र्गर्जितैः केकिनर्त्तनम् ॥ १५६ ॥ जातोत्कण्ठा दृढं जातो--ऽरण्यवासगमं प्रति । विसर्जितश्च राज्ञापि, प्राप्तोऽरण्यमसौ ततः ॥ १५७ ॥ पृच्छन्ति स्म तत्रासौ तं, नगरं तात ! कीदृशम् ? । परं नगरवस्तूना--मुपमाया अभावतः ॥ १५८ ॥ न शशाकतमां तेषां, गदितुं स कृतोद्यमः । एवमत्रोपमाभावा-द्वक्तुं शक्यं न तत्सुखम् ॥ १५९ ॥ (सिद्धसुखनिरौपम्य)

अर्थ—कोइक म्लेच्छ (पामर—भील्लादि) मोटी अटवीमां सुखपूर्वक रहे छे, एक दिवसे दुष्ट ( दुःशिक्षित ) अश्वघडे भेराइने कोइक राजा ते अटवीमां आव्यो ॥

---

आ लोकप्रकाश ग्रन्थमां तो मात्र मुक्तिसुखनी निरुपमता--दर्शावक दृष्टान्त ज बताव्युं. पण अन्यत्र उपरोक्त विचार जणाववा पूर्वक साथे किंचिद्विशेष जणाव्यो छे जे आ नीचे प्रमाणे, आवश्यक मलयगिरीवृत्तिमांथी लख्यो छे.

इय सिद्धाणं सोक्खं, अणोवमं नत्थि तस्स ओवम्मं । किंचि विसेसेणित्तो, सारिक्खमिणं सुणह वोच्छं ॥ १ ॥ वेणुवीणामृदङ्गादि--समायुक्तेन हारिणा । श्लाघ्यस्मरकथाबद्ध--गीतेन कृतविस्मयः सदा ॥१॥ कुट्टिमादौ विचित्राणि, दृष्ट्वा रूपाण्यनुत्सुकः । लोचनानन्ददायीनि लीलावन्ति स्वकानि हि ॥२॥ अम्लानगुरुकर्पूर--गन्धमाघ्राय निःस्पृहः । नानारससमायुक्तं, भुक्त्वाऽन्नमिह मात्रया ॥३॥ पीत्वोदकं च तृष्णात्मा, स्वाद्यवत् स्वादिमं शुभम् । मृदुतूलसमाक्रान्त--दिव्यपर्यङ्कसंस्थितः ॥४॥ सहसाम्भोदसंशब्द--श्रुतेर्भयघने भृशम् । इष्टभार्यापरिष्वक्त- स्तद्रतान्तेऽथवा नरः ॥५॥ सर्वेन्द्रियार्थसम्प्राप्त्या,सर्वाबाधनिवृत्तिजम् । यत्सुखमति सुदृढं, प्रशान्तेनान्तरात्मना ॥६॥ मुक्तात्मनस्ततोऽनन्तं, सुखमाहुर्मनीषिणः ।' इति ॥ इय सव्वकालतित्ता, अतुलं निव्वाणमुवगया सिद्धा । सासयमव्वाबाहं, चिट्ठंति सुही सुहं पत्ता ॥१॥ इत्यादि विचार जाणवो

१५२ ॥ म्लेच्छे आ राजाने देखयो अने यथायोग्य सन्मान कर्युं, अने राजाने मार्ग बतावी पोताना ( राजाना ) देशमां पहोंचाड्यो, जेथी राजा पण ते म्लेच्छने पोताना नगरमां लाव्यो, ॥ १५३ ॥ राजाए पण आ मारो उपकारी छे एम जाणी अति गौरवथी श्रेष्ठ भोगादिक वैभववालो कर्यो अने लोकोने पण सन्मान करवा योग्य थयो. ॥ १५४ ॥ हवे आ पामर उंचा महेलनी अगासीओमां अने मनहर बाग बगीचामां सुंदर स्त्रीयो वडे परिवर्यो छतो अनेक प्रकारनां विषय सुख भोगवे छे. ॥ १५५ ॥ एक दिवस वर्षाऋतु आव्ये छते आकाशमां मेघना आडंबर अने मृदंग सरखी मधुर गर्जनाओ थवाथी मयूरना नाच थता जोइने पोताना अरण्यवास तरफ जवानी अति दृढ उत्कंठावाळो थयो जेथी राजाए विसर्जन कर्यो छतो ते पामर ते नगरमांथी अरण्यमां आव्यो. ॥ १२६-१५७॥ हवे अरण्यमां रहेनारा तेना बीजा कुटुंबीओ पूछे छे के हे तात ! ते नगर केवुं हतुं ? परन्तु नगरनी वस्तुओनी उपमाना अभावे नगरमांनी वस्तु सरखी वस्तुओना अभावे ॥ १५८॥ कहेवाने उत्कंठित थयो छतो पण ते तेओने कोइपण वस्तु कही शक्यो नहिं. ए प्रमाणे अहिंपण तेवी उपमाना अभावे सिद्ध परमात्मानुं सुख कहेवुं शक्य नथी. ॥ १५९ ॥ (सिद्धस्वरूप निःस्यन्द)

*सिद्धा बुद्धा गताः पारं, परं पारं (परंपर) गता अपि ।

सर्वामनागतामद्धां, तिष्ठन्ति सुखलीलया ॥ १६० ॥

अरूपा अपि प्राप्तरूपप्रकृष्टा,

अनंगाः स्वयं ये त्वनंगद्रुहोऽपि ।

अनंताक्षराश्चोज्झिताशेषवर्णाः,

स्तुमस्तान् वचोऽगोचरान् सिद्धजीवान् ॥१६१॥ इति सिद्धः ॥

विश्वाश्चर्यदकीर्त्तिकीर्त्तिविजयश्रीवाचकेन्द्रान्तिष-

द्राजश्रीतनयोऽतनिष्ट विनयः श्रीतेजपालात्मजः ।

---

* सिज्झंति य बुज्झंति य, पारगयत्ति य परंपरगयत्ति ॥ इत्यादि श्री उववाइ सूत्रादिनी गाथा तथा " सिद्धाणं बुद्धाणं, पारगयाणं परंपरगयाणं ॥" इत्यादि पाठानुसारे ' परंपरगताः ' ए पाठ समीचीन जणाय छे. १ कृतकृत्यत्वात्सिद्धाः, २ केवलज्ञानेन विश्वावबोधात्, ३ भवार्णवपारगमनात्, ४ पुण्यबीजसम्यक्त्वज्ञानचरणक्रमप्रतिपत्त्युपाययुक्तत्वात्, ( औपपातिकवृत्ति ) ५ न क्षरति-त्वात्, यतदक्षरं=ज्ञानं.

काव्यं यत्किल तत्र निश्चितजगत्तत्त्वप्रदीपोपमे,
सर्गो निर्गलितार्थसार्थसुभगः पूर्णो द्वितीयः सुखम् ॥१६२॥

॥ इति लोकप्रकाशे द्वितीयः सर्गः समाप्तः ॥

अर्थ—सर्वथा कृतकृत्य थवाथी सिद्ध, केवलज्ञाने संपूर्ण जगतने जाणवाथी बुद्ध, संसार समुद्रनो पार पामवाथी पारगत, कुशलानुबन्धिकर्म–सम्यक्त्व–ज्ञानचारित्रनी अनुक्रम ( उत्तरोत्तर चढती ) प्राप्तिना उपाये मुक्त होवाथी परंपरगत अथवा अपुनर्भावि संसार समुद्रना उत्कृष्ट छेडाने पामेला एवा सिद्धपरमात्मा सम्पूर्णभविष्य ( शाश्वत–अनन्त ) कालसुधी सुखक्रीडा ( अव्याबाधनिजज्ञान रमणता ) ए रहे छे ॥१६१॥ सिद्धपरमात्मा अरूपि (पौद्गलिकरूप रहित) छतां प्राप्तरूप (पंडितो) मां उत्कृष्ट ( केवलज्ञानस्वरूपवाळो ) छे. अनङ्ग ( कामदेव) नो द्रोह करनार छतां पोते अनङ्ग ( अशरीरी ) छे. सर्व वर्ण (कृष्ण–नीलादी) थी रहित छतां अनन्त अक्षर (ज्ञान) वाळा छे ते अनन्तगुण पूर्ण वचनने अगोचर सिद्ध जीवोनी अमे स्तुति करीए छीए ॥ १६१ ॥ ए प्रमाणे सिद्ध परमात्मानुं स्वरूप कह्युं ॥ १६२ मा श्लोकनो अर्थ प्रथम सर्गनी माफक जाणवो ॥ १६२ ॥

॥ समग्रसिद्धिसंख्यायन्त्रकम् ॥

[ प्रस्तुत ग्रन्थानुसारे ]

( क्षेत्रथी. )

| | |
|---|---|
| ऊर्ध्वलोकमां | ४ |
| अधोलोकमां | २०–२२–४० |
| तीर्च्छालोकमां | १०८ |
| समुद्रमां | २ |
| समुद्रसिवायना जलाशयोमां | ३ |
| एक विजयमां | २० |
| नन्दनवनमां | ४ |
| पंडक वनमां | २ |
| दरेक कर्मभूमिमां | १०८ |
| प्रत्येक अकर्मभूमिमां (संहरणथी) | १० |

( अवगाहनाथी )

| | |
|---|---|
| ५०० धनुष्यप्रमाणना | २ |
| २ हस्तप्रमाणना | ४ |
| मध्यमप्रमाणना | १०८ |

१ आ श्लोक ' विरोधाभास' अलङ्कारवाळो छे, ते विरोधनुं निवारण उपर श्लोकार्थमां जणाव्या प्रमाणे थाय छे. "आभासत्वे विरोधस्य, विरोधाभास इष्यते ॥" अर्थात् विरोध जणातो होय पण ज्यां निवारण ( परिहार–समाधान) थइ शके त्यां 'विरोधाभास अलङ्कार' कहेवाय छे. जेम, " विनापि तन्वि हारेण, वक्षोजौ तव हारिणौ ॥ " (साहित्य ग्रन्थोमां विशेष जोइ लेवुं)

| [ काळथी ] | | शेष ८ भांगावाळा | १० |
|---|---|---|---|
| | | ( लिंगथी ) | |
| उत्सर्पिणीना त्रीजे आरे | १०८ | अन्य साधुवेषवाळा | १० |
| ,, १-२-४-५-६ आरे | १० | गृहस्थ वेषवाळा | ४ |
| अवस०ना चोथे आरे | १०८ | जैनमुनि वेषवाळा | १०८ |
| अवस०ना पांचमे आरे | २० | [ वेदद्वार ] | |
| अवस०ना १-२-३-६ आरे | १० | पुरुषलिंगवाळा | १०८ |
| [ संक्रान्त वेदथी ] | | स्त्रीलिंगे | २० |
| पुरुषथी पुरुष थयेला | १०८ | नपुंसकलिंगे | १० |

## ॥ श्रीसिद्धप्राभृतोक्त सिद्धजीवाल्पबहुत्व विशेषविचारः ॥

( वेदद्वार )—नपुंसकसिद्ध अल्प--१० तेथी स्त्री सिद्ध संख्यातगुण—२० ( सिद्धप्राभृतनी प्राचीन टीकाकारमते १० ) तेथी पुरुष सिद्ध संख्यातगुण १०८

( निरन्तर समयद्वार )—आठ समयसुधी थयेला सिद्ध अल्प, तेथी सप्तसामयिक सिद्ध संख्यातगुण, तेथी छ सामयिक सिद्ध संख्यातगुण, तेथी पंचसामयिक सिद्ध संख्यातगुण, तेथी चतुःसामयिक सिद्ध संख्यातगुण, तेथी त्रिसामयिक सिद्ध संख्यातगुण—तेथी द्विसामयिक सिद्ध संख्यातगुण.

( एक समयसिद्धि संख्याद्वार )—१०८ सिद्ध अल्प, तेथी १०७ सिद्ध अनन्तगुण यावत् ५० सिद्ध अनन्तगुण. त्यारबाद ४९ सिद्ध असंख्यगुण तेथी ४८ सिद्ध असंख्यगुण यावत् २५ सिद्ध असंख्यगुण. तेथी २४ सिद्ध संख्यगुण, तेथी २३ सिद्ध संख्यगुण यावत् १ सिद्ध संख्यगुणा.

(अनन्तरागतसिद्धसंख्याद्वार)—मनुष्यस्त्रीथी आवेल अल्प, तेथी मनुष्यथी आवेल संख्यातगुण, तेथी नारकसिद्ध संख्यगुण, तेथी तिर्यंचीसिद्ध संख्यगुण, तेथी तिर्यंचसिद्ध संख्यगुण, तेथी देवीसिद्ध संख्यगुण, तेथी देवसिद्ध संख्यगुण.

(इन्द्रियद्वार)-एकेन्द्रियागतसिद्ध अल्प, तेथी पंचेन्द्रियागतसिद्ध संख्यातगुण.

( कायद्वार )—वनस्पतिसिद्ध अल्प, तेथी पृथ्वीकायसिद्ध संख्यगुण, तेथी अप्कायसिद्ध संख्यगुण, तेथी त्रसकायसिद्ध संख्यगुण.

( अनन्तर गतिद्वार )—चतुर्थपृथ्वीसिद्ध अल्प, तेथी तृतीय पृथ्वीसिद्ध [illegible]ख्यातगुण, तेथी द्वितीयपृथ्वीसिद्ध संख्यगुण, तेथी प्रत्येकबादरपर्याप्तवनस्पति [illegible]ख्यातगुण, तेथी बा० पर्या० पृथ्वीकायसिद्ध संख्यातगुण, तेथी बा० पर्या०

अप्कायसिद्ध संख्यातगुण, तेथी भवनपति देवीसिद्ध संख्यातगुण, तेथी भवनपतिसिद्ध संख्यातगुण, तेथी वाणव्यन्तरीसिद्ध संख्यातगुण, तेथी वाणव्यंतरसिद्ध संख्यातगुण, तेथी ज्योतिष्देवीसिद्ध संख्यातगुण, तेथी ज्योतिष्सिद्ध संख्यातगुण, तेथी मानुषीसिद्ध संख्यातगुण, तेथी मनुष्यसिद्ध संख्यातगुण, तेथी प्रथमनारकसिद्ध संख्यातगुण, तेथी तिर्यंचोसिद्ध संख्यगुण, तेथी तिर्यंचसिद्ध संख्यातगुण, तेथी अनुत्तरसिद्ध संख्यातगुण, तेथी अधः अधः यावत् सनत्कुमार सुधी संख्यातगुण, संख्यातगुण, तेथी इशानदेवीसिद्ध संख्यातगुण, तेथी सौधर्मदेवीसिद्ध संख्यातगुण, तेथी ईशानदेवसिद्ध संख्यातगुण, तेथी सौधर्मदेवसिद्ध संख्यातगुण (यद्यपि देव करतां देवी संख्या वधारे होय छे. तो पण पुरुषमांथी आवी मोक्षे जनार संख्या घणी होवाथी अल्पबहुत्व संभवित छे.)

(क्षेत्र विभागद्वार )—जम्बूद्वीपमां भरत ऐरवतमां सिद्ध थया ते सर्वथी अल्प, तेथी महाविदेह सिद्ध संख्यातगुणा,॥ तथा संहरणनी अपेक्षाए चुल्लहिमवन्त अने शिखरी पर्वत उपर सिद्ध थया ते सर्वथी अल्प,तेथी हैमवत - हिरण्यवन्त क्षेत्रसिद्ध संख्यातगुण, तेथी महाहिमवन्त रूक्मीगिरिसिद्ध संख्यातगुण,तेथी देवकुरु-उत्तरकुरु सिद्ध संख्यातगुण,तेथी हरिवर्ष–रम्यकसिद्ध विशेषाधिक तेथी निषध–निलवन्त सिद्ध संख्यातगुण,भरत–ऐरवतसिद्ध संख्यातगुण, तेथी महाविदेह सिद्ध संख्यातगुण ॥ तथा धातकीखंडने विषे चुल्लहिमवन्त–शिखरिसिद्ध सर्वथी अल्प, तेथी महाहिमवन्त–रुक्मिसिद्ध संख्यातगुण, तेथी निषध-नीलवन्तसिद्ध संख्यातगुण, तेथी हिमवन्त–हिरण्यवन्तसिद्ध विशेषाधिक, तेथी देवकुरु-उत्तरकुरुसिद्ध संख्यातगुण, तेथी हरिवर्ष–रम्यक्सिद्ध विशेषाधिक, तेथी भरत-ऐरवत सिद्ध संख्यातगुण, तेथी महाविदेह सिद्ध संख्यातगुण ॥ तथा पुष्करार्धद्वीपमां चुल्लहिमवंत–शिखरिसिद्ध सर्वथी तेथी अल्प, महाहिमवंत–रुक्मिसिद्ध संख्यातगुण, तेथी निषध–नीलवंतसिद्ध संख्यातगुण, तेथी हिमवंत–हिरण्यवंतसिद्ध संख्यातगुण, तेथी देवकुरु–उत्तरकुरु सिद्ध संख्यातगुण, तेथी हरिवर्ष–रम्यक् सिद्ध विशेषाधिक, तेथी भरत–ऐरवत सिद्ध संख्यातगुण, तेथी महाविदेह सिद्ध संख्यातगुण. [अढीद्वीपनी समुदितविचारणाए अल्पबहुत्व]

अथवा श्रेणिबद्ध अल्पबहुत्वनी अपेक्षाए जंबूद्वीपमां चुल्लहिमवंत–शिखरि सिद्ध सर्वथी अल्प, तेथी हिमवंत-हिरण्यवंत सिद्ध संख्यातगुणा, तेथी महा हिमवंत–रुक्मी सिद्ध संख्यातगुणा, तेथी देवकुरु–उत्तरकुरु सिद्ध संख्यात

तेथी हरिवर्ष–रम्यक् सिद्ध विशेषाधिक, तेथी निषध–नीलवंत सिद्ध संख्यातगुणा, तेथी धातकीखंडना चुल्लहिमवंत–शिखरिसिद्ध विशेषाधिक, तेथी धातकी० महाहिमवंत–रुक्मी सिद्ध अने पुष्करार्धना चुल्लहिमवंत–शिखरि सिद्ध ए चार संख्यातगुण छे, परन्तु परस्पर तुल्य छे. तेथी धातकी खंडना निषध–नीलवंत सिद्ध अने पुष्करार्धना महाहिमवंत–रुक्मि सिद्ध ए चारे संख्यातगुण, परन्तु परस्पर तुल्य, तेथी धातकी० हेमवंत–हिरण्यवंत सिद्ध विशेषाधिक, तेथी पुष्करार्धना निषध–नीलवंत सिद्ध संख्यातगुण, तेथी धातकी० देवकुरु–उत्तरकुरु सिद्ध संख्यातगुण, तेथी धातकी० हरिवर्ष–रम्यक सिद्ध विशेषाधिक, तेथी पुष्करार्धना हिमवंत–हिरण्यवंत सिद्ध संख्यातगुण, तेथी पुष्करार्धना देवकुरु–उत्तरकुरु सिद्ध संख्यातगुण, तेथी पुष्करार्धना हरिवर्ष–रम्यक् सिद्ध विशेषाधिक, तेथी जंबूद्वीपना भरत–ऐरवत सिद्ध संख्यातगुण, तेथी धातकीना भरत–ऐरवत सिद्ध संख्यातगुण, तेथी पुष्करार्धना भरत–ऐरवत सिद्ध संख्यातगुण, तेथी जंबूद्वीपना महाविदेह सिद्ध संख्यातगुणा, तेथी धातकी खंडना महाविदेह सिद्ध संख्यातगुणा, तेथी पुष्करार्धना महाविदेह सिद्ध संख्यातगुणा.

(काळथी अल्पबहुत्व)–अवसर्पिणीमां दुःषमदुःषम आरामां थयेला सिद्ध सर्वथी अल्प, तेथी दुःषम आरामां थयेला संख्यातगुण, तेथी सुषम दुःषम आरक सिद्ध असंख्यगुण, तेथी सुषमा आरक सिद्ध विशेषाधिक, तेथी सुषम सुषम आराना सिद्ध विशेषाधिक, तेथी दुःषम सुषम आराना सिद्ध संख्यातगुण. [उत्सर्पिणीना ६ आरानुं अल्प बहुत्व पण ए प्रमाणे ज जाणवुं.]

[काळथी श्रेणिबद्ध अल्पबहुत्व]–उत्सर्पिणी अवसर्पिणीना दुःषम दुःषम आरक सिद्ध सर्वथी अल्प (परन्तु परस्पर तुल्य), तेथी उत्सर्पिणीना दुःषमारक सिद्ध विशेषाधिक, तेथी अवसर्पिणीना दुःषमारक सिद्ध संख्यातगुण, तेथी उत्स० अवस०ना सुषम दुःषमारक सिद्ध असंख्यगुण, तेथी उत्स० अवस०ना सुषमारक सिद्ध विशेषाधिक, तेथी उत्स० अवस०ना सुषमसुषमारक सिद्ध विशेषाधिक.

( संख्याद्वार )—अनेक सिद्ध थोडा एक सिद्ध संख्यातगुणा.

(ज्ञानद्वार)—मतिश्रुत० ४, मतिश्रु० अव० १०८, मतिश्रुत० मनः० १० मतिश्रुत० अव० मनः० १०, सर्वभांगे केवळज्ञान पामी सिद्ध थाय,

(चारित्रद्वार) केवळ ज्ञान पाम्या पूर्वे सामायिकचारित्रवाळा १०८, सामा० ० सूक्ष्म १०८, सामा० परि० १०, सा० छे० प० १०, सर्वभंगे सूक्ष्मसंपराय

अने यथाख्यात पामी मोक्षे जाय,

( लिंग )—गृह० ४, अन्य० १०, स्वलिं० १०८

( उत्कृष्टद्वार )—अप्रतिपतित सम्यक्त्व ४, संख्यातकाल प्रतिप० स० १०, असं० कालप्र० स० १०, अनंत० कालप्र० सम्यक्त्व० १०८,

( निरन्तरकालद्वार )—जे द्वारमां १०८ नी सिद्धि ते द्वारमां ८ समय निरन्तर पण होय. ! जे द्वारमां २०–१० नी सिद्धि ते द्वारमां ४ समय निरन्तर, जे द्वारमां दशथी ओछा सिद्ध होय ते द्वारमां २ समय निरन्तर.

( क्षेत्रमां अन्तरद्वार ओघथी )—जंबूद्वीपमां वर्षपृथक्त्व, धातकीखंडमां वर्षपृथक्त्व, अने पुष्करार्धमां साधिकवर्ष.

( क्षेत्रमां अन्तरद्वार विभागथी )—जंबूद्वीपनी महाविदेहमां, धातकी० महाविदेहमां, अने पुष्कर० महाविदेहमां ए त्रणे महाविदेहमां उत्कृष्ट वर्षपृथक्त्व अन्तर छे. अने भरत–ऐरवतमां सामान्यथी संख्यातवर्ष (हजारो वर्षनुं) अन्तर छे.

[काळविभागमां अन्तर]—उत्स० तथा अवस०मां जन्मथी १८ कोडाकोडि सागरोपम, अने संहरणथी साधिक १० कोडाकोडि सागरोपम. ॥ तथा उत्स० अने अवस०मां एकान्तविभागथी जन्मनी अपेक्षाए तेमज संहरणअपेक्षाए पण संपूर्ण २० कोडाकोडिसागरोपम. । तथा उत्सर्पिणी अने अवस० ना बन्ने दुःषम-दुःषम आरा संबन्धि प्रत्येकमां जन्मअपेक्षाए २० कोडाकोडी सागरोपम, अने काळथी किंचित् न्यून ८४००० वर्ष, अने संहरणथी देशोन ४२००० वर्ष ए प्रमाणे बे दुःषम आरामां अने शेष आराओमां पण जन्मथी काळथी अने संहरणथी अनन्तरोक्त बे दुःषमदुःषम आरानी पेठे तुल्य अन्तर जाणवुं. । हवे उत्सर्पिणी अने अवसर्पिणी ए बे काळने विषे ओघथी–सामान्यथी सिद्धिनुं अन्तर विचारीए तो १८ कोडाकोडि सागरोपम जेटलुं उत्कृष्ट अन्तर छे. अने (मध्यम) १६ कोडाकोडि सागरोपमनुं अन्तर छे. तेमज १४ कोडाकोडि सागरोपम अने १२ कोडाकोडि सागरोपमनुं अन्तर छे. अने जघन्य अन्तर सर्वत्र १ समय छे.

[गतिद्वार]—सर्वगतिओमां संख्यात हजारवर्षनुं अन्तर छे, ते अनन्तरागतनी अपेक्षाए जाणवुं, तेमां पण वैमानिकथी आवेला जीवोनी अपेक्षाए सिद्धिनुं अन्तर साधिक १ वर्ष छे जघन्य अन्तर सर्वत्र १ समय ( उपदेश–निमित्त सिद्धादि विचार सिद्धप्राभृतथी जाणवो. )

[वेदद्वार]—पुरुषथी अनन्तरागत तथा पुरुषलिंगे सिद्धनुं अन्तर साधिक

वर्ष अने स्त्री तथा नपुंसकथी अनन्तरागत तथा शेषभङ्ग सिद्धनुं अन्तर संख्यात हजार वर्ष छे. जघन्य अन्तर सर्वत्र १ समय छे.

(तीर्थद्वार)—तीर्थंकरसिद्धनुं अन्तर हजार पृथक्त्व पूर्व. तीर्थंकरीसिद्धनुं अनन्तकाळ,नो तीर्थंकरसिद्धनुं साधिक १ वर्ष, अने शेष ( तीर्थसिद्ध आदिकनुं ) संख्यात हजार वर्ष अन्तर छे.

(लिङ्गद्वार)—स्वलिंगसिद्धनुं अन्तर साधिक १ वर्ष, तथा अन्यलिंगसिद्ध अने गृहलिंगसिद्धनुं अन्तर संख्यात हजार वर्ष. (जघन्य अन्तर सर्वत्र १ समय छे)

(चारित्रद्वार)—त्रिपश्चात्कृतनुं (सामायिक चा० –सूक्ष्म संपराय–अने यथाख्यात चारित्रनी पूर्वभावितवाळा जीवोनी सिद्धिनुं ) अन्तर साधिक १ वर्ष, चतुष्पश्चात्कृतनुं ( सा०–छेदो०–सूक्ष्म०–यथा०नी पूर्वभावितवाळा जीवोनुं ) अन्तर साधिक १८ कोडाकोडि सागरोपम, तेमज पंचपश्चात्कृतचारित्रवाळानुं अन्तर पण साधिक १८ कोडाकोडी सागरोपम छे. तथा सामायिकचारित्रीनुं अन्तर साधिक १ वर्ष, ( जघ० १ समय छे. )

(बुद्धद्वार)—बुद्धबोधित पुरुषनुं अन्तर साधिक १ वर्ष, बुद्धबोधित स्त्रीनुं अन्तर संख्यात हजारवर्षनुं. प्रत्येकबुद्धनुं संख्यात हजार वर्षनुं अने स्वयम्बुद्धनु हजारपूर्वपृथक्त्व अन्तर छे. (जघन्यअन्तर सर्वत्र १ समय. )

(ज्ञानद्वार)—द्विज्ञानीनु ( मति–श्रुतज्ञानीनु ) अन्तर पल्योपमनो असंख्यातमो भाग मतिश्रुत० अवधि० नु अन्तर साधिक १ वर्ष, चार ज्ञानीनु संख्यात हजारवर्ष, मतिश्रुत–मनःपर्यायज्ञानीनु संख्यातहजार वर्ष. ( जघन्य अन्तर सर्वत्र १ समय ).

(अवगाहनाद्वार)—उत्कृष्ट अवगाहनावन्तनुं, जघन्य अवगाहनावन्तनुं अने यवमध्य अवगाहनावन्तनु ( अर्थात् बहुमध्यअवगाहनावन्तनु ) अन्तर श्रेणिनो असंख्यातमो भाग ( प्रायः असंख्यवर्षनु ) अने ( शेष ) अजघन्योत्कृष्ट अवगाहनावन्तनु साधिक १ वर्ष अन्तर छे. (जघन्य अन्तर सर्वत्र १ समय ).

(उत्कृष्टद्वार)—अपतित ( सम्यक्त्ववन्त )नु अन्तर सागरोपमनो असंख्यातमोभाग, संख्यातकालपतितनु संख्यातहजारवर्ष, असंख्यकालपतितनु संख्यात हजारवर्ष, अनन्तकालपतितनु साधिक १ वर्ष अन्तर छे (जघन्य अन्तर सर्वत्र समय ).

(अन्तरादिद्वार)—एक वा अनेक नी सान्तर सिद्धिनु अन्तर तेमज एक वा

अनेकनी निरन्तर सिद्धिनुं अन्तर संख्यातहजार वर्ष छे. जघन्य अन्तर १ समय छे.)
( विशेष विचार सिद्धप्राभृत टीका विगेरेमांथी जोइ लेवो )

॥ उपरोक्तविचार, यन्त्रद्वारा किंचिद्विशेषयुक्त ॥
[ श्रीनन्दीसूत्रवृत्तिमांथी ]

| गतिद्वारे | युगपत्सिद्धि | निरन्तरसि० |
|---|---|---|
| देवगतिथी आवेला | १०८ | ८ समय |
| शेष ३ गतिथी आवेला | १० | ४ " |
| पहेली त्रण पृथ्वीथी,, | १० | ४ " |
| पंकप्रभाथी आवेला | ४ | २ " |
| पृथ्वीकायथी आवेला | ४ | " " |
| अप्कायथी आवेला | ४ | " " |
| वनस्पतिमांथी ,, | ६ | " " |
| मनुष्यगतिथी ,, | २० | ४ " |
| मनुष्य पुरुषथी ,, | १० | ४ " |
| मनुष्य स्त्रीथी ,, | २० | ४ " |
| पुरुष तिर्यंचथी,, | १० | " " |
| स्त्री तिर्यंचथी ,, | १० | " " |
| १० भुवनप०मांथी प्रत्येकथी आवेला | १० | " " |
| १० भुवन०देवीमांथी प्रत्येकथी आवेला | ५ | " " |
| व्यन्तरदेवमांथी ,, | १० | " " |
| व्यन्तरदेवीमांथी,, | ५ | २ " |
| ज्योतिष् देवमांथी,, | १० | ४ " |
| ज्योतिष् देवीमांथी,, | २० | ४ " |
| वैमानिक देवमांथी,, | १०८ | ८ " |
| वैमानिक देवीथी | २० | ४ " |

(तीर्थद्वारे)

| | | |
|---|---|---|
| तीर्थंकर | ४ | २ " |
| प्रत्येकबुद्ध | १० | ४ " |
| स्वयम्बुद्ध | ४ | २ " |
| अतीर्थंकर | १०८ | ८ " |
| तीर्थंकरी | २ | २ " |

[ चारित्रद्वारे ]

| | | |
|---|---|---|
| सामा० सूक्ष्म० यथा-ख्यात चारित्री | १०८ | ८ " |
| सामा०छेदो० सूक्ष्म० यथा० चारित्री | १०८ | ८ " |
| सामा०परि०सूक्ष्म० यथा० चारित्री | १० | ४ " |
| सामा०छेदो०परि०सूक्ष्म० यथा० चारित्री | १० | ४ " |

( बुद्धद्वारे )

| | | |
|---|---|---|
| प्रत्येक बुद्धपुरुष | १० | ४ |
| बुद्धपुरुष बोधित पुरुष | १०८ | ८ |
| ,, स्त्रीओ | २० | ४ |
| ,, नपुंसक | १० | ४ |
| बुद्धस्त्री बोधित स्त्रीओ | २० | ४ |
| बुद्धस्त्री बोधित ( सामान्य पुरुषादि) | २० | |

( ज्ञानद्वारे )

| | | |
|---|---|---|
| मतिश्रुतज्ञानी | ४ | ६ |
| मतिश्रुतमनःपर्यवज्ञानी | १० | ४ |
| मतिश्रुतावधिज्ञानी | १०८ | ८ |
| चतुर्ज्ञानी | १०८ | ८ |

(ए चारे भांगे केवळज्ञान पामी मोक्षे जाय )

( उत्कृष्टद्वारे )

| | | |
|---|---|---|
| अनन्तकाळथी सम्यक्त्व पतित | १०८ | ८ |
| संख्यातकाळथी ,, | १० | ४ |
| असंख्यातकाळथी ,, | १० | ४ |
| अपतित सम्यग्दृष्टि | ४ | २ |

( अन्तरद्वारे )

| | |
|---|---|
| सान्तरपणे एक जीव | १ |
| सान्तरपणे अनेक जीव | १०८ |

( निरन्तरद्वारे )

| | |
|---|---|
| ८ समय सुधी | १ थी ३२ |
| ७ समय सुधी | ३३ थी ४८ |
| ६ समय सुधी | ४९ थी ६० |
| ५ समय सुधी | ६१ थी ७२ |
| ४ समय सुधी | ७३ थी ८४ |
| ३ समय सुधी | ८५ थी ९६ |
| २ समय सुधी | ९७ थी १०२ |

(१ समयमां निरन्तर पणानो अभाव होवाथी कह्यो नथी. )

स्वप्रतिबोधिताकब्बरनृपप्रदत्ताहिंसा–अनादिसंसिद्धश्रीजैनसाङ्घिकश्रीशत्रुञ्जयादितीर्थस्वायत्तीकरणस्फुरन्मान–जगद्गुरुबिरुदधारकमहाप्रभावतपागच्छाचार्यश्रीविजयहीरसूरीश्वरशिष्यमहोपाध्यायश्रीकीर्तिविजयगणिविनेयावतंस-अनेकग्रन्थसन्दर्भेलब्धयशोधवलीकृतदिङ्मण्डलमहोपाध्यायश्रीविनयविजयगणिविरचितशास्त्रसन्दोहोपनिषद्भूत–निखिलतत्त्वप्रकाशनप्रदीप-लोकप्रकाशग्रन्थप्रथमविभागद्रव्यलोकप्रकाशे यन्त्राचयाद्यलंकृतभाषानुवादविभूषितः

॥ द्वितीयः सर्गः समाप्तः ॥

सर्गनिष्कर्ष { द्रव्यक्षेत्रकालभाव—लोकानां नाममात्रतः ॥
विषय सूची { आख्याय धर्माधर्मादि – सिद्धख्यातिर्द्वितीयके ॥ १ ॥

# ॥ अथ तृतीयः सर्गः ॥

द्वितीयतृतीयसर्ग योजना-बीजा सर्गमां द्रव्य क्षेत्र, काल, भावलोकनो तथा द्रव्यना धर्मास्तिकायादि भेदोनो उद्देश तथा धर्मास्तिकायादिनो निर्देश करी जीवना निर्देशमां सिद्धजीवोनुं विस्तारथी वर्णन कर्युं, हवे आ त्रीजा सर्गमां ते जीवना बीजा भेदरूप संसारिजीवोनु स्वरूपवर्णन साडत्रीश द्वारोथी थतुं होवाथी ते ३७ द्वारोनुं ज विस्तारथी वर्णन कराय छे [ आज द्वारो श्रीप्रज्ञापनाजीना पदोमां किंचिद्विशेषान्तर साथे विस्तारथी भगवान् श्री श्यामाचार्य महाराजे तथा टीकामां श्रीमलयगिरिमहाराजे निरूपण करेल छे. ]

अथ संसारिजीवानां, स्वरूपं वर्णयाम्यहम् । द्वारैः सप्तत्रिंशता ता--न्यमूनि स्युर्यथाक्रमम् ॥ १ ॥ १भेदाः २स्थानानि ३ पर्याप्तिः, संख्ये ४योनिकु५लाश्रिते । योनीनां ६संवृतत्वादि, स्थिती च ७भव८काययोः ॥ २ ॥ ९देहसंस्था१०नांग११मान--१२समुद्घाता १३गता १४गती । १५अनन्तराप्तिः समये-१६सिद्धिर्ले१७श्या १८दिगाहृतौ ॥ ३ ॥ १९संहननानि २०कषायाः, २१ संज्ञे२२न्द्रियसंज्ञि२३तास्तथा २४वेदाः । २५दृष्टिर्ज्ञा२६नं २७दर्शन--मुप२८योगा२९हार३०गुण३१योगाः ॥ ४ ॥ ३२मानं लघ्व३३ल्पबहुता, सैवान्या दिग३४पेक्षया । ३५ अन्तरं ३६भवसंवेधो, ३७महाल्पबहुतापि च ॥ ५ ॥

अर्थ---हवे ३७ द्वारवडे संसारी जीवोनुं स्वरूप हुं वर्णवुं छुं, ते ३७ द्वारो अनुक्रमे आ प्रमाणे छे ॥१॥—

१ भेद–( कया जीवना केटला भेद ? )

२ स्थान–( ते जीवो क्यां क्यां होय छे ? )

३ पर्याप्ति-( कया जीवने केटली पर्याप्ति )
४ योनिसंख्या-( कया जीवनां केटलां उत्पत्ति स्थान छे ? )
५ कुलसंख्या-( कया जीवनां केटलां कुल छे ? )
६ संवृतादियोनि-( संवृत-विवृत-ने संवृतविवृत तथा सचित्त-अचित्त-ने मिश्र, तथा कुर्मोन्नता, शंखावर्त्ता-ने वंशीपत्रा ए त्रण त्रण प्रकारनी योनिमांथी कया जीवने कइ योनि ? )
७ भवस्थिति-(कया जीवनु केटलु आयुष्य ? )
८ कायस्थिति-( कयो जीव स्वकायमां केटलो काळ रहे ? अर्थात् तेनी ते कायपणे लागलागट ( निरन्तर ) केटलीवार उत्पन्न थाय ? )
९ देह-( कया जीवने केटलां शरीर ? )
१० संस्थान-( कया जीवना शरीरनो आकार केवा लक्षण वाळो होय ? )
११ अंगमान-( कया जीवनुं शरीर केटलु मोटुं होय ? )
१२ समुद्घात ( कया जीवने केटली समुद्घात होय ? )
१३ गति ( कयो जीव कइ गतिमां उपजे ते गति, )
१४ आगति-( कयो जीव कइ कइ गतिमांथी आवे ? )
१५ अनन्तरासि-( विवक्षित भवमांथी नीकळी मनुष्यभवमां उत्पन्न थयेला जीवने सम्यक्त्वादि कयो लाभ प्राप्त थइ शके ? )
१६ समयसिद्धि-( कया भवमांथी निकळी मनुष्यगतिमां आवेला जीव एक समयमां केटला मोक्षे जाय ? )
१७लेश्या ( कया जीवने केटली लेश्या ? )
१८दिगाहार ( कयो जीव कइ कइ दिशीमांथी आव्यो आहार ग्रहण करे ? )
१९संघयण ( कया जीवने कयुं कयुं संघयण होय ? )
२०कषाय ( कया जीवने केटला कषाय ? )
२१संज्ञा ( आहारादि संज्ञाओनी कया जीवने केटली संज्ञा ? )
२२इन्द्रिय ( कया जीवने केटली इन्द्रिय ? )
२३संज्ञित (दीर्घकालिक्यादि ३ संज्ञामांनी कया जीवने केटली संज्ञा ? )
२४वेद ( कया जीवने केटला वेद ? )
२५दृष्टि ( सम्यग्दृष्ट्यादि ३ दृष्टिमांथी कया जीवने केटली दृष्टि ? )
२६ज्ञान ( आठ ज्ञानमांथी कया जीवने केटलां ज्ञान ? )

२७दर्शन ( चक्षु आदि ४ दर्शनमांथी कया जीवने कयुं दर्शन ? )
२८उपयोग ( १२ उपयोगमांना कया जीवने केटला उपयोग ? )
२९आहार ( ओजाहारादि ३ आहारमांना कया जीवने केटला आहार ? )
३०गुणस्थान ( कया जीवने केटलां गुणस्थान ? )
३१योग ( कया जीवने १५ योगमांना केटला योग होय ? )
३२मान ( कया जीवोनी केटली संख्या छे ? )
३३लघु अल्पबहुत्व(पोतपोतानी जातिमां कया जीव ओछा अने कया जीवो वधारे छे ? )
३४दिशि अल्पबहुत्व ( कइ दिशामां रहेला जीवोथी कइ दिशावाळा जीवो ओछा अथवा अधिक होय ? )
३५अन्तर ( कयो जीव केटला काळ सुधी ते जीवपणे न उपजे ? अथवा ते भवमां केटला काळ सुधी कोइपण जीव उपजे नहि तेम चवे ( मरे ) पण नहि ? )
३६भवसंवेध ( केटला आयुष्यवाळो कयो जीव कया भवमां एकान्तरे वा अनन्तरे केटलीवार उत्पन्न थाय ? )
३७महाल्पबहुत्व ( सर्व जीव भेदोमां अल्पबहुत्व ? ॥ २ थी ५ ॥

## ( नाम मात्र बतावेल ३७ द्वारोनुं विस्तार वर्णन )

भेदा इह प्रकाराः स्यु--र्जीवानां स्वस्वजातिषु । समुद्घातनिजस्थानो--पपातैः स्थानकं त्रिधा ॥ ६ ॥ पर्याप्ता व्यपदिश्यन्ते, याभिः पर्याप्तयस्तु ताः । पर्याप्ताऽपर्याप्तभेदा--दत एव द्विधांगिनः ॥ ७ ॥ पर्याप्तयः स्वयोग्या यैः, सकलाः साधिताः सुखम् । पर्याप्तनामकर्मानु--भावात्पर्याप्तकास्तु ते ॥ ८ ॥ द्विधामी लब्धिकरण--भेदात्तत्रादिमास्तु ये । समाप्य स्वार्हपर्याप्ती--र्म्रियन्ते नान्यथा ध्रुवं ॥ ९ ॥ करणानि शरीराक्षा--दीनि निर्वर्त्तितानि (क्ष=संज्ञानि विहितानि) यैः । ते स्युः करणपर्याप्ताः, करणानां समर्थनात् ॥ १० ॥ अपर्याप्ता द्विधा प्रोक्ता, लब्ध्या च करणेन च । द्वयोर्विशेषं शृणुत, भाषितं गणधा-

रिभिः ॥ ११ ॥ असमाप्य स्वपर्याप्ती--र्म्रियन्ते येऽल्पजीविताः । लब्ध्या ते स्युरपर्याप्ता, यथा निःस्वमनोरथाः ॥ १२ ॥ निर्वर्त्तितानि नाद्यापि,प्राणिभिः करणानि यैः।देहाक्षादी(द्या)नि करणाऽपर्याप्तास्ते प्रकीर्त्तिताः ॥ १३ ॥ म्रियन्तेऽल्पायुषो लब्ध्य--पर्याप्ता इह यऽगिनः । तेऽपि भूत्वैव करण--पर्याप्ता नान्यथा पुनः ॥१४

अर्थः--(भेदस्थानद्वार) जीवोना पोतपोतानी जातिने विषे जेप्रकार ते अहिं भेद कहेवाय छे. तथा समुद्घात--स्वस्थान--अने उपपात ए त्रण प्रकारे व्याप्त करेलुं क्षेत्र ते स्थान कहेवाय छे. ( विस्तारस्वरूप आगळ आवनार होवाथी अहीं संक्षेपथी कह्युं छे ) ॥ ६ ॥

(३ पर्याप्ति द्वार) जेना वडे जीवो "पर्याप्त" कहेवाय छे ते पर्याप्तिओ छे, अने ए कारणथीज जीवो पर्याप्त अने अपर्याप्त एम बे प्रकारना छे. ॥ ७ ॥ त्यां जे जीवोए पर्याप्त नाम कर्मना उदयवडे स्वयोग्य पर्याप्तियो सुखपूर्वक सर्व संपूर्ण करी होय ते पर्याप्ता कहेवाय. ॥८॥ वळी आ पर्याप्ता जीवो लब्धि अने करणना भेदथी बे प्रकारना छे. त्यां जे प्रथम भेदवाळा लब्धिपर्याप्ता जीवो छे ते निश्चय स्वयोग्यपर्याप्तियो समाप्त करीनेज मरण पामे छे परन्तु समाप्त कर्या विना मरण पामता नथी. ॥९॥ अने जे जीवोए शरीर अने इन्द्रियो वगेरे करणो रचेलां छे तेओ करणोने (शरीर इन्द्रियादिने ) समाप्त करवाथी ( रचवाथी ) करणपर्याप्ता कहेवाय छे. ॥१०॥ पुनः अपर्याप्ता जीवो पण लब्धि अने करणना भेदवडे बे प्रकारना कह्या छे, ते बन्नेमां जे तफावत श्रीगणधर महाराजे कह्यो छे ते सांभळो ! ॥११॥ निर्धन पुरुषोना मनोरथ जेम सफळ थाय नहिं तेम अल्प आयुष्यवाळा जे जीवो स्वयोग्य

---

१-२ जेम बादर अग्नि जीवोनुं २॥ द्वीप प्रमाण स्वस्थान क्षेत्र, अने ज्यांज्यांथी आवीने बादर अग्नि पणे उत्पन्न थाय त्यांथी मांडीने उत्पत्तिस्थान पर्यंतनुं उपपात क्षेत्र.

३ अहिं प्रश्नने अवकाश ए छे के स्वयोग्य पर्याप्तियो पूर्ण नहि थवामां अने पूर्ण थवामां आयुष्यनी अल्पता तथा अधिकता ज हेतुरुप थशे, तो पछी अपर्याप्त नाम कर्मना उदयवडे स्वयोग्य पर्याप्तियो पूर्ण न थाय, अने पर्याप्त नाम कर्मना उदयवडे पूर्ण थाय एम कहेवानुं शुं प्रयोजन छे ? ( अर्थात् पर्याप्तियो पूर्ण थवामां अने नहिं थवामां पर्याप्त अपर्याप्त नाम कर्म नहिं पण आयुष्यनी अधिकता अने अल्पताज हेतु रूप छे. )

पर्याप्तियो संपूर्ण कर्या विनाज मरण पामे ते जीवो लब्धिवडे अपर्याप्ता अर्थात् लब्धिअपर्याप्ता कहेवाय छे. ॥१२॥ अने जे प्राणीओए देह अने इन्द्रियादि करणो (स्वयोग्यपर्याप्तियो) हजी सुधी रच्या नथी ते जीवोने करणअपर्याप्ता कहेला छे. ॥ १३ ॥ अहिं जे अल्प आयुष्यवाळा लब्धि अपर्याप्ता जीवो ( स्वयोग्य पर्याप्ता पूर्ण कर्या विना ) मरण पामे छे. तेओ पण करणपर्याप्ता थइ नेज मरण पामे छे. ॥ १४ ॥ ( पर्याप्तिस्वरूप--भेदविशेषवर्णनम् )

याहारादिपुद्गलाना--मादानपरिणामयोः । जन्तोः पर्याप्तिनामोत्था, शक्तिः पर्याप्तिरत्र सा ॥ १५ ॥ पुद्गलोपचयादेव, भवेत्सा सा च षड्विधा । आहाराङ्गेन्द्रियश्वासो--च्छ्वासभाषामनोऽभिधाः ॥ १६ ॥ तत्राहारपर्याप्ति--र्ययादाय निजोचितं । पृथक् खलरसत्वेना--हारं परिणतिं नयेत् ॥ १७ ॥ वैक्रियाहारकौदारि--काङ्गयोग्यं यथोचितम् । रसीभूतं तमाहारं, यया शक्त्या पुनर्भवी ॥ १८ ॥ रसासृङ्मांसमेदोऽस्थि--मज्जशुक्रादिधातुतां । नयेद्यथासंभवं सा, देहपर्याप्तिरुच्यते ॥ १९ ॥ युग्मं ॥ धातुत्वेन परिणता--दाहारादिन्द्रियोचितात् । आदाय पुद्गलांस्तानि, यथास्वं प्रविधाय च ॥ २० ॥ ईष्टे तद्विषयज्ञप्तौ, यया शक्त्या शरीरवान् । पर्याप्तिः सेन्द्रियाह्वाना, दर्शिता सर्वदर्शिभिः ॥२१॥ इति

---

उत्तर—आयुष्य अधिक होते छते पण जो शरीर पर्याप्त्यादि नामकर्म न होय तो शरीरादि रचनामां व्यापारज न प्रवर्ते माटे शरीरादिकनी रचनामां आयुष्य हेतु रूप नथी पण तत्स्वयोग्यपर्याप्तिज हेतु रूप छे. जेम वृक्षने थामां जळ हेतु रूप होय पण पत्रादिकनी रचनामां नहि.

१ गाथामां कहेला "आदि" शब्दवडे इन्द्रियोना भेदो अथवा आहार पर्याप्ति ग्रहण करवी, कारण के चालु ग्रन्थमां आहार--शरीर--ने इन्द्रिय ए त्रण पर्याप्तियो पूर्ण करनार 'करण पर्याप्त' कहेवाय एम कहेलुं छे.

२-३ प्रसिद्धअर्थे अथवा विशेष विचारथी स्वयोग्य पर्याप्तियो पूर्ण नहि करनार जीव 'करण अपर्याप्त,' अने स्वयोग्य पर्याप्तियो जेणे पूर्ण करी लीधी ते 'करण पर्याप्त' कहेवाय छे.

संग्रहणीवृत्त्यभिप्रायः (सा०५२)। प्रज्ञापनाजीवाभिगमप्रवचनसारोद्धारवृत्त्यादिषु तु–यया धातुतया परिणमितमाहारमिंद्रियतया परिणमयति, सेन्द्रियपर्याप्तिरित्येतावदेव दृश्यते, इति ज्ञेयं ( सा०५३-५४-५५ ) ॥ ययोच्छ्वासार्हमादाय,दलं परिणमय्य च। तत्तयालंब्य मुञ्चेत्सो–च्छ्वासपर्याप्तिरुच्यते ॥ २२ ॥ ननु देहोच्छ्वासनाम–कर्मभ्यामेव सिध्यतः। देहोच्छ्वासौ किमेताभ्यां, पर्याप्तिभ्यां प्रयोजनम् ॥ ॥ २३ ॥ अत्रोच्यते पुद्गलानां, गृहीतानामिहात्मना। साध्या परिणतिर्देह–तया तन्नामकर्मणा ॥ २४ ॥ आरब्धाङ्गसमाप्तिस्तु, तत्पर्याप्त्या प्रसाध्यते। एवं भेदः साध्यभेदा–द्देहपर्याप्तिकर्मणोः ॥ २५ ॥ एवमुच्छ्वासलब्धिः स्या–त्साध्या तन्नामकर्मणः। साध्यमुच्छ्वासपर्याप्ते–स्तस्या व्यापारणं पुनः ॥ २६ ॥ सतीमप्युच्छ्वासलब्धि-मुच्छ्वासनामकर्मजां। व्यापारयितुमीशः स्या–त्तत्पर्याप्त्यैव नान्यथा ॥ २७ ॥ सतीमपि शरक्षेप–शक्तिं नैव भटोऽपि हि। विना चापादानशक्तिं, सफलोकर्तुमीश्वरः ॥ २८ ॥ भाषार्हं दलमादाय, गीस्त्वं नीत्वावलम्ब्य च। यया शक्त्या त्यजेत्प्राणी, भाषापर्याप्तिरित्यसौ ॥ २९ ॥ दलं लात्वा मनोयोग्यं, तत्तां नीत्वावलम्ब्य च। यया मननशक्तः स्या–न्मनःपर्याप्तिरत्र सा ॥ ३० ॥

अर्थ–( पर्याप्तिनो अर्थ )—आहारादि पुद्गलने ग्रहण करवा अने तद्रूपे परिणाम पमाडवानी पर्याप्तनामकर्मना उदयथी उत्पन्न थयेली जीवनी जे शक्ति ते अहिं पर्याप्ति कहेवाय छे, ॥ १५ ॥ वळी ते पर्याप्ति पुद्गलोना उपचय ( समूह ) थीज थाय छे, अने ते आहार–शरीर –इन्द्रिय–श्वासोच्छ्वास–भाषा–अने मन ए नामे ६ प्रकारनी छे. ॥१६॥

त्यां जे शक्तिवडे पोताने उचित आहार ग्रहण करी खल रस पणे अलग परिणाम पमाडे ते शक्तिनुं नाम आ आहार पर्याप्ति कहेवाय. ॥ १७ ॥ पुनः जीव वैक्रिय–आहारक–अने औदारिक देहने योग्य रसरूप थयेला आहारने जे शक्तिवडे रस–रुधिर–मांस–मेद–अस्थि–मज्जा अने वीर्य ए सात धातुपणे यथायोग्य परिणाम पमाडे ते शक्तिनुं नाम देह पर्याप्ति कहेवाय. ॥ १८–१९ ॥ तथा धातुपणे परिणमेला आहारमांथी जे पुद्गलो इन्द्रियपणे परिणमवाने योग्य होय तेवां पुद्गलो ग्रहण करीने अने यथायोग्य इन्द्रियपणे परिणमावीने ते इन्द्रियना विषय ज्ञानमां जीव जे शक्तिवडे समर्थ थाय ते शक्तिने सर्वज्ञोए इन्द्रियपर्याप्ति ए नामवाळी कही छे, ए संग्रहणी वृत्तिनो अभिप्राय कह्यो ॥

पन्नवणा–जीवाभिगम–अने प्रवचन सारोद्धारनी वृत्ति विगेरेमां तो—"जे शक्तिवडे धातुपणे परिणमेला आहारने इन्द्रियपणे परिणमावे ते इन्द्रिय पर्याप्ति" एटलुंज कहेलुं जणाय छे. जे शक्तिवडे श्वासो-

१ औदारिक देहवाळो औदारिक योग्य अने वैक्रिय वा आहारक देहवाळो जीव वैक्रिय वा आहारक योग्य

२ प्रथम समये आहारनुं ग्रहण तैजस कार्मण काययोगवडे होय छे, माटे आहारनी ग्रहणक्रियामां आहार पर्याप्ति अवान्तर हेतु रूप छे, परन्तु कार्मण–वा मिश्र–वा औदारिकादि काययोगवडे गृहीत आहारने शरीर बनी शके तेवी योग्यतावाळो करवो ए आहार पर्याप्तिनुं मुख्य कार्य छे.

३ अहिं खल रसनो सामान्य अर्थ "गृहीत आहारमांथी शरीर बनी शकवा जेवी शक्तिवाळा आहारने शरीर बनी शके तेवो करवो, अने शरीर नहि बनी शके एवा अयोग्य आहारने तेथी अलग करी देवो" एवो करवो, जेथी ए अर्थ घणे शरीरनी आहार पर्याप्तिमां घटतो आवे छे; अन्यथा स्थूल दृष्टिए खल रसनो अर्थ मळ अने रस विचारीए तो औदारिक देह सिवाय वैक्रिय अने आहारक देह संबंधि आहार पर्याप्तिमां लागु पडी शके नहि.

४ औदारिक देह रचवामां जेम ६ पर्याप्तियो करवी पडे छे तेम मूळ वैक्रिय–उत्तर वैक्रिय–अने आहारक देह रचवामां पण छए पर्याप्तियो करवी पडे छे माटे "त्रणे देहने योग्य" इत्यादि कहेलुं छे.

५ ए सात धातु मात्र औदारिक देह धारीनेज होय छे, परन्तु वीर्य धातु मूळ वैक्रियशरीरने पण होय छे. अने आहारक शरीर ए सात धातु रहित छे, माटे ए त्रणे देहनी शरीरपर्याप्तिमां साधारण अर्थ ए छे के "जे शक्तिवडे जीव आहारद्वारा ग्रहण करेल पुद्गलोनुं स्वस्वयोग्य शरीर रचे ते शक्ति शरीरपर्याप्ति कहेवाय".

च्छ्वास योग्य पुद्गलो ग्रहण करी अने श्वासोच्छ्वासपणे परिणमावी, तेज शक्तिवडे ते पुद्गलो अवलंबीने मूके ते श्वासोच्छ्वास पर्याप्ति कहेवाय. ॥२२॥

प्रश्न—देह नामकर्म अने उच्छ्वास नाम कर्मवडेज देह अने उच्छ्वासनी उत्पत्ति सिद्ध थाय छे (थशे?) तो आ देह पर्याप्ति अने उच्छ्वास पर्याप्तिवडे शुं प्रयोजन छे ? ॥२३॥

उत्तर—अहिं जीववडे ग्रहण करायलां पुद्गलोनुं देह पणे जे परिणमवुं ते शरीर नाम कर्मवडे साध्य छे ॥२४॥ अने प्रारंभ करेला अंगनी जे समाप्ति ते शरीरपर्याप्तिवडे थाय छे. ए प्रमाणे साध्य (कार्य)ना भेदथी शरीर नामकर्म अने पर्याप्ति नामकर्मनो भेद छे, ॥२५॥ ए रीते जीवनी श्वासोच्छ्वास लब्धि श्वासोच्छ्वास नामकर्मवडे साध्य छे, अने ते श्वासोच्छ्वास लब्धिनो ( संबंधि ) जे व्यापार करवो ते उच्छ्वास पर्याप्तिथी साध्य छे. ॥२६॥ कारण के उच्छ्वास नामकर्मथी उत्पन्न थयेली उच्छ्वास लब्धि होते छते पण ते लब्धिनो उपयोग करवाने ( व्यापृत करवाने ) जीव उच्छ्वास पर्याप्तिवडेज समर्थ थाय छे, परन्तु बीजी रीते नहि. ॥ २७ ॥ जेमके बाण फेंकवानी विद्यमान शक्तिने पण ( शक्ति होते पण ) धनुष्य ग्रहण करवानी शक्ति विना सुभट ( ते बाण प्रक्षेप शक्तिने ) सफळ करवा समर्थ नथी. ॥२८॥ तथा जीव जे शक्तिवडे भाषायोग्य पुद्गलो ग्रहण करी, भाषापणे परिणमावी अने अवलंबीने जे शक्तिवडे विसर्जे ते आ भाषा पर्याप्ति कहेवाय. ॥ २९ ॥ तथा जीव जे शक्तिवडे मनोयोग्य पुद्गलो ग्रहण करी मनपणे परिणमावी अने अवलंबीने (जेशक्तिवडे) चिंतवन व्यापार करवामां समर्थ थाय ते अहिं मनः पर्याप्ति कहेली छे. ॥३०॥

२ फाळ भरवानी क्रिया पहेलां जेम शरीरनो कंइक संकोच प्रयत्न करी फाळ भराय छे, तेम श्वासोच्छ्वासादि पुद्गलोने पण प्रथम तथाविध ( अवलम्बनरूप ) प्रयत्न करी ते प्रयत्नथी उत्पन्न थयेली विसर्जन शक्तिवडे विसर्जन कराय छे, ते विसर्जन थवामां कारणरूप जे प्रथम प्रयत्न ते अवलंबन कहेवाय.

१ शरीरनाम कर्मवडे पुद्गलो शरीररूपे परिणमे, शरीरपर्याप्तिनामकर्मवडे शरीर रचवानी शक्ति प्राप्त थाय अने शरीरपर्याप्ति वडे जीव शरीर रचवानी क्रियामां प्रवृत्त थाय.

शङ्का–" शरीरपर्याप्ति एटले पुद्गलोने शरीरपणे परिणमाववानी शक्ति " ए अर्थ होय तो शरीरपर्याप्ति अन्तर्मुहूर्ते पूर्ण थवाथी शरीर रचवा-

**म्रियन्ते येऽप्यपर्याप्ताः, पर्याप्तित्रयमादिमम् । पूर्णीकृत्यैव न पुन--रन्यथा सम्भवेन्मृतिः ॥३१॥ तथाहि ॥ पर्याप्तित्रययुक्तोऽन्त--र्मुहूर्तेनायुरग्रिमं । बद्ध्वा ततोऽन्तर्मुहूर्त--मबाधां तस्य जीवति**

---

नी शक्ति पण अन्तर्मुहूर्त बाद प्राप्त थाय छतां शरीर रचनानो प्रारंभ (उपलक्षणथी सर्व पर्याप्तियोनो प्रारंभ) तो प्रथम समयथी शरु थाय छे, अर्थात् प्रथमादिसमयगृहीत पुद्गलो (प्रथम समयथी यावत् उपान्त्यसमय सुधी गृहीत पुद्गलो) शरीर पणे परिणमतां जाय छे. तो शरीर रचवानी शक्ति प्राप्त (शरीर पर्याप्ति) थया पहेलां ते पुद्गलो शरीररूपे केवी रीते परिणमे ?

उत्तर-हे जिज्ञासु ! शरीरनामकर्मोदयना कार्यरूप शरीर रचनानो प्रारंभ तो (शरीरनामकर्मनो उदय पहेला प्रथम समयेज होवाथी) पहेला प्रथम समयथी थइ चुक्यो छे, परन्तु ते शरीर ज्यां सुधी स्वकार्य (काययोग) करवाने असमर्थ छे, त्यां सुधी शरीरनी संपूर्ण रचना थइ न कहेवाय, परन्तु अन्तर्मुहूर्त ज्यारे ते पुद्गलोपचयथी वृद्धि पामेलुं शरीर स्वकार्य करवा समर्थ थाय त्यारे "शरीर संपूर्ण थयुं" एम कहेवानो व्यवहार होवाथी "अन्तर्मुहूर्त बाद शरीरपर्याप्ति (शरीर रचवानी शक्ति) समाप्त थाय" एम कहेवामां कोइ विरोध नथी.

तथा उच्छ्वास नामकर्मवडे जीवने उच्छ्वास लब्धि एटले पुद्गलोने उच्छ्वास पणे परिणमावी श्वासोच्छ्वास लइ मूकी शके एवी योग्यता प्राप्त थाय छे. अने ते योग्यतारूप लब्धि उच्छ्वास लेवा मूकवाना व्यापार विना सफल थाय नहि, अने जे उच्छ्वास लेवा मूकवानो व्यापार ते तथाविधशक्तिविना एटले श्वासोच्छ्वासपर्याप्ति विना होइ शके नहि, अने ते श्वासोच्छ्वासपर्याप्तिरूप शक्ति श्वासोच्छ्वासपर्याप्ति नामकर्म विना होइ शके नहि, माटे श्वासोच्छ्वास पर्याप्तिनामकर्मवडे श्वासोच्छ्वास पर्याप्ति पूर्ण थाय जेथी उच्छ्वास लेवानी शक्ति उत्पन्न थाय. अने ते शक्ति वाळो जीव उच्छ्वासनामकर्मोदयना प्रभावे श्वासोच्छ्वास योग्य पुद्गलो लइ श्वासोच्छ्वास पणे परिणमावे अवलंबे अने विसर्जे एमां (श्वासोच्छ्वासपणे) परिणमाववादि क्रिया करवानी जे शक्ति ते पर्याप्ति कहेवाय, अने ए परिणमनादि क्रियामां जे उच्छ्वासनुं नियतपणुं करनार ते उच्छ्वास नामकर्म जाणवुं जेथी उच्छ्वासपर्याप्ति–उच्छ्वासपर्याप्तिनामकर्म–उच्छ्वासनामकर्म–अने उच्छ्वास इत्यादि सर्व भेदनी स्पष्ट रीते भिन्नता समजी शकाय छे,

१ कोइपण जीव आयुष्य बांध्या बाद कमीमां कमी अन्तर्मुहूर्त व्यतीत थयेज मरण पामे छे, परन्तु आयुष्य बांध्या बाद तुर्तज (अनन्तरादि समये) मरण पामतो नथी, अने ए अन्तर्मुहूर्त "अबाधा काळ" एवा नामथी ओळखाय छे.

॥ ३२ ॥ ततो निबद्धायुर्योग्यां, याति तां गतिमन्यथा। अबद्धायुरनापूर्ण–तदाबाधो व्रजेत्कव सः ॥ ३३ ॥ तथोक्तं प्रज्ञापनावृत्तौ ॥ यस्मादागामिभवायुर्बद्ध्वा म्रियन्ते सर्वदेहिनो नाऽबद्ध्वा, तच्च शरीरेन्द्रियपर्याप्तिभ्यां पर्याप्तानां बन्धमायाति, नाऽपर्याप्तानां (सा०५६)॥समयेभ्यो नवभ्यः स्या–त्प्रभृत्यन्तर्मुहूर्त्तकम् । समयोनमुहूर्तांत–मसंख्याताविधं यतः॥३४॥ततः सूक्ष्मक्षमादीना–मन्तर्मुहूर्त्तजीविनाम्। अन्तर्मुहूर्त्तानेकत्व-मिदं सङ्गतिमङ्गति॥३५॥ युग्मम् ॥ उत्पत्तिक्षण एवैताः, स्वा स्वा युगपदात्मना । आरभ्यन्ते संविधातुं, समाप्यन्ते त्वनुक्रमात् ॥ ३६ ॥ तद्यथा–आदावाहारपर्याप्ति–स्ततः शरीरसंज्ञिता । तत इन्द्रियपर्याप्ति–रेवं सर्वा अपि क्रमात् ॥ ३७ ॥ तत्रैकाहारपर्याप्तिः, समाप्येतादिमे क्षणे । शेषा असंख्यसमय–प्रमाणान्तर्मुहूर्त्ततः ॥ ३८ ॥ अनुक्रमोऽयं विज्ञेय औदारिकशरीरिणाम् । वैक्रियाहारकवतां, ज्ञातव्योऽयं पुनः क्रमः ॥ ३९ ॥ एका शरीरपर्याप्ति–र्जायतेऽन्तर्मुहूर्त्ततः । एकैकक्षणवृद्ध्यातः, समाप्यन्ते पराः पुनः ॥४०॥ निष्पत्तिकालः सर्वासां, पुनरान्तर्मुहूर्त्तिकः । आरम्भसमयाद्यान्ति, निष्ठां ह्यन्तर्मुहूर्त्ततः ॥ ४१ ॥ आहारपर्याप्तिस्त्वत्रापि प्राग्वत्॥मनोवचःकायबला–न्यक्षाणि पञ्च जीवितम् । श्वासश्चेति दश प्राणा, द्वारेऽस्मिन्नेव वक्ष्यते ॥ ४२ ॥ इतिपर्याप्तिस्वरूपम्––

अर्थ––जे जीवो अपर्याप्ता ( लब्धि अपर्याप्ता ) छतां ज मरण पामे छे. तेओ पण प्रथमनी त्रण (आहार-शरीर-इन्द्रिय) पर्याप्तिओ पूर्ण करीनेज मरण पामे छे, परन्तु अन्यथा (त्रण पर्याप्तिओ बांध्या शिवाय) मरण संभवे नहि ॥३१॥ ते जेमके –त्रण पर्याप्तिये [1]युक्त जीव अन्तर्मुहूर्त्त आवता भवनुं आयुष्य बांधीने

[1] इन्द्रियपर्याप्ति बांधी इन्द्रियो पूर्ण थइ होय तेज जीव आयुष्य बांध-

त्यारपछी अन्तर्मुहूर्त प्रमाण आयुष्यना अबाधाकाळ सुधी जीवे छे. ॥ ३२ ॥ त्यारबाद (अबाधाकाळ पूर्ण थया पछी) बांधेला आयुष्यने उचित ते गतिमां जीव जाय छे, अन्यथा (त्रण पर्याप्तिओ पूर्ण कर्या शिवाय) जे जीवे आयुष्य बांध्युं नथी, तथा (अगर त्रण पर्याप्तिओ करी आयुष्य बांध्यु होय तो पण)जेणे तेने अबाधकाल पूर्ण कर्यो नथी ते जीव क्यां ( कइ गतिमां ) जाय ! ॥ ३३ ॥

श्री प्रज्ञापनासूत्रनी वृत्तिमां पण तेमज कह्युं छे के-"जे कारणथी सर्वे प्राणीओ परभवनुं आयुष्य बांधीने ज मरण पामे, परन्तु बांध्या विना मरण न पामे, अने ते पण शरीर अने इन्द्रिय पर्याप्तिवडे पर्याप्ता थयेल जीवोने ज (आयु) बंधाय छे, पण ए बे पर्याप्तिओ वडे अपर्याप्त (अपूर्ण) रहेल जीवोने नहिं" जे कारणे ९ समयथी मांडीने ? समय न्यून मुहूर्त सुधीनां असंख्य प्रकारनां अन्तर्मुहूर्तो छे. ॥ ३४ ॥ ते कारण माटे अन्तर्मुहूर्त आयुष्यवाळा सूक्ष्मपृथ्वीकाय वगेरे जीवोना (आयुष्यनां) भिन्न भिन्न प्रकारनां अन्तर्मुहूर्त होय तो ते युक्त छे. [ अर्थात् एक अन्तर्मुहूर्त आयुष्यवाळा पण अनेक जीवोनुं आयुष्य परस्पर सरखुं होतुं नथी. ] ॥ ३५ ॥ वळी आत्मा उत्पत्ति समयेज पोत पोताने योग्य ते पर्याप्तियो एक साथेज ( समकाळे ज ) करवा मांडे छे ( प्रारम्भे छे ), परन्तु अनुक्रमे समाप्त थाय छे. ॥ ३६ ॥ ते आ प्रमाणे-प्रथम ज आहारपर्याप्ति, तदनन्तर शरीरपर्याप्ति, तदनन्तर इन्द्रियपर्याप्ति ए प्रमाणे श्वासोच्छ्वास-भाषा-अने मन ए सर्व पर्याप्तियो अनुक्रमे संपूर्ण थाय छे. ॥ ३७ ॥ त्यां एक आहारपर्याप्ति प्रथम समये समाप्त थाय छे. अने शेष ५ पर्याप्तियो असंख्य समय प्रमाणे अन्तर्मुहूर्ते अनुक्रमे संपूर्ण थाये छे. ॥ ३८ ॥ वळी समाप्तिनो ए अनुक्रम ( काळ ) औदारिक शरीरवाळा जीवोनी अपेक्षाए जाणवो अने वैक्रिय तथा आहारक शरीरवाळा जीवोनी पर्याप्तिओनी समाप्तिनो अनुक्रम [काळ] आ प्रमाणे छे. ॥३९॥ एक शरीरपर्याप्ति अन्तर्मुहूर्ते संपूर्ण थाय छे, अने शेष ५ पर्या-

---

वानो अधिकारी थाय छे, आयु बन्धने लायक अध्यवसायो पण त्यारेज आवे छे, २ कर्म बांध्या पछी उदयमां आवे त्यां सुधीनो वचलो काल ते अबाधाकाल कहेवाय छे.

१ अर्थात् प्रथम समयगृहीत पुद्गलोना अवलम्बन वडे जीवने गृहीताहारने खलरस पणे परिणमाववानी शक्ति संपूर्ण प्राप्त थाय छे, अने शेष ५ शक्तियो देशांशे प्राप्त थाय छे, तदनन्तर ते ते शक्ति प्रायोग्य पुद्गलोनो समूह जेम जेम भेगो थतो जाय तेम तेम ते ते शक्ति अनुक्रमे प्रगट ( संपूर्ण स्वकार्यसमर्थ ) थती जाय ए हेतुथी सर्व पर्याप्तिमां प्रारंभ समकाळे, अने समाप्ति अनुक्रमे कहेली छे.

प्तियो एकेक समयनी [1]वृद्धिए संपूर्ण थाय छे. ॥ ४० ॥ पुनः ए रीते शरीरवाळा जीवोने सर्व पर्याप्तियोनो समुदितकाळ अन्तर्मुहूर्तज छे. कारणके प्रारम्भ समयथी एक अन्तर्मुहूर्त (ते पर्याप्तियो) समाप्त थाय छे. ॥४१॥ अहिं पण आहारपर्याप्तिनो समाप्तिकाळ तो पूर्ववत् १ समयमात्रनो ज छे. वळी आ पर्याप्तिद्वारमां ज मन–वचन–काय ए ३ बळ–५ इन्द्रियो–आयुष्य अने श्वासोच्छ्वास ए १० प्राणो छे,ते [2]प्राणभेद पण आ द्वारमांज कहेवाशे.॥४२॥ इति [3]पर्याप्तिस्वरूपम् ॥

तैजसकार्मणवन्तो, युज्यन्ते यत्र जन्तवः स्कन्धैः । औदारिकादिकादियोग्यैः, स्थानं तद्योनिरित्याहुः ॥ ४३ ॥ तथा च ॥ व्यक्तितोऽसंख्यभेदास्ताः, संख्यार्हा नैव यद्यपि । तथापि समवर्णादि--जातिभिर्गणनां गताः ॥४४॥ तथोक्तं प्रज्ञापनावृत्तौ--केवलमेव विशिष्टवर्णादियुक्ताः संख्यातीताः स्वस्थाने व्यक्तिभेदेन योनयो,जातिं अधिकृत्य एकैव योनिर्गण्यते (सा० ५७)॥ लक्षाश्चतुरशीतिश्च, सामान्येन भवन्ति ताः । विशेषात्तु यथास्थानं, वक्ष्यन्ते स्वामिभावतः ॥४५॥ किञ्च--संवृता विवृता चैव, योनिर्विवृतसंवृता । दिव्यशय्यादिवद्वस्त्रा--द्यावृता तत्र संवृता ॥ ४६ ॥ तथा विस्पष्टमनुप--लक्ष्यमाणापि संवृता । विवृता तु स्पष्टमुप--लक्ष्या जलाशयादिवत् ॥ ४७॥ उक्तोभयस्वभावा तु, योनिर्विवृतसंवृता । बहिर्दृश्याऽदृश्यमध्या, नारीगर्भाशयादिवत् ॥ ४८ ॥ तृतीययोनिजाः स्तोका--स्ततो द्वितीययोनयः । असंख्यघ्नास्ततोऽनन्त–गुणिताः स्युरयोनयः ॥ ४९ ॥ तेभ्योऽप्यनन्तगुणिताः,

---

१ देवोने भाषा अने मनःपर्याप्ति एक समयमां ( समकाळे ) पूर्ण थाय छे. तेथी देवोने पांच पर्याप्ति होय एम स्पष्ट कहेवाय छे.

२ प्राणद्वार पर्याप्तिद्वारमां अन्तर्गत करेल होवाथी पर्याप्तिद्वारमां पर्याप्ति अने प्राण ए बन्ने द्वार जीवभेदोमां उतरशे. इति भावः ॥

३ पर्याप्ति संबन्धि घणोज विस्तार नवतत्त्वविस्तरार्थमां करेलो होवाथी त्यांथी जोई लेवो.

ख्याताः प्रथमयोनयः । एवं शीतसचित्तादि--स्वल्पबहुतोच्यता-म ॥ ५० ॥ शीता चोष्णा च शीतोष्णा, तत्स्पर्शान्वयात्त्रिधा । सचित्ताऽचित्तमिश्रेति, भेदतोऽपि त्रिधा भवेत् ॥ ५१ ॥ जीवप्र-देशैरन्योऽन्या--नुगमेनोररीकृता । जीवदेहादिः सचित्ता, शुष्क-काष्ठादिवत्परा ॥ ५२ ॥ अत एवाङ्गिभिः सूक्ष्मै--स्त्रैलोक्ये निचि-तेऽपि हि । न तत्प्रदेशैर्योनीना--मचित्तानां सचित्तता ॥५३॥ सचित्ताचित्तरूपा तु, मिश्रा योनिः प्रकीर्तिता । नृतिरश्चां यथा योनौ, शुक्रशोणितपुद्गलाः ॥ ५४ ॥ आत्मसाद्विहिता ये स्यु--स्ते सचित्ताः परेऽन्यथा । सचित्ताऽचित्तयोगे त-द्योनेर्मिश्रत्वमाहितम् ॥ ॥ ५५ ॥ योषितां किल नाभेरधस्ताच्छिराद्वयं पुष्पमालावैकक्ष्य-काकारमस्ति, तस्याधस्तादधोमुखसंस्थितकोशाकारा योनिः, त-स्याश्च बहिश्चूतकलिकाकृतयो मांसमञ्जर्यो जायन्ते, ताः किला-सृक्स्यन्दित्वात् ऋतौ स्रवन्ति, तत्र केचिदसृजो लवाः कोशा-कारकां योनिमनुप्रविश्य सन्तिष्ठन्ते, पश्चाच्छुक्रसंमिश्रांस्तान-हारयन् जीवस्तत्रोत्पद्यते, तत्र ये योन्यात्मसात्कृतास्ते सचित्ताः कदाचिन्मिश्रा इति । ये तु न स्वरूपतामापादितास्तेऽचित्ताः । अपरे वर्णयन्ति–असृक् सचेतनं शुक्रमचेतनमिति । अन्ये ब्रुवते–शुक्रशोणितमचित्तं योनिप्रदेशाः सचित्ता इत्यतो मिश्रेति तु त-त्त्वार्थवृत्तौ द्वितीयेऽध्याये (सा० ५८)॥ (चतुर्थयोनिद्वारविचारः)

अर्थ–तैजस अने कार्मण शरीर युक्त जीवो औदारिकादि पुद्गलस्कन्धोवडे (साथे) जे स्थाने जोडाय ते स्थाननुं नाम योनि कहेवाय.॥४३॥ वळी [1]व्यक्तिभेदे ते योनियो असंख्य प्रकारनी छे तेथी लोके आटली संख्यावाळी छे एम कहेवाने

---

१ एकज प्रकारना वर्णवाळी जुदी जुदी असंख्य योनियो छे ते व्यक्ति-भेद. जेमके एक सरखा रंगवाळा १०० घडा ते व्यक्तिभेदे १०० गणाय.

योग्य नथी तोपण सरखावर्ण विगेरेनी जातिवडे ते गणत्रीमां आवी शके छे.॥४४॥

श्रीप्रज्ञापनावृत्तिमां पण एमज कहेलुं छे के–" मात्र अमुक प्रकारना ( जुदा जुदा एकज ) वर्णादिवाळी योनियो स्वस्थाने व्यक्तिभेदे करीने असंख्य छे तो पण ते असंख्य योनियो जातिभेदवडे एकज योनि गणाय छे. ॥ ४५ ॥ सामान्य पणे ते योनियो ८४ लाख छे, अने विशेषथी तो जे स्थाने योनियोना स्वामि गणवामां आवशे. त्यां ( कया जीवनी केटली योनि छे ? ते कहेवाना स्थाने ) कहेवाशे. ॥ ४६ ॥ वळी संवृता–विवृता अने विवृतसंवृता ए प्रमाणे त्रण प्रकारनी योनियो छे, तेमां दिव्यशय्यादिनी पेठे वस्त्रादि वडे जे आवृत ( ढंकायेल ) होय ते संवृतायोनि ॥ ४७ ॥ तथा अस्पष्ट पणे ओळखाती एवी पण योनि संवृता ज कहेवाय अने सरोवरादि जळाशय विगेरेनी माफक जे योनि स्पष्ट रीते ओळखाय छे. ते विवृतायोनि ॥ ४८ ॥ अने स्त्रीना गर्भाशयादिनी माफक बहारथी ( उदरवृद्धि देखाती होवाथी ) दृश्य, अने अंदरथी ( गर्भस्थान नहि देखातुं होवाथी ) अदृश्य ए प्रमाणे पूर्वोक्त बन्ने स्वभाववाळी जे योनि ते विवृतसंवृतायोनि कहेवाय ॥ ४९ ॥ ए त्रण योनि सम्बन्धि अल्पबहुत्व आ प्रमाणे छे—

त्रीजी योनिवाळा ( विवृत संवृतयोनिवाळा ) जीवो ( गर्भजनरादि ) सर्वथी अल्प छे, तेथी बीजी विवृतयोनिवाळा जीवो ( देव नारकादि ) असंख्य गुणा छे, तेथी अनन्तगुणा योनि रहित जीवो ( सिद्ध परमात्माओ ) छे, ॥५०॥ ने तेथी पण अनन्तगुण संवृतयोनिवाळा जीवो ( साधारण वनस्पत्यादि ) छे. ए प्रमाणे शीत अने सचित्तादि योनियोमां पण अल्पबहुत्व विचारवुं. ॥ ५१ ॥ ते शीतादि योनियोनुं स्वरूप आ प्रमाणे–ते ते ( शीतादि ) स्पर्शयुक्त एवी शीत–उष्ण अने शीतोष्ण ए प्रमाणे त्रण प्रकारनी पण योनि छे. तथा सचित्त अचित्त अने मिश्र ए भेदथी पण त्रण प्रकारनी योनि छे. ॥ ५२ ॥ त्यां जीवप्रदेशोए परस्पर प्रवेश करवा पणा वडे अङ्गीकार करेल ( एटले जेमां जीवप्रदेशो-

१. जुदीजुदी असंख्ययोनियो पण एक सरखा वर्णादिनी अपेक्षाए एकज योनि गणाय ए जाति भेद. जेमके सरखा रंगवाळा सेंकडो घडा पण जातिभेदे एकज जातिना गणाय.

२ तेज वर्णादिकने आश्रयि. ३ सरखां वर्ण–गन्ध–रस–स्पर्श अने संस्थान वाळां अनेक उत्पत्ति स्थान पण ( जातिभेद वडे ) १ योनि गणाय इति भावः ॥

व्याप्त थयेला होय तेवां जीवनां जे शरीर विगेरे ते सचित्तयोनि, तथा शुष्क (सूका) काष्ठ विगेरे सरखी अजीव ते अचित्तयोनि, कहेवाय ॥ ५३ ॥ ए हेतुथीज सूक्ष्म प्राणीओवडे त्रणे लोक भरेला होते छते पण ते सूक्ष्मजीवोना आत्मप्रदेशोवडे अचित्तयोनियोने सचित्तपणुं प्राप्त थतुं नथी. ॥ ५४ ॥ अने कंइक सचित्त अने कंइक अचित्त एवी जे योनि ते मिश्रयोनि कहेली छे, मनुष्य अने तिर्यंचोनी योनिमां जे वीर्य अने रुधिरना ( जेटला ) पुद्गलो आत्मप्रदेशोसाथे एकरूपता पाम्या होय ( अर्थात् जेमां आत्मप्रदेशो व्याप्त थया होय ) तेटला पुद्गलो सचित्त अने बीजा पुद्गलो ( वीर्य-रुधिरना ) अचित्त छे, ए प्रमाणे सचित्त अने अचित्तना योगथी ते योनिने मिश्रपणुं कहेलुं छे. ॥ ५५ ॥ "स्त्रीओने निश्चय नाभिथी नीचे पुष्पमाळानी जनोइने आकारे बे शिराओ ( नसो ) छे तेनी नीचे नीचामुखे रहेली कमळडोडाना आकारवाळी [२]योनि छे, अने ते योनिथी बहार आंबानी कळी ( मञ्जरी ) सरखी मांसनी मञ्जरीयो थाय छे. ते मांसनी मञ्जरीयो रुधिर झरवाना स्वभाववाळी होवाथी (लगभग) दरमासे रुधिर झरे छे ( जेने अटकाव-अडचण-ओपटी इत्यादि कहे छे. ) ते झरता रुधिरना केटलाक अंश कमळडोडाना आकारवाळी योनिमां प्रवेश करीने रहे छे, त्यारबाद ( संभोगथी ) वीर्यवडे मिश्र थयेला ते रुधिरना अंशनो आहार करतो जीव ते योनिमां उत्पन्न थाय छे. त्यां योनिए जे वीर्यप्रदेशो आत्मसात् [ पोताना रूप-जीवप्रदेश व्याप्त ] कर्या होय ते वीर्यप्रदेशो सचित्त अने कदाचित् मिश्र होय छे. अने जे वीर्यप्रदेशो योनिरूपने ( योनिगत आत्मप्रदेश व्याप्तपणाने ) न पाम्या होय ते वीर्यप्रदेशो अचित्त होय छे-वळी बीजा आचार्यो एम कहे छे के-" रुधिर सचित्त छे, अने वीर्य अचित्त छे." अने केटलाएक एम कहे छे के "वीर्य अने रुधिर अचित्त छे, अने योनिना प्रदेशो सचित्त छे ए हेतुथी मिश्रयोनि कहेवाय छे" इति तत्त्वार्थ बीजा अध्यायना ३३ मा सूत्रनी वृत्तिमां कह्युंछे.

---

योनिस्त्रिधा मनुष्याणां, शंखावर्तादिभेदतः । यस्यां शंखस्य इवावर्तः, शंखावर्ता तु तत्र सा ॥ ५६ ॥ कूर्मोन्नता भवे-

---

२ योनि अभ्यन्तर अने बाह्य एम बे प्रकारनी छे, तेमां आ चालतुं स्वरूप अभ्यन्तर योनिनुं छे, के जे योनि स्त्रीना गर्भाशय रूप छे, ए अभ्यन्तर योनिमांज जीवनी उत्पत्ति होय छे, अने आगळ कहेवाशे शंखावर्तादि भेदवाळी योनि के जे बाह्यलिङ्ग आकाररूप छे ते बाह्ययोनि जाणवी.

योनिः, कूर्मपृष्ठमिवोन्नता । वंशीपत्रा तु संयुक्त--वंशीपत्रद्वयाकृतिः ॥५७॥ स्त्रीरत्नस्य भवेच्छंखा-वर्त्ता सा गर्भवर्जिता । व्युत्क्रामन्ति तत्र गर्भा,निष्पद्यन्ते न ते यतः ॥ ५८ ॥ अतिप्रबलकामाग्ने--र्विलीयन्ते हि ते यथा । कुरुमत्या करस्पृष्टो--ऽप्यद्रवल्लोहपुत्रकः॥५९॥तथा च प्रज्ञापनायां-"संखावत्ता णं जोणी इत्थिरयणस्स॥"(सा०५९) (शंखावर्त्ता योनिः स्त्रीरत्नस्य) अर्हच्चक्रिविष्णुबल-देवाम्बानां द्वितीयका ।तृतीया पुनरन्यासां,स्त्रीणां योनिः प्रकीर्तिता ॥६०॥ इदं च योनीनां त्रिधा त्रैविध्यं स्थानाङ्गतृतीयस्थाने (सा० ६०)ऽनन्तराङ्गसूत्रे शुभाशुभभेदैश्च योनीनामनेकत्वमेवं गाथाभिः प्रदर्शितम्॥सीआईजोणीओ, चउरासीती अ सयसहस्सेहिं । असुहाओ य सुहाओ, तत्थ सुहाओ इमा जाण ॥६१॥ अस्संखाउमणुस्सा,राईसरसंखमादिआऊणं । तित्थयरनामगोत्तं, सव्वसुहं होइ नायव्वं ॥६२॥ तत्थवि य जाइसंपन्नयाइ, सेसाओ होंति असुहाओ । देवेसु किब्बिसाई, सेसाओ होंति उ सुहाओ ॥ ६३ ॥ पंचेंदियतिरिएसु, हयगयरयणा हवंति उ सुहाओ । सेसाओ असुहाओ, सुहवन्नेगिंदियादीया ॥ ६४ ॥ देविंदचक्कवट्टि-त्तणाइं मोत्तुं च तित्थयरभावं ॥अणगारभावियात्ति य, सेसाओ अणंतसो पत्ता॥६५॥(सा० ६१) [शीतादियोनयः चतु-रशीतिश्च शतसहस्रैः । अशुभाश्च शुभाः तत्र, शुभा इमा जानीहि ॥ असंख्यायुषो मनुष्या,राजेश्वराः संख्यायायुषः [शङ्खादयः]तीर्थंकरनामगोत्रं,सर्वं शुभं भवति ज्ञातव्यम्॥तत्रापि च जातिसंपन्न-तादेः शेषा भवन्ति अशुभाः ।देवेषु किल्बिषादेः, शेषा भवन्ति शुभाः ॥ पञ्चेन्द्रियतिर्यक्षु, हयगजरत्ना भवन्ति तु शु-

भाः। शेषा अशुभाः, शुभवर्णैकेन्द्रियादयः ॥ देवेन्द्रचक्रवर्त्तित्वादि मुक्त्वा च तीर्थंकरभावं । अनगारभावितातामपि शेषाः ( भावाः ) अनन्तशः प्राप्ताः ॥ ] इति योनिस्वरूपम् ॥

उपर कहेला योनिना भेदो सर्व जीवो आश्रयि कह्या अने हवे जे भेदमात्र मनुष्यने आश्रयिज होय छे ते कहे छे.

मनुष्योनी योनि शंखावर्त्तादिभेदथी ३ प्रकारनी छे, तेमां जे योनिमां शंख सरखो आवर्त्त ( आंटो--भमरो ) होय ते अहिं शंखावर्त्तयोनि कहेवाय ॥ ५६ ॥ तथा जे योनि काचबानी पीठ सरखी उन्नत—उंचा भागवाळी होय ते कूर्मोन्नतायोनि कहेवाय छे, अने जे योनि वांसनां जोडायलां बे पत्र सरखा आकारवाळी होय ते वंशीपत्रायोनि कहेवाय छे. ॥ ५७ ॥ तेमां चक्रवर्तीना स्त्री रत्नने ( मुख्य पटराणीने ) गर्भोत्पत्ति रहित एवी शंखावर्त्तयोनि होय छे, कारण के ते योनिवाळी स्त्रीना गर्भमां जीवो गर्भपणे आवीने उत्पन्न थाय छे. परन्तु तेओ जन्मता ( जीवता ) नथी ॥ ५८ ॥ जेथी अति प्रबळ कामाग्निवडे ते जीवो उत्पन्न थतां ज विनाश पामी जाय छे. जेम कुरुमतिना हाथथी स्पर्श करायलो लोहपुत्रक ( लोखण्डनुं पूतळुं ) पण गळी गयो ॥ ५९ ॥

श्री प्रज्ञापनासूत्रमां कह्युं छे के—"शंखावर्त्तयोनि स्त्रीरत्नने होय" अरिहन्त—चक्रवर्त्ति—वासुदेव अने बळदेव ए चारेनीज माताओनी बीजी कूर्मोन्नतायोनि होय, अने बीजी सामान्य स्त्रीयोनी त्रीजी वंशीपत्रायोनि होय छे. ॥ ६० ॥ आ योनियोना त्रण भेद त्रण प्रकारे ( एटले सर्व मळी ९ प्रकार )

१ ब्रह्मदत्त चक्रवर्त्तिनी मुख्य स्त्री (स्त्री रत्न) कुरुमतिए लोखण्डना पुतळाने हाथ वडे स्पर्शतां ते पुतळुं रसमय थइ गयुं.

शंका—जो लोढानुं पूतळुं स्त्रीरत्नना स्पर्शवडे गळी जाय तो तेवी स्त्री सुवर्णादिकनां आभूषण केवी रीते पहेरी शके ?

उत्तर—अति कामातुर युक्त थइ विषय इच्छा पूर्वक स्पर्श करवाथी लोहपुत्र(पूतळुं)गळी गयो एम जाणवुं, जेथी आभूषणादिक पहेरवामां तथा बीजा जीव अजीवना स्पर्शमां कंइपण अडचण थाय नहिं

२ कुम्मुन्नताए जोणीए तिविहा उत्तमपुरिसा गब्भं वक्कमंति तंजहा—अरहन्ता--चक्कवट्टी—बलदेवा वासुदेवा ( इति ठाणांगतृतीय स्थाने )

३ वंशीपत्रादि त्रणे भेद बाह्ययोनिना जाणवा

श्रीठाणांगजी सूत्रना त्रीजा ठाणामां कह्या छे,अने आचारांग सूत्रनी वृत्तिमांशुभाशुभभेदे करीने योनियोना अनेक प्रकार गाथाओ वडे दर्शावेला छे.॥६१॥ ते आ प्रमाणे-श्री आचारांगवृत्तिमां-"शीतादि भेदवाळी योनियो ८४ लाख छे.ते शुभ अने अशुभ एम बे प्रकारनी छे, त्यां शुभयोनियो आ (आगळ कहेवाय छे ते) जाणवी. असंख्य आयुष्यवाळा मनुष्य-तथा संख्याताआयुष्यवाळा [ वा शंखादि ] चक्रवर्ति- अने वासुदेव विगेरेनी तथा तीर्थंकर नाम कर्मवाळा तीर्थंकर भगवाननी योनियो सर्व शुभ होय एम जाणवुं ॥ ६२ ॥ तेमां पण उत्तम जाति कुळवाळा पुरुषोने उत्पन्न थवानी योनियो सर्व शुभ जाणवी, अने शेषयोनियो अशुभ होय छे, तथा देवोमां किल्बिषिया वगेरे [ किल्बिषिया-परमाधामी-विगेरे ] देवोनी अशुभयोनि अने शेष सर्व देवोनी शुभयोनि जाणवी ॥ ६३ ॥ तथा पञ्चेन्द्रिय तिर्यंचोमां चक्रवर्त्तिना अश्व-रत्न-हस्तिरत्न विगेरे उत्तमजातिना तिर्यंचो शुभयोनिवाळा, अने शेष तिर्यंचो अशुभयोनिवाळा छे, तथा एकेन्द्रियादि जीवोमां शुभ वर्ण-गन्ध-रस अने स्पर्शवाळा जीवो शुभयोनिवाळा अने अशुभवर्णादिवाळा एकेन्द्रियादि अशुभयोनिवाळा गणाय छे. ॥६४॥ देवेन्द्रपणानी-चक्रवर्त्तिपणानी-तीर्थंकरपणानी अने भावितात्मा अणगारपणानी ( मोक्षाभिमुखो उत्तम मुनिपणानी ) योनि वर्जीने ( एटले देवेन्द्रादिकपणानी उत्पत्ति वर्जीने ) शेष योनियो ( उत्पत्तिस्थानो ) अनन्ती वखत प्राप्त थयां छे. [कारणके देवेन्द्रादिपणुं जीवने संसारमांप्रायः एक वखतज प्राप्त थाय छे. ] ॥ ६५ ॥ इति योनिस्वरूपम् ॥

कुलानि योनिप्रभवा--न्याहुस्तानि बहून्यपि । भवन्ति योनावेकस्यां, नानाजातीयदेहिनाम् ॥६६॥ कृमिवृश्चिककीटादि--नानाक्षुद्राङ्गिनां यथा । एकगोमयपिण्डान्तः, कुलानि स्युरनेकशः ॥६७॥ कोट्येका सप्तनवति-र्लक्षाः सार्धा भवन्ति हि । सामान्यात्कुलकोटीनां, विशेषो वक्ष्यतेऽग्रतः ॥ ६८ ॥ इति योनिकुलस्वरूपम्, तत्संवृतत्वादि च ॥ (अथ पञ्चमं कुलद्वारम् )

---

१ प्राकृतना संखमाइ शब्दनो शंखादि अर्थ लइए तो प्रघोष प्रमाणे शंख आवती चोवीशीमां थनार चक्रवर्त्ति छे ते लेवा.

अर्थ—हवे कुलनुं स्वरूप कहेवाय छे—त्यां जेनी उत्पत्ति योनिमां थाय ते कु-ळ कहेवाय, ते अनेक प्रकारना प्राणीओनां एकज योनिमां घणां कुळ उत्पन्न थाय छे, ॥ ६६ ॥ जेम एकज छाणना पिंडनी अंदर कृमी—वींछी—कीडा वगेरे अनेक प्रकारना क्षुद्र ( तुच्छ ) प्राणीयोनां अनेक कुळ होय छे. तेम एकज योनि मां अनेक कुळ जाणवां. ॥ ६७ ॥ त्यां सामान्य पणे १ क्रोड ९७॥ लाख कुळ कोडि छे, अने विशेषथी आगळ ( जीवभेदमां ) कहेवाशे. ए प्रमाणे योनि--कुल अने संवृतादियोनिना भेदनुं स्वरूप कह्युं. ॥६८॥ इति कुलकोडिस्वरूपम् ॥

भवस्थितिस्तत्रायु--र्द्विविधं तच्च कीर्त्तितम् । सोपक्रमं स्यात्तत्राद्यं, द्वितीयं निरुपक्रमम् ॥६९॥ कालेन बहुना वेद्य--म-प्यायुर्यत्तु भुज्यते । अल्पेनाध्यवसानाद्यै--रागमोक्तैरुपक्रमैः ॥ ७० ॥ आयुः सोपक्रमं तत्स्या--दन्यद्वा कर्म तादृशम् । यद्बन्ध-समये बद्धं, श्लथं शक्यापवर्त्तनम् ॥७१॥ युग्मम् ॥ दत्ताग्निरेक-तो रज्जु--र्यथा दीर्घीकृता क्रमात् । दह्यते संपिण्डिता तु, सा झ-टित्येकहेलया ॥ ७२ ॥ यत्पुनर्बन्धसमये, बद्धं गाढनिकाचना-त् । कर्मवेद्यफलं तद्धि, न शक्यमपवर्त्तितुम् ॥ ७३ ॥ क्षीयतेऽ-ध्यवसानाद्यै-र्यैः स्वोत्थैः स्वस्य जीवितम् । परैश्च विषशस्त्राद्यै-स्ते स्युः सर्वेऽप्युपक्रमाः ॥ ७४ ॥ यदाहुः ॥ अज्झवसाण निमित्ते, आहारे वेयणा पराघाए ।फासे आणपाणू, सत्तविहं झिज्जए आ-उं ॥७५॥ (सा०६२) (अध्यवसाने निमित्ते, आहारे वेदनायां परा-घाते ।स्पर्शे आनप्राणे सप्तविधं क्षीयते आयुः॥)त्रिधा तत्राध्यव-सानं, रागस्नेहभयोद्भवम् । व्यापादयन्ति रागाद्या, अप्यत्यन्त-विकल्पिताः ॥ ७६ ॥ यथा प्रपापालिकाया, युवानमनुरागतः ।

१ एकज प्रकारनी योनिमां जुदाजुदा प्रकारना उपजता जीवोने ओळ-खवानुं साधन ते कुळ कहेवाय छे,

पश्यन्त्याः क्षीणमायुष्यं-स्कामस्यान्त्या दशा मृतिः ॥७७॥ यतः॥ चिंतेइ दट्ठुमिच्छइ, दीहं नीससइ तह जरे दाहे । भत्तअरोहण मुच्छा, उम्माय न याणई मरणं ॥७८॥(सा०६३) (चिन्तयति द्रष्टुमिच्छति, दीर्घं निःश्वसिति तथा ज्वरः दाहः । भक्तारोचनं मूर्छा, उन्मादः न जानाति मरणम् ॥ ) कस्याश्चित्सार्थवाह्याश्च, विदेशादागते प्रिये । मित्रैः स्नेहपरीक्षार्थं, विपन्ने कथितेऽथ सा ॥ ७९ ॥ सार्थवाही विपन्नैव , सार्थवाहोऽपि तां मृताम् । श्रुत्वा तत्सङ्गमायेव, तूर्णं स्नेहाद्व्यपद्यत ॥८०॥ भयाद्यथा वासुदेव-दर्शनात्सोमिलो द्विजः । हत्वा गजसुकुमारं, नगरीमाविशन्मृतः ॥ ८१ ॥ निमित्ताद्विषशस्त्रादे-राहाराद्बहुतोऽल्पतः । स्निग्धतश्चाऽस्निग्धतश्च, विकृतादहितावहात् ॥ ८२ ॥ शूलादेर्वेदनायाश्च, गर्त्ताप्रपतनादिकात् । पराघातात्स्पर्शतश्च. त्वग्विषादिसमुद्भवात् ॥८३॥ श्वासोच्छ्वासाच्च विकृत--त्वेनात्यन्तं प्रसर्पतः। निरुद्धाद्वा म्रियेतांगी,तस्मादेते उपक्रमाः॥८४॥स्युः केषांचिद्यद्यप्येते--ऽनुपक्रमायुषामपि । स्कन्दकाचार्यशिष्याणा-मिव यन्त्रनिपीलना॥८५॥ तथापि कष्टदास्तेषां,न त्वायुःक्षयहेतवः । सोपक्रमायुष इव, भासन्ते तेऽपि तैर्मृताः ॥८६॥ अथ प्रकृतम्—

## ॥ षष्ठं भवस्थिति द्वारम् ॥

भवस्थिति एटले ते भवनुं आयुष्य, अने ते ( आयुष्य ) प्रथम सोपक्रम अने बीजुं निरुपक्रम एम बे प्रकारनुं कहेलुं छे. ॥ ६९ ॥ त्यां घणा काल सुधी भोगववा योग्य आयुष्य आगममां कहेला अध्यवसायादि उपक्रमो [घटवाना निमित्तो] वडे अल्पकाळमां भोगवाय ते सोपक्रम आयुष्य कहेवाय, अथवा तेवा प्रकारनुं बाह्यनिमित्तोवडे अल्पकाळमां भोगवातुं आयुष्य शिवाय बीजुं ज्ञानावरणीयादि कर्म पण जे बन्ध समये शिथिल ( नरम ) बांधेलुं होय. अने अपवर्त्तना थइ शके तेवुं होय तो ते सोपक्रम कहेवाय. ॥७०,७१॥ जेम एक बाजुथी सळगावेली दोरीने लांबी करी होय तो अनुक्रमे (घणे काळे) बळी रहे, अने ते दो-

रीने एकठी करी होय तो अतिशीघ्र बळी जाय ॥ ७२ ॥ तेम वळी जे कर्म ( आयुष्य ) बांधती वेळाए अति गाँढ निकाचनाथी ( तीव्र परिणामथी ) बांध्युं होय तो ते कर्म निश्चे अनुक्रमे भोगववा योग्य फळवाळुं होय छे, अर्थात् ते कर्मनुं फळ अनुक्रमे घणे काळे भोगववुं पडे छे, पण अपवर्त्ति शकातुं ( अल्पकरी शकातुं ) नथी ते निरुपक्रम कहेवाय छे. ॥ ७३ ॥ अने जे पोतानाथी उत्पन्न थयेला अध्यवसायादि अथवा परथी उत्पन्न थयेला विष शस्त्रादिवडे पोतानुं आयुष्य क्षय पामे छे ते अध्यवसायादि सर्व उपक्रम कहेवाय छे. ॥ ७४ ॥ कह्युं छे के–अध्यवसाय–निमित्त–आहार–वेदना–पराघात–स्पर्श–अने श्वासोच्छ्वास–ए ७ प्रकारे आयुष्य क्षय पामे छे. ॥ ७५ ॥ ( बृहत्संग्रहणी)॥ त्यां राग–स्नेह–अने भय ए त्रणथी उत्पन्न थयेलो होवाथी अध्यवसाय ( ए रागादि ) ३ प्रकारनो छे. कारण के-- अत्यन्त करेला रागादि पण मृत्यु पमाडे छे. ॥ ७६ ॥ जेम कोइक युवान परवपर पाणी पीवाने आव्यो ते अति रूपवान होवाथी पाणी पानारी तेना पर मोहित थइ, अने पाणी पीधा बाद ते युवान चालतो थयो त्यारे अत्यन्त रागथी पाछळने पाछळ देख्या करती ते स्त्रीनी नजरथी ते युवान दूर थतांज ते पाणी पानारी स्त्री मरण पामी. कारणके कामनी छेल्ली [दशमी] दशा मरणज छे॥७७॥ते कामनी १० दशाओ आ प्रमाणे–१ चिंता करे–२ देखवाने इच्छे–३ लांबा निसासा नाखे–४ ताव[ज्वर] आवे ५ शरीर बळवा मांडे–६ भोजन उपर अरुचि थाय–७ मूर्च्छा आवे–८ उन्माद थाय–९ बेशुद्ध थाय–१० मरण पामे. ॥ ७८ ॥ ए रागनुं दृष्टान्त कह्युं. अने स्नेहथी आयुःक्षयनुं दृष्टान्त आ प्रमाणे—कोइक सार्थवाहनी स्त्रीनो पति परदेशथी आव्ये छते मित्रोए ते स्त्रीना स्नेहनी परीक्षा करवाने माटे'सार्थवाह मरण पाम्यो' एम कहेवाथी सार्थवाही पण तुर्तज मरण पामी,अने ते स्त्रीने मरण पामेली सांभळीने तेने स्नेहथी मळवाने माटे ज जाणे होय नहीं तेम ते सार्थवाह पण शीघ्र मरण पाम्यो. ॥ ७९-८० ॥ हवे भयनुं उदाहरण आ प्रमाणे–श्रीकृष्णवासुदेवना वेवाइ सोमील ब्राह्मणे दीक्षा लीधेला पोताना जमाइ अने कृष्णना पुत्र गजसुकुमारने (मारी पुत्रीने रखडती करी एवा क्रोध वडे)मारी नाखीने नगरमां प्रवेश करतां ज सामेथी वासुदेव कृष्णने आवता देखी भयथी मरण पाम्यो ॥८१॥ ए प्रमाणे भयनुं दृष्टान्त कह्युं.ए त्रणे प्रकारनां मरण अध्यवसाय उपक्रमवडे कह्यां,

शेर अने हथीयार विगेरे निमित्तथी मरण थाय ते निमित्तोपक्रम, तथा आहा-र करवाथी अल्प आहार करवाथी, घणो स्निग्ध (चीकणो) न पची शके तेवो भारे (सत्ववाळो) अने रुक्ष (लूखो सारविनानो), विकारवाळो, अने अहितकर ( अपथ्य ) आहार करवाथी जे मरण थाय ते आहार वडे मरण कहेवाय ॥ ८२ ॥ शूळ विगेरेनी पीडाथी मरण थाय ते वेदना वडे, तथा खाडा-कुवामां पडवाथी- ( पर्वतादि उपरथी झंपापात करवाथी ), जळमां डुबवाथी, फांसी खावाथी इत्यादिक रीते जे मरण थाय ते पराघात उपक्रम वडे जाणवुं. तथा सर्पादिकना करडवाथी, (अथवा विषक-न्यादिना स्पर्शथी) मरण थाय ते स्पर्श उपक्रम वडे जाणवुं ॥ ८३ ॥ तथा शरीरमां कोइक विकार थतां घणा श्वासोच्छ्वास चालवाथी, अथवा श्वासो-च्छ्वास एकदम रोकवाथी जीव मरण पामे ते श्वासोच्छ्वास उपक्रम वडे जाणवुं. माटे ए साते उपक्रम जाणवा ॥ ८४ ॥ वळी अनुपक्रम आयुष्यवाळा-ओने पण केटलाएकने ए उपक्रमो लागे छे, जेम स्कंदकाचार्यना [चरमशरीरी] शिष्योने यंत्रमां पीलावुं थयुं ॥ ८५ ॥ (तेथी निरुपक्रमी आयुष्यवंतने ए उपक्र-मो लागे छे,) तो पण तेओने ते उपक्रमो आयुष्य क्षय थवामां कारणरूप नथी, परन्तु मात्र कष्ट आपनारा छे, ए प्रमाणे ते निरुपक्रमायुष्यवंत जीवो पण सोप-क्रम आयुष्यवाळा जीवोनी माफक मरण पामता देखाय छे ॥ ८६ ॥

१ केटलाएक कहे छे के आयुष्यनो आधार श्वासोच्छ्वास उपर छे. एटले अमुक जीव आ भवमां आटला श्वासोच्छ्वास पूर्ण कर्या बाद मरण पामी शके, अने अधूरा रह्या होय तो मरण वखते उतावळथी श्वासोच्छ्वास लइ पूर्ण करे, एम तेओनुं कहेवुं सर्वथा अयोग्य छे, कारण के पूर्वभवमां आयुष्य-कर्म बांधती वखते जेटलां आयुष्यनां पुद्गलो उपार्जन कर्यां छे तेटलां अव-श्य भोगववां पडे छे, परन्तु ते वखते श्वासोच्छ्वासनुं निर्माण कंइ पण करेल नथी. वळी सेंकडोवर्षना आयुष्यवाळा अन्तर्मुहूर्तमात्रमां मरण पामे तो ते जीवो श्वासोच्छ्वास केम पूरी शके ? इत्यादि अनेक विरोध होवाथी श्वासोच्छ्वासने आधारे आयुष्यनो नियम सर्वथा नथी, परन्तु आयुष्य त्रुट वामां उपर कहेली रीत प्रमाणे श्वासोच्छ्वास निमित्तभूत थइ शके छे. आ संबंधमां घणो विचार तत्त्वार्थविस्तरार्थमां करेलो छे, त्यांथी जोवुं.

श्रावस्तीनगरीमां जितशत्रुनामे राजा हता, धारणी पट्टराणी, स्कन्दक-पुत्र अने पुरन्दरयशा पुत्री हता,स्कन्दककुमार श्रीमुनिसुव्रतस्वामिना उपदेशथी तत्त्वज्ञानसाथे श्रावकधर्म पाम्यो हतो पुरन्दरयशाने कुम्भकारकटकनगरना दंड-क राजा साथे परणावी हती, दंडकराजाने पालक नामे पुरोहित हतो,एकवखत

पालकने श्रावस्तीमां जितशत्रुराजानी सभामां मोकल्यो, वातोना प्रसंगमां पालके जैनमुनिओनी निन्दा तथा नास्तिकमतनी स्थापना करवा मांडी, स्कन्दककुमारे वादमां हरावी निरुत्तर कर्यो, मानभ्रष्ट थयो पण कुमारनुं काई करवा समर्थ न होवाथी क्रोधसहित कुंभकारकटकमां गयो, एकदा श्रीमुनिसुव्रतस्वामिजी श्रावस्तिमां पधार्या,स्कन्दककुमारे देशना सांभळी वैराग्यथी पांचसो राजकुमारो साथे दीक्षा लीधी, सकलसिद्धान्तनो सार पाम्या, उग्रविहारी थया, पांचसो शिष्योना आचार्य थया. एकदिवस श्रीमुनिसुव्रतस्वामिपासे आज्ञा मागी के- आपनी आज्ञा होयतो दंडक राजा तथा पुरन्दरयशाने प्रतिबोधवा कुंभकारकटक तरफ विहार करवा इच्छा राखुं छुं, प्रभुये फरमाव्युं के- तमने त्यां प्राणान्त उपसर्ग थशे, स्कन्दकाचार्ये पूछयुं 'हुं आराधक थइश के नहि?' प्रभुए कह्युं 'तमारा शिवाय सर्व आराधक थशे' स्कन्दकाचार्ये कह्युं मारी साहाय्यथी बीजा आराधक थशे तो पण हुं सर्व पाम्यो एप्रमाणे कही प्रभुवन्दना करी ते तरफ विहार कर्यो, तेमना आववाना खबर सांभळी पालके पूर्ववैरथी तेमना उतरवाना उद्यानमां अनेक प्रकारना शस्त्रो दटाव्या,शिष्यपरिवारसमेत आचार्य त्यां समवसर्या,नगरजनसहित दंडकराजा वांदी देशना सांभळी आनन्दित थइ पाछा गया, पालके एकांतमां राजाने कह्युं आ आचार्य पाखंडी छे, मुनि नथी,आचारभ्रष्ट छे, सहस्रयोधी लडवैयाओनी साथे तमारुं राज्य लेवाने आव्याछे. राजाने खातरी थवामाटे कार्यने वाने साधुओने बीजास्थाने मोकली पोतेज दाटेला शस्त्रो राजाने बताव्या, राजाए गुन्हेगार समजी शिक्षा करवा पालकने ज सोंप्या अने 'तने योग्य लागे तेम शिक्षा करजे' तेम हुकम आपी स्वस्थाने गया, पूर्ववैरी हवे पापात्मा पालके पोतानुं वैर वाळवानो समय जाणी माणस पीलवानुं यंत्र लावी एक एक मुनिने यंत्रमां नाखवा लाग्यो. स्कन्दकाचार्ये दरेकमुनिने निर्यामणा करावी, समाधि पमाडी, आलोयणा करावी जेथी दरेकमुनिओ यंत्रमां पीलाता छतां पण शुक्लध्यान अग्निमां कर्म इन्धनने बाळी क्षपकश्रेणिमां आरूढ थइ अन्तकृत्केवलि थइ मुक्तिपद पाम्या, आप्रमाणे ते दुष्टपालके चारसो नवाणु मुनिओने यंत्रमां पील्या अने स्कन्दकाचार्ये निर्यामणा करावी मुक्तिपदे पहोंचाड्या, छेवटे बाकी रहेला एक लघु शिष्यने यंत्रमां नाखवा तैयारी करता पालकने स्कन्दकाचार्ये प्रथम मने पील पछी आ लघु मुनिने यंत्रमां नांखजे,ए प्रमाणे कहा छतां पण प्रथम शिष्यनेज जलदीथी यंत्रमां नाख्या, धैर्य राखी आचार्यश्रीए तेने पण निर्यामणा करावी ते मोक्षपद पाम्यो, अहीं आचार्यश्रीनुं धैर्य न रहेवाथी अरे ! आ दुरात्मानी केवी दुष्टता छे! तेम विचारतां क्रोधाग्निथी 'हे दुरात्मन् हुं तारो वधकरनार थइश' तेम नियाणुं कर्युं, पापी पालके तेमने पण यंत्रमां पील्या, नियाणामां संयमविराधनाथी काळ करी अग्निकुमारनिकायमां उत्पन्न थया; रुधिरथी खरडायेल स्कन्दकाचार्यनो ओघो हाथनी भ्रान्तिए गीधपक्षिये लीधो परस्पर पक्षियो लडतां ते ओघो स्कन्दकाचार्यनी बहेन पुरंदर-

सोपक्रमायुषः केऽप्य–नुपक्रमायुषः परे । इति स्युर्द्विविधा जीवा-स्तत्र सोपक्रमायुषः ॥८७॥ तृतीये नवमे सप्त–विंशे भागे निजायुषः । बध्नन्ति परजन्मायु-रन्त्ये वाऽन्तर्मुहूर्त्तके ॥ ८८ ॥ यदाहुः श्यामाचार्याः॥ 'सिय तिभागे, सिय तिभागतिभागे, सिय तिभागतिभागतिभागे इति'। (स्यात् [कदाचित्] त्रिभागे, स्यात्रिभागत्रिभागे, स्यात्रिभागत्रिभागत्रिभागे इति ) [सा० ६४ ] केचित्तु सप्तविंशाद-प्यूर्ध्वं विकल्पयन्ति वै । त्रिभागकल्पनां याव–दन्त्यमन्तर्मुहूर्त्तकम् ॥ ८९ ॥ असंख्यायुर्नृतिर्यञ्च-श्चरमाङ्गाश्च नारकाः । सुराः शलाकापुमांसोऽ–नुपक्रमायुषः स्मृताः ॥ ९० ॥ अपरे वर्णयन्ति "तीर्थकरौपपातिकानां नोपक्रमतो मृत्युः, *शेषाणामुभयथा" इति तत्त्वार्थवृत्तौ,(सा०६५) कर्मप्रकृतिवृत्तावपि 'अद्धाजोगुक्कोसं' इति गाथाव्याख्याने भोगभूमिजेषु तिर्यक्षु मनुष्येषु च त्रिपल्योपमस्थितिषूत्पन्नः पश्चादाशु सर्वाल्पजीवितमन्तर्मुहूर्त्तं विहाय शेषमायुस्त्रिपल्योपमस्थितिकमपवर्त्तयत्यन्तर्मुहूर्त्तोनमिति (सा०६६) । सुरनैरयिकासंख्य-जीवितिर्यङ्मनुष्यकाः । बध्नन्ति षण्मासशेषा-युषोऽग्रयभव-

यशाना आंगणामां पड्यां, पुरन्दरयशाये स्कन्दकाचार्यनो ओघो ओळख्यो, तथा लोकोना मुखथी बधो अधिकार पण सांभळ्यो, राजाने ठपको आप्यो, वैराग्यवासित पुरन्दरयशाने शासनदेवीए मुनिसुव्रतस्वामी पासे मूकी, त्यां संयम लइ आत्मसाधना करी, अग्निकुमारमां उत्पन्न थयेल स्कन्दकाचार्यना जीवे पालकसहित दंडकराजानो तमाम देश बाळी भस्म कर्यो, जे हाल सुधी लोकप्रसिद्धिमां 'दंडकारण्य'ना नामथी ओळखाय छे.

अहीं ५०० शिष्योनुं निरुपक्रमी आयुष्यवाळा छतां पण सोपक्रमी आयुष्यवंतनी माफक यंत्रपीलन थयुं. ए यंत्रपीलन शिष्योने मात्र कष्टदायी थयुं पण आयुःक्षयमां कारणरूप थयुं नथी, कारणके आयुष्यनो ते समयतेज अन्त आवी रह्यो हतो.

* 'शेषाणां चरमदेहोत्तमपुरुषासंख्येयवर्षायुषाम्' इत्यधिकं तत्त्वस्तौ ॥

जीविसम् ॥९१॥ मतान्तरेणोत्कर्षतः षण्मासावशेषे जघन्यतश्चान्तर्मुहूर्तशेषे नारकाः परभवायुर्बध्नन्तीति भग० शत० १४ उ० १। (सा०६७) निजायुषस्तृतीयेऽंशे, शेषेऽनुपक्रमायुषः। निय-मादन्यजन्मायु-र्निबध्नन्ति परे पुनः ॥९२॥ यावत्यायुष्यवशिष्टे, परजन्मायुरर्ज्यते । कालस्तावानबाधाख्य-स्ततः परमुदेति तत् ॥ ९३ ॥ इति भवस्थितिः ७ ।

अर्थ–हवे चालु अधिकार कहेवाय छे–केटलाएक सोपक्रम आयुष्यवाळा, अने केटलाएक निरुपक्रम आयुष्यवाळा, ए प्रमाणे जीवो बे प्रकारना छे. त्यां सोप-क्रमायुष्यवाळा जीवो पोताना आयुष्यनो ३जो–९मो–अने २७मो भाग [1]शेष रहये परभवनुं आयुष्य बांधे छे. अथवा छेवटनुं अन्तमुहूर्त शेष रहे परभवायु बांधे छे.॥८७-८८॥श्रीप्रज्ञापना उपांगना कर्त्ता श्री श्यामाचार्य महाराजे कह्युं छे के–"कदाच त्रीजे भागे, कदाच ९मे भागे, अथवा कदाच २७मे भागे परभवायु बांधे." वळी केटलाएक आचार्य तो २७थी पण आगळ यावत् अन्तर्मुहूर्त सुधी [2]त्रिभाग कल्पना करे छे.॥८९॥ असंख्य वर्षना आयुष्यवाळा (युगलिक) मनुष्य अने तिर्यंच–चरमशरीरी ( तद्भव मोक्षगामी )–नारकजीवो–देवो–६३ शलाका पुरुषो–ए सर्व अनुपक्रम आयुष्यवाळा कहेला छे. ॥९०॥वळी बीजाओ कहे छे के "तीर्थंकर अने औपपातिकने (देव नारकने) उपक्रमथी मृत्यु थतुं नथी, शेष जीवोनुं बन्ने प्रकारे मरण थाय छे" ए प्रमाणे तत्त्वार्थ वृत्तिमां कह्युं छे. तथा कर्मप्रकृतिमां पण 'अबाजोगुक्कोसं' ए गाथानी टीकामां कह्युं छे के "कोइक


१ चालु ग्रंथमां तथा श्री पन्नवणाजीना पाठमां "त्रीजे–नवमे अने २७मे भागे" एम कह्युं छे तोपण "त्रीजो भाग शेष रहये अने नवमो तथा २७ मो भाग शेष रहे" एवो अर्थ कर्यो छे तेज बराबर छे, कारण के त्रीजे भागे आयुष्य बांधे तो ९९ वर्षना आयुष्यवाळो ३३ मे वर्षे आयुष्य बांधे, अने "त्रीजो भाग शेष रहये" ए अर्थ वडे ६६ मा वर्षना अंते आयुष्य बांधे. ए प्रमाणे मोटो तफावत पडी जाय छे, अने सर्व शास्त्रोने ६६ मे वर्षे आयु-ष्यनो बंध इष्ट होवाथी आ अर्थ मात्र मूळ अक्षरोने अनुसारे नहि पण वस्तुस्थितिने अनुसारे लखेलो छे.

२. ३—९—२७—८१—२४३—७२९ इत्यादि जे रकम अनुक्रमे त्रण त्रण गुणी होय ते रकमरूप भागनी कल्पना "त्रिभाग कल्पना" कहेवाय.

जीव अकर्मभूमिमां त्रण पल्योपमना आयुष्यवाळा तिर्यंच अथवा मनुष्यनेविषे (युगलिकपणे) उत्पन्न थयो होय त्यारबाद शीघ्र अन्तर्मुहूर्त जेटलुं सर्व जघन्य आयुष्य वर्जीने बाकीना अन्तर्मू० न्यून ३ पल्योपम आयुष्यनी 'अपवर्त्तना करे" पुनः देव–नारक–अने असंख्य वर्षना आयुष्यवाळा युगलिक मनुष्यो तथा तिर्यंचो स्वआयुष्य छ मास शेष रह्ये छते परभवनुं आयुष्य बांधे छे. वळी मतांतरे " उत्कृष्टथी ६ मास शेष रह्ये अने जघन्यथी अन्तर्मुहूर्त शेष रह्ये नारकजीवो परभवनुं आयुष्य बांधे छे " ए प्रमाणे भगवतिजीमां १४ मा शतकना पहेला उद्देशामां कह्युं छे. पुनः निरुपक्रमी आयुष्यवाळा जीवो पोताना आयुष्यनो त्रीजो भाग बाकी रहे त्यारेज निश्चयथी परभवनुं आयुष्य बांधे छे. ए प्रमाणे बीजा केटलाक आचार्यो कहे छे. ( आ मतथी "६ मास शेष"नो नियम न रह्यो). तथा जेटलुं आयुष्य बाकी रह्ये परभवनुं आयुष्य बंधाय तेटलो अबाधा काळ कहेवाय, ते अबाधाकाळ व्यतीत थया बाद ज ते आयुष्य उदयमां आवी शके छे ॥ ९३ ॥ इति 'भवस्थिति स्वरूपम् ॥

१ अहिं शंका थाय के आयुष्य जो निकाचित(निरुपक्रमी)होय तो अपवर्त्तना (अल्पता) केम थाय ? अने जो अपवर्त्तना थाय तो ते निकाचित केम कहेवाय ? ए संबंधमां समजवानुं एज छे के आयुष्यना निकाचितबंध योग्य अध्यवसायो प्रत्येक स्थितिना अनुक्रमे असंख्य असंख्य गुणा छे, माटे निकाचित आयुष्य पण सर्व एक सरखुं नहि पण असंख्य तारतम्यतावाळुं छे–जेमां कोइक निकाचित आयुष्य अपवर्त्तना साध्य पण होय, ने कोइक निकाचितकर्म तपादिके करीने पण अपवर्त्तना साध्य न होय, इत्यादि विशेषता अनेक प्रकारे छे.

आयुष्यना संबंधे तत्त्वार्थसूत्रमां जुदी रीते भेद दर्शावेला छे ते आ प्रमाणे–आयुष्यना बे भेद छे तेमां पहेलुं 'अपवर्त्तनीय' अने बीजुं 'अनपवर्त्तनीय' आयुष्य, तेमां अपवर्त्तनीय आयुष्य 'सोपक्रम' ए एकज प्रकारनुं छे, अने अनपवर्त्तनीय आयुष्य 'सोपक्रमी' अने 'निरुपक्रमी' एम बे प्रकारनुं छे तेनी स्थापना—



कायस्थितिस्तु पृथिवी-कायिकादिशरीरिणाम् । तत्रैव कायेऽव-स्थानं, विपर्योत्पद्य चासकृत् ॥ ९४ ॥ इति कायस्थितिस्वरूपं ८ ॥ औदारिकं वैक्रियं च, देहमाहारकं तथा । तैजसं कार्मणं चेति, देहाः पञ्चोदिता जिनैः ॥ ९५ ॥ उदारैः पुद्गलैर्जातं, जिनदेहाद्यपेक्षया । उदारं सर्वतस्तुङ्ग-मिति चौदारिकं भवेत्॥९६॥ क्रिया विशिष्टा नाना वा, विक्रिया तत्र सम्भवम् । स्वाभाविकं लब्धिजं च, द्विविधं वैक्रियं भवेत् ॥ ९७ ॥ यत्तदेकमनेकं वा, दीर्घं ह्रस्वं महल्लघु । भवेद् दृश्यमदृश्यं वा, भूचरं वापि खेच-रम् ॥ ९८ ॥ आकाशस्फटिकस्वच्छं, श्रुतकेवलिना कृतम् । अ-नुत्तरामरेभ्योऽपि, कान्तमाहारकं भवेत् ॥ ९९ ॥ श्रुतावगा-हासामर्थ्य-पध्याद्यृद्धिः करोत्यदः । मनोज्ञाऽञ्जी चारणो वो-त्पन्ना-हारकलब्धिकः ॥ १०० ॥ तैजसं चोष्णताऽलिङ्गं, तेजोलेश्यादि-साधनम् । कार्मणानुगमाहार-परिपाकसमर्थकम् ॥१०१॥ अस्मा-त्तपोविशेषोत्थ-लब्धियुक्तस्य भूस्पृशः । तेजोलेश्यानिर्गमः स्या-दु-त्पन्ने हि प्रयोजने ॥१०२॥ तथोक्तं जीवाभिगमवृत्तौ—"सव्वस्स उम्हसिद्धं, रसाइआहारपागजणगं च । तेअगलद्धिनिमित्तं च तेअगं होइ नायव्वं ॥१०३॥" (सर्वस्योष्मसिद्धं, रसाद्याहारपाक-

---

५ तत्त्वार्थ सूत्रमां कहेला आयुष्यना भेदो वडे घणो स्पष्ट बोध थाय छे जेनो विस्तार श्री तत्त्वार्थनी वृत्ति तथा नवतत्त्व विस्तरार्थथी जाणवो.

पुनः जे अकाळ मृत्यु थाय छे ते 'काळ आयुष्य' जाणवुं. कारण के 'प्रदेश आयुष्य' (द्रव्यायुष्य) तो संपूर्ण भोगव्या विना क्षय थायज नहिं अने जे अपूर्ण आयुष्ये मरण पामवुं छे, ते तो आयुष्यनी स्थिति अपूर्ण थये होय छे. माटे अकाळमृत्यु 'काळ आयुष्यने अंगे' जाणवुं. विशेष विस्तार नवतत्त्वविस्तरार्थथी जाणवो.

जनकं च ॥ तैजसलब्धिनिमित्तं च, तैजसं भवति ज्ञातव्यं ) [सा० ६८ ] अस्मादेव भवत्येव, शीतलेश्याविनिर्गमः । स्याता च रोषतोषाभ्यां, निग्रहानुग्रहावितः ॥ १०४ ॥ तथोक्तं तत्त्वार्थवृत्तौ ॥ "यदोत्तरगुणप्रत्यया लब्धिरुत्पन्ना भवति तदा परं प्रति दाहाय विसृजति रोषविषाध्मातो गोशालादिवत्, प्रसन्नस्तु शीततेजसाऽनुगृह्णाती"ति (सा०६९) । क्षीरनीरवदन्योऽन्यं, श्लिष्टा जीवप्रदेशकैः । कर्मप्रदेशा येऽनन्ताः, कार्मणं स्यात्तदात्मकम् ॥ १०५ ॥ सर्वेषामपि देहानां, हेतुभूतमिदं भवेत् । भवान्तरगतौ जीव-सहायं च सतैजसम् ॥ १०६ ॥ नन्वेताभ्यां शरीराभ्यां, सहात्माऽऽयाति याति चेत् । प्रविशन्निर्यन्वाऽपि, कुतोऽसौ तर्हि नेक्ष्यते? ॥ १०७ ॥ अत्रोच्यते ॥ न चक्षुर्गोचरः सूक्ष्म-तया तैजसकार्मणे । ततो नोत्पद्यमानोऽपि, म्रियमाणोऽप्यसौ स्फुटः ॥१०८॥ तथोक्तं ॥ "अन्तरा भवदेहोऽपि, सूक्ष्मत्वान्नोपलभ्यते । निष्क्रामन् प्रविशन्वाऽपि, नाभावोऽनीक्षणादपि" ॥१०९॥ (सा०७०) स्वरूपमेवं पञ्चानां, देहानां प्रतिपादितम् । कारणादिकृतांस्तेषां, विशेषान् दर्शयाम्यथ ॥ ११० ॥

अर्थ—७ मं कायस्थिति द्वारम् ॥ पृथ्वीकायादि जीवो जे कायमां वारंवार मरण पामी त्यांज पुनः उत्पन्न थाय ए प्रकारे एकज कायमां जेटलो काळ अवस्थान (रहेवुं) थाय तेटलो काळ ते जीवनी स्वकायस्थिति कहेवाय ॥ ९४ ॥

॥ ८ मं शरीरद्वारम् ॥ हवे आठमुं शरीरद्वार कहेवाय छे—श्री जिनेश्वरोए औदारिक-वैक्रिय-आहारक-तैजस अने कार्मण ए प्रमाणे ५ शरीर कहेलां छे ॥९५॥ त्यां जिनेश्वरादि ( जिनेश्वर—केवलि—गणधर—चक्रवर्ति—वासुदेव—बळदेव इत्यादि ) महापुरुषोनी अपेक्षाए उदार—एटले सर्वमां प्रधान एवुं जे शरीर ते औदारिक शरीर, उदार—एटले उत्तम पुद्गलोवडे बनेलुं होय छे॥९६॥ तथा वि—विशिष्ट ( श्रेष्ठ ) अथवा अनेक प्रकारनी जे क्रिया—रचना ते विक्रि-

था, अने तेमां उत्पन्न थयेलुं जे शरीर ते वैक्रिय शरीर कहेवाय (ए व्युत्पत्त्यर्थ कह्यो). ते वैक्रिय शरीर स्वाभाविक अने लब्धिप्रत्ययिक एम बे प्रकारनुं छे. ॥९७॥ कारण के ए वैक्रिय शरीर एक थाय छे, अनेक थाय छे, दीर्घ (लांबु) थाय छे अने टुंकुं थाय छे, म्होटुं थाय छे अने नानुं थाय छे, दृश्य थाय छे अने अदृश्य थाय छे, तेमज जमीनपर चालनार थाय छे, अने आकाशमां उडनार थाय छे.॥९८॥ (ए प्रमाणे विविध प्रकारनी क्रियावाळुं वैक्रिय शरीर छे). तथा आकाश अने स्फटिकरत्न सरखुं निर्मळ, श्रुतकेवली (१४ पूर्वधर) मुनिए करेलुं, अने अनुत्तर विमानवासी देवोना शरीरनी कान्ति करतां पण अत्यंत मनोहर कांतिवाळुं आहारक शरीर होय छे ॥९९॥ श्रुतज्ञान (१४ पूर्वना ज्ञान) वडे प्राप्त थयेली आमर्षौषधि विगेरे लब्धिवाळा, मनःपर्यवज्ञानी, जंघाचारण अथवा विद्याचारणमुनि के जेओने आहारकलब्धि उत्पन्न थयेली होय ते मुनि आहारक शरीर रचे छे॥१००॥ तथा उष्णताना चिन्हवाळुं, तेजोलेश्या अने शीतलेश्या मूकवामां मूळकारणरूप, कार्मण देहनी साथेज रहेनारुं अने आहार पचाववामां समर्थ एवुं तैजस शरीर होय छे।१०१।तपादिकवडे उत्पन्न थयेली तेजोलब्धियुक्त जीवने कोइक प्रयोजन पडये छते ए तैजस देहमांथी तेजोलेश्यानुं निर्गमन (निकळवुं) थाय छे॥१०२। श्रीजीवाभिगमसूत्रनी वृत्तिमां आ प्रमाणे कह्युं छे के—" सर्वने उष्णता लिंगवाळुं, रसादि आहारने परिपक्व करनार, अने तेजोलेश्यारूप लब्धिनुं कारण तैजस शरीर छे एम जाणवुं " ॥ १०३ ॥

ए प्रमाणे शीतलेश्यानुं निर्गमन पण आ तैजस शरीरथीज होय छे, ए हेतुथी रोष वडे परनो निग्रह (उपघात) अने संतुष्ट थवाथी अनुग्रह, [उपकार] आ तैजस शरीरथीज थाय छे ॥ १०४ ॥ तत्त्वार्थवृत्तिमां पण तेमज कह्युं छे के—" ज्यारे उत्तरगुण प्रत्ययिक (तपादिकना निमित्त वडे) लब्धि उत्पन्न थाय छे, त्यारे बीजा जीव उपर दाह करवाने (तैजसदेह) मोकले छे जेम क्रोध वडे धमधमेल गोशाळानी पेठे, अने प्रसन्न थयो होय तो शीत तैजस वडे (शीतळता उपजाववादिक) अनुग्रह (उपकार) करे छे " ॥ १०५ ॥ तथा जे अनंत कर्मप्रदेशो साथे दूधमां रहेला जळनी माफक परस्पर जोडाइ

१ मनःपर्यवज्ञानीए पूछेला उत्तरो आपवा केवलि भगवान द्रव्यमननो प्रयोग करे छे परंतु सिद्धान्तवचन होवाथी आहारक शरीर विना पण संदेहनिवृत्ति थइ शके छे. तोपण तीर्थंकर ऋद्धिदर्शनादि हेतुने लइने करवामां दोषापत्ति नथी. चारणमुनिना संबंधमां सूक्ष्मबुद्धिथी विचारवुं.

रह्या छे ते कर्मप्रदेशात्मक ( १५८ कर्मना प्रदेशोनो जे पिंड ते ज ) कार्मणशरीर कहेवाय छे. ॥ १०६ ॥ आ कार्मण शरीर सर्वशरीरनी ( पांचे शरीरनी ) उत्पत्तिमां मूळ कारण रूप छे, वळी बीजा भवमां जतां जीवने तैजससहित सहाय करनार छे. अर्थात् जीवने परभवमां लइ जनार कार्मण शरीर छे, ने ते सदाकाळ तैजसशरीर सहित ज होय छे, पण एकलुं कदी होतुं नथी. ॥ १०७ ॥

प्रश्न— आत्मा जो ए बंने शरीर सहित परभवमां जाय छे तो मृतशरीरमांथी निकळतो, अने उत्पत्तिस्थानमां प्रवेश करतो आ जीव शा माटे देखातो नथी ? ॥ १०८ ॥

उत्तर— तैजस अने कार्मण शरीर अतिसूक्ष्म होवाथी चक्षुगोचर थइ शकता नथी अने ते कारणथीज उत्पन्न थतो वा मरण पामतो आ आत्मा पण प्रत्यक्ष देखातो नथी. ॥१०९॥ अन्य शास्त्रकर्त्ताओए पण कह्युं छे के—एकभवथी बीजा भवमां जतां तेना अंतरालमां ( वचमां ) आत्मा संसारना कारणभूत शरीरवाळो छतां पण सूक्ष्मपणाने लइने निकळतो अथवा प्रवेश करतो देखातो नथी, ए रीते नहि देखाता छतां पण आत्मानो अभाव न जाणवो. ॥ ११० ॥

संजातं पुद्गलैः स्थूलै-र्देहमौदारिकं भवेत् । सूक्ष्मपुद्गलजातानि, ततोऽन्यानि यथोत्तरम् ॥ १११ ॥ इति कारणकृतो विशेषः ॥ यथोत्तरं प्रदेशैः स्यु-रसंख्येयगुणानि च । आतृतीयं ततोऽनन्तगुणे तैजसकार्मणे ॥ ११२ ॥ इति प्रदेशसंख्याकृतो विशेषः॥ आद्यं तिर्यग्मनुष्याणां, देवनारकयोः परम् । केषाञ्चिल्लब्धिमद्वायुसंज्ञितिर्यग्नृणामपि ॥ ११३ ॥ आहारकं सलब्धीनां, स्याच्चतुर्दशपूर्विणाम् । सर्वसंसारिजीवानां, ध्रुवे तैजसकार्मणे ॥ ११४ ॥ तत्त्वार्थभाष्ये तूक्तं—"एके त्वाचार्या नयवादापेक्षं व्याचक्षते—कार्मणमेवैकमनादिसंबन्धं, तेनैवैकेन जीवस्याऽनादिः संबन्धो भवतीति, तैजसं तु लब्ध्यपेक्षं भवति, सा च तैजसलब्धिर्न सर्वस्य, कस्यचिदेव भवति, एतट्टीकालेशोऽपि—एवमेकीयमतेन प्रत्याख्यातमेव तैजसमनादिसंबन्धतया, सर्वस्य चेति, या पुनरभ्यवहृताहारं प्रति पाचनशक्तिः विनाऽपि लब्ध्या सा तु कार्मणस्यैव भविष्यति,

कर्मोष्मत्वात्, कार्मणं हीदं शरीरमनेकशक्तिगर्भत्वादनुकरोति विश्वकर्मणः, तदेव हि तथासमासादितपरिणति व्यपदिश्यते यदि तैजसशरीरतया ततो न कश्चिद्दोष इति"। ( सा० ७१ ) अत्र भूयान् विस्तरोऽस्ति, स तु तत्त्वार्थवृत्तेरवसेय इति ॥

अर्थ—ए प्रमाणे पांचे शरीरनुं स्वरूप कह्युं, अने हवे ते शरीरोना कारणादिकृत ( कारण वगेरेथी थता ) जे विशेष ( परस्पर तफावत ) ते दर्शावीए छीए.

## ५ शरीरमां कारणादिवडे थयेलो भेद

१ कारणभेदः— औदारिक शरीर स्थूल ( बादर ) पुद्गलोवडे रचायलुं छे, अने ते शिवायनां बीजां वैक्रियादिशरीर अनुक्रमे ( वै०—आहा०—तै०—का० ) अधिकाधिक सूक्ष्मपुद्गलनां बनेलां छे. ( अर्थात् औदा०थी वै०, वै० थी आहा०, अने आहा०थी तैजस, अने तै०थी कार्मण अधिक अधिक सूक्ष्मपुद्गलोनुं बनेलुं छे. अहिं कारणमां शरीर जे पुद्गलोनुं बनेलुं छे ते पुद्गलो जाणवां. ) ॥१११॥ कारणकृत तफावत कह्यो.

२ [1]प्रदेशसंख्याकृत भेद— त्रीजा शरीरसुधीनां शरीर अनुक्रमे प्रदेशोवडे असंख्यगुण छे तेथी तैजसने कार्मण अनंतगुण छे. ॥११२॥ ए प्रमाणे प्रदेशोनी संख्याथी बनेलो तफावत जाणवो.

३ स्वामिकृतभेद—पहेलुं औदारिक शरीर सर्वतिर्यंच अने सर्वमनुष्यने होय छे, अने वैक्रियशरीर देव तथा नारकने तथा केटलाएक वै० लब्धिवंत वायु ( बादर पर्याप्तवायुकाय )—संज्ञितिर्यंच—अने संज्ञिमनुष्योने पण होय छे. ॥११३॥ वळी ( आमर्षौषध्यादिक तथा आहा० ) लब्धिवंत केटलाएक चौद पूर्वधर मुनिराजने आहारक शरीर होय छे, अने तैजस तथा कार्मण शरीर सर्वसंसारी जीवोने ( मोक्षे जता सुधी ) सर्वकाळ निश्चयथी होय छे. ॥ ११४ ॥

तत्त्वार्थभाष्यमां तो कह्युं छे के—केटलाएक आचार्य नयवादनी अपेक्षाए कहे छे के—एक कार्मणशरीरज जीवनी साथे अनादि काळथी संबंधवाळुं छे, माटे अनादि संबंध जीवने एक कार्मण शरीरनी साथेज छे, अने तैजस शरीर तो

१ भावार्थ आ प्रमाणे—औदारिक अल्पपुद्गलोनुं बनेलुं छे, तेथी वैक्रिय असंख्यगुणपुद्गलोनुं, तेथी आहारक असंख्यगुण पुद्गलोनुं, तेथी तैजस अनन्तगुणपुद्गलोनुं, अने तेथी कार्मण शरीर अनन्तगुण पुद्गलोनुं बनेलुं छे.

लब्धिनी अपेक्षावाळुं छे,अने ते तैजसलब्धि तो सर्वने नहि पण कोइकने ज होय छे" ए भाष्यनी टीकामां जे कह्युं छे ते पण किंचित् दर्शावाय छे ते आ प्रमाणे– " ए प्रमाणे केटलाएक आचार्यने मते तैजस शरीर अनादिसंबंधपणे होवानो अने सर्व जीवने होवानो निषेध कर्यो,वळी ग्रहण करेला आहारनी (तैजस)लब्धि-विना पण जे पाचनशक्ति ते तो कर्मनुं उष्णपणुं होवाथी (कर्म उष्ण होवाथी) कार्मण शरीरनीज होइ शके, निश्चयथी आ कार्मणशरीर अनेक (विचित्र) शक्ति-वाळुं होवाथी सर्व कार्य करी शके छे. तेवा प्रकारना प्राप्त थयेल ( पाचनशक्तिना ) परिणामवाळुं जे कार्मण शरीर तेनेज जो तैजस शरीर कहीये तो कोइ जातनो दोष नथी " आ संबंधमां घणो विस्तार छे ते तत्त्वार्थवृत्तिथी जाणवो.॥ ११४ ॥

**युगपच्चैकजीवस्य, द्वयं त्रयं चतुष्टयम् । स्यादिहानां न तु पञ्च, नाप्येकं भववर्त्तिनः ॥ ११५ ॥ वैक्रियस्याहारकस्या-सत्त्वादेकस्य चैकदा । न पञ्च स्युः सदा सत्त्वा-दन्त्ययोर्नैकमप्यदः ॥ ११६ ॥ स्यादेकमपि पूर्वोक्त-मतान्तरव्यपेक्षया । भवान्तरं गच्छतस्त-न्मते स्यात्कार्मणं परम् ॥ ११७ ॥ इति स्वामिकृतो विशेषः ॥ आद्यस्य तिर्यगुत्कृष्टा, गतिरारुचकाचलम् । जङ्घाचारणनिर्ग्रन्था-नाश्रित्य कलयन्तु ताम् ॥ ११८ ॥ आनन्दीश्वरमाश्रित्य, वि-द्याचारणखेचरान् ।ऊर्ध्वं चापण्डकवनं,तद्द्वयापेक्षया भवेत्॥११९॥ विषयो वैक्रियाङ्गस्यासंख्येया द्वीपवार्धयः । महाविदेहा विषयो, ज्ञेय आहारकस्य च ॥ १२० ॥ लोकः सर्वोऽपि विषय-स्तुर्यप ञ्चमयोर्भवेत् । भवाद्भवान्तरं येन, गच्छतामनुगे इमे ॥१२१॥ इति विषयकृतो भेदः ।[स्वामिकृत भेद बतावे छे]**

अर्थ–एक जीवने समकाळे बे त्रण अथवा चार शरीर होय, परन्तु पांच शरीर अथवा एक शरीर कोइपण जीवने न होय, ॥११५॥ कारणके एक जीवने एकीवखते वैक्रिय अने आहारक ए बे शरीर न होवाथी पांच शरीर एकी काळे न होय तेमज अन्त्यनां बे शरीर ( तैजस अने कार्मण ) सदा काळ होवाथी ए एक शरीर पण होतुं नथी. ॥ ११६ ॥ वळी पूर्वोक्त ( तत्त्वार्थभाष्यमां कहेला )

मतान्तरनी अपेक्षाए एक जीवने एक शरीर पण होय, कारणके तेओने मते परभवमां जता जीवने मार्गमां केवळ अगर बीजु (तैजस–कार्मण ए बेनी अपेक्षाए बीजु अने सर्व शरीरनी अपेक्षाए पांचमुं) कार्मण शरीर होय. ॥११७॥ ए स्वामि सम्बन्धि तफावत कह्यो.

४ विषयकृत भेद—पहेला औदारिक शरीरनी उत्कृष्टगति रुचक पर्वत (के जे १३ मा रुचक द्वीपमां छे) सुधी छे, अने ते गति जंघाचारण मुनिनी अपेक्षाए जाणवी. ॥ ११८ ॥ तथा विद्याचारण मुनि अने विद्याधरोनी अपेक्षाए ८ मा नंदीश्वर द्वीपसुधी जाणवी, ए तिर्यग्गतिनो विषय कह्यो, अने ऊर्ध्वगति ते बन्नेनी अपेक्षाए (मेरु पर्वतना शिखर उपर रहेला) पांडुकवन सुधीनी छे. ॥ ११९ ॥ वैक्रिय शरीरनो (तिर्यग्) गतिविषय असंख्य द्वीपसमुद्र सुधीनो छे, अने आहारक शरीरनो तिर्यग्गतिविषय महाविदेह सुधी छे. ॥१२०॥ तथा चोथा अने पांचमा शरीरनो (तै०का०नो ऊर्ध्वाधस्तिर्यग्) गतिविषय सर्व लोक (१४ राज) प्रमाण छे, कारणके एक भवथी बीजा भवमां जता जीवोने आ बे शरीर साथेज जनारां होय छे. ॥१२१॥ए विषयकृतभेद कह्यो.

**धर्माधर्मार्जनं सौख्य-दुःखानुभव एव च। केवलज्ञान मुक्त्यादिप्राप्तिराद्यप्रयोजनम् ॥ १२२ ॥ एकानेकत्वसूक्ष्मत्व-स्थूलत्वादि नभोगतिः। संघसाहाय्यमित्यादि, वैक्रियस्य प्रयोजनम् ॥ १२३ ॥ सूक्ष्मार्थसंशयच्छेदो, जिनेन्द्रर्द्धिविलोकन-**

---

१ जंघाना बळथी गगनमां गति करवानी लब्धिवाळा मुनि ते जंघाचारण मुनि कहेवाय, विशिष्ट तपना आराधनथी मुनिने आ लब्धि थाय छे.

२ विद्याना (श्रुतपाठना) बळथी गगनमां गति करवानी शक्तिवाळा मुनि विद्याचारण मुनि कहेवाय.

३ वै० शरीरनो ऊर्ध्वाधोगतिविषय उत्पत्तिनी अपेक्षाए अनुत्तरथी सातमी पृथ्वी सुधी अने गमनागमनक्रियाने आश्रयि ४ थी पृथ्वीथी अच्युत सुधी (देवोनी अपेक्षाए) जाणवो.

४ आहारकनो ऊर्ध्वगतिविषय तथा अधोगतिविषय जो के बताव्यो नथी तो पण लगभग केटलाएक योजन संभवे ते पण कर्दी अपेक्षाए अथवा कुबडी विजय के जे समभूतलाथी लगभग एक हजार योजन ऊंडी छे त्यां रहेला तीर्थंकर पांसे जवा आश्रयीमां उर्ध्वाधोगतिविषयविचारयो अने कहेलो तिर्यग्विषय भरत ऐरवतक्षेत्रनी अपेक्षाए छे,

म । ज्ञेयमाहारकस्यापि, प्रयोजनमनेकधा ॥ १२४ ॥ यदाहुः—
" तित्थयररिद्धिदंसण-सुहुमपयत्थावगाहहेउं वा । संसयवोच्छे-यत्थं,गमणं जिणपायमूलंमि॥१२५॥ (तीर्थंकरर्द्धिदर्शनसूक्ष्मपदार्थावगाहहेतोर्वा ।संशयव्युच्छेदार्थं गमनं जिनपादमूले)[सा०७२] शापानुग्रहयोः शक्तिर्भुक्तिपाकः प्रयोजनम् । तैजसस्य,कार्मणस्य, पुनरन्यभवे गतिः ॥१२६॥ इति प्रयोजनकृतो विशेषः ॥ उत्कर्षतः सातिरेकसहस्रयोजनप्रमम् ।औदारिकं, वैक्रियं साधिकैकलक्षयोजनम्॥१२७॥आहारकं हस्तमानं,लोकाकाशमिते उभे । समुद्घाते केवलिनः,स्यातां तैजसकार्मणे ॥१२८॥ अवगाढं प्रदेशेषु, स्वल्पेष्वाहारकं किल । ततः संख्यगुणांशस्थमुरुकमौदारिकं स्मृतम् ॥१२९॥ ततोऽपि संख्यगुणितदेशस्थं गुरु वैक्रियम् । समुद्घातेऽर्हतोऽन्त्ये द्वे,सर्वलोकावगाहके॥१३०॥दीर्घे मृत्युसमुद्घाते, तूत्पत्तिस्थानकावधि । अन्यदा तु यथास्थानं,स्वस्वदेहावगाहिनी॥१३१॥

अर्थ—५ प्रयोजनकृत भेदः—धर्म अने अधर्म उपार्जन करवा, सुख अने दुःख भोगववुं तथा केवलज्ञान अने मोक्ष वगेरेनी जे प्राप्ति तेमां आ प्रथम औदारिक शरीर कारणरूप छे, ॥ १२२ ॥ तथा एक थवुं, अनेक थवुं, सूक्ष्म थवुं, बादर थवुं, गगनमार्गमां गति करवी, अने संघने सहाय करवी इत्यादि कार्योमां वैक्रियशरीर कारणरूप छे.॥१२४॥ तथा शास्त्रना सूक्ष्म अर्थनो संदेह भागवामां, जिनेश्वरनी (समवसरणादि देवकृत) ऋद्धि देखवामां, इत्यादि अनेक कार्यमां आहारकशरीर कारणरूप छे ॥१२४॥ कह्यु छे, के—"तीर्थंकरनी ऋद्धि देखवाने, सूक्ष्मपदार्थनो बोध करवाने, अथवा सूक्ष्म अर्थनो संशय छेदवाने अर्थे श्री जिनेश्वरना चरणकमळमां आहारकशरीरनुं गमन होय छे." ॥१२५॥ श्राप आपवा अने वरदान देवानी शक्ति,तथा भोजनने पचाववुं ए मुख्य फल तैजस शरीरनुं छे, अने परभवे गति करवी ए मुख्यफल कार्मण शरीरनुं छे. ॥ १२६ ॥ ए प्रयोजनसम्बन्धि तफावत कह्यो.

६ अवगाहनाकृत भेद— औदारिक शरीरनी उंचाइ १००० योज-

नथी कंइक अधिक होय छे, वैक्रियशरीरनी उंचाइ एक लाख ( १००००० ) योजनथी कंइक अधिक होय छे, ॥ १२७ ॥ आहारकशरीरनी उंचाइ १ हाथ प्रमाण होय छे, अने तैजस तथा कार्मण ए बे शरीरनी अवगाहना केवली-भगवानने समुद्घात समये संपूर्ण लोकाकाश प्रमाण होय छे. ॥१२८॥ हवे बीजी रीते कयुं शरीर केटला आकाशप्रदेशमां अवगाह करी शके ( समाइ शके ) ते कहे छे— आहारक शरीर सर्वथी अल्प आकाशप्रदेशमां रही शके, तेथी संख्यातगुण आकाशप्रदेशमां उत्कृष्ट औदारिक शरीर समाय एम कहेलुं छे ॥१२९॥ तेथी पण संख्यात गुण आकाशप्रदेशमां उत्कृष्ट वैक्रियशरीर रही शके, अने केवलि समुद्घातमां छेल्लां बे शरीर ( तै०का० ) संपूर्ण लोकाकाशमां ( एटले उ०वै०थी असंख्य गुण प्रदेशमां ) अवगाह करी रहे छे. ॥ १३० ॥

पुनः ए तैजस कार्मणनी अवगाहना उत्कृष्ट मृत्युसमुद्घात वखते एटले मरण पामीने घणे दूर क्षेत्रमां उपजतां उत्पत्तिस्थानसुधी दीर्घश्रेणिए १४ राज सुधी होय छे, अने मरण समुद्घात सिवायना वखतमां ए बे शरीरनी अवगाहना स्वस्वभवधारणीय (औदा० वै०) देह जेटली यथासंभव होय छे, ॥१३१॥

मरणान्तसमुद्घातं, गतानां देहिनां भवेत्। यावत्येकेन्द्रियादीनां,

१ प्रमाणांगुलवडे १००० योजन उंडा समुद्रादिजलाशयोमां ज्यां उत्सेधांगुलवडे १००० योजन उंडाइ होय तेवे स्थाने कमळ विगेरे उगेली वनस्पति जळथी जेटली उपर आवीने रहे तेटली अधिकता जाणवी. अने औदा० नी उत्कृ० उंचाइ पण त्यां ज कमळविगेरेनी जाणवी.

२ मनुष्य अने देव ए बन्ने उत्तरवैक्रिय रचे तो शीर्षभागे सरखा आवे, परन्तु देवभूमिथी चार अंगुल उंचा रहेवाथी रचना करतां मनुष्यनुं उत्त० वै० ४ अंगुल अधिक होय छे, एज अधिकता.

३ उत्पत्तिकाल सिवाय आहा० नी जघ० अने उत्कृष्ट बन्ने अवगाहना १ हाथ प्रमाण ज छे,

४ कारणके १ हाथ जेटला आकाशमांज रही शके छे.

५ कारणके १००० योजन जेटला आकाशमां औदा० रहे छे अने ते १ हाथथी १००० योजन संख्यातगुणाज छे. (चोवीशलाख गुणा छे)

६ कारणके १००० योजनथी १००००० योजन संख्यातगुणा(सोगुणा)छे; आ अवगाहनाओमां वस्तुतः अवगाहनाना क्षेत्रफळमां आवेला आकाशप्रदेशोनी संख्यानुं अल्पबहुत्व छे तोपण उंचाइनुं अल्पबहुत्व मळतुं आववाथी उंचाइने अनुसारे क्षेत्रफळगत आकाशप्रदेशनुं अल्पबहुत्व समजावयुं छे.

तैजसस्यावगाहना ॥ १३२ ॥ ब्रवीमि तां जिनप्रोक्तस्वरूपां सोपपत्तिकम् । भाव्यैवं कार्मणस्यापि, सोभयोः साहचर्यतः ॥ १३३ ॥ युग्मम् ॥ स्वस्वदेहमिता व्यासस्थौल्याभ्यां सर्वदेहिनाम् । मरणान्तसमुद्घाते, स्यात्तैजसावगाहना ॥ १३४ ॥ आयामतो विशिष्येत, तत्रैकेन्द्रियदेहिनाम् । अङ्गुलासंख्येयभागप्रमाणा सा जघन्यतः ॥ १३५ ॥ उत्कर्षतश्च लोकान्तालोकान्तं यावदाहिता । एकेन्द्रियाणां जीवानामेवमुत्पत्तिसंभवात् ॥१३६॥ सामान्यतोऽपि जीवानां, विभाव्यैवमपेक्षया । लोकान्तावधि लोकान्तात्तैजसस्यावगाहना॥१३७॥अङ्गुलासंख्यभागेन, प्रमिताऽथ जघन्यतः। निर्दिष्टा विकलाक्षाणां, तैजसस्यावगाहना ॥१३८॥ तिर्यग्लोकाच्च लोकान्तावधि तेषां गरीयसी । संभवो विकलाक्षाणां, यत्तिर्यग्लोक एव हि॥१३९॥अधोलोकेऽप्यधोलोकग्रामेषु दीर्घिकादिषु । ऊर्ध्वं च पाण्डकवनवर्त्तिवापीह्रदादिषु ॥१४०॥ संभवो विकलाक्षाणां, यद्यप्यस्ति तथापि हि । सूत्रे स्वस्थानमाश्रित्य, तिर्यग्लोको निरूपितः ॥१४१॥ तत उक्ताऽतिरिक्ताऽपि, विकलानां भवत्यसौ । अधोग्रामात्पाण्डकाच्च, लोकाग्रान्ता गरीयसी ॥ १४२ ॥

॥ हवे मरण समुद्घात वखते सर्व जीवोने तै० का०नी अवगाहना ॥

अर्थः—मरणांतसमुद्घातने प्राप्त थयेला एकेन्द्रियादि जीवोनी तैजसनी केटली अवगाहना होय ॥ १३२ ॥ ते श्रीजिनेश्वरे कहेला स्वरूपने अनुसारे उपपत्ति पूर्वक ( युक्तिपुरःसर ) कहुं छुं अने ते बन्ने शरीरनुं साथे रहेवा पणु होवाथी कार्मणनी पण ते प्रमाणेज अवगाहना जाणवी. ॥ १३३ ॥ मरण समुद्-

१ जीवने मरण पामवाने अन्तर्मुहूर्त्त केटलो काळ बाकी रहे ते वखते मरण स्थानथी उत्पत्ति स्थान सुधी जीव प्रथम पोताना आत्माने लंबावे छे, अने पुनः सङ्कोच पामी मूळ देहमां आवी जाय छे, ते क्रिया मरणसमुद्घात कहेवाय छे के जेनुं स्वरूप आगळ विस्तारथी समुद्घातद्वारमां आवशे.

पाम वखते तैजस शरीरनी अवगाहना पहोळाइमां अने जाडाइमां तो सर्व प्राणीओने पोत पोताना भवधारणीय शरीर जेटलीज छे, ॥१३४॥ परन्तु दीर्घतामां-लंबाइमां तफावत छे ते आ प्रमाणे— ( मरण समुद्घातमां ) एकेन्द्रिय जीवोने तैजसनी अवगाहना जघन्यथी अंगुलना असंख्यातमा भाग प्रमाणनी छे. ॥१३५॥ अने उत्कृष्टथी लोकना एक छेडाथी बीजा छेडा सुधी (१४ राज प्रमाण ) लांबी कहेली छे, कारणके एकेन्द्रियजीवोनी उत्पत्ति ए प्रमाणेज (एटले सातमी पृथ्वीमां रहेलो सूक्ष्म पृथ्विकायादि जीव मरण पामीने ऊर्ध्व लोकने अन्ते सू० पृथ्व्यादिपणे उपजे ते अनुसारे) छे ॥१३६॥ (ए हेतुथी प्रथम जे)सर्व जीवोनी सामान्यपणे तैजसनी अवगाहना लोकना एक छेडाथी बीजा छेडासुधी(कही)छे ते पण आ एकेन्द्रिय जीवोनी अपेक्षाए ज जाणवी. ॥१३७॥तथा विकलेन्द्रियोनी तै०नी-जघ० अवगाहना अंगुलना असंख्यातमा भागप्रमाणनी दर्शावी छे. ॥ १३८ ॥ अने तेओनी उत्कृष्ट अवगाहना तिर्यग्लोकथी लोकना छेडासुधीनी छे कारणके विकलेन्द्रियोनी उत्पत्ति मात्र तिर्यग्लोकमांज छे, ॥१३९॥ जो के अधोलोकमां पण अधोग्रामने विषे वावडीओ विगेरेमां, अने ऊर्ध्वलोक पांडुकवनमां रहेली वाव तथा द्रहो विगेरेमां ॥ १४० ॥ विकलेन्द्रिय जीवोनी उत्पत्ति छे परन्तु सिद्धांतमां स्वस्थाननी अपेक्षाए ( एटले विशेषतः उत्पत्तिस्थान तिर्यग्लोक ज छे माटे ) तेओनुं उत्पत्तिस्थान तिर्यग्लोकज कहेल छे. ॥ १४१ ॥ अने ए कारणथी ( अधोग्राम अने पांडुकवनमां पण उत्पत्ति होवाथी ) तेओनी उत्कृष्ट अवगाहना अधोग्रामथी अने पांडुकवनथी लोकना छेडा सुधी पण गणी शकाय ॥ १४२ ॥

**सातिरेकं योजनानां, सहस्रं स्याज्जघन्यतः। नारकाणां तैजसाव-**

१ मूळदेहमांथी आत्मा ज्यारे बहार निकळी उत्पत्ति स्थान सुधी लंबाय छे, ते वखते आत्मप्रदेशोनी श्रेणि मूळदेह जेटली ज पहोळी अने जाडी होय छे.

२ मेरु पर्वतनी तळाटीथी [ समभूतलापृथ्वीथी ] पश्चिममहाविदेहनो १६ विजयोनी भूमि कंइक कंइक नीची उतरती गइ छे तेथी पश्चिममहाविदेहनी छेल्ली बे विजय मेरुनी तळेटीनी सपाटीथी १००० जोजन नीचा प्रदेशमां आवेली छे, अने तीर्च्छालोकनी मर्यादा नीचे ९०० जोजन सुधी छे, माटे ए बे विजयनी भूमि अधोग्राम तरीके गणाय छे.

३ मेरुपर्वत १ लाख योजन उंचो होवाथी तेना शिखरपर आवेलुं पांडुकवन पण ऊर्ध्वलोकमां ज गणाय.

गाहना साऽथ भाव्यते ॥१४३॥ सन्ति पातालकलशाश्चत्वारोऽब्धौ चतुर्दिशम् । अधो लक्षं योजनानामवगाढा इह क्षितौ ॥ १४४ ॥ सहस्रयोजनस्थूलकुड्यास्तेषां च निश्चिते । अधस्तने तृतीयांशे, वायुर्वर्त्तते केवलम् ॥ १४५ ॥ मध्यमे च तृतीयांशे, मिश्रितौ सलिलानिलौ । तथोपरितने भागे, तृतीये केवलं जलम् ॥१४६॥ ततश्च ॥ सीमन्तकादिनरकवर्ती कश्चन नारकः । पातालकलशासन्नो, मरणान्तसमुद्धतः ॥ १४७ ॥ कुड्यं पातालकुम्भानां. विभिद्योत्पद्यते यतः । मत्स्यत्वेन तृतीयांशे, मध्यमे चरमेऽपि वा ॥ १४८ ॥ तस्मादर्वाक् तु नैवास्ति, तिर्यग्मनुजसंभवः । उत्पत्तिर्नारकाणां च, न तिर्यग्मनुजौ विना॥१४९॥ उत्कर्षतस्त्वधो यावत्सप्तमीं नरकावनीम् । नारकाणामेतदन्तं, स्वस्थानस्थितिसंभवात् ॥ १५० ॥ तिर्यक्स्वयम्भूरमणसमुद्रावधि सा भवेत् । नारकाणां तत्र मत्स्यादित्वेनोत्पत्तिसंभवात् ॥१५१ ऊर्ध्वं च पण्डकवनस्थायितोयाश्रयावधि । अत ऊर्ध्वं तु कुत्रापि, नृतिर्यक्संभवोऽस्ति न ॥ १५२ ॥ पञ्चेन्द्रियतिरश्चां च, जघन्या परमाऽपि च । विकलेन्द्रियवज्ज्ञेया, तैजसस्यावगाहना ॥१५३॥ अङ्गुलासंख्येयभागमात्रा नृणां जघन्यतः । उत्कर्षतश्च नृक्षेत्राल्लोकान्तावधि कीर्तिता ॥ १५४ ॥ (नारकाणां तैजसावगाहना)

अर्थ—नारकजीवोनी तैजस अवगाहना जघन्यथी एक हजार ( १००० ) योजनथी कंइक अधिक छे. ते केवी रीते ? ते दर्शावाय छे ॥ १४३ ॥ लवण समुद्रमां चारे दिशाए नीचे आ (रत्नप्रभा) पृथ्वीमां १ लाख योजन उंडा दटायला चार पातालकलश छे. ॥ १४४ ॥ अने तेओनी एक हजार ( १००० )

१ कळशना आकारनां पृथ्वीमां शाश्वत खाड(पोलाण)छे, अने ते पातालमां रहेला होवाथी एनुं नाम पातालकळश छे.

योजन जाडी ठीकरी छे, ते कळशोना निश्चय करेला नीचेना त्रीजा भागमां एकलो वायु छे, ॥ १४५ ॥ अने वचला त्रीजा भागमां जळ अने वायु बे मिश्रित छे, तथा उपरना त्रीजा भागमां एकलुं जळ छे, ॥१४६॥ अने तेथी सीमंतकादि नरकावासमां रहेलो कोइक नारकी जीव पातालकळशनी नजीक रहीने मरण-समुद्घातने प्राप्त थयो छतो ॥ १४७ ॥ पातालकळशनी ठीकरी भेदीने मध्यना अथवा उपरना त्रीजाभागमां मत्स्यपणे उत्पन्न थायछे॥१४८॥कारणके मध्यलुनीपांसथी अर्वाक् ( नीचे ) मनुष्य अथवा तिर्यंच पंचेन्द्रिय होता नथी अने नारकजीवनी उत्पत्ति मनुष्य के तिर्यंचविना बीजा कोइ जीवपणे होती नथी ( माटे नारकनी जघ०तै०अवगाहना नीचे किंचित् अधिक १००० योजन प्रमाण छे.)॥ १४९ ॥ तथा नीचे नारकनी उत्कृष्ट तैजसअवगाहना ( तिर्यग् लोकथी ) ७ मी तमतमा-पृथ्वी सुधीनी छे, कारणके नारकी जीवोने छेल्लामां छेल्लुं पोतानुं स्थान ए सातमी पृथ्वी ज छे, ॥१५० ॥ तथा नारकजीवनी तिर्यक् तैजस अवगाहना स्व-यंभूरमणसमुद्रसुधी छे, कारणके नारकजीवो त्यां मत्स्यादिपणे उत्पन्न थाय छे. ॥ १५१ ॥ तथा नारक जीवोनी ऊर्ध्व तैजस अवगाहना पांडुकवनमां रहेल जला-शय सुधी छे, अने त्यांथी आगळ तो कोइपण स्थाने मनुष्य अने तिर्यंचपंचेन्द्रि-यनी उत्पत्ति छेज नहि. ए प्रमाणे नारकजीवोनी ऊर्ध्व अधो अने तिर्यक् तैजस अवगाहना जघन्यथी अने उत्कृष्टथी कही. ॥ १५२ ॥तिर्यग्मनुष्यावगाहना —

पंचेन्द्रियतिर्यंचनी जघन्य अने उत्कृष्ट तैजस अवगाहना विकलेन्द्रियवत् जाणवी. ॥ १५३ ॥ तथा मनुष्योनी जघ० तैजसअवगाहना अंगुलना असंख्या-तमाभागजेटली अने उत्कृष्ट मनुष्यलोकथी लोकना छेडासुधीनी कहेली छे. ॥१५४॥

**भवनव्यन्तरज्योतिष्काद्यद्विस्वर्गनाकिनाम् । अङ्गुलासंख्येय-भागमाना ज्ञेया जघन्यतः ॥ १५५ ॥ ममत्वाभिनिविष्टानां, स्व-**

---


१ कळशनी १ लाख योजननी उंडाइना ३ भाग करतां दरेक भाग ३३३३३ $\frac{१}{३}$ योजन प्रमाण थाय तेटला भागमां.

२ साते नारकना सर्व मळी ४९ प्रतरमां ४९ इन्द्रक(मुख्य) नरकावास छे, तेमांनो पहेलो सीमन्तक नरकावास पहेली रत्नप्रभा पृथ्वीमां पहेला प्रत-रनो छे. नरकावास एटले अनेक नारकीओने उपजवानो एक विभाग

३ मनुष्य जे स्थाने मरण पामे तेज स्थाने अन्यजीवपणे उत्पन्न थतां जघ० तथा लोकने छेडे एकेन्द्रियपणे उत्पन्न थतां उत्कृ० तै० अव० थाय.

नारकोनां जघन्य तैजसावगाहना विषे

पाताल कलश चित्रम ५१




लवण समुद्रना मध्यमां

१ आ पाताल कलश एक लाख योजन जमीनमां ऊंडो छे. तेवा चारे दिशामां ४ पाताल कलश छे.

२ पाताल कलशनी ठीकरी एक हजार योजन जाडी छे.

३ नीचेना त्रीजा भागमां केवल वायु छे ४ मध्य तृतीयांशमां वायु जल मिश्र छे.

५ उपरना तृतीयांशमां केवल जल छे. ६ पाताल कलशनी पासे रहेलो नारकी जीव

७ पाताल कलश मध्येना मध्य तृतीयांशमां भींतनी समीपमां उत्पन्न थयेल मत्स्य, तेवी जरीते उपरना तृतीयांशमां पण उत्पन्न थई शके, त्यां पण तेटलीज अवगाहना थाय

आनन्द प्री. प्रेस—भावनगर.

रत्नाभरणादिषु । पृथिव्यादितया तेषां, तत्रैवोत्पत्तिसंभवात् ॥ १५६ ॥ उत्कर्षतस्त्वधः शैलानरकक्ष्मातलावधि । गतानां तत्र केषांचित्तेषां मरणसंभवात् ॥ १५७ ॥ तिर्यक्स्वयम्भूरमणापरांतवेदिकावधि । ऊर्ध्वं तथेषत्प्राग्भारापृथिव्यूर्ध्वतलावधि ॥ १५८ ॥ एतावदन्तं पृथिवीकायत्वेन समुद्भवात् । ततः परं च पृथिवीकायादीनामसंभवात् ॥ १५९ ॥ सनत्कुमारकल्पादिदेवानां स्याज्जघन्यतः । अङ्गुलासंख्येयभागमाना सैवं विभाव्यते ॥१६०॥ देवाः सनत्कुमाराद्या, उत्पद्यन्ते स्वभावतः । गर्भजेषु नृतिर्यक्षु, ध्रुवं नैकेन्द्रियादिषु॥ १६१ ॥ यदा सनत्कुमारादिसुधाभुग्मंदरादिषु । दीर्घिकादौ जलक्रीडां, कुर्वाणः स्वायुषः क्षयात् ॥ १६२ ॥ उत्पद्यते मत्स्यतया, स्वात्यासन्नप्रदेशके । तदा जघन्या स्यादस्य, यद्वैवं सम्भवत्यसौ ॥ १६३ ॥ पूर्वसंबन्धिनीं नारीमुपभुक्तां महीस्पृशा। कश्चित्सनत्कुमारादिर्देवः प्रेमवशीकृतः ॥ १६४ ॥ तदवाच्यप्रदेशे स्वमत्राद्यांशं विनिक्षिपन् । परिष्वज्य मृतस्तस्या, एव गर्भे समुद्भवेत् ॥ १६५ ॥ उत्कर्षतस्त्वधो यावत्पातालकलशाश्रितम् । मध्यमीयं तृतीयांशं, तत्र मत्स्यादिसंभवात् ॥ १६६ ॥ तिर्यक् स्वयम्भूरमणपर्यन्तावधि सा भवेत् । अच्युतस्वर्गपर्यन्तमूर्ध्वं सा चेति भाव्यते ॥ १६७ ॥ कश्चिदच्युतनाकस्थसुहृद्देवस्य निश्रया । देवः सनत्कुमारादिर्गतस्तत्र म्रियेत यत् ॥१६८॥ सहस्रारान्तदेवानां, भावनीयाऽनया दिशा । कनिष्ठा च गरिष्ठा च, तैजसस्यावगाहना ॥१६९॥ आनताद्यच्युतान्तानां, देवानां स्याज्जघन्यतः । अङ्गुलासंख्येयभागपरिमाणाऽवगाहना ॥१७०॥ उत्पद्यन्ते नरेष्वेव, देवा नन्वानतादयः । नराश्च नृक्षेत्र एव, तदियं घटते कथम् ? ॥ १७१ ॥ अत्रो-

च्यते ॥ उपभुक्तां मनुष्येण, मानुषीं पूर्ववल्लभाम् । उपलभ्याव-
धिज्ञानात्प्रेमपाशनियन्त्रितः ॥ १७२ ॥ इहाऽऽगत्याऽऽसन्नमृत्युत-
या बुद्धिविपर्ययात् । मलिनत्वाच्च कामानां, वैचित्र्यात्कर्ममर्मणा-
म् ॥ १७३ ॥ गाढानुरागादालिङ्ग्य, तदवाच्यप्रदेशके । परिक्षि-
प्य निजावाच्यं, म्रियते स्वायुषः क्षयात् ॥ १७४॥ गर्भेऽस्या एव
मृत्वाऽयं, यद्युत्पद्येत निर्जरः । आनतादिक्रतुभुजस्तदेयमुपपद्यते
॥१७५॥ किन्त्विदं चिन्त्यम् । आनतादिक्रतुभुजां, मनोविषयसेविनाम् ।
कायेनास्पृशतां देवीमपि क्षीणमनोभुवाम् ॥ १७६ ॥ मनुष्यस्त्रि-
यमाश्रित्य, यद्येवं स्याद्विडम्बना । तर्हि को नाम दुर्वारं, कन्दर्पं
जेतुमीश्वरः ? ॥ १७७ ॥ अधो यावदधोग्रामास्तिर्यग् नृक्षेत्रमेव
च । ततः परं मनुष्याणामुत्पत्तिस्थित्यसंभवात्॥१७८॥ऊर्ध्वमच्यु-
तनाकान्तं; गतानां मित्रनिश्रया । आनतादिक्रतुभुजामच्युते मृ-
त्युसम्भवात् ॥ १७९ ॥ ऊर्ध्वमच्युतजानां तु, स्वविमानशिरोऽव-
धि । स्वैरं तत्र गतानां यत्, केषाञ्चित्संभवेन्मृतिः ॥ १८० ॥ ग्रैवेय-
कानुत्तरस्थसुराणां साऽवगाहना । यावद्विद्याधरश्रेणीमास्वस्थाना-
ज्जघन्यतः ॥ १८१ ॥ खेचरश्रेणिपरतो, मनुष्याणामसंभवात् । ग्रैवे-
यकादिदेवानामन्यत्रागत्यसंभवात् ॥१८२॥ अधो यावदधोग्रामा-
नूर्ध्वं च स्वाश्रयावधि । तिर्यक् पुनर्नरक्षेत्रपर्यन्तं सा प्रकीर्त्तिता
॥१८३ ॥ यावन्नन्दीश्वरं खेटाः, सस्त्रीका यान्ति यद्यपि । संभोग-
मपि कुर्वन्ति, तत्र कामेषुनिर्जिताः ॥ १८४ ॥ परं नोत्पद्यते गर्भे,
नरो नृक्षेत्रतो बहिः । तत उत्कर्षतस्तिर्यग्, नृक्षेत्रावधि सोदिता
॥ १८५ ॥ इत्यर्थतः प्रज्ञापनैकविंशतितमपदे ॥ ( सा०७३ ) ।
इति प्रमाणावगाहकृतो विशेषः ।

अर्थ—भवनपति-व्यंतर—ज्योतिषी—सौधर्म—अने ईशान देवलोकना देवोनी जघ०तै० अवगाहना अंगुलना असंख्यातमा भागनी जाणवी. ॥ १५५ ॥ तेनी भावना आ प्रमाणे—पोतानां रत्न अने आभरणादिकने विषे ( अथवा रत्नना आभूषणो विगेरेमां) ममत्वभावनडे बंधायेला एवा ए देवोनी उत्पत्ति त्यांज ( एटले रत्नना आभूषणोमांज ) पृथ्वीकायादिपणे थवाथी जघ०अवगाहना अंगुलासंख्यतम भाग होय, ॥ १५६ ॥ अने उत्कृष्टथी अधोलोकमां ३ जी शैलानामनी नरकपृथ्वीना तळीया सुधी (अव०) त्यां गयेला (परमाधामी विगेरे)देवोमांना केटलाएक देवोनुं त्यां मरण थवाथी होय छे.॥१५७॥वळी तिर्यग्लोकमां ए देवोनी उत्कृष्ट तै० अवगाहना छेल्ला स्वयंभूरमण समुद्रना अन्त्य छेडानी (घनोदधिविगेरे त्रण वलयनी नजीकनी अथवा अलोकना किनाराथी १२ योजन अर्वाक् अंदर रहेली) वेदिकासुधी, अने ऊर्ध्वलोकमां ईषत्प्राग्भारा (सिद्धशिला) पृथ्वीना उपरना तळीया सुधीनी होय छे, ॥१५८॥ कारणके एटलेसुधी ए देवो पृथ्वीकायपणे उत्पन्न थायछे,अने त्यांथी आगळ (बा०)पृथ्वीकायादि जीवोनो अभाव छे, ॥१५९॥त्रीजा सनत्कुमारकल्पादि देवलोकना ( ३ जाथी ८ मा कल्प सुधीना) देवोनी जघ० तै० अवगाहना अंगुलना असंख्यातमा भागप्रमाणनी होयछे. १६० ते आ प्रमाणे जाणवी के—सनत्कुमारादि देवो स्वभावथीज निश्चय गर्भजतिर्यंच अने गर्भज मनुष्यमां उत्पन्न थाय छे; परन्तु एकेन्द्रियादि जीवोमां उत्पन्न थता नथी ॥१६१॥ मेरुपर्वतादिना वाव विगेरे जलाशयोमां जलक्रीडा करता सनत्कुमारादिदेवो पोताना आयुष्यनो क्षय थवाथी॥१६२॥ज्यारे अति नजीक प्रदेशमां मत्स्यादिपणे उत्पन्न थाय त्यारे ए देवोनी जघन्य अवगाहना (अंगु० असं० भाग) होय छे अथवा बीजीरीते ए जघ०अवगाहना आ प्रमाणे होय छे॥१६३॥के—सनत्

१ ए आभरणो पण जो पहेरेलां अथवा बीजी कोई रीते शरीरने स्पर्श करी रहेलां होय ते त्यां उपजे तो जघ० अवगाहना संभवे ( अन्यथा अंगुलनो संख्यातमो भाग अवगाहना होय.

२ मतान्तरे देवोनुं अधोगमन ४ थी अंजणापृथ्वी सुधी पण छे.

३ त्यांथी आगळ पृथ्वीकायादि जीवो छे. परन्तु तेओ सूक्ष्म छे, अने देवो मात्र बादरपृथ्व्यादिमां ज उत्पन्न थाय छे, माटे बादरपृथ्व्यादिनो अभाव जाणवो पण सर्वनो नहि.

४ प्रथमनी रीत गर्भज तिर्यंचमां उत्पन्न थाय ते वखतनी दर्शावी अने हवे मनुष्यमां उत्पन्न थतां जघ० अवगाहना केवी रीते होय? ते दर्शाववा माटे अथवा कह्युं छे.

कुमारादिदेवनी पूर्वभवनी संबंधवाळी स्त्रीने प्रथम कोइ मनुष्ये भोगवी होय अने त्यारबाद प्रेमने वश थयेलो एवो कोइ सनत्कुमारादि देव ते ॥ १६४ ॥ स्त्रीनी पासे आवी तेना अवाच्यस्थानमां ( तेनी योनिमां ) पोताना अवाच्य स्थानने ( लिंगने ) नाखतो छतो अने आलिंगन करीने रह्यो छतो ( तेवीज स्थितिमां ) मरण पामी ते स्त्रीनाज गर्भमां उत्पन्न थाय तोएण जघ० तै० अवगाहना अंगुलनाअसंख्यातमा भाग जेटली होय. ॥ १६५ ॥ तथा ए सनत्कुमारादि देवोनी उत्कृष्ट तै० अवगाहना ( स्वस्थानथी) अधोलोकमां पाताल कळशनी अंदर मध्यम-तृतीयांश भाग सुधीनी छे, कारणके मत्स्यादि गर्भज जीवो त्यांसुधीज होय छे, ॥ १६६ ॥ तथा तिर्च्छी तैजस अवगाहना स्वयंभूरमण समुद्रना छेडा सुधीनी छे, अने ऊर्ध्व तै० अवगाहना १२ मा अच्युतदेवलोक सुधीनी छे. तेनी भावना आ प्रमाणे ॥ १६७॥ कोइक अच्युत देवलोकमां रहेनारा देवनी सहायवडे त्यां गयेलो सनत्कुमारादिदेव जो त्यांज मरण पामे तो सनत्कुमारादिनी उ० तै० अवगाहना तेटली होइ शके. ॥१६८॥ एज पद्धतिए आठमा सहस्रार देवलोक सुधीना देवोनी जघ०-मध्य०-ने उत्कृ० तैजस अवगाहना विचारवी. ॥१६९॥ आनतथी अच्युतकल्पसुधी४ देवलोकना देवोनी जघ० तै० अवगाहना अंगुलना असंख्यातमा भाग प्रमाणनी छे॥१७०॥प्रश्नः—आनतादि देवो मात्र मनुष्योमांज उत्पन्न थाय छे, अने मनुष्यो तो मनुष्यक्षेत्रमांज होय छे तो ए देवोनी जघ० तै० अव० अंगुलना-असं० भाग प्रमाणनी केम होय ? ॥ १७१ ॥ जवाब—ए देवोनी पूर्वभवनी अतिप्रेमवाळीस्त्रीने प्रथम कोइ मनुष्ये भोगवी होय अने ते वात अवधिज्ञानथी जाणीने प्रेमना पाशवडे बंधायलो ते देव मृत्यु नजीक आव्युं होवाथी बुद्धिनो फेरफार थतां, विषयइच्छाना मलिनपणाथी, अने कर्मनी गति विचित्र होवाथी अहिं आवीने ते स्त्रीने गाढप्रेमथी आलिंगन करीने तेना अवाच्यप्रदेशमां पोताना अवाच्य अवयवने प्रक्षेपीने पोताना आयुष्यनो क्षय थवाथी मरण पामे,अने मरण पामीने ते देव जो तेणीनाज गर्भमां उत्पन्न थाय तो आनतादि देवोनी जघ० तै० अवगाहना अंगुलनाअसं० भाग प्रमाणनी प्राप्त थाय छे ॥ १७५ ॥ मन प्राप्तीज

२ देवना वैक्रिय वीर्यथी गर्भोत्पत्ति थती नथी माटे " प्रथम कोइ मनुष्ये भोगवी होय " एम कह्युं छे.

३ " त्यारबाद " एटले २४ घडीनी अंदर कारणके २४ घडी थया बाद स्त्रीना गर्भाशयमां गयेलुं वीर्य जीवोत्पत्तिने अयोग्य थइ जाय छे.

( देवांगनाओ साथे ) विषय सेवा करनारा, अने पोतानी कायावडे मनोहर देवांगनाओने पण स्पर्श नहि करनारा अने क्षीण थयेली विषयेच्छावाळा एवा आनतादि देवोनी पण मनुष्य स्त्रीयोने आश्रयि जो आवा प्रकारनी विटंबणा छे तो अहो ! महाखेदनी वात छे के दुःखे करीने निवारण करी शकाय तेवा कामदेवने जीतवा माटे जगतमां कोण समर्थ छे ? ॥ १७७ ॥ वळी ए आनतादिदेवोनी अधोलोकमां उत्कृष्ट तै० अवगाहना अधोग्राम सुधी, अने तिर्यग्लोकमां मनुष्यक्षेत्र सुधीज छे, कारण के त्यांथी आगळ मनुष्यउत्पत्तिनो असंभव छे. तथा ऊर्ध्वलोकमां मित्रनी सहायथी अच्युतदेवलोकसुधी गयेला आनतादि देवोनी तै० अवगाहना त्यां मरण पामवाथी अच्युतकल्प सुधीनीज गणाय छे. ॥ १७९ ॥ अने अच्युत देवोनी ऊर्ध्वतै० अवगाहना पोताना विमानना शिखर सुधी होय छे. कारणके पोतानी इच्छाए त्यां गयेला एवा केटलाएक देवोनुं त्यांज मरण संभवे छे. नव ग्रैवेयक अने अनुत्तर देवोनी जघ० तै० अवगाहना पोताना स्थानथी मांडीने ( वैताढ्यपर्वतपर ) विद्याधरनी श्रेणी सुधी दीर्घ होय छे, ॥ १८१ ॥ कारणके विद्याधरनीश्रेणिथी आगळ (ऊर्ध्व दिशाए) मनुष्योनीवस्ती नथी, अने ग्रैवेयकादि देवो पण अहिं मनुष्यलोकमां आवता नथी, माटे जघन्यथी पण तै० अव० तेटलीज होय. तथा ए देवोनी अधोलोकमां उत्कृ० तै० अवगाहना अधोग्राम सुधी अने ऊर्ध्वतै० अव० पोताना आश्रयस्थान सुधी (विमानमां ज्यां उत्पन्न थयेल छे त्यांज होय छे. अने तीर्च्छी तै० अवगाहना पुनः मनुष्यक्षेत्रसुधीनीज कहेली छे. १८३ वळी जोके विद्याधरो पोतानी स्त्री सहित नंदीश्वरद्वीप सुधी जाय छे, अने कामना बाणवडे जीतायला ( एटले कामातुर थया छता ) त्यांज स्त्रीसंगम पण करे छे, ॥ १८४ ॥ परन्तु मनुष्यक्षेत्रनी बहार कोइपण मनुष्य गर्भमां उत्पन्न थतो नथी माटे ए देवोनी तीर्च्छी उत्कृष्ट अवगाहना मनुष्यक्षेत्र सुधीज कही छे. १८५

---

१ ग्रैवेयकमां उत्पन्न थयेला देवो पोताना विमानमांज अने पोतानी शय्यामां रह्या छतांज मरण पामता होवाथी ग्रैवेयकदेवोनी ऊर्ध्व अवगाहना स्वस्थान सुधी कही, अने अनुत्तर देवो तो पोतानी शय्यामां सूता छतां किंचित् मात्र हालता चालता पण नथी माटे तेओनी पण ऊर्ध्व तै० अवगाहना स्वाश्रय स्थान सुधीज छे,

२ अर्थात् २॥ द्वीपनी बहार विद्याधरो स्त्रीसंगम करे पण गर्भ रहे नहि ए भावार्थ छे.

ए प्रमाणे श्रीपन्नवणासूत्रना २१मा पदमां भावार्थ छे, ए प्रमाणे प्रमाण अने अवगाहना सम्बन्धि ५ शरीरनो भेद कह्यो.

स्थितिरौदारिकस्यान्तर्मुहूर्त्तं स्याज्जघन्यतः। उत्कृष्टा त्रीणि पल्यानि, सा तु युग्मिव्यपेक्षया ॥ १८६ ॥ दश वर्षसहस्राणि, जघन्या जन्मवैक्रिये। त्रयस्त्रिंशत्सागराणि, स्थितिरुत्कर्षतः पुनः ॥ १८७ ॥ वैक्रियस्य कृतस्यापि, जघन्याऽऽन्तर्मुहूर्त्तिकी। ज्येष्ठा तु जीवाभिगमे, गदिता गाथयाऽनया ॥ १८८ ॥ " अंतमुहुत्तं नरएसु होइ चत्तारि तिरिय मणुएसु। देवेसु अद्धमासो, उक्कोस विउव्वणाकालो ॥ १८९ ॥ अन्तर्मुहूर्त्तं नरकेषु भवति, चत्वारि तिर्यङ्मनुजेषु। देवेष्वर्धमासः उत्कृष्टो विकुर्वणाकालः॥] (सा० ७४) पञ्चमाङ्गे तु वायूनां, संज्ञितिर्यग्नृणामपि। ज्येष्ठाऽप्येकान्तर्मुहूर्त्ता,प्रोक्ता वैकुर्विकस्थितिः ॥१९०॥(सा०७५) श्रीसूत्रकृताङ्गे तु–"वेयालिए नाम महब्भि(हाभि)यावे, एगायए पव्वतमंतलिक्खे। हम्मंति तत्था बहुकूरकम्मा, परं सहस्सा उ (स्साण) मुहुत्तयाणं ॥ १९१ ॥ [वैक्रियो नाम महाभिताप एकायतः पर्वतोऽन्तरिक्षे। हन्यन्ते तत्र बहुक्रूरकर्माणः परं सहस्राणां मुहूर्तानाम्] (सा० ७६) नामेति संभावने, संभाव्यत एतन्नरकेषु यथाऽन्तरिक्षे 'महाभितापे' महादुःखे, एकशिलाघटितो दीर्घः, वेयालिएत्ति वैक्रियः परमाधार्मिकनिष्पादितः पर्वतः, तत्र (तमोरूपत्वान्नारकाणामसौ) हस्तस्पर्शिकया समारुहन्तो नारका बहुक्रूरकर्माणो 'हन्यन्ते' पीड्यन्ते, सहस्रसंख्यानां 'परं' मुहूर्त्तानां प्रकृष्टं [सहस्रशब्दस्योपलक्षणार्थत्वात्] प्रभूतं कालं हन्यन्ते, इत्यर्थः " अत्र परमाधार्मिकदेवविकुर्वितस्य(त) (तज्जातदुःखस्य) पर्वतस्य अर्धमासाधिकाऽपि स्थितिरुक्तेति ज्ञेयं, तत्त्वं तु जिनो

जानीते ॥ अन्तर्मुहूर्त्तं द्वेधाऽपि, स्थितिराहारकस्य च। अनादिके प्रवाहेण, सर्वतैजसकार्मणे ॥१९२॥ सावसाने तु भव्यानां, सिद्धत्वे तदभावतः।अभव्यानां निरन्ते च,पङ्गूनां मुक्तिवर्त्मनि १९३॥

॥ इति स्थितिकृतो विशेषः ॥

अर्थ,–७ स्थितिकृतभेदः–औदारिकशरीरनी जघ०स्थिति अन्तर्मुहूर्त्तनी छे, अने उत्कृष्टस्थिति ३ पल्योपमनी छे ते युगलिकतिर्यंच अने युगलिकमनुष्यनी अपेक्षाए जाणवी, ॥ १८६ ॥ जन्मवैक्रियनी (भवधारणीयवैक्रियनी) जघ० स्थि० १०००० वर्षप्रमाण अने उत्कृष्ट ३३ सागरोपम छे, ॥१८७॥तथा कृत्रिम वैक्रियनी पण जघ०स्थि०अन्तर्मुहूर्त छे अने उत्कृष्ट स्थिति तो श्री जीवाभिगमसूत्रमां आ (नीचे लखेली) गाथावडे कही छे,॥१८८॥"नारकजीवने विषे अन्तर्मु०–तिर्यंच अने मनुष्यमां ४ मुहूर्त्त–अने देवोमां उत्तरविकुर्वणानो काळ उत्कृष्ट अर्धमास छे"॥१८९॥ श्रीभगवतीजीमां तो वायुकायने–संज्ञि तिर्यंचने–अने संज्ञिमनुष्यने पण उत्तरवैक्रियनी उत्कृष्टस्थिति अन्तर्मु० कही छे, ॥१९०॥ श्रीसूत्रकृतांग (बीजाअंग) मां तो–(मूळगाथार्थ)–"महासंतापकारी,आकाशमां रहेलो एक (सरखो) दीर्घ वैक्रिय पर्वत घणो उंचो छे, त्यां घणा क्रूरकर्मवाळा नारकजीवो हजारो मुहूर्त्त प्रमाण घणाकाळ सुधी हणाय छे, १९१"
" गाथामां " नाम " शब्द संभावना अर्थमां छे. एटले के एम संभावना थाय छे के नरकने विषे जेम आकाशमां (देखातो होय तेवो उंचो)महाभितापे महादुःख आपनारो एक–एक शिलाथी रचायलो अने दीर्घ, वेयालिए एटले वैक्रिय अर्थात् परमाधामीओए बनावेलो पर्वत छे त्यां नरक स्थानोनुं अंधकार स्वरूप होवाथी हाथ टेकावी टेकावीने उपर चढता घणा क्रूरकर्मवाळा नारकजीवो हजारो मुहूर्त्तोथी आगळ पर–उत्कृष्ट अर्थात् सहस्र शब्द उपलक्षण होवाथी घणा काळसुधी हणाय छे–पीडाय छे. (टीकैकदेशार्थः)" अहिं परमाधर्मी देवे विकुर्वेला पर्वतनी अर्धमासथी अधिक स्थिति पण कही एम जाणवुं. एमां तत्त्व शुं छे ते श्री-

सवेह जाणे.(ए रीते वैक्रियशरीरनी स्थिति कही.) आहारक शरीरनी जघन्य अने उत्कृष्ट बन्ने प्रकारनी स्थिति अन्तर्मुहूर्त मात्र छे, अने सर्वजीवोना तैजसकार्मणशरीरनी स्थिति प्रवाहे करी अनादि छे, ॥ १९२ ॥ तथा भव्यजीवो ज्यारे मोक्षे जाय त्यारे ते बन्नेनो त्यां अभाव होवाथी सान्त ( अन्त सहित ) छे, अने मोक्ष मार्गे जवामां पांगळा एवा अभव्य जीवोने ते बन्ने शरीर ( अन्त नहि थनार होवाथी ) अनन्त छे. ॥१९३॥ ए प्रमाणे स्थिति संबंधि तफावत कह्यो.

आहारकं सर्वतोऽल्पं, यत्कदाचिद्भवेदिदम्। भवेद्यदि तदाऽप्येतदेकं द्वे वा जघन्यतः ॥ १९४ ॥ सहस्राणि नवोत्कर्षादसत्ताऽस्य जघन्यतः । एकं समयमुत्कृष्टा, षण्मासावधि विष्टपे ॥१९५॥ उक्तं च –"आहारगाइं लोगे, छम्मासा जा न होंतिऽवि कयाइ उक्कोसेणं नियमा,एक्कं समयं जहन्नेणं॥१९६॥"–[आहारकाणि लोके षण्मासान्यावन्न भवन्त्यपि कदाचित् । उत्कर्षेण नियमादेकं समयं जघन्येन ] ( सा० ७७ ) आहारकादसंख्येयगुणानि वैक्रियाणि च । तत्स्वामिनामसंख्यत्वान्नारकाङ्गिसुपर्वणाम् ॥ ९७ ॥ अप्यौदारिकदेहाः स्युस्तदसंख्येयगुणाधिकाः । आनन्त्येऽपि तदीशानामसंख्या एव ते यतः ॥१९८॥ प्रत्यङ्गं प्राणिनो यत्स्युः, साधारणवनस्पतौ । अनन्तास्तानि चासंख्यान्येवाङ्गानि भवन्ति हि ॥१९९ ॥ तेभ्योऽनन्तगुणास्तुल्या, मिथस्तैजसकार्मणाः । यत्प्रत्येकमिमे स्यातां, द्वे देहे सर्वदेहिनाम् ॥२००॥ इत्यल्पबहुत्वकृतो विशेषः ॥ एकजीवापेक्षया

१ जेम नदीनुं पाणी एकस्थळे कायम नहि रहेतां जूनुं पाणी जायछे अने नवुं पाणी आवे छे छतां प्रवाह रूपे ते पाणी कायम रहे छे, तेम प्रतिसमय विशीर्ण स्वभाववाळुं तैजसकार्मण शरीर पण प्रवाह वडे अनादि छे,

स्याज्ज्येष्ठमौदारिकान्तरम् । अन्तर्मुहूर्त्ताभ्यधिकास्त्रयस्त्रिंशत्पयोधयः ॥२०१॥ तथोक्तं जीवाभिगमवृत्तौ-" उत्कर्षतस्त्रयस्त्रिंशत्सागरोपमाणि अन्तर्मुहूर्त्ताभ्यधिकानि, तानि चैवं-कश्चिच्चारित्री वैक्रियशरीरं कृत्वाऽन्तर्मुहूर्त्तं जीवित्वा स्थितिक्षयादविग्रहेणानुत्तरसुरेषु जायत इति"।सा०७८)वैक्रियस्यान्तरं कायस्थितिकालो वनस्पतेः । अर्धश्च पुद्गलपरावर्त्त आहारकान्तरम्॥२०२॥ लघु चाद्यस्य समयोऽन्तर्मुहूर्त्तं तदन्ययोः । न संभवत्यन्तरं च, देहयोरुक्तशेषयोः ॥ २०३ ॥ इत्यन्तरकृतो विशेषः ॥ इति देहस्वरूपम् ९ ॥ (हवे आठमो अल्पबहुत्वकृतभेद बतावे छे.)

अर्थ–८ अल्पबहुत्व(संख्या)कृतभेदः–– आहारकशरीर सर्वथी अल्प (–ओछी संख्यामां ) होय छे, कारणके ते कोइक वखते ज होय छे, अने जो होय तोपण जघन्यथी एक अथवा बेज होय, ॥ १९४ ॥ अने उत्कृष्टथी ९००० होय. वळी जगतमां ए शरीरनो असत्ता (अभाव) जघन्यथी १ समय अने उत्कृष्टथी ६ माससुधी होय ॥१९५॥ कह्युं छे के–" कोइकवखत लोकमां (जगत्मां)आहारकशरीर उत्कृष्टथी ६ माससुधी निश्चयथी होतुं नथी अने जघन्यथी एकज समय न होय " (अर्थात् जगतमां अमुक वखते कोइए आहारक शरीर रच्युं होय। ने ते अन्तर्मुहूर्तमां विलय पाम्युं होय त्यारबाद एक समयने अन्तरे अथवा तो ६ मास पछी कोइने कोइ मुनि आहारक शरीर रचे परन्तु वधु विलंब न थाय. ) ॥ १९६ ॥ तथा आहारक शरीरथी वैक्रिय शरीर असंख्य गुणां छे, कारणके ते वै० शरीरना स्वामीओ ( एटले वै०शरीरवाळा ) देव अने नारकजीवो असंख्य छे. ॥ १९७ ॥ वळी औदारिक शरीर ते वै०थी पण असंख्य गुण अधिक छे, जोके तेना स्वामिओ ( औ०श०वाळा ) अनंत छे तोपण शरीर तो असंख्यातज छे, ॥ १९८ ॥ जेथी साधारण वनस्पतिमां दरेक

१ अस्य किल संवादपाठस्य वैक्रियशरीरिण उत्कृष्टकायस्थित्युपपत्तिप्रतिपादनप्रस्तावे प्रतिपादितत्वादविग्रहेणेतिपदस्य सार्थकता ॥

शरीरमां अनन्त २ जीवो छे, माटे ते औ०शरीरो असंख्यातम थाय छे ॥१९९॥ ते औ०श०थी तैजस अने कार्मण शरीर अनंतगुणां छे, परन्तु परस्पर तुल्य छे (एटले जेटलां तै० शरीर छे तेटलाज का० शरीर पण छे,) कारणके सर्व संसारि प्राणीओने ए बे शरीर होय ज छे, ॥ २०० ॥ ए प्रमाणे अल्पबहुत्वे संबंधि तफावत दर्शाव्यो.

९ अन्तरकृतभेदः— एक जीवनी अपेक्षाए औदा०शरीरनुं उत्कृष्ट अन्तर अन्तर्मुहूर्त अधिक ३३ सागरोपम छे. श्री जीवाभिगमवृत्तिमां कह्युछे के—" उत्कृष्टथी अन्तर्मुहूर्त्ताधिक ३३ सागरोपम ते आ प्रमाणे जाणवुं के कोइक चारित्री जीव (मुनि) वै०शरीर करीने अन्तर्मु० सुधी जीवीने आयुष्यनो क्षय थवाथी ऋजुगतिए (सीधीगतिए)अनुत्तर देवमां उत्पन्न थाय(ते आश्रयी जाणवुं )" ॥ वैक्रियशरीरनुं अन्तर ( एक जीवनी अपेक्षाए ) वनस्पतिना कायस्थितिकाळ जेटलुं छे, अने आहारक देहनुं उत्कृष्ट अन्तर अर्धपुद्गल

१ एक जीवे अमुक शरीर छोड्या बाद तेज शरीर केटले काळे प्राप्त थाय ? ते अन्तर कहेवाय.

२ जीवाभिगमवृत्तिमां वैक्रियशरीरनो उत्कृष्टकायस्थितिनी युक्ति बताववा माटेना आ पाठमां अविग्रहेण ए पद आपेलुं छे, तेथी आ पाठमां अविग्रहगति शामाटे कही ? विगेरे. कोइ प्रकारनी शंकानो अवकाश नथी अने तेथीज वक्र गतिए जतां जोके एकथी अधिक समय लागे छे, अने तेटला समय औदा० ना उ० अन्तरमां वधे तो विशेष उ० अन्तर प्राप्त थाय परन्तु तेटला समय वध्या छतां अन्तर्मु० ना अनेक भेद होवाथी अन्तर्मुहूर्तमां बाध आवतो नथी,

३ अमुक जीव वनस्पतिमां जइने त्यां मरण पामीने पुनः वनस्पतिमां वारंवार उपजे तो एक आवलिकाना असंख्यातमा भागमां जेटला समय थाय तेटला पुद्गलपरावर्त्तो सुधी वारंवार वनस्पतिमां जन्म मरण कर्या करे माटे तेटलो काळ वनस्पतिमां रहेला जीवने ए वै० नुं उ० अन्तर प्राप्त थाय,

४ आहा० शरीर चौदपूर्वधर चारित्रीमुनिने ज होय अने चारित्रनुं उ० अन्तर अर्ध पु० परा० छे माटे आहा० नुं अन्तर पण तेटलुं ज होय.

परावर्त ( —अनंतकाळ ) प्रमाण छे ॥ २०२ ॥ तथा औदा०शरीरनुं जघन्य अन्तर १ समय, अने औदारिकथी बीजां वै०अने आहा० शरीरनुं जघन्यअन्तर अन्तर्मुहूर्त्त छे, अने तैजसकार्मण तो सर्व जीवने सदाकाळ होवाथी ए बन्नेनुं अन्तर संभवतुं नथी. ॥ २०३ ॥ इति शरीरद्वारस्वरूपं नवमम् ॥

१ "औदारिकशरीरिणोऽन्तरं जघन्यत एकः समयः स च द्विसामयिक्यामपान्तरालगतौ भावनीयः तत्र प्रथमे समये कार्मणशरीरोपेतत्वात् " इति श्री जीवाभिगमवृत्तौ अर्थात् कोइ औदारिकशरीरवाळो मनुष्यादि मरण पामे तेने बे समयनी विग्रहगतिमां प्रथम समये कार्मणशरीरयुक्त पणु होवाथी ते एक प्रथमनो समय जघन्यथी अन्तर विचारवुं. अथवा उपर कहेल उत्कृष्ट अन्तरनी युक्तिनी जेम कोइ वैक्रियलब्धिवाळो मनुष्य वैक्रियशरीरनो प्रारंभ करी बीजेज समये मरण पामी अविग्रहगतिए मनुष्यादि पणे उत्पन्न थाय तोपण एक समयनुं जघन्य अन्तरघटी शके छे विगेरे बहुश्रुतगीतार्थ पासेथी समजवुं.

२ वळी वै० अथवा आहा० शरीर प्रथम रच्युं होय ते विलय पाम्या बाद कमीमां कमी अन्तर्मु० काळ वीत्या बाद ज बीजुं वै० या आहा० रची शकाय माटे जघन्य अन्तर अन्तरमुहूर्त कह्युं छे, वळी वै० शरीर माटेतो ते विलय पाम्या बाद अन्तर्मुहूर्त्ते मरण पामी देवादिपणे उपजे तो पण अन्तर्मु० अन्तर होय. जो के अहीं वैक्रियशरीरना सम्बन्धमां पूर्वे बतावेल औदारिकना उत्कृष्ट अन्तरनी युक्तिनी जेम वैक्रिय शरीर बनावी बे समयनी विग्रहगतिए उत्पन्न थाय अगर वै० छोडी औदा०मां १ समय रही अविग्रहे उत्पन्न थाय तो एक समयनु पण जघ० अन्तर संभवी शके छे पण ते उत्तर वै० अने मूळ वै० एम बेनी अपेक्षाये थयुं, पण जीवाभिगमादिमां अन्तर्मु० बताव्युं छे तेथी तेवी॰रीते उपजनार क्वचितज होय अथवा ते बन्ने मूळ वै० नी अपेक्षाये होय तेम संभवे छे, कारण नारकीनुं तथा देवनानु जघन्य अन्तर अन्तर्मु० बताव्युं छे ते मूल वै० नी अपेक्षा अने उत्तर वै० अपेक्षा उपर बतावी रीत प्रमाणे, अगर बीजी रीते पण यथा संभव घटाडवुं अही तत्त्वकेवळि भगवान जाणे,

## ॥ मरणसमुद्घातमां जीवोनी तैजसावगाहनानुं यन्त्र ॥

| | |
|---|---|
| एकेन्द्रियनी— | जघ०थी अंगुलनो असंख्यातमो भाग उ०थी लोकान्तथी लोकान्त |
| विकलेन्द्रियनी— अने पंचे०तिर्यंचनी | जघ०थी अंगुलनो असंख्यातमो भाग, उ०थी तीच्छलोक-थी लोकान्त ( साधिक ७ रज्जु ) |
| नारकनी— | जघ०थी साधिक १००० योजन (पातालकलशना दलप्रमाण उत्कृ०थी अधः त्रीजी पृथ्वी पर्यन्त, तिर्यक् स्वयंभूरमण) समुद्रान्तपर्यन्त, अने ऊर्ध्व—पंडकवन सुधी. |
| मनुष्यनी— | जघ०थी अंगुलासंख्येयभाग. उत्कृ०थी नरक्षेत्रथी लोकान्तपर्यंत |
| भुवन०व्यन्त०ज्यो० सौधर्म ईशान . देवोनी | जघ०थी अंगुलासंख्येय भाग. उत्कृ०थी अधः त्रीजी नरक सुधी,[1] तिर्यक् स्वयंभूरमणसमुद्रान्त सुधी, अने ऊर्ध्व सिद्धशिला सुधी. |
| सनत्कुमारथी सहस्रार सुधीना देवोनी | जघ०थी—अंगुलासंख्येय भाग. उत्कृ०थी अधः पातालकलशना मध्यम तृतीयांश सुधी, तिर्यक् स्वयंभूरमण समुद्रान्त सुधी अने ऊर्ध्व अच्युतस्वर्ग पर्यन्त. |
| आनतथी अच्युत सुधीना देवोनी | जघ०थी अंगुलासंख्येयभाग. उत्कृ०थी अधः अधोग्राम पर्यन्त तिर्यक् नरक्षेत्र सुधी, अने ऊर्ध्व अच्युतस्वर्ग पर्यन्त. |
| ग्रैवेयक अने अनुत्तरनी | जघ०थी स्वस्थानथी विद्याधरनी श्रेणि सुधी, अधः अधोग्राम पर्यन्त, ऊर्ध्व स्वस्थान पर्यन्त, अने तिर्यक् नरक्षेत्रपर्यन्त |

१ त्रीजी नरकमां गयेला केटलाक देवताओनुं त्यां ज मरण थवाथी त्यां सुधी नी अवगाहना संभवे छे

## ॥ पांच शरीरमां कारणकृतविशेषादि ११ द्वारयन्त्रकम् ॥
( ५ द्वारो )

| शरीरनां नाम | कारण कृत विशेष (पुद्गल परिणाम) १ | प्रदेश संख्या० ( एक स्कंधमां) २ | स्वामि० ३ | ग ति वि ष य ४ | प्रयोजन ५ |
|---|---|---|---|---|---|
| औदारिक | स्थूल पुद्गलो-थी बनेलुं | अभव्यथी अनंत गुण, सिद्धथी अनंतमे भागे | सर्व तिर्यंचने अने सर्व मनुष्यने | उर्ध्व - पंडुकवन सुधी<br>तिर्यक्—१३ मा रुचकद्वीपमां रुचक पर्वत सुधी | धर्माधर्मोत्पत्ति मोक्ष प्राप्ति इत्यादि |
| वैक्रिय | औदा०थी सूक्ष्म-पुद्गलो वडे बनेलुं | औ०थी असंख्य गुण | सर्व देवने, सर्व नारकने, केट-लाक बा० प-र्या० वायु, गर्भ-ज तिर्यंच, ग० नरने. | असंख्यद्वीप समुद्र | एकानेकत्वादि नभोगमनादि संघरक्षणादि |
| आहारक | वै० थी सू० पुद्गलो वडे बनेलुं | वै० थी असं-ख्यगुण | कोइक पुर्व-धिधरने | महाविदेह सुधी | सूक्ष्मार्थ संशय छेद. जिनेन्द्र ऋ-द्धिदर्शन इत्यादि |
| तैजस | आहा० थी सू० पुद्गलो वडे बनेलुं | आहा०थी अनंत गुण | सर्व संसारी जीवोने | लोकना एक छेडाथी बीजा छेडा सुधी ( परभवमां जतां ) | शाप-वरदान भोजननो पचाव इत्यादि |
| कार्मण | तैज० थी सू० पुद्गलोवडे बनेलुं | तै० थी अनं-तगुण | ,, | ,, | अन्यभवमां गति, विगेरे |

( ५ द्वारो ) ( ६ द्वारो )

| शरीरनां नाम | अवगाहना ६ | केटला आकाश प्रदेशमां ७ | स्थिति ८ | अल्पबहुत्व (देह संख्या) ९ | अन्तर (अनेक जीव आश्रयि) १० | उ० अन्तर (एकजीवाश्रयि) ११ |
|---|---|---|---|---|---|---|
| औदारिक | साधिक १००० योजन | आका०थी सं-ख्यातगुण प्रदेशोमां | जघ० — अन्तर्मुहूर्त उत्कृ० – ३ पल्योपम | वै०थी असं-ख्यगुण | अन्तर न होय | अन्तर्मु० अ-धिक ३३ सागर |
| वैक्रिय | साधिक १००००० योजन | औदा० थी संख्यगुण प्रदेशोमां | जघ — १०००० वर्ष ) मूलवैक्रिय उ० ३३ सागर ) जघ० — अन्तर्मु ( उत्तर वै० उ० — ॥ मास ( | असंख्य | अन्तर न होय | आवलिकाना असंख्यातमा भाग जेटलां पुद्गलपरावर्त |
| आहारक | १ हाथ | असंख्य आकाश प्रदेशोमां | जघ० — अन्तर्मु० उ० अन्तर्मु० | ९००० ( कदाचित् | जघ०-१ समय उ०- ६ मास | ॥ पुद्गल परावर्त |
| तैजस | संपूर्ण लोका-काश | वै०थी असंख्य गुण आकाश प्रदेशोमां | भव्यने — अनादि सान्त अभव्यने — अनादि अनन्त | अनंत | अन्तर न होय | अन्तर नथी |
| कार्मण | „ | तै० तुल्य | „ | „ | „ | „ |

सदसल्लक्षणोपेतप्रतीकसन्निवेशजम् ।शुभाशुभाकाररूपं,षोढा संस्थानमङ्गिनाम्॥२०४॥ समचतुरस्रं न्यग्रोधसादिवामनककुब्ज-हुण्डानि । संस्थानान्यङ्गे स्युः, प्राक्कर्मविपाकतोऽसुमताम्॥२०५॥ तत्र चाद्यं चतुरस्रं, संस्थानं सर्वतः शुभम् । न्यग्रोधमूर्ध्वं नाभेः सत् ,सादि नाभेरधः शुभम् ॥२०६॥ इदं साचीति केऽप्याहुः, साचीति शाल्मलीतरुः । मूले स्याद् वृत्तपुष्टोऽसौ, न च शाखासु तादृशः॥२०७॥तथोक्तं पञ्चसंग्रहवृत्तौ--" अपरे तु साचीति पठन्ति, तत्र साचीति प्रवचनवेदिनः शाल्मलीतरुमाचक्षते, ततः साचीव यत्संस्थानं तत्साचीति." एवं च न्यग्रोधसाचिनोरन्वितार्थता भवतीति ज्ञेयं (सा०७९) ॥ मौलिग्रीवापाणिपादे, कमनीयं च वामनम् । लक्षितं लक्षणैर्दुष्टैः, शेषेष्ववयवेषु च ॥२०८॥रम्यं शेषप्रतीकेषु,कुब्जं संस्थानमिष्यते । दुष्टं किंतु शिरोग्रीवापाणिपादे भवेदिदम् ॥२०९॥हुण्डं तु सर्वतो दुष्टं,केचिद्वामनकुब्जयोः । विपर्यासमामनन्ति,लक्षणे कृतलक्षणाः ॥२१०॥ इति संस्थानस्वरूपं १० ॥ अङ्गमानं तु तुङ्गत्वमानमङ्गस्य देहिनाम् । स्थूलतापृथुताद्यं तु, ज्ञेयमौचित्यतः स्वयम् ॥२११ ॥ इत्यङ्गमानस्वरूपम् ११ ॥ ( दशमुं संस्थानद्वार स्वरूप कहे छे. )

अर्थ—शुभ अने अशुभ लक्षणवाळा अवयवोनी रचनाथी थयेलुं शुभ अने अशुभ आकारवाळुं एवुं जीवोनुं संस्थान ( अवयवोनी गोठवण ) ६ प्रकारनुं छे. ॥२०४॥ ते आ प्रमाणे–१ समचतुरस्र–२ न्यग्रोधपरिमंडल–३ सादि (वा साची)–४वामन५कुब्ज–ने६ठ्ठुं हुंडक ए ६प्रकारनी अवयवनी रचना पूर्व कर्मना उदयथी जीवोने शरीरमां होय छे.॥२०५॥तेमां १पहेलुं समचतुरस्र संस्थान जे अंग सर्व बाजुथी शुभ(उत्तमलक्षणवाळुं)होय ते पहेलुं समचतुरस्र संस्थान, २ जुं नाभिथी उपरनुं अंग शुभ होय ते न्यग्रोध संस्थान, ३ जुं नाभिथी नीचेनुं अंग शुभ होय ते सादि संस्थान,॥२०६॥ केटलाक आ सादि संस्थानने साची

संस्थान पण कहे छे त्यां साची एटले शाल्मलीवृक्ष के जे मूळमां गोळाकार अने पुष्ट होय छे, पण शाखानो भाग तेवा प्रकारनो होतो नथी ॥ २०७ ॥ पञ्चसंग्रहवृत्तिमां कह्युं छे के–"बीजा आचार्यो साची ए प्रमाणे पण कहे छे, त्यां सिद्धान्तना जाणकारो " साची " एटले शाल्मलीवृक्ष कहे छे, माटे साची (शाल्मली)सरखु जे संस्थान ते साची कहेवाय अने ए प्रमाणे न्यग्रोध अने साची नामोनु अन्वर्थपणु ( पोताना नाम सरखा अर्थवाळापणुं ) छे एम जाणवुं " मस्तक–ग्रीवा(डोक)–हाथ-अने पग ए अवयवो शुभ लक्षण युक्त होय ते ४ थुं वामन संस्थान कहेवाय,वळी ए संस्थान बाकीना अवयवोमां दुष्टलक्षणयुक्त होय छे. ॥ २०८ ॥ तथा मस्तक–ग्रीवा–हाथ अने पग ए चार अवयवो दुष्टलक्षणवाळा होय अने बाकीना अवयवो मनोहर होय ते ५मुं कुब्जसंस्थान कहेवाय छे. ॥२०९॥ वळी जे अंग सर्व अवयवो वडे दुर्लक्षणवाळुं होय ते ६ठुं हुंडक संस्थान कहेवाय. पुनः लक्षणशास्त्रमां कृतलक्षण (एटले अतिनिपुण ) एवा केटलेक आचार्यो वामन अने कुब्ज ए बे संस्थानने विपर्यासपणे( अर्थथी ) माने छे. ॥ २१० ॥ इति संस्थानद्वारम् दशमम् १० ॥

## ॥ ११ अंगमानद्वारम् ॥

अंगमानद्वार एटले प्राणीओना शरीरनी उंचाइनुं प्रमाण जाणवुं तथा जाडाइ अने पहोळाइ ते यथायोग्य पोतेज जाणी लेवी, ( अर्थात् उंचाइ अने लम्बाइ नो आगळ जीवभेदमां कहेवाशे पण जाडाइ अने पहोळाइ नहिं कहेवाय. अथवा लम्बाइने अनुसारे यथोचित स्वयं जाणी लेवी. ए तात्पर्य छे. ) ॥२११॥ इति अङ्गमानद्वारम् एकादशम् ११ ॥

**समित्येकीभावयोगाद्वेदनादिभिरात्मनः । उत्प्राबल्येन कर्मांशघातो यः स तथोच्यते ॥२१२॥ यतः ॥ समुद्घातगतो जीवः, प्रसह्य कर्मपुद्गलान् । कालान्तरानुभवार्हानपि क्षपयति द्रुतम् ॥२१३॥ तच्चैवं॥कालान्तरवेद्यानय-माकृष्योदीरणेन कर्मांशान् । उदयावलिकायां च, प्रवेश्य परिभुज्य शातयति ॥२१४॥ ते चैवं॥ वेदनोत्थः कषायोत्थो, मारणान्तिकवैक्रियौ । आहारकस्तैजसश्च,**

१ विपर्यास एटले वामननो अर्थ कुब्जमां अने कुब्जनो अर्थ वामनमां जाणवो

छद्मस्थानां षडप्यमी ॥२१५॥ स्यात्केवलिसमुद्घातः, सप्तमः सर्ववेदिनाम् । अष्टसामयिकश्चाथ-मान्तर्मुहूर्त्तिकाः परे ॥२१६॥ तथाहि॥करालितो वेदनाभिरात्मा स्वीयप्रदेशकान् । विक्षिप्या-नन्तकर्माणुवेष्टितान् देहतो बहिः॥२१७॥ आपुर्यासाद्यन्तराणि, मुखादिशुषिराणि च । विस्तारायामतः क्षेत्रं, व्याप्य देहप्रमाणकम् ॥२१८॥ तिष्ठेदन्तर्मुहूर्त्तं च, तत्र चान्तर्मुहूर्त्तके । असातवेदनीयांशान्; शातयत्येष भूरिशः ॥२१९॥ इति वेदनासमुद्घातः॥ समाकुलः कषायेन, जीवः स्वीयप्रदेशकैः । मुखादिरन्ध्राण्यापूर्य, तान् विक्षिप्य च पूर्ववत् ॥२२० ॥ विस्तारायामतः क्षेत्रं, व्याप्य देहप्रमाणकम् । कषायमोहनीयाख्यकर्मांशान् शातयेद्बहून् २२१ शातयंश्चापरान् भूरीन्, समादत्ते स्वहेतुभिः । ज्ञेयं सर्वत्र नैवं चेद-स्मान्मुक्तिः प्रसज्यते ॥ २२२ ॥ कषायस्य समुद्घातश्चतुर्द्धाऽयं प्रकीर्तितः । क्रोधमानमायालोभैर्हेतुभिः परमार्थतः॥२२३॥ इति कषायसमुद्घातः ॥ (हवे समुद्घातद्वारविचार कहे छे.)

अर्थ—वेदनादि साथे आत्माना सम्-एटले एकीभावना ( एकरूप पणुं वा अनन्यपणारूप, संबन्धथी उत् एटले प्रबलपणे कर्मपुद्गलोनो जे घात(एटले विनाश)ते समुद्घात कहेवाय ॥२१२॥ कारणके समुद्घातने प्राप्त थयेलो जीव घणे काळे भोगववा योग्य कर्मपुद्गलोने पण बलात्कारे शीघ्र खपावे (भोगवे) छे.॥२१३॥ते आ प्रमाणे—आ जीव घणेकाळे भोगववा योग्य कर्मपुद्गलोने उदीरणा करणवडे आकर्षी उदयावलिकामां प्रवेश करावी भोगवीने निर्जरावे छे. ॥२१४॥ ते(समुद्घात(ना भेदो)आ प्रमाणे-१ वेदनाथी उत्पन्न थयेल-२ कषायथी उत्पन्न थयेल-३ मारणांतिकसमु०-४ वैक्रियसमु०-५ आहारक समु०-अने ६ तैजस समु० ए ६ ए समु० छद्मस्थने होय छे, ॥ २१५ ॥ अने सातमो केवलिसमुद्घात सर्वज्ञने होय छे, तेमां आ सातमो समु० आठ समयप्रमाण, अने बीजा छ समु० अन्तर्मु० प्रमाणना छे, ॥ २१६ ॥ हवे ते साते समुद्घातनुं स्वरूप

आ प्रमाणे—अत्यन्त वेदनावडे व्याकुळ थयेलो आत्मा अनन्त कर्मपरमाणुओवडे वींटायला पोताना जीवप्रदेशो शरीरथी बहार फेंकीने खभा विगेरेनां (बहारनां) अन्तर अने मुखादिकनां (अंदरना भागनां) पोलाण (जीवप्रदेशोवडे) पूरीने विस्तार अने लम्बाइ (अथवा उंचाइ) वडे शरीर जेटला क्षेत्रमां व्याप्त थइने, एक अन्तर्मुहूर्त सुधी (ए स्थितिमां) रहे ते अन्तर्मुहूर्त जेटला काळमां आ आत्मा असातावेदनीयना घणा कर्मपुद्गलोने निर्जरे छे॥२१७–२१८–२१९॥ ए प्रमाणे १ लो वेदना समुद्घात कह्यो. (कषायसमुद्घात स्वरूप)

कषायवडे व्याकुळ थयेलो आत्मा पोताना आत्मप्रदेशोने पूर्ववत् बहार फेंकीने मुख विगेरेनां पोलाण भाग पूरीने ॥२२०॥ विस्तार अने लम्बाइ वडे देह जेटला क्षेत्रमां व्याप्त थइने घणा कषायमोहनीयकर्मना प्रदेशो खपावे ॥ २२१ ॥ अने ते खपावतो छतो पुनः पोताना हेतुवडे (कषायरूप हेतुवडे) बीजा घणा कषायमोहनीय कर्मप्रदेशोने ग्रहणकरे ते कषायसमुद्घात कहेवाय. आ प्रमाणे कर्मप्रदेशोनुं ग्रहण सर्व (यथोचित) समुद्घातोमां जाणवुं. जो ए प्रमाणे बीजा कर्मप्रदेशोने ग्रहण न करे तो ए समुद्घातथी मोक्षनीज प्राप्ति थाय माटे सर्वत्र कर्मप्रदेशोनुं ग्रहणपणु जाणवु. ॥ २२२ ॥ वळी वास्तविक रीते क्रोध–मान–माया–अने लोभरूप हेतुओवडे आ कषायसमुद्घात चार प्रकारनो कहेलो छे. ॥ २२३ ॥ ए प्रमाणे बीजा कषायसमु० नुं स्वरूप कह्युं ।

**अन्तर्मुहूर्त्तशेषायुर्मरणान्तकरालितः । मुखादिरन्ध्राण्यापूर्य, शरीरी स्वप्रदेशकैः ॥ २२४ ॥ स्वाङ्गविष्कम्भबाहल्यं, स्वशरीरातिरेकतः । जघन्यतोऽङ्गुलासंख्येयांशमुत्कर्षतः पुनः ॥२२५॥ असंख्ययोजनान्येकदिश्युत्पत्तिस्थलावधि। आयामतोऽभिव्याप्यान्तर्मुहूर्त्तान्म्रियते ततः ॥२२६॥ मरणान्तसमुद्घातं, गतो जीवश्च शातयेत्। आयुषः पुद्गलान् भूरीनादत्ते च नवाश्च तान्॥२२७ अत्रायं विशेषः। कश्चिज्जीव एकेनैव मारणान्तिकसमुद्घातेन नरकादिषूत्पद्यते, तत्राहारं करोति, शरीरं च बध्नाति, कश्चित्तु समुद्घातान्निवृत्य स्वशरीरमागत्य पुनः समुद्घातं कृत्वा तत्रोत्पद्यते, अ-**

यमर्थो भगवतीषष्ठशतकषष्ठोद्देशके नरकादिष्वनुत्तरान्तेषु सर्वस्थानेषु भावितोऽस्तीति ज्ञेयं (सा०८०) ॥ इति मारणान्तिकः समुद्घातः ॥ वैकुर्विकसमुद्घातं, प्राप्तो वैक्रियशक्तिमान् । कर्मावृतानामात्मीयप्रदेशानां तनोर्बहिः॥२२८॥निसृज्य दण्डं विष्कम्भबाहल्याभ्यां तनुप्रमम् ।आयामतस्तु संख्यातयोजनप्रमितं ततः२२९ वैक्रियाङ्गाभिधनामकर्मांशान् पूर्वमर्जितान् । शातयन् वैक्रियाङ्गार्हान्, स्कन्धाँल्लात्वा करोति तत् ॥२३०॥त्रिभिर्विशेषकम्॥इति वैक्रियसमुद्घातः ॥ समुद्घतस्तैजसेन, तेजोलेश्याख्यशक्तिमान् । कर्मावृतात्मप्रदेशराशे र्वैक्रियवद्बहिः ॥२३१॥ देहविस्तारबाहल्यं, संख्येययोजनायतम् । निसृज्य दण्डं प्राग्बद्धान्, शातयेत्तैजसाणुकान् ॥२३२॥ युग्मम् ॥ अन्यानादाय तद्योग्यान्, तेजोलेश्यां विमुञ्चति । तैजसोऽयं समुद्घातः, प्रज्ञप्तस्तत्त्वपारगैः॥२३३ ॥ इति तैजससमुद्घातः ॥ चतुर्दशानां पूर्वाणां, धर्त्ताऽऽहारकलब्धिमान् । जिनर्द्धिदर्शनादीनां, मध्ये केनापि हेतुना ॥ २३४॥ आहारकसमुद्घातं, कुर्वन्नात्मप्रदेशकैः । दण्डं स्वाङ्गपृथुस्थूलं, संख्येययोजनायतम् ॥ २३५ ॥ निसृज्य पुद्गलानाहारकनाम्नः पुरातनान् ।विकीर्यादाय तद्योग्यान्, देहमाहारकं सृजेत्॥२३६॥ त्रिभिर्विशेषकम् ॥ इत्याहारकसमुद्घातः ॥

अर्थ–अन्तर्मुहूर्त्त जेटलुं आयुष्य ज्यारे बाकी रहे त्यारे मरणान्तवडे व्याकुळ थयेलो आत्मा पोताना प्रदेशोवडे मुखादिकना पोलाण भाग पूरी ॥२२४॥ पोताना शरीरना विस्तार जेटलो स्थूळ ( जाडाइवाळो ) थाय. अने लंबाइमां जघ० थी अंगुलनो असंख्यातमो भाग ॥२२५॥ अने उत्कृष्टथी एकज दिशामां (–समश्रेणिए) उत्पत्ति स्थान सुधी असंख्ययोजन प्रमाण व्याप्त थइने त्यारबाद अन्तर्मुहूर्त्ते मरण पामे ते मरणान्तसमुद्घात कहेवाय ॥ २२६ ॥ मरणान्तसमुद्घातने प्राप्त थयेलो जीव आयुष्यकर्मना घणा पुद्गलोने शीघ्र खपावे.

पण ( आयुष्यना ) नवा पुद्गलोने ग्रहण न करे. ॥ २७ ॥ अहिं विशेष ए छे के—" कोइक जीव एकज मरणसमुद्घातवडे नरकादिकमां उत्पन्न थाय, त्यां (भवधारणीय पुद्गलोनो)आहार करे अने शरीर बांधे, अने कोइक जीव तो ( प्रथम रचेली ) समुद्घातथी निवृत्त थइ पोताना ( प्रथमनां मूळ ) शरीरमां आवीने फरी बीजीवार समुद्घात करी त्यां उत्पन्न थाय " ए भावार्थ भगवतीमां ६ ठा शतकना ६ ठा उद्देशामां नरकथी अनुत्तरसुधीनां सर्व स्थाने कहेलो छे एम जाणवुं.ए प्रमाणे मरणसमु० नुं स्वरूप कह्युं. ॥

वैक्रिय समुद्घातने प्राप्त थयलो वैक्रियलब्धिवाळो जीव कर्मवडे वींटायला पोताना जीवप्रदेशोने शरीरथी बहार काढी पहोळाइ अने जाडाइमां शरीरतुल्य अने लंबाइमां संख्यात योजन जेटलो थइने ते समुद्घातथी प्रथम उपार्जन करेला वैक्रिय नामकर्मना प्रदेशोने खपावतो छतो नवा वै० शरीरयोग्य पुद्गलस्कंधोने ग्रहण करी ते वैक्रियशरीर रचे छे. ॥ २८—२९—३० ॥ ए रीते वैक्रियसमुद्घात जाणवो. ( तैजस समुद्घातविचार कहे छे )

तैजससमुद्घातने प्राप्त थयेलो तेजोलेश्या नामनी लब्धिवाळो जीव कर्मवडे वींटायला आत्मप्रदेशना समूहनो वैक्रिय माफक देहनी पहोळाइ अने जाडाइ जेटलो अने संख्यातयोजन दीर्घ (आत्मप्रदेशनो) दंड बहार काढी पूर्वे बांधेला तैजसना-

१ मरण अने मरणसमुद्घात बे भिन्न छे कारणके कोइ जीव मरणसमुद्घातपूर्वक मरण पामे छे, अने कोइजीव मरणसमुद्घात कर्या विना मरण पामे छे. अने एक भवमां वधुमां वधु बे मरणसमुद्घात थाय छे. ज्यारे बे मरणसमुद्घात थाय छे, त्यारे जीव बीजी समुद्घातमां मरण पामे छे अने पहेली समुद्घात मरण पहेलां अन्तर्मुहूर्त शेषे थाय छे, अने ज्यारे एकज मरणसमुद्घात करे त्यारे अन्तर्मु० शेषे समुद्घात करे अने त्यारबाद तेज समुद्घातमां वर्ततो समुनुं अन्तर्मु० पूर्ण थये मरण पामे.—अथवा जीवनुं मरण १-२-३-४ समय सुधीनुं होय छे, अने मरणसमु० अन्तर्मु० प्रमाण छे मरण ते आयुःप्राणनो वियोग (क्षय) अने ते क्षय करवा माटेनो प्रयत्न ते मरण समुद्घात इत्यादि भेदोथी ए बंने भिन्न छे.

२ वैक्रिय-अने वै० समु० ए बे पण भिन्न छे, कारण के वै० समु०नो काळ अन्तर्मु० प्रमाण अने वै०नो काळ देवोने ०॥ मास जेटलो छे, परन्तु उत्तरवैक्रिय करतां पहेलां वै० समु० अवश्य करवो पडे अर्थात् वै० समु० वडे उत्तरवै० देहनी रचना होइ शके छे, तथा वै० समु० संख्यातयोजन होयछे ते उत्तरवैक्रिय साधिकलाखयोजन थाय ते अपेक्षाए जाणवुं अन्यथा वै० मां आत्मप्रदेशनी दीर्घश्रेणि असंख्ययोजन पण होय छे

३ तेजोलेश्या १६ देश बाळवा समर्थ छे ने तेटलुं क्षेत्र संख्यातयोजन प्रमाण थाय.

प्रकर्मना अणुओने निर्जरे अने बीजा तैजसयोग्य परमाणुओने ग्रहण करी तेजो-लेश्या मूके तेने तत्त्वनो पार पामेला श्री सर्वज्ञोए तैजससमुद्घात कहेलो छे. ॥ २३१–३२–३३॥ ए प्रमाणे तैजससमुद्घातनुं स्वरूप कह्युं. ॥

चौद पूर्वना ज्ञानने धारण करनार एवा आहारक लब्धिवाळा मुनि जिनेश्वरनी ऋद्धि देखवादि हेतुमांना कोइपण हेतुवडे ॥ २३४॥ आहारकस-मुद्घात करता छता पोताना आत्मप्रदेशोवडे पोताना शरीरप्रमाण विस्तृत अने स्थूल तथा संख्यातयोजन प्रमाण दीर्घ ॥ २३५ ॥ दंड बनावीने पूर्वे उपार्जन क-रेला आहारकनाम कर्मना पुद्गलोने निर्जरी आहारकदेह प्रायोग्य नवा पुद्गलो ग्रहण करी आहारकशरीर रचे ते आहारकसमुद्घात कहेवाय. ॥ २३६ ॥ ए प्रमाणे आहारकसमुद्घातनुं स्वरूप कह्युं.

यस्यायुषोऽतिरिक्तानि,कर्माणि सर्ववेदिनः । वेद्याख्यनामगो-त्राणि, समुद्घातं करोति सः ॥ २३७ ॥ आन्तर्मुहूर्त्तिकं पूर्वमा-वर्जीकरणं सृजेत् । अन्तर्मुहूर्त्तशेषायुः, समुद्घातं ततो व्रजेत् ॥ २३८ ॥ आवर्जीकरणं शस्तयोगव्यापारणं मतम् । इदं त्ववश्यं कर्त्तव्यं, सर्वेषां मुक्तिगामिनाम् ॥ २३९ ॥ आत्मप्रदेशैर्लोकान्तस्पृशमूर्ध्वमधोऽपि च । कुर्यादाद्यक्षणे दण्डं, स्वदेहस्थूलविस्तृतम् ॥ २४० ॥ द्वितीये समये तस्य, कुर्यात्पूर्वापरायतम् । कपाटं पाटवोपेतः, समयेऽथ तृतीयके ॥ २४१ ॥ ततो विस्तार्य प्रदेशानुदीचीदक्षिणायतम् । मन्थानं कुरुते तुर्ये, ततोऽन्तराणि पूरयेत् ॥ २४२ ॥ स्वप्रदेशैस्तदा सर्वान्, लोकाकाशप्रदेशकान् । स व्याप्नोति समा ह्येते, लोकाकाशैकजीवयोः ॥ २४३ ॥ संहरेत्पञ्चमे चासौ, समयेऽन्तरपूरणम् । षष्ठे संहृत्य मन्थानं, संहरेत्सप्तमेऽररिम् ॥ २४४ ॥ संहरेदष्टमे दण्डं, शरीरस्थस्ततो

२ भरत अथवा ऐरवतक्षेत्रथी पुष्कलावतीविजय ५० हजार जोजनथी अधिक दूर छे माटे आहारकशरीरने त्यां मोकलतां संख्यातयोजन दीर्घ दंड थाय

भवेत् । अन्तर्मुहूर्त्तं जीवित्वा, योगरोधाच्छिवं व्रजेत् ॥ २४५ ॥ यदाहुः ॥"यस्य पुनः केवलिनः, कर्म भवत्यायुषोऽतिरिक्ततरम् । स समुद्घातं भगवानुपगच्छति तत्समीकर्त्तुम् ॥ २४६ ॥ दण्डं प्रथमे समये, कपाटमथ चोत्तरे तथा समये । मन्थानमथ तृतीये, विश्वव्यापी चतुर्थे तु ॥ २४७ ॥ संहरति पञ्चमे त्वन्तराणि मन्थानमथ पुनः षष्ठे । सप्तमके तु कपाटं, संहरति ततोऽष्टमे दण्डम् ॥ २४८ ॥ औदारिकप्रयोक्ता, प्रथमाष्टमसमययोरसाविष्टः । मिश्रौदारिकयोक्ता,सप्तमषष्ठद्वितीयेषु ॥ २४९ ॥ कार्मणशरीरयोक्ता, चतुर्थके पञ्चमे तृतीये च । समयत्रयेऽपि तस्मिन्, भवत्यनाहारको नियमात् ॥ २५० ॥" (सा०८१)

अर्थ—जे केवली भगवानना वेदनीय–नाम–अने गोत्रकर्म आयुष्यनी स्थितिथी अधिक दीर्घ स्थितिवाळा होय ते केवली(स्थिति सरखी करवाने) समुद्घात करे छे.॥२३७॥ परंतु ते समुद्घात करता पहेलां अन्तर्मुहूर्त्त काळप्रमाणनुं आवर्जीकरण करे छे अने त्यारपछी अन्तर्मुहूर्त्त शेष आयुष्यवाळा केवलि समुद्घातने पामे छे. ॥ २३८ ॥ आवर्जीकरण एटले प्रशस्त (शुभ) योगनो व्यापार (प्रवृत्ति) एवो अर्थ मानेलो छे, वळी आ आवर्जीकरण तो सर्व मोक्षगामीओोने अवश्य करवुं जोइए ॥२३९॥ (हवे केवलिसमुद्घातनुं स्वरूप कहे छे—) प्रथमसमये ऊर्ध्व अने अधोदिशाए लोकना छेडाने स्पर्शे तेवो दीर्घ अने पोताना शरीर प्रमाण पहोळो अने जाडो एवो आत्मप्रदेशोनो दंड (दंडनो आकार) रचे

१ आवर्जनमावर्जः—आत्मानं प्रति मोक्षस्याभिमुखीकरणं आत्मनो मोक्षं प्रत्युपयोजनं इति तात्पर्यार्थः ( अर्थ—आत्माने मोक्ष सन्मुख करवो अर्थात् आत्माने मोक्ष तरफ जोडवो ते आवर्ज अने तत्संबंधिक्रिया ते आवर्जनकरण कहेवाय. ए तात्पर्य छे. ) वळी एनां आवर्जिकरण–आवर्जनकरण–आवर्जितकरण–आयोजिकाकरण— अने आवश्यककरण ए पर्यायनामो छे. तेनो व्युत्पत्त्यर्थ श्री प्रज्ञापनाना छत्रीशमा पदमांथी जाणवो. अहिं करणनो अर्थ " शुभमनवचनकाययोगनो व्यापारविशेष " जाणवो. "आयोज्य करणापूर्वं, योगसन्न्यासवान्भवेत्" आ प्रमाणे योगदृष्टिसमुच्चयादिमां कहेल योगसन्न्यास एटले शैलेशीकरण सर्वे केवलिओने करवानुं होवाथी आवर्जीकरण पण सर्वे केवलिभगवन्तो अवश्य करे छे.

२ आ दंडसमयथी पहेलां जे पल्योपमासंख्येयभाग प्रमाण पण कर्मनी स्थिति

(करे.)॥२४०॥बीजे समये ते दंडने लोकना पूर्व अने पश्चिम छेडाने स्पर्शे त्यांसुधी दंडना आत्मप्रदेशोमांथी कपाट=कमाडनो आकार बनावे, तदनंतर पटुतायुक्त ( निपुण ) एवा केवलिभगवान् त्रीजे समये ॥२४१॥ कपाटमांथी आत्मप्रदेशोने उत्तरदक्षिण लोकना छेडासुधी विस्तारीने मंथान ( रवैयानो आकार. ) रचे. तदनंतर चोथे समये मन्थानना आंतरा ( चार आंतरा ) पूरे ॥२४२॥ ते वखते ( चोथे समये) ते केवली भगवान् पोताना सर्व आत्मप्रदेशोवडे लोकाकाशना सर्व प्रदेशोने व्याप्त करे छे ( अर्थात् सर्वलोकमां व्यापी रहे छे. ) कारणके लोकाकाशना अने एक जीवना ए प्रदेशो परस्पर तुल्य संख्यावाळा छे. ॥२४३॥ पुनः पांचमे समये केवली भगवान् पूरेला आंतरा संहरे, छट्ठे समये मंथान संहरे. सातमे समये कपाट संहरे,॥२४४॥अने आठमे समये दंड संहरे ते दंड संहरवाथी केवली शरीरस्थ(पोताना शरीरनी अवगाहनामां व्याप्त)थाय, अने त्यारबाद अन्तर्मुहूर्त्त जेटलो काळ जीवीने त्रणे योगनो निरोध (रोकाण) करीने मोक्षे जाय ॥ २४५ ॥ कह्युं छे. के (प्रशमरती)—" वळी जे केवलिने आयुष्यथी अधिक कर्म बाकी होय तो ते सरखां करवाने माटे केवली भगवान् समुद्घात करे छे. ॥ २४६ ॥ त्यां प्रथम समये दंड, बीजे समये कपाट, त्रीजे समये मंथान, अने चोथे समये सर्वलोक व्यापी थाय छे. ॥ २४७ ॥ वळी पांचमे समये आंतराओ, छट्ठे समये मंथान, सातमे समये कपाट अने त्यारबाद आठमेसमये दंड संहरे छे. ॥२४८॥ अहिं पहेला अने आठमा समयमां केवली औदा-

छे तेना असंख्य भाग करवा तेमांथी आ दंड समये असंख्य भाग घात करी एक भाग बाकी राखे पुनः दंडसमयथी पूर्वसमये ३ कर्मनो जे रस हतो तेना अनंत भाग करवा तेमांथी २५ अशुभप्रकृतिना अनुभागना अनंत भाग करी अनंत भागनो घात करी १ अनन्तमो भाग बाकी राखे अने (३९ शुभप्रकृतिना ) अनंतभागनो अशुभपरप्रकृतिमां संक्रमरूपे घात करी एक भाग बाकी राखे, ए समुद्घातनुं माहात्म्य छे, पुनः कपाटादि समयोमां पण बाकीराखेला एकेक भागना असंख्य अने अनन्त भाग करी घात करी एकेकभाग बाकी राखे ए प्रमाणे प्रति ( १—१ ) समयमां स्थितिकंडक तथा अनुभागकंडकनो घात दंडसंहार समय सुधी प्रवर्त्ते तदनंतर कपाटसंहार रूप छट्ठा समयथी प्रयत्न मंद पडवाथी अन्तर्मुहूर्त्त काळे एकेककंडकनो घात थाय, पण छट्ठे समये आखा कंडकनो घात न थाय एप्रमाणे छट्ठासमयथी मांडीने सयोगिपणाना चरमसमयसुधी प्रत्येक अन्तर्मुहूर्त्ते एकेक स्थिति अने अनुभागकंडकनो घात करतां १४मा गुणस्थानना काळप्रमाण चारे कर्म स्थितिवडे सरखां थइ जाय,

रिककाय योगी मानेला छे.सातमे आठमे अने बीजे समये औदारिकमिश्र योगी ॥२४९॥ अने चोथे पांचमे तथा त्रीजे समये कार्मणकाययोगी होय छे, आ त्रणे समयोमां केवली निश्चय अनाहारी होय छे- " ॥ २५० ॥

किञ्च ॥ समुद्घातान्निवृत्त्यासौ, त्रिधा योगान् युनक्त्यपि । सत्यासत्यामृषाभिख्यौ, योगौ मानसवाचिकौ ॥२५१ ॥ पृष्टेषु मनसाऽर्थेषु, तत्रानुत्तरनाकिभिः । दातुं तदुत्तरं चेतोयोगयुग्मं युनक्ति सः ॥२५२॥ तथा मनुष्यादिना च,पृष्टोऽपृष्टोऽपि स प्रभुः । प्रयोजनविशेषेण, युनक्त्येतौ च वाचिकौ ॥ २५३ ॥ काययोगं प्रयुञ्जानो, गमनागमनादिषु । चेष्टते पीठपट्टाद्यमर्पयेत्प्रातिहारिकम् ॥२५४॥एवं च—कैश्चिदित्युच्यते यत्तु,शेषषण्मासजीवितः । जिनः कुर्यात्समुद्घातं, तदसत् नान्यथासति ॥ २५५ ॥ प्रातिहारिकपीठादेरादानमपि संभवेत् । श्रुते तु केवलं प्रोक्तं, तत्प्रत्यर्पणमेव हि ॥२५६॥ इत्यादि॥ अधिकं प्रज्ञापनान्तिमपदवृत्तितोऽवसेयं(सा०८२)॥ततश्च । पर्याप्तसंज्ञिपञ्चाक्ष-मनोयोगाज्जघन्यतः । असंख्यगुणहीनं तं,निरुन्धानः क्षणे क्षणे॥२५७॥ असंख्येयैः क्षणैरेवं, साकल्येन रुणद्धि तम् । ततः पर्याप्तकद्व्यक्षवचोयोगाज्जघन्यतः ॥२५८॥ असंख्यगुणहीनं तं, निरुन्धानः क्षणे क्षणे । एवं क्षणैरसंख्येयैः, साकल्येन रुणद्धि सः ॥ २५९ ॥ त्रिभिर्विशेषकं ॥ ततः पर्याप्तसूक्ष्मस्य, काययोगाज्जघन्यतः । असंख्यगुणहीनं तं,निरुन्धानः क्षणे क्षणे ॥२६०॥ असंख्येयैः समयैरेवं, साकल्येन रुणद्धि सः । योगान् रुन्धंश्च स ध्यायेत्, शुक्लध्यानं तृतीयकम् ॥२६१॥ युग्मम्॥( समुद्घात पछीनुं केवलिनुं कर्तव्य)

अर्थः—वळी समुद्घातथी निवृत्त थइने ते केवली भगवान् त्रणे योग व्यापृत करे छे ( अर्थात् त्रणे योगमां जोडाय छे. ) तेमां मन अने

वचन संबंधि सत्य अने असत्यामृषा नामना बे योगो ॥ २५१ ॥ त्यां अनुत्तर देवोए मनवडे पूछेला प्रश्नोना उत्तर आपवाने सत्य अने व्यवहार (असत्यामृषा) मनोयोग प्रवर्तावे छे,॥२५२॥तथा मनुष्यादिवडे (मनु० देवग०तिर्यंच वडे) पूछायला अथवा नहिं पूछायला पण कारणविशेषे ते प्रभु ए सत्य अने व्यवहार वचनयोग प्रवर्तावे छे॥२५३॥अने गमन आगमन करवा वगेरेमां काययोगने प्रवर्तावता ते भगवान पीठ(बाजोठ)–पाट वगेरे वापरवा योग्य (प्रथम लीधेल)वस्तुओ(गृहस्थोने)पाछी सोंपे छे,॥२५४॥आ प्रमाणे छते केटलाएक एम कहे छे के-जेनुं आयुष्य ६ मास जेटलुं बाकी रह्युं होय ते केवली समुद्घात करे पण (तेम नहि होवाथी) ते असत्य छे, जो ए प्रमाणेज होय तो वापरवा योग्य बाजोठ वगेरे चीजोनुं पुनः ग्रहण करवानुं पण संभवे छतां सिद्धांतमां तो मात्र ते चीजो पाछी सोंपी देवानुंज जणाव्युं छे॥२५५–५६॥ इत्यादि. अधिक विस्तार श्रीप्रज्ञापना (३६मा पदनी) वृत्तिथी जाणवो. हवे समुद्घातथी निवृत्त थइ प्रत्यर्पणीय वस्तुओ पाछी सोंप्याबाद, प्रतिसमय पर्याप्त संज्ञिपञ्चेन्द्रियना जघन्य मनोयोगथी असंख्यगुणहीन मनोयोगने समये समये रुंधतां (रोकता) एवा भगवान॥२५७॥ते प्रमाणे असंख्यसमयमां ते मनोयोगने सर्वथा रुंधे छे, तदनंतर पर्याप्त बेन्द्रियना जघ० वचनयोगथी ॥ २५८ ॥ असंख्य गुणहीन वचनयोगनो प्रतिसमय निरोध करता ए प्रमाणे असंख्य समयोमां वचनयोगनो सर्वथा रोध करे छे,॥२५९॥ तदनंतर पर्याप्तसूक्ष्म एकेन्द्रियना जघ० काययोगथी असंख्य गुणहीन काययोगने प्रतिसमय रोकतां ॥२६०॥ ए प्रमाणे असंख्य समयोमां भगवान् सर्वथा काययोगने रुंधे छे.ए प्रमाणे त्रणे योगनो निरोध करता भगवान् ( निरोधक्रिया वखते ) त्रीजुं ( सूक्ष्मक्रिया प्रतिपाती नामनुं ) शुक्लध्यान ध्यावे छे. ॥ २६१ ॥

एतेन स उपायेन, सर्वयोगनिरोधतः । अयोगतां समासाद्य, शैलेशीं प्रतिपद्यते ॥ २६२ ॥ पञ्चानां ह्रस्ववर्णानामुच्चारप्रमितां च ताम् । प्राप्तः शैलेशनिष्कम्पः, स्वीकृतोत्कृष्टसंवरः ॥ २६३ ॥ शुक्लध्यानं चतुर्थं च, ध्यायन् युगपदञ्जसा । वेद्यायुर्नामगोत्रा-

१ प्रथम समये जेटलो (-प० सं० पंचे० थी असं० गु० हीन ) निरोध कर्यो तेटलोज बीजे समये रोध करे तेटलोज त्रीजे समये ए प्रमाणे-

णि, क्षपयित्वा स सिद्ध्यति ॥ २६४ ॥ अगत्वाऽपि समुद्घातमनन्ता निर्वृता जिनाः । अवाप्यापि समुद्घातमनन्ता निर्वृता जिनाः ॥ २६५ ॥ अत्रायं विशेषः॥यः षण्मासाधिकायुष्को, लभते केवलोद्गमम् । करोत्यसौ समुद्घातमन्ये कुर्वन्ति वा न वा ॥ १ ॥ इति गुणस्थानक्रमारोहे (सा० ८३) । छम्मासाऊ सेसे उप्पण्णं जेसि केवलं नाणं । ते नियमा समुघाइय;सेसा समुघाय भइयव्वा ॥ २ ॥ (षण्मासायुःशेषे उत्पन्नं येषां केवलं ज्ञानम् ।।ते नियमात्समुद्घात्य(निर्वृताः)शेषाः समुद्घाते भक्तव्याः) इत्यस्य वृत्तौ,(सा०८४) इति केवलिसमुद्घातः । आद्याः पञ्च समुद्घाताः, सर्वेषामपि देहिनाम् । अनुभूता अनन्ताः स्युर्यथास्वं सर्वजातिषु ॥ २६६ ॥ भाविनस्तु न सन्त्येव, केषाञ्चिल्लघुकर्मणाम् । केषाञ्चित्त्वङ्गिनामेकद्व्यादयः स्युरनेकशः ॥ २६७ ॥ यावद्गण्या अगण्या वा, स्युः केषाञ्चिदनन्तकाः । यथास्वं सर्वजातित्वे, विज्ञेया बहुकर्मणाम् ॥ २६८ ॥ नवरं ॥ सूक्ष्मादिनिगोदैस्तु, निगोदे त्रय एव ते । अनुभूता अनन्ताः स्युर्भाविनस्ते तु सर्ववत् ॥ २६९ ॥ आहारका नरान्येषां, केषाञ्चिन्नृभवे त्रयः । अतीताः स्युर्भाविनस्तु, ते चत्वारो न चाधिकाः ॥२७० संभवेयुश्च चत्वारोऽनुभूता नृभवे नृणाम् ।भविष्यन्तोऽपि विज्ञेयास्तावन्तो नृभवे नृणाम् ॥ २७१ ॥ चत्वारोऽपि व्यतीतास्तु, नान्येषां नॄन् विना यतः । आहारकं तुर्यवारं, कृत्वा सिध्यति तद्भवे ॥ २७२ ॥ तथोक्तं प्रज्ञापनावृत्तौ–" इह यश्चतुर्थवेलमाहारकं करोति स नियमात्तद्भव एव मुक्तिमासादयति, न गत्यन्तरमिति"(सा०८५)॥ सप्तमस्तु न कस्यापि, स्यादतीतो नरं विना ।

भाव्यप्येकोऽन्यजन्तूनां,केषाञ्चिन्नूत्न एव सः॥२७३॥समुद्घातो-त्तीर्णंजिनं, प्रतीत्यैको निषेवितः। मनुष्यस्य मनुष्यत्वेऽनागतोऽप्येक एव सः ॥ २७४ ॥ असद्वेद्याश्रितश्चाद्यो, मोहनीयाश्रितः परः। अन्तर्मुहूर्तशेषायुःसंश्रितः स्यात्तृतीयकः ॥ २७५ ॥ तुर्यपञ्चमषष्ठाश्च, नामकर्मसमाश्रिताः। नामगोत्रवेद्यकर्मसंश्रितः सप्तमो भवेत् ॥ २७६ ॥ इति जीवसमुद्घाताः॥ योऽप्यचित्तमहास्कन्धसमुद्घातोऽस्त्यजीवजः। अष्टसामयिकः सोऽपि, ज्ञेयः सप्तमवत्सदा॥२७७॥पुद्गलानां परीणामा-द्विश्रसोत्थात्स जायते अष्टभिः समयैर्जातसमाप्तो जिनसत्कवत्॥२७८॥इति समुद्घाताः।१२।

अर्थः—ए उपाय वडे ( ध्यानवडे ) सर्वयोगनो निरोध थवाथी ते भगवान अयोगीपणु[१] पामीने शैलेशी अवस्था अंगीकार करे छे. ॥ २६२ ॥ पांच ह्रस्व-वर्ण (अ इ उ ऋ लृ) ना उच्चार काळ जेटली ते शैलेशी दशाने पामेलाने शैलेश ( शैल—पर्वतोमां ईश-श्रेष्ठ नायक जे मेरु पर्वत ते ) नी पेठे निश्चल थयेला अने उत्कृष्ट संवरने ( सर्वथा कर्मग्रहणरहित पणाने ) अंगीकार करेला एवा भगवान्

१ योगनिरोधनुं प्रमाण तो आज प्रकरणमांज कह्युं परन्तु योगनिरोधनो अनुक्रम कह्यो नथी ते अनुक्रम आ प्रमाणे—प्रथमबादरकाययोगनी सहायवडे अन्तर्मु०मां बादर वचनयोग रुंधे त्यारबाद अन्तर्मुहूर्त स्थिर थइने बादरकाययोगनी सहायथी अन्तर्मुहूर्तमां बादर मनयोगने रुंधे त्यारबाद अन्तर्मु० स्थिर रहीने बा०काययोगनी सहायथी उच्छ्वास निःश्वासने रुंधे, तदनंतर अन्तर्मु० स्थिर थइने ( पहेले कंइपण नहि करीने ) सूक्ष्मकाययोगनी सहायथी बादर काययोगने रुंधे ( अहिं ग्रन्थान्तरे "बा० कायबळथी बा० काययोग रुंधे " एम कह्युं छे) तदनंतर अंतर्मु० स्थिर रहीने सू० काययोगनी सहायथी सू० वचन योग रुंधे, तदनंतर अन्तर्मु० स्थिर रहीने सू० काययोगनी सहायथी सू० मनोयोग रुंधे तदनंतर अन्तर्मु० स्थिर रहीने सू० काययोगनी सहायथी सू० काययोग रुंधे (अहिं सू० क्रियाप्रतिपाति ध्यान अने जीव प्रदेशावगाहना $\frac{1}{3}$ संकोच थाय अर्थात् $\frac{2}{3}$ बाकी रहे) ए सू० काययोग रुंधन कर्याबाद अयोगी केवली (-शैलेशी अवस्था वाळा) थाय. अहिं सर्वत्र क्रियाकाळ अन्तर्मु० जाणवो.

॥ २६३ ॥ चोथा (व्युच्छिन्नक्रिया अप्रतिपाती नामना) शुक्लध्यानने ध्यावता वेदनीय-आयु नाम-अने गोत्र ए चार कर्मने समकाळे शीघ्र खपावीने भगवान् सिद्धि पद पामे छे ॥ २६४ ॥ वळी जिनसमुद्घात कर्या विना पण अनंत केवळी मोक्षे गया,अने समुद्घात करीने पण अनंत केवली मोक्षे गया छे.॥२६५॥ अहिं विशेष ए छे के—“ ६ मासथी अधिक आयुष्य वाळो जे जीव केवळज्ञान पामे ते समुद्घात करे अने बीजा केवळीसमुद्घात करे अथवा न पण करे ” ॥ १ ॥ ए रीते गुणस्थानक्रमारोहमां कह्युं छे, अने एनी वृत्तिमां कह्युं छे के “ ६ मास आयुष्य बाकी रहे छते जेओने केवळज्ञान उत्पन्न थयुं होय तेओ निश्चयथी समुद्घात करेज, अने शेष जीवोने समुद्घातनी भजना ( करे अथवा न पण करे एम) जाणवी॥२॥ए प्रमाणे केवलिसमुद्घातनुं स्वरूप कह्युं.

## ॥ कया जीवो कइ समुद्घात केटलीवार करे ? ते कहे छे ॥

प्रथमना पांच ( आहा० जिनसमु० विना ) समुद्घात यथायोग्यपणे सर्व जीवोए अनंतवार अनुभवेला छे. ॥ २६६ ॥ अने आगामी ( भविष्य ) काळमां केटलाएक अल्पकर्मी जीवोने ते समुद्घातो थवाना नथी अने केटलाएक जीवोने एक बे इत्यादि अनेकवार यावत् संख्यात अने असंख्यातवार अने केटलाकोने अनन्तवार थवाना छे बहुकर्मी जीवोने तो यथायोग्यपणे सर्व जातियोमां (भवोमां ) अनंतवार समुद्घात थनारा छे एम जाणवुं ॥२६७–६८॥ परन्तु विशेष ए छे के–सूक्ष्म निगोद जीवोए निगोदने विषे (वे० क० अने म०, ए त्रण समुद्घातज भूतकाळे अनन्तीवार अनुभव्या छे, अने भविष्य काळमां (उपर कह्या मुजब) सर्व जीववत् जाणवुं, ॥२६९॥ तथा मनुष्य सिवाय बीजा केटलाएक जीवोने मनुष्य भवमां ३ वार आहारकसमुद्घात भूतकाळमां व्यतीत थया अने (जेओए कोइकाळे पूर्वे आहा०स० करेल नथी तेओने) भविष्यमां चारवार करवाना होय छे पण अधिक नहिं ॥ २७० ॥ वळी मनुष्योए मनुष्य भवमां अनुभवेला आहा०समु० चारवार होय छे, अने ( न करी होय तेवा ) मनुष्योने मनुष्य भवमां भविष्य काळे पण तेटलीज वखत ( चार-

१ अर्थात् सर्व जीवोनी पेठे एक बे यावत् अनंतवार अनुभववाना छे.

२ जे मनुष्ये चणवार करी लीधा तेने एकवार अने जेओए आहा०समु० कर्याज नथी तेवा बीजा मनुष्य सिवायना जीवोने ४ वार करवाना होय छे. कारणके आखा भवचक्रमां आहा०समु० ४ वारज थाय छे,

वार ) अनुभववाना जाणवा. ॥ २७१ ॥ मनुष्य शिवायना बीजा जीवोने चारे समुद्घात व्यतीत थयेला न होय, कारणके जीव चोथीवार आहारक करीने तेज भवमां मोक्ष पामे छे ॥ २७२ ॥ श्री पन्नवणाजीनी वृत्तिमां कह्युं छे के—" अहिं जे जीव चोथीवार आहारक करे ते जीव तेज भवमां मोक्ष पामे, परन्तु बीजो भव न करे " सातमो केवलिसमुद्घात मनुष्य विना कोइ जीवने व्यतीत थयेलो न होय, अने ते बीजा जीवोने भावी जिनसमुद्घात पण एकज होय अने तेपण मनुष्यपणामांज केटलाएक जीवने (भावी) जिनसमुद्घात होय २७३ समुद्घातथी निवृत्त थयेला केवलि भगवानने आश्रयि मनुष्यने एक जिनसमुद्घात व्यतीत थयेलो गणाय, अने (जेणे केवलिसमुद्घात करी नथी तेवा)मनुष्यने मनुष्यपणामां भावी जिनसमुद्घात पण एकज होय ॥ २७४ ॥

## ॥ कयो समुद्घात कया कर्मने अंगे होय छे ? ते कहे छे. ॥

पहेलो वेदनासमुद्घात अशातावेदनीय कर्मना उदयथी, बीजो कषायसमुद्घात कषायमोहनीय कर्मना उदयथी, त्रीजो मरणसमुद्घात अन्तर्मुहूर्तशेष आयुष्य कर्मना उदयथी, ॥२७५॥ चोथो पांचमो अने छट्ठो समुद्घात ते ते नामकर्मना उदयथी अने सातमो केवलिसमुद्घात नाम गोत्र अने वेदनीय कर्मने आश्रित जाणवो. ॥२७६॥ ए प्रमाणे जीवसमुद्घातनुं स्वरूप कह्युं,तथा अजीवथी उत्पन्न थयेलो जे अचित्त महास्कंधरूप समुद्घात छे ते पण केवलिसमुद्घातनी पेठे आठ समयनो जाणवो ॥ २७७ ॥ ए अजीवसमुद्घात पुद्गलोना विश्रसा परिणामथी ( स्वभावतः ) उत्पन्न थाय छे अने केवलिसमुद्घातवत् आठ समयमां समाप्त थाय छे ॥ २७८ ॥ इति समुद्घातद्वारम् ॥१२॥

---

१ ग्रंथमां सर्वत्र आश्रित शब्द छे, परन्तु विशेषता दर्शाववाने अर्थमां ६ ठेकाणे उदय अने अहिं उदयना अभावे आश्रीत शब्द आपेल छे.

२ पुद्गलनी २६ प्रकारनी (कर्मग्रन्थमते) वर्गणाओमां २६ मी अचित्तमहास्कंध नामनी वर्गणा छे तेमांना १ स्कंधमां विश्रसा परिणामे प्रथम समये ऊर्ध्वाधोलोकान्त स्पर्शी दंड थाय, बीजे समये कपाट, त्रीजे समये मंथान, चोथे समये अन्तर पूरण, पांचमे समये अन्तर संहरण, छट्ठे समये मंथान संहरण, सातमे समये कपाट संहरण ने आठमे समये दंड संहरण थइ स्वभावस्थ थाय छे.

आ समुद्घातविचारमां विशेष जिज्ञासुओने अति उपयोगी होवाथी तथा केवलिसमुद्घात-स्वरूपमां विशेष अजवालु पाडनार होवाथी आ साथे टिप्पणी तरीके तपागच्छाधिपति शासनसम्राट् सूरिचक्रचक्रवर्तिजगद्गुरुसर्वतन्त्रस्वतन्त्रभट्टारक आचार्य महाराजाधिराज श्रीमान् विजयनेमिसूरीश्वरजी महाराज साहेबजीना पट्टालङ्कार सिद्धान्तवाचस्पति न्यायविशारद आचार्य महाराज श्रीमान् विजयोदयसूरीश्वरजीना पट्टालङ्कार सिद्धान्तमार्तण्ड न्यायवाचस्पति शास्त्रविशारद कविरत्न आचार्य श्रीविजयनन्दनसूरिजीए बनावेल समुद्घाततत्त्व नामनो प्राचीन महापुरुषना वचनोना संवाद साथे अनेक विषयो शङ्का- समाधानोथी भरपूर ग्रंथ लोकोपकारार्थ दाखल कर्यो छे.

॥ अर्हम् नमः ॥

॥ श्रीसर्वलब्धिसम्पन्न–श्रीगौतमस्वामिने नमः ॥

सर्वतन्त्रस्वतन्त्र–सूरिचक्रचक्रवर्त्ति–शासनसम्राट्–तपागच्छाधिपति–जगद्गुरु–
भट्टारकाचार्यश्रीमद्विजयनेमिसूरिभगवद्भ्यो नमः ॥

सर्वतन्त्रस्वतन्त्र–सूरिचक्रचक्रवर्त्ति–शासनसम्राट्–तपागच्छाधिपति-जगद्गुरु-भट्टारका-
चार्यश्रीमद्विजयनेमिसूरिभगवत्पट्टालङ्कारसिद्धान्तवाचस्पति-न्यायविशारदा-
चार्यश्रीमद्विजयोदयसूरिपट्टधरश्रीविजयनन्दनसूरिविरचितम् ।

# ॥ समुद्घाततत्त्वम् ॥

वैताढ्ये नमिना तथा विनमिना भक्त्या समाराधितं,
शक्रेन्द्रेणागभस्तिनागपतिभिः स्वीये विमानेऽर्चितम् ।
श्रीकृष्णेन जरानिवारणकृते स्नात्रेण सम्पूजितं,
श्रीशङ्खेश्वरपार्श्वनाथमनघं स्तौमीष्टसंसिद्धये ॥ १ ॥

कीर्त्तिर्यस्याऽस्खलितमवनौ दीप्यते सर्वदिक्षु
पीयूषाम्भोनिधिलहरिका भारती सार्वभौमा ।
धीसाम्राज्यं परिचितसमस्तान्यशास्त्रप्रपञ्चं,
सोऽस्तु प्रौढप्रकटमहिमा नेमिसूरिर्मुदे नः ॥ २ ॥

सूरेर्भगवतस्तस्य पादसेवानुभावतः ।
तत्त्वं जैनसमुद्घात–सम्बन्धि किमपि ब्रुवे ॥ ३ ॥

अथ जैनसमुद्घातस्वरूपं निरूप्यते—अथ को नाम समुद्घातः ? न चात्र गमीदृशी समुद्घातसामान्यविषयकज्ञानविषयकेच्छारूपा जिज्ञासैवायुक्ता " अथ जैनसमुद्घातस्वरूपं निरूप्यते " इत्यनेनात्र केवलिसमुद्घातस्यैव निरूपणीयतया प्रतिज्ञातत्वेन तद्विशेषविषयकजिज्ञासाया एवौचित्यात्, जैनसमुद्घातपदस्य केवलिसमुद्घातार्थकत्वं तु "जइणसमुग्घायगईए" इत्यत्र महाभाष्ये सुप्रसिद्धमेवेति वाच्यम्, समुद्घातत्वात्मकसाधारणधर्मस्य पूर्वमज्ञानिरूपणात्साधारणधर्मज्ञानं विना च विशेषे जिज्ञासानुदयात्, [illegible] प्रति तद्धर्मप्रकारकज्ञानस्य कारणत्वात्, किञ्चात्र प्राधान्येन केवलिसमुद्घातस्यैव वक्ष्यमाणत्वेऽपि सामान्यतः सर्वस्यापि समुद्घातस्य निरूपयिष्यमाणतया "जैनसमुद्घात" इत्यस्य च जिनस्येमे जैनाः स्वप्रतिपाद्यत्वसम्बन्धेन जिनसम्बन्धिन इत्यर्थकत्वेन समुद्घातत्वावच्छिन्नस्यैव निरूपणीयतया प्रतिज्ञातत्वेन तद्धर्मावच्छिन्नविषयकजिज्ञासाया एवौचित्यात्, न चास्यारम्भस्य वैयर्थ्यशङ्काऽपि, समस्त्वन्यनेकेषु समुद्घातस्वरूपप्रतिपादकेषु ग्रन्थेषु सतोऽप्यतिमन्दधीबुद्धिवैशद्यार्थं गुरुकुलवासप्रभावतः किञ्चिन्मविशेषस्वरूपस्य तस्य प्रतिपादनादिति, अत्रोच्यते, सम्—एकीभावेन उत्—प्राबल्येन, हननं वेदनीयादिकर्मप्रदेशानां निर्जरणं घातः, सम्- एकीभावमापन्नस्य जन्तोः,उत्—प्राबल्येन,घातः समुद्घात इति यावत्, यद्वा सं-सम्यक्. उत्—प्राबल्येन, कर्मणो हननं घातः सत्यो यस्मिन् प्रयत्नविशेषेऽसौ समुद्घातः, यद्वा सं—सामस्त्येन, उत्—प्राबल्येन, हननम् आत्मप्रदेशानां बहिर्निःसारणं समुद्घात इति 'हनंक् हिंसागत्योः ' इति धातुपाठाद्धनधातोर्घातनिःसारणोभयार्थकत्वस्याप्यविरोधात् निःसारणस्यापि गतिविशेषरूपत्वादिति । अत्र केन सहैकीभावगमनं जीवस्येति चेदुच्यते, यदात्मा वेदनादिसमुद्घातगतस्तदा वेदनाद्यनुभवज्ञानपरिणतो भवति नान्यज्ञानपरिणत इति वेदनाद्यनुभवज्ञानेन सहैकत्वापत्तिर्जीवस्यावगन्तव्या, प्राबल्येन घातः कथं तर्हि ?, अत्रोच्यते यस्माद्वेदनादिसमुद्घातपरिणतो जन्तुर्बहून् वेदनीयादिकर्मप्रदेशान् कालान्तरानुभवयोग्यानुदीरणाकरणेनाकृष्योदये प्रक्षिप्यानुभूय च निर्जरयति, आत्मप्रदेशैः सह संश्लिष्टान् शातयतीति भावः " पुव्वकयकम्मसाडणं तु निज्जरा " इति वचनादिति तस्यामवस्थायां प्राबल्येन घात उच्यते इति समुद्घात इति स्थितम् । स च वेदनीयादिभेदेन सप्तधा भिद्यते तद्यथा—वेदनासमुद्घातः १कषायसमुद्घातो २मारणान्तिकसमुद्घातो ३वैक्रियसमुद्घात४स्तैजससमुद्घात५आहारकसमुद्घातः ६केवलिसमुद्घातश्चेति ७। तत्राद्याः षट् समुद्घाताः छाद्मस्थिका उच्यन्ते तेषामन्यत-

मस्य छद्मस्थत्वनियतत्वात्, नहि वह्निं विना धूमस्येव तेषामन्यतमस्यापि छद्मस्थभावं विना सद्भावः, कैवलिसमुद्घातस्त्वेकः केवलिन एव । ननु छद्मस्थभावं विना अयोगिकेवलिन्यपि मारणान्तिकसमुद्घातस्य प्रज्ञापनायां पञ्चदश इन्द्रियपदे प्रथमोद्देशके श्रवणात् कुतस्तदन्यतमस्य छद्मस्थत्वनियतत्वं प्रज्ञापनावचनं चेदम्—"अणगारस्स णं भंते ? भावियप्पणो मारणंतियसमुग्घाएणं समोहयस्स जे चरमा णिज्जरा पोग्गला, सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो "? इति, "अणगारस्सणं भंते ! इत्यादि, न विद्यतेऽगारं गृहं द्रव्यतो भावतश्च यस्यासावनगारः संयतस्तस्य, णमिति वाक्यालङ्कारे, भदन्त ! भावियप्पणो ' इति भावितो वासित आत्मा ज्ञानदर्शनचारित्रैस्तपोविशेषैश्च येन स भावितात्मा तस्य मारणान्तिकसमुद्घातेन समवहतस्य ये चरमाः शैलेशीकालान्त्यसमयभाविनो निर्जरापुद्गला अपगतकर्मभावाः परमाणवः 'सुहुमा णं ते पोग्गला' इति, णमिति निश्चये 'निपातानामनेकार्थत्वात्' निश्चितमेतत्, सूक्ष्माः चक्षुरिन्द्रियपथमतिक्रान्तास्ते पुद्गलाः प्रज्ञप्ता भगवद्भिः, हे श्रमण आयुष्मन् ! गौतमकृतं भगवतः सम्बोधनमेतत्" इति तद्वृत्तिरिति चेद्, न, समुद्घातमात्रस्य सकरणवीर्यत्वेनायोगिनश्चाकरणवीर्यस्यैव सद्भावेन तस्य समुद्घातमात्रस्यैवाभावात्, 'मारणान्तिकसमुद्घातेन' इत्यस्य च मरणान्ते मरणचरमसमये भवो मारणान्तिकः स चासौ समुद्घातस्तेनेति व्युत्पत्त्या अयोगिचरमसमयभाविना प्राबल्येन कर्मणां घातेन तद्धेतुना प्रयत्नविशेषेण वेत्यर्थकत्वस्यैव विवक्षणीयत्वात् । नैवमिति चेत्, तर्हि स्नातकनिर्ग्रन्थस्य केवलिसमुद्घातमात्रप्रतिपादनविरोधस्य दुष्परिहरत्वमेव,मारणान्तिकसमुद्घातस्यापि तस्य प्रतिपादनापत्तेः, केवलिसमुद्घातमात्रप्रतिपादनञ्च–" आहारएण सहिया सकसाए हुंति णो णियंठम्मि । केवलिअसमुग्घाओ इक्को चिय होइ ण्हायम्मि ॥"आहारएणत्ति आहारकेण समुद्घातेन सहिताः सकषाये कषायकुशीले षडपि समुद्घाता भवन्ति निर्ग्रन्थे 'नो' नैव समुद्घाताः, असमुद्घातैरेव निर्ग्रन्थभावस्पर्शात् । स्नातके एक एव केवलिसमुद्घातो भवती'ति तद्वृत्तिरिति । तथा च निर्विरोधमेव सिद्धं छाद्मस्थिकत्वव्यापकत्वं षण्णां समुद्घातानामन्यतमस्येति,

अथात्र वेदनासमुद्घातोऽसद्वेद्यकर्माश्रयः, कषायसमुद्घातः कषायाख्यचारित्रमोहनीयकर्माश्रयः, मारणान्तिकसमुद्घातः अन्तर्मुहूर्तशेषायुःकर्माश्रयः, वैकुर्विकतैजसाहारकसमुद्घाता यथाक्रमं वैक्रियशरीरतैजसशरीराहारकशरीरनामकर्माश्रयाः, केवलिसमुद्घातः सदसद्वेद्यशुभाशुभनामोच्चनीचैर्गोत्रकर्माश्रय इति । आह-

भवतु नाम वेदनादयः समुद्घातास्तत्तत्कर्माश्रयाः भवतु च केवलिसमुद्घातोऽपि नामगोत्रकर्माश्रय एव, परं वेदनीयकर्माश्रयत्वं तस्य कथं? प्रागेव समुद्घातशब्दार्थप्रतिपादनावसरे " प्राबल्येन घातः कथमित्याक्षेपस्य परिहारे वेदनीयादिकर्मप्रदेशान् कालान्तरानुभवयोग्यानुदीरणाकरणेनाकृष्योदये प्रक्षिप्यानुभूय च निर्जरयतीति प्राबल्येन घात उच्यते " इत्यनेन समुद्घातमात्रस्योदीरणाकरणहेतुकत्वप्रतिपादनात्, वेदनीयोदीरणायाः प्रमत्तगुणस्थानक एव व्यवच्छिन्नतया केवलिनि तदभावाच्च । असत्त्वे च केवलिनो वेदनीयकर्मोदीरणायाः तद्धेतुकस्य केवलिसमुद्घातस्य कथं सदसद्वेद्यकर्माश्रयत्वं भवेत्, नामगोत्रकर्माश्रयत्वं तु स्यादेव सयोगिचरमसमयं यावत् तयोरुदीरणायाः प्रतिपादितत्वादिति चेत्, न, प्राबल्येन घातः कथमित्याक्षेपपरिहारे उदीरणाकरणेनाकृष्येत्यादिनोदीरणायास्तद्धेतुताप्रतिपादनेऽपि नहि प्राबल्येन घातस्योदीरणाकरणनियतत्वं येन समुद्घातस्यापि तत्तत्कर्मोदीरणाव्याप्यत्वलाभेन वेदनीयोदीरणायाश्च केवलिन्यभावेन तत्समुद्घातस्य वेदनीयाश्रयत्वं विरुध्येत, कथं न प्राबल्येन घातस्योदीरणाकरणनियतत्वमिति चेत्, अयोगिगुणस्थानकचरमसमये प्राबल्येन कर्मणां घातसद्भावेऽपि उदीरणाकरणाभावात् " अजोगी अणुदीरगो भयवं " इति वचनात् । अयोगिनि कथमनुदीरणाकरणमिति चेत् भगवतोऽयोगिनो योगपरिणामरूपलेश्यातीतत्वात् सलेश्यवीर्यरूपत्वाच्च करणमात्रस्य, नन्वेवमयोगिनि सङ्क्रमोऽपि न स्यात् तस्यापि करणविशेषत्वात्, अस्ति चासौ, लेश्यातीतस्याप्ययोगिकेवलिनो भगवतो द्विचरमसमये द्विसप्ततिप्रकृतीनां स्तिबुकसङ्क्रमेण सङ्क्रमस्य "कर्मप्रकृत्यादौ" निरूपितत्वात्, "अनुदयप्राप्तायाः प्रकृतेः सत्कं यत्कर्मदलिकं सजातीयप्रकृतावुदयप्राप्तायां समानकालस्थितौ सङ्क्रमयति सङ्क्रमय्य चानुभवति, यथा मनुजगतावुदयप्राप्तायां शेषं गतित्रयम्, एकेन्द्रियजातौ शेषं जातिचतुष्टयमित्यादि,' यथा वा क्षपककाले सञ्ज्वलनक्रोधादीनां शेषीभूता आवलिकाः सञ्ज्वलनमानादौ, एष स्तिबुकसङ्क्रमः, उक्तञ्च–"अनुदीर्णमुदीर्णान्तस्तुल्यकालं प्रतिक्षणम् ॥ दलिकं सङ्क्रमं याति येन स स्तिबुको मतः ॥१॥" इति, एष एव च प्रदेशानुभवो गीयते" इति, तथा च कथं न विरोध इति चेत्, न, यथोक्तरूपस्य स्तिबुकस्य कथञ्चित्साधर्म्येण सङ्क्रमशब्देन वाच्यत्वेऽपि सलेश्यवीर्यविशेषरूपसङ्क्रमकरणविशेषरूपत्वाभावात् स्तिबुकसङ्क्रमेण सङ्क्रान्तस्य दलिकस्य सर्वथा पतद्ग्रहप्रकृतिरूपतया परिणामाभावात्, परिणमते च सङ्क्रमकरणविशेषेण सङ्क्रान्तं दलिकं सर्वथा पतद्ग्रहप्रकृतिरूपतयेति । स्तिब-

स्तिबुकसङ्क्रमस्यापि यदि सङ्क्रमकरणविशेषरूपत्वं स्यात्तदा विध्यातसङ्क्रमादिवदेतस्यापि सङ्क्रमकरणचतुर्थभेदप्रदेशसङ्क्रमलक्षणघटकत्वं स्यात् न चैतदस्ति तथाहि–"विज्झाउव्वलणअहापवत्तगुणसव्वसंकमेहि अणू ॥ जं नेइ अण्णपगइं पएससंकामणं एयमिति" "अधुना प्रदेशसङ्क्रममाह, तल्लक्षणमादावेवोच्यते–विध्यातसङ्क्रमः उद्वलनासङ्क्रमो यथाप्रवृत्तसङ्क्रमो गुणसङ्क्रमः सर्वसङ्क्रमश्च, एतैः पञ्चभिः सङ्क्रमैः कर्मपरमाणून् यन्नयत्यन्यप्रकृतिं तत्स्वरूपेण व्यवस्थापयति प्रदेशसङ्क्रमणमेतदुच्यत इति गाथार्थ " इति तद्वृत्तिः, किञ्च स्तिबुकसङ्क्रमस्य सङ्क्रमकरणविशेषरूपत्वं श्रीमद्भिर्न्यायविशारद-न्यायाचार्यैरप्युक्तं कर्मप्रकृतिवृत्तौ " इहान्योऽपि षष्ठः स्तिबुकसङ्क्रमोऽस्ति, परं न तेन सङ्क्रमकरणविशेष आक्षिप्यते" इति । श्रीपञ्चसङ्ग्रहमूलटीकायामपि स्तिबुकसङ्क्रमलक्षणगाथापातनिकायाम्–"यद्यपि नायं सङ्क्रमकरणे सम्बध्यते" इत्युक्तं । तथा च स्तिबुकसङ्क्रमस्य सलेश्यवीर्यरूपकरणविशेषरूपत्वाभावात् तत्सद्भावेऽप्ययोगिनि निराबाधमेव निर्विरोधत्वमित्यलम् । नन्वेवम् अयोगिनि प्राबल्येन कर्मणां घातसद्भावेऽपि समुद्घातापत्तिरिति चेत्,न, आत्मप्रदेशानां शरीराद्बहिर्निःसारणं विशिष्टप्रयत्नेन, तद्धेतुकस्यैव प्राबल्येन घातस्य समुद्घातत्वविवक्षणात्, इत्थञ्च नोदीरणाकरणनियतत्वं समुद्घातस्य किन्तु विशिष्टप्रयत्नपूर्वकात्मप्रदेशनिःसारणनियतत्वम्, अस्ति च सर्वत्रापि समुद्घाते आत्मप्रदेशानां विशिष्टप्रयत्नेन शरीराद्बहिर्निःसारणम्, अस्ति च तद्धेतुकः प्राबल्येन कर्मणां घातोऽपि तत्र तत्र समुद्घाते तत्तत्कर्मणाम्, एवं केवलिनो वेदनीयोदीरणाया अभावेऽपि केवलिसमुद्घाते उदीरणाप्रयोज्यस्य प्राबल्येन वेदनीयघातस्याभावेऽपि विशिष्टप्रयत्ननिमित्तकात्मप्रदेशबहिर्निःसारणहेतुकस्य तस्याबाधितत्वेन केवलिसमुद्घातस्य सदसद्वेद्याश्रयत्वप्रतिपादनमपि सूपपन्नमेव, तथा च सुष्ठ्वेवोक्तम् "केवलिसमुद्घातः सदसद्वेद्यशुभाशुभनामोच्चनीचगोत्रकर्माश्रयः" इति ॥ उदीरणाकरणेनाकृष्येत्यादिना यदुदीरणायाः प्राबल्येन घाते प्रयोजकत्वं ज्ञाप्यते तदुदीरणायाः सद्भावस्तत्र विशेषतः प्रयोजकत्वं त्वात्मप्रदेशबहिर्निःसारणप्रकृतोदीरणाया एवेत्यभिप्रेत्य, नतु तत्तदुदीरणानियतत्वं तत्र तत्र समुद्घातेऽस्तीत्यभिप्रेत्य, अन्यथा " उदयावलिआबाहो, जत्तेणोदीरणं अपत्तस्स । तत्थ पुलाओ छण्हं उदीरगो तहसहावाओ" उदयावलिअत्ति' अप्राप्तस्य उदयावलिकानुपगतस्य कर्मणो यत्नेनोदयावलिकायां क्षेप उदीरणम्, तत्र पुलाकः षण्णां प्रकृतीनामायुर्वेदनीयवर्जानामुदीरकः 'तथास्वाभाव्यात् षण्णामेवोदीर-

णस्थानाभावात्, आयुर्वेदनीयप्रकृती स्वयं नोदीरयति, तथाविधाध्यवसायाभावात्, किन्तु पूर्वं ते उदीर्य पुलाकतां गच्छति, एवमुत्तरत्रापि यो याः प्रकृतीर्नोदीरयति, स ताः पूर्वमुदीर्य बकुशादितां प्राप्नोतीति द्रष्टव्यम्" इति श्रीगुणस्थानविनिश्चये तद्वृत्तौ च विनिश्चितः पुलाकस्यायुर्वेदनीयोदीरणाप्रतिषेधः, "समुग्घायवेअणाई, पुलए वेयणकसायमरणे ते, पंच बउससेवीणं, वेउव्वियतेयअगेहिं सह" ॥ "समुग्घायत्ति सं-सामस्त्येन उत्प्राबल्येन हननम् आत्मप्रदेशानां बहिर्निःसारणं समुद्घातो वेदनादिः सप्तविधः, ते समुद्घाताः वेदनाकषायमरणाख्यास्त्रयः पुलाके भवन्ति, पुलाकस्य मरणाभावेऽपि समुद्घातान्निवृत्तस्य कषायकुशीलत्वादिपरिणामे सति मरणभावान्मारणान्तिकसमुद्घाताविरोधात्, बकुशप्रतिसेविनोः बकुशप्रतिसेवाकुशीलयोर्वैक्रियतैजससमुद्घाताभ्यां सह ते त्रयो मिलिताः पञ्च समुद्घाता भवन्ति" इति तत्रैव निरूपितः पुलाकस्य वेदनामारणान्तिकसमुद्घातविधिः इत्येवंरूपौ विधिप्रतिषेधौ परस्परं तुल्यविषयमेव विरोधं प्राप्नुवन्तौ कः सामञ्जस्येदिति ॥

अथ पूर्वं प्रधानतया स्वल्पकालीनतयाऽऽभवमेकवारमेव भावितया च केवलिसमुद्घात एव निरूप्यते, केवलिनः समुद्घातः केवलिसमुद्घातः, तत्करणकालात् पूर्वमेव भगवान् केवली अन्तर्मुहूर्तमुदीरणावलिकायां कर्मप्रक्षेपव्यापाररूपमावर्जीकरणं करोति, अन्वर्थरूपस्यावर्जीकरणस्य पूर्वमपि सत्त्वमेव पूर्वमप्युदीरणावलिकायां कर्मप्रक्षेपव्यापारस्य सत्त्वादिति वाच्यम्, पूर्वोदीरणात आवर्जीकरणभाविन्या उदीरणायाः शुभयोगव्यापारविशेषेण विशिष्टत्वात्, अत एव च तीर्थकरनामकर्मणोऽनुभागोदीरणायाः आवर्जीकरणादर्वाक् सत्त्वं प्रतिपादितम्, आवर्जीकरणेऽनुभागोदीरणाया बहुत्वात्. यदुक्तं कर्मप्रकृतौ-"आवज्जसीकरणं तित्थगरस्स" इति आयोजिकाकरणं नाम केवलिसमुद्घातादर्वाग्भवति तत्र आ मर्यादया केवलिदृष्टया योजनमतिशुभयोगानामायोजिका, तस्याः करणमायोजिकाकरणं, तद्यावन्नाद्याप्यारभ्यते तावत्तीर्थकरकेवलिनस्तीर्थकरनाम्नो जघन्यानुभागोदीरणा, आयोजिकाकरणे त्वनुभागोदीरणा बह्वी प्रवर्तत इत्यर्वाग्ग्रहणमिति तद्वृत्तिः । एवं जघन्यप्रदेशोदीरकोऽपि तस्य आयोजिकाकरणारम्भात्प्रागेव तीर्थकरकेवली प्रतिपादितः । अस्ति च सयोगिनः केवलिनोऽपि विशुद्धितारतम्यहेतुः शुभयोगव्यापारविशेषता, न च तस्य विशुद्धितारतम्यासिद्धिः, अनपगतमोहस्य निरन्तरोत्कृष्टसंयमस्थानधारासम्भवेन संयमस्थानतारतम्याद्विशुद्धितारतम्यसत्त्वेऽपि सयोगिनोऽस्य संयमस्थानस्यैकरूपत्वेन

तत्तारतम्याभावादिति वाच्यम्, उत्कृष्टसजातीयस्थानप्रवाहजन्यस्य विशुद्धि-तारतम्यस्याभावेऽपि शुभयोगव्यापारविशेषाधीनस्य तस्याऽव्याहतत्वस्याभ्युपगम-नीयत्वात्, सयोग्यवस्थायां सर्वदा विशुद्धेरेकरूपत्वे तु चरमसमये एव सयोगि-नः सर्वविशुद्धत्वं न स्यात्, न स्याच्चैवं सति सयोगिनश्चरमसमय एव नरगत्यादीनां त्रिषष्टिप्रकृतीनामुत्कृष्टप्रदेशोदीरणा, तस्य विशुद्धेः सर्वदैकरूपत्वेन चरमसमय इव सर्वदैव सर्वविशुद्धत्वसत्त्वात्, सर्वदैव तस्यामवस्थायां तस्या आपत्तेः, सर्वविशु-द्धस्यैव स्वस्वोदीरणाधिकारिणस्तत्तत्कर्मण उत्कृष्टप्रदेशोदीरणास्वामित्वात्" प्र-तिपादिता चोत्कृष्टप्रदेशोदीरणा तासां प्रकृतीनां सयोगिनश्चरमसमय एव" यदुक्तम्—"जोगंतुदीरगाणं जोगंते सरदुगाणपाणूणं। णियगंते केवलिणो सव्ववि-सुद्धो य सव्वासिं" इति, योगी सयोगिकेवली अन्ते चरमसमये उदीरको यासां ता योग्यन्तोदीरकास्तासां नरगतिपञ्चेन्द्रियजात्यौदारिकसप्तकतैजससप्तकसंस्था-नषट्कादसंहननवर्णादिविंशत्यगुरुलघूपघातपराघातविहायोगतिद्विकत्रसचतुष्क-स्थिरास्थिरशुभाशुभसुभगादेययशःकीर्तिनिर्माणतीर्थकरोच्चैर्गोत्राणां द्विषष्टिप्रकृ-तीनां सयोगिकेवली चरमसमये उत्कृष्टप्रदेशोदीरकः। तथा स्वरद्विकप्राणा-पानयोर्निजकान्ते स्वस्वनिरोधकाले केवलिन उत्कृष्टा प्रदेशोदीरणा। इह स-र्वकर्मणामुत्कृष्टप्रदेशोदीरणायां परिभाषेयम्, यः स्वस्वोदीरणाधिकारी स त-त्तत्कर्मणः सर्वविशुद्ध उत्कृष्टप्रदेशोदीरणा स्वामी ज्ञातव्यः, आयुर्व्यतिरेकेण चान्यत्र सर्वत्रापि गुणितकर्मांशः, तेन दानान्तरायादिपञ्चकस्याप्युत्कृष्टा प्रदे-शोदीरणा गुणितकर्मांशे क्षीणकषाये समयाधिकावलिकाशेषस्थे द्रष्टव्या"इति त-द्वृत्तिरिति, तथा च सयोगिनोऽपि विशुद्धितारतम्यस्य सद्भावेः शुभयोगव्या-पारविशेषतायाश्च सिद्धौ शुभयोगव्यापारविशेषादावर्जीकरणभाविन्यामुदीर-णायां पूर्वोदीरणातो विशिष्टतया निर्विरोधैव सिद्धिरिति।

न चैवं विशुद्धितारतम्ये सयोगिनोऽयोगिवद्वर्द्धमानपरिणामप्रसङ्गः, न चास्-थितस्तस्य जघन्यतोऽन्तर्मुहूर्तं यावदुत्कृष्टतो देशोनपूर्वकोटिं यावदवस्थितपरि-णामस्यैव तत्र तत्र प्रतिपादनादिति वाच्यम्। तत्र प्रयत्नविशेषरूप सहकारिवि-शिष्टप्रयुक्तस्य परिणामे उत्तरोत्तरोत्कृष्टफलधायोगधानरूपस्य प्रवर्धमानत्वस्य शैलेश्यामेवेष्यमाणत्वस्य"गुरुलघुविनिश्चयवृत्तौ" प्रतिपादनादिति। अथावर्जीकर-

१ योग्यन्तोदीरकाणां योग्यन्ते, स्वरद्विकानप्राणानां निजकान्ते, केवलिनः सर्वविशुद्धश्च सर्वासां ॥ १ ॥

णमिति कः शब्दार्थः इति चेदुच्यते–आवर्जनमावर्जः, आत्मानं प्रति मोक्षस्याभिमुखीकरणमात्मनो मोक्षं प्रति उपयोजनमिति तात्पर्यार्थः, अथवा आवर्ज्यतेऽभिमुखीक्रियते मोक्षोऽनेनेत्यावर्जः, शुभमनोवाक्कायव्यापारविशेषः, उक्तञ्च– " आवज्जणमुवओगो वावारो वा तदत्थमाइए " तद्वृत्तौ तु " तदर्थं समुद्घातकरणार्थमादौ केवलिना उपयोगो ' मयाऽधुनेदं कर्त्तव्यम् ' इत्येवंरूपः, उदयावलिकायां कर्मप्रक्षेपरूपो व्यापारो वाऽऽवर्जनमित्युच्यते " इति ॥ तत उभयथापि अतस्य तस्य करणमिति विवक्षायां च्विप्रत्यये आवर्जीकरणमिति ॥ केचिद् आवर्जितकरणमित्याहुः, तत्रायं शब्दार्थः, आवर्जितो नामाभिमुखीकृतः तथा च लोके वक्तारः ' आवर्जितोऽयं मया सम्मुखीकृत इत्यर्थः, ततश्च तथाभव्यत्वेनावर्जितस्य मोक्षगमनं प्रत्यभिमुखीकृतस्य करणमुदीरणावलिकायां कर्मप्रक्षेपणरूपं शुभयोगव्यापारणमावर्जितकरणम्, अन्ये आयोजिकाकरणमिति पठन्ति तत्र शब्दार्थस्तूक्तपूर्व एव । अपरे त्वावश्यककरणमिति पठन्ति, तत्रायमर्थः आवश्यकेनावश्यंभावेन करणमावश्यककरणं, तथाहि–समुद्घातं केचित्कुर्वन्ति केचिच्च न कुर्वन्ति, इदन्तु सर्वेऽपि केवलिनः कुर्वन्तीति । नन्वेवं किमवश्यमेवापरपक्षे सर्वेषां केवलिनामावर्जीकरणकर्त्तव्यतानियमः न तु सर्वपक्षसाधारणः सर्वकेवलिनामावर्जीकरणकर्त्तव्यतानियमः किन्तु केवलिसमुद्घातवदनियम एव केचिदावर्जीकरणं कुर्वन्ति केचिच्च न कुर्वन्तीति इति चेत् , न, केचिदित्यादिपक्षाणां शब्दभेदेन भेदेऽपि अर्थभेदेन भेदाभावात्, न चास्ति अर्थभेदेन भेदेऽपि किञ्चित् प्रमाणम्, न च " तं गंतुमणो पुव्वं आवज्जीकरणमब्भेइ" एवम् – " इह सर्वोऽपि केवली केवलिसमुद्घातं गच्छन् प्रथमत आवर्जीकरणं करोति" इत्यादिवाक्यैः, यः केवलिसमुद्घातं गन्तुमनाः तस्यैवावर्जीकरणकर्त्तव्यतानियमो लभ्यते न तु सर्वकेवलिसाधारणः तत्कर्त्तव्यतानियम इति वाच्यम्, तादृशवाक्यानां तादृशनियमपरत्वे प्रमाणाभावात्, प्रत्युत नन्वावर्जीकरणं सर्वोऽपि केवली करोति परं यस्य केवलिनः केवलिसमुद्घातोऽपि कर्त्तव्यस्तस्य किं पूर्वमायोजिकाकरणमुत केवलिसमुद्घात इत्याशङ्कायामावर्जीकरणस्य केवलिसमुद्घातात् पूर्वमेव कर्त्तव्यतेति नियमप्रदर्शनपरत्वस्य तादृशवाक्यानां कल्पनीयत्वादिति ॥ एवं "लोकप्रकाशे"ऽपि कमलपक्षमनाश्रित्यैव सामान्यतः आवर्जीकरणं शस्त—योगव्यापारणं मतम् । इदन्त्ववश्यं कर्त्तव्यं, सर्वेषां मुक्तिगामिनाम् " इति प्रतिपादितम् । तथा च सर्व एव केवल्यावर्जीकरणं तु करोत्येवेत्यत्र न कस्यचिद्विप्रतिपत्तिरिति । कि-

आवर्जीकरणं यदि सर्वकेवलिसाधारणकर्तव्यताकं न स्यात्तदा सर्वकेवलिसा-
धारणसत्ताकस्य योगसन्न्यासयोगस्य आयोज्यकरणानन्तर्यप्रतिपादनं न स्यात्,
आयोज्यकरणविनाभाविनि योगसन्न्यासे तदानन्तर्याभावात्, प्रतिपादितं चायो-
ज्यकरणानन्तर्यं योगसन्न्यासयोगस्य, यदुक्तं योगदृष्टिसमुच्चये-"आयोज्यकरणादूर्ध्वं,
द्वितीय इति तद्विदः" 'इति आयोज्यकरणं केवलाभोगेनाचिन्त्यवीर्यतया भवोपग्रा-
हिकर्माणि तथा व्यवस्थाप्य तत्क्षपणव्यापारेण शैलेश्यवस्थाफलं, तत ऊर्ध्वं द्वितीयो
योगसन्न्यासस्संज्ञितः, इति तद्विदोऽभिदधति, शैलेश्यवस्थायां कायादियोगानां
सन्न्यासेनायोगाख्यस्य सर्वसन्न्यासलक्षणस्य सर्वोत्तमस्य योगस्य प्राप्तेरिति' ।
तद्वृत्तिरिति । न चेदमायोज्यकरणमुक्तरूपावर्जीकरणाद्भिन्नमेवेति वाच्यम्, तादृ-
शमन्तव्यतायां मानाभावात् शब्दभेदेऽप्यर्थभेदस्योक्तत्वाच्चेति संक्षेपः ॥
इदमावर्जीकरणमान्तर्मुहूर्तिकम्, तथा चाहुः श्रीमन्तः प्रज्ञापनाकारभगवन्तः—"
कइसमइए णं भंते! आउज्जीकरणे पन्नत्ते? गोयमा! असंखेज्जसमइए अंतोमुहुत्तिए
आउज्जीकरणे पन्नत्ते" इति ॥ आवर्जीकरणानन्तरं चाव्यवधानेन केवलिसमु-
द्घातमारभते स चाष्टसामयिकः, उक्तञ्च प्रज्ञापनायाम्—"कइसमइए णं भंते !
केवलिसमुग्घाए पण्णत्ते ? गोयमा ! अट्ठसमइए पन्नत्ते, तं जहा–पढमे समए
दंडं करेइ, बीए समए कवाडं करेइ, तइए समए मंथं करेइ, चउत्थे समए
लोगं पूरेइ, पंचमे समए लोयं पडिसाहरइ, छट्ठे समये मंथं पडिसाहरइ, सत्तमए
समए कवाडं पडिसाहरइ, अट्ठमे समए दंडं पडिसाहरइ, दंडं पडिसाहरेत्ता
तओ पच्छा सरीरत्थे भवइ" इति ।

नन्वयं कृतकृत्योऽपि केवली किमिति समुद्घातं करोतीति चेत्, किमयं
हेतुप्रश्नः प्रयोजनप्रश्नो वा, नाद्यः क्षायिकत्वादेव तद्वीर्यस्य दण्डादिरूपतया-
त्मप्रदेशानां व्यवस्थापनस्य च स्वहेतुविशिष्टकाययोगादिलाभाधीनत्वात् ।
द्वितीये पुनः समधिकवेदनीयनामगोत्राणां क्षपणेनायुषा सह समीकरणमेव
प्रयोजनम् । विरलीकृतार्द्रशाटिकादिशातेन प्रयत्नविशेषेण क्षिप्रं समधिकत-
कर्मशोषोपपत्तेः, यदाह — भगवान् श्रीभद्रबाहुस्वामी "नाऊण वेयणिज्जं
अइबहुयं आउयं च थोवागं । गंतूण समुग्घायं खवेइ कम्मं निरवसेसं" ॥ १ ॥
प्रज्ञापनायामप्युक्तं–"कम्हा णं भंते ! केवली समुग्घायं गच्छइ ? गोयमा ! केव-
लिस्स चत्तारि कम्मंसा अक्खीणा अवेइया अणिज्जिन्ना भवन्ति, तं जहा—
वेयणिज्जे आउए नामे गोए, सव्वबहुए से वेयणिज्जे कम्मे हवइ, सव्वथोवे
से आउयकम्मे हवइ, विसमं समं करेइ बंधणेहिं ठिईहिं, विसम समीकरणया-

य बंधणेहिं ठिईहि य, एवं खलु केवली समुग्घायं गच्छइ" । 'अवेदिता' इति "अक्षीणा" इत्यत्र हेतुः–कर्मणां हि क्षयो नियमतः प्रदेशतो विपाकतो वा भवति, "सव्वं च पएसतया भुज्जइ कम्ममणुभावतो भइयं" इति वचनात्, ते च चत्वारः कर्मांशा अपि अवेदिता अतोऽक्षीणाः "अनिर्जीर्णा" इत्यनेन निरुक्तमेव पर्यायेण व्याचष्टे, सामस्त्येनात्मप्रदेशेभ्योऽपरिशाटिताः इति तदर्थः 'बंधणेहिं त्ति' बध्यते भवचारकाद्विनिर्गच्छन् प्रतिबध्यते यैस्ते बन्धनाः अथवा बध्यन्त आत्मप्रदेशैः सह लोलीभावेन संश्लिष्टाः क्रियन्ते योगवशाद्ये ते बन्धनाः, उभयथापि कर्मपरमाणवः, स्थितयो वेदनाकालाः, शेषं सुगमम् ॥

उक्तञ्च–आयुषि समाप्यमाने, शेषाणां कर्मणां यदि समाप्तिः ।
न स्यात् स्थितिवैषम्यात्, गच्छति स ततः समुद्घातम् ॥१॥"
स्थित्या च बन्धनेन च, समीक्रियार्थं हि कर्मणां तेषाम् ।
अन्तर्मुहूर्तशेषे, तदायुषि समुज्जिघांसति सः ॥ २ ॥

न चैवं तस्य भगवतः कृतकृत्यत्वं व्याहन्येतेति वाच्यम्, एकान्ततः कृतकृत्यत्वासिद्धेः, समुद्घातादिनैवायुषोऽधिकानां वेदनीयादिकर्मणां क्षपणीयत्वात्, न चैतदनिष्टम्, धर्मदेशनादिनैवोदीर्णतीर्थकरनामकर्मणः क्षपणीयताऽस्यैकान्ततः कृतकृत्यत्वासिद्धेरिष्टत्वात् । यदुक्तं भगवता भाष्यकृता–"तेणं तेण कयत्थो, जेणोदिन्नं जिणिंदनामं से । तदवंझफलं तस्स य, खवणोवाओयमेव जओ" त्ति । रागद्वेषराहित्यलक्षणस्य तु कृतकृत्यत्वस्य तत्र भगवति निराबाधत्वादिति । न चैवमपि सति प्रयोजने तदिच्छापेक्षयैव प्रवृत्त्या भवितव्यम्, इष्टसाधनताज्ञानाधीनचिकीर्षां विना प्रवृत्तेरसम्भवात्, सत्याऽपेक्षायां कुतो वीतमोहत्वं नाम तस्य भगवत इति चेत्, भवनशीलायां प्रवृत्तौ तदिच्छापेक्षत्वमेव, तस्यन्यथापि, न च भवत्यपि तदिच्छामपेक्षत एव, अप्रमत्तप्रवृत्तेस्तदनपेक्षत्वात्, तत्र सामायिकस्यैवोचितप्रवृत्तिहेतुत्वात् । न चाप्रमत्तानां प्रवृत्तिरेव नास्तीति साम्प्रतम्, योगदुष्प्रणिधानरूपप्रमादत्यागेऽपि तत्तत्सुप्रणिधानात्यागात्, सर्वथा योगनिरोधस्य शैलेश्यवस्थाभावित्वात् । किञ्चेच्छाजन्यतावच्छेदकस्य वैजात्यस्य केवलिप्रयत्नेऽभावान्न तत्रेच्छापेक्षणम्, अत एव विनेच्छां सुषुप्त्यवस्थायां श्वासप्रश्वाससन्तानाद्यनुकूलो जीवनयोनिप्रयत्नोऽपि, तथा चेच्छां विनैव केवलज्ञानाभोगेन केवलिसमुद्घातादौ प्रवृत्तिरित्यन्यत्र विस्तरः ।

ननु गृहीतमेतत् सर्वं परं प्रभूतस्थितिकस्य वेदनीयादेरायुषा सह समीकरणार्थं समुद्घातमारभते इति यदुक्तं तत्र कुतो न कृतनाशादिदोषप्रसङ्गः,

तथाहि- प्रभूतकालोपभोग्यस्य वेदनीयादेरारात् एवापगमसम्भवात् कृतनाशः, वेदनीयादिकस्य कृतस्यापि कर्मक्षयस्य पुनर्नाशसम्भवान्मोक्षेऽप्यनाश्वासप्रसङ्गः, तदसत्, कृतनाशादिदोषाप्रसङ्गात्. तथाहि—इह यथा प्रतिदिवसं सेतिकापरिभोगेन वर्षशतोपभोग्यस्य कल्पितस्याहारस्य भस्मकव्याधिना तत्सामर्थ्यात् स्तोकदिवसैर्निःशेषतः परिभोगान्न कृतनाशोपगमः, तथा कर्मणोऽपि वेदनीयादेः तथाविधशुभाध्यवसायानुबन्धादुपक्रमेण साकल्यतो भोगान्न कृतनाशरूपदोषप्रसङ्गः. द्विविधो हि कर्मणोऽनुभवः प्रदेशतो विपाकतश्च तत्र प्रदेशतः सकलमपि कर्मानुभूयते, न तदस्ति किञ्चित् कर्म यत्प्रदेशतोऽप्यननुभूतं सत् क्षयमुपयाति, ततः कथं कृतनाशदोषोपपत्तिः ? विपाकतस्तु किञ्चिदनुभूयते किञ्चिन्न, अन्यथा मोक्षाभावप्रसङ्गात्, तथाहि—यदि विपाकानुभूतित एव सर्वं कर्म क्षपणीयमिति नियमः तर्हि सकृदप्यतीतेषु भवेषु तथाविधविचित्राध्यवसायविशेषैर्यन्नरकगत्यादिकं कर्मोपार्जितं तस्य नैकस्मिन् मनुष्यादावेव भवेऽनुभवः, स्वस्वभवनिबन्धनत्वात् तथाविधविपाकानुभवस्य, क्रमेण च स्वस्वभवानुगमनेन वेदने नारकादिभवेषु चारित्राभावेन प्रभूततरकर्मसन्तानोपचयात्, तस्यापि स्वस्वभवानुगमनेनानुभवोपगमात् कुतो मोक्षः?, तस्मात् सर्वं कर्म विपाकतो भाज्यं प्रदेशतोऽवश्यमनुभवनीयम्, एवञ्च न कश्चिद्दोषः, रसो हि तस्य कर्मणोऽध्यवसायविशेषेण हन्यते एव भस्मकजनितजाठरानलोद्भूतस्पर्शो एव भुज्यमानरस इव, अत एव न प्रसन्नचन्द्रादीनां सप्तमनरकयोग्यासातवेदनीयप्रदेशानुभवेऽपि तथाविधदुःखप्रसङ्गः । श्रीप्रज्ञप्तावप्युक्तं प्रथमशतकचतुर्थोद्देशके—" तत्थ णं जं तं पएसकम्मं तं णियमा वेएइ" इति, "तत्थ णं जं तं अणुभागकम्मं तं अत्थेगइअं वेएइ अत्थेगइअं णो वेएइ तथा च न कश्चिद्दोषः । नन्वेवमपि दीर्घकालभोग्यतया तद्वेदनीयादिकं कर्मोपचितम्, अथ च परिणामविशेषादुपक्रमेणाराद्येव तदनुभवति, ततः कथं न कृतनाशदोषापत्तिः । तदप्यसम्यक्, बन्धकाले तथाविधाध्यवसायवशादाद्यानुपक्रमयोग्यस्यैव तेन बन्धनात्. अपि च जिनवचनप्रामाण्यादपि वेदनीयादिकर्मणामुपक्रमो मन्तव्यः, यदाह भाष्यकृत्—"उदयक्खयखओवसमोवसमा य जं च कम्मुणो भणिया । दव्वाइपंचगं पइ जुत्तमुवक्कामणमओ वि ॥ १ ॥ " न चैवं मोक्षोपक्रमहेतुः कश्चिदस्ति येन तत्रानाश्वासप्रसङ्गः, ततो यदुक्तं—वेदनीयादिकस्य कृतस्यापि कर्मक्षयस्येत्यादि न तत्सम्यगुपपन्नमिति स्थितम्. ननु यदा वेदनीयादिकमतिप्रभूतं सर्वकालं चायुःस्तोकमधिकं वेदनीयादिसमुद्घातार्थं समुद्घातमारभतां, वेदनीयादेः सोपक्रमत्वात्

यदा त्वधिकमायुः सर्वस्तोकं च वेदनीयादिकं तदा तदा भवति ? न खल्वायुषः समधिकस्य समुद्घाताय समुद्घातः कल्पते चरमशरीरिणामायुषो निरुपक्रमत्वात् । 'चरमसरीरा य निरुवक्कमा' इति वचनात् तदयुक्तम्, एवंविधस्यास्य कदाचनाप्यभावात्, तथाहि-सर्वदैव वेदनीयादेरायुषः सकाशादधिकस्थितिकं भवति, न तु कदाचिदपि वेदनीयादेरायुः । अथैवंविधो नियमः कुतो लभ्यते ? उच्यते, परिणामस्वभावत्वात्, तथाहि-इत्थंभूत एवात्मनः परिणामो येनायुर्वेदनीयादेः समं भवति न्यूनं वा, न तु कदाचनाप्यधिकं, यथैतस्यैवायुषः सत्त्वध्रुवबन्धः, तथाहि-ज्ञानावरणादीनि कर्माणि आयुर्वर्जानि सप्तापि सर्वदैव बध्यन्ते, आयुस्तु प्रतिनियत एव काले स्वभवत्रिभागादिशेषरूपे, तत्र चैवंविधवैचित्र्यनियमे न स्वभावादृतेऽपरः कश्चिदस्ति हेतुरेवमिहापि स्वभावविशेष एव नियामको द्रष्टव्यः, आह च भाष्यकृत्— " अह समठिईणं नियमो, को थोवं आउयं न सेसंति । परिणामसहावाओ, अद्धुवबंधो व्व तस्सेव ॥१॥ "

अथ सर्वेऽपि केवलिनः समुद्घातं गच्छन्ति नवेति चेत्, उच्यते, यस्य केवलिन आयुषा सह वेदनीयनामगोत्राणि समस्थितिकानि भवन्ति स हि न केवलिसमुद्घातं करोति, यस्य चायुषः समधिकं वेदनीयादि, स करोति । उक्तञ्च भगवद्भिः श्रीमदार्यश्यामपादैः "सव्वे वि णं भंते ! केवली समुग्घायं गच्छंति ? गोयमा ! नो इणट्ठे समट्ठे, "जस्साउएण तुल्लाइं, बंधणेहिं ठिईहि य । भवोवग्गाहिकम्माइं, समुग्घायं से न गच्छइ ॥१॥ इति, स अकृतसमुद्घात एव तानि क्षपयित्वा सिद्धिसौधमध्यास्त इति भावः । उक्तञ्च–जस्स उ तुल्लं भवइ य कम्मचउक्कं सभावओ जो य । सो अकयसमुग्घाओ सिज्झइ जुगवं खवेऊणं ॥ १ ॥" इति । न चायं किं कादाचित्को भाव उत बाहुल्यभाव इत्याशङ्क्यम्, अनन्ता अकृतसमुद्घाता एव मुक्तिं गताः, उक्तञ्च "अगंतूणं समुग्घायं, अणंता केवली जिणा । जरमरणविप्पमुक्का सिद्धिं वरगइं गया ॥१॥ अत्रायं विशेषो गुणस्थानक्रमारोहे–"यः षण्मासाधिकायुष्को, लभते केवलोद्गमम् । करोत्यसौ समुद्घात-मन्ये कुर्वन्ति वा न वा ॥ " इति ' छम्मासाऊसेसे, उप्पण्णं जेसिं केवलं नाणं । ते नियमा समुग्घाइय सेसा समुग्घाय भइयव्वा " इति तद्वृत्तौ इति । आवश्यकचूर्णौ त्वेवम्–"येऽन्तर्मुहूर्तमादिं कृत्वोत्कर्षेण आ-मासेभ्यः षड्भ्यः आयुषोऽवशिष्टेभ्यः अभ्यन्तराविर्भूतकेवलज्ञानपर्यायास्ते नियमात्समुद्घातं कुर्वन्ति । ये तु षड्मासेभ्य उपरिष्टादाविर्भूतकेवलज्ञानाः शेषास्ते समुद्घाताद्भाज्याः ते समुद्घातं न कुर्वन्तीत्यर्थः, अथवा अयमर्थः, शेषाः

समुद्घातं प्रति भाज्याः, कस्मादस्मात् षण्मासिकावशिष्टे आयुषि आविर्भूतकेव-लज्ञानपर्यायेभ्यः केवलिभ्यः सकाशात् षड्भ्यो मासेभ्य उपरि ये समयोत्तरवृद्ध्या-ऽवशिष्टे आयुषि शेषे आविर्भूतज्ञानाः केवलिनस्ते शेषाः समुद्घातं प्रति भाज्याः केचित् समुद्घातं कुर्वन्ति केचिन्नेति । अतः केचित् समुद्घातं कृत्वा केचिद-कृत्वैव समयान्नुवन्ति सिद्धिम् । अथवा येषां खलु संवेद्यमस्ति आयुःकालप्रमाणमिति-च्छते, ते नियमात्समुद्घातं कुर्वन्ति नेतरे" इति । अयं बोध्यं—सर्वेषामेव केव-लिनां वेदनीयादिकर्मत्रयस्य आयुष्कादधिकैव स्थितिर्भवति, अत एव च कें-वलिसामान्यमाश्रित्य सयोग्यवस्थाचरमसमये यावत्स्थितिघातप्रतिपादनमपि ॥ यदुक्तं कर्मप्रकृतिवृत्तौ, प्रदेशसत्तास्पर्धकाधिकारे—शैलेशीसत्ताकानां मनुजगत्या-दीनां प्रकृतीनां सत्तास्पर्धकप्ररूपणाप्रक्रमे "तथा सयोगिकेवलिचरमसमये चरम-स्थितिघातस्य यश्चरमः प्रक्षेपस्तत आरभ्य पश्चानुपूर्व्या स्वस्वसर्वोत्कृष्टप्रदेश-सत्कर्मस्थानान्तमपि सकलस्वस्वस्थितिगतमेकैकं स्पर्धकं द्रष्टव्यमिति " ॥ परं यस्य केवलिनो भगवत आयुष्कादधिकाऽपि वेदनीयादिकर्मत्रयस्य स्थितिः, आवर्जीकरणादिनैव समुद्घातं विना सयोग्यवस्थाचरमसमयेऽयोग्यवस्थासमा-नीकर्तुं शक्या, तस्य न केवलिसमुद्घातस्य कर्तव्यता ॥ यस्य तु केवलिनो भगवतो वेदनीयादिकर्मत्रयस्य स्थितिरायुष्कात्समधिकतराऽपि भवति, आवर्जी-करणादिमात्रेण च न समानीकर्तुं शक्या, तस्य तु भवति समुद्घातस्य कर्त-व्यता । भवति च समुद्घातकरणेनायुष्कात् समधिकतराया अपि वेदनीयादि-कर्मत्रयस्य स्थितेः समीकर्तुं शक्यतेति ॥ एवं सर्वेषामपि केवलिनां—आयुषा सह वेदनीयादिकर्मत्रयस्य स्थितेः समीकरणमपि सयोग्यवस्थायाश्चरमसमय एव भवति । न पुनः समुद्घातकर्तुः समुद्घातकरणानन्तरसमय एव इत्यपि बोध्यम् ।। अत एव च सयोग्यवस्थायाश्चरमेऽन्तर्मुहूर्ते वेदनीयादिकर्मत्रयस्य स्थितेरयोग्यवस्थया सह समीकरणहेतुतया सर्वापवर्तनाप्रतिपादनमपि सङ्ग-च्छते ।। यदुक्तं प्रज्ञापनावृत्तौ—"काययोगनिरोधकालान्तरे चरमेऽन्तर्मुहूर्ते वेद-नीयादित्रयस्य प्रत्येकं स्थितिः' सर्वापवर्तनया अपवर्त्य—अयोग्यवस्थासमाना क्रियते " इति ॥ एवं कर्मप्रकृतिटीकायामप्युक्तं—" तस्मिंश्च चरमसमये सर्वा-ण्यपि कर्माण्ययोग्यवस्थासमस्थितिकानि जातानि ॥ येषां च कर्मणामयोग्यवस्था-यामुदयाभावस्तेषां स्थितिं स्वरूपं प्रतीत्य समयोनां विधत्ते ॥ सामान्यतः सत्ता-काले प्रतीत्यायोग्यवस्थासमानामिति " ॥

अथ केवलिसमुद्घातं कुर्वन् केवली प्रथमसमये बाहल्यतः स्वशरीरप्रमा-

ध्वमूर्ध्वमधश्च लोकान्तपर्यन्तमात्मप्रदेशानां संघातरूपं दण्डस्थानीयं ज्ञानाभोगतः करोति, द्वितीयसमये तमेव दण्डं पूर्वापरदिग्द्वयप्रसारणात्पार्श्वतो लोकान्तगामि कपाटमिव कपाटं करोति, तृतीयसमये तदेव कपाटं दक्षिणोत्तरदिग्द्वयप्रसारणान्मन्थानमिव मन्थानं करोति, लोकान्तप्रापिणमेव । एवं च लोकस्य प्रायो बहुपूरितं, मन्थान्तराण्यपूरितानि भवन्ति, अनुश्रेणिगमनात् । चतुर्थसमये तान्यपि मन्थान्तराणि सह लोकनिष्कुटैः पूरयति । ततश्च सकलो लोकः पूरितो भवतीति । तदनन्तरं च पञ्चमे समये यथोक्तक्रमात्प्रतिलोमं मन्थान्तराणि संहरति जीवप्रदेशान् सकर्मकान् सङ्कोचयति, षष्ठे समये मन्थानमुपसंहरति घनतरसङ्कोचनात्, सप्तमसमये कपाटमुपसंहरति दण्डात्मनि सङ्कोचात्, अष्टमे समये दण्डं समुपहृत्य शरीरस्थ एव भवति । न चैतत् स्वमनीषिकाविजृम्भितं यदाहुर्वृद्धाः-" उड्ढं अहो य लोगंत-गामिणं सो सदेहविक्खंभं । पढमसमयम्मि दंडं, करेइ बिइयम्मि उ कवाडं ॥ १ ॥ तइयसमयम्मि मंथं, चउत्थए लोगपूरणं कुणइ । पडिलोमं संहरणं, काउं तो होइ देहत्थो ॥ २ ॥" वाचकवरोऽप्याह —" दण्डं प्रथमे समये, कपाटमथ चोत्तरे तथा समये । मन्थानमथ तृतीये, लोकव्यापी चतुर्थे तु ॥ १ ॥ संहरति पञ्चमे त्व-न्तराणि मन्थानमथ पुनः षष्ठे । सप्तमके तु कपाटं, संहरति ततोऽष्टमे दण्डम् ॥ २ ॥ इति ॥

अथ कस्माद्धेतुरत्र यद् जीवप्रदेशसङ्घातरूपदण्डस्य स्वशरीरविष्कम्भबाहल्योपेतत्वमेव न तु तन्न्यूनातिरिक्तविष्कम्भबाहल्योपेतत्वमिति, न च मारणान्तिकादिसमुद्घातेषु स्वशरीरविष्कम्भबाहल्यान्यूनातिरिक्तविष्कम्भबाहल्यकत्वमेव बहिर्निःसार्यमाणानामात्मप्रदेशानामिति अत्रापि समुद्घातत्वसाधर्म्यात् स्वदेहतुल्यविष्कम्भबाहल्यकत्वमेवात्मप्रदेशदण्डस्येति वाच्यम्, यतो " धार्थेऽबुद्धेऽप्यनाश्वासिकं, बुद्धेऽप्यदपि वाच्यताम् " इति मारणान्तिकसमुद्घातादिष्वपि बहिर्निस्सार्यमाणानामात्मप्रदेशानां स्वदेहतुल्यविष्कम्भबाहल्यकत्वं निर्हेतुकमेवेति चेत्, न, जीवस्यानुश्रेणिगमनस्वभावत्वात् केवलिसमुद्घातदण्डादौ स्वदेहप्रमाणविष्कम्भबाहल्यकत्वस्य सहेतुकत्वात्, यावत्यां चाकाशश्रेण्यामवगाढो जीवस्तावत्प्रमाणां श्रेणिमनुसृत्य यदात्मनो गमनं तदनुश्रेणिगमनम् । अनुश्रेणिगमननियमादेव च भवान्तरसङ्क्रान्तावपि जीवस्य तथैव गमनम्, यदुक्तं श्रीमति तत्त्वार्थसूत्रे " अनुश्रेणि गतिः ॥ २ २७ ॥"

एतद्वृत्तिः— " श्रेणिराकाशप्रदेशपङ्क्तिः स्वशरीरावगाहप्रमाणा सर्वस्याश्चामूर्तैः क्षेत्रपरमाणवोऽप्यन्तसूक्ष्माः नैरन्तर्यभाजः सा चासङ्ख्येयप्रदेशात्मी–

वगतिविग्रहायाम्, अन्यत्र मौक्तिकाहारलतेव एकैकाकाशप्रदेशरचनाविरहितस्वरूपापि शाखा परमाणोरप्यवस्थानेन स्वस्थानात् द्व्यणुकादिष्वावस्थामधिकायां चैव्येव-मनन्तप्रदेशिकस्कन्धपर्यवसानं पुद्गलद्रव्यमुपयुज्य वाच्यम् । तत्रानुश्रेणीति श्रेणिमनु अनुश्रेणि श्रेण्यामनुसारिणी गतिरिति यावदनुगङ्गं वाराणसी यथा । गमनं गतिर्देशान्तरप्राप्तिः सा चाकाशश्रेण्यभेदवर्तिनी स्वयमेव समासादित-गतिपरिणतेर्जन्तोर्गतिहेतुसकललोकव्यापिधर्मद्रव्यापेक्षा प्रादुरस्ति, भवान्तर-सङ्क्रान्त्यभिमुखो जीवो मन्दक्रियावत्त्वात् कर्मणो यानेवाकाशप्रदेशानवष्टभ्य-शरीरवियोगं करोति तानेवाभिन्दन् देशान्तरं गच्छत्यूर्ध्वमधस्तिर्यग्वा विश्रेणि-गत्यभावाद् धर्मास्तिकायाभावाच्च परतो लोकपर्यन्त एव व्यतिष्ठते, लोकनि-ष्कुटोपपातक्षेत्रवशाच्च भवान्तरप्राप्त्यवश्यमेव धर्माज्जीवो वक्रां गतिं प्रतिप-द्यते, पुद्गलानामपि परप्रयोगनिरपेक्षाणां स्वाभाविकी गतिरनुश्रेणिर्भवति य-थाणोः प्राक्पात् लोकान्तात् पश्चार्ध्वं लोकपर्यन्तमेकेन समयेन प्राप्तिरिति प्रवचनोपदेशः, परप्रयोगापेक्षया त्वन्यथापि गतिरस्तीति"॥

तथा च सर्वत्रापि समुद्घाते स्वदेहप्रमाणविष्कम्भबाहल्यकत्वेन बहिर्नि-स्सार्यमाणानामात्मप्रदेशानामिति सिद्धम् ॥ इत्थञ्च द्वितीयसमये दण्डस्य पूर्वा-परदिग्द्वयप्रसारणात्कपाटीकरणे कपाटस्यापि पार्श्वतः लोकान्तगामित्वेऽपि बाह-ल्यं दण्डबाहल्यान्न्यूनातिरिक्तमेव, एवं कपाटीकरणमपि अखण्डादेव दण्डात् न तु शरीरावच्छिन्नादेव दण्डात्, अन्यथानुश्रेणिगमननियमविरोधात्, एतेन द्वितीयसमये शरीरावच्छिन्नदण्डादेव कपाटीकरणम्, तृतीयसमये शरीरो-परितनदेशावच्छिन्नदण्डात् कपाटीकरणम्, चतुर्थसमये शरीराधस्तनदेशावच्छि-न्नदण्डात्कपाटीकरणम्, एवं कपाटीकरणे समयत्रयं तथैव च कपाटसंहरणेऽपि समयत्रयम्, एवं च दण्डादिकरणसंहरणयोरपि समयाधिक्यमेव कुतो न ? तथा च कुतः केवलिसमुद्घातस्याष्टसामयिकत्वमेव, समयाधिक्यस्याप्युक्तविकल्प-तया प्रसङ्गादित्यपि निरस्तम्, उक्तस्वरूपानुश्रेणिगमननियमभङ्गप्रसङ्गात्, तथा चानुश्रेणिगमननियमादेव ऊर्ध्वाधोलोकान्तगामिनो दण्डस्य स्वदे-हविष्कम्भबाहल्यतुल्यविष्कम्भबाहल्यकत्वं न तु स्वदेहविष्कम्भबाहल्योर्द्धा-द्विप्रमाणविष्कम्भबाहल्यकत्वं येन दण्डकरणे समयाधिक्यप्रसङ्गः स्यात्, एवं द्वितीयसमये दण्डस्य कपाटीकरणमपि पूर्वोक्तनियमादखण्डादेव दण्डान्न तु-दण्डैकखण्डादिति तथापि न समयाधिक्यप्रसङ्गः, एवं तृतीयसमये कपाटस्य मन्थानीकरणमपि उक्तनियमात् समस्तादेव कपाटात् न तु शरीरावच्छिन्नकपा-

देकदेशादित्यत्रापि समयाधिक्यप्रसङ्गो दुरापास्त एव, तथा चाष्टसामयिकत्वं केवलिसमुद्घातस्य दुर्निरोधमेवेति । नन्वेवम् ऊर्ध्वाधोलोकान्तगामिनो दण्डस्याखण्डस्यैव पूर्वापरदिग्द्वयप्रसारणात्कपाटीकरणे कपाटस्योर्ध्वमधः पूर्वापरयोश्च लोकान्तगामित्वं दण्डबाहल्यप्रमाणबाहल्यं चास्तु परं तादृशस्याखण्डस्यैव कपाटस्य दक्षिणोत्तरदिग्द्वयप्रसारणात् मन्थानीकरणे तु तृतीय एव समये लोकः पूरितो भवति किं चतुर्थसमयेऽन्तरपूरणेन, इत्थञ्च केवलिसमुद्घातस्य षट्सामयिकत्वमेव प्राप्तमिति अष्टसामयिकत्ववचनविरोधः स्यादिति कपाटस्य मन्थानीकरणं नाखण्डस्यैव कपाटस्य किन्तु स्वदेहप्रमाणबाहल्यद्रखण्डदण्डावच्छिन्नरूपास्कपाटमध्यभागादेव कपाटस्य मन्थानीकरणमस्तु । एवं पूर्वापरायत एको लोकान्तगामी कपाटः, द्वितीयो दक्षिणोत्तरायतो लोकान्तगामी कपाट एवं तादृशकपाटद्वयात्मकमेव मन्थानम्, एवञ्च तृतीये समयेऽन्तराण्यपूरयन्नीति चतुर्थसमये तत्पूरणं भवति, एवमेव चाष्टसामयिकत्ववचनमपि सर्वशास्त्रसिद्धं निर्वहतीति चेत्, न, एवं हि तृतीयसमये लोकस्य बहुपूरितं न स्यात् अल्पतमस्यैव लोकस्य पूरितत्वात् । न स्यादेवेति चेत्, न, "तृतीयसमये तदेव कपाटं दक्षिणोत्तरदिग्द्वयप्रसारणान्मन्थसदृशं मन्थानं करोति लोकान्तप्रापिणमेव, एवञ्च लोकस्य प्रायो बहुपूरितं भवती"ति तत्र तत्रोक्तविरोधात् किञ्चैवं मथिकरणकाले स्नातकस्य लोकस्यासङ्ख्येयभागेषु स्वव्याप्यनभःप्रदेशसंयोगरूपावगाहना न स्यात्, प्रतिपादिता च स्नातकस्यावगाहना शरीरस्थतादृशायां दण्डकपाटकरणदशायाञ्च लोकस्यासङ्ख्येये भागे, मथिकरणकाले लोकस्यासङ्ख्येयेषु भागेषु लोकपूरणदशायाञ्च सर्वत्र लोके, यदुक्तम्– गुरुतत्त्वविनिश्चये–" एहायस्स असंखिज्जे असंखभागेसु लोए वा " इति । स्नातकस्यावगाहना लोकस्यासङ्ख्येयभागे शरीरस्थतादृशायां दण्डकपाटकरणदशायाम्, असङ्ख्येयेषु भागेषु वा मथिकरणकाले यतोऽस्य स्नातकस्य व्याप्ततया स्नातकस्य व्याप्ततयोक्तत्वाल्लोकस्यासङ्ख्येयेषु भागेषु वृत्तिसम्भवात्, 'लोके वा' सर्वत्र लोकपूरणदशायामिति तद्वृत्तिः ॥ "श्रीव्याख्याप्रज्ञप्त्यामप्युक्तं पञ्चविंशतितमशतके षष्ठोद्देशके–"सिणाए णं पुच्छा? गोयमा! णो संखेज्जइभागे हुज्जा असंखेज्जइभागे हुज्जा णो संखेज्जेसु भागेसु हुज्जा असंखेज्जेसु भागेसु हुज्जा सव्वलोए वा होज्जा" इति । 'सिणाएणमित्यादि, असंखेज्जइ भागे होज्जत्ति' शरीरस्थो दण्डकपाटकरणकाले च लोकासङ्ख्येयभागवृत्तिः, केवलिशरीरादीनां तावन्मात्रत्वात्, असंखेज्जेसु भागेसु होज्जत्ति म-

धिकरणकाले यदा लोकस्य व्याप्तत्वेन स्नातकस्य चाव्याप्ततयोक्तत्वाच्छलोकस्यास-ङ्ख्येयेषु भागेषु स्नातको वर्तते, लोकापूरणे च सर्वलोके वर्तते " इति त-द्वृत्तिः ॥ तदाभिप्रायेण हि मन्थानकरणकाले स्नातकस्य लोकस्यासङ्ख्येय-भागद्वयमात्रे एवावगाहना स्यात्, तत्सङ्ख्येयेषु भागेषु कपाटद्वयात्मकत्वस्यै-व मन्थानस्योक्तत्वादिति दुष्परिहर एवात्र विरोधः स्यात् । तथा चोर्ध्वमधः पूर्वापरयोश्च लोकान्तगामिनोऽखण्डस्यैव कपाटस्य तृतीयसमये मन्थानीकरणम्, भवत्येव चैवं स्नातकस्य मथिकरणकाले प्रतिपादिता लोकस्यासङ्ख्येयेषु भा-गेष्ववगाहना, जीवप्रदेशानामनुश्रेणिगमनेन [illegible]भागमात्रस्यैव तदानीमपूरितत्वादिति दुरापास्त एवात्र विरोधः । नन्वेवमपि मथिकरणकाले एव कथन्न सर्वोऽपि लोकः पूरितो भवति, कथञ्च तदानीमन्तराण्यप्युद्धरन्तीति चेत्, स्यादेव मथिकरणकालेऽपि समस्तलोकापूरणं यदि केवली लोकमध्य एव स्थितः समुद्घातं कुर्यात्, परं नैवं भवति, मेरुमध्य एव लोकमध्यत्वात्, तत्र च प्रायः समुद्घातकर्तुः केवलिनोऽसम्भवात्, अन्यत्र च समुद्घातं कुर्वतः केवलिन उद्धरन्त्येवान्तराणि मथिकरणकाले, उक्तञ्चैतदेवाक्षेपपरिहाराभ्यां जीवसमासवृत्तौ परमकारुणिकैः श्रीमलधारिहेमचन्द्रसूरिभगवत्पादैः—" ननु लोकमध्यस्थितो यदा केवली समुद्घातं करोति, तदा तृतीयेऽपि समये लोकः पूर्यत एव, किं चतुर्थसमयेऽन्तरपूरणेनेति, नैतदेवम्, लोकस्य मध्यं हि मेरु-मध्य एव सम्भवति तत्र च प्रायः समुद्घातकर्तुः केवलिनोऽभाव एव, अन्यत्र च समुद्घातं कुर्वतस्तस्य तृतीयसमयेऽन्तराण्युद्धरन्त्येवेति परिभावनीयमिति"।

अथ लोकमध्यस्थितस्य समुद्घातकर्तुः केवलिनस्तृतीयसमये लोकापूरणम्, अन्य-त्र स्थितस्य च तस्य तृतीयसमयेऽन्तरोद्धरणं यथा भवति तथा किञ्चित्परिभा-व्यते— तथाहि यदा लोकमध्यस्थितः केवली समुद्घातं कुर्यात्तदा प्रथमसमये ऊर्ध्वमधोलोकान्तगामी दण्डः, द्वितीयसमये तस्यैवाखण्डस्य कपाटीकरणं, तत्र तिर्यग्लोके कपाटस्य विस्तरः रज्जुप्रमाणः स्यात्, ततः क्रमेण वृद्ध्या ब्रह्मलोके पञ्चरज्जुप्रमाणः ततः क्रमेण हान्या ऊर्ध्वं लोकान्ते रज्जुप्रमाणः, एवमधः क्रमेण वृद्ध्या अधोलोकान्ते सप्तरज्जुप्रमाणः स्यात्, तत्र तत्र लोकस्य तथैव विस्तृ-तत्वात्, तृतीयसमये च तस्याखण्डस्यैव कपाटस्य दक्षिणोत्तरदिग्द्वयप्रसारणा-न्मन्थानीकरणं भवति, तत्र मन्थानस्य तिर्यग्लोकमध्ये पूर्वापरयोर्विस्तारः कपा-टवत् रज्जुप्रमाणः तत्र कपाटस्य रज्जुप्रमाणत्वात् अनुश्रेणिगमननियमाच्च, ततः दक्षिणोत्तरभेदेन द्विधाविभक्तस्य तिर्यग्लोकस्य दक्षिणभागे उभयपार्श्वतो

लोकस्य क्रमेण हीयमानत्वेन पूर्वापरयोर्मन्थानविस्तरस्यापि हीयमानत्वं यावत् लोकान्तम्, एवं तिर्यग्लोकस्योत्तरभागेऽपि उभयपार्श्वतो लोकस्य क्रमेण हीयमानत्वात् मन्थानविस्तरस्यापि हीयमानत्वं बोध्यम्, यथा लक्षयोजनप्रमाणस्य स्थाल्याकारस्य जम्बूद्वीपस्य मध्यभाग एव लक्षयोजनप्रमाणो विस्तारस्ततः दक्षिणोत्तरभेदेन तस्य द्विधा विभजने दक्षिणभागे निषधहरिवर्षादीन् प्रति भरतक्षेत्रं यावत् पूर्वापरयोः क्रमेण हीयमान एव विस्तारो जम्बूद्वीपस्य, अन्यथा गोलाकारत्वस्यैव व्याघातात्, एवं उत्तरभागेऽपि नीलवद्रम्यकादीन् प्रति ऐरवतक्षेत्रं यावत् जम्बूद्वीपविस्तारस्य क्रमेण हीयमानत्वमेव, अत एव च क्रमेण निषधनीलवद्धरिवर्षरम्यकादीनां जीवायाः क्रमेण अल्पाल्पतरादिप्रमाणभाव इति। एवं ब्रह्मलोकमध्ये मन्थानस्य पञ्चरज्जुप्रमाणो विस्तारस्तत्र कपाटविस्तारस्य पञ्चरज्जुप्रमाणत्वादेव ततो दक्षिणोत्तरभेदेन द्विधा तस्य विभजने दक्षिणभागे क्रमेण हीयमानत्वमेव पूर्वापरयोर्मन्थानविस्तारस्य यावल्लोकान्तम्, एवमुत्तरभागेऽपि तस्य मन्थानविस्तरः क्रमेण लोकान्ते यावद् हीयमान एव बोध्यः, एवमूर्ध्वलोकान्ते मध्यभागे रज्जुप्रमाणो विस्तारः मन्थानस्य, ततो दक्षिणभागे उत्तरभागे च पूर्वापरयोः क्रमेण हीयमान एव, एवमधोलोकान्तेऽपि मध्यभागे सप्तरज्जुप्रमाणो मन्थानविस्तरः, ततो दक्षिणभागे उत्तरभागे च पूर्वापरयोः क्रमेण पूर्ववद्धीयमान एव यावल्लोकान्तम्, एवमन्यत्रापि लोकभागे बोध्यम्, यत्र यत्र लोकस्य पूर्वापरयोर्यावान् विस्तरः, तत्र तत्र मध्यभागे मन्थानस्यापि तावानेव विस्तरः, तत्र तत्र कपाटस्यापि तावन्मात्रविस्तारत्वात्, ततः पूर्ववत् दक्षिणभागे उत्तरभागे च पूर्वापरयोः क्रमेण हीयमान एव विस्तारः यावल्लोकान्तमिति । एवञ्च लोकमध्यस्थितस्य समुद्घातकर्तुः केवलिनः तृतीय एव समये सर्वस्यापि लोकस्यात्मप्रदेशैरापूरणं भवत्येव, नोद्वरन्त्येव चान्तराणि, परं तादृशस्य केवलिनः प्रायोऽसम्भव एवेति । अथ यो न लोकमध्यस्थितः किन्त्वन्यत्र स्थित एव समुद्घातं करोति, विदेहविजयादिषु भरतैरवतादिषु वा, तस्य केवलिनो भगवतः द्वितीयसमये दण्डस्य कपाटीकरणे कपाटस्य पूर्वापरयोर्विस्तरः तिर्यग्लोकब्रह्मलोकादिषु न पूर्वोक्तरज्जुपञ्चरज्ज्वादिप्रमाणः, लोकमध्यस्थितस्यैव तादृशविस्तरस्योपपन्नत्वात्, किन्तु पूर्वोक्तप्रमाणान्न्यून एव भवति तत्र विदेहविजयादिषु समुद्घातकरणे किञ्चिन्न्यूनो भवति, भरतैरवतादिषु च समुद्घातकरणे न्यूनतमो भवति, तत्र तत्र लोकस्य स्थाल्याकारस्य हीनहीनतरादिभावेनैव विस्तृतत्वात्, यथा जम्बूद्वीपस्य

मध्यभागे लक्षयोजनप्रमाण एव विस्तारः, ततो विजयादिषु किञ्चिन्न्यून एव विस्तारः, भरतैरवतादिषु च न्यूनतम एव विस्तारः । अथ तृतीयसमये कपाटस्य मन्थानीकरणे तिर्यग्लोकब्रह्मलोकादिषु कपाटस्य यावान् विस्तरः किञ्चिन्न्यूनन्यूनतमरज्जुपञ्चरज्ज्वादिप्रमाणः, मन्थानस्यापि कपाटमूले तावानेव पूर्वापरयोर्विस्तरः, ततःपरं दक्षिणभागे उत्तरभागे च यथासम्भवमुभयपार्श्वतः समो वा हीयमानो वा विस्तरः न त्वधिकः, आत्मप्रदेशानामनुश्रेणिगमननियमात् कपाटविस्ताराद्धिकविस्तारस्य मन्थाने कुत्राप्यसम्भवात् तत्र भरतक्षेत्रे समुद्घातकरणे मन्थानस्य विस्तरो दक्षिणभागे पूर्वापरयोर्हीयमान एव यावल्लोकान्तम्, उत्तरभागे तु आऐरवतभागात् सम एव ततः परं च हीयमान एवेति बोध्यम्, एवमन्यत्रापि यथासम्भवं भावनीयम्, इत्थञ्चात्र समुद्घातं कुर्वतः केवलिनो भगवतः तिर्यग्लोकब्रह्मलोकादिषु मध्यभागे लोकस्य यावान् विस्तारः तावत्प्रमाणाद्विस्तारात् यावन्मात्रया कपाटविस्तारस्य न्यूनन्यूनतरादिभावः, मन्थानविस्तरस्यापि तावन्मात्रया पूर्वापरयोर्न्यूनन्यूनतरादिभावो भवति जीवप्रदेशानामनुश्रेणिगमननियमात्, तथा चैवं तिर्यग्लोकादिषु सर्वत्र पूर्वादिषु दिक्षु जीवप्रदेशैरपूरितान्याकाशान्तराणि तिष्ठन्त्येवेति चतुर्थसमये तत्पूरणं भवतीति तृतीयसमये न सर्वोऽपि लोकः पूर्यते किन्त्वन्तराण्युद्धरन्त्येवेति परिभावितमिति । इत्थञ्चाष्टसामयिकत्वमपि केवलिसमुद्घातस्य निर्विरोधं निर्वाहितमेवेति ॥

अत्रेदं बोध्यम्, लोकस्य मध्यं मेरुमध्य एव सम्भवतीति यदुक्तम् तद्व्यवहारापेक्षया बोध्यम्, यदुक्तं लोकनालिकायाम्-'धम्माइ लोकमज्झं, जोयण असंखकोडीहिं" इति धर्मायां रत्नप्रभायामसङ्ख्यातयोजनकोटीभिर्लोकमध्ये स्यान्नैश्चयिकमतेन, परं व्यावहारिकमतेन मेरुकन्दमध्ये ऽष्टप्रदेशिकरुचकाल्लोकमध्यं स्यादिति तद्वृत्तिरिति॥ एवं स्नातकस्य लोकस्यासङ्ख्येयेषु भागेष्ववगाहनायाः प्रतिपादितत्वेन 'ननु प्रथमसमये शरीरस्थानामात्मप्रदेशानां पूर्वापरदिग्द्वयप्रसारणात् पूर्वापरयोर्लोकान्तगामितया शरीरप्रमाणोच्चत्वबाहल्यतः कपाटीकरणं, ततो द्वितीयसमये तस्य कपाटस्योर्ध्वमधोलोकान्तगामितया विस्तारणं, ततस्तृतीयसमये दक्षिणोत्तरदिग्द्वयप्रसारणात् मन्थानीकरणं, ततोऽन्तरपूरणमथवा क्रमेण कपाटीकरणं, मन्थानीकरणं तत ऊर्ध्वाधोलोकान्तगामितया विस्तारणं ततोऽन्तरपूरणमित्येवंक्रमेणैव कथन्न समुद्घातप्रक्रिया " इत्यपि परास्तम्, आत्मप्रदेशानामनुश्रेणिगमननियमेन तथा प्रक्रियायां लोकस्यासङ्ख्येयेषु भागेषु स्नातकावगाहनाया असम्भवादित्यधिकं स्वयमेव परिभावनीयमिति तत्त्वमत्र सर्वत्र केवलालोकशालिनो भगवन्त एव

च तिष्ठन्तीति दिक् । एतेनाचित्तमहास्कन्धसमुद्घातोऽपि व्याख्यातः, तस्यापि दण्डकपाटमन्थानान्तरपूरणप्रतिलोमतत्संहरणलक्षणाष्टसमयप्रमाणतया केवलिसमुद्घाततुल्यकालत्वादिति । अत्र आवश्यकचूर्णिगतं किञ्चित्स्वरूपं लिख्यते तथाहि—"अथ ये समुद्घातं कुर्वन्ति तेषां को विधिः ? इति प्रश्ने तदाविष्करणार्थमाचक्ष्महे— ते दण्डादिक्रमेण कुर्वन्ति, तत्र प्रथमसमये औदारिककाययोगस्था दण्डकं कुर्वन्ति, अथ दण्डक इति कोऽर्थः?, दण्डक इव दण्डकः क उपमार्थः, यथा मूलमध्याग्रमूर्ध्वाधःसमप्रदेशः परिवृत्तपर्यायो दण्डकस्तथा समुद्घातकरणवशान्निर्गतानामात्मप्रदेशानां दण्डकसंस्थानेनावस्थानाद् दण्डकत्वसिद्धिः । अथ दण्डकरणे को विधिः? इति प्रश्ने ब्रूमहे, इह व्यावहारिकनयवशाद् असङ्ख्येया जीवप्रदेशाः ते सर्वेऽपि बुद्ध्या असङ्ख्येयाः भागाः कृताः तत्र प्रथमसमये दण्डककारकाणामसङ्ख्येया भागाः निर्गच्छन्ति, असङ्ख्येयो भागोऽवतिष्ठते । ततस्तैरेतैः असङ्ख्येयैर्जीवप्रदेशभागैः स्वशरीरान्निर्गतैर्दण्डकमभिनिर्वर्तयन्तः अष्टौ जीवमध्यप्रदेशान् मान्त्रिकपरस्परावियोगिनो रुचकसंस्थितान् रत्नवैडूर्यपटलयोरुभयो रत्नावस्थायिषु रुचकसंस्थितलोकमध्यप्रतिष्ठाष्टाकाशप्रदेशेषु संस्थाप्य चतुर्दशरज्ज्वायतं दण्डकं कुर्वन्तीति । ततो द्वितीयसमये कपाटकं कुर्वन्ति, तत्समये च औदारिकमिश्रकाययोगो भवति, अथ कपाटकमिति कोऽर्थः, कपाटकमिव कपाटकं क उपमार्थः, यथोभयोः प्राक्प्रत्यग्दिशोस्तिर्यग्विस्तीर्णमपागुदग्दिशोर्दक्षमूर्ध्वाधोदिशायामच्छिन्नं कपाटमिति जगति शब्द्यते तथा समुद्घातकरणवशान्निर्गतानामात्मप्रदेशानां पूर्वापरदक्षिणोत्तरासु दिक्षु कपाटसंस्थानेनावस्थानात्कपाटकत्वसिद्धिः, अथ कपाटकरणे को विधिः? इति प्रश्ने ब्रूमहे-ततः प्रथमसमयनिर्गतात्मप्रदेशप्रकाशात् योऽसङ्ख्येयभागोऽवशिष्टोऽवतिष्ठते इत्युक्तं स बुद्ध्या पुनरसङ्ख्येयान् भागान् कृतस्ततो द्वितीयसमये कपाटकारकाणामसङ्ख्येया भागा निष्कामन्ति, असङ्ख्येयभागोऽवतिष्ठते तैरसङ्ख्येयैर्भागैर्निर्गतैः कपाटकं कुर्वन्ति । तत्र ये निर्गतास्ते प्रथमसमयनिर्गतात्मप्रदेशप्रकाशादसङ्ख्येयगुणहीनाः, असङ्ख्येयभाग इत्यर्थः । अथ तृतीयसमये प्रतरकं कुर्वन्ति, तत्सामयिकश्च कार्मणकाययोगो भवति । अथ प्रतरकमिति कोऽर्थः?, प्रतरमिव प्रतरं(कं)क उपमानार्थः यथा घननिचितनिरन्तरप्रचितावयवसंस्थितः परिवृत्तस्थालकः स्फलकं वा लोके प्रतरमित्युच्यते, तथाकाशमपि परस्परप्रदेशसंसर्गाविच्छेदपरिवृत्तपर्यायेणावस्थितं प्रतरमिति सिद्धम् । अथ तृतीयसमये प्रतरपूरकाणां को विधिः? इति

प्रश्ने प्रतिब्रूमहे, ततो द्वितीयसमये निर्गतात्मप्रदेशसकाशात् योऽसङ्ख्येयभागोऽवतिष्ठते इत्युक्तम्, अतावपि बुद्ध्या पुनरसङ्ख्येया भागाः कृताः, ततस्तृतीयसमये प्रतरकारकाणामसङ्ख्येयभागा निष्क्रामन्ति, असङ्ख्येयभागोऽवतिष्ठते, तैरसङ्ख्येयैर्भागैर्निर्गतैरेतैः प्रतरं पूरयन्ति, तत्र ये निष्क्रान्तास्ते द्वितीयसमये निष्क्रान्तात्मप्रदेशसकाशादसङ्ख्येयगुणहीनास्ततश्चतुर्थसमये कार्मणकाययोगस्थान एव आकाशप्रदेशान्निष्कुटसंस्थानसंस्थितान् लोकस्यपर्यन्तभागेऽपूरितान् पूरयन्तीति लोकपूरकाः, तथा तेषां को विधिः? इति प्रश्नेऽभिदध्महे, ततस्तृतीयसमयनिर्गतात्मप्रदेशसकाशात् योऽसङ्ख्येयभागोऽवतिष्ठते इत्युक्तम्, अस्मिन्नपि बुद्ध्या पुनरप्यसङ्ख्येया भागाः क्रियन्ते, ततश्चतुर्थसमये लोकपूरकाणामसङ्ख्येया भागा निष्क्रामन्ति, असङ्ख्येयभागोऽवतिष्ठते, ततस्तैरसङ्ख्येयभागैर्निष्क्रान्तैरेतैर्लोकनिष्कुटकान् पूरयन्ति, तत्र ये निष्क्रान्तास्ते तृतीयसमये निष्क्रान्तात्मप्रदेशसकाशादसङ्ख्येयगुणहीनाः, यश्चाधुनाऽसङ्ख्येयभागोऽवतिष्ठतेऽसौ स्वशरीरावगाढाकाशप्रमाणः " इति ॥

अथ दण्डादिसमयेषु किं किं क्रियते ? इति, तदुच्यते तत्र दण्डसमयात् प्राक् या पल्योपमासङ्ख्येयभागमात्रा वेदनीयनामगोत्राणां स्थितिरासीत् तस्या बुद्ध्या असङ्ख्येयभागाः क्रियन्ते, ततो दण्डसमये दण्डं कुर्वन् असङ्ख्येयान् भागान् हन्ति, एकोऽसङ्ख्येयो भागोऽवतिष्ठते, यच्च प्राक्कर्मत्रयस्यापि रसस्तस्याप्यनन्ता भागाः क्रियन्ते, ततस्तस्मिन् दण्डसमये असातवेदनीय १ प्रथमवर्ज संस्थान ६ संहननपञ्चका ११ प्रशस्तवर्णादिचतुष्टयो १५ पघाता १६ प्रशस्तविहायोगति १७ दुःस्वर १८ दुर्भगा १९ स्थिरा २० पर्याप्तका २१ शुभा २२ नादेया २३ यशःकीर्त्ति २४ नीचैर्गोत्ररूपाणां २५ पञ्चविंशतिप्रकृतीनामनन्तान् भागान् हन्ति एकोऽनन्ततमो भागोऽवशिष्यते, तस्मिन्नेव च समये सातवेदनीय १ देवगति २ मनुष्यगति ३ देवानुपूर्वी ४ मनुष्यानुपूर्वी ५ पञ्चेन्द्रियजाति ६ शरीरपञ्चको ११ पाङ्गत्रय १४ प्रथमसंस्थान १५ संहनन १६ प्रशस्तवर्णादिचतुष्टया २० गुरुलघु २१ पराघाता २२ च्छ्वास २३ प्रशस्तविहायोगति २४ त्रस २५ बादर २६ पर्याप्त २७ प्रत्येका २८ तपो २९ द्योत ३० स्थिर ३१ शुभ ३२ सुभग ३३ सुस्वरा ३४ देय ३५ यशःकीर्त्ति ३६ निर्माण ३७ तीर्थकरो ३८ च्चैर्गोत्ररूपाणा ३९ मेकोनचत्वारिंशतः प्रकृतीनामनुभागोऽप्रशस्तप्रकृत्यनुभागमध्यप्रवेशनेनोपहन्यते, समुद्घातमाहात्म्यमेतत्. यदत्र प्रशस्तप्रकृतीनामपि रसघातादिकम्, अप्रशस्तप्रकृतीनां च बन्धाभावेऽपि एतद्ग्रहतुल्यता चेन्त्यापि

नन्वथैकोनचत्वारिंशति शुभप्रकृतिषु मध्ये आतपोद्योतयोर्ग्रहणं व्यर्थं त-
योरनिवृत्तिकरणगुणस्थान एव क्षीणत्वात्, कर्मग्रन्थादौ नरकगतितिर्यग्गति-
नरकानुपूर्वीतिर्यगानुपूर्व्येकद्वित्रिचतुरिन्द्रियजातिस्थावरातपोद्योतसूक्ष्मसाधारणा-
नां नामकर्मणस्त्रयोदशप्रकृतीनां क्षयस्य नवमगुणस्थान एव प्रतिपादि-
तत्वात्, तत्रातपोद्योतयोर्गृहीतत्वाच्चेति चेत्, अत्र—नवमगुणस्थानके तयोः
कार्मग्रन्थिकाभिप्रायेण क्षयेऽपि अन्येषामभिप्रायेण तयोस्तत्राक्षीणत्वम्, आत-
पोद्योतवर्जितानामेव त्रयोदशप्रकृतीनां नामकर्मणस्तदभिप्रायेण तत्र क्षी-
णत्वात्। यदुक्तं—" अट्ठण्हं कसायाणं संखेज्जइभागो सेसेमाणो गतो
भवति ताहे णामस्स कम्मस्स इमाओ तेरस पयडीओ खवेइ, तं
जहा निरयगइनामं निरयाणुपुव्वीनामं एगिंदियजाइनामं बेइंदियजाइनामं
तेइंदियजाइनामं चउरिंदियजाइनामं तिरियगइनामं तिरिक्खजोणियाणुपुव्वी-
नामं अप्पसत्थविहायोगइनामं थावरनामं सुहुमनामं साहारणनामं अपज्जत्तं "
इति। तथा चान्याभिप्रायेणातपोद्योतयोर्नवमगुणस्थानकेऽक्षीणत्वेनात्रान्यत्र च
पञ्चसङ्ग्रहकर्मप्रकृतिचूर्ण्यादौ तद्ग्रहणस्यान्याभिप्रायकत्वं बोध्यम्, न तु
कार्मग्रन्थिकाभिप्रायिकत्वं, तथा च न व्यर्थ्यशङ्का, एवं पञ्चविंशतावशुभप्रकृ-
तिष्वपि यदप्रशस्तविहायोगत्यपर्याप्तयोर्ग्रहणं तस्य तु कार्मग्रन्थिकाभिप्रायकत्वं
बोध्यम्, नान्याभिप्रायकत्वमन्याभिप्रायेण तु तयोर्नवमगुणस्थानक एव क्षयस्य
प्राक् प्रतिपादितत्वादित्यस्माकं प्रतिभाति, अथ तस्योद्धरितस्य स्थितेरसङ्-
ख्येयभागस्यानुभागस्य चानन्ततमभागस्य पुनर्यथाक्रममसङ्ख्येया अनन्ताश्च भागाः
क्रियन्ते, ततो द्वितीये कपाटसमये स्थितेरसङ्ख्येयान् भागान् हन्ति, एकोऽवशि-
ष्यते. अनुभागस्य चानन्तान् भागान् हन्ति एकं मुञ्चति, अत्राप्यप्रशस्तप्रकृत्य-
नुभागमध्यप्रवेशनेन प्रशस्तप्रकृत्यनुभागघातो द्रष्टव्यः, पुनरप्येतत्समयेऽवशि-
ष्टस्य स्थितेरसङ्ख्येयभागस्यानुभागस्य चानन्ततमभागस्य पुनर्बुद्ध्या यथाक्रमम-
सङ्ख्येया अनन्ताश्च भागाः क्रियन्ते. ततस्तृतीयसमये स्थितेरसङ्ख्येयान् भागान्
हन्ति, एकं मुञ्चति, अनुभागस्य चानन्तान् भागान् हन्ति. एकमनन्तभागं मुञ्चति
अत्रापि प्रशस्तप्रकृत्यनुभागघातोऽप्रशस्तप्रकृत्यनुभागमध्ये प्रवेशनेनावसेयः, ततः
पुनरपि तृतीयसमयावशिष्टस्य स्थितेरसङ्ख्येयभागस्यानुभागस्य चानन्ततमभा-
गस्य बुद्ध्या यथाक्रममसङ्ख्येया अनन्ताश्च भागाः क्रियन्ते, ततश्चतुर्थे समये
स्थितेरसङ्ख्येयान् भागान् हन्ति, एकस्तिष्ठति, अनुभागस्याप्यनन्तान् भागान्
हन्त्येकोऽवशिष्यते. प्रशस्तप्रकृत्यनुभागघातश्च पूर्ववदवसेयः, एवं च स्थिति

घातादि कुर्वंश्चतुर्थसमये स्वप्रदेशापूरितसमस्तलोकस्य भगवतः केवलिनो वेदनीयादिकर्मत्रयस्थितिरायुषः सङ्ख्येयगुणा जाता अनुभागस्त्वद्याप्यनन्तगुणः चतुर्थसमयावशिष्टस्य च स्थितेरसङ्ख्येयभागस्यानुभागस्य चानन्ततमभागस्य भूयोऽपि बुद्ध्या यथाक्रमं सङ्ख्येया अनन्ताश्च भागाः क्रियन्ते, ततोऽवकाशान्तरसंहारसमये स्थितेः सङ्ख्येयभागान् हन्ति, एकं सङ्ख्येयभागं शेषीकरोति, अनुभागस्यानन्तान् भागान् हन्ति एकं मुञ्चति एवमेतेषु पञ्चसु षष्ठादिसमयेषु प्रत्येकं सामयिकं कण्डकमुत्कीर्णं समये समये स्थितिकण्डकानुभागकण्डकघातनात्, अतः परं षष्ठसमयादारभ्य स्थितिकण्डकमनुभागकण्डकं चान्तर्मुहूर्तेन कालेन विनाशयति प्रयत्नमन्दीभावात्, षष्ठादिषु च समयेषु कण्डकस्य प्रतिसमयमेकैकशकलं तावदुत्किरति यावदन्तर्मुहूर्तचरमसमये सकलमपि तत्कण्डकमुत्कीर्णं भवति, एवमान्तर्मौहूर्तिकानि स्थितिकण्डकान्यनुभागकण्डकानि च घातयन् तावद्वेदितव्यः यावत् सयोग्यवस्थाचरमसमयः, सर्वाण्यपि चामूनि स्थित्यनुभागकण्डकान्यसङ्ख्येयान्यवगन्तव्यानीति ।

तस्मिन् समुद्घाते क्रियमाणे किं मनोवाक्कायरूपाः सर्वे योगा व्याप्रियन्त उतान्यथा ? इति चेत्, अन्यथैव, तथाहि तत्र मनोवाग्योगयोरव्यापार एव, प्रयोजनाभावात् । यदाह- धर्मसारमूलटीकायां भगवान् श्रीहरिभद्रसूरिः —"मनोवचसी तदा न व्यापारयति प्रयोजनाभावात्," काययोगस्य तु औदारिककाययोगस्यौदारिकमिश्रकाययोगस्य वा कार्मणकाययोगस्य वा व्यापारो, नान्यस्य, लब्ध्युपजीवनाभावेन शेषस्य काययोगस्यासम्भवात्, तत्र प्रथमाष्टमसमययोरौदारिककार्यप्राधान्यादौदारिककाययोग एव, द्वितीयषष्ठसप्तमकेषु पुनः कार्मणशरीरस्यापि व्याप्रियमाणत्वादौदारिकमिश्र एव, तृतीयचतुर्थपञ्चमेषु तु केवलमेव कार्मणशरीरं व्यापारभागिति कार्मणकाययोगः । यदाहुः- श्रीमदार्यश्यामपादाः श्रीप्रज्ञापनायां षट्त्रिंशत्तमे समुद्घातपदे-"से णं भंते ! तहा समुग्घायगते किं मणजोगं जुंजति वइजोगं जुंजति कायजोगं जुंजति ? गो० ! नो मणजोगं जुंजति, नो वइजोगं जुंजति, कायजोगं जुंजति. कायजोगेणं भंते ! जुंजमाणे किं ओरालियकायजोगं जुंजति, ओरालियमीसासरीरकायजोगं०, किं वेउव्वियसरीरकायजोगं०, वेउव्वियमीसासरीरकायजोगं०, किं आहारगसरीरका०, आहारगमीसासरीरका०, किं कम्मसरीरका० ?, गो० ! ओरालियसरीरकायजोगंपि जुंजति, ओरालियमीसासरीरकायजोगंपि जुंजइ, नो वेउव्वियसरीरका० नो वेउव्वियमीसा० नो आहारगसरीरका० नो आहारगमीसा-

स॰ कम्मगसरीरकायजोगंपि जुंजति, पढमट्ठमसमएसु ओरालियकायजोगं जुंजइ, बिइयछट्ठसत्तमेसु समएसु ओरालियमीसगसरीरकायजोगं जुंजइ, तइयचउत्थपंचमेसु समएसु कम्मगसरीरकायजोगं जुंजइ" इति । भाष्यकारोऽप्याह—"न किर समुग्घायगओ, मणवइजोगप्पओयणं कुणइ । ओरालियजोगं पुण, जुंजइ पढमट्ठमे समए ॥ १ ॥ उभयव्वावाराओ, तम्मीसं बीयछट्ठसत्तमए । तिचउत्थपञ्चमेसु कम्मगं तु तम्मत्तचिट्ठाओ" ॥ २ ॥ इति, इत्थञ्च तृतीयचतुर्थपञ्चमेषु समयेषु केवलस्य कार्मणकाययोगस्य सत्त्वेनानाहारकत्वमपि बोध्यम्, अनाहारकभावाविनाभावित्वात् कार्मणकाययोगस्य, न चाहारकत्वेऽप्युत्पत्तिप्रथमसमये कार्मणकाययोगसत्त्वेन व्यभिचार इति वाच्यम्, केवलकार्मणकाययोगस्य तदानीमसद्भावात्, औदारिकादिमिश्रस्यैव कार्मणस्य तदानीं सत्त्वात् औदारिकादिशरीरनामकर्मोदयाधीनत्वादाहारकत्वस्य तत्तच्छरीरनामकर्मोदयाधीनत्वाच्च तत्तत्काययोगस्य अत एव च " जोगा अकम्मगाहारगे तु " इत्यनेनाहारके कार्मणवर्जाश्चतुर्दशयोगाः प्रतिपादिताः सङ्गच्छन्ते इत्याद्यधिकं तु अस्मत्कृतषडशीतिप्रकाशादवसेयमिति.

ननु सयोगिनः औदारिकशरीरनामकर्मोदयोऽस्त्येवेति [illegible]स्याहारकत्वस्य सर्वदैव सत्त्वात् कथं केवलिसमुद्घाते समयत्रयेऽनाहारकत्वं तस्येति चेत्, न, केवलिसमुद्घाततृतीयचतुर्थपञ्चमसमयेभ्योऽन्यत्रैव सर्वत्रौदारिकशरीरनामकर्मोदयसत्त्वात्, तृतीयचतुर्थपञ्चमसमयेषु त्वौदारिकशरीरनामकर्मोदयाभावात्, तत्र केवलिनो नामकर्मणो विंशत्येकविंशतिरूपोदयस्थानद्वयस्यैव प्रतिपादितत्वात्, तत्र मनुष्यगतिः पञ्चेन्द्रियजातिस्त्रसं बादरं पर्याप्तं सुभगमादेयं यशःकीर्तिरित्येता अष्ट ध्रुवोदयिनीभिर्द्वादशभिः सह विंशतिः, एषा चातीर्थकृतः केवलिनः केवलिसमुद्घातगतस्य तृतीयचतुर्थपञ्चमसमयेषु कार्मणकाययोगे वर्तमानस्यावसेया, सैव विंशतिस्तीर्थकरनामकर्मसहितैकविंशतिः, एषा च तीर्थकृतः केवलिनस्तस्यैवेति, तथा च युक्तमेवोक्तं समुद्घातगतस्य केवलिनस्तृतीयचतुर्थपञ्चमसमयेष्वनाहारकत्वं तदानीमौदारिकशरीरनामकर्मोदयाभावादिति ॥ ननु पुद्गलादानमेवाहारस्तथा च केवलिनः समुद्घातगतस्य तृतीयादिसमयेषु औदारिकादिपुद्गलानादानेऽपि कर्मपुद्गलादानमस्त्येव तस्य योगहेतुकस्य योगवतां सर्वदैव सद्भावादिति तृतीयादिसमयेष्वपि केवलिन आहारकत्वमेवेति चेत्, न, औदारिकवैक्रियाहारकशरीरपोषकपुद्गलोपादानस्यैव प्रवचनोपनिषद्वेदिभिराहारत्वेन परिभाषितत्वात्, अन्यथा विग्रहगतावप्यनाहा-

रकत्वाभावप्रसङ्गात्, कर्मपुद्गलादानरूपाहारत्वेऽयोगिसिद्धावस्थयोरेवाना-हारकत्वापत्तेः, तथा च कर्मपुद्गलादानसत्त्वेऽपि तदानीमौदारिकादिपुद्गला-दानाभावादनाहारकत्वं निराबाधमेवेति । अथ किमाहारविशेषमाश्रित्यानाहा-रकत्वमाख्यायते?, उताहारसामान्यं?, तत्र नाद्यः पक्षः सर्वजीवानां सर्वदानाहा-रकत्वप्रसङ्गात्, एकस्याहारविशेषस्य सद्भावेऽपि अन्यस्याहारविशेषस्याभावात् तथाहि–औदारिकशरीरिणः, औदारिकशरीरपोषकौदारिकपुद्गलादानरूपाहार-सत्त्वेऽपि वैक्रियाहारकशरीरपोषकवैक्रियाहारपुद्गलादानरूपाहारविशेषाभाव ए-व, एवं वैक्रियशरीरिणः वैक्रियशरीरपोषकवैक्रियपुद्गलादानरूपाहारसत्त्वेऽपि औदारिकादिपुद्गलादानरूपाहारविशेषाभाव एव, एवमाहारकशरीरिण आहारक-शरीरपोषकाहारकपुद्गलादानरूपाहारसत्त्वेऽपि औदारिकादिपुद्गलादानरूपाहा-रविशेषाभाव एवेति, तत्तदाहारसत्त्वेऽपि तत्तदाहारविशेषाभावापेक्षमनाहा-रकत्वं स्यादेव सर्वदा सर्वजीवानामिति, नापि द्वितीयः, तथाहि-केवलिसमुद्-घाते तृतीयादिसमयेषु औदारिकशरीरनामकर्मोदयाभावादनाहारकत्वं यत्प्रागुक्तं तन्न स्यात् आहारसामान्यमाश्रित्य यदनाहारकत्वं तस्य केवलौदारिकशरीर-नामकर्मोदयाभावासाध्यत्वात्, औदारिकशरीरनामकर्मोदयाभावेऽपि वैक्रियाहा-रकशरीरिणां वैक्रियाहारकशरीरपोषकवैक्रियाहारकपुद्गलादानसत्त्वेनाहारकत्वा-दिति चेत्; न, अभिप्रायापरिज्ञानात्, अयं ह्यत्राभिप्रायः, आहारसामान्य-माश्रित्यैवानाहारकत्वमत्र विवक्षितं, तदाहारसामान्यं प्रति यद्यप्यौदारिकवैक्रिया-हारकान्यतमशरीरनामकर्मोदयत्वेन हेतुतेति तदन्यतमशरीरनामकर्मोदयाभाव-स्यैवाहारसामान्याभावरूपानाहारकत्वसाधकत्वमिति तदन्यतमशरीरनामकर्मोदया-भावस्यैव अनाहारकत्वं प्रति हेतुतयोपन्यसनीयम्, तथापि वैक्रियशरीरना-मकर्मोदयस्याहारकशरीरनामकर्मोदयस्य च प्रथमत एव व्यवच्छिन्नत्वेन केवलिनि तदभावोऽस्त्येवेति केवलिनि तदुदयनिबन्धनाहारशङ्का नास्त्येव, औदारिकशरीरनामकर्मोदयस्य च सयोगिचरमसमयं यावत् सद्भावेन केवलि-समुद्घाते तृतीयादिसमयेष्वपि तत्सत्त्वेन कथमनाहारकत्वं तत्रौदारिकशरी-रनामकर्मोदयनिबन्धनाहारकत्वशङ्कायां तत्रौदारिकशरीरनामकर्मोदयाभावस्यै-वानाहारकत्वं प्रति हेतुतयोपन्यसनीयत्वमिति तथैव प्रागुपन्यस्तमिति न क-श्चिद्दोष इति ॥ एवमोजःप्रभृत्याहारकमपेक्ष्यापि सर्वाहारनिषेध एवानाहार-कत्वं बोध्यमिति, ननु गृहीतमेतत् परं यत्प्राक् वैक्रियशरीरिणां वैक्रियपुद्गला-दानरूपाहारसत्त्वेऽपि औदारिकादिपुद्गलादानरूपाहाराभाव एव, एवमाहारक-

शरीरिण आहारकपुद्गलादानरूपाहारसत्त्वेऽपि औदारिकादिपुद्गलादानरूपाहाराभाव एवेति, प्रथमपूर्वपक्षे प्रतिपादितं तत्कथं घटामियर्त्ति, वैक्रियलब्धिमतां तिर्यङ्मनुष्याणां वैक्रियावस्थायां वैक्रियशरीरनामकर्मोदयसत्त्वेन वैक्रियपुद्गलादानरूपाहारसद्भाववत् औदारिकशरीरनामकर्मोदयस्यापि तदानीं सत्त्वेन औदारिकपुद्गलादानरूपाहारस्यापि सद्भावात् न च वैक्रियावस्थायामौदारिकशरीरनामकर्मोदयो नास्त्येवेति वाच्यम्, देवनारकाणामौदारिकशरीरनामकर्मोदयाभावेऽपि तिर्यङ्मनुष्याणां तु वैक्रियावस्थायामपि औदारिकशरीरसद्भावेनौदारिकशरीरनामकर्मोदयस्य सत्त्वादिति एवं, चतुर्दशपूर्वविदामाहारकशरीरावस्थायामपि औदारिकशरीरस्य सद्भावेनौदारिकशरीरनामकर्मोदयसत्त्वमाहारकशरीरनामकर्मोदयेनाहारकपुद्गलादानरूपाहारसद्भाववदौदारिकपुद्गलादानरूपाहारस्यापि सद्भावादिति चेत्, न, वैक्रियाहारकशरीरावस्थायामौदारिकशरीरनामकर्मोदयाभावादौदारिकपुद्गलादानरूपाहाराभावात्, यथासम्भवं वैक्रियाहारकशरीरनामकर्मोदययोरेव च तदानीं सत्त्वेन वैक्रियाहारकपुद्गलादानरूपाहारसद्भावात् प्राक् पूर्वपक्षोक्तार्थस्य सूपपन्नत्वात्, तदानीमौदारिकशरीरसत्त्वस्यौदारिकशरीरनामकर्मोदयसत्तासाधकत्वाभावाच्च, अयोगिनो भगवत औदारिकशरीरसत्त्वेऽपि औदारिकशरीरनामकर्मोदयाभावात्, अन्यथा तस्याप्याहारकत्वापत्तेः, किञ्च औदारिकशरीरादिनामकर्मणां परावर्त्तमानप्रकृतितया परिभाषितत्वेन परस्परमेकस्योदयं विनिवार्यैवान्यस्योदयप्रवृत्तिः, तथा च वैक्रियस्याहारकस्य वा करणकाले औदारिकशरीरनामकर्मोदयं विनिवार्यैव वैक्रियशरीरनामकर्मण आहारकशरीरनामकर्मणो वोदयप्रवृत्तिः, अत एव चौदारिकशरीरनामकर्मण उदयनियतोदीरणापि वैक्रियशरीरिण आहारकशरीरिणश्च प्रमुच्यैव प्रतिपादिता कर्मप्रकृत्यादौ, तथाहि— "आहारगनरतिरिया सरीरदुगवेयणे पमुत्तूणं । ओरालाए एवं तदुवंगाए तसजियाओ" इति, तद्वृत्तिश्च "आहारका ओजोलोमप्रक्षेपाहाराणामन्यतमाहारग्राहिणो ये नरा मनुष्यास्तिर्यञ्चश्च 'ओरालाए त्ति' औदारिकशरीरनाम्न उपलक्षणादौदारिकबन्धनचतुष्टयस्यौदारिकसङ्घातनस्य चोदीरकाः, किमविशेषेण सर्वेऽपि, नेत्याह-शरीरद्विकमाहारकवैक्रियलक्षणं तद्वेदकान्, तत्स्थान् परित्यज्य ते औदारिकशरीरनामकर्मोदय एव न प्रवर्त्तन्ते इति सुतरां न तदुदीरका इति त्यज्यन्ते । तथा एवमुक्तप्रकारेण 'तदुवंगाए त्ति' तदङ्गोपाङ्गनाम्न औदारिकाङ्गोपाङ्गनाम्न एवोदीरका ज्ञातव्याः, केवलं ते त्रसजीवा एव, न स्थावरा अपि, तेषां तदुदयाभावात् । उक्तञ्च " आहा-

री उत्तरतणु भरनिरि मणुस्सेषय पमुहुणं । उद्दीरंति उराले, ते चेव तसा उवंगं ते॥१॥" अत्राहारकस्याहारकशरीरिणः, उत्तरतणुत्ति वैक्रियशरीरिणो वैक्रियान्तारकाश्च नरतिर्यञ्चोऽपि तद्बन्धकान् प्रमुक्त्वेति पूर्वार्धार्थः। " इति । ततः समुद्घातात्प्रतिनिवृत्तो मनोवाक्कायोगत्रयमपि व्यापारयति, यतः स भगवान् भवधारणीयकर्मसु नामगोत्रवेदनीयेष्वचिन्त्यमाहात्म्यसमुद्घातवशतः प्रभूतमायुषा सह समीकृतेष्वप्यन्तर्मुहूर्तभाविपरमपदो यदाऽनुत्तरोपपातिकादिना देवेन मनसा पृच्छ्यते तर्हि व्याकरणाय मनःपुद्गलान् गृहीत्वा मनोयोगं युनक्ति, तमपि सत्यमसत्यामृषारूपं वा, मनुष्यादिना पृष्टः सन्नपृष्टो वा कार्यवशाद् गृहीत्वा भाषापुद्गलान् वाग्योगं, तमपि सत्यमसत्यामृषारूपं वा । न शेषान् वाङ्मनोयोगान् क्षीणरागद्वेषत्वात् । काययोगं चागमनादिचेष्टासु, तथाहि—भगवान् कार्यवशतः कुतश्चित् स्थानात् विवक्षिते स्थाने तथाविधसम्पातिमसत्त्वाकुलां भूमिमवलोक्य तत्परिहाराय जन्तुरक्षानिमित्तमुल्लङ्घनं प्रलङ्घनं वा कुर्यात्, तत्र सहजात् पादविक्षेपान्मनागधिकतरः पादविक्षेप उल्लङ्घनं स एवातिविकटः प्रलङ्घनं यदि वा प्रातिहारिकं पीठफलकशय्यासंस्तारकं यस्मादानीतं तस्मै समर्पयेत् । अत्रेदं बोध्यम् प्रज्ञापनायां भगवता आर्यश्यामेन । प्रातिहारिकपीठफलकादीनां प्रत्यर्पणमेवोक्तं, ततोऽवसीयते नियमादन्तर्मुहूर्तावशेषायुष्क एवावर्जीकरणादिकमारभते न प्रभूतावशेषायुष्कः, अन्यथा ग्रहणस्यापि सम्भवात्तदप्युपादीयेत । एतेन यदाहुरेके—जघन्यतोऽन्तर्मुहूर्ते शेषे समुद्घातमारभते उत्कर्षतः षट्सु मासेषु शेषेष्विति तदपास्तं द्रष्टव्यम्, षट्सु मासेषु कदाचिदपान्तराले वर्षाकालसम्भवात् तन्निमित्तं पीठफलकादीनामादानमप्युपपद्येत, न च तत् सूत्रसम्मतमिति तत्प्ररूपणमुत्सूत्रमवसेयम्, एतच्चोत्सूत्रं आवश्यकेऽपि समुद्घातानन्तरमव्यवधानेन शैलेश्यभिधानात्, तत्सूत्रं च " दण्डकवाडे मंथंतरे य संहारणासरीरत्थे । भासाजोगनिरोहे सेलेसी सिज्झणा चेव ॥ १ ॥" यदि पुनरुत्कर्षतः षण्मासरूपमपान्तरालं भवेत् । ततस्तदप्यभिधीयेत, न चोक्तं तस्मादेव अयुक्तमेतदिति, तथा चाह भाष्यकारः-"कम्मलहुयाय समओ भिन्नमुहुत्तावसेसओ कालो । अन्ने जहन्नमेयं छम्मासुक्कोसमिच्छंति ॥ १ ॥ तत्तोमन्तरसेलेसीवयणओ जं च पाडिहारीणं । पच्चप्पणमेव सुए इहरा गहणंपि होज्जाहि ॥ २ ॥ " अत्र कर्मलघुतानिमित्तं समुद्घातस्य समयः अवसरो भिन्नमुहूर्तावशेषकालः, शेषं सुगमम्, तदेवमन्तर्मुहूर्तं कालं यथायोगं योगत्रयव्यापारभाक् केवली भूत्वा त-

ततोऽन्तर्मुहूर्त्तेन योगं निरुन्धानस्तृतीयं शुक्लध्यानभेदं परिसमापयति, योगनिरोधस्वरूपं च कर्मक्षपणप्रकारो" अस्माभिः प्रपञ्चितमिति नेह प्रतन्यते । तथापि काययोगनिरोधकालान्तरे चरमेऽन्तर्मुहूर्ते वेदनीयादित्रयस्य प्रत्येकं स्थितिः सर्वापवर्तनया अपवर्त्यायोग्यवस्थासमाना क्रियते गुणश्रेणिक्रमविरचितप्रदेशा, तद्यथा प्रथमस्थितौ स्तोकाः प्रदेशाः, द्वितीयस्यां स्थितौ ततोऽसङ्ख्येयगुणाः, तृतीयस्यां ततोऽप्यसङ्ख्येयगुणाः, एवं तावद्वाच्यं यावच्चरमा स्थितिः, एताः प्रथमसमयगृहीतदलिकनिर्वर्तिताः गुणश्रेणयः, एवं प्रतिसमयगृहीतदलिकनिर्वर्तिताः कर्मत्रयस्य प्रत्येकमसङ्ख्येया द्रष्टव्याः, अन्तर्मुहूर्तसमयानामसङ्ख्यातत्वात् आयुषस्तु स्थितिर्यथाबद्धैवावतिष्ठते नाऽपि च गुणश्रेणिक्रमविपरीतक्रमदलिकरचना बोध्येति । ततः स्वात्मनैव काययोगमचिन्त्यवीर्यप्रभावात् निरुध्य समुच्छिन्नक्रियाऽनिवृत्तिसंज्ञं चतुर्थशुक्लध्यानभेदं ध्यायतीत्यलम् ।

अथ वेदनादिसमुद्घातानां किञ्चित्स्वरूपं लिख्यते–तत्र वेदनया–असद्वेदनीयजनितया पीडया हेतुभूतया समुद्घातो वेदनासमुद्घातः, वेदनाऽऽकुलितो व्याकुलीभूतो जीवः स्वप्रदेशाननन्तानन्तकर्मस्कन्धवेष्टितान् शरीराद् बहिरपि प्रक्षिपति, तैश्च प्रदेशैर्जठरमुखबाह्वादिशुषिराणि कर्णस्कन्धाद्यन्तरालानि चापूर्यायामतो विस्तरतश्च शरीरमात्रं क्षेत्रमभिव्याप्यान्तर्मुहूर्तं यावत्तिष्ठति, तस्मिन्नन्तर्मुहूर्ते प्रभूतासातवेदनीयकर्मपुद्गलशातं करोति, ततः समुद्घातान्निवृत्य स्वरूपस्थो भवति ॥ कषायैः–क्रोधादिभिर्हेतुभूतैः समुद्घातः कषायसमुद्घातः, तीव्रकषायोदयाकुलितो हि प्राणी स्वप्रदेशाननन्तानन्तकर्मस्कन्धवेष्टितान् बहिः प्रक्षिपति, तैश्च प्रदेशैरुदरास्यकण्ठादिशुषिराणि कर्णस्कन्धाद्यन्तरालानि च पूरयित्वा आयामविस्तराभ्यां देहमात्रं क्षेत्रमभिव्याप्यान्तर्मुहूर्तं यावत्तिष्ठति, तत्र चान्तर्मुहूर्ते प्रभूतकषायमोहनीयकर्मपुद्गलशातं विदधाति, समुद्घातान्निवृत्य स्वरूपस्थो जायत इति ॥ मरणमेव प्राणिनामन्तकारित्वादन्तो मरणान्तः तत्र भवो मारणान्तिकः स चासौ समुद्घातश्च मारणान्तिकसमुद्घातः, मरणसमयेऽन्तर्मुहूर्तशेषे स्वायुषि केचिदसुमन्तोऽमुं कुर्वन्तीति मारणान्तिक उच्यते अयं चैवं द्रष्टव्यस्तद्यथा–कश्चिज्जीवोऽन्तर्मुहूर्तशेषे स्वायुषि स्वशरीरविष्कम्भबाहल्याभ्यामायामतस्तु जघन्यतोऽङ्गुलासङ्ख्येयभागमात्रं उत्कृष्टतस्त्वसङ्ख्येयानि योजनानि शरीराद्बहिः स्वप्रदेशदण्डं निसृजति, निसृज्य च यत्र स्थानेऽग्रेतनभवे समुत्पत्स्यते तत्र स्थाने तं स्वप्रदेशदण्डं प्रक्षिपति, सचोत्पत्तिस्थानं ऋजुगत्या एकेनैव समयेन प्रदेशदण्डः प्राप्नोति, विग्रहगत्या तूत्कृ-

त्पत्तिस्थानं चतुर्थे समये प्राप्नोति । तथाहि—यदा जीवस्य मरणस्थानादुत्पत्तिस्थानं समश्रेण्यां प्राञ्जलमेव भवति तदायं प्रदेशदण्डः एकेनैव समयेन तदवाप्नोति, ऋजुगतिश्चायमुच्यते । यदा तु मरणस्थानादुत्पत्तिस्थानं किञ्चिद्वक्रं भवति यथैशानकोणोपरिभागादाग्नेयकोणाधस्तनभागः, तदा प्रथमसमये ऐशानकोणोपरिभागादाग्नेयकोणोपरिभागं गत्वा तदधस्तनभागलक्षणस्योत्पत्तिस्थानस्य समश्रेणिं प्रतिपद्यते, जीवपुद्गलानामनुश्रेणिगमनात्प्रथमसमय एवोत्पत्तिस्थानाप्राप्तेः, ततो द्वितीयसमये एकश्रेण्यन्तरारम्भरूपं विग्रहं विधाय तदुत्पत्तिस्थानं जीवप्रदेशदण्डः प्राप्नोति, इयं च विग्रहगतिरुच्यते, एकेन श्रेण्यन्तरारम्भरूपेण विग्रहेणोपलक्षिता गतिर्विग्रहगतिरिति कृत्वा । यदा पुनर्मरणस्थानादुत्पत्तिस्थानं वक्रतरं भवति यथा तस्मादेवैशानकोणोपरिभागान्नैर्ऋतकोणाधस्तनप्रदेशः, तदा प्रथमसमये प्रदेशदण्डो वायव्यकोणोपरिभागं गच्छति, ततो द्वितीयसमये विग्रहेण नैर्ऋतकोणोपरिभागमागच्छति तृतीयसमये विग्रहेणैव तदधस्तनभागरूपमुत्पत्तिस्थानमवाप्नोति । इयं च विग्रहद्वयोपेता त्रिसमया विग्रहगतिरुच्यते, न चैते त्रयः समया अनेनैव प्रकारेण सम्भवन्तीति प्रतिपत्तव्यम्, किन्तूक्तानुसारेण सुधियाऽन्यथापि भावनीयाः, उपलक्षणमात्रत्वादस्य, एवं पूर्वमुत्तरत्रापि च बोध्यम्, एवं च त्रसनाड्या बहिर्विदिग्व्यवस्थितस्य सतो यस्य निगोदादेरधोलोकादूर्ध्वलोके उत्पादो नाड्या बहिरेव दिशि भावी, तस्य प्रदेशदण्डोऽवश्यमेकेन समयेन विदिशो दिशमागच्छति द्वितीयेन नाडीं विशति, तृतीयेनोर्ध्वलोकं व्रजति, चतुर्थेन लोकनाडीतो निर्गत्योत्पत्तिस्थानं प्राप्नोति, इयं च त्रिविग्रहा चतुःसमया विग्रहगतिरुच्यते इति ॥ अयमपि च मारणान्तिकसमुद्घातोऽन्तर्मौहूर्तिक एव, तस्मिन्नान्तर्मुहूर्ते प्रभूतायुःकर्मपुद्गलघातं करोति । वैक्रियशरीरनामकर्मविषयः समुद्घातो वैक्रियसमुद्घातः, अथवा वैक्रियशरीरकरणकालविषयः समुद्घातो वैक्रियसमुद्घातः, अयमपि चेत्थं प्रतिपत्तव्यः, यथा वैक्रियशरीरलब्धिमान् जीवो वैक्रियकरणकाले विष्कम्भबाहल्याभ्यां शरीरप्रमाणं आयामतस्तु जघन्यतोऽङ्गुलसंख्येयभागमात्रम्, उत्कृष्टतः पुनःसङ्ख्येयानि योजनानि शरीराद्बहिः स्वप्रदेशदण्डं निसृजति, निसृज्य च यथास्थूलान् वैक्रियशरीरनामकर्मपुद्गलान् प्राग्बद्धान् शातयति, यत उक्तम् “वेउव्वियसमुग्घाएणं समोहणइ समोहणित्ता संखेज्जाइं जोयणाइं दण्डं निसिरइ २ त्ता अहाबायरे पुग्गले परिसाडेइ” त्ति. अयमपि च समुद्घातोऽन्त-

मौहूर्तिक एव, ततः परं वैक्रियसमाप्त्या स्वरूपस्थत्वादिति, एवं तेजोविषयः समुद्घातस्तैजससमुद्घातः, अत्र तेजःशब्देन तैजसशरीरमभिधीयते, तत्कारणभूतं चोपचारात्तैजसशरीरनामकर्माप्युच्यते, अयमपीत्थं भावनीयः—यथा तेजोनिसर्गलब्धिमान् क्रुद्धः साध्वादिः सप्ताष्टौ पदान्यपसृत्य विष्कम्भबाहल्याभ्यां शरीरमानम्, आयामतस्तु जघन्यतोऽङ्गुलासङ्ख्येयभागमुत्कृष्टतः पुनः सङ्ख्येयानि योजनान्यनन्ततैजसशरीरस्कन्धसंश्लिष्टानां जीवप्रदेशानां दण्डं शरीराद् बहिः प्रक्षिपति, ततः क्रोधविषयीकृतं मनुष्यादि निर्दहति, एषोऽपि समुद्घातोऽन्तर्मुहूर्तप्रमाण एव, तत्र चान्तर्मुहूर्ते प्रभूतांस्तैजःशरीरनामकर्मपुद्गलान् शातयति, ततोऽन्तर्मुहूर्तात् समुद्घातान्निवृत्य स्वरूपस्थो भवति। पञ्चसङ्ग्रहमूलटीकायां तु " तेजोलेश्यासमुद्घातोऽवश्यं कषायसमुद्घातपूर्वको यतः कषायाग्निः प्रथमं ज्वलति, सम्भवति ततः स बलवान् मुखेन निर्गच्छंस्तेजोलेश्योच्यते " इति विशेषः इति। आहारकशरीरनामकर्मविषयः समुद्घातः आहारकसमुद्घातः अयमपि वैक्रियसमुद्घातवदेव भावनीयः, तथाहि—आहारकशरीरलब्धिमान् चतुर्दशपूर्ववित् आहारकशरीरकरणकाले विष्कम्भबाहल्याभ्यां शरीरमानम्, आयामतस्तु जघन्यतोऽङ्गुलासङ्ख्येयभागमुत्कृष्टतस्तु संख्येयानि योजनानि शरीराद्बहिः स्वप्रदेशदण्डं निसृजति, निसृज्य च यथास्थूलान् प्रभूतानाहारकशरीरनामकर्मपुद्गलान् प्रागबद्धान् शातयति, अयमप्यन्तर्मुहूर्तमानः, अन्तर्मुहूर्ताच्च समुद्घातान्निवर्तत इति, अत्रेदं बोध्यम्, वैक्रियाहारकशरीरकरणार्थं निर्गता जीवप्रदेशास्तद्योग्यान् पुद्गलान् गृहीत्वा तच्छरीरं निष्पादयन्ति तस्य षड् पर्याप्तयो युगपत्प्रारभ्यन्ते, ततः शरीरपर्याप्तिमन्तर्मुहूर्तेन निष्पादयन्ति, शेषाः सामयिक्यः। औदारिकस्य तु प्रथमा सामयिकी शेषा आन्तर्मुहूर्तिकाः इति। पर्याप्तिस्वरूपञ्च "षडशीतिप्रकाशे" प्रदर्शितमिति नेह प्रतन्यते॥

अथात्र केवलिसमुद्घातः केवलिमनुजानामेव भवति, नान्येषां, छाद्मस्थिकास्तु सर्वेषामपि छद्मस्थानां भवन्ति, तत्र केषां कति भवन्तीति नैरयिकादिदण्डकक्रमेण निरूप्यते, तत्र नैरयिकाणामाद्याश्चत्वारो वेदनादिसमुद्घाताः, तेषां तेजोलब्ध्याहारकलब्ध्यभावतस्तैजससमुद्घाताहारकसमुद्घातासम्भवात्, असुरकुमारादीनां सर्वेषामपि देवानामाहारकसमुद्घातवर्जाः शेषाः पञ्च समुद्घाताः तेषां तेजोलब्धिसम्भवेन तैजससमुद्घातस्यापि सम्भवात्, यस्त्वाहारकसमुद्घातः स तेषां न सम्भवति, चतुर्दशपूर्वाधिगमाभावतो भवप्रत्ययाच्च

तेषामाहारकलब्ध्यभावात् । वायुकायवर्जैकेन्द्रियविकलेन्द्रियाणामाद्या वेदनाकषायमरणलक्षणास्त्रयः समुद्घातास्तेषां वैक्रियाहारकतेजोलब्ध्यभावतस्तत्समुद्घातासम्भवात् । वायुकायिकानां पूर्वे त्रयो वैक्रियसमुद्घातसहिताश्चत्वारः समुद्घाताः तेषां बादरपर्याप्तानां वैक्रियलब्धिसम्भवतो वैक्रियसमुद्घातस्यापि सम्भवात् । प्रवचनसारोद्धारे तु एकेन्द्रियाणां तैजससमुद्घातोऽपि प्रतिपादितः, यदुक्तं तत्र्यशीत्यधिकद्विशततमे द्वारे " एगिंदियाणं केवलिआहारगवज्जिया इमे पंच । पंचावि अवेउव्वा विगलासन्नीण चत्तारि " इति एगेंदीन्यादि. एकेन्द्रियाणां पृथिव्यादीनां केवलिकाहारकसमुद्घातवर्जिता इमे आद्याः पञ्च समुद्घाता भवन्ति, पञ्चापि चैते वैक्रियवर्जिताश्चत्वारः समुद्घाता विकलेन्द्रियाणामसंज्ञिपञ्चेन्द्रियाणां च भवन्ति, इयञ्च गाथा प्रज्ञापनापञ्चसंग्रहजीवसमासादिशास्त्रान्तरैः सह विसंवदति, तेष्वेकेन्द्रियाणां तैजससमुद्घातस्य प्रतिषिद्धत्वा"दिति तद्वृत्तौ । पञ्चेन्द्रियतिर्यग्योनिकानामाहारकसमुद्घातवर्जाः शेषाः पञ्च छाद्मस्थिकाः समुद्घाताः यस्त्वाहारकसमुद्घातः स तेषां न सम्भवति, चतुर्दशपूर्वाधिगमाभावतस्तेषामाहारकलब्ध्यसम्भवात्, मनुष्याणां षडपि, मनुष्येषु सर्वभावसम्भवात् इति सङ्क्षेपः ॥

विस्तरार्थिभिस्तु प्रज्ञापनाद्यो विलोकनीयाः ' तदेवं निरूपितं सर्वतन्त्रस्वतन्त्र–शासनसम्राट्–सूरिचक्रचक्रवर्त्ति-जगद्गुरु-तपागच्छाधिराज-भट्टारकाचार्य-श्रीमद्विजयनेमिसूरिभगवत्साम्राज्ये तत्पट्टालङ्कारसिद्धान्तवाचस्पतिन्यायविशारद श्रीमद्विजयोदयसूरीश्वरपट्टभृता विजयनन्दनसूरिणा आगमोपपत्तियुतं स्वगुरुकृपाकन्दं किञ्चित् समुद्घातस्वरूपं. तत्त्वं त्वत्र सर्वत्र केवलालोकशालिनो भगवन्त एव विदन्तीति ।

सुधाधारासारैर्निखिलभुवनानां प्रशमयन्
समन्तात्तापालीरनिशमसकोऽन्तर्बहिरपि ।
अचिन्त्यैश्वर्योऽयं विबुधगणसम्पूजिततनुः
स्थितः कोऽपि प्रौढो जयति जलदः स्तम्भनपुरे ॥ १ ॥
यदीयचरणाम्बुजं विबुधभृङ्गसंसेवितं
श्रितं सकृदपि प्रणाशयति पापराशिं सताम् ।
सदैव जिनशासनोन्नतिनिबद्धचेतास्तपा-
धिपः स जगतो गुरुर्जयति नेमिसूरीश्वरः ॥ २ ॥

सिद्धान्ताश्च नयाः कणादकपिलव्यासाक्षपादोद्भवा
न्यायाश्चैकविशीर्णसंशयतया येनाखिला वेदिताः ।
तत्तद्भव्यमहार्थशास्त्ररचनासंप्राप्तसद्गौरवः
सोऽयं श्रीगुरुनेमिसूरिभगवान् भट्टारको नः श्रिये ॥ ३ ॥

तस्य पट्टधरः पूज्यः सिद्धान्तज्ञशिरोमणिः ।
विजयोदयसूरीशस्तस्य पट्टभृता खलु ॥ ४ ॥

तेषां श्रीमतां नेमिसूरीश्वराणां, पदाम्भोरुहाणां सुसेवानुभावात् ।
मया नन्दनाख्याभृता सूरिणेदं, समुद्घाततत्त्वं व्यरूपीह किञ्चित् ॥५॥

किञ्चिद् गुरूपदेशेन किञ्चित् सिद्धान्तसागरात् ।
किञ्चित्तर्केण सिद्धान्ता- विरुद्धमत्र दर्शितम् ॥ ६ ॥

बुद्धेर्मान्द्यं चञ्चला चित्तवृत्तिः, सिद्धान्तार्थग्रन्थयो ज्ञानिगम्याः ।
भ्रान्त्या प्रोक्तं यच्च किञ्चित्प्रमादात् शोध्यं सद्भिः प्रार्थये नम्रचित्तः ॥ ७ ॥

वेदाष्टाङ्केन्दुमानेऽब्दे स्तम्भतीर्थे महापुरे ।
पञ्चम्यां ज्येष्ठशुक्लस्य गुरौ पूर्णीकृतं शुभे ॥ ८ ॥

विनिर्माय मयेदं यत् सुपुण्यं समुपार्जितम् ।
भद्रं भवतु तेनात्र भव्यलोकस्य सर्वदा ॥ ९ ॥

इति श्री महावीरप्रभुशासनोद्धरणधुरीणयथावस्थिततत्त्वप्रणयनप्रवीणविशुद्धधीसा-
म्राज्यविद्वद्वृन्दवन्द्यपवित्रचरणयुगलकलिकालात्महिताद्वितीयसाधन श्रीशत्रुञ्जयरै-
वतसम्मेतशिखरप्रभृत्यनेकमहापवित्रतीर्थसंरक्षणैकपरायण ग्रथितानेकभव्यसत्त्वो-
पकारक तत्त्वप्रभान्यायप्रभाप्रतिमामार्तण्डानेकान्ततत्त्वमीमांसान्यायसिन्धुसप्त-
भङ्ग्युपनिषद्बृहल्लघुपरमलघुहेमप्रभाद्यनेकग्रन्थ श्रीभगवत्याद्यनेकयोगोद्वह-
नसूरिमन्त्रसमाराधनपूर्वक प्राप्तसूरिपदसर्वतन्त्रस्वतन्त्रशासनसम्राट्-सू-
रिचक्रचक्रवर्ति-जगद्गुरु-तपागच्छाधिपति-संविग्नशाखीय भट्टा-
रकाचार्यश्रीमद्विजयनेमिसूरिभगवत्पट्टालङ्कारसिद्धान्तवाच-
स्पति-न्यायविशारदाचार्यश्रीमद्विजयोदयसूरीश्वर-
पट्टधरश्रीविजयनन्दनसूरिविरचितः

॥ समुद्घाततत्त्वनामा ग्रन्थः ॥

## ॥ समुद्घातयन्त्रकम्* ॥(७ प्रतिद्वारी)

| समुद्घातनाम नाम | स्वामि १ | काळ २ | व्याप्त क्षेत्र ३ | कोण कर्माश्रित? ४ | आकार ५ | फळ ६ | केटलीवार प्राप्ति ७ |
|---|---|---|---|---|---|---|---|
| वेदना समु० | वेदनाथी अति व्याकुळ थयेला सर्व जीवोने | अन्तर्मुहूर्त्त | स्वदेह प्रमाण | अशाता वेदनीय | देह दंडाकार | वेदनीयकर्मनी अतिनिर्जरा | सर्वभवमां अनन्तवार |
| कषायना समु० | कषायथी अति व्याकुळ थयेला सर्व जीवोने | " | " | कषायमोहनीय | " | कषायकर्मनी अतिनिर्जरा अतिबंध | " |
| मरण समु० | अयोगिविना प्रायः सर्व जीवोने (अन्तर्मु० अति शेष) | " | उत्पत्तिक्षेत्र पर्यन्त दीर्घ | आयुष्य | देह, कोणी, हळ, गोमूत्रिका† | आयुष्यकर्मनी अतिशीघ्र निर्जरा | " अनेक भवमां २ वार |

* यन्त्रमां केटलोएक विषय प्रस्तुत ग्रन्थमां नहि कहेलो पण लख्यो छे,

† ऋजुगतिमां दंडाकार, एक वक्रगतिमां कोणीआकार, द्विवक्रगतिमां हळआकार तथा त्रिवक्र अने चतुर्वक्रगतिमां गोमूत्रिकाआकार,

## ॥ समुद्घातयन्त्रकम् ॥ ( ७ प्रतिद्वारो )

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| वैक्रिय समु० | उत्तरवैक्रिय रचनारने | अन्तर्मुहूर्त | संख्येय योजन | वैक्रियशरीर नामकर्म | दीर्घ दण्डाकार | वैक्रियकर्मनी निर्जरा, अने वै० वर्गणानुं ग्रहण. | सर्वभवमां अनन्तवार |
| तैजस समु० | तेजोलेश्या मूकनार (मनारक) जीवोने | ,, | ,, | तैजसशरीर नामकर्म | ,, | तै० कर्मनी निर्जरा अने तै० वर्गणानु ग्रहण | ,, |
| आहारक समु० | लब्धिवन्त १४ पूर्वधरने | ,, | महाविदेह पर्यन्त | आहारकशरीर नामकर्म | ,, | आहा० कर्मनी निर्जरा अने आहा० वर्गणानु ग्रहण. | सर्वभवमां ४ वार अने एक भवमां |
| केवलि समु० | सयोगी केवलीने | ८ समय | संपूर्ण लोकाकाश | नाम-गोत्र-वेदनीय | दंड,कपाट, मंथान, लोकाकार. | नाम-गोत्र-वेद-नीयनी स्थिति आयुष्य जेटली थाय, | सर्वभवमां एकवार. |

केवलिसमुद्घात कोण करे ? ते विचारमां पेज ५१८मा मां 'छम्मासाउसेसे' ए गाथानो सामान्य अर्थ लख्यो छे ते गुणस्थानकमारोहना अर्थमां पण उतारी शकाय छे अने तेनो विशेषार्थ आव० चूर्णि अनुसारे आ प्रमाणे छे. अन्तर्मुहूर्तथी मांडी छ मास सुधीनुं आयुष्य बाकी होय तेओने केवलज्ञान थयु छे ते निश्चयथी समुद्घात करेज. अने तेथी उपरनुं आयुष्य बाकी होय ते समु० थी बाह्य एटले न करे अथवा भाज्य एटले करे या न करे इति विशेषः ।

विवक्षितभवादन्यभवे गमनयोग्यता । या भवेद्देहिनां साऽत्र, गतिर्गतं च कथ्यते ॥ २७९ ॥ इति गतिस्वरूपं १३ ॥ विवक्षिते भवेऽन्येभ्यो, भवेभ्यो या च देहिनाम् । उत्पत्तौ योग्यता साऽत्रागतिरित्युपदर्शिता ॥२८० ॥ एकसामयिकी संख्या, मृत्यूत्पत्त्योस्तथाऽन्तरम् । द्वारेऽस्मिन्नेव वक्ष्यन्ते, तद्द्वाराणि पृथङ् न तत् ॥२८१ ॥ इत्यागतिस्वरूपं १४ । विवक्षितभवान्मृत्वोत्पद्यानन्तरे भवे । यत्सम्यक्त्वाद्यश्नुतेऽङ्गी, साऽनन्तराप्तिरुच्यते॥२८२॥ इत्यनन्तरावाप्तिस्वरूपं १५ । लब्ध्वा नृत्वादिसामग्रीं, यावन्तोऽधिकृताङ्गिनः । सिद्ध्यन्त्येकक्षणे सैक-समये सिद्धिरुच्यते ॥ २८३ ॥ इत्येकसमयसिद्धिस्वरूपम् १६ ॥

अर्थ—१३ गतिद्वारम्—विवक्षित अमुक भवमांथी जीवने बीजा भवमां जवानी जे योग्यता ते अहिं गति अथवा गत कहेवाय छे. ॥२७९॥ इति गतिद्वारम् ॥

१४ आगतिद्वारम्—बीजा भवोमांथी जीवोने विवक्षित अमुक भवमां आववानी (उत्पन्न थवानी) जे योग्यता ते आगति कहेली छे ॥ २८० ॥ तथा एक समयमां कया जीवो केटला उपजे अने मरे तेनी संख्या अने ते भवमां केटला काळसुधी कोइपण जीव उपजे नहि तेम मरण पण पामे नहि ते जन्म-मरणनुं अन्तर अथवा विरह पण आ द्वारमांज कहेवाशे माटे ए बे द्वारो जुदां पाडयां नथी. इति आगतिद्वारम् ॥ २८१ ॥

१५ अनंतराप्तिद्वारम्—विवक्षित (अमुक) भवमांथी मरण पामी अनन्तर आवता भवमां उत्पन्न थइने जीव जे सम्यक्त्वादि लाभ त्यां पामे ते अनंतराप्ति कहेवाय. ॥२८२॥ इति अनंतराप्तिद्वारम् ॥

१६ एकसमयसिद्धिद्वारम्—मनुष्यपणुं विगेरे सामग्री पामीने अधिकृत (अमुक गतिवाळा) जीवोमांना जेटला जीवो एक समयमां मोक्षे जाय ते कहेवुं ते एकसमयसिद्धि कहेवाय छे. ॥२८३॥ इति एकसमयसिद्धिद्वारम् ॥

कृष्णादिद्रव्यसाचिव्यात्परिणामो य आत्मनः । स्फटिक-

१ अमुक पृथ्वीकाय विगेरेमांथी कइ कइ गति आदिमां जाय ते गति
२ अमुक पृथ्वीकायविगेरेमां कोण कोण जीवो आवे ते आगति कहेवाय.

स्यैव तत्रायं, लेश्याशब्दः प्रवर्त्तते ॥२८४॥ द्रव्याण्येतानि योगान्तर्गतानीति विचिन्त्यताम् । सयोगत्वेन लेश्यानामन्वयव्यतिरेकतः ॥२८५॥ यावत्कषायसद्भावस्तावत्तेषामपि स्फुटम् । अमून्युपबृंहकाणि, स्युः साहाय्यककृत्तया ॥२८६॥ दृष्टं योगान्तर्गतेषु, द्रव्येषु च परेष्वपि । उपबृंहणसामर्थ्यं, कषायोदयगोचरम् २८७ यथा योगान्तर्गतस्य, पित्तद्रव्यस्य लक्ष्यते । क्रोधोदयोद्दीपकत्वं, स्याद्यच्चण्डोऽतिपित्तकः ॥२८८॥ द्रव्येषु बाह्येष्वप्येवं, कर्मणामुदयादिषु । सामर्थ्यं दृश्यते तत्किं, न योगान्तर्गतेषु तत् ? २८९ सुरादध्यादिकं ज्ञानदर्शनावरणोदये।तत्क्षयोपशमे हेतुर्भवेद्ब्राह्मीवचादिकम्॥२९०॥एवं च॥ कषायोद्दीपकत्वेऽपि,लेश्यानां न तदात्मता । तथात्वे ह्यकषायाणां, लेश्याऽभावः प्रसज्यते ॥ २९१ ॥ लेश्याः स्युः कर्मनिस्यन्द इति यत्कैश्चिदुच्यते । तदप्यसारं निस्यन्दो, यदि तत्कस्य कर्मणः ? ॥ २९२ ॥ चेद्यथायोगमष्टानामप्यसौ कर्मणामिति । तच्चतुष्कर्मणामेताः, प्रसज्यन्तेऽप्ययोगिनाम् ॥२९३॥ न यद्ययोगिनामेता, घातिकर्मक्षयान्मताः । तत एव तदा न स्युर्योगिकेवलिनामपि ॥२९४॥ ननु च॥योगस्य परिणामत्वे, लेश्यानां हेतुता भवेत् । प्रदेशबन्धं प्रत्येव, न पुनः कर्मणां स्थितौ ॥ २९५ ॥ 'जोगा पयडिपएसं, ठिइअणुभागं कसायओ कुणइ' इति वचनात्, [ योगात्प्रकृतिप्रदेशं स्थित्यनुभागं कषायतः करोति (सा० ८६)॥ अत्रोच्यते ॥ न कर्मस्थितिहेतुत्वं, लेश्यानां कोऽपि मन्यते । कषाया एव निर्दिष्टा,यत्कर्मस्थितिहेतवः॥२९६॥ लेश्याः पुनः कषायान्तर्गतास्तत्पुष्टिकृत्तया । तत्स्वरू-

---

१ तत्र प्रदेशबन्धो योगात्तदनुभवनं कषायवशात् ।
स्थितिपाकविशेषस्तस्य भवति लेश्याविशेषेण ॥ १ ॥ (प्रशमरतौ )

पा एव सत्योऽनुभागं प्रति हेतवः ॥ २९७ ॥ एतेन यत्क्वचि-ल्लेश्यानामनुभागहेतुत्वमुच्यते, शिवशर्माचार्यकृतशतकग्रन्थे च कषायाणामनुभागहेतुत्वमुक्तं तदुभयमप्युपपन्नं, कषायोदयोपबृंहिकाणां लेश्यानामपि उपचारनयेन कषायस्वरूपत्वादित्याद्यधिकं प्रज्ञापनालेश्यापदवृत्तितोऽवसेयम् । (सा० ८७)

अर्थ–१७ लेश्याद्वारम—कृष्णादि द्रव्यना संबंधथी (स्फटिकमां जेम कृष्णत्वादि देखाय छे तेवा प्रकारे कृष्णादि लेश्या द्रव्यथी) स्फटिक सरखो आत्मानो जे परिणाम ते परिणाममां लेश्या शब्द प्रवर्ते छे (अर्थात् ते परिणाम "लेश्या" एवा नामथी ओळखाय छे.) ॥२८४॥ ए कृष्णादि लेश्याद्रव्यो सयोगपणानी साथे लेश्यानो अन्वय–व्यतिरेक संबंध होवाथी योगान्तर्गत छे एम जाणवुं ॥ २८५ ॥ ज्यांसुधी (१०-गुण०सुधी) कषायनो उदय छे त्यांसुधी ते कषायोने प्रगटरीते आ लेश्याद्रव्यो सहाय करनार होवाथी कषायोने उपकार करनारां छे. ॥ २८६ ॥ वळी योगान्तर्गत (देहमां परिणमेला) बीजा द्रव्योमां (–बीजा पदार्थोमां, पित्तादिकमां) कषायने प्रगट करवा संबंधि उपकार करवानुं सामर्थ्य प्रत्यक्ष छे २८७ जेमके योगान्तर्गत पित्तद्रव्यमां क्रोधनो उदय करवामां उद्दीपकपणुं(–विशेष-जाज्वल्यमान करवानो स्वभाव) प्रगट जणाय छे जेथी अतिपित्त प्रकृतिवाळो

१ स्फटिक रत्नमां जेवा रंगनो दोरो उलाडीए तेवा रंगवाळुं स्फटिक रत्न देखाय तेम आत्मामां जेवा प्रकारनां लेश्याद्रव्य उद्भवे तेवा प्रकारनो आत्म-परिणाम थाय ए तात्पर्य छे. अहि स्फटिकसंबंधि दृष्टान्त देव अने नारक जीवोनी अपेक्षाए छे अन्यथा तिर्यच मनुष्यने वस्त्रसरखो लेश्यापरिणाम होय छे.

२ "यत्सत्त्वे तत्सत्त्वमन्वयः" "यदभावे तदभावो व्यतिरेकः" कारण होते छते कार्य होय, ते कारणनी साथे कार्यनो अन्वय सम्बन्ध कहेवाय, कारणना अभावे कार्यनो पण अभाव थाय छे ते व्यतिरेक सम्बन्ध एटले अहीं सयोगपणं तेरमागुणठाणा सुधी लेश्या होय छे (ते अन्वय) अने सयोगपणाना अभावे चौदमे गुणस्थाने तथा सिद्धपणामां लेश्यानो अभाव छे ते व्यतिरेकसम्बन्ध.

३ मन वचन कायाना योगरूपे परिणाम पामेल द्रव्य ते योगान्तर्गत द्रव्य कहेवाय (विशेष विस्तार उत्तराध्ययनथी जाणवो.)

४ वात पित्त अने कफ ए त्रण काययोग परिणत होवाथी योगान्तर्गत-द्रव्य कहेवाय. परन्तु ए योगान्तर्गत बाह्य द्रव्य छे. अने लेश्या पुद्गलो योगान्तर्गत अभ्यन्तर द्रव्य गणाय.

जीव महाक्रोधी होय छे. ॥ २८८ ॥ ए प्रमाणे जो बाह्य पदार्थोमां पण कर्मनो उदयादिरूप (कषायोदय सामर्थ्य) देखाय छे तो योगान्तर्गत (लेश्या) द्रव्योमां ते सामर्थ्य केम न देखाय ? ॥ २८९ ॥ ज्ञानावरणकर्मनो उदय करवामां मदिरा वगेरे, अने दर्शनावरण कर्मनो उदय करवामां दहिं वगेरे, तथा ज्ञानावरणनो क्षयोपशम प्रगट करवामां ब्राह्मी वनस्पति वगेरे. अने दर्शनावरणनो क्षयोपशम प्रगट करवामां वज विगेरे जेम कारणरूप छे.तेम कषायने उद्दीपन करवामां लेश्याद्रव्य कारणरूप छे. ॥ २९० ॥ अने ए प्रमाणे लेश्याओथी कषायनुं उद्दीपकपणुं हो ते छते पण लेश्याओनुं तद्रूपपणुं (कषायात्मकता) थतुं नथी अने जो तेमज थाय तो अकषायी (११–१२–१३ मा गुण० वाळा) जीवोने लेश्यानो अभाव थाय ॥ २९१ ॥ लेश्या ए कर्मनिःस्यंद (कर्मनो विकारभाव) छे एम केटलाएक कहे छे ते पण असार छे. कारणके जो कर्मनिःस्यंद छे तो ते कया कर्मनो निःस्यंद छे ? ॥ २९२ ॥ जो कहो के ए निःस्यंद यथायोग्य आठे कर्मनो छे, तो चार कर्मवाळा अयोगी भगवानने पण ते लेश्याओनो सद्भाव होय. ॥ २९३ ॥ वळी जो कहो के घातीकर्मनो क्षय थवाथी अयोगीने ते लेश्याओ मानेली नथी तो ते घाती कर्मना क्षयथीज सयोगि केवलीओने पण लेश्याओ न होय. २९४ ( आ उत्तरोनुं समाधान रहेवा दइ वादीए पुनः प्रश्न कर्यो के)—

प्रश्न—लेश्याओ योगपरिणामी होते छते ते लेश्याओ कर्मना प्रदेशबंधमांज कारणभूत होय, परन्तु कर्मनी स्थितिमां कारणरूप न होय ॥ २९५ ॥ कह्युं छे के—“ प्रकृतिबंध अने प्रदेशबंध योगथी करे छे, अने स्थितिबंध तथा अनुभागबंध कषायथी करे छे. ” ए वचनथी. ( लेश्या प्रदेशबंधमां कारण भूत होय.)? उत्तर—लेश्याओने कर्मनी स्थितिमां कारणभूत कोइपण मानतुं नथी कारणके कर्मनी स्थिति बांधवामां तो कषायोज कारणरूप कहेला छे. ॥ २९६ ॥ परन्तु कषायमां अन्तर्गतपणे रहेली लेश्याओ ते कषायोने पुष्ट करनारी होवाथी कषाय स्वरूपवाळी थइ छती अनुभाग प्रत्ये कारणभूत गणी शकाय. ( परन्तु स्थितिबंधमां लेश्याओ कारणिक न गणाय.)॥२९७॥ए कारणथी कोइक ठेकाणे लेश्याओने अनुभागबंधमां कारणभूत कही छे, अने श्रीशिवशर्माचार्यकृत शतक

१ अर्थात् मदिरा पीवाथी ज्ञान मन्द थाय छे. अने दहिं खावाथी निद्रा अधिक आवे छे तथा ब्राह्मी वनस्पति खावाथी बुद्धि–ज्ञान वधे छे, अने वज खावाथी उंघ ओछी थाय छे.

ग्रन्थमां कषायोने अनुभागबंधमां हेतुरूप कह्या छे. माटे ए बन्ने वात सत्य थइ, कारणके कषायना उदयमां उपकार करनारी लेश्याओ पण व्यवहार नयथी कषाय स्वरूपज कहेवाय इत्यादि अधिक विस्तार प्रज्ञापनासूत्रमां लेश्यापदनी वृत्तिथी जाणवो. ॥ [ लेश्याभेदो तथा विशेष वर्णन ]

सा च षोढा कृष्णनीलकापोतसंज्ञितास्तथा। तेजोलेश्या पद्मलेश्या, शुक्ललेश्येति नामतः ॥ २९८ ॥ खञ्जनाञ्जनजीमूतभ्रमद्भ्रमरसन्निभा। कोकिलाकलभीकल्पा, कृष्णलेश्या स्ववर्णतः ॥ २९९ ॥ पिच्छतः शुकचाषाणां, केकिकापोतकण्ठतः। नीलाब्जवनतो नीला, नीललेश्या स्ववर्णतः ॥ ३०० ॥ जैत्रा खदिरसाराणामतसीपुष्पसोदरा। कापोतलेश्या वर्णेन, वृन्ताककुसुमौघजित् ॥ ३०१ ॥ पद्मरागनवादित्यसन्ध्यागुञ्जार्धतोऽधिका। तेजोलेश्या स्ववर्णेन, विद्रुमाङ्कुरजित्वरी ॥ ३०२ ॥ सुवर्णयूथिकास्वर्णकर्णिकारौघचम्पकान्। पराभवन्ती वर्णेन, पद्मलेश्या प्रकीर्त्तिता ॥ ३०३ ॥ गोक्षीरदधिडिण्डीरपिण्डादधिकपाण्डुरा। वर्णतः शरदभ्राणां, शुक्ललेश्याऽभिभाविनी ॥३०४॥ किराततिक्तत्रपुषीकटुतुम्बीफलानि च। त्वचः फलानि निम्बानां, कृष्णलेश्या रसैर्जयेत् ॥ ३०५ ॥ पिप्पलीशृङ्गबेराणि, मरीचानि च राजिकाम्। हस्तिपिप्पलिकां जेतुं, नीललेश्या रसैः प्रभुः ॥ ३०६ ॥ आमानि मातुलिङ्गानि, कपित्थबदराणि च। फणसामलकानीष्टे, रसैर्जेतुं तृतीयिका ॥ ३०७ ॥ वर्णगन्धरसापन्नपक्वाम्रादिसमुद्भवान्। रसानधिकमाधुर्या, तुर्याऽधिकुरुते रसैः ॥ ३०८ ॥ द्राक्षाखर्जूरमाध्वीकवारुणीनामनेकधा। चन्द्रप्रभादिसीधूनां, जयिनी पञ्चमी रसैः ॥३०९॥ शर्करागुडमत्स्यण्डीखण्डाखण्डादिकानि च। माधुर्यधुर्यवस्तूनि, शुक्ला विजयते

रसैः ॥ ३१० ॥ आद्यास्तिस्रोऽतिदुर्गन्धा, अप्रशस्ता मलीमसाः । स्पर्शतः शीतरूक्षाश्च, संक्लिष्टा दुर्गतिप्रदाः ॥३११॥ अन्त्यास्तिस्रोऽतिसौगन्ध्याः, प्रशस्ता अतिनिर्मलाः । स्निग्धोष्णाः स्पर्शगुणतोऽसंक्लिष्टाः सुगतिप्रदाः ॥३१२॥ (लेश्याना वर्णादि)

अर्थ–ते लेश्याओ कृष्ण–नील–कापोत–तेजो–पद्म–अने–शुक्ल ए नामे छ प्रकारनी छे ॥ २९८॥ तेमां कृष्णलेश्या पोताना वर्णथी गाढाना पडदानी मळी काजळ–मेघ–अने भमरा एवा भमरा सरखी तथा कोयल अने हाथणी सरखी अति काळी छे, ॥२९९॥ तथा नीललेश्या पोताना वर्णवडे पोपट अने चास पक्षीनां पीछांथी मयूर अने कबूतरना कंठथी अने नीलकमळना वनथी पण अधिक नील रंगनी छे.॥३००॥ तथा कापोतलेश्या पोताना वर्णवडे खेरसारने जीतनारी (एटले खेरसारथी अधिक) अलसी (शण) ना पुष्प सरखी अने वेंगण (रिंगणा) ना पुष्प समूहने जीतनारी छे. ( अर्थात् एथी पण अधिक कावरा रंगनी छे. ) तथा तेजोलेश्या पोताना वर्णवडे लाल माणिकरत्न–प्रभातनो उगतो सूर्य–संध्या–अने चणोठीना अर्धभागथी(चणोठीना अर्ध भाग लाल ने अर्ध भाग काळो होय छे माटे अर्ध भागथी) पण अधिक लाल अने परवाळांना अंकुरने पण जीतनारी होय छे. ॥ ३०२ ॥ तथा पद्मलेश्या पोताना वर्णवडे पीळी जाइनुं पुष्प अने पीळी करेणनो पुष्प समूह तथा चंपाना फुलने पराभव पमाडनारी कहेली छे. ॥ ३०३ ॥ शुक्ललेश्या पोताना वर्णवडे गायनुं दूध–दहिं–ने समुद्रफीणथी पण अधिक उज्वल तथा शरदऋतुनां वादळांने (आकाशमां धोळां गाभा देखाय छे तेने) पण जीतनारी छे. ॥३०४॥ तथा कृष्णलेश्या पोताना रसवडे करीयातुं–कडवा तुरीया–(अथवा काकडो)-कडवुं तुंबडुं अने लींबडानी छाल तथा कींबोळीयोने पण जीतनारी छे.३०५तथा नीललेश्या पोताना रसवडे पीपर-आदुं-मरी राइ–अने मोटी पीपरने पण जीतवा समर्थ छे. ॥ ३०६ ॥ तथा त्रीजी-कापोतलेश्या पोताना रसवडे काचां बीजोरां–काचां कोठ ( कोठां )–काचां बोर–काचां फणस–अने काचां आमळांने पण जीतनारी छे. ॥ ३०७ ॥ तथा

१ लेश्यानां पुद्गलो ते द्रव्यलेश्या अने ते लेश्यानां पुद्गलोथी प्रवर्ततो जे परिणाम ते भाव लेश्या, माटे अहिं जे वर्णादिक कहेवाय छे ते द्रव्यलेश्याना जाणवा.

अधिक मधुर एवी चोथी तेजोलेश्या पोताना रसवडे उत्तमवर्ण गंधरसने प्राप्त थयेल पाकुं आम्रफळ (केरी) वगेरेथी उत्पन्न थयेला रसोमां अधिकारीपणुं करे छे (अधिकता धारण करे छे.) ॥ ३०८ ॥ तथा पांचमी पद्मलेश्या द्राक्ष–खजूर–चैत्र मासनी मदिरा–तथा चंद्रप्रभादि अनेक प्रकारनी मदिराना रसने जीतनारी छे. ॥ ३०९ ॥ तथा शुक्ललेश्या पोताना रसवडे साकर–गोळ–शेलडी–खांड वगेरे मधुरतामां मुख्य मुख्य चीजोने जीतनारी छे.॥३१०॥प्रथमनी त्रण लेश्याओ अत्यंत दुर्गंधवाळी अशुभ अने मलिन छे, तथा स्पर्शथी शीत रूक्ष, ( तेमज गुणथी ) संक्लिष्ट अने दुर्गति आपनारी छे. ॥ ३११ ॥ अन्त्यनी त्रण लेश्याओ अति सुगंधवाळी प्रशस्त अने अत्यंत निर्मळ छे, तथा स्पर्श गुणथी स्निग्ध–उष्ण, तेमज (फळथी) संक्लेश रहित अने सद्गति आपनारी छे. ॥ ३१२ ॥

परस्परमिमाः प्राप्य, यान्ति तद्रूपतामपि । वैडूर्यरक्तपटयोर्ज्ञेये तत्र निदर्शने ॥३१३॥ तत्रापि ॥ देवनारकलेश्यासु, वैडूर्यस्य निदर्शनम् । तिर्यग्मनुजलेश्यासु, रक्तवस्त्रनिदर्शनम्॥३१४॥ तथाहि॥ देवनारकयोर्लेश्या, आभवान्तमवस्थिताः । नानाकृतिं यान्ति किंतु, द्रव्यान्तरोपधानतः॥३१५॥ न तु सर्वात्मना स्वीयं, स्वरूपं संत्यजन्ति ताः । सद्वैडूर्यमणिर्यद्वन्नानासूत्रप्रयोगतः ॥३१६॥जपापुष्पादिसांनिध्याद्यथा वाऽऽदर्शमण्डलम् ॥ नानावर्णान् दधदपि, स्वरूपं नोज्झति स्वकम् ॥ ३१७॥ अत एव भावपरावृत्त्या नारकनाकिनोः । भवन्ति लेश्याः षडपि, तदुक्तं पूर्वसूरिभिः ।३१८। "सुरनारयाण ताओ,दव्वलेसा अवट्ठिया भणिया। भावपरावत्तीए, पुण एसुं हुंति छल्लेसा॥ ३१९ ॥" [सुरनारकाणां ता द्रव्य लेश्या अवस्थिता भणिताः । भावपरावृत्त्या पुनरेतेषु भवन्ति षड् लेश्याः ॥ सा०८८ ॥] दुष्टलेश्यावतां नारकाणामप्यत एव च । सम्यक्त्वलाभो घटते, तेजोलेश्यादिसंभवी ॥ ३२० ॥ यदाहुः॥"सम्मत्तस्स य तिसु, उवरिमासु पडिवज्जमाणओ होइ ।

पुव्वपडिवन्नओ पुण, अन्नयरीए उ लेसाए ॥ १ ॥ " (सम्यक्त्वस्य च तिसृषु उपरितनीषु प्रतिपद्यमानको भवति ॥ पूर्वप्रतिपन्नकः पुनरन्यतरस्यां तु लेश्यायां ॥१॥) (सा०८९)॥तथैव तेजोलेश्याढ्ये, घटते संगमामरे । वीरोपसर्गकर्तृत्वं, कृष्णलेश्यादिसंभवि ॥३२१॥ स्वरूपस्यागतः सर्वात्मना तिर्यग्मनुष्ययोः । लेश्यास्तद्रूपतां यान्ति, रागक्षिप्तपटादिवत् ॥ ३२२ ॥ अत एवोत्कर्षतोऽप्यन्तर्मुहूर्त्तमवस्थिताः । तिर्यग्नृणां परावर्त्तं, यान्ति लेश्यास्ततः परम् ॥ ३२३ ॥ ( लेश्याओना परिणामादि विचार)

अर्थ—आ लेश्याओ परस्पर एक बीजानो संसर्ग पामीने तद्रूपपणाने पामे छे, त्यां वैडूर्यमणि अने राता वस्त्रनुं ए बे दृष्टांत जाणवां ॥ ३१३ ॥ तेमां प्रथम वैडूर्यमणिनुं दृष्टान्त देव अने नारकनी लेश्यामां तथा राता वस्त्रनुं दृष्टांत तिर्यंच अने मनुष्यनी लेश्यामां जाणवुं, ॥ ३१४ ॥ ते आ प्रमाणे—देव नारकनी लेश्या आखा भवसुधी एकज प्रकारनी कायम रहे छे तोपण बीजा द्रव्यना संबंधथी अनेक प्रकारना आकारने पामे छे. ॥ ३१५ ॥ परन्तु ते लेश्याओ सर्वथा पोतानुं स्वरूप त्याग करती नथी,जेम उत्तम वैडूर्यमणि अनेक रंगवाळा दोराना संबंधथी पोतानो रंग ( लीलो रंग ) बदलतो नथी, ॥ ३१६ ॥ अथवा जासुदना (अतिलाल ) पुष्प वगेरेना संबंधथी (=सामे धरवाथी) आरीसो अनेक प्रकारना रंगने धारण करतो छतो पण पोतानुं ( श्वेत ) स्वरूप त्याग करतो नथी ॥ ३१७ ॥ [ तेम अन्यद्रव्यना संबंधथी पण ] देव नारकनी लेश्याओ पोतानुं स्वरूप छोडती

---

१ कृष्णलेश्या नीललेश्यादि ५ लेश्याना संसर्गथी नीलादि ५ लेश्यारूप थई जाय. ए रीते नीलादि सर्व लेश्याओ परस्पर संसर्गथी बदलाई जाय छे.

२ देव अने नारकनी लेश्याना सम्बन्धमां श्वेतवर्णना स्फटिक रत्ननुं दृष्टान्त पण आवे छे. परन्तु अहिं लीला रङ्गवाळा वैडूर्य मणिनुं दृष्टान्त पण एकज भावार्थ वाचक छे.

३ अर्थात् जे देव अथवा नारकने जन्मथी जे लेश्या छे तेज लेश्या आखा भवसुधी द्रव्यपणे-पुद्गलपणे कायम रहे छे. परन्तु परिणामथी भावरूपे बदलाय छे माटे द्रव्यलेश्या एक होय ! अने भाव परावृत्तिए छ ए पण लेश्याओ होय छे अने ए भाव परावृत्तिए मूळद्रव्यलेश्यानो आकार कंईक बदलाय छे पण सर्वथा अन्य लेश्यारूप थई जती नथी.

नथी. ए कारणथीज भावपरावृत्तिए नारक अने देवने छ ए लेश्याओ होय छे. ॥३१८॥ पूर्वाचार्योए कह्युं छे के–"देव अने नारकने ते द्रव्य लेश्याओ अवस्थित कही छे, परन्तु भावपरावृत्तिथी तो देव नारकमां पण छ ए लेश्याओ होय छे" (बृहत्संग्रहणी.) ए कारणथीज दुष्ट लेश्यावाळा नारकीओने पण तेजोलेश्यादि शुभ लेश्याथी उत्पन्न थनारो सम्यक्त्वनो लाभ घटी शके छे. ॥३१९॥ कह्युं छे के उपरनी त्रण(तेजो लेश्यादि) लेश्याओमां सम्यक्त्वनो लाभ प्रतिपद्यमानपणे(उत्पन्न थती वखते) होय छे, अने पूर्वप्रतिपन्नपणाथी(उत्पन्न थया पछी)तो(सम्यक्त्वलाभ) छमांनी कोइपण लेश्याए होय छे. ॥३२०॥ अने ए कारणथीज तेजोलेश्यावाळा संगम देवमां कृष्णलेश्यादि(अशुभ लेश्या)थी थनारुं श्रीवीरभगवानने उपसर्ग करवापणुं संभवे छे. (अर्थात् शुभ लेश्यावाळो देव पण अशुभ लेश्याने उचित कार्य करे छे.) ३२१ तथा सर्वथा स्वरूपनो त्याग करवाथी तिर्यंच अने मनुष्यनी लेश्याओ रंगमां बोळेला वस्त्रनी माफक तद्रूपपणुं पामी जाय छे, ॥३२२॥ ए कारणथीज तिर्यंच-मनुष्यनी लेश्याओ अन्तर्मुहूर्त मात्र अवस्थित रहे छे अने त्यारबाद लेश्या परावृत्त थइ जाय छे (सर्वथा बदलाइ जाय छे.) ॥ ३२३ ॥

बहुधाऽऽसां परिणामस्त्रिधा वा नवधा भवेत् । सप्तविंशतिधा चैकाशीतिधा त्रिगुणस्तथा ॥ ३२४ ॥ जघन्यमध्यमोत्कृष्टभेदतस्त्रिविधो भवेत् । प्रत्येकमेषां स्वस्थानतारतम्यविचिन्तया ३२५ भवेन्नवविधस्तेषामपि भेदविवक्षया । सप्तविंशतिधा मुख्योऽप्येवं भेदैस्त्रिभिस्त्रिभिः॥३२६॥तथाहुः प्रज्ञापनायां॥"कण्हलेसा णं भंते कतिविहं परिणामं परिणमति?, गोयमा !, तिविहं वा, णवविहं वा, सत्तावीसतिविहं वा, एक्कासीतिविहं वा, तेयालदुसयविहं वा,

---

१ सम्यक्त्वनी उत्पत्ति तेजो वगेरे शुभ लेश्यामां होय छे माटे प्रतिपद्यमानपणे ( अङ्गीकार करवा पणे ) उपरनी ३ लेश्या होय.

२ प्रथम सम्यक्त्व उत्पन्न थयाबाद सम्यक्त्व जे वधारे काळ रहे ते वधुकाळमां रहेलुं सम्यक्त्व पूर्वप्रतिपन्नभावे कहेवाय,

३ तात्पर्य एजके सम्यक्त्व उत्पन्न थतां त्रण शुभ लेश्याज होय अने उत्पन्न थयाबाद (टकी रहेला सम्यक्त्वमां) छ मांनी कोइपण लेश्या होय,


बहुं वा, बहुविहं वा परिणामं परिणमति" ॥ ( कृष्णलेश्या भदन्त! कतिविधं परिणमति ?,गौतम ! त्रिविधं वा; नवविधं वा, सप्तविंशतिविधं वा; एकाशीतिविधं वा, त्रिचत्वारिंशदधिकद्विशतविधं वा, बहुं वा बहुविधं वा परिणामं परिणमति)[सा०९०]

अर्थ—वणु करीने आ लेश्याओनो परिणाम त्रण प्रकारे-९प्रकारे-२७प्रकारे-८१ प्रकारे तथा ८१थी पण त्रणे गुणो एटले २४३ प्रकारे इत्यादि घणा प्रकारनो छे. ॥ ३२४ ॥ त्यां जघन्य-मध्यम- अने उत्कृष्ट ए भेदथी ३ प्रकारनो परिणाम छे. ए ३ प्रकारनो परिणाम प्रत्येक लेश्याओमां स्वस्थाननी (पोतानामां) तारतम्यता (तफावत) ना विचारथी जाणवो, ॥ ३२५ ॥ वळी ए मुख्य ३ परिणामना पण प्रत्येकना ज०-म०-ने उ० भेदनी विवक्षाए ९ प्रकारनो परिणाम थाय ए प्रमाणे त्रण त्रण भेदवडे २७ प्रकार वगेरे अनेक प्रकारनो परिणाम जाणवो. ॥ ३२६ ॥ श्री पन्नावणाजीमां कह्युं छे के—"हे भगवान् ! कृष्ण लेश्या केटला परिणामे परिणमे ? उत्तर—हे गौतम ! त्रण प्रकारे-नव प्रकारे-सत्तावीस प्रकारे एक्याशी प्रकारे-बसेंत्रेंताळीस प्रकारे-घणे प्रकारे-अथवा घणा घणा प्रकारना परिणामे परिणमे छे. (लेश्यामां मरण क्यारे थाय ? )

---

१ परिणाम एटले स्वभाव

२ स्थापना आ प्रमाणे कृष्णलेश्याना दृष्टान्तथी—




ए प्रमाणे आगळथी आगळ त्रण त्रण भेद अनन्त वखत पाडवा.

लेश्यापरिणामस्याऽऽदिमान्त्ययोर्नाङ्गिनां मृतिः क्षणयोः । अन्तर्मुहूर्तकेऽन्त्ये, शेषे वाऽऽद्ये गते सा स्यात् ॥३२७॥ आर्या ॥ तत्राप्यन्तर्मुहूर्तेऽन्त्ये, शेषे नारकनाकिनः । म्रियन्ते नरतिर्यञ्चस्त्वाद्येऽतीत इति स्थितिः ॥ ३२८ ॥ कृष्णायाः स्थितिरुत्कृष्टा, त्रयस्त्रिंशत्पयोधयः । प्राच्याग्रभवसंबन्ध्यन्तर्मुहूर्तद्वयाधिका ॥३२९॥ पल्यासंख्येयभागाढ्या, नीलायाः सा दशाब्धयः । पल्यासंख्यांशसंयुक्ताः, कापोत्यास्तु त्रयोऽब्धयः ॥ ३३० ॥ प्राच्याग्र्यभवसत्कान्तर्मुहूर्त्तद्वयमेतयोः । पल्यासंख्यांश एवान्तर्भूतं नेत्युच्यते पृथक् ॥ ३३१ ॥ एवं तैजस्यामपि भाव्यं ॥ तैजस्या द्वौ पयोराशी, पल्यासंख्यलवाधिकौ । ह्यन्तर्मुहूर्त्ताभ्यधिकाः, पद्माया दश वार्धयः ॥३३२॥ ह्यन्तर्मुहूर्त्ताः शुक्लायास्त्रयस्त्रिंशत्पयोधयः । अन्तर्मुहूर्त्तं सर्वासां, जघन्यतः स्थितिर्भवेत् ॥३३३॥ आद्यात्र सप्तममहीगरिष्ठस्थित्यपेक्षया । धूमप्रभाद्यप्रतरोत्कृष्टायुश्चिन्तया परा ॥ ३३४ ॥ शैलाद्यप्रतरे ज्येष्ठमपेक्ष्यायुस्तृतीयिका । तुर्या चेशानदेवानामुत्कृष्टस्थित्यपेक्षया ॥ ३३५ ॥ पञ्चमी ब्रह्मलोकस्य, गरिष्ठायुरपेक्षया । षष्ठी चानुत्तरसुरपरमायुरपेक्षया ॥ ३३६ ॥ अत्र यद्यपि पङ्कप्रभाशैलाद्यप्रस्तटयोः पूर्वोक्तादधिकापि स्थितिरस्ति परं प्रस्तुतलेश्यावतामियमेवोत्कृष्टा स्थितिरिति ज्ञेयं, यत्तु प्रज्ञापनोत्तराध्ययनसूत्रादौ कृष्णादीनामन्तर्मुहूर्ताभ्यधिकत्वमुच्यते तत्प्राच्याग्रभवसत्कान्तर्मुहूर्त्तयोरेकस्मिन्नन्तर्मुहूर्त्ते समावेशात्, इत्थं चैतद् अन्तर्मुहूर्त्तस्यासंख्यातभेदत्वादुपपद्यते इत्यादि प्रज्ञापनावृत्तौ । (सा० ९१) इति सामान्यतो लेश्यास्थितिः ।

लेश्या परिणामना आदिक्षणमां अने अन्त्य क्षणमां प्राणीयोनुं मरण थतुं नथी परन्तु छेल्लुं अन्तर्मुहूर्त बाकी रहेछते, अने पहेलुं अन्तर्मुहूर्त व्यतीत थये छतेज मरण थाय छे. ॥३२७॥ तेमां पण देव अने नारकनुं मरण लेश्यापरिणामनुं छेल्लुं अन्तर्मुहूर्त बाकी रहे त्यारे, अने मनुष्य तथा तिर्यंचनुं मरण लेश्यापरिणामनुं प्रथम अन्तर्मु० व्यतीत थइ जाय त्यारे थाय. एज मर्यादा छे. ॥ ३२८ ॥

अर्थ—उत्कृष्टस्थिति कृष्णलेश्यानी पूर्वना अने आगळना भव संबंधि ( २ ) अन्तर्मुहूर्त अधिक ३३ सागरोपम छे ॥ ३२९ ॥ नीललेश्यानी उ० स्थिति पल्योपमना असंख्यातमाभाग सहित १० सागरोपम. कापोतले० नी उ० स्थिति पल्योपमना असंख्य भागयुक्त ३ सागरोपम ॥ ३३० ॥ ए बेनी स्थितिमां पूर्वभव अने आगळना भवसंबंधिनां अन्तर्मुहूर्त पल्यो०ना असंख्या० भागमां ( असंख्यातना असंख्यभेदो होवाथी ) अंतर्गत छे माटे जूदां कह्यां नथी. ॥ ३३१ ॥ ए प्रमाणे तैजस लेश्यामां पण विचारवुं. तैजसलेश्यानी उ० स्थि० पल्यो०ना असं०भागयुक्त बे सागरोपमछे पद्मले० नी उ० स्थि० बे अन्तर्मुं० अधिक १० सागरोपम छे. ॥ ३३२ ॥ अने शुक्ल ले० नी उ० स्थि० बे अन्तर्मुं० अधिक ३३ सागरोपम छे. तथा सर्व लेश्याओनी जघ०स्थिति अन्तर्मुं० मात्र छे एमां प्रथम लेश्यानी उ० स्थि० सातमी पृथ्वीना (तमस्तमप्रभाना) नारक जीवोनी उ० स्थि०नी अपेक्षाए छे. बीजी लेश्यानी उ० स्थि० छठ्ठी धूमप्रभा पृथ्वीना प्रथम प्रतरवर्त्ति नारक जीवोनी उ० स्थि० नी अपेक्षाए छे. त्रीजी लेश्यानी उ० स्थिति त्रीजी शैला पृथ्वीना प्रथम प्रतरनी उ० स्थि० नी अपेक्षाए छे. चोथी लेश्यानी स्थि० ईशान कल्पवर्त्ति देवोनी उ० स्थि० नी अपेक्षाए छे, पांचमी लेश्यानी स्थि० ब्रह्म देवलोकना उ० आयुष्यनी अपेक्षाए, अने छठ्ठी लेश्यानी उ० स्थि० अनुत्तर विमानवासी देवोना उ० आयुष्यनी अपेक्षाए छे. ॥ ३३३ थी ३३६ ॥

" अहिं जो के धूमप्रभा अने शैलप्रभाना प्रथम प्रतरनी उ० स्थिति पूर्वे कहेली ( पल्यो०ना असं० भाग सहित बे अने त्रण सागरोपम ) स्थितिथी अधिक पण छे परन्तु प्रस्तुत ( विवक्षित नील अने कापोत ) लेश्यावाळा नारकीओनी

१–२ ए बे गाथामां बीजी गाथानो भावार्थ प्रथम गाथाना भावार्थना कारणरूपे पण जाणवो, अर्थात् " तेमां पण " ए वाक्यने बदले "कारणके" एम वांचवाथी पण वधु सुगम पडशे.

एटलीज उ० स्थिति होय छे एम जाणवुं.वळी जे पन्नवणाजी अने उत्तराध्ययन सूत्र वगेरेमां कृष्णादि लेश्याओमां अन्तमुहूर्त्तनी अधिकता कही छे. ते पूर्वभव अने आगळना भव संबंधि बे अन्तर्मुहूर्त मळीने पण एकज अन्तर्मुहूर्तमां समावेश थतो होवाथी तेम कह्युं छे. अने अन्तर्मु० ना असंख्यात भेद होवाथी ए समावेश करवो घटी शके छे, इत्यादि प्रज्ञापना वृत्तिमां कह्युं छे. ए प्रमाणे लेश्याओनी सामान्यपणे स्थिति कही. अने हवे जीवभेदे विशेषतः दर्शावाय छे.

स्थितिं वक्ष्येऽथ लेश्यानां, नारकस्वर्गिणोर्नृणाम् । तिरश्चां च जघन्येनोत्कर्षेण च यथागमम् ॥ ३३५ ॥ दश वर्षसहस्राणि, कापोत्याः स्याल्लघुः स्थितिः । उत्कृष्टा त्रीण्यतराणि, पल्यासंख्यलवस्तथा ॥ ३३६ ॥ जघन्या तत्र घर्माद्यप्रस्तटापेक्षया भवेत् । उत्कृष्टा च तृतीयाद्यप्रस्तटापेक्षयोदिता ॥३३७॥ नीलाया लघुरेषैवोत्कृष्टा च दश वार्धयः । पल्यासंख्येयभागाढ्या, कृष्णायाः स्यादसौ लघुः ॥ ३३८ ॥ स्थितिर्जघन्या नीलायाः, शैलाद्यप्रस्तटे भवेत् । रिष्टाद्यप्रस्तटे त्वस्या, ज्येष्ठा कृष्णास्थितिर्लघुः ॥ ३३९ ॥ कृष्णायाः पुनरुत्कृष्टा, त्रयस्त्रिंशत्पयोधयः । इयं माघवतीवर्त्तिज्येष्ठायुष्कव्यपेक्षया ॥ ३४० ॥ इत्थं नारकलेश्यानां, स्थितिः प्रकटिता मया । अथ निर्जरलेश्यानां, स्थितिं वक्ष्ये यथाश्रुतम् ॥३४१॥ दश वर्षसहस्राणि, कृष्णायाः स्याल्लघुः स्थितिः । एतस्याः पुनरुत्कृष्टा, पल्यासंख्यांशसंमिता ॥३४२॥ इयमेवैकसमयाधिका नीलास्थितिर्लघुः । पल्यासंख्येयभागश्च, नीलोत्कृष्टस्थितिर्भवेत् ॥ ३४३ ॥ पल्यासंख्येयभागोऽयं, पूर्वोक्तासंख्यभागतः । बृहत्तरो भवेदेवं, ज्ञेयमग्रेऽपि धीधनैः ॥ ३४४ ॥ या नीलायाः स्थितिर्ज्येष्ठा, समयाभ्यधिका च सा । कापोत्या लघुरस्याः स्यात्, पल्यासंख्यलवो गुरुः ॥ ३४५ ॥

लेश्यानां त्रिदशानामां, स्थितिर्याऽदर्शि सा भवेत् । भवनेशव्य-
न्तरेषु, नान्येषु तदसंभवात् ॥ ३४६ ॥ एवं वक्ष्यमाणतेजोलेश्या-
या अप्यसौ स्थितिः । भवनव्यन्तरज्योतिराद्यकल्पद्वयावधि३४७
पद्मायाश्च स्थितिर्ब्रह्मावधीशानादनन्तरम् । लान्तकात्परतः शुक्ल-
लेश्यायाः भाव्यतामिति ॥ ३४८ ॥

अर्थ—हवे सिद्धान्तमां कह्या प्रमाणे नारक-देव-मनुष्य अने तिर्यंचोनी लेश्यानी जघन्य तथा उत्कृष्ट स्थिति कहीश. ॥३३५॥ (नारक संबंधि लेश्यास्थिति ब-तावे छे) त्यां कापोत लेश्यानी जघ०स्थिति १० हजार वर्ष (दश हजार वर्ष) अने उ० स्थि० त्रण सागरोपम अने पल्यो०ना असं० भाग अधिक छे ॥३३६॥ तेमां जघ० स्थिति पहेली घर्मा ( रत्नप्रभा ) पृथ्विना प्रथमप्रतरनी अपेक्षाए छे, अने उ०स्थि० त्रीजी शैला (वालुकाप्रभा) पृथ्विना प्रथमप्रतरनी अपेक्षाए कही छे. ॥ ३३७ ॥ नील लेश्यानी जघ०स्थि० तेटलीज (१० हजार वर्ष) छे, अने उत्कृष्ट पल्योपमासंख्यभागयुक्त १० सागरोपम छे. पुनः कृष्णलेश्यानी जघ० स्थिति पण एज (पल्यो०असं०भाग युक्त १० सागरो० ) छे. ॥ ३३८ ॥ नील लेश्यानी जघ० स्थि० शैलाना प्रथम प्रतरमां छे. अने पांचमी रिष्टापृथ्वीना प्रथम प्रतरमां नील लेश्यानी उत्कृष्ट स्थिति छे, अने तेम ( नीलनी उ० स्थि० जेटली) कृष्णलेश्यानी जघ० स्थिति छे. अने कृष्णलेश्यानी उ० स्थिति ३३ सागरोपम छे, ते सातमी माघवती (तमतमप्रभा) मां रहेला नारक जीवोना उत्कृ-ष्ट आयुष्यनी अपेक्षाए छे. ए प्रमाणे नारक जीवोनी लेश्यानी स्थिति में प्रगट

१ नारक जीवोनी लेश्यास्थिति अर्थमां वांचवाथी वांचक वर्गने गुंचवण पडे तेम होवाथी अहिं स्पष्ट दर्शावाय छे,

| | जघ० स्थि० | उत्कृष्ट स्थि० |
|---|---|---|
| कापोत | १० हजार वर्ष. ( १ ली० पु० ना १ ला प्रतरमां) | साधिक ३ सागर ( ३ जीना १ ला प्रतरे) |
| नील | १० हजार वर्ष ( ३ जीना १ ला प्रतरे ) | साधिक १० सागर ( ५ मी ना १ ला प्रतरे) |
| कृष्ण | साधिक १० सागर ( ५ मी ना १ ला प्रतरे ) | ३३ सागर ( ७ मी पृथ्वीमां ) |

७ पृथ्वीयोमां एज अनुक्रमे ३ लेश्याओज छे. अहिं साधिक एटले " प-ल्योपमना असंख्येय भाग सहित " ए अर्थ जाणवो.

करी अने इवे सिद्धान्तने अनुसारे देवोनी लेश्यानी स्थिति कहीश.

देवसंबंधि लेश्याओनी स्थिति—कृष्णलेश्यानी जघ० स्थि०१० हजार वर्ष, अने एनी(कृ०ले०नी)ज उत्कृष्टस्थिति पल्योपमना असं० भाग जेटली छे. ॥३४३॥ एक समय अधिक एज [ कृ० नी उ० पल्यो० असं० भाग ] नील लेश्यानी जघन्य स्थिति छे. अने नील लेश्यानी उत्कृष्ट स्थिति पल्योपमनो असंख्यातमो भाग छे. परन्तु आ पल्यो० नो असं०भाग प्रथम कहेला पल्यो० ना असं०भागथी घणो मोटो छे, ए प्रमाणे आगळ पण बुद्धिमान् पुरुषोए जाणी लेवुं. ३४४नीललेश्यानी जे उ०स्थिति ते १ समय अधिक करी छती कापोतलेश्यानी जघ०स्थिति थाय, अने कापोतनी उ०स्थिति पल्यो०नो असं०भाग छे. ॥३४५॥ ए त्रण लेश्याओनी जे स्थिति दर्शावी ते भवनपति अने व्यंतर देवमां होयछे परन्तु बीजा देवोमां ते लेश्याओनो अभाव होवाथी ते स्थिति पण नथी.॥३४६॥ ए प्रमाणे आगळ कहेवाती तेजोलेश्यानी पण ते स्थिति भवनपति व्यन्तरज्योतिष् अने प्रथमना बे कल्प ( सौधर्म—ईशान ) सुधी जाणवी. ॥ ३४७ ॥ पद्मलेश्यानी स्थिति ईशानकल्पथी आगळ ( सनत्कुमारथी ) ब्रह्मदेवलोक सुधी, अने शुक्ललेश्यानी स्थिति लांतकथी आगळ ( एटले लांतकथी सर्वार्थ सुधी ) जाणवी. ॥ ३४८ ॥ (तेजो ले० विगेरे त्रणनो देवोने आश्रयी स्थिति कहे छे.)

अथ प्रकृतं॥ दश वर्षसहस्राणि, तेजोलेश्यालघुस्थितिः । भवनेशव्यन्तराणां, प्रज्ञप्ता ज्ञानभानुभिः ॥३४९॥ उत्कृष्टा भवनेशानां, साधिकं सागरोपमम् । व्यन्तराणां समुत्कृष्टा, पल्योपममुदीरिता ॥ ३५० ॥ स्यात्पल्यस्याष्टमो भागो, ज्योतिषां सा लघीयसी । उत्कृष्टा वर्षलक्षेणाधिकं पल्योपमं भवेत्॥३५१॥ सा लघुर्वैमानिकानामेकं पल्योपमं मता । उत्कृष्टा द्वौ पयोराशी, पल्यासंख्यलवाधिकौ ॥ ३५२ ॥ समयाभ्यधिकैवैव, पद्मायाः स्याल्लघुः स्थितिः । उत्कृष्टा पुनरेतस्याः, स्थितिर्दश पयोधयः ॥ ३५३ ॥ इयमेव च शुक्लायाः, स्थितिर्लध्वी क्षणाधिका । उत्कृष्टा पुनरेतस्यास्त्रयस्त्रिंशत्पयोधयः ॥ ३५४ ॥ इत्थं नारकदेवानां, लेश्यास्थितिरुदीरिता । अथ तिर्यग्मनुष्याणां,

लेश्यास्थितिरुदीर्यते ॥ ३५५ ॥ या या लेश्या येषु येषु, नृषु तिर्यक्षु वक्ष्यते । आन्तमुहूर्त्तिकी सा सा, शुक्ललेश्यां विना नृषु ॥ ३५६ ॥ शुक्ललेश्यास्थितिर्नृणां, जघन्याऽन्तमुहूर्तिकी । उत्कृष्टा नववर्षोना, पूर्वकोटी प्रकीर्त्तिता ॥३५७॥ यद्यप्य-ष्टवर्षवयाः,कश्चिद्दीक्षामवाप्नुयात् । तथापि तादृग्वयसः, पर्यायं वार्षिकं विना ॥ ३५८ ॥ नोदेति केवलज्ञान-मतो युक्तमुदीरि-ता । पूर्वकोटी नवाब्दोना, शुक्लेश्यागुरुस्थितिः ॥ ३५९ ॥ युग्मम् ॥ इत्युत्तराध्ययनसूत्रवृत्तिप्रज्ञापनावृत्त्यभिप्रायः ।(सा० ९२-९३) तथैव संग्रहण्यामप्युक्तं–'चरमा नराण पुण नववासू-णा पुव्वकोडीवि' इति(चरमा नराणां पुनर्नववर्षोना पूर्वकोट्य-पि) (सा० ९४) संग्रहणीवृत्तौ प्रवचनसारोद्धारवृत्तौ च नराणां पुनश्चरमा शुक्लेश्या उत्कर्षतः किञ्चिन्न्यूननववर्षोनपूर्वको-टिप्रमाणापि, इयं च पूर्वकोटेरूर्ध्वं संयमावाप्तेरभावात्पूर्वको-ट्यायुषः किञ्चित्समधिकवर्षाष्टकादूर्ध्वमुत्पादितकेवलज्ञानस्य के-वलिनोऽवसेया इत्युक्तं, (सा०९५-९६)अत्र च पूर्वकोट्या नव-वर्षोनत्वं किञ्चिन्न्यूननववर्षोनत्वं किञ्चित्समधिकाष्टवर्षोनत्व मिति त्रयं मिथो यथा न विरुध्यते तथा बहुश्रुतेभ्यो भावनीयं॥ प्रत्येकं सर्वलेश्यानामनन्ता वर्गणाः स्मृताः ॥ प्रत्येकं निखिला लेश्यास्तथाऽनन्तप्रदेशिकाः ॥३६०॥ असंख्यातप्रदेशावगाढाः स-र्वा उदाहृताः । स्थानान्यध्यवसायस्य, तासां संख्यातिगानि च ॥ ३६१ ॥ क्षेत्रतस्तान्यसंख्येयलोकाकाशसमानि वै । का-लतोऽसंख्येयकालचक्रक्षणमितानि च ॥ ३६२ ॥ यदुक्तं ॥"अ-संखेज्जाण उस्सप्पिणीण ओसप्पिणीण जे समया । संखाईया

लोगा, लेस्साणं हुंति ठाणाइं ॥ १ ॥" [असंख्येयानामुत्सर्पिणीनामवसर्पिणीनां च ये समयाः । संख्यातीता लोकाः, लेश्यानां भवन्ति स्थानानि] (सा० ९७)

अर्थ–हवे चालु विषय कहेवाय छे–तेजोलेश्यानी जघन्य स्थिति १० हजार वर्षनी ज्ञानवडे सूर्यसमान श्रीसर्वज्ञभगवन्तोए भवनपति अनेव्यन्तरोने कही छे. ॥ ३४९ ॥ अने ( तेजो लेश्यानी ) उ०स्थिति भवनपतिने १ सागरोपमथी कंइक अधिक ( पल्यो० असं०भाग अधिक ), अने व्यन्तरोने १ पल्यो०प्रमाण कही छे. ॥ ३५० ॥ पुनः ज्योतिषी देवोने ते ( तेजोले०नी ) नी जघन्यस्थिति पल्योपमनो आठमो भाग अने उ० स्थि० १ लाख वर्ष अधिक एक पल्योपम प्रमाण छे.॥ ३५१ ॥पुनः तेजोले०नी ज० स्थि० वैमानिक देवोने १ पल्योपमनी छे अने उ० स्थि० पल्यो०नो असं० भाग अधिक बे सागरोपम छे ॥ ३५२ ॥ वळी समय अधिक तेज स्थिति (समयाधिक पल्यो० असं० भागयुक्त बे सागरोपम ) पद्मलेश्यानी जघन्य स्थिति छे, अने एनी उ० स्थि० १० सागरो० प्रमाण छे. ॥ ३५३ ॥ पुनः एज स्थिति समय अधिक करी छती ( समयाधिक १० सागर ] शुक्ललेश्यानी जघ० स्थि० थाय, अने एनी उ० स्थि० ३३ सागरोपम प्रमाण छे ॥ ३५४ ॥ ए प्रमाणे नारक अने देवसंबंधि लेश्याओनी स्थिति कहीने हवे तिर्यंच तथा मनुष्य सम्बन्धि लेश्याओनी स्थिति कहेवाय छे. ॥ ३५५॥

॥ तिर्यंच अने मनुष्य संबंधी लेश्याओनी स्थिति ॥

जे जे लेश्या जे जे मनुष्य अथवा तिर्यंचमां कहेवाशे ते मनुष्य सम्बन्धि शुक्ललेश्या विनानी सर्व लेश्याओ ( मनु० ५ अने तिर्यं० ६ ) अन्तर्मु० प्रमाणनी ( जघ० उत्कृ०थी ) जाणवी.॥ ३५६ ॥ अने मनुष्यसंबंधि शुक्ल लेश्यानी जघ० स्थि० अन्तर्मु० अने उ० स्थिति ९ वर्षन्यून पूर्वक्रोडवर्षनी कहेली छे. ॥ ३५७॥ जो के आठवर्षनी वय ( उमर ) वाळो कोइक जीव दीक्षा अङ्गीकार करेछे, तोपण तेटली वयवाळाने १ वर्षनो पर्याय ( दीक्षाकाळ ) थया विना केवळज्ञान उत्पन्न थतु नथी, माटे शुक्ल लेश्यानी उ० स्थिति ९ वर्षन्युन पूर्वक्रोड वर्षनी

१ देव अने नारक संबंधि लेश्याओनी स्थिति विशेषतः तेओना आयुष्यनी स्थितिने अनुसारे छे. अपवाद मात्र बे अन्तर्मु० अधिक अने धूमप्रभा तथा वालुकापृथ्वी संबंधी अपवाद प्रथम कह्यो छे.

२ अर्थात् ७०५५९९९९९९९९९९९९९९९ वर्षनी. उत्कृष्ट केवलपर्यायनी अपेक्षाए.

कही ते युक्त छे. ॥१५८॥ ए उत्तराध्ययन सूत्रनी वृत्ति अने पन्नवणा वृत्तिनो अभिप्राय कह्यो.

एज रीते संग्रहणीमां पण कह्युं छे के—"मनुष्योने केवली शुक्ल लेश्यानी स्थिति ९ वर्षन्यून पूर्वक्रोडवर्षनी छे." संग्रहणीनी वृत्ति अने प्रवचनसारोद्धारनी वृत्तिमां तो "किञ्चित् न्यून ९ वर्षन्यूनपूर्व क्रोड वर्षनो पण छे, कारण पूर्वक्रोडवर्षथी उपरनी वयवाळाने चारित्रनो अप्राप्ति होवाथी पूर्वक्रोड वर्षना आयुष्यवाळा अने कंइक अधिक आठवर्ष बाद उत्पन्न थयेल केवळज्ञानवाळा केवलीभगवानने आ स्थिति जाणवी" एम कहेल छे. अहिं पूर्वक्रोडवर्षमां ९ वर्षनी न्यूनता(१) किंचित् न्यून ९ वर्षनी न्यूनता (२) अने किञ्चित् अधिक ८ वर्षनी न्यूनता(३) ए त्रणे कथन जेम परस्पर विरुद्ध न थाय तेम बहुश्रुतोए विचारवां. ३५९.

सर्व लेश्याओनी प्रत्येकनी अनन्त अनन्तवर्गणाओ कहीछे. तथा सर्वलेश्याओ प्रत्येक अनन्त अनन्त प्रदेशवाळी छे, ॥ ३६० ॥ अने सर्व लेश्याओमांनी दरेक असंख्य असंख्य ( आकाश ) प्रदेशना अवगाहवाळी छे. वळी ते दरेक लेश्याओनां अध्यवसायस्थानो असंख्य असंख्य छे, ॥ ३६१ ॥ (ते अध्यव० स्थानो) क्षेत्रथी असंख्यात लोकाकाशना प्रदेश प्रमाण अने काळथी असंख्य काळचक्रना समय प्रमाण छे. ॥ ३६२ ॥ कह्युं छे के-असंख्य उत्सर्पिणी अने अवसर्पिणीना जेटला समयो अने असंख्यात लोकाकाश(ना जेटला प्रदेशो) तेटलां लेश्यानां

१ अहिं दरेक लेश्याना असंख्य असंख्य लोकाकाशना प्रदेशप्रमाण असंख्य अध्यवसायस्थानो जाणवां. त्यां श्री पन्नवणाजीमां कह्युं छे के—अशुभलेश्यानां संक्लेशरूप अने शुभलेश्यानां विशुद्धिरूप स्थानो छे. ए भावलेश्यारूप अध्यवसायस्थानोनां कारणभूत जे कृष्णादि द्रव्यसमूह तेपण स्थान कहेवाय. एज द्रव्यलेश्यानां स्थानो अहिं ग्रहणकरवां ते प्रत्येक लेश्यानां असंख्य छे. तेमां पण प्रत्येक लेश्यामां बे प्रकारनां स्थान छे. जघन्य अने उत्कृष्ट. अने जे मध्यमस्थानो छे तेमांथी जघन्य नजीकनां मध्यमस्थानो जघन्यमां गणवां अने उत्कृष्ट पासेना मध्यमस्थानो उत्कृष्टमां गणवां. जेथी बेज प्रकारनां स्थान थाय छे, जेथी एक लेश्याना जघन्यमां अने उत्कृष्टमां पण परिणाम गुण भेदथी असंख्य स्थान आवे. इत्यादिवर्णन त्यांथीज जाणवुं. हवे ए लेश्याद्रव्यना निमित्तथी जीवोना जे जे परिणामस्वभाव उत्पन्न थाय छे, ते ४ था कर्मग्रन्थनी टीकामांथी प्राकृत गाथाओना अर्थ रूपे लखाय छे.

६ लेश्याना स्वभाव-(१ कृष्णलेश्यावाळो जीव—वैरबद्ध निर्दय, अतिक्रोधी, दुष्ट मुखवाळो, तीक्ष्ण, कठोर, आत्मधर्मथी विमुख, अने तत्काल वध करनारो होय छे.

( अध्यव० ) स्थान छे. ॥ १ ॥

अभिप्रायो यादृशः स्यात्, सतीष्वेतासु देहिनाम् । स मया समयोक्ताभ्यां, दृष्टान्ताभ्यां प्रदर्श्यते ॥३६३॥ द्वयोरपि दृष्टान्तयोः स्थापना॥यथा षड् परिक्लान्ताः, पुरुषाः पथ् महाटवीम् । प्राप्ताः समन्तादैक्षन्त, भक्ष्यं दिक्षु बुभुक्षिताः ॥ ३६४ ॥ जम्बूवृक्षं क्वचित्तत्र, ददृशुः फलभङ्गुरम् । आह्वयन्तमिवाध्वन्यान्, मरुच्चपलपल्लवैः ॥ ३६५ ॥ एकस्तत्राह वृक्षोऽयं, मूलादुन्मूल्यते ततः । सुखासीनाः फलास्वादं, कुर्मः श्रमविवर्जिताः ॥ ३६६ ॥ अन्यः प्राह किमेतावान्, पात्यते प्रौढपादपः ? । शाखा महत्यश्छिद्यन्ते, सन्ति तासु फलानि यत् ॥ ३६७ ॥ तृतीयोऽथावदत् शाखा, भविष्यन्ति कदेदृशः ? । प्रशाखा एव पात्यन्ते, यत एताः फलैर्भृताः ॥ ३६८ ॥ उवाच वाचं तुर्योऽथ, तिष्ठन्त्वेता वराकिकाः । यथेच्छं गुच्छसन्दोहं, छिन्मो येषु फलोद्गमः ॥ ३६९ ॥ न नः प्रयोजनं गुच्छैः, फलैः किंतु प्रयोजनम् । तान्येव भुवि कीर्यन्ते, पञ्चमः प्रोचिवानिति ३७० षष्ठेन शिष्टमतिना, समादिष्टमिदं ततः । पतितानि फलान्य-

(२) नील लेश्यावाळो जीव–माया, दंभमां कुशळ, लांचीयो. चपळ चित्तवाळो. अतिविषयी ने मृषावादी होयछे.

(३) कापोत लेश्यावाळो जीव–मूर्ख आरंभमग्न सर्वकार्योमां पाप नहि गणनारो हानि वृद्धि नहि गणनारो अने क्रोधी होयछे.

(४) तेजो लेश्यावाळो जीव–दक्ष कर्मने रोकनारो, सरळ, दानी, शीलयुक्त, धर्मबुद्धिवाळो अने अक्रोधी होयछे.

(५) पद्मलेश्यावाळो जीव— प्राणीपर अनुकंपावाळो, स्थिर, सर्वजीवने दान आपनारो, अति कुशळ बुद्धिवाळो अने बुद्धिमान होयछे.

(६) शुक्ललेश्यावाळो जीव - धर्म बुद्धिवाळो, सर्व कार्यमां पापदूर करनारो, आरंभमां अरुचिवाळो, अने अपक्षपाती होयछे.

एमां गुणनी हीनाधिकता बुद्धिथी विचारवी.

द्यो, मा भूत्पातनपातकम् ॥ ३७१ ॥ भाव्याः षण्णामप्यमीषां, लेश्याः कृष्णादिकाः क्रमात् । दर्श्यतेऽन्योऽपि दृष्टान्तो, दृष्टः श्रीश्रुतसागरे ॥ ३७२ ॥ (लेश्यास्वरूपोपदर्शक दृष्टान्तो)

अर्थः—लेश्याओना भिन्नभिन्न परिणामनुं दृष्टान्त-ए लेश्याओ होते छते जीवोने जेवा प्रकारनो अभिप्राय (परिणाम) थाय छे ते हुं सिद्धान्तमां कहेला बे दृष्टांतोवडे कहुं छुं. ते आ प्रमाणे ॥ ३६३ ॥ मार्गथी भूला पडेला ६ पुरुषो कोइक महा अटवीमां आवी चड्या. त्यां भूख्या थया छतां चारे बाजु दिशाओ तरफ भोजन देखवा लाग्या ॥ ३६४ ॥ त्यां तेओए कोइक स्थाने फळना भारवडे नमी गयेलुं अने वायुथी चपळ थयेलां पांदडां वडे जाणे वटेमार्गुओने बोलावतुं होय एवुं एक जांबुनुं वृक्ष देख्युं ! ॥ ३६५ ॥ तेओमांना एक जणे कह्युं के आ वृक्षने मूळमांथी उखेडी नांखीये के जेथी सुख पूर्वक बेठा छता ज थाक रहित फळनुं भोजन करीये ॥ ३६६ ॥ त्यारे बीजाए कह्युं के आटलुं मोटुं वृक्ष शा माटे पाडी नाखीये ! मोटी मोटी शाखाओज छेदीये कारणके फळो ते शाखाओमांज छे, ॥ ३६७ ॥ त्यारे त्रीजाए कह्युं के फरी आवी शाखाओ क्यारे उगशे ? माटे प्रशाखाओ ( नानी डाळीओ ) पाडीये, कारणके ए प्रशाखाओज फळोवडे भरेली छे. ॥ ३६८ ॥ हवे चोथाए वचन कह्युं के आ बीचारी शाखाओ भले रही, पण जेमां फळोनी उत्पत्ति छे एवा गुच्छाओनो समूहज इच्छापूर्वक तोडीये ॥ ३६९ ॥ त्यारे पांचमाए ए प्रमाणे कह्युं के आपणने गुच्छाओ साथे कंइपण प्रयोजन नथी, परन्तु फळनी साथे प्रयोजन छे तो ते फळोनेज भूमी उपर पाडीए ॥ ३७० ॥ त्यारे श्रेष्ठ मतिवाळा एवा छट्ठा पुरुषे आ प्रमाणे शीखामण आपी (कह्युं) के (भूमिपर) पडेलां फळोज खाइशुं जेथी फळ पाडवानुं पाप न लागे. ॥३७१॥ ए छए पुरुषोने अनुक्रमे कृष्णादि लेश्याओ जाणवी. पुनः श्रीसिद्धान्तरूपी समुद्रमां देखेलुं बीजुं पण दृष्टान्त दर्शावाय छे.॥३७२॥

केचन ग्रामघाताय, चौराः क्रूरपराक्रमाः । क्रामन्तो मार्गमन्योन्यं, विचारमिति चक्रिरे ॥ ३७३ ॥ एकस्तत्राह दुष्टात्मा, यः कश्चिद् दृष्टिमेति नः । हन्तव्यः सोऽद्य सर्वोऽपि, द्विपदो वा चतुष्पदः ॥ ७४ ॥ अन्यः प्राह चतुष्पाद्भिरपराद्धं न किञ्चन ।

मनुष्या एव हन्तव्या, विरोधो यैः सहात्मनाम् ॥ ३७५ ॥ तृतीयः प्राह न स्त्रीणां, हत्या कार्याऽतिनिन्दिता । पुरुषा एव हन्तव्या, यतस्ते क्रूरचेतसः ॥ ३७६ ॥ निरायुधैर्वराकैस्तैर्हतैः किं नः प्रयोजनम् ? । घात्याः सशस्त्रा एवेति, तुर्यश्चातुर्यवान् जगौ ॥ ३७७ ॥ लकुटैरपि [illegible] किं नः फलं भवेत् ? । सायुधो युध्यते यः स, वध्य इत्याह पञ्चमः ॥ ३७८ ॥ परद्रव्यापहरणमेकं पापमिदं महत् । प्राणापहरणं चान्यच्चेत्कुर्मस्तर्हि का गतिः ? ॥ ३७९ ॥ धनमेव तदादेयं, मारणीयो न कश्चन । षष्ठः स्पष्टमभाषिष्ट, प्राग्वदत्रापि भावना ॥ ३८० ॥ सर्वस्तोकाः शुक्ललेश्या, जीवास्तेभ्यो यथोत्तरम् । पद्मलेश्यास्तेजोलेश्याः, असंख्येयगुणाः क्रमात् ॥ ३८१ ॥ अनन्तघ्नास्ततोऽलेश्याः, कापोत्याढ्यास्ततस्तथा । तेभ्यो नीलकृष्णलेश्याः, क्रमाद्विशेषतोऽधिकाः ॥ ३८२ ॥ इति लेश्यास्वरूपम् ॥१७॥

अर्थ—क्रूर पराक्रमवाळा एवा केटलाएक चोर कोइक गामनो घात करवाने माटे मार्गे जतां परस्पर ए प्रमाणे विचारवा लाग्या ॥ ३७४ ॥ त्यां दुष्ट आत्मावाळा एक चोरे कह्युं के जे कोइ आपणी नजरमां ( देखवामां ) आवे ते माणस होय के पशु होय तो पण ते सर्वने आजे हणवा. ॥३७४॥ त्यारे बीजा चोरे कह्युं के पशुओए आपणो कांइपण अपराध कर्यो नथी माटे जेओनी साथे आपणने विरोध छे तेवा ( सर्व ) मनुष्योनेज हणवा. ॥ ३७५ ॥ त्यारे त्रीजा चोरे कह्युं अति निन्दनीय एवी स्त्रीयोनी हत्या न करवी, परन्तु पुरुषोनेज हणवा, कारण के ते पुरुषोज क्रूरचित्तवाळा छे. ॥ ३७६ ॥ त्यारे चतुराइवाळा चोथा चोरे कह्युं के बिचारा शस्त्र रहित पुरुषोने हणवानुं आपणने शुं प्रयोजन छे, ? माटे शस्त्रवाळा पुरुषोनेज हणवा. ॥ ३७७ ॥ त्यारे पांचमा चोरे कह्युं के—शस्त्रवाळो

१ चोरोने निकळवानो उद्देश गाम लुंटवानो छे पण तेमां गामनो घात कर्या विना लुंटी शकाय नहिं माटे अहिं "गामनो घात करवाने" एम उद्देशवचन जणाव्युं छे.

छतां पण नासी जता पुरुषने हणवाथी आपणने शुं फळ थवानुं छे ? माटे शस्त्र वाळो पण जे पुरुष आपणी साथे युद्ध करे तेने ज हणवो. ॥ ३७८ ॥ त्यारे छठ्ठा चोरे स्पष्ट कह्युं के एक तो पारका धनमालने लूंटवो ए पाप छे अने बीजुं पण परनो प्राण लेवारूप मोटुं पाप करीए तो आपणी शी गति थाय ? ॥ ३७९ ॥ माटे तेनुं धनज लेवा योग्य छे, परन्तु कोइपण मारवा योग्य नथी. अहिं पण पूर्ववत् ६ चोरो अनुक्रमे ६ लेश्यावाळा जाणवा. ॥ ३८० ॥

लेश्यानुं अल्पबहुत्व—शुक्लेश्यावाळा जीवो सर्वथी अल्प छे ते अनुक्रमे पद्म-लेश्यावाळा असंख्यगुणा छे तेथी तेजो लेश्यावाळा असंख्यगुणा छे. ॥ ३८१ ॥ तेथी कापोतलेश्यावाळा अनन्तगुणा छे. तेथी अनुक्रमे नीललेश्यावाळा विशेषाधिक छे, अने तेथी पण कृष्णलेश्यावाळा विशेषाधिक छे, ए रीते लेश्यानुं स्वरूप कह्युं. ॥ ३८२ ॥ इति लेश्याद्वारम् ॥

---

१ कारणके शुक्ललेश्या लांतकथी मांडीने उपरना देवोमां अने केटलाएक मनुष्यादिकने छे. माटे.

२ तेओथी ३-४-५-कल्पना देवो असंख्य गुण होवाथी

३ तेथी ज्योतिषी वगेरे असंख्य गुण होवाथी

४ तेथी एकेन्द्रियो अनंतगुण होवाथी,

५ ए संबंधि घणो विस्तार श्रीपन्नवणाजीमां छे त्यांथी उपयोगि विषयनो संक्षिप्त भावार्थ उपकारार्थ लख्यो छे. ते आ प्रमाणे—

कृष्णादि सर्व लेश्याओ पोतानाथी अन्य लेश्याद्रव्यना संबंधथी ते तेजोलेश्याना वर्ण गंध-रस-स्पर्श-अने स्वभावरूपे परिणमी जाय छे. जेम कृष्णलेश्याना परिणामवाळो जीव परभवमां उत्पन्न थवा माटे नील लेश्यानां द्रव्य ग्रहणकरे त्यारे प्रथमनी कृष्णलेश्या ग्रहणकरेली नील लेश्याना संसर्गथी बदलाइने नीललेश्या थइ जाय. ए प्रमाणे सर्व लेश्याओनो परावृत्ति जाणवी ए मनुष्यतिर्यंच संबंधि लेश्याओ माटे जाणवुं. अने देवनारकना संबंधमां सर्वथा बदलाइ नहिं जतां कांइक आकारमात्र बदलाय छे एटले कृष्ण लेश्यावाळा नारकीजीवनो नील लेश्या योग्य परिणाम ( कंइक शुभ भाव ) थतां नील लेश्या द्रव्यना ग्रहणथी कृष्ण लेश्याना वर्ण गंध रस स्पर्श ने स्वभाव बदलाता नथी, परन्तु कंइक विशुद्ध थाय छे.

पुनः लेश्याने योग निमित्त कहेल छे. एटले लेश्यामां योग मूळ कारण छे. तेथी ज्यांसुधी योगनो सद्भाव होय छे. त्यांसुधीज लेश्यानो सद्भाव होय छे. अने योगने अभावे लेश्यानो पण अभाव छे.

तथा लेश्या ए पुद्गलद्रव्य अवश्य छे. परन्तु पुद्गलनी गणावेली प्रसिद्ध वर्गणाओमां-थी लेश्यानां पुद्गलो कइ वर्गणावाळां छे ? ते संबंधि सर्वथा स्पष्ट खुलासो लखेल जणातो नथी, मात्र पन्नवणाजी वगेरे सर्वस्थाने "योगान्तर्गत द्रव्य" एटलाज अक्षरोनी व्याख्या उपलब्ध थाय छे. परन्तु "अमुक वर्गणा" एम स्पष्ट नथी. अने ए संबंधमां उत्तराध्ययनजीनी पाइअटीकामां कांइक विशेषता छे. ते त्यांथी जाणवुं.

तथा दिगंबर आम्नायना अकलंकदेवरचित तत्त्वार्थराजवार्तिकमां ले-श्यानां १६ द्वार नीचे प्रमाणे दर्शाव्यां छे—

१ निर्देश—( कृष्णादि ६ लेश्यानां नाम दर्शाव्यां छे. )

२ वर्ण—( प्रथम दर्शावेल छे ते अनुसारे )

३ परिणाम—संख्यात लोकाकाशना प्रदेशप्रमाण असंख्यगुण कषायो-दयस्थानो के जे जघन्य उत्कृष्ट अने मध्यम अंशवाळां छे तेओमां आत्मानो परिणाम संक्लेशनी हानिए प्रवर्ततां कृष्ण नील अने कापोत ए ३ अशुभले-श्याओ परिणमे छे. तथा जघन्य मध्यम अने उत्कृष्ट अंशवाळां स्थानोमां विशुद्धिनी वृद्धिए तेजः पद्म अने शुक्ल ए ३ शुभ लेश्याओ परिणमे छे. तथा उत्कृष्ट मध्यम अने जघन्य अंशोमां विशुद्धिनी हानिए पण शुभलेश्या परिणमे छे, अने जघन्य मध्यम उत्कृष्ट अंशोमां संक्लेशनी वृद्धिए ३ अशुभ-लेश्याओ परिणमे छे अहिं दरेक लेश्या असंख्य लोकाकाशना प्रदेश जेटला अध्यव० स्थानवाळी छे.

४ संक्रम—कृष्णलेश्यावडे संक्लिश्यमान जीव ( संक्लेशवृद्धिए ) बीजी लेश्या न पामे. कारणके कृष्णलेश्याज षट्स्थानपतित संक्रमवडे वर्ते छे. भावार्थ ए छे के कृष्णलेश्यानुं प्रथम अध्यव० स्थान सर्वोत्कृष्ट संक्लेशवाळुं छे अने त्यारपछीना आगळनां अध्य० स्थानो षट्स्थानपतित (हानि) ना अनुक्रमे छे. तेवी जरीते नील–कापोतलेश्यानां अध्य० स्थानो पण षट्स्थानपतित हानिना अनुक्रमे छे, तदनन्तर तेजोलेश्यानां अध्य० स्थानो षट्स्थानपतित विशुद्धिनी वृद्धिवाळां छे, तेवीजरीते पद्म अने शुक्ललेश्यानां स्थानो पण षट्स्थानपतित विशुद्धिनी वृद्धिए छे. ए प्रमाणे दरेक लेश्या पोतपोतानामां षट्स्थानपतित छे. तेथी कृष्णलेश्याना अन्त्यस्थानथी संक्लेशमां वधतो वधतो जीव कृष्णलेश्यानुं प्रथम

स्थाने पामे त्यारबाद संक्लेशवृद्धिवाळी बीजी कोई लेश्या नहि होवाथी कृष्णलेश्यामांज अटकी रहे. पुनः हानिमां वर्ते ते, वखते षट्स्थानपतित हानिए वर्ततां ज्यारे कृष्णले०ना अनन्तस्थानरूप संक्लेशथी पण हीनसंक्लेशे आवतां तुर्तज नीलले०ना उत्कृष्ट संक्लेश स्थानपर आवे. ए प्रमाणे कृष्ण लेश्याना संक्लेशवृद्धिमां वर्तता जीवने स्वस्थानसंक्रम होय पण परस्थानसंक्रम न होय अने संक्लेशहानिमां वर्तता जीवने स्वस्थानसंक्रम अने परस्थान संक्रम बन्ने होय, पुनः एज पद्धतिए शुक्ललेश्यामां विशुद्धिनी वृद्धिए वर्तता जीवने परस्थान संक्रम न होय पण स्वस्थान संक्रम एकज होय (कारणके आगळ बीजी अधिक विशुद्ध लेश्यानो अभाव छे) अने शुक्ललेश्यामां विशुद्धिनी हानिए वर्तता जीवने स्वस्थानसंक्रम तो होय परन्तु पद्मलेश्याना उत्कृष्टस्थानने पामवारूप परस्थानसंक्रम पण होय, अने ए प्रमाणे मध्यनी चार लेश्याओमां वृद्धिए अने हानिए वर्ततां स्वस्थान अने परस्थान बन्ने संक्रम होय. अहिं षट्स्थानपतितमां अनंतभागवृद्धिमां सर्व जीवप्रमाण अनंतपणुं, जाणवुं असंख्य भागवृद्धिमां असंख्यलोकना प्रदेशरूप असंख्यपणुं, संख्येयभागवृद्धिमां उत्कृष्ट संख्यातनुं संख्यातपणुं, जाणवुं, ए रीते अनन्तगुणादिमां पण जाणवुं.

५ कर्म—(जंबूफळ भक्षकनुं दृष्टान्त दर्शावेल छे.)

६ लक्षण—(कइ लेश्यावडे जीवना स्वभाव केवा होय छे ते पण स्फुट नोटमां दर्शावेल छे).

७ गति—लेश्याना २६ अंशमां ८ अंश आयुष्यबंधने योग्य छे, कारणके आठ अपकर्षरूप मध्यमपरिणामवडे आयुष्यबन्ध होय छे (अहिं २६ अंश कया रीते? ते दिगंबराम्नायथी जाणवा.) अने शेष १८ अंशवडे एकगति नामकर्मज बंधाय छे. त्यां उत्कृष्ट शुक्ललेश्या परिणामवाळा जीवो काळ करीने सर्वार्थसिद्धमां जाय, जघ० शुक्ल लेश्यावाळा शुक्र–महाशुक्र–शतार—ने सहस्रार कल्पमां जाय, मध्यम शुक्ल लेश्यावाळा आनतथी चार अनुत्तर सुधी उपजे. उत्कृष्ट पद्मलेश्यावाळा सहस्रारमां, जघ० पद्मले०वाळा सनत्०माहेन्द्रमां, मध्यमपद्मले०वाळा ब्रह्मथी शतार देवलोक कल्प सुधी, उत्कृष्ट तेजोलेश्यावाळा सनत्कुमार ने माहेन्द्रकल्पमां अन्त्य चक्रनामना इंद्रकविमानथी निकळती विमानश्रेणिमां, जघ० तेजोलेश्यावाळा सौधर्म अने ईशानना प्रथम इन्द्रक विमानथी निकळती श्रेणीमां, मध्यम तेजो ले०वाळा चंद्रनामना इन्द्रकविमान-

मी श्रेणिथी वज्रभ्रमामना इन्द्रकनी श्रेणि सुधी, उत्कृष्ट कृष्ण लेश्यावाळा सातमी पृथ्वीमां, जघ० कृष्णले०वाळा पांचमी पृथ्वी नीचे तमिस्र नामना इन्द्रकनरकावासमां, मध्यम कृ०ले०वाळा हिम नामना इन्द्रकथी महारौरवनामना इन्द्रक नरकावाससुधी, उ०नी०ले०वाळा पांचमी पृथ्वीमां मध्य इन्द्रकमां, जघ०नील ले०वाळा वालुकामां तप्त नामना इन्द्रकमां, मध्यम नील ले०वाळा वालुकामां प्रज्वलनामना इन्द्रकथी झषनामना इन्द्रकसुधी उ० कापोत ले० वाळा वालुकाप्रभामां संप्रज्वलित नरकावासमां, जघ० कापो०ले० वाळा रत्नप्रभामां सीमंतक इन्द्रक सुधी, अने मध्य०का०ले० वाळा रौरुकथी संज्वलित इन्द्रक सुधी उत्पन्न थाय छे. तथा उत्तम कृष्णादि ४ लेश्यावाळा भुवनपति व्यंतर-ज्योतिष-पृथ्वीकाय अप्काय अने वनस्पति कायमां. मध्यम कृष्णादि ३ लेश्यावाळे अग्निकाय अने वायुमां उपजे पण देव नारको पोतानी लेश्या सहित तिर्यंच अने मनुष्यमां जाय छे

८ स्वामित्व —१ २ पृथ्वीमां कापोत, ३ जीमां नील-कापोत, ४ थीमां नील, ५ मीमां नील-कृष्ण-, ६ ट्ठीमां कृष्ण, ७ मीमां परमकृष्ण, भवनपतिव्यंतर ज्योतिषीमां कृष्णादि ४ अपंचेन्द्रियो संक्लिष्ट कृष्णादि ३ लेश्यावाळा, असं० पंचे० तिर्यंच संक्लिष्ट ४ लेश्यावाळा, संज्ञिपंचे० तिर्य०-मनुष्यने अने १ थी ४ सुधी गुणस्थानवाळाने ६ लेश्या, ५ ६-७ गुण०वाळाने ३ शुभलेश्या, ८ थी १३ सुधीमां शुक्ललेश्या, अयोगि लेश्या रहित, १-२ कल्पमां तेजो, ३ ४ मां तेजोने पद्म. ५-६-७-८ कल्पमां पद्म, ९ १० ११-१२ मां पद्मने शुक्ल, आनतादिथी सर्वार्थसुधी शुक्ल ( अहिं दिगंबर संप्रदाये १६ कल्प ने श्वेताम्बर संप्रदाये १२ कल्प देवलोक जाणवा० )

९ साधन - द्रव्यलेश्या नामकर्मोदयनिमित्तरूप, अने भावलेश्याकषायना उदय-क्षयोपशम-उपशम ने क्षयथी छे

१० संख्या — प्रथमनी ३ लेश्याओ द्रव्यप्रमाणथी अनंतानंत छे, कालप्रमाणथी अनंतानंत कालचक्रना समयप्रमाण छे, क्षेत्रथी अनंतानंत लोकाकाशना प्रदेश प्रमाण, तेजोलेश्या द्रव्यथी साधिक ज्योतिषी देवो जेटली छे (क्षेत्र प्रमाण काळ प्रमाण तेजो वगेरेनुं दर्शाव्युं नथी ), पद्म लेश्या द्रव्यप्रमाणथी संज्ञिपंचे० तिर्यंचना संख्यातमा भागे अने शुक्ललेश्या द्रव्यप्रमाणथी पल्योपमना असंख्यातमा भाग जेटली,

११ क्षेत्र- कृष्णादि त्रणमांनी दरेक लेश्या स्वस्थान-समुद्घात अने उपपातवडे सर्व लोकाकाशमां वर्ते छे, तेजो ने पद्म प त्रणवडे लोकना असंख्यातमाभागमां, शुक्ललेश्या स्वस्थान अने उपपातवडे लोकना असंख्यातमा भागमां समुद्घातवडे लोकना असंख्यातमाभागमां तथा सर्वलोकमां वर्ते छे.

१२ स्पर्शन—कृष्णादि ३ लेश्याओ स्वस्थान समुद्घात-अने उपपातवडे सर्व लोकने स्पर्शे छे, तेजोलेश्या स्वस्थानवडे लोकनो असं॰ भाग अथवा देशूण ८/१४ लोक समुद्घातवडे ८/१४ था ९/१४ लोक अने उपपातवडे देशूणा अर्ध अधिक १॥/१४ लोक स्पर्शे छे पद्मलेश्या स्वस्थान अने समुद्घातवडे देशूण ८/१४ लोक अने उपपातवडे ५/१४ लोक स्पर्शे छे, शुक्ललेश्या स्वस्थान अने उपपातवडे देशूण ६/१४ लोक अने समुद्घातवडे देशूण ६/१४, लोक असंख्यभाग-अथवा सर्वलोक स्पर्शे छे.

१३ काल—कृष्णादि ३ लेश्यानो दरेकनो जघ॰ काळ अन्तर्मु॰ अने उत्कृ॰ अनुक्रमे साधिक ३३ सागर साधिक १७ सा॰ने साधिक ७ सागर छे. तेजआदि ३ नो जघ॰काळ अन्तर्मु॰ अने उ॰ काळ अनुक्रमे साधिक २ सागर-साधिक १८ सा॰-अने साधिक ३३ सागर छे.

१४ अन्तर-कृष्णादि ३ लेश्यानुं दरेकनुं जघ॰ अन्तर अन्तर्मु॰ अने उत्कृ॰ असंख्य पुद्गलपरावर्त,

१५ भाव—छ ए लेश्या औदयिक भावनी छे, कारणके (द्रव्यलेश्या) शरीरनामोदयथी अने (भावलेश्या) मोहनीयना उदयरूप छे माटे.

१६ अल्पबहुत्व-शुक्ललेश्या अल्प, तेथी पद्म असंख्यगुण, तेथी तेजोलेश्या असंख्यगुण, तेथी अलेश्या अनंतगुण, तेथी कापोत अनंतगुण, तेथी नील अने तेथी कृष्ण विशेष विशेष अधिक छे,

## ॥ लेश्यायन्त्रम् ॥

| लेश्या | वर्ण | गंध | रस | स्पर्श | स्थिति उत्कृष्ट | जघन्य |
|---|---|---|---|---|---|---|
| कृष्णले० | कृष्णवर्ण | दुरभिगंध | कटु(कडवो) | शीत रूक्ष | बे अन्तर्मुहूर्ताधिक ३३ सागरोपम (सप्तमनारकने) | अन्तर्मुहूर्त |
| नीलले० | नीलवर्ण | ,, | तिक्त(तीखो) | ,, | पल्यासंख्येयभागाधिक १० सागर. (पांचमीपृथ्वीना पहेला प्रतरमां) | ,, |
| कापोतले० | कबुतर सरखो | ,, | कषायेल(तुरो) | ,, | ,, ३ सागर (त्रीजी पृथ्वीना पहेला प्रतरमां) | ,, |
| तेजोले | रक्तवर्ण | सुरभिगंध | मिष्ट | स्निग्ध-उष्ण. | पल्यासंख्येयभागाधिक २ सागर (ईशान देवने) | ,, |
| पद्मले० | पीतवर्ण | | मिष्टतर | ,, | बे अन्तर्मु०अधिक १० सागर. (ब्रह्मलोकना देवने) | ,, |
| शुक्लले० | श्वेतवर्ण | ,, | मिष्टतम | ,, | बे अन्तर्मु० अधिक ३३ सागर (अनुत्तर देवने) | ,, |

## ॥ देव-मनुष्य-तिर्यंचगतिमां लेश्यास्थिति ॥

| लेश्या | स्थिति ( देवलेश्यानी | कये स्थाने ? | मनुष्य अने तिर्यंचनी लेश्या स्थिति |
|---|---|---|---|
| कृष्णले० | जघ०—१०००० वर्ष<br>उ०—पल्योपमासंख्येयभाग. | भवनपति अने व्यन्तरमां<br>,, | अन्तर्मुहूर्त. |
| नीलले० | जघ०—समयाधिक ,,<br>पल्यासंख्येयभाग: ( बृहत् ) | ,,<br>,, | ,, |
| कपोतले० | जघ०—समयाधिक नीलले०नी उत्कृष्ट.<br>उ० —पल्यासंख्येयभाग (बृहत्तर) | ,,<br>,, | ,, |
| तेजोले० | जघ०—१०००० वर्ष.<br>उ०—पल्यासं० भागाधिक २ सागर | ,,<br>ईशान स्वर्गमां | ,, |
| पद्मले० | जघ०—समयाधिक ,, ,,<br>उ०—१० सागरोपम | सनत्कुमारमां<br>ब्रह्मकल्पमां | ,, |
| शुक्लले० | जघ०—समयाधिक १० सागरोपम<br>उ०—३३ सागरोपम | लांतककल्पमां<br>अनुत्तरमां | तिर्यंचमां—अन्तर्मु० मनु०<br>मां—९ वर्षोन पूर्वक्रोडवर्ष |

## ॥ नारकनी लेश्यास्थितियन्त्रम् ॥

| लेश्या | स्थिति | क्यांते आश्रयि |
|---|---|---|
| कृष्णले० | जघ०–पल्यासंख्येयभागाधिक १० सागर<br>उ० ३३ सागरोपम | जघ०–पांचमी पृथ्वीना छेल्ला प्रतरमां<br>उ०–सातमी पृथ्वीमां |
| नीलले० | जघ०–पल्यासंख्येयभागाधिक ३ सागर<br>उत्कृष्ट– ,, १० ,, | जघ०–त्रीजी पृथ्वीना छेल्ला प्रतरमां<br>उ०–पांचमी पृथ्वीना छेल्ला प्रतरमां |
| कापोतले० | जघ०–१०००० वर्ष<br>उत्कृष्ट–पल्यासंख्येयभागाधिक ३ सागर | जघ०–पहेली पृथ्वीना छेल्ला प्रतरमां<br>उ० त्रीजी पृथ्वीना छेल्ला प्रतरमां |

निर्व्याघातं प्रतीत्य स्यादा–हारः षड्दिगुद्भवः । व्याघाते त्वेष जीवानां, त्रिचतुष्पञ्चदिग्भवः ॥ ८३ ॥ अलोकनियताऽऽहार-द्रव्याणां स्खलनं हि यत् । स व्याघातस्तदभावो, निर्व्याघातमिहोच्यते ॥८४॥ भावना त्वेवं ॥ सर्वाधस्तादधोलोक-निष्कुटस्याग्निकोणके । स्थितो भवेद्यदैकाक्षस्तदाऽसौ त्रिदिगुद्भवः ॥८५॥ पूर्वस्यां च दक्षिणस्यामधस्तादिति दिक्त्रये । संस्थितत्वादलोकस्य, ततो नाहारसंभवः ॥ ८६ ॥ अपरस्या उत्तरस्या ऊर्ध्वतश्चेति दिक्त्रयात् । पुद्गलानाहरत्येवं, सूक्ष्माः पञ्चानिलोऽणुः ॥ ८७॥ ( दिशाहारद्वारस्वरूपम् )

तथोक्तं–"इह लोकचरमान्ते बादरपृथिवीकायिकाप्कायिकतेजोवनस्पतयो न सन्ति, सूक्ष्मास्तु पञ्चापि सन्ति, बादरा वायुकायिकाश्चेति पर्याप्तापर्याप्तकभेदेन द्वादशस्थानान्यनुसंख्यानीति भगवती श०३४उ०१वृत्तौ । [सा०१८]

अर्थ–निर्व्याघात आश्रयीने आश्रयि आहार छ दिशिथी उत्पन्न थयेलो आवेलो

होय छे, अने ज्यांथी आहार आवे छे ते चार-अने पांच दिशिथी उत्पन्न थयेलो होय छे. ॥ ३८३ ॥ अहिं अलोकाकाशवडे आहारद्रव्यनी जे स्खलना ( अटकाव ) ते व्याघातवाळो, अने तेनो जे अभाव ( एटले अलोकना अभावे सर्व दिशिथी आहारनुं आगमन थाय ) ते अहिं निर्व्याघात आहार कहेवाय छे. ॥ ३८४ ॥ अहिं तात्पर्य आ प्रमाणे छे के-सर्वथा नीचे अधोलोकमां निष्कुटना अग्निखूणामां जो एकेन्द्रिय जीव रहयो होय तो ते जीवने त्रणदिशिथी आवेलो आहार होय, ॥ ३८५ ॥ अने पूर्वदिशा-दक्षिणदिशा-अने नीचे ए त्रण दिशाए अलोक रहेलो होवाथी त्यांथी आहारनो संभव ( आगमन ) नथी ॥ ३८६ ॥ माटे पश्चिम उत्तर अने ऊर्ध्व ए त्रण दिशामांथी सूक्ष्मपृथ्वीकायादि पांच जीवो अने बादर वायुकाय जीवो पुद्गलोने ग्रहण करे छे ॥ ३८७ ॥


कह्युं छे के —"अहिं लोकने छेल्ले छेडे बादरपृथ्वी-बादर अप्काय-बा० तेजस्काय-अनेबा० वनस्पति नथी अने सूक्ष्म तो पांचे जीवो छे, तेमज बादरवायुकाय पण छे माटे ( ए ६ ने ) पर्याप्त अने अपर्याप्त गणतां १२ जीवस्थानो ( लोकने छेडे ) जाणवां " ए प्रमाणे भग०ना ३४ मा शतकना १ ला उद्देशानी वृत्तिमां कह्युं छे.

द्वयोर्दिशोस्तथैकस्या अलोकव्याहतौ बुधैः । चतुष्पञ्चदिगुत्पन्नोऽप्येषामेव विभाव्यताम् ॥ ८८ ॥ तथाहि ॥ सर्वाधस्तादधोलोक, एव चेत्पश्चिमां दिशम् । स्थितोऽनुसृत्यैकाक्षः स्यात्प्राच्यां न व्याहतिस्तदा ॥ ३८९ ॥ अधस्तनी दक्षिणा च, द्वे एव व्याहते इति । दिग्भ्योऽन्याभ्यश्चतसृभ्यः पुद्गलानाहरत्यसौ ॥ ३९० ॥ द्वितीयादिप्रतरेषु, यदोर्ध्वं पश्चिमां दिशम् ॥ स्थितोऽनुसृत्यैकाक्षः स्यान्न

१ अलोकाकाशमां पुद्गलनो अभाव होवाथी
२ तीक्ष्णखाळाप्रसरनो निष्कुट-लोकना छेडा ( लोकनो भित्तो )
३ अहिं क्षेत्रलोकमां कहेवाइ तेथी क्षेत्रदिशा जाणवी.
४ आ अग्निखूणानुं जेम दृष्टांत आपेलुं छे तेम बीजा खूणाओ माटे पण यथायोग्य त्रणदिशोनो आहार जाणवो.

## चित्र नंबर ५

### आहार व्याघात चित्रम् ॥




आ अधोलोकना चित्रमां दरेक लीटी एकेक प्रतररूप छे. अग्निखूणामां रहेलो छेल्लो वर्तुल ते अग्निखू-णामां (छेल्ला प्रतरे रहेलो) निष्कूट वर्ती जीव छे. त्यांथी खसीने रहेलो छेल्ला प्रतरनो बीजो वर्तुल ते पश्चिम दिशाने अनुसरीने रहेलो जीव छे. अने उपरिस्थ प्रतरमां रहेलो वर्तुल पण जीव छे. तेओने अनुक्रमे अधः पूर्व अने दक्षिण दिशानो व्याघात, अधः अने दक्षिण दिशानो तथा दक्षिणनो व्याघात छे.

आनन्द प्री. प्रेस—भावनगर.

व्याहतिरधोऽपि तत् ॥ ३९१ ॥ व्याहता दक्षिणैवैका, ततः प-श्चदिगागतान् । पुद्गलानाहरत्येष, एवं सर्वत्र भावना ॥३९२॥ द्रव्यतश्च स आहारः, स्यादनन्तप्रदेशकः । संख्यासंख्यप्रदेशौ हि, नात्मग्रहणगोचरः ॥ ३९३ ॥ असंख्याभ्रप्रदेशानां, क्षेत्रतः सोऽवगाहकः । जघन्यमध्यमोत्कृष्ट-स्थितिकः कालतः पुनः ॥ ३९४ ॥ भावतः पञ्चधा वर्ण-रसैर्गन्धैर्द्विधाऽष्टधा । स्पर्शैरेकगुण-त्वादि-भेदैः पुनरनेकधा ॥ ३९५ ॥ किञ्च ॥ अनन्तरावगाढानि, स्वगोचरगतानि च । द्रव्याण्यभ्यवहार्याण्यणूनि वा बादराणि वा ॥ ३९६ ॥ आहरन्ति वर्णगन्ध-रसस्पर्शान्पुरातनान् । विनाश्यान्यांस्तथोत्पाद्यापूर्वान् जीवाः स्वभावतः ॥ ३९७ ॥ इत्याहारदिक्प्रसङ्गात् किञ्चिदाहारस्वरूपम् १८ ॥

अर्थ—तथा बे दिशिथी अने एक दिशिथी अलोकनो व्याघात होते छते बुद्धिमानोए एज ( ६ अथवा १२ ) जीवोने (अनुक्रमे) चार अने पांच दिशिथी आवेलो आहार जाणवो. ॥३८९॥ ते आ प्रमाणे—सर्वथा नीचे अधोलोकमांज एकेन्द्रिय जीव जो पश्चिमदिशाने अनुसरीने ( अर्थात पश्चिमदिशामां ) रह्यो होय तो ते जीवने पूर्वदिशामांथी आहारनो व्याघात होतो नथी ॥ ३९० ॥ परन्तु नीचेनी अने दक्षिण ए बे दिशानोज ( दिशाना आहारनो ) व्याघात होय छे माटे ए एकेन्द्रिय जीव बीजी चार दिशाओमांथी आवेला आहारपुद्गलोने आहरे छे (ग्रहण करे छे). ॥ ३९१ ॥ तथा बीजा त्रीजादि प्रतरमां ज्यारे ऊर्ध्व-पश्चिमदिशाने अनुसरीने एकेन्द्रिय जीव रह्यो होय त्यारे तेने अधोदिशानो पण व्याघात न होय ॥ ३९२ ॥ परन्तु एक दक्षिणदिशानोज व्याघात होय, तेथी ते एकेन्द्रिय पांच दिशाओथी आवेला पुद्गलोने ग्रहण करे छे, ए प्रमाणे सर्व ठे-

१ पश्चिम तरफ खसतो रहेवाथी पूर्वदिशा कंइक अनाक्रान्त छे माटे.

२ दक्षिणमां अलोक छे माटे

३ सर्वोपरितनप्रतरथी उपरना आकाश प्रतरमां

४ सातमी नरकना सर्वथी नीचेना प्रतरथी उपला प्रतरनी पश्चिम दिशामां

५ केवळ दक्षिणदिशामांज अलोक आववाथी

काणे एज पद्धति विचारवी, ॥ ३९३ ॥

॥ प्रसंगतःआहारनां द्रव्य–क्षेत्र–काळ-ने भाव ॥ ते आहार द्रव्यथी अनंत प्रदेशी छे, कारणके संख्यात अथवा असंख्यात प्रदेशी पुद्गलो आत्माने ग्रहण विषयवाळां ( ग्रहण थतां ) नथी ॥ ३९४ ॥ ते आहारपुद्गलना स्कन्धो क्षेत्रथी असंख्य आकाश प्रदेशमां अवगाह करनारा छे,अने काळथी जघन्य–मध्यम–अने उत्कृष्ट स्थितिवाळा छे, ॥ ३९५ ॥ भावथी वर्ण अने रसवडे पांच पांच प्रकारनो, गंधवडे बे प्रकारनो–स्पर्शवडे आठ प्रकारनो अने एक गुण द्विगुण इत्यादि (वर्णादि) वडे अनेक प्रकारनो छे, ॥ ३९६ ॥ वळी पोताना विषयने प्राप्त थयेलां अने ( आत्माए अवगाहन करेला आकाश प्रदेशोथी ) बीजा (आकाश) प्रदेशोमां नहि अवगाहेलां ( पण आत्म प्रदेशोमांज अवगाहेलां ) एवां आहार करवा योग्य सूक्ष्म अथवा बादर पुद्गल द्रव्योने तेमां रहेला पूर्वना वर्ण गन्ध रस अने स्पर्शनो विनाश करीने तथा बीजा अपूर्व नवा (वर्णादिक) उत्पन्न करीने जीवो स्वभावथीज ( ते द्रव्योने ) ग्रहण करे छे, ए प्रमाणे आहारनी दिशा कहेवाना प्रसंगे ते आहारनुं पण कंइक स्वरूप कह्युं ॥ ३९७ ॥

॥ इति दिगाहारद्वारम् ॥ हवे संघयणद्वार ओगणीशमुं कहे छे.

अस्थिसंबन्धरूपाणि, तत्र संहननानि तु । षोढा खलु विभिद्यन्ते, दार्ढ्यादितारतम्यतः ॥ ३९८ ॥ तथाहुः॥ "वज्जरिसहनारायं, पढमं बीयं च रिसहनारायं । नारायमद्धनाराय, कीलिया तह य छेवट्ठं ॥ १ ॥"[सा०९९] (वज्रर्षभनाराचं प्रथमं द्वितीयं च ऋषभनाराचं । नाराचमर्धनाराचं कीलिका तथा च छेदस्पृष्टम ( सेवार्त ) कीलिका वज्रमृषभः, पट्टोऽस्थिद्वयवेष्टकः । अस्थ्नोर्मर्कटबन्धो यः, स नाराच इति स्मृतः

१–२ जघन्यथी १ समय अने उत्कृष्टथी असंख्य काळ सुधी आहारपणे रहेनारा ( तदनंतर आहारपणाने अयोग्य थाय छे. )

३ " पोताना विषयने " एटले आहारपणाने

४ आत्मप्रदेशथी भिन्नप्रदेशावगाही द्रव्य आत्मा ग्रहण न करे माटे.

५–६ सूक्ष्म एकेन्द्रियो सूक्ष्म आहार ग्रहण करे छे अने बादर एकेन्द्रियादि सर्वजीवो सूक्ष्म अने बादर पुद्गलरूप आहार ग्रहण करे छे अहीं सूक्ष्मने मोटानी अपेक्षाये न्हाना पुद्गलो जाणवा सर्षप अने राइनी जेम

॥३९९॥ ततश्च ॥ बद्धे मर्कटबन्धेन, सन्धौ सन्धौ यदस्थिनी। अस्थ्ना च पट्टाकृतिना, भवतः परिवेष्टिते ॥ ४०० ॥ तदस्थि-त्रयमाविद्ध्य, स्थितेनास्थ्ना दृढीकृतम् । कीलिकाकृतिना व-ज्रर्षभनाराचकं हि तत् ॥४०१॥ युग्मम् । अन्यदृषभनाराचं, की-लिकारहितं च तत् । केचित्तु वज्रनाराचं, पट्टोज्झितमिदं जगुः ॥४०२॥ अस्थ्नोर्मर्कटबन्धेन,केवलेन दृढीकृतम् । आहुः संहननं पूज्या, नाराचाख्यं तृतीयकम् ॥४०३॥ बद्धं मर्कटबन्धेन, यद्-वेदैकपार्श्वतः । अन्यतः कीलिकाबद्धमर्धनाराचकं हि तत् ॥ ॥ ४०४ ॥ तत्कीलिकाख्यं यत्रास्थ्नां, केवलं कीलिकाबलम् । अस्थ्नां पर्यन्तसंबन्धरूपं सेवार्त्तमुच्यते ॥ ४०५ ॥ सेवयाऽभ्य-ङ्गाद्यया वा, ऋतं व्याप्तं ततस्तथा । छेदैः खण्डैर्मिथः स्पृष्टं, छेदस्पृष्टमतोऽथवा ॥ ४०६ ॥ यद्यपि स्युरनस्थीनामेतान्यस्थ्या-त्मकानि न । तद्गतः शक्तिविशेषस्तथाप्येषूपचर्यते ॥४०७॥ ए-केन्द्रियाणां सेवार्त्तं, तमपेक्ष्यैव कथ्यते । जीवाभिगमानुसृतैः, कैश्चिच्चाद्यं सुधाभुजाम् ॥ ४०८ ॥ संग्रहणीकारैस्तु—छ गब्भ-तिरिनराणं, समुच्छिपणिंदिविगल छेवट्ठं । सुरनेरइया एगिंदि-या य सव्वे असंघयणा ॥ १ ॥ (षड् गर्भजतिर्यग्नराणां, सम्मू-र्छिमपञ्चेन्द्रियविकलानां सेवार्तम् । सुरनैरयिका एकेन्द्रियाश्च सर्वेऽसंहननाः ॥) इत्युक्तम् । (सा० १००) इति संहननानि १९॥

अर्थ—१९. संघयणद्वारम्—हाडकानां संबन्ध रूप संघयणो ते निश्चय दृढ-तादिकना तफावतथी ६ प्रकारना भेदवाळा छे ॥१९८॥ कह्युं छे के—"पहेलुं वज्र-ऋषभनाराच—बीजुं ऋषभनाराच—त्रीजुं नाराच—चोथुं अर्धनाराच—पांचमुं की-

१ हाडकाना संधिस्थाने आवेला बे छेडा जे संबंधथी रहेला छे ते संबंधने संघयण कहेवामां आवे छे

लिका अने छट्ठुं छेवट्ठुं सेवार्त्त–छेदस्पृष्ठ) " वज्र एटले खीली ऋषभ एटले बे हाडकांने वींटाइ रहेलो पाटो अने हाडकांनो जे मर्कटबंध ते नाराच एम कहेल छे. ॥ ३९९ ॥ अने तेथी दरेक सांधामां जे बे हाडकां (ना छेडा) मर्कटबंधवडे बंधायला होय, अने पाटा सरखी आकृतीवाळा हाडकावडे विंटायला होय, ॥ ४०० अने ते त्रणे हाडकांने भेदीने रहेली खीलीनी आकृतिवाळा हाडकावडे अतिदृढ थयेल होय तेज वज्रऋषभनाराचसंहनन कहेवाय. ॥ ४०१ ॥ बीजुं जे ऋषभनाराचसंहनन ते खीली रहित पूर्वोक्तप्रकारनुं छे, केटलाएक आचार्यो तो ए ऋ०ना०सं० ने (बदले) पाटा रहित वज्रनाराच कहे छे. ॥४०२॥ जे संघयण फक्त बे हाडकांना मर्कटबंधवडेज दृढ थयेलुं छे तेने श्रीपूज्यभगवंत पूर्वाचार्यो (अथवा सर्वज्ञो) त्रीजुं नाराच नामनुं संघयण कहे छे, ॥४०३॥ जे संघयण एक बाजुथी मर्कटबंधवडे बंधायलुं होय अने बीजी बाजुए खीलीवडे जडेलुं होय ते अर्धनाराच कहेवाय, ॥ ४०४ ॥ जे संघयणमां हाडकाने मात्र खीलीनुंज बळ होय ते कीलिका नामनुं संघयण, अने जे हाडकांना छेडाना संबंध मात्रवाळुं होय ते सेवार्त संघयण कहेवाय छे. ॥ ४०५ ( एमां व्युत्पत्त्यर्थ आ प्रमाणे छे के–) अभ्यंगादिक (–तैलादिवडे चोळवुं–मसळवुं–दाबवुं इत्यादिक) सेवा वडे ऋत एटले व्याप्त (–टकी रहेनारुं) होय छे माटे सेवार्त्त कहेवाय छे. अथवा छेद

२ मर्कट एटले वांदरीनुं बच्चुं पोतानी माने (वांदरीने) जेवी रीते वळगी रहे छे तेवीरीते हाडकांना बे छेडा परस्पर आंटी मारीने वळगेला होय तेवा बंध एटले हाडना संबंधने मर्कटबंध कहे छे.

३ बे हाडकां मर्कटबन्धवाळा अने पाटो ए त्रणने भेदीने खीली रहेल (अहि खीली प्रथम उपरना हाडपट्टने भेदीने तेनी नीचे रहेला मर्कटबन्धवाळा हाडकाने पछी तेनी नीचे रहेला बीजा हाडकाने, अने पछी सर्वथी नीचेना हाडपट्टने भेदीने रहेली होय छे) तेथाथी भेद चार तथा खीली साथे हाड चार थाय छे.

४ वज्रऋषभनाराचमां कहेला प्रकारनुं

५ बीजी बाजुए एटले प्रथम संघयणमां ज स्थाने मध्य भागे खीली हती त्यांज

६ अर्थात् बे हाडकांना बे छेडामां एक छेडो खांमणवाळो होय तेमां बीजा हाडकानो छेडो सहेज उतरेलो होय छे. ए रीते बे छेडानो परस्पर स्पर्श संबंधवाळुं. ( जेम उखळमां मुशळ रहेल होय तेम आ सेवार्त संघ० होय छे ( अने उपरनां पांचे संघयणोमां हाडकाना बे छेडा एक बीजापर चढीने रहेला होय छे.

## चित्र ११ थी १६

### वज्रऋषभनाराच संहनन चित्र १




१. बेउ तरफ हाडकाना छेडाओनो मर्कटबंध थयेलो छे.
२. मर्कटबंधनी उपर लगावेलो हाडकानो पाटो.
३. मर्कटबंध तथा पाटाने वींधीने बीजी बाजु नीकळेली हाडकानी खीली.

### ऋषभनाराच संहनन चित्र २



आ संहननमां उपरनी खीली नथी.

### नाराच संहनन चित्र ३




आ संहननमां पाटो तथा खीली बेउ नथी

### अर्धनाराच संहनन चित्र ४




आ संहननमां एक बाजु मर्कटबंध अने बीजी बाजु हाडकानो छेडो खीलीथी जोडेलो छे.

### किलिका संहनन चित्र ५



आ संहननमां एक तरफनी हाडकानी खोभणमां बीजा हाडकानो छेडो खीलीथी मजबुत करेलो छे.

### सेवार्त संहनन चित्र ६



आ संहननमां मात्र हाडकानो छेडो खोभणमां अडकाडेलो छे.

आनन्द प्री. प्रेस—भावनगर.

एटले हाडकांना खंड तेवडे परस्पर स्पृष्ट एटले स्पर्शायेलुं होय छे माटे छेदस्पृष्ट पण कहेवाय छे. ॥ ४०६ ॥ वळी जो के हाडकारूप आ संघयण हाडकां विनाना जीवोने न होय तोपण ते संघयणमां रहेली जे शक्ति ते तेओमां होवाथी ते जीवोमां संघयण होवानो उपचार ( आरोप ) कराय छे. ॥ ४०७ ॥ एज अपेक्षाए श्रीजीवाभिगमजी ने अनुसरेला ( ने अनुसारे ) केटलाएक आचार्यो एकेन्द्रियोने छेवट्ठं (छेवट्ठुं) संघयण, अने देवोने पहेलुं वज्रऋषभनाराच संघयण कहे छे. ॥ ४०८ ॥ संग्रहणीकारे तो—" गर्भजतिर्यंच अने ग० मनुष्योने छ, समु० पंचे—अने विकलेन्द्रियने छेवट्ठुं संघ० होय छे. अने देवना—नारकी तथा एकेन्द्रियजीवोसर्वे संघयणरहित होय छे" ए रीते कहेलुं छे. ॥ १ ॥ इति संघयणद्वारम् १९ ॥ [ हवे वीसमुं कषायद्वार कहे छे. ]

कथं संसारकान्तारमयन्ते यान्ति यैर्जनाः । ते कषायाः क्रोधमानमायालोभा इति श्रुताः ॥ ४०९ ॥ क्रोधोऽप्रीत्यात्मको मानोऽन्येर्ष्यास्त्रोत्कर्षलक्षणः । मायाऽन्यवञ्चनारूपा, लोभस्तृष्णाभिगृध्नुता ॥ ४१० ॥ चत्वारोऽन्तर्भवन्त्येते, उभयोर्द्वेषरागयोः । आदिमौ द्वौ भवेद् द्वेषो, रागः स्यादन्तिमौ च तौ ॥ ४११ ॥ स्वपक्षपातरूपत्वान्मानोऽपि राग एव यत् । ततस्त्रयात्मको रागो, द्वेषः क्रोधस्तु केवलम् ॥ ४१२ ॥ चत्वारोऽपि चतुर्भेदाः,स्युस्तेऽनन्तानुबन्धिनः । अप्रत्याख्यानकाः प्रत्याख्यानाः संज्वलना इति ॥ ४१३ ॥ एतल्लक्षणानि च श्रीहेमचन्द्रसूरिभिरित्थमूचिरे॥"पक्षं संज्वलनः प्रत्याख्यानो मासचतुष्टयम् । अप्रत्याख्यानको वर्षं, जन्मानन्तानुबन्धिकः ॥४१४॥ वीतरागयतिश्राद्धसम्यग्दृष्टित्वघातकाः । ते देवत्वमनुष्यत्वतिर्यक्त्वनरकप्रदाः ॥४१५॥"[सा०१०१]प्रज्ञापनावृत्तौ च "अनन्तान्यनुबध्नन्ति, यतो जन्मानि भूतये । तेनानन्तानुबन्ध्याख्या क्रोधाद्येषु नियोजिता॥४१६॥एषां 'संयोजना' इति द्वितीयमपि नाम ॥

संयोजयन्ति यन्नरमनन्तसंख्यैर्भवैः कषायास्ते । संयोजनताऽनन्तानुबन्धिता वाऽप्यतस्तेषाम् ॥ ४१७॥" (सा०१०२) नाल्पमप्युत्सहेद्येषां, प्रत्याख्यानमिहोदयात् । अप्रत्याख्यानसंज्ञाऽतो, द्वितीयेषु निवेशिता ॥ ४१८ ॥ सर्वसावद्यविरतिः, प्रत्याख्यानमिहोदितम् । तदावरणतः संज्ञा, सा तृतीयेषु योजिता ॥ ४१९ ॥ संज्वलयन्ति यतिं यत्,संविग्नं सर्वपापविरतमपि । तस्मात्संज्वलना इत्यप्रशमकरा निरुच्यन्ते ॥ ४२० ॥ अन्यत्राप्युक्तं-"शब्दादीन् विषयान् प्राप्य, संज्वलन्ति यतो मुहुः । ततः संज्वलनाह्वानं चतुर्थानामिहोच्यते ॥ ४२१ ॥" (सा० १०३)

अर्थ—२०मुं कषायद्वार—कषं एटले संसाररूपी वनने जीवो जेनावडे भमे एटले पामे छे. ते [1]कषाय क्रोध–मान–माया–ने लोभ एम चार प्रकारना छे. ॥ ४०० ॥ तेमां अप्रीतिरूप क्रोध, अन्यनी इर्ष्या अने पोतानी श्रेष्ठता दर्शाववाना लक्षणवाळुं मान, बीजाने ठगवारूप माया, अने तृष्णा अथवा लोलुपतारूप लोभ कहेवाय छे. ॥ ४१० ॥ ए चारे कषाय राग अने द्वेष ए बेमां अन्तर्गत थाय छे. तेमां पहेला बे ( क्रोध ने मान ) द्वेषरूप छे, अने बीजा बे कषाय ( माया ने लोभ ) रागरूप छे. ॥ ४११ ॥ वळी [ विचारणाभेदे ] तो पोताना [2]पक्षपातरूप होवाथी मान पण रागज छे. अने तेथी राग पण कषायरूप छे, अने द्वेष ते केवळ क्रोधरूपज छे. ॥ ४१२ ॥ ए चारे कषाय अनन्तानुबन्धि–अप्रत्याख्यानी–प्रत्याख्यानी–अने संज्वलन एम चार चार प्रकारना छे. ॥४१३॥ ए अनन्तानुबन्ध्यादि चारनां लक्षण श्रीहेमचन्द्राचार्य भगवन्ते आ प्रमाणे कह्यां छे के—१ पखवाडीयानी स्थितिवाळो संज्वलन, ४ मासनी स्थितिवाळो प्रत्याख्यानी, १ वर्ष प्रमाणस्थितिवाळो अप्रत्याख्यानी, अने आखा भव सुधी रहेवावाळो अनन्तानुबन्धि कषाय छे. ॥ ४१४ ॥ वळी ए चारे ( संज्वलनादि ) कषाय अनुक्रमे वीतरागपणुं–सर्वविरतिपणुं–देशविरतिपणुं–

१ अथवा कष-संसारनो आय–लाभ जेनावडे होय ते कषाय कहेवाय,
२ हुं श्रेष्ठ अने मारुं ते सारुं इत्यादि पक्षपात रूप

अने सम्यक्त्वने घात करनारा छे, तथा ( अनुक्रमे ) देवपणुं–मनुष्यपणुं–तिर्यञ्चपणुं–अने नरकगति आपनारा छे. ॥ ४१५ ॥ वळी प्रज्ञापनावृत्तिमां कह्युं छे के–जेनाथी–जे कारणथी प्राणी जगतमां जीवो अनन्त संसारनो अनुबन्ध करे छे, ते कारणथी " अनन्तानुबन्धि " ए नाम दरेक (क्रोधादि) साथे जोडेलुं छे. ॥ ४१६ ॥ वळी एनुं " संयोजना " एवुं बीजुं पण नाम छे. जे कषाय मनुष्यने (जीवोने) अनन्त संख्यावाळा ( एटले अनन्त ) भवोनी साथे संयोजयन्ति–जोडे छे, माटे ते कषायोने संयोजना अथवा अनन्तानुबन्धि पणुं कहेलुं छे ॥ ४१७ ॥ वळी जे कषायोना उदयथी जीवोने आ संसारमां अल्प प्रत्याख्यान ( त्यागवृत्ति ) पण उदयमां आवतुं नथी ते कारणथी ए कषायोमां ' अप्रत्याख्यानी " एवुं बीजुं नाम जोडेलुं छे ॥ ४१८ ॥ तथा अहिं जे सर्व सावद्यनो [ अशुभयोगनो ) त्याग तेने " प्रत्याख्यान " कहेल छे, ते प्रत्याख्यानने आवरवाथी ते कषायोमां प्रत्याख्यानावरण एवुं त्रीजुं नाम पण जोडेलुं छे. ॥ ४१९ ॥ वळी जे संविग्न ( संसारथी विरक्त एवा ) अने सर्व पाप रहित एवा मुनि महात्माने पण कंइक जाज्वल्यमान करे छे, ते कारणथी अशान्ति करनार एवा ते कषायो संज्वलन कहेवाय छे. ॥ ४२० ॥ बीजे ठेकाणे पण कह्युं छे के– जे कारणथी शब्दादि ( शब्द–वर्ण–गन्ध–रस–ने स्पर्शरूप ) विषयो पामीने ( प्राप्त थतां ) वारंवार ( कषाय ) उद्दीपन ( प्रगट ) थाय छे ते कारणथी चोथा कषायोनुं संज्वलन एवुं नाम कहेवाय छे. ॥४२१॥

स्युः प्रत्येकं चतुर्भेदा, भेदाः संज्वलनादयः । एवं षोडशधैकैकश्चतुःषष्टिविधा इति ॥ ४२२ ॥ यथा कदाचिच्छिष्टोऽपि, क्रोधादेर्याति दुष्टताम् । एवं संज्वलनोऽप्येति, क्वाप्यनन्तानुबन्धिताम् ॥ ४२३ ॥ एवं सर्वेष्वपि भाव्यम् ॥ तत एवोपपद्येतानन्तानुबन्धिभाविनी । कृष्णादेर्दुर्गतिर्नूनं, क्षीणानन्तानुबन्धिनः

संसारविरक्त अने सर्वथा चारित्रमार्गमां उद्यमवाळा एवा मुनि महात्माने पण इष्ट (अनुकूळ) सामग्री पामीने कंइक रागभाव, अने अनिष्ट सामग्री वडे कंइक अरुचिभाव थाय छे ते संज्वलनकषायना उदयथीज.

२ (सं०सं०क्रोध—२ सं०प्रत्या०क्रोध ३ सं०अप्र०क्रोध– ४ सं० अनंता०क्रोध इत्यादि रीते १६ ने चारे गुणवाथी ६४ भेदो जाणवा.

॥ ४२४ ॥ एवं च॥ वर्षावस्थायिमानस्य,श्रीबाहुबलिनो मुनेः । कैवल्यहेतुश्चारित्रं, ज्ञेयं संज्वलनोचितम् ॥ ४२५ ॥ कर्मग्रन्थकारैश्च सदृष्टान्ता एवमेते जगदिरे ॥ जलरेणुपुढविपव्वयराईसरिसो चउव्विहो कोहो । तिणिसलयाकट्ठियसेलत्थंभोवमो माणो ॥ ४२६ ॥ मायावलेहिगोमुत्तिमिंढसिंगघणवंसिमूलसमा । लोहो हलिद्दखंजणकद्दमकिमिरागसारिच्छो॥४२७॥सा०१०४[जलरेणु पृथ्वीपर्वतराजीसदृशश्चतुर्विधः क्रोधः । तिनिशलताकाष्ठास्थिकशैलस्तम्भोपमो मानः ॥ मायावलेखिकागोमत्रिकामिंढ शृङ्गघनवंशमूलसमा । लोभो हरिद्रखञ्जनकर्दमकृमिरागसदृक्षः॥]

अर्थ—वळी ए प्रत्येक(१६)कषायना संज्वलन वगेरे चार चार भेद छे. ए प्रमाणे एकेक (क्रोधादि) कषाय १६-१६ प्रकारनो थवाथी कषायना सर्व भेद ६४ थया. ॥ ४२२ ॥ जेम कोइ वखत उत्तम महात्मा पुरुषो पण क्रोधादिकनी मुद्रा धारण करे छे, तेम संज्वलन कषाय पण कोइक वखत अनन्तानुबन्धि पणुं पामे छे. ( एटले अनन्ता० सरखो उग्र थइ जाय छे, पण वस्तुतः ते संज्वलनज छे. )[1] ए प्रमाणे सर्वे कषायोमां विचारवुं ॥ ४२३ ॥ अने ए कारणथी ज क्षय पामेला अनन्तानुबन्धि कषायवाळा एवा कृष्णादिकने पण निश्चय अनन्तानुबन्धि कषायथी प्राप्त थनारी दुर्गति थइ. ॥ ४२४ ॥ वळी ए रीते जेमने एक वर्ष सुधी मान कषाय रहेलो छे तेवा श्रीबाहुबलि[2] मुनिने केवलज्ञानना कार-

१ अर्थात् नरकमां उत्पन्न थता जीवने अनंतानु०बंधिनो उदय होय छे, छतां जेने क्षायिकसम्यक्त्व होवाथी अनंतानु०बंधिनो क्षय थयेलो छे एवा कृष्णवासुदेव श्रीजी नरके गया ते केम बनी शके ? तेनुं समाधान एज के कृष्णवासुदेवने अप्रत्याख्यानीकषाय हतो, परन्तु अन्तवखते नरके जतां एज अप्र०कषाय उग्ररूप धारण करवाथी अनंतानु०बंधि सरखो थयो हतो, जेथी श्रीजी नरके गया, तेथी कोइ विरोध नथी, वळी श्रेणिक राजा पण क्षायिक सम्यक्त्वी छतां पहेली नरकमां पण एज रीते गया,

२ श्रीऋषभ देवना पुत्र बाहुबलीजी पोताना भाइ भरतचक्रवर्ति साथे युद्ध करतां भरतने मारवा माटे मुठी उपाडतांज वैराग्यभाव आवी जवाथी तेज उपाडेली

णरूप जे चारित्र हतुं ते संज्वलन कषायने उचित ज हतुं. ॥ ४२५ ॥ वळी श्री कर्मग्रन्थकारोए दृष्टान्तपूर्वक ए कषायोने आ प्रमाणे कह्या छे.—चार प्रकारनो क्रोध अनुक्रमे जळनी रेखा-रेतीनी रेखा-पृथ्वीनी रेखा अने पर्वतनी रेखा सरखो (अनुक्रमे) छे. अने (चार प्रकारनुं)मान (अनुक्रमे) नेतरनी सोटी काष्टनो स्तम्भ-हाडकानो स्तम्भ-अने पत्थरना स्तम्भ सरखुं छे. ॥४२६॥ [चार प्रकारनी) माया वांसनी छोल समान—गोमूत्र समान--मेंढाना (घेटाना) शिंग समान अने वांसना मूळ सरखी छे. ( चार प्रकारनो लोभ ) हळदर-गाडानो कीट (काजळ)

मुठीथी केशनो लोच करी मुनि थया. ते पहेलां पोताथी न्हाना बीजा ९९ भाइओए ऋषभदेव पिता पासे दीक्षा लीधेली हती. तेथी नाना भाइओने वंदना केम करुं ? एवा मानथी १ वर्षसुधी ते वनमांज बाहुबलि मुनि उत्कृष्ट चारित्र भावथी कायोत्सर्गमां रह्या, परन्तु माननो अंश रही जवाथी केवलज्ञान पामी शक्या नहिं, त्यारबाद ऋषभदेव भगवाने बे साध्वीओने (बहेनोने) उपदेश देवा मोकली, ते साध्वीओए " हे बंधु हाथी उपरथी उतरो " इत्यादि उपदेश आपवाथी बाहुबलि मुनिने " हुं मान हाथीपर चढेलो छुं " इत्यादि बोध थवाथी पोताना नाना भाइओने वंदना करवा माटे पग उपाडतांज केवलज्ञान उत्पन्न थयुं. अहिं एक वर्षसुधी बाहुबलि मुनिने संज्वलन कषायज हतो, परन्तु दिवसनी स्थितिवाळो ते कषाय कंइक अधिकतावाळो होवाथी अप्रत्याख्यानी सरखो थयो हतो जेथी १ वर्षसुधी ते रही शक्यो,

१ जेम जळनी रेखा वगेरे चार रेखाओ अनुक्रमे शीघ्र अने घणा घणा काळे मळे छे तेम संज्वलनादि ३ क्रोधवाळाओनो क्रोध अनुक्रमे शीघ्र घणा घणा काळे शान्त थाय. अने पर्वतनी रेखा (फाट) जेम कोइपण काळे कोइपण उपाये मळे नहिं तेम अनंता०क्रोध पण कोइ रीते उपशमे नहि ! ए तात्पर्य छे.

२ जेम नेतरनी सोटी वगेरे त्रण शीघ्र अने अधिकाधिक कष्टथी वळी शके तेम संज्वलनादि मानवाळो सहेलाइथी तथा अधिकाधिक कष्टे मान छोडी शके अने पत्थरनो स्तंभ जेम कोइरीते वळी शके नहिं तेम अनंता० मानवाळो जीव कोइ रीते नम्रता धारण करे नहिं.

३ जेम वांसनी छोलनी वक्रता सहेजे सीधी थाय, अने बीजी बे वक्रता अधिक अधिक उपाये टळे अने वांसना मूळनी वक्रता कोइ रीते टळे नहिं तेम संज्वलनादि माया संबंधि वक्रता पण जाणवी.

४ जेम हळदरनो रंग सहेजमां उतरी जाय बीजा बे रंग घणा घणा कष्टे उतरे अने कृमिरंग कोइ रीते उतरेज नहि तेम संज्वलनादि लोभ पण जाणवो.

एमां क्रोधने फाटनी उपमा, मानने अक्कडतानी, मायाने वक्रतानी. अने लोभने रंगनी उपमा आपी छे,

नगरनो खाळनो कादव--अने कृमी (करमजी) रङ्ग सरखो छे. ॥ ४२७ ॥

तथा ॥ प्रज्ञापनायां प्रज्ञप्ताः,स्वान्योभयप्रतिष्ठिताः । अप्रतिष्ठितकाश्चैवं, चत्वारोऽपि चतुर्विधाः ॥४२८॥ तथाहि॥स्वदुश्चेष्टितः कश्चित्, प्रत्यपायमवेक्ष्य यत् । कुर्यादात्मोपरि क्रोधं, स एव स्वप्रतिष्ठितः ॥ ४२९ ॥ उदीरयेद्यदा क्रोधं, परः संतर्जनादिभिः । तदा तद्विषयः क्रोधो, भवेदन्यप्रतिष्ठितः ॥ ४३० ॥ एतच्च नैगमनयदर्शनं चिन्त्यतां यतः । स तद्विषयतामात्रात्, मन्यते तत्प्रतिष्ठितम् ॥ ४३१ ॥ यत्रात्मपरयोस्तादृगपराधकृतो भवेत् । क्रोधः परस्मिन् स्वस्मिंश्च, स स्यादुभयसंश्रितः ॥ ४३२ ॥ विना पराक्रोशनादि, विना च स्वकुचेष्टितम् । निरालम्बन एव स्यात्, केवलं क्रोधमोहतः ॥ ४३३ ॥ स चाप्रतिष्ठितः क्रोधो, दृश्यतेऽयं च कस्यचित् । क्रोधमोहोदयात्क्रोधः कर्हिचित्कारणं विना ॥ ४३४ ॥ अत एवोक्तं पूर्वमहर्षिभिः॥सापेक्षाणि च निरपेक्षाणि च कर्माणि फलविपाकेषु । सोपक्रमं च निरुपक्रमं च दृष्टं यथाऽऽयुष्कम् ॥ ४३५॥ इत्याद्यर्थतः प्रज्ञा०तृ० पदे ।(१०५)एवमन्येऽपि त्रयः कषाया भाव्या इति ॥ चतुर्भिः कारणैरेते, प्रायः प्रादुर्भवन्ति च । क्षेत्रं वास्तु शरीरं च प्रतीत्योपधिमङ्गिनाम् ॥ ४३६ ॥ सर्वस्तोका निष्कषाया, मानिनोऽनन्तकास्ततः । क्रुद्धमायाविलुब्धाश्च, स्युर्विशेषाधिकाः क्रमात् ॥ ४३७ ॥ एकेन्द्रियाणां चत्वारोऽप्यनाभोगाद्भवन्त्यमी । अदर्शितबहिर्देहविकारा अस्फुटात्मकाः ॥ ४३८ ॥ सदा सहचारित्वात्, कषायाऽव्यभिचारिणः । नोकषाया नव प्रोक्ता, नवनीयक्रमाम्बुजैः ॥४३९॥ तदुक्तं प्रज्ञापनावृत्तौ ॥ "कषायसहवर्त्तित्वात्, कषायप्रेरणादपि ।

हास्यादिनवकस्योक्ता, नोकषायकषायता ॥४४०॥ (सा०१०६) हासो रत्यरती भीतिर्जुगुप्सा शोक एव च । पुंस्त्रीक्लीबाभिधा वेदाः, नोकषाया अमी मताः ॥ ४४१ ॥ इति कषायः २० ॥

अर्थ—तथा श्रीप्रज्ञापनासूत्रमां ए चारे कषायोने स्वप्रतिष्ठित—अन्यप्रतिष्ठित—उभयप्रतिष्ठित—अने अप्रतिष्ठित ए प्रमाणे चार चार प्रकारना कह्या छे. ॥ ४२८ ॥ ते आ प्रमाणे—पोतेज करेला दुष्ट कार्यथी आवी पडेलुं कष्ट जोइ कोइक पुरुष जे पोताना उपरज क्रोधवाळो थाय ते स्वप्रतिष्ठितक्रोध कहेवाय. ॥ ४२९ ॥ ज्यारे बीजो कोइ पुरुष ताडना तर्जनादि वडे आपणो क्रोध उदीरे ( प्रगट करे ) त्यारे बीजा पुरुष उपर थयेलो आपणो क्रोध अन्यप्रतिष्ठितक्रोध कहेवाय. ॥ ४३० ॥ ए वात नैगमनयने अनुसारे जाणवी, कारणके ते-नैगमनय तेना (निमित्त) संबंध मात्रथीज तत्प्रतिष्ठितपणुं माने छे. ॥४३१॥ वळी जे क्रोध पोताना अने परना बन्नेना तेवा प्रकारना अपराधथी थयेलो होय ते पोताना उपर अने परना उपरनो क्रोध उभयप्रतिष्ठित क्रोध कहेवाय छे. ॥४३२॥ अने पोते दुष्टचेष्टित कर्या विना तेमज बीजाए संतर्जनादि कर्या विनाज आलंबन विनानो (निमित्त विनानो) जे क्रोध फक्त क्रोधमोहनीयोदयना उदयथीज थाय ते अप्रतिष्ठित क्रोध कहेवाय, ए क्रोध कोइकने क्रोधमोहना उदयथी-कोइपण कारण विना उत्पन्न थतो देखाय छे. ॥ ४३३ ॥ तेथीज पूर्वाचार्योए कह्युं छे के—कर्मो उदय आववी वखते (—कर्मनो उदय) सापेक्ष (निमित्त पामीने) अने निरपेक्ष (कंइपण निमित्त प्राप्त थया विना ) होय छे, जेम सोपक्रमी आयुष्य सापेक्ष अने निरुपक्रमी आयुष्य निरपेक्ष कहेलुं छे. तेम ॥ ४३४ ॥ इत्यादि अर्थ श्री प्रज्ञापना सूत्रना त्रीजा पदमां छे.ए प्रमाणे बीजा त्रण कषायो पण ( चार चार प्रकारना ) जाणवा. ॥ ४३५॥ जीवोने ए चारे कषाय प्रायः चार कारणथी प्रगट थाय छे.—१ भूमिना कारणथी—२ गृहादिकना कारणथी--३ शरीरना कारणथी--अने ४ उपधि (धन धान्य वस्त्रादि) ना कारणथी. ॥ ४३६॥ ए चार कषायमां सर्वथी अल्प अकषायी (सिद्ध) जीवो छे, तेथी अनंतगुणमानकषायी. तेथी विशेषाधिक क्रोध कषायी, तेथी विशेषाधिक माया कषायी, अने तेथी पण विशेषाधिक लोभ कषायी जीवो अनुक्रमे छे. ॥ ४३७ ॥ एकेन्द्रियजीवोने ए चारे कषाय बहारथी शरीरनो विकार दर्शाव्या विना अप्रगटरूपे

अव्यक्त (प्रगट क्रोधादि उपयोग रहित) होय छे.॥४३८॥हमेशां (कषायनी साथेज रहेनारा होवाथी कषायथी अव्यभिचारी (वह्नि साथे धूमनी माफक व्याप्त थइ रहेनारा) एवा (हास्यादि) नवने स्तुति करवा योग्य छे चरण कमळ जेमना एवा श्री जिनेश्वरोए नोकषाय कह्या छे.॥४३९॥श्रीप्रज्ञापनावृत्तिमां कह्युं छे के–कषायनी साथे रहेनारा होवाथी,अने कषायोने प्रेरणा करनारा होवाथी हास्यादि ९ ने नोकषाय कषायपणुं कहेलुं छे. ॥ ४४० ॥ हास्य–रति–अरति–भय जुगुप्सा–अने शोक तथा पुरुष–स्त्री--अने नपुंसक नामना ३ वेद ए सर्वे [९] नोकषाय कहेला छे. ॥ ४४१ ॥ इति कषाय द्वारम् २० ॥

संज्ञा स्याद् ज्ञानरूपैका, द्वितीयाऽनुभवात्मिका । तत्राद्या पञ्चधा ज्ञानमन्या च स्यात्स्वरूपतः ॥ ४४२ ॥ असातवेदनीयादिकर्मोदयसमुद्भवा । आहारादिपरीणामभेदात्सा च चतुर्विधा ॥ ४४३ ॥ तथाहुः॥"चत्तारि सण्णाओ पण्णत्ताओ, तंजहा--आहारसण्णा, भयसण्णा मेहुणसण्णा परिग्गहसण्णा"इति स्थानाङ्गे (चतस्रः संज्ञाः प्रज्ञप्ताः,तद्यथा–आहारसंज्ञा भयसंज्ञा मैथुनसंज्ञा परिग्रहसंज्ञा इति) ।(सा०१०७)आहारे योऽभिलाषः स्याज्जन्तोः क्षुद्वेदनीयतः । आहारसंज्ञा सा ज्ञेया, शेषाः स्युर्मोहनीयजाः ॥ ४४४ ॥ भयसंज्ञा भयं त्रासरूपं यदनुभूयते । मैथुनेच्छात्मिका वेदोदयजा मैथुनाभिधा ॥४४५॥ स्यात्परिग्रहसंज्ञा च,लोभोदयसमुद्भवा । अनाभोगाऽव्यक्तरूपा, एताश्चैकेन्द्रियाङ्गिनाम् ॥ ४४६ ॥ भगवतीसप्तमशतकाष्टमोद्देशके तु ॥ आहारभयपरिग्गहमेहुण तह कोह माण माया य । लोभो लोगो ओहो, सन्ना दस सव्वजीवाणं ॥४४७॥(सा० १०८)[आहारसंज्ञा–भय--मैथुनानि तथा क्रोध-मान-मायाश्च । लोभो लोक ओघः संज्ञा दश सर्वजीवानाम् ॥]एताश्च वृक्षोपलक्षणेन सर्वैकेन्द्रियाणां साक्षादेवं दर्शिताः ॥ तद्यथा॥ रुक्खाण जलाहारो,संकोअणिआ भएण संकुयइ ।

## ॥ १६ कषायनो यन्त्र ॥

| कषाय | कोना सरखो | कया गुणनो घातक छे ? | कइ गतिमां लइ जनार ? | स्थिति (प्राय:) |
|---|---|---|---|---|
| अनन्तानु० क्रोध | पर्वतनी फाट | सम्यक्त्वनो | नरकगति | यावज्जीव |
| ,, मान | पत्थरनो स्तम्भ | ,, | ,, | ,, |
| ,, माया | नक्कर वांसनुं मूळ | ,, | ,, | ,, |
| ,, लोभ | कृमिज रंग | ,, | ,, | ,, |
| अप्रत्या० क्रोध | तळावनी भूमिनी फाट | देशव्रतनो | तिर्यग्गति | १ वर्ष |
| ,, मान | हाडनो स्तम्भ | ,, | ,, | ,, |
| ,, माया | मेंढानु शींगडुं | ,, | ,, | ,, |
| ,, लोभ | कादवनो रङ्ग | ,, | ,, | ,, |
| प्रत्या० क्रोध | रेतीमां रेखा | सर्वविरतिनो | मनुष्यगति | ४ मास |
| ,, मान | काष्ट स्तम्भ | ,, | ,, | ,, |
| ,, माया | गोमूत्र | ,, | ,, | ,, |
| ,, लोभ | गाडानी मेंस | ,, | ,, | ,, |
| संज्वलन क्रोध | जळमां रेखा | यथाख्यात चारित्रनो | देवगति | १५ दिवस |
| ,, मान | नेतरनी लता | ,, | ,, | ,, |
| ,, माया | वांसनी छोल | ,, | ,, | ,, |
| ,, लोभ | हळदरनो रंग | ,, | ,, | ,, |

॥ प्रकारान्तरे प्रज्ञापनानुसारे कषायना १६ भेद यन्त्र ॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| क्रोध | स्वप्रतिष्ठित | अन्यप्रतिष्ठित | उभयप्रतिष्ठित | अप्रतिष्ठित | ४ |
| मान | ,, | ,, | ,, | ,, | ४ |
| माया | ,, | ,, | ,, | ,, | ४ |
| लोभ | ,, | ,, | ,, | ,, | ४ |

निअंतुएहिं वेढइ, वल्ली रुक्खे परिग्गहेण ॥४४८॥इत्थिपरिरंभणेणं, कुरुवगतरुणो फलंति मेहुणे । तह कोकनदस्स कंदे, हुंकारे मुअइ कोहेणं ॥ ४४९ ॥ माणे झरइ रुअंति, छायइ वल्ली फलाइं मायाए । लोभे बिल्लपलासा, खिवंति मूले निहाणुवरिं ॥४५०॥ रयणीए संकोओ,कमलाणं होइ लोगसन्नाए। ओहे चइत्तु मग्गं,चडंति रुक्खेसु वल्लीओ॥ ॥४५१॥ (सा०१०९) (वृक्षाणां जलाहारः, संकोचनिका भयेन संकोचयति । निजतंतुभिर्वेष्टयति वल्लीवृक्षान्परिग्रहेण ॥ स्त्रीपरिरंभणेन कुरुबकतरवः फलन्ति मैथुनतः । तथा कोकनदस्य कन्दो हुंकारान्मुञ्चति क्रोधेन॥ मानाज्झरति रुदन्तो छादयति वल्ली फलानि मायया । लोभाद्बिल्वपलाशाः क्षिपन्ति मूलानि निधानोपरि ॥ रजन्यां संकोचः कमलानां भवति लोकसंज्ञया । ओघसंज्ञया त्यक्त्वा मार्गं चटन्ति वृक्षेषु वल्ल्यः ) अन्यैरपि वृक्षाणां मैथुनसंज्ञाऽभिधीयते, तथोक्तं शृंगारतिलके ॥ सुभग ? कुरुबकस्त्वं नो किमालिङ्गनोत्कः, किमु मुखमदिरेच्छुः केसरो नो हृदिस्थः । त्वयि नियमतशोके युज्यते पादघातः, प्रियमिति परिहासात्पेशलं

काचिदूचे ॥ ४५२ ॥ ( सा० ११० ) तथा पारदोऽपि स्फाराङ्गरया स्त्रियाऽवलोकितः कूपादुल्लळतीति लोके श्रूयते इति (सा०१११)॥ स्तोका मैथुनसंज्ञोपयुक्ता नैरयिकाः क्रमात् । संख्येयघ्ना जग्धिपरिग्रहत्रासोपयुक्तकाः ॥ ४५३ ॥ स्युः परिग्रहसंज्ञाढ्यास्तिर्यञ्चोऽल्पास्ततः क्रमात् । ते मैथुनभयाहारसंज्ञाः संख्यगुणाधिकाः ॥ ४५४ ॥ भयसंज्ञान्विताः स्तोका मनुष्याः स्युर्यथाक्रमम् । संख्येयघ्ना भुक्तिपरिग्रहमैथुनसंज्ञकाः ॥ ४५५ ॥ आहारसंज्ञाः स्युः स्तोका, देवाः संख्यगुणाधिकाः । संत्रासमैथुनपरिग्रहसंज्ञा यथाक्रमम् ॥ ४५६ ॥

अर्थ—संज्ञाद्वार २१ मुं. एक ज्ञानरूप अने बीजी अनुभवरूप ए प्रमाणे २ प्रकारनी संज्ञा कहेली छे, तेमां पहेली पांच ज्ञानात्मक ज्ञान संज्ञा छे अने बीजी स्वरूपथी अनुभव संज्ञा छे. ॥ ४४२ ॥ त्यां स्वरूप [ अनुभव ] संज्ञा अशातावेदनीयादि कर्मना उदयथी प्रगट थयेल आहारादिकनी अभिलाषाना भेदथी चार प्रकारनी छे॥ ४४३ ॥ कह्युं छे के–" चार संज्ञाओ कहेली छे, १ आहार संज्ञा–२ भय संज्ञा–३ मैथुनसंज्ञा–ने ४ परिग्रहसंज्ञा " इति ठाणांगे. क्षुधा वेदनीयना उदयथी प्राणीने जे आहारनो अभिलाष प्रगट थाय ते आहारसंज्ञा जाणवी, अने शेष ३ संज्ञा मोहनीय कर्मना उदयथी प्रगट थयेली जाणवी. ॥ ४४४ ॥ तेमां त्रासरूप जे भयनो अनुभव थाय छे ते भयसंज्ञा वेदना उदयथी प्रगट थयेली विषयाभिलाषरूप जे संज्ञा ते मैथुनसंज्ञा, ॥४४५॥ अने लोभना उदयथी प्रगट थयेली ( ममत्व रूप जे संज्ञा ) ते परिग्रहसंज्ञा कहेवाय छे, एकेन्द्रिय जीवोने ए चारे संज्ञाओ अस्पष्ट अने अनुपयोगरूप (प्रगट विचार पूर्वक नहि एवी] होय छे. ॥ ४४६ ॥ तथा भगवतीजीना ७ मा शतकना ८ मा उद्देशामां तो–"आहार–भय–परिग्रह–मैथुन तथा क्रोध–मान–माया–लोभ–लोक–अने ओघ ए १० संज्ञा सर्व जीवोने होय"एम कह्युं छे. ॥४४७॥ ए सर्व संज्ञाओ एकेन्द्रिय जीवोने साक्षात वृक्षना[दृष्टान्तपूर्वक]

उपलक्षणथी सर्व एकेन्द्रिय जीवोने आ प्रमाणे दर्शावी छे-" वृक्षोने जे जळनो आहार ते [वृक्षनी] आहारसंज्ञा, लज्जालुनुं भयवडे संकोचाइ जवुं ते भयसंज्ञा, वेलडी पोताना तंतुवडे (तातणवडे) वृक्षने जे वींटे छे ते परिग्रहसंज्ञा तथा मैथुन संज्ञाथी कुरुबक नामनुं वृक्ष स्त्रीना आलिंगनवडे फलद्रूप थाय छे ते मैथुनसंज्ञा, तथा कोकनद नामनो रातोकमलनो कंद क्रोधवडे(कोइ पासे जावनो) हुंकारो करे छे ते क्रोधसंज्ञा,॥४४९॥मानवडे रुदंती नामनी वेलडी पाणीने झरे छे ते मानसंज्ञा, मायावडे वेलडी पोतानां फळ ढांकी राखे छे ते मायासंज्ञा, क्रोधवडे बीलीनुं अने (धोळा) खाखरनुं झाड पोतानां मूळ ( दाटेला ) निधान उपर फेलावे छे ते लोभसंज्ञा, ॥ ४५० ॥ रात्रे कमळनो जे संकोच थाय छे ते लोकसंज्ञा, अने वेलीओ मार्ग छोडीने पण जे वृक्ष उपर चढे छे ते ओघसंज्ञा कहेवाय छे " ॥ ४५१ ॥ अन्यदर्शनीओ पण वृक्षने मैथुनसंज्ञा कहे छे ते आ प्रमाणे-शृङ्गारतिलकमां कह्युं छे के " कोइक स्त्री पोताना पतिने मधुर ध्वनिए मश्करीमां आ प्रमाणे कहेवा लागी के-हे सुभग ? आलिंगन करवामां उत्कंठावाळा (होवाथी) आप शुं कुरुबक (वृक्ष) सरखा नथी ? मुख मदिरानी इच्छावाळा एवा आप शुं मारा हृदय उपर रहेला केसरवृक्ष सरखा नथी ? खरेखर अशोक (वृक्ष) सरखा एवा तमने पादप्रहार (लात मारवी ज योग्य छे." ॥ ४५२ ॥ " तथा अति शृङ्गारवाळी स्त्रीए देखेलो पारो पण कूवामांथी उछळी बहार आवे छे " एम लोकोमां संभळाय छे. नारकजीवो मैथुनसंज्ञावाळा-सर्वथी अल्प छे, तेथी आहार-परिग्रह-अने भयसंज्ञावाळा (नारक जीवो) अनुक्रमे संख्यात गुणा छे, ॥ ४५३ ॥ तिर्यंचो परिग्रहसंज्ञावाळाअल्प छे अने तेथी मैथुन-

---

१ वृक्षमां संज्ञाओ जणाववानां बीजा एकेन्द्रियोमां पण संज्ञानुं अस्तित्व जणाव्युं छे; वृक्षमां साक्षात् अनुभवथी समजी शकाय छे, माटे वृक्ष दृष्टांत लीधुं छे.

२ लज्जालु वनस्पतिने हाथनो स्पर्श करतां तेनां पांदडां खीलेलां होय तो पण मींचावामांडे छे माटे

३ रुदंती वेलना रसथी सुवर्ण बने छे ने तेमांथी निरन्तर पाणीनां टपकां झरे छे तेथी एमां मान संज्ञा ए छे के 'अहो जगत्मां हुं सुवर्णसिद्धि करनारी छतां पण जगत्मां दरिद्र जनो दुःख भोगवे छे? एवा शोकथी निरंतर आंसु टपकावे छे' ए मान संज्ञा छे. अहिं अलंकार नहिं पण मान सूचवेल छे.

भय—ने आहार संज्ञावाळा (तिर्यंच) अनुक्रमे संख्यात गुण अधिक छे. । ४५४ । मनुष्यो भय संज्ञावाळा अल्प छे,अने तेथी आहार-परिग्रह-ने मैथुन संज्ञावाळा अनुक्रमे संख्यात गुणा छे. ॥४५५॥ देवो आहार संज्ञावाळा अल्प छे, तेथी भय मैथुन अने परिग्रह संज्ञावाळा अनुक्रमे संख्यातगुण छे. ॥ ४५६ ॥

प्रवचनसारोद्धारवृत्तौ तु एवं लिखितं, तथा मतिज्ञानावरणकर्मक्षयोपशमात् शब्दार्थगोचरा सामान्यावबोधक्रिया ओघसंज्ञा,तद्विशेषावबोधक्रिया लोकसंज्ञा,एवं चेदमापतितं—दर्शनोपयोग ओघसंज्ञा,ज्ञानोपयोगो लोकसंज्ञा,(सा०११२)एष स्थानाङ्गटीकाभिप्रायः,[सा०११३)आचाराङ्गटीकायां पुनरभिहितं,ओघसंज्ञा तु अव्यक्तोपयोगरूपा वल्लीवितानारोहणादिसंज्ञा, लोकसंज्ञा स्वच्छन्दघटितविकल्परूपा लोकोपचरिता, यथा,न सन्त्यनपत्यस्य लोकाः,श्वानो यक्षा,विप्रा देवाः,काकाः पितामहाः,बर्हिणां पक्षवातेन गर्भ इत्यादिका इति (सा.११४)। आचाराङ्गे तु,मोहधर्मसुखदुःखजुगुप्साशोकनामभिः । दश ताः षड्भिरेताभिः, सह षोडश

१ कुरबक वृक्ष स्त्रीना आलिंगनथी फळ-पुष्पवाळुं थाय छे. माटे केसर वृक्ष स्त्रीए करेला मदिरादिकना कोगळाथी पुष्पफळवाळुं थाय छे.

२–४ आ बे पदनो अर्थ बीजीरीते पण थाय छे ते आ प्रमाणे—हे मुग्ध ? तमे कुरबक सरखां छतां आलिंगन करवाने उत्कंठित केम थता नथी ? तथा मारा हृदयमां रहेला एवा केसर वृक्ष सरखा छतां मारा मुखमदिरानी इच्छावाळा केम नथी ? (परन्तु आ अर्थ मदकरीना रूपमां आवतो नथी पण उपमाना रूपमां आवे छे माटे उपरनो अर्थ लखेलो छे.)

५ अशोक वृक्ष स्त्रीनी लातथी प्रफुल्लित थाय छे माटे.

६ लोकोक्ति एवी छे के, पारो कुवामां थाय छे तेने बहार काढवा माटे अति शणगारवाळी मनोहर युवान स्त्री घोडापर बेसी कुवाना किनारापर रही कुवामां देखी मुखमांथी चावेलुं पान थुंके के तुरतज पारो बहार उछळीने स्त्रीनी पाछळ दोडे, त्यां काठे करी राखेला खाडामां दोडतो पारो पडे ते पछी पारो भेगो थाय. अने स्त्री तो पान थुंकी तुरतज घोडो दोडावी मुके, नहिंतर पारो स्त्रीने कुवामांज पाडे. आ लोककल्पित छे माटे यथार्थ कही शकाय नहिं.

(आ टीपणीओ २८० मां पेजनी छे. तेनां अंको अव्यवस्थित होवाथी सुधारी वांचवा)

वर्णिताः॥४५७॥(सा०११५) अथवा त्रिविधाः संज्ञाः,प्रथमा दीर्घकालिकी । द्वितीया हेतुवादाख्या, दृष्टिवादाभिधा परा ॥४५८॥ सुदीर्घमप्यतीतार्थं, स्मरत्यथ विचिन्तयेत् । कथं नु नाम कर्तव्यमित्यागामिनमाद्यया ॥ ४५९ ॥ तथा विचिन्त्येष्टानिष्टच्छायातपादिवस्तुषु । द्वितीयया स्वसौख्यार्थं, स्यात्प्रवृत्तिनिवृत्तिमान् ॥ ४६० ॥ भवेत्सम्यग्दृशामेव, दृष्टिवादोपदेशिकी । एतामपेक्ष्य सर्वेऽपि, मिथ्यादृशो ह्यसंज्ञिनः ॥ ४६१ ॥ सुरनारकगर्भोत्थजीवानां दीर्घकालिकी । संमूर्छिमान्तद्व्यक्षादिजीवानां हेतुवादिकी ॥ ४६२ ॥ छद्मस्थसम्यग्दृष्टीनां, श्रुतज्ञानात्मिकाऽन्तिमा । मतिव्यापारनिर्मुक्ताः, संज्ञातीता जिनाः समे ॥ ४६३ ॥ इति संज्ञा २१ ॥

अर्थ–प्रवचनसारोद्धारवृत्तिमां तो ए प्रमाणे कहेलुं छे के–"तथा मतिज्ञानावरण कर्मना क्षयोपशमथी शब्द अने अर्थ विषयक सामान्य बोध क्रिया रूप ओघसंज्ञा, अने तेना (शब्दार्थना) विशेषावबोधक्रिया रूप लोकसंज्ञा छे. अने ए प्रमाणे होवाथी तात्पर्य ए आव्युं के "दर्शनोपयोग ते ओघसंज्ञा अने ज्ञानोपयोग ते लोकसंज्ञा" ए ठाणांगटीकानो अभिप्राय छे. ॥४५७॥ आचारांगजीनी टीकामां तो ए प्रमाणे कहेलुं छे के–वल्लीना वृक्षनी भित्यादि उपर (वृक्ष-उपर) चढवानी जे संज्ञा ते ओघसंज्ञा, अने लोकोए उपचार करेली (लोकोए व्यवहारमां प्रवर्तावेली) पोतानी इच्छा प्रमाणे घडेला (निर्णय करेला) विचारवाळी लोकसंज्ञा, जेम के संतानरहितने सद्गति न होय, श्वान (कूतरा) ते यक्ष छे, ब्राह्मणो देव छे,कागडा ते दादाओ(पूर्वज)छे, मयूरनी पांखना वायुवडे गर्भ रहे

१ अज्ञानियोए मानेला लौकिक शास्त्रमां प्रसिद्ध छे के अपुत्रस्य गतिर्नास्ति. (स्वर्गो)मोक्षो नैव च नैव च (=अपुत्रीयाने सद्गति छे नहिं अने स्वर्ग तो नथीज मथी ) तेथी सर्व प्रयत्न वडे पण एक पुत्र तो उत्पन्न करवोज,

२ वळी अज्ञानि लोको कहे छे के–जीव ज्यारे मरण पामे छे त्यारे यमराजाना दूत ते जीवने लेवा आवे छे तेने कूतराज देखे छे ए हेतुथी ज्यारे कूतरा रूए छे त्यारे लोको कोईकनु मरण नजीक आव्युं एम जाणे छे.

३ वळी मयूरनां आंसुनुं बिंदु मयूरी आस्वादे (चाखे) छे तेथी मयूरीने गर्भ रहे छे. इत्यादि अनेक कल्पनाओ लोकप्रसिद्ध छे,

छे इत्यादिक कल्पनाओ लोकसंज्ञा छे. तथा आचारांगमां तो मोह-धर्म-सुख-दुःख-जुगुप्सा अने शोक ए ६ संज्ञाओ सहित पूर्वनी १० संज्ञाओ मळी १६ संज्ञाओ वर्णवेली छे. ॥ ४५८ ॥ अथवा पहेली दीर्घकालिकी बीजी हेतुवाद नामनी अने त्रीजी दृष्टिवाद नामनी ए त्रण संज्ञाओ कहेली छे ॥४५९॥ त्यां पहेली संज्ञावडे अति दीर्घकाळनो व्यतीत थयेलो (घणा काळ पहेलांबनेलो) अर्थ (बनाव) स्मरण करे अने हवे केम करवुं ? ए प्रमाणे भविष्य काळनो विचार करे (ते दीर्घकालिकी संज्ञा कहेवाय.) ।४६०॥ तथा जे बीजी संज्ञावडे छाया अने आतप वगेरे वस्तुओमां इष्ट अने अनिष्टपणानो क्रमे करीने विचार करी पोताना सुखने माटे (तेमां) प्रवृत्ति अथवा निवृत्तिवाळो थाय (ते हेतुवाद संज्ञा). ॥४६१॥ तथा दृष्टिवादोपदेशिकी संज्ञा सम्यग्दृष्टि जीवोनेज होय छे, तेथी ए (दृष्टिवाद) संज्ञानी अपेक्षाए तो सर्वे मिथ्यादृष्टिओ असंज्ञि छे. । देव नारक अने गर्भज जीवोने दीर्घकालिकी संज्ञा, द्वीन्द्रियादिथी सम्मूर्च्छिम पंचेन्द्रिय सुधीना सर्व जीवोने हेतुवादिकी संज्ञा, ॥ ४६२ ॥ छद्मस्थ सम्यग्दृष्टि जीवोने छेल्ली श्रुतज्ञानरूप दृष्टिवाद संज्ञा होय छे, अने मतिज्ञानना व्यापार रहित एवा सर्वे अरिहंत-केवळी भगवान संज्ञारहित होय छे. ४६३ इतिसंज्ञाद्वारम् ॥

## ॥ संज्ञाचतुष्क यन्त्रं ॥

| संज्ञा | क्या कर्मना उदयथी | कइ गतिमां अधिक |
|---|---|---|
| आहार संज्ञा | असातावेदनीय | तिर्यंचगतिमां |
| भय संज्ञा | भय मोहनीय | नरक गतिमां |
| मैथुन संज्ञा | वेद मोहनीय | मनुष्य गतिमां |
| परिग्रह संज्ञा | लोभ मोहनीय | देव गतिमां |

## गतिमां संज्ञानुं अल्पबहुत्व.

| नरक गतिमां | | मनुष्य गतिमां | |
|---|---|---|---|
| मैथुन संज्ञावाळा | — अल्प | भयसंज्ञावाळा | —अल्प |
| आहार ,, | — तेथी संख्येयगुण. | आहार ,, | —तेथी संख्येयगुण |
| परिग्रह ,, | —तेथी संख्येयगुण, | परिग्रह ,, | —तेथी संख्येयगुण |
| भय ,, | — तेथी संख्येयगुण. | मैथुन ,, | —तेथी संख्येयगुण |
| **तिर्यंच गतिमां** | | **देव गतिमां** | |
| परिग्रह संज्ञावाळा | — अल्प | आहार संज्ञावाळा | — अल्प |
| मैथुन ,, | —तेथी संख्येयगुण | भय ,, | —तेथी संख्येयगुण |
| भय ,, | —तेथी संख्येयगुण | मैथुन ,, | —तेथी संख्येयगुण |
| आहार ,, | —तेथी संख्येयगुण | परिग्रह ,, | —तेथी संख्येयगुण |

## दीर्घकालिक्यादि संज्ञा

१ हेतुवादोपदेशिकी संज्ञा—पर्याप्तद्वीन्द्रियथी असंज्ञिपंचेन्द्रिय सुधीनां सर्व जीवोने (पर्याप्तावस्थामां)

२ दीर्घ कालिकी संज्ञा—सर्व देव नरक अने गर्भजने (पर्याप्ता अवस्थामां)

३ दृष्टिवादोपदेशिकी—छद्मस्थ सम्यग्दृष्टि जीवोने

---

इदुः स्यात्परमैश्वर्ये,धातोरस्य प्रयोगतः । इन्दनात्परमैश्वर्यादिन्द्र आत्माऽभिधीयते ॥४६४॥ तस्य लिङ्गं तेन सृष्टमितीन्द्रियमुदीर्यते । श्रोत्रादि पञ्चधा तच्च, तथाहुर्वाच भाष्यकृत् ॥४६५॥ इन्दो जीवो सव्वोवलद्धिभोगपरमेसरत्तणओ । सोत्ताइभेयमिंदियमिह तल्लिंगाइभावाओ ॥ ४६६ ॥ (इन्द्रो जीवः सर्वोपलब्धिभोगपरमेश्वरत्वतः ॥ श्रोत्रादिभेदमिन्द्रियमिह तल्लिङ्गादिभावात् ( सा० ११६ ) श्रोत्राक्षिघ्राणरसनस्पर्शनानीति पञ्चधा । तान्येकैकं द्विभेदं तद् द्रव्यभावविभेदतः ॥४६७ ॥ तत्र निर्वृत्तिरूपं स्यात्तथोपकरणात्मकम् । द्रव्येन्द्रियमिति द्वेधा, तत्र निर्वृत्तिराकृतिः ॥ ४६८ ॥ साऽपि बाह्यान्तरा च, बाह्या

तु स्फुटमीक्ष्यते । प्रतिजाति पृथग्रूपा, श्रोत्रपर्पटिकादिका ॥ ४६९ ॥ नानात्वान्नोपदेष्टुं सा, शक्या नियतरूपतः । नानाकृतीनीन्द्रियाणि, यतो वाजिनरादिषु ॥ ४७० ॥ अभ्यन्तरा तु निर्वृत्तिः,समाना सर्वजातिषु । उक्तं संस्थाननैयत्यमेनामेवाधिकृत्य च ॥४७१॥ तथाहि ॥श्रोत्रं कदम्बपुष्पाभमांसैकगोलकारमकम् । मसूरधान्यतुल्या स्याच्चक्षुषोऽन्तर्गताकृतिः ॥ ४७२ ॥ अतिमुक्तकपुष्पाभं, घ्राणं च काहलाकृति । जिह्वा क्षुरप्राकारा स्यात्, स्पर्शनं विविधाकृति ॥ ४७३ ॥ स्पर्शनेन्द्रियनिर्वृत्तौ; बाह्याभ्यन्तरयोर्न भित् । तथैव प्रतिपत्तव्यमुक्तत्वात्पूर्वसूरिभिः ॥ ॥ ४७४ ॥ बाह्यनिर्वृत्तीन्द्रियस्य, खड्गेनोपमितस्य या । धारोपमान्तर्निर्वृत्तिरत्यच्छपुद्गलात्मिका ॥ ४७५ ॥ तस्याः शक्तिविशेषो यः स्वीयस्वीयार्थबोधकः । उक्तं तदेवोपकरणेन्द्रियं तीर्थपार्थिवैः ॥४७६॥ युग्मम् । तदुक्तं प्रज्ञापनावृत्तौ, उपकरणं--खड्गस्थानीयाया बाह्यनिर्वृत्तेर्या खड्गधारासमाना स्वच्छतरपुद्गलसमूहात्मिका अभ्यन्तरा निर्वृत्तिस्तस्याः शक्तिविशेष इति ।(सा०११७] आचारांगवृत्तौ तु,निर्वर्त्यत इति निर्वृत्तिः. केन निर्वर्त्यते?, कर्मणा; तत्रोत्सेधाङ्गुलासंख्येयभागप्रमितानां शुद्धानामात्मप्रदेशानां प्रतिनियतचक्षुरादीन्द्रियसंस्थानेनावस्थितानां या वृत्तिरभ्यन्तरा निर्वृत्तिस्तेष्वेवात्मप्रदेशेष्विन्द्रियव्यपदेशभाग् यः प्रतिनियतसंस्थानोनिर्माणनाम्ना पुद्गलविपाकिना वर्द्धकीसंस्थानीयेनारचितः कर्णशष्कुल्यादिविशेषः, अङ्गोपाङ्गनाम्ना तु निष्पादित इति बाह्यनिर्वृत्तिः, तस्या एव निर्वृत्तेर्द्विरूपाया येनोपकारः क्रियते तदुपकरणं, तच्चेन्द्रियकार्यं, सत्यामपि निर्वृत्तावनुपहतायामपि मसूराद्या-

कृतिरूपायां निर्वृत्तौ तस्योपघाताश्च पश्यति तदपि निर्वृत्तिवद्द्वि-धेति (सा० ११८)। एवं च प्रज्ञापनावृत्त्यभिप्रायेण स्वच्छतरपु-द्गलात्मिका अभ्यन्तरनिर्वृत्तिः, प्रथमाङ्गवृत्त्यभिप्रायेण तु शुद्धा-त्मप्रदेशरूपा अभ्यन्तरनिर्वृत्तिरिति ध्येयम । इदमान्तरनिर्वृत्ते-र्ननू(तू)पकरणेन्द्रियम्। अर्थान्तरं शक्तिशक्तिमतोर्भेदात्कथञ्चन ॥४७७॥ कथञ्चिद्भेदश्च। तस्यामान्तरनिर्वृत्तौ, सत्यामपि पराहते। द्रव्यादिनोपकरणेन्द्रियेऽर्थाज्ञानदर्शनात् ॥ ४७८ ॥ इतिद्रव्ये न्द्रियम्।

अर्थ—२२ इन्द्रियद्वारम्, इदु धातु परम ऐश्वर्यना अर्थनो वाचक छे, माटे इदु धातुना प्रयोगथी इंदनात्–परमैश्वर्यपणु (उत्कृष्ट ठकुराइपणुं) होवाथी इंद्र एटले आत्मा कहेवाय छे. ॥४६४॥ ते इन्द्रनुं (आत्मानुं) लिंग [चिन्ह] अथवा ते इन्द्रे सरजेलुं-बनावेलुं माटे इन्द्रिय एम कहेवाय छे, ते इन्द्रिय श्रोत्र (कान) विगेरे पांच प्रकारनी छे, श्री (विशेषावश्यक) भाष्यकारे पण कह्युं छे के— ॥४६५॥ सर्व आत्मलब्धिओना भोगरूप परमैश्वर्यपणुं होवाथी आत्माज इन्द्र कहेवाय छे. माटे अहिं ते इंद्रनुं लिंग इत्यादि भावथी श्रोत्र वगेरे भेदवाळी इन्द्रिय कहेवाय छे. ॥४६६॥ त्यां श्रोत्र(कान)–चक्षु–घ्राण(नाक) रसन (जिह्वा) ने स्पर्शन (त्वगेन्द्रिय)–ए रीते ५ प्रकारनी इन्द्रियो छे ते पण दरेक द्रव्येन्द्रिय अने भावेन्द्रिय ए भेदथी बे बे प्रकारनी छे ॥ ४६७ ॥

॥ द्रव्येन्द्रियनुं स्वरूप. ॥

त्यां निर्वृत्ति रूप अने उपकरण रूप ए प्रमाणे द्रव्येन्द्रिय बे प्रकारनी छे तेमां निर्वृत्ति एटले आकृति एवो अर्थ थाय छे ॥ ४६८ ॥ वळी ते निर्वृत्ति पण बाह्य अने अभ्यन्तर (एम बे प्रकारनी छे) तेमां दरेक जातना जीवोने जे जुदा जुदा आकारनी कर्ण पर्पटिका (कान पापडी) वगेरे प्रत्यक्ष देखाय छे ते बाह्यनिर्वृत्ति ॥ ४६९ ॥ ते (बा० नि०) जुदा जुदा प्रकारनी होवाथी अमुक आकारवाळी छे एम कही शकाय तेम नथी, कारण के घोडा अने मनुष्यादिने [दरेक जातना जीवोने) ते इन्द्रियो जुदा जुदा आकारवाळी [प्रत्यक्ष देखाय)छे. ॥ ४७० ॥ अने अभ्यन्तर निर्वृत्ति (-इन्द्रियोनो अंतरंग आकार) तो दरेक

जातिना जीवोमां एक सरखो छे, माटे एनी (अभ्य० नि० नी) ज अपेक्षाए इन्द्रियोना आकारनुं नियतपणुं [एटले अमुक इन्द्रियनो अमुक आकार छे एम] कहेलुं छे. ॥ ४७१ ॥ ते आ प्रमाणे श्रोत्रेन्द्रिय कदंब [वृक्ष विशेष] पुष्प सरखा आकारवाळा मांसना गोळा रूप [जेवी] छे, चक्षु इन्द्रियनी अंतरंग आकृति मसूर नामना धान्यना दाणा सरखो [अथवा चंद्र सरखी गोळ] छे. ॥ ४७२ ॥ घ्राण इन्द्रिय अतिमुक्तक पुष्प सरखी अथवा काहल नामना [ पडघम] वाजींत्रना आकार सरखी छे, जिह्वेन्द्रिय खुरपा (अस्त्रा) ना आकारवाळी छे, अने स्पर्शेन्द्रिय जुदी जुदी जातना आकारवाळी छे. ॥ ४७३ ॥ स्पर्शेन्द्रियमां बाह्यनिर्वृत्ति अने अभ्यन्तर निर्वृत्तिनो भेद नथी एम पूर्वाचार्योए कहेलुं होवाथी तेमज स्वीकारवुं. ॥ ४७४ खड्ग सरखी बाह्य निर्वृत्तीन्द्रियनी धार सरखी अतिनिर्मळ पुद्गल रूप जे अभ्यन्तर निर्वृत्ति ॥४७५॥ तेनी जे पोतपोताना विषयनो बोध करावनारी शक्ति ते (शक्ति) नेज श्री तीर्थंकरोए उपकरणेन्द्रिय कही छे. ॥ ४७६ ॥ युग्मम्—आ बे श्लोकोनो अर्थ संबद्ध छे.

श्री प्रज्ञापनावृत्तिमां ए प्रमाणेज कहेलुं छे के—"खड्गना स्थानवाळी ( खड्गनी उपमावाळी ) बाह्यनिर्वृत्तिनी खड्गधारा सरखी ( धारानी उपमावाळी) अत्यन्त स्वच्छ पुद्गलना समूहरूप जे अभ्यन्तर निर्वृत्ति तेनो जे शक्तिविशेष ते उपकरण कहेवाय." अने श्री आचारांगवृत्तिमां तो निर्वर्त्यते—रचाय ते निर्वृत्ति. कोनावडे रचाय ? [उत्तर—] कर्मवडे. त्यां उत्सेधांगुलना असंख्यातमा भागप्रमाण शुद्ध आत्मप्रदेशोनी प्रतिनियत (नियमित) चक्षु आदि इन्द्रियोना आकारे रहेली (गोठवायली) जे वृत्ति—रचना ते अभ्यन्तरनिर्वृत्ति. एज (इन्द्रियने आकारे गोठवायला) आत्मप्रदेशोमां इन्द्रिय व्यपदेशने भजनारो [इन्द्रिय नामने धारण करनारो] नियमित आकारवाळो सुतार सरखा पुद्गलविपाकी निर्माणनामकर्मे रचेलो अने अंगोपांगनामकर्मवडे निष्पन्न थयेलो जे कर्णशष्कुली वगेरे आकार विशेष ते बाह्यनिर्वृत्ति कहेवाय. अने ए बन्ने प्रकारनी निर्वृत्तिनो जेना वडे उपकार कराय [ अर्थात् बन्नेने उपकार कर-

१ जेम कर्णेन्द्रियादिकनी पर्पटिकादि बाह्य आकृति छे तेम स्पर्शेन्द्रियनी बाह्य आकृति नहि होवाथी ए स्पर्शेन्द्रियमां बाह्यनिर्वृ० अने अभ्यं०नि० एवा बे भेद नथी

२ अभ्यन्तर उपकरणेन्द्रिय विषयबोधक छे (परन्तु बाह्योपक०) नहि.

नार ] ते उपकरणेन्द्रिय कहेवाय अने ते इन्द्रियना कार्यरूप छे. पुनः निर्वृत्तीन्द्रिय होते छते पण एटले प्रसूरादि आकृतिरूप (अभ्य०) निर्वृत्ति नहि हणाये छते पण तेना (उपकरणे०ना) उपघातथी (चक्षु वगेरे) देखी शके नहि. ते उपकरण इन्द्रिय पण निर्वृत्तिनी पेठे बे प्रकारनी छे" ए प्रमाणे प्रज्ञापना वृत्तिना अभिप्रायथी अति स्वच्छ पुद्गलरूप अभ्यन्तरनिर्वृत्ति छे अने आचारांगवृत्तिना अभिप्रायथी तो शुद्ध आत्मप्रदेशरूप अभ्यं०नि०छे. एम जाणवुं. वळी आ उपकरणेन्द्रिय शक्ति अने शक्तिमानना कथंचित्)भेदथी कोइपण रीते अंतरंग निर्वृत्तिथी जुदोज पदार्थ छे.[गाथामां नतु अने ननु बन्ने पाठ प्रत्यन्तरोमां देखाता होवाथी नतु शब्दनो नथी ए प्रमाणे अर्थ करतां ए गाथानो बीजी रीते अर्थ थाय ते नीचे स्फुटनोटमां दर्शावेल छे.) ॥४७॥ वळी तेओ बन्ने कथंचित् भेद आ प्रमाणे छे के—ते अभ्य० निर्वृत्ति होते छते पण द्रव्यादिक निमित्तथी उपकरणेन्द्रिय हणाये छते इन्द्रियमां पदार्थज्ञान थतुं देखातुं नथी (माटे अभ्य०नि०थी अभ्य० उप० सर्वथा जुदी नहि पण कथंचित् जुदी छे.) ॥ ४९८ ॥ ए प्रमाणे द्रव्येन्द्रियनुं स्वरूप कह्युं.

---

१ एमां इन्द्रियाकारे गोठवायला शुद्ध आत्मप्रदेशोनी विषय जाणवा रूप शक्ति ते अभ्य०उप०, अने इन्द्रियाकारे गोठवायेला इन्द्रियना पुद्गल समूहमां विषय ग्रहण करवानी जे शक्ति ते बाह्य०उप० कहेवाय. ए आचारांग वृत्तिनो भावार्थ छे.

२ अभ्य०उप० अने बाह्य उप० ए बन्नेनां उपघातथी

३ शुद्ध एटले तदावरणीयकर्मक्षयोपशम सहित तत्तद्विषयग्रहण करवा समर्थ.

४ चालु प्रकरणने अनुसारे अभ्य०निर्वृ०नी शक्तिरूप अभ्य०उप०.

५ कारण के अभ्य०निर्वृ० ते पुद्गल पदार्थरूप छे. अने अभ्य०उप० ते इन्द्रिय पुद्गलोनी शक्ति रूप छे.

६ "वळी कोइक अपेक्षाए शक्ति अने शक्तिमाननो भेद न होवाथी आ उपकरणे०ते अभ्य०निर्वृ०थी भिन्न जुदो पदार्थ नथी" ए 'नतु' पदथी अर्थ कर्यो.

७ जेम कर्णेन्द्रियमां घणा मोटा अवाज रूप शब्द पुद्गलोथी बहेर मारे छे. नाकमां श्लेष्मादि द्रव्य अधिक थवाथी गन्धग्राहकता अवराइ जाय छे. इत्यादि रीते द्रव्यादिनिमित्त जाणवुं.

अहिं घणे ठेकाणे सामान्यथी उपकरणेन्द्रिय अभ्यन्तर उप०नी सार्थकता वारंवार कही छे परन्तु बाह्य०उपक०नी सार्थकता स्पष्ट रीते दर्शावी नथी. ते संक्षेपमां आ प्रमाणे छे के बाह्य निर्वृत्ति जे चक्षुगोचर थती (प्रगट

## ॥ २९ इन्द्रियोना भेद ॥

१ निर्वृत्ति स्पर्शेन्द्रिय.
२ बाह्योपकरण द्रव्य स्पर्शेन्द्रिय
३ अभ्यन्तरोपकरण द्रव्य स्पर्शेन्द्रिय
४ लब्धि स्पर्शेन्द्रिय
५ उपयोग स्पर्शेन्द्रिय.
१ बाह्य निर्वृत्ति द्रव्य रसनेन्द्रिय
२ अभ्यन्तर निर्वृत्ति द्रव्य रसनेन्द्रिय
३ बाह्योपकरण द्रव्य रसनेन्द्रिय
४ अभ्यन्तरोपकरण द्रव्य रसनेन्द्रिय
५ लब्धि रसनेन्द्रिय
६ उपयोग रसनेन्द्रिय,
१ बाह्यनिर्वृत्ति द्रव्य घ्राणेन्द्रिय
२ अभ्यन्तर निर्वृत्ति द्रव्य घ्राणेन्द्रिय
३ बाह्योपकरण द्रव्य घ्राणेन्द्रिय
४ अभ्यन्तरोपकरण द्रव्य घ्राणेन्द्रिय
५ लब्धि घ्राणेन्द्रिय
६ उपयोग घ्राणेन्द्रिय.
१ बाह्यनिर्वृत्ति द्रव्य चक्षुरिन्द्रिय
२ अभ्यन्तर निर्वृत्ति द्रव्य चक्षुरिन्द्रिय
३ बाह्योपकरण द्रव्य चक्षुरिन्द्रिय
४ अभ्यन्तरोपकरण द्रव्य चक्षुरिन्द्रिय
५ लब्धि चक्षुरिन्द्रिय
६ उपयोग चक्षुरिन्द्रिय.
१ बाह्य निर्वृत्ति द्रव्य श्रोत्रेन्द्रिय
२ अभ्यन्तर निर्वृत्ति द्रव्य श्रोत्रेन्द्रिय
३ बाह्योपकरण द्रव्य श्रोत्रेन्द्रिय
४ अभ्यन्तरोपकरण द्रव्य श्रोत्रेन्द्रिय
५ लब्धि श्रोत्रेन्द्रिय
६ उपयोग श्रोत्रेन्द्रिय.

२९

द्विधा भावेन्द्रियमपि लब्धितश्चोपयोगतः। यथाश्रुतमथो वच्मि, स्वरूपमुभयोरपि ॥ ४७९ ॥ जन्तोः श्रोत्रादिविषयस्तत्तदावरणस्य यः। स्यात्क्षयोपशमो लब्धिरूपं भावेन्द्रियं हि तत् ॥ ४८० ॥ स्वस्वलब्ध्यनुसारेण, विषयेषु य आत्मनः। व्यापार उपयोगाख्यं, भवेद्भावेन्द्रियं च तत् ॥ ४८१ ॥ उपयोगेन्द्रियं चैकमेकदा नाधिकं भवेत्। एकदा ह्युपयोगः स्यादेक एव यदङ्गिनाम् ॥ ४८२ ॥ तथाहि॥इन्द्रियेणेह येनैव, मनः संयुज्य-

रीते देखातो) जिह्वादि ते पोतामां रहेली अभ्यन्तर जिह्वेन्द्रियादिकने आधार दानरूप उपकार करे छे, अने चक्षुनी पांपण वगेरे बाह्यनिर्वृत्ति ते अन्दर रहेली अभ्य० चक्षु इन्द्रियने आधार अने रक्षण रूप उपकार करे छे इत्यादि शेष इन्द्रियोमां पण जाणवुं. वळी आचारांग वृत्तिने अनुसारे विचार करतां तो बन्ने उपकरणेन्द्रियनी सार्थकता स्पष्ट मालूम पडे छे पण अहिं वास्तु प्रकरण प्रज्ञापना वृत्तिने अनुसरतुं होवाथी बाह्यउप० नी सार्थकता स्पष्ट रीते बहुश्रुतथी समजवा योग्य छे. ( दिगंबर आम्नायमां आचारांगवृत्तिना अभिप्रायने अनुसरतुं स्वरूप मानेलुं छे)

तेऽङ्गिनः । तदेवैकं स्वविषयग्रहणाय प्रवर्त्तते ॥ ४८३ ॥ सश-ब्दां सुरभिं मृद्वीं, खादतो दीर्घशष्कुलीम् । पञ्चानामुपयोगानां, यौगपद्यस्य यो भ्रमः ॥ ४८४ ॥ स चेन्द्रियेषु सर्वेषु, मनसः शीघ्रयोगतः । संभवेद्युगपत्पत्रशतवेधाभिमानवत् ॥४८५॥ युग्म-म् । अन्यथा तूपयोगौ द्वौ, युगपन्नार्हतोऽपि चेत् । छद्मस्थानां पञ्च तर्हि, संभवेयुः कथं सह ? ॥ ४८६ ॥ तदुक्तं प्रथमाङ्गवृत्तौ --आत्मा सहैति मनसा मन इन्द्रियेण, स्वार्थेन चेन्द्रियमिति क्रम एष शीघ्रः । योगोऽयमेव मनसः किमगम्यमस्ति, यस्मि-न्मनो व्रजति तत्र गतोऽयमात्मा ॥ १ ॥ [सा० ११९ ]

अर्थ--भाव इन्द्रियनुं स्वरूप -लब्धि अने उपयोग ना भेदथी भावेन्द्रिय बे प्रकारनी छे, हवे ते बन्नेनुं स्वरूप श्री सिद्धान्तने अनुसारे कहुं छुं. ॥४७९॥ जीवने कर्णादिक [इन्द्रियना] विषयवाळो ते ते (इन्द्रियना) आवरणनो जे क्षयो-पशम ते निश्चे लब्धि रूप भावेन्द्रिय छे. ॥ ४८० ॥ अने पोतपोतानी लब्धि ने (–क्षयोपशमने) अनुसारे ते ते विषयोमां आत्मानो जे (ज्ञानप्रवृत्ति रूप)व्या-पार ते उपयोग भावेन्द्रिय कहेवाय. ॥ ४८१ ॥ एक समयमां उपयोगेन्द्रिय एकज होय छे. कारणके जीवोने एक काळे एकज इन्द्रियमां उपयोग वर्ते छे. ॥ ४८२ ॥ ते आ प्रमाणे–अहिं जे इन्द्रियनी साथे प्राणीनुं मन जोडाय छे, तेज एक इन्द्रिय पोतानो विषय ग्रहण करवाने प्रवर्ते छे. ॥ ४८३ ॥ अने (कडकड) शब्दवाळी, सुगंधिदार, अने कोमळ एवी दीर्घ शष्कुली (जलेबी] खातां जेने पांचे इन्द्रियना उपयोगनो एक काळपणानो(समकालनो)भ्रम थाय छे,॥४८४॥ ते समकाळे १०० पत्र वेधवाना अभिमाननी पेठे पांचे इन्द्रियोमां मनना शीघ्र यो-

१ अर्थात् स्पर्शादि विषय जाणवानी जे क्षायोपशमिक शक्ति ते लब्धी-न्द्रिय अने विषयग्रहणमां जे प्रवृत्ति ते उपयोगेन्द्रिय जेम उंघता कुंभकारमां घटादि करण लब्धिरूपे छे, अने घट बनावती वखते घटकरण उपयोग भावे छे तद्वत्.


२ अहिं संज्ञिपंचेन्द्रियनी अपेक्षाए आ वात जाणवी, अन्यथा एकेन्द्रिय-विकले मननो अभाव होवाथी मन साथे जोडावुं बनतुं नथी.

गयो (पूर्वोक्त भ्रम) थाय छे. ॥ ४८५ ॥ अन्यथा समकाळे बे उपयोग अरिहंत सर्वज्ञने पण होता नथी तो छद्मस्थोने पांचे उपयोग समकाळे केम संभवे ? ॥ ४८६ ॥ श्री आचारांगनी वृत्तिमां कह्युं छे के—आत्मा मननी साथे जोडाय छे, मन इन्द्रियनी साथे जोडाय छे, अने इन्द्रिय पोताना विषय साथे जोडाय छे. ए रीते आ अनुक्रम छे. मननो एम शीघ्रयोग छे माटे मनने अगम्य शुं छे ? अर्थात् मन सर्वत्र शीघ्र गति करी शके छे. ) ए प्रमाणे मन ज्यां जाय छे त्यां आत्मा पण गयेलोज जाणवो. ॥ ४८७ ॥

किंच-एकाक्षादिव्यवहारो, भवेद् द्रव्येन्द्रियैः किल । अन्यथा बकुलः पञ्चाक्षः स्यात्पञ्चोपयोगतः ॥४८७॥ यदुक्तं- "पञ्चिंदिओ उ बउलो नरो व्व सव्वोवलद्धिभावाओ । तहवि न भण्णइ पञ्चिंदिओत्ति दव्विंदियाऽभावा ॥ ४८८ ॥" (पञ्चेन्द्रियस्तु बकुलः नर इव सर्वोपलब्धिभावात् । तथापि न भण्यते पञ्चेन्द्रिय इति द्रव्येन्द्रियाभावात् ॥ ) ( सा० १२० ) रणन्नूपुरशृङ्गारचारुलोलेक्षणामुखात् । निर्यत्सुगन्धिमदिरागण्डूषादेष पुष्यति ॥ ४८९ ॥ ततः पञ्चाप्युपयोगा भाव्या इति । अङ्गुलासंख्येयभागबाहल्यानि जिनेश्वराः । ऊचुः पञ्चापीन्द्रियाणि, बाहल्यं स्थूलता किल ॥ ४९० ॥ नन्वङ्गुलासंख्यभागबहले स्पर्शनेन्द्रिये । खड्गादिघाते देहान्तर्वेदनानुभवः कथम् ? ॥ ४९१ ॥ अत्रोच्यते ॥ त्वगिन्द्रियस्य विषयः, स्पर्शः शीतादयो यथा । चक्षुषोरूपमेवं तु, विषयो नास्य वेदना ॥

१ अर्थात् उपरा उपरी मूकेला १०० पांदडाने समर्थ युवान तीक्ष्ण भालाथी आरपार भेदी नाखे ते वखते तेने एवो अभिमान होय के में एको वखते १०० पांदडां भेद्यां पण वस्तुतः विचारतां एकेक पांदडुं भेदातां असंख्य असंख्य समय प्रमाण काळ व्यतीत थयेलो छे छतां पण ते स्थूलबुद्धिए नजरमां नहि आववाथी समकाळे भेद्यानी भ्रान्ति थाय छे तेम पांचे इन्द्रियोमां अनुक्रमे प्रवर्तता मनतो शीघ्रयोग लक्षमां नहि आववाथी एकी वखते पांचे इन्द्रियोनो विषय थयो एवी भ्रांति थाय छे

# ॥ इन्द्रियना २८ भेदनी स्थापना ॥




* स्पर्शेन्द्रियमां द्रव्यनिर्वृत्तिना बाह्य अने अभ्यन्तर एवा बे भेद नथी. अथवा केवळ अभ्यन्तर निर्वृत्तिस्पर्शेन्द्रिय छे. पण बाह्यनिर्वृत्तिस्पर्शेन्द्रिय नथी.

( आ यन्त्र पण द्रव्येन्द्रियनुं छे. )

॥ ४९२ ॥ दुःखानुभवरूपा सा, तां त्वात्माऽनुभवत्ययम् । सकले-नापि देहेन, ज्वरादिवेदनामिव ॥ ४९३ ॥ अथ शीतलपानीय-पानेऽन्तर्वेद्यते कथम् ? । शीतस्पर्शोऽन्तरा कौतस्कुतं स्यात्स्पर्श-नेन्द्रियम् ? ॥४९४॥ अत्रोच्यते ॥ सर्वत्राङ्गप्रदेशान्तर्वर्त्ति त्वगि-न्द्रियं किल। भवेदेवेति मन्तव्यं,पूर्वर्षिसंप्रदायतः॥४९५॥यदाह प्र-ज्ञापनामूलटीकाकारः, "सर्वप्रदेशपर्यन्तवर्त्तित्वात्ततोऽभ्यन्तरतोऽपि शुषिरस्योपरि त्वगिन्द्रियस्य भावादुपपद्यतेऽन्तरेऽपि शीतस्पर्शवे-दनानुभव" इति । ततोऽन्तरेऽपि शुषिरपर्यन्तेऽस्ति त्वगिन्द्रियम् । अतः संवेद्यते शैत्यं, कर्णादिशुषिरेष्विव ॥ ४९६ ॥ पृथुत्वमङ्गु-लासंख्यभागोऽतीन्द्रियवेदिभिः । त्रयाणामपि निर्दिष्टः, श्रवणघ्रा-णचक्षुषाम् ॥ ४९७ ॥ अङ्गुलानां पृथक्त्वं च, पृथुत्वं रसनेन्द्रि-ये । स्वस्वदेहप्रमाणं च, भवति स्पर्शनेन्द्रियम् ॥ ४९८ ॥ त्व-गिन्द्रियं विनाऽन्येषां, चतुर्णां पृथुता भवेत् । आत्माङ्गुलेन सो-त्सेधाङ्गुलेन स्पर्शनस्य तु ॥ ४९९ ॥ ननूत्सेधाङ्गुलेनैव, मितो देहो भवेत्ततः । मातुं तेनैव युज्यन्ते, तद्गतानीन्द्रियाण्यपि ॥ ॥ ५०० ॥ आत्माङ्गुलेन चत्वार्युत्सेधिकेनैकमिन्द्रियम् । ता-नीत्थं मीयमानानि, कथमौचित्यमियूति ॥५०१॥ अत्रोच्यते ॥ जिह्वादीनां पृथुलत्वे, औत्सेधेनोररीकृते । त्रिगव्यूतनरादीनां न स्याद्विषयवेदिता ॥५०२॥ तथाहि ॥ त्रिगव्यूतादिमनुजाः, ष-ड्गव्यूतादिकुञ्जराः । स्वस्वदेहानुसारात्स्युर्विस्तीर्णरसनेन्द्रियाः ॥ ॥ ५०३ ॥ तेषामान्तरनिर्वृत्तिरूपं चेद्रसनेन्द्रियम् । उत्सेधाङ्गु-लपृथक्त्वमितं स्यादल्पकं हि तत् ॥ ५०४ ॥ न व्याप्नुयात्सर्व-जिह्वां, ततोऽतिविदितोऽनया । सर्वात्मना रसज्ञानव्यवहारो न

सिद्धयति ॥ ५०५ ॥ गन्धादिव्यवहारोऽपि, भावनीयो दिशाऽनया । तत आत्माङ्गुलेनैव, पृथुत्वं रसनादिषु ॥ ५०६ ॥

अर्थ—वळी एकेन्द्रिय-बीन्द्रिय इत्यादिक जे व्यवहार ते निश्चय द्रव्येन्द्रियोनी अपेक्षाएज होय छे. नहिंतर बकुलवृक्षने पांचे (इन्द्रिय योग्य) उपयोग होवाथी पंचेन्द्रिय कहेवाय. कह्युं छेके—वळी मनुष्यनी पेठे सर्व उपलब्धि ( विषयग्राहकता) होवाथी बकुल वृक्ष पंचेन्द्रिय छे तोपण (पांच) द्रव्येन्द्रियना अभावथी पंचेन्द्रिय न कहेवाय. ॥ ४८८ ॥ (ते बकुल वृक्ष संबंधि पांच उपयोग आ प्रमाणे-) रणझणता झांझरना शृङ्गारवाळी मनोहर स्त्रीना मुखमांथी निकळती सुगंधि मदिराना कोगळाथी आ (बकुल) पुष्पवाळुं थाय छे. ॥ ४८९ ॥ एरीते पांचे इन्द्रिय योग्य उपयोग (एकेन्द्रियोमां पण) जाणवा.

॥ इन्द्रियोनी लंबाइ-पहोळाइ-ने जाडाइ —पांचे इन्द्रियोनुं श्री जिनेश्वरोए अंगुलना असंख्यातमा भाग जेटलुं बाहल्य कह्युं छे, अहिं निश्चे बाहल्य एटले जाडाइ जाणवी. ॥ ४९० ॥

प्रश्न—जो स्पर्शेन्द्रिय अंगुलना असंख्यातमा भाग जेटलीज जाडी होय तो खड्गादिकना घातथी देहनी अंदर पीडानो अनुभव केम थाय. ? ॥ ४९१ ॥

उत्तर—जेम चक्षुनो विषय रूप छे तेम स्पर्शेन्द्रियनो विषय शीत उष्णादि स्पर्श छे, परन्तु वेदनानो अनुभव थवो ते स्पर्शेन्द्रियनो विषय नथी. ॥ ४९२ ॥ अने ते वेदना तो दुःखना अनुभवरूप छे माटे ते वेदनाने तो आ आत्माज ज्वरादि (ताव-बुखारादि) नी पेठे सर्व देहवडे अनुभवे छे. ॥ ४९३ ॥

प्रश्नः—(जो एम छे तो) शीतल पाणी पीवाथी (देहनी) अन्दर (शीतस्पर्शनो) अनुभव केम थाय छे ! कारणके ( अन्दरना भागमां ) स्पर्शेन्द्रिय विना शीत स्पर्श केम लागे ? ॥ ४९४ ॥

उत्तर—आ स्पर्शेन्द्रिय निश्चे देहना सर्व प्रदेशमां (सर्वत्र) व्यापी रहेली छे. ए प्रमाणे पूर्वाचार्योना संप्रदायथी मानवा योग्य छे. ॥ ४९५ ॥ जे कारणथी

१ श्रोत्रेन्द्रियनो विषय जणाववा माटे ए विशेषण छे.

२ चक्षु इन्द्रियनो विषय जणाववा माटे ए विशेषण छे

३ घ्राणेन्द्रियनो विषय जणाववा माटे ए विशेषण छे

४ रसनेन्द्रियनो विषय जणाववा माटे ए विशेषण छे

५ स्पर्शेन्द्रियनो विषय जणाववा माटे ए विशेषण छे

श्री प्रज्ञापनाना मूलटीकाकारे पण कह्युं छे के " (अंगना) सर्व प्रदेशने अंन्ते व्यापी रहेली छे, माटे अन्दरथी (—मध्य भागमां) पोकळ अने उपरथी स्पर्शेन्द्रियनो सद्‌भाव होवाथी (देहनी) अंदर पण शीत स्पर्शनी वेदनानो अनुभव थाय छे. ॥ ४९६ ॥ " ए हेतुथी मध्य भागमां (वच्चमां) शून्य अने पर्यन्ते स्पर्शेन्द्रिय छे माटे जेम कान वगेरेना पोलाणमां शीतलता अनुभवाय छे तेम देहनी अंदरना भागमां (पोलाणोमां) पण शीतलतादिक अनुभवाय छे. ॥ ४९७ ॥

श्रोत्र-घ्राण—अने चक्षु ए त्रणे इन्द्रियोनी पृथुता (पहोळाइ) इन्द्रियने अगोचर पदार्थोने जाणनारा श्री सर्वज्ञोए अंगुलना असंख्यातमा भाग जेटली कही छे, ॥ ४९८ ॥ रसनेन्द्रियनी पृथुता अंगुलपृथक्त्व (—वधुमां वधु ९ अंगुल) प्रमाण छे, अने स्पर्शनेन्द्रिय पोतपोताना शरीर प्रमाण छे ॥ ४९९ ॥ एमां स्पर्शेन्द्रिय सिवाय बीजी चार इन्द्रियोनी पृथुता आत्मांगुलवडे अने स्पर्शेन्द्रियनी पृथुता उत्सेधांगुलवडे जाणवी. ॥ ५०० ॥

प्रश्नः—देहनुं माप उत्सेधांगुल वडेज होय छे माटे ते देहमां रहेली इन्द्रियो पण उत्सेधांगुलवडे मापवीज योग्य छे. ॥ ५०१ ॥ तो चार इन्द्रियो आत्मांगुल वडे अने एक इन्द्रिय उत्सेधांगुलवडे ए प्रमाणे (विषमपणे) मपाती ते इन्द्रियोनी (मापणी) केम उचित कहेवाय ?

उत्तर—जिह्वादि ४ नी पहोळाइ उत्सेधांगुलवडे स्वीकारतां ३ गाउना मनुष्य-वगेरेने विषयनुं जाणपणु न होय ॥ ५०२ ॥ ते आ प्रमाणे—३ गाउ वगेरेनी अवगाहनावाळा मनुष्यो, अने ६ गाउ आदि प्रमाणवाळा हस्तिओ पोतपोताना देहने अनुसारे विस्तृत जिह्वावाळा होय छे, ॥ ५०३ ॥ तेओनी जो अभ्यन्तर निर्वृत्तिरूप रसनेन्द्रिय उत्सेधांगुलना मापवडे अंगुल पृथक्त्व प्रमाण होय तो ते

१ अन्ते पटले देहनी उपरना अने अन्दरना पडना छेडे

२ चामडीनी अन्दरना अन्त्य प्रतरमां

३ आ स्पर्शेन्द्रिय देहना उपला भागमां अने देहनी अन्दरना भागमां पण रीते व्यापेली छे के जो ए इन्द्रियना प्रतरने एक बाजुथी उखेडवा मांडीए तो उपरना भागनो अने अन्दरना भागनो सर्व आखो उखडी आवे—अथवा जेम चांदीनुं पुतळु बनावी तेने बॅटरीथी तैयार करेला सोनाना रसमां बोळवाथी जेवुं सोनानुं गीलीट देहनो अन्दरना अने बहारना भागमां थइ जाय तेम पुतळाने चढावेला सोनाना गीलीट सरखी स्पर्शेन्द्रिय शरीरनी बहार अने अन्दरना भागमां उपर उपरथी (अंगुलना असंख्यातमा भागनी जाडाइथी) लागी गयेली छे. ए तात्पर्यथी उपरनो भाव विचारवो.

घणीज नानी थइ जाय. ॥ ५०४ ॥ अने तेथी ते ( अभ्यन्तरनि० सर्व जिह्वाए फेलाय नहिं, अने तेथी ए जिह्वेन्द्रियवडे सर्वत्र अभिमत एवो ज्ञाननो व्यवहार सिद्ध न थाय ( अर्थात् रसज्ञान न थाय. ) ॥५०५॥ वळी ए रीते गन्धादिकनो ( गन्ध-रूप-ने शब्दनो व्यवहार पण सिद्ध न थाय एम ) विचारवो. माटे जिह्वादिकमां आत्मांगुलवडे ज पहोळाइनुं माप जाणवुं. ॥ ५०६ ॥

जघन्यतोऽक्षिवर्जाण्यङ्गुलासंख्येयभागतः । गृह्णन्ति विषयं चक्षुस्त्वङ्गुलसङ्ख्यभागतः ॥५०७॥ अयं भावः ॥ प्राप्यार्थविच्छेदकत्वात्, श्रवणादीनि जानते । अङ्गुलासङ्ख्येयभागादपि शब्दादिमागतम् ॥ ५०८ ॥ चतुर्णामत एवैषां, व्यञ्जनावग्रहो भवेत् । दृष्टान्तान्नव्यमृत्पात्रशयितोद्बोधनात्मकात् ॥५०९ यथा शरावकं नव्यं, नैवैकेनोदबिन्दुना । क्लिद्यते किंतु भूयोभिः, पतद्भिस्तैर्निरन्तरम् ॥ ५१० ॥ एवं सुप्तोऽपि नैकेन, शब्देन प्रतिबुध्यते । किंतु तैः पञ्चषैः कर्णे, शब्दद्रव्यैर्भृते सति ॥ ५११ ॥ एवं व्यञ्जनावग्रहभावना नन्दीसूत्रे । चक्षुस्त्वप्राप्यकारित्वादङ्गुलसङ्ख्यभागतः । अर्थं जघन्याद् गृह्णाति, ततोऽप्यर्वाक्तरं न तु ॥ ५१२ ॥ तत एवातिपार्श्वस्थं, नैवाञ्जनमलादिकम् । चक्षुः परिच्छिनत्तीति, प्रतीतं सर्वदेहिनाम् ॥ ५१३ ॥ तथा॥श्रुतिर्द्वादशयोजन्याः, शृणोति शब्दमागतम् । रूपं पश्यति चक्षुः साधिकयोजनलक्षतः ॥ ५१४ ॥ आगतं नवयोजन्याः शेषाणि त्रीणि गृह्णते । गन्धं रसमथ स्पर्शमुत्कृष्टो विषयो ह्ययम् ॥ ५१५ ॥ ननु च प्राप्यकारीणि, श्रोत्रादीनीन्द्रियाणि चेत् । परतोऽप्यागतान् शब्दादीन् गृह्णन्ति कथं न तत् ? ॥५१६॥ द्वादशयोजनादिर्यो, नियमः सोऽपि निष्फलः । गृह्णाति प्राप्तसंबन्धं, सर्वमित्येव यौक्तिकम् ॥ ५१७ ॥ अत्रोच्यते॥शब्दादीनां

पुद्गला ये, परतः स्युः समागताः । तथामन्दपरीणामास्ते जायन्ते स्वभावतः ॥ ५१८ ॥ यथा स्वविषयं ज्ञानं, नोत्पादयितुमाशते । स्वभावान्नास्ति शक्तिश्चेन्द्रियाणामपि तद्ग्रहे ॥ ५१९ ॥ ततो विषयनियमो, युक्तोऽयं दर्शितः श्रुते । प्राप्यकारित्वे चतुर्णामिन्द्रियाणां स्थितेऽपि हि ॥ ५२० ॥ किञ्च ॥ नास्ति शक्तिश्चक्षुषोऽपि, विषयात्परतः स्थितम् । परिच्छेत्तुं द्रव्यजातं, युक्तस्तस्याप्यसौ ततः ॥ ५२१ ॥

अर्थ--इन्द्रियोनुं विषयक्षेत्र–चक्षु शिवायनी चार इन्द्रियो जघन्यथी अङ्गुलना असंख्यातमा भाग जेटला (दूर) क्षेत्रथी पोतानो विषय ग्रहण करे छे अने चक्षु अङ्गुलना संख्यातमा भाग दूर क्षेत्रथी विषय ग्रहण करे छे ॥ ५०७ ॥ तात्पर्य ए छे के–श्रोत्रादि इन्द्रियो प्राप्त ( स्पृष्ट ) पदार्थने जाणनार होवाथी अङ्गुलना असंख्यातमा भागथी आवेला शब्दादिकने पण जाणे छे, ॥ ५०८ ॥ ए हेतुथीज ए चार इन्द्रियोनो नवीन माटीनुं भाजन अने सुतेलाने जगाडवारूप दृष्टान्तथी ( ते ४ नोज ) व्यञ्जनावग्रह होयछे. ते आ प्रमाणे—जेम नवुं शरावलुं ( माटीनुं नानुं कुंडुं वा कोडीउं ) पाणीना एक बिंदु वडे भिंजातु नथी, पण वारंवार पडतां घणा बिंदुओ वडे भींजाय छे ॥५१०॥ तेमज सुतेलो पुरुष पण एक शब्द वडे जागतो नथी, परन्तु चार पांच वार करेला शब्दो वडे बोलावतां तेना कान शब्द द्रव्यवडे भर्ये छतेज जागे छे ॥५११॥ ए प्रमाणे व्यञ्जनावग्रहनां दृष्टान्तो श्रीनन्दीसूत्रमां छे. वळी चक्षुइन्द्रिय अप्राप्यकारी होवाथी जघन्यथी अंगुलना संख्यातमा भाग दूर क्षेत्रथीज पोतानो विषय ग्रहण करेछे, परन्तु तेथी पण नजीकवर्ती क्षेत्रमां रहेल विषय ग्रहण करे नहि. ॥५१२॥ ए कारणथीज अतिनजीकमां रहेल काजळ अने मेल ( पीया वगेरे ) वगेरे चक्षु जाणी शकती नथी ए वात सर्व प्राणीओने प्रसिद्ध—प्रत्यक्ष छे ॥५१३॥ तथा श्रोत्रेन्द्रिय (उत्कृष्टतः) १२ योजनथी आवेलो शब्द सांभळे छे. अने चक्षु कंइक अधिक एक लाख योजन दूरथी पदार्थनुं वर्णादि रूप देखी शकेछे ॥५१४॥ अने शेष ३ इन्द्रियो वधारेमां वधारे ९ योजन

१ पोताने स्पर्शेला विषयने नहि जाणनारी पण दूर रहेला विषयने जाणनारी जे इन्द्रिय ते अप्राप्यकारी (चक्षु ने मन) छे.

दूरथी आवेला गंध –रस– अने स्पर्शने ( अनुक्रमे ) ग्रहण करी शकेछे. ए उत्कृष्ट विषय कह्यो. ॥५१५॥ प्रश्नः—श्रोत्रादि ४ इन्द्रियो जो प्राप्यकारी छे तो आगळथी आवेला शब्दादिक विषयोने पण केम ग्रहण न करे ? ॥५१६॥ अने तेथी १२ योजन इत्यादि जे नियम छे ते पण निष्फळ छे, कारणके प्राप्त थयेला सर्व विषयोने ग्रहण करे एज वात युक्तिवाळी छे. ॥५१७॥

उत्तरः— जे शब्दादिकना पुद्गलो आगळथी आवेला होय ते स्वभावथी ज एवा मंद परिणामवाळा थइ जाय छे के॥५१८॥जेथी पोताना विषयनु ज्ञान उत्पन्न कराववा समर्थ थता नथी, तेमज दूर रहेला विषयने ग्रहण करवामां इन्द्रियोनी शक्ति पण स्वभावथीज नथी. ॥५१९॥ ते कारणथी चार इन्द्रियोने प्राप्यकारीपणुं होते छते पण सिद्धान्तमां दर्शावेलो ते विषयनियम युक्तिवाळोज छे॥५२०॥ वळी स्वविषयक्षेत्रथी दूर रहेला द्रव्यसमूहने जाणवामां ( ग्रहण करवामां अप्राप्यकारी ) चक्षुनी पण शक्ति नथी. तेथी ए चक्षुनो पण ( कहेलो ) विषय नियम योग्यज छे ॥ ५२१ ॥

जिह्वाघ्राणस्पर्शनानि, त्रीण्यप्येतानि गृह्णते । बद्धस्पृष्टं द्रव्यजातं, स्पृष्टमेव परं श्रुतिः ॥५२२॥ यदुक्तं—"पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासई अपुट्ठं तु । गन्धं रसं च फासं च,बद्धपुट्ठं वियागरे॥५२३॥"(सा०१२१)(स्पृष्टं शृणोति शब्दं,रूपं पुनः पश्यत्यस्पृष्टं तु । गन्धं रसं च स्पर्शं च बद्धस्पृष्टं व्यागृणीया(कुर्या)त्) बद्धं तत्रात्मप्रदेशैरात्मीकृतमिहोच्यते । स्पृष्टमालिङ्गितमात्रं, ज्ञेयं वपुषि रेणुवत् ॥५२४॥ "बद्धमप्पीकयं पएसेहिं, पुट्ठं रेणुं व तणुंमि (सा० १२२) ( बद्धमात्मीकृतं प्रदेशैः, स्पृष्टं रेणुवत्तनौ) " इति वचनात् ॥ समेऽपि प्राप्यकारित्वे, चतुर्णामपि नन्वयम् । को विशेषः स्पृष्टबद्धस्पृष्टार्थग्रहणात्मकः ? ॥ ५२५ ॥ अत्रोच्यते ॥ स्पर्शगन्धरसद्रव्यौघानां शब्दव्यपेक्षया । अल्पत्वाद्बादरत्वाच्चाभावुकत्वाच्च सत्वरम् ॥ ५२६ ॥ स्पर्शनघ्राणजिह्वानां, मन्दशक्तितयाऽपि च । बद्धस्पृष्टं वस्तुजातं, गृह्णन्त्येतानि निश्चितम् ॥ ५२७ ॥ स्पर्शादिद्रव्यसंघा-

तापेक्षया शब्दसंहतिः । बह्वी सूक्ष्माऽसकृच्छब्दयोग्यद्रव्याभिवासिका ॥ ५२८ ॥ तन्निवृत्तोन्द्रियस्थान्तर्गत्वोपकरणेन्द्रियम् । स्पृष्टाऽपि सद्यः कुरुतेऽभिव्यक्तिं सा स्वगोचराम् ॥५२९॥ अन्येन्द्रियापेक्षया च, श्रवणं पटुशक्तिकम् । ततः स्पृष्टानेव शब्दान्, गृह्णातीत्युचितं जगुः ॥ ५३० ॥ श्रुतेर्यत्प्राप्यकारित्वे, बौद्धोक्तं स्पर्शदूषणम् । चण्डालशब्दश्रवणादिष्वयौक्तिकमेव तत् ॥५३१॥ स्पृश्यास्पृश्यविचारो हि, स्याल्लोकव्यवहारतः । नेन्द्रियाणां च विषयेष्वसौ कस्याप्यसौ मतः ॥ ५३२ ॥ स्पृष्टार्थग्राहकत्वं यत्, परैरक्ष्णोऽपि कथ्यते । तदयुक्तं तथात्वे हि, दाहः स्याद्वह्न्यवेक्षणात् ॥ ५३३ ॥ तथा ॥ काचपात्राद्यन्तरस्थं, दूरादेवेक्ष्यते जलम् । तच्चित्त्वान्तःप्रवेशे तु, जलश्रावः प्रसज्यते ॥ ५३४ ॥ इत्याद्यधिकं रत्नाकरावतारिकादिभ्योऽवसेयम्, (सा० १२३) विस्तरभयान्नेह प्रतन्यते ॥ यच्च सिद्धान्ते 'चक्खुप्फासं हव्वमागच्छइ' (सा० १२४) ( चक्षुःस्पर्शी शीघ्रमागच्छति) इति श्रूयते, तत्र स्पर्शशब्देन इन्द्रियार्थसन्निकर्ष उच्यते, तथाहुः ॥ 'सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ' (सूर्यश्चक्षुःस्पर्शी शीघ्रमागच्छति ) इत्येतज्जम्बूद्वीपप्रज्ञप्तिप्रतीकवृत्तौ–"अत्र च स्पर्शशब्द इन्द्रियार्थसन्निकर्षपरश्चक्षुषोऽप्राप्यकारित्वेन तदसंभवादि"ति (सा० १२५) ॥

॥ इन्द्रियग्राह्य विषयोनुं स्वरूप ॥

अर्थ–जिव्हा–घ्राण–अने स्पर्शन ए त्रणे इन्द्रियो बद्धस्पृष्ट द्रव्यसमूहने ग्रहण करेछे, परन्तु श्रोत्रेन्द्रिय तो मात्र स्पृष्ट द्रव्यनेज ग्रहण करे छे, ॥३२२॥ (विशेषा० भाष्यमां] कह्युं छे के—स्पृष्ट थयेला शब्दने सांभळे छे,अने रूपने अस्पृष्ट छतुं देखे छे, तथा गंध–रस–अने स्पर्शने बद्धस्पृष्ट (पणे) ग्रहण करे" एम कह्यु छे " ॥५२१॥

अहीं बद्ध एटले आत्मप्रदेशोए आत्मरूप करेल ( एकीभावे करेल ) कहेवाय अने शरीर उपर लागेली रजनी माफक आलिंगित मात्र [ वळगेल ] होय ते स्पृष्ट कहेवाय ॥५२४॥ " बद्ध एटले आत्मप्रदेशोए आत्मीकृत अने स्पृष्ट एटले शरीर पर लागेली रजनी माफक ए प्रमाणे ( विशेषा०मां ) कहेलुं होवाथी ( पूर्वोक्त अर्थ युक्त छे. )

प्रश्नः— चारे इन्द्रियोनुं प्राप्यकारीपणुं सरखुं छतां पण स्पृष्टबद्ध अने स्पृष्टविषयने ग्रहण करवा रूप ते [illegible] केम ? ॥५२५ ॥

उत्तरः— शब्द द्रव्यनी अपेक्षाए स्पर्श–गंध–अने रसना द्रव्यनो समूह अति अल्प–बादर अने शीघ्र अवासक [ बीजा पुद्गलोने ते परिणामे नहि परिणमावनार] वाळुं होवाथी अने स्पर्शन—घ्राण–तथा जिह्वा पण ( ग्रहण करवामां) मंदशक्तिवाळी होवाथी ए त्रणे इन्द्रियो निश्चय बद्धस्पृष्ट द्रव्यसमूहनेज ग्रहण करे छे. ॥ ५२६ ॥ अने स्पर्शादिद्रव्यसमूहनी अपेक्षाए शब्दनो समूह घणो–सूक्ष्म–अने नजीक रहेला (पोताने स्पर्शेला) शब्दयोग्य द्रव्यने शब्दपणे परिणमावनार छे ॥ ५२७ ॥ तेथी ते (द्रव्यसमूह ते अभ्यं०) निर्वृत्ति श्रोत्रेन्द्रियमां जइने अने [अभ्य०] उपकरणेन्द्रियने स्पर्शीने पोताना विषयवाळी अभिव्यक्ति (स्वविषयिकबोध) तुर्तज करे छे ॥ ५२८ ॥

वळी बीजी इन्द्रियोनी अपेक्षाए श्रोत्रेन्द्रिय पटुशक्ति (शीघ्रशक्ति) वाळी छे, तेथी स्पृष्ट शब्दद्रव्यने ग्रहण करे एम जे कह्युं ते उचित छे. ॥ ५२९ ॥ श्रोत्रेन्द्रियनुं प्राप्यकारीपणुं मान्ये छते चंडालनो शब्द सांभळवादिकने विषे बौद्धोनुं कहेलुं जे स्पर्शदूषण ते युक्तिरहित छे. । कारणके स्पृश्यास्पृश्यनो विचार लोकव्यवहा-

१ आकाशमां रहेल बीजा द्रव्यसमूहने पोताना स्वरूपे नहि परिणमावनार ते अवासक.

२ बौद्धो एम माने छे के अन्त्यज वर्णने जेम देहनो स्पर्श थवाथी अभडायानुं गणाय छे तेम तेना बोलेला शब्दादिक स्पर्श थतां पण आपणे अभडाइये होए जेथी श्रोत्रेन्द्रिय शब्दद्रव्यने स्पर्श कर्याविना एटले अप्राप्यकारिपणे श्रवण करे छे, वळी ते बाबतमां एक युक्तिपण तेओ कहे छे के जेवुं चक्षुरिन्द्रियथी पदार्थ देखवाथी दिग्देशनुं नियतपणुं जणाय छे तेवुंज शब्द-सांभळतां श्रोत्रेन्द्रियथी पण जणाय छे, माटे श्रोत्रेन्द्रिय चक्षुनी माफक अप्राप्यकारी छे विगेरे. परन्तु ए वात अनुचित छे. कारण स्पृश्यास्पृश्य व्यवहार लौकिकव्यवहारने अनुसरतो छे, शब्दमां कोइए पण ते मान्यो नथी तथा दिग्देशनियतपणुं गन्ध सुंघतां घ्राणेन्द्रियमां पण देखाय छे. माटे युक्तिपण व्यभिचारदोषग्रस्त छे, इति तात्पर्य.

रथी ( देहने अडवामां तथा क्वचित् छाया विगेरेमां ) होय छे, परन्तु ए व्यवहार इन्द्रियोना विषयमां कोइए पण मानेलो नथी ॥ ५३० ॥ वळी नैयायिक विगेरे चक्षुने पण जे स्पृष्टविषयनुं ग्रहण करवापणुं ( प्राप्यकारीपणुं ) कहे छे ते अयुक्त छे, कारण के जो तेम होय तो अग्निने देखवाथी ( चक्षुमां ) दाह उत्पन्न थाय ॥ ५३१ ॥ तथा काच वगेरेना वासणना आंतरे रहेलुं [काच वगेरेना पडदे रहेलुं ] जळ दूरथी देखाय छे, त्यां ( चक्षुनां किरण ) जो ते पडदाने भेदीने अंदर प्रवेश करतां होय तो ते ( भेदायला वासणमांथी ) जळ झरी जवानो (निकळवानो) प्रसंग आवे ॥ ५३२ ॥ इत्यादि अधिकवृत्तान्त रत्नाकरावतारिकादिकथी जाणवुं, परन्तु विस्तारना भयथी अहिं तेनो विस्तार करता नथी. वळी सिद्धान्तमां जे "चक्षुना स्पर्शने शीघ्र पामे" एवो पाठ संभळाय छे त्यां "स्पर्श" ए शब्दवडे (अडकवुं ए अर्थ नहि पण) इन्द्रियना विषयनु नजीकपणुं [इन्द्रियना विषयक्षेत्रमां रहेवापणुं] एवो अर्थ थाय छे. श्री जम्बूद्वीपप्रज्ञप्तिनी वृत्तिमां कह्युं छे के—"सूर्य चक्षुना स्पर्शमां शीघ्र आवे" अहिं स्पर्श ए शब्द इन्द्रियना विषयना नजीकपणा [योग्यदेशमां रहेवापणा]रूप सम्बन्ध दर्शावनारो छे. कारणके चक्षु अप्राप्यकारी होवाथी ते (संघट्टरूप) स्पर्शनो असंभव छे. ॥

मेया आत्माङ्गुलैरेव, प्रागुक्तेन्द्रियगोचराः । प्रमाणाङ्गुलमाने स्युर्महीयांसोऽधुना हि ते ॥ ५३३ ॥ उत्सेधाङ्गुलमाने तु, कथं भरतचक्रिणः । पुर्यादौ स्वाङ्गुलमितनवद्वादशयोजने ॥ ५३४ ॥ एकत्र वादिता भम्भा, सर्वत्र श्रूयते जनैः । तस्मादात्माङ्गुलोन्मेया, विषया इति युक्तिमत् ॥ ३५ ॥ युग्मम् ॥ आह ॥ प्रमाणाङ्गुलजानेकलक्षयोजनसम्मिते । स्वर्विमाने कथं घण्टा, सर्वत्र श्रूयते सुरैः? ॥५३६॥ त्रेधैरप्यङ्गुलैनय, विषयो घटते श्रुतेः । द्वितीयोपाङ्गटीकायामस्योत्तरमवेक्ष्यतां ॥ ५३७ ॥ तथाहि ॥ तस्यां मेघौघरसितगम्भीरमधुरशब्दायां योजनपरिमण्डलायां सुस्वराभिधानायां घण्टायां त्रिस्ताडितायां सत्यां यत्सूर्याभं विमानं तत्प्रासादनिष्कुटेषु ये आप-

लिताः शब्दवर्गणापुद्गलास्तेभ्यः समुच्छलितानि यानि घण्टाप्रतिश्रुतिशतसहस्राणि-घण्टाप्रतिशब्दलक्षास्तैः संकुलमपि जातमभूत्, किमुक्तं भवति? घण्टायां महता प्रयत्नेन ताडितायां ये विनिर्गताः शब्दपुद्गलास्तत्प्रतिघाततः सर्वासु दिक्षु विदिक्षु च दिव्यानुभावतः समुच्छलितैः प्रतिशब्दैः सकलमपि विमानमनेकयोजनलक्षमानमपि बधिरितमुपजायते इति, एतेन द्वादशभ्यो योजनेभ्यः समागतः शब्दः श्रोत्रग्राह्यो भवति, न परतः, ततः कथमेकत्र ताडितायां घण्टायां सर्वत्र तच्छब्दश्रुतिरुपजायते इति यदुच्यते तदपाकृतमवसेयं, सर्वत्र दिव्यानुभावतस्तथारूपप्रतिशब्दोच्छलने यथोक्तदोषासंभवात् [सा० १२६) । अपरं च ॥ इगवीसं खलु लक्खा, चउतीसं चेव तह सहस्साइं । तह पंच सया भणिया, सत्ततीसा य अइरित्ता ॥१॥ २१३४५३७॥इति नयणविसयमाणं, पुक्खरदीवड्ढवासिमणुआणं । पुव्वेण य अवरेण य, पिहं पिहं होइ नायव्वं ॥५३८॥ (सा० १२७) (एकविंशतिः खलु लक्षाः चतुस्त्रिंशच्चैव तथा सहस्राणि । तथा पञ्च शतानि भणितानि सप्तत्रिंशच्चातिरिक्तानि ॥१॥ इति नयनविषयमानं पुष्करद्वीपार्धवासिमनुजानाम् । पूर्वेण चापरेण च पृथक् २ भवति ज्ञातव्यम्॥)एवं च-स प्रागुक्तोऽक्षिविषयो, न विसंवदते कथम्?। अत्रैतत्सूत्रतात्पर्यं, व्याचचक्षे बुधैरिदम् ॥५३९॥ लक्षयोजनमानो दृग्विषयः परमस्तु यः । अभास्वरं पर्वतादि, वस्त्वपेक्ष्य स निश्चितः॥५४०॥स्याद्भास्वरं तु सूर्यादि, वस्त्वपेक्ष्याधिकोऽपि सः । व्याख्यानतो विशेषार्थप्रतिपत्तिरियं किल ॥५४१॥ इदं विशेषावश्यकेऽर्थतः (सा०१२८)॥

अर्थ—पूर्वे कहेला इन्द्रियना विषयो ( विषयक्षेत्र ) आत्मांगुलवडे मापवा, कार-

णके प्रमाणांगुलवडे मापतां आ काळमां ते घणाज मोटा [ घणा दूर ] थइ जाय ॥ ५३३ ॥ अने उत्सेधांगुलवडे मापतां पोताना अङ्गुलने अनुसारे ९ योजन पहोळी अने १२ योजन लांबी भरतचक्रवर्तिनी नगरी वगेरेमां ॥ ५३४ ॥ एक ठेकाणे वगाडेली भंभा ( युद्धनी तैयारी करवाने वगाडातुं वाजींत्र ) लोकोथी सर्व ठेकाणे ( संपूर्ण नगरीमां ) केवी रीते संभळाय ? तेथी इन्द्रियना विषयो आत्मांगुलवडे मापवा युक्तियुक्त (व्याजबी) छे. ॥ ५३५ ॥

प्रश्न—प्रमाणांगुले करीने अनेक लाख योजन प्रमाणवाळा देवविमानमां वागती घंटाने देवो विमानमां सर्व ठेकाणे केवी रीते सांभळी शके ? । माटे श्रोत्रेन्द्रियनो विषय त्रण प्रकारमांना कोइपण अंगुलवडे घटी शकतो नथी ॥ ५३६॥

उत्तर—ए प्रश्ननो उत्तर बीजा उपाङ्गनी ( रायपसेणीय सूत्रनी ) टीकामां जुओ, तेमां आ प्रमाणे छे के—" मेघना समूहनी गर्जना सरखा गंभीर अने मधुर ध्वनिवाळी. एक योजनप्रमाण मण्डलाकारवाळी ( १ योजन प्रमाण व्यास लंबाइवाळी गोळ), ते सुस्वरा नामनी घंटाने त्रणवखत वगाडये छते सूर्याभ नामनुं विमान पण. ते विमानना प्रासादनिष्कुटोमां ( म्हेलनी भींतोमां ) जे शब्दवर्गणाना पुद्गलो अफळाया, ते पुद्गलोमांथी उछळेला जे घंटाना लाखो प्रतिध्वनिओ ( पडघा ) एटले घंटाना लाखो गमे प्रतिशब्दो ते (प्रतिध्वनिओ ) वडे (ते विमान) व्याकुळ पण थइ गयुं. तात्पर्य ए छे के—घणा मोटा प्रयत्नथी घंटाने वगाडये छते तेमांथी जे शब्दपुद्गलो निकळ्या ते शब्दपुद्गलोना प्रतिघातथी सर्व दिशा अने विदिशाओमां दिव्यप्रभावथी उछळेला प्रतिध्वनिओवडे अनेक लाख योजन प्रमाणनुं पण समस्त विमान व्हेरुं थइ जाय छे आ वचनवडे जे १२ योजनथी आवेलो शब्द श्रोत्रेन्द्रियग्राह्य होय अने आगळथी नहिं, तो एक ठेकाणे घंटा वगाडये छते सर्वविमानमां तेनो शब्द केवी रीते संभळाय ? एम जे कहेवाय ते दूर कर्युं (तेनुं निराकरण कर्युं) जाणवुं. कारणके दिव्य प्रभावे विमानमां सर्वत्र तथाप्रकारनो प्रतिध्वनि उछळतो होवाथी पूर्वे कहेला दोषनो सं-

१ कारण के भरतनो आत्मांगुल ते प्रमाणांगुल छे माटे भरतना अंगुलवडे मपायली नगरी प्रमाणांगुलवडे ९ अने १२ योजन प्रमाण जेटली घणी मोटी थइ जाय ( अंगुलप्रकरणमां दर्शाव्या प्रमाणे भरतना आत्मांगुलनो विष्कम्भ गणतां ३० योज० लांबी ने २२॥ योज० उत्सेधांगुलने अनुसारे पहोळी अथवा २७० उत्सेध योजन क्षेत्रफळ वाळी थवाथी) अने एक ठेकाणे वगाडेली भंभानो शब्द १२ उत्सेध योजन जेटले ज दूरथी संभळाइ शके माटे.

भवज नथी. ॥५३७॥ वळी "निश्चये २१ लाख ३४ हजार अने ५३७ अधिक (२१३४५३७ योजन)ए चक्षुना विषयनुं प्रमाण पुष्करार्द्धद्वीपमां रहेनारा मनुष्योने पूर्वदिशाए अने पश्चिमदिशाए जूदुं जूदुं छे(अर्थात् पूर्वमां २१३४५३७ अने पश्चिममां पण २१३४५३७ यो० ) एम जाणवुं." ॥ ५३८ ॥ जो ए प्रमाणे सूत्रमां कहेलुं छे तो पूर्वे कहेलो ते चक्षुइन्द्रियनो (१ लाख यो० अधिक) विषय विसंवाद केम न पामे?(पूर्वापर विरोधी केम न कहेवाय?), अहिं पूर्व पंडितोए ए सूत्रनुं तात्पर्य आ प्रमाणे कह्युं छे के—चक्षुइन्द्रियनो उत्कृष्ट विषय जे लाख योजन प्रमाण छे ते अभास्वर एवी ( प्रकाश रहित ) पर्वतादि वस्तुओनी अपेक्षाए निश्चय करेलो छे. ॥ ५४० ॥ अने प्रकाशवाळा एवा सूर्य वगेरे पदार्थोनी अपेक्षाए तो तेथी अधिक पण जाणवो. ए खुलासो मूळ सूत्रमां नथी तोपण "व्याख्यानात् विशेषप्रतिपत्तिः" एटले व्याख्यानथी ( टीका वगेरेथी) विशेष ( ) ज्ञान ( ) थाय छे ए न्यायने अनुसारे जाणवो. ॥ ५४१ ॥ आ वर्णन श्री विशेषावश्यकजीमां भावार्थरूपे करेलुं छे.

अनन्ताणूद्भवान्येतानीन्द्रियाण्यखिलान्यपि । असङ्ख्येयप्रदेशावगाढानि निखिलानि च ॥ ५४२ ॥ स्तोकावगाहा दृक् श्रोत्रघ्राणे सङ्ख्यगुणे क्रमात् । ततोऽसङ्ख्यगुणा जिह्वा, संङ्ख्यघ्नं स्पर्शनं ततः ॥ ५४३ ॥ स्तोकप्रदेशं नयनं, श्रोत्रं सङ्ख्यगुणाधिकम् । ततोऽसंख्यगुणं घ्राणं, जिह्वाऽसङ्ख्यगुणा ततः ॥ ५४४ ॥ ततोऽप्यसङ्ख्यगुणितप्रदेशं स्पर्शनेन्द्रियम् । इत्यल्प-

१ पुष्करार्धनी मर्यादा करनार (अथवा मनुष्यक्षेत्रनी मर्यादा करनार) मानुषोत्तर पर्वतना उत्तर किनारा उपर फरतो सूर्य पुष्करार्धमां रहेला मनुष्योने २१३४५३७ योजनथी कंइक अधिक दूर पूर्वदिशामां उदय पामतो देखाय छे, अने एटले ज दूर पश्चिम दिशामां अस्त पामतो पण देखाय छे, मनुष्यक्षेत्रनो व्यास ४५ लाख जोजन छे तेनो वर्ग करी दश गुणी वर्ग मूळ काढतां जे परिघ आवे ते त्रण दशांश ( $\frac{३}{१०}$ ) भाग २१३४५३७ जोजन अधिक थाय. ए २१ लाख इत्यादि प्रश्नोत्तररूप संवाद श्रीविशेषावश्यकजीमां छे.

२ " व्याख्यानतो विशेषप्रतिपत्तिर्भवति न हि सन्देहादलक्षणं " व्याख्यानथी (टीका विगेरेथी) विशेष (स्वरूप) ज्ञान थाय छे. सन्देहथी सूत्र असूत्र थतुं नथी, ( परिभाषा )

बहुत्वेषां स्यादवगाहप्रदेशयोः ॥५४५॥ तुर्योपाङ्गे तु ॥ श्रोत्राक्षिनासिकं द्वे द्वे, जिह्वैका स्पर्शनं तथा। एवं द्रव्येन्द्रियाण्यष्टौ, भावेन्द्रियाणि पञ्च तु ॥५४६॥ (सा० १२१) सर्वेषां सर्वजातित्वे, द्रव्यतो भावतोऽपि च । अतीतानीन्द्रियाणि स्युरनन्तान्येव देहिनाम्॥५४७॥विनाऽनादिनिगोदे(दि)भ्यो,ज्ञेयमेतत्तु कोविदैः । स्वजातावेव तेषां तु, तान्यतीतान्यनन्तशः ॥ ५४८ ॥ किञ्च ॥ येषामनन्तः कालोऽभून्निर्गतानां निगोदतः । तेषामपेक्षया ज्ञेयमेतत् श्रुतविशारदैः ॥ ५४९ ॥ एवमन्यत्रापि यथा सम्भवं भाव्यम् ॥

इन्द्रियोनी अवगाहना अने प्रदेशनी अल्पबहुता ॥

अर्थ–ए सर्वे इन्द्रियोअनन्त परमाणुओनी बनेली छे,अने ते सर्वे इंद्रियो असंख्य आकाशप्रदेशमांअवगाहना करीने(पोतानुं क्षेत्र रोकीने)रहेली छे. ॥५४२॥ तेमां चक्षुइन्द्रियनी अवगाहना सर्वथी अल्प छे. तेथी अनुक्रमे श्रोत्रेन्द्रियनी संख्यगुणी, तेथी घ्राणेन्द्रियनी संख्यगुणी, तेथी जिह्वेन्द्रियनी असंख्यगुणी अने तेथी स्पर्शनेन्द्रियनी संख्यातगुणी अवगाहना छे ॥५४३॥ चक्षु सर्वथी अल्प प्रदेशवाळी छे, तेथी

१ अंगुलना असं० भाग प्रमाण सर्वथी नानी होवाथी.

२ संख्यातगुण ( असंख्याकाशप्रदेश प्रमाण अंगुलना असंख्यातमा भागना असंख्यभेदो पडे छे. तेथी अंगुलना असंख्यातमा भाग जेटली छतां ) चक्षु करता मोटी होवाथी.

३ तेथी पण संख्यातगुण (अंगु० नो असं० भाग) मोटी जाणवी.

४ अंगु० ना असं० भागथी अंगुलपृथक्त्व असंख्यगुण मोटुं छे. माटे

५ अंगु० पृथक्त्व थी साधिकहजार अथवा साधिक लाख योजन संख्यात गुणा छे माटे.

श्रोत्रेन्द्रिय संख्यात गुणप्रदेशवाळी. अने तेथी घ्राणेन्द्रिय असंख्यगुण प्रदेशवाळी, तेथी रसनेन्द्रिय असंख्यगुण प्रदेशवाळी, ॥५४४॥ अने तेथी पण स्पर्शेन्द्रिय असंख्यगुणप्रदेशवाळी छे. ए प्रमाणे इंद्रियोना अवगाह अने प्रदेशनी अल्पबहुता छे. ॥ ५४५ ॥ वळी चोथा उपांगमां (प्रज्ञापनासूत्रना इन्द्रिय पदमां) तो श्रोत्र-चक्षु अने नासिका बे बे छे.जिह्वा अने स्पर्शेन्द्रिय एकेक छे.ए प्रमाणे द्रव्येन्द्रियो ८ अने भावेन्द्रियो पांच कहेली छे. ॥५४६॥ (कया जीवोने अतीत अने भावि केटली केटली इन्द्रियो होय ! ते कहे छे ) सर्व जीवोने सर्व (एकेन्द्रियादि) जातिमां द्रव्येन्द्रियो अने भावेन्द्रियो अनन्ती व्यतीत थयेली छे. ॥ ५४७ ॥ आ विचारणा अनादि निगोदीया जीवो सिवायना जीवोने आश्रयि बुद्धिमानोये जाणवी, कारणके ते अनादिनिगोदीया जीवोने पोतानी [ निगोदीया स्वरूप ] जातीमांज अनन्ती द्रव्येन्द्रियो अने भावेन्द्रियो व्यतीत थयेली छे. ॥ ५४८ ॥ वळी जे जीवोने निगोदमांथी निकळ्याने अनन्तो काळ थयो छे, तेओनी अपेक्षाए आ ( सर्व जातिमां अनन्ती इन्द्रियोनु व्यतीत थवा पणुं ) श्रुतज्ञानमां होंशीयार पुरुषोये जाणवुं ॥ ५४९ ॥ आ प्रमाणे बीजे ठेकाणे पण यथासंभव [ जेम जेम घटे तेम तेम ] विचारवुं.

१ अहिं प्रदेशोनुं अल्पबहुत्व अवगाहनाने अनुसरीने छे. तो पण घ्राणेन्द्रियना प्रदेशो असंख्यगुण कह्या छतां अवगाहना संख्यात गुणीज मोटी थाय छे कारण घणा पुद्गलोनो पण अल्प आकाशप्रदेशमां अवगाह स्वभाव होवाथी तेम थवामां दोषापत्ति नथी.

२ अनादि निगोदीया जीवो त्यांथी नीकळेलानथी जेथी बीजी जातिपणे तेओनी उत्पत्तिज थयेली नथी माटे ते रूपे तेमने इन्द्रियो थयेली नथी.

## ॥ इन्द्रियोमां ९ द्वारनो यन्त्र ॥

| इन्द्रियोनां नाम | जाडाइ प्रमाण १ | विस्तार प्रमाण २ | केटले दूर रहेलो विषय ग्रहे ? ३ | प्राप्यकारी के अप्राप्यकारी ४ | केटले दूरथी आवेलो विषय ग्रहण करे. ५ | बद्धस्पृष्ट स्पृष्ट के अस्पृष्ट विषय ग्रहे ६ | अवगाहनानुं अल्पबहुत्व ७ | केटलाप्रदेशोनी बनेली ८ प्रदेशाकृत्याल्पबहुत्व | द्रव्येन्द्रियो केटली ? ९ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| स्पर्शेन्द्रिय | अंगुलनो असंख्यातमो भाग | स्वदेह प्रमाण | अंगुलासंख्येय भाग [बद्ध स्पृष्ट विषय] | प्राप्यकारी | ९ योजन (आत्मांगुली) | बद्धस्पृष्ट | ५ रसनं० थी संख्यगुण. | ५ रसनं० थी असंख्यगुण. | १ | |
| रसनेन्द्रिय | ,, | आत्मांगुल पृथक्त्व | ,, | ,, | ,, | ,, | ४ घ्राणे० थी असंख्यगुण | ४ घ्राणे० थी असंख्यगुण | १ | |
| घ्राणेन्द्रिय | ,, | आत्म अंगुलनो असंख्यातमो भाग | ,, | ,, | ,, | ,, | ३ श्रोत्रथी संख्येयगुण | ३ श्रोत्रथी असंख्येयगुण | २ | |
| चक्षुरिन्द्रिय | ,, | ,, | अंगुलसंख्येय भाग (अस्पृष्ट विषय) | अप्राप्यकारी | साधिक १ लाख योजन (अभास्वर वस्तु आश्रयि) (आत्मांगुली) | अस्पृष्ट | १ सर्वथी अल्प अवगाहना वाळी | १ अनन्तप्रदेशी सर्वथी अल्प प्रदेशो | २ | |
| श्रोत्रेन्द्रिय | ,, | ,, | अंगुलासंख्येय भाग (स्पृष्ट विषय) | प्राप्यकारी | १२ योजन (आत्मांगुली) | स्पृष्ट | २ चक्षुथी संख्येयगुण | २ चक्षुथी संख्येयगुण | २ | |

एकादीनि सन्ति पञ्चान्तानि भावेन्द्रियाणि च । एकद्वित्रिचतुष्पञ्चेन्द्रियाणां स्युर्यथाक्रमम् ॥ ५५० ॥ भावीनि नैव केषाञ्चिद्वर्त्तन्ते मुक्तियायिनाम् । केषाञ्चित्पञ्च षट् सप्त, सङ्ख्यासङ्ख्यान्यनन्तशः ॥ ५५१ ॥ सिध्यतां भाविनि भवे, नरनारकनाकिनाम् । पञ्चाक्षतिर्यक्पृथ्व्यम्बुद्रूणां पञ्च जघन्यतः ॥५५२॥ पृथ्व्यादिजन्मान्तरितमुक्तीनां तु मनीषिभिः । षट्सप्तप्रमुखाण्येवं, भाव्यानि प्रोक्तदेहिनाम् ॥५५३॥ सङ्ख्येयानि च तानि स्युः, सङ्ख्यातभवकारिणाम् । असङ्ख्येयान्यनन्तान्यसङ्ख्येयानन्तजन्मनाम् ॥५५४॥ रिष्टामघामाघवतीनारकाणां च युग्मिनाम् । नृणां तिरश्चां भावीनि, दश तानि जघन्यतः ॥ ५५५ ॥ पञ्चाक्षेभ्योऽन्यत्र नैषामुत्पत्तिर्नाप्यनन्तरे । भवे मुक्तिस्तत एषां, दशोक्तानि जघन्यतः ॥५५६॥ वाय्वग्निविकलाक्षाणां, जघन्यतो भवन्ति षट् । क्ष्मादिजन्मान्तरितैषां, मुक्तिर्नानन्तरं यतः ॥ ५५७ ॥ एकद्वित्रिचतुष्पञ्चेन्द्रियाणां स्युरनुक्रमात् । द्रव्येन्द्रियाणि सन्त्येकं, द्वे चत्वारि षडष्ट च ।५५८। भविष्यन्ति न केषाञ्चित्केषाञ्चिदष्ट वा नव । दश षोडश केषाञ्चित्सङ्ख्यासङ्ख्यान्यनन्तशः ॥ ५५९ ॥ भावना प्राग्वत् ॥

अर्थ–एकेन्द्रिय द्वीन्द्रिय त्रीन्द्रिय–चतुरिन्द्रिय-अने पंचेन्द्रिय जीवोने अनुक्रमे एक–बे–त्रण--चार--अने पांच भावेन्द्रियो ( वर्तमानकाळमां ) छे. ॥ ५५० ॥ केटलाएक मुक्तिगामी जीवोने भावी इन्द्रिय एकपण वर्त्तती नथी. अने बीजा केटलाएक जीवोने कोइने पांच कोइने छ-सात–संख्यात–असंख्यात–अने अनन्त इन्द्रियो भविष्यमां थनार होय छे ॥ ५५१ ॥ आवता भवमांज मोक्षे जनारा मनुष्य–नारक–देव–पंचे० तिर्यंच–पृथ्वी–अप्–अने वनस्पति जीवोने जघन्यथी (भावी) इन्द्रियो पांच छे, ॥ ५५२ ॥ वळी वचमां पृथ्व्यादिकमो एक भव करीने त्यारबाद मोक्षे जनाराओने भावी छ इन्द्रियो

कहेली छे, ए प्रमाणे सात वगेरे इन्द्रियो पण पूर्वोक्त जीवोने (वचमां द्वीन्द्रियादिकनो एक भव करी मोक्षे जनाराओने) कही छे. तेबुद्धिमानोए विचारवी ॥५५३॥ तथा वचमां संख्याता भव करी मोक्षे जनाराओने संख्यात इन्द्रियो, वचमां असंख्य भव करनारने असंख्य इन्द्रियो अने वचमां अनन्त भव करनारने अनन्त इन्द्रियो भविष्यमां थनारी कही छे. ॥ ५५४ ॥ रिष्टा-मघा-अने माघवतीना नारकजीवोने-युगलिक मनुष्य-अने युगलिक तिर्यञ्चोने जघन्यथी भावी इन्द्रियो १० कही छे. ॥ ५५५ ॥ कारण के ए जीवोनी उत्पत्ति पञ्चेन्द्रिय शिवाय बीजी जातिमां होती नथी, अने ए जीवोनो अनन्तर भवमां (आवता भवमां) मोक्ष थतो नथी माटे तेओने जघन्यथी पण भावी इन्द्रियो १० *कही छे, ॥५५६॥ वायु-अग्नि-अने विकलेन्द्रियोने भावी इन्द्रियो जघन्यथी ६ छे. कारणके ए जीवोने वचमां पृथ्व्यादि (पृ०-अप्-वन०नो) एक भव कर्याविना मोक्ष छे नहिं. ॥५५७॥ ( ए प्रमाणे भावी भावइन्द्रियोनी संख्या कहीने हवे भावी द्रव्येन्द्रियो केटली होय ते कहे छे. ) एके०-द्वीन्द्रिय-त्रीन्द्रिय-चतुरि०-अने पञ्चे० जीवोने (वर्तमान) द्रव्येन्द्रियो अनुक्रमे १-२-४[२]-६ अने ८ होय छे. ॥ ५५८ ॥ एमांना केटलाएक जीवोने भावि(काले)द्रव्येन्द्रियो थवानी नथी, अने केटलाएकने ८ अथवा ९-१०-१६ थवानी छे अने केटलाएकने संख्यात-असंख्यात-अने अनन्त पण थवानी छे. ॥ ५५९ ॥ ए सम्बन्धी विचारणा पूर्वनीपेठे ( स्वबुद्धिए ) करवी.

नारकस्य नारकत्वे, भावतो द्रव्यतोऽपि च । तान्यतीतान्यनन्तानि, सन्ति पञ्चाष्ट च स्फुटम् ॥ ५६० ॥ भविष्यन्ति

१ आ पेरेग्राफमां विवक्षित जीवने मोक्षे जवां सुधीमां वच्चे कोइपण भव करवानी अपेक्षाए भावी द्रव्येन्द्रियो कही.

* कारणके ए त्रण नारकजीवो मनुष्यमां आवीने तुर्त मोक्षे न जाय पण नरकमांथी नीकळी तिर्यंचपञ्चे० अथवा सातमी नरक शिवायना एटले के पांचमी छठ्ठी नारकीना जीवो मनुष्यनो भव करी मनुष्यमां आवी मोक्षे जाय. अने युगलिको युगलिकपणामांथी अवश्य देव ज थाय ने त्यांथी मनुष्यमां आवी मोक्षे जाय ए प्रमाणे दरेकने वच्चे बे भव कर्या विना मोक्ष नथी माटे.

२ नासिका बे गणवानी होवाथी १ स्पर्शना, १ रसना, २ घ्राण ए ४ त्रीन्द्रियने, चउरिन्द्रियने २ नेत्र साथे ६ अने पंचेन्द्रियने २ कान साथे ८ इन्द्रियो गणाय छे,

न केषाञ्चित्केषाञ्चित्पञ्च चाष्ट च । ज्ञेयानि तान्येकवारं, नरकं यात्यतोऽङ्गिनः ॥५६१॥ सङ्ख्येयान्येतानि सङ्ख्यवारं नरकयायिनः। असङ्ख्येयान्यप्यनन्तान्येवं भाव्यानि धीधनैः ॥५६२॥ अतिक्रान्तान्यनन्तानि, सुरत्वे नारकस्य च । वर्त्तमानानि नैव स्युर्भावीनि पुनरुक्तवत् ॥ ५६३ ॥ विजयादिविमानित्वे, यदि स्युर्नारकाङ्गिनाम् । नातीतानि भविष्यन्ति, पञ्चाष्ट दश षोडश ॥ ५६४ ॥ एवं सर्वगतित्वेन, सर्वेषामपि देहिनाम् । भावनीयान्यतीतानि, सन्ति भावीनि च स्वयम् ॥ ५६५ ॥ नृत्वे नृणामतीतान्यनन्तान्यष्ट च पञ्च च । सन्ति तद्भवमुक्तीनां, तानि भावीनि नैव च ॥ ५६६ ॥ अन्येषां तु मनुष्यत्वे, भावीनि पञ्च चाष्ट च । जघन्यतोऽपि स्युर्मुक्तिर्यन्न मानुष्यमन्तरा ॥ ५६७ ॥अनुत्तरामराणां च, स्वत्वे सन्त्यष्ट पञ्च च। यदि स्युर्भूतभावीनि, तावन्त्येव तदा खलु ॥ ५६८ ॥ विजयादिविमानेषु, द्विरुत्पन्नो ह्यनन्तरे। भवे वि(वै)मुक्तिमाप्नोति, ततो युक्तं यथोदितम् ॥ ५६९ ॥ अन्यजातित्वे त्वनन्तान्यतीतान्यथ सन्ति न। भावीनि संख्यान्येवैषां, नृत्ववैमानिकत्वयोः ॥ ५७० ॥ तथोक्तं प्रज्ञापनावृत्तौ–" इह विजयादिषु चतुर्षु गतो जीवो नियमात्तत उद्वृत्तो न जातुचिदपि नैरयिकादिषु पञ्चेन्द्रियतिर्यक्पर्यवसानेषु तथा व्यन्तरेषु ज्योतिष्केषु च मध्ये समागमिष्यति. मनुष्येषु सौधर्मादिषु वा गमिष्यतीति (सा० १२०)॥सर्वार्थसिद्धदेवत्वे, सर्वार्थसिद्धनाकिनाम्। न स्युर्भूतभविष्यन्ति सन्ति पञ्चाष्ट च स्फुटम् ॥ ५७१ ॥ तेषामन्यगतित्वे चातीतानि स्युरनन्तशः। नैव सन्ति भविष्यन्ति, नृगतावष्ट

पञ्च च ॥ ५७२ ॥ (गतिआश्रयी भावे० द्रव्ये० नी त्रिकाल गोचर संख्या )

*अर्थ-नारकजीवने नारकपणामां भावथी अने द्रव्यथी पण अनन्त इन्द्रियो पूर्वे व्यतीत थइ गइ. अने वर्तमानमां ( भावे० ) ५ तथा (द्रव्ये०) ८ प्रगट पणे छे. ॥ ५६० ॥ एमांना केटलाक नारकीओने भावी (द्रव्येन्द्रियो अथवा भावेन्द्रियो ) थवानी नथी, अने केटलाएकने पांच अने आठ इन्द्रियो थवानी छे, अने ते (५–८ हवेथी ) एक ज वार नरकमां ( जइ मोक्षे ) जनारा नारकीओनी अपेक्षाए जाणवी ॥ ५६१ ॥ तथा संख्याती वार नरकमां (उत्पन्न थइ मोक्षे) जनारा नारकीओने संख्याती इन्द्रियो, अने एज प्रमाणे असंख्यात तथा अनन्त इन्द्रियो पण बुद्धिमानोए भावी काळमां थनारी विचारवी ॥ ५६२ ॥ तथा नारकजीवने देवपणामां ( देवपणानी ) अनन्त इन्द्रियो व्यतीत थइ गइ, वर्तमानकाळमां नारकपणुं होवाथी देवपणानी इन्द्रिय एक पण नथी अने (देवपणानी) भावीइन्द्रियो तो पूर्वे कह्या प्रमाणे ( ५–८ अथवा संख्य असंख्य ने अनन्त ) जाणवी ॥५६३॥ तथा नारकीने विजयादि अनुत्तर विमानमां देवपणानी इन्द्रियनो जो विचार करीए तो तेवी एकपण इन्द्रिय व्यतीत थइ नथी पण भविष्यमां [वच्चे १ भव करे तो) ५–८ अथवा (वच्चे ३ भव करे तो) १०–१६ इन्द्रियो (अनुत्तर देवपणानी) थवानी छे. ॥ ५६४ ॥ ए प्रमाणे सर्व प्राणीओनी सर्व गतिपणे व्यतीत–वर्तमान--अने भावी इन्द्रियो पोतानी मेळे विचारवी. ॥ ५६५ ॥ तथा मनुष्योने मनुष्यपणानी अनन्त इन्द्रियो व्यतीत थइ गइ—वर्तमानकाळमां ५ अने ८ छे, अने एज भवमां मोक्षे जनार मनुष्योने भावी इन्द्रिय एक पण नथी ज ॥ ५६६ ॥ मनुष्य शिवायना बीजा जीवोने मनुष्यपणा सम्बन्धि भावी इन्द्रियो जघ० थी ५ अने ८ छे,कारणके तेओनी मुक्ति मनुष्यभव पाम्या विना छे ज नहि,॥५६७॥ तथा अनुत्तर देवोने अनुत्तर देवपणा संबंधि इन्द्रियो वर्तमानकाळमां ५ अने ८छे, अने जो व्यतीत थइ होय अथवा भावीकाळमां थवानी होय तो पण निश्चय तेटलीज ( ५–८ ) छे. ॥ ५६८ ॥ कारणके विजयादि ( चार ) विमानमां बे वार उत्पन्न थयेलो जीव अनन्तर ( आवता ) भवमां मोक्षज पामे छे, माटे ए कहेली वात यथार्थ छे. ॥ ५६९ ॥ तथा ( ए विजयादि देवोने) अन्यजातिपणा सम्बन्धि

१ अहिंथी सर्व नारकी वगेरे जीवने मोक्षे जता सुधीमां कया भव सम्बन्धि केटली इन्द्रियो थइ, छे अने थशे ? ते कहे छे.

(एकेन्द्रियादिपणानी) अनन्त इन्द्रियो व्यतीत थइ छे, वर्तमानकाळमां नथी, अने एओने भविष्यकाळमां मनुष्यपणानी अने वैमानिकपणानी एवे सम्बन्धि संख्यात (९-८ वा १९-२४) इन्द्रियोज थवानी छे. ॥५७०॥ श्री प्रज्ञापनावृत्तिमां कह्युं छे के-अहिं विजयादिचार विमानमां गयेलो जीव निश्चय त्यांथी निकळ्यो छतो नरकथी मांडीने पंचेन्द्रियतिर्यञ्च सुधीमां तथा व्यन्तरना दंडकोमां अने ज्योतिषिमां पण आवशे नहिं, परन्तु मनुष्यमां अने सौधर्मादिकमां जइ शके छे. ॥ ५७१ ॥ तथा सर्वार्थसिद्ध देवोने सर्वार्थसिद्धदेवपणा सम्बन्धि व्यतीत इन्द्रियो थइ नथी, वर्तमानमां ९ ने ८ तो प्रगट ज छे. अने ए देवोने अन्यगतिसम्बन्धि अनन्त इन्द्रियो व्यतीत थइ छे, वर्तमानमां नथी, अने भविष्यमां मनुष्यगतिसम्बन्धि ९ ने ८ थवानी छे. ॥ ५७२ ॥

संज्ञिपञ्चेन्द्रियाणां यत्, स्मृत्यादिज्ञानसाधनम्। मनो नोइन्द्रियं तच्च, द्विविधं द्रव्यभावतः॥ ५७३ ॥ तत्र च ॥ मनःपर्याप्त्यभिधाननामकर्मोदयादिह। मनोयोग्यवर्गणानामादाय दलिकान्यलम् ॥ ५७४ ॥ मनस्त्वेनापादितानि, जन्तुना द्रव्यमानसम्। जिनैरूचे तथा चाह, नन्द्यध्ययनचूर्णिकृत् ॥ ५७५ ॥ "मणपज्जत्तिनामकम्मोदयतो जोग्गे मणोदव्वे घेत्तुं मणत्तेण परिणामिया दव्वा दव्वमणो भन्नइ" ( सा० १३१ ) ( मनःपर्याप्तिनामकर्मोदयतो योग्यानि मनोद्रव्याणि गृहीत्वा मनस्त्वेन

१ कारण के अनुत्तरदेवपणुं प्राप्त थया बाद जीव नरकादिमां जतो नथी पण वच्चे एक अथवा वैमानिक देव भवान्तरित बे भव मनुष्यना करी मोक्ष ज जाय छे. माटे

२ पांचमा शतककर्मग्रन्थमां उत्कृष्ट बन्धनुं आंतरुं बताव्युं छे त्यां विजयादिविमानथी च्यवेलाओने वधारे भवो पण देखाड्या छे तेमज तेनी टीकामां विजयादि विमानोमां बे वार गयो छतां पण संसारमां केटलाक भवो करे छे नरकतिर्यग्गति योग्य कर्म पण बांधे छे, आ प्रमाणे कहेलुं छे. तथा " विजयाइ विमाणेहिंय संखिज्जभवाओ होंति बोद्धव्वा " आ गाथामां संख्याताभवो विजयादि विमानथी च्यवेलाओने बताव्या छे. तथा " चतुर्विंशतिभवान्नातिक्रामन्ति " एवो वृद्धवाद होवाथी उपर बताव्या करतां वधारे इन्द्रियोनो पण संभव थाय छे, तत्त्वं पुनः केवलिनो विदन्ति.

परिणामितानि द्रव्याणि द्रव्यमनो भण्यते ॥) इति । मनोद्र-व्यावलम्बेन, मनःपरिणतिस्तु या ॥ जन्तोर्भावमनस्तत्स्यात्त-थोक्तं पूर्वसूरिभिः ॥ ५७६ ॥ “ जीवो पुण मणपरिणामकि-रियावंतो भावमणो. किं भणियं होइ ? मणदव्वालम्बणो जी-वस्स मणणवावारो भावमणो भन्नइ ” ( सा० १३२ ) ( जी-वः पुनर्मनःपरिणामक्रियावान् भावमनः, किं भणितं भव-ति ? मनोद्रव्यालम्बनो जीवस्य मननव्यापारः भावम-नो भण्यते ॥ ) इति नन्द्यध्ययनचूर्णौ ॥ अत एव च ॥ द्रव्य-चित्तं विना भावचित्तं न स्यादसंज्ञिवत् । विनापि भावचित्तं तु, द्रव्यतो जिनवद्भवेत् ॥ ५७७ ॥ तथोक्तं “ भावमनो वि-नापि च द्रव्यमनो भवति, यथा भवस्थकेवलिनः, ” इति प्रज्ञा-पनावृत्तौ ॥ ( सा० १३३ ) स्तोका मनस्विनोऽसङ्ख्यगुणाः श्रोत्रान्वितास्ततः । चक्षुर्घ्राणरसज्ञाढ्याः, स्युः क्रमेणाधिकाधि-काः ॥ ५७८ ॥ अनिन्द्रियाश्च निर्दिष्टा, एभ्योऽनन्तगुणाधि-काः । स्पर्शनेन्द्रियवन्तस्तु, तेभ्योऽनन्तगुणाधिकाः ॥५७९॥ लोकेऽथ ॥ चक्षुःश्रोत्रघ्राणरसनत्वङ्मनोवाक्पाणिपादपायूपस्थ-लक्षणान्येकादशेन्द्रियाणि सुश्रुतादौ उक्तानि, ( सा० १३४ ) नाममालायामपि ‘बुद्धीन्द्रियं स्पर्शनादि, पाण्यादि तु क्रि-येन्द्रियं’ इत्यभिहितं, ( सा० १३५ ) ॥ इतीन्द्रियाणि २२ ॥

अर्थ–प्रसंगे नोइन्द्रिय (मन नुं स्वरूप कहे छे–संज्ञिपञ्चेन्द्रियोने जे स्मृति विगेरे ज्ञानमां कारणभूत नोइन्द्रिय एटले मन छे ॥ ५७३ ॥ ते द्रव्यथी अने भावथी बे प्रकारनुं छे. त्यां मनःपर्याप्ति नामे नाम कर्मना उदयथी अहिं मनोयो-ग्य वर्गणानां दलिकने सम्पूर्ण [ जोइए ते प्रमाणमां ] ग्रहण करी जीवे ( ते द-लिकने) मनपणे परिणमाव्यां होय ते जिनेश्वरोए द्रव्यमन कह्युं छे. श्रीनन्दि-

सूत्रनी चूर्णि कर्ताए पण तेमज कह्युं छे के ॥ ५७४ ॥ " मनःपर्याप्ति नामकर्मना उदयथी मनोयोग्य द्रव्यने ग्रहण करी मनपणे परिणमावेलां जे पुद्गलद्रव्यो ते द्रव्यमन कहेवाय " ॥५७५ ॥ ए मनोद्रव्यना आलम्बनथी जीवनो जे चिंतवन परिणाम [ चिंतवन ] ते भावमन छे. पूर्वाचार्योए पण तेमज कह्युं छे के– " वळी मन परिणामनी क्रियावाळो जे जीव ते भावमन, तात्पर्य ए छे के मनोद्रव्यना आलम्बन वाळा जीवनो जे मनोव्यापार ते भावमन कहेवाय छे " ए प्रमाणे श्री नन्दिअध्ययननी चूर्णिमां कह्युं छे. ए हेतुथीज असंज्ञिजीवनी पेठे द्रव्यमनविना भावमन न होय, परन्तु सर्वज्ञनी पेठे भावमन विना द्रव्यमन तो होय. ॥ ५७६ ॥ श्रीप्रज्ञापनावृत्तिमां कह्युं छे के– " भावमन विना पण द्रव्यमन होय छे जेम भवस्थकेवली भगवान्ने "

( हवे अल्पबहुत्व कहे छे )–मनवाळा जीवो सर्वथी थोडा छे, तेथी श्रोत्रेन्द्रियवाळा असंख्यगुणा छे, तेथी चक्षु–घ्राण–अने रसनेन्द्रियवाळा जीवो अनुक्रमे विशेष विशेष अधिक छे, ॥५७४॥ तेथी इन्द्रियरहित (सिद्ध) जीवो अनन्तगुणा छे, ॥५७५॥ अने तेथी पण स्पर्शनेन्द्रियवाळा (एकेन्द्रिय जीवो) अनन्तगुणा छे ॥ ५७६॥ अन्यदर्शनीओमां-चक्षु–श्रोत्र–घ्राण–रसना–स्पर्शेन्द्रिय–मन–वचन–हाथ–पग–गुदा–लिंग ए ११ इन्द्रियो सुश्रुतादि ( वैद्यक) ग्रन्थोमां कही छे, ॥५७८॥ अने नाममालामां पणस्पर्शनादि इन्द्रियोने बुद्धीन्द्रिय अने हाथ वगेरेने क्रियेन्द्रिय कही छे. (सांख्यो पण पांच कर्मेन्द्रियो माने छे, अने वचनग्रहण विगेरे तेना फळो मान्या छे पण ते अयुक्त छे कारण तेम मानवाथी हाथे ठुंठो पगवडे ग्रहण करे छे. विगेरे फळमां विसंवाद विगेरे दोषो आवे छे, ) ॥ ५७९ ॥ [ ए प्रमाणे इन्द्रियोनुं स्वरूप कह्युं ] इति इन्द्रियद्वारम् २२ ॥

संज्ञा येषां सन्ति ते स्युः, संज्ञिनोऽन्ये त्वसंज्ञिनः ॥ संज्ञिनस्ते च पञ्चाक्षा, मनःपर्याप्तिशालिनः ॥ ५७९ ॥ ननु संमूर्छिमपञ्चाक्षान्तेष्वेकेन्द्रियादिषु । आहाराद्याः सन्ति संज्ञास्ततस्ते किं न संज्ञिनः ! ॥ ५८० ॥ अत्रोच्यते ॥ ओघरूपा दशाप्येतास्तीव्रमोहोदयेन च । अशोभना अव्यक्ताश्च, तन्नाभिः संज्ञिता मता ॥ ५८१ ॥ निद्राव्याप्तोऽसुमान् कण्डूय-

नादि कुरुते यथा। मोहाच्छादितचैतन्यास्तथाऽऽहाराद्यमी अपि ॥ ५८२ ॥ ततश्च ॥ संज्ञासंबन्धमात्रेण, न संज्ञित्वमुरीकृतम्। नह्येकेनैव निष्केण, धनवानुच्यते जनैः ॥ ५८३ ॥ अतादृग्रूपयुक्तोऽपि, रूपवान्नाभिधीयते। धनी किंतु बहुद्रव्यैः, रूपवान् रम्यरूपतः ॥ ५८४ ॥ महत्या व्यक्तया कर्मक्षयोपशमजातया। संज्ञया शस्तयैवाङ्गी, लभते संज्ञितां तथा ॥ ५८५ ॥ इदमर्थतो विशेषावश्यके [सा० १३६] ॥ ततश्च ॥ येषामाहारादिसंज्ञा, व्यक्तचैतन्यलक्षणाः। कर्मक्षयोपशमजाः, संज्ञिनस्तेऽपरेऽन्यथा ॥५८६॥ दीर्घकालिक्यादिका वा, संज्ञा येषां भवन्ति ते। संज्ञिनः स्युर्यथायोगमसंज्ञिनस्तदुज्झिताः ॥ ५८७ ॥ इति संज्ञितादि २३ ॥

अर्थ—२३मुं संज्ञिद्वार-जे जीवोने संज्ञा छे ते जीवो संज्ञि कहेवाय छे, अने ते शिवायना बीजा असंज्ञि जीवो कहेवाय. अने ते संज्ञिजीवो मनःपर्याप्तिवाळा पंचेन्द्रिय जीवोज होय छे. ॥ ५८० ॥

प्रश्न—एकेन्द्रियथी मांडीने सम्मूर्छिमपंचेन्द्रियसुधीना जीवोमां पण आहारादि संज्ञाओ छे, तो ते जीवो संज्ञि केम नहि ?

उत्तर—ते दशे संज्ञाओ सामान्य स्वरूपवाळी अने तीव्र मोहना उदय वडे अशुभ अने अव्यक्त छे माटे ते (दश) संज्ञाओ वडे [जीवो] संज्ञि मनाता नथी ॥ ५८१ ॥ कारण के निद्रावडे घेरायलो जीव जेम खर्जनादि (खंजवाळवु वगेरे) करे छे, तेम मोहथी अवरायला चैतन्यवाळी ते आहारादि १० संज्ञाओ पण छे ॥ ५८२ ॥ अने तेथी संज्ञाना संबंध मात्रवडे संज्ञिपणुं अंगीकार कर्युं नथी. कारणके एकज सोनामहोर वडे लोकोमां कोइ धनवान् कहेवातो नथी ॥ ५८३ ॥ तथा तेवा प्रकारना उत्तम रूप विना (सामान्यरूपथी) कोइ रूपवान् कहेवातो नथी, परन्तु घणा धनवडे धनवान् अने अतिमनोहर रुपवडेज रूपवान् कहेवाय छे ॥ ५८४ तेवीरीते कर्मना क्षयोपशमथी थयेली अतिव्यक्त (प्रगट) अने प्रशस्त संज्ञावडे जीव तेवा प्रकारनुं संज्ञिपणुं (संज्ञि एवो व्यपदेश) पामे छे ॥ ५८५ ॥ ए भावार्थ

श्रीविशेषाव०मां छे,अने तेथी कर्मना क्षयोपशमथी उत्पन्न थयेली प्रगट चैतन्यरूप आहारादिसंज्ञाओ जेओने छे ते संज्ञि अने बीजा असंज्ञि कहेवाय छे, ॥५८६॥ अथवा जे जीवोने दीर्घकालिकी वगेरे संज्ञाओ होय छे. ते जीवो यथायोगपणे (जेवी जेवी संज्ञानो सम्बन्ध होय ते ते प्रमाणे) ते ते जीवो संज्ञी कहेवाय अने ते संज्ञारहित बीजा असंज्ञी कहेवाय, ए प्रमाणे संज्ञिनुं स्वरूप कह्युं ॥ ५८७ ॥ इति संज्ञिद्वारम् २३ ॥ ( चोवीशमुं वेदद्वार कहे छे. )

वेदस्त्रिधा स्यात्पुंवेदः, स्त्रीवेदश्च तथा परः । क्लीबवेदश्च तेषां स्युर्लक्षणानि यथाक्रमम् ॥५८८॥ पुंसां यतो योषिदिच्छा,स पुंवेदोऽभिधीयते । पुरुषेच्छा यतः स्त्रीणां, स स्त्रीवेद इति स्मृतः ॥ ५८९ ॥ यतो द्वयाभिलाषः स्यात्, क्लीबवेदः स उच्यते । तृणफुम्फुमकद्रङ्ग्ज्वलनोपमिता इमे॥५९०॥पुरुषादिलक्षणानि चैवं प्रज्ञापनावृत्तौ स्थानांगवृत्तौ (सा०१३७-१३८) च ॥ "योनिर्मृदुत्वमस्थैर्य,मुग्धता क्लीबता स्तनौ । पुंस्कामितेति लिङ्गानि, सप्त स्त्रीत्वे प्रचक्षते ॥५९१॥ मेहनं खरता दार्ढ्यं, शौण्डीर्यं श्मश्रु धृष्टता । स्त्रीकामितेति लिङ्गानि, सप्त पुंस्त्वे प्रचक्षते ॥५९२॥ स्तनादिश्मश्रुकेशादिभावाभावसमन्वितम् । नपुंसकं बुधा प्राहुर्मोहानलसुदीपितम् ॥५९३॥ अभिलाषात्मकं देहाकारात्मकमथापरम् । नेपथ्यात्मकमेकैकमिति लिङ्गं त्रिधा विदुः ॥५९४॥ पुमांसोऽल्पाः स्त्रियः संख्यगुणाः क्रमादनन्तकाः । अवेदाः क्लीबवेदाश्च, सवेदा अधिकास्ततः ॥ ५९५ ॥ (पुंस्त्वसंज्ञित्वयोः कायस्थितिरान्तर्मुहूर्त्तिकी । लघ्वी गुर्वी चाब्धिशतपृथक्त्वं किञ्चनाधिकम् ॥१॥ स्त्रीत्वकायस्थितिः प्रज्ञापनायां समयो लघुः ।

१ शास्त्रोमां "संज्ञि" ए शब्दनो व्यवहार दीर्घकालिकी संज्ञावाळा जीवोनेज मानेलो छे. तथा अपेक्षाये दृष्टिवादोपदेशिकीसंज्ञावाळा जीवोने पण क्वचित् स्थळे मानेलो छे. माटे ज्यां ज्यां संज्ञि शब्द आवे त्यां सर्वत्र दीर्घकालिकी संज्ञावाळाज जाणवा.

उक्ताऽथास्यां गरीयस्यामादेशाः पञ्च दर्शिताः॥ २ ॥ चतुर्दशाष्टादश वा, शतं वाथ दशोत्तरम् । पूर्णं शतं वा पल्यानि, पल्यानां वा पृथक्त्वकम् ॥ ३ ॥ पूर्वकोटिपृथक्त्वाढ्याः, पञ्चाप्येते विकल्पकाः । पञ्चसंग्रहवृत्त्यादेज्ञेयैतेषां च विस्तृतिः ॥४॥ ( सा० १३९)आद्ये द्वितीये स्वर्गे द्विः, पूर्वकोट्यायुषः स्त्रियाः । सभर्तृकान्यदेवीत्वेनोत्पत्त्यैषां च भावना ॥ ५ ॥ इति वेदः २४ ॥

अर्थ—२४मुं वेदद्वार—वेद ३ प्रकारनो छे, पेहेलो पुरुषवेद बीजो स्त्रीवेद अने त्रीजो नपुंसकवेद, ए त्रणनां लक्षण अनुक्रमे आ प्रमाणे छे॥५८८॥जेनावडे पुरुषने स्त्रीनी इच्छा थाय ते पुरुषवेद कहेवाय, अने जेनावडे स्त्रीयोने पुरुषनी इच्छा थाय ते स्त्रीवेद एम कहेल छे. ॥ ५८९ ॥ अने जेनावडे (स्त्री पुरुष) बन्नेनो अभिलाष थाय ते नपुंसकवेद कहेवाय छे, ए त्रणे वेद (अनुक्रमे) घासनो अग्नि—छाणानो अग्नि—अने नगरना अग्निनी उपमावाळा [सरखा] छे. ॥५९०॥ पुरुषादिकना लक्षण श्रीप्रज्ञापनावृत्ति अने स्थानांगवृत्तिमां आ प्रमाणे छे— योनि--कोमळता—अस्थिरता--भद्रकता(भोळापणुं)—डरवापणुं—बे स्तन अने पुरुषनी इच्छा ए ७ लक्षणो स्त्रीपणानां कहेवाय छे. ॥ ५९१ ॥ लिंग-कठोरता—धीरता-शूरता-दाढीमूछ-धीठाइ-अने स्त्रीनी इच्छा ए ७ [लक्षणो] पुरुषपणाना कहेवाय छे ॥ ५९२ ॥ तथा जे स्तन वगेरे (स्त्रीनां चिह्न) अने दाढीमूछ वगेरे (पुरुष पणानां चिह्न) नो सद्भाव अने अभावसहित होय तेवा मोहाग्निवडे अ-

१ जेम घासनो अग्नि एकदम सळगी भडको थइने तुर्त बुझाइ जाय छे तेम पुरुषवेद स्त्रीथी संगम थतां तुर्त शमी जाय छे.

२ जेम छाणानो अग्नि घणो काळ टकी रहे छे तेम स्त्रीवेद पुरुषनो संगम थतां पण शीघ्र टळतो नथी परन्तु कायम रहे छे.

३ जेम नगरमां लागेलो अग्नि अत्यन्त जाज्वल्यमान अने बुझाय नहि एवो होय छे तेम नपुंसकवेद अत्यंत तीव्र अभिलाषावाळो अने संगमथी पण शमे नहि एवो होय छे.

त्यन्त प्रदीप्त थयेलाने पंडितो नपुंसक कहे छे. ॥ ५९३ ॥ तथा अभिलाषरूप-देहाकृतिरूप—अने नेपथ्यरूप ए प्रमाणे एकेक वेद त्रण त्रण प्रकारनो जाणवो. ॥ ५९४ ॥ पुरुषवेदी सर्वथी अल्प छे, तेथी अनुक्रमे स्त्रीवेदी संख्यातगुणा छे, तेथी अवेदी [सिद्धादि] अनंतगुणा छे. तेथी नपुंसकवेदी (एकेन्द्रियादि) अनंतगुणा छे, अने तेथी सवेदी जीवो विशेषाधिक छे, ॥ ५९५ ॥

१ अर्थात् पुरुषने केटलांक चिन्ह पुरुषपणानां अने केटलांक चिन्ह स्त्रीपणानां होय तो ते पुरुषनपुंसक, स्त्रीने केटलांक चिन्ह स्त्रीपणानां अने केटलांक चिन्ह पुरुषपणानां होय तो ते स्त्रीनपुंसक, अने जेने पुरुषचिन्ह अने स्त्रीचिन्ह पण न होय ते नपुंसकमात्र कहेवाय. ए द्रव्यवेद द्रव्यलिंगनी अपेक्षाए जाणो. एमां ओ चिन्ह रहित नपुंसक एकेन्द्रियथी चतुरिन्द्रिय अने केटलाएक सम्मू०पंचे० पर्यंतना देहपर्याप्त जीवो होय छे. अने केटला-एक सम्मू०पंचे० जीवोने तो पुरुषचिन्ह अने स्त्रीचिन्ह चतुर्थ कर्मग्रंथ तथा सप्ततिकाभाष्यमां कहेल छे.

२ पुरुष चिन्हवाळा पुरुषने पण अभिलाषनी अपेक्षाए त्रणे वेद होय छे. तेम स्त्री चिन्हवाळी स्त्रीने अने नपुंसकने पण अभिलाषनी पराकृत्तिए त्रणे वेद होय छे. ए वात श्री विशेषावश्यकजीमां स्पष्ट रीते कही छे. परन्तु लोकव्यवहार लिंगनी अपेक्षाए प्रवर्ते छे

३ नाटक वगेरेमां पुरुष छतां स्त्रीनो वेष पहेर्यो होयतो ते पुरुष नेपथ्य-स्त्री कहेवाय ए रीते नेपथ्यपुरुष अने नेपथ्यनपुं० पण विचारवा.

४ पुनः बीजा ग्रन्थोमां कह्युं छे के "लीनपणुं थयाथी लिंग कहेवाय छे कारण के अतिप्रगट पुरुषलिंग रचना छतां पण कदाचित स्त्रीलिंग उदय आवे छे परन्तु बहारथी स्पष्ट उपलब्ध थतुं नथी, अथवा नपुंसकलिंग उदय आवे छे. तथा स्त्रीने अतिप्रगट स्वलिंगरचना होते छते पण कदाचित् पुरुष-लिंग अथवा नपुंसकलिंगनो उदय होय छे. ए प्रमाणे नपुंसकने पण स्वलिंग रच-नाथी उत्तर काळमां थनार कदाचित् पुरुषलिंग अने स्त्रीलिंग होय छे परन्तु कल्पितवत् स्वलिंगरचनाथी भिन्न देखाय नहिं' इति अक्षरार्थः

* वळी नपुंसक १६ प्रकारे छे ते आ प्रमाणे—

(१) पंडक स्वभाव स्त्रीसरखो अने आकार पुरुषनो होय ते (अहिं स्त्रीनो स्वभाव ते मंदगतिए चालवुं, आगळ चालतां शंकाथी पाछळ जोया करवुं, शरीर शीतळने कोमळ, बोलतां हाथ उछाळवो, केडे हाथ दई चालवुं, छातीपर वस्त्र न होयतो हाथथी छाती ढांकवी, बोलतां बोलतां भ्रकुटी चढावची. स्त्रीवत् वाळना सेंथा पाडवा, आभूषणो प्रिय लागे, स्नानादि गुप्त करे. पुरुषनी सभामां भय ने शंकावाळो थाय, स्त्रीना समुदायमां निःशंक

अने निर्भयपणे वर्ते. स्त्रीभरखी कामचेष्टा करे, ए प्रमाणे स्त्रीनां लक्षण होय तथा शरीरना वर्णादि स्त्री पुरुषथी विचित्र होय. पुरुषलिंग मोटुं होय. स्वर कोमळखो होय, मूत्र करतां अवाज थाय. अने स्वरमां भेद होय ए ६ लक्षण पंडक नपुंसकनां छे.

(२) वातिक—कोइ निमित्तथी विकारवडे पुरुषचिह्न स्तब्ध थतां कामसेवन विना रही न शके ते.

(३) क्लीब—एना चार प्रकार छे, त्यां स्त्रीने नग्न देखी क्षोभ पामे ते दृष्टिक्लीब, १ स्त्रीना शब्द सांभळी क्षोभ पामे ते शब्दक्लीब, २ स्त्रीनो स्पर्श थतां क्षोभ पामे ते आलिंगनक्लीब, ३ स्त्रीना निमंत्रणथी क्षोभ पामे ते निमंत्रणक्लीब. ४

(४) कुंभी—जेनुं पुरुषचिह्न अतिमोहथी कुंभवत् स्तब्ध रहे तेमज वृषण पण स्तब्ध रहे ते अथवा ग्रंथान्तरे कुंभ सरखा मोटा स्तनवाळाने पण कुंभी नपुं० कह्यो छे.

(५) ईर्ष्यालु—बीजापुरुषे सेवेली स्त्रीने जोइ ईर्ष्या करे ते, कारणके पोतानामां शक्ति न होय तेथी स्त्रीसेवन करी शके नहिं.

(६) शकुनी—चकलां कबूतर-वगेरे पक्षीनी माफक एक दिवसमां अनेकवार स्त्रीसेवन करनार.

(७) तत्कर्मसेवी—मैथुन सेवीने वेदना उग्रपणाथी जीभथी चाटवुं वगेरे निंद्य कर्म करे ते.

(८) पाक्षिकापाक्षिक—शुदी पक्षमां अतिशय वेदना उदयवाळो अने वदी पक्षमां अल्प वेदोदयवाळो होय ते.

(९) सौगंधिक—पोताना लिंगने वारंवार सुंघनार.

(१०) आसक्त—स्त्रीसेवन करी रह्या बाद पण स्त्रीने तेवाज प्रकारे आलिंगन करी पडयो रहे ते. (ए सर्व १० प्रकारना नपुंसक जीवो चारित्रने अयोग्य छे)

(११) वर्द्धितक—राणीओनी रक्षा माटे राजाए लिंगछेद करी नाजर करेलो पुरुष

(१२) चिप्पित—जन्मतां ज हाथना मर्दनथी वृषण (अंड) गळाव्यां होय ते. (ए बन्नेने तेम करवाथी नपुं०वेदनो उदय थाय छे)

(१३) मंत्रोपहत—मंत्रथी जेनो पुरुषवेद नाश पामे ते.

(१४) औषध्युपहत—औषधथी जेनो पु०वेद नाश पामे ते.

(१५) ऋषिशप्त—मुनिना शापथी जेनो पु०वेद नाश पामे ते.

(१६) देवशप्त—देवना शापथी जेनो पु०वेद नाश पामे ते.

ए ११ थी १६ सुधीना ६ प्रकारना नपु० जीवो चारित्र लेवाने योग्य गण्या छे.

ए प्रमाणे नपुंसक आकृतिवाळा नपुंसकना १६ भेद कह्या. तथा एमांना प्रथमना १० भेद पुरुषाकृति नपुंसकना अने स्त्री आकृति नपुंसकना पण यथायोग्य जाणवा.

वेदनी कायस्थिति—पुरुषवेदनी अने संज्ञिपणानी जघ० कायस्थिति अन्तर्मु० मात्र छे,[3] अने उत्कृष्ट शतपृथक्त्व (९००) सागरोपमथी कंइक अधिक छे,[4] स्त्रीवेदनी कायस्थिति श्रीपन्नवणाजीमां जघ० १ समय कही छे,[5] अने वली उत्कृष्ट कायस्थितिना पांच आदेश [प्रकार] दर्शाव्या छे। ते आ प्रमाणे—पूर्वकोडिपृथक्त्ववर्षाधिक १४–१८–[illegible]०–१०० अने पृथ० पल्योपम । पूर्व कोटि पृथक्त्व वर्ष सहित ए पांचे विकल्प(स्त्रीवेदनी उ०कायस्थितिना) छे,ते सर्वनो विस्तार पंचसंग्रहनी वृत्ति वगेरेथी जाणवो. । (टुंकामां एनो विचार आ प्रमाणे) पूर्वकोडवर्षना आयुष्यवाळी स्त्रीयोनी पहेला अने बीजा स्वर्गमां परिगृहीता अने अ-

---

१ अहि संज्ञिपणानी कायस्थितिनो प्रसंग नथी तोपण तुल्य होवाथी प्रसंगे दर्शावी छे.

२ कायस्थिति एटले तेनो तेज भाव अविच्छिन्नपणे चालु रहेवो ते अथवा सततकाळ.

३ अन्य वेदवाळा जीवमांथी आवीने पुरुषवेद पणे उत्पन्न थाय त्यां जघ० आयुष्य अन्तर्मु० भोगवी काळ करीने अन्यवेदमां उत्पन्न थाय तो जघ० कायस्थिति अन्तर्मु० थाय

४ पछी अधिककाळ पुरुषवेद एक जीवने रहेतो नथी पण अवश्य बदलाय छे.

५ कोइक स्त्री उपशमश्रेणिमां अवेदक थइ उप०श्रे०थी पडतां पुनः ९मे गुणस्थाने १ समय स्त्रीवेद अनुभवीने बीजे समये काळ करी अवश्य देवपणे उत्पन्न थाय माटे.

६ ए पांच आदेश श्री पन्नवणाजीमां आ प्रमाणे छे.

(१)—कोइक जीव मनुष्य स्त्रीपणु अथवा तिर्यंच स्त्रीपणु पूर्वकोड वर्षना आयुष्यपूर्वक पांचवार पामीने तदनंतर ईशान कल्पमां ५५ पल्योपमना आयुष्यवाळी अपरिगृहीता देवी पणे उत्पन्न थइ पुनः त्यांथी काळ करी पूर्व०आयु० मनुष्य स्त्री अथवा तिर्यंची थाय त्यांथी पुनः ईशान कल्पमां ५५ पल्योपम आयुष्यवाळी अपरिगृ० देवी थाय त्यांथी काळ करीने अवश्य बीजा वेदमांज उत्पन्न थाय माटे. ६ पूर्वकोडवर्ष अधिक ११० पल्योपम थाय.

(२) केटलाएक एम कहे छे के पूर्वोक्तरीते उत्कृष्ट आयुष्ये मनु०स्त्रीपणु पांचवार प्राप्त थया बाद अपरि०देवी पणे उत्पन्न थाय नहि,पण बे वार ९ पल्यो०ना आयुष्यवाळी परिगृ०देवीपणेज ईशानमां उत्पन्न थइ शके तो तेओने मते ६ पूर्वकोड वर्षाधिक १८ पल्योपम थाय.

(३)—केटलाएक एम कहे छे के—पूर्वोक्त रीते ईशानमां बे वार नहि उत्पन्न थतां सौधर्ममांज ७ पल्यो०आयुष्यवाळी परिगृ०देवीपणे उत्पन्न थाय. माटे

परिगृहिता देवीपणे उत्पत्तिनी अपेक्षाये पांचे आदेश [ विकल्प ] प्रकारनो विचार जाणवो. ॥ *५ ॥

जिनोक्तादविपर्यस्ता, सम्यग्दृष्टिर्निगद्यते । सम्यक्त्वशालिनां सा स्यात्तच्चैवं जायतेऽङ्गिनाम् ॥ ५९६ ॥ चतुर्गतिकसंसारे, पर्यटन्ति शरीरिणः । वशीकृता विपाकेन, गुरुस्थितिककर्मणाम् ॥ ५९७ ॥ अथैतेषु कश्चिदङ्गी, कर्माणि निखिलान्यपि । कुर्याद्यथाप्रवृत्ताख्यकरणेन स्वभावतः ॥ ५९८ ॥ पल्यासंख्यलवोनैककोट्यब्धिस्थितिकानि वै । परिणामविशेषोऽत्र, करणं प्राणिनां मतम् ॥ ५९९ ॥ युग्मम् । तत्त्रिधा तत्र चाद्यं स्याद्यथाप्रवृत्तनामकम् । अपूर्वकरणं नामाऽनिवृत्तिकरणं तथा ॥६०० वक्ष्यमाणग्रन्थिदेशावधि प्रथममीरितम् । द्वितीयं भिद्यमानेऽस्मिन्, भिन्ने ग्रन्थौ तृतीयकम् ॥ ६०१ ॥ त्रीण्यप्यमूनि भव्यानां, करणानि यथोचितम् । संभवन्त्येकमेवाद्यमभव्यानां तु संभवेत् ॥ ६०२ ॥ आद्येन करणेनाङ्गी, करोति कर्मलाघवम् । धान्यपल्यगिरिसरिद्दृषदादिनिदर्शनैः ॥ ६०३ ॥ यथा धान्यं

---

६ पूर्वक्रोड वर्षाधिक १४ पल्योपम थाय.

[४] केटलायक एम कहे छे के–पूर्वोक्त रीते सौधर्ममां ५० पल्यो०ना आयु०वाळी अपरि०देवीपणे बेवार उत्पन्न थाय माटे ६ पूर्वक्रोडवर्षाधिक १०० पल्योपम थाय.

(५)–केटलायक एम कहे छे के–स्त्रीपणे या तिर्यंचीपणे पू०क्रो०वर्षना ७ भव अनुभवीने आठमे भवे कुरुक्षेत्रमां ३ पल्योपमनी स्थिति पणे युगलिक स्त्री थइ मरण पामीने सौधर्ममां जघ०स्थि०ए [१ पल्यो०आयु०वाळी] परिगृ० देवी पणे उत्पन्न थइ काळ करीने अवश्य अन्यवेद पामे माटे ७ पू०क्रो० वर्ष अधिक ४ पल्योपम थाय. (अर्थात् पूर्वक्रो०पृथक्त्वाधिक पृथक्त्व पल्योपम थाय.) ए पांचे आदेशनो भावार्थ कह्यो.

* नपुंसकवेदनी कायस्थिति दर्शावी नथी पण तेनी सूक्ष्मनिगोदीया आदिनी अपेक्षाये अनादि अनन्त अथवा अनादि सान्त जाणवी.

भूरि भूरि, कश्चिद् गृण्हाति पल्यतः । क्षिपत्यत्राल्पमल्पं च, कालेन कियताऽप्यथ ॥ ६०४ ॥ धान्यपल्यः सोऽल्पधान्यशेष एवावतिष्ठते । एवं बहूनि कर्माणि, जरयन्नसुमानपि ॥ ६०५ ॥ बध्नंश्चाल्पाल्पानि तानि, कालेन कियताऽपि हि । स्यादल्पकर्माऽनाभोगात्मकाद्यकरणेन सः ॥ ६०६ ॥ यथाप्रवृत्तकरणं, नन्वनाभोगरूपकम् । भवत्यनाभोगतश्च, कथं कर्मक्षयोऽङ्गिनाम् ॥६०७॥ अत्रोच्यते ॥ यथा मिथो घर्षणेन, ग्रावाणोऽद्रिनदीगताः । स्युश्चित्राकृतयो ज्ञानशून्या अपि स्वभावतः ॥ ८ ॥ तथा यथाप्रवृत्तास्स्युरप्यनाभोगलक्षणात् । लघुस्थितिककर्माणो, जन्तवोऽत्रान्तरेऽथ च ॥ ६०९ ॥ रागद्वेषपरीणामरूपोऽस्ति ग्रन्थिरुत्कटः । दुर्भेदो दृढकाष्ठादिग्रन्थिवद्गाढचिक्कणः ॥ ६१० ॥ मिथ्यात्वं नोकषायाश्च, कषायाश्चेति कीर्त्तितः । जिनैश्चतुर्दशविधोऽभ्यन्तरग्रन्थिरागमे ॥ ६११ ॥

अर्थ—दृष्टिद्वारम्—जिनेश्वरे कहेला तत्त्वमां जे अविपर्यासपणुं [जे श्रीसर्वज्ञ भगवन्ते कह्युं छे ते तेमज छे एवी बुद्धि] ते सम्यग्दृष्टि कहेवाय, ए दृष्टि सम्यक्त्वी जीवोने होय छे. अने ते सम्यक्त्वनी उत्पत्ति आ प्रमाणे छे. ॥५९६॥ घणी मोटी (७०को०को०साग० विगेरे। स्थितिवाळा कर्मोना फळवडे वश थयेला प्राणीओ चारगतिरूप संसारमां पर्यटन—भ्रमण करे छे. ॥ ५९७॥ हवे ते प्राणीओमांथी कोइक प्राणी स्वभावथीज यथाप्रवृत्त नामना करणवडे सर्व कर्मोने [ आयुविना ७ कर्मने ] पल्योपमना असंख्यातमा भागन्यून १ कोडाकोडि सागरोपमप्रमाण स्थितिवाळा करे. अहिं जीवनो परिणामविशेष ते करण कहेल छ ॥ ५९८ ॥ ते करण ३ प्रकारनां छे तेमां पहेलुं यथाप्रवृत्त नामनुं, बीजुं अपूर्वकरण नामनुं

१ कर्मग्रन्थ कर्ता वगेरे यथा प्र०क० नो काळ अन्तर्मु० कहे छे, अने विशेषावश्यक वगेरेमां अनंतकाळ पण दर्शाव्यो छे. शेष बे करणनो काळ अन्तर्मु० ज छे. ए मतान्तर मात्र सम्यक्त्व संबंधि यथा—प्र०क०मांज संभवे छे. बीजां यथाप्र०करणोमां नहिं.

अने त्रीजुं अनिवृत्तिकरण नामे छे. ॥६००॥ आगळ कहेवाशे तेवा स्वरूपवाळा ग्रंथिना स्थान सुधी (अर्वाक्) पहेलुं करण वर्ते छे. ग्रंथीनो भेद थती वखते बीजुं अने ग्रंथी भेदाइ गया बाद त्रीजुं करण प्रवर्ते छे ॥६०१॥ भव्यजीवोने यथायोग्य ए त्रणे करण संभवे छे, अने अभव्यजीवोने तो एक पहेलुंज करण संभवे छे. ॥ ६०२ ॥ जीव पहेला करणवडे धान्यनो पल्य (साटो) अने पर्वतनी नदीना पथरा वगेरेना दृष्टान्ते कर्मनी लघुता (ओछापणुं) करे छे. (ते दृष्टांतो आ प्रमाणे-) ॥ ६०३ ॥ जेम कोइक मनुष्य धान्यना कोठारमांथी घणुं घणुं धान्य काढतो जाय अने तेमां अल्प अल्प नाखतो जाय तो केटलेक काळे ते धान्यनो कोठार अल्प धान्य बाकी रहेलो ज थइ जाय छे. ते प्रमाणे जीव पण घणा कर्मनी निर्जरा करतो अने अल्प अल्प कर्म बांधतो केटलेक काळे ते जीव यथाप्रवृत्त करणवडे निश्चय अल्प कर्मवाळो थइ जाय छे ॥ ६०४ ॥ ६०५ ॥ ६०६ ॥

प्रश्न—यथाप्रवृत्तकरण तो अनाभोग (प्रगट उपयोग रहित) रूप छे तो अनाभोगथी प्राणीओने कर्मनो क्षय केवी रीते होय ? ॥ ६०६ ॥

उत्तर—जेम पर्वतपरथी पडती नदीमां रहेला पथरा परस्पर घसावावडे ज्ञान रहित छतां पण स्वभावथीज विचित्र प्रकारनी आकृतियो वाळा थइ जाय छे, ॥ ६०८ ॥ तेम अनाभोगरूप यथाप्रवृत्त करणथी पण जीवो अल्प कर्मवाळा थाय छे. ते दरम्यानमां ॥६०९॥ काष्ठ वगेरेनी जवरी गांठ सरखी अति चीकण एवी उत्कृष्ट राग द्वेषना परिणामरूप ग्रंथी दुखे करीने भेदी शकाय एवी (प्राप्त थाय छे) ॥ ६१० ॥ कह्युं छे के " १ मिथ्यात्व–९ नो कषाय–अने ४ कषाय ए प्रमाणे श्रीजिनेश्वरोए आगममां १४ प्रकारनो अभ्यन्तर ग्रंथी कहेलो छे" ॥६११॥ पूर्वे कहेली (पल्यासंख्येयभागन्यून १ को० को० सा०) स्थितिवाळां कर्मयुक्त केटलाएक जीवो यथाप्रवृत्तकरणथी ग्रंथीनी नजीक आवे छे (एटले ग्रंथीभेद क्रियानी नजीक आवे छे) ॥ ६१२ ॥

प्रागुक्तरूपस्थितिककर्माणः केऽपि देहिनः । यथाप्रवृत्तकरणाद्, ग्रन्थेरभ्यर्णमियूति ॥ ६१२ ॥ एतावच्च प्राप्तपूर्वा, अभव्या अप्यनन्तशः । नत्वीशन्ते ग्रन्थिमेनमेते भेत्तुं कदापि हि ॥ ६१३ ॥ श्रुतसामायिकस्य स्याल्लाभः केषाञ्चिदत्र च । शेषाणां सामायिकानां, लाभस्त्वेषां न सम्भवेत् ॥ ६१४ ॥ तथोक्तं–"तित्थंकराइपूअं, दट्ठूणऽण्णेण वावि कज्जेणं । सुअ-

सामाइयलाभो होइ अभवस्स गंठिमि" ॥६१५॥ (सा० १३९) (तीर्थङ्करादिपूजां दृष्ट्वाऽन्येन वापि कार्येण ।श्रुतसामायिकलाभो भवति अभव्यस्य ग्रन्थौ ॥) अर्हदादिविभूतिमतिशयवतीं दृष्ट्वा धर्मादेवंविधः सत्कारो देवत्वराज्यादयो वा प्राप्यन्ते इत्येवमुत्पन्नबुद्धेरभव्यस्यापि ग्रन्थिस्थानं प्राप्तस्य तद्विभूतिनिमित्तमिति शेषः, देवत्वनरेन्द्रत्वसौभाग्यबलादिलक्षणेनान्येन वा प्रयोजनेन सर्वथा निर्वाणश्रद्धानरहितस्याभव्यस्यापि कष्टानुष्ठानं किञ्चिदङ्गीकुर्वतोऽज्ञानरूपस्य श्रुतसामायिकमात्रस्य लाभो भवेत्,तस्याप्येकादशाङ्गपाठानुज्ञानादिति विशेषावश्यकसूत्रवृत्तौ ॥ (सा०१४०) भव्या अपि वलन्तेऽत्रागत्य रागादिभिर्जिताः । केचित्कर्माणि बध्नन्ति, प्राग्वद्दीर्घस्थितीनि ते ॥६१६॥ केचित्तत्रैव तिष्ठन्ति, तत्परीणामशालिनः । न स्थितीः कर्मणामेते, वर्द्धयन्त्यल्पयन्ति वा ॥ ६१७ ॥ चतुर्गतिभवा भव्याः, संज्ञिपर्याप्तपञ्चखाः । अपार्द्धपुद्गलपरावर्त्तान्तर्भाविमुक्तयः ॥ ६१८ ॥ तीव्रधारपर्शुकल्पाऽपूर्वाख्यकरणेन हि । आविष्कृत्य परं वीर्यं, ग्रन्थिं भिन्दन्ति केचन ॥ ६१९ ॥ यथा जनास्त्रयः केऽपि, महापुरं यियासवः । प्राप्ताः क्वचन कान्तारे, स्थानं चौरैर्भयङ्करं ॥६२०॥ तत्र द्रुतं द्रुतं यान्तो, ददृशुस्तस्करद्वयम् । तद् दृष्ट्वा त्वरितं पश्चादेको भीतः पलायितः ॥ ६२१ ॥ गृहीतश्चापरस्ताभ्यामन्यस्त्ववगणय्य तौ । भयस्थानमतिक्रम्य, पुरं प्राप पराक्रमी ॥ ६२२ ॥ दृष्टान्तोपनयश्चात्र, जना जीवा भवोऽटवी । पन्थाः कर्मस्थितिर्ग्रन्थिदेशस्त्विह भयास्पदम् ॥ ॥ ६२३ ॥ रागद्वेषौ तस्करौ द्वौ, तद्भीतो वलितस्तु सः । भ-

न्थिं प्राप्यापि दुर्भावाद्, यो ज्येष्ठस्थितिबन्धकः ॥ ६२४ ॥ चौररुद्धस्तु स ज्ञेयस्ताद्दग्रागादिबाधितः । ग्रन्थिं भिनत्ति यो नैव, न चापि वलते ततः ॥ ६२५ ॥ स त्वभीष्टपुरं प्राप्तो, योऽपूर्वकरणाद् द्रुतम् । रागद्वेषावपाकृत्य, सम्यग्दर्शनमाप्तवान् ॥ ६२६ ॥

अर्थ—वळी एटली स्थितिने प्रथम प्राप्त थयेला अभव्य जीवो पण अनंतीवार ग्रंथी नजीक आवे छे, परन्तु तेओ ए ग्रंथीने भेदवा कदीपण समर्थ थता नथी ॥६१३॥ वळी अहिं सुधी आवेला ते केटलाएक अभव्यजीवोने श्रुतसामायिकनो लाभ थाय छे, परन्तु शेष ३ सामायिकनो लाभ तेओने संभवे नहिं. ॥६१४॥ कह्युं छे के—तीर्थंकरनी पुजा सत्कार देखीने अथवा बीजा कोइ कारणथी पण ग्रंथिस्थाने आवेला अभव्य जीवने श्रुतसामायिक नो लाभ थाय छे. ॥६१५॥ टीकार्थ—अतिशयवाळी अरिहंतादिकनी ठकुराइ (वैभव) देखीने धर्मथी आवा प्रकारनो सत्कार–देवपणुं–अने राज्य वगेरे प्राप्त थाय छे ए प्रमाणे उत्पन्न थयेली बुद्धिवाळा (अने तेथी) ग्रंथी स्थाने आवेला अभव्यजीवने (अहिं गाथामां ते ठकुराइ पामवाने माटे" ए भाव अध्याहार छे) देवपणुं–चक्रवर्तिपणुं–सौभाग्य–बळ वगेरेना कारणथी अथवा बीजा कोइ कारणथी सर्वथा मोक्षनी श्रद्धा रहित एवा पण अभव्यने अज्ञानरूप कंइक कष्टवाळुं अनुष्ठान करतां मात्र श्रुतसामायिकनो लाभ थाय छे, कारण के अभव्यने पण ११ अंग भणवानी अनुज्ञा छे." ए प्रमाणे श्री विशेषावश्यक सूत्रनी वृत्तिमां कह्युं छे. वळी रागादिकवडे जीतायला भव्य जीवो पण अहिं सुधी आवीने पाछा वळी जाय छे, अने केटलाएक भव्यो तो ( पाछा वळी जइने ) प्रथमनी माफक घणी मोटी स्थितिवाळां कर्म पण बांधे छे ॥ ६१६ ॥ वळी तेवा प्रकारना (अनवस्थित) परिणामवाळा केटलाएक भव्यो तो त्यांना त्यांज स्थिर रहे छे, अने तेओ कर्मनी स्थिति वधारता पण नथी अने कमी पण करता नथी, ॥ ६१७ ॥ चारे गतिमां उत्पन्न थयेला संज्ञिपर्याप्त पंचेन्द्रिय एवा अने अर्धपुद्गलपरावर्त कालनी अंदर मोक्षे जनारा भव्यजीवो ॥ ६१८ ॥ तीक्ष्ण धारवाळा कुहाडा सरखा अपूर्वकरणवडे उत्कृष्ट वीर्य फोरवीने ( प्रगट करीने ) केटलाएक ग्रंथिने भेदे छे. ॥ ६१९ ॥ जेम कोइ मोटा नगर तरफ जवानी इच्छावाळा त्रण पुरुषो अटवीमां

चोरवडे करीने भयंकर एवा कोइ स्थानमां जइ पहोंच्या ॥ ६२० ॥ ते स्थानेथी जलदी जल्दीथी पसार थतां तेओए बे चोर देख्या, ते चोर जोइने तेमांनो एक जण तो भय पाम्यो छतो शीघ्र पाछो वळीने नासी गयो, ॥ ६२१ ॥ अने बीजा पुरुषने ते बन्ने चोरोए पकडी लीधो, अने पराक्रमी एवो त्रीजो पुरुष तो ते बन्ने चोरने गणकार्याविना (हरावीने) भयनुं स्थानक उल्लंघी नगरमां पहोंच्यो ।६२२। अहिं दृष्टान्तनो उपनय (साधर्म्यता) विचारतां त्रण पुरुष ते संसारी जीवो, अटवी ते संसार, पंथ ते कर्मनी स्थिति, अने भयनुं स्थान ते ग्रंथिस्थान जाणवुं ॥६२३॥ तथा राग ने द्वेष रूप बे चोर जाणवा, अने ते चोरथी भय पामीने पाछो वळेलो पुरुष ते ग्रंथिस्थान पामीने पण अशुभ अध्यवसाय प्रगट थवाथी जे उत्कृष्ट स्थितिवाळां कर्म बांधनार जीव ते जाणवो ॥ ६२४ ॥ अने तेवा प्रकारना रागादिक वडे वश थयेलो ते चोरे रोकेला पुरुष सरखो जाणवो, कारण के जे ग्रंथिने भेदतो नथी तेम त्यांथी पाछो पण वळतो नथी ॥ ६२५ ॥ वळी जे जीवो अपूर्व करण (रूप परिणाम) वडे शीघ्र रागद्वेष दूर करीने सम्यक्त्व पाम्यो ते जीव इच्छित नगरे पहोचेला पुरुष सरखो जाणवो ॥ ६२६ ॥ दुःखे करीने जीतवा योग्य शत्रुओने जीतीने सुभट जेम महा आनंद पामे तेम जीव पण ग्रंथि भेदीने औपशमिक सम्यक्त्व पामे छे ॥ ६२७ ॥

सम्यक्त्वमौपशमिकं, ग्रन्थिं भित्त्वाऽश्नुतेऽसुमान् । महानन्दं भट इव, जितदुर्जयशात्रवः ॥६२७॥ तच्चैवं ॥ अथानिवृत्तिकरणेनातिस्वच्छाशयात्मना । करोत्यन्तरकरणमन्तर्मुहूर्तसंमितम् ॥ ६२८ ॥ कृते च तस्मिन्मिथ्यात्वमोहस्थितिर्द्विधा भवेत् । तत्राद्यान्तरकरणादधस्तन्यपरोर्ध्वगा ॥ ६२९ ॥ तत्राद्यायां स्थितौ मिथ्यादृक् स तद्दलवेदनात् । अतीतायामथैतस्यां, स्थितावन्तर्मुहूर्ततः ॥ ६३० ॥ प्राप्नोत्यन्तरकरणं, तस्याद्यक्षण एव सः । सम्यक्त्वमौपशमिकमपौद्गलिकमाप्नुयात् ६३१

१ अहिं ग्रंथी भेदीने तुर्त उपशम सम्यक्त्व पामे तेम नहिं पण ग्रंथी भेद कर्या बाद अनिवृत्तिकरण करे अने ते अनिवृत्ति करणनो पेटा काळ अन्तकरण अन्तर्मु० प्रमाण करे त्यारबाद औपशमिक सम्यक्त्व पामे एम जाणवुं.

यथा वनदवो दग्धेन्धनः प्राप्यातृणं स्थलम् । स्वयं विध्यायति तथा, मिथ्यात्वोग्रदवानलः ॥ ६३२ ॥ अवाप्यान्तरकरणं, क्षिप्रं विध्यायति स्वयम् । तदौपशमिकं नाम, सम्यक्त्वं लभतेऽसुमान् ॥ ६३३ ॥ अत्रायमौपशमिकसम्यक्त्वेन सहाप्नुयात् । देशतो विरतिं सर्वविरतिं वाऽपि कश्चन ॥ ६३४ ॥ तथोक्तं शतकचूर्णौ "–उवसमसम्मदिट्ठी अंतरकरणे ठिओ कोई देसविरइंपि लभइ, कोई पमत्तापमत्तभावंपि; सासायणो पुण किंपि न लभइत्ति " (सा०१४१) (उपशमसम्यग्दृष्टिरन्तरकरणे स्थितः कोऽपि देशविरतिमपि लभते ।कोऽपि प्रमत्ताप्रमत्तभावमपि, सास्वादनः पुनः किमपि न लभते" इति) इति,अर्थतः कर्मप्रकृतिवृत्तावपि(सा०१४२)। किंच ॥ बध्यते त्यक्तसम्यक्त्वैरुत्कृष्टा-कर्मणां स्थितिः । भिन्नग्रन्थिभिरप्युग्रो, नानुभागस्तु तादृशः ॥ १ ॥ इदं कार्मग्रन्थिकमतं ॥ भवेद्भिन्नग्रन्थिकस्य, मिथ्यादृष्टेरपि स्फुटम् । सैद्धान्तिकमते ज्येष्ठः, स्थितिबन्धो न कर्मणाम् ॥ २ ॥ अथ प्रकृतम् ॥ इदं चोपशमश्रेण्यामपि दर्शनसप्तके । उपशान्ते भवेच्छ्रेणिपर्यन्तावधि देहिनाम् ॥६३४॥ तथा ॥ यथौषधिविशेषेण, जनैर्मदनकोद्रवाः । त्रिधा क्रियन्ते शुद्धार्धविशुद्धाशुद्धभेदतः ॥ ६३५ ॥ तथाऽनेनौपशमिकसम्यक्त्वेन पटीयसा । विशोध्य क्रियते त्रेधा, मिथ्यात्वमोहनीयकम् ॥ ६३६ ॥ तत्राशुद्धस्य पुञ्जस्योदये मिथ्यात्ववान् भवेत् । पुञ्जस्यार्धविशुद्धस्योदये भवति मिश्रदृग् ॥ ६३७ ॥ उदये शुद्धपुञ्जस्य, क्षायोपशमिकं भवेत् । मिथ्यात्वस्योदितस्यान्तादन्यस्योपशमाच्च तत् ॥ ६३८ ॥ आरब्धक्षपकश्रेणेः, प्र-

क्षीणे सप्तके भवेत् । क्षायिकं तद्भवसिद्धेस्त्रिचतुर्जन्मनोऽथवा ॥ ६३९ ॥ तत्त्वार्थभाष्ये चैतेषां स्वरूपमेवमुक्तम्-क्षयादि त्रिविधं सम्यग्दर्शनं, तदावरणीयस्य कर्मणो दर्शनमोहस्य च क्षयादिभ्य इति, अस्य वृत्तिः—मत्याद्यावरणीयदर्शनमोहसप्तकक्षयादुपजातं क्षयसम्यग्दर्शनमभिधीयते, तेषामेवोपशमाज्जातमुपशमसम्यग्दर्शनमुच्यते,तेषामेव क्षयोपशमाभ्यां जातं क्षयोपशमसम्यग्दर्शनमभिदधति प्रवचनाभिज्ञा इति तत्त्वार्थप्रथमाध्याये (सा०१४३)। ननु च ॥ तत्त्वश्रद्धानजनकं,क्षायोपशमिकं यदि । सम्यक्त्वस्य क्षायिकस्य, कथमावारकं तदा ? ॥ ६४० ॥ यदि मिथ्यात्वजातीयतया तदपवारकम् । तदात्मधर्मः श्रद्धानं, कथमस्मात्प्रवर्त्तते ? ॥६४१॥ अत्रोच्यते ॥ यथा श्लक्ष्णाभ्रकान्तःस्था, दीपादेर्द्योतते द्युतिः । तस्मिन् दूरीकृते सर्वात्मना संजृम्भतेऽधिकम् ॥ ६४२ ॥ यथा वा मलिनं वस्त्रं, भवत्यावारकं मणेः । निर्णिज्योज्ज्वलिते तस्मिन्, भाति काचन तत्प्रभा ॥ ६४३ ॥ मूलाद् दूरीकृते चास्मिन्, सा स्फुटा स्यात्स्वरूपतः । मिथ्यात्वपुद्गलेष्वेवं, रसापवर्त्तनादिभिः ॥ ६४४ ॥ क्षायोपशमिकत्वं द्राक्, प्राप्तेषु प्रकटीभवेत् । आत्मधर्मात्मकं तत्त्वश्रद्धानं किञ्चिदस्फुटम् ६४५ ॥ क्षायोपशमिके क्षीणे, स्फुटं सर्वात्मना भवेत् । आत्मस्वरूपं सम्यक्त्वं, तच्च क्षायिकमुच्यते ॥६४६॥ एवं च ॥ तत्त्वश्रद्धानजनकसम्यक्त्वपुद्गलक्षये । कथं श्रद्धा भवेत्तत्त्वे, शङ्कैषाऽपि निराकृता ६४७ तथाहुर्भाष्यकाराः—सो तस्स विसुद्धयरो, जायइ सम्मत्तपोग्गलक्खयओ । दिट्ठिव्व सण्हसुद्धब्भपडलविगमे मणूसस्स

॥६४८॥ (स तस्य विशुद्धतरः जायते सम्यक्त्वपुद्गलक्षयतः । दृष्टिरिव श्लक्ष्णशुद्धाभ्रपटलविगमे मनुष्यस्य (सा०१४४)

अर्थ—हवे अतिनिर्मळ अध्यवसायवाळो अनिवृत्तिकरणवडे अन्तर्मुहूर्त प्रमाणनुं जीव अन्तर करण करे छे ॥ ६२८ ॥ ते अन्तरकरण कर्ये छते मिथ्यात्वमोहनीयनी स्थितिना बे भाग थाय छे. तेमां अन्तरकरणथी नीचेनी पहेली अने तेथी उपरनी बीजी स्थिति गणाय छे. ॥ ६२८ ॥ त्यां पहेली स्थितिमां मिथ्यात्वनां दलिकनो उदय होवाथी जीव मिथ्यादृष्टि गणाय, अने अन्तर्मुहूर्त बाद ते स्थिति व्यतीत थतां ॥ ६२९ ॥ अंतरकरण पामे छे ते (अंतरकरण) ना प्रथम समयेज जीव अपौद्गलिक ( आत्मस्वरूप ) उपशम सम्यक्त्व पामे छे- ॥ ६३० ॥ जेम बळी गयेला इंधणवाळो वननो दावाग्नि तृणरहित स्थळ पामीने आपोआप बुझाइ जाय, तेम मिथ्यात्वरूप उग्र दावाग्नि ॥ ६३१ ॥ अंतरकरण पामीने पोतेज शीघ्र बुझाइ जाय छे ते वखते जीव **औपशमिक नामनुं सम्यक्त्व** पामे छे ॥ ६३२ अहिं कोइक जीव औपश०सम्यक्त्व साथेज देशविरति अथवा कोइक जीव सर्वविरति पण पामे छे. शतकचूर्णिमां कह्युं छे के—"औपशमिक सम्यग्दृष्टि जीव कोइक अंतरकरणमां रह्यो छतो देशविरति पामे छे ने

१ आ अन्तरकरण क्रिया रूप छे कारणके अहिं रह्यो छतो जीव वेदवा योग्य अन्तर्मु०थी उपरनी अन्तर्मु० प्रमाण स्थितिमांथी प्रति समय दलिक उठावीने उत्कीर्यमाण विभागथी नीचेना अन्तर्मु०मां अने उपरनी सर्व स्थितिमां नाखतो जाय छे. अन्तर पाडवानी क्रिया पण अन्तर्मु० सुधी चाले छे जेथी उत्कीर्यमाण विभाग दलिक रहित थइ जवाथी ए विभागनुं नाम पण अन्तरकरणज छे

२ अन्तर्मु०प्रमाण ३ उपरनी अन्तर्मु०न्यून अन्तःकोडाकोडी सागर प्रमाण.

४ दलिक रहित खाली करेलो विभाग पामे छे.

५ औदयिकभावनुं क्षयोप० सम्य० पौद्गलिक गणाय अने कर्मपुद्गलना क्षय वा उपशमथी थयेलुं अपौद्गलिक गणाय, कारण के ए पुद्गलना उदय रहित छे.

६ दलिकरहित खाली करेलो विभाग पामीने.

७ अहिं औपश० सम्य० पामवाना प्रथम समयेज देशविरति या सर्वविरति पामे एवो अर्थ न लेवो पण औपश० सम्य०मां वर्तता केटलाक समय व्यतीत थया बाद देशवि० वा सर्वविरति पामे एम जाणवुं अन्यथा गुणस्थानप्राप्तिमां सांकर्य दोष आवे.

कोइक तो प्रमत्ताप्रमत्त भाव पण पामे छे, परन्तु सास्वादनवाळो कंइपण पामतो नथी." ए प्रमाणे भावार्थ कर्मप्रकृतिचूर्णिनी वृत्तिमां पण छे. वळी सम्यक्त्वने त्याग करेला एवा ग्रंथी भेदी जीवो कर्मनी उत्कृष्ट स्थिति बांधे छे, पण तेवा प्रकारनो उत्कृष्ट अनुभाग बांधता नथी। ए कर्मग्रंथकारनो अभिप्राय कह्यो, अने सैद्धान्तिकनो अभिप्राय तो ग्रंथि भेदी मिथ्यादृष्टिने प्रगट रीते कर्मोनी उत्कृष्ट स्थिति(पण) बंधाती नथी, हवे चालु विषय कहे छे—आ उपशमसम्यक्त्व उपशम श्रेणिमां पण ७ दर्शनमोहनीय उपशान्त थये जीवोने श्रेणिना अन्त सुधी ( ११ मा गुण० सुधी ) होय छे. ॥ ६३४ ॥ ( ए प्रमाणे उप० सम्यक्त्वनुं स्वरूप कहीने हवे बीजां सम्यक्त्वोनुं स्वरूप कहे छे—) तथा लोको औषधिविशेषवडे जेम मीणावाळा कोद्रवा शुद्ध–अर्द्धशुद्ध–अने अशुद्ध एवी रीते ३ प्रकारना करे छे ॥ ६३५ ॥ तेम आ विशुद्ध एवा औपश० सम्य० वडे मिथ्यात्वमोहनीय (नां द-लिक) पण ३ प्रकारना थाय छे. ॥ ६३६ ॥ त्यां अशुद्ध पुंजना उदय वडे मिथ्या-त्वी, अने अर्ध शुद्धपुंजना उदये जीव मिश्रदृष्टि थाय छे ॥ ६३७ ॥ तथा शुद्धपुंजना उदयथी क्षयोपशमसम्यक्त्व थाय छे. अने ते क्षयोप० सम्य० उदय आवेला मिथ्यात्वना क्षयथी अने नहिं उदय आवेला मिथ्यात्वना उपशमथी थाय छे ॥ ६३८ ॥ प्रारंभायली क्षपकश्रेणिथी दर्शनसप्तक ( ४ अनंतानु० –३ दर्शनमोह० ) क्षय थये छते ते भवमां मोक्षे जनार अथवा ३—४ भव करनार जीवोने क्षायिकसम्यक्त्व थाय छे. ॥६३९॥तत्त्वार्थभाष्यमां ए सम्यक्त्वोनुं स्वरूप आ प्रमाणे कहेलुं छे—"क्षायिकादि त्रण प्रकारनुं सम्यक्त्व छे—एटले—तदावरणीय ( जेनुं जे आवरण छे तेना ते आवरण ) कर्मना अने दर्शनमोहनी-

१ जेणे ग्रन्थिभेद कर्यो छे तेवा मिथ्यात्वे आवेला जीवो पण ग्रंथिभेदी कहेवाय. अने एकवार ग्रंथि भेदाया बाद पुनः ग्रंथि भेदवानुं होतुं नथी एवो नियम छे.

२ अबद्धायु जीव क्षायिक सम्यक्त्व पामे तो तेज भवमां मोक्षे जाय. बद्ध-वैमानिकदेवायु अथवा नरकायुवाळा जीव क्षायिक सम्यक्त्व पामे तो देवभव अथवा नरकभव करी पुनः मनुष्यमां आवी मोक्षे जतां त्रीजे भवे मोक्ष जाय, वळी बद्धयुगलिक तिर्यंचायु अथवा बद्ध युगलिक मनुष्यायुवाळो जीव क्षा० स० पामे तो युग०मांथी देव थइ पुनः मनुष्यमां आवी मोक्षे जतां चोथे भवे मोक्षे जाय पुनः कृष्णादिकवत् नरकमांथी मनुष्य थइ पुनः देव थइ पुनः मनुष्य थइ मोक्षे जतां पांचमे भवे पण मोक्षे जाय एम उपाध्यायजीनी टीका-वाळी कम्मपयडीमां छे.

यना क्षयादिकथी—टीकार्थः–मति आदि ज्ञानावरणना अने दर्शनमोहनीयनी ७ प्रकृतिना क्षयथी थयेलुं ते **क्षायिकसम्यक्त्व** कहेवाय, अने तेओनाज उप-शमथी उत्पन्न थयेलुं ते औपश० सम्य० कहेवाय, अने तेओना ज क्षयोपशमथी उत्पन्न थयेलुं तेने सिद्धान्तना ज्ञाता क्षयोपशम सम्य० कहे छे. ए प्रमाणे त-त्त्वार्थसूत्रना १ ला अध्यायमां छे ॥६४०॥ शंका–जो तत्त्वश्रद्धाने उत्पन्न क-रनार क्षयोपशमसम्यक्त्व छे तो ते [ क्षायोप० सम्य० ] क्षायिकसम्यक्त्वनुं आवरण केवी रीते करे ? अथवा जो ते [क्षायोप० सम्य०] मिथ्यात्वनी जातिनु (मिथ्यात्वथी उत्पन्न थयेल) होवाथी ते (क्षा० सम्य०) नुं आवरण करनार छे तो तेना ( क्षयोप० सम्य० ) थी आत्मधर्मरूप तत्त्वश्रद्धा केवी रीते प्रगटे? ६४१

उत्तर––जेम शारीक ( पडनाळा ) अबरखनी [चीमनीमां] अन्दर रहेली दीवा वगेरेनी ज्योति–कान्ति प्रकाश करे छे, अने ते अबरख दूर कर्ये छते पो-ताना सर्वतेजवडे अधिक प्रकाश करे छे, ॥ ६४२ ॥ अथवा जेम मलिन वस्त्र मणिनुं (रत्नना प्रकाशनुं सर्वथा) आवरण करनार होय छे, पण ते वस्त्र धोइने उज्ज्वल कर्ये छते ते रत्ननी कंइक प्रभा प्रगट थाय छे ॥ ६४३ ॥ अने ते वस्त्र मूळथीज दूर कर्ये छते ते मणिप्रभा पोताना संपूर्ण रूपथी प्रगट थाय छे, तेम रसापवर्त्तनादिवडे मिथ्यात्वपुद्गलो पण ॥ ६४४ ॥ क्षायोपशमिकपणुं पाम्ये छते कंइक अप्रगटपणे आत्मधर्मरूप तत्त्वश्रद्धान शीघ्र प्रगट थाय छे ॥ ६४५ ॥ अने क्षायोपशमिकपणुं क्षय पाम्ये छते आत्मस्वरूपवाळुं जे सम्यक्त्व सर्वरूपे (सर्व प्रकारे संपूर्ण) प्रगट थाय छे ते **क्षायिकसम्य०** कहेवाय छे ॥ ६४६ ॥ अने ए प्रमाणे तत्त्वश्रद्धाने उत्पन्न करनार पुद्गलोनो क्षय थवाथी तत्त्वमां श्रद्धा केवीरीते थाय ते शंका पण दूर करी. ॥ ६४७ । भाष्यकर्ताए कह्युं छे के––बा-रीक अने शुद्ध अबरखना पडलोनो विनाश थतां मनुष्यनी दृष्टिनी माफक

१ अहिं दर्शनमोहनीय कर्मसाथे मतिज्ञानावरणादि कर्मना पण(सह-कारी कारणथी ) उपशम–क्षयोपशम–ने क्षयथी ते ते सम्यक्त्वनी प्राप्ति कही परन्तु मत्यादिआवरणनो तो क्षयोप० मात्रज होय छे. क्षायिक अने औप० सम्य०मां क्षय वा उपशम थवो ते खुलासो तत्त्वार्थटीकाथी जाणवो

२ रसनी हानिवडे.

३ मिथ्यात्वनो प्रदेशोदय अने सम्य० पुंजनो रसोदय वर्तता दर्शनमो-हनीयनो क्षयोप० भाव जाणवो.

सम्यक्त्वमोहनीयना पुद्गलना क्षयथी जीवने ते ( सम्य० ) वधारे विशुद्ध थाय छे. ॥ ६४८ ॥

इदं कर्मग्रन्थमतं, सिद्धान्तस्य मते पुनः। अपूर्वकरणेनैव, मिथ्यात्वं कुरुते त्रिधा ॥ ६४९ ॥ सम्यक्त्वावारकरसं, क्षपयित्वा विशोधिताः । मिथ्यात्वपुद्गलास्ते स्युः, सम्यक्त्वमुपचारतः ॥ ६५० ॥ अर्धशुद्धा अशुद्धाश्च, मिश्रमिथ्यात्वसंज्ञकाः । एवं कोद्रवदृष्टान्तात्, त्रिषु पुञ्जेषु सत्स्वपि ॥६५१॥ यदाऽनिवृत्तिकरणात्, सम्यक्त्वमेव गच्छति। मिश्रमिथ्यात्वपुञ्जौ तु, तदा जीवो न गच्छति ॥६५२॥ पुनः पतितसम्यक्त्वो,यदा सम्यक्त्वमश्नुते। तदाऽप्यपूर्वकरणेनैव पुञ्जत्रयं सृजन् ॥६५३॥ करणेनानिवृत्त्याख्येनैव प्राप्नोति पूर्ववत्। नन्वत्रापूर्वकरणे, प्राग्लब्धेऽन्वर्थता कथम् ॥६५४॥ अत्रोच्यते॥अपूर्ववदपूर्वं स्यात्, स्तोकवारोपलम्भतः। अपूर्वत्वव्यपदेशो,भवेल्लोकेऽपि दुर्लभे ॥६५५॥इदमर्थतो विशेषावश्यकवृत्तौ (सा०१४५)। सम्यग्दृष्टिव्यपदेशनिबन्धनमितीरीतम् सम्यक्त्वं त्रिविधं शुद्धश्रद्धारूपं मनीषिभिः॥६५६॥ यद्वैकद्वित्रिचतुःपञ्चभेदं भवेदिदम्। जिनोक्ततत्त्वश्रद्धानरूपमेकविधं भवेत् ॥ ६५७ ॥ द्विधा नैसर्गिकं चौपदेशिकं चेति भेदतः। भवेन्नैश्चयिकं व्यावहारिकं चेति वा द्विधा ॥ ६५८ ॥ द्रव्यतो भावतश्चेति,द्विधा वा परिकीर्त्तितम्। तत्र नैसर्गिकं स्वाभाविकमन्यद् गुरोर्गिरा ॥ ६५९ ॥ यथा पथश्च्युतः कश्चिदुपदेशं विना भ्रमन्। मार्गं प्राप्नोति कश्चित्तु, मार्गविज्ञोपदेशतः ॥ ६६० ॥ यथा वा कोद्रवाः केचित्, स्युः कालपरिपाकतः। स्वयं निर्मदनाः केचिद्गोमयादिप्रयत्नतः ॥ ६६१ ॥ कश्चिज्ज्वरो यथा दोषपरिपाकाद् व्रजेत्स्वयम्। कश्चित्पुनर्भैषजादिप्रयत्नेनोपशा-

म्यति ॥ ६६२ ॥ स्वभावादथवोपायाद्यथा शुद्धं भवेत्पयः । यथोज्ज्वलं स्याद्वस्त्रं वा स्वभावाद्यत्नतोऽपि च ॥ ६६३ ॥ सम्यक्त्वमेवं केषाञ्चिदङ्गिनां स्यान्निसर्गतः । गुरूणामुपदेशेन, केषाञ्चित्तु भवेदिदम् ॥ ६६४ ॥ नैश्चयिकं सम्यक्त्वं, ज्ञानादिमयात्मशुद्धपरिणामः । स्याद्व्यावहारिकं तद्धेतुसमुत्थं च सम्यक्त्वम् ॥ ६६५ ॥ आर्या । जिनवचनं तत्त्वमिति श्रद्दधतोऽकलयतश्च परमार्थम् । तद्व्यक्तो भवेन्नाथतस्तु परमार्थविज्ञस्य ६६६ आर्या । क्षायोपशमिकमुत पौद्गलिकतया द्रव्यतस्तदुपदिष्टम् । आत्मपरिणामरूपे च भावतः क्षायिकोपशमिके ते ॥ ६६७ ॥ गीतिः ॥ कारकरोचकदीपकभेदादेतत्त्रिधाऽथवा त्रिविधम् । ख्यातं क्षायोपशमिकमुपशमजं क्षायिकं चेति ॥ ६६८॥ आर्या । जिनप्रणीताचारस्य, करणे कारकं भवेत् । रुचिमात्रकरं तस्य, रोचकं परिकीर्त्तितम् ॥ ६६९ ॥ स्वयं मिथ्यादृष्टिरपि, परस्य देशनादिभिः । यः सम्यक्त्वं दीपयति, सम्यक्त्वं तस्य दीपकम् ॥ ६७० ॥ क्षायोपशमिकादीनां, स्वरूपं तूदितं पुरा । सास्वादनयुतं तस्मिंस्त्रये तत्स्याच्चतुर्विधम् ॥ ६७१ ॥ वेदकेनान्विते तस्मिंश्चतुष्के पञ्चधाऽपि तत् । सास्वादनं च स्यादौपशमिकं वमतोऽङ्गिनः ॥ ६७२ ॥ त्रयाणामुक्तपुंजानां, मध्ये प्रक्षीणयोर्द्वयोः । शुद्धस्य पुञ्जस्यान्त्याणुवेदने वेदकं भवेत् ॥ ६७३ ॥

ए (औपशमिकसम्यक्त्व पामवाना स्वरूपवाळो) कर्मग्रंथनो अभिप्राय कह्यो. अने सिद्धान्तने मते तो अपूर्वकरणवडे ज मिथ्यात्व ३ जातनुं करे. ॥ ६४९ ॥ अहिं सम्यक्त्वने आवरण करनार रसने खपावी विशुद्ध करेलां जे मिथ्यात्वनां पुद्गलो ते उपचारथी [व्यवहारथी] सम्यक्त्व कहेवाय छे, ॥ ६५० ॥ अर्धशुद्ध पुद्गलो ते मिश्रसम्यक्त्व नामनां, अने अशुद्ध रहेलां पुद्गलो ते मिथ्यात्व नामनां

कहेवाय छे. ए प्रमाणे कोद्रवना दृष्टान्तथी (जाणवुं)हवे त्रणे पुंज विद्यमान छते पण ॥ ६५१ ॥ ज्यारे अनिवृत्तिकरणवडे जीव सम्यक्त्वने ज पामे ते वखते जीवने मिथ्यात्व अथवा मिश्रपुंजनो उदय थतो नथी ॥ ६५२ ॥ वळी सम्यक्त्वथी पडेलो जीव पुनः ज्यारे सम्यक्त्व पामवुं होय ते वखते पण अपूर्वकरणवडेज त्रण पुंज करतो ॥ ७५३ ॥ अनिवृत्तिकरण नामना करणवडेज पूर्वनी पेठे सम्यक्त्व पामे

प्रश्न—अहिं प्रथम प्राप्त थया छतां पण बीजीवार पामेलुं करण अपूर्वकरण केम कहेवाय ? केमके अपूर्व एटले पूर्वे प्राप्त नहि करेल ते अपूर्वकरण कहेवाय तो बीजीवार अर्थ प्रमाणे अपूर्वकरण न कहेवाय. ? ॥ ६५४ ॥

उत्तर—थोडीवार पामवाथी जे अपूर्व सरखुं होय ते अपूर्व कहेवाय. कारण के लोकमां पण दुर्लभ्य वस्तुमां अपूर्वपणानो व्यपदेश थाय छे ॥ ६५५ ॥ ए प्रमाणे भावार्थ श्रीविशेषावश्यकनी वृत्तिमां कह्यो छे । ए प्रमाणे "सम्यग्दृष्टि" एवा व्यपदेशमां कारण रूप शुद्ध श्रद्धारूप सम्यक्त्वने बुद्धिमानोए ३ रे प्रकारनुं कहेलुं छे ॥ ६५६ ॥

अथवा एक–बे–त्रण–चार–ने पांच प्रकारनुं पण सम्यक्त्व कह्युं छे, त्यां श्रीजिनेश्वरे कहेल तत्त्वनी श्रद्धारूप ते एक प्रकारनुं सम्यक्त्व छे. ॥६५७॥ तथा नैसर्गिक अने औपदेशिक ए भेदथी बे प्रकारनुं अथवा नैश्चयिक अने व्यावहारिक ए प्रमाणे पण बे प्रकारनुं छे. ॥ ६५८ ॥ अथवा द्रव्य अने भाव एम बे प्रकारनुं सम्यक्त्व कह्युं छे, त्यां जे स्वाभाविकरीते थाय ते नैसर्गिक अने गुरुना उपदेशादिवडे थाय ते औपदेशिक सम्यक्त्व कहेवाय ६५९ जेम रस्तेथी भूलो पडेलो कोइक बीजाए मार्ग देखाड्या विनाज भमतो भमतो मार्ग पामे तेवुं नैस० अने कोइक कोइ भोमीआना कहेवाथी मार्ग पामे तेवुं औपदे० सम्य० जाणवुं. ॥ ६६० अथवा केटलाए कोद्रवा (धान्यविशेष) काळना परिपाकथी पोतेज मीणा विनाना थइ जाय, अने केटलाएक छाण वगेरेना प्रयत्नथी मीणा रहित थाय तेम ॥ ६६१ ॥ अथवा कोइक ज्वर (ताव–बुखार) (पित्तादि) दोष पाकी जवाथी स्वतः चाल्यो जाय, अने कोइक ज्वर वळी औषधादि प्रयत्न वडे शान्त थाय तेम ॥ ६६२ ॥ अथवा कोइक जळ स्वभावथीज शुद्ध थाय, अने कोइक जळ उपायथी शुद्ध थाय । अथवा कोइक वस्त्र स्वभावथीज उज्वल थाय अने कोइक प्रयत्नथी उज्वळ थाय ॥ तेम सम्यक्त्व पण केटलाएक जीवोने स्वभावथी अने केटलाएक जीवोने गुरुना उपदेशथी थाय छे

॥ ६६४ ॥ तथा ज्ञानदर्शनादि गुणमय आत्मानो जे शुद्ध परिणाम ते नैश्चयिक-सम्यक्त्व, अने ते शुद्ध (परिणामरूप) हेतुथी उत्पन्न थयेलुं ते व्यावहारिक सम्यक्त्व कहेवाय. ॥ ६६५ ॥ तथा परमार्थने नहि जाणनार एवा पुरुषने पण "श्रीजिनेश्वरनुं जे वचन छे तेज तत्त्व छे" एवा प्रकारनी श्रद्धा करनारने द्रव्यसम्य०, ने ते तत्त्वना जाणकारने भावसम्य० होय.॥६६६॥ अथवा जे क्षायोप० सम्य० तेज पौद्गलिक होवाथी द्रव्यसम्य०, कहेलुं छे, अने बीजां बे सम्यक्त्व क्षायिक अने औपशमिक आत्मानी परिणतिरूप होवाथी भावसम्य० कहेल छे. ॥ ६६७ ॥ वळी आ सम्यक्त्व कारक–रोचक ने दीपक ए भेदथी त्रण-प्रकारनुं छे. अथवा क्षयोप०–उपशम–अने क्षायिक ए रीते पण सम्य० त्रण प्रकारनुं छे ॥ ६६८ ॥ जिनेश्वरे कहेला आचार अंगीकार करवाथी कारक था-य छे, अने ते आचारो उपर रुचिमात्र करनार(आदरनार नहिं)तेने रोचक कहे-लुं छे. ॥ ६६९ ॥ पोते मिथ्यादृष्टि छतां देशनादिक (नी लब्धि) वडे जे जीव बीजा जीवने सम्यक्त्व प्रगट करे ते (मिथ्यादृष्टिने) दीपक सम्य० (दीवो जेम पोतानी पासे अन्धारुं ने बीजाने प्रकाश करे तेम] जाणवु. ॥ ६६९. ॥ प्रथम जे क्षायोप० वगेरे (त्रण)सम्य०नुं स्वरूप कह्युं ते त्रणमां सास्वादन सम्य० सहित करतां चार प्रकारनुं सम्य० थाय० ॥ ६७१ ॥ वळी ते चारमां वेदक सम्य० उमेरतां ५ प्रकारनु सम्य० पण थाय, त्यां औपश० सम्य० वमतां जीवने सा-स्वा० सम्य० होय छे. ॥ ६७२ ॥ अने पूर्वे कहेला त्रण पुंजमांथी बे पुंज क्षय थया बाद त्रीजा शुद्धपुंजना अन्त्य अणु (स्थितिखंड) वेदतां उदय आवतां वेदक सम्यक्त्व होय छे ॥ ६७३ ॥ ( सम्यक्त्वनीस्थिति अने प्राप्ति )

षट्षष्टिः साधिकाऽब्धीनां,क्षायोपशमिकस्थितिः । उत्कृष्टा सा जघन्या चान्तर्मुहूर्त्तमिता मता ॥ ६७४ ॥ ज्येष्ठाऽन्या चौ-पशमिकस्थितिरान्तर्मुहूर्त्तिकी । क्षायिकस्य स्थितिः सादिरन-न्ता वस्तुतः स्मृता ॥ ६७५ ॥ साधिकाः स्युर्भवस्थत्वे, सा त्रय-स्त्रिंशदब्धयः । उत्कर्षतो जघन्या च, सा स्यादान्तर्मुहूर्तिकी ॥ ६७६ ॥सास्वादनस्यावल्यः षट्, ज्येष्ठा लघ्वी क्षणात्मिका ।

१ अर्थात् क्षायि० सम्य० पामतां क्षयोप० नो छेल्लो समय ते वेदकस०

एकः क्षणो वेदकस्योत्कर्षाज्जघन्यतोऽपि च ६७७ ॥ उत्कर्षादौपशमिकं, सास्वादनं च पञ्चशः। वेदकं क्षायिकं चैकवारं जीवस्य संभवेत् ॥ ६७८ ॥ वारान् भवत्यसंख्येयान्, क्षायोपशमिकं पुनः। अथैतेषां गुणस्थाननियमः प्रतिपाद्यते ॥ ६७९ ॥ सास्वादनं स्यात्सम्यक्त्वं, गुणस्थाने द्वितीयके। तुर्यादिषु चतुर्ष्वेषु, क्षायोपशमिकं भवेत् ॥ ६८० ॥ अष्टासु तुर्यादिष्वौपशमिकं परिकीर्त्तितम्। तुर्यादिष्वेकादशसु, सम्यक्त्वं क्षायिकं भवेत् ॥ ६८१ ॥ तुर्यादिषु चतुर्ष्वेषु, वेदकं कीर्त्तितं जिनैः। गुणस्थानप्रकरणाद्विशेषः शेष उह्यताम् ॥ ६८२ ॥

अर्थ–क्षायोप० सम्य०नी स्थिति साधिक ६६ सागरोपम छे ते उत्कृष्ट जाणवी, अने जघ० स्थि० अन्तर्मु० प्रमाणनी छे.। औपश० सम्य० नी उत्कृ० अने जघ० बन्ने स्थिति अन्तर्मु० प्रमाण छे, अने वास्तविक रीते क्षायि० सम्य० नी सादि अनंत स्थिति कही छे. ॥ ६७५ ॥ वळी संसारीपणामां क्षायि० सम्य० नी स्थिति उत्कृष्टथी साधिक ३३ सागर, अने जघ० स्थिति अन्तर्मु० छे.॥ सास्वादन सम्य०नी उ०स्थि० ६ आवलिका, अने जघ० १ समयनी छे. अने उत्कृ० अथवा जघ०थी पण वेदक सम्य०नी १ समय स्थिति छे. ॥ ६७७ ॥ औपश० अने सास्वा० सम्य० जीव आखा संसारमां पांच वखत पामे, अने जीवने वेदक सम्य० अने क्षायिक सम्य० एकज वखत होय. ॥६७८॥वळी क्षायोप० सम्य० असंख्याती वार पामे, हवे ए सम्यक्त्वना गुणस्थाननो नियम कहेवाय छे ॥ ६७९ ॥

---

१ त्रण वार अच्युते अथवा बे वार विजयादिचतुष्कमां उत्पन्न थतां वचला मनु० भव सहित ६६ सागर थाय त्यारबाद मिश्र या मिथ्या० पामे.

२ सिद्धने आश्रयि.

३ मनु०मां क्षायिक सम्य० प्राप्त करी विजयादि पांच विमानमां एकवार उत्पन्न थइ मनुष्यमां आवी मोक्षे जाय तो मनुष्य भवाधिक ३३ सागर थाय.

४ क्षायिक सम्य० पामी तुर्तज क्षपकश्रेणि मांडी मोक्षे जतां.

साख्वा० सम्य० बीजे गुणस्थाने, अने क्षायोप० सम्य० चोथाथी चार गुण स्थान सुधी होय (४-५-६-७ गुण० सुधी होय. ) || ६८० || औपशमिक सम्य० चोथाथी आठ (४थी११) गुण० सुधी कहेलुं छे, अने क्षायिक सम्य० चोथाथी अगीआर सुधी (४थी१४सुधी) कहेलुं छे. ||६८१|| अने श्री जिनेश्वरोए वेदक सम्य० चोथाथी चार सुधी (४थी ७ सुधी) कहेलुं छे, ए संबंधि बाकी रहेलो अधिक विचार [आगळ आवता] गुणस्थानप्रकरणथी जाणवो. || ६८२ ||

सम्यक्त्वं लभते जीवो, यावत्यां कर्मणां स्थितौ । क्षपितायां ततः पल्यपृथक्त्वप्रमितस्थितौ ||६८३|| लभेत देशविरतिं, क्षपितेषु ततोऽपि च । संख्येयेषु सागरेषु, चारित्रं लभतेऽसुमान् || ६८४ || एवं चोपशमश्रेणिं, क्षपकश्रेणिमप्यथ । क्रमात्संख्येयपाथोधिस्थितिह्रासादवाप्नुयात् ||६८५|| एतानभ्रष्टसम्यक्त्वोऽन्यान्यदेवनृजन्मसु । लभेतान्यतरश्रेणिवर्जान् कोऽप्येकजन्मनि ||६८६|| श्रेणिद्वयं चैकभवे सिद्धान्ताभिप्रायेण न स्यादेव, आहुश्च|| सम्मत्तंमि उ लद्धे, पलिअपुहुत्तेण सावओ हुज्जा । च-

१ यावत्यां कर्मस्थितौ सम्यक्त्वं लब्धं तस्मध्यात्पल्योपमपृथक्त्वलक्षण स्थितिखण्डे क्षपिते श्रावको देशविरतो भवेत् । ततोऽपि संख्यातेषु सागरोपमेषु क्षपितेषु चारित्रमवाप्नोति । ततोऽपि संख्यातेषु सागरोपमेषु क्षपितेषूपशमश्रेणीं प्रतिपद्यते । ततोऽपि संख्यातेषु सागरोपमेषु क्षपितेषु क्षपकश्रेणिर्भवतीति || १२२२ | प्रच्यमलिपतितसम्यक्त्वस्य देवमनुष्यजन्मसु संसरणं कुर्वतोऽन्योन्यमनुष्यभवे देशविरत्यादिलाभो भवति । यदि वा तीव्रशुभपरिणामवशात् क्षपितबहुकर्मस्थितेरेकस्मिन्नपि भवेऽन्यतरश्रेणिवर्जान्येतानि सर्वाण्यपि भवन्ति । श्रेणिद्वयं त्वेकस्मिन्भवे सैद्धान्तिकाभिप्रायेण न भवत्येव, किंत्वेकैवोपशमश्रेणिः, क्षपकश्रेणिर्वा भवतीति ||१२२३|| (इति द्वयोर्गाथयोर्वृत्तिः)

भावार्थः—जेटली कर्मस्थिति रह्ये छते सम्यक्त्व पाम्यो होय तेमांथी पल्योपमपृथक्त्वस्थिति खण्ड खपाव्ये श्रावक ( देशविरतिवाळो ) थाय. तेमांथी पण संख्याता सागरोपम खपाव्ये चारित्र (सर्वविरति) पामे छे. तेमांथी पण संख्यातासागरोपम खपाव्ये उपशमश्रेणि पामे छे, तेमांथी पण संख्यातासागरोपमस्थिति खपाव्ये क्षपकश्रेणि थाय छे. देव मनुष्य जन्ममां परिभ्रमण करता अप्रतिपतित ( नथी नाश पाम्युं ) सम्यक्त्ववाळा जीवने बीजा बीजा ( वच्चे प्राप्त थता ) मनुष्यभवमां देशविरति विगेरेनो लाभ थाय-

रणोवसमखयाणं, सागरसंखंतरा हुंति ॥ १ ॥ एवं अप्परिवडिए, सम्मत्ते देवमणुअजम्मेसु। अन्नयरसेढिवज्जं, एगभवेणं व (च) सव्वाइं ॥२॥(सा०१४६)(सम्यक्त्वे तु लब्धे पल्यपृथक्त्वेन श्रावको भवेत्। चरणोपशमक्षयाणां सागरसंख्यान्तरा भवंति ॥१॥ एवमप्रतिपतिते सम्यक्त्वे देवमनुजजन्मसु। अन्यतरश्रेणिवर्जं एकभवेन वा (च) सर्वाणि ॥ २ ॥) इति महाभाष्यसूत्रवृत्यादिषु । *सम्यक्त्वं च श्रुतं चेति,देशतः सर्वतोऽपि च। विरती इति निर्दिष्टं, सामायिकचतुष्टयम् ॥ १ ॥ चारित्रस्याष्ट समयान्, प्रतिपत्तिर्निरन्तरम्। शेषत्रयस्य चावल्यसंख्येयांशमितान् क्षणान् ॥ २ ॥ उत्कर्षेण प्रतिपत्तिकाल एष निरन्तरः। जघन्यतो द्वौ समयौ, चतुर्णामपि कीर्त्तितः ॥ ३ ॥ द्वादशपञ्चदशाहोरात्रास्तृतीयचतुर्थयोः। आद्ययोः सप्त विरहो,ज्येष्ठोऽन्यश्च क्षणत्रयम् ॥ ४ ॥ सम्यक्त्वं देशविरतिं, चाप्नोत्युत्कर्षतोऽसुमान्। क्षेत्रपल्योपमासंख्यभागक्षणमितान् भवान् ॥ ५ ॥ चारित्रं च भवानष्टौ, श्रुतसामायिकं पुनः। भवाननन्तान् सर्वाणि, भवमेकं जघन्यतः ॥ ६ ॥ आकर्षाणां खलु शतपृथक्त्वं सर्वसंवरे। स्यात्सहस्रपृथक्त्वं च, त्रयाणामेकजन्मनि ॥ ७ ॥ नानाभवेषु चाकर्षा, असंख्येयाः सहस्रकाः। आद्यत्रये तुरीये च, स्यात्सहस्रपृथक्त्वकम् ॥ ८ ॥ यत्त्रयाणां प्रतिभवं, स्युः सहस्रपृथक्त्वम्। असंख्येया भवाश्चेति, युक्तास्तेऽमी यथोदिताः ॥ ९ ॥ चारि-

छे. अथवा तीव्र शुभ परिणामना वधवाथी खपावी छे घणी कर्मस्थिति जेणे एवा जीवने एकज भवनेविषे बेमांथी एक श्रेणि शिवायना आ सर्व (फलो–लाभो) थाय छे, (मळे छे), कारण वे श्रेणि एक भवने विषे सैद्धान्तिकना अभिप्राये थाय ज नहि. परन्तु उपशमश्रेणि अथवा क्षपकश्रेणि (बेमाथी एक) थाय छे.

* चार सामायिक स्वरूप प्रसंगथी कहेलुं होवाथी श्लोको १ थी शरु छे.

त्रे यत्प्रतिभवं, तेषां शतपृथक्त्वकम् । भवाश्चाष्टौ ततो युक्तं, तत्सहस्रपृथक्त्वकम् ॥१०॥ आकर्षः प्रथमतया ग्रहणं मुक्तस्य वा ग्रहणमिति, इदमर्थत आवश्यकसूत्रवृत्त्यादिषु (सा०१४७)

( सम्यक्त्वादिथी देशविरत्यादि प्राप्तिमां परस्पर अन्तर. )

अर्थः—कर्मनी जेटली ( पल्यासंख्येय भाग न्यून एक कोडाकोडी साग- रोपम ) स्थिति बाकी रहे जीव सम्यक्त्व पामे तेमांथी पल्योपम पृथ- क्त्वप्रमाण स्थिति क्षय थतां जीव ॥ ६८३ ॥ देशविरति पामे, तेमांथी पण संख्यात सागरोपम स्थिति क्षय थतां जीव चारित्र पामे ॥ ६८४ ॥ ए प्रमाणे तेमांथी पण पुनः संख्यात सागरोपम स्थिति घटतां उपशमश्रेणि अने तेमांथी पुनः संख्यात सागरो० स्थिति घटतां जीव क्षपकश्रेणि पामे ॥ ६८५ ॥ ते पण बीजा बीजा देव अने मनुष्यना भवोमां सम्यक्त्वथी पतित नहिं थयेलो एवो कोइक जीव तो एकज (मनुष्य) भवमां कोइपण एक श्रेणि सिवायना ते सर्व ( देशवि०—सर्ववि०—ने १ श्रेणि ए त्रणे ) भाव पामी शके, ॥ ६८६ ॥ कारण के सिद्धान्तने अभिप्राये एक भवमां बे श्रेणि न थाय कह्युं छे के—"सम्यक्त्व पाम्याबाद पल्यो० पृथक्त्व काळे ( २ थी ९ पल्योपमस्थिति खाने कर्मनी खपाव्ये छते ) श्रावक थाय अने संख्यात संख्यात सागरोपमनेअन्तरे चारित्र—उपश० श्रे० ने क्षपकश्रे० थाय. ए प्रमाणे देव अने मनुष्य जन्ममां सम्य० नहिं पतित थये छते ( कोइक जीवने तो ) अन्यतर [ कोइपण एक ] श्रेणि रहित सर्वभाव एकज भवमां प्राप्त थाय." ए प्रमाणे श्रीविशेषा० महाभाष्ये सूत्र अने वृत्ति वगेरेमां कह्युं छे. ॥६८७॥ चार सामायिकनुं स्वरूप ॥ सम्यक्त्व—श्रुत—देशविरति—अने—सर्वविरति ए चार प्रकारनां सामायिक

१ भावार्थ ए छे के:—देव मनुष्य जन्ममां भमतो अप्रतिपतित सम्यक्त्ववाळो कोइक जीव (मनुष्य भवमां) पूर्वनी सात कर्मनी स्थितिमांथी पल्यपृथक्त्व स्थिति खपावे तो तेज [मनुष्य] भवमां देशविरतिपणुं तथा तेमांथी संख्यात सागरोपमनी स्थिति खपाव्ये सर्वविरतिपणुं तथा सिद्धान्तकारमते तेमांथी संख्यातसागरोपम स्थिति घटाड्ये उपशमश्रेणि अगर तेमांथी संख्यातसागरोपम स्थिति घटाड्ये क्षपकश्रेणि पामे छे, कर्मग्रन्थकारमते जेणे उपशमश्रेणि करी होय पण जो तद्भवमुक्तिगामी जीव होय तो क्षपकश्रेणि पामी शके छे, ते विचार आगळ कहेवाशे.

कहेलां छे. ॥ १ ॥ तेमां चारित्रनी (सर्ववि० सामायिकनी) निरन्तर प्राप्तिकाळ ८ समयनो छे, अने शेष ३ सामायिकनो प्रतिपत्तिकाळ (स्वीकार काळ) आवलिकाना असंख्यातमा भाग जेटला समयनो छे ॥ २ ॥ ए निरंतर प्रतिपत्तिकाळ उत्कृष्टथी कह्यो, अने जघन्यथी तो चारे सामायिकनो प्रतिपत्तिकाळ बे समय प्रमाणे कहेलो छे.॥ ३॥ पहेला सम्य०सामा०नो अने बीजा श्रु०सा०नो विरह(अन्तर) काळ ७ अहोरात्रिनो,अने त्रीजा तथा चोथा सामा०नो विरहकाळ अनुक्रमे १२ अने १५ दिवसनो छे. ए उत्कृ०विरह कह्यो अने जघ०विरह (चारेनो) ३ * समय प्रमाण छे. ॥ ४ ॥ जीव सम्यक्त्व अने देशविरति उत्कृष्टथी क्षेत्र पल्योपमना असंख्यातमा भागना समयप्रमाण भव सुधी वारंवार प्राप्त करे छे ॥ ५ ॥ चारित्रने आठ भवसुधी प्राप्त करे छे, अने श्रुतसामायिक अनंतभव सुधी प्राप्त करे. पुनः जघन्यथी ए चारेने एकज भवमां प्राप्त करे. तथा सर्ववि० सामायिकना आकर्ष निश्चे शतपृथक्त्व (अनेक सेंकडोवार) अने शेष त्रण सामा० ना आकर्ष हजार पृथक्त्व [अनेक हजारवार] पुनः पुनः प्राप्ति एकभवमां होय. ॥६॥ वळी एमांना पहेला त्रणना अनेक भवमां आकर्ष असंख्य हजार थाय अने चोथा (चारित्रसामा०) ना (अनेक भवमां) हजारपृथक्त्व आकर्ष होय ॥ ७ ॥ प्रथमना त्रण सामायिकना जो एकेकभवमां हजारपृथक्त्व आकर्ष कह्या तो असंख्याता भवमां जे आ असंख्य हजार आकर्ष कह्या ते युक्त छे.॥८॥ वळी चारित्रना जो प्रत्येकभवमां शतपृथक्त्व आकर्ष कह्या तो आठ भवमां ते आकर्ष हजार पृथक्त्व थाय

आ निरन्तरप्रतिपत्ति अने विरहनो काळ एक जीवाश्रयि नहि पण अनेक जीवनी अपेक्षाए जाणवो.

१ लगोलग भवमां नहि पण आंतरा भवचक्रमां एटलाभव सम्यक्त्वादि पामे एम जाणवुं.

२ जे सम्यक्त्वादि गुणथी अध्यवसायनी मलिनताए नीचे पड्यो होय तेज सम्यक्त्वादि गुण पुनः प्राप्त करवो अथवा सर्वथी प्रथम प्राप्त करवो ते आकर्ष.

* श्रुत सामा० अने सम्यक्त्वसामा० नो जघ० विरह आवश्यकवृत्तिमां १ समयनो कह्यो छे.

३ एमां श्रुत अने सम्य० सम्यक्पणे जाणवुं अन्यथा श्रुत सामा० ना आकर्ष अभव्यने नाना भवमां अनन्त होय. अथवा ए वात भव्याने आश्रयि जाणवी.

ते पण युक्त ज छे. ॥९॥ अहिं आकर्ष एटले प्रथम ग्रहण अथवा मुकी दीधेलानुं जे ग्रहण करवुं ते, एवो भावार्थ आवश्यकवृत्ति वगेरेमां कह्यो छे. ॥१०॥

मिथ्यादृष्टिर्विपर्यस्ता, जिनोक्ताद्वस्तुतत्त्वतः । सा स्यान्मिथ्यात्विनां तच्च, मिथ्यात्वं पञ्चधा मतम् ॥ ६८८ ॥ आभिग्रहिकमाद्यं स्यादनाभिग्रहिकं परम् । तृतीयं किल मिथ्यात्वमुक्तमाभिनिवेशिकम् ॥ ६८९ ॥ तुर्यं सांशयिकाख्यं स्यादनाभोगिकमन्तिमम् । अभिग्रहेण निर्वृत्तं, तत्राभिग्रहिकं स्मृतम् ॥ ६९० ॥ नानाकुदर्शनेष्वेकमस्मात्प्राणी कुदर्शनम् । इदमेव शुभं नान्यदित्येवं प्रतिपद्यते ॥ ६९१ ॥ मन्यतेऽङ्गी दर्शनानि, यद्वशादखिलान्यपि । शुभानि माध्यस्थ्यहेतुरनाभिग्रहिकं हि तत् ॥ ६९२ ॥ यतो गोष्ठामाहिलादिवदात्मीयकुदर्शने । भवत्यभिनिवेशस्तत्प्रोक्तमाभिनिवेशिकम् ॥ ६९३ ॥ यतो जिनप्रणितेषु, देशतः सर्वतोऽपि वा । पदार्थेषु संशयः स्यात्तत्सांशयिकमीरितम् ॥ ६९४ ॥ अनाभोगेन निर्वृत्तमनाभोगिकसंज्ञकम् । यत्स्यादेकेन्द्रियादीनां, मिथ्यात्वं पञ्चमं तु तत् ॥६९५॥ यस्यां जिनोक्ततत्त्वेषु, न रागो नापि मत्सरः । सम्यग्मिथ्यात्वसंज्ञा सा, मिश्रदृष्टिः प्रकीर्त्तिता ॥६९६॥ धान्येष्विव नरा नालिकेरद्वीपनिवासिनः । जिनोक्तेषु मिश्रदृशो, न द्विष्टा नापि रागिणः ॥६९७॥ यदाहुः कर्मग्रन्थकाराः ॥ जिअअजिअपुण्णपावासवसंवरबंधमुक्खनिज्जरणा । जेणं सद्दहइ तयं सम्मं खइगाइ बहुभेयं ॥६९८॥ मीसा न रागदोसो, जिणधम्मे अंतमुहु जहा अन्ने । नालीअरदीवमणुणो, मिच्छं जिणधम्मविवरीयं ॥६९९॥ (सा० १४८)(जीवाजीवपुण्यपापाश्रवसंवरबन्धमोक्षनिर्जरणानि । येन श्रद्दधाति तत् सम्यक्त्वं क्षायि-

कादि बहुभेदम् ॥१॥ मिश्राद्र न रागद्वेषौ जिनधर्मे अन्तर्मुहूर्त्तं यथाऽन्ने । नालिकेरद्वीपमनुजानां मिथ्यात्वं जिनधर्मविपरीतम्) ॥ ६९९ ॥ गुणस्थानक्रमारोहे त्वेवमुक्तम् ॥ " जात्यन्तरसमुद्भूतिर्वडवाखरयोर्यथा । गुडदध्नोः समायोगे, रसभेदान्तरं यथा ॥ १ ॥ तथा धर्मद्वये श्रद्धा, जायते समबुद्धितः । मिश्रोऽसौ जायते तस्माद्भावो जात्यन्तरात्मकः ।२।(सा०१४९.) सम्यग्मिथ्यादृशः स्तोकास्तेभ्योऽनन्तगुणाधिकाः । सम्यग्दृशस्ततो मिथ्यादृशोऽनन्तगुणाधिकाः ॥ ७०० ॥ इति दृष्टिः २५ ॥

अर्थ—मिथ्यात्वनुं स्वरूप-श्री जिनेश्वरे कहेला वस्तुतत्त्वथी जे विपर्यासपणुं ( विपरीतपणुं ) ते मिथ्यादृष्टि कहेवाय. ते मिथ्यादृष्टि मिथ्यात्वी जीवोने होय छे अने ते मिथ्यात्व ५ प्रकारनुं मानेलुं छे ॥ ६८८॥ पहेलुं आभिग्रहिक, बीजुं अनभिग्रहिक अने त्रीजुं मिथ्यात्व निश्चय आभिनिवेशिक कहेलुं छे ॥६८९॥ चोथुं सांशयिक नामे अने छेल्लुं अनाभोगिक मिथ्यात्व छे. त्यां अभिग्रह ( एटले स्वीय स्वीकार ) थी उत्पन्न थयेलुं ते आभिग्र० मिथ्यात्व कहेलुं छे. ॥ ६९० ॥ ए मिथ्यात्वथी जीव अनेक प्रकारनां कुदर्शनोमां आ एक दर्शनज श्रेष्ठ छे पण बीजुं नहिं; ए प्रमाणे माने छे, ॥ ६९१ ॥ तथा जेना वशथी जीव मध्यस्थपणाना कारणथी सर्व दर्शनो (धर्म) शुभ छे एम माने ते अनाभिग्रहिक मिथ्या० मानेलुं छे ॥ ६९२ ॥ तथा जेनाथी गोष्ठामाहिल वगेरेनी पेठे पोताना कुदर्शनमां ( खोटा मन्तव्यमां ) जे कदाग्रह थाय ते आभिनिवेशिक मिथ्या० कहेवाय. ॥६९३॥ तथा जेनाथी

१ आ मिथ्यात्वना प्रकारान्तरे बीजा भेदोनो अन्तर्भावकरी संक्षेपथी त्रण भेदो अथवा विस्तारथी अनेक भेदो पण बनाव्या छे, " अभिगहियमणभिगहियं मिच्छत्तं अभिनिवेसियं चेव । संसइयमणाभोगं, तिविहं वा, अहवाऽणेगविहं " ॥ १ ॥ अर्थ—आभिग्रहिक १ अनाभिग्रहिक २ आभिनिवेशिक ३ सांशयिक ४ अनाभोगिक ५, ए पांच प्रकारे मिथ्यात्व छे, अथवा त्रण भेदे छे, अथवा अनेक भेदे छे. त्रण भेद " तं मिच्छत्तं जमसद्दहणं तच्चाण होइ भावाणं । संसइयमभिग्गहियं अणभिग्गहियं च तं तिविहं " ॥ १ ॥

अर्थ–तत्त्व ( यथार्थ स्वरूपवाळा ) पदार्थोनी जे अश्रद्धा ते मिथ्यात्व कहेवाय, ते १ सांशयिक, २ आभिग्रहिक, ३ अनाभिग्रहिक एम त्रण प्रकारनुं छे, अनेक प्रकार–अनेक धर्मात्मकवस्तुमां बीजा धर्मोना अपलापे करी एक धर्मविषयक अध्यवसाय ते मिथ्यात्व छे, अने ते अध्यवसायो असंख्य होवाथी मिथ्यात्वना पण तेटलाज भेदो पडे छे. " जावइया वयणपहा तावइया चेव हुंति नयवाया । जावइया नयवाया तावइया चेव परसमया " ॥१॥ मिथ्यात्वनी प्राप्तिना अनेक कारणो पैकी आ निम्न लिखित कारणो मुख्य छे. " मइभेया पुव्वुग्गह संसग्गीए य अभिनिवेसेण । चउहा खलु मिच्छत्तं साहूणमदंसणेणऽहवा " ॥ १ ॥

भावार्थ—यथावस्थित समस्त वस्तुतत्त्वने स्वीकारता छतां पण ' जमालि'नी माफक कोइक एक पदार्थमां विपरीत श्रद्धा थवा रूप 'बुद्धिभेद' थी मिथ्यात्व प्राप्त थाय छे १. पहेला कुदर्शन वासनाथी वासित अन्तःकरणवाळा जीवने वारंवार सेंकडो युक्तियोवडे प्रतिबोध करता छतां पण तेज पूर्वना ( कुदर्शन ) संस्कारना अनुवर्तन थवाथी कदाग्रहस्वरूप ' पूर्वव्युद्ग्रह'थी पहेली अवस्थाना ' गोविन्द ' साधुनी जेम ( पाछळथी श्रुतज्ञान भणवाथी मिथ्यात्व वगाडी पाम्युं छे ) केटलाकोने मिथ्यात्व थाय छे. २. विपरीतदृष्टिवाळा जीवोनी साथे सम्बन्ध करवा रूप ' संसर्गदोष'थी ' सौराष्ट्र देशना श्रावक'नी जेम मिथ्यात्व पामे छे ३. खोटा अभिमानथी जुदा स्वरूपवाळा पदार्थने भिन्नस्वरूपे निरूपण करवा रूप ' अभिनिवेश'थी ' गोष्ठामाहिल 'नी जेम मिथ्यात्व उत्पन्न थाय छे ४. सत्यवस्तुतत्त्वना प्रकाशक साधुओना दर्शनना अभावथी पण सत्यवस्तु श्रद्धान नाबुद थवाथी मिथ्यात्व प्राप्त थाय छे ५. दृष्टान्त गाथा–" मइ भेएण जमाली, पुव्वुग्गहियंमि हवइ गोविंदो । संसग्गी सावगभिक्खु, गोठामहिलो अभिनिवेसे " ॥ १ ॥

२ आ गोष्ठामाहिल दुष्षमाकालीन जीवोना उपकारार्थे चारे अनुयोगोने प्रधानपणे जुदाजुदा सूत्रोमां वहेंचनार महाविदेह क्षेत्रमां श्रीसीमन्धरस्वामि भगवन्ते स्वयं श्रीमुखे शक्रेन्द्र पासे वर्णन करायेल, शक्रेन्द्रे पोताना आयुष्य तथा निगोदादिविचारथी परीक्षा करी साक्षात् वन्दन करायेल, किञ्चिन्न्यून दशपूर्वधारक, युगप्रधान भगवान श्री आर्यरक्षितसूरीश्वरजीना शिष्यसमुदायमांना साधु हता, संसारपक्षे तेमना मामा हता, स्वजनपक्षपात–स्नेह–रागादि रहित श्री आर्यरक्षितसूरि भगवाने पोताना भाइ फल्गुरक्षित विगेरे मुनिओने छोडी

शासनमां पोताना सदृश गुणसम्पन्न दुर्बलिकापुष्प मित्रने सूरिपद आपवाथी मत्सरभाव पामेला आ गोष्ठामाहिल साधु अभिनिवेशभावथी कर्म जीवना-संयोगविषयमां तथा प्रत्याख्यान विषयमां विपरीत प्ररूपणा करवाथी आभिनिवेशिक मिथ्यात्व पाम्या, अने ते कारणथी श्रीसंघे समर्थ व्यक्ति छतां पण संघबाह्य कर्या, तेमनुं विस्तारथी वर्णन आवश्यकचूर्णि–वृत्ति–उत्तराध्ययन टीकाओ नवपदबृहद्वृत्ति विगेरेमां विस्तारथी आपेलुं छे, तेनो संक्षिप्तसार नीचे प्रमाणे- श्रीऋषभदेव भगवन्ते प्रव्रज्या लेता पहेला पोताना सो पुत्रो पैकी अवन्ती नामना पुत्रने राज्यभाग तरीके आपेलो प्रदेश अवन्ती देश तरीके प्रसिद्ध थयो हतो, तेनां अनेक मुख्य नगरो पैकी दशपुर नगरमां शतशत्रु राजा अने तेनी धारिणी पट्टराणी हती, ते राजाना अनेक अमात्यो पैकी ब्राह्मण सोमदेव मन्त्री अने सोमदेव मन्त्रीनी तमाम शास्त्रोना भावने जाणनार जाणे साक्षात् सरस्वतीज न होय ? तेवी श्रीजिनेश्वर शासनमां हाडकानी मींज सुधी प्रेम रागथी रंगायेल श्राविका रुद्रसोमा नामनी स्त्री हती, श्राविका रुद्रसोमाने कोइ दिवस रात्रिना चोथा पहोरे "प्रतिपूर्ण कलासमूहथी शोभतो चन्द्र मुखमार्गे उदरमां प्रवेश करे छे ' तेवुं शुभ स्वप्न आव्युं, प्राभातिक मङ्गल वाजींत्रना शब्दथी जागेल रुद्रसोमा आवश्यकादि सकल कृत्य यथाविधि करी परमानन्दथी पूर्ण थया छतां रहे छे तेज रात्रिए स्वप्नप्रभावसूचित पुत्ररूप गर्भ रह्यो, अनुक्रमे पुत्र जन्म थयो, प्रियङ्करा दासीए राजाने तथा सोमदेवने वधामणी आपी रक्षित नाम स्थाप्युं, कालान्तरे तेमनो बीजो नानो भाइ फल्गुरक्षित थयो, पिता पासेथी तमाम विद्या रक्षितकुमार भण्या छतां "विज्ञासु असंतुट्ठेण पुरिसेण होयव्वं' 'संतोषस्त्रिषु कर्तव्यः स्वदारे भोजने धने । त्रिषु चैव न कर्तव्यो दाने चाध्ययने तपे ' आ वाक्योनो विचार करतां रक्षितकुमार पितानो तेमज राजा विगेरेनो हुकम लइ पाटलीपुत्रमां जइ ऋग्, साम, यजुः, अथर्वण ए चार वेद, शिक्षा, कल्प, ज्योतिष, निरुक्त, व्याकरण, निर्घंटु ए छ अङ्ग, इतिहास, मीमांसा, पुराण, धर्मशास्त्र (स्मृति) ए चौद विद्यास्थानमां पारङ्गत थया, पाछा दशपुरमां आव्या, घणोज सत्कारपूर्वक प्रवेशमहोत्सव राजाए पोते सन्मुख जवा साथे कर्यो, महोत्सव सहित राजभवनमां जवा पूर्वक पोताना घरे आवी मातपिताने पगेलागी सभामण्डपमां बेठा, ते नगरमां तेवो कोइ पुरुष नथी के कोइ स्त्री नथी के जे भेटणा साथे तेमना दर्शने त्यां न आव्या होय ? मात्र पो-

तानी माता श्राविका रुद्रसोमाने हर्ष-खेदरहित गृहकार्यमां व्यग्र देखीने तेमणे विचार्युं के मारा आववाथी सर्व नागरिको हर्ष पाम्या, विशेषथी मित्रबन्धु परिवार राजा अधिकारिवर्ग साथे पिता हर्ष पाम्या पण माता मध्यस्थ देखाय छे माटे जरूर कांइक कारण होवुं जोइये ? ए विचारमां ने विचारमां आवेला तमाम लोकोनुं स्वागतादि करी, तमाम दिनकृत्य नीपटावी सन्ध्याकार्य कीधाबाद विनयपूर्वक मातापांसे गया, भक्ति-बहुमानसहित माताने चरणे मस्तक नमाव्युं दीनवचने माताने नम्रभावे कह्युं, पूज्य माताजी ? आप मध्यस्थ केम देखाओ छो ! श्राविका रुद्रसोमाए तेणे भणेला शास्त्रोनुं आत्मकल्याणरहित निरर्थकपणुं, मिथ्यात्ववर्धकपणुं, इहफलनुं नहि उपजाववापणुं बतावी पोतानुं दुःख निवेदन कर्युं, छेवटे कह्युं के. जो मने तेमज सर्व प्राणिवर्गने साचो हर्ष उत्पन्न करवा इच्छतो होय तो हे वत्स ? पण लोकने सुखावह दृष्टिवाद शास्त्रनुं अध्ययन कर्य !! ! माताना वचनथी तथा रात्रे दृष्टिवादनो अर्थ विचारी दशपुरनगरथी नजीकना इक्षुगृहउद्यानमां रहेला तोसलिपुत्राचार्य महाराज पांसे प्रभातमां जवा नीकळ्या, मार्गमां पहेलवहेला नजीकना गाममां रहेनार नव संपूर्ण अने दशमो खण्डित थयेल परला शेरडीना सांठाना भेटणा साथे आवता पिताना मित्रना शुभ शकुनथी उत्साह सहित आगळ वधवा साथे भेटणुं माता पांसे मोकलाव्युं. अनुक्रमे उद्यान नजीक पहोंच्या, साधु पांसे जवानी सामाचारी वन्दनविधि आदि नहि जाणवाथी विधिना जाणकार श्रावकनी राह जोतां थोडीवार थोभाय छे, तेवामां एक ढढ्ढर स्वरवाळा श्रावकने साधु पांसे जता जोइ तेनी पाछळ चाल्यो, श्रावके मोटा शब्दे साधुना उपाश्रयमां पेसता त्रण नीसीही, इर्यावहिया प्रतिक्रमण साधुवन्दन जेम कर्युं तेम तमाम रक्षितकुमारे कर्युं पण प्रथम श्रावक आवेल न होवाथी श्रावकनो प्रणामविधि ढढ्ढर श्रावके कर्यो नहोतो जेथी रक्षितकुमार ते जाणी शक्या नहि अने प्रथम प्रवेश करेल ढढ्ढर श्रावकने प्रणाम कर्यो नहि, आचार्य महाराजे नवीन श्रावक जाणी प्रश्नादि पूछतां साधुओए रक्षितकुमारनुं स्वरूप कह्युं, आगमननुं कारण दृष्टिवाद भणवा माटेनुं जणावतां आचार्य भगवन्ते " जो तुं प्रव्रज्या लइ [illegible] थइश तो अनुक्रमे तमने दृष्टिवादनो लाभ मळशे' छेवटे आचार्य भगवन्ते तेमनुं भावि शासनप्रभावकपणुं जाणी अन्यत्र लइ जइने दीक्षा आपी तेमनुं नाम आर्यरक्षित स्थाप्युं, थोडाज काळमां बे शिष्याओसाथे अगीयार अङ्ग तथा

तोसलिपुत्राचार्य महाराज पासे मेळवेलुं दृष्टिवादश्रुत हतुं ते सर्व भणी गया, त्यारबाद श्रीगुरुमहाराजाए ते काळमां युगप्रधान श्रीवज्रस्वामि महाराजा पुरीकानगरीमां बीराजतां हता तेमनी पासे दृष्टिवादनो घणो मोटो भाग ( सम्पूर्ण दश पूर्व ) छे तेम जाणी बीजा साधुना परिवार साथे आर्यरक्षित मुनिने भणवा माटे मोकल्या, विहारक्रमे उज्जयिनीमां पधार्या त्यां श्रीभद्रगुप्तसूरि महाराज स्थविरक्षमाश्रमण युगप्रधानने विनयसहित वन्दना करी पोतानो वृत्तान्त निवेदन कर्यो श्रीभद्रगुप्ताचार्य महाराजा पोतानो नजीक समय जाणी शरीरनी संलेखना करी अणसण करवा इच्छावाला होइने पोता पासे तेवा गीतार्थनिर्यामक ( नीजामणा करावनार-मरणकाळे समाधि करावनार ) न होवाना कारणे मने नीजामणा करावीने तमे जजो तेम फरमाव्युं, श्रीआर्यरक्षितजीए पण तहत्ति ( वचनप्रमाण ) करीने स्वीकार्युं, काळ करता क्षमाश्रमण युगप्रधान श्रीभद्रगुप्ताचार्य भगवन्ते छेवटे फरमाव्युं. "तमो श्री आर्यवज्रस्वामि साथे वसति ( उपाश्रय ) मां न रहेतां भिन्न वसतिमां रहीने भणजो कारणके तमो प्रवचन [शासन]ना आधार थशो अने जे सोपक्रमायु श्रीवज्रस्वामि साथे एक रात्रि पण निवास करे ते तेमनी साथे अणसण करी काळ करे, (अर्थात् श्रीवज्रस्वामिनी तेवी अपूर्व लब्धि हती के तेमनी साथे एक रात्रि रहेनारने पण तेमनी ज साथे अणसणना परिणाम थाय ! ) श्रीआर्यरक्षितजीए तहत्ति अङ्गीकार करी श्रीभद्रगुप्ताचार्य भगवान देवलोक पधार्ये छते श्रीवज्रस्वामि भगवान पासे पधार्या, जुदा उपाश्रये उतर्या, अहिं तेज रात्रिना छेल्ला पहोरे श्रीआर्यवज्रस्वामि भगवानने "कोइ आगंतुके ( अतिथिए ) मारा खीरथी भरेलुं सम्पूर्ण पात्रु कांइक बाकीशेष रहे तेम पीधुं " आवुं स्वप्न आव्युं, जाग्या बाद साधुओने कह्युं. जुदो जुदो अर्थ कहेतां साधुओने पोते ज फरमाव्युं. के "मारी पासेथी कोइ साधु आवी खीर समान श्रुतज्ञान ग्रहण करशे पण कांइक अवशेष मारीपासे रहेशे एटले के संपूर्ण ग्रहण करी शकशे नहि" तेवामां श्री आर्यरक्षितजी पधार्या; यथोक्त विधिसहित वन्दना करी, श्रीवज्रस्वामिभगवंते स्वागत पृच्छा साथे पूछेला कयांथी अने शा कारणे आव्या अने क्यां रह्या छो ? ए प्रश्नोना उत्तरमां पोतानुं वृत्तान्त निवेदन करवा साथे ज्यारे छेवटे बहार जुदी वसतिमां उतर्यो छुं तेम कह्युं त्यारे श्रीवज्रस्वामिभगवाने "जुदी वसतिमां रहेनारने केवीरीते अध्ययन थशे " तेम फरमाववाथी श्रीभद्र-

गुप्ताचार्य भगवाननुं फरमान निवेदन कर्यु के—आर्यवज्र स्वामि साथे एक वसतिमां रहेशो नहि !" विचार्यु के भगवान श्रीभद्रगुप्ताचार्यमहाराजनुं निष्कारण निवारण होय नहि ? उपयोग आप्यो, कारण स्वरूप जाण्युं, भगवानी अनुमति आपी शरुआत करी, थोडा काळमां श्रीआर्यरक्षितजी नवपूर्व भणी चुक्या, दशमुं प्रारंभ्युं, तेवामां मातपिताए बोलाववा संदेशो कहाव्यो ! छेवटे संदेशाथी न आव्या त्यारे सांसारिकपक्षे तेमना लघुबन्धु फल्गुरक्षितने त्यां मोकल्या। तेमणे श्रीगुरुने वन्दना करी पिता आदिने थयेला वियोगदुःखनुं शान्त्वन करवा प्रार्थना करी, वज्रस्वामिजीने विनन्ति करी तेमणे भणवा माटे हुकम कर्यो, आगळ भणवानो प्रयत्न शरु राख्यो, फल्गु रक्षिते बीजा उपायथी नहि आवे तेम विचारी कह्युं 'भाइ जो आप पधारशो तो आपना दर्शनथी माता-पिता विगेरे सर्व पण भावसाथे दीक्षा ग्रहण करशे." फल्गुरक्षितने त्यां प्रथम दीक्षा आपी बेउप्रकारे शिक्षाओ शीखवी पछी तेमनो आग्रह थवाथी श्रीवज्रस्वामिजीनी आज्ञा मांगी छेवटे, मेरु-सरसव, समुद्र-जलबिन्दुनुं दृष्टान्त सांभळवाथी उद्वेग पामेला जोइ दशमुं पूर्व माराथीज विच्छेद पामशे तेम श्रुतज्ञानथी जोयुं अने रजा आपी. विहार करता दशपुरमां पधार्या, श्रीगुरुमहाराज तोसलिपुत्राचार्य भगवंते आचार्य पद स्थाप्या, सर्व स्वजनवर्गने दीक्षा आपी तेमना पिता पण तेमना स्नेहथी गृहस्थलिंग सहित तेमनी साथेज रहे छे, अनेक उपाये तेमने दीक्षा आपी तेमना कुलिंग साधनो छोडाव्या उपायथी गोचरी (भिक्षाचर्या) प्रवृत्ति करावी, ते पण महालब्धिपात्र हता, तेमना समुदायमां बीजा पण त्रण साधु परमलब्धिसम्पन्न हता. १ वस्त्रपुष्पमित्र २ घृतपुष्पमित्र आ बेउ पण द्रव्य-क्षेत्र-काल भावथी जेटला जेवा प्रकारना अनुक्रमे वस्त्र तथा घीनुं समुदायने प्रयोजन होय तेटलुं तेवा प्रकारना द्रव्य-क्षेत्र-काल भाववाळुं लाववा समर्थ छे. त्रीजा दुर्बलिका पुष्पमित्र जे हंमेशा स्वाध्यायमां उद्यमशील. नवपूर्वथी अधिक भण्या छे, निरन्तर स्वाध्यायचिन्ताथी दुर्बल थाय छे, जो न चिन्तवन करे तो विस्मरण थाय छे, आ हेतुथी दुर्बलिका नामनी प्रसिद्धि थइ छे तेमना कुटुंबी बौद्धभक्त हता, तेओए आचार्यभगवानने कह्युं. जेवुं बौद्धोमां ध्यानविज्ञान छे तेवुं बीजामां नथी, श्रीआचार्यभगवन्ते दुर्बलिका-पुष्पमित्रना दृष्टान्तथी परीक्षापूर्वक ध्यानसिद्धि बतावी, विशेषे धर्मदेशना सांभळवाथी तेओ श्रावक थया वळी ते गच्छमां विशेष ज्ञानादिगुणवान चार साधुओ जेमां मुख्य १ दुर्बलिका पुष्पमित्र (जेमनुं स्वरूप उपर कह्युं)

२ फल्गुरक्षित (आर्यरक्षितसूरिमहाराजाना लघुबन्धु). ३ विन्ध्य नामना. ४ गोष्ठामाहिल ( जे आचार्यश्रीना मामा हता ) विन्ध्य साधु महाबुद्धिमान होवाथी अनुक्रमे श्रेणि (परिपाटि)थी सूत्रवाचना लेता खिन्न थाय छे. बीजा वाचनाचार्य माटे प्रार्थना करे छे; तेमने दुर्बलिकापुष्पमित्र वाचनाचार्य तरीके सोंप्या, केटलाक दिवस बाद विन्ध्य साधुने वाचना आपी, श्रीगुरुने प्रार्थना करे छे, भगवन् ! वाचना आपवामां माराथी बाकीनुं श्रुत गणातुं नथी, पहेला संबन्धिवर्गने त्यां जवाथी भूली गयो छुं अने हवे जो न गणुं तो सर्व श्रुत विस्मरण थशे, गुरुमहाराजाए चिन्तव्युं. के बृहस्पतिसमान बुद्धि-वाळा शिष्य स्मरणकरनार आमने जो विस्मरण थाय छे ते बीजा पुरुषोनी गणतरीज शी ! अतिशय श्रुतोपयोगथी भावि शिष्योनी बुद्धिमन्दतानुं स्वरूप जाणी मुख्यताए चारे अनुयोगोने जुदा जुदा ( सूत्रोमां ) वहेंच्या. कोइ दिवस श्रीआचार्य भगवान् विहार करता मथुरापुरीना भूतगुफा चैत्यमां पधार्या छे, तेवामां महाविदेह क्षेत्रमां श्रीसीमन्धरस्वामीपासे सौधर्मा-धिपति वन्दना करी निगोदनुं स्वरूप पूछे छे, श्री भगवंते श्रीमुखे यथार्थ स्वरूप वर्णव्युं, वळी शक्रेन्द्र "भरतक्षेत्रमां पूछवाथी निगोदस्वरूप कही शके तेवा समर्थ कोइ छे" तेम पूछ्युं, श्रीसीमन्धरस्वामि भगवंते आर्य-रक्षितसूरि फरमाव्या, साधुओ गोचरी गये छते शक्रेन्द्र घरडा ब्राह्मणरूपे परीक्षा करवा आव्या, पोताना आयुष्यनुं स्वरूप पूछ्युं, आचार्य भगवंते आ-युष्यमां उपयोग आपता शक्रेन्द्र छो तेम फरमाव्युं, निगोदनुं यथार्थ स्वरूप कह्युं. वन्दना करी जवा लाग्या, साधुओ तमोने देखवाथी धर्ममां स्थिर थशे तेम जाणी साधुओ आवता सुधी क्षणवार थोभवा कह्युं, अल्पसत्त्व होवाथी साधुओ नियाणुं करशे तेम जणावी वसतिनुं द्वार फेरववारूप चिन्ह करी शक्रेन्द्र गया, गोचरीथी साधुओ आव्या, द्वार न मेळववाथी आ तरफ थइने आवो तेम कहेता आचार्य भगवंते शक्रेन्द्रना आगमन साथे तमाम हकीकत कही. वळी कोइ अवसरे श्रीआर्यरक्षितसूरि भगवान् शिष्यमंडल परिवार समेत दशपुरनगर तरफ विहार कर्यो, तेवामां मथुरापुरीमां एक नास्तिक ( परलोक-जीव-सर्वज्ञ विगेरे इन्द्रियविषयातिक्रान्त पदार्थ कोइ छे नहि तेम कहेनार ) वादी आव्यो. तेणे तमाम नगरलोक वश कर्युं, कोइपण तेने उत्तर आपवा समर्थ नथी, मथुराना श्रीसंघे शासनप्रभावनाना कारणे द-शपुर नगरमां युगप्रधान श्रीआर्यरक्षितसूरि महाराजाने संदेशो मोकला-

थयो, वृद्धावस्थाना कारणे पोते जवा समर्थ न होवाथी वादलब्धिमां श्रेष्ठ गोष्ठामाहिलने मोकल्या. तेमना मथुरामां पधारवाथी नगरलोको हर्षपूर्ण थया, श्रीसंघ आनन्दित थयो, तमाम दर्शनवाळा संतोष पाम्या. बीजे दिवसे उचित साधुसमुदाय सहित गोष्ठामाहिल राजसभामां गया. राजाए प्रणाम करवा साथे आसन अपाव्युं. साधुओ सहित गोष्ठामाहिल बेठा. तमाम श्रेष्ठि--सेनापति सार्थवाहवर्ग विगेरे लोकोए करी समग्र राजसभा पूर्ण भराई. स्वसमय परसमयना जाणकारना कुलमां जन्मेला, क्षमागुणे प्रख्यात येवु पक्षने सम्मत सभ्य पण्डितो पण आव्या, खरविषाण ( गधेडानुं शींगडुं ) नो माफक इन्द्रियविषयातीत जीव, सर्वज्ञ विगेरे पदार्थना निषेधरूप स्वमतस्थापना कर्ये छते गोष्ठामाहिले समर्थ युक्तियोथी तेनुं खण्डन करवा पूर्वक जीवादिपदार्थो सिद्ध कर्या, नास्तिकवादी निरुत्तर थयो राजाए देशपारनी शिक्षा करी श्रीश्रमणसंघनी प्रशंसा पूजाओ थई, चरमतीर्थंकर भगवान श्रीवर्द्धमान स्वामिनुं शासन जयवन्तु वर्ते छे. तेम राजाए उद्घोषणा करावी, वर्षाकाल प्राप्त थवाथी श्रावकोए गोष्ठामाहिलने चोमासुं राख्या. अहीं श्रीआर्यरक्षितसूरि भगवन्ते पोतानुं स्वल्प आयुष्य जाणी गच्छने बोलावी आचार्यपदे कोने स्थापवा ? तेम पूछ्युं. स्वजनना रागथी गच्छे फल्गुरक्षित अथवा गोष्ठामाहिलने स्थापवा गच्छे पोतानो विचार निवेदन कर्यो, पक्षपातरहित श्री आचार्य भगवन्ते दुर्बलिकापुष्पमित्रने गुणनिधान जाणवाथी फरमाव्युं, के श्रमणो ? एक वालनो घडो १, बीजो तेलनो घडो २, त्रीजो घीनो घडो ३ ए त्रणेने अधोमुख करता अनुक्रमे वाल तमाम खाली थाय, तेल थोडुं पण चोपडायलुं रही जाय. अने घी थोडुं गयेलुं घणुं बाकी रहे छे. तेज प्रमाणे दुर्बलिकापुष्पमित्र प्रत्ये सूत्र--अर्थ--तदुभय सम्बन्धमां हुं वालना घडा तुल्य छुं. फल्गुरक्षित प्रत्ये तेलना घडातुल्य अने गोष्ठामाहिलना सम्बन्धमां हुं घीना घडा सरखो छुं, माटे हे महानुभावो ? सूत्रार्थ--उभय युक्त आ दुर्बलिकापुष्पमित्र आचार्य पदने योग्य छे, मारा वचनथी तेज आचार्य थाओ. गच्छे 'तहत्ति' स्वीकार्ये दुर्बलिकापुष्पमित्रने आचार्य स्थाप्या. आचार्य भगवन्ते फरमाव्युं, फल्गुरक्षित, गोष्ठामाहिल विगेरेने में जेवी रीते संभाळ्या तेम तमारे पण संभाळवा, फल्गुरक्षित विगेरेने पण कह्युं के तमारे पण मारा तुल्य अथवा माराथी पण अधिक नवीन आचार्यने मानवा, गुणनिधान आ महापुरुषना वचनथी विरुद्ध वर्तवुं नहि ! विगेरे विगेरे येवु वर्गने शिक्षा

वचनो फरमावी पांते अणसण करी परमेष्ठीसमरणनो जाप करता देवलोक पधार्या, चोमासु पूर्ण थया बाद गोष्ठामाहिले दशपुरनगर तरफ विहार कर्यो, लोकोना मुखथी युगप्रधान भगवान् श्रीआर्यरक्षितसूरि महाराजना स्वर्गगमननो वृत्तान्त जाण्यो, दशपुरमां आव्या, वालना घडाना दृष्टान्ते श्रीदुर्बलिकापुष्पमित्र भगवानने आचार्यपदे स्थापेला जाण्या, मत्सर आगमथी जुदी वसतिमां रह्या, ते जाणेला जाणी श्रीआचार्य भगवन्ते श्रीफल्गुरक्षित विगेरे मुनिओने तेमने बोलाववा मोकल्या, तेमने आडोअवळो उत्तर आपीने गोष्ठामाहिल त्यांज रह्या, बीजा साधु-श्रावक विगेरेए कह्यां छतां पण उपाश्रये न आव्या, आचार्य भगवन्ते उपदेश्युं के कषायोनुं माहात्म्य जुओ, जिनवचनना तत्त्वोना जाणकार आवा उत्तमपुरुषो पण कषायोथी क्लेश करे छे, अथवा आश्चर्य शुं छे ? मोटा गुणवान पुरुषे उपशमभावे करेला कषायो यथाख्यातचारित्रीने पण नीचे पाडे छे, तो सरागस्थ जीवोनुं कहेवुं शुं ? ? ?

ते वखते श्रीआचार्य भगवान् विन्ध्य विगेरे साधुओने आठमुं कर्मप्रवाद पूर्व भणावे छे मत्सरभावथी श्रीआचार्य भगवान् पासे आववा असमर्थ गोष्ठामाहिल पाठ गोखता विन्ध्य साधु पासे आवी रोज बेसे छे, एक वखत "केटलुंक कर्म सूकी भींत उपर सूका चूर्णनी जेम जीवप्रदेशनी साथे संबन्ध मात्र थयेलुं तत्काल छूटुं पडे छे, वळी केटलुंक कर्म भीनाशवाळी भींत उपर नांखेला चीकाशवाळा चूर्णनी जेम बद्धस्पृष्ट थयेलुं लांबे काळे छूटुं पडे छे अने केटलुंक कर्म दूध पाणीना दृष्टान्ते जीवप्रदेशो साथे निकाचित थयेलुं बहुकाल सुधी वेदवा लायक छे." आ प्रमाणे प्ररूपता विन्ध्य साधुने गोष्ठामाहिल कहे छे के, जीवप्रदेशनी साथे अन्योन्य स्वरूप जो कर्म थई जाय तो तेनो वियोग न थई शकवाथी सर्व जीवोनो मोक्षभावप्राप्त थशे " माटे " सर्पने उपर लागेली कांचळी अबद्ध ( शरीर साथे आत्मीकृत नहि ) छतां जेम स्पृष्ट ( शरीर उपर चोंटेली रेणुनी जेम ) मात्र रहे छे तेम जीवप्रदेशनी साथे कर्म पण अबद्ध छतां स्पृष्ट मात्रज होय छे. " विन्ध्यसाधु कहे छे के श्रीगुरु महाराजे उपर मारा कह्या प्रमाणे आ व्याख्यान कर्युं छे. गोष्ठा० तारा गुरु शुं जाणे छे, ? विन्ध्यसाधुना मनमां शङ्का थई के कदाचित श्रीगुरु भगवाने सत्यस्वरूप वर्णव्युं होय पण में विपरीत कर्युं हशे ! माटे जईने श्रीगुरुमहाराजने पुछ्युं, विनयथी नम्र थई श्रीगुरुमहाराजने कर्मस्वरूप पुछ्युं, गुरुमहाराजे उपर प्रमाणेज वर्णव्युं. वळी कह्युं के मनमां जाणता छतां शामाटे

आ शङ्का थइ ? त्यारे विन्ध्यसाधुए गोष्ठा० नुं वृत्तान्त निवेदन कर्युं श्रीगुरु महाराजे गोष्ठा० नुं कथन जेवुं मिथ्यास्वरूप मालुं छे ते युक्तिसह वर्णव्युं. गोष्ठामाहिले जे कह्युं के अन्योन्यव्याप्तनो वियोग न थाय पण ते असत्य छे. कारण अन्योन्यव्याप्त दूधपाणीनो पण उपायथी विभाग पडे छे वळी कर्मवियोग न थाय ते पण खोटुं छे. मरणसमये आयुष्यकर्मनो वियोग थाय छे. वळी कर्मनो कंचुकनी जेम बाह्यस्पर्शमात्रज होय तो सिद्धमहाराजनी जेम कर्मनिमित्ते थवावाळी अभ्यन्तर वेदनाओ कर्मना अभावथी न थवी जोइए अने ते तो अनुभवविरुद्ध छे, इत्यादि श्रीगुरुभगवन्ते फरमावेला अनेक विचारो सांभळी विन्ध्यसाधुए गोष्ठा० ने तमारो विचार वगर विचार्यो (विचार रहित) छे तेम कहेवाथी गोष्ठा० उत्तर आपवा समर्थ न रह्या छतां विचार्युं के--नवमुं पूर्व सम्पूर्ण थया बाद एमनुं अपमान करीश, कोइ दिवस नवमापूर्वमां साधुओना पच्चक्खाणना अधिकारमा " जावज्जीव सुधी प्राणातिपातनुं पच्चक्खाण करुं छुं " इत्यादि सांभळीने गोष्ठामाहिल कहे छे जे " कालना परिमाण (अवधि) रहितपणे पच्चक्खाण करवुं तेज कल्याणकारी छे " विन्ध्यसाधुए तेमनुं वचन अयुक्त कहेवाथी गोष्ठमाहिले नवमुं पूर्व पूर्ण थयुं छे तेम जाणीने विन्ध्यसाधुने कह्युं " तुं शुं करी शके ? जे तमारा आचार्य दुर्बलिकापुष्पमित्र छे तेमने ज कहेवा दो " आ प्रमाणे कही श्रीआचार्य भगवान् पासे आवी बोलवा लाग्या " श्रीआर्यरक्षितसूरि महाराजे व्याख्यान कर्या प्रमाणे तमे शा माटे प्ररूपणा करता नथी ? कुमतमां मस्त बनी सूत्रनी आशातना न करो ! श्रीआचार्य भगवान् पासे पोतानो (प्रत्याख्याननी अपरिमितस्थितिनो) पक्ष कर्यो, श्रीआचार्यदेवे पण आ तमारो विचार युक्तिवाळो नथी ते सम्बन्धमां सांभळो यावज्जीवनुं कालपरिमाण करवाथी आशंसादोष मुनिओने लागशे ? ए कहेवुं अयुक्त छे, कारण पच्चक्खाण करेलुं होवाथी ते भवमां आशंसा होइ शकती नथी, वळी कालावधि न कर्यो होत तो देवपणामां अविरति आववाथी व्रतनो भङ्ग थात माटे अभिनिवेश छोडीने यथार्थ वचन स्वीकार करो आ प्रमाणे कह्या छतां ज्यारे कह्यां छतां कदाग्रह छोडता नथी त्यारे अन्यगच्छीयस्थविरोने पूछयुं तेओए पण भगवान् दुर्बलिकापुष्पमित्र महाराजना कथन प्रमाणेज कहेवाथी रोषमां आवेल गोष्ठा० बोलवा लाग्यो, तमे सर्वे पण कांइ जाणता नथी भगवान श्रीतीर्थङ्करदेवे आ प्रमाणेज निरूपण कर्युं छे. तेओए पण तेनी सन्मुखज कह्युं के गोष्ठा०

जिनेश्वरे कहेला तत्त्वोमां देशथी अथवा सर्वथी शंका थाय ते सांशयिक मिथ्या० कहेवाय ॥६९४॥ तथा जे अनुपयोगपणाथी उत्पन्न थयेलु (अव्यक्त) ते अनाभोगिक मिथ्यात्व के जे मिथ्या० एकेन्द्रियादिकने होय छे ते पांचमुं मिथ्या० छे. ॥६९५॥ तथा जे दृष्टि होते छते सर्वज्ञे कहेला तत्त्वमां राग पण न थाय अने द्वेष पण न होय ते सम्यग्मिथ्यात्वनामनी मिश्रदृष्टि कहेली छे ॥६९६॥ जेम नालीकेर (ज्यां एकला नाळीयेरज उत्पन्न थता होय ते)द्वीपमां रहेनारा मनुष्यो धान्य उपर रागवाळा नहि तेम द्वेषवाळा पण होता नथी तेवीरीते मिश्रदृष्टिवाळा जीवो सर्वज्ञोक्त तत्त्वोमां रागद्वेषवाळा होता नथी ॥६९७॥ जे कारणे कर्मग्रन्थकर्ताए कह्युं छे के— "जीव–अजीव पुण्य–पाप–आश्रव–संवर–बंध–मोक्ष–अने निर्जरा (ए नवतत्त्व)

श्रीतीर्थंकरभगवंतनी आशातना न करो ! छतां पण अभिनिवेश छोडता नथी त्यारे समग्रश्रीसंघे शासनदेवताने उद्देशीने कायोत्सर्ग कर्यो, आसन कंपायमान थतां उपयोग आपी शासनदेवी पधार्यां. श्रीसंघने कार्य फरमावो ! तेम प्रार्थना करी, श्रीसंघे महाविदेहक्षेत्रमां जइ श्रीतीर्थंकरभगवंतने आचार्य श्रीदुर्बलिकापुष्पमित्र विगेरे श्रीसंघ सम्यग्‌वादीछे के गोष्ठामाहिल ? " आ पूछीने एकदम पधारो, शासनदेवीए श्रीसंघ पासे प्रथामां निर्विघ्नता रहेवाने काउस्सग्ग करवारूप अनुग्रहनी याचना करी श्रीसंघ काउस्सग्गमां रह्यो. श्रीतीर्थङ्करभगवानने पूछी शासनदेवता श्रीसंघ पासे पधार्या भगवान् श्रीमुखे फरमावे छे के–" आचार्य श्रीदुर्बलिकापुष्पमित्र विगेरे श्रीसंघ सम्यग्‌वादी अने गोष्ठामाहिल असत्य छे. आ भरतक्षेत्रमां गोष्ठा० सातमो निह्नव छे." आ सांभळताज रोषथी धमधमेल गोष्ठा० " आ कटपूतनामां श्रीतीर्थङ्करभगवंतना चरणकमलमां जवानुं सामर्थ्यज क्यांथी होय ! " इत्यादि वचनोथी शासनदेवीनी आशातना करवा लाग्यो, श्रीसंघे तेने अभिनिवेशभाव नहि छोडवा विगेरे कारणोथी संघबाह्य कर्यो. आलोयण प्रतिक्रमण कर्या शिवाय अभिनिवेशभावथी मिथ्यात्वदशाए पहोंची कालधर्म पाम्या, आ चरित्रमांथी अनेक सारविचारो उद्भवे छे. ते श्रीगीतार्थ गुरुमहाराजना सदुपदेशथी जाणवा.

१–२ सू० निगोदादि सर्व छे पण जे रीते रहेला कह्या छे ए रीते ज केम संभवे ? एम बुद्धिनी मन्दताथी थती देशशङ्का कहेवाय, अने निगोद विगेरे जीवादि मूळथी हशे के नहि ? ए सर्व शङ्का।

३ सर्व असंज्ञिजीवोने मन नहि होवाथी अव्यक्त मिथ्यात्व ज होय.

ना उपर जेनावडे श्रद्धा करे ते सम्यक्त्व क्षायिकादि घणा भेदवाळुं (घणा भेदमांथी एक वा घणा भेदनुं सम्यक्त्व) होय ॥६९८॥ मिश्रमोहनीयथी जिनोक्त धर्मपर एक अन्तर्मु०सुधी रागने द्वेष नथी होतो, जेम नालीकेर द्वीपना मनुष्यने अनाज उपर रागद्वेष नथी होतो तेम, तथा जिनोक्त धर्मथी जे विपरीत ते मिथ्यात्व कहेवाय"॥६९९॥ पुनः गुणस्थानक्रमारोहमां तो ए प्रमाणे कह्युं छे के-"जेम घोडी अने गधेडाना संगथी एक वर्णशंकर जाति (खच्चर) उत्पन्न थाय छे, अथवा जेम गोळ अने दहिंना संयोगथी कोइक बीजी जातनो रस उत्पन्न थाय छे तेम जीवने समबुद्धि होवाथी धर्म अने अधर्म बन्ने धर्ममां[विलक्षण]श्रद्धा उत्पन्न थाय छे तेथी जात्यंतर रूप ( वर्णसंकर रूप ) आ मिश्रसम्यक्त्व भाव उत्पन्न थाय छे. ॥१–२॥ मिश्रदृष्टिजीवो सर्वथी अल्प छे, तेथी सम्यग्दृष्टिजीवो अनंतगुण अधिक छे, अने तेथी पण मिथ्यादृ० जीवो अनंतगुण अधिक छे ( पर्याप्त पञ्चेन्द्रिय जीवोमांज केटलाकने मिश्रदृष्टि होय छे, वळी ते कालथी अन्तर्मुहूर्तकाल मात्र ज रहे छे, माटे ते दृष्टिवाळा जीवो सर्वथी अल्प एटले असंख्याताज होय छे. अने सम्यग्दृष्टिजीवोमां सिद्धभगवन्तो अनन्त होय छे. वळी क्षायिकनी अपेक्षाए सादिअनन्तकाल छे. विगेरे हेतुओथी सम्यग्दृष्टिजीवो अनन्तगुणाधिक छे. एक निगोदमां जेटला जीवो छे तेना अनन्तमे भागे सिद्ध जीवो छे. एटले के सिद्ध भगवन्तो करतां एक निगोदना जीवो पण अनन्त गुण छे, तेवी असंख्य निगोदोनो एक गोळो, अने तेवा असंख्य गोळाओ लोकमां छे. ते सर्व तथा बीजा पृथ्वीकायादिनो मिथ्यात्वमां अन्तर्भाव छे. वळी मिथ्यात्वनो काळ पण केटलाकनी अपेक्षाए अनादि अनन्त छे, विगेरे कारणोथी मिथ्यादृष्टिजीवो अनन्तगुणाधिक छे. इत्याशयः ) ॥ ७०० ॥ इति दृष्टिद्वारम् ॥

२ पञ्चसंग्रहादि ग्रन्थोमां जिनोक्त तत्त्वपर रागद्वेषना अभावरूप कर्मग्रन्थोक्त मिश्रसम्यक्त्वनुं स्वरूप अङ्गीकार कर्युं छे. कारणके दर्शन अने कुदर्शन बन्नेपर राग होय तो अनाभिग्र० मिथ्या० मां स्वरूपान्तरत्वुं थायछे, छतां विलक्षणगुणनी प्राप्ति होवाथी गुणस्थानक्रमारोहनो उपरनो आशय होय तेम संभवे छे.

## ॥ सम्यग्दृष्टिद्वारमां आवेला विचारोना यंत्रो ॥

### सम्यक्त्वना भेद.

| | |
|---|---|
| १ प्रकारनुं | तत्त्वश्रद्धारूप |
| २ प्रकारनुं | स्वाभाविक, औपदेशिक.<br>(निसर्ग) (अधिगम)<br>नैश्चयिक, व्यावहारिक. |
| ३ प्रकारनुं | कारक, रोचक, दीपक.<br>क्षयोपशम, उपशम, क्षायिक. |
| ४ प्रकारनुं | उपशम, क्षयोपशम, क्षायिक, सास्वादन. |
| ५ प्रकारनुं | उपशम, क्षयोपशम, क्षायिक, सास्वादन, वेदक. |

### ॥ सम्यक्त्वयन्त्रम् ॥

| सम्यक्त्व | स्थिति | केटलीवार पमाय. | कये गुणस्थाने | वृद्धि—प्रतिपा० अप्रति० |
|---|---|---|---|---|
| क्षयोपशम | जघ०-अन्तमु० उ०--साधिक ६६ सागर | असंख्य वार. | ४-५-६-७ मे | वृद्धि वा प्रतिपाति |
| उपशम | जघ०—अन्तमुं० उ०- „ | ५ वार | ४ था थी ११ मा सुधी | प्रतिपाति |
| क्षायिक | सादि अनन्त<br>संसारीस्थिति \| जघ० अन्तमु० \| उ० साधिक ३३ सागर | १ वार | ४ था थी १४ मा सुधी | अप्रतिपाति |
| सास्वादन | जघ०-१ समय उ०-६ आवलिका | ५ वार | बीजे | प्रतिपाति |
| वेदक | जघ०उ०-१ समय | १ वार | ४-५-६-७ मे | वृद्धि |

# सम्यक्त्वादिप्राप्तिमां स्थितिसत्ता.

## ( प्रसंगथी मोक्षप्राप्ति सुधीनो क्रम )

**+ मोक्ष (सकलकर्मक्षय)**
वेदनीय, आयु, नाम, गोत्र ए
चार अघाति भवोपग्राहि-
कर्मोनो क्षय थवाथी.

**शैलेशी ( अयोग्यवस्था )**
मन वचन काया ए त्रणे
योगोनो निरोध
करवाथी.

**केवलज्ञान (सयोग्यवस्था)**
मोहनीय ज्ञानाव० दर्शनाव०
अन्तराय ए चार घातिक-
र्मोनो क्षय थवाथी.

**क्षपकश्रेणि ( १२ मा गुण० सुधी पहोंचवा माटेनी प्रवृत्ति)**
संख्यात सागरोपमस्थिति
घटाडवाथी.

**उपशमश्रेणि (११मा गुण० सुधी पहोंचवा माटेनी प्रवृत्ति )**
संख्यात सागरोपमस्थिति
घटाडवाथी.

**सर्वविरति ( ६ ठा ७ मा गुण० प्राप्ति. )**
संख्यातसागरोपमस्थिति
घटाडवाथी.

***देशविरति (५ मा गुण० प्राप्ति)**
पल्यपृथक्त्वस्थिति
घटाडवाथी.

**सम्यक्त्व ( ४था गुण० प्राप्ति )**
उत्कृष्ट स्थितिओमांथी घटाडी
पल्योपमना असंख्यात भाग
न्यून एक कोडाकोडी सा-
गरोपमस्थिति ( अन्तः
कोडाकोडी साग०
स्थिति) रहेवाथी

**मिथ्यात्व ( १ लुं गुण.)**
मिथ्यात्वमोहनीयना विपाकोदयथी

* शङ्का—जो सम्यक्त्वावसरे बाकी रहेली (अन्तःकोडाकोडी साग०) स्थितिमांथी पल्यपृथक्त्व स्थिति खपाव्ये देशविरतिपणुं पामे तो सम्यक्त्वस-हित नवपल्योपमथी अधिकस्थितिवाळा देवता वा नारकीमां उत्पन्न थयेला जीवने अथवा अधिक स्थितिवाळा जीवने त्यां सम्यक्त्व उत्पन्न थया पछी त्यां रह्या छतां नवपल्योपम आयुष्य गया पछी देशविरतिपणुं आवबुं जोइये ? तेम थाय तो तेवा देवता नारकोने अविरति केम कहेवाय ?

उत्तर—त्यां पूर्वस्थितिने खपावता छतां पण अविरतिने योगे जेटलुं खपावे तेटलो नवो बन्ध पडे छे. एटले के पूर्वनी स्थितिमांथी ओछाश बीलकुल थती नथी. + आ यन्त्रमां नीचेना स्थानेथी उपर चडवानुं स्वरूप छे.

## ॥ सामायिकचतुष्के षड्द्वारयन्त्रम् ॥

| चार सामायिकनां नाम १ | निरन्तर प्रतिपत्तिकाळ २ | विरहकाळ ३ | केटला भव सुधी प्राप्त थाय ४ | आकर्षक एक भवमां ५ | आकर्षे अनेकभवमां ६ |
|---|---|---|---|---|---|
| १ सम्यक्त्व सामायिक | जघ० २ समय उ०-आवलिका संख्येयभाग. | जघ०-१ समय उ०-७ दिवस | जघ०—१ भव उ—क्षेत्रपल्यासंख्येयभाग समय प्रमाण | सहस्र पृथक्त्व | असंख्य सहस्र |
| २ श्रुतसामायिक | जघ०-२ समय उ०-आवलिका संख्येयभाग. | जघ०-१ समय उ०-७ दिवस. | जघ०-१ भव उ०—अनन्तभव | ,, | ,, |
| ३ देशविरतिसामा० | जघ०-२ समय उ०-आवलिका संख्येयभाग. | ज०-३ समय उ०-१२ दिवस | जघ०-१ भव उ०-क्षेत्रपल्योसंख्येयभाग समय प्रमाण | ,, | ,, |
| ४ सर्वविरति सामा० | जघ०-२ समय उ० ८ समय | ज०-३ समय उ०-१५. दिवस | जघ०—१ भव उ०—८ भव | शतपृथक्त्व | सहस्र पृथक्त्व |

## ॥ दृष्टिद्वार यन्त्रम् ॥

| नाम | गुणस्थान | स्थिति | अल्पबहुत्व |
|---|---|---|---|
| मिथ्यादृष्टि | १ गु. | अनादि अनन्त अनादि सान्त सादि सान्त | सम्यग्दृष्टिथी अनन्तगुण ३ |
| मिश्रदृष्टि | ३ गु | अन्तर्मुहूर्त. | सर्वस्तोक १ |
| सम्यग्दृष्टि | २-४ था थी. सर्व | ज० अन्तर्मुहूर्त उ० सादिअनंत | मिश्रथी अनन्तगुण २ |

॥ इति दृष्टिद्वारयन्त्रकाणि ॥

## ॥ सामायिकचतुष्के विशेषविचारः ॥

क्षेत्रविचार–( प्राप्तिसमये ) सम्यक्त्व अने श्रुतसामायिक त्रणे लोकमां, सर्वविरति मनुष्यलोकमां, देशविरति तिर्यग्लोकमां, ( प्रतिपन्न ) सम्यक्त्व, श्रुत अने देशविरति त्रणे लोकमां, सर्वविरति तिर्यग्लोक अने अधोलोकमां, कदाचित् ऊर्ध्वलोकमां.

दिशाद्वार–( क्षेत्रदिशा ) प्रतिपद्यमान तथा प्रतिपन्न पूर्वादि चारे महादिशामां चारे सामायिक होय!, एक प्रादेशिक विदिशाओमां जीवावगाहना न होवाथी विदिशाओमां न होय, ( तापक्षेत्र तथा प्रज्ञापकदिशा ) चारे सामायिकना प्रतिपद्यमान तथा प्रतिपन्न चारे दिशा तथा चारे विदिशाओमां होय! ( ताप तथा प्रज्ञापक विदिशाओमां महाप्रमाण लेवाय छे. जेम भगवंतनी चार पर्षदाओ अमुक अमुक विदिशामां होय छे तेम कहेवाय छे. ) ऊर्ध्व-अधो ए बे दिशाओमां सम्यक्त्व अने श्रुतनो प्रतिपद्यमान तथा प्रतिपन्न होय, देशविरति–सर्वविरतिनो प्रतिपद्यमान न होय, पूर्वप्रतिपन्न ज होय!

( भावदिशा ) एकेन्द्रियना आठे भेदोमां चारे सामायिकना प्रतिपद्यमान तथा पूर्वप्रतिपन्न न होय! त्रण विकलेन्द्रियमां चारे सामायिकना प्रतिपद्यमान न होय तथा पूर्वप्रतिपन्न पण सम्यक्त्व अने श्रुत ए बे ना होय, देश सर्वविरतिना न होय, पंचेन्द्रियतिर्यंचमां सम्यक्त्व–श्रुत अने देशविरतिना पूर्वप्रतिपन्न होय प्रतिपद्यमाननी भजना सर्वविरतिना प्रतिपद्यमान तथा प्रतिपन्न न होय, नारक देवता, अकर्मभूमिज, अंतरद्वीपज मनुष्यो ए चारमां सम्यक्त्व अने श्रुतना पूर्वप्रतिपन्न होय प्रतिपद्यमाननी भजना, विरति न होय! कर्मभूमिज मनुष्योमां चारे सामायिकना पूर्वप्रतिपन्न होयज, प्रतिपद्यमाननी भजना. संमूर्छिम मनुष्योमां चारे सामायिकना पूर्वप्रतिपन्न तथा प्रतिपद्यमान बेउ न होय.

कालद्वार—सम्यक्त्व अने श्रुतसामायिकना प्रतिपद्यमान तथा प्रतिपन्न छए आरामां होय छे. उत्सर्पिणीना त्रीजा चोथा अने अवसर्पिणीना त्रीजा

१ पृथ्वी १, अप् २, तेउ ३, वायु ४, मूलबीज ५, स्कन्धबीज ६, अग्रबीज ७, पर्वबीज ८, द्वीन्द्रिय ९, त्रीन्द्रिय १०, चतुरिन्द्रिय ११, पञ्चेन्द्रियतिर्यञ्च १२, नारक १३, देवता १४, सम्मूर्छिममनुष्य १५, कर्मभूमिज मनुष्य १६, अकर्मभूमिज मनुष्य १७, अन्तरद्वीपज मनुष्य १८, आ अढार भेदोमां जीवनुं परिभ्रमण होवाथी अपेक्षाये शास्त्रीय परिभाषाथी भावदिशा १८ कहेवाय छे.

चोथा अने पांचमा आरामां देश तथा सर्वविरतिना प्रतिपद्यमान तथा पूर्वप्रतिपन्न होय, संहरणने आश्रयी महाविदेहनो कोइ जीव छए आरामां पण प्रतिपन्न लाभे, प्रतिभाग (सदृश) त्रण कालमां सम्यक्त्व अने श्रुतना *प्रतिपद्यमान तथा प्रतिपन्न होय छे. चोथा प्रतिभागकालमां चारे सामायिकना प्रतिपद्यमान तथा पूर्वप्रतिपन्न होय छे. कालचिन्ह रहित मनुष्यक्षेत्र बहारना द्वीपसमुद्रोमां सम्यक्त्व, श्रुत अने देशविरतिना प्रतिपद्यमान तथा प्रतिपन्न होय, सर्वविरतिना प्रतिपद्यमान न होय पूर्वप्रतिपन्न कदाचित् होय,

**गतिद्वार**–सम्यक्त्व अने श्रुतना प्रतिपद्यमान तथा प्रतिपन्न चारे गतिमां होय छे, देशविरतिना उभय मनुष्य अने तिर्यंचगतिमां, सर्वविरतिना उभय मनुष्यगतिमांज होय.

**भव्य तथा संज्ञिद्वार**—चारे सामायिकना प्रतिपद्यमान तथा पूर्वप्रतिपन्न भव्य तथा संज्ञिजीवो होय छे. सम्यक्त्वना प्रतिपन्न असंज्ञिजीव जन्मकाले सास्वादनापेक्षाये होय छे. अभव्यने निषेध छे.

**उच्छ्वास, निःश्वासद्वार**–चारे सामायिकना प्रतिपद्यमान तथा पूर्वप्रतिपन्न श्वासोच्छ्वासपर्याप्तजीवो होय छे. अपर्याप्तजीव सम्यक्त्व अने श्रुतनी अपेक्षाये पूर्वप्रतिपन्न होय.

**नयदृष्टिद्वार**—व्यवहारनये सामायिकरहित सामायिक पामे, निश्चयनये सामायिक सहितज पामे.

**आहारक तथा पर्याप्तद्वार**—आहारक तथा पर्याप्तजीव चारे सामायिकना प्रतिपद्यमान तथा प्रतिपन्न होय छे. विग्रहगतिनो अनाहारक तथा अपर्याप्तजीव सम्यक्त्व अने श्रुतना प्रतिपन्न होय, केवलिसमुद्घात तथा शैलेशी अवस्थाना अनाहारक सम्यक्त्व तथा सर्वविरतिना पूर्वप्रतिपन्न होय,

**सुप्तद्वार**—जागृतपुरुष चारे सामायिकनो प्रतिपद्यमान तथा पूर्वप्रतिपन्न होय, निद्रासुप्त चारे सामायिकनो प्रतिपन्न होय प्रतिपद्यमान न होय.

**जन्मद्वार**–अंडज [हंसादि] अने पोतज ( हस्त्यादि ) मां सम्यक्त्व, श्रुत अने देशविरतिना प्रतिपद्यमान तथा प्रतिपन्न होय, जरायुज (मनुष्य)मां चारेना

१ सुषमासुषमा प्रतिभाग देवकुरुउत्तरकुरुमां १, सुषमाप्रतिभाग हरिवर्ष रम्यकमां २, सुषमादुषमाप्रतिभाग हिमवन्तहिरण्यवन्त तथा अन्तरद्वीपमां ३, २ दुषमासुषमाप्रतिभाग महाविदेहमां ४, * सुषमसुषमाविमां देशोनपूर्वकोटयायुष्कमांज पामे छे. ( इति आवश्यकीयहारिभद्रवृत्तिः )

प्रतिपद्यमान प्रतिपन्न होय, औपपातिक (देव-नारक) मां सम्यक्त्व अने श्रुतना प्रतिपद्यमान अने प्रतिपन्न होय.

**स्थितिद्वार**—आयु शिवाय सातकर्मनी उत्कृष्टस्थितिमां चारेना उभय (प्रतिपद्यमान, प्रतिपन्न) न होय, आयुनी उत्कृष्टस्थितिमां (सर्वार्थसिद्धमां) सम्यक्त्व अने श्रुतना प्रतिपन्न होय, प्रतिपद्यमान न होय, सर्वकर्मनी मध्यमस्थितिमां चारेना प्रतिपद्यमान तथा प्रतिपन्न होय, सातकर्मनी जघन्यस्थितिमां देशविरति शिवाय त्रण सामायिकना पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान न होय, आयुनी जघन्यस्थितिमां चारेना उभय पण न होय,

**वेद, संज्ञा, कषायद्वार**-त्रणे वेद चारे संज्ञा अने सकषाय अवस्थामां उभय पण होय, अवेदि, अकषायी देशविरति शिवाय त्रणना प्रतिपन्न होय,

**आयुर्द्वार**—संख्याता आयुवाळा मनुष्य चारेना प्रतिपद्यमान तथा प्रतिपन्न होय, असंख्येय आयुवाळा सम्यक्त्व तथा श्रुतना प्रतिपन्न होय प्रतिपद्यमाननी भजना [ कोइक युगलिक छ मास शेषायु छते प्रशस्त लेश्या परिणामे सम्यक्त्व पामे छे, इति प्रज्ञापनापञ्चमपदवृत्ति )

**ज्ञानद्वार**-( ओघे ) ज्ञानी चारे सामायिकना नयदृष्टिये प्रतिपद्यमान तथा प्रतिपन्न होय [विभागे] मति, श्रुतज्ञानी चारेना प्रतिपद्यमान तथा प्रतिपन्न होय अवधिज्ञानी सम्यक्त्व, श्रुत अने देशविरतिना प्रतिपद्यमान न होय, पूर्वप्रतिपन्न होय, सर्वविरतिना प्रतिपद्यमान तथा प्रतिपन्न होय, मनःपर्यायज्ञानी देशविरति शिवाय त्रणना पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान न होय, देशविरतिना प्रतिपद्यमान अथवा प्रतिपन्न न ज होय, सर्वविरतिना तीर्थङ्करप्रभु समकाले प्रतिपद्यमान होय. केवलज्ञानी सम्यक्त्व अने सर्वविरतिना पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान नथी.

**योगद्वार**— औदारिक सहितना त्रण योगमां चारे सामायिकना उभय होय, वैक्रियसहितमां सम्यक्त्व अने श्रुतना उभय होय, आहारकसहितमां देशविरति शिवाय त्रणेना पूर्वप्रतिपन्न होय, केवल तैजस-कार्मणमां अपान्तरालगतिये सम्यक्त्वश्रुतना पूर्वप्रतिपन्न होय, ( भविष्यति भूतवदुपचारः ए न्याये) अगर संभवापेक्षया कायवाग्योगवाळा विकलेन्द्रियमां सम्यक्त्वथी पडता 'घण्टालाला' न्याये करी जोवो सम्भवे, केवलमनोयोगनो तथा केवलवाग्योगनो संभव नथी, केवल औदारिक, वैक्रियमां उभय न होय.

**उपयोगद्वार**— साकार अनाकार बेउ उपयोगमां चारेना उभय होय सर्व-

लब्धिओ साकारोपयोगे उत्पन्न थाय ते वचन प्रवर्धमानपरिणामवाळा जीवनी अपेक्षाये जाणवुं )

**शरीरद्वार**—औदारिकमां चारे सामायिकना उभय होय, वैक्रियमां सम्यक्त्वश्रुतना उभय होय देशविरति सर्वविरतिना पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान न होय, बाकी शरीरमां योगद्वारने अनुसारे जाणवुं.

**संस्थान संघयणद्वार**—सर्वे संस्थानो तथा सर्व संघयणोमां चारे सामायिकोना प्रतिपद्यमान तथा पूर्वप्रतिपन्न होय,

**अवगाहनाद्वार**-मध्यम अवगाहनावाळा मनुष्य चारे सामायिकना उभय होय,

**लेश्याद्वार**—द्रव्यलेश्यानी अपेक्षाये छये लेश्यामां सम्यक्त्व अने श्रुतना उभय होय, तथा देश अने सर्वविरतिना प्रतिपन्न होय, तेजो आदि त्रणमां देश सर्वविरतिना उभय होय, भावलेश्यानी अपेक्षाये तेजो आदि त्रणमां चारेना प्रतिपद्यमान होय, प्रतिपन्न छए लेश्यामां होय,

**परिणामद्वार**—वर्धमान तथा अवस्थितपरिणाममां चारेना उभय होय, हीयमान परिणाममां प्रतिपद्यमान न होय पूर्वप्रतिपन्न होय.

**वेदनाद्वार**—शाता अशाता उभयमां चारेना उभय होय.

**विषयद्वार**— सम्यक्त्वमां सर्वद्रव्य सर्वपर्याय विषय छे, श्रुत अने सर्वविरतिमां सर्वद्रव्य विषय छे, सर्वपर्याय विषय नथी, देशविरतिमां सर्वद्रव्य विषय नथी तेम सर्वपर्याय विषय नथी.

**स्पर्शकजीवसंख्या**—(१) श्रुतसामायिक संव्यवहारराश्यन्तर्गत सर्वजीवोये स्पर्श्युं छे,

(२-३) सम्यक्त्व अने सर्वविरति सामायिक सर्व सिद्धजीवोये स्पर्श्यां छे.

(४) देशविरतिसामायिक मरुदेवामाता विगेरेनी जेम एक असंख्यातभागन्यून सर्व सिद्धजीवोये स्पर्श्युं छे.

**स्थिति**—एकजीवापेक्षया (१-२) सम्यक्त्वसामायिक अने श्रुतसामायिकनी जघन्यस्थिति अन्तर्मुहूर्त, उत्कृष्टस्थिति छासठसागरोपम (३) देशविरतिनी जघन्य-

१ सिद्धावस्था पामेला जीवोनी अपेक्षाये उपरोक्त विचार छे संसारस्थजीवोमां पण स्पर्शकजीवोनी प्राप्ति छे. परन्तु ते सिद्धजीवो करतां स्वल्प छे. जेथी तेनी अपेक्षा लीधी नथी तेम संभवे छे. २ देशविरतिना स्पर्शकजीवो पण संसारस्थ लभ्य छे. परन्तु ते पण पूर्वोक्त प्रमाणे सिद्ध करतां स्वल्प छे. तेथी ग्रहण कर्या नथी तेम संभवे छे.

स्थिति अन्तर्मुहूर्त, उत्कृष्टस्थिति देशोनपूर्वकोटि (४) सर्वविरतीनी जघन्यस्थिति १ समय, उत्कृष्ट देशोनपूर्वकोटि, सर्वजीवापेक्षया सर्वसामायिको सर्वकाललभ्य छे.

**प्रतिपद्यमानजीवसंख्या**–(१-२) सम्यक्त्व अने देशविरतिसामायिक पामनार जघन्यथी एक वा बे उत्कृष्टथी क्षेत्रपल्योपमना असंख्यातमाभागना आकाशप्रदेशराशिसंख्याप्रमाण (देशविरति करतां सम्यक्त्व पामनार असंख्यगुणाधिक जाणवा) ४ श्रुतसामायिक पामनार उत्कृष्टथी घनीकृतलोकनी एकप्रदेशात्मक श्रेणिना असंख्यातमाभागगत आकाशप्रदेशप्रमाण, जघन्यथी एक वा बे, (४) सर्वविरति पामनार उत्कृष्टथी सहस्रशः प्रमाण जघन्यथी एक वा बे.

**प्रतिपन्नजीवसंख्या**—सम्यक्त्व अने देशविरतिप्रतिपन्न वर्तमानसमये जघन्यथी उत्कृष्ट प्रतिपद्यमान करता असंख्यातगुण, उत्कृष्टथी विशेषाधिक, श्रुतसामायिकप्रतिपन्न जघन्य वा उत्कृष्ट सप्तरज्ज्वात्मकप्रतरना असंख्येयभागगत असंख्यश्रेणि संबंधी आकाशप्रदेश प्रमाण. सर्वविरतिप्रतिपन्न संख्यातप्रमाण.

**प्रतिपतितजीवसंख्या**–सर्वविरतिपतित अनन्ता तेथी असंख्यगुण देशविरतिपतित तेथी असंख्यगुण सम्यक्त्वपतित तेथी अनन्तगुण श्रुतपतित जीवो जाणवा.

**अन्तरकाल**–श्रुतनुं जघन्य अन्तर अन्तर्मुहूर्त उत्कृष्ट अनन्तकाल, सम्यक्त्व, देशविरति अने सर्वविरतिनुं जघन्य अन्तर्मुहूर्त उत्कृष्ट अपार्धपुद्गल परावर्तकाल.

**निरन्तरप्रतिपत्तिकाल**—चारे सामायिकनो जघन्यकाल बे समय, उत्कृष्ट सम्यक्त्व श्रुत अने देशविरतिनो काल आवलिकाना असंख्यातमा भागमां आवेला समयप्रमाण अने चारित्रनो आठ समय सुधी निरन्तर प्रतिपत्तिकाल छे.

**विरहकाल**—उत्कृष्टथी सम्यक्त्व अने श्रुतनो सात अहोरात्र विरहकाल, जघन्यथी एक समय, देशविरतिनो जघन्यथी त्रण समय उत्कृष्टथी बार अहोरात्र, सर्वविरतिनो जघन्यथी त्रण समय उत्कृष्टथी पंदर अहोरात्र काल.

**भवसंख्या**–चारेनो जघन्यथी एक भव उत्कृष्टथी सम्यक्त्व अने देशविरतिना क्षेत्रपल्योपमना असंख्येयभागगतप्रदेश राशिप्रमाण. सर्वविरतिना आठ भवो, श्रुतसामायिकना अनन्तभवो.

**आकर्ष**–सम्यक्त्व, श्रुत अने देशविरति ए त्रणना एक भवमां सहस्र पृथक्त्व, अनेक भवमां असंख्यसहस्र, सर्वविरतिना एक भवमां शतपृथक्त्व, अनेक भवोमां सहस्रपृथक्त्व,

---

१ चारित्रपरिणामना उत्तर समये आयुष्य क्षय थवाथी.

क्षेत्रस्पर्शना–सम्यक्त्व अने सर्वविरतिनी जघन्यथी लोकनो असंख्यातमो भाग, उत्कृष्टथी सर्वलोक श्रुतसामायिकनी, ३/१४ लोक, देशविरतिनी २/७ लोक स्पर्शना जाणवी.

इत्यादि घणो विचार छे, विशेषजिज्ञासुए विशेषावश्यकटीका–आवश्यकटीका वगेरे ग्रन्थो अवलोकवा.

॥ इति दृष्टिद्वारविचारः ॥

मतिश्रुतावधिमनःपर्यायाण्यथ केवलम् । ज्ञानानि पञ्च तत्राद्यमष्टाविंशतिधा स्मृतम् ॥ ७०१ ॥ तथाहि ॥ अवग्रहेहावायाख्या, धारणा चेति तीर्थपैः । मतिज्ञानस्य चत्वारो, मूलभेदाः प्रकीर्त्तिताः ॥७०२ ॥ शब्दादीनां पदार्थानां, प्रथमग्रहणं हि यत् । अवग्रहः स्यात्स द्वेधा, व्यञ्जनार्थविभेदतः ॥ ७०३ ॥ व्यज्यन्ते येन सद्भावा, दीपेनेव घटादयः । व्यञ्जनं ज्ञानजनकं, तच्चोपकरणेन्द्रियम् ॥७०४॥ शब्दादिभावमापन्नो, द्रव्यसंघात एव वा । व्यज्यते यद् व्यञ्जनं तदितिव्युत्पत्त्यपेक्षया ॥ ७०५ ॥ ततश्च ॥ व्यञ्जनैर्व्यञ्जनानां यः, सम्बन्धः प्रथमः स हि । व्यंजनावग्रहोऽस्पष्टतरावबोधलक्षणः ॥७०६॥ अस्य च स्वरूपमेवं तत्त्वार्थवृत्तौ ॥ यदोपकरणेन्द्रियस्य स्पर्शनादि(देः)पुद्गलैः स्पर्शाद्याकारपरिणतैः सम्बन्ध उपजातो भवति न च किमप्येतदिति गृह्णाति, किंत्वव्यक्त(वि)ज्ञानोऽसौ सुसमत्तादिसूक्ष्मावबोधसहितपुरुषवदिति, तदा तैः स्पर्शनाद्युपकरणेन्द्रियसंश्लिष्टैर्या च यावती च विज्ञानशक्तिराविरस्ति सैवंविधा विज्ञानशक्तिरवग्रहाख्या, तस्य स्पर्शनाद्युपकरणेन्द्रियसंश्लिष्टस्पर्शाद्याकारपरिणतपुद्गलराशेर्व्यञ्जनाख्यस्य ग्राहिकाऽवग्रह इति भण्यते, तेनैतदुक्तं भवति–स्पर्शनाद्युपकरणेन्द्रि-

यसंश्लिष्टाः स्पर्शाद्याकारपरिणताः पुद्गला भण्यन्ते व्यञ्जनं, विशिष्टार्थावग्रहकारित्वात्, तस्य व्यञ्जनस्य परिच्छेदकोऽव्यक्तोऽवग्रहो भण्यते, अपरोऽपि तस्मान्मनाग् निश्चिततरः किमप्येतदित्येवंविधः सामान्यपरिच्छेदोऽवग्रहो भण्यते, ततः परमीहादयः प्रवर्त्तन्ते इति ॥(सा०१४९) रत्नाकरावतारिकायां चावग्रहलक्षणमेवमुक्तम् ॥"विषयविषयिसन्निपातानन्तरसमुद्भूतसत्तामात्रगोचरदर्शनाज्जातमाद्यमवान्तरसामान्याकारविशिष्टवस्तुग्रहणमवग्रह" इति । विषयः–सामान्यविशेषात्मकोऽर्थो, विषयी -चक्षुरादिस्तयोः, समीचीनो-भ्रान्त्याद्यजनकत्वेनानुकूलो, निपातो–योग्यदेशाद्यवस्थानं, तस्मादनन्तरं, समुद्भूतम्-उत्पन्नं, यत्सत्तामात्रगोचरं-निःशेषविशेषवैमुख्येन सन्मात्रविषयं, दर्शनं निराकारो बोधः, तस्माज्जातम्, आद्यं, सत्त्वसामान्यादवान्तरैः सामान्याकारैः-मनुष्यत्वादिभिर्जातिविशेषैः, विशिष्टस्य वस्तुनो यद् ग्रहणं ज्ञानं तदवग्रह इति नाम्नाऽभिधीयत इति ॥(सा०१५०) अत्र च प्राच्यमते दर्शनस्यावकाशं न पश्यामो, द्वितीयमते च व्यंजनावग्रहावकाशं न पश्यामः, तदत्र तत्त्वं बहुश्रुतेभ्योऽवसेयं वक्ष्यमाणो वा महाभाष्याभिमतो व्यंजनावग्रहादीनां दर्शनस्य चाभेदोऽनुसरणीय इत्यलं प्रसङ्गेन ॥

१ श्रीवादिदेवसूरि महाराजे रचेला आठ परिच्छेदमय सूत्रस्वरूप "प्रमाणनयतत्त्वालोकालङ्कार" नामना ग्रन्थना बीजा परिच्छेदनुं आ सूत्र छे. *आ ग्रन्थ उपर ८४००० श्लोक प्रमाण 'स्याद्वादरत्नाकर' नामनी स्वोपज्ञबृहद्वृत्ति छे अने तेमना शिष्य श्रीरत्नप्रभसूरि महाराजे 'रत्नाकरावतारिका' नामनी लघुवृत्ति बनावी छे. कमभाग्ये स्याद्वादरत्नाकर संपूर्ण उपलब्ध थतो नथी. त्रुटक त्रुटक भाग मळीने लगभग २०००० (वीश हजार)-श्लोक प्रमाण मळे छे. रत्नाकरावतारिकानो पाठ ग्रन्थकारश्री उपाध्यायश्री विनयविजयजी महाराजे मूळमां दाखल करेल छे. अने बृहद्वृत्ति स्याद्वाद-

रत्नाकरनो पाठ तेना अर्थ साथे आ नीचे आपीये छीये.

“विषयो द्रव्यपर्यायात्मकोऽर्थः । विषयी चक्षुरादिरिन्द्रियानिन्द्रियग्रामः । तयोः समीचीनो भ्रान्त्याद्यजनकत्वेनानुकूलो यो निपातो योग्यदेशावस्थानम् । तस्मादनन्तरं समुद्भूतमुत्पन्नं यत्सत्तामात्रगोचरं निःशेषविशेषवैमुख्येन सन्मात्रविषयं दर्शनं निराकारबोधस्तस्माज्जातमाद्यं प्रथमं सत्त्वसामान्यादवान्तरैः सामान्याकारैर्मनुष्यत्वादिभिर्जातिविशेषैर्विशिष्टस्य वस्तुनो यद्ग्रहणं ज्ञानं तदवग्रह इति नाम्ना गीयते ॥ ननु दर्शनानन्तरमवग्रहो भवतीत्ययुक्तमुच्यते अवग्रहाद्विलक्षणस्य दर्शनस्याभावादिति, अत्रोच्यते, ततोऽनन्तरसमयभाविषून्मेषेषु चक्षुरवग्रहमतिज्ञानावरणवीर्यान्तरायक्षयोपशमादङ्गोपाङ्गोपष्टम्भकत्वं मनुष्योऽयमित्यादिविभावितमनुष्यत्वाद्यवान्तरजातिविशेषं ज्ञानमुत्पद्यमानमवग्रह उच्यते इति सिद्धं दर्शनावग्रहयोर्विलक्षणस्वरूपत्वम् । अथ प्रथमसमयोन्मेषसमुद्भूतबालदर्शनमपि ज्ञानमिष्यते तर्हि तन्मिथ्याज्ञानं वा स्यात्सम्यग्ज्ञानं वा, मिथ्याज्ञानत्वेऽपि संशयस्वभावं तद्भवेद्विपर्ययस्वरूपमनध्यवसायात्मकं वा, तत्र न तावत्संशयविपर्ययात्मकं मिथ्याज्ञानं बाले सम्भवति, तस्य सम्यग्ज्ञानपूर्वकत्वात्, सम्यग्ज्ञानं च प्राथमिकत्वात्तस्य नास्तीति, नाप्यनध्यवसायरूपं वस्तुमात्रप्रतिपत्तेः, नापि सम्यग्ज्ञानं बालस्य दर्शनं, अर्थाकारालम्बनाभावात्, किञ्च यथा मृत्तन्तुकारणभेदाद् घटपटलक्षणकार्यभेदस्तथा दर्शनज्ञानावरणक्षयोपशमकारणभेदात्तत्कार्यदर्शनज्ञानभेद इत्यस्ति प्रागवग्रहाद्दर्शनम् । ( इति बृहद्वृत्तिः )

अर्थ–द्रव्यपर्यायरूप पदार्थ ते विषय कहेवाय, ( ते विषयने ग्रहण करनार ) इन्द्रिय–अनिन्द्रिय समूहरूप चक्षु विगेरे विषयी, ते बेउ (विषय–विषयी) नो भ्रम विगेरे नही उत्पन्न करवा स्वरूपे अनुकूल व्याजबी जे योग्य देशमां रहेवा स्वरूप निपात थयाथी अव्यवहित उत्पन्न थयेल जे सत्तामात्र गोचर पडले तमाम विशेषस्वरूपना विमुखपणाए सन्मात्रनेज विषय करनार ( ग्रहण करनार ) निराकार बोधस्वरूप दर्शन, तेथी ( ते पछी ) थयेलुं पहेलुं सत्तासामान्यथी अवान्तर ( सत्तासामान्यना व्याप्यवृत्ति ) जे मनुष्यत्व विगेरे जातिभेदोरूप सामान्याकारोए करी विशिष्ट (सहित) वस्तुनुं जे ग्रहण ( ज्ञान ) ते अवग्रह एवा नामथी सिद्धान्तमां गवाय छे. शङ्का—अवग्रहथी विलक्षण दर्शन न होवाथी दर्शननी पछी अवग्रह थाय छे, ते अयुक्त छे.? समाधान-सत्तासामान्यना अवान्तर मनुष्यत्वादि धर्मोने नहि ग्रहण करनार सन्मात्र विषयने ग्रहण करनार निराकार बोधने दर्शन कह्युं छे. अने ते पछी तुरत ज थता अनेक उन्मेषोमां चक्षु विगेरे इन्द्रियोथी थता अवग्रहरूप मतिज्ञानना आव-

अर्थ—॥ २६ ज्ञानद्वारम् ॥ तत्र प्रथमं मतिज्ञानम् ॥ मति–श्रुत–अवधि–मनःपर्यव–अने केवलज्ञान ए पांच ज्ञान छे. तेमां पहेलुं मतिज्ञान २८ प्रकारनु कहेलु छे. ॥ ७०१ ॥ ते आप्रमाणे–अवग्रह–ईहा–अपाय–ने धारणा ए प्रमाणे श्री तीर्थंकरोए मतिज्ञानना चार मूळ भेद कहेला छे. ॥ ७०२ ॥ त्यां शब्दादि विषयोनु जे प्रथम ग्रहण ते अवग्रह व्यञ्जनावग्रह अने अर्थावग्रहना भेदथी बे प्रकारनो छे. ॥७०३॥ दीपकवडे जेम घटादि पदार्थो प्रगट थाय छे तेम जेना वडे पदार्थो (विषयो) व्यज्यन्ते–प्रगट कराय ते व्यञ्जन कहेवाय छे. अने ते व्यञ्जन ज्ञानने उत्पन्न करनार एवी उपकरणेन्द्रिय स्वरूप जाणवुं ॥७०४॥ अथवा "जे व्यज्यते–प्रगट थाय ते व्यञ्जन" ए व्युत्पत्तिनी अपेक्षाए शब्दादि भावने प्राप्त थयेलो द्रव्यसमूह ज व्यञ्जन कहेवाय ॥ ७०५ ॥ अने तेथी व्यञ्जनो ( विषयो ) साथे व्यञ्जनोनो ( उपकरणेन्द्रियोनो ) जे प्रथम सम्बन्ध तेज अत्यन्त अस्पष्ट (अव्यक्त) ज्ञानरूप व्यञ्जनावग्रह कहेवाय ॥ ७०६ ॥ व्यञ्जनावग्रहनुं स्वरूप श्रीतत्त्वार्थवृत्तिमां कह्युं छे (ते बतावे छे)–"ज्यारे उपकरणे-

रणीयकर्म तथा वीर्यान्तरायकर्मनाक्षयोपशमथी अङ्गोपाङ्गनुं अवलम्बन करे (टेको मळ्ये) छते 'आ मनुष्य छे' इत्यादि स्वरूपे जणाया छे मनुष्यत्व विगेरे अवान्तर जातिविशेषो जेमां तेवुं उत्पन्न थतुं ज्ञान अवग्रह कहेवाय छे, आ रीते दर्शन अने अवग्रहनुं भिन्न स्वरूपपणुं सिद्ध थयुं, वळी जो दर्शन अने ज्ञान ( अवग्रह) नो अभेद होय तो प्रथम समयना उन्मेषथी उत्पन्न थयेलुं ( तुरतना जन्मेला ) बालकनुं दर्शनपण जो ज्ञानस्वरूप मनातुं होय तो ते मिथ्याज्ञान छे के सम्यग्ज्ञान छे, मिथ्याज्ञान मानो तो ते संशयस्वरूप, विपर्ययस्वरूप के अनध्यवसाय स्वरूप छे. तेमां संशयविपर्ययस्वरूप मिथ्याज्ञान तो सम्यग्ज्ञानपूर्वक होवाथी ते बालकमां संभवता नथी. कारण बालकनुं आ (ज्ञान) प्रथमज होवाथी ते पहेलानुं सम्यग्ज्ञान नथी, तेमज (आ ज्ञानमां) वस्तुमात्रनो स्वीकार होवाथी "आ कंइक छे" एवी विचारणा (उपेक्षा) स्वरूपवाळुं अनध्यवसाय पण नथी माटे बालकनु प्रथम दर्शन मिथ्याज्ञानस्वरूप मनाय नहिं वळी बालकनुं प्रथमदर्शन अर्थाकारनो विषय करतुं नहिं होवाथी (साकारता न होवाथी) सम्यग्ज्ञानरूप पण नथी. (वळी छाद्मस्थिकज्ञानमां दर्शन प्रथम होय छे)तेथी बालकना प्रथम दर्शनने दर्शनरूपज मानवुं पडशे जेथी पण दर्शनज्ञाननो भेद सिद्ध छे वळी जेम माटी अने तन्तु (तांतणा) स्वरूपकारणमां भेदथी तेना कार्यरूप घडो अने वस्त्रनो भेद छे. तेम ज्ञानावरणीय अने दर्शनावरणीयना क्षयोपशमरूप कारणनो भेद होवाथी तेना कार्यरूप ज्ञानदर्शननो पण भेद छे, तेथी पण अवग्रह अने दर्शन भिन्न छे. अने अवग्रहथी पूर्वे दर्शन छे ते निश्चित छे.

न्द्रियनो स्पर्शनादिपुद्गलो साथे एटले स्पर्शादि आकारे परिणमेला पुद्गलो साथे सम्बन्ध थाय छे, ते वखते "आ कंइक छे" एवो पण बोध थतो नथी पण सुतेला अने बेशुद्ध थयेला एवा सूक्ष्मज्ञान (अस्पष्ट ज्ञान) वाळा पुरुषनी पेठे ते सम्बन्ध अव्यक्त ज्ञानवाळो होय छे ते वखते ते स्पर्शादि उपकरणेन्द्रियने स्पर्शेला द्रव्यसमूहवडे जेटला प्रमाणनी अने जे विज्ञान शक्ति प्रगट थाय छे, एवा प्रकारनी ते विज्ञानशक्ति अवग्रह नामे कहेवाय छे. अने ते स्पर्शनादि उपकरणेन्द्रियनी साथे संश्लिष्ट थयेला ( सम्बद्ध थयेला ) स्पर्शादिआकारे परिणमेला व्यञ्जन नामना पुद्गल राशिने ग्रहणकरनारी ( विज्ञानशक्ति ) अवग्रह एम कहेवाय छे. ते कारणथी एम कहेलुं छे के ( तात्पर्य ए आव्युं के ) स्पर्शनादि उपक० ने सम्बद्ध थयेला स्पर्शादि आकारे परिणमेला पुद्गलो व्यञ्जन कहेवाय छे. अने अमुक प्रकारनो अर्थावग्रह करनार होवाथी ते व्यञ्जननो ( विषयविषयिनो ) परिच्छेदक (जणावनार) एवो जे अव्यक्त बोध ते (व्यञ्जन) अवग्रह कहेवाय छे. वळी ते व्यञ्जनावग्रहथी कंइक विषय निश्चयवाळो एटले " आ कंइक छे " ए प्रकारे सामान्य जणावनार एवो बीजो पण ( अर्थ ) अवग्रह कहेवाय छे, अने त्यारबाद ईहा वगेरे प्रवर्ते छे" पुनः रत्नाकरावतारिकामां अवग्रहनुं लक्षण आ प्रमाणे कह्युं छे के-"विषय अने विषयिनो सम्बन्ध थया बाद तुर्तज उत्पन्न थयेल सत्तामात्र विषयना दर्शनथी (सामा० बोधथी ) थयेल प्रथम अवान्तर सामान्य आकारवाळी वस्तुनुं जे ग्रहण ते अवग्रह कहेवाय छे. टीकार्थः—विषय एटले सामान्यधर्म अने विशेषधर्म ए उभय धर्मयुक्त पदार्थ, अने विषयी एटले चक्षु वगेरे ( उपकरणेन्द्रिय-वा अभ्य० निर्वृति० ) ए बन्नेनो ( विषय अने विषयीनो ) समीचीन एटले भ्रान्त्यादि रहितपणे अर्थात् अनुकूळ—योग्य जे निपात एटले योग्य प्रदेशमां ( इन्द्रिय अने विषयनो परस्पर सम्बन्ध थइ शके तेवा स्थानमां ) रहेवा पणुं [ अने ते प्रमाणे रहेवाथी स्पर्श थतां ] तुर्तज समुद्भूत एटले उत्पन्न थयेलुं जे सत्तामात्रगोचर एटले सर्व विशेषधर्म सिवायना सत् ( विद्यमानपणा ) मात्रना विषयवाळो जे दर्शन बोध ( एटले कंइक छे ए रूप विद्यमानतानो जे बोध ) एटले निराकार ( आकार एटले विशेषधर्म तेथी रहित एवो ) बोध तेवा निराकार बोधथी उत्पन्न थयेलुं जे सत्त्वसामान्यथी अवान्तरैः सामान्याकारैः एटले अ-

१ सर्वपदार्थमां व्यापीने रहेनार 'सत्ता' स्वरूप महासामान्य [ परसामान्य ] ना व्याप्यवृत्ति (न्यूनदेशवृत्ति) सामान्य ते अवान्तर (अपर) सामान्य कहेवाय.

वान्तर सामान्य आकारवाळी मनुष्यत्वादि जातिविशेषोवडे ( मनुष्यतिर्यञ्च–इत्यादि जुदी जुदी जातिभेदवडे ) विशिष्ट ( विशेषणवाळी ) वस्तुओनुं जे प्रथम ग्रहण–ज्ञान ते अवग्रह एवा नामथी कहेवाय छे. " अहिं प्रथममते दर्शननो अवकाश देखातो नथी, अने बीजे ( रत्नाकरा० ) मते व्यञ्जनावग्रहनो अवकाश देखातो नथी माटे अहिं तत्त्व बहुश्रुतथी जाणवु. अथवा तो आगळ कहेवाशे ते प्रमाणे महाभाष्यमां कहेलो व्यञ्जनावग्रहादिकनो अथवा दर्शननो भेद अनुसरवो. अहीं(घणा प्रसंगे करीने सर्यु. आटलुंज बस छे.)

आवल्यसंख्येयभागो, व्यञ्जनावग्रहे भवेत्। कालमानं लघु ज्येष्ठमानं प्राणपृथक्त्वकम् ॥ ७०७ ॥ स चतुर्धा श्रोत्रजिह्वाघ्राणस्पर्शनसम्भवः । अप्राप्यकारिभावात्स्यान्न चक्षुर्मनसोरसौ ॥ ७०८ ॥ शब्दादेर्यः परिच्छेदो, मनाक् स्पष्टतरो भवेत् । किञ्चिदित्यात्मकः सोऽयमर्थावग्रह उच्यते ॥ ७०९ ॥ कालतोऽर्थावग्रहस्तु, स्यादेकसमयात्मकः । निश्चयाद्व्यवहारात्तु, स स्यादान्तर्मुहूर्तिकः ॥ ७१० ॥ तस्यैवावगृहीतस्य, धर्मान्वेषणरूपिका । ईहा भवेत्कालमानमस्या अन्तर्मुहूर्तकम् ॥ ७११ ॥ अथेहितस्य तस्यैवमिदमेवेति निश्चयः । अवायो मानमस्यापि, स्मृतमन्तर्मुहूर्तकम् ॥ ७१२ ॥ निर्णीतार्थस्य मनसा, धरणं धारणा स्मृता । कालः संख्य उतासंख्यस्तस्या मानमवस्थितेः ॥ ७१३ ॥ बाल्ये दृष्टं स्मरत्येव, पर्यन्तेऽसंख्यजीविनः । ततः स्याद्धारणामानमसंख्यकालसम्मितम् ॥ ७१४ ॥ यथा हि सूज्यते

१ कारणके स्पर्शमात्रथी प्रारंभीने संपूर्ण निश्चयबोध थाय त्यां सुधी ज्ञानज गण्युं तो दर्शन क्ये वखते थयुं ?

२ कारणके प्रथम ग्रहणरूप अवग्रहथीज सामान्यबोध थाय पण कशु नो स्पर्श लक्षणवाळो व्यञ्जनाव० क्यारे थयो ?

३ "नाणमवायधिइओ, दंसणमिट्ठं जहोग्गहेहाओ" अर्थ आगळ आवे छे.

पूर्वं, श्रोत्रेण शब्दसंहतिः । ततश्च किञ्चिदश्रौषमित्यर्थावग्रहो भवेत् ॥ ७१५ ॥ ततः स्त्र्यादिशब्दनिष्ठं, माधुर्यादि विचिन्तयेत् । इयमीहा ततोऽवायो, निश्चयात्मा धृतिस्ततः ॥ ७१६ ॥ एवं गन्धरसस्पर्शेष्वपि भाव्या मनीषिभिः । घ्राणजिह्वास्पर्शनानां, व्यंजनावग्रहादयः ॥ ७१७ ॥ व्यंजनावग्रहाभावाच्चक्षुर्मानसयोः पुनः । चत्वारोऽर्थावग्रहाद्या, धारणान्ता भवन्ति हि ॥ ७१८ ॥ यथा प्रथमतो वृक्षे, चक्षुर्गोचरमागते । किञ्चिदेतदिति ज्ञानं, स्यादर्थावग्रहो ह्ययम् ॥ ७१९ ॥ ततस्तद्गतधर्माणां, समीक्षेहा प्रजायते । निश्चयस्तरुरेवायमित्यवायस्ततो भवेत् ॥ ७२० ॥ ततस्तथानिश्चितस्य, धरणं धारणा भवेत् । भाव्यते मनसोऽप्येवमथार्थावग्रहादयः ॥ ७२१ ॥ यथा हि विस्मृतं वस्तु, पूर्वं किञ्चिदिति स्मरेत् । ततश्च तद्गता धर्माः, स्मर्यन्ते लीनचेतसा ॥ ७२२ ॥ ततश्च तत्तद्धर्माणां. स्मरणात्तद्विनिश्चयः । ततः स्मृत्या निश्चितस्य, पुनस्तस्यैव धारणम् ॥ ७२३ ॥ अनिन्द्रियनिमित्तं च, मतिज्ञानमिदं भवेत् । अत एव त्रिधैतत्स्यादाद्यमिन्द्रियहेतुकम् ॥ ७२४ ॥ अनिन्द्रियसमुत्थं चेन्द्रियानिन्द्रियहेतुकम् । तत्राद्यमेकाक्षादीनां, मनोविरहिणां हि यत् ॥ ७२५ ॥ केवलं हीन्द्रियनिमित्तकमेव भवेदिदम् । अभावान्मनसो नास्ति, व्यापारोऽत्र मनागपि ॥ ७२६ ॥ अनिन्द्रियनिमित्तं च, स्मृतिज्ञानं निरूपितम् । व्यापाराभावतोऽक्षाणां, तदक्षनिरपेक्षकम् ॥ ७२७ ॥ ओघज्ञानमविभक्तरूपं यदपि लक्ष्यते । वल्ल्यादीनां वृतिनीव्राद्यभिसर्पणलक्षणम्॥७२८ तदप्यनिन्द्रियनिमित्तकमेव प्रकीर्त्यते । हेतुभावं भजन्तीह,नाक्षाणि न मनोऽपि यत् ॥७२९॥ मत्यज्ञानावरणीयक्षयोपशम एव

हि । केवलं हेतुतामोघज्ञानेऽस्मिन्नश्रुते च यत् ॥७३०॥ यत्तु जाग्रदवस्थायामुपयुक्तस्य चेतसा । स्पर्शादिज्ञानमेतच्चेन्द्रियानिन्द्रियहेतुकम् ॥७३१॥ इदमर्थतस्तत्त्वार्थवृत्तौ ॥ (सा०१५१) अथ प्रकृतं ॥ एवमर्थावग्रहेहा, अवायधारणा इह । स्युश्चतुर्विंशतिः षड्भि-र्हता इन्द्रियमानसैः ॥ ७३२ ॥ व्यंजनावग्रहैः पूर्वोदितैश्चतुर्भिरन्विताः । स्युस्तेऽष्टाविंशतिर्भेदा, मतिज्ञानस्य निश्चिताः ॥ ७३३ ॥ भगवतीवृत्तौ तु ॥ (सा०१५२) षोढा श्रोत्रादिभेदेनावायश्च धारणापि च । इत्येवं द्वादशविधं, मतिज्ञानमुदाहृतम् ॥७३४॥ द्वादशेहावग्रहयोश्चत्वारो व्यंजनस्य च । उक्ता भेदाः षोडशैते, दर्शने चक्षुरादिके ॥७३५॥ यदाह भाष्यकारः-- "नाणमवायधिईओ, दंसणमिट्ठं जहोग्गहेहाओ" (ज्ञानमपायधृतयः, दर्शनमिष्टं यथा वग्रहेहाः) [सा० १५३] । नन्वष्टाविंशतिविधं, मतिज्ञानं यदागमे । जेगीयते तन्न कथमेवमुक्ते विरुध्यते ? ॥ ७३६ ॥ अत्रोच्यते ॥ मतिज्ञानचक्षुरादिदर्शनानां मिथो भिदम् । अविवक्षित्वैव मतिमष्टाविंशतिधा विदुः ॥ ७३७ ॥

अर्थः—व्यञ्जनावग्रहनुं जघ० काळप्रमाण आवलिकानो असंख्यातमो भाग छे, अने उत्कृष्टकाल श्वासोच्छ्वास पृथक्त्व छे. ॥ ७०७ ॥ ते व्यञ्जनाव० श्रोत्र—जिह्वा- घ्राण अने स्पर्शन इन्द्रियथी उत्पन्न थयेलो ए प्रमाणे चार प्रकारनो छे, अने चक्षु तथा मनने अप्राप्यकारीपणुं होवाथी ए बेनो व्यञ्जनाव० नथी. ॥ ७०८ ॥ " आ कंइक छे. " ए प्रकारे शब्दादिकनो जे कंइक स्पष्टतर बोध थाय ते आ अर्थावग्रह कहेवाय छे. ॥ ७०९ ॥ निश्चयनये अर्थावग्रहनो काळ १ समय प्रमाण छे, अने व्यावहारिक अर्थाव० नो काळ अन्तर्मु० छे. ॥ ७१० ॥ ग्रहण करेला ते विषयोना धर्म (स्वभाव—गुण) शोधवा [चिंतवन] रूप जे ईहा तेनुं काळप्रमाण एक अन्तर्मु० छे. ॥ ७११ ॥ तथा चिंतवन करेला ते विषयनो "अमुक विषयज छे" एम निश्चय करवो ते अवाय--अपाय कहेवाय. एनो काळ पण अन्तर्मु० छे. ॥ ७१२ ॥ मनवडे निर्णय करेल ते विषयने धारी राखवो (धा-

द राखवो) ते धारणा कहेली छे. एनी स्थितिनुं काळ प्रमाण संख्यात अथवा असंख्यात काळ छे. ॥ ७१३ ॥ कारणके असंख्यवर्षना आयुष्यवाळा जीवो (देव—नारक—ने युगलिको) बाळपणमां अनुभवेली वस्तुने अन्त्य अवस्था सुधी स्मरणमां लावे छे, माटे धारणानो काळ असंख्यवर्ष प्रमाण छे. ॥ ७१४ ॥ जेम शब्दद्रव्यनो समूह प्रथम श्रोत्रेन्द्रियनी साथे सम्बन्धवाळो थाय छे, अने त्यारबाद "कंइक सांभळ्युं" एवो अर्थावग्रह थाय छे. ॥ ७१५ ॥ त्यारबाद स्त्री वगेरेना शब्दमां रहेला मधुरतादि स्वभावने चिंतवे ते ईहा, अने त्यारबाद (अमुकनो शब्द छे. एम) निर्णय थाय ते अवाय अने त्यारबाद (ते शब्द याद राखी मूके ते) धारणा थाय. ॥७१६॥ ए प्रमाणे बुद्धिमानोए गन्ध रस अने स्पर्शमां पण (अनुक्रमे) घ्राण—जिह्वा—अने स्पर्शेन्द्रियना व्यञ्जनावग्रहादि विचारवा ॥७१७॥ परन्तु चक्षु अने मनना व्यञ्जनाव०नो अभाव होवाथी ए बे इन्द्रियोना धारणा सुधीना अर्थावग्रहादिभेद होय छे, ॥ ७१८ ॥ जेम कोइक वृक्ष प्रथम दृष्टिगोचर थतांज आ कंइक छे, एवा प्रकारनुं जे ज्ञान थाय छे ते अर्थावग्रह ॥ ७१९ ॥ त्यारबाद ते वृक्षमां रहेला धर्मोनी (अस्तिरूप अने वृक्षथी अपरधर्मोनी व्यावृत्तिरूप) परीक्षा करवी ते ईहा थाय छे, अने त्यारबाद आ वृक्ष ज छे एवा प्रकारनो जे निश्चय थाय छे. ते अवाय कहेवाय छे ॥ ७२० ॥ अने त्यारबाद ते निश्चय करेला वृक्षने जे याद राखवुं ते धारणा छे. ए प्रमाणे मनना पण अर्थावग्रहादि विचाराय छे. ॥ ७२१ ॥ जेम विस्मृत थयेली (भूली गयेली) वस्तुने प्रथम "कंइक हतुं" एवी रीते याद करे (ते अर्थावग्रह), अने त्यारबाद एक चित्ते ते वस्तुना धर्म संभारवामां आवे (ते ईहा) ॥ ७२२ ॥ अने त्यारबाद ते ते धर्मोना स्मरणथी ते (विस्मृत) वस्तुनो निर्णय थाय (ते अवाय), त्यारबाद संभारीने निश्चय करेल तेज वस्तुने याद राखवी [ते धारणा] ॥ ७२३ ॥ ए सर्व अनिन्द्रिय (मन) निमित्तनुं मतिज्ञान छे. आ ज माटे ए [मतिज्ञान] त्रण प्रकारनुं छे. तेमां प्रथम इन्द्रियहेतुक ॥ ७२४ ॥ बीजुं अनिन्द्रियोत्पन्न, अने त्रीजुं इन्द्रियानिन्द्रियोत्पन्न त्यां पहेलुं मतिज्ञान एकेन्द्रियादिकने होय छे. कारणके मन रहित जीवोने ॥ ७२५ ॥ आ मतिज्ञान केवळ इन्द्रियनिमित्तनुं

१ अहिंथी जे दृष्टांतो अपायछे ते व्यावहारिक अर्थावग्रहादिनां जाणवां. अन्यथा अमुकनो शब्द छे. एवुं ज्ञान नहि थतां मात्र आ शब्द छे वा रूप छे वा गन्ध छे. इत्यादि विषयमात्रनुंज ज्ञान थाय छे के जे नैश्चयिक अर्थावग्रहादि कहेवाय.

ज होय छे. जेथी अहिं ( एकेन्द्रियादिमां ) मननो व्यापार लेश मात्र पण नथी ॥ ७२६ ॥ वळी जे अनिन्द्रियनिमित्त मतिज्ञान ते स्मृतिज्ञानने कहेलुं छे, कारणके इन्द्रियोना व्यापारनो अभाव होवाथी ते इन्द्रियोनी अपेक्षा विनानुं छे ॥७२७॥ वळी वेल वगेरेने वाड अने वरंडी ( भींत ) विगेरे उपर चढवा रूप अस्पष्ट ओघज्ञान ( सामान्यज्ञान ) जणाय छे ( देखाय छे ) ॥ ७२८ ॥ ते पण अनिन्द्रियनिमित्त ज कहेवाय छे, कारणके त्यां इन्द्रिय अने मन कारणपणे नथी. ॥ ७२९ ॥ जे कारणथी ए ओघ ज्ञानमां मात्र मत्यज्ञानावरणीयनो क्षयोपशमज कारणपणुं पामे छे. ॥ ७३० ॥ वळी जागृत अवस्थामां उपयोगवाळा जीवनुं मनपूर्वक जे स्पर्शादि ज्ञान ते इन्द्रियानिन्द्रियहेतुक मतिज्ञान कहेवाय. ॥ ७३१ ॥ ए भावार्थ तत्त्वार्थवृत्तिमां कह्यो छे. हवे चालु विषय कहे छे–ए प्रमाणे अहिं अर्थावग्रह–ईहा–अपाय अने धारणा ए चारने इन्द्रिय पांच अने मन ए ६ साथे गुणतां २४ भेद थाय ॥७३२॥ अने पूर्वे कहेला चार प्रकारना व्यञ्जनावग्रह सहित करतां ते मतिज्ञानना निश्चित करेला २८ भेद थाय छे. ॥ ७३३ ॥ श्रीभगवतीजिनी वृत्तिमां तो–श्रोत्रादि भेदवडे ६ प्रकारनो अपाय अने ६ प्रकारनी धारणा ए प्रमाणे १२ प्रकारनु मतिज्ञान कहेलु छे. ॥ ७३४ ॥ तथा ईहा अने अवग्रहना १२ भेद अने व्यञ्जनाव० ४ भेद ए चक्षु आदि इन्द्रियोवडे थयेला १६ भेद दर्शनमां गणवा. ॥ ७३५ ॥ जे कारणथी भाष्यकारे कह्युं छे के अपाय अने धृति ( धारणा ) ते ज्ञान, अने अवग्रह तथा ईहाने दर्शन मानेलु छे.

शंका–जो सिद्धान्तमां मतिज्ञान २८ प्रकारनु कहेवाय छे, तो ए प्रमाणे ( १२ भेदे मतिज्ञान ) कहेतां विरोध केम न आवे ? ॥ ७३६ ॥

उत्तर–मतिज्ञान अने चक्षु आदि दर्शनमां परस्पर भेदनी विवक्षा नहिं करीनेज मतिज्ञानना २८ भेद जाणवा ॥ ७३७ ॥

**किञ्च ॥ एकैकश्च प्रकारोऽयं, द्वादशधा विभिद्यते । ज्ञानस्यास्य ततो भेदाः,स्युः षट्त्रिंशं शतत्रयम् ॥७३८॥ तथोक्तं तत्त्वार्थभाष्ये॥एवमेतन्मतिज्ञानं द्विविधं चतुर्विधमष्टाविंशतिविधमष्टषष्ट्युत्तरशतविधं षट्त्रिंशत्त्रिशतविधं च भवतीति । (सा० १५४) ते चैवं ॥ बहुबहुविधान्यक्षिप्राक्षिप्राख्यनिश्रितत-**

दन्याः । संदिग्धासंदिग्धध्रुवाध्रुवाख्या मतेर्भेदाः ॥ ७३९ ॥ तथाहि ॥ आस्फालिते तूर्यवृन्दे, कश्चिद्यथैकहेलया । भेरीशब्दा इयन्तोऽत्रैतावन्तः शङ्खनिःस्वनाः ॥ ७४० ॥ इत्थं पृथक् पृथक् गृह्णन्, बहुग्राही भवेदथ । ओघतोऽन्यस्तूर्यशब्दं गृण्हन्नबहुविद्भवेत् ॥ ७४१ ॥ माधुर्यादिविविधबहुधर्मयुक्तं वेत्ति यः स बहुविधवित् । अबहुविधवित्तु शब्दं, वेत्त्येकद्व्यादिधर्मयुतम् ॥ ७४२ ॥ वेत्ति कश्चिदचिरेण, चिरेणान्यो विमृश्य च । क्षिप्राक्षिप्रग्राहिणौ तौ, निर्देष्टव्यौ यथाक्रमम् ॥ ७४३ ॥ लिङ्गापेक्षं वेत्ति कश्चिद्, ध्वजेनेव सुरालयम् । स भवेन्निश्रितग्राही, परो लिङ्गानपेक्षया ॥ ७४४ ॥ निःसंशयं यस्तु वेत्ति, सोऽसंदिग्धविदाहितः । ससंशयं यस्तु वेत्ति, संदिग्धग्राहको हि सः ॥ ७४५ ॥ ज्ञाते य एकदा भूयो, नोपदेशमपेक्षते । ध्रुवग्राही भवेदेष तदन्योऽध्रुवविद्भवेत् ॥ ७४६ ॥ नन्वेकसमयस्थायी, प्रोक्तः प्राच्यैरवग्रहः । सम्भवन्ति कथं तत्र, प्रकारा बहुतादयः ? ॥७४७॥ सत्यमेतन्मतः किन्तु, द्विविधोऽवग्रहः श्रुते । निश्चयात्क्षणिको व्यावहारिकश्चामितक्षणः ॥ ७४८ ॥ अपेक्ष्यावग्रहं भाव्यास्ततश्च व्यावहारिकम् । भेदा यथोक्ता बहुतादयो नैश्चयिके तु न ॥ ७४९ ॥

तथोक्तं तत्त्वार्थवृत्तौ ॥ ननु चावग्रहः एकसामयिकः शास्त्रे निरूपितो, न चैकस्मिन् समये चैवैकोऽवग्रह एवंविधो युक्तोऽल्पकालत्वादिति, उच्यते, सत्यमेवमेतत्, किंतु अवग्रहो द्विधा नैश्चयिको व्यावहारिकश्च, तत्र नैश्चयिको नाम सामान्यपरिच्छेदः, स चैकसामयिकः शास्त्रेऽभिहितस्ततो नैश्चयिका-

दनन्तरमीहत्वमात्मिका प्रवर्त्तते-किमेष स्पर्श ! उतास्पर्श इति, ततश्चानन्तरोऽपायः स्पर्शोऽयमिति, अयं चापायोऽवग्रह इत्युपचर्यते, आगामिनो भेदानङ्गीकृत्य यस्मादेतेन सामान्यमवच्छिद्यते, यतः पुनरेतस्मादीहा प्रवर्त्तिष्यते कस्यायं स्पर्शस्ततश्चापायो भविष्यत्यस्यायमिति, अयमपि चापायः पुनरवग्रह इत्युपचर्यते, अतोऽनन्तरवर्त्तिनोमीहामपायं चाश्रित्य, एवं यावदस्यान्ते निश्चय उपजातो भवति, यत्रापरं विशेषं नाकाङ्क्षतीत्यर्थः, अपाय एव भवति, न तत्रोपचार इति, अतो य एष औपचारिकोऽवग्रहस्तमङ्गीकृत्य बहु अवगृह्णातीत्येतदुच्यते, नत्वेकसमयवर्त्तिनं नैश्चयिकमित्येवं सर्वत्रौपचारिकाश्रयणाद्व्याख्येयमिति (सा० १५५) ॥

अर्थ-वळी ए (२८ मां नो) दरेक भेद बार बार प्रकारे वहचाय छे, तेथी ए मतिज्ञानना ३३६ भेद पण थाय छे. ॥ ७३८ ॥ तत्त्वार्थभाष्यमां कह्युं छे के-"ए प्रमाणे ए मतिज्ञान बे[1] प्रकारनुं-चार[2] प्रकारनुं-२८ प्रकारनुं-१६८ प्रका[3]-

१ इन्द्रियनिमित्तक-अनिन्द्रियनिमित्तक अथवा श्रुतनिश्रित-अश्रुतनिश्रित.

२ अवग्रह—ईहा-अपाय-ने धारणा अथवा द्रव्यथी, क्षेत्रथी, कालथी, भावथी,

३ बहुबहुविध वगेरे ६ भेदने २८ थी गुणतां १६८ प्रकारनुं थाय. एमां प्रतिपक्षी भेद न लेवा. अथवा विवक्षाभेदे मूळ २८ भेदोने द्रव्य-क्षेत्र-काल तथा भाव ए चार भेदे गुणतां ११२ तथा बहु-अबहु आदि १२ ने द्रव्यादि चारे गुणतां ४८ तथा इन्द्रियनिमित्तक १ अनिन्द्रियनिमित्तक २ श्रुतनिश्रित ३ अश्रुतनिश्रित ४ औत्पातिकी ५ वैनयिकी ६ कामिकी ७ पारिणामिकी ८ आ सर्व ११२--४८--८ एनो सरवाळो करवाथी १६८ थाय, विगेरे अनेक प्रकारे बनी शके छे. !!! तेमज पूर्वना २८ भेदो पण (१) अवग्रहादि चारने इन्द्रियनिमि० अनिन्द्रिनि० ए बे भेदे गुणतां ८, तेमां बहुआदि १२ उमेरवाथी २०, तथा तेमां द्रव्यादि ४ अने औत्पातिक्यादि ४ ए आठ उमेरवाथी २८ थाय, (२) अथवा अवग्रहादि ४ ने द्रव्यादि चारे गुणतां १६ तेमां बहुआदि बार उमेरवाथी २८ थाय, (३-४) अथवा अविरोधिबहु आदि छने अवग्रहादि चारे अथवा द्रव्यादि चारे गुणतां २४ अने औत्पाति० ४ उमेरवाथी २८ (५) अथवा व्यञ्जनावग्रह १ अर्थावग्रह २ ईहा ३ अपाय ४ धारणा ५ अविच्युति ६ वासना ७

रनुं–अने ३३६ प्रकारनुं पण छे. ” ते सर्व प्रकारो आ प्रमाणे–बहु–बहुविध–अक्षिप्र–अनिश्रित–अने तेनाथी अन्य एटले अबहु–अबहुविध–क्षिप्र–निश्रित तथा सन्दिग्ध–असंदिग्ध–ध्रुव–ने अध्रुव ए १२ मतिज्ञानना भेद छे॥७३९॥ तेनुं स्वरूप आ प्रमाणे–वाजिंत्रनो समूह वागे छते जेम कोइक पुरुष अति शीघ्र पणे आटला भेरीना शब्द अने आटला शङ्खना शब्द छे ॥७४०॥ ए प्रमाणे जूदुं जूदुं जाणनारो बहुग्राही कहेवाय (१) अने बीजो पुरुष सामान्यथी “आ वाजींत्रनो शब्द छे” एटलुं ज जाणतो होय तो ते अबहु जाणनारो कहेवाय.(२) ॥७४१॥ वळी जे पुरुष ( ते वाजींत्रना शब्दने ) मधुरतादि विविध प्रकारना घणा धर्म सहित जाणे ते बहुविध जाणनारो कहेवाय (३) अने (जे पुरुष) एक के बे इत्यादि धर्म सहित जाणे ते अबहुविध जाणनार कहेवाय (४) ॥७४२॥ वळी कोइक पुरुष (वाजींत्र शब्दना) ते (मधुरतादि, धर्मो शीघ्र जाणे तो ते क्षिप्रग्राही. (५) अने बीजो पुरुष विचार करीने घणे काळे जाणे ते अक्षिप्रग्राही [६] अनुक्रमे जाणवा ॥७४३॥ वळी कोइक पुरुष जेम ध्वजावडे देवमन्दिर जाणे तेम कोइपण चिन्हनी-अपेक्षाए जाणे (एटले चिन्हवडे जाणे) ते निश्रितग्राही (७) अने जे चिन्हना-आश्रय विना जाणे ते अनिश्रितग्राही (८) ॥७४४॥ जे संशय रहित जाणे ते असंदिग्ध जाणनार ( ९ ) अने जे संशय पूर्वक जाणे ते सन्दिग्ध जाणनार (१०)॥७४५॥ तथा एक वखत जाण्या बाद बीजीवार उपदेशनी [बीजीवार सांभळवानी] अपेक्षा न राखे ते ध्रुवग्राही होय(११) अने (अपेक्षा राखनारो) बीजो पुरुष अध्रुवग्राही होय (१२) ॥ ७४६ ॥ शङ्का–पूर्वेपुरुषोए अवग्रह तो एकज समय रहेनारो कह्यो छे, तो ते अवग्रहमां बहु बहुविध इत्यादि भेद केम संभवे ? ॥७४७॥ उत्तर–ए वात सत्य छे परन्तु सिद्धान्तमां नैश्चयिक अर्थाव० अने व्यावहा० अर्थाव० एम बे प्रकारनो अवग्रह मानेलो छे तेमां व्यावहा० अर्थाव० असंख्य समयनो छे. ॥ ७४८॥ तेथी ते बहुतादिभेद जे कह्या छे ते सर्व व्यावहा० अर्थाव० नी अपेक्षाए जाणवा, परन्तु नैश्चयिक अर्थाव०मां नहिं ॥७४९॥

श्रुति ८ ए आठमां बहुआदि १२, द्रव्यादि ४ तथा औत्पातिक्यादि ४ ए वीश मेळवतां २८ थाय, इत्यादि पण अनेक भंगे भेदोत्पत्ति थती शके छे. ते शास्त्राज्ञायुक्त मतिविचारणापूर्वक श्रीगीतार्थगुरुनी उपासनाथी विचारवा.

१ पूर्वोक्त अठावीश भेदोने बह्वादि बार भेदोए गुणतां ३३६ थाय. तथा तेमां अश्रुतनिश्रितमतिना औत्पातिकी विगेरे चार भेदो उमेरवाथी ३४० भेदो पण थाय छे. ते आगळ बतावाशे.

ते प्रमाणे तत्त्वार्थटीकामां कह्युं पण छे के—"(शंका थाय के) अवग्रहने तो शास्त्रमां एक समयनो कह्यो छे, अने तेवा एकज समयमां एकज अवग्रह आवा प्रकारनो(बहु-बहुविधादि धर्मवाळो)मानवो व्याजबी नथी, कारण काळ थोडो होवाथी उत्तर कहेवाय छे के ए वात सत्य छे परन्तु नैश्चयिक अने व्यावहारिक एम अवग्रह बे प्रकारनो छे. त्यां नैश्च० अव० एटले सामान्य बोध अने ते शास्त्रमां १ समयनो कहेलो छे त्यारबाद एटले नैश्च० अव०नी पछी तुर्तज " शुं आ स्पर्श छे के अस्पर्श ?" एवा प्रकारनी नैश्च० ईहा प्रवर्त्ते त्यारबाद तुर्तज "आ स्पर्श छे" एवो निश्चय थाय ते ( नै० ) अपाय अने ए (नै०) अपाय तेज आगामी (त्यारबाद थता) भेदनी अपेक्षाए (व्यव०) अवग्रह एम उपचारथी कहेवाय छे. कारणके ए ( नैश्च० अपाय वडे सामान्य बोध थाय छे, जे कारणे अहिंथी पुनः ईहा (व्याव० ईहा ) प्रवर्तशे के आ स्पर्श कोनो छे ? अने त्यारबाद " अमुकनो आ स्पर्श छे " एवी रीते ( व्याव० ) अपाय थशे, वळी एज ( बीजी वार थयेलो) अपाय ते तेनाथी आगळ थनारी ईहा अने अपायने आश्रीने अवग्रह एम फरीथी पण उपचार कराय छे, अने ए प्रमाणे इहाने अन्ते पुनः निश्चय रूप अपाय थाय छे. (ए प्रमाणे) वारंवार अवग्रह ईहा ने अपायनी श्रेणि त्यां सुधी चाले छे के ) यावत् एने छेडे निश्चय उत्पन्न थाय छे. अर्थात् ज्यां बीजो धर्म जाणवानी आकांक्षा थती नथी. (ए तात्पर्य छे), कारणके सर्वान्ते अपाय ज थाय छे अने तेमां पुनः उपचार थतो नथी, माटे जे आ औपचारिक(व्यावहारिक) अवग्रह तेने अङ्गी करीने "आ बहु ग्रहण करे छे" एम कहेवाय छे. परन्तु एक समय प्रमाण वर्तनारा नैश्च० अवग्रहने अङ्गी करीने तेम कहेवातुं नथी, ए प्रमाणे सर्वे ( ईहादि अथवा क्षिप्रादि ) स्थळे औपचारिकने अङ्गीकार करीने कहेवुं "।

औत्पत्तिकी वैनयिकी, कार्मिकी पारिणामिकी । आभिः सहामी भेदाः स्यु-श्चत्वारिंशं शतत्रयम् ॥ ७४९ ॥ न दृष्टो न श्रुतश्च प्राग्, मनसाऽपि न चिन्तितः । यथाऽर्थस्तत्क्षणादेव, यथार्थो गृह्यते धिया ॥ ७५० ॥ लोकद्वयाविरुद्धा सा, फलेनाव्यभिचारिणी । बुद्धिरौत्पत्तिकीनाम, निर्दिष्टा

१ " सत्यमिति अर्धस्वीकारे " ज्यां पूर्वपक्षनी अर्धीवात स्वीकारवानी होय त्यां 'सत्यं' ए प्रयोग मूकाय छे.

रोहकादिवत् ॥ ७५१ ॥ गुरूणां विनयात्प्राप्ता, फलदाऽत्र परत्र च । धर्मार्थकामशास्त्रार्थपटुर्वैनयिकी मतिः ॥ ७५२ ॥ नैमित्तिकस्य शिष्येण, विनीतेन यथोदितः । स्थविराया घटध्वंसे, सद्यः सुतसमागमः ॥ ७५३ ॥ शिल्पमाचार्योपदेशाल्लब्धं स्यात्कर्म च स्वतः । नित्यव्यापारश्च शिल्पं, कादाचित्कं तु कर्म वा ॥ ७५४ ॥ या कर्माभिनिवेशोत्थलब्धतत्परमार्थिका । कर्माभ्यासविचाराभ्यां, विस्तीर्णा तद्यशःफला ॥ ७५५ ॥ तत्तत्कर्मविशेषेषु, समर्था कार्मिकी मतिः । केषुचिद् दृश्यते सा च, चित्रकारादिकारुषु ॥ ७५६ ॥ सुदीर्घकालं यः पूर्वापरार्थालोचनादिजः । आत्मधर्मः सोऽत्र परीणामस्तत्प्रभवा तु या ॥ ७५७ ॥ अनुमानहेतुमात्रदृष्टान्तैः साध्यसाधिका । वयोविपाकेन पुष्टीभूताऽभ्युदयमोक्षदा ॥७५८ ॥ अभयादेरिव ज्ञेया, तुर्या सा पारिणामिकी । आभ्योऽधिका पञ्चमी तु, नार्हताऽप्युपलभ्यते ॥ ७५९ ॥ त्रिभिर्विशेषकम् ॥ यद् दृष्टैव मतिर्लोके, प्रथमा श्रुतनिश्रिता । शास्त्रसंस्कृतबुद्धेस्सा, शास्त्रार्थालोचनोद्भवा ॥ ७६० ॥ सर्वथा शास्त्रसंस्पर्शरहितस्य तथाविधात् । क्षयोपशमतो जाता, भवेदश्रुतनिश्रिता ॥ ७६१ ॥ सर्वाप्यन्तर्भवत्यस्मिन्, मतिरश्रुतनिश्रिता । यथोक्तधीचतुष्केऽतः, पञ्चम्या नास्ति संभवः ॥७६२॥ इदमर्थतो नन्दीसूत्रवृत्तिस्थानाङ्गसूत्रवृत्त्यादिषु । (सा० १५६–१५९ ) जातिस्मृतिरप्यतीतसंख्यातभवबोधिका । मतिज्ञानस्यैव भेदः, स्मृतिरूपतया किल ॥ ७६३ ॥ यदाहाचाराङ्गटीकायां–जातिस्मरणं चाभिनिबोधिकविशेष इति (सा० १६०)॥

इति मतिज्ञानं ॥

अर्थ=उपर बतावेल ३३६ भेदोने औत्पत्तिकी–वैनयिकी–कार्मिकी–अने पारिणामिकी ए ४ बुद्धिसहित करीये तो ते मतिज्ञानना भेद ३४० थाय छे ॥७४९॥ जे वस्तु देखी नथी पूर्वे सांभळी नथी अने मनथी कदी चिंतवी पण नथी छतां जे बुद्धिवडे तुर्तज ते अर्थ यथार्थ (सत्यपणे) ग्रहण थाय ॥ ७५० ॥ अने आलोक परलोकविरुद्ध न होय तथा निश्चये फळने आपवावाळी होय ते औत्पत्तिकी बुद्धि रोहादिकनीपेठे जाणवी।।७५१॥ तथा गुरुनो विनय करवाथी प्राप्तथयेली, आलोक अने परलोकमां उत्तमफळ आपनारी. अने धर्म-अर्थ-काम तथा मोक्षना कार्यमां कुशळ एवी वैनयिकी बुद्धि कहेवाय छे. ॥ ७५२ ॥ जेम विन-

१ उज्जयिनी नगरी पासेना कोइक गाममां भरतनामनो नट हतो तेनो पहेली स्त्री मरण पामवाथी ते बीजी स्त्री परण्यो पण नवी परणेली स्त्री जुनी पत्नीना रोहक नामना छोकराने साथे सारीरीते वर्तती नथी, त्यारे रोहके कह्युं के जो तुं मारापर ईर्ष्या करे छे तो हुं तने कोइक वखत बताबी आपीश छतांपण ते नवी स्त्री मानी पदना रोहक पर इर्ष्याथी वर्ते छे. त्यारे रोहके एकवार रात्रे हे पिता आ कोइ घरमांथी जाय छे ! एम बुम पाडी पिताने जगाडतां काइ नहि देखवाथी पोतानी स्त्री माठा आचरणवाळी हशे एम लाग्युं, अने त्यारथी ते तेनी साथे बोलतो के वार्तालाप विशेष करतो नथी अने प्रेमरहित वर्ते छे, आ बनाव नवी स्त्रीए जोवाथी रोहकने पगे लागी तेना पितानो प्रेम कायम राखवा कह्युं त्यारे रोहके पोतानी अतुल्यबुद्धि होवाथी बीजीवार एक रात्रे हे पिता आ घरमांथी कोइक जाय छे ! एम बुम पाडी उठ्यो त्यारे पिताए कोइने नहि देखवाथी पूछतां बाळक्रीडाथी पोतानी छाया बतावी कह्युं के जुओ आ जाय छे. आ बनावथी बाळकनी अज्ञानता समजी पहेलां पण आ छायानेज पुरुष कह्यो हशे एम धारी पुनः नवी स्त्रीपर राग धरवा लाग्यो परन्तु रोहक तो पोताने विमातिकथी नवी मा मारीनांखशे एवी धास्तीथी एकलो नहि जमतां नित्य पोताना पितानी साथेज जमे छे. हवे एक दिवसे पोताना पिता भरतनट साथे रोहक उज्जयिनी नगरीमां गयो अने सर्व ठेकाणे फरी फरीने आखी नगरीनी रचना जोइ. त्यारबाद पिता-सहित पोताने गामें आववा माटे सिप्रानदी सुधी आव्या तेटलामां भरत कोइ वस्तु भूली जवाथी रोहकने नदीना किनारापर मूकी पोते नगरीमां आव्यो. ते वखते रोहके नदीपरनी रेतीमां पोते जोयेली सर्व नगरी आलेखी क्रीडा करे छे तेटलामां उज्जयिनीनो राजा घणीमां बेसी कोइप्रकारे एकलो पडी ग. येलो त्यां आवी चड्यो. ते जेटलामां चीतरेली नगरी तरफ आवे छे तेट-लामां रोहके सामे आवी राजाने एकदम अटकाव्यो, राजाए आ रोहकनु साहस अने बुद्धिबळ जोइ प्रसन्न थइ तेनुं नाम ठाम पूछी पोताना नगरमां आव्यो अने

थवान् एवा कोइ निमित्तदेखाता शिष्ये घटनो विनाश थये डोसीने तुर्त पुत्रनो मेळाप थवानुं कह्युं ॥ ७५३ ॥ तथा आचार्यना उपदेशथी प्राप्त थयेलुं होय ते शिल्प अने स्वतः प्राप्त थाय ते कर्म कहेवाय अथवा नित्यनो व्यापार ते शिल्प अने कोइ वखतनो व्यापार ते कर्म कहेवाय ॥ ७५४ ॥ ते कर्मना आग्रहथी (सफळ न थाय तो पण वारंवार कर्या करवाथी) तेमांथी परमार्थ प्राप्त थयेल होय तेवी तथा कर्मना (ते कार्यना) अभ्यास अने विचार वडे विस्तार पामेली अने तेना (कार्यसिद्धिना) यश-रूप फळने आपवावाळी. ॥ ७५५ ॥ अने ते ते कार्यो करवामां समर्थ थयेली ते कर्मजा-

भरत पण नयरीमांथी ते वहेलु छइ आवी रोहक सहित पोताने गामे आव्या. हवे राजाए पिताने ४९९ मंत्री छे परन्तु ते सर्वनो उपरी एक पांचसेमो मंत्री रोहकने बनाववाना विचारथी बुद्धिनी विशेष परीक्षा करवा माटे रोहकना गामना मुखी वगेरे पर एवुं फरमान मोकल्युं के तमारा गामनी बहार जे घणी मोटी शीला छे तेने उपाडयाविना एक मोटो मंडप राजाने रहेवा योग्य बनावो ए शिलानुं ढांकणुं करो. आ आज्ञा केवी रीते बने तेनो विचार करवा माटे आखुं गाम भेगुं थयुं छे त्यां भरतनट पण आव्यो छे अने शुं करवुं ? तेनो उपाय सुझतो नथी. हवे आ बाजु रोहक भूख्यो थयो छे छतां पिता नहि आवेल होवाथी खाइ शकतो नथी. तेथी रोहक पिताने तेडवा आव्यो त्यारे पिताए चिंतानुं कारण दर्शाव्युं ज्यां सुधी राजानी आज्ञानो उपाय न हशे त्यां सुधी जमवानुं पण हशे नहि. एम कहेवाथी रोहके सर्व गामने उपाय दर्शाव्यो के ज्यां शीला पडी छे त्यां तेने पडी रहेवा दइ नीचेथी जमीन खोदी मंडप बनावो जेथी राजानी आज्ञा यथार्थ सचवाशे ए प्रमाणे सर्वलोके उपाय कबूल राखी ते प्रमाणे करी राजाने जणावतां राजाए पूछयुं के ए उपाय कोणे दर्शाव्यो ? त्यारे सर्वेए रोहकनुं नाम दीधुं. त्यारबाद पुनः राजाए घेटाने सारी रीते खवाडतां छतां पण तोल प्रथम जेटलुंज राखवानो-बीजा कुकडा विना कुकडाने लडाववानो-रेतीनां दोरडां वणवानो-हस्ति मरी गया छतां मरीगयो एवी खबर नहि आपतां पण मरी गयेलो जणाववानो-रोहकना गामनो कुवो पोतानी नगरीमां मंगाववानो-गामनुं वन पूर्व दिशामां छे तेने पश्चिम दिशामां फेरववानो-अग्नि विना क्षीर रांधवानो-दिवस रात शुक्लपक्ष अने कृष्णपक्ष वगेरे वाचतो वर्जी पोतानी नगरीमां आववानो इत्यादि जे जे आदेश कर्या ते सर्व आदेशोनुं रोहके निराकरण करवाथी राजाए तेने सर्व प्रधानोमां श्रेष्ठ प्रधान पदवी आपी. ए संबंधि सर्व वर्णन तथा औत्पातिकीबुद्धिना सूचक बीजा अनेक दृष्टान्तो श्री नंदीजीनी वृत्तिमां छे.

१ आ दृष्टान्त पूर्वापर उत्थानिकादि सहित दर्शावाय छे.

कोइक नगरमां एक सिद्धपुत्रक रहे छे तेनी पासे बे विद्यार्थिओ निमित्तशास्त्र भणेछे; एक शिष्य गुरु उपर बहु मानपूर्वकविनयमां तत्पर हतो जे कांइपण गुरु उपदेश करे ते तहत्ति करीने पोताना अन्तःकरणमां निरन्तर विचारणा पूर्वक भणे छे. विचारणा करतां जे कोइ ठेकाणे संदेह उपजे ते विनयसहित गुरुचरणमां आवीने नम्रभावे पूछी निश्चय करे. आ प्रमाणे निरन्तर विचारणा-पूर्वक शास्त्रनो अर्थ चिन्तवता तेनी बुद्धि घणीज तीव्र थइ, बीजो शिष्य तेवा गुण रहित छे, ते बेउए एकवखत गुरुना फरमानथी नजीकना गाममां जवा प्रयाण कर्युं, रस्तामां मोटा पगला जोइ विनीत शिष्य आ कोना पगला छे. तेम बीजा शिष्यने पूछ्युं ते वगर विचार्ये एकदम बोल्यो के, एमां शुं पूछवुं छे हाथीना पगला छे, ते विचारक शिष्य बोल्यो आम न बोल! " आ हाथणीना पगला छे, ते डाबी आंखे काणी छे. तेना उपर बेठेली कोइ राणी जाय छे, ते सधवा अने आजकालमां प्रसववाळी गर्भवन्ती छे. तेणीने पुत्र थशे " बीजा शिष्ये कह्युं आ बधुं शोरीते जणाय छे. विनीत कहे छे ज्ञान खातरी स्वरूपवाळुं छे. जेथी आगळ खातरी थशे, बन्ने अभीष्ट गामे पहोंच्या. ते गामनी बहारना प्रदेशमां मोटा सरोवरना कीनारे पडाव नांखेली राणी जोइ, तेम डाबी आंखे काणी हाथणी पण जोइ, तेवामां कोइक दासीये मोटा अमलदारने राजानो पुत्र थयानी वधामणी आपुं छुं तेम कह्युं,विनीते बीजाने बोलावीने वचन संभळाव्युं तेणे पण तमारु सर्वज्ञान सत्य छे, मने खातरी थइ छे के तमारा ज्ञानमां विपरीतता नथी, त्यारबाद ते बेउ हाथपग धोइ ते सरोवरना कीनारे वडना झाड नीचे वीसामो लेवा रह्या छे. तेवामां माथे उपाडेल छे पाणीनुं बेडुं जेणीए तेवी वृद्ध स्त्रीए ते बन्नेनी आकृतिथी आ पण्डितो छे तेम जाणीने परदेश गयेला पोताना पुत्रना आगमन सम्बन्धमां पूछ्युं, पूछतांवेंतज माथा उपरथी जमीन उपर पडीने घडो सेंकडो खण्ड थइ गयो ते उपरथी एकदम उतावळीआ बीजा शिष्ये कह्युं के तमारो पुत्र घडानी माफक विनाश पामी गयो छे. तुरतज विचारक विनीत शिष्य बोल्यो, हे मित्र! आम न बोलीश पुत्र तेणीना घरे आवेलो छे, हे माताजी आप घरे पधारो पुत्रमुख जुओ, त्यारबाद नवुं जोवतर पामेलाज जाणे होय नहि तेम ते वृद्धा विनीतने सेंकडो आशीर्वादो आपती घेर आवी, तुरतमांज आवेला पोताना पुत्रने जोयो, पुत्रे माताने नमस्कार कर्यो, माताए पोताना पुत्रने आशीर्वाद आपवा पूर्वक नैमित्तिकनो वृत्तान्त कह्यो, पुत्रने पूछी वस्त्रयुगल

साथे केटलाक रुपीयानी विनीतनैमित्तिकने दक्षिणा आपी. बीजो शिष्य खेद पामतो छतो पोताना चित्तमां विचारवा लाग्यो के निश्चये गुरुए मने बराबर भणाव्यो नथी नहि तो हुं यथार्थ स्वरूप जाणतो थयो अने आ जाणे छे, ए केम बने ?, गुरुनुं कार्य करीने बेउ गुरुनी पासे आव्या, विनीतशिष्ये दर्शनमात्रमां ज मस्तक नमावी अञ्जलिपुट करी बहुमानसहित आनन्दना आंसुये भींजायेला नेत्र गुरुचरणोनी वच्चे मस्तक स्थापन करी प्रणिपात कर्यो. बीजो शिष्य मात्सर्याग्निथी धमधमतो किञ्चित् पण मस्तक नमाव्या विना पत्थरना स्तम्भनी जेम अक्कड उभो रह्यो, गुरुए तेने कह्युं अरे केम पगमां पडतो नथी ? तेणे कह्युं आपे जेने सारी रीते भणाव्यो छे ते पगमां पडशे. मने सारी रीते भणाव्यो नथी " तने सारी रीते केम भणाव्यो नथी " तेम गुरुना प्रश्नना जवाबमां तेणे पूवनो सर्व वृत्तान्त कह्यो. हे वत्स ! तें आ शी रीते जाण्युं ? गुरुए विनीत शिष्यने पूछ्युं. विनीत जवाब आपे छे. आप पूज्य गुरुना फरमानवडे विचार करवा शरु कर्यो, आ हाथीना पगला तो प्रसिद्ध छे पण विशेष विचारतां शुं हाथी हशे के हाथणीना ? त्यां पेशाब जोइने हाथणीनाज छे तेम निश्चय कर्यो, वळी मार्गना जमणे पडखे वाड उपर उगेली वेलडीओनो समूह चूंथायेलो शीर्ण विशीर्ण देख्यो पण डाबे पडखे तेम न देखवाथी हाथणी डाबी आंखे काणी छे, तेमज आवा परिवार सहित हाथणी उपर चढीने जवाने बीजो लायक कोइ न होइ शके तेथी जरुर कोइ राजवी मनुष्य जाय छे. ते मनुष्ये कोइक स्थले हाथणीथी उतरी पेशाब कर्यो ते देखवाथी राणी छे, वळी वृक्ष उपर वळगेला लाल वस्त्राञ्चलना तांतणा देखवाथी ते सधवा छे, जमीन उपर हाथ स्थापीने उठवानो आकार देखवाथी गर्भवन्ती तथा जमणो पग भारथी मुकेलो देखवाथी तुरतमांज पुत्रने प्रसवनारी छे, तेम सर्व निश्चय कर्यो, तेमज वृद्धा स्त्रीनो प्रश्न कर्या पछी तुरतज घट पडी जवाथी आ प्रमाणे विचार कर्यो के " जेम आ घट जेनाथी (माटीथी) उत्पन्न थयेलो ते त्यां (माटीमां) ज भळी गयो तेम पुत्र पण माताना मेळाप पाम्यो, आ वृत्तान्त सांभळी .गुरुए विनीत शिष्य उपर सानन्ददृष्टि नांखी प्रशंसा करी, बीजाने कह्युं के तारोज आ दोष छे. जे तुं पोते विचार करतो नथी, अमे तो शास्त्रना यथार्थ अर्थ मात्रनो उपदेश आपवामां अधिकारी छीये विचारणा करवानो तमारो अधिकार छे. (इति दृष्टान्तः) आ विगेरे बीजा पण अनेक दृष्टान्तो वैनयिकी बुद्धिप्रदर्शक श्रीनन्दिटीका विगेरेमां

बताव्या छे. वैनयिकी बुद्धिनुं स्वरूप. "भरनित्थरणसमत्था, तिवग्गसुत्तत्थगहियपेयाला ॥ उभओ लोगफलवइ, विणयसमुत्था हवइ बुद्धी ॥१॥" भावार्थः- अति भारे कार्यनो पार पमाडवामां समर्थ धर्म अर्थ अने काम ए त्रण वर्गना उपार्जनना उपायभूत सूत्र तथा अर्थनो सार ग्रहण करनारी उभयलोकना फलने आपनारी अने विनयथी उत्पन्न थयेल वैनयिकीबुद्धि कहेवाय छे. प्रश्न-त्रिवर्गना सूत्रार्थनो सार ग्रहण करवापणुं श्रुतज्ञानना अभ्यास विना बनी शके नहि तो आ बुद्धि अश्रुतनिश्रित केवी रीते कहेवाय ? उत्तर-स्वल्प श्रुतज्ञान होवा छतां पण बहुलतावृत्तिने आश्रयी अश्रुतनिश्रितपणुं जाणवुं.

कार्मिकी तथा पारिणामिकी बुद्धिना उदाहरणोमां चितारो तथा अभयकुमारना दृष्टान्तो ग्रन्थकारे साक्षात् बताव्या छे. छतां ते अतिप्रसिद्ध तथा अभयकुमार वृत्तान्त घणुं विस्तीर्ण होवाथी बीजा दृष्टान्तो लोकोपकारार्थे बतावाय छे. एक चोर कोइक वणिकना घरमां रात्रिये कमळना आकारे खातर (बाकुं) खोदुं (पाड्युं) त्यारबाद सवारमां अजाण्यो थइने तेज घरमां आवीने लोकोथी थती खातर (बाकुं) नी प्रशंसा सांभळे छे. तेमां एक खेडुत बोल्यो, भणेलाने शुं दुष्कर छे जेणे जे क्रियानो अभ्यास कर्यो छे ते ते क्रियानी उत्कृष्ट दशाने पामे तेमां कांइ आश्चर्य नथी, इर्ष्यानलने प्रदीप्त करवा सरखुं खेडुतनुं वचन सांभळी ते चोर क्रोधथी बळवा लाग्यो, कोइ पुरुषने आ कोण छे अने कोनो सम्बन्धी छे ? विगेरे तेनुं स्वरूप पूछी एक दिवस छरी लइने तेनी पासे खेतरमां गयो, अरे तने हमणांज मारी नांखु छुं. तेणे कह्युं शो हेतु ? चोरे कह्युं ते दिवसे तें मारा खातरनी प्रशंसा न करी माटे, खेडुत बोल्यो ए तो साचुं छे के जे पुरुष जे क्रियामां निरन्तर अभ्यासपरायण होय ते पुरुष ते क्रियामां अधिकतावाळो थाय छे, तेमां हुं पोतेज दृष्टान्तरूप छुं, आ मारा हाथमां रहेला मगने तुं जो कहे तो बधाने अधोमुखे अथवा ऊर्ध्वमुखे अथवा पडखाभर नांखु ? अतिविस्मय पामेलो चोर बोल्यो बधा मग अधोमुखे नांख्य, जमीन उपर लुगडुं पाथर्युं सर्वे मगना दाणा अधोमुखे नांख्या चोरने घणो विस्मय थयो, वारंवार तेनी कुशलताने वखाणवा लाग्यो अहो आश्चर्यकारी कलाविज्ञान छे ! ! ! वळी चोरे कह्युं जो अधोमुखे न नांख्या होत तो निश्चये हुं तने मारी नांखत ! अहीं खेडुतनी दाणा नांखवानी कुशळता अने चोरनी खातर (बाकुं) पाडवानी कुशलता ए कर्मजा बुद्धि छे. आ विगेरे बीजा अनेक दृष्टान्तो छे. इति कर्मजा बुद्धिः ॥

मिकी बुद्धि कहेवाय. अने ते बुद्धि केटलाएक चितारा वगेरे कारिगरोमां देखाय छे जेम हाँशीयार चितारो रूप चितरवानी भूमिनुं माप कर्या शिवाय पण आट-लां मापनुं रूप थशे तेम जाणे छे. पींछी उपर तेटलोज रङ्ग ल्ये छे के जेटलानुं प्रयोजन होय ते विगेरे कार्मिकी बुद्धि जाणवी. १ ॥७५६॥ तथा घणा दीर्घकाळ सुधी पूर्वापर विचारादि कर्याथी उत्पन्न थयेलो जे आत्मधर्म ( आत्मस्वभाव ) ते अहिं परिणाम कहेवाय, अने ते परिणामथी जे उत्पन्न थयेली ॥ ७५७ ॥ अनुमान तथा हेतुमात्र अथवा दृष्टान्त (ए. साध्यस्योपमाभूतः स दृष्टान्तः) वडे साध्य पदार्थने सिद्ध करवावाळी, वयना परिपाकथी पुष्ट थयेली तथा भविष्यमां सुख अने मोक्ष आपनारी ॥ ७५८ ॥ जे बुद्धि अभयकुमारादिकना सरखी होय ते चोथी पारिणा-मिकी बुद्धि जाणवी, ( जेम अभयकुमारे चण्डप्रद्योत राजा पासेथी चार वरदान

पारिणामिकीबुद्धिना सम्बन्धमां दृष्टान्त बतावे छे एक कुमार जेने मोदक (लाडवा) घणा प्रिय छे ते पहेली उमरमां कोइ वखत गुणनीमां स्त्रीओ विगेरेनी साथे जमवा गयो त्यां इच्छा प्रमाणे मोदको खाता अजीर्ण थवाथी अतिशय दुर्ग-न्धवाळो अधोवात छुटवाथी विचारवा लाग्यो के अहो धिक्कार छे आ शरी-रने के जेना सम्बन्धथी सुन्दर अने मनोहर एवा पण लोट घी साकर विगेरे द्रव्यो खराब गन्धवाळा थया, आ अशुचि शरीरने धिक्कार पडो तेना मोहने पण धिक्कार पडो के जे आ शरीरने माटे प्राणीओ पापारम्भ करे छे. इत्या-दि स्वरूपवाळी परिणामिकीबुद्धि थइ एम उत्तरोत्तर शुभ शुभतर अध्यवसा-यना प्रभावथी अन्तर्मुहूर्ते ते कुमारने केवलज्ञाननी उत्पत्ति थइ. आ विगेरे अनेक दृष्टान्तो छे.

१ तात्पर्य ए छे के मनुष्य जेम जेम काम करतो जाय तेम तेम ते काममां तेनी वधु ने वधु बुद्धि खीलती जाय ए कामना अभ्यासथी खीलेली बुद्धि कार्मिकी कहेवाय.

२ मनुष्य जेम जेम मोटो थतो जाय छे तेम तेम उम्मरना प्रमाणमां वधती अनुभव रूप बुद्धि पारिणामिकी कहेवाय ए तात्पर्य छे.

कोइ ठेकाणे दृष्टान्त विना पण अन्यथानुपपत्तिरूप हेतुवडे साध्यसिद्धि थाय छे, तेथी अहीं मात्र शब्द मूक्यो छे. अनुमान अने हेतु ए बे शब्द मूकेला होवाथी प्रथम अनुमान शब्दे स्वार्थानुमान लेवुं अने हेतु शब्दथी परार्थानुमान लेवुं.

नी मांगणी करी, ધુમો પાડતા છતાં પણ ચણ્ડપ્રદ્યોત રાજાની નગરીમાંથીજ ચણ્ડપ્રદ્યોત રાજા બાંધીને લઇ જવાયા તે વિગેરે અભયકુમારની પારિણામિકી બુદ્ધિ જાણવી.) એથી પાંચમી બુદ્ધિ તો અરિહંતોએ પણ દીઠી નથી ( અર્થાત્ બુદ્ધિ ચારજ છે પણ પાંચમી બુદ્ધિ છેજ નહિં ॥૭૫૯॥ કારણકે લોકમાં મતિ બે પ્રકારની જ છે.તેમાં જે શાસ્ત્રવડે સંસ્કાર પામેલી બુદ્ધિથી શાસ્ત્રોક્ત પદાર્થોના વિચાર કરવાવડે ઉત્પન્ન થયેલી તે પ્રથમ શ્રુતનિશ્રિત કહેવાય છે ॥૭૬૦॥ અને સર્વથા શાસ્ત્રના સ્પર્શરહિત જીવને તેવા પ્રકારના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ તે અશ્રુતનિશ્રિત કહેવાય ॥૭૬૧॥ પૂર્વે કહેલી આ ચાર બુદ્ધિમાં સર્વે અશ્રુતનિશ્રિતબુદ્ધિઓ અંતર્ગત થાય છે, માટે પાંચમી બુદ્ધિનો સંભવ નથી. ॥ ૭૬૨ ॥ એ ભાવાર્થ નંદી સૂત્રની વૃત્તિ અને ઠાણાંગ સૂત્રની વૃત્તિ વગેરેમાં કહ્યો છે તથા પૂર્વે વ્યતીત થયેલા સંખ્યાત ભવને પ્રગટ કરનાર જે જાતિસ્મરણ જ્ઞાન તે પણ સ્મૃતિરૂપ હોવાથી નિશ્ચય મતિજ્ઞાનનો જ ભેદ છે ॥ ૭૬૩ ॥ જે કારણથી આચારાંગની ટીકામાં કહ્યુ છે કે—"જાતિસ્મરણ જ્ઞાન તે આભિનિબોધિક ( મતિજ્ઞાન ) વિશેષ છે" એ પ્રમાણે મતિજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

श्रूयते तत् श्रुतं शब्दः, स श्रुतज्ञानमुच्यते । भावश्रुतस्य हेतुत्वाद्धेतौ कार्योपचारतः ॥७६४॥ श्रुताच्छब्दादुत ज्ञानं, श्रुतज्ञानं तदुच्यते । श्रुतग्रन्थानुसारी यो, बोधः श्रोत्रमनःकृतः ॥७६५॥ ननु श्रुतज्ञानमपि श्रोत्रेन्द्रियनिमित्तकम् । तन्मतिज्ञानतः कोऽस्य,भेदो? यत्कथ्यते पृथक्॥७६६॥ अत्रोच्यते ॥ वर्त्तमानार्थविषयं, मतिज्ञानं परं ततः । गरीयोविषयं त्रैकालिकार्थविषयं श्रुतम् ॥ ७६७ ॥ विशुद्धं च व्यवहितानेकसूक्ष्मार्थदर्शनात् । छद्मस्थोऽपि श्रुतबलादुच्यते श्रुतकेवली ॥ ७६८ ॥ तदुक्तं ॥ "न य णं अणाइसेसो, वियाणइ एस छउमत्थो"त्ति ( नचैनमनतिशायी विजानात्येव छद्मस्थ इति सा० १६१ ) ॥ जीवस्य ज्ञस्वभावत्वान्मतिज्ञानं हि शाश्वतम् । संसारे भ्रमतोऽनादौ, पतितं न कदापि यत् ॥ ७६९ ॥ अक्षरस्यानन्त-

भागो, नित्योद्घाटित एव हि । निगोदिनामपि भवेदित्येतत्पारिणामिकम् ॥७७०॥ यदागमः ॥ "सव्वजीवाणं पिअ णं अक्खरस्स अणंतभागो निच्चुग्घाडिओ चिट्ठइ, जइ सोवि आवरेज्जा तेणं जीवो अजीवत्तणं पावेज्जा" इति ( सर्वजीवानामपि चाक्षरस्यानन्तभागो नित्योद्घाटितस्तिष्ठति । यदि सोऽप्याव्रियेत ततो जीवोऽजीवत्वं प्राप्नुयात् ) ( सा० १६२ ) ॥ श्रुतज्ञानं पुनर्नैवं, भवेज्जीवस्य सर्वदा । आप्तोपदेशापेक्षं यत्, स्यादेतन्मतिपूर्वकम् ॥ ७७१ ॥ मतिज्ञानं स्पर्शनादीन्द्रियानिन्द्रियहेतुकम् । श्रुतं तु स्याल्लब्धितोऽपि, पदानुसारिणामिव ॥ ७७२ ॥ इत्याद्यधिकं तत्त्वार्थवृत्त्यादिभ्योऽवसेयं । ( सा० १६३ )

श्रुत ज्ञाननुं स्वरूप–जे श्रूयते–संभळाय ते श्रुत अर्थात् शब्द ते श्रुतज्ञान कहेवाय. कारणके शब्द ते भावश्रुतनुं कारण छे माटे कारणमां कार्यनो उपचार करवाथी ( शब्द एज श्रुतज्ञान छे. ) ॥ ७६४ ॥ अथवा श्रुतथी–शब्दथी जे ज्ञान थाय अर्थात् श्रोत्रेन्द्रिय अने मनथी थयेलो जे श्रुतग्रंथने अनुसरतो बोध ते श्रुतज्ञान कहेवाय. ॥ ७६५ ॥ शंका– जो श्रुतज्ञान पण श्रोत्रेन्द्रियना कारणवाळुं छे तो ( श्रोत्रेन्द्रिय संबंधि ) मतिज्ञानथी एनो शुं भेद छे के जेथी श्रुत ज्ञानने मतिज्ञानथी जूदुं कहेवामां आवे छे ? ॥ ७६६ ॥ उत्तर–मतिज्ञान वर्तमान अर्थना विषयवाळुं छे (अर्थात् मतिज्ञानथी वर्तमानकाळना भावो जणाय छे.) अने श्रुतज्ञान त्रणेकाळना भावोने जाणनारुं छे माटे मतिज्ञानथी मोटा विषयवाळुं अने मतिज्ञानथी पर (जूदुं अथवा श्रेष्ठ) छे. ॥७६७॥ तेमज मतिज्ञानथी विशेष विशुद्ध छे.जे कारणथी अंतरित (परोक्ष रहेला) एवा अनेक सूक्ष्म पदार्थोने (भावोने) जाणनारुं होवाथी छद्मस्थ पण ए श्रुतज्ञानना बळथी श्रुतकेवली कहेवाय छे ॥७६८॥ छे के "अणाइसेसी–तथा प्रकारना अतिशयवाळा ज्ञान विनाना जीवो एस छउमत्थ–आ छद्मस्थ छे त्ति–एम न नहि य णं–एमने (श्रुतकेवलीने) वियाणइ–जा-णे." जीवनो ज्ञानस्वभाव होवाथी मतिज्ञान निश्चयथी शाश्वत छे,

कारणके अनादिकाळथी संसारमां परिभ्रमण करतां जीवने मतिज्ञान कोइपण व-खते पतित ( नष्ट ) थयुं नथी ॥ १६९ ॥ वळी निगोदीया ( लब्धि अपर्याप्त सू० निगोदीया ) जीवने पण अक्षरनो ( ज्ञाननो ) अनंतमो भाग सदा उघाडो ( निरावरण ) ज रहे छे ए हेतुथी आ श्रुतज्ञान पारिणामिक छे, ॥ ७७० ॥ आगममां ( श्री नन्दिसूत्रमां ) कह्युं छे के—" सर्व जीवोने पण अक्षरनो (श्रुतज्ञान अथवा भाष्यकारना विचार प्रमाणे श्रुतमिश्रित केवलज्ञान अक्षर शब्दे ग्रहण कराय छे. अने श्रुतज्ञान मतिज्ञाननुं सहचारि होवाथी अक्षरशब्दे मतिज्ञान पण लेवाय छे ) अनंतमो भाग सदाकाल उघाडो रहे छे, जो ते पण अव-राइ जाय तो जीव ते अजीवपणुं पामी जाय (अर्थात् अजीवसरखो जड थइ रहे. ) वळी ए * प्रमाणे श्रुतज्ञान जीवने सदाकाळ होतुं नथी. कारणके ते आप्तपुरुषना उपदेशनी अपेक्षावाळुं छे ( अर्थात् सत्यवक्ताना उपदेशथी प्राप्त था-य छे ) अने ते पण मतिज्ञान पूर्वक थाय छे ( पण मतिज्ञान विना श्रुतज्ञान थतुं नथी. ) ॥७७१॥ वळी मतिज्ञान स्पर्शेन्द्रियादि ५ इन्द्रिय अने मनना निमित्तवा-ळुं छे, अने श्रुतज्ञान तो [२]पदानुसारिलब्धिवाळा मनुष्योने माफक लब्धिथी पण होय छे. ॥ ७७२ ॥ इत्यादि अधिक वर्णन श्रीतत्त्वार्थवृत्त्यादिकथी जाणवो.

**चतुर्दशविधं तच्च,यद्वा विंशतिधा भवेत् । चतुर्दशविधत्वं तु, तत्रैवं परिभाव्यते ॥ ७७३ ॥ अक्षरश्रुतमित्येकं, स्याद् द्विती-यमनक्षरम् । तार्त्तीयिकं संज्ञिश्रुतं, तुर्यं श्रुतमसंज्ञिनः ।७७४। सम्यक्श्रुतं पञ्चमं स्यात्, षष्ठं मिथ्याश्रुतं भवेत् । सादिश्रुतं सप्तमं स्यादनादिश्रुतमष्टमम् ॥ ७७५ ॥ सान्तश्रुतं तु नवम-**

१ संखाईए उ भवे, सं या साहइ परो उ पुच्छेज्जा
न य णं अणाइसेसी, वियाणइ एस छउमत्थो ॥ १ ॥ इति पूर्णगाथा

अर्थः—बीजो मनुष्य असंख्यात भव आगळ पाछळनी जे वात पूछे ते पण कहे माटे अतिशयज्ञानी विना श्रुतकेवलिने आ छद्मस्थ छे एम न जाणे—इति तात्पर्यः

२ श्लोकादिकनुं एक पद सांभळतां आखा श्लोकादिकनुं ज्ञान थाय ते पदानुसारी लब्धि कहेवाय.

* विशिष्ट श्रुतज्ञाननी अपेक्षाये आ विचार बताव्यां छे भेद दर्शाववाना हेतुरूपे.

मनन्तं दशमं श्रुतम् ॥ एकादशं गमरूपमगमं द्वादशं पुनः ॥ ७७६ ॥ त्रयोदशं त्वङ्गरूपमङ्गबाह्यं चतुर्दशम्। प्रायो व्यक्ता अमी भेदास्तथापि किञ्चिदुच्यते ॥ ७७७ ॥ तत्राक्षरं त्रिधा संज्ञाव्यञ्जनलब्धिभेदतः। तत्र संज्ञाक्षरमेता लिपयोऽष्टादशोदिताः ॥ ७७८ ॥ तथाहि--हंसलिवी १ भूअलिवी २ जक्खा ३ तह रक्खसी ४ य बोद्धव्वा। उड्डी ५ जवणी ६ तुरुक्की ७ कीरा ८ दविडी ९ य सिंधविआ १० ॥ १ ॥ मालविणि ११ नडि १२ नागरि, १३ लाडलिवी १४ पारसि १५ य बोद्धव्वा। तह अनिमित्ती अ लिवी १६, चाणक्की १७ मूलदेवी १८ य ॥२॥(हंसलिपिर्भूतलिपिर्यक्षा तथा राक्षसी बोद्धव्या उड्डी यवनी तुरुष्कीकीरी द्राविडी च सैन्धवी मालवी नटी नागरी लाटलिपिः पारसी च बोद्धव्या तथा नैमित्तिकी च लिपिः चाणक्यी मूलदेवी च) (सा० १६४) अकारादिहकारान्तं, भवति व्यञ्जनाक्षरम्। अज्ञानात्मकमप्येतद्, द्वयं स्यात् श्रुतकारणम् ।७७९। ततः श्रुतज्ञानतया,प्रज्ञप्तं परमर्षिभिः। लब्ध्यक्षरं त्वक्षरोपलब्धिरर्थावबोधिका ॥ ७८० ॥ तच्च लब्ध्यक्षरं षोढा, यत् श्रोत्रादिभिरिन्द्रियैः। बोधोऽक्षरानुविद्धः स्याच्छब्दार्थालोचनात्मकः ॥ ७८१ ॥ यथा शब्दश्रवणतो, रूपदर्शनतोऽथवा। देवदत्तोऽयमित्येवंरूपो बोधो भवेदिह ॥ ७८२ ॥ एवं शेषेन्द्रियभावना कार्या ॥ तैरक्षरैरभिलाप्यभावानां प्रतिपादकम्। अक्षरश्रुतमुद्दिष्टमनक्षरश्रुतं परम् ॥ ७८३ ॥ तथोक्तम् ॥ ऊससिअं नीससिअं, निच्छूढं खासिअं च छीअं च। निस्संघिअमणुसारं अणक्खरं छेलियाईयं ॥७८४॥ (उच्छ्वसितं निःश्वसितं निष्ठ्यूतं कासितं च क्षुतं च। निःसिंघितमनुस्वारं अनक्ष-

रं क्ष्वेडितादिकं ) ( सा० १६५ ) अयं भावः ॥ कासितक्ष्वेडिताद्यं यन्मामाह्वयति वक्ति वा। इत्याद्यन्याशयग्राहि, तत्स्यात् श्रुतमनक्षरम् ॥ ७८५ ॥ इह च शिरःकम्पनादिचेष्टानां पराभिप्रायज्ञानहेतुत्वे सत्यपि श्रवणाभावान्न श्रुतत्वं, तदुक्तं विशेषावश्यकसूत्रवृत्तौ ॥ "रुढीइ तं सुअं सुव्वइत्ति चेट्ठा न सुव्वइ कयावि"त्ति। (रूढ्या तत् श्रुतं श्रूयते इति, चेष्टा न श्रूयते कदापीति) (सा० १६६) उक्तन्यायेन श्रुतत्वप्राप्तौ समानितायामपि तदेवोच्छ्वसितादि श्रुतं न शिरोधूननकरचालनादिचेष्टा, यतः शास्त्रज्ञलोकप्रसिद्धा रूढिरियमिति॥ कर्मग्रन्थवृत्तौ तु शिरःकम्पनादीनामप्यनक्षरश्रुतत्वमुक्तं ॥ तथा च तद्ग्रन्थः ॥ अनक्षरश्रुतं क्ष्वेडितशिरःकम्पनादिनिमित्तं मामाह्वयति वारयति वेत्यादिरूपमभिप्रायपरिज्ञानमिति [सा०१६७] ॥ स्याद्दीर्घकालिकी संज्ञा, येषां ते संज्ञिनो मताः। श्रुतं संज्ञिश्रुतं तेषां, परं त्वसंज्ञिकश्रुतम् ॥७८६॥ सम्यक्श्रुतं जिनप्रोक्तं, भवेदावश्यकादिकम्। तथा मिथ्याश्रुतमपि, स्यात्सम्यग्दृक्परिग्रहात् ॥ ७८७ ॥ आवश्यकं तदपरमिति सम्यक् श्रुतं द्विधा। षोढा चावश्यकं तत्र, सामायिकादिभेदतः ॥ ७८८ ॥ तथाहि ॥ सामाइयं चउवीसत्थओ वंदणयं पडिक्कमणं काउस्सग्गो पच्चक्खाणं चेति। (सामायिकं चतुर्विंशतिस्तवः वन्दनकं प्रतिक्रमणं कायोत्सर्गः प्रत्याख्यानमिति ) ( सा० १६८ ॥ आवश्यकेतरच्चाङ्गानङ्गात्मकतया द्विधा अङ्गान्येकादश दृष्टिवादश्चाङ्गात्मकं भवेत् ॥ ७८९ ॥ आचाराङ्गं सूत्रकृतं, स्थानाङ्गं समवाययुक्। पञ्चमं भगवत्यङ्गं, ज्ञाताधर्मकथापि च ॥ ७९० ॥ उपासकान्तकृदनुत्तरोपपातिकाख्य-

शाः । प्रश्नव्याकरणं चैव, विपाकश्रुतमेव च ॥ ७९१ ॥ परिकर्म १ सूत्र २ पूर्वानुयोग ३ पूर्वगत ४ चूलिकाः ५ पञ्च । स्युर्दृष्टिवादभेदाः, पूर्वाणि चतुर्दशापि पूर्वगते ॥ ७९२ ॥ गीतिः ॥ तानि चैवम् ॥ उत्पादपूर्वमग्रायणीयमथ वीर्यतः प्रवादं स्यात् । अस्तेर्ज्ञानात्सत्वात्तदात्मनः कर्मणश्च परम् ॥ ७९३ ॥ प्रत्याख्यानं विद्याप्रवादकल्याणनामधेये च । प्राणावायं च क्रियाविशालमथ लोकबिन्दुसारमिति ॥ ७९४ ॥ गीतिः ॥ दृष्टिवादः पञ्चधाऽयमङ्गं द्वादशमुच्यते । उपाङ्गमूलसूत्रादि, स्यादनङ्गात्मकं च तत् ॥७९५॥ एवं च ॥ यदुक्तमर्थतोऽर्हद्भिः, संदब्धं सूत्रतश्च यत् । महाधीभिर्गणधरैस्तत्स्यादङ्गात्मकं श्रुतम् ॥ ७९६ ॥ ततो गणधराणां यत्पारम्पर्याप्तवाङ्मयैः । शिष्यप्रशिष्यैराचार्यैः, प्राज्यवाङ्मतिशक्तिभिः ॥ ७९७ ॥ कालसंहननायुर्दोषादल्पशक्तिधीस्पृशाम् । अनुग्रहाय संदृब्धं, तदनङ्गात्मकं श्रुतं ॥ ७९८ ॥ स्पष्टान्यज्ञोपकाराय, तेभ्योऽप्यर्वाक्तनर्षिभिः । शास्त्रैकदेशसंबद्धान्येवं प्रकरणान्यपि ॥७९९॥ एतल्लक्षणं चैवम् ॥ शास्त्रैकदेशसंबद्धं,शास्त्रकार्यान्तरे स्थितम् । आहुः प्रकरणं नाम, ग्रन्थभेदं विपश्चितः ॥ ८०० ॥ एवं च वक्तृवैशिष्ट्यादस्य द्वैविध्यमीरितम् । वस्तुतोऽर्हत्प्रणीतार्थमेकमेवाखिलं श्रुतम् ॥८०१॥ तथोक्तं तत्त्वार्थभाष्ये ॥'वक्तृविशेषाद् द्वैविध्यमिति' (सा० १६९)॥किञ्च॥ व्याकरणच्छन्दोऽलङ्कृतिकाव्यनाट्यतर्कगणितादि । सम्यग्दृष्टिपरिग्रहपूतं सम्यक्श्रुतं जयति ॥ ८०२ ॥ मिथ्याश्रुतं तु मिथ्यात्विलोकैः स्वमतिकल्पितम् । रामायणभारतादि, वेदवेदाङ्गकादि च ॥ ८०३ ॥ उक्तं च भाष्यकृता ॥ सदसदविसेसणाओ,भवहेउजहिच्छिओ-

वलंभाओ। नाणफलाभावाओ मिच्छद्दिट्ठिस्स अन्नाणं ॥१॥ (सदसदविशेषात्, भवहेतुत्वतो यदृच्छोपलम्भात्। ज्ञानफलाभावात्, मिथ्यादृष्टेरज्ञानं ॥) (सा० १७० ) पूर्वान्तर्गतेयं गाथा। ऋग्यजुःसामाथर्वाणो, वेदा अङ्गानि षट् पुनः। शिक्षाकल्पौ व्याकरणं, छन्दोज्योतिर्निरुक्तयः॥८०४॥ ततश्च॥ षडङ्गी वेदाश्चत्वारो, ममांसाऽऽन्वीक्षिकी तथा। धर्मशास्त्रं पुराणं च, विद्या एताश्चतुर्दश॥८०५॥ तथा॥ आयुर्वेदो धनुर्वेदो, गान्धर्वं चार्थशास्त्रकम्। चतुर्भिरेतैः संयुक्ताः, स्युरष्टादश ताः पुनः॥ ८०६॥ अपूर्णदशपूर्वान्तमपि सम्यक् श्रुतं भवेत्। मिथ्यात्विभिः संगृहीतं, मिथ्याश्रुतं विपर्ययात्॥ ८०७॥ द्रव्यक्षेत्रकालभावैः सायन्तं भवति श्रुतम्। अनाद्यपर्यवसितमपि ज्ञेयं तथैव च॥ ८०८॥ एकं पुरुषमाश्रित्य, साद्यन्तं भवति श्रुतं। अनाद्यपर्यवसितं, भूयसस्तान् प्रतीत्य च॥ ८०९॥ भवान्तरं गतस्याशु, पुंसो यन्नश्यति श्रुतम्। कस्यचित्तद्भव एव, मिथ्यात्वगमनादिभिः॥ ८१०॥ तदुक्तं विशेषावश्यके॥ "चउदसपुव्वी मणुओ, देवत्ते तं न संभरइ सव्वं। देसंमि होइ भयणा, सट्ठाणभवे वि भयणा उ॥१॥" [चतुर्दशपूर्वी मनुजो देवत्वे तन्न स्मरति सर्वं॥ देशे भवति भजना, स्वस्थानभवे पि भजना तु] (सा० १७१) देशे पुनरेकादशाङ्गलक्षणे इति कल्पचूर्णिः (सा० १७२)। स्वस्थानभव इति मनुष्यभवेऽपि तिष्ठतो भजना॥ तत्र श्रुतज्ञाननाशकारणान्यमूनि॥ 'मिच्छभवंतरकेवलगेलन्नपमायमाइणा नासोत्ति' [मिथ्यात्वभवान्तरग्लानत्वप्रमादादिना नाश इति] (सा० १७३) षष्ठाङ्गचतुर्दशाध्ययने तु तेतलिमन्त्रिणः पूर्वाधीत-

चतुर्दशपूर्वस्मरणमुक्तमस्तीति ज्ञेयम् ( सा० १७४ ) । साद्यन्तं क्षेत्रतो ज्ञेयं, भरतैरवताश्रयात् । अनाद्यपर्यवसितं, विदेहापेक्षया पुनः ॥८११॥ कालतश्चावसर्पिण्युत्सर्पिण्योः सादिसान्तकम् । महाविदेहकालस्यापेक्षयाद्यन्तवर्जितम् ॥८१२॥ भवसिद्धिकमाश्रित्य, साद्यन्तं भावतो भवेत् । छाद्मस्थिकज्ञाननाशो, यदस्य केवलक्षणे ॥ ८१३ ॥ 'नट्ठंमि य छाउमत्थिए नाणे' [ नष्टे च छाद्मस्थिके ज्ञाने ] इति वचनात् । ( सा० १७५ ) अनाद्यनन्तं चाभव्यमाश्रित्य श्रुतमुच्यते । श्रुतज्ञानश्रुताज्ञानभेदस्यात्राविवक्षणात् ॥ ८१४ ॥ क्षायोपशमिकभावे, यद्वाऽनाद्यन्तमोरितम् । एवं साद्यनादिसान्तमनन्तं श्रुतमूह्यताम् ॥ ८१५ ॥ गमाः सदृशपाठाः स्युर्यत्र तद्गमिकं श्रुतम् । तत्प्रायो दृष्टिवादे स्यादन्यच्चागमिकं भवेत् ॥ ८१६ ॥ अङ्गाविष्टं द्वादशाङ्गान्यन्यदावश्यकादिकम् । इत्थं प्ररूपिताः प्राज्ञैः, श्रुतभेदाश्चतुर्दश ॥८१७॥

अर्थः—ते श्रुतज्ञान १४ अथवा २० प्रकारनुं छे, तेमां १४ प्रकार आ प्रमाणे कहेवाय छे. ॥ ७७३ ॥ पहेलुं अक्षरश्रुत, बीजुं अनक्षरश्रुत-त्रीजुं संज्ञिश्रुत—चोथुं असंज्ञिश्रुत ॥ ७७४ ॥ पांचमुं सम्यक्श्रुत—छट्ठुं मिथ्याश्रुत—सातमुं सादिश्रुत—आठमुं अनादिश्रुत ॥ ७७५ ॥ नवमुं सान्तश्रुत—दशमुं अनन्तश्रुत—अगीआरमुं गमिकश्रुत, बारमुं अगमिकश्रुत ॥ ७७६ ॥ तेरमुं अंगश्रुत—चौदमुं अनंगश्रुत ए १४ भेद प्रायः ( घणुंकरीने ) प्रगट अर्थवाळा छे तो पण तेओनुं किंचित् स्वरूप कहेवाय छे ॥ ७७७ ॥ त्यां अक्षरश्रुत संज्ञा—व्यंजन—अने लब्धिना भेदथी ३ प्रकारनुं छे. त्यां आगळ कहेवाती १८ प्रकारनी लीपीयो ते संज्ञाक्षरश्रुत कहेलुं छे. ॥ ७७८ ॥ ते आ प्रमाणे—"हंसलीपी—भूतलीपी—यक्षलीपी—तेमज राक्षसी लिपी जाणवी—उड्डी लिपी—यावनीलिपी—तुर्कीलिपी—कीरलिपी—द्राविडी लिपी-सैंधवीलिपी ॥ १॥ मालविणीलिपी--नडीलिपी--नागरीलिपी--लाटलिपी--पारसीलिपी--तथा अनिमित्तीलिपी—चाणाक्यलिपी--अने मूलदेवी लिपी प-

ण जाणवी.॥२॥ अकारथी हकार सुधीना अक्षरो (बोलाता अक्षरो) ते व्यंजनाक्षर श्रुतज्ञान छे. ए बन्ने ( लिपी अने व्यंजन ) पोते अज्ञानरूप ( जडरूप ) छे तोपण श्रुतज्ञाननुं कारण छे ॥ ७७९ ॥ माटे पूर्वाचार्योए ते बन्नेने श्रुतज्ञान रूप कहेल छे. अने अर्थनो बोध करनारी एवी जे अक्षरोपलब्धि ते लब्ध्यक्षर श्रुतज्ञान छे. ॥ ७८० ॥ ते लब्ध्यक्षर श्रुतज्ञान [ इन्द्रिय अने मनवडे ] ६ प्रकारनुं छे, कारणके श्रोत्रादि इन्द्रियोवडे पण शब्दना अर्थनो विचार करवारूप जे ज्ञान थाय छे ते अक्षरानुविद्ध–अक्षरयुक्त ज छे. ॥ ७८१ ॥ जेम शब्द सांभळवाथी अथवा रूप देखवाथी "आ देवदत्त छे" एवा प्रकारनो (चिंतवन अक्षर पूर्वक) बोध थाय छे. ॥७८२॥ ए प्रमाणे शेष (त्रण) इन्द्रियोमां पण विचारवुं, ते अक्षरवडे अभिलाप्य ( वचनगोचर ) भावोने प्रतिपादन करनार अक्षरश्रुत कह्युं छे अने तेथी बीजुं अनक्षर श्रुत छे॥७८३॥कह्युं छे के-उच्छ्वास लेवो, निःश्वास लेवो, थुंकवुं, खांसी खावी, छींकवुं नाक नसींकवुं, गणगणाट करवो, अने खुंखारो करवो इत्यादि अनक्षर श्रुतज्ञान छे" ॥ ७८४ ॥ तात्पर्य ए छे के—उधरस–खोंखारो वगेरे के जे मने बोलावे छे अथवा मने कहे छे इत्यादि बीजाना अभिप्रायने ग्रहणकरनार ( प्रगट करनार ) होय ते अनक्षर श्रुतज्ञान छे. ॥ ७८५ ॥ जो के अहिं शिरःकंपनादि चेष्टाओ पण परनो अभिप्राय जणावनार छे छतां पण ते चेष्टाओ श्रोत्रेन्द्रिय ग्राह्य नहिं होवाथी श्रुतज्ञान नथी.

श्रीविशेषावश्यक सूत्रनी वृत्तिमां कह्युं छे के-"रूढीए करीने तो जे संभळाय ते श्रुत कहेवाय,अने चेष्टा तो कदीपण संभळाती नथी. टीकार्थः-पूर्वोक्त न्यायथी ( शिरः कंपनादिमां ) श्रुतपणानी प्राप्ति सम्यक्प्रकारे आवे छे तो पण ते उच्छ्वासादिज श्रुतज्ञान कहेवाय, परन्तु शिरःकंपन अने हस्तचालनादि चेष्टाओ श्रुतज्ञान न कहेवाय. कारणके शास्त्रमां अने लोकमां पण एज प्रसिद्ध रूढी छे. अने कर्मग्रन्थनी वृत्तिमां तो शिरःकंपनादिकने पण अनक्षरश्रुतज्ञान गणेलुं छे, ते-

१ तात्पर्य ए छे के लखाता अक्षरो ते संज्ञाक्षर, (संकेतिताक्षर) उच्चाराता अक्षरो ते व्यंजनाक्षर, अने मनमां विचाराता अक्षरो अथवा आत्माना बोधरूप अव्यक्त अक्षरो ते लब्ध्यक्षर कहेवाय

२ शब्दना अर्थनो विचार करतां पण आत्मानी अंदर अक्षर पंक्ति पूर्वकज विचार कराय छे माटे ते अंतरंग अक्षरपंक्ति पण लब्ध्यक्षर अथवा अक्षरानुविद्धपणुं कहेवाय.

नो पाठ आ प्रमाणे "मने बोलावे छे अथवा मना करे छे इत्यादि रूप अभिप्राय-ना ज्ञान के जे खोंखारो अने शिरःकंपनादिनिमित्तथी उत्पन्न थयेलुं छे ते पण अनक्षर श्रुतज्ञान छे." जेओने दीर्घकालिकी संज्ञा छे तेओने संज्ञि कहेला छे, अने तेओनुं जे श्रुतज्ञान ते संज्ञिश्रुत अने तेनाथी पर ( असंज्ञिजीवोनुं श्रुतज्ञान ते ) असंज्ञिश्रुत कहेलुं छे. ॥७८६॥ श्रीजिनेश्वरनुं कहेलुं वचन जेमां होय तेवां आवश्यकसूत्रादि शास्त्रो ते सम्यक्श्रुत, अने सम्यग्दृष्टिजीवोये(सम्यक् अर्थपणे) ग्रहण करवाथी (भारत रामायणादि) मिथ्याशास्त्रो पण सम्यक् श्रुत छे. ॥७८७॥ अहिं आवश्यक अने अनावश्यकना भेदथी सम्यक् श्रुत बे प्रकारनुं छे. तेमां पण आवश्यक श्रुतज्ञान सामायिकादि भेदथी छ प्रकारनुं छे ॥ ७८८ ॥ ते आ प्रमाणे—१ सामायिक--२चतुर्विंशतिस्तव--३वन्दनक-४प्रतिक्रमण५-कायोत्सर्ग—ने ६ प्रत्याख्यान. तथा अनावश्यक श्रुतज्ञानना पण अंग अने अनंगपणावडे बे भेद छे. त्यां ११ अङ्ग अने दृष्टिवाद सूत्र ए बन्ने अङ्गश्रुत ज्ञान कहेवाय. ॥ ७८९ ॥ तथा आचारांग-सूत्रकृतांग-स्थानांग-समवाय-पांचमुं भगवतिसूत्र-छट्ठु ज्ञाताधर्मकथा-॥७९०॥ उपासकदशांग-अंतकृतदशांग-अनुत्तरोपपातिकदशांग-प्रश्नव्याकरण-विपाकश्रुत-(ए ११ अंग छे तथा १२ मा दृष्टिवादमां)॥७९१॥ परिकर्म-सूत्र-पूर्वानुयोग-पूर्वगत-अने चूलिका ए पांच दृष्टिवादना भेद छे. त्यां पूर्वगत भेदमां १४ पूर्व छे ॥७९२॥ ते आ प्रमाणे—१उत्पादपूर्व-२अग्रायणीपूर्व-३वीर्यप्रवाद-४अस्तिप्रवाद--५ज्ञानप्रवाद-६सत्यप्रवाद-७आत्मप्रवाद-८कर्मप्रवाद ॥७९३॥ ९प्रत्याख्यानपूर्व-१०विद्याप्रवाद-अने ११ कल्याण-१२ प्राणावाय-१३ क्रियाविशाल अने १४ लोकबिंदुसार ए प्रमाणे ॥ ७९४ ॥ आ पांच प्रकारनुं दृष्टिवाद अंग बारमुं कहेवाय छे. तथा १२ उपांग-४ मूळसूत्र (-अने ६ छेद-१० पयन्नानंदि-अनुयोग वगेरे ) ते सर्व अनंगश्रुत छे. ॥ ७९५ ॥ अने ए प्रमाणे अरिहंते अर्थथी जे कह्युं, अने महाबुद्धिवाळा गणधरोए जे सूत्ररूपे गुंथ्युं ते सर्व अंगश्रुत कहेवाय॥७९६॥ अने त्यारपछी (विशाळ भाषा-मति-अने शक्तिवाळा) श्रीगणधर भगवंतोनी परंपरा ए (अनुक्रमे) प्राप्त करेल छे शास्त्रो जेमणे एवा गणधरोना शिष्य प्रशिष्यादि आचार्यो ए जे ॥७९७॥ काळ-संघयण-अने आयुष्यना दोषथी (ना कारणथी) अल्पशक्ति अने अल्पबुद्धि

१ अथवा सम्यग्दृष्टिनुं जे श्रुत ज्ञान ते सम्यक् श्रुत.

२ अथवा सम्यग्दृष्टि जीवे ग्रहणकरेलां रामायणादिशास्त्रो ते पण सम्यक् श्रुतछे.

वाळा जीवोना उपकार माटे जे श्रुत गुंथ्युं ते अनंगश्रुत कहेवाय. ॥७९८॥ वळी ते मांथी पण ते पछीना आचार्योए तेओनाथी पण वधु अज्ञ जीवोना उपकारने माटे शास्त्रना एक देश ( विभाग ) संबंधवाळा गुंथेलां प्रकरणो पण अनंगश्रुत कहेवाय, ॥७९९॥ प्रकरणनुं लक्षण आ प्रमाणे छे--शास्त्रना एकदेश साथे संबंधवाळो [ आखा शास्त्रमांना घणा विषयोमांथी एक बे विषय उद्धरेल होय तेवुं ] अने शास्त्रना कार्यान्तरमां रहेलो (--तेज विषय जुदे रूपे गोठवेल होवाथी ते शास्त्रनुं एक बीजुं रूपान्तर थयो ) जे ग्रन्थभेद (--ग्रन्थविशेष ) तेने विद्वानो प्रकरण कहे छे. ॥ ८०० ॥ ए प्रमाणे वक्ताना भेदथी ए श्रुतना पण बे भेद कह्या. परन्तु वास्तविक रीते तो ते सघळुं श्रुत अर्हत्प्रणीत भावार्थवाळुं होवाथी एकज छे. ॥ ८०१ ॥ तत्त्वार्थभाष्यमां कह्युं छे के—"वक्ताना विशेषथी ( भेदथी ) बे प्रकारनुं छे" वळी व्याकरण–छंद--अलंकार--काव्य -नाटक--तर्क--गणित–वगेरे शास्त्र सम्यग्दृष्टिजीवे ग्रहण करवाथी पवित्र थयेलुं ( ग्रहण करेलुं ) ते सम्यक् श्रुत जयवन्तुं वर्ते छे ॥ ८०२ ॥ तथा मिथ्यादृष्टि लोकोए पोतानी मति कल्पनाथी रचेलां भारत–रामायण–वेद–अने वेदांग (उपवेदादि) वगेरे सर्व मिथ्याश्रुत कहेवाय.॥८०३॥भाष्यकारे कह्युं छे के–सत् अने असत् पणाना तफावत विनानुं, तथा संसार(वृद्धि)नुं कारण होवाथी इच्छा माफक(समजवाथी अर्थ कल्पवाथी)ज्ञाननुं फळ (विरति) नहिं मळतुं होवाथी, मिथ्यादृष्टि जीवोनुं जे ज्ञान ते अज्ञानज छे ॥ १ ॥ आ गाथा पूर्वमां (१४ मांना कोइक पूर्वमां) आवी छे. ऋग्वेद–यजुर्वेद--सामवेद–अथर्वणवेद– ए चार वेद छे, अने शिक्षा–कल्प–व्याकरण–छंद–ज्योतिष्–अने निरुक्ति ए छ वेदना अंग छे. ॥ ८०४ ॥ अने तेथी छ अंग–४ वेद–मीमांसा–तर्कशास्त्र ( न्यायशास्त्र ) –धर्मशास्त्र–अने पुराण ए १४ विद्या कहेवाय छे. ॥ ८०५ ॥ तथा आयुर्वेद–धनुर्वेद–गांधर्व–अने अर्थशास्त्र ए चार सहित ते १४ विद्या करतां १८ विद्याओ पण कहेवाय छे ॥ ८०६ ॥ वळी अपूर्ण १० पूर्व सुधीनुं श्रुतज्ञान सम्यक् श्रुत पण होय छे, अने मिथ्यादृष्टि जीवोए ग्रहण करेलुं ( अपूर्ण १० पूर्वनुं ज्ञान ) विपरीत अर्थरूप होवाथी मिथ्याश्रुत पण होय छे ॥ ८०७ ॥ श्रुतज्ञान द्रव्य–क्षेत्र–काळ–अने भावथी सादिसान्त छे, तेमज

१ मिथ्यात्वी (अभव्यादि) जीवो पण ९ पूर्व संपूर्ण अने १० मा पूर्वना अमुक भाग सुधी भणे छे माटे.

२ नयविचारनी अपेक्षाये द्रव्यास्तिकनयथी धर्मास्तिकायादिनी माफक श्रुतज्ञान अनादिअनन्त छे, अने नारकादि पर्यायनी माफक पर्यायास्तिकनयनी अपेक्षाये श्रुतज्ञान सादि सान्त छे.

अनादि अनन्त पण छे ॥ ८०८ ॥ ( ते आ प्रमाणे- ) एक पुरुषनी अपेक्षाए श्रुतज्ञान सादि सान्त, अने घणा पुरुषोनी अपेक्षाए अनादि अनन्त छे ॥८०९॥ ( कारणके ) भवान्तरमां गयेला पुरुषनुं श्रुतज्ञान नाश पामे छे, अने कोइकने तो मिथ्यात्व पामवादिकवडे तेज भवमां पण नाश पामे छे ॥८१०॥ श्री विशेषा०-मां कह्युं छे के—चौद पूर्वी मनुष्यने देवपणामां ते सर्वश्रुत न सांभरे (-न याद आवे ). पण देशे श्रुतमां भजना ( अनियम ) होय छे तेमज स्वस्थाने भव-मां पण भजना जाणवी. ॥ १ ॥ अहिं देशे ए शब्दनो अर्थ " ११ अंगमां " एवी रीते कल्पचूर्णिमां कर्यो छे, अने स्वस्थाने ए शब्दनो अर्थ "मनुष्यभवमां" पण रहेनारने भजना रूप जाणवो. त्यां श्रुतज्ञान नाशपामवानां कारण आ प्रमाणे छे मिथ्यात्वनी प्राप्ति-परभवमां गमन-केवलज्ञान-ग्लानपणुं-अने प्रमाद वगेरे कारणोथी (श्रुतज्ञाननो) नाश थाय छे. वळी छट्ठा अङ्गना (ज्ञाता सूत्रना) चौदमा अध्यय-नमां तो तेतली मंत्रिने (पूर्वभवमां अभ्यास करेल) चौद पूर्वनुं स्मरण कर्युं छे एम जाणवुं, क्षेत्रथी भरत अने ऐरवतनी अपेक्षाए सादिसान्त जाणवुं, अने महाविदेहनी अपेक्षाए अनादि अनंत जाणवुं. ॥ ८११ ॥ तथा काळथी अवस-र्पिणी अने उत्सर्पिणी ( आ बे काळ ज्यां छे ते भरतैरवत क्षेत्र सं-बंधि काळ ) नी अपेक्षाए सादि सान्त, अने महाविदेहना ( नो उ-त्सर्पिणी नो अवसर्पिणी ) काळनी अपेक्षाए ( हमेश एक स्वरूपकाळ हो-वाथी ) अनादि अनंत छे. ॥ ८१२ ॥ तथा भावथी भवसिद्धिक (-भव्य ] जीवनी अपेक्षाए सादि सान्त छे, कारणके ते जीवने केवलज्ञानोत्पत्ति समये छा-द्मस्थिक [ मत्यादि चार ] ज्ञाननो नाश थाय छे. ॥ ८१३ ॥ कारणके "छाद्म-स्थिकज्ञान नष्ट थये छते ( केवलज्ञान प्रगट थाय छे—इति ) " एवुं सिद्धा-न्तनुं वचन छे. तथा श्रुतमां ज्ञान अज्ञानना भेदनी विवक्षा कर्या विना ( सामा-

१ चौद पूर्व सर्वथा याद न आवे ( देवपणे उपजेला जीवने. )

२ देवपणामां कोईकने पूर्व भवमां भणेला ११ अंग याद आवे अथवा कोईने याद पण न आवे. पुव्वाहीयाई सामाइयमाइ चोद्दस पुव्वाई सयमेव अभिसमन्नागयाई

३ जेणे मनुष्य भवमां १४ पूर्वनो अभ्यास कर्यो छे तेने तेज मनुष्य भवमां ज्ञानावरण कर्मना आवरणथी कोई जीव चौद पूर्व भूली जईने दुर्गतिमां पण उपजे माटे तथा ग्लानिप्रमाद विगेरे श्रुतज्ञान नाशना कारणो बताव्या पण छे.

४ अभव्य जीवने अज्ञाननी विवक्षाये श्रुतज्ञानावरणीयनो क्षयोपशम अनादि काळथी छे अने तेनो अन्त नथी माटे अनादि अनंत ( तथा भव्य-जीवने श्रुतज्ञान सादिसान्त छे. अने श्रुत अज्ञान अनादि सान्त छे, अने अभव्यने श्रुत अज्ञान अनादि अनन्त छे एम ज्ञान अज्ञान भेदनी विवक्षाए जाणवुं.)

न्यतः ) श्रुतज्ञान अभव्यनी अपेक्षाए अनादि अनंत कहेवाय छे. ॥ ८१४ ॥ अथवा क्षयोपशम भावे श्रुतज्ञान अनादि सान्त छे. ए प्रमाणे श्रुतज्ञान सादि सान्त–अनादि सान्त–अने अनादि अनंत एम त्रण प्रकारनुं जाणवुं. ॥ ८१५ ॥ गम एटले सरखा पाठ ( अथवा भंगो, गणितविशेषो) ते जेमां होय ते गमिकश्रुत कहेवाय,के जे प्रायः दृष्टिवाद सूत्रमां (बारमा अंगमां) छे. अने तेथी विपरीत अर्थवाळुं (प्रायः कालिकसूत्र) अगमिकश्रुत कहेवाय. ॥ ८१६ ॥ तथा बार अंग ते अंगप्रविष्टश्रुत, अने आवश्यकसूत्रादि अनंगप्रविष्ट [–अंगबाह्य] श्रुत कहेवाय. ए प्रमाणे बुद्धिमान् पूर्वाचार्योए श्रुतज्ञानना १४ भेद कह्या छे. ॥८१७॥

ये भेदा विंशतिस्तेऽपि, कथ्यन्ते लेशमात्रतः । न ग्रन्थविस्तरभया–दिह सम्यक् प्रपञ्चिताः ॥ ८१८ ॥ तथाहुः॥ पज्जय अक्खरपयसंघाया पडिवत्ति तह य अणुओगो । पाहुडपाहुड पाहुड वत्थू पुव्वा य ससमासा ॥८१९॥(पर्यायाक्षरपदसङ्घाताः प्रतिपत्तिस्तथैव चानुयोगः । प्राभृतप्राभृतप्राभृत–वस्तुपूर्वाणि च ससमासानि ॥ १ ॥) (सा० १७६) तत्र च ॥ अविभागः परिच्छेदो, यो ज्ञानस्य प्रकल्पितः । स पर्यायो द्व्यादयस्ते, स्यात्पर्यायसमासकः ॥ ८२० ॥ लब्ध्यपर्याप्तस्य सूक्ष्मनिगोदस्थशरीरिणः । यदाद्यक्षणजातस्य, श्रुतं सर्वजघन्यतः ॥८२१॥ तस्मादन्यत्र यो जीवान्तरे ज्ञानस्य वर्द्धते । अविभागपरिच्छेदः, स पर्याय इति स्मृतः ॥ ८२२ ॥ येऽविभागपरिच्छेदा, द्व्यादयोऽन्येषु देहिषु । वृद्धिं गतास्ते पर्यायसमास इति कीर्त्तिताः ॥ ८२३ ॥ तथोक्तमाचाराङ्गवृत्तौ ॥"सर्वनिकृष्टो जीवस्य, दृष्ट उपयोग एष वीरेण । सूक्ष्मनिगोदापर्याप्तानां स च भवति विज्ञेयः ॥ ८२४ ॥ तस्मात्प्रभृति ज्ञानविवृद्धिर्दृष्टा जिनेन जीवानाम् । लब्धिनिमित्तैः करणैः कायेन्द्रियवाङ्मनोदृग्भिः ॥८२५॥"(सा० १७७)मध्ये लब्ध्यक्षराणां स्याद्यदन्यतरदक्षरम् । तदक्षरं तत्संदोहोऽक्षरसमास इष्यते॥८२६॥ पदानां यादृशानां

स्यादाचाराङ्गादिषु ध्रुवम् । अष्टादशसहस्रादि--प्रमाणं तत्पदं भवेत् ॥ ८२७ ॥ द्व्यादीनि तत्समासः स्या–देवं सर्वत्र भाव्यताम् । संघातप्रतिपत्त्यादौ, समासो ह्यनया दिशा ॥ ८२८ ॥ गतीन्द्रियादिद्वाराणां, द्वाषष्टेरेकदेशकः । गत्यादिरेकदेशोऽस्याः, स्वर्गतिस्तत्र मार्गणा ॥ ८२९ ॥ जीवादेः क्रियते सोऽयं, संघात इति कीर्त्यते । गत्यादिद्व्याद्यवयव--मार्गणा तत्समासकः ॥ ८३० ॥ संपूर्णगत्यादिद्वारे, जीवादेर्मार्गणा तु या । प्रतिपत्तिरियं जीवा--भिगमे दृश्यतेऽधुना ॥ ८३१ ॥ सत्पदप्ररूपणाद्यनुयोगद्वारमुच्यते । प्राभृतान्तःस्थोऽधिकारः, प्राभृतप्राभृतं भवेत् ॥ ८३२ ॥ वस्त्वन्तर्वर्त्त्यधिकारः, प्राभृतं परिकीर्त्तितम् । पूर्वान्तर्वर्त्त्यधिकारो, वस्तुनाम्ना प्रचक्षते ॥ ८३३ ॥ पूर्वमुत्पादपूर्वादि, ससमासाः समेऽप्यमी । श्रुतस्य विंशतिर्भेदा । इत्थं संक्षेपतः स्मृताः ॥ ८३४ ॥ इति श्रुतज्ञानम् ॥

अर्थ–हवे श्रुतज्ञानना जे २० भेद छे ते पण लेशमात्रथी कहेवाय छे. परन्तु अहिं विस्तारना भयथी ते भेदो सम्यक् प्रकारे विस्तारपूर्वक कह्या नथी. ॥८१८॥ ते भेदो आ प्रमाणे कह्या छे.—पर्यायश्रुत, पर्यायसमासश्रुत, अक्षरश्रुत, अक्षरसमासश्रुत, पदश्रुत, पदसमासश्रुत, संघातश्रुत, संघात समासश्रुत, प्रतिपत्तिश्रुत, प्रतिपत्तिसमासश्रुत, तेमज अनुयोगश्रुत, अनुयोग समासश्रुत, प्राभृत प्राभृतश्रुत, प्राभृत प्राभृत समासश्रुत, प्राभृतश्रुत, प्राभृत समासश्रुत, वस्तुश्रुत, वस्तु समासश्रुत पूर्वश्रुत, अने पूर्व समासश्रुत ए प्रमाणे समाससहित सर्व भेद जाणवा. ॥८१९॥ हवे तेमां ज्ञाननो जे (बुद्धिथी) कल्पेलो अविभाग परिच्छेद (अनिर्विभाज्य अंश, ते पर्याय श्रुत, अने तेवा बे त्रण आदि अनेक जे ज्ञानना अंशो ते पर्यायसमासश्रुत कहेवाय.॥८२०॥ (तेनुं स्वरूप आ प्रमाणे) अहिं लब्धिअपर्याप्त अने भवना प्रथम समये उत्पन्न थयेल सूक्ष्म निगोदीया जीवने सर्वथी जघन्य जेटलुं श्रुतज्ञान होय॥८२१॥ ते शिवायना बीजा जीवने श्रुतज्ञाननो जे अनिर्विभाज्य अंश अधिक होय ते (अनिर्विभाज्य अंश) पर्याय एवा नामथी कहेलो छे॥८२२॥ तथा बे त्रण आदि अनिर्वि

भाज्य अंशो बीजा जीवोमां वृद्धि पामेला होय ते **पर्यायसमास** नामथी कहेला छे ॥ ८२३ ॥ **आचारांगवृत्तिमां** कह्युं छे के—वीर भगवाने जीवनो जे आ सर्व जघन्य उपयोग देखेलो छे ते सूक्ष्मनिगोद अपर्याप्तजीवोने होय छे एम जाणवुं. ॥ ८२४ ॥ ते सर्व जघन्यांशथी प्रारंभीने जीवोना ज्ञाननी वृद्धि जिनेश्वरे लब्धिनिमित्तक एवां काय–इन्द्रिय–वचन–मन–अने दृष्टि रूप करणोवडे ( जेम जेम काय इन्द्रियादि वधतां जाय छे. तेम तेम ज्ञाननी पण वृद्धि थती जाय छे. ) देखेली छे. ॥ ८२५ ॥ तथा लब्ध्यक्षरोमांना कोइपण एक अक्षरनुं ज्ञान ते **अक्षरज्ञान**, अने तेवा घणा अक्षरनुं ज्ञान ते **अक्षरसमास** श्रुतज्ञान कहेवाय छे ॥ ८२६ ॥ **आचारांगादि** शास्त्रोमां जेवा प्रकारनां पदोनुं अढारहजारादि निश्चय प्रमाण छे तेवा प्रकारना एक पदनुं ज्ञान ते ***पदश्रुत** ज्ञान छे ॥८२७॥ अने तेवां बे त्रण इत्यादि पदोनुं ज्ञान ते **पदसमास** श्रुतज्ञान, ए प्रमाणे संघात अने प्रतिपत्ति वगेरेमां सर्वत्र एज पद्धतिए समासनो अर्थ विचारवो. ॥८२८॥ गति अने इन्द्रियादि ६२ द्वारोनो एक देश विभाग गति वगेरे अने तेनो पण एक विभाग देवगति(वगेरे)तेमां मार्गणा॥८२९॥जीवादि पदार्थोनी मार्गणा(विचारणा)अवतारा य ते आ **संघात** श्रुत कहेवाय छे,अने बे त्रण आदि गति वगेरेना अवयवमां मार्गणा ( जीवादि पदार्थ अवतारवानुं ज्ञान ) ते **संघातसमास** श्रुत कहेवाय. ॥८२९ ॥ तथा संपूर्ण गत्यादि ( मूळ ) मार्गणामां जीवादि पदार्थनो जे अवतार करवो ते **प्रतिपत्ति** श्रुत वर्तमान काळे **जीवाभिगम सूत्रमां** देखाय छे ॥८३०॥ सत्पदप्ररूपणादि द्वार ( सत्पदप्ररूपणता–द्रव्यप्रमाण–क्षेत्र–स्पर्शनादि ९ द्वार ) ते **अनुयोग** कहेवाय, ॥ ८३१ ॥ अने प्राभृतनी अंदर रहेलो अधिकार ते **प्राभृत-**

* अहीं 'विभक्त्यन्तं पदम् ' इत्यादि लक्षणवाळुं पद लेवानुं नथी परन्तु पारिभाषिक ५१०८८६,८४० एकावन क्रोड आठलाख छाशी हजार आठसो ने चालीस श्लोक अने अठावीश अक्षरे एक पद थाय, केटलेक स्थळे 'अर्थोपलब्धिः पदम्' ए प्रमाणे पदोनुं लक्षण बताव्युं छे. तेवा १८००० पदोवाळुं आचारांग छे. आगळना अङ्गोमां तेथी बमणुं बमणुं प्रमाण एटले के सूयगडांगमां ३६००० पदो ठाणांगमां ७२००० पदो विगेरे अगीआर अङ्गोना तथा चौद पूर्वना पद प्रमाणनुं यन्त्र नीचे प्रमाणे.

१ श्री जीवाभिगम सूत्रमां दरेक अध्ययन प्रतिपत्तिना रूपमां गोठवेला छे. कारण के तेमां दरेक जीव भेदमां उपयोग–इन्द्रिय–लेश्या–समुद्घात—दिशिआहार इत्यादि अनेकद्वार उतारेलां छे. तेम आ द्रव्यलोकमां पण ४ था सर्गथी प्रतिपत्तिना रूपमांज सर्वद्वारो जीवभेदमां उतार्यां छे.

## ॥ अगीआर अङ्ग तथा चौद पूर्वनी पद सङ्ख्यायंत्रकम् ॥

५१,०८,८६,८४० श्लोक अने २८ अक्षरे एक पद थाय.

| | अङ्ग नाम. | पद प्रमाण | | पूर्व नाम. | पद प्रमाण. |
|---|---|---|---|---|---|
| १ | आचाराङ्ग | १८००० | १ | उत्पाद पूर्व | १००००००० एक कोटि |
| २ | सूयगडाङ्ग | ३६००० | २ | अग्रायणीय पू० | ९६००००० छन्नुं लाख |
| ३ | ठाणाङ्ग | ७२००० | ३ | वीर्य प्रवाद पू० | ७०००००० सीत्तेर लाख |
| ४ | समवायाङ्ग | १४४००० | ४ | अस्ति प्र० पू० | ६०००००० साठ लाख |
| ५ | श्रीभगवतीजी | २८८००० | ५ | ज्ञान प्र० पू० | ९९९९९९९ एक कोटिमां एक न्यून |
| ६ | ज्ञाताधर्म कथाङ्ग | ५७६००० | ६ | सत्य प्र० पू० | १००००००६ एक कोटिने छ |
| ७ | उपासक दशाङ्ग | ११५२००० | ७ | आत्म प्र० पू० | २६००००००० छवीस क्रोड |
| ८ | अन्तगड दशाङ्ग | २३०४००० | ८ | कर्म प्र० पू० | १८०००००० एक कोटिने एंशी लाख |
| ९ | अनुत्तरो ष० दशाङ्ग | ४६०८००० | ९ | प्रत्याख्यान प्र० | ८४००००० चोराशी लाख |
| १० | प्रश्न व्याकरण | ९२१६००० | १० | विद्या प्र० पू० | १००१०००० एक क्रोडने दशहजार |
| ११ | विपाक | १८४३२००० | ११ | कल्याण पू० | २६००००००० छवीश क्रोड |
| | कुल प्रमाण | ३६८४६००० | १२ | प्राणायु पू० | ५६०००००००००००० छपनलाख क्रोड |
| | | | १३ | क्रियाविशाल पू० | ९०००००००० नव क्रोड |
| | | | १४ | लोकबिन्दुसार पू० | १२५०००००० साडीबार क्रोड |

बारमा दृष्टिवादना १ परिकर्म; २ सूत्र, ३ पूर्वानुयोग, ४ पूर्वगत, ५ चूलिका ए पांच भेदो पैकी चोथा पूर्वगतभेदमां चौद पूर्वनो समावेश जाणवो.

चौदे पूर्वनुं मळी कुल पद प्रमाण ५६००८३,४०,१०,००५ छप्पनलाख त्र्यासीक्रोड चालीशलाख दशहजारने पांच,

अगीआर अङ्ग तथा चौदपूर्वनुं मळी कुल पद प्रमाण ५६०००८६,०८५६००५. छप्पनलाख छाशीक्रोड आठलाख छप्पनहजार ने पांच.

प्राभृत कहेवाय. वस्तुनी अंदर रहेल अधिकार विशेष ते प्राभृत कहेलुं छे, अने पूर्वनी अंदर रहेलो अधिकार ते वस्तु नामे कहेवाय छे ॥ ८३३ ॥ अने ( प्रथम कहेल ) उत्पाद पूर्व वगेरे पूर्व कहेवाय, ए सर्वभेदने समास सहित करतां श्रुत ज्ञानना २० भेद ए प्रमाणे संक्षेपथी कह्या. (पूर्वे कहेला चौद भेदोमां क्रमे वृद्धिना विचार विना द्रव्य तथा भावश्रुत बेउनो समावेश थाय छे. अने आ वीश भेदोमां उत्तरोत्तर क्रमथी वृद्धिवाळा भावश्रुतनो ज अधिकार छे. ) ॥ ८३४ ॥ इति श्रुतज्ञानम् ॥

अवधानं स्यादवधिः, साक्षादर्थविनिश्चयः। अवशब्दोऽव्ययं यद्वा, सोऽधःशब्दार्थवाचकः ॥ ८३५ ॥ अधोऽधो विस्तृतं वस्तु, धीयते परिबुध्यते । अनेनेत्यवधिर्यद्वा, मर्यादावाचकोऽवधिः ॥ ८३६ ॥ मर्यादा रूपिद्रव्येषु, प्रवृत्तिर्न त्वरूपिषु । तयोपलक्षितं ज्ञानमवधिज्ञानमुच्यते ॥ ८३७ ॥ अनुगाम्यननुगामी, वर्धमानस्तथा क्षयी । प्रतिपात्यप्रतिपातीत्यवधिः षड्विधो भवेत् ॥ ८३८ ॥ यद्धि देशान्तरगतमप्यन्वेति स्वधारिणम् । अनुगाम्यवधिज्ञानं, तद्विज्ञेयं स्वनेत्रवत् ॥८३९॥ यत्र क्षेत्रे समुत्पन्नं, यत्तत्रैवावबोधकृत् । द्वितीयमवधिज्ञानं, तच्छृङ्खलितदीपवत् ॥ ८४० ॥ यदङ्गुलस्यासंख्येयभागादिविषयं पुरा । समुत्पद्यानु विषयविस्तरेण विवर्धते ॥ ८४१ ॥ अलोके लोकमात्राणि, यावत्खण्डान्यसंख्यशः । स्यात्प्रकाशयितुं शक्तं, वर्द्धमा-

१. तात्पर्य ए छे के दृष्टिवाद नामना १२ मा अंगना परिकर्मादि पांच अधिकार पैकी चोथा पूर्वगत अधिकारमां १४ पूर्वनो समावेश थाय छे. पुनः ते दरेक पूर्वमां वस्तु नामे अनेक अधिकार आवेला छे, पुनः ते वस्तु अधिकारमां अंतर्गत अनेक प्राभृत नामे अधिकार छे, पुनः ते प्राभृत अधिकारमां प्राभृतप्राभृत नामे अवयवो अधिकार छे, पुनः ते दरेक प्राभृत प्राभृतमां नानाविध वस्तुनां स्वरूप वर्णवेल होय छे. जेम श्रीभगवती सूत्रनी अंदर अनेक शतक, केटलाक शतकोमां अवान्तर शतक अने दरेक शतकमां अनेक उद्देशा इत्यादि वळी जेम आचारांगमां बे श्रुतस्कन्ध, दरेक श्रुतस्कन्धमां अनेक अध्ययनो दरेक अध्ययनमां अनेक उद्देशाओ होय छे. तेम समजवुं.

नं तदीरितम् ॥ ८४२ ॥ अप्रशस्ताध्यवसायात्, हीयते यत्प्रतिक्षणम् । आहुस्तदवधिज्ञानं, हीयमानं मुनीश्वराः ॥ ८४३ ॥ स्याद्वर्द्धमानं शुष्कोपचीयमानेन्धनाग्निवत् । हीयमानं परिमितातादृगिन्धनवह्निवत् ॥ ८४४ ॥ योजनानां सहस्राणि, संख्येयान्यप्यसंख्यशः । यावल्लोकमपि दृष्ट्वा, पतति प्रतिपाति तत् ॥ ८४५ ॥ प्रमादेन पतत्येतद्भवान्तराश्रयेण वा । यथाश्रुतं स्वरूपं च, वक्ष्येऽथाप्रतिपातिनः ॥ ८४६ ॥ यत्प्रदेशमलोकस्य, द्रष्टुमेकमपि क्षमम् । तत्स्यादप्रतिपात्येव, केवलं तदनन्तरम् ॥ ८४७ ॥ हीयमानप्रतिपातिनोश्चायं विशेषः॥प्रतिपाति हि निर्मूलं, विध्यायत्येकहेलया । हीयमानं पुनर्ह्रासमुपयाति शनैः शनैः ॥ ८४८ ॥ इदं कर्मग्रन्थवृत्त्यभिप्रायेण, (सा० १७८) तत्त्वार्थभाष्ये तु अनवस्थितावस्थिताख्ययोरन्त्यभेदयोरेवं स्वरूपमुक्तम्, अनवस्थितं हीयते वर्द्धते च वर्द्धते हीयते च प्रतिपतति चोत्पद्यते चेति पुनः पुनरूर्म्मिवत्, अवस्थितं यावति क्षेत्र उत्पन्नं भवति ततो न प्रतिपतति आकेवलप्राप्तेरवतिष्ठते, आभवक्षयाद्वा, जात्यन्तरस्थायि वा भवति लिङ्गवत्, यथा लिङ्गम्--पुरुषादिवेदमिह जन्मन्युपादाय जन्मान्तरं याति जन्तुस्तथाऽवधिज्ञानमपीति भावः ॥ (सा० १७९) नृतिरश्चामयं षोढा, क्षायोपशमिकोऽवधिः । भवेद्भवप्रत्ययश्च, देवनारकयोरिह ॥ ८४९ ॥ तदुक्तं ॥ द्विविधोऽवधिः [ १ अ० २१ सू० ] भवप्रत्ययः क्षयोपशमनिमित्तश्चेति ( भाष्यम् ) तत्त्वार्थसूत्रे (सा० १८०–१८१) । स्याद्भवप्रत्ययोऽप्येष, न क्षयोपशमं विना । अन्वयव्यतिरेकाभ्यां, हेतुत्वादस्य किन्त्विह ॥ ८५० ॥ स्यात्क्षयोपशमे हेतुर्भवोऽयं तदसौ तथा । उपचाराद्धेतुहेतुरपि हे-

तुरिहोदितः ॥ ८५१ ॥ इत्यवधिज्ञानम् ॥

॥ अथ अवधिज्ञाननुं स्वरूप ॥

अर्थ–अवधान एटले पदार्थनो आत्मसाक्षात् निश्चय ते अवधि, अथवा अव ए अव्यय पद अधः–नीचे अर्थनुं वाचक छे ॥ ८३५ ॥ तेथी जेनावडे ( एनावडे ) अधो अधो एटले नीचे नीचे वस्तु अधिक अधिक विस्तारे घीयत–जणाय माटे अवधि, अथवा अवधि शब्द मर्यादावाचक छे ( अवधि एटले मर्यादा) ॥८३६॥ अने ते मर्यादा रूपी द्रव्योने विषे प्रवृत्तिरूप जाणवी.पण अरूपी द्रव्योमां नहिं ते मर्यादित प्रवृत्तिवडे ओळखायलुं जे ज्ञान ते अवधिज्ञान कहेवाय ॥८३७॥ अनुगामी-अननुगामी-वर्धमान–हीयमान–प्रतिपाति–अने अप्रतिपाति ए रीते अवधिज्ञान छ प्रकारनुं छे ॥८३८॥ जे अवधिज्ञान परदेशमां गयेला (जे क्षेत्रे अवधि उत्पन्न थयुं होय ते क्षेत्रथी बीजा क्षेत्रमां रहेला) ने पण पाछळ पाछळ आवे ते अनुगामि अवधिज्ञान कहेवाय, अने ते पोताना नेत्र सरखुं [ नेत्र जेम साथेज होय छे तेवुं ] जाणवुं ॥ ८३९ ॥ तथा जे अवधि जे क्षेत्रमां उत्पन्न थयुं होय ते क्षेत्रमांज ( रहेला पदार्थोने ) बोध करनारुं होय ते बीजुं अननुगामी अवधि कहेवाय, अने ते सांकळे बांधेला दीवासरखुं जाणवुं ॥ ८४० ॥ जे अवधि प्रथम अंगुलनो असंख्यातमो भाग इत्यादि ( अल्पक्षेत्रना ) विषयवाळुं उत्पन्न थइने त्यारबाद ( प्रतिसमय ) विषयना विस्तारे ( द्रव्य-क्षेत्र –काळ–अने भावथी ) वधतुं जाय ॥ ८४१ ॥ अने त्यां सुधी वधे के अलोकमां लोक प्रमाण जेवडा असंख्यात खंडो (असंख्य लोक जेवडुं क्षेत्र) ने प्रकाश करवा समर्थ होय ते वर्द्धमान अवधिज्ञान कहेलुं छे ॥ ८४२ ॥ ( जे अवधिज्ञान प्रथम अधिक प्रमाणमां उत्पन्न थइ ) अशुभ अध्यवसायथी प्रतिसमय घटतुं जाय ते अवधिज्ञानने मुनीश्वरोए हीयमान कहेलुं छे ॥ ८४३ ॥ एमां वर्धमान अवधिज्ञान सूकां लाकडांना ढगलामां बळता अग्नि सरखुं, अने हीयमान अव० अल्प अने लीलां लाकडामां बळता अग्नि सरखुं [ घणां लाकडां बळीने थोडां रहेलां होय ने ते पण लीलां होय तो ते अग्नि धीरे धीरे ओछो बळतो बिलकुल बुझाइ जाय तेवुं ] होय छे, ॥ ८४४ ॥ हजारो योजन–संख्यातयोजन असंख्यात योजन यावत् संपूर्ण लोकने पण देखीने जे पडे ते प्रतिपाति अवधि-

१ क्षेत्रनी अपेक्षाए वैमानिकादि देवोमां उपर उपरना देवने नीचे अधिक अधिक अवधिज्ञान छे माटे, अथवा काळनी अपेक्षाए अवधिज्ञान जेम जेम अधिक काळनुं होय तेम तेम वधारे वधारे जाणे माटे.

ज्ञान ॥ ८४५ ॥ ए अवधिज्ञान प्रमादवडे अथवा परभवमां जवाथी पतित थायछे [ एकदम विनाश पामे छे. ] हवे सिद्धान्तने अनुसारे अप्रतिपाति अव०ज्ञाननुं स्वरूप कहीश ॥ ८४६ ॥ जे अव०ज्ञान अलोकना एकपण प्रदेशने ( संभवसत्ताए त्यां कोइ रूपी पदार्थ होय तो तेने) देखवाने समर्थ होय ते अप्रतिपाति अवधि-ज्ञान कहेवाय. अने त्यारबाद तुर्त ज ( अन्तर्मु०मां ) केवलज्ञान उत्पन्न थाय छे ॥ ८४७ ॥ आ भेदोमां हीयमान अने प्रतिपाति ज्ञानमां शुं तफावत छे ? ते कहे वाय छे—प्रतिपाति अवधिज्ञान एकदम समूळगुं नाश पामे छे, अने हीयमान अव० ज्ञान धीमे धीमे क्षय पामे छे. ॥ ८४८ ॥ ए कर्मग्रन्थवृत्तिना अभिप्रायथी कह्युं. तत्त्वार्थभाष्यमां तो अनवस्थित अने अवस्थित भेदनुं स्वरूप आ प्रमाणे कह्युं छे के- " अनवस्थित अव०ज्ञान घटे छे अने वधे छे तथा वधे छे. अने घटे छे, तरंगनी माफक वारंवार पडे छे अने उत्पन्न थाय छे, अने अवस्थित अवधिज्ञान जेटला क्षेत्रमां उत्पन्न थाय छे, तेटला क्षेत्रथी ओछुं थतुं नथी, परन्तु केवलज्ञाननी प्राप्तिसुधी स्थिर रहे छे. ए ज्ञान लिंगनी पेठे भवना अन्तसुधी अने परभवमां पण रहेनारुं ( साथे जनारुं ) होय छे. जेम लिंग एटले पुरुषादिवेद आ भवमांथी लइने प्राणी परभवमां जाय छे तेम ए ( अवस्थित ) अवधिज्ञान पण ( परभवमां साथे जाय छे. ) अहिं ए ६ प्रकार-नुं अवधिज्ञान मनुष्य अने तिर्यंचने क्षयोपशमभाववाळुं होय छे, अने देव-नारकने भवप्रत्ययिक होय छे ॥ ८४९ ॥ तत्त्वार्थसूत्र (अने भाष्य)मां कह्युं छे के-" भवप्रत्ययिक अने क्षायोपशमिक एम बे प्रकारनुं अवधिज्ञान छे" वळी आ भवप्र-त्ययिक अवधिज्ञान पण क्षयोपशम विना होतुं नथी कारण अहिं ( भवप्रत्ययिक ज्ञानमां) क्षयोपशमनुं अन्वयव्यतिरेकवडे हेतुपणुं होवाथी, परन्तु ॥ ८५० ॥ क्षयो-पशमनी अंदर भवज हेतुरूप छे ते कारणथी आ (देव-नारकनो भव) कारण पणे

१ अलोकनो एक प्रदेश देखी वृद्धि पामतुं पामतुं अलोकमां असंख्य लोक प्रमाण क्षेत्र जोवानी शक्तिवाळुं थतां परमावधि थाय अने त्यारबाद केवळज्ञान पामे. अहिं अलोकमां जोवानुं होय नहि पण जो रूपिपदार्थ होय तो ते जोवानी शक्ति छे. एम जाणवुं.

२ अवधिज्ञानावरणनो क्षयोपशम होय तोज अवधिज्ञान होय ए अ-न्वय, अने अवधिज्ञानावरणनो क्षयोप० न होय तो अवधिज्ञान न होय ए व्यतिरेक कहेवाय.

कहेवाय छे, कारणके उपचारथी ( आरोपथी—व्यवहारथी ) कारणना कारणने पण अहिं हेतु (कारण) कहेलुं छे. ॥८४९॥ ए प्रमाणे अवधिज्ञाननुं स्वरूप कह्युं.

मनस्त्वेन परिणतद्रव्याणां यस्तु पर्यवः । परिच्छेदस्स हि मनःपर्यवज्ञानमुच्यते ॥ ८४९ ॥ यद्वा ॥ मनोद्रव्यस्य पर्याया, नानावस्थात्मका हि ये । तेषां ज्ञानं खलु मनःपर्यायज्ञानमुच्यते ॥ ८५० ॥ स्यादृजुधीर्विपुलधीर्लक्षणस्वामिभेदतः । तद् द्विभेदं संयतस्याप्रमत्तस्यर्द्धिशालिनः ॥ ८५१ ॥ अनेन चिन्तितः कुम्भ, इति सामान्यग्राहिणी । मनोद्रव्यपरिच्छित्तिर्यस्यासावृजुधीः श्रुतः ॥ ८५२ ॥ अनेन चिन्तितः कुम्भः, स सौवर्णः स माथुरः । इयत्प्रमाणोऽद्यतनः, पीतवर्णः सदाकृतिः ॥ ८५३ ॥ एवं विशेषविज्ञाने मतिर्यस्य पटीयसी । ज्ञेयोऽयं विपुलमतिर्मनःपर्यायलब्धिमान् ॥ ८५४ ॥ युग्मम् ॥ ननु च ॥ अवधिश्च मनःपर्यवश्चोभे अप्यतीन्द्रिये । रूपिद्रव्यविषये च, भेदस्तदिह कोऽनयोः ? ॥ ८५५ ॥ अत्रोच्यतेऽवधिज्ञानमुत्कर्षात्सर्वलोकवित् । संयतासंयतनरतिर्यक्स्वामिकमीरितम् ॥ ८५६ ॥ अन्यद्विशदमेतस्माद्बहुपर्यायवेदनात् । अप्रमत्तसंयतैकलभ्यं नृक्षेत्रगोचरम् ॥८५७॥ उक्तं च तत्त्वार्थभाष्ये (सूत्रे १-२५) ॥ विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्यवयोर्विशेष इति । (सा० १८२) सामान्यग्राहि ननु यन्मनःपर्यायमादिमम् । तदस्य दर्शनं किं न, सामान्यग्रहणात्मकम् ? ॥८५८॥ अत्रोच्यते ॥ विशेषमेकं द्वौ त्रीन्वा, गृह्णात्यृजुमतिः किल । ईष्टे बहून् विशेषांश्च, परिच्छेत्तुमयं न यत् ॥८५९॥ सामान्यग्राह्यसौ तस्मात्, स्तोकग्राहितया भ-

---

१ अवधिज्ञाननुं कारण अवधिज्ञानाव०नो क्षयोपशम, अने अवधिज्ञाना-व०ना क्षयोपशमनुं कारण देव-नारकनो भव माटे कारणनुं कारण देव-नारकनो भव पण अव०ज्ञा०नुं कारण कहेवाय.

वेत् । सामान्यशब्दः स्तोकार्थो, नत्वत्र दर्शनार्थकः ॥ ८६० ॥ कर्मक्षयोपशमजोत्कर्षाद्विपुलधीः पुनः । बहून् विशेषान् वेत्त्यत्र वह्वर्थो विपुलध्वनिः ॥ ८६१ ॥ नचाभ्यधायि सिद्धान्ते, कुत्राप्येतस्य दर्शनम् । दर्शनात्मकसामान्यग्राहिता नैतयोस्ततः ॥ ८६२ ॥ विशेषरूपग्राहित्वे, प्राप्ते नन्वेवमेतयोः । द्वयोर्मनोविषययोर्वैविध्ये किं निबन्धनम् ? ॥ ८६३ ॥ अत्रोच्यते–अल्पपर्यायवेद्याद्यं घटादिवस्तुगोचरम् । नानाविधविशेषावच्छेदि शुद्धतरं परम् ॥ ८६४ ॥ कस्यचिन्न पतत्याद्यं, कस्यचिच्च पतत्यपि । अन्त्यं चाकेवलप्राप्तेर्न पतत्येव तिष्ठति ॥८६५॥ तथोक्तं तत्त्वार्थवृत्तौ-यस्य पुनर्विपुलमतिर्मनःपर्यायज्ञानं समजनि तस्य न (नैव प्रति) पतत्याकेवलप्राप्तेरिति। (सा० १८३) एतत्सूत्रेऽपि 'विशुद्धयप्रतिपाताभ्यां तद्विशेषः' (१–२५) इति ॥ (सा०१८४) योगशास्त्रप्रथमप्रकाशवृत्तावपि–"ऋजुश्च विपुलश्चेति, स्यान्मनःपर्यवो द्विधा । विशुद्धयप्रतिपाताभ्यां, विपुलस्तु विशिष्यते ॥ १ ॥" [सा० १८५] इति मनःपर्यायज्ञानम् ।

अर्थ–मनःपर्यव ज्ञाननुं स्वरूप–मनपणे परिणमेला द्रव्योनो जे पर्यव एटले परिच्छेद (ज्ञान) ते मनःपर्यव ज्ञान कहेवाय ॥८४९॥ अथवा अनेक प्रकारनी अवस्थावाळा (जुदा जुदा प्रकारना) मनोद्रव्यना पर्यायो (भाव) ते भावोनुं–पर्यायोनुं जे ज्ञान ते मनःपर्याय ज्ञान कहेवाय ॥८५०॥ लक्षण अने स्वामिना भेदथी ते मन०ज्ञान ऋजुमति अने विपुलमति एम बे प्रकारनुं छे. ते अप्रमत्त अने ऋद्धि (लब्धि) वाळा मुनिमहात्माने होय छे ॥ ८५१ ॥ जे मुनिने आ जीवे घट चिंतव्यो छे, ए प्रमाणे सामान्य अर्थग्रहण करनारुं मनोद्रव्यनुं ज्ञान होय ते मुनि ऋजुमति मनो ज्ञानवाळा कहेला छे ॥ ८५२ ॥ अने आ जीवे जे घट

१ ऋजुमति मनःप०ज्ञाननुं लक्षण सामान्यग्राहित्व, अने स्वामि चरमदेही अने अचरमदेही बंने मुनि. तथा विपुलमति मनःप०नुं लक्षण विशेषग्राहित्व, अने स्वामी चरमशरीर मुनि.

चिंतव्यो छे ते सोनानो मथुरा नगरीमां बनेलो, आटला कदवाळो, आजनो बने-लो, पीळा वर्णवाळो अने सारी आकृतिवालो ॥ ८५३ ॥ एम मनना विशेष ज्ञानमां जे मुनिनी मति निपुण होय ते मुनि विपुलमतिमनःपर्याय लब्धिवाळो कहेवाय ॥ ८५४ ॥ शङ्का—अवधिज्ञान अने मनःपर्यायज्ञान बन्ने इन्द्रिय विनानां अने रूपी द्रव्यना विषयवाळा छे तो अहिं ए बे ज्ञानमां तफावत शुं ? ॥ ८५५ ॥ उत्तर—अवधिज्ञान उत्कृष्टथी सर्व लोकाकाशने जाणनारुं छे. अने तेना स्वामि विरतिवंत अने अविरत तिर्यञ्च अने मनुष्यो (उपलक्षणथी देवादि) पण कहेल छे ॥ ८५६ ॥ वळी बीजुं मनःपर्यायज्ञान घणा पर्यायोने जाणनार होवाथी ते अवधिज्ञानथी अधिक निर्मळ, अप्रमत्तयतिने ज प्राप्त थनारुं, अने मनुष्यक्षेत्र जेटला विषयवाळुं छे ॥ ८५७ ॥ तत्त्वार्थभाष्यमां कह्युं छे के—"विशुद्धि-क्षेत्र—स्वामि—अने विषय—ए चारवडे अवधि अने मनःपर्यायनो तफावत छे" शङ्का—जो पहेलुं ऋजुमति मनःपर्यवज्ञान सामान्य अर्थ ग्रहण करनार छे तो ते सामान्य ग्रहणात्मक दर्शन केम न होइ शके ? ॥ ८५८ ॥ उत्तर—ऋजुमति मनोज्ञान निश्चय एक बे त्रण विशेष धर्म ग्रहण करे छे. कारण के ए ज्ञान घणा विशेष धर्मो जाणवाने शक्तिमान नथी ॥ ८५९ ॥ माटे ए ऋजुमतिज्ञान थोडा विशेष धर्मने ग्रहण करनार होवाथी सामान्यग्राही कहेवाय छे, कारणके अहिं "सामान्य" ए शब्दनो अर्थ अल्प छे पण दर्शनवाचक ( सामान्यबोधवाचक ) नथी. ॥ ८६० ॥ तथा कर्मना क्षयोपशमथी उत्पन्न थयेल विपुल मतिज्ञानी उत्कृष्टथी घणा विशेष धर्मोने जाणे छे माटे अहिं "विपुल" शब्दनो अर्थ बहु वाचक जाणवो, ॥८६१॥ वळी सिद्धान्तमां कोइपण स्थाने ए मनःपर्यायज्ञाननुं दर्शन कह्युं नथी माटे ए बन्ने भेदमां दर्शनरूप सामान्य ग्राहिपणुं नथी. ॥८६२॥ शंका—ए प्रमाणे ए बन्ने मनोज्ञानना विषयमां विशेषरूपग्राहिपणुं प्राप्त थये छते बे भेद पाडवानुं कारण शुं ?॥८६३॥ उत्तर—घटादि पदार्थना विषयवाळुं पहेलुं ( ऋजुमति ) मनः० ज्ञान अल्पपर्यायोने जाणनारुं छे, अने बीजुं (विपुलमति) मनः० ज्ञान अनेक प्रकारना विशेषधर्मोने जाणनारुं अने अधिक शुद्ध छे. ॥ ८६४ ॥ तथा पहेलुं (ऋजुमति) मनोज्ञान कोइकने

१ अवधिज्ञान विशुद्धिमां अल्प १, क्षेत्रथी अंगुलना असंख्यातमा भागथी आरंभी संपूर्णलोकप्रमाण २, स्वामिथी देव-नारक-गर्भजपर्याप्ततिर्यंच पंचेन्द्रिय-अने गर्भज मनुष्य ३, अने विषयथी सर्वरूपीद्रव्यने जाणनार छे ४, अने मनःप०ज्ञान तो विशुद्धिमां अधिक १, क्षे०थी २॥ द्वीप प्रमाण, २, स्वामि अप्रमत्तयति ३, अने विषयथी मनपणे परिणमेला पुद्गलो जाणे ४, ए प्रमाणे ए बेमां चार बाबतमां तफावत छे.

पतित थतुं नथी अने कोइकने पतित थाय छे, अने बीजुं ज्ञान केवलज्ञाननी प्राप्ति सुधी पतित थतुं नथी पण कायम रहे छे. ॥ ८६५ ॥ तत्त्वार्थवृत्तिमां कह्युं छे के—"वळी जेने विपुलमतिमनोज्ञान थयुं होय तेने ते ज्ञान केवलज्ञाननी प्राप्तिसुधी पडतुं नथी" तथा तत्त्वार्थना मूळसूत्रमां पण कह्युं छे के—"विशुद्धि अने अप्रतिपातिपणुं ए बे बाबतनो एबेमां तफावत छे" तथा योगशास्त्रनी वृत्तिमां पण कह्युं छे के—"ऋजु अने विपुल एम बे प्रकारनुं मनःपर्यायज्ञान छे,त्यां विशुद्धि अने अप्रतिपात पणे विपुलमति ( ऋजुमतिथी ) विशेषतावाळुं छे" ॥ १ ॥ ए प्रमाणे मनःपर्यवज्ञाननुं स्वरूप कह्युं.

केवलं यन्मतिज्ञानाद्यन्यज्ञानानपेक्षणात् । ज्ञेयानन्त्यादनन्तं वा, शुद्धं त्वावरणक्षयात् ॥ ८६६ ॥ सकलं वाऽऽदित एव, निःशेषावरणक्षयात् । अनन्यसदृशत्वेनाथवाऽसाधारणं भवेत् ॥ ८६७ ॥ भूतभाविभवद्भावस्वरूपोद्दीपकं स्वतः । तद् ज्ञानं केवलज्ञानं, केवलज्ञानिभिर्मतम् ॥ ८६८ ॥ इति केवलज्ञानम् ॥

अर्थ—केवलज्ञाननुं स्वरूप—मतिज्ञानादि अन्य ज्ञाननी अपेक्षा राखनार नहिं होवाथी केवल (एकलुं—एकज) अथवा ज्ञेय पदार्थ अनन्त होवाथी अनंत, अने ज्ञानावरणना सर्वथा क्षयथी शुद्ध ॥ ८६६ ॥ अथवा प्रथम समयेज सर्व आवरणनो क्षय थवाथी संपूर्ण ( पण प्रथम थोडुं अने पछी धीरे धीरे संपूर्ण थाय तेम नहिं ) अथवा एना सरखुं बीजुं कोइ ज्ञान नहिं होवाथी जे असाधारण छे ॥ ८६७ ॥ तथा भूत वर्तमान—अने भविष्य काळना स्वरूपने स्वतःप्रगट करनार एवा ते ज्ञानने केवलज्ञानीओए केवलज्ञान कहेलुं छे ॥८६८॥ ए प्रमाणे केवलज्ञाननुं स्वरूप कह्युं.

कुत्सितं ज्ञानमज्ञानं, कुत्सार्थस्य नञोऽन्वयात् । कुत्सितत्वं तु मिथ्यात्वयोगात् तत्त्रिविधं पुनः ॥ ८६९ ॥ मत्यज्ञानं श्रुताज्ञानं, विभङ्गज्ञानमित्यपि । अथ स्वरूपमेतेषां, दर्शयामि यथाश्रुतम् ॥ ८७० ॥ मतिज्ञानश्रुतज्ञाने, एव मिथ्यात्वयोगतः । अज्ञानसंज्ञां भजतो, नीचसङ्गादिवोत्तमः ॥८७१ ॥

तथोक्तम्–"अविसेसिया मइ च्चिय, सम्मद्दिट्ठिस्स सा मइ-न्नाणं । मइअन्नाणं मिच्छादिट्ठिस्स, सुअंपि एमेव" ॥ १ ॥ [अविशेषिता मतिरेव सम्यग्दृष्टेः सा मतिज्ञानं,मत्यज्ञानं मिथ्यादृष्टेः, श्रुतमपि एवमेव ॥१॥](सा० १८६) भंगा विकल्पा विरुद्धाः,स्युस्तेऽत्रेति विभङ्गकम् । विरूपो वाऽवधेर्भङ्गो,भेदोऽयं तद्विभङ्गकम् ॥ ८७२ ॥ एतच्च ग्रामनगरसन्निवेशादिसंस्थितम् । समुद्रद्वीपवृक्षादिनानासंस्थानसंस्थितम् ॥ ८७३ ॥

अर्थ–अज्ञाननुं स्वरूप–कुत्सा अर्थवाळा नञ् अव्ययनो (न कारनो) संबंध होवाथी [न–एटले] कुत्सित (अशोभनिक) ज्ञान ते अज्ञान कहेवाय. अहिं कुत्सित पणुं मिथ्यात्वना योगे छे, ते अज्ञान ३ प्रकारनुं छे ॥ ८६९ ॥ १ मतिअज्ञान-२ श्रुतअज्ञान-३ विभंगज्ञान. हवे ए त्रण अज्ञानोनुं स्वरूप सिद्धान्तने अनुसारे दर्शावुं छुं ॥ ८७० ॥ नीच पुरुषनी सोबतथी जेम उत्तम पुरुष नीचमां गणाय, तेम मिथ्यात्वना योगथी मतिज्ञान अने श्रुतज्ञान ( ए बे ज्ञान ) ज अज्ञानसंज्ञा (नाम) ने पामे छे ॥ ८७१ ॥ कह्युं छे के–"निश्चयथी मति तो कंइ पण भेद विनानीज छे परन्तु सम्यग्दृष्टिनी ते मति मतिज्ञान अने मिथ्यादृष्टिनी ते मति मतिअज्ञान छे. ए प्रमाणे श्रुत पण ( ज्ञान अज्ञान रूपे ) जाणवुं," ( इति विशेषावश्यके) तथा भंग एटले विकल्प (भेद) ते जेम (वि=एटले) विरुद्ध छे ते कारणथी ते विभंग ज्ञान कहेवाय, अथवा अवधिज्ञाननो जे विरूप (विपरीत ) भंग एटले भेद ते आ विभंगज्ञान कहेवाय ॥८७२॥ आ विभंग गाम, नगर, सन्निवेश ( ग्रामविशेष ) विगेरेना आकार वाळुं तथा समुद्रद्वीप अने वृक्षादि अनेक आकारे रहेलुं छे ॥८७३॥ आ प्रमाणे अज्ञानत्रिकनुं स्वरूप जाणवुं.

अज्ञानामप्यथैतेषां, विषयान् वर्णयाम्यहम् । द्रव्यक्षेत्रकालभावैर्द्रव्यतस्तत्र कथ्यते ॥ ८७४ ॥ सामान्यतो मतिज्ञानी, सर्वद्रव्याणि बुध्यते । विशेषतोऽपि देशादिभेदैस्तानवगच्छति ॥८७५॥ किन्तु तद्गतनिःशेषविशेषापेक्षयाऽस्फुटान् । एष धर्मास्तिकायादीन् पश्येत्सर्वात्मना तु न (पुनः) ॥ ८७६ ॥ योग्यदेशस्थितान् शब्दादींस्तु जानाति पश्यति ।

श्रुतभावितया बुद्ध्या, सर्वद्रव्याणि वेत्ति वा ॥ ८७७ ॥
लोकालोकौ क्षेत्रतश्च, कालतस्त्रिविधं च तम् । सर्वाद्धां वा भावतस्तु, भावानौदयिकादिकान् ॥ ८७८ ॥ आह च भाष्यकारः ॥ "आएसोत्ति पगारो, ओघादेसेण सव्वदव्वाइं । धम्मत्थिकाइयाइं जाणइ न उ सव्वभावेणं ॥८७९॥ खेत्तं लोगालोगं, कालं सव्वद्धमहव तिविहंपि(त्ति)। पंचोदइयाई ए, भावे जन्नेयमेवइयं ॥८८०॥ आएसोत्ति व सुत्तं, सुओवलद्धेसु तस्स मइनाणं । पसरइ तब्भावणया, विणावि सुत्ताणुसारेणं ॥८८१॥ (आदेश इति प्रकार ओघादेशेन सर्वद्रव्याणि । धर्मास्तिकायिकादीनि जानाति न तु सर्वभावेन ॥ १ ॥ क्षेत्रं लोकालोकं कालं सर्वाद्धामथवा त्रिविधमपि । पञ्चौदयिकादीन् भावान् यज्ज्ञेयमेतावत् ॥८८२॥ आदेश इति वा सूत्रं श्रुतोपलब्धेषु तस्य मतिज्ञानं । प्रसरति तद्भावनया विनापि सूत्रानुसारेण ॥ ८८३ ॥) ( सा० १८७ )' तत्त्वार्थवृत्तावप्युक्तं–"मतिज्ञानी तावत् श्रुतज्ञानोपलब्धेष्वर्थेषु यदाऽक्षरपरिपाटीमन्तरेण स्वभ्यस्तविद्यो द्रव्याणि ध्यायति तदा मतिज्ञानविषयः सर्वद्रव्याणि, न तु सर्वान् पर्यायान् अल्पकालविषयत्वान्मनसश्चासक्ते"रिति [सा० १८८] । इति मतिज्ञानविषयः ॥

अर्थ–आठे ज्ञानना विषयोना स्वरूपमां प्रथम मतिज्ञाननो विषय-हवे ए आठे ज्ञानना विषयोनुं स्वरूप हुं वर्णवुं छुं. त्यां विषयो द्रव्य-क्षेत्र-काळ-अने भाववडे चार प्रकारे कहेवाय छे. ॥ ८७४ ॥ मतिज्ञानी सामान्यतः सर्व द्रव्योने ( द्रव्यस्कंधोने ) जाणे छे. अने विशेषथी पण देश ( प्रदेशादि ) भेदे ते द्रव्योने जाणे छे ॥ ८७५ ॥ परन्तु ते द्रव्योमां रहेला सर्व विशेष धर्मोनी अपेक्षाए धर्मास्तिकायादि द्रव्योने अमगट पणे जुए छे ( जाणे छे ), परन्तु सर्वप्रकारे ( वर्णादि सर्व पर्याय पणे ) न जुए ( न जाणे. ) ॥ ८७६ ॥ तथा योग्य स्थाने ( इ-

न्द्रिय ने मन ग्रहण करी शके तेवा स्थाने ) रहेला शब्दादि विषयोने जाणे छे अने देखे छे, अथवा श्रुतवडे संस्कार पामेली बुद्धिथी ( मतिज्ञानी जीव ) सर्व द्रव्योने ( अर्थात् सर्वस्थाने रहेला विषयादिने ) जाणे छे. ॥ ८७७ ॥ तथा क्षेत्रथी लोक अने अलोक, तेमज काळथी भूत–वर्तमान–ने भविष्य काळने, अथवा सर्व काळने, अने भावथी औदयिकादि भावोने जाणे ॥ ८७८ ॥ भाष्यकारे कह्युं छे के–"आदेश एटले प्रकार. त्यां सामान्य प्रकारथी धर्मास्तिकायादि सर्व द्रव्योने जाणे, परन्तु सर्व भाववडे न जाणे [ अर्थात् सर्व पर्यायो न जाणे ], तथा क्षेत्रथी लोकालोक जाणे, अने काळथी त्रणे प्रकारना काळने अथवा सर्व काळने जाणे, अने भावथी औदयिकादिक पांच भावोने जाणे, कारणके मतिज्ञानने एटलुं ज ज्ञेय ( जाणवा योग्य ) छे. ॥ ८७९ ॥ अथवा आदेश एटले सूत्र ते सूत्र [ शास्त्र ] वडे उपलब्ध ( प्राप्त करेला–जाणेला ) पदार्थोमां ते सूत्रनी भावना विना पण ( ते शास्त्रना चिंतवनविना पण ) ते मतिज्ञानीनुं मतिज्ञान सूत्रने अनुसारे प्रसरे छे" तथा तत्त्वार्थ वृत्तिमां पण कह्युं छे के–"प्रथम श्रुतज्ञानवडे जाणेला पदार्थोमां ज्यारे अक्षरनी परिपाटीविना सारी रीते भणेली विद्यावाळो मतिज्ञानी द्रव्योने चिंतवे छे त्यारे मतिज्ञाननो विषय सर्व द्रव्य होय छे. परन्तु सर्व पर्यायोने जाणतो नथी, कारणके मतिनो विषय अल्पकाळवाळो छे, अने मननी शक्ति [ तेटला अल्प काळमां सर्व पर्यायो जाणे तेवी ) नथी." ए रीते मतिज्ञाननो विषय कह्यो. ॥ ८८० ॥

भावश्रुतोपयुक्तः सन् जानाति श्रुतकेवली । दशपूर्वादिभृद् द्रव्याण्यभिलाप्यानि केवलम् ॥ ८८१ ॥ यद्यप्यभिलाप्यार्थानन्तांशोऽस्ति श्रुते तथाप्येते । सर्वे स्युः श्रुतविषयः, प्रसङ्गतोऽनुप्रसङ्गाच्च ॥ ८८२ ॥ यथाहुः ॥ पन्नवणिज्जा भावा, अणंतभागो उ अणभिलप्पाणं । पन्नवणिज्जाणं पुण, अणंतभागो सुअनिबद्धो ॥१॥ (प्रज्ञापनीया भावाः अनन्तभागस्त्वनभिलाप्यानाम् । प्रज्ञापनीयानां पुनः, अनन्तभागः श्रुतनिबद्धः ॥१॥ ( सा० १८९ ) तथा ॥ श्रुतानुवर्तिमनसा, ह्यचक्षुर्दर्शनात्मना । दशपूर्वादिभृद् द्रव्याण्यभिलाप्यानि पश्य-

ति ॥८८३॥ तदारतस्तु भजना, विज्ञेया धीविशेषतः । वृद्धैस्तु पश्यतीत्यत्र, तत्त्वमेतन्निरूपितम् ॥ ८८४ ॥ सर्वात्मनाऽदर्शनेऽपि,पश्यत्येव कथञ्चन । ग्रैवेयकानुत्तरादिविमानालेख्यनिर्मितेः- ॥८८५॥ नो चेत्स्यात्सर्वथाऽदृष्टस्यालेख्यकरणं कुतः ? । तुर्योपाङ्गे श्रुतज्ञानपश्यत्ताऽपि प्ररूपिता ॥८८६॥ (सा० ११०) क्षेत्रतः कालतोऽप्येवं, भावतो वेत्ति सश्रुतः । भावानौदयिकादीन् वा, पर्यायान्वाऽभिलाप्यगान् ॥ ८८७ ॥ इति श्रुतज्ञानविषयः ॥

अर्थ—श्रुतज्ञाननो विषय—भावश्रुतमां उपयोगवाळा थया छता श्रुतकेवली (१४ पूर्वधर भगवन्तो तथा) १० पूर्वधर वगेरे केवळ अभिलाप्य द्रव्योने (वचन गोचर पदार्थोने ) जाणे छे ॥ ८८१ ॥ जो के श्रुतमां ( शास्त्रमां ) तो अभिलाप्य अर्थनो (पदार्थनो) अनंतमो भाग ज (गुंथायलो) छे तो पण आ सर्व अभिलाप्य भावो प्रसंग अने अनुप्रसंगथी श्रुतज्ञानना विषय थाय छे ज. ॥८८२॥ कह्युं छे के—" प्रज्ञापनीय ( प्ररूपणायोग्य अभिलाप्य ) भावो अनभिलाप्य भावोथी अनंतमा भागे छे, अने ते प्रज्ञापनीय भावनो वळी अनंतमो भाग श्रुतमां गुंथायलो छे" तथा श्रुतने अनुसारे वर्तता अचक्षुदर्शन रूप मनवडे दशादि पूर्वधरो अभिलाप्य द्रव्योने देखे छे. ॥ ८८३ ॥ तेथी ओछा ज्ञानवाळा बुद्धिनी विशेषताए (अभिला० भावोने ) देखे अने न पण देखे. आ स्थाने " पश्यति—देखे " ए अर्थनुं तत्त्व वृद्धोए आ प्रमाणे कह्युं छे. ॥ ८८४ ॥ सर्वरूपे नहिं देख्या छतां पण कोइक अपेक्षाए ग्रैवेयक अने अनुत्तरनां विमाननी चित्र रचना रचाती होवाथी "देखे छे" ए ठीकज छे. ॥८८५॥ जो तेम न होय तो सर्वथा नहिं देखेली चीजनी

१ केवली चरमो जम्बूः स्वाम्यथ प्रभवः प्रभुः । शय्यम्भवो यशोभद्रः, सम्भूतविजयस्तथा ॥१॥ भद्रबाहुः स्थूलभद्रः श्रुतकेवलिनो हि षट् । महागिरिसुहस्त्याद्या वज्रान्ता दशपूर्विणः ॥२॥ श्रुतकेवलि भगवंतोने सर्वज्ञसरखं निर्वाह्य एवुं विशेषण पण अपाय छे.

२ " स्मृतस्योपेक्षानर्हत्वं प्रसङ्गः " स्मरणमां आवेलानुं उपेक्षा करवा लायकपणुं नथी ते प्रसङ्ग अने प्रसङ्गप्राप्तमां स्मरणमां आवेलनुं उपेक्षालायकपणुं नहि ते अनुप्रसङ्ग जेम छ द्रव्यना व्याख्यानमां जीवद्रव्यनु वर्णन आवे ते प्रसंगथी कहेवाय, अने तेज चालु वर्णनमां जीवना संबंधमां ज्ञाननुं वर्णन आवे ते अनुप्रसंगथी कहेवाय.

आकृति चितरवी केम बनी शके ? माटे चोथा उपाङ्गमां (श्रीपन्नवणाजीमां) श्रुतज्ञानथी देखवापणुं पण कह्युं छे. ॥ ए प्रमाणे श्रुतज्ञानी काळथी (त्रणे या सर्व-काळ ) अने क्षेत्रथी 'लोकालोक) अने भावथी औदयिकादि भावोने अथवा अभिलाप्य पदार्थगत पर्यायने जाणे छे ॥ ८८७ ॥ ए प्रमाणे श्रुतज्ञाननो विषय कह्यो.

द्रव्यतोऽथावधिज्ञानी, रूपिद्रव्याणि पश्यति । भाषातैजसयोरन्तःस्थानि तानि जघन्यतः ॥ ८८८ ॥ उत्कर्षतस्तु सर्वाणि, सूक्ष्माणि बादराणि च । विशेषाकारतो वेत्ति, ज्ञानत्वादस्य निश्चितम् ॥ ८८९ ॥ क्षेत्रतोऽथावधिज्ञानी, जघन्याऽत्ति पश्यति । असंख्येयतमं भागमङ्गुलस्योपयोगतः ॥८९०॥ विशेषश्चात्र ॥ "जावइया तिसमयाहारगस्स सुहुमस्स पणगजीवस्स । ओगाहणा जहण्णा, ओहिक्खित्तं जहन्नं तु ॥९९१॥" (यावती त्रिसमयाहारकस्य सूक्ष्मस्य पनकजीवस्य । अवगाहना जघन्या, अवधिक्षेत्रं जघन्यं तु ॥१॥) इति नन्दीसूत्रादिषु । [सा० १९१] नन्दीवृत्तौ च ॥ "योजनसहस्रमानो, मत्स्यो मृत्वा स्वकायदेशे यः । उत्पद्यते हि पनकः, सूक्ष्मत्वेनेह स ग्राह्यः ॥ ८९२ ॥ संहृत्य चाद्यसमये, स ह्यायामं करोति च प्रतरम् । संख्यातीताख्याङ्गुलविभागबाहल्यमानं तु ॥ ८९३ ॥ स्वतनुपृथुत्वमात्रं, दीर्घत्वेनापि जीवसामर्थ्यात् । तमपि द्वितीयसमये,संहृत्य करोत्यसौ सूचिम् ॥८९४॥ संख्यातीताख्याङ्गुलविभागविष्कम्भमाननिर्दिष्टाम् । निजतनुपृथुत्वदीर्घां ( दैर्घ्यां)तृतीयसमये तु संहृत्य ॥८९५॥ उत्पद्यते च पनकः,स्वदेहदेशे स सूक्ष्मपरिणामः । समयत्रयेण तस्यावगाहना यावती भवति ॥ ८९६॥ तावज्जघन्यमवधेरालम्बनवस्तुभाजनं क्षेत्रम् । इदमित्थ-

मेव मुनिगणसुसंप्रदायात्समवसेयम् ॥ ८९७ ॥ ( सा० १९२ ) तथा ॥ "मच्छो महल्लकाओ, संखित्तो जो उ तीहिं समएहिं । स किर पयत्तविसेसेण, सण्हमोगाहणं कुणइ ॥ १ ॥ सण्हयरा सण्हयरो, सुहुमो पणओ जहन्नदेहो य । स बहुविसेसविसिट्ठो, सण्हयरो सव्वदेहेसु ॥ ८९८ ॥ पढमबिएऽइसण्हो, जमइत्थूलो चउत्थयाईसु । तइयसमयंमि जुग्गो, गहिओ तो तिसमयाहारो ॥ ८९९ ॥ ( मत्स्यो महाकायः संक्षिप्तो यस्तु त्रिभिः समयैः । स किल प्रयत्नविशेषेण श्लक्ष्णामवगाहनां करोति ॥ १ ॥ श्लक्ष्णतरात् श्लक्ष्णतरः सूक्ष्मः पनकः जघन्यदेहश्च । स बहुविशेषविशिष्टः श्लक्ष्णतरः सर्वदेहेषु ॥ २ ॥ प्रथमद्वितीययोरतिश्लक्ष्णो,यदति स्थूलः चतुर्थकादिषु । तृतीयसमये योग्यः गृहीतस्ततः त्रिसमयाहारः ॥)[ सा० १९३ ]अलोके लोकमात्राणि, पश्येत्खण्डान्यसंख्यशः । उत्कृष्टतोऽवधिज्ञानविषयः शक्त्यपेक्षया ॥ ९०० ॥ असंख्यभागमावल्या, जघन्यादेष पश्यति । उत्सर्पिण्यवसर्पिण्य, उत्कर्षेण त्वसंख्यकाः ॥ ९०१ ॥ अतीता अपि तावत्यस्तावत्योऽनागता अपि । तावत्काले भूतभाविरूपिद्रव्यावबोधतः ॥ ९०२ ॥ पर्यायान् भावतोऽनन्तानेष वेत्ति जघन्यतः । आधारद्रव्यानन्त्येन. प्रतिद्रव्यं तु नेयतः ॥९०३॥ उत्कर्षतोपि पर्यायाननन्तान् वेत्ति पश्यति । सर्वेषां पर्यवाणां चानन्तेंऽशे तेऽपि पर्यवाः ॥ ९०४ ॥

अर्थ–अवधिज्ञाननो विषय–हवे अवधिज्ञानी द्रव्यथी सर्व रूपी द्रव्योने देखे, अने ते पण तैजस अने भाषा वर्गणानी वच्चे रहेला (अग्राह्यवर्गणाना) द्रव्योने

१ श्लोकनी अंदर भाषा शब्द अल्प स्वरवाळो होवाथी व्याकरणना नियमथी तेनो पूर्वनिपात (पहेलुं ग्रहण) थयो छे. वर्गणाओना क्रममां तो पहेली तैजस (औदारिकादि आठ मांहे वर्गणाओनी अपेक्षाये चोथी ) अने


# मत्स्यात्मप्रदेशसंहार   चित्र नंबर ११

## महामत्स्यना स्वभावस्थ आत्मप्रदेशो.

१




२



प्रथम समये संहरणथी थयेलुं
मत्स्यात्म प्रदेशोनुं प्रतर

३



बीजे समये थयेलो
मत्स्यात्म प्रदेशोनो दंड
(अथवा सूची)

एज मत्स्यनी कायामां पनकपणे उत्पन्न थयेलो एज
मत्स्यनो आत्मा




आ मत्स्यना कलेवरमां जे अंगुलासंख्येय भागमात्रनी अवगाहनाए सूक्ष्मपनक उत्पन्न थयो छे तेटली अवगाहना प्रमाण अवधिज्ञाननुं जघन्य क्षेत्र जाणवुं.

१ आ मत्स्यना शरीरनी तथा आत्मप्रदेशावगाहनानी लंबाई १००० योजननी छे.

२ आ मत्स्यना आत्मप्रदेशना प्रतरनी लंबाई पहोळाई मत्स्यना शरीरनी पहोळाई जेवडी अने जाडाई अंगुलासंख्येय भाग प्रमाण छे.

३ आ मत्स्यना आत्मप्रदेशनी सूचिनी लंबाई उपरना प्रतर जेटली परंतु मत्स्यना शरीरनी पहोळाई जेटली अने पहोळाई तथा जाडाई अंगुलासंख्येय भाग प्रमाण छे.

४ आ मत्स्यना कलेवरमां पनकपणे उत्पन्न थयेल मत्स्य जीवनी अवगाहना अंगुलासंख्येय भाग प्रमाण छे तेटलुं अवधिज्ञाननुं जघन्य क्षेत्र छे.

---

आनंद प्रो. प्रेस—भावनगर.

जघन्यथी जाणे ॥ ८८८ ॥ अने उत्कृष्टथी तो सर्व बादर अने सर्व सूक्ष्मद्रव्योने विशेष आकारथी (विशेष धर्मयुक्त) जाणे, कारणके एने निश्चयथी ज्ञानपणुं कहेलुं छे. ॥ ८८९ ॥ हवे अवधिज्ञानी उपयोग वडे ( उपयोग मूके तो ज अव० ज्ञा० होय माटे उपयोगथी ) क्षेत्रथी जघन्यपणे अंगुलनो असंख्यातमो भाग जाणे ॥ ८९० ॥ अहिं विशेष ए छे के–त्रण समय आहारक ( त्रण समय आहार करता थया छे जेने ) एवा सूक्ष्मवनस्पति जीवनी जेटली जघन्य अवगाहना छे तेटलुं अवधिज्ञाननुं जघ० क्षेत्र छे. ॥८९१॥ ए प्रमाणे श्री नन्दीसूत्र विगेरेमां कह्युं छे. अने श्रीनन्दीसूत्रनी वृत्तिमां कह्युं छे के. १००० योजन प्रमाण कायावाळो जे मत्स्य मरण पामीने पोतानाज शरीरना कोइ एक भागमां सूक्ष्म वनस्पति पणे उपजे तेज जीव अहिं सूक्ष्मपणावडे ग्रहण करवो ॥८९२॥ ते (महाकायी) मत्स्य (पोताना आत्मप्रदेशोनो) दीर्घताने प्रथम समये सङ्कोची प्रतर करे, ते प्रतर अंगुलना असंख्यातमा भाग प्रमाण जाडुं अने लंबाइमां पण पोताना शरीरनी पहोळाइना प्रमाणवाळुं, ( पहोळाइथी पण स्वशरीर प्रमाणज ) करे वळी बीजे समये ते प्रतरने पण सङ्कोची आत्म सामर्थ्यवडे ते महाकायी मत्स्य (स्वप्रदेशोनी) सूची करे (ते सूचि) अंगुलना असंख्यातमा भागनी विष्कम्भ प्रमाणवाळी ( पहोळीने जाडी) बनावी छे, अने पोताना शरीरना विस्तार जेटली दीर्घ (स्वदेहनी पहोळाइ जेटली दीर्घ) बनावे छे, एवी रीते बनावेली सूचीने त्रीजे समये सङ्कोची ॥८९४॥ ( ते मत्स्य ) पोताना शरीरना एक भागमां पनकपणे (सूक्ष्म वनस्पतिपणे) उत्पन्न थाय ते सूक्ष्म परिणामवाळो जाणवो, ते पनकनी उत्पन्न थया बाद त्रण समयमां जेटली अवगाहना थाय ॥८९५॥ तेटलुं क्षेत्र अवधिज्ञानना आलम्बन पदार्थोनुं (अवधिज्ञानना विषयभूत पदार्थोनुं) भाजनरूप जघन्यक्षेत्र जाणवुं, आ जघ० क्षेत्र मुनिग

त्यारबाद भाषा ( औ० ग्रा० अपे० पांचमी ) वर्गणा कहेली छे, भाषानी अपेक्षाये तैजस स्थूल छे, अने तैजसनी अपेक्षाये भाषा सूक्ष्म छे. माटे तेज वर्गणा क्रम घटी शके छे. अने अग्राह्य द्रव्यो तैजसनी नजीक होय ते गुरुलघु अने भाषानी नजीक होय ते अगुरु लघु जाणवा.

पना उत्तम सम्प्रदायथी (आम्नायथी) ए प्रमाणेज जाणवुं तथा (श्री विशेषा० मां कहयुं छे के:–) जे मत्स्य महाकायावाळो होय ते निश्चय प्रयत्नविशेषथी त्रण

१ अहिंयी सर्व विशेषा० नो अर्थ प्रश्नना जवाब रूपे छे, परन्तु ते प्रश्नो कया कया ? तेनी गाथा चालु विषयमां नहि देखाडेली होवाथी अहिं दर्शावाय छे,

> किं मच्छोऽतिमहल्लो, किं तिसमयओ व कीस वा सुहुमो ?
> गहिओ कीस य पणओ, किंव जहन्नावगाहणओ ? ॥१॥

अर्थ—मच्छ (अने ते पण) अति मोटी कायावाळो केम ग्रहण कर्यो ? त्रण समयना आहारवाळो केम ? सूक्ष्म केम ? पनक शामाटे ? अने ते पनक पण जघन्यावगाहनावाळो केम ग्रहण कर्यो ? ( ए प्रश्नोनो जवाब उपर आवी गयो छे तो पण संक्षेपमां सुगमतापूर्वक समजवा माटे प्रश्नोत्तर लख्या छे.

प्रश्नः–बीजा जीवो नहि ग्रहण करतां मच्छ केम ग्रहण कर्यो ?

उत्तर—बीजा जीवो पणी मोटी कायावाळा १००० जोजन जेटला होय स्वदेहमां अति सूक्ष्म पनक पणे उपजता नथी माटे.

प्रश्नः—हजार योजन अधिक कायवाळी प्रत्येक वनस्पति सू० पनक पणे स्वदेहमां उपजी शके छे तो ते केम न ग्रहण करी ?

उत्तरः— मच्छनी अपेक्षाए एकें० वनस्प०नो मंद प्रयत्न होवाथी पनकपणे उपजतां अति सूक्ष्मता न थाय पण स्थूल पनकपणे उपजे माटे.

प्रश्नः—पोतानी कायामांज उत्पन्न थाय ए विशेषण शा माटे ?

उत्तरः—परस्थाने अने वक्रगतिए जतां आत्मप्रदेशोनो विस्तार थवाथी अति सूक्ष्मता न थाय माटे. (अने स्वकायमां तो ऋजु गतिए ज उत्पन्न थवाय तेथी सूक्ष्मता प्राप्त थई शके. )

प्रश्नः—त्रण समयना आहारवाळो ए विशेषण केम ?

उत्तरः—पहेला अने बीजा समयना आहारवाळो पनक अत्यंत सूक्ष्म, अने चोथादि समयवाळो पनक स्थूल होय छे, अने जघ० अव० क्षेत्र तेटलुं नहि पण त्रिसमयाहारक जेटलुंज छे माटे.

प्रश्नः—सूक्ष्म केम ?

उत्तरः—स्थूल पनकनी सर्वजघन्य अवगाहनाथी पण अव०नुं जघ० क्षेत्र अल्प होय छे माटे.

प्रश्नः— पनकपणे उत्पन्न थाय एम शामाटे ?

उत्तरः—पनक सिवाय बीजो जीव अति सूक्ष्म न होय माटे.

प्रश्नः—ते सूक्ष्मपनक पण जघ० अवगाहनावाळो केम ग्रहण कर्यो ?

उत्तर—जघ० अवधिनुं क्षेत्र तेटलुंज होवाथी. ( अहिं केटलाक प्रश्न गाथाना अने केटलाक प्रश्न अध्याहारथी लइने पण प्रश्नोत्तरमां विषय पूर्ण कर्यो छे ते उपरना अर्थ साथे यथायोग्य विचारवो. )

समयमां ( आत्म प्रदेशोने ) सङ्कोच करतो छतो सूक्ष्म अवगाहना करे छे. ॥ ८९६ ॥ वळी मत्स्यमां सूक्ष्म अने जघन्य शरीरवाळो पुरुषानकज होय छे. अने ते पण पूर्वे कहेलां अति घणां विशेषणो ( १००० जोजननो-स्वदेहे उत्पन्न थनार-पनकपणे उत्पन्न थनार-त्रण समयना आहारवाळो-ए विशेषणो ) वाळो ज सर्व देहमां सूक्ष्मदेहवाळो होय छे. ॥ ८९७ ॥ त्यां पहेला अने बीजा समयमां अतिसूक्ष्म होय छे, अने चोथादि समयमां अतिस्थूल होय छे, माटे त्रीजे समयेज (अवधिना जघ० क्षेत्रने ) योग्य थाय छे, तेथी अहिं त्रण समयना आहारवाळो एवुं विशेषण कह्युं. ॥ ८९९ ॥ उत्कृष्टथी अलोकमां लोक जेवडा असंख्यात खण्ड देखे. ए अवधिज्ञाननो ( क्षेत्रथी ) उ० विषय शक्तिनी अपेक्षाए कह्यो. ॥ ९०० ॥ वळी ए अव० ज्ञानी [ काळथी ] जघ० पणे आवलिकानो असंख्यातमो भाग देखे, अने उत्कृष्ट पणे असंख्य अवसर्पिणी उत्सर्पिणी देखे. ॥ ९०१ ॥ भूतकाळमां पण तेटली अने भविष्यकाळमां पण तेटली अवस०-उत्स० देखे, अर्थात् तेटला काळ सुधीमां रूपी द्रव्यने (व्यतीत अने अनागत काळना द्रव्योने) देखे माटे. ॥९०२॥ तथा अव०ज्ञानी (भावथी) अनन्त पर्यायो जाणे, ते पण ज्ञेयद्रव्य अनन्त होवाथी ( अनन्त पर्याय जाणे.) प्रत्येक द्रव्यमां (एटला) अनन्त पर्याय न जाणे, नो यतः एवो पाठ राखीये तो जे कारण माटे एवो अर्थ करवो ( परन्तु अनन्त द्रव्यना मळीने अनन्त) अने एक द्रव्यमां असंख्य पर्याय जाणे. ॥ ९०३ ॥ तथा उत्कृष्टथी पण अनन्त पर्याय जाणे अने देखे ते पण सर्व पर्यायोना अनन्तमां भाग जेटला अनन्त पर्याय जाणे. ॥ ९०४ ॥

अथावधेर्विषययोर्नियमः क्षेत्रकालयोः । मिथो विभाव्यते वृद्धिमाश्रित्य श्रुतवर्णितः ॥ ९०५ ॥ अङ्गुलस्यासंख्यभागं, क्षेत्रतो यो निरीक्षते । आवल्यसंख्येयभागं, कालतः स निरीक्षते ॥ ९०६ ॥ प्रमाणाङ्गुलमत्राहुः, केचित्क्षेत्राधिकारतः । अवधेरधिकाराच्च, केचनात्रोच्छ्रयाङ्गुलम् ॥९०७॥ यश्चाङ्गुलस्य संख्येयं, क्षेत्रतो भागमीक्षते । आवल्या अपि संख्येयं, कालतोऽशं स वीक्षते ॥ २०८ ॥ संपूर्णमङ्गुलं यस्तु, क्षेत्रतो वीक्षते

जनः । पश्येदावलिकान्तः स, कालतोऽवधिचक्षुषा ॥ १०२ ॥ पश्यन्नावलिकां पश्येदङ्गुलानां पृथक्त्वकम् । क्षेत्रतो हस्तदर्शी च, मुहूर्त्तान्तः प्रपश्यति ॥ ११० ॥ कालतो भिन्नदिनदृग्, गव्यूतं क्षेत्रमीक्षते । योजनक्षेत्रदर्शी च, भवेद्दिनपृथक्त्वदृक् ॥ १११ ॥ कालतो भिन्नपक्षेक्षी, पंचविंशतियोजनीम् । क्षेत्रतो वेत्ति भरतदर्शी पक्षमनूनकम् ॥ ११२ ॥ जानाति जम्बूद्वीपं च, कालतोऽधिकमासवित् । कालतो वर्षवेदी स्यात्, क्षेत्रतो नरलोकवित् ॥ १३ ॥ रुचकद्वीपदर्शी च, पश्येद्वर्षपृथक्त्वकम् । संख्येयकालदर्शी च, संख्येयान् द्वीपवारिधीन् ॥ ११४ ॥ सामान्यतोऽत्र प्रोक्तोऽपि, कालः संख्येयसंज्ञकः । विज्ञेयः परतो वर्षसहस्रादिह धीधनैः ॥ ११५ ॥ असंख्यकालविषयेऽवधौ च द्वीपवार्धयः । भजनीया असंख्येयाः, संख्येया अपि कुत्रचित् ॥ ११६ ॥ विज्ञेया भजना चैवं, महान्तो द्वीपवार्धयः । संख्येया एव किंचैकोऽप्येकदेशोऽपि संभवेत् ॥ ११७ ॥ तत्र स्वयम्भूरमणतिरश्चोऽसंख्यकालिके । अवधौ विषयस्तस्याम्भोधेः स्यादेकदेशकः ॥ ११८ ॥ योजनापेक्षयाऽसंख्यमेव क्षेत्रं भवेदिह । असंख्यकालविषयेऽवधाविति तु भाव्यताम् ॥ ११९ ॥ कालवृद्धौ द्रव्यभाव--क्षेत्रवृत्तिरसंशयम् । क्षेत्रवृद्धौ तु कालस्य, भजना क्षेत्रसौक्ष्म्यतः ॥ १२० ॥ द्रव्यपर्याययोर्वृद्धिरवश्यं क्षेत्रवृद्धितः । अत्र शेषो विशेषश्च, ज्ञेय आवश्यकादितः ॥१२१॥ अवध्यविषयत्वेनामूर्त्तयोः क्षेत्रकालयोः । उक्तक्षेत्रकालवर्तिद्रव्ये कार्याऽत्र लक्षणा ॥ १२२ ॥ इत्यवधिज्ञानविषयः ॥

अर्थ–अवधिज्ञानना विषयभूत क्षेत्रकालनो संबंध हवे अवधिज्ञानना विषयरूप क्षेत्र अने काळ सम्बन्धि परस्पर नियम वृद्धिनी अपेक्षाए सिद्धान्तमां

वर्णवेलो छे ते दर्शावाय छे. ॥ ९०५ ॥ जे अवधिज्ञानी क्षेत्रथी अङ्गुलनो असंख्यातमो भाग देखे छे, ते अवधिज्ञानी काळथी आवलिकानो असंख्यातमो भाग देखे छे. ॥ ९०६ ॥ अहिं क्षेत्रनो अधिकार होवाथी केटलाएक आचार्य प्रमाणाङ्गुल (नुं माप) कहे छे. अने केटलाएक अहिं अवधिज्ञाननो अधिकार होवाथी उत्सेधांगुल (नुं माप) कहे छे. जे क्षेत्रथी अङ्गुलनो संख्यातमो भाग देखे ते काळथी आवलिकानो पण संख्यातमो भाग देखे ॥९०७॥ जे मनुष्य क्षेत्रथी संपूर्ण अङ्गुल देखे ते अवधिरूप चक्षुवडे काळथी देशोन (किंचिन्न्यून) आवलिका देखे ९०८॥ संपूर्ण आवलिकाने देखतो अवधिज्ञानी अङ्गुल पृथक्त्व क्षेत्र देखे,अने क्षेत्रथी १ हाथने देखनारो काळथी अन्तर्मु० देखे ॥९०९॥ काळथी देशोन एक दिवसने देखनार क्षेत्रथी १ गाउ देखे, अने क्षेत्रथी १ योजन देखनारो काळथी दिवस पृथक्त्वने देखनार होय ॥ ९१० ॥ काळथी देशोन पखवाडीयाने देखनार क्षेत्रथी २५ योजन देखे. अने क्षेत्रथी भरतक्षेत्रने देखनार काळथी संपूर्ण पखवाडीयुं देखे ॥ ९११ ॥ काळथी साधिक १ मास देखनारो क्षेत्रथी जम्बूद्वीपने, अने काळथी १ वर्षने जाणनारो क्षेत्रथी मनुष्यक्षेत्र जाणनारो होय छे. ॥ ९१२ ॥ क्षेत्रथी रुचक द्वीप देखनार काळथी वर्ष पृथक्त्व देखे. अने संख्यात काळ देखनारो संख्यात द्वीपसमुद्रने देखे ॥ ९१३ ॥ अहिं सामान्यतः कहेलो संख्यातकाळ पण बुद्धिमानोए १००० वर्षथी उपरनो ज जाणवो. ॥ ९१४ ॥ असंख्यकाळना विषयवाळा अवधिज्ञानमां असंख्यात द्वीप वा समुद्रोनुं ज्ञान भजनाए (विकल्पे) जाणवुं, कारणके कोइक असंख्यकाळावधिवाळो संख्यात द्वीप समुद्र पण जाणे ॥९१५॥ ते भजना आ प्रमाणे जाणवी के—मोटा द्वीप-समुद्रो असंख्ययोजनना प्रमाणवाळा संख्यात ज, अथवा ( तेथी मोटो ) एकज, अथवा ( तेथी पण मोटो ) एक द्वीप वा समुद्रनो एक विभाग पण देखवानुं संभवे, ॥ ९१६ ॥ त्यां स्वयम्भूरमण समुद्रमां वसता तिर्यंचने असंख्यकाळना विषयवाळुं अवधिज्ञान होय तो ते अव० ज्ञाननो ( क्षेत्रथी ) विषय ते स्वयम्भू० समुद्रनो एक विभागज होय. ॥ ९१७ ॥ अहिं असंख्यकाळवाळा अवधिज्ञानना विषयमां योजननी अपेक्षाए असंख्य ज क्षेत्र छे. एम जाणवुं. ॥ ९१८ ॥ पुनः ( अवधिज्ञानना विषयमां ) जेम जेम काळनो विषय वृद्धि पामतो जाय तेम तेम द्रव्य—क्षेत्र—अने भाव विषयनी वृद्धि निश्चय होय, ॥९१९॥ अने क्षेत्र विषयनी वृद्धिमां काळ-

वृद्धिनी भजना जाणवी. कारणके काळ करतां क्षेत्र सूक्ष्म छे माटे. ॥ ९२० ॥ तथा क्षेत्रनी वृद्धिथी द्रव्य अने पर्यायनी अवश्य वृद्धि थाय. अहिं बाकीनुं विशेष वर्णन आवश्यकादिकथी जाणवुं. ॥९२१॥ अमूर्त (अरूपी) एवा क्षेत्र अने काळ ते अवधिनो विषय नहिं होवाथी कहेला क्षेत्रकाळमां वर्तनारा द्रव्यमां ते बन्नेनी (क्षेत्र--काळनी) लक्षणा करवी. ॥ ९२२ ॥ ए प्रमाणे अवधिज्ञाननो विषय कह्यो.

१-२-३ एक प्रमाणाङ्गुल जेटली श्रेणिप्रमाण आकाश खण्डना दरेक समये एक एक आकाशप्रदेशनो अपहार करतां असंख्य उत्सर्पिणी अवसर्पिणीओ वीति जाय. माटे काळ करतां आकाश सूक्ष्म छे. तेथी घणुं क्षेत्र वधे तो ज काळनी वृद्धि थाय अन्यथा नहि. माटे भजना, अने द्रव्य क्षेत्र करतां पण सूक्ष्म छे, कारण एक आकाशप्रदेशमां अनन्तपरमाणु तथा अनन्तप्रादेशिक स्कन्धोनी अवगाहना थाय छे. अने द्रव्यथी पण पर्याय घणा सूक्ष्म छे. कारण एक परमाणुरूप स्कन्धमां पण अनन्तपर्यायोनो संभव होय, ते माटे क्षेत्रवृद्धिमां द्रव्यवृद्धि तथा पर्यायनी वृद्धि निश्चयथी थाय छे, द्रव्यवृद्धिमां काळवृद्धि तथा क्षेत्रवृद्धिनी भजना जाणवी, पण पर्यायवृद्धि निश्चयथी जाणवी. पर्यायवृद्धिमां काळवृद्धि, क्षेत्रवृद्धि तथा द्रव्यवृद्धि त्रणेनी भजना समजवी. आज कारणने लइने क्षेत्रथी अंगुलनो असंख्यातमो भाग अने काळथी आवलिकानो असंख्यातमो भाग जे जघन्य अवधिविषय कह्यो छे तेमां आवलिकाना असंख्यातमा भागमां जेटला समयो छे, ते करतां अंगुलना असंख्यातमा भागमां आकाशप्रदेशो असंख्यात गुणा छे, एज प्रमाणे सर्व स्थले काळ करतां क्षेत्र असंख्यातगणुं समजवुं. वळी अवधिज्ञानना जघन्य विषयक्षेत्र प्रमाण माटे जे त्रिसमयाहारक पनक लीधो छे, तेमां केटलाको "पहेलो प्रतरसमय बीजो सूचिसमय अने त्रीजो उत्पत्तिसमय ए त्रणे समयमां ऋजुगतिथी आवेल होवाथी आहारक ज छे माटे ते लेवो अने ते जघन्य अवगाहनावाळो पण छे." तेम कहे छे, पण ते अयुक्त छे, कारण त्रिसमयाहारक ए पनकनुं विशेषण छे अने प्रतर तथा सूचि समयो तो मत्स्यभवना छे माटे पनकभवमां उत्पत्तिथी त्रीजो समय लेवो तेज व्याजवी छे, अवधिज्ञानना सम्बन्धमां चौद द्वारोनुं वर्णन आवश्यकवृत्ति आदिथी जाणवुं.

४ "शक्यार्थबाधे शक्यसम्बन्धो लक्षणा" जे अर्थमां जे पदनी शक्ति होय ते अर्थ ते पदनुं शक्य कहेवाय, ते शक्यार्थनो बाध छतां शक्यनो संबन्ध ते लक्षणा कहेवाय जेम "गङ्गायां घोषः" ए ठेकाणे गङ्गापदनुं शक्य गङ्गा नदी प्रवाह तेमां घोष एटले गायना नेहडानो बाध छे (न संभवी शके)

स्कन्धाननन्तानृजुधीरुपयुक्तो हि पश्यति । नृक्षेत्रे संज्ञिपर्याप्तैर्मनस्त्वेनोररीकृतान् ॥ १२३ ॥ मनोज्ञानस्य नितरां, क्षयोपशमपाटवात् । विशेषयुक्तमेवासौ, वेत्ति वस्तु घटादिकम् ॥ १२४ ॥ स्कन्धान् जानाति विपुलधीश्च तानेव साधिकान् । अपेक्ष्य द्रव्यपर्यायान्, तथा स्पष्टतरानपि ॥ १२५ ॥ द्विधा मनःपर्यवस्य, द्रव्यतो विषयो ह्ययम् । विषयं क्षेत्रतोऽथास्य, ब्रवीमि ऋजुधीरिह ॥ १२६ ॥ अधस्तिर्यग्लोकमध्याद्वेत्ति रत्नप्रभाक्षितौ । ऋजुधीर्योजनसहस्रान्तं संज्ञिमनांस्यसौ ॥ १२७ ॥ ज्योतिश्चक्रोपरितलं, यावदूर्ध्वं स वीक्षते । तिर्यक्क्षेत्रं द्विपाथोधिसार्धद्वीपद्वयात्मकम् ॥१२८॥ उक्तं क्षेत्रं विपुलधीर्निर्मलं वीक्षते त्रिधा (तथा)। विष्कम्भायामबाहल्यैः, सार्द्धद्वयङ्गुलसाधिकम् ॥१२९॥ "अयं भगवतीसूत्रवृत्ति-राजप्रश्नीयवृत्ति-नन्दीसूत्र-नन्दीमलयगिरीयवृत्ति--विशेषावश्यकवृत्तिकर्मग्रन्थवृत्त्याद्यभिप्रायः ।"(सा० ११४-११९) सामान्यं घटादिवस्तुमात्रचिन्तनपरिणामग्राहि किञ्चिदविशुद्धतरमर्ध--तृतीयाङ्गुलहीनमनुष्यक्षेत्रविषयं ज्ञानं ऋजुमतिलब्धिः, संपूर्णमनुष्यक्षेत्रविषयं विपुलमतिलब्धिरिति तु प्रवचनसारोद्धारवृत्त्यौपपातिकवृत्त्योर्लिखितं ॥ ( सा० २०० ) "अर्थत-

माटे समीपवर्तित्व सम्बन्धरूप लक्षणावडे गङ्गातीर (कांठा)मां घोष छे तेवो अर्थ करवो पडे छे, एटले गङ्गापदनी गङ्गातीरमां लक्षणा करवी पडे छे, तेम अहीं पण क्षेत्र अने काळपदना वाच्य अरूपि आकाश प्रदेशो तथा आवलिकादिरूपकाळमां रूपिद्रव्यने विषय करनार होवाथी अवधिज्ञानना विषयपणानो बाध छे, तेथी तत्स्थत्वरूप सम्बन्धे करी तद्वृत्तिद्रव्यो ज क्षेत्रकाळपदोथी लेवां, लक्षणा १ अजहत्स्वार्था, २ जहत्स्वार्था, ३ निरूढा, ४ आधुनिकी एम चार प्रकारनी छे, तेमां अहीं निरूढालक्षणा जाणवी आ संबन्धी विशेष वर्णन न्यायग्रन्थोथी जाणवुं.

तीयद्वीपसमुद्रेष्वर्धतृतीयाङ्गुलहीनेषु संज्ञिमनांसि ऋजुमतिर्जानाति, विपुलमतिरर्धतृतीयैरङ्गुलैरभ्यधिकेष्विति चार्थतः श्रीज्ञानसागरसूरिकृतावश्यकावचूर्णौ ॥ " (सा० २०१) ऋजुधीः कालतः पल्यासंख्यभागं जघन्यतः । अतीतानागतं जानात्युत्कर्षादपि तन्मितम् ॥ १३० ॥ तावत्कालभूतभाविमनःपर्यायबोधतः । तावन्तमेव विपुलधीस्तु पश्यति निर्मलम् ॥ १३१॥ सर्वभावानन्तभागवर्तिनोऽनन्तपर्यवान् । ऋजुधीर्भावतो वेत्ति, विपुलस्तांश्च निर्मलान् ॥१३२॥ इति मनःपर्यायविषयः ॥

अर्थ–मनःपर्यवज्ञाननो विषय–उपयोगवाळो एवो ऋजुमति मनःपर्यवज्ञानी मुनि मनुष्यक्षेत्रमां रहेला संज्ञिपर्याप्तजीवोए मनपणे अङ्गीकार करेला (परिणमावेला) अनन्त स्कन्धोने देखे ॥ १२३ ॥ मनोज्ञानना क्षयोपशमनी अति पटुता (तीक्ष्णता) होवाथी मनोज्ञानी विशेषधर्मयुक्त ज घटादि वस्तुने जाणे छे ॥१२४॥ तथा विपुलमति ज्ञानी तेज अनन्त स्कन्धोने द्रव्यना पर्यायनी अपेक्षाए अधिक अने वधु स्पष्ट जाणे छे. ॥ १२५ ॥ बन्ने प्रकारना मनःपर्यवज्ञाननो ए विषय द्रव्यथी कह्यो, अने हवे सरळ बुद्धिवाळो हुं ते मनःपर्यवज्ञाननो क्षेत्रथी विषय कहुं छुं. ॥१२६॥ तिर्यग्लोकना मध्यभागथी रत्नप्रभा पृथ्वीमां नीचे १००० योजन सुधी ते ऋजुमति मनोज्ञानी संज्ञिजीवोना मनोभाव जाणे छे. ॥ १२७ ॥ अने ज्योतिष् चक्रना उपरना तळीया सुधी ते ऊर्ध्व देखे छे. अने अढी द्वीप अने बे समुद्र सुधी तिर्च्छुं क्षेत्र देखे छे ॥ १२८ ॥ ए कहेलुं त्रणे प्रकारनुं क्षेत्र विपुलमति मनोज्ञानी निर्मळपणे अने पहोळाइ–लम्बाइ–अने जाडाइ ए त्रणे प्रकारे २॥ अङ्गुल अधिक क्षेत्र देखे छे. ॥१२९॥ ए भगवतिनी वृत्ति–रायपसेणिनी वृत्ति–नन्दीसूत्र–नन्दीनीमलयगिरिवृत्ति–विशेषा० वृत्ति–अने कर्मग्रन्थवृत्तिनो अभिप्राय कह्यो. प्रवचनसारोद्धारवृत्ति अने उववाइजीनी वृत्तिमां ए प्रमाणे लख्युं छे के–" सामान्य एटले घटादि पदार्थ मात्र चिंतवन परिणतिने ग्रहण करनार ( जाणनार ), कंइक अविशुद्ध, अने २॥ अंगुल हीन मनुष्यक्षेत्रना विषयवाळुं ज्ञान ते ऋजुमति लब्धि, अने संपूर्ण मनुष्यक्षेत्रना विषयवाळुं ज्ञान ते विपुलमति लब्धि" तथा श्रीज्ञानसागरसूरिकृत आवश्य-

क सूत्रनी अवचूर्णिमां एवो भावार्थ छे के–" २॥ अंगुल न्यून अढी द्वीप समुद्रमां संज्ञिजीवोनां मनने ऋजुमति जाणे छे, अने अढी अंगुल अधिक [एटले संपूर्ण] अढी द्वीपसमुद्रमां विपुलमति जाणे छे" ॥१३०॥ ऋजुमति काळथी जघन्यपणे भूत–भावी पल्यो० नो असंख्यातमो भाग जाणे छे. अने उत्कृष्टपणे पण तेटलुंज जाणे छे. ॥ १३१ ॥ अर्थात् तेटला काळना व्यतीत थयेला अने भावीकाळमां थनारा मनना पर्यायोनो बोध होवाथी (तेटलुं ज जाणे छे). अने विपुलमति ज्ञानी तेटलुं ज (काळथी) पण वधु निर्मळ जाणे. तथा ऋजुमतिज्ञानी भावथी सर्व भावना अनन्तमा भाग जेटला अनन्त पर्यायोने जाणे, अने विपुलमति तेटलाज पर्यायोने निर्मळपणे जाणे. ॥ १३२ ॥ ए प्रमाणे मनःपर्यवज्ञाननो विषय कह्यो.

केवली द्रव्यतः सर्वं, द्रव्यं मूर्त्तममूर्त्तकम् । क्षेत्रतः सकलं क्षेत्रं, सर्वं कालं च कालतः ॥ १३३ ॥ भावतः सर्वपर्यायान् प्रतिद्रव्यमनन्तकान् । भावतो भाविनो भूतान्, सम्यग् जानाति पश्यति ॥ १३४ ॥ विहायःकालयोः सर्वद्रव्येषु संगतावपि । पृथगुक्तिः पुनः क्षेत्रकालरूढ्येति चिन्त्यताम् ॥१३५॥ इति केवलज्ञानविषयः ॥

अर्थ- केवलज्ञाननो विषय–केवळज्ञानी द्रव्यथी रूपी अने अरूपी सर्व द्रव्यने जाणे, क्षेत्रथी सर्व क्षेत्रने, काळथी सर्व काळने, ॥१३३॥ अने भावथी प्रत्येक द्रव्यना भूत भावी (ने वर्तमान) सर्व अनन्त पर्यायोने सम्यक् प्रकारे जाणे देखे. ॥ १३४ ॥ सर्व द्रव्यो (जाणे एम कहेवा) मां आकाश (क्षेत्र) अने काळनी संगति ( अन्तर्भाव ) छतां पण पुनः [ क्षेत्र अने काळने ] जुदा कह्या ते क्षेत्र अने काळनी रूढिथी जाणवुं. ॥ १३५ ॥ ए प्रमाणे केवळज्ञाननो विषय कह्यो.

मत्यज्ञानी तु मिथ्यात्वमिश्रेणावग्रहादिना । औत्पत्तिक्यादिना यद्वा, पदार्थान् विपर्यीकृतान् ॥ १३६ ॥ वेत्त्यपायादिना तांश्च, पश्यत्यवग्रहादिना । मत्यज्ञानेन विशेषसामान्यावगमात्मना ॥१३७॥ मत्यज्ञानपरिगतं, क्षेत्रं कालं च वेत्त्यसौ ।

मत्यज्ञानपरिगतान्, स वेत्ति पर्यवानपि ॥ १३८ ॥ श्रुताज्ञानी पुनर्मिथ्याश्रुतसंदर्भगर्भितान् । द्रव्यक्षेत्रकालभावान्, वेत्ति प्रज्ञापयत्यपि ॥ १३९ ॥ एवं विभङ्गानुगतान्, विभङ्गज्ञानवानपि । द्रव्यक्षेत्रकालभावान्, कथञ्चिद्वेत्ति पश्यति ॥ १४० ॥ यथा स शिवराजर्षिर्दिशाप्रोक्षकतापसः । विभङ्गज्ञानतोऽपश्यत्सप्त द्वीपपयोनिधीन् ॥ १४१ ॥ निशम्य तानसंख्येयान्, जगद्गुरुनिरूपितान् । संदिहानो वीरपार्श्वे, प्रव्रज्य स ययौ शिवम् ॥ १४२ ॥ ( इति ज्ञानाज्ञानविषयः )

अर्थ–मतिअज्ञाननो विषय–मतिअज्ञानी जीव मिथ्यात्वयुक्त एवा अवग्रहादिवडे (व्यञ्जनावग्रहादिवडे अथवा औत्पातिकी आदि बुद्धिवडे विपरीकृत (ग्रहण करेला ) पदार्थोने ॥ १३६ ॥ विशेषधर्म (घटत्व, तद्रूप विगेरे) अने सामान्यधर्म (सत्त्वप्रमेयत्व विगेरे)ना बोधस्वरूप मत्यज्ञानात्मक अपाय अने अवग्रहादिमां अपायादिवडे ( अपायने धारणावडे ) जाणे छे, अवग्रहादिकवडे देखे छे. ॥ १३७ ॥ तथा मतिअज्ञानमां व्याप्त विषयरूप थयेला क्षेत्र अने काळने मतिअज्ञानी जाणे छे, अने ते मतिअज्ञानमां व्याप्त थयेला पर्यायोने पण जाणे छे. ॥ १३८ ॥ श्रुत अज्ञाननो विषय–श्रुतअज्ञानी पुनः मिथ्याश्रुतनी संदर्भसमूहमां रहेला द्रव्य–क्षेत्र–काळ–भावोने जाणे, अने बीजाने जणावे ॥ १३९ ॥ विभङ्गज्ञाननो विषय–ए प्रमाणे ( श्रुत अज्ञानीवत् ) विभङ्गज्ञानी पण विभङ्गज्ञानना विषयरूपे प्राप्त थयेला द्रव्य–क्षेत्र–काळ अने भावने कथञ्चित् ( कोइ प्रकारे कंइक अल्प पणे ) जाणे अने देखे ॥ १४० ॥ जेम ते दिशा प्रोक्षक ( जे दिशाथी फुल फलादि लेवा होय तेना अधिष्ठायकनी आज्ञा लइ ते दिशाना फलफुल

1 जेम कोइ मत्यज्ञानी एकज ब्रह्म पदार्थने जाणे कोइ मत्यज्ञानी नैयायिकवत् ७ पदार्थोने जाणे. इत्यादि आगळ क्षेत्रकाळ वगेरेमां पण संख्यानो अनियम ए रीतेज जाणवो.

2 प्रथम कहेवाइ गयुं छे के अवग्रह ने ईहा दर्शनरूप छे अने अपाय ने धारणा ज्ञानरूप छे. ते अनुसारे अहिं ए अर्थ कर्यो.

विगेरे एकठा करनार ) तापसविशेष शिवराजर्षि नामनो तापस विभङ्गज्ञानथी सातद्वीप अने सात समुद्र देखवा लाग्यो ॥ १४१ ॥ पण जगद्गुरु श्री वीरप्रभुए कहेला असंख्य द्वीप समुद्रो सांभळी संदेहवाळो थयो छतो वीरनी पासे चारित्र अङ्गीकार करी मोक्षे गयो ॥ १४२ ॥

इदं पञ्चविधं ज्ञानं, जिनैर्यत्परिकीर्तितम् । तद् द्वे प्रमाणे भवतः, प्रत्यक्षं च परोक्षकम् ॥१४३॥ स्वस्य ज्ञानस्वरूपस्य, घटादेर्यत्परस्य च । निश्चायकं ज्ञानमिह, तत्प्रमाणमिति स्मृतम् ॥ १४४॥ यदाहुः—"स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्" इति । [सा० २०२] तत्रेन्द्रियानपेक्षं यज्जीवस्यैवोपजायते । तत्प्रत्यक्षं प्रमाणं स्यादन्त्यज्ञानत्रयात्मकम् ॥ १४५ ॥ इन्द्रियैर्हेतुभिर्ज्ञानं, यदात्मन्युपजायते । तत्परोक्षमिति ज्ञेयमाद्यज्ञानद्वयात्मकम् ॥१४६॥ प्रत्यक्षे च परोक्षे चापायांशो निश्चयात्मकः । यः स एवात्र साकारः, प्रमाणव्यपदेशभाक् ॥१४७॥ यथाभिहितम्—"साकारः प्रत्ययः सर्वो, विमुक्तः संशयादिना । साकारार्थपरिच्छेदात्प्रमाणं तन्मनीषिणाम् ॥ १४८ ॥" [सा०२०३] सामान्यैकगोचरस्य, दर्शनस्यात एव च । न प्रामाण्यं संशयादेरप्येवं न प्रमाणता ॥ १४९ ॥ अत एव मतिज्ञाने, सम्यक्त्वदलिकान्वितः । योऽपायांशः स प्रमाणं, स्यात्पौद्गलिकसद्दृशाम्

१ शिवराजर्षि तापसनुं वृत्तान्त श्रीभगवतीजीना अगीआरमा शतकना नवमा उद्देशामां विस्तारथी वर्णव्युं छे त्यांथी जोइ लेवुं. आ शिवराजर्षि हस्तिनापुर नगरनो शिव नामे राजा हतो तेने धारणी राणी तथा शिवभद्रकुमार पुत्र हतो छेवटे वैराग्य भावथी छठने पारणे छठ करवो तेवी तपस्यानो अभिग्रह करी दिशाप्रोक्षकतापस थया छे. अज्ञानतपना प्रभावथी विभङ्गज्ञान प्राप्त कर्युं छे सातद्वीप सात समुद्र छे, त्यारबाद द्वीपसमुद्रो व्यवच्छेद पाम्या छे तेम देखे छे. महावीर परमात्मा त्यां समवसरे छे. छेवटे तेमनो उपदेश सांभळी सम्यक्ज्ञान पामी दीक्षा लइ मोक्षे पधार्या छे.

॥१५०॥प्रक्षीणसप्तकानां चापायांश एव केवलः । प्रमाणमप्रमाणं वावग्रहाद्या अनिर्णयात् ॥१५१॥ अयं च तत्त्वार्थवृत्त्या-ऽभिप्रायः॥(सा०२०४)रत्नाकरावतारिकादौ च मतिज्ञानस्य तद्भेदानां अवग्रहादीनां च सांव्यवहारिकप्रत्यक्षप्रमाणत्वमुक्तं, तथा च तद्ग्रन्थः–"अवग्रहश्चेहा चावायश्च धारणा च ताभिर्भेदोविशेषस्तस्मात्प्रत्येकमिन्द्रियानिन्द्रियनिबन्धनं प्रत्यक्षं चतुर्भेदमिति"।(सा०२०५) श्रुतज्ञानेऽप्यपायांशः,प्रमाणमनया दिशा। निमित्तापेक्षणादेते, परोक्षे इति कीर्तिते ॥ १५२ ॥ परोक्षं ह्यनलज्ञानं, धूमज्ञाननिमित्तकम् । लोके तद्वदिमे ज्ञेये, इन्द्रियादिनिमित्तके ॥ १५३ ॥ इदं च निश्चयनयापेक्षया व्यपदिश्यते । प्रत्यक्षव्यपदेशोऽपि, व्यवहारान्मतोऽनयोः ॥ १५४ ॥ तथोक्तं नन्द्यां–"तं समासओ दुविहं पण्णत्तं, तं०–इंदियपच्चक्खं च नोइंदियपच्चक्खं च इत्यादि"(तत्समासतो द्विविधं प्रज्ञप्तम् । तद्यथा इन्द्रियप्रत्यक्षं च नोइंद्रियप्रत्यक्षं च। )(सा०२०६) ननु च–प्रत्यक्षमनुमानं चागमश्चेति त्रयं विदुः । प्रमाणं कापिला आक्षपादास्तत्सोपमानकम् ॥ १५५ ॥ मीमांसकाः षडर्थापत्त्यभावाभ्यां सहोचिरे । द्वे त्रीणि वा काणभुजो, द्वे बौद्धा आदितो विदुः ॥ १५६ ॥ एकं च लौकायतिकाः, प्रमाणानीत्यनेकधा । परैरुक्तानि किं तानि, प्रमाणान्यथवाऽन्यथा ? ॥ १५७ ॥ अत्रोच्यते–एतान्याद्यज्ञानयुग्मेऽन्तर्भूतान्यखिलान्यपि । इन्द्रियार्थसंन्निकर्षनिमित्तकतया किल ॥ १५८ ॥ अप्रमाणानि वाऽमूनि, मिथ्यादर्शनयोगतः । असद्बोधव्यापृतेश्चोन्मत्तवाक्यप्रयोगवत् ॥ १५९ ॥

पांच ज्ञानमां प्रमाणप्राप्ति–श्री जिनेश्वरोए जे आ पांच प्रकारनुं

ज्ञान कहेलुं छे ते प्रत्यक्ष अने परोक्ष ए बे प्रमाणवाळुं छे. ॥ ९४३ ॥ त्यां ज्ञान स्वरूप एवा पोताने अने घटादि रूप पर पदार्थने यथार्थपणे निश्चय करनारुं जे ज्ञान ते प्रमाण कहेलुं छे. ॥ ९४४ ॥ कह्युं छे के-" **स्वपरव्यवसायि ज्ञानं प्रमाणं** " स्व एटले ज्ञान (पोते) अने पर एटले बाह्य पदार्थ तेनुं वि-विशेषे करीने (यथावस्थित स्वरूपे करीने) **अवसायि**–निश्चय करनार जे ज्ञान ते प्रमाण कहेवाय छे, आ लक्षणमां ज्ञाननो निश्चय अपर ज्ञानथी माननार **नैयायिकादिनो** व्यवच्छेद करवाने स्व पद छे, बाह्यपदार्थना अपलाप करनार ( नहि माननार ) **विज्ञानवादि बौद्धोनुं** निराकरण करवा **पर** पद छे, संशयात्मकज्ञान, विपर्यय (भ्रम) ज्ञान, अनध्यवसाय अने **बौद्धोये** प्रमाणरूप मानेल निर्विकल्पक ज्ञाननो व्यवच्छेद करवा **व्यवसायि** पद छे. त्यां इन्द्रिय (अने नोइन्द्रिय) नी अपेक्षा विनानुं जे (आत्मसाक्षात्) ज्ञान जीवने थाय छे ते **प्रत्यक्ष प्रमाण** छेल्लां त्रण ज्ञानरूप छे. ॥ ९४५ ॥ अने इन्द्रियोना आलम्बनथी आत्माने जे ज्ञान उत्पन्न थाय छे ते **परोक्षप्रमाण** प्रथमनां बे ज्ञान रूप छे. ॥ ९४६ ॥ प्रत्यक्षज्ञानमां अने परोक्षज्ञानमां निश्चयरूप जे अपायांश तेज साकार अपायांश अहिं **प्रमाण** एवा व्यपदेशने धारण करे छे. ॥ ९४७ ॥ जेम कह्युं छे के-संशयादि रहित सर्व साकार ( विशेष ) एवो जे निर्णय (विशेष धर्मोनो निर्णय ) ते साकार विषयने जाणनार होवाथी बुद्धिमानोने ते **प्रमाण** ( ए रूपे मान्य ) छे. ॥ ९४८ ॥ ए कारणथी ज सामान्य मात्र विषयवाळुं दर्शन ते **प्रमाण** न गणाय, अने ए रीते संशयादि ज्ञान ते पण **प्रमाण** न गणाय ॥९४९॥ वळी ए कारणथी ज मतिज्ञानमां सम्यक्त्व दलिक सहित जे अपायांश ते क्षयोप० सम्यग्दृष्टि जीवोने **प्रमाण** छे. ॥९५०॥ अने जेओनुं दर्शन सम्यक् क्षय पाम्युं छे, तेओ (क्षायिकसम्यग्दृष्टि)ने केवळ (सम्य० दल रहित) अपायांश ज **प्रमाण** छे परन्तु व्यञ्जनावग्रहादि अनिर्णयवाळा होवाथी अप्रमाण छे. ॥९५१॥ ए **तत्त्वार्थवृत्ति** विगे-

१ अहीं आदिशब्दे विपर्यय अने अनध्यवसायज्ञानो पण ग्रहण करवा, तेमां 'एकस्मिन्धर्मिणि विरुद्धकोटिद्वयावगाहि ज्ञानं संशयः " एक पदार्थमां विरुद्ध बे कोटि (धर्म) ने ग्रहण करनार ज्ञान ते संशय. "अतस्मिंस्तदध्यवसायो विपर्ययः" 'विरुद्धैककोटिनिष्ठं" तदभाववति तत्प्रकारकं ज्ञानं" इत्यादि अनेक लक्षणो विपर्ययना छे. जेमां जे धर्म न होय तेमां तद्धर्मप्रकारक जे ज्ञान जेम शुक्ति (छीप)मां आ रजत (रूपुं) छे तेवुं ज्ञान ते विपर्यय अने "किमित्यालोचनमात्रकमनध्यवसायः " आ कंइक छे ए विचारणात्मक जेम जता माणसने घासना स्पर्शनुं ज्ञान ते अनध्यवसाय (उपेक्षात्मक) ज्ञान कहेवाय.

रेनो अभिप्राय कह्यो. अने रत्नाकरावतारिकादिकमां तो मतिज्ञानने अने तेना अवग्रहादि भेदोने सांव्यवहारिक प्रत्यक्षप्रमाणता कहेली छे तेनो पाठ आ प्रमाणे-"अवग्रह-ईहा-अपाय-ने धारणा ए चारवडे भेद एटले विशेष छे,तेथी प्रत्येक [ भेदवडे] इन्द्रिय अने मनना कारणवाळुं प्रत्यक्ष प्रमाण चार प्रकारनुं छे". ए रीते श्रुतज्ञानमां पण अपायांश ते प्रमाण छे, ए प्रमाणे ( इन्द्रिय अने मन रूप निमित्तनी) अपेक्षावाळां होवाथी ए बन्ने [ मति-श्रुत ] ज्ञान परोक्षप्रमाण रूप कहेलां छे. ॥ ९५२ ॥ जेम लोकमां धूमज्ञानना निमित्तवाळुं ( धूमना निमित्तथी थतुं) अग्निनुं ज्ञान (अनुमिति) निश्चयथी परोक्ष कहेवाय छे, तेम इन्द्रिय अने मनना निमित्तवाळां ए बे ज्ञान पण [ परोक्ष ] जाणवां. ॥९५३॥ ए ( प्रत्यक्षपणुं ने परोक्षपणुं ) निश्चय नयनी अपेक्षाए कह्युं छे, नहिंतर व्यवहारथी तो ए बन्ने ज्ञानमां प्रत्यक्षपणानो पण व्यपदेश थाय छे. ॥९५४॥ श्री नन्दीसूत्रमां कह्युं छे के-"ते (प्रत्यक्षज्ञान) संक्षेपथी बे प्रकारनुं कहेलुं छे-इन्द्रियप्रत्यक्ष, अने नोइन्द्रिय प्रत्यक्ष[1]". शङ्का-कपिलमतवाळा (सांख्य) प्रत्यक्ष-अनुमान-अने आगम ए त्रण प्रमाण कहे छे, नैयायिक मतवाळा ते त्रण ने उपमान सहित चार प्रमाण कहे छे, ॥९५५॥ मीमांसकदर्शनवाळा अर्थापत्ति अने अभाव सहित ६ प्रमाण कहे छे, वैशेषिकमतवाळा प्रथमनां बे अथवा त्रण (प्रत्य०-अनु० अथवा प्र०-अनु०-ने आगम ) प्रमाण माने छे, अने बौद्धमतवाळा प्रथमनां बे (प्र०-अनु०) प्रमाण माने छे ॥९५६॥ वळी नास्तिकमतवाळा पहेलुं एक (प्रत्यक्ष) प्रमाण ज माने छे, एम दरेक दर्शनवाळा अनेक प्रकारे माने छे तो ते अन्यदर्शनीओए कहेलां प्रमाणो ते प्रमाण कहेवाय के अप्रमाण कहेवाय? ॥९५७ आ उत्तर-ए सर्व प्रमाणो इन्द्रियअने अर्थना सन्निकर्षरूपनिमित्तपणा वडे (इन्द्रियसाथे विषयनुं संबंध थवुं अथवा समीपवर्त्ति पणुं एज ज्ञाननुं निमित्त होवाथी) पहेला बे ज्ञानमां अन्तर्गत थाय छे. ॥ ९५८ ॥ अथवा मिथ्यात्वना सम्बन्धथी उन्मत्त थयेला पुरुषना प्रलापवत् स-

१ इन्द्रियोद्वारा पदार्थनी साक्षात् उपलब्धि ते इन्द्रिय प्रत्यक्ष, अने मनवडे पदार्थोनी चिन्तना अथवा स्वप्नादि ते नोइन्द्रिय प्रत्यक्ष.

२ मीमांसकमतमां प्रभाकर मतानुयायि भट्टमतानुयायि विगेरे भेदो छे तेमां प्रभाकर मतानुयायि अभावने स्थाने बुद्धिने मानता होवाथी अभाव प्रमाण मानता-थी अने भट्टमतानुयायि अभाव सहित छ प्रमाण माने छे. कह्युं छे के-"गुरु-धियमभावस्य स्थानेस्थने ऽभिषिक्तवान । प्रसिद्ध एव लोकेऽस्मिन्गुरुबन्धु प्रभाकरः ॥ ३ केटलाक पौराणिक विगेरे संभव-ऐतिह्य विगेरे प्रमाणो पण माने छे.

म्यक् बोधरूप व्यापार नहि होवाथी ते सर्व प्रमाणो अप्रमाण गणाय. ॥९५९॥ इति प्रमाण विचारः ॥

पञ्चानामप्यथैतेषां, सहभावो विचार्यते। एकं द्वे त्रीणि चत्वारि,स्युः सहैकत्र देहिनः(नि) ॥९६०॥ तथाहि–प्राप्तं निसर्गसम्यक्त्वं, येन स्यात्तस्य केवलम् । मतिज्ञानमनवाप्तश्रुतस्यापि शरीरिणः ॥९६१॥ अत एव मतिर्यस्य(त्र), श्रुतं तत्र न निश्चितम् । श्रुतं यत्र मतिज्ञानं तत्र निश्चितमेव हि ॥ ९६२ ॥ अयं तत्त्वार्थवृत्त्याद्यभिप्रायः ॥ नन्दीसूत्रादौ तु ॥ ' जत्थ मइनाणं तत्थ सुअनाणं, जत्थ सुअनाणं तत्थ मइनाणं' (यत्र मतिज्ञानं तत्र श्रुतज्ञानं यत्र श्रुतज्ञानं तत्र मतिज्ञानं) इत्युक्तं, [सा० २०७] अत एवैकेन्द्रियाणामपि श्रुतज्ञानं स्वीकृतं श्रुते, यथा– "जह सुहुमं भविंदियनाणं दव्विंदियावरोहेऽवि । दव्वसुआभावंमिवि भावसुअं पत्थिवाईणं ॥ १ ॥ (यथा सूक्ष्मं भावेन्द्रियज्ञानं द्रव्येन्द्रियावरोधेऽपि । द्रव्यश्रुताभावेऽपि भावश्रुतं पार्थिवादीनाम् ॥ १ ॥ ) ( सा० २०८ ) भावेन्द्रियोपयोगश्च बकुलादिवदेकेन्द्रियाणां सर्वेषां भाव्यः ॥ तथा

१. उपर कह्या प्रमाणे जैनदर्शनमां प्रत्यक्ष अने परोक्ष ए बे प्रमाणो छे अथवा अपेक्षाभेदथी अक्ष शब्द मन, इन्द्रिय अथवा जीव अर्थमां रूढ होवाथी विशुद्धनयना अभिप्राये प्रत्यक्ष एकज प्रमाण छे. पण तेना सावरण अने अनावरण एम बे भेदो थाय सावरण (छद्मस्थ) जीवोने मननी अभिमुखताथी, इन्द्रियनी अभिमुखताथी अने आत्मानी अभिमुखताथी एम त्रण प्रकारे सावरण प्रत्यक्ष छे. १ आत्मानी अभिमुखताये स्वप्नमां थता भय, हर्ष, शोक, गमन, राज्यलाभ विगेरे, २ मननी अभिमुखताये स्मरण, प्रत्यभिज्ञान, वितर्क, विपर्ययनिर्धारण विगेरे, ३ इन्द्रियोनी अभिमुखताथी चक्षु विगेरेथी थतुं रूपादिज्ञान होय छे, अने निरावरण सर्वज्ञ भगवन्तोने केवल आत्मानीज अभिमुखताथी थतुं (अध्यात्म)निरावरण प्रत्यक्ष छे, जे माटे कह्युं छे. के-"अभिनिमाद्यशां भाज्यमध्यात्म नु स्वयं ह्याम । एकं प्रमाणमैक्येन...द्वैक्यं तल्लक्षणैक्यतः ॥१॥ प्रमाणद्वात्रिंशिका.

मलयगिरिपूज्या अप्याहुः नन्दीवृत्तौ ॥"यद्यपि तेषामेकेन्द्रियादीनां परोपदेशश्रवणासंभवस्तथापि तेषां तथाविधक्षयोपशमभावतः कश्चिदव्यक्तोऽक्षरलाभो भवति यद्वशादक्षरानुषक्तं श्रुतज्ञानमुपजायते, इत्थं चैतदङ्गीकर्त्तव्यं, तेषामप्याहाराद्यभिलाष उपजायते, अभिलाषश्च प्रार्थना, सा च यदीदमहं प्राप्नोमि तदा भव्यं भवतीत्याद्यक्षरानुविद्धैव, ततस्तेषामपि काचिदव्यक्ताक्षरोपलब्धिरवश्यं प्रतिपत्तव्या" इति (सा० २०१)। मतिज्ञानश्रुतज्ञानरूपे द्वे भवतः सह । त्रीणि ते सावधिज्ञाने, समनःपर्यवे तु वा ॥ १६३ ॥ चतुर्णां सहभावोऽपि, छद्मस्थश्रमणे भवेत् । पञ्चानां सहभावे तु, मतद्वितयमुच्यते ॥ १६४ ॥

अर्थ—एक जीवमां समकाळे ज्ञानप्राप्ति थाय ए पांचे ज्ञाननुं सहचारिपणुं (एक साथे केटलां ज्ञान ? होय ते) विचाराय छे, ते आ प्रमाणे—एक जीवने विषे एक साथे एक—बे—त्रण—ने चार ज्ञान होय ॥ १६० ॥ ते आ प्रमाणे—जेणे निसर्ग ( गुरुना उपदेश विना स्वाभाविक ) सम्यक्त्व प्राप्त कर्युं होय तेवा श्रुतज्ञान नहिं पामेला जीवने केवळ एक मतिज्ञानज होय ॥ १६१ ॥ ए हेतुथीज ज्यां मतिज्ञान छे त्यां श्रुतज्ञान होय एवो नियम नहिं, परन्तु ज्यां श्रुतज्ञान छे त्यां मतिज्ञान तो निश्चयथी छे ज. ॥ १६२ ॥ ए तत्त्वार्थसूत्रादिनो अभिप्राय कह्यो अने नंदीसूत्रमां तो—" ज्यां मतिज्ञान त्यां श्रुतज्ञान अने ज्यां श्रुतज्ञान त्यां मतिज्ञान " एम कहेलुं छे, ए हेतुथी सिद्धान्तमां एकेन्द्रियोने पण श्रुतज्ञान स्वीकारेलुं छे. जेम कह्युं छे के—" द्रव्येन्द्रियनो अभाव छते पण सूक्ष्म एवुं भावेन्द्रियजन्यज्ञान होय छे ( माटे ) द्रव्यश्रुतनो अभाव छते पण पृथ्विकायादिकने भावश्रुत छे." भावेन्द्रियनो उपयोग बकुलादिवृक्षनी पेठे सर्व एकेन्द्रियोने (प्रथम कह्यो छे तेम) विचारवो. तथा नंदीनी वृत्तिमां पूज्यमलयगिरि आचार्य महाराज पण कहे छे के—"जो के ते एकेन्द्रियादिने पर उपदेश सांभळवानो असंभव छे तोपण तेओने तथा प्रकारनो क्षयोपशम होवाथी कंइक अव्यक्त (अस्पष्ट) अक्षरनो लाभ होय छे के जेना वशथी अक्षरोवडे व्याप्त एवुं श्रुतज्ञान थाय छे, ते (अक्षरलाभ) आ प्रमाणे अंगीकार करवो ( जाणवो ) के तेओने पण आहारादिनो अभिलाष उपजे

छे, अने अभिलाष ते प्रार्थना छे. अने ते ( प्रार्थना ) "जो हुं आ थाउं तो ठीक थाय" इत्यादि ( अंतरंग ) अक्षरोवडे व्याप्त ज छे, माटे ते एकेन्द्रियोने पण कांइक अस्पष्ट अक्षरबोध अवश्य मानवो जोइए." तथा मतिज्ञान अने श्रुतज्ञानरूप बे ज्ञान एक साथे होय छे, अने तेमां अवधिज्ञान सहित करतां अथवा मनःपर्यवज्ञान सहित करतां त्रण ज्ञान एक साथे होय छे ॥ १६३ ॥ तथा छद्मस्थ मुनिने चारे ( छाद्मस्थिक ) ज्ञान पण एक साथे होय छे, अने पांचे ज्ञानना सहचारीपणामां तो बे मत छे ते कहेवाय छे. ॥ १६४ ॥

केचिद्चुर्न नश्यन्ति, यथाऽर्केऽभ्युदिते सति । महांसि चन्द्रनक्षत्रदीपादीन्यखिलान्यपि ॥ १६५ ॥ भवन्त्यकिञ्चित्कराणि, किंतु प्रकाशनं प्रति । छाद्मस्थिकानि ज्ञानानि, प्रोन्द्भूते केवले तथा ॥ १६६ ॥ ततो न केवलेनैषां, सहभावो विरुध्यते । अव्यापारान्निष्फलानामप्यक्षाणामिवार्हति ॥ १६७ ॥ अन्ये चा[त्वा]हुर्न सन्त्येव, केवलज्ञानशालिनि । छाद्मस्थिकानि ज्ञानानि, युक्तिस्तत्राभिधीयते ॥ १६८ ॥ अपायसद्द्रव्याभावान्मतिज्ञानं न संभवेत् । न श्रुतज्ञानमपि यत्तन्मतिज्ञानपूर्वकम् ॥ १६९ ॥ रूपिद्रव्यैकविषये, न तृतीयतुरीयके । लोकालोकविषयकज्ञानस्य सर्ववेदिनः ॥१७० ॥ क्षयोपशमजान्यन्यान्यन्त्यं च क्षायिकं मतम् । सहभावस्तदेतेषां, पञ्चानामेति नौचितीम् ॥ १७१ ॥ कटे सत्युपकल्प्यन्ते, जालकान्यन्तराऽन्तरा । मूलतः कटनाशे तु, तेषां व्यवहृतिः कुतः ? ॥१७२॥ किंच ॥ ज्ञानदर्शनयोरेवोपयोगौ स्तो यथाक्रमम् । अशेषपर्यायद्रव्यबोधिनोः सर्ववेदिनः ॥ १७३ ॥ एकस्मिन् समये ज्ञानं, दर्शनं चापरक्षणे । सर्वज्ञस्योपयोगौ द्वौ, समयान्तरितौ सदा ॥१७४॥ तथाहुः ॥ "नाणंमि दंसणंमि य, एत्तो एक्कतरयंमि उवउत्ता । सव्वस्स केवलिस्सवि, जुगवं दो नत्थि

उवओगा ॥१७५॥"(ज्ञाने दर्शने च इतः एकतरस्मिन् उपयुक्ताः सर्वस्य केवलिनोऽपि युगपत् द्वौ न स्त उपयोगौ ।) (सा० २१०) इदं सैद्धान्तिकमतं, तार्किकाः केचनोचिरे । स्यातामेवोपयोगौ द्वावेकस्मिन् समयेऽर्हतः॥१७६॥अन्यथा कर्मण इव, स्यादावारकता मिथः । एकैकस्योपयोगस्यान्योपयोगोदयग्रहः ॥ १७७ ॥ यच्चैतयोः साद्यनन्ता, स्थितिरुक्तोपयोगयोः । व्यर्था स्यात्साऽप्यनुदयादेकैकसमयान्तरे ॥ १७८ ॥ अन्ये च केचन प्राहुर्ज्ञानदर्शनयोरिह । नास्ति केवलिनो भेदो, निःशेषावरणक्षयात् ॥ १७९ ॥ ज्ञानैकदेशः सामान्यमात्रज्ञानं हि दर्शनम् । तत्कथं देशतो ज्ञानं, संभवेत्सर्ववेदिनः ? ॥१८०॥ इत्यादि ॥ उक्तं च ॥ " केई भणंति जुगवं, जाणइ पासइ य केवली नियमा । अन्ने एगंतरियं, इच्छन्ति सुओवएसेणं ॥ १ ॥ अन्ने न चेव वीसुं, दंसणमिच्छंति जिणवरिंदस्स । जं च्चिय केवलनाणं, तं च्चिय से दंसणं बिंति ॥ १८१ ॥ " ( केचिद् भणन्ति युगपत् जानाति पश्यति च केवली नियमात् । अन्ये एकान्तरितं इच्छन्ति श्रुतोपदेशेन । अन्ये न चैव विष्वग् दर्शनमिच्छन्ति जिनवरेन्द्रस्य । यदेव केवलज्ञानं तदेव तस्य दर्शनं ब्रुवन्ति॥ ) (सा० २११) अत्र च भूयान् युक्तिसंदर्भोऽस्ति, स तु नन्दीवृत्तिसम्मत्यादिभ्योऽवसेयः । अथ प्रकृतं ॥ विनैलाभ्यां परः कश्चिन्नोपयोगोऽर्हतां मतः । ततः कथं भवेत्तेषां, मत्यादिज्ञानसंभवः ॥१८२॥ इत्यादि प्रायोऽर्थतस्तत्त्वार्थभाष्यवृत्तिगतं ॥ इति ज्ञानानां सहभावविचारः ॥

॥ पांच ज्ञानना सहभावमां बे मतो देखाडे छे. ॥

अर्थ-केटलाएकआचार्य कहे छे के जेम सूर्य उदय पाम्ये छते चंद्र नक्षत्र अने दीवा वगेरेनां रूपलां तेज नाश पामतां नथी. ॥ १६६ ॥ परन्तु प्रकाश

कार्य अन्ये किंचित् पण करी शकतां नथी, तेम केवळज्ञान प्रगट थये छाद्मस्थिक ज्ञानो पण तेवा प्रकारे (अकिंचित्कर) जाणवां. ॥९६६॥ ते कारणथी केवलि भगवानमां व्यापार रहित होवाथी निष्फळ एवी पण इन्द्रियोनी (सत्तानी) माफक ते छाद्मस्थिक ज्ञानोनो केवळज्ञाननी साथे सहचारी भाव विरोधवाळो नथी. [एटले के पांचे ज्ञानो साथे रही शके छे.] ॥ ९६७ ॥ वळी बीजा आचार्यो तो एम कहे छे के केवळज्ञानीने छाद्मस्थिक ज्ञानो नज होय, अने तेम कहेवामां जे युक्ति छे ते कहेवाय छे ॥ ९६८ ॥ अपायसद् द्रव्यना अभावथी (केवलिने) मतिज्ञान संभवतुं नथी, तेम श्रुतज्ञान पण नथी, कारण के ते श्रुतज्ञान मतिज्ञानपूर्वकज होय छे. ॥ ९६९ ॥ तथा रूपी द्रव्यना विषयवाळुं त्रीजुं अने चोथुं ज्ञान (अवधि अने मनःपर्याय) पण लोकालोक विषयना ज्ञानवाळा केवलि भगवानने न होय. ॥ ९७० ॥ तथा बीजां (प्रथमना) चार ज्ञान क्षयोपशमजन्य छे, अने छेल्लुं केवळज्ञान क्षायिक भावनुं मानेलुं छे, ते कारणथी ए (केवलि भगवानमां क्षायोपशमिक भाव न होवाथी) पांच ज्ञानोनो सहचारी भाव उचितपणाने पामतो नथी (उचित नथी.) ॥ ९७१ ॥ वळी कट (कडा-पाळु-वांसनी चीपोनी सादडी) होते छतेज वच्चे वच्चे रहेलां जाळीयांनो प्रकाश कल्पाय छे, पण मूळथीज कटनो विनाश थये जाळीयांनो प्रकाशनो व्यवहार (या व्यपदेश) केम होइ शके? ॥ ९७२ ॥ वळी सर्व पर्याय अने सर्व द्रव्यने जाणवावाळा सर्वज्ञने पण ज्ञान अने दर्शननो उपयोग अनुक्रमेज होय छे. ॥ ९७३ ॥ (अर्थात्) एक समये ज्ञान अने बीजे समये दर्शन, ए प्रमाणे सर्वज्ञने सदाकाळ एकेक समयने आंतरे बन्ने उपयोग होय छे. ॥ ९७४ ॥ कह्युं छे के-" ज्ञानने विषे अने दर्शनने विषे ए बन्नेमांथी कोइपण एकने विषे (जीवो) उपयोगवाळा होय छे, (कारण के) सर्व जीवोने अने केवलिने पण समकाळे (बे) उपयोग होता नथी. " ए सिद्धान्तनो मत कह्यो. (प्रथममतं) अने केटलाएक तर्कवाद माननारा आचार्यो तो एम कहे

१ अपाय-निश्चयांशरूप मतिज्ञान अने सद्-प्रशस्त अथवा विद्यमान एवां द्रव्य-सम्यक्त्वपणे परिणमेलां मिथ्यात्वनां शुद्ध पुद्गलो ए बेना संयोगथी थयेलुं सम्यक्त्वयुक्त मतिज्ञान केवलिने नथी इति तात्पर्यः (तत्त्वार्थ प्रथमाध्यायभाष्यवृत्ति.)

२ श्री सिद्धसेनदिवाकर महाराजे श्रीवृद्धवादि आदिना विचारानुसार सम्मतितर्क नामना ग्रंथमां केवलीने एक समयमां बे उपयोग होवानो तथा

छे के–केवलि भगवानने एक समयमां बे उपयोग होय ज. ॥ ९७५ ॥ अने जो तेम न होय तो परस्पर अन्य उपयोगना उदयने अटकाववार दरेक उपयोगने कर्मोनी माफक परस्पर आवारकपणुं प्राप्त थाय. ॥ ९७६ ॥ वळी ए बन्ने उपयोगनी जे सादि अनंत स्थिति कही छे ते पण एकेक समयने आंतरे अनुदय होवाथी (कहेली स्थिति) व्यर्थ थाय छे. (द्वितीयमत) ॥९७७॥ वळी केटलाएक आचार्य कहे छे के अहिं केवलिने सर्व आवरणनो क्षय थवाथी ज्ञान दर्शननो भेद ज नथी. ॥९७८॥ कारण के सामान्य मात्र ज्ञानरूप जे दर्शन ते तो ज्ञाननो एक अंश छे तो सर्व ज्ञानीने अंशज्ञान केम संभवे? ॥९७९॥(इत्यादि युक्तिथी ज्ञान अने दर्शनने एकरूपपणे छे) (तृतीयमत) कह्युं छे के–केटलाक आचार्य भगवंतो केवलि निश्चयथी समकाळे जाणे छे अने देखे छे एम कहे छे, बीजा आचार्यो सिद्धान्तना कथनवडे एकेक समयने आंतरे जाणे देखे एम माने छे. ॥९८०॥ अने बीजा आचार्यो तो जिनेश्वरने निश्चयथी दर्शनने जुदुं मानता नथी, कारण के केवलिनुं जे केवळज्ञान तेज तेमनुं केवळदर्शन पण छे, एम कहे छे. ॥ ९८१ ॥ अहिं घणी युक्तियोनो समूह छे ते सर्व नंदीसूत्रनी वृत्ति अने सम्मतितर्क वगेरे ग्रंथोथी जाणवो. हवे प्रस्तुतविचार कहे छे. ए बे उपयोग सिवाय बीजो कोइ उपयोग केवलिने कह्यो नथी, तो तेओने मतिवगेरे (छाद्मस्थिक) ज्ञाननो संभव केवी रीते होय? ॥९८२॥ इत्यादि विचार अर्थथी प्रायः तत्त्वार्थभाष्य अने वृत्तिमां कह्यो छे. ॥

अथ ज्ञानस्थितिर्द्वेधा, प्रज्ञप्ता परमेश्वरैः। साद्यनन्ता सादिसान्ता, तत्राद्या केवलस्थितिः ॥९८३॥ शेषज्ञानानां द्वितीया तत्राद्यज्ञानयोर्लघुः। अन्तर्मुहूर्त्तमुत्कृष्टा, षट्षष्टिः सागराणि च ॥ ९८४ ॥ इयं चैवं ॥ त्रयस्त्रिंशद्वाब्धिमानौ, भवौ द्वौ विजयादिषु। द्वाविंशत्यब्धिमानान् वा, भवांस्त्रीनच्युतादिषु ॥

ज्ञानदर्शननी अभिन्नतानी घणी युक्तियोद्वारा पुष्टि करी छे. श्रीजिनभद्रगणि क्षमाश्रमण महाराजे श्रीविशेषावश्यक महाभाष्यमां समयान्तर उपयोगनुं स्वरूप अनेक युक्तियोथी साबीत कर्युं छे. पूर्वाचार्य गीतार्थ भगवन्तोए त्रणेय विचारोनुं ते ते ग्रन्थोमां घणुं समर्थन करेलुं छे. उपाध्यायजी भगवान श्री यशोविजयजी गणिजी महाराजे पृथक् पृथक् नयविचारनी अपेक्षाए त्रणे विचारनुं अविसंवादि स्वरूप श्रीज्ञानबिन्दु ग्रन्थमां वर्णवेलुं छे.

॥१८५॥ कृत्वोत्कर्षाच्छिवं यायात्, सम्यक्त्वमथवा त्यजेत् । सातिरेका नरभवैः, षट्षष्टिर्वार्द्धयस्तदा ॥१८६॥ यदाहुः–"दो वारे विजयाइसु गयस्स तिन्नऽच्चुए अहव ताइं । अइरेगं नरभवियं, नाणाजीवाण सव्वद्धं ॥ १८७ ॥ ( द्वौ वारौ विजयादिषु गतस्य त्रीनच्युते अथवा तानि । अतिरेकं नरभविकं नाना जीवानां सर्वाद्धा । ) [सा०२११] अथोत्कृष्टावधिज्ञानस्थितिरेषैव वर्णिता । जघन्या चैकसमयं, सा त्वेवं परिभाव्यते ॥१८८॥ यदा विभङ्गकज्ञानी, सम्यक्त्वं प्रतिपद्यते । तदा विभङ्गसमये, तस्मि-

न्यायविशारद न्यायाचार्य महोपाध्याय श्रीयशोविजयजी गणी महाराजे केवलज्ञान केवलदर्शनोपयोगसंबन्धमां त्रणे पूज्यआचार्यभगवन्तोना विचारोनो नयविचारथी समन्वय करनारा श्रीज्ञानबिन्दुप्रकरणनी प्रशस्तिमां जे श्लोको आप्या छे तेनो भाव जाणवो कठिन होवाथी संस्कृतज्ञजीवोना लाभार्थे ते श्लोकोनी संस्कृत व्याख्या आ नीचे दर्शावाय छे.

———*———

वीरं प्रणम्य सर्वज्ञं, नेमिसूरिं गुरूत्तमम् ।
स्तुत्वा सरस्वतीं देवीं, भव्यजाड्यतमोपहाम् ॥ १ ॥
त्रयाणां सूरिवर्याणां, केवलस्य परीक्षणम् ।
ऐकमत्यमुपाध्यायै–स्त्रिभिः पद्यैः प्रदर्शितम् ॥ २ ॥
पद्यानि तानि तात्पर्या–र्थाविर्भावपुरस्सरम् ।
विवृणोमि यथाप्रज्ञं, समन्वयविदां मुदे ॥ ३ ॥

मन्येके आचार्या भिन्नोपयोगस्वभावं केवलज्ञानं केवलदर्शनञ्च समसमयं प्रतिपन्नाः १, युगपदुपयोगद्वयमभ्युपगच्छन्तश्चापरे आचार्याः प्रथमक्षणे केवलज्ञानं द्वितीयसमये केवलदर्शनमित्येवं भिन्नसमयमेव तदुभयमुररीकृतवन्तः २, नव्याः पुनः एकमेव केवलं विशेषविषयकत्वाज्ज्ञानमिति सामान्यविषयकत्वाच्च दर्शनमिति चाख्यायते इत्युपगच्छन्ति ३, सर्वेऽप्येते "केवलीणं भंते !

जं समयं जाणइ णो तं समयं पासइ ? हंता ! गोयमा !" इत्याद्यागमवचसामविरोधं स्वस्वपक्षे उपपादयन्ति, तदेवं परस्परविरुद्धा अपि एते पक्षा विशिष्टयोगुणशालिपुरुषोक्तत्वात् इति निर्विचिकित्सं समयभक्तैरादर्तव्या एव, किं वा यत्र सरलगत्याऽऽगमसाम्मुख्यं स एवैतेषामन्यतमः सम्यग्भावोऽन्यस्तूपेक्षणीय एव, यद्वा स्याद्वादे सर्वे धर्मा विरुद्धा अविरुद्धा वा साक्षात्परम्परया वा सर्वसम्बन्धिन इति विरुद्धतयाऽऽपाततः प्रतिभासमानानामप्येषामविरोधोऽपि भविष्यतीति किमेतं विशेषगवेषणया स्याद्वादप्रमाणराजसाम्राज्यमास्थाय नयानामपि सूरिपक्षाणामभ्युपगम एव वरम्, यद्वा भवन्त्वेते विरुद्धा एव पक्षाः, तथापि छद्मस्थत्वादेव नापराध्यन्त्येव सूरयः, किमत्र तत्त्वमिति जिज्ञासा तु तत्त्वं तु केवलिनो विदन्तीत्युक्त्या सर्वज्ञेषु केवलिषु निर्भरमास्थाय विषयविशेषरूपं मुक्तापिण्डमद्यर्थेव गलहस्तितया निष्कासनीयेत्येवं सर्वोऽप्यवतरति बहुधा विमर्शे सर्वमनन्तधर्मात्मकमित्यनेकान्तवादे स्याद्वादे ज्ञेयस्येव ज्ञानस्याप्यनन्तधर्मात्मकत्वमिति ज्ञानविशेषः केवलोपयोगोऽपि तथैव भवितुमर्हतीति स्वप्रकाशस्वभावतया प्रमाणमूर्द्धाभिषिक्तस्य न सर्वनयानां स्वस्वमतप्रमाणतयाऽऽनेऽपि तस्मिन् स्थानात्पदात् प्रेक्षावन्तः प्रति विविच्य तत्तदंशव्यवस्थापनप्रत्यलनयत्रयसध्रीचीनप्रमाणव्यापारः सफल एवेति जानन्तः सूरिप्रवरास्तत्तदभिमतैकैकांशव्यवस्थानप्रत्यलतत्तन्नयसमाश्रयेण केवलोपयोगस्वरूपावमर्शप्रत्यलविविक्ताभिप्रायोद्भूतः प्रमाणसाहाय्यमेवाचरितवन्त इति तेषां सर्वेषां केवलव्यवस्था सुव्यवस्थैवेत्यादर्तव्यैव धीधनैरित्यभिप्रायेण प्राचां वाचामित्यादिपद्यकदम्बकं निर्ममुर्ज्ञानबिन्दुप्रकरणे न्यायाचार्यन्यायविशारदोपपदा महोपाध्यायाः श्रीमन्तो यशोविजयगणयः,

प्राचां वाचां विमुखविषयोन्मेषसूक्ष्मेक्षिकायां,
येऽरण्यानीभयमधिगता नव्यमार्गानभिज्ञाः ।।
तेषामेषा समयवणिजां संमतिग्रन्थगाथा,
विश्वासाय स्वनयविपणिप्राज्यवाणिज्यवीथी ।। १ ।।
भेदग्राहिव्यवहृतिनयं संश्रितो मल्लवादी ।
पूज्याः प्रायः करणफलयोः सीम्नि शुद्धर्जुसूत्रम् ।।
भेदोच्छेदोन्मुखमधिगतः संग्रहं सिद्धसेन-
स्तस्मादेते न खलु विषमाः सूरिपक्षास्त्रयोऽपि ।। २ ।।

चित्सामान्यं पुरुषपदभाक् केवलाख्ये विशेषे ।
तद्रूपेण स्फुटमभिहितं साद्यनन्तं यदेव ॥
सूक्ष्मैरंशैः क्रमवदिदमप्युच्यमानं न दुष्टं ।
तत्सूरीणामियमभिमता मुख्यगौणव्यवस्था ॥ ३ ॥

व्याख्या—ये सिद्धान्तानुसारिण ऋजुमतयो नव्यमार्गानभिज्ञा उपयोगयोर्योगपद्यं पेक्यं चेति यन्नव्यं मतं तदधिगतिप्रत्यलो यो मल्लवादिप्रदर्शितो वादिदिवाकरोपदर्शितो वा मार्गः तद्यथार्थस्वरूपावधारणविकलाः प्राच्यां वाचां जिनभद्रगणिक्षमाश्रमणोक्तवाणीनां विमुखोऽनभिप्रेतो यो विषयः उपयोगयोर्योगपद्यमेकत्वं वा तस्य य उन्मेषः मल्लवादिवचसि वाच्यतयाऽवभासः तस्य या सूक्ष्मेक्षिका अनया विशाऽयमुपपद्यते इत्यादि तद्रहस्याकलनं तत्र अरण्यानीभयमुपगताः, यथा विकटापारविस्तारागम्यानल्पहिंस्रप्राणिवनमध्यपतितस्य वनान्तगमनोपायमार्गमपश्यतः कस्यचित्पुंसो यादृशं भयं तत्सदृशमपसिद्धान्तादिभयमुपगताः प्रागभूवन्, तेषां समयवणिजां सिद्धान्तानुसारिव्यवहारपरायणानां विश्वासाय मल्लवाद्यादिवचसि प्रामाण्यप्रद्योतनाय, यथाऽस्मिन्ज्ञानबिन्दावस्माभिरेषोद्दङ्किता, सम्मतिग्रन्थगाथा स्वनयविपणिप्राज्यवाणिज्यवीथी समस्तीति क्रियापदमध्याहार्यम्, स्वनयाः जैनराद्धान्ताभिमता ये सङ्ग्रहादयो नया न तु दुर्नयाः, त एव विपणयो हट्टकानि तत्र प्राज्यतया स्थितानि यानि प्राज्यवाणिज्यानि श्रेष्ठवाणिज्यकल्पानि तत्त्वानि तदधिगतये वीथी मार्ग इव मार्गः, तथा च सम्मतिग्रन्थगाथारूपमार्गाश्रयणतः राजमार्गगामिनामिव नैषामपसिद्धान्तादिभयलेशावकाशोऽपीति भावः, अथवा प्राच्यां वाचामिति विरुद्धप्रतिपत्तिभाजां त्रयाणामप्याचार्याणां वचनानामित्यर्थः, ये विमुखा विषयाः प्रतिपाद्याः परस्परविरुद्धपक्षाः तेषां य उन्मेषः प्रकाशः तद्रूपा या सूक्ष्मेक्षिका तस्यामित्यर्थः, अत्र च परस्परोपमर्दकयुक्तिभ्यः त्रयाणामपि पक्षाणामन्योन्यं बाधितत्वान्नैकस्याभ्युपगमे भवति स्वास्थ्यमित्यस्ति भयमिति बोध्यम्, अत्र च त्रयाणां पक्षाणां तत्तन्नयानुसरणप्रवृत्तत्वान्नास्ति विरोध इत्यादिर्नव्यमार्गस्तज्ज्ञाने नास्ति भयमिति तदनभिमतत्वं तत्र हेतुतया विशेषणं बोध्यमिति ॥ १ ॥ तेषां विभिन्ननयाश्रयणतस्तत्तदंशव्यवस्थापकत्वेन प्रमाणसंवादित्वमेवेति व्यवस्थापयितुं भेदग्राहिव्यवहृतीत्यादि द्वितीयपद्यं प्रभवति, एकक्षणवृत्तितया केवलज्ञानकेवलदर्शनोपयोगद्वयोपगन्ता मल्लवादी भेदग्राहिव्यवहृतिनयं संश्रितः, यद्यपि शुद्धस्य द्रव्य-

वहारस्य विशेष एव विषयो न तु सामान्यं तस्य शशशृङ्गकल्पत्वादिति तद्वि-
षयकोपयोगरूपं दर्शनमपि तस्य नास्ति, तथापि व्यवहर्त्रुपयोगवत्त्वविशेषोपग-
मोऽस्य सद्द्रव्यं पृथिवीत्यादिविभजनक्रमेणेति विभागप्रक्रियायामप्यस्त्येव
सामान्यप्रवेशः, अथवाऽशुद्धस्य व्यवहारस्य सामान्यमपि विषयः, अत एव व्य-
वहर्तौ शुद्धस्य विशेषणं नोपात्तम्, न च कर्माष्टकविभजनान्यथानुपपत्त्या चतुर्दर्श-
नस्याप्यन्यथानुपपत्त्या च विभजनपरस्यास्य ज्ञानदर्शनयोर्भेदो भवतु विषयः एता-
वता तयोर्यौगपद्यन्तु नायाति तदर्थमेव तु व्यवहृतिनयाश्रयणम्, अन्यथा ज्ञान-
दर्शनभेदस्य पूज्यानामप्यनुमतत्वेन तस्यापि व्यवहृतिनयाश्रयणं कामं स्या-
दिति वाच्यं, यो युगपद् सर्वं जानाति स सर्वज्ञ इति व्यवह्रियते विभजनपरे
चास्मिन् सर्वपदार्थोऽपि सर्वसामान्यं सर्वविशेषश्चेति तदुभयावगतावेव सर्वज्ञ-
त्वं घटते नान्यथेति भवति ज्ञानयौगपद्ये व्यवहारनयाश्रयणमुपयोगीति, पूज्याः
सिद्धान्तैकनिरतत्वात्सर्वसिद्धान्तसेवाविदग्धविदग्धकुलमुकुटायमानत्वात् पूजा-
र्हाः श्रीजिनभद्रगणिक्षमाश्रमणाः क्षायोपशमिके पूर्वं दर्शनं पश्चाज्ज्ञानमिति
क्रमः क्षायिके तु केवले पूर्वं ज्ञानं पश्चाद् दर्शनमित्येव क्रमः तन्निर्वाहकश्च
ज्ञानदर्शनयोः कार्यकारणभाव एव, कार्यकारणभावादेव च तयोः पौर्वाप-
र्यस्याप्यवश्यंभावाश्च यौगपद्यं, परं कश्चित्कालं ज्ञानपर्यायमनुभूय दर्शनपर्याया-
विर्भावितोऽपि कार्यकारणभावस्य सम्भवेन नैतावता ज्ञानोत्पत्त्यनन्तरक्षण एव
दर्शनोत्पत्तिस्तदनन्तरक्षण एव च ज्ञानोत्पत्तिरिति क्रम उपपद्यत इत्यत उक्तं
करणफलयोः सीम्नि शुद्धर्जुसूत्रमिति अत्र वचनविपरिणामेन संधिता इत्य-
ध्याहार्यम्, करणफलयोः भावप्रधाननिर्देशात्कार्यकारणभावयोः, सीम्नि व्यव-
स्थायां, सा च "क्षणिकाः सर्वसंस्कारा अस्थिराणां कुतः क्रिया । भूतिर्यैषां
क्रिया सैव कारणं सैव चोच्यते" इति वचनात् तत्तत्कार्योत्पत्त्यव्यवहितप्राक्-
क्षणे तत्तत्कारणस्य भवनमेव तस्य तत्कार्यं प्रति कारणत्वमित्याकारिका, अ-
यवा केवलदर्शनं प्रति केवलज्ञानस्य केवलज्ञानत्वेन कारणत्वे केवलज्ञानं प्रत्यपि के-
वलदर्शनस्य केवलदर्शनत्वेन कारणत्वं वाच्यं तथा च केवलज्ञाने व्यभिचारश्च सम्भ-
वति, न चाद्यकेवलज्ञानेतरकेवलज्ञानत्वावच्छिन्नं प्रति केवलदर्शनत्वेन कारणत्वमि-
ति वाच्यम् अनेकधर्मघटितस्य तस्य स्वघटकतत्तद्धर्मावच्छिन्नप्रतिनियततत्तत्का-
रणसामग्रीसमुदायनियम्यतयाऽर्थसमाजग्रस्ततया कार्यतावच्छेदकत्वासम्भवात्,
किन्तु तत्तत्कार्यं प्रति तत्तत्कुर्वद्रूपत्वेन कारणत्वमित्येव कार्यकारणभावव्यवस्था त-

स्यादित्यर्थः, ऋजुसूत्रस्य पर्यायार्थिकतया शुद्धत्वस्य प्राप्तत्वेऽप्युपरञ्जकमेव
तद्विशेषणम्, अथवैतन्मते ऋजुसूत्रस्यापि द्रव्यार्थिकत्वेनाशुद्धत्वस्यापि सम्भ-
वात्तद्व्यवच्छेदाय शुद्धत्वविशेषणम् । एवमपि केवलस्य साद्यनन्तत्वस्योपपत्तये
चित्सामान्यात्मना पूर्वापरकालानुगमस्य पूज्यानां सम्मतत्वेन शुद्धर्जुसूत्रे निरन्व-
यविनाशस्यैवोपगमेन तदभावात्सर्वथा तदाश्रयणं न सम्भवतीति प्राय इत्यु-
क्तम् । सिद्धसेनः सङ्ग्रहमधिगत इति न चैकमेव केवलं सामान्यविषयकत्वा-
द्दर्शनमिति विशेषविषयकत्वाच्च ज्ञानमित्युपगमो दिवाकरस्य, स च सङ्ग्रहा-
श्रयणे विरुध्यते, सङ्ग्रहे विशेषस्यैवाभावेन तद्विषयकत्वस्याप्यभावादिति वा-
च्यम्, अत एव हि भेदोच्छेदोन्मुखमिति सङ्ग्रहस्य विशेषणमुपन्यस्तम्, नैग-
माभ्युपगतसङ्कोचप्रवणो हि सङ्ग्रहोऽनेकमुखः, तत्र विषयसङ्कोचको नादृतः
सूरिणा, किन्तु विषयिस्वरूपभेदसङ्कोचक एवेति । उपसंहरति तस्मादिति स्प-
ष्टमदः, ॥ २ ॥ ननूपपद्यन्तां तत्तन्नयावलम्बनेन त्रयोऽपि पक्षाः प्रमाणानुग्रहम-
न्तरेण परस्परमेककार्यत्वन्तु न सम्भवति तेषाम्, न च तदन्तरेण प्रमाणप-
क्षपातिभिरुपादेयास्ते इत्यत आह चित्सामान्यमिति, केवलाख्ये विशेषे यद्व-
च चित्सामान्यं पुरुषपदभाक् केवलोत्पत्तेः पूर्वं परतश्च पुरुषः पुरुष इति य-
देकाकारेण व्यपदिश्यते तत्र ''उपयोगलक्षणो जीव'' इत्यतः चित्सामान्यमे-
वानाद्यनन्तपारिणामिकभावस्वरूपं नियामकम्, अत एव निगोदावस्थायामपि
चितः केनचिदंशेन प्रकटावस्था शास्त्रसम्मता, एवं सत्यपि यद्रूपेण साद्यनन्त-
स्फुटमभिहितम्, तद्रूपेण केवलोपयोगरूपेण, तथा च यथा चितः सामान्यात्म-
नाऽनादित्वेऽपि विशेषात्मना सादित्वं न दुष्टम्, तथा इदं सूक्ष्मेरंशैः क्रमव-
दप्युच्यमानं न दुष्टम्, इदं केवलविशेषात्मना परिणतं चित्सामान्यं, सूक्ष्मैरंशैः
विशेषावगाहनांशसामान्यावगाहनांशैः, क्रमवत् पूर्वक्षणे ज्ञानं तदनन्तरक्षणे दर्शनं
इत्येवं क्रमिकम्, अपिशब्दाद्युगपदभिन्नं चैतन्मयोरुपग्रहः, अत एव सूक्ष्मैरंशै-
रित्यत्र बहुवचनमपि सङ्गतम्, यथा केवलस्य द्वावंशौ ज्ञानदर्शनात्मकौ तथा
केवलज्ञानस्यापि सन्ति बहवोऽंशाः एवं केवलदर्शनस्यापि, अन्यथा प्रथम-
क्षणे सर्वात्मना केवलज्ञानस्य द्वितीयक्षणे तथा दर्शनस्योत्पादे तयोरनुत्पन्नां-
शान्तराभावात् तृतीयपञ्चमादिक्षणेषु केवलज्ञानस्य चतुर्थषष्ठादिक्षणेषु च दर्श-
नस्योत्पादो न स्यात्, एवं च केवलज्ञानोत्पत्त्यव्यवहितपूर्वक्षणे केवलज्ञानावर-
णीयकर्मविगमवत्केवलदर्शनावरणीयकर्मविगमस्यापि सद्भावे केवलातिशयस्या-
भाव्याद् भवतु प्रथमं केवलज्ञानं तथापि केन विशेषेण केवलदर्शनस्यापि

तदानीमप्युत्पत्तिरस्त्येव तत्र च क्रमिकोपयोगवादो गजनिमीलिकामवलम्बमानो गौणतया तदभ्युपगन्तैव, अन्यथा दुर्नयप्रवेशोऽपरिहरणीय एव स्यात्, इत्थमेव तृतीयक्षणभाविनः केवलज्ञानस्य केवलदर्शनाधिकरणे द्वितीयक्षणे, एवमग्रेऽपि, संवदति चामुमर्थं प्रथमतन्तुसङ्घटनसमयेऽपि केनचिदंशेन सद्भूतन्तुकपटस्योत्पत्तिस्वीकारवचनम् । युगपदुपयोगवाद्यपि क्रमिकोपयोगवादं गौणतयाभ्युपैत्येव, यतो यथा प्रथमक्षणे ज्ञानदर्शनयोरुत्पत्तिस्तथा द्वितीयादिक्षणेष्वपि, एवञ्च प्रथमक्षणे ज्ञानमेव द्वितीयक्षणे दर्शनमेवेत्येवं क्रमवादो मास्तु एवं प्रथमक्षणे ज्ञानं द्वितीयक्षणे दर्शनमित्येवं क्रमवादस्तु तस्याप्यस्त्येव द्वयोरभेदाभ्युपगन्ताऽपि दुर्नयप्रवेशभिया भेदं सर्वथा न प्रतिक्षेप्तुमर्हतीति गौणतया भेदमभ्युपगच्छत्येव, एवञ्च युगपद्वादः क्रमवादश्चोक्तदिशा तन्मतेऽपीति स्याद्वादप्रमाणानुग्रहं सर्वेषामैकमत्यमिति त्रयोऽपि सूरिपक्षा आदर्तव्या इत्यभिप्रायेणोपसंहारवचनं तत्सूरीणामभिप्रायमभिमता मुख्यगौणव्यवस्थेति ॥ ३ ॥

संस्कृतविवरणनुं भाषान्तर घणुं विस्तीर्ण थइ जाय तेथी मूलश्लोक मात्रनो भावार्थ लखीये छीये—

प्रथम श्लोकार्थ—प्राचीन (पूज्यश्रीजिनभद्रगणिक्षमाश्रमण पूज्यश्रीमल्लवादिजी पूज्य श्रीसिद्धसेनदिवाकरजी महाराजाओ अथवा पूज्य श्री जिनभद्रगणिक्षमाश्रमण महाराज ) ए महापुरुषोनी वाणीओनी विरुद्ध विषयना विकासवाळी सूक्ष्मविचारणामां स्तववा लायक ( नयविचारनी गवेषणावाळा ) अथवा नवीन तर्कानुसारी मार्गने नहि जाणनारा जेओ गहन अरण्यमां पडेलाओनी जेम भय पामेला छे तेवा सिद्धान्तथी व्यवहार करनाराओने (ते ते पूज्य पुरुषोना विचारोमां) विश्वास लाववाने आ सम्मतिग्रन्थनी गाथा (जे ज्ञानबिन्दु प्रकरणमां बतावी छे ते ) जैनसिद्धान्तसम्मत नयरूपी दुकानोमां रहेला विस्तीर्ण ( तत्त्वरूपी ) करीयाणानी पंक्ति रूप छे.

द्वितीयश्लोकार्थ—एक समयमां केवलज्ञान केवलदर्शनोपयोग बेउनुं यौगपद्य छे ते विचारने दर्शावनार पूज्य श्री मल्लवादिजी महाराज वस्तुओनी भिन्नता ग्रहण करनार व्यवहार नयनो मुख्यताए आश्रय कर्यो छे. भिन्नसमयमां केवलज्ञान केवलदर्शनोपयोग छे तेविचारना बतावनार पूज्य श्रीजिनभद्रगणिक्षमाश्रमण महाराजे कार्यकारण भावनी व्यवस्थामां मुख्यत्वे शुद्धऋजुसूत्रनयनुं अवलम्बन कर्युं छे.(सामान्य

ऋजुसूत्र द्रव्यार्थिक होवाथी वस्तुनी स्थिरता पण माने छे माटे शुद्ध ऋजुसूत्र नय लीधो छे जे प्रतिक्षण वस्तुनी भिन्नता मानेछे,) केवलज्ञान अने केवलदर्शनोपयोग एक रूपज छे ते विचारना प्रतिपादन करनार पूज्य श्रीसिद्धसेनदिवाकरजी महाराजे प्रधानतया भेदने उच्छेद करवामां सन्मुख रहेल संग्रहनयनो स्वीकार कर्यो छे, तेथी आ त्रण पण पूज्य आचार्योना विचारो विषम नथी एटले परस्पर विरोध दर्शावनारा नथी, (जो एकज नयना अवलम्बनथी त्रणे विचारो होत तो विरोध थात पण तेम नथी. ए आशय छे.)

तृतीयश्लोकार्थ-केवलनामना विशेषस्वरूपमां पुरुष (जीव) पदने भजनारुं 'चित्' एटले चैतन्य ए सामान्य धर्म एकाकार छे एटले के केवलज्ञान उत्पन्न थया पूर्वे अने पछी चैतन्य ए सामान्य धर्म एक सरखो छे छतां पण कैवल्य स्वरूपे सादि अनन्तभांगे जे स्पष्ट रीते कहेलुं छे अने विशेषावगाहित्वधर्मावच्छिन्नकेवलज्ञानरूप अने सामान्यावगाहित्वधर्मावच्छिन्न केवलदर्शनरूप सूक्ष्म अंशोए करीने प्रथम समये केवलज्ञान बीजे समये केवलदर्शन ए प्रमाणे अनुक्रमवाळुं कहेवामां आवे तोपण दुष्ट नथी. एज प्रमाणे वस्तु अनन्तधर्मात्मक होवाथी जेम कोइ कोइ धर्मनी मुख्य व्यवस्था अने कोइ कोइ धर्मनी गौण व्यवस्था करवामां आवेछे तेज प्रमाणे प्रणेय आचार्य भगवन्तोने आ मुख्यगौणव्यवस्था सम्मत छे तेथी क्रमवत् केवलज्ञान अने केवलदर्शन उपयोग, युगपद् केवलज्ञान केवलदर्शनोपयोग अने केवलज्ञान केवलदर्शन एकरूपज छे ए त्रणे विचारोमां दोषापत्ति नथी.

---

हवे आगळना प्रशस्ति श्लोको पण अपूर्व विचारदर्शक अने तत्त्वगवेषकोने आनन्ददायक होवाथी आ नीचे मूल मात्र आपीये छीये-

तमोऽपगमचिज्जनुःक्षणभिदा निदानोद्भवाः,
श्रुता बहुनराः श्रुते नयविवादपक्षा यथा ।
तथा क इव विस्मयो भवतु सूरिपक्षत्रये,
प्रधानपदवी धियां क्व नु दवीयसी दृश्यते ॥ ४ ॥
प्रसह्य सदसत्त्वयोर्नहि विरोधनिर्णायकं,
विशेषणविशेष्ययोरपि नियामकं यत्र न ।
गुणागुणविभेदतो मतिरपेक्षया स्यात्पदा,
किमत्र भजनोर्जिते स्वसमये न सङ्गच्छते ॥ ५ ॥

क्षेवावधिर्भवेत् ॥ १८९ ॥ क्षणे द्वितीये तद् ज्ञानं, चेत्पतेन्मरणादिना। तदा जघन्या विज्ञेयाऽवधिज्ञानस्थितिर्बुधैः ॥१९०॥ संयतस्याप्रमत्तत्वे, वर्त्तमानस्य कस्यचित्। मनोज्ञानं समुत्पद्य, द्वितीयसमये पतेत् ॥ १९१ ॥ एवं मनःपर्यवस्य, स्थितिर्लघ्वी क्षणात्मिका। देशोना पूर्वकोटी तु, महती साऽपि भाव्यते ॥ १९२ ॥ पूर्वकोट्यायुषो दीक्षाप्रतिपत्तेरनन्तरम्। मनोज्ञाने समुत्पन्ने, यावज्जीवं स्थिते च सा ॥१९३॥ तत्र च ॥ स्थितिर्लघ्वी ऋजुमतिमनोज्ञानव्यपेक्षया। अन्यत्त्वप्रतिपातित्वादाकैवल्यं हि तिष्ठति ॥ १९४ ॥ केवलिस्थितिरुक्तैव, साद्यनन्तेत्यनन्तरम्। मत्यज्ञानश्रुताज्ञानस्थितिस्त्रेधा भवेदथ ॥ १९५ ॥ अनाद्यनन्ताऽभव्यानां. भव्यानां द्विविधा पुनः। अनादिसान्ता साद्यन्ता, तत्राद्या ज्ञानसंभवे ॥१९६॥ सादिसान्ता पुनर्द्वेधा, जघ-

प्रमाणनयसङ्गता स्वसमयेऽप्यनेकान्तधी-
र्नयस्मयतटस्थतोल्लसदुपाधिकिर्मीरिता।
कदाचन न बाधते सुगुरुसम्प्रदायक्रमं,
समञ्जसपदं वदन्त्युरुधिया हि सद्दर्शनम् ॥ ६ ॥
रहस्यं जानन्ते किमपि न नयानां हतधियो,
विरोधं भाषन्ते विविधबुधपक्षे बत खलाः।
अमी चन्द्रादित्यप्रभृतिविकृतिव्यत्ययगिरा,
निरातङ्काः कुत्राप्यहह न गुणान्वेषणपराः ॥ ७ ॥
स्याद्वादस्य ज्ञानबिन्दोरमन्दान्मन्दारद्रोः कः फलास्वादगर्वः।
द्राक्षासाक्षात्कारपीयूषधारादारादीनां को विलासश्च रम्यः ॥ ८ ॥
गच्छे श्रीविजयादिदेवसुगुरोः स्वच्छे गुणानां गणैः,
प्रौढिं प्रौढिमधाम्नि जीतविजयाः प्राज्ञाः परामैयरुः।
तत्सातीर्थ्यभृतां नयादिविजयप्राज्ञोत्तमानां शिशु-
स्तत्त्वं किञ्चिदिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥ ९ ॥

न्योत्कृष्टभेदतः । जघन्याऽन्तर्मुहूर्त्तं स्यात्, सा चैवं परिभाव्यते ॥ ९९७॥ जन्तोर्भ्रष्टस्य सम्यक्त्वात्, पुनरन्तर्मुहूर्त्ततः । सम्यक्त्वलब्धौ लघ्वी स्यादज्ञानद्वितयस्थितिः ॥ ९९८ ॥ अनन्तकालचक्राणि, कालतः परमा स्थितिः । देशोनं पुद्गलपरावर्त्तार्द्धं क्षेत्रतस्तु सा ॥९९९॥ भावना ॥ सम्यक्त्वतः परिभ्रश्य, वनस्पत्यादिषु भ्रमन् । सम्यक्त्वं लभतेऽवश्यं, कालेनैतावता पुनः ॥ १००० ॥ जघन्या त्वेकसमयं, विभङ्गस्य स्थितिः किल । उत्पद्य समयं स्थित्वा, भ्रश्यतः सा पुनर्भवेत् ॥ १ ॥ त्रयस्त्रिंशत्सागराणि, विभङ्गावस्थितिर्गुरुः । देशोनया पूर्वकोट्याऽधिकानि तत्र भावना ॥ २ ॥ देशोनपूर्वकोट्यायुः, कश्चिदङ्गी विभङ्गवान् । ज्येष्ठायुरप्रतिष्ठाने, तिष्ठेद्विभङ्गसंयुतः ॥३॥ इति ज्ञानस्थितिः ॥

अर्थ-हवे जघन्य उत्कृष्टादि भेदे करी सर्वज्ञानोनी स्थितिनुं वर्णन करे छे–हवे श्रीजिनेश्वरोए ज्ञाननी स्थिति सादि अनंत अने सादि सान्त एम बे प्रकारनी कहेली छे. तेमां केवळज्ञाननी पहेली ( सादि अनंत) स्थिति छे, ॥९८३॥ अने शेष (चार) ज्ञाननी स्थिति बीजी ( सादिसान्त ) छे. पहेलां बे ज्ञाननी जघन्य स्थिति अन्तर्मुहूर्त, अने उत्कृष्ट स्थिति ६६ सागरोपम छे. ॥ ९८४ ॥ ते आ प्रमाणे–३३ सागरोपम प्रमाणना बे भव विजयादि ( चार विमान ) मां अथवा २२ सागरोपम प्रमाणना त्रण भव अच्युतादि ( अच्युत अने पहेली ग्रैवेयक ) मां उत्कृष्टपणे करीने मोक्षमां जाय अथवा सम्यक्त्वनो त्याग करे तो मनुष्यभव अधिक ६६ सागरोपम थाय. ॥९८५-८६॥ कह्युं

१ साधिक पहले २ मनुष्यभव विजयादिमां जतां अने साधिक पहले ३ मनुष्यभव अच्युतमां अह मोक्षे जतां या सम्यक्त्व वमतां जाणवा. वळी ए स्थिति क्षयोपशम सम्यक्त्व अथवा क्षायिकवाळा मति–श्रुत ज्ञाननी स्थिति जाणवी. अन्यथा उपशम सम्यक्त्वनी अपेक्षाए जघन्य स्थिति अन्तर्मुहूर्त छे. तथा उत्कृष्टमां पण मोक्ष जतां क्षायिक अने क्षयोपशम सम्यक्त्व युक्त मतिश्रुतनी, अने त्याग करतां मात्र क्षयोपशम सम्यक्त्वयुक्त मतिश्रुतनी उपर कहेली उत्कृष्टस्थिति जाणवी.

छे के–"विजयादिमां बे वार गयेल अथवा त्रणवार अच्युतमां गयेल जीवोनी अपेक्षाए मनुष्यभव अधिक ६६ सागर जाणवा अने अनेक (वा सर्व) जीवोनी अपेक्षाए सदाकाळ स्थितिवाळुं (प्रथम ज्ञान युगल छे–इति शेषः)" ॥९८७॥ तथा अवधिज्ञाननी उत्कृष्ट स्थिति पण एज (उपर कह्या प्रमाणे साधिक ६६ सागरोपम) कही छे, अने जघन्यथी १ समयनी छे ते आ प्रमाणे कहेवाय छे–ज्यारे विभंगज्ञानी सम्यक्त्व पामे त्यारे तेज समये जे विभंगज्ञान ते अवधिज्ञान थइ जाय.॥९८८-८९॥ अने बीजेज समये जो मरणादिकवडे ते ज्ञान (अवधिज्ञान) पतित थइ जाय तो पंडितोए ते वखते अवधि ज्ञाननी जघन्य स्थिति (१ समयनी) जाणवी. ॥९९०॥ अप्रमाददशामां वर्तता कोइ मुनिने (ऋजुमति) मनःपर्यवज्ञान (प्रथम समये) उत्पन्न थइ बीजे समये पडी जाय, ॥९९१॥ तो ए प्रमाणे मनःपर्यवज्ञाननी जघन्य स्थिति १ समयात्मक जाणवी, अने उत्कृष्ट स्थिति देशोनपूर्व क्रोड वर्ष प्रमाणनी छे ते पण आ प्रमाणे कहेवाय छे. ॥ ९९० ॥ पूर्वक्रोड वर्षना आयुष्यवाळा जीवने दीक्षा अंगीकार कर्या बाद तुर्तज मनःपर्याय ज्ञान उत्पन्न थाय अने ते आखी जींदगी सुधी रहे तो ( मनःपर्यवज्ञाननी ) ते उत्कृष्ट स्थिति थाय. ॥ ९९१ ॥ वळी तेमां जघन्य स्थिति ( १ समयनी ) तो ऋजुमति मनोज्ञानीनी अपेक्षाए जाणवी. कारण के बीजुं ( विपुलमति मनोज्ञान ) तो अप्रतिपाति होवाथी केवळज्ञान पामता सुधी स्थिर रहे छे. ॥ ९९२ ॥ केवळज्ञाननी स्थिति तो प्रथम सादि अनंत कहेलीज छे. हवे मति अज्ञान–श्रुत अज्ञाननी स्थिति त्रण प्रकारनी छे ( ते आ प्रमाणे ) ॥ ९९३-९५ ॥ त्यां अभव्य जीवोने आश्रयि (मतिश्रुत अज्ञाननी स्थिति) अनादि अनंत छे, अने भव्यजीवोनी अपेक्षाए अनादि–सान्त अने बीजी सादि–सान्त एम बे प्रकारनी छे तेमां पहेली अनादि सान्त स्थिति अनादिकालनुं अज्ञान मटीने (सम्यक्त्व प्राप्ति समये) ज्ञान थवानो संभव होवाथी छे. ॥९९६॥ अने बीजी सादि–सान्त स्थिति पुनः जघन्य अने उत्कृष्टना भेदथी बे प्रकारनी छे, त्यां जघन्य सादि सान्त स्थिति (बे अज्ञाननी) अन्तर्मुहूर्तनी छे ते आ प्रमाणे विचाराय छे–९९७॥ सम्यक्त्वथी पतित थयेल्या जीवने पुनः अन्तर्मुहूर्त बाद सम्यक्त्वनी प्राप्ति थये ये अज्ञाननी जघन्य स्थिति (अन्तर्मु॰ प्रमाण) थाय छे ॥ ९९८ ॥ अने उत्कृष्ट स्थिति काळथी अनंतकाळचक्र जेटली, अने क्षेत्रथी ते उत्कृष्ट स्थिति कंइक न्यून अर्ध पुद्गलपरावर्त जाणवी. ॥९९९॥ तेनी भावना आ प्रमाणे–सम्यक्त्वथी

१ द्रव्यादि चार प्रकारनां पुद्गल परावर्तोमां अहिं क्षेत्रपुद्गल परावर्त लेवुं

जीव पतित थइने वनस्पत्यादि भवोमां परिभ्रमण करतो जीव तेटले काळे पुनः अवश्य सम्यक्त्व पामेज (माटे अर्धपुद्गलपरावर्त स्थिति कही.) ॥१०००॥ विभंगज्ञाननी जघन्य थी १ समय स्थिति छे, ते निश्चये विभंगज्ञान उत्पन्न थइ १ समय रहीने पुनः पतित थतां ते ( १ समय स्थिति ) होय छे. ॥ १ ॥ अने विभङ्ग ज्ञाननी उत्कृष्ट स्थिति कंइक न्यून पूर्वकोड वर्ष अधिक ३३ सागरोपम प्रमाण छे, तेनी भावना आ प्रमाणे—॥ २ ॥ कंइक न्यून पूर्व क्रोड वर्षना आयुष्यवाळो कोइक विभंगज्ञानी जीव विभंगज्ञान सहित अप्रतिष्ठान नरकावासमां ( ७ मी नरकना मध्य नरकावासमां ) उत्कृष्ट आयुष्यपणे उपजे ( तो विभङ्ग ज्ञाननी उत्कृष्ट स्थिति थाय.)॥ ३ ॥ ए प्रमाणे आठे ज्ञाननी स्थितियो कही.

अथान्तरं ॥ मत्यादिज्ञानतो भ्रष्टः,पुनः कालेन यावता । ज्ञानमाप्नोति मत्यादि, ज्ञानानामन्तरं हि तत् ॥ ४ ॥अनन्तकालचक्राणि, कालतः स्यान्मतिश्रुते। देशोनं पुद्गलपरावर्त्तार्द्धं क्षेत्रतोऽन्तरम् ॥ ५॥ एवमेवावधिमनःपर्यायज्ञानयोः परम् । अन्तर्मुहूर्तमात्रं च, सर्वेष्वेष्वन्तरं लघु ॥ ६ ॥ केवलस्यान्तरं नास्ति, साद्यनन्ता हि तत्स्थितिः । अनाद्यन्तानादिसान्तेऽज्ञानद्वयेऽपि नान्तरम् ॥ ७ ॥ सादिसान्ते पुनस्तत्राधिकाः षट्षष्टिसागराः । इयमुत्कृष्टसम्यक्त्वस्थितिरेव तदन्तरम् ॥८॥ अन्तरं स्याद्विभङ्गस्य, ज्येष्ठं कालो वनस्पतेः । अन्तर्मुहूर्त्तमेतेषु, त्रिषु ज्ञेयं जघन्यतः ॥ ९ ॥ ( अथाल्पबहुत्वम् ) स्तोका मनोज्ञा अवधिमन्तोऽसंख्यगुणास्ततः । मतिश्रुतज्ञानवन्तो, मिथस्तुल्यास्ततोऽधिकाः ॥१०॥ असंख्येयगुणास्तेभ्यो, विभङ्गज्ञानशालिनः । केवलज्ञानिनोऽनन्तगुणास्तेभ्यः प्रकीर्त्तिताः ॥ ११ ॥ तदनन्तगुणास्तुल्या, मिथो द्व्यज्ञानवर्तिनः । अप्यष्टस्वेषु पर्याया, अनन्ताः कीर्तिता जिनैः ॥ १२ ॥

अथ–ज्ञाननो विरह काळ ( अन्तर काळ )—मत्यादि ज्ञानथी पतित

थयेलो जीव पुनः जेटले काळे मत्यादिज्ञान पामे तेटलो काळ मत्यादिज्ञाननुं अन्तर (विरह) कहेवाय. ॥४॥ त्यां मतिज्ञान अने श्रुतज्ञाननुं अन्तर (उपर कह्या प्रमाणे) काळथी अनंतकाळचक्र अने क्षेत्रथी कंइक न्यून ०॥ अर्ध पुद्गल परावर्त्त छे. ॥५॥ अवधि अने मनःपर्यवनुं पण उत्कृष्ट अन्तर ते प्रमाणे ज छे, अने आ सर्व ज्ञानमां (४ ज्ञानमां) जघन्य अन्तर अन्तर्मुहूर्त मात्र छे. ॥६॥ केवळज्ञाननुं अन्तरज नथी, कारण के तेनी स्थिति सादि-अनंत छे. अने अनादि-सान्त तथा अनादि अनन्त स्थितिवाळां बे अज्ञानमां ( मति-श्रुत अज्ञानमां ) पण अन्तर नथी. ॥ ७ ॥ अने ए बे अज्ञाननी सादि-सान्त स्थितिमां पुनः साधिक ६६ सागरोपम अन्तर छे अने ते सम्यक्त्वनी उत्कृष्ट स्थिति (प्रथम कही छे ते) प्रमाणेज तेनुं उत्कृष्ट अन्तर जाणवुं. ॥ ८ ॥ विभंग ज्ञाननुं अन्तर वनस्पतिना उत्कृष्ट काळ ( कायस्थिति ) जेटलुं छे, अने ए त्रणे अज्ञानमां जघन्य अन्तर अन्तर्मुहूर्त जाणवुं. ॥९॥ ज्ञानोनुं अल्पबहुत्व, मनःपर्यव ज्ञानी सर्वथी अल्प छे, तेथी अवधिज्ञानी जीवो असंख्यगुणा छे, तेथी मति-श्रुत ज्ञानवाळा अधिक अने परस्पर तुल्य छे. ॥ १० ॥ तेथी विभंग ज्ञानवाळा असंख्यगुणा छे, अने तेथी पण केवळज्ञानी अनंतगुणा कहेला छे. ॥ ११ ॥ तेथी बे अज्ञानवाळा जीवो अनंतगुण छे पण परस्पर तुल्य छे. वळी ए आठे ज्ञानोमां जिनेश्वरोए अनंत अनंतपर्यायो कहेला छे. । १२ ॥

१ मनःपर्यायज्ञान लब्धिवन्त अप्रमत्तसंयतमनुष्योने ज थतुं होवाथी मनःपर्यवज्ञानी जीवो परिमितज होय छे. अवधिज्ञान सम्यग्दृष्टि सर्वदेव तथा सर्वनारकोने भवप्रत्ययिक होयज छे तथा मनुष्यतिर्यंचोमां केटलाकने गुणप्रत्ययिक थाय छे. एटले चारे गतिना जीवोने तेनो संभव होवाथी अवधिज्ञानी असंख्यातगुणा छे मति अने श्रुतज्ञान अवधिज्ञान जेओने होय तेओने तो होयज अने अवधिज्ञान रहित पण सम्यग्दृष्टिजीवोने होय छे, जेथी अवधिज्ञानि करता मति-श्रुतज्ञानी वधारे छे, मति अने श्रुतज्ञान तो सहचर्ति होवाथी ते बे परस्पर तुल्य छे, विभङ्गज्ञान सम्यग्दृष्टि शिवायना तमाम देव तथा नारकीओने भवप्रत्ययिक होयज छे मनुष्यतिर्यंचोमां पण केटलाकने होय जेथी मति-श्रुतज्ञानिथी असंख्यगुणविभङ्गज्ञानिओ होय छे केवलज्ञान सर्व सिद्धभगवन्तोने तथा सयोगि ( १३ मुं ) तथा अयोगि ( १४ मुं ) गुणस्थानवर्तिजीवोने होय छे. जेथी अनन्तगुण केवलज्ञानि भगवन्तो छे, तेमनाथी अनादि वनस्पति विगेरे सर्व मिथ्यादृष्टिजीवो मतिअज्ञानी अने श्रुतअज्ञानी होय छे, जेथी अनन्तगुणा कह्या छे, अने ते बे अज्ञानो सहवर्ति होवाथी परस्पर तुल्य छे.

सर्वेषां पर्यवा द्वेधा, स्वकीयापरभेदतः। स्वधर्मरूपास्तत्र स्वे, परधर्मात्मकाः परे॥ १३॥ क्षयोपशमवैचित्र्यान्मतेरवग्रहादयः। अनन्तभेदाः षट्स्थानपतितत्वाद्भवन्ति हि॥१४॥ षट्स्थानानि चैवं–अनन्तासंख्यसंख्येयभागैर्वृद्धिर्यथाक्रमम् । संख्येयासंख्येयानन्तगुणैर्वृद्धिरितीह षट्॥१५॥ अनन्तासंख्यसंख्यानामनन्तासंख्यसंख्यकाः । भेदाः स्युरित्यनन्तास्ते, मतिज्ञानस्य पर्यवाः ॥१६॥ प्रतिज्ञेयं मतिज्ञानं, विभज्येत यतोऽथवा। ज्ञेयानन्त्यात्ततोऽनन्ता, मतिज्ञानस्य पर्यवाः॥ १७ ॥ निर्विभागैः परिच्छेदैश्छिन्नं कल्पनयाऽथवा । अनन्तखण्डं भवतीत्यनन्ता मतिपर्यवाः ॥ १७ ॥ स्वेभ्योऽनन्तगुणा ये च, सन्त्यर्थान्तरपर्यवाः । यतस्तेऽत्रोपयुज्यन्ते, ततस्तेऽप्यस्य पर्यवाः ॥ १८ ॥ यद्यप्यस्मिन्नसंबद्धास्तथाप्यस्योपयोगतः । तेऽदसीया असबद्धस्वोपयोगिधनादिवत् ॥ १९ ॥ आह च ॥ " जइ ते परपज्जाया न तस्स, अह तस्स न परपज्जाया ? । ( यदि ते परपर्याया न तस्य अथ तस्य, न परपर्यायाः?। ) आचार्यः प्राह ॥ जं तंमि असंबद्धा, तो परपज्जायववदेसो ॥ २० ॥ ( यत्तस्मिन् असंबद्धाः ततः परपर्यायव्यपदेशः । ) चायसपज्जायविसेसणाइणा तस्स जमुवजुज्जंति । सधणमिवासंबद्धं हवंति तो पज्जवा तस्स ॥२१॥" ( त्यागस्वपर्यायविशेषणादिना तस्य यदुपयुज्यन्ते। स्वधनमिवासम्बद्धं भवन्ति ततः पर्यायास्तस्य ॥) [सा० २१२] 'चाय' त्ति त्यागेन स्वपर्यायविशेषणादिना च परपर्याया घटादिपर्याया 'येन' कारणेन 'तस्य' ज्ञानस्योपयुज्यन्ते–उपयोगं यान्ति, यतो घटादिसकलवस्तुपर्यायपरित्याग एव ज्ञानादिरर्थः सुज्ञातो भवतीति सर्वे परपर्यायाः परित्याग-

मुखेनोपयुज्यन्ते, तथा परपर्यायसद्भाव एव एते स्वपर्याया इति विशेषयितुं शक्या इति स्वपर्यायविशेषणेन परपर्याया उपयुज्यन्त इति तात्पर्यम् ॥

अर्थ-ज्ञानोना स्व अने पर पर्यायनुं स्वरूप-सर्व ज्ञानोना (आठे ज्ञानना) पर्याय स्व अने पर भेदथी बे प्रकारना छे. त्यां पोताना धर्मरूप जे पर्यायो ते स्वपर्याय, अने पर अन्यपदार्थना धर्मरूप जे पर्यायो ते परपर्याय कहेवाय. ॥१३॥ क्षयोपशमना विचित्रपणावडे मतिनुं षट्स्थान पतितपणुं होवाथी मतिज्ञानना अवग्रहादि भेदो निश्चये अनंत भेदवाळा छे.॥१४॥त्यां षट्स्थान आ प्रमाणे—अनंतभागवृद्धि-असंख्यभाग वृद्धि–संख्यभाग वृद्धि–संख्येय गुणवृद्धि–असंख्येय गुणवृद्धि अने अनंतगुण वृद्धि ए प्रमाणे अहिं ६ स्थान छे. ॥ १५ ॥ वळी ए अनंतना अनंत भेद, असंख्यना असंख्य भेद, अने संख्यातना संख्याता भेद छे, माटे मतिज्ञानना ते पर्यायो पण सर्व मळी अनंत छे. ॥ १६ ॥ अथवा जे कारणथी मतिज्ञान ज्ञेयनी अपेक्षाए भेदवाळुं गणीए तो ज्ञेय अनंत होवाथी मतिज्ञानना पर्याय पण अनंत छे. ॥ १७ ॥ अथवा बुद्धि कल्पनावडे निर्विभाज्य अंशोवडे छेद्युं छतुं अनंत खंडवाळुं ( अनंत भागात्मक ) थाय ए हेतुथी पण मतिज्ञानना अनंत पर्याय ( स्वपर्याय ) छे. ॥ १८ ॥ हवे जे कारणथी ए स्वपर्यायोथी बीजा पदार्थना जे अनंतगुण पर्यायो छे, जे कारणथी ते मतिज्ञानना पर्याय विचारमां उपयोगमां आवे छे तेथी ते ( पदार्थान्तरपर्यायो ) पण आ मतिज्ञाननाज पर्यायो ( परपर्यायो ) छे. ॥ १९ ॥ जो के एमां ( मतिज्ञानमां ) ते पर्यायो ( परपर्यायो ) संबंध विनाना छे तोपण ए मतिज्ञानना उपयोगमां आवता हो-

१ जेम प्रकाशस्वरूप ओळखवामां अन्धकारादि त्यागरूपे उपयोगी थाय छे. तेम स्वपर्यायने ओळखवामां परपर्यायो त्यागरूपे उपयोगी थाय छे, तथा 'अभावज्ञाने प्रतियोगिज्ञानस्य कारणत्वं' ए न्यायथी जेम घटाभावज्ञानमां घटज्ञान कारण छे तेमज अन्धकारादि अन्यपदार्थनुं विद्यमानपणुं होय तो ज "आ प्रकाश" एवो विशेष व्यपदेश थइ शके तेम परपर्यायो होय तो ज "आ स्वपर्याय" एवो विशेषव्यपदेश थइ शके माटे ए प्रमाणे स्वपर्याय प्रत्ये परपर्यायो बे रीते उपयोगी थाय छे, ए भावार्थ छे. ए गाथाओनो विशेष स्पष्टार्थ विशेषावश्यकमां भाष्यनी ४७९ थी ४८० मी गाथानी टीकाथी जाणवो.

२ मतिज्ञानना स्वपर्याय अनन्त होवामां त्रण कारण छे. १ क्षयोपशम अनेक अने विषय एक, २ क्षयोप० अने विषय अनेक अने ३ क्षयोप० एक अने विषय एक होय पो बधाले उपयोगमां वर्तता अनन्त पर्याय स्वपर्याय ( अने उपयोग गोचर नहिं थयेला पर्याय कहेवाय. )

वाथी ते ( परपर्यायो ) पण जेम असंबद्ध छतां पण पोताना उपयोगमां आवतुं धन वगेरे पोतानुं गणाय छे तेम (ते पर पर्यायो पण) ते मतिज्ञाननाज गणाय. ॥२०॥ कह्युं छे के-शिष्य शङ्का-"जो ते परपर्यायो छे तो तेना (मतिज्ञानना) न कहेवाय, अने जो ते तेना (मतिज्ञानना ) छे तो परपर्याय न कहेवाय. ए शंकाना समाधानमां आचार्य कहे छे के-उत्तर-जे कारणथी ते मतिज्ञानमां संबंध विनाना छे माटे ज ते (असंबद्ध पर्यायो)ने परपर्याय एवो व्यपदेश छे, कारण के त्यागवडे अने स्वपर्यायना विशेषणादि वडे ते (परपर्यायो) ते ज्ञानने उपयोगी थाय छे असंबद्ध एवा पोताना धननी माफक (असंबद्ध एवा परपदार्थना) ते पर्यायो तेना कहेवाय छे. ॥२१॥ टीकार्थ-चाय एटले त्यागवडे अने सपज्जाय इत्यादि एटले स्वपर्यायना विशेषणादिवडे (ए बे वडे) पर पर्याय एटले घटादि पर्यायो जे कारणथी तस्स-ते (मति) ज्ञानना उवजुज्जंति-(उपयोगी थाय छे)-उपयोगमां आवे छे अर्थात् त्यागवडे अने स्वपर्याय विशेषणादि वडे परपर्याय-घटादि पर्याय जे कारणे ते ज्ञानना उपयोगमां आवे छे. कारण के घटादि सर्व पदार्थोना पर्यायनो त्याग थये छते ज ज्ञानाधिक अर्थ सुखे करीने जाण्यो जाय छे. माटे सर्व परपर्यायो परित्याग द्वारा उपयोगी थाय छे, अने परपर्याय होते छतेज " ए स्वपर्याय " एम विशेषित करवाने शक्य थाय छे, माटे स्वपर्यायना विशेषण द्वारा परपर्यायो उपयोगी थाय छे. ए तात्पर्य छे.

श्रुतेऽप्यनन्ताः पर्यायाः, प्रोक्ताः स्वपरभेदतः । स्वीयास्तत्र च निर्दिष्टास्तेऽक्षरानक्षरादयः ॥ २२ ॥ क्षयोपशमवैचित्र्याद्विषयानन्त्यतश्च ते । श्रुतानुसारिबोधानामानन्त्यात्स्युरनन्तकाः ॥ २३ ॥ अविभागपरिच्छेदैरनन्ता वा भवन्ति ते । अनन्ताः परपर्याया, अप्यस्मिंस्ते तु पूर्ववत् ॥ २४ ॥ अथवा स्यात् श्रुतज्ञानं, श्रुतग्रन्थानुसारतः । श्रुतग्रन्थश्चाक्षरात्मा, तान्यकारादिकानि च ॥ २५ ॥ तच्चैकैकमुदात्तानुदात्तस्वरित भेदतः । अल्पानल्पप्रयत्नानुनासिकान्यविशेषतः ॥ २६ ॥ संयुक्तासंयुक्तयोगद्व्यादिसंयोगभेदतः । आनन्त्याच्चाभिधेयानां, भिद्यमानमनन्तधा ॥ २७ ॥ केवलो लभतेऽकारः, शेषवर्णायु-

तश्च यान् । ते सर्वेऽस्य स्वपर्यायास्तदन्ये परपर्यवाः ॥ २८ ॥ एवं च ॥ अनन्तस्वान्यपर्यायमेकैकमक्षरं श्रुते । पर्यायास्तेऽखिलद्रव्यपर्यायराशिसम्मिताः ॥२९॥ आह च—"एक्केक्कमक्खरं पुण सपरपज्जायभेयओ भिन्नं । तं सव्वदव्वपज्जायरासिमाणं मुणेयव्वं ॥ ३० ॥ जे लहइ केवलो सेसवण्णसहिओ अ पज्जवेऽगारो । ते तस्स सपज्जाया सेसा परपज्जवा तस्स ॥ ३१ ॥" (एकैकमक्षरं पुनः स्वपरपर्यायभेदतो भिन्नं । तत् सर्वद्रव्यपर्यायराशिमानं ज्ञातव्यम् ॥ यान् लभते केवलः शेषवर्णसहितश्च पर्यवेऽकारः, ते तस्य स्वपर्यायाः शेषाः परपर्यवास्तस्य ॥) (सा० २१३) अयं भावः ॥ यान्पर्यायान् केवलोऽकारः शेषवर्णसहितश्च लभते ते तस्य स्वपर्यायाः, शेषाः—शेषवर्णसंवन्धिनो घटाद्यपरपदार्थसम्वन्धिनश्च परपर्यायास्तस्य—अकारस्येति । एवं विधानेकवर्णपर्यायौघैः समन्वितम् । ततश्चानन्तपर्यायं, श्रुतज्ञानं श्रुतं श्रुते ॥ ३२ ॥

अर्थ-श्रुतज्ञानमां पण स्व अने परना भेदथी अनन्त पर्याय कहेला छे, तेमां अक्षरश्रुत–अनक्षरश्रुत इत्यादि स्वपर्याय कहेला छे, ॥ २२ ॥ तथा क्षयोपशमना विचित्रपणाथी अने विषयना अनन्तपणाथी श्रुतानुसारी बोधनुं अनन्तपणुं होवाथी ते स्वपर्यायो अनन्त छे. ॥ २३ ॥ अथवा निर्विभाज्य अंशो वडे करीने पण ते ( स्वपर्यायो ) अनन्त छे, अने आ श्रुतज्ञानमां पूर्वोक्त रीते पर पर्यायो ते पण अनन्त छे. ॥ २४ ॥ अथवा श्रुतज्ञान ते श्रुत ग्रन्थने अनुसारे होय छे, अने श्रुत ग्रन्थ ते अक्षररूप छे, अने ते अक्षरो अकारादि छे. ॥ २५ ॥ वळी ते प्रत्येक ( अकारादि ) अक्षर उदात्त–अनुदात्त–अने स्वरितना भेदथी तथा अल्पप्रयत्न

१ जे अक्षरना उच्चारमां वायु उंचे स्पर्श करीने जाय ते उदात्त, वायु नीचे स्पर्श करीने जाय ते स्वरित अक्षर कहेवाय ए प्रत्येक ह्रस्व दीर्घ अने प्लुतभेदे नव अने ते नव सानुनासिक-निरानुनासिक भेदे प्रत्येक अक्षर १८-१८ भेदे छे.

प्रतिप्रयत्न-*अनुनासिक-निरनुनासिक इत्यादि विशेषोथी संयुक्तयोग-असंयुक्तयोग-[१]द्विसंयोग-त्रिसंयोगी इत्यादि संयोग भेदथी अने अभिधेय ( श्रुतविषयक ) भावोना अनंतपणाथी श्रुतज्ञान अनंत भेदवाळुं छे.॥२६-२७॥ केवळ अकार अने अन्य अक्षरयुक्त अकार जे पर्यायो पामे छे ते सर्व पर्यायो ए अकारना स्वपर्याय छे. अने तेथी बीजा परपर्याय छे. ॥२८॥ अने ए प्रमाणे सिद्धान्तमां अथवा श्रुतज्ञानमां प्रत्येक अक्षर अनंत स्वपर्याय अने अनंत परपर्यायवाळो छे, अने ते पर्यायो सर्व द्रव्यना पर्यायराशि जेटलां छे. ॥ २९ ॥ कह्युं छे के मूळगाथार्थः-प्रत्येक अक्षर पण स्व अने परपर्यायना भेदथी भेदवाळो छे अने ते एक अक्षर सर्वद्रव्यना पर्यायराशिप्रमाणनो जाणवो, ॥ ३० ॥ तथा केवळ ( एकलो ) अने शेषवर्णयुक्त एवो अकार जे पर्यायोने पामे छे ते तेना स्व पर्यायो छे, अने शेष बाकीना बीजा पर्यायो ते तेना (ते अक्षरना) परपर्यायो छे. ॥३०॥(टीकाभावः) तात्पर्य आ छे के "केवळ अने शेषवर्णयुक्त अकार जे पर्यायोने पामे छे ते तेना स्वपर्याय छे, अने शेष एटले शेषवर्ण सम्बन्धि अने घटादि अन्यपदार्थ सम्बन्धि पर्यायो ते तेना एटले अकारना परपर्यायो छे " ॥ ३१ ॥ (ए प्रमाणे) सिद्धान्तमां श्रुतज्ञान आवा प्रकारना अनेक अक्षरना पर्यायना समूहवडे सहित छे ते कारणथी श्रुतज्ञान अनन्तपर्यायवाळुं सिद्धान्तमां श्रुत-कहेलुं छे. ॥ ३२ ॥

अथावधेः स्वपर्याया त्रिविधा या भिदोऽवधेः । क्षायोपशमिकभवप्रत्ययादिविभेदतः ॥ ३३ ॥ तिर्यग्नैरयिकस्वर्गिनरादि-

* मुख अने नासिकाथी उच्चारण करातो वर्ण ते सानुनासिक १ मुखे करीने जे उच्चारण करातो ते निरनुनासिक २. वर्ण उच्चारण करवामां ज्यारे सर्वाङ्गने अनुसरतो तीव्र प्रयत्न होय त्यारे शरीरनुं स्तब्धपणुं अने कण्ठविवरनुं सूक्ष्मपणुं तथा स्वर अने वायुनुं तीव्रगतिपणुं होवाथी रूक्षपणुं होय ते उदात्त, तेथी विपरीत ते अनुदात्त, उदात्त अने अनुदात्तनो सन्निपात थवाथी स्वरित कहेवाय छे, अथवा जेना उच्चारणमां वायुनुं ऊंचे स्पर्शवापणुं होय ते उदात्त, नीचे स्पर्शे ते अनुदात्त, समाहार ते स्वरित. आ तथा विवार, संवार, श्वास नाद, घोषवत्, अघोष अल्पप्राण, महाप्राण ए सर्व वर्णोच्चारना बाह्यप्रयत्नो छे. अने स्पृष्ट, ईषत्स्पृष्ट, विवृत, ईषद्विवृत, विवृततर, अतिविवृततर अने अतिविवृततम ए सात आन्तर प्रयत्नो छे ए सर्व वर्णना भेदको छे.

१ क्ष-ग्र म इत्यादि संयुक्ताक्षरयोगी घ-भ य इत्यादि, असंयुक्ताक्षर संयोगी, घ प-ध द्विसंयोगी त्न-ग्र-क्ष इत्यादि त्रिसंयोगी पण कहेवाय.

स्वामिभेदतः । अनन्तभिस्स्वविषयद्रव्यपर्यायभेदतः ॥ ३४ ॥ असंख्यभिस्स्वविषयक्षेत्राद्धाभेदतोऽपि च । निर्विभागैर्विभागैश्च, ते चैवं स्युरनन्तकाः ॥३५॥ एवं मनःपर्यवस्य, केवलस्य च पर्यवाः । निर्विभागैर्विभागैः स्वे (स्वैः), स्वाम्यादिभेदतोऽपि च ॥ ३६ ॥ अनन्तद्रव्यपर्यायज्ञानाच्च स्युरनन्तकाः । अज्ञानत्रितयेऽप्येवं, ज्ञेया अनन्तपर्यवाः ॥ ३७ ॥ परपर्यवास्तु सर्वत्र प्राग्वत् ॥ अथाप्येतानि तुल्यानि, व्यपेक्ष्य स्वान्यपर्यवान् । यद्वक्ष्येऽल्पबहुत्वं तदपेक्ष्य स्वीयपर्यवान् ॥ ३८ ॥ तत्र स्युः सर्वतः स्तोका, मनःपर्यायपर्यवाः । मनोद्रव्यैकविषयमिदं ज्ञानं भवेद्यतः ॥ ३९ ॥ एभ्योऽनन्तगुणाः किं च, विभङ्गज्ञानपर्यवाः । मनोज्ञानापेक्षया यद्विभङ्गविषयो महान् ॥४०॥ आरभ्य नवमग्रैवेयकादासप्तमक्षितिम् । ऊर्ध्वाधःक्षेत्रके तिर्यक्, चासंख्यद्वीपवार्द्धिगे ॥ ४१ ॥ रूपिद्रव्याणि कतिचित्तत्पर्यायांश्च वेत्ति सः । अनन्तघ्नास्ते च मनोज्ञानज्ञेयव्यपेक्षया ॥ ४२ ॥ समस्तरूपिद्रव्याणि, प्रतिद्रव्यमसंख्यकान् । भावान्वेत्तीत्यनन्तघ्ना, विभङ्गापेक्षयाऽवधौ ॥ ४३ ॥ अनन्तगुणितास्तेभ्यः, श्रुताज्ञान इदं यतः । सर्वमूर्तामूर्तद्रव्यसर्वपर्यायगोचरम् ॥ ४४ ॥ श्रुताज्ञानाविषयाणां, केषाञ्चिद्विषयत्वतः । स्पष्टत्वाच्च श्रुतज्ञाने, तेभ्यो विशेषतोऽधिकाः ॥ ४५ ॥ अभिलाप्यानभिलाप्यविषयेऽनन्तसंगुणाः । मत्यज्ञाने श्रुतज्ञानादभिलाप्यैकगोचरात् ॥ ४६ ॥ मतिज्ञानपर्यवाश्च, ततो विशेषतोऽधिकाः । मत्यज्ञानाविषयाणां, विषयत्वात् स्फुटत्वतः ॥ ४७ ॥ तेभ्योऽप्यनन्तगुणिताः, केवलज्ञानपर्यवाः । सर्वाद्धाभाविनिखिलद्रव्यपर्यायभासनात् ॥ ४८ ॥ इति ज्ञानम् २६ ॥

अर्थ–हवे अवधिज्ञानना स्वपर्यायो बतावे छे, क्षयोपशम निमित्तथी थवावाळुं, भवनिमित्तथी थवावाळुं विगेरे भेदोथी, १.तिर्यंच–नारकी–देवता अने मनुष्य विगेरे स्वामि (अवधिज्ञानवाळा जीव ) ना भेदथी. २. अनन्तभेदवाळा पोताना (अवधिज्ञानना) विषयरूप द्रव्य अने पर्यायोना भेदथी ३-(१) अने असंख्य भेदवाळा पोताना (अवधिज्ञानना) विषयरूप क्षेत्र अने काळना भेदथी ३(२) जे अवधिज्ञानना अनेक प्रकारना भेदो छे ते सर्व अवधिज्ञानना स्वपर्यायो छे अने आ रीते ते सर्वपर्यायो जेना विभागो न पाडी शकाय तेवा विभागोए करी अनन्ता होय छे. ॥ ३३–३४–३५–३६ ॥ ए प्रमाणे मनःपर्यव[2] तथा केवलज्ञानना[3] पण (पोताना) निर्विभाज्य अंशोवडे अने स्वामि वगेरेना भेदथी पण ( अनन्त अनन्त स्वपर्यायो जाणवा. ) ॥ ३७ ॥ तेमज अनन्त द्रव्य–पर्यायना ज्ञानथी पण अनन्त स्वपर्यायो जाणवा. ए रीते त्रणे अज्ञानमां पण अनन्त अनन्त स्वपर्यायो जाणवा. ॥३८॥ अने परपर्यायो तो सर्वज्ञानोमां *पूर्वोक्त रीते जाणवा. ए आठे ज्ञान स्व अने परपर्यायनी अपेक्षाए परस्पर तुल्य छे. अने आगळ जे अल्पबहुत्व कहीश ते स्वपर्यायोनी अपेक्षाए समजवुं. ॥ ३९ ॥ आठे ज्ञानना पर्यायोनुं

१ अहीं अवधिज्ञानना त्रण प्रकारे भेदो पडे छे ते बताव्युं छे. १ निमित्तभेदथी, २ स्वामिभेदथी, ३ विषयभेदथी. १ मनुष्यतिर्यंचोने क्षयोपशम निमित्तथी थतुं तथा देवता नारकीने भवप्रत्ययिक थतुं अवधिज्ञान २ स्वामिभेदथी अवधिज्ञानवन्त चारे गतिना जीवोना भेदथी, ३ विषयभेदथी द्रव्यथी अवधिना विषयभूत सर्वद्रव्य मळी अनन्त द्रव्यरूप द्रव्यभेदोथी, क्षेत्रथी अवधिज्ञानना विषयभूत द्रव्यनी अवगाहनावाळा असंख्यात क्षेत्रभेदोथी, काळथी असंख्यात काळभेदोथी, भावथी अवधिनाविषयभूत सर्व मळी अनन्त पर्यायरूप पर्यायभेदोथी थता अवधिज्ञानना भेदो तेमज क्षयोपशमनी तरतमता तथा विचित्रता योगे पडता आनुगामिकादिभेदो, देशावधि सर्वावधि आदि भेदो, सम्यक् असम्यक्‌आदि भेदो. तीव्रमन्दादि भेदो विगेरे अनेकप्रकारना अवधिज्ञानना भेदो ते सर्व अवधिज्ञानना स्वपर्यायो कहेवाय छे.

२ मनःपर्यवज्ञानना स्वविषयभूत द्रव्य अने पर्यायभेदथी अनन्त. स्वविषयभूत क्षेत्रकाळना भेदथी असंख्य, अने निर्विभाज्य अंशोवडे अनन्त स्वपर्याय छे.

३ केवळज्ञानना स्वविषयभूत द्रव्य–क्षेत्र–काळ अने पर्याय भेदथी अनन्त, स्वामिभेदथी पण अनन्त अने निर्विभाज्य अंशोवडे पण अनन्त स्वपर्याय छे.

* मतिज्ञानमां जे परपर्यायोनुं स्वरूप बताव्युं छे ते प्रमाणे—

४ आठे ज्ञानोनी स्वपर्याय अने परपर्याय संख्या भेगी करता सरवाळे सर्वनी संख्या तुल्य छे. ते आ प्रमाणे कल्पित संख्याप्रमाणथी जाणवुं.

अल्पबहुत्व-त्यां मनःपर्यवज्ञानना स्वपर्याय सर्वथी अल्प छे, कारण के ए ज्ञान मात्र एक मनोद्रव्यनाज विषयवाळुं छे, ॥ ४० ॥ वळी तेथी विभङ्गज्ञानना पर्यायो अनन्तगुणा छे, कारणके मनोज्ञानना विषयनी अपेक्षाए विभङ्गज्ञाननो विषय मोटो छे. ॥ ४१ ॥ कारणके ऊर्ध्व अने अधःक्षेत्रमां नवमाग्रैवेयकथी प्रारम्भीने नीचे यावत् सातमी नरकपृथ्वी सुधी अने तिर्यक् दिशामां असंख्य द्वीपने समुद्र सुधिमां एटला क्षेत्रमां रूपि द्रव्योने दरेक द्रव्यना केटलाक पर्यायने ते ( विभङ्गज्ञानी ) जाणे छे, माटे मनःपर्यवज्ञानना विषयनी अपेक्षाए ते ( विभङ्गना ज्ञेयपदार्थो ) अनन्तगुणा छे. (तेथी ज विभंगना स्वपर्यायो मनःपर्यवज्ञानना स्वपर्यायो करतां अनन्तगुणा छे ) ॥ ४३ ॥ ( अवधिज्ञानी ) सर्वरूपि द्रव्योने अने दरेक द्रव्यना असंख्य असंख्य पर्यायोने जाणे छे. माटे विभङ्गनी अपेक्षाए अवधिज्ञानना स्वपर्याय अनन्तगुणा छे. ॥४४॥ ते ( अवधिज्ञानना स्वपर्यायो ) करता श्रुतअज्ञानमां स्वपर्याय अनन्तगुण छे. कारणके श्रुत अज्ञान सर्वरूपी अरूपी द्रव्य अने सर्वपर्यायना विषयवाळुं छे, ॥ ४५ ॥ तथा श्रुतअज्ञानना विषयमां नहिं आवता एवा केटलाएक विषयो श्रुतज्ञानना विषयवाळा होवाथी अने जाणवामां विशेष स्पष्टपणुं होवाथी श्रुतज्ञानना पर्यायो ते श्रुतअज्ञानना पर्यायोथी विशेषाधिक ( घमणाथी न्यून ) छे.

जेटला स्व--परपर्यायो मतिज्ञानना तेटलाज श्रुतज्ञान वगेरेना पण जाणवा, जेम कल्पनाथी मतिज्ञानना ४० स्वपर्याय अने ६० परपर्याय मळीने १०० पर्याय छे, तो श्रुतज्ञानना ३० स्वपर्याय अने ७० परपर्याय मळी १०० सर्वपर्याय छे. इत्यादि रीते शेष ज्ञानोमां पण सो सो पर्याय जाणवा. परंतु कारण ए छे के एक विवक्षित ज्ञानना स्वपर्यायो शिवायना बीजा सर्वज्ञानना स्व--पर्यायो ते विवक्षितज्ञानना परपर्यायो छे. अने जे पर पदार्थना पर्यायो ते पण विवक्षित ज्ञानना परपर्याय कहेवाय. जेथी सरवाळे दरेक ज्ञानना स्व--पर पर्यायो मळीने सरखी संख्याएज आवी रहे—अथवा जगतमां जेटला सर्वपर्यायो छे तेमांथी विवक्षित ज्ञानना स्वपर्यायो बाद करतां शेष सर्व ते विवक्षितज्ञानना परपर्यायो कहेवाय. एटले स्व अने पर भेगा करतां सर्वना सरखा छे.

१ वस्तुतः श्रुतअज्ञान सर्व द्रव्य अने केटलाएक पर्यायना विषयवाळुं छे, छतां अहिं सर्वद्रव्य ने सर्वपर्यायना विषयवाळुं कह्युं ते श्रुतअज्ञानी जीव जेटलां द्रव्य अने जेटला पर्याय जाणे तेटलानी अपेक्षाएज सर्व शब्द जोडवो उचित छे. " मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु " [ तत्त्वार्थ अ० १ सू० २७] ए सूत्रमां मतिश्रुतज्ञाननो विषय सर्व द्रव्य अने असर्व पर्यायो कह्या छे अने नन्दिसूत्रादिमां जे सर्व पर्यायो कह्या छे ते अभिलाप्यपर्यायोनी अपेक्षाये सर्व शब्द ग्रहण कर्यो छे. अगर भाव शब्दे औदयिकादि सर्व भावो लेवा.

॥ ४६ ॥ अभिलाप्य अने अनभिलाप्य पदार्थना विषयवाळा मतिअज्ञानना स्वपर्यायो अभिलाप्य मात्रना विषयवाळा श्रुतज्ञानथी ( श्रुतज्ञानना स्वपर्यायोथी ) अनन्तगुणा छे. ॥ ४७ ॥ तथा मतिअज्ञानना अविषयभूत भावो पण मतिज्ञानमां विषयवाळा होवाथी अने विशेष स्पष्ट होवाथी मतिज्ञानना पर्यायो मतिअज्ञानना पर्यायोथी विशेषाधिक छे ॥४८॥ सर्वकाळमां थनारा (सम्बन्धी) सर्व द्रव्य अने सर्वपर्यायोनुं ज्ञान होवाथी केवलज्ञानना पर्यायो मतिज्ञानना पर्यायोथी अनन्तगुणा छे. ॥४९॥ ए प्रमाणे ज्ञाननुं स्वरूप कह्युं. ॥ इति ज्ञानद्वारम् ॥

## ॥ अवग्रहादीनां स्थिति मानयन्त्रम् ॥ (श्लो० ७०७)

| अवग्रहादि | जघन्य स्थिति | उत्कृष्ट स्थिति | उपयोग |
|---|---|---|---|
| व्यञ्जनावग्रह | आवलिकानो असंख्यातमो भाग | उच्छ्वासपृथक्त्व | दर्शन |
| नै० अर्थावग्रह | १ समय | १ समय | दर्शन |
| व्यव० अर्थावग्रह | अन्तर्मुहूर्त | अन्तर्मुहूर्त | दर्शन |
| ईहा | अन्तर्मुहूर्त | अन्तर्मुहूर्त | दर्शन |
| अपाय | ,, | ,, | ज्ञान |
| अविच्युति धारणा | ,, | ,, | ज्ञान |
| वासना धारणा | ,, | संख्यात वा असंख्यातकाळ | ज्ञान (स्मृतिकारण) |
| स्मृति धारणा | ,, | अन्तर्मुहूर्त | ज्ञान |

## ॥ मतिज्ञानना २८ भेद ॥

(स्पर्शेन्द्रिय मतिज्ञानना ५ भेद)

१ स्पर्शेन्द्रिय व्यञ्जनावग्रह
२ स्पर्शेन्द्रिय अर्थावग्रह
३ स्पर्शेन्द्रिय ईहा
४ स्पर्शेन्द्रिय अपाय
५ स्पर्शेन्द्रिय धारणा

(रसनेन्द्रियमतिना ५. भेद)

१ रसनेन्द्रिय व्यंजनावग्रह
२ रसनेन्द्रिय अर्थावग्रह
३ रसनेन्द्रिय ईहा
४ रसनेन्द्रिय अपाय
५ रसनेन्द्रिय धारणा

(घ्राणेन्द्रिय मतिना ५. भेद)

१ घ्राणेन्द्रिय व्यंजनावग्रह
२ घ्राणेन्द्रिय अर्थावग्रह
३ घ्राणेन्द्रिय ईहा
४ घ्राणेन्द्रिय अपाय
५ घ्राणेन्द्रिय धारणा

(चक्षुरिन्द्रिय मतिना ४ भेद)

१ चक्षुरिन्द्रिय अर्थावग्रह
२ चक्षुरिन्द्रिय ईहा
३ चक्षुरिन्द्रिय अपाय
४ चक्षुरिन्द्रिय धारणा

(श्रोत्रेन्द्रिय मतिना ५ भेद)

१ श्रोत्रेन्द्रिय व्यंजनावग्रह
२ श्रोत्रेन्द्रिय अर्थावग्रह
३ श्रोत्रेन्द्रिय ईहा
४ श्रोत्रेन्द्रिय अपाय
५ श्रोत्रेन्द्रिय धारणा

(मनोऽनिन्द्रिय मतिना ४ भेद)

१ मनोऽनिन्द्रिय अर्थावग्रह
२ मनोऽनिन्द्रिय ईहा
३ मनोऽनिन्द्रिय अपाय
४ मनोऽनिन्द्रिय धारणा

## ॥ श्रुतज्ञानना १४ भेद ॥ (श्लो० ७७४)

१ अक्षर श्रुत
  १ संज्ञाक्षर, २ व्यंजनाक्षर,
  ३ लब्ध्यक्षर
२ अनक्षर श्रुत
३ संज्ञि श्रुत
४ असंज्ञि श्रुत

| | |
|---|---|
| ५ सम्यक्श्रुत | १० अनन्तश्रुत |
| ६ मिथ्याश्रुत | ११ गमिकश्रुत |
| ७ सादिश्रुत | १२ अगमिकश्रुत |
| ८ अनादिश्रुत | १३ अंगश्रुत |
| ९ सान्तश्रुत | १४ अंगबाह्यश्रुत |

## ॥ श्रुतज्ञानना २० भेद ॥ (श्लो० ८११)

| | |
|---|---|
| १ पर्यायश्रुत | ११ अनुयोगश्रुत |
| २ पर्यायसमासश्रुत | १२ अनुयोग समासश्रुत |
| ३ अक्षरश्रुत | १३ प्राभृतप्राभृतश्रुत |
| ४ अक्षर समासश्रुत | १४ प्राभृतप्राभृतसमासश्रुत |
| ५ पदश्रुत | १५ प्राभृतश्रुत |
| ६ पद समासश्रुत | १६ प्राभृतसमासश्रुत |
| ७ संघातश्रुत | १७ वस्तुश्रुत |
| ८ संघात समासश्रुत | १८ वस्तु समासश्रुत |
| ९ प्रतिपत्तिश्रुत | १९ पूर्वश्रुत |
| १० प्रतिपत्ति समासश्रुत | २० पूर्वसमासश्रुत |

## ॥ अवधिज्ञानना ६ भेदो ॥ ( श्लो० ८३८ )

| | |
|---|---|
| १ आनुगामिक | ४ हीयमान |
| २ अनानुगामिक | ५ प्रतिपाति |
| ३ वर्धमान | ६ अप्रतिपाति |

१ आ बे भेदोने बदले तत्त्वार्थमां अवस्थित, अनवस्थित, भेदो कह्या छे.

## ॥ मनःपर्यायज्ञानना २ भेदो ॥

| | |
|---|---|
| १ ऋजुमति मनःपर्याय | २ विपुलमति मनःपर्याय |

## ॥ अवधिज्ञानमां क्षेत्र--काळनो संबंध ॥ ( श्लो० १०६ )

| क्षेत्रथी देखनार— | काळथी देखे— |
|---|---|
| १ अङ्गुलअसंख्येय भागमां अवगाढ द्रव्य देखनार | १ आवलिनो असंख्येय भागकाळ देखे (वृत्तिद्रव्य देखे) |
| २ अङ्गुल संख्येयभाग ,, | २ आवलि संख्येय भाग देखे |
| ३ एक अङ्गुल देखनार | ३ किंचिन्न्यून आवलिका देखे |
| ४ अङ्गुल पृथक्त्व ,, | ४ एक आवलिका ,, |
| ५ एक हस्त देखनार | ५ एक अन्तर्मुहूर्त ,, |
| ६ एक गाउ ,, | ६ किंचिन्न्यून एक दिवस ,, |
| ७ एक योजन ,, | ७ दिनपृथक्त्व ,, |
| ८ पचीश योजन ,, | ८ किंचिन्न्यून पंदर दिवस ,, |
| ९ भरत क्षेत्र ,, | ९ संपूर्ण पंदर दिवस ,, |
| १० जंबूद्वीप ,, | १० एक साधिक मास ,, |
| ११ मनुष्य क्षेत्र ,, | ११ एक वर्ष ,, |
| १२ रुचक द्वीप ,, | १२ वर्षपृथक्त्व ,, |
| १३ संख्येयद्वीप समुद्र ,, | १३ (१००० वर्ष उपरांतनो) संख्येकाळ अने असंख्येकाळ पण ,, |
| १४ असंख्यद्वीप समुद्र ,, | १४ असंख्य काळ चक्र ,, |

## ॥ द्रव्यादि वृद्धिनो संबंधयन्त्र ॥ ( श्लो० १२० )

| | |
|---|---|
| काळवृद्धिए — | द्रव्य, क्षेत्र, भाव(पर्याय)नीवृद्धि निश्चय. |
| क्षेत्रवृद्धिए— | द्रव्य अने भाव(पर्याय)नीवृद्धि अवश्य, अने काळवृद्धि विकल्पे |
| द्रव्यवृद्धिए— | भाव(पर्याय)वृद्धि निश्चयथी, क्षेत्र अने काळवृद्धिनी भजना |
| भाव (पर्याय वृद्धिए— | द्रव्य, क्षेत्र अने काळ वृद्धिनी भजना जाणवी |

## ॥ अष्टसु ज्ञानेषु विषयादीनामेकादशानां द्वाराणां यन्त्रकम् ॥

| ज्ञान ५ तथा अज्ञान ३ | द्रव्यथी (१) | क्षेत्रथी (२) | काळथी [३] |
|---|---|---|---|
| मतिज्ञान [१] | आदेशथी सर्वद्रव्य | आदेशथी लोकालोक | आदेशथी त्रणे काळ |
| श्रुतज्ञान (२) | सर्व अभिलाप्य द्रव्यो | ,, | ,, * ( उपयोगथी असंख्यकाळ ) |
| अवधिज्ञान (३) | जघ०- भाषा तैजस वर्गणानां पुद्गल उ० -सर्व पुद्गलो. | ज०-अंगुलनो असंख्यातमो भाग उ०-असंख्य लोकाकाश (शक्तिथी) | जघ०-आवलीनो असंख्यातमो भाग भूत-भविष्य उ०-असंख्यकाळतक भूत भविष्य |
| मनः पर्यव. (४) | मनरूपे परिणमेल द्रव्यो. | ऊर्ध्व-ज्योतिषना उपरितल भाग सुधी अधः-अधोग्राम तिर्यक्-२॥ अंगुलाधिक पुष्करार्ध सुधी. | जघ०-पल्यासंख्येय भाग भूत भविष्यनो उ०- ,, |
| केवळज्ञान (५) | रूपि-अरूपि सर्व द्रव्य | सर्वक्षेत्र लोकालोक | त्रणे काळ संपूर्ण |
| मतिअज्ञान (६) | स्वविषयगत द्रव्य | स्वविषयगत क्षेत्र | स्वविषयगत काळ |
| श्रुतअज्ञान (७) | स्वविषयगत अभिलाप्यद्रव्य | ,, | ,, |
| विभङ्गज्ञान (८) | स्वविषयगत पुद्गलद्रव्य | ,, | ,, |

* श्रुतज्ञानी सामान्यथी त्रणे काळ जाणे पण उपयोग पूर्वक असंख्यकाळना भाव जाणे पण अनंतकाळ पहेलो या पछी आ पदार्थ केवा स्वरूपे हतो के हशे ते न जाणे-इति शेषः ॥

| भावथी (४) | जाणे देखे | प्रमाणथी (५) | भेद (६) | समकाले बीजा केटला ज्ञान होय ? (७) |
|---|---|---|---|---|
| १ अनन्तमा भागना पर्याय, अथवा औदयिकादि सर्वभाव | जाणे देखे | परोक्ष | २८ | १ श्रुत, अथवा २ श्रु० अव०, वा ३ श्रु० मन०, वा ४ श्रु० अ० मन० |
| २ सर्व अभिलाप्य पर्याय अथवा औदयिकादि पर्याय | जाणे देखे | ,, | १४-२० | १ मति० अथवा २ म० अव०, वा ३ म० मन०, वा ४ म० अ० मन०, |
| ३ प्रतिद्रव्यना असंख्य सर्व मळी अनन्त (अनन्तमा भागना) | जाणे देखे | प्रत्यक्ष | ६ | १ म० श्रु०, अथवा २ म० श्रु० मन०, |
| ४ अनन्तमा भागना अनन्त पर्याय (मनोवर्गणाना) | जाणे देखे | ,, | २ | १ म० श्रु०, अथवा २ म० श्रु० अव० |
| ५ सर्व पर्याय. | जाणे देखे | ,, | १ | ० अथवा शक्तिथी म० श्रु० अ० मन० पण |
| ६ स्वविषयगत पर्याय. | जाणे देखे | परोक्ष | २८ | १ श्रुत अज्ञान अथवा २ श्रु० अ० विभं० |
| ७ ,, | जाणे देखे | ,, | १३—२० | १ मति अज्ञान, अथवा २ मति अ० विभं० |
| ८ ,, | जाणे देखे | प्रत्यक्ष | ५-६ | १ मतिअज्ञान, श्रुतअज्ञान, |

| स्थिति (८) | अन्तर या विरहकाल [९] | स्वामि आश्रयि अल्पबहुत्व(१०) | स्वपर्याय आश्रयि अल्पबहुत्व[११ |
|---|---|---|---|
| १ जघ०–अन्तर्मु० उ०-६६ सागरोपम | जघ०–अन्तर्मुहूर्त उ०–देशोन अर्ध पुद्गलपरावर्त्त | अवधियी विशेषाधिक ३ | मतिअज्ञानथी विशेषाधिक ७ |
| २ ,, | ,, | मतिज्ञानी तुल्य [३ | श्रुतअज्ञानथी विशेषाधिक ९ |
| ३ जघ –१ समय उ०-६६ सागर | ,, | मनःपर्यवीथी असंख्यगुण २ | विभङ्गथी अनन्तगुणा ३ |
| ४ जघ०–१ समय उ०–८ वर्ष ७। मास न्यून पूर्वकोड वर्ष (देशोनपूर्वकोटि | ,, | सर्वथी अल्प १ | सर्वथी अल्प १ |
| ५ सादि अनन्त | अन्तराभाव | विभङ्ग० थी अनन्तगुण ५ | मतिज्ञानथी अनन्तगुण ८ |
| ६ जघ०–अन्तर्मु० उ०–भव्यने अनादि सान्त अथवा अर्ध पुद्गलपरावर्त, अभव्यने अनादि अनन्त | जघ०–अन्तर्मु० उ०–साधिक ६६ सागर | केवलीथी अनन्तगुण ६ | श्रुतज्ञानथी अनन्तगुण ६ |
| ७ ,, | ,, | मतिअज्ञानी तुल्य ६ | अवधियी अनन्तगुण ४ |
| ८ जघ०–१ समय (सागर उ०–देशोन पूर्वकोड वर्षाधिक ३३ | जघ०–अन्तर्मु० उ०–वनस्पतिकाल (आवल्यसंख्येयभाग पुद्गलपरावर्त्त ) | मतिज्ञानीथी असंख्यगुण ४ | मनःप० थी अनन्तगुण २ |

मतिज्ञानना अवग्रहादि भेदो क्षयोपशम विचित्रताथी षट्स्थान पतित होय छे. अने तेथी ते दरेक भेदोना अनन्त प्रकारो थाय छे, ते षट्स्थानक वृद्धिप्रकारमां तथा हानिप्रकारमां एम बे प्रकारे छे, आ षट्स्थानको अन्यत्र पण विशेषोपयोगि होवाथी

तेनुं स्वरूप नीचे प्रमाणे जाणवुं. अहीं वृद्धि बे प्रकारनी छे. एक भागवृद्धि अने बीजी गुणवृद्धि. तेमां प्रथम भागवृद्धि–एक संख्याने अमुक संख्याये भाग आपवाथी जे आवे ते वधारवुं ते भागवृद्धि कहेवाय तेना त्रण भेदो छे, १ अनन्तभागवृद्धि २ असंख्य भागवृद्धि अने ३ संख्यातभागवृद्धि.

२ तथा बीजी गुणवृद्धि–एक संख्याने अमुक संख्याये गुणाकार करवाथी जे आवे ते वधारवुं गुणवृद्धि कहेवाय, ते पण त्रण प्रकारे छे, संख्यात गुणवृद्धि १, असंख्यगुणवृद्धि २, अनन्तगुणवृद्धि ३.

आ त्रण भागवृद्धि अने त्रण गुण वृद्धि मळीने छ ये वृद्धि षट्‌स्थानक कहेवाय छे, तेज प्रमाणे हानि स्वरूपमां पण हानिषट्‌स्थानक कहेवाय छे. शास्त्रोमां आवतं छयेनुं स्वरूप नीचे प्रमाणे.

१ अनन्तभागवृद्धि–विवक्षित संख्याने सर्वजीवनो अनन्त संख्याये भाग आपवाथी जे आवे तेटलुं विवक्षित संख्यामां वधारवुं ते अनन्तभागवृद्धि कहेवाय

२ असंख्यभागवृद्धि–विवक्षित सङ्ख्याने असङ्ख्य लोकाकाशना प्रदेश राशिये भाग आपवाथी जे आवे तेटलुं विवक्षित सङ्ख्यामां वधारवुं ते असङ्ख्य भागवृद्धि कहेवाय,

३ सङ्ख्यातभागवृद्धि–विवक्षित सङ्ख्याने उत्कृष्ट संख्याताये भाग आपवाथी जे आवे तेटलुं विवक्षित संख्यामां वधारवुं ते सङ्ख्यातभागवृद्धि कहेवाय.

४ सङ्ख्यातगुणवृद्धि–विवक्षित सङ्ख्याने उत्कृष्ट सङ्ख्याताये गुणाकार करवाथी जे आवे तेटलुं विवक्षित सङ्ख्यामां वधारवुं ते सङ्ख्यातगुणवृद्धि कहेवाय.

५ असङ्ख्यातगुणवृद्धि–विवक्षित सङ्ख्याने असङ्ख्य लोकाकाश प्रदेशराशिये गुणतां जे आवे तेटलुं विवक्षित सङ्ख्यामां वधारवुं ते असङ्ख्यातगुणवृद्धि कहेवाय.

६ अनन्तगुणवृद्धि विवक्षित सङ्ख्याने सर्वजीवनी अनन्त सङ्ख्याये गुणाकार करवाथी जे आवे तेटलुं विवक्षित सङ्ख्यामां वधारवुं ते अनन्तगुणवृद्धि

वृद्धिनास्वरूप प्रमाणे हानिनुं स्वरूप पण जाणवुं मात्र तेमां हीनकरवानुं जाणवुं.

आठ ज्ञानोमां सहभाविदर्शनो नीचे प्रमाणे जाणवा.

मतिज्ञान १ चक्षु, अचक्षु, अथवा २ च० अच० अवधि, श्रुतज्ञान–मति प्रमाणे

अवधिज्ञान–१ च० अच० अव०, ॥ मनःपर्यायज्ञान–१ चक्षु, अच०, वा २ च० अच० अवधि ॥ केवलज्ञान–केवलदर्शन ॥

मतिअज्ञान–च० अच० अने विभङ्ग होय तो एकमते अवधिदर्शन पण. श्रुतअज्ञान–मतिअज्ञान प्रमाणे ॥ विभङ्गज्ञान–मतिअज्ञान प्रमाणे.

द्विरूपं हि भवेद्वस्तु, सामान्यतो विशेषतः । तत्र सामान्यबोधो यस्तद्दर्शनमिहोदितम् ॥ ५९ ॥ यथा प्रथमतो दृष्टो घटोऽयमिति बुध्यते । तद्दर्शनं तद्विशेषबोधो ज्ञानं भवेत्ततः ॥ ५० ॥ उपचारनयेनेदं, दर्शनं परिकीर्तितम । विशुद्धनयतस्तत्त्वानाकारज्ञानलक्षणम् ॥ ५१ ॥ इदं साकारबोधात्प्रागवश्यमभ्युपेयते । अन्यथेदं किञ्चिदिति, स्यात्कुतोऽव्यक्तबोधनम ? ॥५२॥ अनेन च विनापि स्याद्, बोधः साकार एव चेत् । तदैकसमयेनैव, स्याद् घटादिविशेषचित् ॥ ५३ ॥ तथोक्तं तत्त्वार्थवृत्तौ ॥ (२ अ० ९ सू०) "औपचारिकनयश्च ज्ञानमाकारमेव दर्शनमिच्छन्ति, शुद्धनयः पुनरनाकारमेव संगिरते दर्शनं, आकारवच्च विज्ञानं, आकारश्च विशिष्यनिर्देशो भावस्य पर्यायतः प्रोक्तः, स च दर्शनसमनन्तरमेव संपद्यते, अन्तर्मुहूर्तकालभावित्वात्, आकारपरिज्ञानाच्च प्रागालोचनमवश्यमभ्युपेयम्, अन्यथा प्रथमत एव पश्यतः किमपीदमिति कुतोऽव्यक्तबोधनं स्यात् ?, यदि चालोचनमन्तरेणाकारपरिज्ञानमुत्पादत (नोत्पाद ) एव पुंसः स्यात् तथासत्येकसमयमात्रेण स्तम्भकुम्भादीन् विशेषान् गृह्णीयात्" इति ॥ (सा० ११३) सामान्येनावबोधो यच्चक्षुषा जायतेऽङ्गिनाम । तच्चक्षुर्दर्शनं प्राहुस्तत्स्यादाचतुरिन्द्रियात् ॥ ५४ ॥ यः सामान्यावबोधः स्याच्चक्षुर्वर्जापरेन्द्रियैः । अचक्षुर्दर्शनं तत्स्यात्, सर्वेषामपि देहिनाम् ॥ ५५॥ तथोक्तं तत्त्वार्थवृत्तौ ॥ (२ अ० ५ सू०) । "चक्षुर्दर्शनमित्यादि, चक्षुषा दर्शनम–उपलब्धिस्सामान्यार्थग्रहणं, स्कन्धावा-

१ न च तथोपलभ्यते, अपि च समयमपि न गृह्णीयान्न च केवलिनमन्तरेण समयग्रहणमस्ति ( इति पाठपूर्तिः )

रोपयोगवत्तदहर्जातबालदारकनयनोपलब्धिवद्वा व्युत्पन्नस्यापि, अचक्षुर्दर्शनं-शेषेन्द्रियैः श्रोत्रादिभिः सामान्यार्थग्रहण"मिति ॥(सा०२१४) येनावधेरुपयोगे,सामान्यमवबुध्यते। अवधिज्ञानिनामेव, तत्स्यादवधिदर्शनम् ॥५६॥ यथैवमवधिज्ञाने, भवत्यवधिदर्शनम्। एवं विभङ्गेऽप्यवधिदर्शनं कथितं श्रुते ॥५७॥ अयं भावः॥सम्यग्दृगवधिज्ञाने,सामान्यावगमात्मकम्। यथैतत्स्यात्तथा मिथ्यादृग्विभङ्गेऽपि तद्भवेत् ॥ ५८ ॥ नाम्ना च कथितं प्राज्ञैस्तदप्यवधिदर्शनम् ; अनाकारत्वाद्विशेषाद्विभङ्गदर्शनं न तत् ॥ ५९ ॥ अयं सूत्राभिप्रायः ॥ आहुः कार्मग्रन्थिकास्तु, यद्यपि स्तः पृथक् पृथक्। साकारेतरभेदेन, विभङ्गावधिदर्शने ॥ ६० ॥ तथापि मिथ्यारूपत्वान्न सम्यग्वस्तुनिश्चयः। विभङ्गान्नाप्यनाकारत्वेनास्यावधिदर्शनात् ॥ ६१ ॥ ततोऽनेन दर्शनेन, पृथग्विवक्षितेन किम् ?। तत्कार्मग्रन्थिकैर्नास्य, पृथगेतद्विवक्षितम्॥६२॥ तथोक्तं ॥ "सुत्ते अ विभंगस्स य,परूवियं ओहिदंसणं बहुसो। कीस पुणो पडिसिद्धं, कम्मप्पगडीपगरणंमि? ॥६३॥"(सूत्रे च विभङ्गस्य च प्ररूपितमवधिदर्शनं बहुशः। कस्मात् पुनः प्रतिषिद्धं कर्मप्रकृतिप्रकरणे?) (सा० २१५) इत्याद्यधिकं विशेषणवत्याः प्रज्ञापनाष्टादशपदवृत्तितश्चावसेयं, तत्त्वार्थवृत्तिकृताऽपि विभङ्गज्ञानेऽवधिदर्शनं नाङ्गीकृतं,तथा च तद्ग्रन्थः ॥ ( २ अ० सू० ५ ) "अवधिदृगावरणक्षयोपशमाद्विशेषग्रहणविमुखोऽवधिदर्शनमित्युच्यते, नियमतस्तु तत्सम्यग्दृष्टिस्वामिक"मिति। (सा० २१६) सर्वं भूतभवद्भाविवस्तुसामान्यभावतः। बुध्यते केवलज्ञानादनु केवलदर्शनात्॥ ६४ ॥

**आदौ दर्शनमन्येषां, ज्ञानं तदनु जायते। केवलज्ञानिनामादौ, ज्ञानं तदनु दर्शनम् ॥६५॥ अत एव 'सव्वन्नूणं सव्वदरिसीण'मिति [ सर्वज्ञेभ्यः सर्वदर्शिभ्यः ] पठ्यते )सा० २१७) ॥**

अर्थ-२७ **दर्शनद्वारम्** ॥सामान्यथी अने विशेषथी एम वस्तु बे स्वरूपवाळी छे, त्यां वस्तुमां रहेला सामान्यस्वरूपनो जे बोध ते अहिं दर्शन कहेलुं छे ॥४९॥ जेम प्रथमज देखतां " आ घट " एवो जे बोध थाय छे ते दर्शन, अने त्यार-बाद जे (द्रव्यथी माटीनो-सुवर्णनो-रुपानो इत्यादि, क्षेत्रथी सौराष्ट्रनो-गुजरातनो-मारवाडनो इत्यादि, काळथी शरद्-हेमन्त-शिशिरऋतुनो इत्यादि अगर एक दिवसनो बे दिवसनो इत्यादि, भावथी रक्तवर्णनो, नीलवर्णनो, वर्तुल-लम्ब-गोळ इत्यादि अनेक स्वरूपे) विशेष स्वरूपनो बोध थाय ते ज्ञान कहेवाय छे ॥५०॥ आ दर्शन ते उपचार (व्यवहार) नय वडे कहेलुं छे, अने विशुद्ध (निश्चय) नयथी तो दर्शनने अनाकार ज्ञानरूपज कहेल छे. ॥ ५१ ॥ आ दर्शन ते साकार ( विशेष ) बोध थया पहेला अवश्य अङ्गीकार कराय छे ( मनाय छे ), नहितर " आ कंइक छे " एवा प्रकारनो अस्पष्ट बोध क्यांथी थाय ? ॥ ५२ ॥ वळी ए दर्शन विनापण जो साकार बोध ज थतो होय तो एकज समयमां घटादि विशेष स्वरूपनो बोध थइ जाय. ॥ ५३ ॥ ते प्रमाणे तत्त्वार्थवृत्तिमां कह्युं छे के-" वळी (उपचारने माननार) व्यवहार नय ज्ञानना (साकार) प्रकारनेज दर्शन माने छे. अने शुद्ध निश्चय नय तो अनाकारनेज दर्शन माने छे. अने आकार सहित ( साकार ) बोध ते तो ज्ञान छे, अने आकार एटले पर्यायथी पदार्थनो जे

---

१ 'आ घट छे' एवुं ज्ञानपण साकारस्वरूप होवाथी ज्ञान ज छे छतां आगळ थता विशेष ज्ञाननी अपेक्षाये सामान्य स्वरूप होवाथी ज्ञानमां दर्शननो आरोप करवो ते उपचार, 'अतद्वति तदारोप उपचारः' जेमां जे न होय तेमां तेनो आरोप करवो ते उपचार.

२ अर्थात् आकार एटले पदार्थना पर्यायोरूप जे विशेष स्वरूप ते. निश्चय नयथी तो " आ घट छे " एवो सामान्य बोध पण ज्ञानरूप छे. कारणके दर्शनरूपे तो " आ घट छे " एवो निश्चय बोध ( अपायांश ) न होय पण " आ कंइक छे " एवो अर्थावग्रहरूप बोध होइ शके तेज निश्चयथी दर्शन कही शकाय अने "आ घट छे" ए निश्चयबोध ते व्यवहारथी दर्शनरूप कहेवाय

विशेषपणे करीने निर्देश ते (आकार) कहेल छे. अने अन्तर्मुहूर्त काळे थवावाळो होवाथी ते (आकार) दर्शन पछी ज थाय छे. अने आकार विज्ञान थया पहेलां आलोचन ( "आ कंइक छे" एवा विचाररूप दर्शन ) ज्ञान तो अवश्य अङ्गीकार करवुं जोइए, नहितर "आ कंइक छे " एवो अस्पष्ट बोध प्रथमथीज जीवाने क्यांथी होय ? वळी जो आलोचन (दर्शन) विनाज मनुष्यने [जीवने] आकार ज्ञान उत्पत्तिथी ( प्रथम ) ज थाय तो तेम थवाथी एक समय मात्रमां स्तम्भ कुम्भ वगेरे विशेष स्वरूपने ग्रहण करे [ परन्तु ते इष्ट नथी माटे प्रथम आलोचन थया बाद ज आकारज्ञान स्वीकारवुं-इति भावः ] प्राणीओने चक्षुवडे जे सामान्य अवबोध थाय ते चक्षुर्दर्शन कह्युं छे. ते ते चतुरिन्द्रिय जीवोथी मारम्भीने (पञ्चेन्द्रिय सुधीना छद्मस्थ जीवोने) होय छे ।।५४।। तथा चक्षु शिवायनी बीजी इन्द्रियोवडे जे सामान्य बोध थाय ते अचक्षुर्दर्शन सर्व (केवलि शिवाय) जीव मात्रने होय. ।।५५।। तत्त्वार्थवृत्तिमां कह्युं छे के—चक्षुर्दर्शनं इत्यादि एटले चक्षुवडे जे दर्शन—उपलब्धि—सामान्य अर्थनुं (भावनुं) ग्रहण ते चक्षुर्दर्शन, व्युत्पन्न—समजदार पुरुषने पण स्कन्धावार ( पडाव नाखेला

१ आलोचनाज्ञाननुं लक्षण आङ् मर्यादायां आलोचनं दर्शनं परिच्छेदो यः सा आलोचना वस्तुसामान्यस्यानिर्देश्यस्य स्वरूपनामजात्यादिवियुतस्य यः परिच्छेदः सा आलोचना मर्यादया भवति (तत्त्वार्थ १ अध्याय) भावार्थ—आङ् मर्यादा अर्थमां एटले स्वरूप नाम जाति विगेरेथी रहित (अथवा रहितस्वरूप मर्यादाये करीने) निर्देश (अन्यने बतावबु) न करी शकाय तेवा वस्तुना सामान्य धर्मनो जे परिच्छेद (बोध) ते आलोचना कहेवाय, अन्य ग्रन्थोमां पण कह्युं छे के—अस्ति ह्यालोचनाज्ञानं. प्रथमं निर्विकल्पकम् । बालमूकादिविज्ञानसदृशं शुद्धवस्तुजं ।।१।। भावार्थः—बालक अने मुङ्गा विगेरे जेम पोताना ज्ञानने बीजा पासे बोली शकता नथी तेना जेवुं एटले बोली न शकाय अने शुद्ध वस्तुमात्रथी उत्पन्न थयेलुं पहेलुं जे निर्विकल्पकज्ञान ते आलोचना ज्ञान कहेवाय

२ अने तेम तो इष्टालुं नथी वळी समय मात्रमां ग्रहण करे ते पण केवलि शिवाय समय मात्रमां ग्रहण थइ शके नहि । ए पण अनिष्ट दोष प्रसङ्ग थशे ( पूर्ति )

३ पडाव नाखेला लश्कर पर नजर करतां प्रथम आ लश्कर छे एवो सामान्यबोध थाय पण प्रथम समयेज हस्ति-अश्व--रथ--सुभट-इत्यादि विशेष बोध न थाय.

सैन्यना-छावणी) विषयक उपयोगनी पेठे अथवा तेज दिवसे जन्मेला नाना बालकना चक्षुथी थता ज्ञानवत् (अव्यक्तबोधवते) चक्षुर्दर्शन जाणवुं. अने श्रोत्रेन्द्रियादि शेष इन्द्रियोवडे जे सामान्य अर्थनो बोध थाय ते अचक्षुर्दर्शन कहेवाय." जेनावडे अवधिना उपयोगमां सामान्य अर्थ जणाय ते अवधिदर्शन अवधिज्ञानीओने ज होय छे ॥ ५६ ॥ ए प्रमाणे जेम अवधिज्ञानमां अवधिदर्शन होय छे तेम विभङ्गज्ञानमां पण अवधिदर्शन होवानुं सिद्धान्तमां कहेलुं छे. ॥ ५७ ॥ तात्पर्य ए छे के-सम्यग्दृष्टिना अवधिज्ञानमां जेवी सामान्य बोधरूपता होय छे. तेवी मिथ्यादृष्टिना विभङ्गज्ञानमां पण ते सामान्य बोधरूपता होय छे ॥५८॥ ते माटे पण्डितोए तेने पण अनाकारपणुं सरखुं होवाथी नामवडे अवधिदर्शनज कहेलुं छे, परन्तु विभङ्गदर्शन कहेलुं नथी. ॥५९॥ ए सिद्धान्तनो अभिप्राय कह्यो, अने कर्मग्रन्थकारो तो कहे छे के–जो के विभङ्गज्ञान साकार अने अवधिदर्शन निराकार होवाथी बन्ने भिन्न भिन्न छे. ॥६०॥ तोपण मिथ्यारूपपणुं होवाथी विभङ्गज्ञानथी वस्तुनो सम्यक् निश्चय होय नहिं, अने अनाकारपणाये करीने (अस्य) विभङ्गज्ञानीने थयेला सामान्यावबोधरूप अवधिदर्शनथी पण वस्तुनो सम्यग् निश्चय थतो नथी ॥६१॥ तेथी आ [विभङ्गज्ञान माटे मानेला] दर्शनने जुदु कहेवावडे करीने शुं ( फळ ? ), ते हेतुथी कर्मग्रन्थकारोए ए विभङ्गज्ञानीने जुदुं दर्शन कहेवा इच्छेल नथी ॥६२॥ कह्युं छे के-"सिद्धान्तमां विभङ्गज्ञानीने घणे ठेकाणे अवधि दर्शन कहेलुं छे, परन्तु कर्मप्रकृति प्रकरणमां ते शा माटे निषेध्युं छे?" इत्यादि अधिक विस्तार विशेषणवती ग्रन्थथी अने पन्नवणाजीना १८ मा पदनी वृत्तिथी जाणवो. तत्त्वार्थवृत्तिकर्त्ताए पण विभङ्गज्ञानमां अवधिदर्शन स्वीकार्युं नथी तेनो पाठ आ प्रमाणे-"अवधिदर्शनावरणकर्मना क्षयोपशमथी पदार्थना विशेष स्वरूपने ग्रहण करवामां विमुख एवो जे अवधिरूप बोध ते अवधिदर्शन कहेवाय, अने तेनो स्वामि निश्चयथी सम्यग्दृष्टि जीवज होय" केवळज्ञान थया बाद (बीजे

१ तुर्तना जन्मेला बाळकना चक्षु उघडतां बधुं जुवे त्यारे आ बधुं काक छे एवो अस्पष्ट बोध होय पण दरेक चीजने भिन्नभिन्न जाणी शके नहिं.

२ वळी एज तत्त्वार्थ सूत्रनी बीजा अध्यायनी नवमा सूत्रनी टीकामां स्पष्ट करी दीधुं छे के–'अवधिदर्शनं सम्यग्दृष्टेरेव न मिथ्यादृष्टेः' अवधिदर्शन सम्यग्दृष्टिने ज होय मिथ्यादृष्टिने नहि. एटले के विभङ्गज्ञानिने चक्षुर्दर्शन अने अचक्षुर्दर्शन ज होय !

समये ) केवलदर्शनथी भूतकाळना-वर्त्तमानकाळना-अने भविष्यकाळना पदार्थोने सामान्य भावथी सर्व प्रकारे जाणे (ते केवळदर्शन कहेवाय इति शेषः) ।।६५।। ( सर्वज्ञ सिवाय ) बीजा ( छद्मस्थ ) जीवोने प्रथम दर्शन उत्पन्न थाय, अने त्यारबाद ( अन्तर्मु० बाद ) ज्ञान उत्पन्न थाय छे, अने सर्वज्ञोने प्रथम (पहेले समये ) ज्ञान अने त्यारबाद (बीजे-चोथे-छट्ठे इत्यादि बेकी समये ) दर्शन उत्पन्न थाय छे ।।६६।। ए हेतुथीज (श्रीभगवतीजी आदिमां पण) सव्वन्नूणं-सर्वज्ञानीने अने सव्वदरिसीणं-सर्वदर्शनीने एवो ( अनुक्रम ) बोलाय छे.

प्रज्ञप्ताः सर्वतः स्तोका, जन्तवोऽवधिदर्शनाः। असंख्यगुणितास्तेभ्यश्चक्षुर्दर्शनिनो मताः ॥६६॥ अनन्तगुणितास्तेभ्यो, मताः केवलदर्शनाः। अचक्षुर्दर्शनास्तेभ्योऽप्यनन्तगुणिताधिकाः॥६७॥ कालश्चक्षुर्दर्शनस्य, जघन्योऽन्तर्मुहूर्त्तकम्। सातिरेकं पयोराशिसहस्रं परमः पुनः ।।६८।। अचक्षुर्दर्शनस्यासावभव्यापेक्षया भवेत्। अनाद्यन्तोऽनादिसान्तो, भव्यानां सिद्धियायिनाम्।६९।जघन्येनैकसमयः, स्यात्कालोऽवधिदर्शने। उत्कर्षतो द्विः षट्षष्टिर्वार्धयः साधिका मताः ॥७०।। ज्येष्ठो नन्ववधिज्ञानकालः षट्षष्टिवार्धयः। अवधिद[धेर्द]र्शने तर्हि, यथोक्तो घटते कथम्? ॥७१॥ अत्रोच्यते ॥ अवधौ च विभङ्गे चावधिदर्शनमास्थितम्। ततो द्वाभ्यां सहभावाद्युक्तः सोऽवधिदर्शने ॥७२॥अत्र बहु वक्तव्यं तत्तु प्रज्ञापनाष्टादशपदवृत्तितोऽवसेयं ॥ कालः सादिरनन्तश्च, भवेत्केवलदर्शने। एषु कस्याप्यनादित्वं, नाचक्षुर्दर्शनं विना ॥७३ ॥ इति दर्शनं २७। चतुष्टयी दर्शनानां, त्र्यज्ञानी ज्ञानपञ्चकम् ॥ अमी द्वादश निर्दिष्टा, उपयोगा बहुश्रुतैः ॥ ७४ ॥ ज्ञानपञ्चकमज्ञानत्रयं साकारका अमी। उक्ताः शेषास्त्वनाकाराश्चतुर्दर्शनलक्षणाः ॥ ७५ ॥ इत्युपयोगाः २८।

अर्थ-दर्शननुं अल्पबहुत्व अने काळनियम-सर्वथी अल्प प्राणीओ अवधि-

दर्शनवाळा कह्या छे, अने तेथी असंख्यगुणा चक्षुर्दर्शनवाळा कह्या छे ३॥ ६ ॥ तेथी अनंतगुणा केवळ दर्शनवाळा, अने तेथी पण अनंतगुणा अधिक अचक्षुदर्श- नवाळा जीवो कह्या छे. ॥ ६८ ॥ चक्षुर्दर्शननो काळ जघन्यथी अन्तर्मु०, अने उत्कृष्टथी साधिक १००० ( हजार ) सागरोपम ॥ ६९ ॥ अचक्षुर्दर्शननो काळ अभव्य जीवनी अपेक्षाए अनादि अनन्त, अने मोक्षे जनारा भव्य जीवोनी अपे- क्षाए अनादि सान्त जाणवो ॥७०॥ अवधिदर्शननो काळ जघ० १ समय छे, अने उत्कृष्टथी साधिक १३२ (-६६-६६) सागरोपम मानेला छे.॥७१॥ शंका—अ- वधिज्ञाननो काळ उत्कृष्टथी ६६ सागर छे तो अवधिदर्शननो काळ तेटलो (१३२ सा०) केम घटी शके ? उत्तर—अवधिदर्शन ते ( सिद्धान्ताभिप्राये ) अवधिज्ञानमां अने विभङ्गज्ञानमां पण रहेलुं छे, तेथी बन्नेना सहभावथी अवधिदर्शननो कहेलो तेटलो काळ युक्त ज छे. अहिं घणुं कहेवानुं छे ते प्रज्ञापना सूत्रनी १८ मा पदनी वृत्तिमांथी जाणवुं. ।७२॥ केवळदर्शननो काळ सादि—अनन्त छे, ए चारे दर्शनमां अचक्षुदर्शन विना कोइपण दर्शनने अनादि पणुं नथी ॥७३॥ ए प्रमाणे दर्शनद्वारनुं स्वरूप कह्युं ॥ इति दर्शनद्वारम् ॥

## ॥ दर्शनद्वारयन्त्रकम् ॥

| दर्शन | अल्पबहुत्व | स्थिति | समकाळे ज्ञान |
|---|---|---|---|
| चक्षुर्दर्शन | अवधिदर्शनथी असंख्यगुण.(२) | जघ०—अन्तर्मुहूर्त्त. उ०—साधिक १००० सागर | १ मतिअ० श्रु० अ०. २ म० अ० श्रु० अ० वि०. ३ मति. श्रुतज्ञान. ४ म० श्रु० अव० ५ म० श्रु० मन०. ६ म० श्रु० अ० मन० |
| अचक्षुर्दर्शन | केवलदर्शनथी अनन्तगुण.(४) | अभव्यने—अनादि अनन्त भव्यने—अनादि सान्त | ,, |
| अवधि दर्शन | सर्वथी अल्प (१) | जघ०—१ समय उ—साधिक बे छासठ [१३२] सागर | १ मति० श्रुत० अव०. २ मति० श्रुत० अ० म० (मतान्तरेण मतिअ० श्रुत० अ० वि० ) |
| केवलदर्शन | चक्षुदर्शनथी अनन्तगुण. (३) | सादि अनन्त | १ केवलज्ञान |

१ प्रथम ६६ सागरोपम सुधी क्षयोपशम सम्यक्त्व पूर्वक अवधिज्ञान का- यम रहीने अन्तर्मुहूर्त मिश्रसम्यक्त्व पामतां विभङ्गज्ञान गणाय, ने पुनः ६६

२८ उपयोगद्वारम्–चार दर्शन–त्रण अज्ञान–ने पांच ज्ञान ए १२ उपयोग बहुश्रुतधारीओए कहेला छे ॥ ७४ ॥ तेमां पांच ज्ञान अने त्रण अज्ञान ए आठ उपयोग साकारोपयोगरूप, अने शेष चार दर्शनने अनाकारोपयोगरूप कहेला छे ॥ ७५ ॥ ए प्रमाणे उपयोगनुं स्वरूप कह्युं. ॥ इति उपयोगद्वारम् ॥

आहारकाः स्युश्छद्मस्थाः, सर्वे वक्रगतिं विना। त्रिचतुःसमयान्ता स्यात्तत्रानाहारितापि च ॥७६॥ गतिर्द्विधा हि जन्तूनां, प्रस्थितानां परं भवम्। सरला कुटिला चापि, तत्रैकसमयाऽऽदिमा ॥७७॥ उत्पत्तिदेशो यत्र स्यात्समश्रेणिव्यवस्थितः। तत्रैकसमयेनैव, ऋजुगत्याऽसुमान् व्रजेत् ॥७८॥ परजन्मायुराहारौ, क्षणेऽस्मिन्नेव सोऽश्नुते। तुल्यमेतदृजुगतौ, निश्चयव्यवहारयोः ॥७९॥ द्वितीयसमयेऽनयैया, व्यवहारनयाश्रयात्। उदेति परजन्मायुरिदं तात्पर्यमत्र च ॥८०॥ प्राग्भवान्त्यक्षणो वक्र(क्रा)परिणामाभिमुख्यतः। कैश्चिद्वक्रादिसमयो, गण्यते व्यवहारतः ॥८१॥ ततश्च–भवान्तराद्यसमये, गते स्वस्मिन् द्वितीयके। समये परजन्मायुरुदेति खलु तन्मते ॥८२॥ यदाहुः॥"उज्जुगइपढमसमए परभवियं आउअं तहाऽऽहारो। वक्काइ बीअसमए परभविआउं उदयमेइ ॥८३॥" (ऋजुगतिप्रथमसमये पारभविकं आयुस्तथाऽऽहारः। वक्रायां द्वितीयसमये पारभविकायुरुदयमेति॥)(सा०२१८)निश्चयनयाश्रयाच्च॥ संमुखोऽङ्गी गतेर्यद्यप्यन्त्यक्षणे तथापि हि। सत्त्वात्प्राग्भवसम्बन्धिसे-

सागरोपमनुं क्षयोपशम सम्यक्त्व प्राप्त थतां अवधिज्ञान थाय त्यारबाद अवश्य मिथ्यात्वे या मोक्षे जतां अवधि अने विभङ्गनो पण अभाव थाय, तो ए प्रमाणे बन्ने ज्ञानमां मळीने अन्तर्मुहूर्त अधिक १३२ सागर अवधिदर्शननो काळ गणाय.

घातपरिशाटयोः॥८४॥ समयः प्राग्भवस्यैव(च),संभवेच्च पुनर्गतेः । प्राच्याङ्गसर्वशाटोऽग्रभवाद्यक्षण एव यत् ॥८५॥ 'परभवपढमे साडो'त्ति आगमवचनात् ॥ [सा०२१९] उदेति समयेऽत्रैव, गतिः सह तदायुषा । ततोऽन्यजन्मायुर्वक्रगतावप्यादिमक्षणे ॥८६॥ त्रिभिर्विशेषकं ॥ तत्र संघातपरिशाटस्वरूपं चैवमागमे ॥ संघातः परिशाटश्च, तौ द्वौ समुदिताविति औदारिकादिदेहानां, प्रज्ञप्तं करणत्रयम् ॥८७॥ सर्वात्मना पुद्गलानामाद्ये हि ग्रहणं क्षणे । (सर्वात्मनोत्पत्तिदेहक्षणे हि ग्रहणं भवेत्) चरमे सर्वथा त्यागो, द्वितीयादिषु चोभयम् ॥८८॥ यथा तप्ततापिकायां, सस्नेहायामपूपकः । गृह्णाति प्रथमं स्नेहं सर्वात्मना न तु त्यजेत् ॥ ८९ ॥ ततश्च किञ्चिद् गृह्णाति स्नेहं किञ्चित्पुनस्त्यजेत् । संघातभेदरूपत्वात्पुद्गलानां स्वभावतः ॥९०॥ तथैव प्रथमोत्पन्नः, प्राणभृत्प्रथमक्षणे । सर्वात्मनोत्पत्तिदेशस्थितान् गृह्णाति पुद्गलान् ॥९१॥ ततश्चाभवपर्यन्तं,द्वितीयादिक्षणेषु तु । गृह्णंस्त्यजंश्च तान् कुर्यात्, संघातपरिशाटनम् ॥९२॥ तत आयुःसमाप्तौ च, भाव्यायुःप्रथमक्षणे । स्याच्छाट एव प्राग्देहपुद्गलानां न तु ग्रहः ॥९३॥ औदारिकवैक्रियाहारकेषु स्युस्त्रयोऽप्यमी । संघातपरिशाटः स्यात्तैजसे कार्मणे सदा ॥९४॥ अनादित्वाद्भवेन्नैव, संघातः केवलोऽनयोः । केवलः परिशाटश्च, संभवेन्मुक्तियायिनाम् ॥९५॥ अत्र च भूयान् विस्तरोऽस्ति स चावश्यकवृत्त्यादिभ्योऽवसेयः ॥

अर्थ- आहारद्वारम् सर्वे छद्मस्थजीवो वक्रगतिमां न वर्तता होय ते वखते आहारक ज होय छे, अने ते वक्रगतिमां पण त्रण अथवा चार समय सुधीज अनाहारकपणे रहे छे. ॥ ७६ ॥ परभवमां प्रयाण करतां जीवोनी सरल अने

कुटिल ( ऋजुगति अने वक्रगति ) एम बे प्रकारनी गति होय छे, त्यां पहेली ऋजुगति एक समय प्रमाणनी छे ॥ ७७ ॥ ज्यां जीवने उपजवानुं स्थान समश्रेणिए रहेलुं होय त्यां जीव ऋजुगतिवडे एकज समयमां जाय ॥ ७८ ॥ अने तेज समये ते जीव परभवनुं आयुष्यवेदे अने परभवनो आहार करे. आ ऋजुगतिमां निश्चय अने व्यवहार बन्नेनो मत एक सरखो छे. ॥ ७९ ॥ अने वक्रगतिमां बीजा समये व्यवहार नयनी अपेक्षाए परभवनुं आयु उदय आवे. अहिं तात्पर्य आ प्रमाणे छे के- ॥ ८० ॥ वक्रगतिना सन्मुखपणानी अपेक्षाए पूर्वभवना छेल्ला समयने व्यवहारथी केटलाएक आचार्य वक्रगतिनो प्रथम समय गणे छे ॥ ८१ ॥ अने तेथी तेओने मते परभवनो प्रथम समय व्यतीत थया बाद आ बीजा समयमां निश्चय परभवनुं आयुष्य उदय आवे छे. ॥ ८२ ॥ कह्युं छे के—ऋजुगतिना प्रथम समये परभवनुं आयुष्य अने आहार उदय आवे छे, वक्रगतिमां बीजे समये परभवनुं आयुष्य उदय आवे ॥ ८३ ॥ ॥ अने निश्चयनयनी अपेक्षाए तो जीव जो के ( पूर्वभवना ) अन्त्य समये (वक्र) गतिनी सन्मुख छे तो पण ( ते समये ) पूर्वभव सम्बन्धि सङ्घात अने परिशाट होवाथी ॥ ८४ ॥ ते समय पूर्वभवनोज संभवे छे पण ( वक्रादि ) गतिनो नहिं, कारणके पूर्वभव सम्बन्धि शरीरनो सर्वांशे परिशाट अग्रभवना प्रथम समयेज होय छे. ॥ ८५ ॥ कारणके "परभवना प्रथम समये एकलो परिशाट होय" ए प्रमाणे सिद्धान्तनुं वचन होवाथी एज समये ते आयुष्य सहित गति उदय आवे छे, माटे परभवनुं आयुष्य तो वक्रगतिमां पण प्रथम समये ज उदय आवे छे. ॥८६॥ हवे त्यां सिद्धान्तमां सङ्घात अने परिशाटनुं स्वरूप आ प्रमाणे छे—संघात १, परिशाट २, अने संघात परिशाट ३, ते समुदित पणे-एम ३ करण (क्रियाभेद) औदारिकादि शरीरमां कहेलां छे. ॥ ८७ ॥ त्यां प्रथम समये सर्व आत्मप्रदेशो वडे (वा सर्वथा) पुद्गलोनुं ग्रहणज मात्र होय छे, अन्त्य समये स र्था त्यागज होय छे. अने बीजा विगेरे समयोमां संघात अने परिशाट बेउ साथे थाय छे. ॥ ८८ ॥ जेम तपी गयेली तेल या घीवाळी कढाइमां ( या तवीमां ) नाखेली पूरी ( वा पूडलो तेल वा घीने प्रथम सर्व बाजुथी ग्रहण करे छे, परन्तु त्याग करे नहि ॥८९॥ अने त्यारबाद किञ्चित् तैलादि ग्रहण करे अने किंचित् त्याग करे, कारणके पुद्गलोनो स्वभावज मळवा अने विखरवारूप छे ॥ ९० ॥ तेवीज रीते

१ अने आहार तो वक्रगतिमा बीजा त्रीजा अने चोथा समयमां अनाहारकपणुं होवाथी न होय एम अध्याहारथी जाणवुं.

प्रथम उत्पन्न थयेलो जीव प्रथम समये सर्वात्मावडे उत्पत्ति स्थानमां रहेला पुद्गलोने ग्रहण करे ॥ ९१ ॥ अने त्यारबाद आखा भव सुधी बीजा त्रीजा समयोमां ते पुद्गलोने ग्रहण करतो अने त्याग करतो छतो संघात अने परिशाट बन्ने करे ॥ ९२ ॥ माटे पूर्वनुं आयुष्य समाप्त थतां परभवायुना प्रथम समये पूर्वभव सम्बन्धि शरीर पुद्गलोनो केवळ शाट ( त्याग ) ज होय छे पण ग्रहण नहिं. ॥ ९३ ॥ त्यां औदारिक–वैक्रियादि-अने आहारक ए त्रण शरीरमां ( संघातादि ) त्रणे करण प्रवर्त्ते छे, अने तैजस-कार्मण ए बेमां सदाकाळ संघात-परिशाट ( समुदित पणे ) प्रवर्त्ते छे. ॥ ९४ ॥ ए बे शरीरनुं अनादिपणुं होवाथी केवळ संघात होतो नथी परन्तु मोक्षे जनारा जीवोने केवळ परिशाट तो संभवे छे ॥ ९५ ॥ आ स्थाने घणो विस्तार छे ते आवश्यकवृत्त्यादिथी जाणवो.

अथ प्रकृतं ॥ वक्रा गतिश्चतुर्धा स्याद्वक्रैरेकादिभिर्युता। तत्राद्या द्विक्षणैकैकक्षणवृद्ध्या क्रमात्पराः ॥९६॥ तथाहि॥यदोर्ध्वलोकपूर्वस्या अधः श्रयति पश्चिमाम्। एकवक्रा द्विसमया, ज्ञेया वक्रा गतिस्तदा ॥९७॥ समश्रेणिगतिस्त्वेन, जन्तुरेकेन यात्यधः। द्वितीयसमये तिर्यगुत्पत्तिदेशमाश्रयेत्॥९८॥पूर्वदक्षिणोर्ध्वदेशादधश्चेदपरोत्तराम्। व्रजेत्तदा द्विकुटिला, गतिस्त्रिसमयात्मिका ॥९९॥ एकेनाधस्समश्रेण्या, तिर्यगन्येन पश्चिमाम्। तिर्यगेव तृतीयेन, वायव्यां दिशि याति सः ॥११००॥ त्रसानामेतदन्तैव, वक्रा स्यान्नाधिका पुनः। स्थावराणां चतुःपञ्चसमयान्तापि सा भवेत् ॥१॥ तत्र चतुःसमया त्वेवम्॥ त्रसनाड्या बहिरधोलोकस्य विदिशो दिशम्। यात्येकेन द्वितीयेन, त्रसनाड्यन्तरे विशेत् ॥२॥ ऊर्ध्वं याति तृतीयेन, चतुर्थे समये पुनः। त्रसनाड्या विनिर्गत्य, दिश्यं स्वस्थानमाश्रयेत् ॥३॥ दिशो विदिशि याने तु,नाडीमाद्ये द्वितीयके। ऊर्ध्वं वाधस्तृतीये तु, बहिः विदिशि तुर्यके ॥४॥ यदोक्तरीत्या विदिशो, जायते

## ॥ औदारिकादिदेहेषु संघातादिकरणसत्कसप्तद्वारयन्त्रकम् ॥

| शरीरना नाम. | १ सर्व संघात क्यारे | २ सर्व परिशाट क्यारे होय | ३ संघातपरिशाटो-भय क्यारे होय | ४ उभयाभाव क्यारे | ५ संघात काल | ६ परिशाटकाल | ७ संघात परिशाटोभय जघन्यकाल |
|---|---|---|---|---|---|---|---|
| औदारिक | उत्पत्ति प्रथम क्षणे | शरीरत्याग समये | मध्यमवर्त्ति क्षणेषु | विग्रहगतौ | १ समय | १ समय | ३ [1]समयन्यून क्षुल्लकभव |
| वैक्रिय | उत्पत्ति प्रथम क्षणे | शरीरत्याग समये | मध्यमवर्ति क्षणेषु | विग्रहगतौ | १ समय * वा २ समय | १ समय | १ [2]समय |
| आहारक | उत्पत्ति प्रथम क्षणे | शरीरत्याग समये | मध्यमवर्ति क्षणेषु | तद्विरहकाले | १ समय | १ समय | अन्तर्मुहूर्त |
| तैजस | ० | शैलेशीचरम समये | अयोगिनं मुक्त्वा सर्वकाले | सिद्धत्वे | ० | १ समय | अनादिसान्त |
| कार्मण | ० | शैलेशीचरम समये | अयोगिनं मुक्त्वा सर्वकाले | सिद्धत्वे | ० | १ समय | अनादिसान्त |

* औदारिकशरीरी वैक्रियशरीर प्रारंभे अने तेज समये काल करी ऋजुगतिये देवगतिमां उत्पन्न थाय त्यांये २ समय सर्व संघात जाणवा.

१. २ समय विग्रहना अने १ समय संघातनो ए ३ समयहीन क्षुल्लकभव २५६ आवलिका. २ के समय वैक्रिय करी मरी देवलोकमां उपजे तो एक समय संघातपरिशाटोभय.

| ८ | ९ | १० | ११ | १२ |
|---|---|---|---|---|
| संघातपरिशाटोभय उत्कृष्ट काल | संघातांतर काल | परिशाटांतरकाल | उभयांतर जघन्यकाल | उभयांतर उत्कृष्टकाल |
| १ [3]समयन्यून ३ पल्योपम | [4]ज०–३ समयहीन क्षुल्लकभव [5]उ०–१ समय सहित पूर्व कोटि अधिक ३३ सागरोपम | ज०–क्षुल्लकभव [6]उ०–पूर्वकोटि अधिक ३३ सागरोपम | १ समय | ३ समयाधिक ३३ सागरोपम |
| १ [7]समयहीन ३३ सागरोपम | ज०–१ समय उ०–वनस्पतिकाल | ज०—अन्तर्मुहूर्त उ —वनस्पतिकाल | समय | वनस्पतिकाल |
| अन्तर्मुहूर्त | ज०–अन्तर्मुहूर्त उ०–किंचिन्न्यून अर्धपुद्गलपरावर्त | ज०–अन्तर्मुहूर्त उ०–किंचिन्न्यून अर्ध पुद्गलपरावर्त | अन्तर्मुहूर्त | किंचिन्न्यून अर्ध-पुद्गलपरावर्तकाल |
| अनादि अनन्त | ० | ० | ० | ० |
| अनादि अनन्त | ० | ० | ० | ० |

३–४ एक संघात समयन्यून करवो. ५ बे समय विग्रहना तथा एक संघात समय ए त्रणे पण समयहीन क्षुल्लकभवमां संघात परिशाटोभय करी ऋजुगतिये उत्पन्न थनारने जाणवुं. ६ पूर्वकोटि आयुष्यवाळो एक संघात समय मूकी एक समय न्यून शेष पूर्वकोटि संघात परिशाटोभय करी ३३ सागरोपम वैक्रियमां रही बे समय विग्रहमां रही संघात करे तेने जाणवुं. ७ तेत्रीश सागरोपम वैक्रियमां रही पूर्वकोटि आयुष्य औदारिकनुं भोगवनारने.

विदिशि क्वचित् । तदा तत्समयाधिक्यात्, *प्रात्पञ्चसमया ग-तिः ॥५॥ उक्तं च ॥"विदिसाउ दिसं पढमे बीए पइसरइ नाडि-मज्झंमि। उड्ढं तइए तुरिए उ नीइ विदिसं तु पंचमए॥६॥(विदि-शो दिशं प्रथमे, द्वितीये प्रतिसरति नाडिमध्ये। ऊर्ध्वं तृतीये तुर्ये तु, निरेति विदिशं तु पञ्चमके ॥ ) इति भगवतीवृत्तौ शतक १४ *प्रथमोद्देशके । (सा० २१९) स्थापनेयम् ॥ भगवतीसप्तमशतक प्रथमोद्देशके(वृत्तौ) तु पञ्चसामयिकीं विग्रहगतिमाश्रित्येत्यर्थमुक्तं दृश्यते–" इदं च सूत्रे न दर्शितं, प्रायेणेत्थमनुत्पत्तेरिति " ( सा० २२० ) ॥ (एकवक्रादिगतिव्युत्पादनम्)

अर्थ–हवे चालु विषय कहेछे-वक्रगति एकादि वक्रवडे सहित चार प्रकारनी छे,तेमां पहेली बे समयनी अने बीजी सर्वे वक्रगतियो अनुक्रमे एकएक क्षणनी वृद्धिवडे जाणवी ॥९६॥ ते आ प्रमाणे–जीव ज्यारे उर्ध्वलोकनी पूर्व दिशामांथी आवी अधोलोकनी पश्चिम दिशामां उत्पन्न थाय त्यारे बे समय प्रमाणनी एकवक्रागति जाणवी. ॥९७॥ कारणके (जीवनी) समश्रेणिगति होवाथी जीव एक समये नीचे जाय, अने बीजे समये तिर्च्छीदिशामां उत्पत्ति स्थाने जाय ॥९८॥ तथा ऊर्ध्वलोकना अग्निखुणा-मांथी अधोलोकना वायव्य खुणामां उत्पन्न थाय त्यारे त्रण समय प्रमाण द्विवक्रागति थाय छे ॥ ९९ ॥ कारणके एक समये (ऊर्ध्वलोकना अग्निखुणा-मांथी) अधोलोकना (अग्निखुणामां) समश्रेणिए (जाय) बीजे समये तिर्च्छी पश्चि-म दिशामां (जाय) अने त्रीजे समये तिर्च्छीगतिए ते जीव वायव्य खुणामां जाय ॥१००॥ त्रस जीवोनी अहीं सुधीनीज वक्रगति छे, कारणके ए जीवोने एथी

* एतच्च बाहुल्यमङ्गीकृत्योच्यते, अन्यथा पञ्चसमयोऽपि विग्रहो भवेदेके-न्द्रियाणां.तथाहि–त्रसनाड्या बहिस्तादधोलोके विदिशो दिशं यात्येकेन,द्वितीयेन लोकमध्ये,तृतीयेनोर्ध्वलोके, चतुर्थेन ततस्तिर्यक्पूर्वादिदिशो निर्गच्छति, ततः पञ्चमेन विदिग्व्यवस्थितमुत्पत्तिस्थानं यातीति ॥

१ अन्ये त्वाहुः वक्रचतुष्टयमपि संभवति यदा हि विदिशो विदिश्येवोत्पद्यते तत्र समयत्रयं प्राग्वत्, चतुर्थे समये तु नाडीतो निर्गत्य समश्रेणिं प्रतिपद्यते । पञ्चमेन तूत्पत्तिस्थानं प्राप्नोति, तत्र चाद्ये समयचतुष्टये वक्रचतुष्टयं स्यात्,तत्र चानाहारक इति, इदं च सूत्रे न दर्शितं प्रायेणेत्थमनुत्पत्तेरिति.

अधिक समयनी वक्रगति नथी. अने स्थावर जीवोने तो वक्रगति चार अने पांच समय सुधीनी पण होय छे ॥ १ ॥ त्यां चार समयनी वक्रगति आ प्रमाणे—त्रस नाडीनी बहार अधोलोकनी विदिशामांथी दिशामां प्रथम समये जाय, अने बीजे समये त्रस नाडीमां प्रवेश करे ॥ २ ॥ त्रीजे समये ऊर्ध्वलोकमां जाय, अने चोथे समये त्रस नाडीमांथी निकळी दिशामां रहेला पोताना उत्पत्ति स्थाने जाय ॥ ३ ॥ ( ए रीते विदिशाथी दिशामां उपजवानी गति कही, अने हवे दिशामांथी विदिशामां उपजवानी रीत दर्शावे छे के—) दिशाथी विदिशामां जतां प्रथम समये ( दिशामांथी निकळी ) त्रस नाडीमां प्रवेश करे, बीजे समये ऊर्ध्व या अधोलोकमां जाय, त्रीजे समये त्रस नाडीथी बहार निकळे, अने चोथे समये विदिशामां उपजे ॥ ४ ॥ तथा ज्यारे पूर्वोक्तरीते कोइ वखत कोइ जीव ( नाडी बहारनी ) विदिशामांथी ( निकळी नाडी बहारनी ) विदिशामां उपजे तो ते एक समयना अधिकपणाथी पांच समयनी वक्रगति कोइ (कोइ) ठेकाणे कही छे. ॥ ५ ॥ श्री भगवतीजीना १४ मा शतकना १ ला उद्देशानी वृत्तिमां "(आ चार समयनी विग्रहगतिनुं स्वरूप बहुलता आश्रयी कह्युं छे. अन्यथा एकेन्द्रियोने पांच समयनी विग्रह पण थाय ( संभवे ), ते आ प्रमाणे अधोलोकमां त्रस नाडीथी बहार) पहेले समये विदिशाथी दिशामां, बीजे समये त्रस नाडीमां प्रवेश करे, त्रीजे समये ऊर्ध्वलोकमां, चोथे समये नाडीथी बहार नीकळे अने पांचमे समये विदिशामां उपजे. ॥ ६ ॥ " आ प्रमाणे कह्युं छे. परन्तु तेज श्री भगवतीजीना ७ मा शतकना १ ला उद्देशा ( नी टीका ) मां तो—पांच समयनी विग्रहगतिना सम्बन्धमां आ प्रमाणे कहेलुं छे (बीजाओ तो कहे छे के ज्यारे विदिशामांथी विदिशामां ज उत्पन्न थाय त्यारे चार वक्र पण संभवे छे, तेमां त्रण समय पूर्वनी माफक (नाडीनी बहार विदिशामांथी दिशामां पहेले समये, बीजे समये नाडीमां प्रवेश, त्रीजे समये ऊर्ध्वलोक गमन) अने चोथे समये नाडीथी बहार समश्रेणिमां जाय अने पांचमे समये उत्पत्तिस्थाने आवे तेमां पहेलां चार समयमां चार वक्र थाय अने तेमां अनाहारकपणुं छे, परन्तु) "आ वात सूत्रमां दर्शावी नथी. प्रायः ए रीते अनुत्पत्ति होवाथी ( अर्थात् ए रीते पांच समयनी विग्रहगतिए प्रायः उत्पत्ति न होय. )


---

१ आनुपूर्वीनो उत्कृष्ट उदय चार समयनो कह्यो छे, ते पांच समयनी उत्पत्तिवाळी चतुष्कामां संभवे छे. एज माटे 'एकं द्वौ वाऽनाहारकः' ए सूत्रमां

व्यवहारापेक्षया च, भवेदाहारकोऽसुमान्। गतौ किलैकवक्रायां, समयद्वितयेऽपि हि ॥ ७ ॥ तथाहि समये पूर्वे, शरीरमेष उत्सृजेत् । तस्मिन्पुनस्तच्छरीरयोग्याः केचन पुद्गलाः ॥ ८ ॥ लोमाहारेण संबन्धमायान्ति जीवयोगतः । औदारिकादिपुद्गलादानं चाहार उच्यते ॥९॥ एवमत्राद्यसमये, आहारः परिभावितः । सर्वत्रैव द्विवक्रादावप्याद्यक्षण आहृतिः ॥ १० ॥ द्वितीयसमये चासावुत्पत्तिदेशमापतेत् । तदा तद्भवयोग्याणून, यथासंभवमाहरेत् ॥ ११ ॥ द्विवक्रा तु त्रिसमया, मध्यस्तत्र निराहृतिः । आद्यन्तयोः समययोराहारः पुनरुक्तवत् ॥ १२ ॥ एवं च त्रिचतुर्वक्रे, चतुःपञ्चक्षणात्मके । मध्यास्तयोर्निराहाराः, साहारावादिमान्तिमौ ॥ १३ ॥ यदाहुः ॥ " इगदुतिचउवक्कासुं दुगाइसमएसु परभवाहारो । दुगवक्काइसु समया इग दो तिन्नि उ अणाहारा ॥ १४ ॥ ( एकद्वित्रिचतुर्वक्रासु द्विकादिसमयेषु परभवाहारः । द्विवक्रादिषु समया एको द्वौ त्रयस्त्वनाहाराः) ( सा० २२१ ) निश्चयनये तु ॥ भवस्य भाविनः पूर्वे, क्षणे प्राग्वपुषा सह । असंबन्धादनाप्त्या च, भाविनोऽङ्गस्य नाहृतिः ॥ १५ ॥ द्वितीयसमये तु स्वं, स्थानं प्राप्याहरेत्ततः । समयः स्यादनाहारः, एकवक्रागतावपि ॥ १६ ॥ अन्यस्यां द्वावनाहारौ, तृतीयस्यां त्रयस्तथा । चतुर्थ्यामपि चत्वारः, साहारोऽन्त्योऽखिलासु यत् ॥ १७ ॥ ततश्च व्यवहारेणोत्कर्षतः समयास्त्रयः । निश्चयेन तु चत्वारो, निराहाराः प्रकीर्त्तिताः ॥ १८ ॥ सामान्यास्सर्वतः स्तोका,

या शब्दथी श्रण समय पण लेवा, पण ते स्थलजीवोने होय नथी अनेक स्थले लीधी नथी (सूत्रकृताङ्गवृत्ति )

# ऋजुगति एकवक्रा द्विवक्रादि चित्राणि




आनन्द प्री. प्रेस—भावनगर.

**निराहाराः शरीरिणः । आहारका असंख्येयगुणास्तेभ्यः प्रकीर्तिताः ॥ १९ ॥ (नयभेदेन वक्रगतावाहारकविचारः)**

अर्थ–वळी व्यवहारनयनी अपेक्षाए एक वक्रा गतिमां बन्ने समये जीव आहारकज होय छे. ॥७॥ ते आ प्रमाणे–प्रथम समये आ जीव शरीरनो त्याग करे, अने ते त्याग समये ज पुनः ते शरीरने योग्य केटलाक पुद्गलो जीवना व्यापारथी लोमाहारवडे जीवना सम्बन्धमां आवे, अने जीवना योगथी औदारिकादि (३ शरीरनां) पुद्गलोनुं जे ग्रहण करवुं ते आहार कहेवाय छे ॥८ ९॥ आ प्रमाणे अहीं एक वक्रा गतिमां पहेले समये आहार विचार्यो एज प्रमाणे सर्व द्विवक्रा विगेरे गतिओमां पण पहेले क्षणे आहार जाणवो ॥ १० ॥ वळी बीजे समये ते जीव ज्यारे उत्पत्ति स्थानमां आवी पहोंचे ते समये पण ते भवने योग्य परमाणुओनो यथायोग्य ( देवनारकभवमां वैक्रियनो मनुष्यतिर्यंचभवमां औदारिकनो इत्यादि यथायोग्य ) आहार करे. ॥ ११ ॥ हवे त्रिवक्रागति त्रण समयनी छे त्यां मध्यनो समय आहार विनानो छे, अने पूर्वे कह्या प्रमाणे पहेला अने छेल्ला समयमां आहार ग्रहण होय छे. ॥१२॥ ए रीते चार समयनी त्रिवक्रागतिमां, अने पांच समयनी चतुर्वक्रागतिमां तेओना मध्य समयो आहार विनाना अने पहेला छेल्ला समयो आहारवाळा जाणवा. ॥ १३ ॥ माटे कह्युं छे के–" एकवक्रा–द्विवक्रा–त्रिवक्रा अने चतुर्वक्रागतिमां (अनुक्रमे) बीजादिक ( बीजा–त्रीजा चोथा अने पांचमा ) समयमां परभवनो आहार होय छे, अने ( अनुक्रमे ) द्विवक्रादिगतियोमां एक बे अने त्रण समय आहार विनाना होय छे. " ॥ १४ ॥ वळी निश्चय नयमते तो आवता भवना ( परभवना ) पूर्वसमयमां [ प्रथम समयमां ] पूर्वभवना शरीरनी साथे जीवनो सम्बन्ध नहिं होवाथी, अने परभवना शरीरनी हजी प्राप्ति नहिं थवाथी ते समये आहार होतो नथी ॥ १५ ॥ अने बीजे समये पोतानुं उत्पत्ति स्थान पामीने आहार करे छे माटे एक वक्रागतिमां पण १ समय अनाहारी होय छे. ॥ १६ ॥ त्यारबाद बीजी (द्विवक्रा)मां बे समय अनाहार, त्रीजी (त्रिवक्रा)मां त्रण समय, अने चोथी (चतुर्वक्रा)मां पण चार समय अनाहार होय छे, कारणके सर्व वक्रागतियोमां छेल्लो एक समय आहार सहित होय छे. ॥१७॥ तेथी व्यवहार नये उत्कृष्टथी त्रण समय अने निश्चयनये ( उत्कृष्टथी ) चार समय अनाहारना कहेला छे ॥ १८ ॥ सामान्यतः निराहारी जीवो सर्वथी अल्प छे, अने आहा-

गी जीवो तेथी पण असंख्येयगुणा छे ॥ १९ ॥

त्रि(वि)विधश्च स आहारः, ओजआहार आदिमः। लोमाहारो द्वितीयश्च, प्रक्षेपाख्यस्तृतीयकः॥ २० ॥ तत्राद्यं देहमुत्सृज्य, ऋज्व्या कुटिलयाऽथवा। गत्वोत्पत्तिस्थानमाप्य, प्रथमे समयेऽसुमान् ॥ २१ ॥ तैजसकार्मणयोगेनाहारयति पुद्गलान्। औदारिकाद्यङ्गयोग्यान्, द्वितीयादिक्षणेष्वथ ॥ २२ ॥ औदारिकादिमिश्रेणारब्धत्वाद्वपुषस्ततः। यावच्छरीरनिष्पत्तिरन्तर्मुहूर्त्तकालिकी ॥२३॥ युग्मं॥ यदाहुः-"तेएण कम्मएणं आहारेई अणंतरं जीवो। तेण परं मीसेणं जाव सरीरस्स निप्फत्ती ॥ ॥२४॥" (तैजसा कार्मणेन आहारयति अनन्तरं जीवः। ततः परं मिश्रेण यावच्छरीरस्य निष्पत्तिः॥) (सा०२२२) स सर्वोऽप्योजआहार, ओजो देहार्हपुद्गलाः। ओजो वा तैजसः कायस्तद्रूपत्वेन वा कृतः ॥ २५ ॥ शरीरोपष्टम्भकानां, पुद्गलानां समाहृतिः। त्वगिन्द्रियादिस्पर्शेन, लोमाहारः स उच्यते ॥ २६ ॥ मुखे कवलनिक्षेपादसौ कावलिकाभिधः। एकेन्द्रियाणां देवानां,नारकाणां च न ह्यसौ ॥२७॥ जीवाः सर्वेऽप्यपर्याप्ता, ओजआहारिणो मताः। देहपर्याप्तिपर्याप्ता, लोमाहाराः समेऽङ्गिनः ॥२८॥ ओजसोऽनाभोग एव,लोमस्त्वाभोगजोऽपि च। एकेन्द्रियाणां लोमोऽपि, स्यादनाभोग एव हि ॥२९॥ तथोक्तं संग्रहणीवृत्तौ-"एकेन्द्रियाणामतिस्तोकापटुमनोद्रव्यलब्धीनामाभो-

१ जो के अनाहारक सिद्धभगवन्त विगेरे जीवोनी अपेक्षाये आहारक निगोदना जीवो अनन्तगुण छे तोपण सर्वनिगोदमां एक असंख्यातमो भाग हमेशां विग्रहगतिमां वर्त्ततो होय छे, अने ते सर्व अनाहारक छे तेथी ते अपेक्षाये असंख्यगुण आहारक जीवो कहेला छे. २ सूत्रकृतांगनिर्युक्तौ ओएणं' इति पाठः. ३ मतान्तरेण सर्वपर्याप्तिपर्याप्ता इति संग्रहणीवृत्त्यादौ. ४ श्रीचन्द्रीयाया त्रैलोक्यसंग्रहणीय १८३ तम गाथावृत्तौ.

गमान्याद्वस्तुतोऽनाभोगनिर्वर्त्तित एव, (श्ला०२२३) यदागमः-
"एगेंदियाणां नो आभोगनिवत्तिए,अणाभोगनिवत्तिए" (एके-
न्द्रियाणं न आभोगनिर्वर्त्तितः अनाभोगनिर्वर्त्तितः)इति।(श्ला०
२२४) द्विक्षणोनो भवः क्षुल्लो, जघन्या कायसंस्थितिः। आहा-
रित्वे गरिष्ठा च, कालचक्राण्यसंख्यशः ॥३०॥ इत्याहारः २९ ॥

अर्थ—वळी ते आहार त्रण (त्रणजातना) प्रकारनो छे. त्यां पहेलो ओजआहार बीजो लोमाहार, अने त्रीजो प्रक्षेपाहार नामनो छे. ॥ २० ॥ तेमां पहेलुं (पूर्वभवनुं) शरीर छोडीने ऋजु अथवा वक्रगतिए उत्पत्ति स्थाने जइने जीव प्रथम समये तैजस (युक्त) कार्मण काय योगवडे औदारिकादि [त्रण] शरीरने योग्य पुद्गलोने ग्रहण करे छे, अने बीजा [त्रीजा] विगेरे समयोमां शरीर (रचना) नो प्रारम्भ होवाथी, त्यांथी (बीजा समयथी) यावत् अन्तर्मुहूर्त काळ प्रमाणनी शरीरोत्पत्ति सुधी औदारिकादि (वैक्रिय) मिश्रवडे (आहारग्रहण) थाय ॥२१–२२–२३॥ कह्युं छे के—"अनन्तर समये (परभवना प्रथम समये) जीव तैजस(सूत्र० नि०मां 'ओएणं' ए पाठनो पण ज्योत एटले तैजस अर्थ करवो) कार्मण (काय-योग) वडे आहार करेछे,अने त्यारबाद शरीरनी निष्पत्ति (रचनानी समाप्ति) थाय त्यां सुधी मिश्र (काययोग) वडे आहार करे ॥२४॥ ते सर्व ओजआहार कहेवाय. अहिं ओजस् एटले देहने लायक पुद्गलो, अथवा ओजस् एटले तैजस शरीर, ते रूप ( तैजस शरीररूप ) अथवा तैजस शरीरवडे करायलो ( आ-हार ते ओजाहार) ॥ २५ ॥ तथा शरीरोपष्टम्भक (देहने टेको देनार–मददगार) पुद्गलोनो स्पर्शेन्द्रियादि ( त्वचादि )ना स्पर्शवडे जे आहार ( ग्रहण ) कराय ते लोमाहार कहेवाय ॥ २६ ॥ अने मुखमां कोळीयो नांखवाथी जे आहार थाय छे ते कावलिकाहार–प्रक्षेपाहार नामनो आहार छे, ए [ कवलाहार ] [2]एकेन्द्रिय

१ अहिं " स्पर्शेन्द्रिय" शब्दथी स्पर्शेन्द्रिय नहिं पण स्पर्शेन्द्रियना आ-धाररूप त्वचा अथवा बाह्यनिर्वृत्ति इन्द्रिय ग्रहण करवी, कारणके आहारग्रह-णनो संबंध छे, पण स्पर्शज्ञानरूप विषयग्रहणनो नथी.

२ एकेन्द्रियोने मुख न होवाथी, देवताओने मानस अभिलाषथी परिणाम पामेला शुभ द्रव्योरूप आभोगिक आहार सर्वकाय वडे ग्रहण थाय छे, अने तेथीदेवताओने मनोभक्षि कहेला छे, तेथी अने नारकीओने निरन्तर परि-णाम पामेला अशुभ द्रव्योरूप आहार होवाथी तेओने कावलिक आहार होतो नथी.

जीवोने-देवताओने-अने नारकजीवोने होय नहिं ॥ २७ ॥ सर्वे अपर्याप्तजीवो ओज आहारी, अने देहपर्याप्तिए पर्याप्त (मतांतरे पर्याप्त)सर्वजीवो लोमाहारी छे. ॥२८॥ ओज आहार अनाभोगिकज (उपयोग रहितज) होय छे, अने लोमाहार आभोगिक (अने अनाभोगिक) पण होय छे. परन्तु एकेन्द्रियोने तो लोमाहार पण अनाभोगिक ज छे ॥ २९ ॥ तेज प्रमाणे श्रीसंग्रहणीवृत्तिमां कह्युं छे के-" अति अल्प अने अपटु ( अतिमन्द ) मनोद्रव्यनी लब्धिवाळा एकेन्द्रिय जीवोने आभोगना (उपयोगना) मन्दपणाथी वास्तविक रीते अनाभोग निर्वर्तित ज ( आहार) होय छे. " कारणके सिद्धान्तमां कह्युं छे के-" एकेन्द्रियजीवोने आभोग निर्वर्तित आहार नथी पण अनाभोग निर्वर्तित आहार छे. " आहारकपणानो काळ-आहारकपणामां जघन्यकाल बे समयन्यून क्षुल्लकभव ( २५६ आवली ) प्रमाण छे, अने उत्कृष्टकाळ असंख्याता कालचक्रो प्रमाण जाणवो. ॥ १३० ॥ ए प्रमाणे २९ मा आहारद्वारनुं स्वरूप कह्युं.

## ॥ [3]ओजसादि आहार यन्त्रम् ॥

| आहार | क्यारे ? | कोने ? | आभोग के अनाभोग ? |
|---|---|---|---|
| ओजस् आहार | उत्पत्ति समयथी शरीरपर्याप्ति सुधी | सर्व जीवोने | अनाभोगिक |
| लोम आहार | शरीरपर्याप्त थयाथी भव-पर्यन्त केवलिसमुद्घाते ३-४-५ समयवर्जीने | " | आभोगिक-त्रसजीवोने अनाभोगिक-एकेन्द्रियने अवश्य, त्रसने विकल्पे |
| कवल आहार | करणपर्याप्तिने [अमुक अमुक काळे] | देव नारक अने एकेन्द्रिय विना सर्वने | आभोगिक |

१ विग्रह गतिमां बे समय अनाहारक पणाना भोगवेल होवाथी ते न्यून करवा अने क्षुल्लकभव करी पाछो विग्रहमां अनाहारक थाय माटे.

२ अविग्रहगतिये तेटला काळ सुधी उत्पन्न थता जीवो माटे जाणवुं.

३ अन्य आचार्यो घ्राण चक्षु अने श्रोत्रेन्द्रियवडे जे जणाय छे अने धातुपणे परिणाम पामे छे ते ओजाहार, स्पर्शेन्द्रियवडे जणाय अने धातुपणे परिणमे ते लोमाहार, अने जिह्वा इन्द्रियवडे स्थूलपदार्थ शरीरमां भक्षाय ते प्रक्षेपाहार ए प्रमाणे कहे छे ( सूत्रकृतांगवृत्तिः )

## ॥ विग्रहगति यन्त्र ॥

| भेद | केटला समय | कये समये आहार | कये समये अनाहारक |
|---|---|---|---|
| एकवक्रा | २ | [1]पहेलो बीजो | ० |
| द्विवक्रा | ३ | पहेलो त्रीजो | बीजो |
| त्रिवक्रा | ४ | पहेलो चोथो | बीजो त्रीजो |
| चतुर्वक्रा | ५ | पहेलो पांचमो | त्रीजो बीजो चोथो |

गुणा नाम गुणस्थानान्यमूनि च चतुर्दश । वच्मि स्वरूपमेतेषामन्वर्थव्यक्तिपूर्वकम् ॥ २१ ॥ तथाहुः—'मिच्छे सासण मोसे अविरय देसे पमत्त अपमत्ते । नियट्टी अनियट्टी सुहुमुवसम खीण सजोगि अजोगि गुणा॥२२॥' [मिथ्यात्वं सास्वादनं मिश्रं अविरतं देशः प्रमत्तमप्रमत्तं । निवृत्तिरनिवृत्तिः सूक्ष्ममुपशमः क्षीणं सयोग्ययोगी गुणाः ॥] (सा० २२६) गुणा ज्ञानादयस्तेषां, स्थानं नाम स्वरूपभित् । शुद्ध्यशुद्धिप्रकर्षापकर्षोत्थाऽत्र प्रकीर्त्यते ॥२३॥ तत्र मिथ्या विपर्यस्ता, जिनप्रणीतवस्तुषु । दृष्टिर्यस्य प्रतिपत्तिः, स मिथ्यादृष्टिरुच्यते ॥२४॥ यत्तु तस्य गुणस्थानं, सम्यग्दृष्टिमविभ्रतः । मिथ्यादृष्टिगुणस्थानं, तदुक्तं पूर्वसूरिभिः ॥ २५ ॥ ननु मिथ्यादृशां दृष्टेर्विपर्यासात्कुतो भवेत् ? । ज्ञानादिगुणसद्भावो, यद् गुणस्थानतोच्यते ॥२६॥

१ निश्चय नय मते पहेले समये पण अनाहारक जाणवो.

अत्र ब्रूमः ॥ भवेद्यद्यपि मिथ्यात्ववतामसुमतामिह । प्रतिपत्तिर्विपर्यस्ता, जिनप्रणीतवस्तुषु ॥ ३७ ॥ तथापि काचिन्मनुजपश्वादिवस्तुगोचरा । तेषामप्यविपर्यस्ता, प्रतिपत्तिर्भवेद्ध्रुवम् ॥ ३८ ॥ आस्तामन्ये मनुष्याद्या, निगोददेहिनामपि । अस्त्यव्यक्तस्पर्शमात्रप्रतिपत्तिर्यथास्थिता ॥ ३९ ॥ यथा घनघनच्छन्नेऽर्केऽपि स्यात्काऽपि तत्प्रभा । अनावृता न चेद्रात्रिदिनाभेदः प्रसज्यते ॥४०॥ इति प्रथमं गुणस्थानं ॥१॥

अर्थ--३०मुं गुणस्थानद्वार ॥ हवे गुण एटले गुणस्थान ते आ [१]१४ छे, तेनुं स्वरूप यथार्थ अर्थ प्रगट करवा (दरेक गुणस्थाननो नाम प्रमाणे अर्थ अने तेनुं विशेष स्वरूप कहेवा) पूर्वक कहुं छुं ॥३१॥ तेनां नाम आ प्रमाणे कहे छे–

| | |
|---|---|
| १ मिथ्यात्व | ८ अपूर्वकरण [निवृत्ति बादरसंपराय) |
| २ सास्वादन | ९ अनिवृत्ति बादरसंपराय |
| ३ मिश्र | १० सूक्ष्मसंपराय |
| ४ अविरत सम्यग्दृष्टि | ११ उपशान्तमोह |
| ५ देशविरत | १२ क्षीणमोह |
| ६ प्रमत्त ( सर्वविरत ) | १३ सयोगिकेवलि |
| ७ अप्रमत्त | १४ अयोगिकेवलि |

ए १४ गुणस्थान कह्यां ॥ ३२ ॥ अहिं गुण एटले ज्ञानादिगुण तेओनुं स्थान एटले शुद्धि अशुद्धिना प्रकर्षापकर्षथी (पूर्वगुणस्थानापेक्षया शुद्धिनी वृद्धि अने अशुद्धिनी हानि अने उत्तरगुणस्थाननी अपेक्षाये शुद्धिनी हानि अने अशुद्धिनी वृद्धिवडे ) थयेलो जे स्वरूपभेद ते (स्थान) कहेवाय छे ॥ ३३ ॥ त्यां मिथ्या एटले श्रीसर्वज्ञप्रभुये कहेला पदार्थोमां विपर्यासवाळी (विपरीत) जेनी दृष्टि एटले प्रतिपत्ति अङ्गीकार करवापणुं होय ते मिथ्यादृष्टि जीव कहेवाय. ॥३४॥ सम्यग्दृष्टिने नहिं धारण करनार (शुद्ध श्रद्धा रहित) एवा ते ( मिथ्या-

१ प्रत्येक गुणस्थानकमां पण शुद्धि अशुद्धिनी तरतमताना अनेक भेदो होवाथी गुणस्थानना असङ्ख्य भेदो थाय छतां कोई सङ्ख्यानियम तद्गुणस्थानवर्ति सर्वजीवोना अध्यवसायोनी तरतमतानी एकत्व विवक्षाथी जाणवो.

दृष्टि) जीवनुं जे गुणस्थान तेने पूर्वाचार्योए मिथ्यादृष्टिगुणस्थान कहेलुं छे ॥ ३५ ॥ शंका—मिथ्यादृष्टि जीवोने दृष्टिनो [ बोधनो ] विपर्यास होवाथी ज्ञानादि गुणनो सद्भाव केम होय ? के जेथी तेने गुणस्थानपणुं कहेवामां आवे छे ॥ ३६ ॥ उत्तर— जो के अहिं सर्वज्ञप्रभु कथित पदार्थोमां मिथ्यात्वी जीवोने विपरीत श्रद्धा होय छे ॥ ३७ ॥ तो पण मनुष्य पशु वगेरे पदार्थो संबंधी तेओने कंइक [ मनुष्यने मनुष्यपणे–पशुने पशुपणे मानवारूप] अविपरीत श्रद्धा पण निश्चय होय छे. ॥ ३८ ॥ वळी मनुष्यादि बीजा जीवो तो दूर ( एक बाजु ) रहो ( कारण तेओने तो ज्ञानादिलब्धि विशिष्ट छे ) पण निगोदजीवोने पण यथार्थ ( अविपरीत ) एवुं अव्यक्त ( अस्पष्ट ) स्पर्शमात्र ज्ञान होय छे ॥ ३९ ॥

१ प्रथम मिथ्यादृष्टिगुणस्थानकना संबंधमां श्रीगुणस्थानक्रमारोहकार कहे छे के–अव्यवहार राशिवर्त्ति अनादि निगोदान्तर्गत जीवोने मिथ्यात्व अनादिकालथी होवाथी तेने गुणस्थान कहेवातुं नथी, परन्तु जेओने व्यक्तमिथ्यात्वबुद्धि थाय छे तेवा व्यवहार राशिवर्त्ति जीवोने प्रथम गुणस्थान कहेवाय छे,–कह्युं छे के–" अनाद्यव्यक्तमिथ्यात्वं जीवेऽस्त्येव सदा परम् ।
व्यक्तमिथ्यात्वधीप्राप्तिर्गुणस्थानतयोच्यते ॥ १ ॥ "

वळी योगाचार्य भगवंतोना गुणहीन मिथ्यादृष्टिओमां "गुणोनुं स्थान" एवी अन्वर्थ गुणस्थान पदनी प्रवृत्ति घटी शकती नथी परन्तु ज्यारे मिथ्यादृष्टि जीवमां पण सत् पुरुषोने प्रणाम करवो विगेरे योगबीजोना ग्रहणरूप गुणनुं भाजनपणुं थाय छे त्यारेज सार्थक गुणस्थान पदनी प्रवृत्ति थाय तेम फरमावे छे. आ योगबीजना उपादाननुं स्वरूप मिथ्यादृष्टिवान जीवोमांज घटे छे. जे गुणस्थानक्रमारोहकार व्यक्तमिथ्यात्व बुद्धि थवाथी व्यवहार राशिवाळाने गुणस्थान कहे छे, तेनुं तात्पर्य पण विपर्यस्त बुद्धिरूप मिथ्यात्वनुं व्यक्त ( प्रकट ) थवा पणुं लेवुं नहि. कारण तेवी विपरीत बुद्धिनुं व्यक्तपणुं लइये तो ते बुद्धि अव्यक्त बुद्धि करतां घणी दुष्ट होवाथी कोइ रीते पण गुणस्थानपद प्रवृत्तिनुं कारण था शके नहि. परन्तु मिथ्यादृष्टिरूपज व्यक्तता लेवी आ विचारनो विशेष स्पष्ट खुलासो द्वात्रिंशद्द्वात्रिंशिकानो एकवीशमी द्वात्रिंशिकाना २४–२५ मा श्लोकोनी टीकामां न्यायविशारद न्यायाचार्य महोपाध्याय श्रीमान् यशोविजयजीगणि महाराजे घणोज सारी रीते करेलो छे त्यांथी जोइ लेवुं ' प्रथमं गुणस्थानपदं मिथ्यादृशीह यत् । अन्वर्थयोजना नूनमस्यां तस्योपपद्यते ॥ २४ ॥ व्यक्तमिथ्यात्वधीप्राप्तिरप्यत्रैवमुच्यते । घने मले विशेषस्तु व्यक्ताव्यक्तधियोर्न कः ॥ २५ ॥ ' चौदशो चुमालीश ग्रन्थप्रणेता भगवान श्रीहरिभद्रसूरिजी महाराजे पण फरमाव्युं छे के " प्रथमं यद्गुणस्थानं सामान्येनोपवर्णितम् । अस्यां तु तदवस्थायां मुख्यमन्वर्थयोगतः ॥१॥ "

जेम गाढ वादळाथी ढंकायेल सूर्य होय तो पण सूर्यनी कंइक प्रभा खुल्ली होय छे, अने जो तेम न होय तो रात्रि अने दिवसनो अभेद थाय ॥ ४० ॥ ए प्रमाणे प्रथम गुणस्थाननुं स्वरूप कह्युं ॥ १ ॥

आद्यमौपशमिकाख्य(ख्यं)-सम्यक्त्वस्यात्र सादयेत् । योऽनन्तानुबन्धिकषायोदयः साऽऽयसादनः ॥ ४१ ॥ उत्कर्षादावलीषट्कात्, सम्यक्त्वमपगच्छति । अनन्तानुबन्ध्युदये, जघन्यात्समयेन यत् ॥ ४२ ॥ पृषोदरादित्वाल्लोपे, यकारस्य भवेत्पदम् । आसादनमित्यनन्तानुबन्ध्युदयवाचकम् ॥ ४३ ॥ संतथ ॥ आसादनेन युक्तो यः, स सासादन उच्यते । स चासौ सम्यग्दृष्टिस्तद्-गुणस्थानं द्वितीयकम् ॥ ४४ ॥ तथैवं ॥ प्रागुक्तस्यौपशमिकसम्यक्त्वस्य जघन्यतः । शेषे क्षणे षट्सु शेषासूत्कर्षादावलीष्वथ ॥ ४५ ॥ महाविभीषिकोत्थानकल्पः केनापि हेतुना । कस्याप्यनन्तानुबन्धिकषायाभ्युदयो भवेत् ॥ ४६ ॥ अथैतस्मिन्ननन्तानुबन्धिनामुदये सति । सासादनसम्यग्दृष्टिगुणस्थानं स्पृशत्यसौ ॥ ४७ ॥ यद्वोपशमश्रेण्याः, स्यादिदं पततोऽङ्गिनः । सम्यक्त्वस्यौपशमिकस्यान्ते कस्यापि पूर्ववत् ॥ ४८ ॥ तत ऊर्ध्वं च मिथ्यात्वमवश्यमेव गच्छति । पतन् द्वितीयसोपानादाद्यमेव हि गच्छति ॥ ४९ ॥ नाम्ना सास्वादनसम्यग्दृग्गुणस्थानमप्यदः । उच्यते तत्र चान्वर्थो, मतिमद्भिरयं स्मृतः ॥ ५० ॥ उद्वम्यमानसम्यक्त्वास्वादनेन सहास्ति यः । स हि सास्वादनसम्यग्दृष्टिरित्यभिधीयते ॥५१॥ यथा हि भुक्तं क्षीरान्नमुद्वमन्मक्षिकादिना । किञ्चिदास्वादयत्येव, तद्रसं व्यग्रमानसः ॥ ५२ ॥ तथाऽयमपि मिथ्यात्वाभिमुखो भ्रान्तमानसः । सम्यक्त्वमुद्वमन्नास्वादयेत्किञ्चन त-

द्रसम् ॥ ५३ ॥ इति द्वितीयं ॥२॥

अर्थ-जे कारण माटे अनंतानुबंधि कषायनो उदय अहिं आय एटले औपशमिक नामना (स्वरुप) सम्यकत्वना लाभने सादयेत्-हानि करे ते आयसादन (सास्वादन) कहेवाय छे. । जे कारणथी अहिं अनंतानुबंधीनो उदय थतां जघन्यथी एक समये अने उत्कृष्टथी (उपशम सम्यकत्वना काळनो) ६ आवलिका बाकी रहे उप० सम्य० चाल्युं जाय छे ॥ ४२ ॥ पृषोदरादिमां पाठ होवाथी ( आयसादन शब्दमांथी ) य कारनो लोप थये छते आसादन एवो शब्द थाय छे, अने ते ( आसादन शब्द ) अनंतानुबंधी कषायना उदयनो वाचक छे. ( अर्थात् आसादन एटले अनंतानुबन्धिनो उदय ). ॥ ४३ ॥ अने आसादने करीने युक्त जे प्राणी होय ते सासादन कहेवाय छे अने तेवो जे सम्यग्दृष्टि होय ( ते सासादन सम्यग्दृष्टि कहेवाय ) अने ते जीवनुं जे गुणस्थान ते सासादन सम्यग्दृष्टि नामनुं बीजुं गुणस्थान कहेवाय, ॥ ४४ ॥ ते आ प्रमाणे-पूर्वे (२५मा द्वारमां) कहेला उपशम सम्यक्त्वनो जघन्यथी १ समय बाकी रहे, अने उत्कृष्टथी ६ आवलिकाओ बाकी रहे, कोइक कारणथी महा भयानक स्थितिनी उत्पत्ति सरखो अनंतानुबन्धि कषायनो उदय कोइक जीवने थाय छे ॥४४-४५॥ हवे ते अनंतानुबन्धीनो उदय थये छते ते जीव सासादन सम्यग्दृष्टि गुणस्थान स्पर्शे छे ( पामे छे ) ॥ ४७ ॥ अथवा उपशम श्रेणिथी पडता कोइ पण जीवने पूर्वनी पेठे ( प्रथम कह्या प्रमाणे ) ए गुणस्थान औपशमिक सम्यक्त्वने अन्ते थाय छे ॥ ४८ ॥ अने त्यारबाद ( ते सास्वादननो काळ पूर्ण थये ) ते जीव अवश्य मिथ्यात्वज पामे, कारणके बीजे पगथीएथी पडतो पहेले पगथीएज जाय ॥४९॥ वळी आ गुणस्थान सास्वादन सम्यग्दृष्टि नामे करीने पण कहेवाय छे, त्यां पण्डितोए आ प्रमाणे तेने अनुसरतो अर्थ कह्यो छे ॥५०॥ जे जीव वमन करातां (पडतां) सम्यक्त्वना आस्वादन (स्वाद) युक्त होय ते जीव सास्वादन सम्यग्दृष्टि कहेवाय छे ॥ ५१ ॥ जेम जमेली क्षीरने माखी विगेरेना कारणथी वमन करतो व्याकुळ थयेलो जीव ते क्षीरना रसनो कंइक आस्वाद पामे छे. ॥ ५२ ॥ तेम आ जीव पण भ्रान्तिमय चित्तवाळो मिथ्यात्वनी सन्मुख थयो छतो सम्यक्त्वनुं वमन करतो कंइक सम्यक्त्वना रसनो स्वाद पामे छे. ॥ ५३ ॥ ए प्रमाणे बीजुं सास्वादन सम्यग्दृष्टिगुणस्थान कह्युं. ॥ २ ॥

पूर्वोक्तपुञ्जत्रितये, स यदार्धविशुद्धकः । समुदेति तदा

तस्योदयेन स्याच्छरीरिणः ॥ ५४ ॥ श्रद्धा जिनोक्ततत्त्वेऽर्धवि-
शुद्धाऽसौ तदोच्यते । सम्यग्मिथ्यादृष्टिरिति, गुणस्थानं च त-
स्य तत् ॥ ५५ ॥ युग्मम् । अन्तर्मुहूर्त्तं कालोऽस्य, तत ऊर्ध्वं
स देहभृत् । अवश्यं याति मिथ्यात्वं, सम्यक्त्वमथवाऽऽप्नु-
यात् ॥५६॥ इति तृतीयं ॥३॥ सावद्ययोगाविरतो, यः स्यात्स-
म्यक्त्ववानपि । गुणस्थानमविरतसम्यग्दृष्टिनामकमस्य तत् ॥
५७॥ पूर्वोक्तमौपशमिकं शुद्धपुञ्जोदयेन वा । क्षायोपशमिका-
भिख्यं, सम्यक्त्वं प्राप्तवानपि ॥५८॥ सम्यक्त्वं क्षायिकं वाऽऽ-
प्तः, क्षीणदर्शनसप्तकः । कलयन्नपि सावद्यविरतिं मुक्तिदायि-
नीम् ॥ ५९ ॥ नैवाप्रत्याख्यानमकषायोदयविघ्न(घ्नि)तः ।
स देशतोऽपि विरतिं, कर्त्तुं पालयितुं क्षमः ॥ ६० ॥ इति च-
तुर्थं ॥४॥ स्थूलसावद्यविरमाद्यो देशविरतिं श्रयेत् । स देशविरत-
स्तस्य, गुणस्थानं तदुच्यते ॥ ६१ ॥ सर्वसावद्यविरतिं, जान-
तोऽप्यस्य मुक्तिदाम् । तदावृतौ प्रत्याख्यानावरणा यान्ति
विघ्नताम् ॥६२॥ इति पञ्चमं ॥५॥ संयतस्सर्वसावद्ययोगेभ्यो विर-
तोऽपि यः । कषायनिद्राविकथादिप्रमादैः प्रमाद्यति ॥ ६३ ॥
स प्रमत्तः संयतोऽस्य, प्रमत्तसंयताभिधम् । गुणस्थानं प्राक्त-
नेभ्यः, स्याद्विशुद्धिप्रकर्षभृत् ॥ ६४ ॥ वक्ष्यमाणेभ्यश्च तेभ्यः,
स्याद्विशुद्ध्यपकर्षभृत् । शुद्धिप्रकर्षापकर्षावित्थं भाव्यौ परेष्वपि
॥६५॥ इति षष्ठं ॥६॥ यश्च निद्राकषायादिप्रमादरहितो यतिः ।
गुणस्थानं भवेत्तस्याप्रमत्तसंयताभिधम् ॥६६॥ इति सप्तमं ॥७॥

अर्थ—पूर्वे (२५मा द्वारमां) कहेला त्रण पुञ्जमांनो जे अर्धविशुद्ध पुंज ज्यारे उदयमां

---

१ त्रणपुंज करवानो प्रकार, मिथ्यादृष्टि सम्यग्मिथ्यादृष्टि अने सम्यग्दृ-ष्टिनु स्वरूप पूर्वे २५मा द्वारमां विस्तारथी कहेवायलुं छे त्यांथी जोइ लेवुं

आवे त्यारे ते पुञ्जना उदयवडे जीवने जिनेश्वरे कहेला तत्त्वमां अर्धविशुद्ध श्रद्धा थाय छे त्यारे ते (श्रद्धा) **सम्यग्मिथ्यादृष्टि (मिश्रदृष्टि)** कहेवाय छे, अने ते जीवनुं (तेवी अर्धविशुद्ध श्रद्धा काळमां) गुणस्थान पण तेज (सम्यग्मिथ्यादृष्टि गुणस्थान) कहेवाय छे ॥५४–५५॥ ए गुणस्थाननो काळ अन्तर्मुहूर्त होय छे, अने त्यारपछी ते प्राणी अवश्य मिथ्यात्वे जाय छे, अथवा सम्यक्त्व पामे छे ॥५६॥ **आ प्रमाणे त्रीजुं सम्यग्मिथ्यादृष्टि गुणस्थान कह्युं.** ॥३॥ सावद्य (पाप सहित) व्यापारोथी निवृत्त नहिं थयेलो पण जे सम्यक्त्ववाळो होय छे ते जीवनुं अविरतसम्यग्दृष्टि नामनुं गुणस्थान होय छे. ॥५७॥ पूर्वे (२५मा द्वारमां) कहेला (दर्शनसप्तकना उपशमथी थयेल) औपशमिक सम्यक्त्वने अथवा शुद्ध पुञ्जना उदयवडे क्षायोपशमिक नामना सम्यक्त्वने पाम्यो छतो पण, अथवा क्षीण पाम्युं छे दर्शनसप्तक (४ अनन्तानुबन्धी अने ३ दर्शनमोह) जेनुं एवो जीव क्षायिक सम्यक्त्वने पाम्यो छतो पण तथा सावद्यव्यापारोनी विरति (त्याग) ने मोक्ष आपनारी जाणतो छतो पण, अप्रत्याख्यानावरण नामना कषायना उदयरूप विघ्नथी (अथवा उदयथी विघ्न वाळो) ते जीव लेशमात्र पण विरति (देशविरति) ने अङ्गीकार करवा के पाळवाने समर्थ थइ शकतो ज नथी ॥५८–५९–६०॥ **ए प्रमाणे चोथुं अविरतसम्यग्दृष्टि गुणस्थान कह्युं.** ॥४॥ स्थूळ (मोटा मोटा) सावद्य व्यापारनो त्याग करवाथी जे जीव देशविरति अङ्गीकार करे ते जीव देशविरत कहेवाय, अने तेनुं गुण-

१ अहीं जाणवुं आदरवुं अने पाळवुं ए त्रण पदोनो अष्टभङ्गी थाय छे.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | न जाणे | न आदरे | न पाळे | ५ | जाणे | न आदरे | न पाळे |
| २ | न जाणे | न आदरे | पाळे | ६ | जाणे | न आदरे | पाळे |
| ३ | न जाणे | आदरे | न पाळे | ७ | जाणे | आदरे | न पाळे |
| ४ | न जाणे | आदरे | पाळे | ८ | जाणे | आदरे | पाळे |

तेमांना प्रथमना चार भांगामां ज्ञाननो अभाव होवाथी मिथ्यादृष्टिना ते चार भांगा छे. आठमो भांगो विरतियुक्त जीवोनो छे. अने शेष त्रण भांगा अविरत सम्यग्दृष्टिना छे आठ भांगाओना स्वरूप तथा दृष्टान्तने जणावनारी त्रण गाथाओ नीचे प्रमाणे छे. "नो जाणइ नो आदरइ नो पालइ जिणधम्मु। निपईहि अट्ठभंगा सेसा दिट्ठंतया नेया ॥१॥ सम्मं न याण (समत्तजण १ तव २ लिंगधारया३अगीयत्थ४संविग्गपाया५ । पंचुत्तर सुरद६संविग्गपक्खिणो७ अट्टमेसु जई८ ॥ २ ॥ पढमा मिच्छद्दिट्ठी चउरो संसारभमणहेउत्ति । इयरा सम्मदिट्ठी अरिहा निव्वाणगमणस्स ॥ ३ ॥"

स्थान पण तेज (देशविरत गुणस्थान) कहेवाय छे. ॥ ६१ ॥ मते मातृधन्या-

१ गुणस्थानकमां जेम जेम जीव उंचो आवतो जाय तेम तेम पूर्व पूर्व गुणस्थानकमां प्रगट थयेल गुणो उपरांत विशुद्धिनी अधिकताने लइने अधिकाधिक गुणो प्रगट थतां जाय छे तेथीज देशविरतगुणस्थानकमां चोथा अविरतसम्यग्दृष्टि गुणस्थाने "उत्पन्न थयेल" सम्यक्त्वगुण उपरांत स्वशक्ति प्रमाणे विरति गुण उत्पन्न थाय छे. आ देशविरत गुणस्थान जघन्यमां एकव्रतथी मांडीने उत्कृष्टमां अनुमति मात्रसुधी जाणवुं. कह्युं छे के— "[illegible]णमहिओ गिण्हंतो विरइमप्पमत्तीए । एगव्वयाइ चरिमो अणुमइमित्तोत्ति देसजई ॥१॥" एक पण कोइ व्रतनुं पच्चक्खाण करे ते एकव्रत ते "जघन्यदेशविरत" १, तेथी उपरांत उत्कृष्टथी न्यून ते "मध्यमदेशविरत" २. अने संपूर्ण बारव्रतधारी सर्वसावद्यनुं पच्चक्खाण कर्युं होय पण अनुमतिमात्र सेवतो होय ते "उत्कृष्टदेशविरत" ३. अहीं अनुमतिना त्रण भेदो छे १ प्रतिसेवनानुमति २ प्रतिश्रवणानुमति ३ संवासानुमति. १ प्रतिसेवनानुमति–पोते अथवा बीजाओए करेला पापनी प्रशंसा करे अथवा सावद्यारंभथी बनेला आहार विगेरे वापरे ते. २ प्रतिश्रवणानुमति—पुत्रादिए करेला पापने श्रवण करे सांभळीने अनुमोदे पण निषेध न करे ते ३ संवासानुमति—सावद्यारंभमां प्रवर्तेला पुत्रादिमां केवल ममत्व मात्र युक्त होय बीजुं कांइ पण तेमनां पापनुं सांभळवुं के वखाणवुं के अनुमोदवुं न होय ते. आ त्रणमां पण मात्र संवासानुमति होय पण प्रतिसेवनानुमति के प्रतिश्रवणानुमति पण न करे त्यारे उत्कृष्ट देशविरत कहेवाय. अने ते सर्वश्रावकोमां गुणोथी उत्तम जाणवो. देशविरतिगुणस्थानमां अविरतसम्यग्दृष्टिनी अपेक्षाए अनन्तगुणविशुद्धि होय छे आ गुणस्थानकना असंख्यात विशुद्धस्थानको छे. देशविरति तथा सर्वविरतिनी प्राप्ति माटे यथाप्रवृत्तकरण तथा अपूर्वकरण एम बे करणो करवा पडे छे, पण सम्यक्त्वप्राप्तिनी जेम त्रीजुं अनिवृत्तिकरण होतुं नथी तेमां अविरतसम्यग्दृष्टि छतो बे करण करे तो कोइक जीव देशविरति पामे. अने कोइक विशुद्धिनी अधिकताथी सर्वविरति पामे छे, अने जो देशविरत छतो बेकरण करे तो सर्वविरति पामे देशविरति अने सर्वविरति पाम्या पछी अन्तर्मुहूर्तकाल सुधी अवश्य प्रवर्धमान परिणाम वाळा जीव होय छे. अने तेथीज देशविरति के सर्वविरति पाम्या बाद उदयावळिकानी उपरनी अन्तर्मुहूर्तसुधी दरेकसमये दळियानी रचनानी अपेक्षाए असंख्यातगुणवृद्धिवाळी गुणश्रेणि रचना करे छे. अने अन्तर्मुहूर्त बाद कोइक विशुद्धाध्यवसायवाळो आत्मा वर्धमानपरिणामी होय, कोइक अविशुद्धाध्यवसायवाळो हीयमानपरिणामी, अने कोइक अवस्थितपरिणामी थाय छे वर्धमानपरिणामी होयतो आगळ पण वधती गुणश्रेणि करे, हीयमानपरिणामी हीयमान अने अवस्थितपरिणामी अवस्थित रचना करे, अवस्थित अने हीयमान परिणाममां स्थितिघात–रसघात

पारोनो सर्वथा त्याग करवो ते मोक्षने आपनार छे, एम जाणतां छतां पण ते जीवने ते (सर्व विरति) नो आदर-ग्रहण करवामां प्रत्याख्यानावरण नामना कषायो विघ्नरूप थाय छे. ॥६२॥ ए प्रमाणे पांचमुं देशविरत गुणस्थान कह्युं. ॥५॥ सर्व सावद्य व्यापारोथी विरक्त थयेलो पण जे मुनि कषाय-निद्रा-विकथादि (मद अने विषय ए सर्व मळी पांच) प्रमादोवडे प्रमाद करे छे. ते मुनि प्रमत्त कहेवाय अने तेनुं गुणस्थान ते प्रमत्तसंयत नामनुं [ कहेवाय छे अने ते ] प्रथमनां गुणस्थानोथी विशेष विशुद्धिवाळुं छे ॥ ६३ ६४ ॥ अने आगळ कहेवाशे ते (अप्रमत्तादि) गुणस्थानोथी विशेषहीन विशुद्धिवाळुं छे, एज प्रमाणे बीजां दरेक गुणस्थानोमां पण विशुद्धिनी विशेषता अने हीनता जाणवी. ( प्रथमनी अपेक्षाये अधिक विशुद्धि अने आगळनां गुणस्थाननी अपेक्षाए विशेष हीन विशुद्धि जाणवी ). ॥६५॥ ए प्रमाणे छठ्ठं प्रमत्तसंयत गुणस्थान कह्युं. ॥६॥ निद्रा अने कषायादि ( पांचे ) प्रमाद रहित एवो जे मुनि होय तेने अप्रमत्तसंयत नामनुं

न थाय, अनुपयोगथी परिणामना निमित्त जेओ देशविरतिपरिणामथी पडीने अविरतिपाम्या होय अगर सर्वविरतिपरिणामथी पडीने देशविरति अगर अविरतिने पाम्या होय तेओ करण कर्या शिवायज देशविरति के सर्वविरतिने पामे छे, अने उपयोग सहित पड्या होय अने यावत् उपयोगरहित मिथ्यात्वे गया होय तो जघन्यथी अन्तर्मुहूर्त अने उत्कृष्टथी किंचिन्न्यून अर्धपुद्गलपरावर्त करी ज्यारे देशविरति के सर्वविरति पामवाना होय त्यारे पूर्वोक्त करणो करवापूर्वक ज पामी शके, ज्यांसुधी देशविरति के सर्वविरतिनी पालना करे छे त्यांसुधी समये समये परिणामनी हानि वृद्धिनी तरतमताये गुणश्रेणिनी तरतमता होयछे, वर्धमानपरिणामी होय तेमां पण चतुःस्थानकवृद्धि होयछे. जेथी गुणश्रेणि पण कोइने असंख्येयभागाधिक १, कोइने संख्येयभागाधिक २, कोइने संख्येयगुणाधिक ३, कोइने असंख्येयगुणाधिक ४ होयछे, हीयमानपरिणामीने चतुःस्थानक हानि होवाथी गुणश्रेणि पण चतुःस्थानहानिवाळी होय. अने अवस्थितपरिणामीने अवस्थितज गुणश्रेणि होय छे.

१ देशविरतना उत्कृष्ट विशुद्धिस्थान करतां सर्व विरतनुं सर्वथी जघन्य विशुद्धिस्थान पण अनन्तगुण विशुद्धिवाळुं होय छे कह्युं छे के- " उत्कृष्टदेशविरते. स्थानात्सर्वजघन्यकम् । स्थानं तु सर्वविरतेरनन्तगुणतोऽधिकम् ॥१॥"

२ आ अप्रमत्तगुणस्थानकना क्षणकाळनी अपेक्षाये सामान्यथी असंख्यातलोकाकाश प्रदेशप्रमाण विशोधिस्थानको होयछे. अप्रमत्तसंयतभगवानने विशिष्ट तप अने धर्मध्यानादिना संबंधथी कर्मो खपावता अने अपूर्व अपूर्व विशोधिस्थानकोमां आरोहण करता छता मनःपर्यवज्ञानादि ऋद्धिओ पण प्रकट थाय

गुणस्थान होय ॥६६॥ ए प्रमाणे सातमुं अप्रमत्तसंयत गुणस्थान कह्युं. ॥७॥

स्थितिघातो रसघातो, गुणश्रेणिस्तथा परा । गुणानां संक्रमश्चैव, बन्धो भवति पञ्चमः ॥ ६७ ॥ एषां पञ्चानामपूर्वं, करणं प्रागपेक्षया । भवेद्यस्यासावपूर्वकरणो नाम कीर्त्तितः ॥ ६८ ॥ गरीयस्याः स्थितेर्ज्ञानावरणीयादिकर्मणाम् । योऽपवर्त्तनया घातो, स्थितिघातः स उच्यते ॥ ६९ ॥ कर्मद्रव्यस्थकटुकत्वादिकस्य रसस्य हि । योऽपवर्त्तनया घातो, रसघातः स कीर्त्यते ॥ ७० ॥ एतौ पूर्वगुणस्थानेष्वल्पावेव करोति सः । विशुद्ध्यल्पतयाऽस्मिंस्तु, महान्तौ शुद्धिवृद्धितः ॥७१॥ यत्राग्राश्रित्य दलिकरचनां तां लघीयसीम् । चकार कालतो द्राघीयसीं शुद्ध्यपकर्षतः ॥ ७२ ॥ अस्मिंस्त्वाश्रित्य दलिकरचनां तां प्रथीयसीम् । करोति कालतोऽल्पां तदपूर्वां प्रागपेक्षया ॥ ७३ ॥ तथा बध्यमानशुभप्रकृतिष्वशुभात्मनाम् । तासामबध्यमानानां, दलिकस्य प्रतिक्षणं ॥ ७४ ॥ असंख्यगुणवृद्ध्या यः, क्षेपः स गुणसंक्रमः । तमप्यपूर्वं कुर्वीत, सोऽत्र शुद्धिप्रकर्षतः ॥ ७५ ॥ स्थितिं द्राघीयसीं पूर्वगुणस्थानेषु बद्धवान् । अशुद्धत्वादिह पुनस्तामपूर्वां विशुद्धितः ॥ ७६ ॥ पल्यासंख्येयभागेन, हीनहीनतरां सृजेत् । तद्गुणस्थानमस्य स्यादपूर्वकरणाभिधम् ॥ ७७ ॥ अष्टभिः कुलकं ॥

अर्थ—१ स्थितिघात-२ रसघात-तथा ३ त्रीजी गुणश्रेणि-तथा ४ गुणसंक्रम-अने

---

छे. कह्युं छे के—" जिताक्षा पञ्च तथा विशेषयोऽसङ्ख्येयश्लोकमाधारताः । तत्समयुक्ता या अधितिष्ठन् यतिरप्रमत्तः स्यात् ॥ १ ॥ अवगाहते च स श्रुतजलधिं प्राप्नोति चावधिज्ञानम् । मानसपर्यायं वा ज्ञानं कोष्ठादिबुद्धीर्वा ॥ २ ॥ चारणवैक्रियसर्वौषधितादिकाश्चापि लब्धयस्तस्य । प्रादुर्भवन्ति गुणतो बलानि वा मानसादीनि ॥ ३ ॥" अप्रमत्तसंयतने उपरना लाभो मळे छे.

पांचमो [५]अपूर्वस्थितिबन्ध छे ॥ ६७ ॥ पूर्वेनां गुणस्थानोनी अपेक्षाए अहिं ए पांचेनुं अपूर्व ( प्रथम ) करण जे जीवने होय छे ॥ ६८ ॥ ते अपूर्वकरणना नामथी कहेल छे [अर्थात् तेनुं गुणस्थान पण ते अपूर्वकरण कहेवाय छे.]॥६९॥ त्यां ज्ञानावरणीयादि कर्मनी मोटो स्थितिनो अपवर्त्तना करणवडे जे घात करवो ते स्थितिघात कहेवाय छे, कर्म पुद्गलोमां रहेला कटु इत्यादि [ अशुभ कर्मोमां रहेला लींबडा आदिना रस जेवा विपाकवाळा कटुकरसनो अने शुभ कर्ममां रहेला इक्षु (शेरडी) आदिना रस जेवा विपाकवाळा मधुर) रसनो अपवर्त्तना करणवडे जे घात करवो ते रसघात कहेवाय ॥ ७० ॥ पहेलांना ( १ थी ७ सुधीना ) गुणस्थानोमां विशुद्धिनी अल्पता होवाथी ते स्थाने जीव अल्पज स्थितिघात-रसघात करतो हतो, अने आठमा गुणस्थानमां तो विशुद्धिनी वृद्धि होवाथी घणा प्रमाणमां करे छे. ॥ ७१ ॥ वळी प्रथमनां (१ थी ७) गुणस्थानोमां विशुद्धिनी अल्पता होवाथी दलिकनी अपेक्षाए लघु अने काळनी अपेक्षाए दीर्घ [ गुणश्रेणि ] करतो हतो ॥ ७२ ॥ ते हवे (विशुद्धिनी अधिकता होवाथी आ गुणस्थानमां ( ते गुणश्रेणि ) दलिक रचनाने आश्रयि घणी अने काळनी अपेक्षाए अल्प थाय छे ते हेतुथी पूर्वनी अपेक्षाए अहिं अपूर्व (गुणश्रेणि) थाय छे. ॥७३॥ तथा बन्धाती शुभ प्रकृतियोमां नहिं बन्धाती अशुभ प्रकृतियोनां पुद्गलोनो प्रतिसमय ॥ ७४ ॥ असंख्यगुण असंख्यगुण वृद्धिए जे प्रक्षेप करवो ते गुणसंक्रम,

१-२ स्थितिघात अने रसघात बन्ने व्याघात अपवर्त्तनाथी थाय छे. अने अपवर्त्तना ते स्थिति अने रसनीज होय छे पण प्रकृति अने प्रदेशनी नहि. अने निर्व्याघात अपवर्त्तना तो जीवने हंमेशा चालुज छे. परंतु विशेष स्वरूप कर्मप्रकृतिगत अपवर्त्तना करणथी जाणवुं.

३ " गुणश्रेणि " उदयावलिकाना अथवा उदयावलिका बहारना प्रथम समयथी प्रारंभीने असंख्य समयो सुधी ( अन्तर्मुहूर्त सुधी ) रचनामां अने काळमां क्षिप्रतरकाळमां खपाववा माटे असंख्यगुण असंख्यगुण वृद्धिये दलिको प्रतिसमय प्रक्षेपी उदयमां आणी भोगववा जवुं ते. आ दलिकोनुं ग्रहण स्थितिघात वडे हणाता स्थितिखंडमांथी प्रायः होय छे

४ तात्पर्य ए छे के प्रथमनां ७ गुणस्थानोमां घणे काळे—मोटे अन्तर्मुहूर्ते थोडां कर्मपुद्गलो निर्जरतां हतां अने अहिं अल्पकाळमां—नाना अन्तर्मुहूर्तमां घणां पुद्गलो निर्जरतां जाय छे माटे अहिं अपूर्व गुणश्रेणि कहेवाय.

५ सम्यक्त्वादि गुणप्राप्ति थवाने शुभप्रकृतियोमां परावर्तमान शुभप्रकृतियो बंधाय छे पण परावर्तमान अशुभप्रकृतियो बंधाती नथी माटे ते नहीं

तेने पण जीव अहिं विशुद्धिनी अधिकता होवाथी अपूर्वज करे छे. ॥ ७५ ॥ तथा प्रथमनां गुणस्थानोमां अध्यवसायोनी अशुद्धि होवाथी कर्मनी घणी मोटी स्थिति बांधतो हतो ते हवे आ गुणस्थानमां वळी विशुद्धिनी वृद्धिथी ते स्थितिबन्धने अपूर्व ॥ ७६ ॥ एटले पल्योपमना असंख्यातमा भागवडे न्यून न्यूनतर बांधे छे, ते हेतु ( अपूर्व पांच क्रियाओ करवा ) थी ए जीवनुं जे गुणस्थान ते अपूर्वकरण नामनुं ८ मुं गुणस्थान कहेवाय छे. ॥७७॥ आठ श्लोकनुं कुलक छे.

क्षपकश्चोपशमकश्चेत्यसौ भवति द्विधा । क्षपणोपशमार्हत्वादेवायं प्रोच्यते तथा ॥ ७८ ॥ न यद्यपि क्षपयति, न चोपशमयत्ययम् । तथाप्युक्तस्तथा राज्यार्हः कुमारो यथा नृपः ॥ ७९ ॥ अन्तर्मुहूर्त्तमानाया, अपूर्वकरणस्थितेः । आद्य एव क्षण एतद्गुणस्थानं प्रपन्नकान् ॥८०॥ त्रैकालिकाङ्गिनोऽपेक्ष्य, जघन्यादीन्यसंख्यशः । स्थानान्यध्यवसायस्योत्कृष्टान्तानि भवन्ति हि ॥ ८१ ॥ असंख्यलोकाकाशांशमितानि स्युरमूनि च । ततोऽधिकाधिकानि स्युर्द्वितीयादिक्षणेषु तु ॥ ८२ ॥ आद्ये क्षणे यज्जघन्यं, ततोऽनन्तगुणोज्ज्वलम् । भवेदाद्यक्षणोत्कृष्टं, ततोऽनन्तगुणाधिकम् ॥ ८३ ॥ क्षणे द्वितीये जघन्यमेवमन्त्यक्षणावधि । मिथः षट्स्थानपतितान्येकक्षणभवानि तु ॥ ८४ ॥


बंधाती परावर्तमान अशुभप्रकृतियोमां पुद्गलो बंधाती सर्व शुभप्रकृतियोमां प्रथम समये जेटलां पडे तेथी बीजे समये असंख्यगुण तेथी पण त्रीजे समये असंख्यगुण एम प्रतिसमय वधतो असंख्यगुणताए संक्रमे ते 'गुणसंक्रम'.

१ कर्मनी अधिकस्थिति संक्लिष्टाध्यावसायोथी बंधाती होवाथी अधिकस्थिति अशुभ मनाय छे. अहिं सातमे गुणस्थाने प्रत्येककर्मनी जे अंतःकोडाकोडी सागरोपम प्रमाण स्थिति बंधाती हती ते हवे अपूर्वकरण गुणस्थानना पहेले अन्तर्मुहूर्ते पल्योपमासंख्यतम भागहीन, बीजे अन्तर्मुहूर्ते तेथी पण पल्योपमासंख्यतम भागहीन, ए प्रमाणे प्रति अन्तर्मुहूर्ते पल्योपमासंख्यतम भागहीन बंधातो होवाथी " अपूर्वस्थितिबंध अथवा अभिनवस्थितिबंध' कहेवाय छे

समकालं प्रपन्नानां, गुणस्थानमिदं खलु । बहूनां भव्यजीवानां, वर्त्तते यत्परस्परम् ॥ ८५ ॥ उक्तरूपाध्यवसायस्थानव्यावृत्तिलक्षणा । निवृत्तिस्तन्निवृत्त्याख्यमप्येतत्कीर्त्यते बुधैः ॥ ८६ ॥ इत्यष्टमं ॥ ८ ॥ (आठमा गुणस्थाननो भेदविचार)

अर्थ—आ अपूर्वकरण क्षपकापूर्वकरण अने उपशमकापूर्वकरण एम बे प्रकारना अपूर्वकरण छे; त्यां मोहनीय कर्मनो क्षय अने उपशमने योग्य होवाथी तें तेवा प्रकारना कहेवाय छे [ अर्थात् मोहनीयना क्षय करनारनी अपेक्षाये क्षपकापूर्वकरण, अने उपशम करनारनी अपेक्षाए उपशमकापूर्वकरण.] ॥ ७८॥ आ गुणस्थानवर्ति जीव कोइ पण कर्मने क्षय करतो नथी तेम उपशमावतो पण नथी, तोपण आगळ राज्य पामनाने लायक एवो राजकुमार जेम प्रथमथीज राजा कहेवाय तेम अहिं पण ते प्रमाणे ( क्षपक अने उपशमक शब्दथी ) कहेल छे ॥ ७९ अन्तर्मुहूर्त प्रमाणवाळी अपूर्वकरणनी स्थितिना पहेले समयेज आ गुणस्थान पामनारा त्रणे काळना जीवोनी अपेक्षाए जघन्यथी मांडीने उत्कृष्ट सुधीनां अध्यवसायना असंख्य स्थानो होय छे. ॥ ८०—८१ ॥ अने ते सर्व मळी असंख्य

१ आ अपूर्वकरणगुणस्थानना प्रथमसमयवर्ति भूतकालना प्रतिपन्नजीवो, वर्तमानकालना प्रतिपद्यमान जीवो अने भविष्यकालना प्रतिपत्स्यमान जीवो ए प्रमाणे प्रथमसमयवर्ति त्रणे कालना जीवोना जघन्यथी मांडी उत्कृष्टसुधीना अध्यवसायस्थानो त्रैकालिक जीवोनी तरतमताये असंख्यातलोकाकाशप्रदेशप्रमाण जाणवा. केवलिभगवंते ते ज प्रमाणे देखेल होवाथी तेथी ओछा के वधारे होय नहि. शंका—भूत—भविष्यकालनी अपेक्षाये आ गुणस्थान पामेला अने पामशे ते जीवो तो अनन्ता छे, तो अध्यवसायस्थानो अनन्ता केम न थाय ? उत्तर—एक सरखा अध्यवसायस्थानमां अनेक जीवोनुं वर्तवापणुं होवाथी अध्यवसायस्थानोनी संख्या पूर्वे कहेली ज होय छे वळी बीजे समये ते जीवोना तेनाथी जुदा अने संख्यामां वधारे अध्यवसायस्थानो होय छे, त्रीजे समये तेनाथी जुदा अने संख्यामां पण तेनाथी वधारे. चोथे समये पण तेज प्रमाणे, एज प्रमाणे अन्तर्मुहूर्तस्थितिक आठमा गुणस्थानना यावत् चरमसमय सुधी कहेवा असं सर्वअध्यवसायोनी प्रतिसमयनी स्थापनाकरता विषमचतुरस्रक्षेत्र थाय छे शंका—प्रथमसमयनां अध्यवसायस्थानो करता बीजासमयना बीजाकरता त्रीजासमयना त्रीजाकरता चोथासमयना एम यावत् उपान्त्यसमयकरता चरमसमय




ना ए प्रमाणे दरेकसमयना अध्यवसायस्थानोमां वधारो थवामां कारण शुं ? उत्तर— स्वभाव

लोकाकाशना आकाशप्रदेश जेटलां छे, अने बीजा त्रीजादि समयोमां तेथी पण अधिक अधिक अध्यवसाय स्थानो होय छे. ॥८२॥ तेमां पण एक जीवने प्रथम समये जे जघन्य अध्यवसायस्थान छे, तेज समये बीजा कोइ जीवने तेथी पण अनंतगुण अधिक निर्मळ उत्कृष्ट अध्यवसायस्थान ( प्रथम समय संबंधि उत्कृष्ट अध्यवसाय स्थान) होय. वली तेनाथी पण अनंतगुण निर्मळ बीजे समये जघन्य अध्यवसायस्थान होय छे, एज प्रमाणे (अनन्तगुण विशुद्धिनुं स्वरूप) अन्त्य समय (आठमा अपूकरण गुणस्थानना चरमसमयना उत्कृष्ट अध्यवसायस्थान ) सुधी जाणवुं. वळी प्रत्येक समयनां अध्यवसायस्थानो परस्पर छ स्थान पतित होय छे ॥ ८२–८३–८४ ॥ वळी निश्चयथी आ गुणस्थानने समकाळे अंगीकार करेला—(पामेला) घणा भव्य जीवोने पूर्वे कहेला स्वरूपवाळा अध्यवसाय स्थानोनी व्यावृत्ति (परस्पर फेरफारी) रूप निवृत्ति जे कारणथी परस्पर वर्ते छे, ते कारणथी पंडितोए आने निवृत्ति नामनुं पण गुणस्थान कह्युं छे, ॥ ८५–८६ ॥ ए प्रमाणे आठमुं अपूर्वकरण अथवा निवृत्ति नामनुं गुणस्थान कह्युं ॥ ८ ॥

तथा ॥ परस्पराध्यवसायस्थानव्यावृत्तिलक्षणा । निवृत्तिर्यस्य नास्त्येषोऽनिवृत्त्याख्योऽसुमान् भवेत् ॥ ८७ ॥ तथा किट्टीकृतसूक्ष्मसंपरायव्यपेक्षया । स्थूलो यस्यास्त्यसौ स स्याद्बादरसंपरायकः ॥ ८८ ॥ ततः पदद्वयस्यास्य, विहिते कर्मधारये । स्यात्सोऽनिवृत्तिबादरसंपरायाभिधस्ततः ॥ ८९ ॥ तस्यानिवृत्तिबादरसंपरायस्य कीर्तितम् । गुणस्थानमनिवृत्तिबादरसंपरायकम् ॥ ९० ॥ अन्तर्मुहूर्त्तमानस्य, यावन्तोऽस्य क्षणाः खलु ।

विशेषज तेमां कारण छे के—आ गुणस्थानपामनार जीवो दरेक समये विशुद्धिप्रकर्षने पामता छता स्वभावथीज उपर उपर चढता जाय तेम घणा अने जुदा जुदा अध्यवसायस्थानोमां वर्ते छे.

१ प्रतिसमयवर्ति जघन्य अध्यवसायस्थानथी उत्कृष्टाध्यवसायस्थानसुधीना सर्व परस्पर षट्स्थानपतित होयछे, केटलाक अध्यवसायस्थानो अनन्तभागवृद्धिविशुद्धिवाळा होयछे १ केटलाक असंख्यातभागवृद्धिविशुद्धिवाळा होय २, केटलाक संख्यातभागवृद्ध ३, केटलाक संख्यातगुणवृद्ध ४, केटलाक असंख्यातगुणवृद्ध ५, अने केटलाक अध्यवसायस्थानो अनन्तगुणवृद्धविशुद्धिवाळा होय छे ६

**तावन्त्येवाध्यवसायस्थानान्याहुर्जिनेश्वराः ॥ ९१ ॥ अस्मिन् यदेकसमये, प्राप्तानां भूयसामपि । एकमेवाध्यवसायस्थानकं कीर्त्तितं जिनैः ॥ ९२ ॥ अनन्तगुणशुद्धं च, प्रतिक्षणं यथोत्तरम् । स्थानमध्यवसायस्य, गुणस्थानेऽत्र कीर्त्तितम् ॥ ९३ ॥ क्षपकश्चोपशमकश्चेत्यसौ भवति द्विधा । क्षपयेद्वोपशमयेद्वाऽसौ यन्मोहनीयकम् ॥ ९४ ॥ इति नवमं ९ ॥ सूक्ष्मः कीट्टीकृतो लोभकषायोदयलक्षणः । संपरायो यस्य सूक्ष्मसंपरायः स उच्यते ॥ ९५ ॥ क्षपकश्चोपशमकश्चेति स्यात्सोऽपि हि द्विधा । गुणस्थानं तस्य सूक्ष्मसंपरायाभिधं स्मृतम् ॥ ९६ ॥ इति दशमं १० ।**

अर्थ—तथा [एकज समयमां] अध्यवसायस्थानोनी व्यावृत्ति (फेरफारी) रूप निवृत्ति[1] जे जीवने नथी ते जीव **अनिवृत्ति** ( गुण नाम वाळो ) कहेवाय छे । तथा किट्टिरूप करेला सूक्ष्मकषायनी अपेक्षाए जेमे स्थूळ ( बादर ) कषाय वर्ते छे ते **बादरसंपराय** जीव कहेवाय छे ते पछी ( अनिवृत्ति अने बादरसंपराय ) ए बन्ने पदनो कर्मधारय समास करतां ते जीव **अनिवृत्ति बादरसंपराय** नामवाळो कहेवाय छे, अने तेथी, ते अनिवृत्ति बादरसंपरायी जीवनुं गुणस्थान पण **अनिवृत्ति बादरसंपराय** नामनुं कहेलुं छे ॥ ८७–९० ॥ निश्चये अन्तर्मुहूर्त प्रमाणवाळा आ गुण ( गुणस्थान ) ना जेटला समय छे, तेटलांज अध्यवसायस्थानो जिनेश्वरे कहेलां छे. ॥ ९१ ॥ कारण के आ गुणस्थानमां एकज समये आवेला घणा जीवोनुं पण एक ( सरखुं)ज अध्यवसायस्थान जिनेश्वरोए कह्युं छे ॥९२॥ अने ( त्यारबाद ) प्रतिसमय अनुक्रमे आ गुणस्थानमां अनंतगुणविशुद्ध अध्यवसाय स्थान कहेला छे ॥९३॥ आ गुणस्थानवाळा जीव पण क्षपक अने उपशमक एम बे प्रकारनां छे, कारण के आ गुणस्थानवाळो जीव मोहनीय कर्मने ( क्षपक होय तो ) क्षय करे छे अथवा तो [ उपशमक होय तो ] उपशमावे छे ॥ ९४ ॥

१ "निवृत्ति" एटले व्यावृत्ति, अर्थात् अध्यवसाय स्थानोनी एकज समयमां अनेक जातनी फेरफारी, कारणके अपूर्वकरणना प्रथम समये वर्तता अनेक जीवोना पण अध्यवसाय जुदा जुदा होय ( अने ९ मा गुणस्थानना प्रथम समयमां वर्तता अनेक जीवोना अध्यवसाय सर्वना एकसरखाज होय ).

ए प्रमाणे नवमुं अनिवृत्ति बादर संपराय गुणस्थानक कह्युं ॥९॥ जे जीवने कीट्टीरूप करेलो लोभकषायोदयरूप सूक्ष्मकषाय वर्ते छे ते जीव सूक्ष्मसंपराय कहेवाय छे। आ जीव पण क्षपक अने उपशमक एम बे प्रकारनो छे अने तेनुं जे गुणस्थान ते सूक्ष्म संपराय नामनुं कहेलुं छे ॥ ९५–९६ ॥ ए प्रमाणे दशमुं सूक्ष्मसंपराय गुणस्थान कह्युं ॥ १० ॥

येनोपशमिता विद्यमाना अपि कषायकाः। नीता विपाकप्रदेशोदयादीनामयोग्यताम् ॥ ९७ ॥ उपशान्तकषायस्य, वीतरागस्य तस्य यत्। छद्मस्थस्य गुणस्थानं, तदाख्यातं तदाख्यया ॥ ९८ ॥ असौ ह्युपशमश्रेण्यारम्भेऽनन्तानुबन्धिनः। कषायान् प्रागविरतो, देशेन विरतोऽथवा ॥ ९९ ॥ प्रमत्तो वाऽप्रमत्तः सन्, शमयित्वा ततः परम्। दर्शनमोहत्रितयं, शमयेदथ शुद्धधीः ॥१२००॥ कर्मग्रन्थावचूरौ तु इहोपशमश्रेणिकृदप्रमत्तयतिरेव,केचिदाचार्या अविरतदेशविरतप्रमत्ताप्रमत्तयतीनामन्यतम इत्याहुरिति दृश्यते।(सा०२२७)श्रयन्त्युपशमश्रेणिमाद्यं संहननत्रयम्। दधाना नार्धनाराचादिके संहननत्रये ॥१॥तथोक्तं—"उपशमश्रेणिस्तु प्रथमसंहननत्रयेणारुह्यते"इति कर्मस्तववृत्तौ। (सा०२२८) परिवृत्तिशतान् कृत्वाऽसौ प्रमत्ताप्रमत्तयोः। गत्वा चापूर्वकरणगुणस्थानं ततः परम् ॥२॥ क्लीबस्त्रीवेदौ हास्यादिषट्कं पुंवेदमप्यथ। क्रमादप्रत्याख्यानाप्रत्याख्यानसंज्वलनाः क्रुधः ॥ ३ ॥ तथैव त्रिविधं मानं, मायां च त्रिविधां तथा। द्वितीयतृतीयौ लोभौ, विंशतिं प्रकृतीरिमाः ॥ ४ ॥ शमयित्वा गुणस्थाने, नवमे दशमे ततः। शमी संज्वलनं लोभं, शमयत्यतिदुर्जयम् ॥ ५ ॥ उपशमश्रेणिस्थापना ॥ एकं क्षणं जघन्येनोत्कर्षेणान्तर्मुहूर्तकम्। उपशान्तकषायः स्याद्दूर्ध्वं च निय-

मात्ततः ॥ ६ ॥ अद्धाक्षयाद्भवान्ताद्वा, पतत्यद्धाक्षयात्पुनः । पतन् पश्चानुपूर्व्याऽसौ, याति यावत्प्रमत्तकम् ॥ ७ ॥ गुणस्थानद्वयं याति, कश्चित्ततोऽप्यधस्तनम् । कश्चित्सासादनभावं प्राप्य मिथ्यात्वमप्यहो ॥८॥ पतितश्च भवे नास्मिन्, सिद्ध्येदुत्कर्षतो वसेत् । देशोनपुद्गलपरावर्त्तार्द्धं कोऽपि संसृतौ ॥९॥ तथोक्तं महाभाष्ये ॥ "जइ उवसंतकसाओ, लहइ अणंतं पुणोवि पडिवायं । न हु भे वीससियव्वं, थोवे वि कसायसेसंमि ॥१॥[विशे० भाष्य गाथा १३०९](यदि उपशान्तकषायः लभते अनन्तं पुनरपि प्रतिपातं । नैव भवता विश्वसितव्यं, स्तोकेऽपि कषायशेषे ॥१॥) ( सा० २२९ ) भवक्षयाद्यः पतति, आद्य एव क्षणे स तु । सर्वाण्यपि बन्धनादिकरणानि प्रवर्त्तयेत् ॥१०॥ बद्धायुरायुःक्षयतो, म्रियते श्रेणिगो यदि । अनुत्तरसुरेष्वेष, नियमेन तदोद्भवेत् ॥११॥ तथोक्तं भाष्यवृत्तौ ॥ "यदि बद्धायुरुपशमश्रेणिं प्रतिपन्नः श्रेणिमध्यगतगुणस्थानवर्त्ती वा उपशान्तमोहो वा भूत्वा कालं करोति तदा नियमेनानुत्तरसुरेष्वेवोत्पद्यते" इति ( सा० २३० ) । गुणस्थानस्यास्य प्रोक्ता, स्थितिरेकं क्षणं लघुः । अनुत्तरेषु व्रजतः, सा ज्ञेया जीवितक्षयात् ॥१२॥ कुर्यादुपशमश्रेणिमुत्कर्षादेकजन्मनि । द्वौ वारौ चतुरो वारांश्चाङ्गी संसारमावसन् ॥ १३ ॥ श्रेणिरेकैवैकभवे, भवेत्सिद्धान्तिनां मते । क्षपकोपशमश्रेण्योः, कर्मग्रन्थमते पुनः ॥ १४ ॥ कृतैकोपशमश्रेणिः, क्षपकश्रेणिमाश्रयेत् । भवे तत्र द्विःकृतोपशमश्रेणिस्तु नैव ताम् ॥१५॥ इति कर्मग्रन्थलघुवृत्तौ (सा० २३१) । इत्येकादशं ११ ॥

१ श्रेणिप्रतिपतितस्य तु कालकरणेऽनियमः, नानामतित्वेन नानाध्यानगस्थानादिति [ पाठ वृत्तिः ] विशेषावश्यकभाष्यगत १३०४ गाथा वृत्तौ.

अर्थ–जे जीवे विद्यमान (सत्तामां रहेला) कषायोने पण उपशमाव्या छे, अने ( ते कषायो ) विपाकोदय तथा प्रदेशोदयने अयोग्य कर्या छे। एवा ते उपशान्तकषायी वीतराग छद्मस्थ जीवनुं गुणस्थान ते ते नामवडे ( उपशान्तकषायवीतरागछद्मस्थ ए नामे) कहेलुं छे. ॥९७–९८॥ आ जीव निश्चये उपशमश्रेणिना प्रारम्भमां अनन्तानुबन्धि कषायोने शीघ्र अविरत सम्यग्दृष्टि अथवा देश-

१ उपशमश्रेणिनो प्रारम्भक जीव सिद्धान्तानुयायिना अभिप्राये अप्रमत्तसंयत अने कार्मग्रन्थिकोना अभिप्राये चोथा पांचमा छठा सातमा ए चार गुणस्थानो पैकीना कोइपण गुणस्थानके वर्ततो होय अने ते अनन्तानुबन्धिने उपशमावीने सर्वविरत भावमांज दर्शनमोहनीयत्रिकने उपशमावे, हवे अहीं अनन्तानुबन्धिनो उपशमनानो प्रकार कहीये छीये.–अविरत सम्यग्दृष्टि, देशविरत, प्रमत्तसंयत के अप्रमत्तसंयत ए चार पैकीनो कोइपण, मनोयोग वचनयोग अने काययोग पैकीना कोइपण योगमां प्रवर्ततो, अवश्य विशुद्ध पत्री तेजोलेश्या, पद्मलेश्या के शुक्ललेश्या पैकीनी लेश्यायुक्त, साकारोपयोगमा उपयोगवाळो, अन्तःसागरोपम कोडाकोडीनी स्थिति सत्तावाळो परावर्तमान शुभप्रकृतिओने बांधतो प्रतिसमय अशुभकर्मोना अनुभागने अनन्तगुणहानिये हीन करतो अने शुभ कर्मोना अनुभागने अनन्तगुणवृद्धिये वधारतो, एक स्थितिबन्ध पूर्ण थये बीजो नवो स्थितिबन्ध पल्योपमसंख्येय भागहीन करतो अने तेज प्रमाणे आगळ आगळ हीन हीन स्थितिबन्ध करतो, करणो करवाना काळथी पहेला पण अन्तर्मुहूर्त सुधी निर्मल थती चित्तसन्ततिवाळो वर्ते छे, अने ते प्रमाणे निर्मलचित्तसन्ततिमां अन्तर्मुहूर्त काल रहीने अन्तर्मुहूर्त काळ प्रमाणवाळा यथाप्रवृत्त १, अपूर्व २, अने अनिवृत्ति ३ एम त्रण करणो करे छे, अने चोथी उपशान्ताद्धा होय छे, तेमां प्रथम यथाप्रवृत्तकरणमां प्रवेश करतो दरेक समये अनन्तगुण विशुद्धिये प्रवेश करे छे, अन्तर्मुहूर्तप्रमाण यथाप्रवृत्तकरणकाळमां त्रिकालवर्ति अनेकजीवोनी अपेक्षाये दरेक समये असंख्येय लोकाकाशप्रदेशप्रमाण विशुद्धिस्थानको होय छे, प्रतिसमयवर्ति ते अध्यवसायस्थानको विशुद्धिमां षट्स्थान पतित कह्या छे, तेमां पहेले समये जे सर्व जघन्यविशुद्धि ते सर्वथी स्तोक जाणवी, तेथी बीजा समयनी जघन्यविशुद्धि अनन्तगुणाधिक तेथी पण त्रीजा समयनी जघन्यविशुद्धि अनन्तगुणाधिक ए प्रमाणे यावत

यथाप्रवृत्तकरणना संख्येयभाग सुधी जवुं त्यारबाद ते संख्येयभागमां आवेल चरमसमयनी जघन्यविशुद्धि करता प्रथम समयनी उत्कृष्टविशुद्धि अनन्तगुणाधिक, तेना करता प्रथम जे जघन्यविशुद्धिस्थानके अटक्यो छे, तेनाथी उपरनुं जघन्यविशुद्धिस्थानक अनन्तगुणाधिक, तेना करता बीजा समयनुं उत्कृष्टविशुद्धिस्थानक अनन्तगुणाधिक, तेनाथी उपरनु जघन्यविशुद्धिस्थानक अनन्तगुणाधिक, तेनाथी त्रीजा समयनुं उत्कृष्टविशुद्धिस्थान अनन्तगुणाधिक, एम प्रमाणे ( उपर बताव्या क्रम प्रमाणे ) जघन्य अने उत्कृष्टस्थानकोने न मुकता अनन्तगुणवृद्धि श्रेणिये यावत् यथाप्रवृत्तकरणना चरमसमयनुं सर्वान्तिम ( सर्वथी छेवटना ) जघन्यविशुद्धिस्थान सुधी जाणवुं. त्यारबाद बाकीना सर्व उत्कृष्टस्थानको अनन्तगुणवृद्धिये जाणवा यावत् यथाप्रवृत्तकरणना उपान्त्यसमयना उत्कृष्ट विशुद्धिस्थान करतां चरमसमयनु सर्वोत्कृष्ट विशुद्धिस्थान अनन्तगुणवृद्ध होय छे. आ यथाप्रवृत्तकरणमां स्थितिघातादिने योग्य विशुद्धिनो अभाव होवाथी, स्थितिघात–रसघात–गुणश्रेणि अने गुणसंक्रमण करतो नथी. आ प्रमाणे प्रथम यथाप्रवृत्तकरणनुं स्वरूप जाणवुं.

हवे बीजुं अपूर्वकरण बतावाय छे. आ अपूर्वकरणना पण दरेक समये असंख्येय लोकाकाशप्रदेश प्रमाण विशुद्धिस्थानको छे. अने ते पण दरेक समये परस्पर षट्स्थानकपतित होय छे, अपूर्वकरणना प्रथमसमये जघन्यविशुद्धि सर्वथी स्तोक छे, ते पण यथाप्रवृत्तकरणना चरमसमयनी उत्कृष्टविशुद्धिस्थान करता अनन्तगुण होय छे, तेना करता पण प्रथमसमयनीज उत्कृष्टविशुद्धि अनन्तगुणाधिक होय छे, तेनाथी बीजा समयनी जघन्यविशुद्धि अनन्तगुणाधिक, तेथी बीजा समयनीज उत्कृष्टविशुद्धि अनन्तगुणाधिक ए प्रमाणे पूर्वसमयनी उत्कृष्टविशुद्धि करता आगळना समयनी जघन्य अने ते करता तेज समयनी उत्कृष्ट एवी अनन्तगुणवृद्धिवाळी श्रेणिये त्यां सुधी जाणवुं यावत् अपूर्वकरणना चरमसमयनी जघन्यविशुद्धि उपान्त्य समयनी उत्कृष्ट विशुद्धि करता अनन्तगुणाधिक अने तेना करता तेज चरमसमयनी उत्कृष्टविशुद्धि अनन्तगुणाधिक जाणवी.आ अपूर्वकरणमां प्रवेश करतो समकालेज स्थितिघात–रसघात–गुणश्रेणि गुणसंक्रम अने अपूर्व स्थितिबन्ध ए पांचे पदार्थो आरम्भ करे छे.

(१) स्थितिघात—स्थितिसत्कर्म (सत्तागतकर्म)ना आगळना भागथी जघन्यथी पल्योपमना संख्येयभागप्रमाण अने उत्कृष्टथी सागरोपम शतपृथक्त्व

प्रमाण स्थितिने नाश करे अने ते दलिकने नीचेनी जे स्थिति खण्डित नहि करे तेमां प्रक्षेप करे. अन्तर्मुहूर्तकाले ते दलियुं खण्डाय छे, ते पछी वळी तेनाथी नीचेना उपर बतावेल क्रमथी पल्यासंख्येयभाग प्रमाण स्थिति खण्डने उकेले अने दलिकने प्रक्षेप करे. ए प्रमाणे अपूर्वकरणना कालमां अनेक हजारो स्थितिखण्डो थाय छे. ते अपूर्वकरणना प्रथमसमये जे स्थितिकर्म हतुं ते चरमसमये संख्येयगुणहीन थयुं. आ प्रमाणे स्थितिघातनुं स्वरूप जाणवुं.


[२] रसघात—अशुभप्रकृतिओनुं जे अनुभागसत्कर्म रह्युं छे. तेना एक अनन्तमा भागने मुकीने बाकीना विभागोना अनन्ता अनुभाग भागोने दरेक समये विनाश करतो अन्तर्मुहूर्तकाले सम्पूर्ण विनाश करे ते पछी वळी प्रथम मूकेला अनन्तमाभागनो एक अनन्तमो भाग मूकी बाकीना विभागने पूर्वे कहेला विधि प्रमाणे अन्तर्मुहूर्तकाले सम्पूर्ण विनाश करे, ए प्रमाणे एक स्थितिखण्डना उत्किरणकाले हजारो अनुभागखण्डो व्यतीत थाय छे. हजारो स्थितिखण्डोये अपूर्वकरणनी परिसमाप्ति थाय छे. आ प्रमाणे रसघा-तनुं स्वरूप जाणवुं.

(३) गुणश्रेणि—कालप्रमाणथी अपूर्वकरण अने अनिवृत्तिकरणना कालथी विशेषाधिक करे छे, तेमां अन्तर्मुहूर्तप्रमाणवाळी स्थितिथी उपरवर्तनीस्थि सम्बन्धि दलीयुं लइने उदयावलिकाथी ऊपर वर्तती अन्तर्मुहूर्त प्रमाण स्थिति-ओमां निक्षेप करे [ जे स्थितिनो घात थयेलो छे. तेमांथी दलीयुं लइने अ-नन्तानुबन्धिनो उदय न होवाथी उदयावलिका छोडीने प्रतिसमय असंख्यातगुण-वृद्धिये रचना करवी, जो प्रकृतिनो उदय होय तो उदयावलिकाना प्रथम समयथी असंख्यातगुणी रचना थाय छे, इति विशेषः ] प्रथमसमयनुं ग्रहण करेलुं दली-युं जे निक्षेप कराय छे, ते थोडुं नखाय छे. बीजे समये तेथी असंख्येयगुण, त्रीजे समये तेथी असंख्येयगुण. ए प्रमाणे यावत् गुणश्रेणिरचनानो चरमसमय आवे. बीजे समये पण अन्तर्मुहूर्तथी उपरनी स्थितिमांथी जे दलियुं ग्रहण क-रायछे ते प्रथमसमयगृहीत दलिया करतां असंख्येयगुण जाणवुं. अने तेनो पण पूर्वनी माफक निक्षेप जाणवो, एज प्रमाणे त्रीजा विगेरे समयोमां पण ग्रहण अने निक्षेपो जाणवा, आ प्रमाणे गुणश्रेणिनुं स्वरूप जाणवुं.

(४) गुणसंक्रम—अपूर्वकरणना प्रथमसमये अनन्तानुबन्धिकषाय सम्बन्धि जे दलीयुं परप्रकृतिमां संक्रमावे ते स्तोक छे, तेथी बीजे समये संक्रमण करातुं

असंख्यातगुणुं त्रीजे समये तेथी असंख्यातगुणुं ए प्रमाणे यावत् अपूर्वकरणाद्धानो चरमसमय आवे त्यांसुधी असंख्यातगुण असंख्यातगुण कहेवुं आ प्रमाणे गुणसंक्रमनुं स्वरूप जाणवुं,

[५] अपूर्वस्थितिबन्ध--अपूर्वकरणना प्रथमसमये बीजोज स्थितिबन्ध शरुकरेछे स्थितिबन्ध अने स्थितिखण्ड एकसाथे शरुकराय छे अने एकसाथे समाप्त थायछे, आप्रमाणे आ पांचे पदार्थो आ अपूर्वकरणमां एकसाथे आरंभायछे. आ प्रमाणे अपूर्वकरणनुं स्वरूप जाणवुं,

हवे अनिवृत्तिकरणनुं स्वरूप बताबाय छे– आ अनिवृत्तिकरणमां समकालवर्ति सर्वजीवोनुं एकज अध्यवसायस्थान होयछे, एटलेके ! अनिवृत्तिकरणना प्रथमसमयमां जेओ भूतकालमां प्रवेश करीगया वर्तमानमां प्रवेशकरेछे अने अनागतकालमां प्रवेशकरशे, ते सर्व त्रणेकालना प्रथमसमयवर्ति जीवोनु एकरूपज अध्यवसायस्थान होयछे. एज प्रमाणे बीजासमयमां पण जेओ वर्ती गया, वर्ते छे अने वर्तशे तेओ सर्वनु पण एकज सरखुं अध्यवसायस्थान होय छे मात्र प्रथम समयना अध्यवसायस्थाननी विशुद्धिनी अपेक्षाये बीजा समयना अध्यवसायस्थाननी विशुद्धि अनन्तगुण होयछे, एज प्रमाणे यावत् अनिवृत्तिकरणना चरमसमयसुधी तत्तत्समयवर्ति त्रणे कालना सर्वजीवोनु सरखे सरखुं अध्यवसायस्थान होय अने ते पूर्वपूर्व समयना अध्यवसायस्थान करता उत्तरोत्तरसमयनु अध्यवसायस्थान अनन्तगुण अनन्तगुण विशुद्धियाळुं जाणवुं, आज कारणथी एटलेके आ अनिवृत्तिकरणमां प्रवेश करेला समानकालीन सर्वप्राणीओ संबन्धी अध्यवसायस्थानोमां परस्पर निवृत्ति–फेरफार ( तरतमता–न्यूनाधिकपणुं—जघन्योत्कृष्टादिभाव ) नथी माटेज आनु अनिवृत्तिकरण एवुं नाम आपेलुं छे. आ अनिवृत्तिकरणकालना जेटला समयो छे तेटलाज तेना पूर्वपूर्व अध्यवसायस्थान करता अनन्तगुणवृद्ध अध्यवसायस्थानो छे अने तेओनी स्थापना करता मुक्तावलि ( मोतीनी पंक्ति ) ना आकारे स्थापी शकाय छे, 

आ अनिवृत्तिकरणमां पण प्रथमसमयथीज पूर्वे बतावेला स्थितिघातादि पांचे पदार्थो एक साथे आरंभाय छे अनिवृत्तिकरणना कालना संख्येयभागो गया बाद एक भाग बाकी रहेथ छते अनन्तानुबन्धिकषायोनु नीचेथी आवलिका मात्र मूकी अन्तर्मुहूर्त प्रमाण अन्तरकरण अभिनवस्थितिबन्धना कालनी सरखा अन्तर्मुहूर्त प्रमाणकाले करे छे, ते आ प्रमाणे–नीचेथी आवलिका मात्र मुकी उपरनु अन्तर्मुहूर्त प्रमाण स्थितिखंड उकेरे अने उकेरातुं ते दलीयुं बंधाती परप्रकृतिओमां संक्रमावे स्थितिबन्धना कालनी सरखा अन्तर्मुहूर्त अन्तरकरण

 (अवि

विरत अथवा प्रमत्त के अप्रमत्त थयो छतो [अर्थात् ए चारे गुणस्थानमां] उपशमावी (मतान्तरे विसंयोजी ) ने त्यारबाद विशुद्धशुद्धिवाळो एवो ते जीव त्रण दर्शन मोहनीयने उपशमावे ॥१९–१२००॥ कर्मग्रन्थनी अवचूरीमां तो कह्युं छे के– "अहिं उपशमश्रेणि करनारो जीव अप्रमत्तयति ज होय छे, अने केटलाएक आचार्य

समाप्त कराय छे. प्रथमस्थितिनी आवलिकामां रहेलुं दळीयुं वेदाती परप्रकृतिओमां स्तिबुकसंक्रमे संक्रमावे. अने अन्तरकरण कर्ये छते बीजे समये अनन्तानुबन्धिनुं उपरनी स्थितिनुं दळीयुं उपशमावे, ते आ प्रमाणे–प्रथमसमये थोडुं, बीजे समये तेथी असंख्येयगुण, त्रीजे समये तेथी असंख्येयगुण, एम यावत् अन्तर्मुहूर्तकाळे अनन्तानुबन्धिने संपूर्ण उपशमावे, अहीं हवे संपूर्ण अनन्तानुबन्धिकषायो उपशान्त थया. उपशान्त थया पछी जेम रेणु (रेती) नो ढगलो पाणीना बिन्दुओना समूहवडे सींची सींची ढाकडाना घणे घणे ( मुदर अथवा गोळ विगेरे ए) कुटायो (दबायो) छतो करवा रहित थाय छे तेम कर्मरेणुनो ढगलो पण विशुद्धिरूप पाणीना प्रवाहवडे सींची सींची अनिवृत्ति करणरूप घणवडे कुटयो छतो संक्रमण–१, उदय–२, उदीरणा–३, निधत्त–४, निकाचना–५, ए करणोने अयोग्य थाय छे. पछी तेवा उपशान्त करेला कर्ममां आ पांच करणो प्रवर्ती शकता नथी, बीजा आचार्यो कहे छे के–अनन्तानुबन्धिनी उपशमना थती नथी परन्तु विसंयोजनाज थाय छे, विसंयोजना पछी क्षपणा, ते विसंयोजना करनार अविरत सम्यग्दृष्टि होय तो चारे गतिना जीवो पण [उपशमश्रेणि शिवायना प्रसंग ] करे छे, देशविरत होय तो तिर्यंच अने मनुष्यो पण करे छे, अने सर्वविरत होय तो मनुष्यो ज होय छे ते विसंयोजना करवा माटे पूर्वे बतावेला यथाप्रवृत्त–अपूर्व अने अनिवृत्ति ए त्रण करणो करवा पडे छे, मात्र अहीं तफावत एटलोज के अनिवृत्तिकरणमां पेठा छतां अन्तरकरण होतुं नथी, अने तेना अभावथी उपशम पण थतो नथी, अहीं अपूर्वकरणमां अनन्तानुबन्धिनी क्षपणा करवाने प्रवर्तेलो जीव सम्यक्त्वोत्पत्तिनी जेम यथाप्रवृत्त विगेरे त्रण करणो करेछे. विशेषमां अहीं अपूर्वकरणमां प्रथम समयथीज अनन्तानुबन्धिनो गुणसंक्रम पण कहेवो.

गुणसंक्रमविधि—अपूर्वकरणना प्रथमसमये अनन्तानुबन्धिनुं दळीयुं शेषकषायरूप परप्रकृतिमां थोडुं संक्रमावे, बीजे समये तेथी असंख्यातगुण, त्रीजे समये तेथी असंख्यातगुण, ए प्रमाणे अपूर्वकरणना चरमसमयसुधी कहेवुं. आ गुणसंक्रम पण स्थितिनी अपेक्षाये घणा मोटा एवा प्रथमस्थितिखंडनो अने विशेष विशेषहीन एवा बीजा त्रीजा विगेरे स्थितिखंडोनो जे घात करवो ते घातथी उत्पन्नथयेल जे उद्वलना संक्रम तेनाथी अनुविद्ध जाणवो आवा उद्वलनासंक्रमानुविद्ध गुणसंक्रमे करीने अपूर्वकरणमां अनन्तानुबन्धि कषायनो बाकीनी प्रकृतिस्वरूप बनाववाथी नाशकरेछे अने अनिवृत्तिकर-

अविरत–देशविरत–प्रमत्त–ने अप्रमत्त ए चारमांनो कोइपण होय एम कहे छे " प्रथमना (वज्रर्षभनाराच, ऋषभनाराच अने नाराच) त्रण संहननने धारण करता वाळा जीवो उपशमश्रेणि अङ्गीकार करे छे, पण अर्धनाराचादि (कीलिका–छेवट्ठ)

१. अनन्तानु० ४ अने दर्शनमोह० ३ ने उपशमावबी ते दर्शनमोहोपशम-श्रेणि, अने शेष २५ कषायने उपशमाववा ते चारित्रमोहोपशमश्रेणि एम उपशमश्रेणि बे प्रकारनी छे. हवे अनन्तानु० ४ नी उपशान्ति ४–५–६–७ मांना कोइपण गुणस्थाने होय छे, शेष मिथ्यात्वादि त्रणनी उपशान्ति ७ मे गुणस्थाने, अने चारित्रमोहनीय उपशमश्रेणिनो प्रारंभ ८ मे अने सर्वोपशान्ति ११ मे होय छे. आ प्रकार होवाथी अपेक्षा पूर्वक चोथेथी सातमे या सातमे या आठमे उपशमश्रेणिनो प्रारंभ कहेवामां कोइ जातनो विरोध संभव नथी.

णमां वर्ततो छतो गुणसंक्रमानुविद्ध उद्वलना संक्रमे करी संपूर्ण अनन्तानुबन्धिनो विनाश करे. मात्र नीचेनी आवलिकामात्र मुकीये ते पण स्तिबुकसंक्रमे करी वेदाती प्रकृतिओमां संक्रमावे. अन्तर्मुहूर्तथी आगळ अनिवृत्तिकरणना छेडे बाकीना कर्मोना पण स्थितिघात रसघात गुणश्रेणिओ न करे परन्तु मोहनीयनी चोवीशनी सत्तावाळो स्वभावस्थज रहेछे, आ प्रमाणे अनन्तानुबन्धिनी विसंयोजना ( क्षपणा ) जाणवी.

हवे त्यारबाद दर्शनत्रिकनी उपशमना करे, ते आ प्रमाणे—प्रथम मिथ्यात्वमोहनीयनी उपशमना करनार बे प्रकारना जीवो होय, सम्यक्त्वोत्पादकालमां मिथ्यादृष्टि जीव होय १ अने उपशमश्रेणिना प्रारंभकालमां क्षयोपशमसम्यग्दृष्टिजीव होय २, अने मिश्रमोहनीय तथा सम्यक्त्वमोहनीयनी उपशमना करनार तो मात्र क्षयोपशमसम्यग्दृष्टि होय छे, अहीं तो दर्शनत्रिकनी उपशमना करनार क्षयोपशमसम्यग्दृष्टि लेवाना छे. ते पण पूर्वोक्त गुणवान सर्वविरतसंयतमहात्मा ज दर्शनत्रिकनी उपशमना अन्तर्मुहूर्तमात्र काले करे छे. दर्शनत्रिकनी उपशमना करतो वखते पण त्रण करणनी विधिपूर्वनी माफक जाणवी, यावत् अनिवृत्ति करणना कालना संख्याता भागो गये छते अन्तरकरण थाय छे. अन्तरकरण करता छतां वेदातां सम्यक्त्वमोहनीयनी प्रथम स्थिति अन्तर्मुहूर्तप्रमाण स्थापन करे मिथ्यात्व अने मिश्रमोहनीयनी आवलिकामात्र स्थापे, त्रणेनुं पण उकेरातुं दळीयुं सम्यक्त्वमोहनीयनी प्रथम स्थितिमां नांखे, मिथ्यात्व अने मिश्रमोहनीयनुं प्रथम स्थितिनुं दळीयुं सम्यक्त्वमोहनीयना प्रथम स्थितिना दलिकमां स्तिबुकसंक्रमे संक्रमावे, सम्यक्त्वमोहनीयनी प्रथमस्थिति विपाकोदयथी क्रमे क्रमे क्षय थये छते उपशमसम्यग्दृष्टि थायछे, मिथ्यात्वमोहनीयादि त्रणेना पण उपरनी स्थितिना दलियानी उपशमना अनन्तानुबन्धिना उपरनी स्थितिना दलियानी उपशमनानी जेम जाणवी. आ प्रमाणे दर्शनत्रिकनी उपशमना समजवी.

छेल्लां त्रण संहननवाळा नहिं. ॥ ? ॥ कह्युं छे के—"वळी उपशमश्रेणि प्रथमनां त्रण संघयणवडे आरोहाय छे [अङ्गीकार थाय छे.]" ए प्रमाणे कर्मस्तव ( बीजा कर्मग्रन्थनी वृत्ति) मां कह्युं छे, वळी आ (उपशमश्रेणि करनार) जीव प्रमत्त

आ प्रमाणे दर्शनत्रिकनी उपशमना कर्या बाद चारित्रमोहनीयनी उपशमना करवामाटे यथाप्रवृत्तकरणादि त्रण करणो करे छे, करणोनुं स्वरूप पूर्वनी माफक जाणवुं. मात्र यथाप्रवृत्तकरण अप्रमत्त गुणस्थानके, अपूर्वकरण अपूर्वकरणगुणस्थानके अने अनिवृत्तिकरण अनिवृत्तिकरणगुणस्थानके जाणवा. तेमां अपूर्वकरणमां स्थितिघातादि पूर्वनी माफक प्रवर्ते छे. विशेषमां अहीं नहि बंधाती सर्व अशुभप्रकृतिओनो गुणसंक्रम प्रवर्ते छे, अपूर्वकरणकालनो संख्यातमो भाग गये छते निद्रा अने प्रचला ए बे दर्शनावरणीयनो बन्धविच्छेद थाय छे. त्यारबाद घणा हजारो स्थितिखंडो गये छते अपूर्वकरणकालना संख्याता भागो गया एक भाग अवशेष रहे छे. आ अवसरे देवगति १, देवानुपूर्वी २, पञ्चेन्द्रियजाति ३, वैक्रिय ४, आहारक ५ तैजस ६ कार्मण ७ ए सात शरीर [illegible] ८, वैक्रिय अंगोपांग ९, आहारक अंगोपांग १०, वर्ण ११, गंध १२, रस १३, स्पर्श १४ ए चतुष्क, अगुरुलघु १५, उपघात १६, पराघात १७, उच्छ्वास १८, त्रस १९, बादर २०, पर्याप्त २१, प्रत्येक २२, प्रशस्तविहायोगति २३, स्थिर २४, शुभ २५, सुभग २६, सुस्वर २७, आदेय २८, निर्माण २९, अने तीर्थंकर नामकर्म ३०, ए त्रीस प्रकृतिओनो बन्ध व्यवच्छेद पामे, त्यारबाद स्थितिखंड पृथक्त्व गये अपूर्वकरणकालना चरमसमये हास्य १, रति २, भय ३, अने जुगुप्सा ४ ए चारनो बन्धव्यवच्छेद थाय, हास्य १, रति २, अरति ३, शोक ४, भय ५, अने जुगुप्सा ६, ए षट्कनो उदय व्यवच्छेद अने सर्वकर्मोना देशोपशमना निधत्ति अने निकाचना ए करणोनो व्यवच्छेद थाय छे. ते पछी अनन्तरसमये अनिवृत्तिकरणमां प्रवेश करे अने ते अनिवृत्तिकरणमां पण स्थितिघात विगेरे पूर्वनी माफक करे छे. त्यारबाद अनिवृत्तिकरणकालना संख्याता भागो गये छते बारकषाय अने नव नोकषाय ए एकवीश मोहनीय प्रकृतिओनुं अन्तरकरण करे छे तेमां जे वेदनो अने जे संज्वलनकषायनो उदय वर्ततो होय ते बेउनी पोत पोताना उदयकाल प्रमाण प्रथम स्थिति करे अने बाकीना अगीआर कषाय अने आठ नोकषाय ए ओगणीशनी आवलिकामात्र स्थिति करे, अहीं चारे संज्वलनकषायो अने त्रणे वेदोनुं पोतपोतानुं उदयकाल प्रमाण आ प्रमाणे—स्त्रीवेद नपुंसकवेदनो उदयकाल सर्वस्तोक अने परस्परतुल्य, तेनाथी पुरुषवेदनो उदयकाल संख्यातगुणो, तेनाथी पण संज्वलनक्रोधनो विशेषाधिक, तेनाथी पण संज्वलनमाननो विशेषाधिक, तेनाथी पण संज्वलनमायानो विशेषाधिक, तेनाथी पण संज्वलनलोभनो विशेषाधिक, तेमां संज्वलनक्रोधोदये उपशमश्रेणि अंगी-

अने अप्रमत्त गुणस्थानमां सेंकडोवार परावृत्ति (आव जा) करीने अने अपूर्वकरण गुणस्थाने जइने त्यारबाद [नवमे गुणस्थाने] नपुंसकवेद–स्त्रीवेद–हास्यादि ६–पुरुषवेद त्यारबाद अनुक्रमे प्रत्याख्यानावरण-अप्रत्याख्यानी ए बे क्रोध-संज्वलन क्रोध-तेवीज रीते प्रत्याख्यानावरण-अप्रत्याख्यान ए बे मान-ने संज्वलनमान-तेवीजरीते प्रत्याख्यानावरण-अप्रत्याख्यान ए बे माया-ने संज्वलनमाया-तेमज बीजो ने त्रीजो (अप्रत्याख्यान-प्रत्याख्यान) लोभ ए [कुल]२० प्रकृतियोने नवमे गुणस्थाने उपशान्त करीने

कार करनारने ज्यांसुधी अप्रत्याख्यानावरण–प्रत्याख्यानावरण क्रोधनो उपशम थाय नहि त्यांसुधी संज्वलनक्रोधनो उदय वर्ते छे. एज प्रमाणे संज्वलनमानोदये श्रेणिकरनारने ज्यांसुधी बे माननो उपशम थाय नहि त्यांसुधी संज्वलनमाननो उदय वर्ते छे, तेज प्रमाणे संज्वलनमायाना तथा लोभना उदयमां पण समजवुं, आ रीते सर्वकर्मनुं अन्तरकरण उपरना स्थितिभागनी अपेक्षाये सरखुं अने नीचेना स्थितिभागनी अपेक्षाये उपर बताव्या प्रमाणे विषमतावाळुं होय छे. हवे जेटले काले स्थितिखंडनो घात करे अथवा अन्यस्थितिबंध करे तेटले काले अन्तरकरण पण करे. एटले के स्थितिघात अन्य स्थितिबंध अने अन्तरकरण ए त्रणे पण समकाले शरु करे अने समकालेज पूर्ण थायछे. हवे अन्तरकरण संबंधि दलीयानो प्रक्षेपविधि आ प्रमाणे — जे कर्मोनो ते वखते बन्ध अने उदय ए बेउ विद्यमान होय तेओनुं अन्तरकरणनुं दलीयुं प्रथम स्थिति अने बीजी स्थिति ए बेमां प्रक्षेप करे, जेम पुरुषवेदोदये श्रेणिमां चढनार पुरुषवेदना दलीयाओ बे स्थितिमां प्रक्षेप करे, जे कर्मप्रकृतिओनो केवळ उदयज विद्यमान होय बन्ध न होय ते कर्मोनुं अन्तरकरण संबंधि दलीयुं प्रथम स्थितिमांज प्रक्षेप करे, बीजी स्थितिमां न नांखे, जेम स्त्रीवेदना उदये श्रेण्यारूढ जीव स्त्रीवेदना दलीयानो प्रथम स्थितिमां प्रक्षेप करे, वळी जे कर्मप्रकृतिओनो उदय विद्यमान न होय केवल बन्धज होय तेओनुं अन्तरकरण संबंधी दलीयुं बीजी स्थितिमांज नांखे प्रथम स्थितिमां न नांखे, जेम संज्वलनक्रोधोदये श्रेण्यारूढ जीव संज्वलनमान विगेरेना दलीयानो बीजी स्थितिमांज प्रक्षेप करे, तेमज जे कर्मप्रकृतिओनो बन्ध पण न वर्ततो होय अने उदय पण न विद्यमान होय ते कर्मोनुं अन्तरकरण संबंधी दलीयुं परप्रकृतिओमां प्रक्षेप करे, जेम अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरणकषायोनुं दलीयुं संज्वलनकषायमां प्रक्षेप करे, अहीं अनिवृत्तिकरणमां घणुं वक्तव्य कहेवानुं छे परन्तु विस्तारना भयथी अहीं कह्युं नथी विशेषार्थीये कम्मपयडीटीका विगेरेथी जाणवुं

हवे अन्तरकरण करीने (कर्मप्रकृतिमां अन्तरकरणना बीजे समये ए प्रमाणे कह्युंछे ) नपुंसकवेदने उपशमावे. नपुंसकवेदोपशमना विधि आ प्रमाणे-पहेले समये स्तोक (थोडा दलीया) उपशमावे, बीजे समये तेथी असंख्यातगुण उपशा-

त्यारबाद उपशमश्रेणिवाळा (मुनि) दशमे गुणस्थाने अति दुर्जय एवा संज्वलनलोभने उपशान्त करे. ॥ २ थी ५ ॥ अने जघन्यथी १ समय अने उत्कृष्टपणे अन्तर्मुहूर्त सुधी उपशान्त कषायी थाय अने त्यारबाद निश्चयथी ॥ ६ ॥ अद्धाक्षयथी ( ११ मा गुणस्थानको अन्तर्मुहूर्तकाळ पूर्ण थवाथी ) अथवा आयुष्यनो क्षय थवाथी नीचे पडे छे ( उतरे छे ) त्यां अद्धा क्षयथी पडतो ते मुनि पश्चानुपूर्विए

---

मावे, बीजे समये वळी तेनाथी पण असंख्यातगुण ए प्रमाणे यावत् चरम समयसुधी दरेक समये असंख्यातगुण असंख्यातगुण उपशमावे. अने उपशमावेल दलीयानी अपेक्षाये दरेक समये यावत् द्विचरम ( उपान्त्य ) समयसुधी परप्रकृतिनेविषे असंख्यातगुण असंख्यातगुण प्रक्षेप करे ( संक्रमावे ). परन्तु चरम समयने विषे उपशमावृ जे दलीयुं ते परप्रकृतिमां संक्रमावाता दलीयानी अपेक्षाये असंख्यातगुण जाणवुं, आ प्रमाणे नपुंसकवेद उपशमाव्यो. पहेले नपुंसकवेद उपशम्ये ४ अनन्तानुबन्धि, १ मिथ्यात्वमोहनीय, १ मिश्रमोहनीय, १ सम्यक्त्वमोहनीय अने १ नपुंसकवेद ए प्रमाणे आठ मोहनीयप्रकृतिओ उपशान्त थइ, त्यारपछी अन्तर्मुहूर्तकाले उपर प्रमाणे क्रमे स्त्रीवेद उपशमावे पहेले नव प्रकृति उपशान्त थइ, त्यारपछी अन्तर्मुहूर्ते काले हास्यादि छ प्रकृतिओ उपशमावे पहेले पंदर प्रकृतिओ उपशान्त थइ, अने तेज समये पुरुषवेदना बन्ध-उदय अने उदीरणानो तथा प्रथम स्थितिनो व्यवच्छेद थाय, ( हास्यादि छ प्रकृतिनो उपशम थये छते पुरुषवेदनी प्रथम स्थितिमां समयमात्र उदय स्थिति शेष रहे छे. ते वखते पुरुषवेदनो बन्ध सोळवर्षनो होय छे. इति कर्मप्रकृतौ.) पुरुषवेदनी बे आवलिकाप्रमाण प्रथमस्थिति शेष रहे आगाल थतो नथी, उदीरणा तो थाय छे, त्यारथी मांडीने छ नोकषायो संबंधी दलीयुं पुरुषवेदमां प्रक्षेप करे ( संक्रमावे ) नहि परन्तु संज्वलन क्रोधादिमां नांखे, कम्मपयडीमां पण कह्युं छे के बे आवलिका शेष रहे वेद पतद्ग्रह न थाय, हास्यादिषट्कनो उपशमना थया पछी समयहीन बे आवलिकामात्र काले संपूर्ण पुरुषवेदने उपशमावे, पुरुषवेदने आ प्रमाणे उपशमावे—प्रथम समये थोडुं उपशमावे, बीजे समये असंख्येयगुण, तेनाथी पण त्रीजे समये असंख्यगुण, ए प्रमाणे बे समयन्यून आवलिकाद्विकनो चरमसमय आवे त्यांसुधी असंख्येयगुण असंख्येयगुण उपशमना करवी. अने ते बे समयन्यून आवलिकाद्विक काळ सुधी प्रतिसमय यथाप्रवृत्त संक्रमे करी परप्रकृतिमां संक्रमावे, परन्तु प्रथम समये घणुं, बीजे समये विशेषहीन, तेथी पण त्रीजे समये विशेषहीन, ए प्रमाणे यावत् चरम समय आवे त्यांसुधी कहेवुं पुरुषवेद उपशान्त थये सोळ प्रकृतिओनो उपशम थयो, ते पछी जे समये हास्यादिछनो उपशम थयो अने पुरुषवेदनी प्रथम स्थिति क्षीण थइ ते समयथी आगळ अप्रत्याख्यानाव-

भवक्षयेण उपशमश्रेण्यन्तर्गतगुणस्थानेषु काले कृत्वा अनुत्तरविमानेषूत्पद्यते।

卐
卐卐
卐卐卐
卐卐卐卐
卐卐卐卐卐
卐卐卐卐卐卐

अद्धाक्षयेण प्रतिपतन् आषष्ठं-आ-चतुर्थं वा गच्छति। द्वितीयं वा गत्वा प्रथमं गुणस्थाने गच्छति

| अवशिष्टाः प्रकृतयः | | उपशान्ताः प्रकृतयः |
|---|---|---|
| ० | उपशान्तमोहः | २८ |
| ० | १ संज्वलनलोभं उपशमयति २८ | २८ |
| १ | २ अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरणलोभौ उपशमयति २७ | २७ |
| ३ | १ संज्वलनमायां उपशमयति २५ | २५ |
| ४ | २ अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरणमाये उपशमयति २४ | २४ |
| ६ | १ संज्वलनमानं उपशमयति २२ | २२ |
| ७ | २ अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरणमानौ उपशमयति २१ | २१ |
| ९ | १ संज्वलनक्रोधं उपशमयति १९ | १९ |
| १० | २ अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरणक्रोधौ उपशमयति १८ | १८ |
| १२ | १ पुरुषवेदं उपशमयति १६ | १६ |
| १३ | ६ हास्य १० रति ११ अरति १२ भय १३ शोक १४ जुगुप्सा १५ रूपं षट्कं उपशमयति १५ | १५ |
| १९ | १ स्त्रीवेदं उप० ९ | ९ |
| २० | १ नपुंसकवेदं उप० ८ | ८ |
| २१ | १ सम्यक्त्वमोहनीयं उपशम० ७ | ७ |
| २२ | १ मिश्रमोहनीयं उपशमयति ६ | ६ |
| २३ | १ मिथ्यात्वमोहनीयं उपशमयति ५ | ५ |
| २४ | अनन्तानुबन्धिनः क्रोध १-मान २-माया ३-लोभान् ४ उपशमयति ४ | ४ |

॥ उपशमश्रेण्यारोहक्रमोऽयं ॥ मोहनीयप्रकृतय अष्टाविंशतिः ॥

रण क्रोध प्रत्याख्यानावरणक्रोध अने संज्वलनक्रोध ए त्रणे समकाले उपशमावया प्रारंभकरे, हवे संज्वलनक्रोधनी प्रथमस्थिति समयन्यून त्रण आवलिकाशेष रहे छते अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण क्रोधनुं दलीयुं संज्वलनक्रोधमां प्रक्षेप करे नहि, परन्तु संज्वलन मान विगेरेमां प्रक्षेपे. कह्युं छे के–समयन्यून त्रण आवलिका शेष रहे संज्वलनक्रोध पतद्ग्रह न थाय. बे आवलिका शेष रहे छते तो आगाल पण थतो नथी, परन्तु एकली उदीरणाज प्रवर्ते छे. अने एक आवलिका बाकी रहे त्यांसुधी उदीरणा होय, पछी ते एकावलिका अवशेष रहे ते वखते संज्वलनक्रोधना बन्ध, उदय अने उदीरणानो व्यवच्छेद थाय, अने अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण क्रोध उपशान्त थया एटले के आटले सुधीमां अढार प्रकृतिओ उपशान्त थइ, ते वखते बाकी रहेल प्रथमस्थिति संबंधी एक आवलिका अने समयन्यून आवलिकाद्विक बद्ध उपरनी स्थिति संबंधी दलीयुं छोडीने बाकी सर्व संज्वलनक्रोध उपशमाव्यो, त्यारबाद ते प्रथमस्थिति संबंधी एक आवलीकाने संज्वलनमानमां स्तिबुक संक्रमे नांखे, अने समयोनआवलिकाद्विक बद्ध दलीयुं पुरुषवेदमां जणावेला प्रकारवडे उपशमावे अने संक्रमावे, एटले समयोन बे आवलिकाप्रमाण काले संज्वलनक्रोध उपशमाव्यो, एटले ओगणीश प्रकृतिओ उपशान्त थइ, हवे ज्यारे संज्वलनक्रोधना बन्ध उदय उदीरणानो व्यवच्छेद थयो तेना अनन्तर समयथी आरंभी संज्वलनमाननी बीजी स्थितिमांथी दलीयुं खेंचीने प्रथमस्थितिरूप बनावे अने वेदे. तेमां उदय समये थोडुं प्रक्षेप करे. बीजी स्थितिमां असंख्यातगुण, त्रीजीस्थितिमां असंख्यातगुण, ए प्रमाणे यावत् प्रथमस्थितिना चरमसमय आवे त्यांसुधी कहेवुं, प्रथम स्थितिकरवाना प्रथमसमयथी मांडीने अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण अने संज्वलन ए त्रणे मानोने एक साथे उपशमाववा शरुआत करे संज्वलनमाननी प्रथम स्थिति समयोन त्रण आवलिका प्रमाण शेष रहे छते अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण माननुं दलीयुं संज्वलनमानमां न नांखे पण संज्वलनमाया विगेरेमां नांखे, वळी बे आवलिका शेष रहे छते आगाल पण व्यवच्छेद थाय, मात्र उदीरणाज प्रवर्ते. अने ते पण एक आवलिका अवशेष रहे त्यांसुधी जाणवो, आवलिका शेष रहे छते तो संज्वलन मानना बन्ध उदय अने उदीरणानो व्यवच्छेद थाय, अने अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण ए बे मान उपशान्त थया एटले एकवीश प्रकृति उपशान्त थइ. तेज समये प्रथमस्थिति संबंधी एक आवलिका अने समयोन आवलिकाद्विक बद्ध उपरनी स्थिति संबंधी दलीयुं मुकीने बाकी सर्व संज्वलनमान उपशमाव्यो, त्यारबाद ते संज्वलनमाननी प्रथम स्थिति सम्बन्धि एक आवलिका स्तिबुक संक्रमे संज्वलनमायामां प्रक्षेप करे, अने स-

( ११ थी १०-९-८-७-ने ६ ए रीते) ( प्रमत्त गुणस्थान सुधी आवे ॥ ७ ॥ अने कोइक जीव तो त्यांथी ( ६ ठ्ठा थी ) पण पडतो नीचे ( ५ ने ४ ए ) बे गुणस्थाने आवे, अने कोइक तो त्यांथी पण नीचे पडी सास्वादन भाव पामीने

---

समयोन आवलिकाद्विक बद्ध दलीयुं पुरुषवेदमां बतावेला प्रकारवडे उपशमावे अने संक्रमावे. समयोन बे आवलिकाकाले उपलनमान उपशान्त थयो एटले २२ प्रकृति उपशान्त थइ. जे वखते संज्वलन मानना बन्ध उदय अने उदीरणानो व्यवच्छेद थयो तेना अनन्तर समयथी मांडीने संज्वलनमायानी बीजी स्थितिमांथी दलीयुं खेंचीने पूर्वोक्तप्रकारे प्रथमस्थिति बनावे अने वेदे, अने ते समयथीज मांडीने अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण अने संज्वलन ए त्रणे पण मायाओ एकसाथे उपशमाववा प्रारंभेछे. संज्वलनमायानी प्रथमस्थिति समयन्यून त्रण आवलिका शेष रहे अप्रत्याख्यानावरण-प्रत्याख्यानावरण मायानुं दलीयुं संज्वलनमायामां न नांखे, पण संज्वलनलोभमां नांखे, बे आवलिका शेष रहे आगाल न थाय, मात्र उदीरणाज प्रवर्ते छे. ते पण त्यांसुधीज के यावत् आवलिकाशेष न थाय, आवलिका शेष रहे संज्वलनमायाना बन्ध उदय उदीरणानो व्यवच्छेद थायछे. अने ते वखते अप्रत्याख्यानावरण अने प्रत्याख्यानावरण ए बे मायाओ उपशान्त थइ एटले चोवीश प्रकृतिओ उपशान्त थइ. अने ते समये प्रथमस्थिति सम्बन्धी एक आवलिका अने उपरनो स्थितिसम्बन्धी समयोन आवलिका द्विक बद्ध दलीयुं मुकी बाकी सर्व संज्वलनमाया उपशमाववी, त्यारपछी ते प्रथमस्थितिसम्बन्धी एक आवलिकाने स्तिबुक संक्रमे संज्वलनलोभमां संक्रमावे. अने समयोन आवलिकाद्विकबद्ध दलीयुं पुरुषवेदमां कह्या प्रकारे उपशमावे अने संक्रमावे, त्यारबाद समयोन बे आवलिकाकाले संज्वलनमाया उपशान्त थइ. एटले २५ प्रकृति उपशान्त थइ. हवे ज्यारे संज्वलनमायाना बन्ध उदय अने उदीरणानो व्यवच्छेद थयो तेना अनन्तर समयथी प्रारंभी संज्वलनलोभनी बीजी स्थितिमांथी दलीयुं खेंचीने लोभ वेदवाना कालना बे तृतीयांश कालप्रमाणवाली प्रथमस्थिति पूर्वोक्तप्रकारे बनावे अने वेदे. पहेलो एक त्रिभाग तेनुं नाम अश्वकर्ण करणाद्धा कहेवाय १. अने बीजो त्रिभाग किट्टीकरणाद्धानामनो कहेवाय २, हवे पहेला अश्वकर्णकरणाद्धा नामना त्रिभागमां वर्ततो छतो पूर्व स्पर्धकोमांथी दलीयुं लइने अपूर्वस्पर्धको बनावे, स्पर्धकनुं स्वरूप आ प्रमाणे—"अहीं अनन्तानन्तपरमाणुओवडे बनेला स्कन्धोने जीव कर्मपणे ग्रहण करेछे, ते एकेका स्कन्धमां जे सर्व जघन्यरसवाळो परमाणु तेनो पण रस केवलिप्रज्ञाये छेद करता सर्व जीवो करता अनन्तगुण रसाविभागोने आपेछे. एटले एक एक

मिथ्यात्वे पण जाय ए आश्चर्य छे. ॥ ८ ॥ अने पतित थयेलो जीव ते भवमां मोक्षे न जाय, अने कोइक जीव उत्कृष्टथी अर्ध पुद्गलपरावर्त्त सुधी संसारमां रहे (परिभ्रमण करे). ॥९॥ महाभाष्यमां कह्युं छे के-" जो उपशान्त कषायी जीव

---

कर्म परमाणु सर्व जीव करता अनन्तगुण रसाणुये युक्त होय छे. बीजो कर्म-परमाणु एकभाग अधिक रसाविभागो आपे छे, तेथी त्रीजो बे अधिक रसाविभागो आपे ए प्रमाणे एक एक अविभागनी आगळ आगळ वृद्धिये त्यां सुधी जवुं के यावत् छेल्लो परमाणु सिद्धना अनंतभाग अधिक रसाविभागो आपे, तेमां जघन्यरसवाळा जेटला परमाणुओ जगत्मां होय तेओनो समुदाय समानजातीय होवाथी एक (पहेली) वर्गणा कहेवाय छे. बीजा एकाधिक रसाविभागवाळा परमाणुओनो समुदाय बीजी वर्गणा, बे अधिक रसाविभागवाळा परमाणुओना समुदायनी त्रीजी वर्गणा ए प्रमाणे एक एक रसाविभागथी वधता परमाणुओना समुदायनी वर्गणाओ कहेता कहेता वर्गणाओनी संख्या अभव्योथी अनन्तगुण अने सिद्धोना अनन्तभाग तुल्य संख्याप्रमाण जाणवी. अहीं उत्तरोत्तरवृद्धिथी वर्गणाओ आगे स्पर्धा करती न होय तेथी आ वर्गणाओनो समुदाय ते 'स्पर्धक' कहेवाय छे. आ स्पर्धकनी छेल्ली वर्गणामां आवेला रसथी आगळ एक एक रसाविभागनी निरन्तर वृद्धिये वधतो रस मळतो नथी. परन्तु सर्व जीव करता अनन्तगुण रसाविभागोये वधतो रस मळे छे. त्यारपछी तेज ( उपर बताव्या स्पर्धकना ) क्रमे करी त्यांथी मांडी बीजुं स्पर्धक कहेवुं, एज प्रमाणे त्रीजुं स्पर्धक कहेवुं, यावत् एजरीते अनन्ता स्पर्धको थाय छे. आ स्पर्धको जीवे पहेला करेला होवाथी पूर्वस्पर्धको कहेवाय छे, हवे हमणां तेज स्पर्धकोमांथी दरेक समये दलीयुं ग्रहण करीने तेनुं अत्यन्त हीनरस पणुं पमाडीने अपूर्व स्पर्धको बनावे छे. अनादि संसारमां भ्रमण करता आ जीवे कोइवखत पण बन्धने आश्रयी आवा स्पर्धको बनाव्या नथी, परन्तु हालमांज अत्यन्त विशुद्धिना योगे आवा अपूर्व स्पर्धको बनावे छे. माटेज आने अपूर्वस्पर्धको कहेवाय छे" हवे आ अश्वकर्ण करणाद्धा पूर्ण थये छते किट्टीकरणाद्धामां प्रवेश करे छे. हवे अहीं किट्टीकरणाद्धामां पूर्वस्पर्धको अने अपूर्वस्पर्धकोमांथी दलीयुं ग्रहण करी दरेक समये अनन्ती किट्टीओ बनावे छे. किट्टीओनुं स्वरूप आ प्रमाणे—पूर्वस्पर्धक अने अपूर्वस्पर्धकोमांथी वर्गणाओ लइने तेने अनन्तगुणहीन रसपणुं पमाडीने ते वर्गणाओने मोटा अन्तरालपणाये स्थापनकरवुं, जेमके जे वर्गणाओना अनुभागभागो अनन्तानन्त छतां पण असत्कल्पनाये ते अनुभाग भागोनी संख्या एकसो, एकसो एक अथवा एकसो बे एवीरीते क्रमथी अने अधिकरसस्वरूपे हती तेज वर्गणाओना अनुभागभागोनी संख्या पांच पंदर पचीस ए प्रमाणे हीन हीनरसपणे अने मोटा अन्तरालपणे स्थापवी हवे किट्टीकरणाद्धाना चरम समये एक साथे अप्रत्याख्यानावरण

पण पुनः वारंवार अनन्त (काळ सुधी) प्रतिपातने ( अर्थात् अनन्त काळ संसार परिभ्रमणने ) पामे छे माटे तमारे निश्चये लेशकषाय बाकी रह्यो होय तो तेटला मात्रनो पण विश्वास न ज करवो" ॥१॥ (विशे० भाष्यगाथा १३०९) हवे जे जीव (११मा गुणस्थानथी) भवनो क्षय थतां (आयुष्य पूर्ण थवाथी) पतित थाय

---

अने प्रत्याख्यानावरण ए बे लोभ उपशान्त थया पहले २७ प्रकृति उपशान्त थइ, अने तेज समये संज्वलनलोभनो बन्धव्यवच्छेद अने बादर संज्वलनलोभना उदय उदीरणानो व्यवच्छेद अने नवमां अनिवृत्तिबादरसंपराय गुणस्थानो पण व्यवच्छेद थाय छे, आप्रमाणे अहीं अनिवृत्तिबादरसंपरायगुणस्थानके अनुक्रमे सातथी मांडी पचीशसुधी प्रकृतिओ उपशान्त होय छे, अनन्तानुबन्धि ४ दर्शनमोहनीय ३ ए साननीउपशमना प्रथम करी होवाथी सात उपशान्त, १, नपुंसकवेदनी उपशमना थये आठ उपशान्त २, स्त्रीवेदउपशम्ये नव उपशान्त ३, हास्यादिषट्क उपशम्ये पंदर उपशान्त ४, पुरुषवेदउपशम्ये सोळ उपशान्त ५, अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण बे क्रोध उपशम्ये अढार उपशान्त ६, संज्वलनक्रोध उपशम्ये ओगणीश उपशान्त ७, अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण बे मान उपशम्ये एकवीश उपशान्त ८, संज्वलनमान उपशम्ये बावीश उपशान्त ९, अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण बे माया उपशम्ये चोवीश उपशान्त १०, संज्वलनमाया उपशम्ये पचीश मोहनीयप्रकृति उपशान्त थइ ११, हवे अप्रत्याख्यानावरण प्रत्याख्यानावरण बे लोभ अनिवृत्तिना चरमसमये उपशम्या पहले दशमे सूक्ष्मसंपरायगुणस्थानके सत्तावीश मोहनीयप्रकृति उपशान्त थइ, हवे आ सूक्ष्मसंपरायनो काल अन्तर्मुहूर्तप्रमाण छे, तेमां पेठो छतो केटलीक लोभनी सूक्ष्मकिट्टीओने उपरनी स्थितिमांथी खेंचीने सूक्ष्मसंपरायना कालतुल्य प्रथमस्थिति करे अने बेबे. बाकीनुं सूक्ष्मकिट्टीरूप बनावेलुं दलीयुं अने समयोन आवलिकाद्विकमां बांधेल दलीयुं उपशमावे. सूक्ष्मसंपरायना छेल्लासमये संज्वलनलोभ सर्व उपशान्त थयो पहले अठावीश मोहनीयप्रकृतिओ उपशान्त थइ , तेज समये पांच ज्ञानावरणीय ५, चार दर्शनावरणीय ९, पांच अन्तराय १४, यशःकीर्तिनाम कर्म १५, अने उच्चैर्गोत्रकर्म १६, ए सोळ प्रकृतिओनो बन्धव्यवच्छेद थाय त्यारबाद अनन्तरसमये उपशान्तकषायवीतरागछद्मस्थ अगीयारमुं गुणस्थानक पामे छे, अहीं मोहनीयनी अठावीश प्रकृतिओ उपशान्त पमाय छे, आ उपशान्तमोहगुणस्थानके जघन्यथी एक समय अने उत्कृष्टथी अन्तर्मुहूर्तकाल सुधी रहे छे, ते पछी निश्चयथी पडे छे पडवानुं बे प्रकारे थाय छे, एक भवक्षयथी अने बीजुं अद्धा (काल) क्षयथी, भव [आयुष्य] क्षय मरनारने अने अद्धाक्षय उपशान्तनो कालपूर्ण थये. अद्धाक्षये पडतो जेवी रीते चढतो हतो तेवीज रीते पडे छे, पहले के ज्यां ज्यां ( जे जे गुणस्थानके ) बन्ध उदय विगेरे व्यवच्छेद पाम्या हता पडता छता ते ते

छे ते जीव प्रथम समयेज बन्धनादि सर्व करणो प्रवर्तावे छे. ॥ १० ॥ कारणके पूर्वे बांधेला आयुष्यवाळो जीव अहिं श्रेणिमां वर्त्ततो ( ८-९-१०-११ मे ) जो मरण पामे तो निश्चये अनुत्तर देवमांज उत्पन्न थाय. ॥११॥ महाभाष्यवृत्तिमां कह्युं छे के-"जो पूर्वबद्धायु ते जीवे उपशमश्रेणि अंगीकार करी होय, ते जीव श्रेणिमानां कोइपण गुणस्थानमां ( ८-९-१० मां ) वर्त्ततो अथवा उपशान्तमोहवाळो (११मां) थइने जो काळ करे तो निश्चयथी अनुत्तरदेवमांज उत्पन्न थाय." ( अने श्रेणिथी पडेलानो काळ कर्ये छते कोइ नियम नथी, तेने जुदा जुदा अध्यवसायो थवाथी जुदीजुदी गतिओनो संभव होय छे. विशेषा० भाष्यगाथा १३०४ नी टीका) आ गुणस्थाननी जघन्यस्थिति १ समयनी कही छे, अने ते स्थिति आयुष्यनो क्षय थतां अनुत्तरे जाय त्यारेज (१ समय जघन्यस्थिति अन्यथा अन्तर्मुहूर्तेज होय) जाणवी ॥ १२ ॥ एक जीव एक भवमां बे वार उपशमश्रेणि करे अने आखा संसारमां वसतो सर्व मळीने चार वार उपशमश्रेणि करे ॥१३॥ अहिं सिद्धांतकारने मते एक भवमां क्षपकश्रेणि अने उपशमश्रेणिमांनी एकज श्रेणि करवानी

---

गुणस्थानके ते सर्व प्रवर्ते छे (आरम्भ कराय छे) पडतो छतो यावत् छट्ठा सुधी पडे, कोइ तेथी पण नीचे बे गुणस्थानक सुधी आवे, यावत कोइ सास्वादनभाव पण पामे छे. अने मिथ्यात्वे जाय छे. वळी जे भव क्षये पडे छे ते प्रथम समयेज सर्वे बन्धनादिकरणोने प्रवर्तावे उत्कर्षथी एकभवमां उपशमश्रेणि बे वार करे छे. जे बेवार उपशमश्रेणि करे तेने ते भवमां क्षपकश्रेणि थाय नहि, अने जे एकवार उपशमश्रेणि करे तेने क्षपकश्रेणि थाय पण खरी तेम कार्मग्रन्थिकोनो अभिप्राय छे कह्युं छे के-"जो दुवे वारे उवसमसेढिं पडिवज्जइ तस्स नियमा तंमि भवे खवगसेढी नत्थि, जो एक्कसि उवसमसेढीं पडिवज्जइ तस्स खवगसेढी होज्ज त्ति" सिद्धान्तना अभिप्राये तो एक भवमां एकज श्रेणि अङ्गीकार करे एटले के उपशम श्रेणि करनार ते भवमां क्षपकश्रेणि करे नहि कह्यु छे के-'मोहोपशम एकस्मिन्भवे द्विःस्यादसन्ततः । यस्मिन्भवे तूपशमः क्षयो मोहस्य तत्र न ॥१॥" आ प्रमाणे कांइक सविस्तर उपशमश्रेणिनुं स्वरूप कह्युं. विशेषार्थिये कम्मपयडी टीका पञ्चसंग्रह टीका विगेरे ग्रन्थो अवलोकवा.

१ अद्धाक्षयथी पडतो १० मे ९ मे इत्यादिके आवे तो ज्यां जेवी रीते बंधादिविच्छेद कर्या होय त्यां तेवी रीते बंधादि पुनः प्रवर्तावे अने भवक्षयथी अनुत्तरमां जतां ११मामांथी शीघ्र ४ थेज गुणस्थाने आवेलो होवाथी ते गुणस्थानने योग्य बंधादि सर्व क्रियाओ एक साथे करवा मांडे

२ उपशमश्रेणिए चडतो जीव पण ८-९-१०-११ मे मरण पामे अने उपशमश्रेणिथी पडतो जीव पण ए चार स्थाने मरण पामी अनुत्तरमां जाय.

होय छे, परन्तु कर्मग्रंथने मते ॥ १४ ॥ करी छे एकवार उपशमश्रेणि जेणे तेवो जीव क्षपकश्रेणि करी शके ( एकवार उपशमश्रेणि करनार जीव तेज भवमां क्षपकश्रेणि अङ्गीकार करे तो ते भवमां बे श्रेणि करी कहेवाय ). पण एकज भवमां बे वार करी छे उपशमश्रेणि जेणे ते क्षपकश्रेणि तो न ज करे. ॥ १५ ॥ ए प्रमाणे कर्मग्रन्थनी लघुवृत्तिमां कह्युं छे. ए प्रमाणे ११ मुं उपशान्तमोह गुणस्थान कह्युं. ॥ ११ ॥ हवे बारमुं गुणस्थानक कहे छे.

क्षीणाः कषाया यस्य स्युः, स स्यात् क्षीणकषायकः । वीतरागश्छद्मस्थश्च, गुणस्थानं यदस्य तत् ॥१६॥ क्षीणकषायच्छद्मस्थवीतरागाह्वयं भवेत् । गुणस्थानं केवलित्वद्रङ्गाधिगमगोपुरम् ॥ १७ ॥ तत्र च ॥ श्रेष्ठसंहननो वर्षाष्टकाधिकवया नरः । सद्ध्यानः क्षपकश्रेणिमप्रमादः प्रपद्यते ॥ १८ ॥ तथोक्तं कर्मग्रन्थलघुवृत्तौ ॥ "क्षपकश्रेणिप्रतिपन्नो मनुष्यो वर्षाष्टकोपरिवर्ती अविरतादीनामन्यतमोऽत्यन्तशुद्धपरिणाम उत्तमसंहननः, तत्र पूर्ववित्प्रमत्तः शुक्लध्यानोपगतोऽपि, केचन धर्मध्यानोपगत इत्याहुः । (सा० २३२) विशेषावश्यकवृत्तौ च "पूर्वधरोऽप्रमत्तः शुक्लध्यानोपगतोऽप्येतां प्रतिपद्यते, शेषास्त्वविरतादयो धर्मध्यानोपगता" इति निर्णयः ॥ ( सा० २३३ )

तत्क्रमश्चायं ॥ स तुर्यादिगुणस्थानचतुष्कान्यतरेऽन्तयेत् । अन्तर्मुहूर्त्ताद्युगपत्, प्रागनन्तानुबन्धिनः ॥ १९ ॥ ततः क्रमेण मिथ्यात्वं, मिश्रं सम्यक्त्वमन्तयेत् । उच्यते कृतकरणः, क्षीणेऽस्मिन् सप्तके च सः ॥ २० ॥ बद्धायुः क्षपकश्रेण्यारम्भ-

इह क्षपकश्रेणिप्रतिपन्नोत्तमसंहननोऽविरतदेशविरतप्रमत्ताप्रमत्तानामन्यतम उत्पन्नविशुद्धपरिणामो विज्ञेयः । तत्र ( इति पाठपूर्तिः ) विशेषाभाष्यगाथा १३१३ वृत्तौ

कश्चेन्निवर्त्तते । अनन्तानुबन्धिनाशानन्तरं जीवितक्षयात् ॥ २१ ॥ तदा मिथ्यात्वोदयेन, भूयोऽनन्तानुबन्धिनः । बध्नाति मिथ्यात्वरूपतद्बीजस्याविनाशतः ॥ २२ ॥ क्षीणे मिथ्यात्वबीजे तु, भूयोऽनन्तानुबन्धिनाम् । न बन्धोऽस्ति क्षितिरुहो, बीजे दग्धे हि नाङ्कुरः ॥ २३ ॥ सुरेषूत्पद्यतेऽवश्यं, बद्धायुः क्षीणसप्तकः । चेत्तदानीमपतितपरिणामो म्रियेत सः ॥२४॥ निपतत्परिणामस्तु, बद्धायुर्म्रियते यदि । गतिमन्यतमां याति, स विशुद्ध्यनुसारतः ॥ २५ ॥ बद्धायुष्कोऽथाक्षतायुः, क्षपको म्रियते न चेत् । नियमात्सप्तके क्षीणे, विश्राम्यति तथाऽप्यसौ ॥२६॥ सकलक्षपकश्चाथ,विधाय सप्तकक्षयम् । क्षयं नयेत्स्वनरकतिर्यगायूंष्यतः परम् ॥२७॥ प्रत्याख्यानाप्रत्याख्यानाष्टकमन्तयेद् गुणे नवमे । तस्मिन्नर्द्धक्षपिते क्षपयेदिति षोडश प्रकृतीः ॥ २८ ॥ तिर्यग्नरकस्थावरयुगलान्युद्योतमातपं चैव । स्त्यानर्द्धित्रयसाधारणविकलैकाक्षजातीश्च ॥ २९ ॥ अत्र तिर्यग्युगलं-तिर्यग्गतितिर्यगानुपूर्वीरूपं, नरकयुगलं-नरकगतिनरकानुपूर्वीरूपं, स्थावरयुगलं-स्थावरसूक्ष्माख्यमिति ज्ञेयं । अर्धदग्धेन्धनो वह्निर्दहेत्प्राप्येन्धनान्तरम् । क्षपकोऽपि तथाऽश्रान्तः, क्षपयेत्प्रकृतीः पराः ॥ ३० ॥ कषायाष्टकशेषं च, क्षपयित्वाऽन्तयेत् क्रमात् । क्लीबस्त्रीवेदहास्यादिषट्कपूरुषवेदकान् ॥३१॥ एष सूत्रादेशः ॥ अन्ये पुनराहुः ॥ षोडश कर्माण्येव पूर्वं क्षपयितुमारभते, केवलमपान्तरालेऽष्टौ कषायान् क्षपयति, पश्चात्षोडश कर्माणीति कर्मग्रन्थवृत्तौ ॥ (सा० २३४)

अर्थ--जे जीवना कषायो क्षय पाम्या होय ते क्षीणकषायी जीव कहेवाय अने तेवो जे वीतराग छद्मस्थ तेनुं जे गुणस्थान ते ॥१६॥ क्षीणकषाय-

छद्मस्थवीतराग नामनुं छे, अने ए गुणस्थान केवलिपणारूपनगर (विशिष्ट शहेर)मां प्रवेश करवाने मोटा दरवाजा सरखुं छे, ॥ १७॥ अने त्यां उत्तम (वज्रर्षभनाराच) संघयणवाळो–आठवर्षथी अधिक उम्मरवाळो–मनुष्य–श्रेष्ठ (धर्म वा शुक्ल) ध्यानवाळो–अप्रमादी जीव क्षपकश्रेणिने अङ्गीकार करे छे ॥१८॥ तेज प्रमाणे कर्मग्रन्थ लघुवृत्तिमां कह्युं छे के–"क्षपकश्रेणिने अङ्गीकार करेलो (करनार) मनुष्य आठ वर्षथी अधिक वयनो, अविरतादि (चार गुणस्थानमांथी) कोइपण (गुणस्थान-

१ कारणके ए गुणस्थान पाम्या बाद अन्तर्मुहूर्तमां सयोगिकेवली गुणस्थान प्राप्त थाय छे माटे

२ क्षपकश्रेणिमां क्षपणा करवानो प्रकार आ प्रमाणे छे—क्षपकश्रेणि करनार आठ वर्षनी उपर वर्तता वज्रर्षभनाराच संघयणवाळा जिनेश्वरप्रभुना विद्यमानकालवर्ति (ते काळ आ अवसर्पिणीकालमां भरतक्षेत्रने आश्रयी श्रीप्रथमतीर्थंकर प्रभुना कालथी मांडीने श्रीजम्बूस्वामीभगवाननी केवलोत्पत्ति सुधीनो जाणवो एज प्रमाणे ऐरवत क्षेत्र विगेरेमां तथा तमाम चोवीशीकालोमां पण जाणवुं,) धर्मशुक्लध्यानध्याता इत्यादि विशिष्टगुणयुक्त जीवो होय ते जीवो बे प्रकारना होय, १ बद्धायुष्क, २ अबद्धायुष्क, बद्धायुष्कमां १ वैमानिक बद्धायुष्क, अने २ बीजा अन्यगतिबद्धायुष्क एम बे भेदो छे. बद्धायुष्कजीवो सर्वक्षपणा करता नथी, सप्तकक्षये अटके छे, तेमां पण वैमानीक बद्धायुष्क होय ते सप्तकक्षयथी क्षायिकसम्यक्त्व पामी उपशमश्रेणिये पण चढे छे. अने अन्य गतिबद्धायुष्क होय ते श्रेणिकादिनी पेठे कोइपण श्रेणिकरता नथी, अने अबद्धायुष्क जे होय ते संपूर्ण क्षपकश्रेणि करे छे, बद्धायुष्क होय के अबद्धायुष्क होय ते बन्ने पण अविरत १, देशविरत २, प्रमत्त ३, अने अप्रमत्त ४, ए चार पैकी गुणस्थानके वर्ततो छतो अनन्तानुबन्धि ४ अने दर्शनमोहनीयनी क्षपणा करेछे. तेनो विधि–अनन्तानुबन्धि विसंयोजना [क्षपणा]नो प्रकार जे पूर्वे बताव्यो छे ते प्रमाणे जाणवो, दर्शनमोहनीयनी क्षपणा पण अनन्तानुबन्धिनी जेमज जाणवी, कांइक विशेष स्वरूप आ प्रमाणे जाणवुं,- दर्शनमोहनीयनी क्षपणा माटे तत्पर थयेल जीव पूर्वे बतावेला यथाप्रवृत्तादि त्रण करण करे छे मात्र अपूर्वकरणना प्रथम समये नहि उदयमां आवेला मिथ्यात्व तथा मिश्रना दलिकने गुणसंक्रम करी सम्यक्त्वमोहनीयमां प्रक्षेप करे, मिथ्यात्व अने मिश्रनुं उद्वलनासंक्रम पण आरंभेछे, ते आ प्रमाणे—पहेलो स्थितिखंड घणो मोटो उवेले, बीजो तेथी विशेषहीन, त्रीजो तेथी पण विशेषहीन, ए प्रमाणे यावत् अपूर्वकरणना चरमसमय सुधी कहेवुं अपूर्वकरणना प्रथमसमये जे स्थिति सत्कर्म हतुं ते अपूर्वकरणना चरमसमये संख्येयगुणहीन थयुं, ए प्रमाणे स्थितिबन्ध पण जाणवो, अपूर्वकरणना प्रथमसमये जेटलो स्थितिबन्ध हतो तेनी अपेक्षाये तेना चरमसमये संख्येयगुणहीन

वाळो), अति शुद्ध परिणामवाळो, उत्तम संघयणवाळो, त्यां पूर्वनो जाणनार अप्रमत्त (होय तो) शुक्लध्यानने प्राप्त थयेलो, अहिं केटलाएक आचार्य धर्मध्यानने प्राप्त थयेलो होय एम कहे छे. अने विशेषावश्यकवृत्तिमां पूर्वधर–अप्रमत्त–एवा (मुनि) शुक्लध्यानने प्राप्त थयेला आ मुनि क्षपकश्रेणिने अङ्गीकार करे. अने शेष अविरतादि (त्रण) धर्मध्यानने प्राप्त थया छता क्षपकश्रेणि अङ्गीकार करे. एवो निर्णय छे " ते क्षपकश्रेणिनो अनुक्रम आ प्रमाणे–चतुर्थअविरतसम्यग्दृष्टि विगेरे चार [ ४–५–६–७ ] गुणस्थाननी अंदर ते जीव अन्तर्मुहूर्तमां समकाळे प्रथम (चार) अनन्तानुबन्धिनो विनाश (क्षय) करे ॥ १९ ॥ तदनन्तर अनुक्रमे मिथ्यात्वमोहनीयनो–मिश्रनो–अने सम्यक्त्व मोहनीयनो क्षय

थाय छे. ते पछी अनिवृत्तिकरणमां प्रवेश करे त्यां पण स्थितिघात विगेरे सर्व पण तेवीज रीते करे. अनिवृत्तिकरणना प्रथमसमये ज्ञणे दर्शनमोहनीयना पण देशोपशमना निधत्ति अने निकाचनानो व्यवच्छेद थायछे, दर्शनमोहनीयत्रिकनुं जे स्थितिसत्कर्म अवशिष्ट छे ते अनिवृत्ति करणना प्रथमसमयथी मांडीने स्थितिघातादिवडे घात करातुं घातकरातुं हजारो स्थितिखंडो गये छते असंज्ञिपंचेन्द्रियना, स्थितिसत्कर्म सरखुं थाय छे त्यारबाद स्थितिखंडोमां सहस्रपृथक्त्व गये छते चतुरिन्द्रियना स्थितिसत्कर्म जेटलुं, ते पछी वळी तेटला स्थितिखंडो गये त्रीन्द्रियना स्थितिसत्कर्म जेटलुं, तेमांथी पण तेटला स्थितिखंडो गये द्वीन्द्रियना स्थितिसत्कर्म जेटलुं, तेमांथी पण तेटला स्थितिखंडो गये एकेन्द्रियना स्थितिसत्कर्म जेटलुं, तेमांथी पण तेटला स्थितिखंडो गये पल्योपमना असंख्येयभागप्रमाण (एकेन्द्रियना स्थितिसत्कर्म प्रमाण पछी तेटला स्थितिखंडो गये छते पल्योपममात्र स्थितिसत्कर्म थाय छे, आ चूर्णिकार महाराजानुं कथन छे. पंचसंग्रहकारना कथन प्रमाणे तो पल्योपमसंख्येयभागप्रमाण] स्थितिसत्कर्म थाय छे, तेपछी ते ज्ञणे दर्शनमोहनीयना पण दरेकदरेकनो एकएक संख्यातमोभाग मुकी शेषसर्वनो नाश करे ते पछी वळी ते मुकेला एक संख्येयभागनो एकसंख्यातमो भाग मुकी बाकी विनाश करे ए प्रमाणे हजारो स्थितिघातो थायछे. त्यारपछी मिथ्यात्वना असंख्याताभागोनो खंड करे, अने सम्यक्त्व तथा मिश्रमोहनीयना संख्याताभागोनो खंड करे, आ प्रमाणे घणा स्थितिखंडो गये छते मिथ्यात्वनुं दळियुं आवलिकामात्र थयुं, अने सम्यक्त्व तथा मिश्रमोहनीयनुं पल्योपमना असंख्यातमा भागप्रमाण थयुं मिथ्यात्व सम्बन्धी खंडन कराता आ स्थितिखंडो सम्यक्त्व अने मिश्रमोहनीयमां प्रक्षेप करे, मिश्रना होय ते सम्यक्त्वमोहनीयमां अने सम्यक्त्वमोहनीयना नीचेना पोताना स्थानमां हवे आवलिकामात्र जे मिथ्यात्वनुं दळीयुं रह्युं हतुं ते स्तिबुक संक्रमे सम्यक्त्वमोहनीयमां प्रक्षेप करे. त्यारपछी सम्यक्त्व अने मिश्रमोहनी-

करे, आ सात प्रकृति क्षय पाम्ये छते ते जीव कृतकरण[1] कहेवाय छे ॥ २० ॥ पूर्वे बांधेला आयुष्यवाळो जीव क्षपकश्रेणिनो प्रारंभ करनार जो अनन्तानुबन्धिनो क्षय कर्याबाद आयुष्यनो अन्त आववाथी (क्षपकश्रेणिथी) निवृत्ति पामे छे ॥२१॥ तो ते अनन्तानुबन्धिने उत्पन्न करवामां बीजभूत एवा मिथ्यात्वनो विनाश नहि थयेलो होवाथी मिथ्यात्वनो उदय थतां पुनः अनन्तानुबन्धिनो बंध (उपार्जन) करे छे ॥ २२ ॥ अने मिथ्यात्वरूप बीज क्षय पाम्ये छते पुनः अनन्तानुबन्धिनो बंध (उत्पत्ति) थइ शकती नथी, कारणके वृक्षनुं बीज बळी गये छते

1 सम्यक्त्वमोहनीयनो क्षय करतां ज्यारे सम्यक्त्वमोहनीयनी सत्ता ८ वर्ष प्रमाण रहे त्यारे ते जीव निश्चयनयथी " दर्शनमोहनीयक्षपक कहेवाय अने सम्यक्त्वमोहनीयनो अन्त्यखंड उकेरे ते वखते " कृतकरण कहेवाय. ए कृतकरण काळमां वर्ततो जीव मरण पामी चारे गतिमां जइ त्यां क्षायिकसम्यक्त्व पामे माटे क्षायिकसम्यक्त्व पामवानी क्रियाओनो प्रारंभक मनुष्यज होय ने सम्यक्त्वमोहनीयना दलीयानो सर्व क्षय करी क्षायिकसम्यक्त्व पामनार ( क्रियानिष्ठापक ) चारे गतिना जीवो होय.

थना असंख्याता भागो [खंड] करे, एक भाग अवशेष रहे, ते पछी ते एक भागना पण असंख्याता भागो खंडे एक बाकी राखे. ए प्रमाणे केटलाक स्थिति खंडो गये छते मिश्रमोहनीय आवलिकामात्र थयुं. अने ते वखते सम्यक्त्वमोहनीयनुं स्थितिसत्कर्म आठ वर्षप्रमाण रहे छे. निश्चयनयमते आ वखते सकलविघ्नना विनाश थवाथी दर्शनमोहनीयनो क्षपक कहेवाय छे, त्यारबाद सम्यक्त्वमोहनीयनुं अन्तमुहूर्त प्रमाण स्थितिखण्ड उकेरे, अने तेनुं दलिक तो उदयसमयथी आरंभी प्रक्षेप करे, मात्र उदयसमये सर्वस्तोक, तेनाथी बीजे समये असंख्यातगुण त्रीजे समये तेनाथी पण असंख्यातगुण, ए प्रमाणे यावत् गुणश्रेणिनुं शिखर आवे त्यांसुधी कहेता जवुं. तेथी आगळ विशेषहीन विशेषहीन कहेवुं. यावत् चरमस्थिति आवे आ प्रमाणे अन्तरमुहूर्तप्रमाणवाळा पूर्वपूर्वकरता असंख्याता गुणा अनेक स्थितिखण्डोने उकेरे अने निक्षेप करे ते यावत् द्विचरम ( उपान्त्य ) स्थितिखण्ड आवे त्यांसुधी उकेरे अने निक्षेप करे उपान्त्यस्थिति खण्ड करता चरमखण्ड असंख्येयगुण जाणवुं, (कम्मपयडीमां उपान्त्य स्थितिखण्ड करता चरम स्थितिखण्ड संख्यातगुण कहेल छे.) अने चरम ( छेल्लो ) स्थितिखण्ड उकेर्ये छते ते क्षपक 'कृत करण' थयो ए प्रमाणे कहेवाय आ कृतकरणना काळमां वर्ततो कोइक जीव काल पण करे अने चारे गतिपकीनी कोइपण गतिमां उत्पन्न थाय, प्रथम ते जीव शुक्ललेश्यामां हतो. काळमां तो ते कोइपण लेश्याने पामे तेज कारणथी आ क्षपकश्रेणिनो प्रस्थापक

अंकुरो फुटतो नथी ॥ २३ ॥ पूर्वे बांधेला आयुष्यवाळो सात प्रकृतिनो क्षय कर्यो छे जेणे तेवो जीव अप्रतिपतित परिणाम वाळो छतो जो मरण पामे तो ते निश्चये देवोमांज उत्पन्न थाय छे ॥ २४ ॥ अने पूर्वबद्धायु जीव पडता परिणाम वाळो थयो छतो जो मरण पामे तो विशुद्धिने अनुसारे चारमांनी कोइपण गतिमां जइ शके ॥ २५ ॥ हवे पूर्वबद्धायु जीव होय अने अखंड ( दीर्घ ) आयुष्यवाळो होय ने तेथी जो ते क्षपक जीव मरण न पामे तोपण (ते क्षपक) सात प्रकृतियो क्षय कर्या बाद ( क्षायिक सम्यक्त्व पाम्या बाद ) अवश्य विश्राम पामे आगळ क्षपक-श्रेणि न करे ( अर्थात् ते देशक्षपक कहेवाय ) ॥ २६ ॥ हवे सर्वक्षपक जीव ७ प्रकृतियोनो क्षय करीने त्यारबाद देवायुष्य–नरकायुष्य–ने तिर्यंचायुष्य क्षय करे.

१ जेमे दर्शनसप्तक क्षय कर्यु छे ते “ देशक्षपक ” अने सर्वमोहनीयनो क्षय करे ते “ सर्वक्षपक ”.

२ ए ३ आयुष्य बंधायां नथी तोपण आयुष्य बंधनी योग्यता टाळे ए हेतुथी ३ आयुष्यनो क्षय आठमे गुणठाणे करे एम कहेवाय.

( प्रारंभक ) मनुष्य होय अने निष्ठापक चारे गतिमां पण होय छे, कह्युं छे के ''पट्ठवगो उ मणूसो निट्ठवगो होइ चउसु वि गईसु'' अहीं आटलुं विशेष समजवानुं छे के—जो क्षपकश्रेणिना प्रारंभ पूर्वे बद्धायु ( आयुष्य बांध्यु होय अने ) क्षपकश्रेणि आरंभे अने अनन्तानुबन्धिनो क्षय थया पछी तुरतज मरण थवाथी कदाच अटकी जाय तो कदाचित् अनन्तानुबन्धिना बीजरूप मिथ्यात्वनो क्षय न थयेल होवाथी मिथ्यात्वोदये फरी पण अनन्तानुबन्धि-ओने उपचय ( एकठा ) करेछे. अने मिथ्यात्व क्षय पाम्युं होयतो मिथ्या-त्वबीजनो अभाव थवाथी अनन्तानुबन्धिओनो उपचय करतो नथी, जेनुं सप्तक ( ४ अनन्तानुबन्धि ३ दर्शनमोहनीय ) क्षय पाम्युं छे तेवो जीव अप्रति-पतित ( नहि पडवाइ ) परिणामी छतो अवश्य देवलोकमां उपजे. अने प्र-तिपतित परिणामी छतो भिन्न भिन्न परिणामोनो संभव होवाथी परिणामने अनुसारे कोइपण गतिमां उत्पन्न थायछे, बद्धायु होवा छतां पण दीर्घआयु होवाथी जो ते वखते काळ न करे तो सप्तक क्षय थये छते निश्चयथी उभो रहे ( अटके ) परन्तु चारित्रमोहनीयनी क्षपणानो आरंभ न करे, पण कोइक जीव उपशमश्रेणि करे, शङ्का क्षायिक सम्यक्त्व पामेलो जीव केटलामे भवे मोक्षे जाय? उत्तर–अबद्धायु चरमशरीरी जीव क्षायिकसम्यक्त्व पामे तो तेज भवे मोक्षे जाय ने, देव अथवा नरकगतिनु आयुष्य बांध्या पछी क्षायिकसम्यक्त्व पामे तो प्रथम भव क्षायिकसम्यक्त्वप्रस्थापक मनुष्यनो, बीजो भव देव अथवा नरकनो अने त्रीजो भव चरमशरीरिपणे मनुष्यनो पामी ते त्रीजे भवे मोक्षे जाय पण

॥ २७ ॥ अने नवमे गुणस्थाने प्रत्याख्यानावरण ४ अने अप्रत्याख्यानावरण ४ ए आठ प्रकृतिनो क्षय करे अने ते आठ अर्धक्षय थतां वचमांज १६ प्रकृतियो खपावे ॥ १६ प्रकृतियो आ प्रमाणे–तिर्यंचगति १–तिर्यंचानुपूर्वी २–नरकगति ३–नरकानुपूर्वी ४–स्थावर ५–सूक्ष्म ६–( ए तिर्यंच–नरक–ने स्थावरनां युगल कहेवाय ) उद्योत ७–तेमज निश्चय आतप ८–स्त्यानर्द्धित्रिक ११ (निद्रानिद्रा–प्रचला प्रचला–ने थीणद्धि)–साधारण १२–विकलेन्द्रिय–त्रिक (द्वीन्द्रिय, त्रीन्द्रिय, चतुरिन्द्रियजाति) १५–ने एकेन्द्रिय जाति–१६ ॥२८–२९॥ " अहिं तिर्यंचयुगल ते तिर्यंचगति अने तिर्यंचानुपूर्वीरूप, नरकयुगल ते नरकगति अने नरकानुपूर्वीरूप, अने

---

पण भव थाय २, असंख्यातवर्षायुष्वाळा तिर्यंच अगर मनुष्यनुं आयुष्य बांध्या पछी क्षायिक सम्यक्त्व पामे ते प्रथम भव (अनिरुद्धअपेक्षाए) स्थापक, बीजे भवे आयु बांधेलुं होवाथी युगलिक थाय, अने युगलिको निश्चये देवगतिमांज जाय माटे त्रीजो भव देवगतिनो अने त्यांथी च्यवी चरमशरीरी मनुष्यपणे उत्पन्न थइ मोक्षे जाय, एटले चार भव थाय, कह्युं छे के–'तइयचउत्थे तंमिय भवम्मि सिज्झंति दंसणे खीणे। जं देवनिरयसंखाउ चरिमदेहेसु ते हुंति ॥१॥' शंका—क्षायिकसम्यग्दृष्टि कृष्णनुं पांचमा भवमां मोक्षगमन संभळाय छे, तेथी पांचभवो कहेवा जोइये, ते पांचभवो आ प्रमाणे–कृष्णवासुदेवरूप मनुष्यभवमां क्षायिकसम्यक्त्व पाम्या ते प्रथमभव १. नरकायु बांधेलुं होवाथी नरकोत्पत्ति ए बीजो भव २. नरकभवमांथी च्यवी मनुष्यमां उत्पन्न थशे ए त्रीजो भव ३. मनुष्यमां आराधना करी पांचमा देवलोके उपजशे ए चोथो भव ४. त्यांथी च्यवी अमम नामना बारमा तीर्थंकर थशे ए पांचमो भव ५. आज प्रमाणे आगममां वर्णवेल दुःप्रसह आचार्य विगेरे जीवोने क्षायिकसम्यक्त्व पण आ रीतेज [चारभवनो नियम न राखीये छते ज] घटी शके छे. उत्तर–चार भव सुधीनो नियम वर्णव्यो छे ते बहुलताये समजवो, माटेज कृष्ण दुःप्रसह सूरि विगेरेना दृष्टान्तोमां दोषापत्ति नथी,

हवे अबद्धायु छतो जो क्षपकश्रेणिनो प्रारंभ करे तो समक्त क्षय थये छते निश्चये चालता विशुद्धपरिणामथी नहि विराम पाम्यो छतो ज संपूर्ण क्षपकश्रेणि पूर्णकरनार होवाथी चारित्र मोहनीय खपाववा प्रयत्न करे छे, चारित्रमोहनीयनी क्षपणा करवा प्रयत्न करनार जीव पूर्वे बताव्या स्वरूपवाळा यथाप्रवृत्तकरण १, अपूर्वकरण २, अने अनिवृत्तिकरण ३, ए त्रणे करणो करे छे, मात्र विशेष ए छे के अहीं यथाप्रवृत्तकरण अप्रमत्त ( ७ मे ) गुणस्थानके, अपूर्वकरण अपूर्वकरण ( ८ मे ) गुणस्थानके, अने अनिवृत्तिकरण अनिवृत्तिकरण बादर संपराय [ ९ मे ] गुणस्थानके जाणवुं, हवे प्रथम अपूर्वकरणमां अप्रत्याख्यानावरणीय अने प्रत्याख्यानावरणीय ए कषायाष्टकरूप आठ चारि-

स्थावरयुगल ते स्थावर अने सूक्ष्म नाम कर्म ए प्रमाणे जाणवुं, " जेम अर्धी बा-ळीनाखेला छे इन्धन (लाकडा) जेणे एवो अग्नि बीजां काष्ठने पामीने तेने प्रथम बाळी नाखे तेम क्षपक जीव पण अहिं ( ८ प्रकृतियोना क्षयनी ) वचमांज पूर्वोक्त बीजी १६ प्रकृतियोनो क्षय करे छे ॥३०॥ अने त्यारबाद क्षय करतां बाकी रहेला आठ कषायोनो क्षय करी अनुक्रमे नपुंसकवेद–स्त्रीवेद–हास्यादि ६–अने पुरुषवेदनो क्षय करे छे ॥३१॥ ए सिद्धान्तमत कह्यो, अने केटलाएक आचार्यो तो एम कहे छे के-"१६ प्रकृतियोनेज प्रथम खपाववा मांडे ते दरम्यानमां (वच्चे) फक्त आठ कषायोने खपावे अने त्यारबाद ( अवशिष्ट ) १६ प्रकृतियोनो क्षय करे " ए प्रमाणे कर्मग्रन्थनी वृत्तिमां कह्युं छे.

अमोहनीयने स्थितिघातादिवडे तेवुं अने तेवीरीते खपावे के जेथी अनि-वृत्तिकरणना प्रथमसमये पल्योपमना असंख्यातमा भाग जेटली स्थितिवाळुं ते थाय छे, त्यारबाद अनिवृत्तिकरणकाळना संख्यात भागो गये छते उद्वलना सं-क्रमणे उद्वलन करातो स्त्यानर्द्धित्रिक ३, ( स्त्यानर्धि, निद्रानिद्रा, प्रचलाप्रचला) नरकगति ४, नरकानुपूर्वी ५ तिर्यग्गति ६ तिर्यगानुपूर्वी ७ जातिचतुष्क ११ ( एकेन्द्रिय. द्वीन्द्रिय, त्रीन्द्रिय, अने चतुरिन्द्रियजाति ) स्थावर १२ आतप १३ उद्योत १४ सूक्ष्म १५ साधारण १६ ए सोळ प्रकृतिओनी स्थिति पण प-ल्योपमना असंख्यातमा भागप्रमाण थइ. पछी ते सोळे प्रकृतिओ दरेकसमये समये बंधाती प्रकृतिओमां गुणसंक्रमे प्रक्षेप करातो प्रक्षेप करातो संपूर्ण क्षय पामे छे. अहीं पहेलेथी खपाववाने आरंभेलुं कषायाष्टक हजुसुधी क्षय पाम्युं नथी, मात्र तेनो वचमांज आ सोळ प्रकृतिओ खपावी ! त्यारबाद हवे अन्तर्मुहूर्तका-ळे ते कषायाष्टकने संपूर्ण खपावे एटले के अनिवृत्तिकरणनो एक संख्यातमो भाग बाकी रह्ये पूर्वोक्त सोळे प्रकृतिओ संपूर्ण क्षय थइ, अने त्यारबाद कषायाष्टक पण संपूर्ण क्षय पामे छे, बीजा आचार्यो कहे छे के सोळप्रकृति-खपाववानो प्रथमज शरुआत करे अने वचगाळे कषायाष्टक खपावे अने पछी शेष सोळ प्रकृतिओनी क्षपणा पूरी करे. त्यारबाद अन्तर्मुहूर्तकाळे नव नो-कषाय अने चार संज्वलनकषायनुं अन्तकरण करी उपरनी स्थितिनुं नपुंसकवेदनुं दलीयुं उद्वलनविधिये खपाववा शरुआत करे, अन्तर्मुहूर्तकाळे ते नपुंसकवेदनुं दलीयुं पल्योपमना असंख्यातमा भागप्रमाण स्थितिवाळुं थयुं त्यारथी मांडीने बंधाती प्रकृतिओमां गुणसंक्रमे करी ते दलीयुं प्रक्षेप करे, आ प्रमाणे प्रक्षेप करता करता अन्तर्मुहूर्ते ते संपूर्ण क्षय पाम्युं हवे जो नपुंसकवेदे श्रेणिये चढ्यो होय तो नीचेनी स्थितिनुं ( आवलिका मात्र ) दलीयुं भोगवीने क्षय करे अने अन्य वेदे श्रेणि आरंभी होयतो ते आवलिकाप्रमाण दलीयुं छे अने ते स्तिबुकसंक्रमे वेदाती प्रकृतिओमां संक्रमावे आ प्रमाणे संपूर्ण नपुंसकवेद-

क्रमः पुंस्यारम्भकेऽयं, स्त्री तु क्षपयति क्रमात्, । क्लीब-पुंवेदहास्यादिषट्कं स्त्रीवेदमेव च ॥ ३२ ॥ क्लीबस्त्वारम्भको नूनं, स्त्रीवेदं प्रथमं क्षिपेत् । पुंवेदं हास्यषट्कं च, नपुंवेदं ततः क्रमात् ॥ ३३ ॥ ततः संज्वलनक्रोधमानमायाश्च सोऽन्तयेत् । ततः संज्वलनं लोभं, क्षपयेद्दशमे गुणे ॥ ३४ ॥ लोभे च मूलतः क्षीणे, निस्तीर्णो मोहसागरम् । विश्राम्यति स तत्रान्तर्मुहूर्त्तं क्षपको मुनिः ॥ ३५ ॥ तथोक्तं भाष्ये ॥ "खीणे खवगनियंठो वीसमए मोहसागरं तरिउं । अंतोमुहुत्तमुदहिं, तरिउं थाहे

नो क्षय थयो. त्यारबाद अन्तर्मुहूर्तकाले आज क्रमे करीने स्त्रीवेद पण खपावाय छे, त्यारबाद हास्यषट्कने समकाळे खपाववानी शरुआत करे त्यारथी मांडीने ते हास्यादिनुं उपरनी स्थितिनुं दलीयुं पुरुषवेदमां न संक्रमावे पण संज्वलनक्रोधमां संक्रमावे, आ पण छये नोकषायो पूर्वोक्तविधिये संज्वलनक्रोधमां नाखता ( संक्रमावता ) अन्तर्मुहूर्तकाले संपूर्ण क्षय पाम्या, तेज समये पुरुषवेदना बन्ध-उदय-उदीरणाओनो व्यवच्छेद थाय, अने समयन्यून बे आवलिकामां बांधेल दलीयुं मूकीने बाकीना दलीयानो क्षय थाय. एटले ते अवेदी थाय. पुरुषवेदे श्रेणि अंगीकार करनारने आ प्रमाणे जाणवुं नपुंसकवेदे श्रेणिप्रारंभे तो पहेला स्त्रीवेद अने नपुंसकवेदने समकाले खपावे, स्त्रीवेद नपुंसकवेदना क्षयनी साथे पुरुषवेदनो बन्धादित्रय व्यवच्छेद थाय, त्यारबाद अवेदी थयो छतो पुरुषवेद अने हास्यादिकषट्कने एकसाथे खपावे. जो स्त्रीवेदे श्रेणि प्रारंभे तो पहेला नपुंसकवेदने त्यारपछी स्त्रीवेदने खपावे, अने स्त्रीवेदना क्षयनी साथेज पुरुषवेदना बन्धादि व्यवच्छेद पामे, अने ते पछी अवेदी थको पुरुषवेद अने हास्यादिषट्कने एकसाथे खपावे, आटलो प्रासंगिक विचार कर्या पछी, पुरुषवेदे क्षपकश्रेणि पामेलाने उद्देशीने प्रस्तुत विचार करीये छीये, हवे संज्वलनक्रोधने वेदता छता ते क्रोधना कालना त्रण विभागो थाय १ अश्वकर्णकरणाद्धा. २ किट्टिकरणाद्धा, ३ किट्टिवेदनाद्धा. तेमां अश्वकर्ण करणाद्धामां वर्ततो चारे पण संज्वलनकषायोनी अन्तरकरणथी उपरनी स्थितिमां दरेक समये अनन्ता अपूर्व स्पर्धको करे छे, वली आ अश्वकर्णकरणाद्धामां वर्ततो पुरुषवेदने पण समयन्यून बे आवलिकाकाले गुणसंक्रमे करी संज्वलनक्रोधमां संक्रमावतो चरमसमये सर्व संक्रमे संक्रमावे छे, अने तेथी सर्व पुरुषवेद क्षय पाम्यो एटले हवे अश्वकर्णकरणाद्धा पूर्ण थये किट्टीकरणाद्धामां प्रवेश करे छे, त्यां रह्यो छतो चारे पण संज्वलनोना उपरनी स्थितिना दलीयानी किट्टीओ बनावे छे.

जहा पुरिसो ॥३६॥ " (क्षीणे क्षपकनिर्ग्रंथः विश्राम्यति मोह-सागरं तीर्त्वा । अन्तर्मुहूर्त्तमुदधिं तीर्त्वा स्ताघे यथा पुरुषः ॥) (सा०२३५) गतोऽथ द्वादशे क्षीणकषायाख्ये गुणेऽसुमान । निद्रां च प्रचलां चास्यान्तयेदन्त्यादिमक्षणे ॥ ३७ ॥ पञ्च ज्ञानावरणानि,-चतस्रो दर्शनावृतीः । पञ्च विघ्नांश्च क्षणेऽन्त्ये. क्षपयित्वा जिनो भवेत् ॥ ३८ ॥ एवं च ॥ अष्टचत्वारिंशदाढ्यं शतं प्रकृतयोऽत्र याः । सत्तायामभवंस्तासु, षट्चत्वारिंशतः क्षयात् ॥ ३९ ॥ द्व्याढ्यं शतं प्रकृतयोऽवशिष्टा दशमे गुणे । क्षीणमो-

---

ते किट्टीओ वास्तविकरीते अनन्त छतां पण स्थूलजातिभेदनी अपेक्षाये पहेली बीजी अने त्रीजी ए प्रमाणे एक एक कषायनी त्रण त्रण कल्पवी एटले चारे कषायनी मळीने बार किट्टीओ कल्पायछे आ प्रमाणे क्रोधोदये श्रेणि अंगीकार करनारने जाणवुं. ज्या-रे माने श्रेणि अङ्गीकार करे त्यारे उद्वलनाविधिये क्रोधनो क्षय कर्ये छते त्रण कषाय ( मान, माया, अने लोभ) नी पूर्वक्रमे नव किट्टीओ करे छे, अने जो मायाये श्रेणि अंगिकार करे तो क्रोध अने मान बेउ कषायो उद्वलनाविधिये खपाव्ये छते माया अने लोभ ए बेनी पूर्वक्रमे छ किट्टीओ करेछे, अने जो लोभे श्रेणि अंगीकार करे तो उद्वलनाविधिये क्रोध मान अने माया ए त्रणने खपाव्ये छते एकला लोभनी त्रण किट्टीओ करे छे. आ प्रमाणे किट्टीकरवानो विधि जाणवो. किट्टीकरणाद्धा पूर्ण थये छते क्रोधे श्रेणि अंगीकार करी होय तो क्रोधनुं बीजीस्थितिमा रहेलु प्रथम किट्टीनुं दलीयुं खेंचीने प्रथम स्थिति रूप करे अने वेदे, ते यावत् समयाधिक एक आवलिकामात्र शेष रहे त्यांसुधी, त्यारबाद अनन्तरसमये बीजी स्थितिमां रहेलु बीजी किट्टीनुं दलीयुं खेंचीने प्रथमस्थिति बनावे अने वेदे, ते पण यावत् समयाधिक आवलिकामात्र शेष रहे त्यांसुधी. त्यारबाद वळी अनन्तरसमये बीजीस्थितिमां रहेलु त्रीजी किट्टीनुं दलीयुं खेंचीने प्रथमस्थिति बनावे अने वेदे यावत्, समयाधिक आवलिकामात्र शेष रहे त्यांसुधी, वळी आ त्रणे किट्टीवेदनाद्धाओमां उपरनी स्थितिनुं दलीयुं प्रतिसमय असंख्येयगुणवृद्धि स्वरूपवाळा गुणसंक्रमे करीने संज्वलनमानमां प्रक्षेप करे, अहीं हवे त्रीजी किट्टीवेदनाद्धाना चरमसमये संज्वलनक्रोधना बन्ध उदय उदीरणाओनो समकाळे व्यवच्छेद थाय छे, अने क्रोधनुं सर्व सत्ताकर्म पण मानमां नांख्युं (संक्रमाव्युं) होवाथी समयन्यून बे आवलिकाबद्ध प्रमाण मुकीने बीजुं नथी, त्यारबाद अनन्तरसमये माननुं बीजी स्थितिमां रहेलुं प्रथमकिट्टीनुं दलीयुं खेंचीने प्रथमस्थिति करे अने वेदे, यावत्

हृद्विचरमक्षणावध्येकयुक् शतम् ॥ ४० ॥ सत्तायां नवनवतिः, क्षीणमोहान्तिमक्षणे । चतुर्दशक्षयादत्र, पञ्चाशीतिः सयोगिनि ॥ ४१ ॥ ततोऽयोगिद्विचरमक्षणे द्वासप्ततिक्षयः । अयोगिनः क्षणेऽन्त्ये च, शेषत्रयोदशक्षयः ॥ ४२ ॥ अत्र भाष्यं—
" आवरणक्खयसमए, निच्छइयनयस्स केवलुप्पत्ती । तत्तोऽणंतरसमए, ववहारो केवलं भणइ ॥ ४३ ॥ " ( आवरणक्षयसमये नैश्चयिकनयस्य केवलोत्पत्तिः । ततोऽनन्तरसमये व्यवहारः केवलं भणति) (सा० २३६) क्षपकश्रेणिस्थापना । (इति द्वादशं ) ॥ १२ ॥

अन्तर्मुहूर्तसुधी क्रोधना पण बन्धनादिनो व्यवच्छेद थये छते क्रोधनुं दलीयुं समयोन बे आवलिकाप्रमाण काले गुणसंक्रमे करी संक्रमावतां चरमसमये सर्व संक्रमे करी मानमां संक्रमावे, पछी हवे क्रोधनो सर्वथा क्षय थयो. हवे माननुं पण प्रथम स्थितिरूप बनाव्युं जे प्रथमकिट्टीनुं दलीयुं ते पण वेदातुं वेदातुं समयाधिक आवलिकामात्र शेष थयुं, त्यारबाद अनन्तरसमये माननुं बीजीस्थितिमां रहेलुं बीजी किट्टिनुं दलीयुं खेंचीने प्रथमस्थिति बनावे अने वेदे, ते यावत्समयाधिक एक आवलिकाप्रमाण शेष रहे त्यांसुधी, त्यारबाद अनन्तरसमयमां बीजी स्थितिमां रहेलुं त्रीजी किट्टीनुं दलीयुं खेंचीने प्रथमस्थिति बनावे अने वेदे, ते पण त्यांसुधी जाणवुं के यावत् समयाधिक एक आवलिका शेष रहे, तेज समये मानना बन्ध उदय उदीरणानो समकाले व्यवच्छेद थाय अने ते वखते बीजुं बधु मायामां प्रक्षेप करेल होवाथी माननुं सत्कर्म पण समयोन आवलिकाद्विकमां बद्ध प्रमाण होय छे, त्यारबाद मायानुं बीजीस्थितिमां रहेलुं प्रथम किट्टीनुं दलीयुं खेंचीने प्रथम स्थिति बनावे अने वेदे, यावत् अन्तर्मुहूर्तसुधी माननां पण बन्धनादिनो व्यवच्छेद थये छते ते [ मान ] नुं दलीयुं समयोन बे आवलिकाप्रमाण काले करी गुणसंक्रमवडे मायामां प्रक्षेपे, मायानुं पण प्रथमस्थितिरूप करेलुं जे बीजीस्थितिमांनुं प्रथम किट्टीनुं दलीयुं ते वेदातुं छतुं समयाधिक आवलिकाशेष प्रमाण थयुं, त्यारबाद अनन्तरसमये मायानुं बीजी स्थितिमां रहेलुं बीजी किट्टीनुं दलीयुं खेंचीने प्रथमस्थिति करे अने वेदे, ते पण समयाधिक आवलिका शेष रहे त्यांसुधी जाणवुं, त्यारबाद वली अनन्तरसमये बीजी स्थितिमां रहेलुं त्रीजी किट्टिनुं दलीयुं पण खेंचीने प्रथमस्थिति करे अने वेदे, ते यावत् समयाधि-

अर्थ–क्षपकश्रेणि प्रारंभक पुरुषनो ए अनुक्रम कह्यो, अने श्रेणि आरंभक स्त्री होयतो अनुक्रमे नपुंसकवेद–पुंवेद–हास्यादि–६ अने स्त्रीवेद खपावे छे ॥३२॥ अने नपुंसक जीव क्षपकश्रेणिनो आरंभक होय तो निश्चयथी प्रथम स्त्रीवेद खपावे, अने त्यारबाद अनुक्रमे पुंवेद–हास्यादि–६ अने नपुंवेद खपावे ॥३३॥ त्यारबाद ते क्षपक जीव (त्रण वेदमांनो कोइपण क्षपकजीव नवमे गुणठाणे) संज्वलन-क्रोध–संज्वलनमान ने संज्वलनमायानो क्षय करे, अने त्यारबाद दशमे गुणठाणे संज्वलनलोभनो (अनुक्रमे) क्षय करे ॥३४॥ हवे लोभ समूळगो (सर्वथा) क्षय थये छते

१ श्रीमद् [illegible] उपाध्यायकृत कर्मप्रकृति टीकामां तो कह्युं छे के–श्रेणिआरंभक स्त्री होय तो प्रथम नपुंसकवेद, त्यारबाद स्त्रीवेद खपावे, अने त्यारबाद पुरुषवेद ने हास्य षट्कनो समकाळे क्षय थाय.

२ पुनः एज टीकामां कह्युं छे के–श्रेणिप्रारंभक नपुंसक होय तो प्रथम स्त्रीवेद ने नपुंसकवेदनो समकाळे क्षय करे, अने त्यारबाद पुरुषवेद ने हास्य षट्कनो समकाळे क्षय करे.

क आवलिकामात्र शेष रहे त्यांसुधी जाणवुं, तेजसमये मायाना बन्ध उदय उदीरणानो समकाळे व्यवच्छेद थाय छे. मायानुं सत्तागत कर्म पण समयोन आवलिकाद्विकबद्ध मात्रज रह्युं, बाकीनुं सर्व गुणसंक्रमे लोभमां प्रक्षेप्युं (संक्रमाव्युं) त्यारबाद अनन्तरसमये लोभनुं बीजी स्थितिमां रहेलुं प्रथमकिट्टीनुं दलीयुं खेंचीने प्रथमस्थितिरूप करे अने वेदे, ते यावत् अन्तर्मुहूर्तसुधी जाणवुं. संज्वलनमायाना बन्धादि व्यवच्छेद कर्ये छते मायानुं सर्व दलीयुं समयोन बे आवलिकाप्रमाण काले गुणसंक्रमे करी लोभमां संक्रमावे. लोभनुं प्रथमस्थिति रूप करेलुं प्रथमकिट्टीनुं दलीयुं वेदातुं छतुं समयाधिक आवलिकामात्र शेष थयुं त्यारबाद अनन्तरसमये बीजीस्थितिमां रहेलुं लोभनुं बीजी किट्टीनुं दलीयुं खेंचीने प्रथमस्थितिरूप बनावे अने वेदे, हवे ते वेदतो छतो त्रीजी किट्टीना दलीयाने ग्रहण करी सूक्ष्म किट्टीओ बनावे, ते यावत प्रथम स्थितिरूप करेला बीजी किट्टीना दलीयानो समयाधिक आवलिकामात्र शेष रहे तेजसमये संज्वलन लोभनो बन्ध व्यवच्छेद १, बादरकषायना उदय उदीरणानो व्यवच्छेद२, अने अनिवृत्तिबादर संपराय नामना नवमा गुणस्थाननो व्यवच्छेद३. ए सर्व समकाळे थायछे, त्यारबाद अनन्तरसमये बीजीस्थितिमां रहेला सूक्ष्मकिट्टीना दलीयाने प्रथमस्थितिरूप करे अने वेदे, तेवखते ते सूक्ष्मसंपराय कहेवाय छे, अहीं पूर्वे कहेली बीजी किट्टीनी बाकी रहेली सर्व आवलिकाओ पण वेदाती पर प्रकृतिओमां स्तिबुक संक्रमे संक्रमावे, यथायोग्यपणे पहेली किट्टीनी आवलिकाओ बीजी किट्टीमां अने बीजीकिट्टीनी आवलिकाओ त्रीजी किट्टीमां अन्तर्गतपणे भोगवाय छे, लोभनी सूक्ष्म किट्टीओने वेदतो सूक्ष्म संपरायी

मोहसमुद्रने तरी गयेलो एवो ते क्षपकमुनि अन्तर्मुहूर्तसुधी त्यांज (एटले १२ मे गुणस्थाने) विश्राम ले छे (कोइपण प्रकृति क्षय करतो नथी) ॥३५॥ (विशेषावश्यक) भाष्य (गा० १३३२)मां कह्युं छे के–"(लोभाणु मात्रनो पण सर्वथा) क्षय थये क्षपकनिर्ग्रंथ (थयेला मुनि) मोहसमुद्र तरीने अन्तर्मुहूर्त विश्राम पामे, जेम (बाहुवडे) समुद्र तरीने थागजलमां (दींचण प्रमाण जलमां आवेलो कोइक तारक) पुरुष विश्राम ले छे तेम" ॥ ३६ ॥ हवे बारमा क्षीणकषाय नामना गुणस्थाने गयेलो जीव ते गुणस्थानना उपान्त्य समये निद्रा अने प्रचलानो क्षय करे ॥ ३७ ॥ अने अन्त्यसमये ५ ज्ञानावरण–४ दर्शनावरण–अने ५ अन्तरायनो क्षय करी जिन सर्वज्ञ थाय ॥ ३८ ॥ ए प्रमाणे

बीथ समयोन आवलिकाद्विकमां बद्ध सूक्ष्मकिट्टीना दलीयाने प्रतिसमय स्थितिघातादिवडे त्यांसुधी खपावे के यावत् सूक्ष्मसंपरायकाळना संख्याता भागो जाय, एक भाग अवशेष रहे. त्यारबाद ते संख्यातमा भागमां संज्वलन लोभने सर्वापवर्तनाये अपवर्तन करी सूक्ष्मसंपरायना काळनी समान समाये, ए सूक्ष्मसंपरायनो काल हजी पण अन्तर्मुहूर्तप्रमाण छे, त्यारथी मांडीने लोभना स्थितिघात विगेरे निवृत्त थया, बाकीना कर्मना तो प्रवर्तेज छे. हवे ते लोभनी अपवर्तन करेली स्थितिने उदय अने उदीरणावडे वेदतो यावत् समयाधिक आवलिकामात्र शेष रहे त्यां सुधी जाय, त्यारबाद अनन्तरसमये लोभनी उदीरणा अटकी एटले केवळ उदयवडेज लोभनी स्थितिने वेदे यावत् चरम समय आवे ते छेल्लासमये पांच ज्ञानावरणीय–५, चारदर्शनावरणीय–४, पांच अन्तराय–५, यशःकीर्ति–१, उच्चैर्गोत्र–१ ए सोळ प्रकृतिओना बन्धनो व्यवच्छेद तथा मोहनीयकर्मना उदय अने सत्तानो पण व्यवच्छेद थाय, अहीं लोभनो संपूर्ण पणे क्षय कर्ये छते अनन्तरसमये क्षीणकषाय थाय छे हवे ते क्षीणकषायीने मोहनीयवर्जीने बाकीना कर्मोना स्थितिघात विगेरे पूर्वनी माफक प्रवर्ते छे, ते यावत् क्षीणकषायाद्धाना संख्याता भागो जता सुधी, एक संख्यातमो भाग बाकी रहे छे, ते संख्यातमा भागमां पांच ज्ञानावरणीय चार दर्शनावरणीय पांच अन्तराय अने बे निद्रा ए सोळप्रकृतिओनुं स्थितिसत्कर्म सर्वापवर्तनाये अपवर्तन करी क्षीण कषायाद्धानी समानस्थिति बनावे कर्मत्वनी अपेक्षाये तुल्य छतां मात्र बेनिद्रानुं एक समयन्यून स्थितिसत्कर्म जाणवुं. एटलेके क्षीणमोहना उपान्त्यसमये निद्राद्विकनुं दलीयुं दर्शन चतुष्कमां स्तिबुकसंक्रमे संक्रमावशे अने संक्रम पामतुं दलीयुं कंइक स्वरूप त्याग करे छे जेथी निद्रात्व अने प्रचलात्व रूप पोताना स्वरूपनी अपेक्षाये समयन्यून क्षीणकषायना काळनी सरखी स्थिति कही अने संक्रमना अन्त्यसमयमां चौद प्रकृतिस्वरूप रहीने तेनी साथे निद्राद्विकनो क्षय करशे माटे परप्रकृतिरूप कर्मत्वनी अपेक्षाये तुल्यता कही छे, कम्मपयडीमां कह्युं छे

अहिं जे १४८ प्रकृतियो सत्तामां हती तेमांथी ४६ नो क्षय थवाथी ॥ ३९ ॥ दसमे गुणस्थाने १०२ प्रकृतियो बाकी रही अने ( लोभना क्षयथी ) १२ मा गुणस्थानना उपान्त्य समयसुधी १०१ प्रकृतियो बाकी रही ॥ ४० ॥ अने [पुनः निद्रा २ नो क्षय थतां] क्षीणमोहगुणस्थानना अन्त्य समये सत्तामां ९९ रही, अने १४ नो क्षय थवाथी अहिं सयोगि गुणस्थाने ८५ प्रकृतियो बाकी रही, ॥४१॥ त्यारबाद अयोगि गुणस्थानना उपान्त्य समये ७२ प्रकृतियोनो क्षय थाय अने अयोगिना अन्त्य समये शेष [२]१३ प्रकृतियोनो क्षय थाय. ॥ ४२ ॥ अहिं भाष्यकार महाराजे कह्युं छे के—"निश्चय नये केवळज्ञाननी उत्पत्ति ( विशेषा० भाष्यगा० १३३४) (क्रियाकाळ अने निष्ठाकाळनो अभेद होवाथी) ज्ञानावरणना क्षय समये छे, अने व्यवहार नय कहे छे के ते आवरणना क्षयथी अनन्तर समये केवळज्ञाननी उत्पत्ति छे" ॥४३॥ क्षपकश्रेणिनी स्थापना अहीं जाणवी (आगळ म नावी छे) आ प्रमाणे बारमुं क्षीणमोहवीतरागछद्मस्थ गुणस्थानक जाणवुं.

१ अनन्तानुबन्धि ४-दर्शनमोहनीय ३-आयुष्य ३-स्त्यानर्धित्रिकादि १६-मध्यमकषाय ८-नोकषाय ९-संज्वलन क्रोधादि ३. ए छेतालीश प्रकृति

२ वेदनीय-१ मनुष्यत्रिक-३ पंचेन्द्रिय-१ त्रस-१ सुभग-१ आदेय-१ यश-१ पर्याप्त-१ बादर-१ तीर्थंकर-१-ने उच्चगोत्र-१ ए तेर प्रकृति.

के—अनुदयवती प्रकृतिओने चरमसमये स्तिबुक संक्रमे करी उदयवती प्रकृतिओमां प्रक्षेप करे (संक्रमावे) अने परप्रकृति स्वरूपे भोगवे एटले चरमसमये ते अनुदयवतीनुं दलीयुं स्वस्वरूपे होतुं नथी पण परप्रकृतिस्वरूपे होय छे. एज प्रमाणे आगळ पण अनुदयवती प्रकृतिओनी समयन्यूनता विचारवी ते क्षीणकषायाद्धा बहु पण अन्तर्मुहूर्त प्रमाण जाणवी, हवे त्यारथी मांडीने ते सोळ प्रकृतिना स्थितिघातादि अटक्या बाकीना कर्मना तो प्रवर्ते ज छे, निद्राद्विक हीन ते सोळ कर्म उदय अने उदीरणाथी वेदतो यावत् समयाधिक आवलिकामात्र शेष रहे त्यांसुधी जाय, त्यांथी उदीरणा निवृत्त थइ त्यारपछी आवलिकामात्र काळ सुधी केवल उदये करीनेज भोगवे यावत् क्षीणकषायना काळनो द्विचरम (उपान्त्य) समय आवे ते उपान्त्यसमये निद्राद्विक स्वरूप सत्ताथी क्षय पाम्युं, निद्राद्विकनो उपान्त्यसमये क्षय थवानो हेतु एटलोज के-"उदए पुण खवगाणं चत्तारि उ कंसणावरणे" ए सप्ततिका भाष्यना वचनथी क्षपकश्रेणिमां निद्राद्विकना उदयनो निषेध छे, माटे उपान्त्यसमये निद्राद्विक स्तिबुकसंक्रमे अन्य (दर्शनचतुष्क) मां संक्रमावे एटले स्वरूपसत्ता अपेक्षाये निद्राद्विक क्षय पाम्युं, अने जे उदयवती प्रकृतिओ होय तनो तो प्रथम संक्रम न होवाथी अन्त्यसमयसुधी स्वस्वरूपे दलीयुं देखाय छे, अने निद्राद्विकनुं दलीयुं तो उपान्त्य समये क्षय पाम्युं, माटे ज-

णाय छे के क्षपकश्रेणिमां निद्राद्विकनो उदय नथी, चूर्णिकार पण कहे छे के– "दुचरिमसमये एवं निद्दादुगं खीणं उदयाभावाओ", बाकीनी चौद प्रकृतिओनो चरमसमये क्षय थाय. निश्चयनये ते समये अने व्यवहारनये ते पछीना अनन्तरसमये सर्वस्वरूपे सर्वलोकालोकनुं परिपूर्ण त्रिकालस्वरूप प्रकाशक केवलज्ञान प्रगट थाय एटले सयोगि केवलि गुणस्थान पामे. तात्पर्य एज के–अविरतसम्यग्दृष्टि आदि गुणस्थानो पैकीनो प्रथम ( वज्रर्षभनाराच ) संघयणवाळो सुविशुद्धपरिणामी क्षपकश्रेणिमां चढेलो अनुक्रमे बारमा गुणस्थानना चरम समयसुधीमां सघळी मोहनीय २८. ज्ञानावरणीय–५, दर्शनावरणीय–९. अन्तराय–५. आयु–३, नामकर्मनी–१३. ए प्रमाणे ६३, प्रकृतिओ खपावीने केवलज्ञान पामे, गुणस्थानक्रमारोहमां क्षपकश्रेणिक्रम आप्रमाणे छे–चरमशरीरी चोथे गुणस्थानके नरकायु (संभवतः)क्षय करे, पांचमे तिर्यगायु क्षय करे, सातमे देवायु१, अनन्तानुबन्धि चतुष्क४, अने दर्शनत्रिक ३ ए आठ प्रकृति क्षय करे, आठमे शुक्लध्यानना पहेला पायामां प्रवेश करे,ध्यान विधि विस्तारथी ध्यानशतकवृत्ति विगेरेथी जाणवो, नवमाना पहेले भागे नामकर्मनी १३ अने स्त्यानर्धित्रिक ए सोळ प्रकृति खपावे, बीजे भागे कषायाष्टक, त्रीजे भागे नपुंसकवेद, चोथेभागे स्त्रीवेद, पांचमेभागे हास्यषट्क,छट्ठेभागे पुरुषवेद, सातमेभागे संज्वलनक्रोध, आठमेभागे संज्वलनमान,नवमे भागे संज्वलन मायानो क्षय करे.त्यारबाद बादरलोभने सूक्ष्मरूप बनावी दशमे सूक्ष्मलोभनो क्षय करे, बारमे गुणस्थाने शुक्लध्याननो बीजो पायो ध्यावे बारमाना उपान्त्यसमये निद्राद्विक अने चरमसमये ज्ञानावरणीयादि चौद प्रकृति खपावी केवलज्ञान पामे आव० बृहद्वृत्ति–उत्तरा० बृहद्वृत्ति विगेरेमां आटलो विशेष छे (१) अनन्तानुबन्धिनुं अवशिष्ट दळीयुं मिथ्यात्वमां प्रक्षेप करे, एज प्रमाणे सर्वत्र पूर्वप्रकृतिनुं अवशिष्ट दळीयुं उत्तरप्रकृतिमां संक्रमावे, कार्मग्रन्थिकोना विचार प्रमाणे १ मूलप्रकृतिथी भिन्नप्रकृतिओनु संक्रमण न थाय,२ आयुष्यनुं परस्पर संक्रमण न थाय तथा ३ दर्शनमोहनीय अने चारित्रमोहनीयनुं पण परस्पर संक्रमण न थाय, जेथी चारित्रमोहनीय प्रकृतिरूप अनन्तानुबन्धीनुं दळीयुं दर्शनमोहनीयरूप मिथ्यात्वमां संक्रमावे नहि. (२) जेम पुरुषवेदे श्रेणि अंगीकार कर्यो छते पोतानो पुरुषवेद पाछळथी खपावे तेम नपुंसकवेदे तथा स्त्रीवेदे श्रेणि स्वीकारवामां पाछळथी पोतपोताना वेद खपावे (३) क्षीणमोह बारमा गुणस्थानना उपान्त्यसमये निद्राद्विकनी साथे देवगति विगेरे केटलीक नामकर्मनी प्रकृतिओ पण खपावे छे इत्यादि विशेष स्वरूप प्राचीन ग्रन्थोथी जाणवुं.

॥ इति क्षपकश्रेणिविधिः ॥

卐卐卐卐卐

| [स्थिताः प्रकृतयः] | स्थिति | | स्थाने | [क्षपिताः] |
|---|---|---|---|---|
| ० | अयोगिगुणस्थान | नरत्रिकादित्रयोदश क्ष० | चरमसमये | १४८ |
| १३ | अयोगिगुणस्था | देवद्विकादि द्विसप्तति क्षपयति ७२ | उपान्त्यसमये | १३५ |
| ८५ | क्षीणमोह | ज्ञाना०पंचकं दर्श० चतुष्कं अन्त० पंचकं च क्ष०१४ | चरमसमये | ६३ |
| ९९ | क्षीणमोहद्वादश | निद्रा १८ प्रचला २० क्षप० | गुणस्थानोपान्त्यसमये | ४९ |
| १०१ | सूक्ष्मसंपराय | सं० लोभं क्ष० १७ | गुणस्थानके | ४७ |
| १०२ | नवमगुण | संज्वलनमायां क्षपयति ४६ | स्थाननवमे भागे | ४६ |
| १०३ | नवमगुण | सं० मानं क्ष० ४५ | स्थानाष्टमे भागे | ४५ |
| १०४ | नवमगुण | संज्वलनक्रोधं क्ष० ४४ | स्थानसप्तमे भागे | ४४ |
| १०५ | नवमगुण | पुरुषवेदं क्ष० ४३ | स्थानषष्ठे भागे | ४३ |
| १०६ | नवमगुण | हास्यादिषट्कं क्षपयति ४२ | स्थानपंचमे भागे | ४२ |
| ११२ | नवमगुण | स्त्रीवेदं क्षप० ३६ | स्थानस्य चतुर्थे भागे | ३६ |
| ११३ | नवमगुण | नपुंसकवेदं क्षपयति ३५ | स्थानतृतीये भागे | ३५ |
| ११५ | केचित्तु षोडश | अप्रत्याख्यान—प्रत्याख्यानकषायाष्टकशेषं क्ष० | ३४ द्वितीये | ३४ |
| | प्रकृतिक्षपणा | नरकद्विक, तिर्यग्द्विक, स्थावरद्विक, | भागे नवम- | |
| १२२ | मध्ये कषाया- | उद्योत, आतप, स्त्यानर्द्धित्रिक, साधा- | स्य प्रथमे | २६ |
| | ष्टकं क्षपयति | रण, जातिचतुष्कषोडशकं क्ष० २६ | भागे | |
| | | अप्रत्याख्यान—प्रत्याख्यानकषायाष्टकार्धं क्ष० | | |
| १३८ | अविरतसम्यग्दृष्टि | नरक८तिर्यग्९देवायूंषि१०क्षप० | गुणस्थानादारभ्य संभवतः | १० |
| १४१ | | सम्यक्त्वमो० क्ष०७ | | ७ |
| १४२ | | मिश्रमोहनीयं क्षपयति ६ | | ६ |
| १४३ | | मिथ्यात्वमोहनीयं क्षपयति ५ | | ५ |
| १४४ | | अनन्तानुबन्धिनः क्रोध १ मान २ माया ३ लोभान ४ क्षपयति | | ४ |

॥ क्षपकश्रेण्यारोहक्रमोऽयम् ॥

उभयमीलने १४८ प्रकृतयः अष्टानामपि कर्मणाम् ॥

योगो नामात्मनो वीर्यं, तत्स्याल्लब्धिविशेषतः । वीर्यान्तरायक्षपणक्षयोपशमसंभवात् ॥४४॥ योगो द्विधा सकरणोऽकरणश्चेति कीर्त्तितः । तत्र केवलिनो ज्ञेयदृश्येष्वखिलवस्तुषु ॥४५॥ उपयुञ्जानस्य किल,केवले ज्ञानदर्शने । योऽसावप्रतिघो वीर्यविशेषोऽकरणः स तु ॥४६॥ युग्मम् । अयं च नात्राधिकृतो, योगः सकरणस्तु यः । मनोवाक्कायकरणहेतुकोऽधिकृतोऽत्र सः ॥४७॥ केवल्युपेतस्तैर्योगैः, सयोगी केवली भवेत् । सयोगिकेवल्याख्यं स्याद्, गुणस्थानं च तस्य यत् ॥४८॥ मनोवाक्कायजाश्चैवं, योगाः केवलिनोऽपि हि । भवन्ति कायिकस्तत्र, गमनागमनादिषु ॥ ४९ ॥ वाचिको यतमानानां, जिनानां देशनादिषु । भवत्येवं मनोयोगोऽप्येषां विश्वोपकारिणाम् ॥ ५० ॥ मनःपर्यायवद्भिर्वा, देवैर्वाऽनुत्तरादिभिः । पृष्टस्य मनसाऽर्थस्य, कुर्वतां मनसोत्तरम् ॥ ५१ ॥ द्विचत्वारिंशतः कर्मप्रकृतीनामिहोदयः । जिनेन्द्रस्यापरस्यैकचत्वारिंशत एव च ॥ ५२ ॥ औदारिकाङ्गोपाङ्गे च, शुभान्यखगतिद्वयम् । अस्थिरं चाशुभं चेति, प्रत्येकं च स्थिरं शुभम् ॥ ५३ ॥ संस्थानषट्कमगुरुलघूपघातमेव च । पराघातोच्छ्वासवर्णगन्धस्पर्शरसा इति ॥ ५४ ॥ निर्माणायसंहनने, देहे तैजसकार्मणे । असातसातान्यतरत्, तथा सुस्वरदुःस्वरे ॥ ५५ ॥ एतासां त्रिंशतः कर्मप्रकृतीनां त्रयोदशे । गुणस्थाने व्यवच्छेद, उदयापेक्षया भवेत् ॥ ५६ ॥ भाषापुद्गलसंघातविपाकित्वादयोगिनि । नोदयो दुःस्वरनामसुस्वरनामकर्मणोः ॥ ५७ ॥ शरीरपुद्गलदले विपाकित्वादयोगिनि । शेषा न स्युः काययोगाभावात्प्रकृतयस्त्विमाः ॥५८॥ ततश्च ॥

यशः सुभगमादेयं, पर्याप्तं त्रसबादरे । पञ्चाक्षजातिर्मनुजायुर्गत्यौ ( ती ) जिननाम च ॥ ५९ ॥ उच्चैर्गोत्रं तथा साता-सातान्यतरदेव च । अन्त्यक्षणावध्युदया, द्वादशैता अयोगिनः ॥ ६० ॥ ( इति त्रयोदशं सयोगिकेवलिगुणस्थानम् ) ॥१३॥

अर्थ--हवे सयोगिगुणस्थाननुं स्वरूप कहे छे—योग एटले आत्मानुं वीर्य ते वीर्यान्तरायना क्षय अने क्षयोपशम (अन्तरायकर्मनो औपशमिकभाव थतो नथी) थवाथी उत्पन्न थयेल लब्धिविशेषथी होयछे ॥४४॥ त्यां योग सकरण अने अकरण एम बे प्रकारनो कहेलो छे, तेमां जाणवा योग्य (ज्ञानना विषय) अने देखवा योग्य (दर्शनना विषय) एवा सर्व पदार्थोमां केवळज्ञान अने केवळदर्शननो उपयोग करता एवा केवलीनुं जे आ अप्रतिहत (कोइथी नहि अटकावातु) वीर्यविशेष ते अकरणयोग कहेवाय ॥४५–४६॥ आ (अकरण) योग अहिं (चालु विषयमां) अधिकार करायेलो (उपयोगी) नथी, पण मनवचनने कायाना निमित्तवाळो जे सकरणयोग तेज अहिं अधिकार करायेलो छे ॥ ४७ ॥ ते ( सकरण ) योगवडे सहित जे केवली ते सयोगिकेवलि छे, अने तेमनुं जे गुणस्थान ते पण सयोगिकेवलि नामनुं छे. ॥ ४८ ॥ केवलीने पण मन वचन अने कायाना योगो आ प्रमाणे होय छे, त्यां गमन आगमनादि क्रियामां काययोग होय छे ॥ ४९ ॥ तथा उपदेश देवादिकमां प्रयत्नवाळा जिनेश्वरोने वचनयोग होय छे,अने एज प्रमाणे जगत्ना उपकारी तेओने मनोयोग पण होय छे. ॥५०॥ [ ते आ प्रमाणे ] मनःपर्यवज्ञानीओए अथवा अनुत्तरादि देवोए मनथी पूछेला प्रश्ननो (द्रव्य) मनथी जवाब आपतां ( मनोयोग होय छे ). ॥ ५१ ॥ आ गुणस्थाने ४२ कर्मप्रकृतियोनो उदय जिनेश्वर (तीर्थंकर केवलि)ने अने बीजा सामान्य केवळीने ४१ प्रकृतियोनो ज उदय होय छे ॥ ५२ ॥ औदारिकशरीर १, औदारिकअंगोपांग २, शुभविहायोगति ३, अशुभ विहायोगति ४, अस्थिर ५, अने अशुभ ६, ए प्रमाणे प्रत्येक ७, स्थिर ८, शुभ ९ ॥ ५३ ॥ छ संस्थान १५, अगुरुलघु १६, उपघात १७, पराघात १८, उच्छ्वास १९, वर्ण २०, गंध २१, स्पर्श २२, रस २३, ए प्रमाणे ॥ ५४ ॥ निर्माण २४, वज्रर्षभनाराच संघयण २५, तैजस २६, अने कार्मणशरीर २७, अशाता अथवा शाता बेमांथी कोइपण एक २८, तथा सुस्वर २९, अने दुःस्वर ३०, ॥५५॥ ए ३० प्रकृतियोनो विच्छेद १३ मे गुणस्थाने उदयनी अपेक्षाए (अ-

र्थात् उदयविच्छेद ) थाय छे. ॥ ५६ ॥ ( कारण के दुःस्वर अने सुस्वर नामकर्मनुं ) भाषा पुद्गल समूहसंबंधि विपाकीपणुं होवाथी अयोगि गुणस्थानके सुस्वर अने दुःस्वर नामकर्मनो उदय नथी । ( औदारिकशरीर विगेरे २८ प्रकृतिओनुं ) शरीर पुद्गलसमूहना विपाकीपणुं होवाथी अयोगिगुणस्थाने काययोगना अभावथी बाकीनी (२८) प्रकृतियो पण न होय ॥ ५८ ॥ अने तेथी यश १, सुभग २, आदेय ३, पर्याप्त ४, त्रस ५, बादर ६, पंचेन्द्रियजाति ७, नरायुष्य ८, नरगति ९, अने जिननाम १० ॥५९ उच्चगोत्र ११ तथा शाता के अशातामांथी कोइ एकज ए १२ प्रकृतियो अयोगिकेवलिने अन्त्य समयसुधी उदयमां वर्ते छे. ॥६०॥ आ प्रमाणे तेरमुं सयोगिकेवलि गुणस्थानक जाणवुं. ॥१३॥

नास्ति योगोऽस्येत्ययोगी, तादृशो यश्च केवली । गुणस्थानं भवेत्तस्यायोगिकेवलिनामकम् ॥ ६१ ॥ तच्चैवं ॥ अन्तर्मुहूर्त्तशेषायुः, सयोगिकेवली किल । लेश्यातीतं प्रतिपित्सुर्ध्यानं योगान् रुणद्धि सः ॥ ६२ ॥ तत्र पूर्वं बादरेण, काययोगेन बादरौ । रुणद्धि वाग्मनोयोगौ, काययोगं ततश्च तम् ॥ ६३ ॥ सूक्ष्मक्रियं चानिवृत्ति, शुक्लध्यानं विभावयन् । रुन्ध्यात्सूक्ष्माङ्गयोगेन, सूक्ष्मौ मानसवाचिकौ ॥ ६४ ॥ रुणद्ध्यथो काययोगं, स्वात्मनैव च सूक्ष्मकम् । स स्यात्तदा त्रिभागोनदेहव्यापिप्रदेशकः ॥ ६५ ॥ शुक्लध्यानं समुच्छिन्नक्रियमप्रतिपाति च । ध्यायन् पञ्चह्रस्ववर्णोच्चारमानं स कालतः ॥ ६६ ॥ शैलेशीकरणं याति, तच्च प्राप्तो भवत्यसौ । योगव्यापाररहितोऽयोगी सिद्ध्यस्यसौ ततः ॥६७॥ गत्यानुपूर्व्यौ देवस्य, शुभान्यखगतिद्वयम् । द्वौ गन्धावष्ट च स्पर्शा, रसवर्णाङ्गपञ्चकम् ॥ ६८ ॥ तथा पञ्च

१–२ सुस्वर अने दुःस्वर नामकर्मनो विपाक भाषाद्रव्यनो संहतिना निमित्तथी होय छे, अने काययोग संबन्धि प्रकृतियोनो विपाक शरीरपुद्गलसंहतिना निमित्तथी छे, ते बन्ने अयोगिने नहिं होवाथी तद्विपाकी प्रकृतियोनो पण उदय न होय ए तात्पर्य छे.

बंधनानि, पञ्च संघातनान्यपि । निर्माणं षट् संहननान्यस्थिरं चाशुभं तथा ॥६९॥ दुर्भगं च दुःस्वरं चानादेयमयशोऽपि च । संस्थानषट्कमगुरुलघूपघातमेव च ॥ ७० ॥ पराघातमथोच्छ्वासमपर्याप्ताभिधं तथा । असातसातयोरेकं, प्रत्येकं च स्थिरं शुभम् ॥७१॥ उपाङ्गत्रितयं नीचैर्गोत्रं सुस्वरमेव च । अयोग्युपान्त्यसमये, इति द्वासप्ततेः क्षयः ॥ ७२ ॥ मनुजस्य गतिश्चायुश्चानुपूर्वीति च त्रयम् । त्रसबादरपर्याप्तयशांसीति चतुष्टयम् ॥ ७३ ॥ उच्चैर्गोत्रमथादेयं, सुभगं जिननाम च । असातसातयोरेकं, जातिः पञ्चेन्द्रियस्य च ॥ ७४ ॥ त्रयोदशैताः प्रकृतीः, क्षपयित्वाऽन्तिमे क्षणे । अयोगिकेवली सिद्धयेन्निर्मूलगतकल्मषः ॥ ७५ ॥ मतान्तरेऽत्रानुपूर्वी, क्षिपत्युपान्तिमक्षणे । ततस्त्रिसप्ततिं तत्र, द्वादशान्त्ये क्षणे क्षिपेत् ॥ ७५ ॥ चतुर्दशं १४ ॥

अर्थ- जेने योग नथी ते अयोगि अने तेवा प्रकारना जे केवळी होय तेमनुं जे गुणस्थान ते अयोगिकेवलि नामनुं गुणस्थान छे ॥ ६१ ॥ अने ते आ प्रमाणे-अन्तर्मुहूर्त आयुष्य बाकी रहे त्यारे ते सयोगि केवळी निश्चयथी लेश्या रहीत ( अलेशी ) ध्यान अंगीकार करवानी इच्छावाळा थया छता सर्व योगोने रुंधे छे ॥६२॥ तेमां प्रथम बादर काययोग वडे बादर वचनयोग अने बादर मनोयोगने रोके छे, अने त्यारबाद ते बादर काययोगने रोके छे ॥ ६३ ॥ त्यारबाद सूक्ष्मक्रियाअनिवृत्ति नामना शुक्लध्यानने ध्याता छता सूक्ष्मकाययोग वडे सूक्ष्म मन अने वचन योगने रोके ॥६४॥ अने त्यारबाद पोताना आत्मबळ वडेज सूक्ष्मकाय योगने [१]रुंधे, अने तेथी ते सयोगि केवलि भगवान् ते वखते [२]त्रिभागन्यून (अवगाहनाये)

१ अनुक्रम एवो छे के बादरकाय योगना बळथी अन्तर्मुहूर्तमां बादर वचनयोग रोके; त्यारबाद अन्तर्मुहूर्त स्थिर रहीने पुनः बादर काययोगवडे बादर मनोयोगने अन्तर्मुहूर्तमां रुंधे, ए प्रमाणे दरेक योग अन्तर्मुहूर्त रुंधाय अने वच्चे वच्चे अन्तर्मुहूर्त स्थिर रहे.

२ ए ध्यान समते आत्मप्रदेशोनी अवगाहना $\frac{2}{3}$ [ बे तृतीयांश ] एटले ९ हाथनी होय तो ६ हाथनी थाय. ५०० धनुष्यनी होय तेमांथी एकसो छा-

देहमां व्याप्त आत्मप्रदेशवाळा थाय. ॥६५॥ अने ते अयोगिभगवान् समुच्छिन्न-क्रिया अप्रतिपाती नामे चोथुं शुक्लध्यानने ध्याता छतां काळथी पांच ह्रस्वाक्षरना उच्चार प्रमाण (अ इ उ ऋ ऌ अथवा ङ ञ ण न म ना उच्चार जेटला काळ प्रमाणवाळा ), शैलेशी करणमां जाय अने त्यारबाद ते शैलेशीकरणने प्राप्त थयेला आ अयोगि केवली योग ( मन वचन कायाना ) व्यापारथी रहित थाय छे, अने त्यार पछी अनुक्रमे मोक्ष पामे छे. ॥ ६६-६७ ॥ देवनी गति-१ अने देवानुपूर्वी-२ शुभ अने अशुभ ए बे विहायोगति-४ बे गंध-६ आठ स्पर्श १४ पांच रस-१९-पांच वर्ण २४-पांच शरीर-२९ ॥६८॥ तथा पांच बंधन-३४ पांच संघातन-३९ निर्माण-४० छ संघयण-४६ अस्थिर-४७ अने अशुभ-४८ तथा ॥६९॥ दुर्भग-४९ दुःस्वर-५० अनादेय-५१ ने अयश-५२ तथा छ संस्थान-५८ अगुरुलघु-५९ उपघात-६० ॥ ७० ॥ पराघात-६१ श्वासोच्छ्वास-६२ अने अपर्याप्त-६३ नामकर्म (प्रकृतिओ) तथा अशाता वा शातामांनी एक-६४ प्रत्येक ६५ स्थिर ६६ अने शुभ-६७ ॥७१॥ त्रण उपांग-७० नीचगोत्र-७१ अने सुस्वर-७२ ए ७२ प्रकृतियो अयोगि गुणस्थानना उपान्त्य समये क्षय पामे ॥ ७२ ॥ अने मनुष्यगति-१ मनुष्यानुपूर्वी-२ तथा मनुष्यायुष्य-३ ए त्रण तथा त्रस-४ बादर-५ पर्याप्त-६ ने यश-७ ए चार ॥७३॥ उच्चगोत्र-८ आदेय-९ सुभग-१० जिन [ तीर्थंकर ] नाम-११ अने शाता अशातामांथी कोइ एक-१२ तथा पंचेन्द्रिय जाति-१३ ॥७४॥ ए १३ प्रकृतियो अयोगीकेवलि अन्त्य समये खपावीने मूळथी दूर थयां छे कर्म जेमना एवा ते अयोगिभगवान् मोक्ष पामे छे ॥७५॥ अहिं मतान्तरे मनुष्यानुपूर्वी उपान्त्य समये खपावे तो त्यां उपान्त्य समये ७३ प्रकृतियो क्षय पामे, अने अन्त्य समये १२ प्रकृतियो क्षय * पामे [ एम मतान्तर जाणवो.]॥७६॥ आ प्रमाणे चौदमुं अयोगिकेवलि गुणस्थाननुं स्वरूप जाणवु. ॥१४॥(हवे गुणस्थानोनो परभवसहगमनादि विचार कहे छे)

**आद्यं द्वितीयं तुर्यं च,गुणस्थानान्यमूनि वै। गच्छन्तमनुग-**

---

लट धनुष्य बे हाथ सोळ आंगळ प्रमाणमां एक तृतीयांश भाग न्यून करतां बाकी ३३३ धनुष्य १ हाथ अने ८ आंगळ अवशेष रहे.

१ शैलेशीमां शैल-पर्वतमां ईश-मुख्य ते शैलेश-एटले मेरुपर्वत तेना सरखुं जे निश्चल-स्थिर ध्यान अथवा अवस्था ते शैलेशीकरण अथवा शील संवरभाव तेथी थतुं चारित्र ते शील तेनो ईश ते शैलेश-सर्व संवरभाव अबन्धकदशानुं यथाख्यातचारित्र ते अप्राप्तनुं प्राप्त करवुं.

च्छन्ति, परलोके शरीरिणम् ॥ ७७ ॥ मिश्रदेशविरत्यादीन्येकादश पराणि च । सर्वथाऽत्र परित्यज्य, जीवा यान्ति परं भवम् ॥ ७८ ॥ तत्र मिश्रे स्थितः प्राणी, मृतिं नैवाधिगच्छति । स्युर्देशविरतादीनि, यावज्जीवावधीनि च ॥ ७९ ॥ यत्तृतीयं गुणस्थानं, द्वादशं च त्रयोदशम् । विनाऽन्येष्वेकादशसु, गुणेषु म्रियतेऽसुमान् ॥ ८० ॥ स्तोका एकादश गुणस्थिता उत्कर्षतोऽपि यत् । चतुष्पञ्चाशदेवामी, युगपत्संभवन्ति हि ॥ ८१ ॥ तेभ्यः संख्यगुणा क्षीणमोहास्ते ह्यष्टयुक् शतम् । युगपत्स्युरष्टमादित्रिगुणस्थास्ततोऽधिकाः ॥ ८२ ॥ मिथस्तुल्याश्च यच्छ्रेणिद्वयस्था अपि सङ्गताः । स्युर्द्वाषष्ट्युत्तरशतं, प्रत्येकं त्रिषु तेषु ते ॥८३॥ योग्यप्रमत्तप्रमत्तास्तेभ्यः संख्यगुणाः क्रमात् । यत्ते मिताः कोटिकोटिशतकोटिसहस्रकैः ॥ ८४ ॥ पञ्चमस्था द्वितीयस्था, मिश्राश्चाविरताः क्रमात् । प्रत्येकं स्युरसंख्येयगुणास्तेभ्यस्त्वयोगिनः ॥ ८५ ॥ स्युरनन्तगुणा मिथ्यादृशस्तेभ्योऽप्यनन्तकाः । इदमल्पबहुत्वं स्यात्, सर्वत्रोत्कर्षसंभवे ॥ ८६ ॥ विपर्ययोऽप्यन्यथा स्यात्, स्तोकाः स्युर्जातुचिद्यथा । उत्कृष्टशान्तमोहेभ्यो, जघन्याः क्षीणमोहकाः ॥ ८७ ॥ एवं सास्वादनादिष्वपि भाव्यं ॥ (इति गुणस्थानेष्वल्पबहुत्वम्)

अर्थ—पहेलुं-बीजुं—ने चोथुं ए त्रण गुणस्थान परभवमां जता जीवनी साथे जाय छे ॥७७॥ अने मिश्र तथा देशविरत्यादि शेष ए ११ गुणस्थानोने सर्वथा आ भवमां छोडीनेज जीवो परभवमां जाय छे (अर्थात् ए ११ गुणस्थानो परभवमां साथे जतां नथी). ॥७८॥ तेमां पण मिश्रगुणस्थाने रहेलो प्राणी मरण पामतो नथी, अने देशविरत्यादि गुणस्थानो आखा भव पर्यन्त पहोंचे छे ॥७९॥ कारण के

१ मिथ्यात्व-अविरतसम्यक्त्व-देशविरत प्रमत्त—अप्रमत्त—अपूर्वकरण—अनिवृत्तिकरण—सूक्ष्मसंपराय-उपशान्तमोह अने अयोगि ए १० गुणस्थानो ज्यारथी प्राप्त थाय छे त्यारथी मरणपर्यन्त पण पहोंचे छे, माटे अहिं "याव-

त्रीजुं-बारमुं अने तेरमुं ए त्रण सिवायना शेष ११ गुणस्थानमां जीव मरण पामे छे ॥ ८० ॥गुणस्थानोनुं अल्पबहुत्व-११ मा गुणस्थाने रहेला जीवो सर्वथी अल्प छे कारण के तेओ उत्कृष्टथी पण समकाळे ५४ संभवे छे. ॥ ८१ ॥ तेथी क्षीण-मोहगुणस्थानवाळा संख्यात गुणा छे कारण के तेओ समकाळे १०८ होय , तेथी अष्टमादि त्रण गुणस्थानवाळा ( ८-९-१० गुणस्थानवाळा ) विशेषाधिक होय छे ॥ ८२ ॥ कारण के बन्ने श्रेणिमां रहेला जीवो अहिं एकठा थाय छे ( उपशम-श्रेणिमाथी ५४ ने क्षपकश्रेणि माथी १०८ जीवो ए गुणस्थानमां आवे छे ) अने ते त्रणेमां प्रत्येकमां ते सर्व जीवो १६२ ( १६२ ए १०८ करतां बमणा न हो-वाथी विशेषाधिक कहेवाय छे ) होय छे.॥ ८३ ॥ अने ते त्रणे गुणठाणामां जीवो परस्पर तुल्य होय छे. तेथी सयोगिकेवलि-अप्रमत्त-ने प्रमत्त जीवो अनुक्रमे संख्यातगुणा होय छे,कारणके तेओ कोडि, कोटिशत अने कोटिसहस्र (उत्कृष्ट एकसोसीत्तेर तीर्थंकरभगवानना काळमां नवक्रोड केवलिभगवंतो विचरता होय अने नव हजारक्रोड साधुभगवंतो विचरता होय तेमां अमुक भाग अप्रमत्तमां बाकी प्रमत्त गुणठाणामां होय अने जघन्यकाले वीश तीर्थंकर भगवन्तो विद्यमान होय ते काले बे क्रोड केवलिभगवन्तो अने बे हजारक्रोड साधु भगवन्तो विचरता होय छे. ) होय छे ॥ ८४ ॥ तेथी पांचमा देशविरत-बीजा सास्वादन-त्रीजा मिश्र-अने चोथा अविरत ( मां वर्तता ) जीवो अनुक्रमे प्रत्येक असंख्यातगुणा छे, (देशविरतमां तिर्यंचो पण केटलाक भळे छे, अने सास्वादन मिश्र अने अविरत ए त्रण गुणस्थान चारे गतिना जीवोने होय छे) अने तेथी अयोगिकेवलि अनं-

---

*जीवावधि " कहेला संभवे छे, अन्यथा जन्मथी मरणपर्यंत तो पहेलुं अने चोथुं ए बेज गुणस्थान होय.

१ आचारांगनिर्युक्तिमां जघन्यकाले दश तीर्थंकरो होवानुं पण जणावे छे.

२ आ चारेगुणस्थानवर्ति जीवो प्रत्येक प्रत्येक उत्कृष्टपणे क्षेत्रपल्योपमना असंख्यातमा भागवर्ति आकाशप्रदेश राशि प्रमाण छे,तोपण असंख्यातमा असंख्यात भेदो होवाथी परस्पर बतावेलुं असंख्यातगुणुं अल्पबहुत्व घटी शके छे, देशविरति मनुष्य अने तिर्यंच बेमांज होय छे जेथी त्रणनी अपेक्षाये नानुं असंख्यातुं, सास्वादन पणुं चारे गतिमां होय छे तेथी ते असंख्यातगुण छे, तेना करता मिश्रनो काल अधिक होवाथी ते असंख्यातगुण छे, अविरतसम्यग्दृष्टिनो काल घणोज छे जेथी ते मिश्रना करता पण असंख्यातगुण जाणवा ( इति भावः )

३ वस्तुत; अयोगिकेवळी जे १४ मा गुणस्थानवाळा कहेवाय छे तेटलाज जीवो अहिं न लेवा पण ते सहित सिद्धो पण [योगनो अभाव छे माटे] अयो-

तगुणा छे, तेथी पण मिथ्यादृष्टि जीवो अनंतगुणा छे. आ अल्पबहुत्व सर्व स्थाने उत्कृष्टसंख्यानो संभव होय त्यारेज जाणवुं. ॥८५–८६॥ अन्यथा [ सर्व गुणस्थानोमां सर्वोत्कृष्ट संख्यानी अपेक्षा न राखीए तो] विपरीत रीते पण अल्पबहुत्व थाय, जेम के कोइक समये उत्कृष्ट उपशान्तमोहीथी जघन्य क्षीणमोही अल्प होय ॥ ८७ ॥ ए प्रमाणे सास्वादनादिकमां पण विचारवुं.

मिथ्यात्वं कालतोऽनादिसान्तं स्यात्सादिसान्तकम् । अनाद्यनन्तं च न तत्साद्यनन्तं तु संभवेत् ॥ ८८ ॥ स्यादाद्यं तत्र भव्यानामनाप्तपूर्वसद्दृशाम् । द्वितीयं प्राप्य सम्यक्त्वं, पुनर्मिथ्यात्वमीयुषाम् ॥ ८९ ॥ स्या तीयमभव्यानां, सदा मिथ्यात्ववर्तिनाम् । आनन्त्यासंभवात्सादेस्तुर्यं युक्तमसंभवि ॥ ९० ॥ सासादनं चोक्तमेव, षडावलिमितं पुरा । तुर्यं मितं समधिकत्रयस्त्रिंशत्पयोधिभिः ॥ ९१ ॥ सर्वार्थसिद्धदेवत्वे, त्रयस्त्रिंशत्पयोनिधीन् । धृत्वाऽविरतसम्यक्त्वं, ततोऽत्राप्यागतोऽसकौ ॥ ९२ ॥ यावदद्यापि विरतिं, नाप्नोति तावदेष यत् । तुर्यमेव गुणस्थानमुररीकृत्य वर्त्तते ॥ ९३ ॥ किञ्चिन्न्यूननवाब्दोनपूर्वकोटिमिते मते । त्रयोदशं पञ्चमं च, गुणस्थाने उभे अपि ॥९४॥ अन्तिमं ङञणनमेत्येवंरूपैः किलाक्षरैः । अविलम्बात्वरतयोच्चारितैः प्रमितं भवेत्॥ ९५ ॥ आन्तर्मुहूर्त्तिकानि स्युः, शेषाण्यष्टाप्यमूनि च । केचिदूचुर्न्यूनपूर्वकोटिके षष्ठसप्तमे ॥ ९६ ॥ तथोक्तं भगवतीसूत्रे ॥ "पमत्तसंजयस्स णं पमत्तसंजमे वट्टमाणस्स सव्वा विणं पमत्तद्धा कालओ केवच्चिरं होइ?, मंडिआ ! एगं जीवं पडुच्च जह० एगं समयं उक्कोसं देसूणा पुव्वकोडी, णाणाजीवे पडुच्च सव्वद्धा, (प्रमत्तसंयतस्य प्रमत्त-

गिकेवली होवाथी अहिं ग्रहण करवा, जेथी अनन्तगुणा थाय. अन्यथा अयोगिकेवली गुणस्थानवाळा तो उत्कृष्टकाळे तत्समयवर्ति १०८ ज होय.

संयमे वर्त्तमानस्य सर्वापि प्रमत्ताद्धा कालतः कियच्चिरं भवति? मंडित! एकं जीवं प्रतीत्य जघन्येनैकं समयं, उत्कृष्टा देशोना पूर्वकोटी। नानाजीवान्प्रतीत्यसर्वाद्धा) अस्य वृत्तिः॥ 'जह० एक्कं समयंति' कथं'?, उच्यते, प्रमत्तसंयतप्रतिपत्तिसमयसमनन्तरमेव मरणात्, 'देसूणा पुव्वकोडि'त्ति, किल प्रत्येकमन्तर्मुहूर्त्तप्रमाणे एव प्रमत्ताप्रमत्तगुणस्थाने, ते च पर्यायेण जायमाने देशोनपूर्वकोटिं यावदुत्कर्षेण भवतः, महांति चाप्रमत्तापेक्षया प्रमत्तान्तर्मुहूर्त्तानि कल्प्यन्ते, एवं चान्तर्मुहूर्त्तप्रमाणानां प्रमत्ताद्धानां सर्वासां मिलने देशोनपूर्वकोटीकालमानं भवति॥ अन्ये त्वाहुः॥ अष्टवर्षोनां पूर्वकोटिं यावदुत्कर्षतः प्रमत्तता स्यात्, एवमप्रमत्तसूत्रमपि। नवरं, 'जह० अन्तोमुहुत्त' त्ति, किलाप्रमत्ताद्धायां वर्त्तमानस्यान्तर्मुहूर्त्तमध्ये मृत्युर्न भवतीति, चूर्णिकारमतं तु प्रमत्तसंयतवर्जः सर्वोऽपि सर्वविरतोऽप्रमत्त उच्यते, प्रमादाभावात्, स चोपशमश्रेणिं प्रतिपद्यमानो मुहूर्त्ताभ्यन्तरे कालं कुर्वन् जघन्यकालो लभ्यते इति,देशोनपूर्वकोटी तु केवलिनमाश्रित्येति॥ (सा० १३७-३८)

अर्थ-गुणस्थानोमां काळनियम-मिथ्यात्वगुणस्थान काळथी? अनादि-सांत, [१]सादि-सान्त, अने अनादि-अनंत छे, परन्तु सादि-अनंत संभवतु नथी.॥८८॥ त्यां प्रथम कोइपण वखत सम्यक्त्व नहिं पामेला भव्य जीवोने पहेलो काळ (अनादिसान्त) होय छे, अने सम्यक्त्व पामीने पुनः मिथ्यात्वे गयेला जीवोने बीजो काळ (सादि सान्त) होय छे, ॥ ८९ ॥ अने सदाकाळ मिथ्यात्वमां वर्तनाराआ अभव्यजीवोने त्रीजो काळ (अनादि अनन्त) छे, अने मिथ्यात्वनी सादि थया-बाद अनंतकाळनो असंभव होवाथी चोथो काळ (सादि अनन्त) असंभवित छे

१ सम्यक्त्व पाम्या पछी पण सम्यक्त्व पतित थइ मिथ्यात्वे जाय तो उत्कृष्ट रहे तो ते मिथ्यात्व किंचिन्न्यून अर्धपुद्गलपरावर्त्त प्रमाण अनन्तकाळ सुधी रहे छे, पण अहिं छेडा रहित अनन्तकाळ ग्रहण करवानो छे. जेथी असंभव कह्यो छे.

ते मुजब छे ॥ ९० ॥ वळी सास्वादन गुणस्थान तो पहेलां ( इरिद्वारना वर्णन प्रसंगे ) ६ आवलिका प्रमाण कहेलुंज छे, अने ४-थुं गुणस्थान साधिक ३३[1] सागरोपम प्रमाण छे ॥ ९१ ॥ कारणके सर्वार्थसिद्धदेवपणामां ३३ सागरोपमसुधी अविरत सम्यक्त्व धारण करीने त्यांथी अहिं आवेलो पण ते जीव ॥ ९२ ॥ जे कारणथी ज्यांसुधी हजी विरतिगुणस्थान पाम्यो नथी त्यांसुधी ते जीव चोथुं गुणस्थानज अंगीकार करीने रहे छे ॥९३॥ १३-मुं अने ५-मुं ए बे गुणस्थान कंइक न्यून नव वर्ष न्यून पूर्वक्रोड वर्षप्रमाण कहेलां छे ॥ ९४ ॥ छेल्लुं गुणस्थान ङ ञ ण न म ए पांच अक्षरोने अति विलंब रहित अने अति शिघ्रता रहित उच्चार करे तेटला काळप्रमाणनुं छे ॥ ९५ ॥ अने शेष आठे गुणस्थान अन्तर्मुहूर्त प्रमाणना छे. अने केटलाक आचार्य कहे छे के-छट्ठुं ने सातमुं ए बे गुणस्थान कंइकन्यून पूर्वक्रोड वर्षप्रमाण छे ॥ ९६ ॥ श्री भगवतीसूत्रमां कह्युं छे के—" हे भगवन् ? प्रमत्त संयममां वर्तता प्रमत्तमुनिनो सर्व मळीने प्रमत्तकाळ केटलो होय ? उत्तर—हे मंडित ? (१० मा गणधर) एक जीवनी अपेक्षाए जघन्यथी १ समय अने उत्कृष्टथी कंइकन्यून पूर्वक्रोडवर्ष, अने अनेक जीवनी अपेक्षाए सर्वकाळ." ए मूळ सूत्रनी टीका आ प्रमाणे छे—"जघन्य १ समय ते केवी रीते कहेवाय ? ते कहीए छीए के प्रमत्तसंयतपणुं ( ६-ठ्ठुं गुणस्थान ) अंगीकार कर्याना समयथी अनन्तर समयेज मरण पामवाथी (जघन्य १ समय छे.) हवे देशोन पूर्वक्रोड वर्ष केवी रीते ? ते कहेवाय छे के—प्रमत्त अने अप्रमत्त ए बेमांनुं प्रत्येक गुणस्थान निश्चये अन्तर्मुहूर्त प्रमाणनुं छे, अने परस्पर परावृत्ति (अदल बदल ) थवाथी उत्कृष्टपणे कंइक न्यून पूर्वक्रोड वर्ष पर्यन्तनां छे. एमां अप्रमत्तनां अन्तर्मुहूर्तनी अपेक्षाए प्रमत्तपणानां अन्तर्मुहूर्त मोटां कल्पाय छे, अने ए प्रमाणे अन्तर्मुहूर्त प्रमाण प्रमत्तकाळनां सर्व अन्तर्मुहूर्तो मेळवतां (प्रमत्तनुं) देशोन पूर्वक्रोड वर्षप्रमाण काळमान थाय छे. वळी बीजा आचार्यो कहे छे के- आठ वर्ष न्यून पूर्वक्रोडवर्ष सुधी (सततपणे) उत्कृष्ट प्रमत्तसंयतपणुं होय छे, अने ए प्रमाणे अप्रमत्त मु-

१ सामान्यतः सम्यक्त्व ६६ सागर वा १३२ सागर अधिककाळ प्रमाणनुं छे, पण चतुर्थ गुणस्थानपणुं तो साधिक ३३ सागर बाद अवश्य पलटाय छे.

२ अप्रमत्तनां देशोनपूर्वकोटी सुधीनां नानां नानां सर्व अन्तर्मुहूर्तने एकठां करतां पण मात्र १ अन्तर्मुहूर्त जेटलोज अप्रमत्त पणानो सर्वसंकलित काळ थाय कारणके अप्रमत्तपणानुं अन्तर्मुहूर्त घणुं नानुंज छे. अने ते बाद करता बाकीनो सर्व काळ प्रमत्तनो छे जेथी देशोनपूर्वकोटि वर्ष प्रमत्तनो काळ थाय.

अनी व्याख्या पण जाणवी परन्तु विशेष ए छे के—जघन्य अन्तर्मुहूर्त एटले निश्चये अप्रमत्तकाळमां वर्त्तता जीवने अन्तर्मुहूर्तनी अंदर मरण न होय. वळी चूर्णिकारने मते तो प्रमत्तसंयत सिवाय सर्वे सर्वविरत जीवो (सातमाथी चौदमा गुणस्थान सुधीना पण) प्रमादनो अभाव होवाथी अप्रमत्त कहेवाय, हवे ते जीव उपशमश्रेणिने अंगीकार करतो अन्तर्मुहूर्तनी अंदर काळ करे तो जघन्यकाळ (अन्तर्मुहूर्तपणानो) पामे. अने देशोनक्रोड पूर्व तो केवळीने आश्रयी जाणवो.

यन्निर्दिष्टं जिनाधीशैरेकजीवव्यपेक्षया । त्यक्त्वा पुनः प्राप्तिरूपमथैषामुच्यतेऽन्तरम् ॥ ९७ ॥ जघन्यं सासादनस्य, पल्यासंख्यांशसंमितम् । शेषेषु च दशानां स्यादन्तर्मुहूर्त्तमन्तरम् ॥ ९७ ॥ मिथ्यात्वस्य तदुत्कृष्टं, द्विःषट्षष्टिः पयोधयः । साधिकाः कथितास्तत्र, श्रूयतां भावना त्वियम् ॥९८॥ अनुभूय स्थितिं कश्चित्, सम्यक्त्वस्य गरीयसीम् । मिश्रं ततोऽन्तर्मुहूर्त्तमनुभूय ततः पुनः ॥९९॥ षट्षष्ट्यम्भोनिधिमितां, सम्यक्त्वस्य गुरुस्थितिम् । समाप्य कोऽपि मिथ्यात्वं, जातु याति तदा हि तत् ॥ १३०० ॥ देशोनपुद्गलपरावर्त्तार्द्धप्रमितं मतम् । द्वितीयादीनां दशानां, गुणानां ज्येष्ठमन्तरम् ॥ १ ॥ क्षपकस्यान्तरं जातु, न स्यान्निष्वष्टमादिषु । सकृत्प्राप्तेः क्षीणमोहादित्रयेऽप्यन्तरं न हि ॥ २ ॥ इति गुणाः ३० ॥

अर्थ—गुणस्थानोनो अन्तरकाळ—हवे श्रीजिनेश्वरोए एक जीवनी अपेक्षाए ते गुणस्थानको त्याग करीने पुनः प्राप्त करे ते रूप जे अन्तर दर्शावेलुं छे ते कहेवाय छे ॥९७॥ त्यां सास्वादननुं जघन्य अन्तर पल्योपमना असंख्यातमा भागनुं, अने शेष

१ सास्वादन गुणस्थाने त्रिपुंजनी सत्ता अवश्ये होय छे अने ए सत्ता उकेल्या शिवाय पुनः सास्वादन भाव पामे नहिं, अने ते सत्ता मिथ्यात्वे उकेलतां जघन्यथी पण पल्योपमनो असंख्यातमो भाग लागे माटे सास्वादननुं जघन्य अंतर तेटलुं कह्युं छे. वळी कोइक वखत अन्तर्मुहूर्तमां पण सास्वादन पामे पण ते अति अल्प होवाथी विवक्षित नथी इत्यादि विस्तार पांचमा कर्मग्रन्थनी वृत्ति आदिथी जाणवो.

१० गुणस्थानोनुं अन्तर अन्तर्मुहूर्त छे ॥९७॥ मिथ्यात्वनुं उत्कृष्ट अन्तर बे छासठ (१३२) सागरोपम साधिक कहेलुं छे, तेनी विचारणा आ प्रमाणे छे, ते सांभळो ॥९८॥ कोइक जीव सम्यक्त्वनी उत्कृष्टस्थिति (साधिक ६६ सागरोपम) अनुभवीने त्यारबाद अन्तर्मुहूर्त मिश्रने अनुभवीने वळी सम्यक्त्वनी ६६ सागर प्रमाण उत्कृष्टस्थिति संपूर्ण करीने कदाच कोइक जीव मिथ्यात्वे जाय तो ते उत्कृष्ट अन्तर (१३२ सागरोपम) थाय. ॥९९-१३००॥ सास्वादनादि १० गुणस्थानोनुं उत्कृष्ट अन्तर अर्धपुद्गलपरावर्त्त प्रमाण कहेलुं छे ॥ १ ॥ वळी क्षपकना अष्टमादि त्रण (८-९-१०) गुणस्थानोमां (अप्रतिपातिपणुं होवाथी) अन्तर कदीपण होतुं नथी, तेमज एकवार प्राप्ति होवाथी क्षीणमोहादि त्रण (१२-१३-१४) गुणस्थानोमां पण अन्तर नथी. ॥२॥ ए प्रमाणे गुणस्थानद्वार कह्युं. ॥ इति गुणस्थान द्वारम् ॥

# ॥ गुणस्थान परिशिष्टो. ॥

## श्रेणिमां उपशमाती अने क्षय पामती प्रकृतिओनो तफावत.

### उपशमश्रेणिमां.

| पुरुषने | स्त्रीने | नपुंसकने |
| --- | --- | --- |
| १ नपुंसकवेद | १ नपुंसकवेद | १ स्त्रीवेद |
| २ स्त्रीवेद | २ स्त्रीवेद | २ नपुंसकवेद |
| ३ हास्यादि ६ | ३ हास्यादि ६ | ३ हास्यादि ६ |
| ४ पुरुषवेद | ४ पुरुषवेद | ४ पुरुषवेद |

### क्षपकश्रेणिमां.

| पुरुषने | स्त्रीने | नपुंसकने |
| --- | --- | --- |
| १ नपुंसकवेद | १ नपुंसकवेद | १ स्त्रीवेद |
| २ स्त्रीवेद | २ पुरुषवेद | २ पुरुषवेद |
| ३ हास्यादि ६ | ३ हास्यादि ६ | ३ हास्यादि ६ |
| ४ पुरुषवेद | ४ स्त्रीवेद | ४ नपुंसकवेद |

[1] बहुलताए आक्रम छे. ग्रन्थान्तरमां क्रमभेद पण देखाय छे. ते श्रेणिओना टिप्पणमां उपर बताव्यो छे.

आ चौदे गुणस्थानोमां सत्पदप्ररूपणला विगेरे द्वारोनी श्रीपंच-संग्रहादिग्रन्थोमां पूर्वाचार्योंये जे प्ररूपणा बतावी छे तेज जिज्ञासु भव्यजीवोना उपकारार्थे संक्षेपथी बतावीए छीये.

---

१ सत्पदप्ररूपणा द्वार—पहेलुं मिथ्यादृष्टि १, चोथुं अविरतसम्यग्दृष्टि २, पांचमुं देशविरत ३, छठ्ठुं प्रमत्त ४, सातमुं अप्रमत्त ५, अने तेरमुं सयोगिकेवलि ६, ए छ गुणस्थानको सदाकाल विद्यमान होयछे, ते शिवायना बीजुं सास्वादनसम्यग्दृष्टि १, त्रीजुं मिश्रदृष्टि २, आठमुं अपूर्वकरण ३, नवमुं अनिवृत्तिबादरसंपराय ४, दशमुं सूक्ष्मसंपराय ५, अगीआरमुं उपशान्तमोहवीतरागछद्मस्थ ६, बारमुं क्षीणमोहवीतरागछद्मस्थ ७, चौदमुं अयोगिकेवलि ८, ए आठ गुणस्थानो पैकी श्रेणिओना विरहकालमां आठमु, नवमु, दशमु, अगीआरमु अने बारमु, ए पांच गुणस्थान, सिद्धिना छमासना विरहकालमां चौदमुं तथा सम्यक्त्वप्राप्तिनो विरहकाल होवाथी बीजुं अने मिश्रना विरहकालमां त्रीजुं ए आठ गुणस्थानोनो कदाचित् विरह पण होय एटले के ए गुणस्थानकोये वर्तता जीवो न पण लाभे, कोइ कालविशेषे कोइएक गुणस्थानके एक पण जीव होय, कोइ काल विशेषे अनेक जीवो पण होय, कोइ काल विशेषे आठ गुणस्थानकोपैकी बे गुणस्थानोमां क्रमोत्क्रमे एकानेक जीवो विकल्पथी होय, ए प्रमाणे त्रणमां चारमां विगेरे भंगकल्पनाओ थाय छे. जे विस्तारथी पूर्वमहर्षिओये बतावीछे ते ते ग्रन्थोथी जोइ लेवी.

२ द्रव्यप्रमाणद्वार—प्रथम ( १–२–३–४ ) सास्वादनसम्यग्दृष्टि, बीजुं मिश्रदृष्टि, त्रीजुं अविरतसम्यग्दृष्टि अने चोथुं देशविरत ए चार गुणस्थानवर्तिजीवो प्रत्येके उत्कृष्टकाले असंख्याता होय, तेमां ( १–२ ) सास्वादन अने मिश्रवाळा अध्रुव होवाथी कोइ काले न पण होय अने होय तो जघन्यथी एक अथवा बे होय अने उत्कर्षथी क्षेत्रपल्योपमना असंख्यातमा भागवर्ति आकाशप्रदेशराशि तुल्यसंख्या परिमाण होयछे, कारणके–सास्वादनगुणस्थान कर्मग्रन्थना अभिप्राये केटलाक बादर अपर्याप्त १ पृथ्वीकाय, २ अप्काय अने ३ प्रत्येक वनस्पतिकाय ए त्रण प्रकारना एकेन्द्रिय जीवोमां ( सिद्धान्तना अभिप्राये एकेन्द्रियोमां सास्वादन मान्युं नथी ) तथा अपर्याप्त त्रण विकलेन्द्रियोमां, अपर्याप्त संमूर्छिम तिर्यंचपंचेन्द्रियोमां, पर्याप्त तथा अपर्याप्त गर्भजतिर्यंचोमां, पर्याप्त तथा अपर्याप्त लोकान्तिक अने अनुत्तर शिवायना देवोमां पर्याप्त तथा अपर्याप्त गर्भजमनुष्योमां अने पर्याप्तनारकीओमा वर्ततुं होवाथी ते गुणस्थानवर्ति जीवो असंख्याता छे अने मिश्रदृष्टि

गुणस्थान पर्याप्ता जीवोनेज होय तेमां पण एकेन्द्रिय विकलेन्द्रिय अने संमूर्छिमपंचेन्द्रियमां होतुं नथी तो पण लोकान्तिक अने अनुत्तर शिवायना पर्याप्त देवोमां पर्याप्त नारकिओमां अने पर्याप्त गर्भजमनुष्योमां तथा पर्याप्त गर्भजतिर्यंचोमां वर्ततुं होवाथी ते गुणस्थानवर्तिजीवो पण असंख्याता छे.(३)**अविरतसम्यग्दृष्टिगुणस्थानक** पर्याप्त अपर्याप्त गर्भजमनुष्यो,पर्याप्त अपर्याप्त गर्भजतिर्यंचो,पर्याप्त अपर्याप्त देवताओ अने सातमी नारकीना पर्याप्त नारकीओ तथा बाकीना सर्वे पर्याप्त अपर्याप्त नारकीओ ए सर्वेमां वर्ततुं होवाथी ते गुणस्थानवर्तिजीवो असंख्याता छे अने (४) **देशविरतगुणस्थानक** पण गर्भज पर्याप्ततिर्यंचोमां तथा गर्भज पर्याप्तकर्मभूमिजमनुष्योमां वर्ततुं होवाथी तिर्यंचोनी अपेक्षाए ते गुणस्थानवर्तिजीवो पण असंख्याता छे, अविरतसम्यग्दृष्टि अने देशविरत बेउ ध्रुव होवाथी ते बे गुणस्थानवर्तिजीवो सदाकाल विद्यमान होय छे मात्र कोइवखते जघन्यपदे होय अने कोइ कालविशेषे उत्कृष्टपदे पण होय, तेमां जघन्यपदे पण ते बेउ प्रत्येके क्षेत्रपल्योपमना असंख्यातमाभागमां रहेला आकाशप्रदेशराशितुल्य संख्याये होय अने उत्कृष्टपदे पण तेज क्षेत्रपल्योपमना असंख्यातमा भागमां रहेला आकाशप्रदेश राशितुल्यसंख्याये होय विशेष एटलो छे के असंख्याताना असंख्याता भेदो होवाथी जघन्यकरता उत्कृष्टपदवर्ति जीवो असंख्यातगुणा छे,वळी ते बेउमां परस्पर विचार करता मनुष्य अने तिर्यंचगतिना देशविरतजीवो करता चारे गतिना अविरतसम्यग्दृष्टिजीवो जघन्यपदे वधारे होय अने उत्कृष्टपदे पण वधारे होय.

(१) **मिथ्यादृष्टिजीवो** अनन्त लोकाकाश प्रदेशराशितुल्य संख्याप्रमाण अनन्ता होयछे, अनन्तानन्तजीवोथी गहन भरेली सूक्ष्म बादर निगोदो मिथ्यात्वभावमां छे. बादरसूक्ष्म पर्याप्त अपर्याप्त तेउकाय तथा वायुकायजीवो पण मिथ्यात्वमांज छे. पृथ्वी अप्काय अने प्रत्येक वनस्पतिकायमां बादर अपर्याप्तावस्थामां अल्पकाल थोडाक जीवोमां सम्यक्त्वांश होय छे ते बाद करता बाकीना सर्वे सूक्ष्म बादर पर्याप्त अपर्याप्त पृथ्वीकाय अप्काय अने वनस्पतिकाय सर्व जीवो मिथ्यात्वमां छे, केटलाक अपर्याप्तविकलेन्द्रियो शिवाय सर्वेपर्याप्त अपर्याप्तविकलेन्द्रियो,केटलाक अपर्याप्त समूर्छिम तिर्यंच शिवाय सर्व पर्याप्त अपर्याप्त समूर्छिमपंचेन्द्रियो अने केटलाक पर्याप्त तथा अपर्याप्त देवता नारकी तिर्यंच अने मनुष्यरूपसंज्ञिपंचेन्द्रियजीवो शिवायना सर्वे संज्ञिपंचेन्द्रियो मिथ्यात्वभावमां छे,आ सर्वेमां पण सूक्ष्मनिगोद(सूक्ष्मसाधारणवनस्पति)वर्ति जीवो अनन्तलोकाकाशप्रदेशराशि तुल्य होवाथी ते अपेक्षाये

मिथ्यादृष्टिओनुं द्रव्यप्रमाण जाणवुं, बाकीना जीवो तो आठामां लूणनी जेम सर्व भेगा करीये तो पण असंख्याताज छे.

(६–७) प्रमत्तसंयतगुणस्थान अने अप्रमत्तसंयतगुणस्थान ए बे गुणस्थानवर्ति जीवो संख्याता ज होयछे, कारणके ते गुणस्थानको मात्र गर्भज पर्याप्त मनुष्यगतिना जीवोने ज होय छे, तेमां पण कर्मभूमिना विशिष्ट अध्यवसायविशुद्धियुक्त मनुष्योने होय; पांच भरत, पांच ऐरवत अने पांच महाविदेह क्षेत्र ए पंदर क्षेत्रो [ कर्मभूमि ]मां मली जघन्यथी अप्रमत्तसंयत कोटिशतसंख्याये अने उत्कृष्टथी पण कोटिशतसंख्याये तथा प्रमत्तसंयत जघन्यथी कोटिसहस्रपृथक्त्व अने उत्कृष्टथी पण कोटिसहस्रपृथक्त्व संख्याये जाणवा, जघन्य करता उत्कृष्टमां अधिक समजवा बेथी नव सुधीनी संख्याने सिद्धान्तपरिभाषाये पृथक्त्व कहेवाय छे. " द्विप्रभृतिरानवभ्यः पृथक्त्वम् " इयं सामयिकी संज्ञा, जघन्यकाले एटले वीशे तीर्थंकरभगवन्तो विचरता होय त्यारे बे क्रोडसहस्र मुनियो अने बे क्रोड केवलिभगवंतो होय अने उत्कृष्टकाले ज्यारे १७० एकसोसीत्तेर तीर्थंकरभगवंतो विचरता होय त्यारे नवकोटिसहस्र मुनिओ अने नवक्रोड केवलिभगवंतो विचरता होय छे.

उपशामक [उपशमश्रेणिगत] जीवोनी अपेक्षाये (८–९–१०–११) आठमां अपूर्वकरणवाळा, नवमा अनिवृत्तिबादरसंपरायवाळा, दशमा सूक्ष्मसंपरायवाळा अने अगीयारमा उपशान्त मोहवीतराग छद्मस्थगुणस्थानवाळा जीवो अध्रुव होवाथी कोइ कालविशेषे न पण होय अने होय तो प्रत्येकमां जघन्यथी एक बे त्रण पण होय अने उत्कृष्टथी प्रवेशनी अपेक्षाये चोपन होय, अर्थात् तेटला जीवो उपशमश्रेणिमां प्रवेशकरता पमाय, अने उपशमश्रेणिना संपूर्णकालनी अपेक्षाये प्रतिपद्यमान तथा प्रतिपन्नजीवोनी विवक्षाथी संख्याता होयछे. एटलेके–उपशमश्रेणिना असंख्यातसमयात्मक अन्तर्मुहूर्तकाळमां जुदा जुदा प्रवेशकरता सर्वनी पण संख्या मेळवता संख्याताज जीवो थाय. शंका–अन्तर्मुहूर्तप्रमाण उपशमश्रेणिना प्रत्येकगुणस्थानना कालमां असंख्याता समयो होय छे. तो जो दरेकसमये एकएक जीव प्रवेश करे तोपण संपूर्णश्रेणिकालने उद्देशी असंख्यातसमयो होवाथी असंख्याता जीवो पण ते ते गुणस्थानोमां पमावा जोइये. तोपछी बेत्रण यावत् उत्कृष्टथी चोपन प्रवेश कर्ये छते तो असंख्याता जीवो थाय. उत्तर–हे शिष्य ? आ तारी

१ कोइक स्थळे जघन्यथी १० तीर्थंकर होवानु पण बताये छे, ते अपेक्षाये साधु तथा केवलिनी संख्यामां पण तारतम्य जाणवु.

कल्पना साची तो ठरत के जो श्रेणिना सर्व समयोमां जीवोनो प्रवेश थवानो होत; पण ते प्रमाणे तो बनतुं नथी, परन्तु कोइकोइ समयोमांज प्रवेश थायछे ! आ पण शाथी जाणवुं ? तेम शिष्यना मनमां कदाच शंका थाय तो तेनो जवाब नीचे प्रमाणे–अहीं उपशमश्रेणि अंगीकारकरनार पर्याप्त गर्भजमनुष्योज होयछे अने तेमां पण चारित्रवंत मनुष्योज श्रेणि अंगीकार करे छे.बीजा कोइ होता नथी अने चारित्रधारीजीवो उत्कृष्टथी पण नवहजार क्रोडसंख्याये होयछे.ते पण सर्व श्रेणिअंगीकार करता नथी, परन्तु विशिष्टविशुद्धिवंत जीवोज श्रेणि करे छे, तेथी ए निर्णीत थाय छे के–उपशमश्रेणिना सर्वसमयोमां जीव प्रवेश होतो नथी परन्तु अमुकज समयोमां प्रवेश थायछे, तेमां पण अमुककाले (अमुकसमये) पंदरे पण कर्मभूमिओमां थइने उत्कर्षथी चोपनज जीवो प्रवेशकरता होय अधिक न होय तेथी ए निर्णयज छे के. श्रेणिना संपूर्णकालमां थइने संख्याताज होयछे, तेमां पण पूर्वाचार्योना वचनथी संख्याता ते सेंकडो संख्यामां लेवा हजारो रूप संख्याता लेवा नहि,

क्षपक (क्षपकश्रेणि[illegible]) (८-९-१० गुणस्थानवर्ति) क्षीणमोही (१२ मा गुणस्थानवर्ति) अयोगि (१४ मा गुणस्थानवर्ति) एटले के (८-९-१० -१२-१४) आ पांचे गुणस्थानवर्ति जीवो पण अध्रुव होवाथी कोइकालविशेषे न पण होय कदाचित्कालविशेषे होयतो प्रत्येके जघन्यथी एक बे होय अने उत्कर्षथी एक समयमां प्रवेशनी अपेक्षाये १०८ पण संभवे अर्थात् उत्कर्षथी एकसोआठ जीवो क्षपक ( ८-९-१० ) भावमां, क्षीणमोह ( १२ मा ) मां अने अयोगिकेवलि ( १४ मा ) गुणस्थानमां एकसमयमां प्रवेश करेछे. तथा अन्तर्मुहूर्तप्रमाण क्षपकश्रेणिना संपूर्णकालमां पंदरे कर्मभूमिना सर्वक्षेत्रमां क्षपकश्रेणिमां प्रवेशकरता भिन्न भिन्न जीवोनी सर्वेनी गणत्री करीये तोपण उत्कर्षथी शतपृथक्त्वसंख्याये होय छे. अधिक होय नहि,आस्थले पण शंका समाधान उपशमश्रेणिगतजीवोनी माफक जाणवुं, अयोगिकेवलि भगवन्तो पण उत्कर्षथी शतपृथक्त्व जाणवा.

सयोगिकेवलि ( १३ मा गुणस्थानवर्ति ) जीवो सदा विद्यमान होवाथी हमेशां कोटिपृथक्त्व संख्याये होयछे. जघन्यपदे पण कोटिपृथक्त्व प्रमाण होयछे, अने उत्कृष्टपदे पण कोटिपृथक्त्वप्रमाण होयछे, मात्र जघन्यपद करतां उत्कृष्टपदमां कोटिपृथक्त्व मोटाप्रमाणनुं लेवुं, एटले वीश तीर्थंकरभगवंतना जघन्यकाले बेक्रोड केवलिभगवंतो विचरता लाभे अने उत्कृष्टकाले १७० तीर्थंकरभगवंतो विचरता होय त्यारे नवक्रोड केवलिभगवंतो विचरता लाभे, अहीं सिद्धान्तपरिभाषाये

बेथी नव संख्यासुधीनुं नाम पृथक्त्व कहेवायछे, जेथी बेक्रोड ए जघन्यकोटिपृथक्त्व अने नवक्रोड ए उत्कृष्ट कोटिपृथक्त्व कहेवाय. **आ प्रमाणे द्रव्यप्रमाणद्वार जाणवुं.** २.

३ **क्षेत्रप्रमाणद्वार**–(२ थी १२-१४) पहेलुं **मिथ्यादृष्टिगुणस्थान** अने तेरमुं-**सयोगिकेवलिगुणस्थान** ए बे गुणस्थान वर्जीने बाकीना बीजा **सास्वादन सम्यक्त्वगुणस्थानथी बारमा क्षीणमोह वीतरागछद्मस्थगुणस्थानसुधीना** अगीआर गुणस्थानक तथा **चौदमुं अयोगिकेवलिगुणस्थान** ए बार गुणस्थानकना जीवो प्रत्येके प्रत्येके अने सर्वे पण लोकना असंख्यातमा भागमां वर्ते छे. कारण सास्वादनशिवायना बाकीना मिश्रदृष्टि विगेरे अगीआर गुणस्थानको संज्ञिपञ्चेन्द्रियमांज होयछे. तेमां पण पर्याप्त चारे गतिना संज्ञिपञ्चेन्द्रियमां मिश्रदृष्टि गुणस्थान होय, अने अविरतसम्यग्दृष्टिगुणस्थान पर्याप्त अपर्याप्त चारेगतिना संज्ञिपञ्चेन्द्रियमां होय छे, देशविरतगुणस्थान पर्याप्तसंज्ञिपञ्चेन्द्रिय तिर्यंच अने मनुष्यमां होय. अने छट्ठा प्रमत्तसंयतथी बाकीना गुणस्थान पर्याप्त संज्ञिपञ्चेन्द्रियमनुष्यमांज होय अने ते जीवो त्रसनाड्यन्तर्गत घणाज स्वल्प स्वस्थानादि क्षेत्रमां वर्तता होवाथी ते अगीआर गुणस्थानकना जीवो पैकी प्रत्येक प्रत्येक गुणस्थानवाळानुं क्षेत्र लोकासंख्येयभागवर्तिज छे. अने जो के **सास्वादनगुणस्थानवाळा** केटलाक स्वल्पजीवो करण अपर्याप्त बादर एकेन्द्रिय (पृथ्वीकाय.अप्काय,अने प्रत्येकवनस्पतिकाय)मां तथा करण अपर्याप्तविकलेन्द्रिय (द्वीन्द्रिय, त्रीन्द्रिय अने चतुरिन्द्रिय) मां होय छे तथा करण अपर्याप्त असंज्ञि ( संमूर्छिम ) पंचेन्द्रियतिर्यंचोमां पण होय तथा केटलाक करण-अपर्याप्त तथा करणपर्याप्त संज्ञिपञ्चेन्द्रियमां यथायोग्य चारे गतिमां होयछे तो पण ते सास्वादनवर्ति जीवो स्वल्प होवाथी तथा ते जीवोनुं क्षेत्र घणुं अल्प होवाथी सास्वादनवाळा जीवो पण लोकना असंख्यातमा भागमां वर्तेछे,अने ते बारे गुणस्थानवर्ति सर्वजीवोनुं समुदितक्षेत्र लइए तो पण लोकनो असंख्यातमो भागज होय।

[ १ ] पहेला **मिथ्यादृष्टिगुणस्थानवर्ति जीवो** सर्व चौद राजलोक प्रमाण सम्पूर्णक्षेत्रमां व्याप्त होय छे, जो के अन्यगुणस्थानवर्ति जीवोनुं क्षेत्र पण तेमां आवी जाय छे तो पण ते अन्यगुणस्थानवर्ति जीवावगाहक्षेत्रमां पण मिथ्यात्वगुणस्थानवर्ति (सूक्ष्म एकेन्द्रिय) जीवो रहेला होवाथी मिथ्यात्वगुणस्थानवर्तिजीवोनुं सर्व (चौदराज) लोकक्षेत्र समजवुं.

(१३) तेरमा **सयोगिकेवलिगुणस्थानवर्ति जीवो** पण केवलिसमुद्घातना चोथा समयनी अपेक्षाये सकललोकव्यापि होयछे,ते शिवायना काळनी अपेक्षाये लोक-

ना एक असङ्ख्यातमा भागमां घटेछे, मात्र केवलिसमुद्घातना त्रीजा पांचमा समये अनेक असंख्याता भागो लेवा, एटले के समुद्घातना प्रथमसमये दंडाकार करे त्यारे असंख्यातमा भागमां, बीजे समये कपाटाकार करे त्यारे पण असंख्यातमा भागमां अने त्रीजे समये मन्थानाकार करे त्यारे अनेक असंख्याता भागोमां अने चोथे समये लोकपूरण एटले संपूर्णलोकमां व्याप्त थाय पछी पांचमाथी संहरणसमयोमां पण तेज प्रमाणे व्युत्क्रम जाणवो, आ प्रमाणे क्षेत्रद्वार विचार जाणवो ॥ ३ ॥

४ स्पर्शनाद्वार—एकजीवापेक्षया अने नानाजीवापेक्षया एम स्पर्शना बे प्रकारनी गणायछे, क्षेत्रद्वारमां जेटलुं अवगाढक्षेत्र होय तेटलुंज लेवायछे अने स्पर्शना अवगाढक्षेत्रथी अधिक होयछे, एकजीवनी अपेक्षाये सयोगिकेवलिभगवन्तोने केवलिसमुद्घातनी अपेक्षाये चतुर्थसमये संपूर्ण चौद राजलोक जे अवगाढक्षेत्र छे तेज तेमनुं स्पर्शनाक्षेत्र पण जाणवुं. त्यां स्पर्शना अधिक होइ शकती नथी कारण अलोकक्षेत्रमां धर्मास्तिकायादिनो अभाव छे, हवे नाना (अनेक) जीवोनी अपेक्षाये (१) मिथ्यात्व गुणस्थानवर्तिजीवो तथा(१३)सयोगिकेवलिगुणस्थानवर्ति जीवो चतुर्दशरज्जु (सर्वलोक) स्पर्शनावाळा होयछे. मिथ्यादृष्टिजीवोमां सूक्ष्म एकेन्द्रियजीवो सर्वव्यापक होवाथी सर्वलोकस्पर्शना जाणवी, अने सयोगिकेवलि जीवो केवलिसमुद्घातना चोथे समये सर्व लोकव्यापि होवाथी सर्वलोकस्पर्शना जाणवी.

(३–४) **मिश्रदृष्टिगुणस्थानवर्ति जीवो अने अविरतसम्यग्दृष्टिगुणस्थानवर्तिजीवो** प्रत्येके आठ आठ राजलोकनी स्पर्शना करे छे ते आ प्रमाणे—आनत (नवमुं कल्प) विगेरेना देवो अल्प स्नेहादिभाववाळा होवाथी स्नेह विगेरे प्रयोजने करीने पण नरकमां जता नथी, जेथी सहस्रार ( आठमुं कल्प ) सुधीना देवो पूर्वभवना प्रेमवाळा नारकीना स्नेहवडे तेनी वेदना शमाववा अगर पूर्वजन्मना वैरी नारकीने वेदनानी उदीरणा करवामाटे त्रीजी नरकपृथ्वी सुधी जायछे. तेमज अच्युत (बारमुं कल्प) कल्पना देवताओ पूर्वजन्मना अगर आ जन्मना स्नेहथी बीजा देवोने अच्युतदेवलोकमां लइ जायछे तेथी मिश्रदृष्टिवाळाओनी तथा अविरतसम्यग्दृष्टिवाळाओनी प्रत्येके आठ.आठ राजलोकनी स्पर्शना घटेछे, अहीं भावना आप्रमाणे जाणवी, सम्यग्मिथ्यादृष्टिगुणस्थानवाळा भवनपतिनिकाय आदिना कोइदेवने पूर्वनो मित्र अच्युतदेवलोकवासि देव पूर्वना स्नेहथी अच्युतदेवलोके लइ जाय तो अच्युतदेवलोकसुधीमां 'छ अच्चुए ए वचनथी' छ राजलोक थता होवाथी ते मिश्रदृष्टिवाळादेवने छराजनी स्पर्शना थायछे अने सम्यग्मिथ्यादृष्टिसहस्रारदेवलोकवासी

कोइ देव पूर्वना स्नेहवाळा त्रीजीनरकना नारकीनी वेदना शमाववाने अगर पूर्वना वैरी त्रीजीनरकना नारकीनी वेदना वधारवाने वालुकाप्रभा नामनी त्रीजी नरके जाय एटले भवन पति सुधीनी स्पर्शना पूर्वे छराजनी अंदर गणाइ गइछे.जेथी तेनीनीचेना वालुकाप्रभासुधी बे राजलोक होवाथी ते बेराजनी स्पर्शना वधारे गणतां पूर्वनी छ अने आ बे मळीने अनेक जीवोनी अपेक्षाए आठराजनी स्पर्शना मिश्रदृष्टिगुणस्थानवाळानी जाणवी-

अथवा बीजीरीते विचारतां पण आठराजनी स्पर्शना घटेछे, मिश्रदृष्टिवाळो सहस्रारदेवलोकवासी कोइ देव पूर्वोक्तकारणवशात् त्रीजी पृथ्वीये जाय तो सातराजनी स्पर्शना थायछे अने तेज मिश्रदृष्टिवाळा सहस्रारकल्पवासीदेवने अच्युतकल्पवासी देव स्नेहथी अच्युतदेवलोके लइजाय त्यारे ते एकराज वधे एटले आठ राज स्पर्शना घटेछे, एजप्रमाणे अविरतसम्यग्दृष्टिओनी पण आठ राजनी स्पर्शना विचारवी, अविरतसम्यग्दृष्टिजीव सम्यक्त्वसहित परभवमां जता के परभवथी आवता अनुत्तरविमानसुधीनी उत्कृष्ट सातराजनीज स्पर्शना पामेछे तेथी अधिक स्पर्शना होती नथी माटे उपर कह्याप्रमाणेज आठराजनी स्पर्शना जाणवी. कोइपण बीजा प्रकारे घटीशकती नथी. बीजा आचार्यो अविरतसम्यग्दृष्टिओने उत्कर्षथी नवराजनी स्पर्शना पण थायतेम बतावे छे, तेनो विचार आ प्रमाणे–क्षायिकसम्यग्दृष्टि त्रीजी नरकमां पण जायछे एटलेके सम्यक्त्वसहित अनुत्तर विमानमां जता अगर त्यांथी मनुष्यभवमां आवतां सातराजनी स्पर्शना थाय अने त्रीजी नरकमां सम्यक्त्वसहित जता अगर त्यांथी आवता बे राजनी स्पर्शना थाय एप्रमाणे नवराजनी स्पर्शना पण घटीशकेछे, वळी श्रीभगवतीसूत्रना अभिप्रायप्रमाणे सम्यक्त्वसहित छठी नारकीसुधी पण जइ शके छे तेथी अविरतसम्यग्दृष्टिवाळाजीवोने बार राजलोकनी स्पर्शना पण संभवे छे. ते आ प्रमाणे- सम्यक्त्वसहित अनुत्तरविमानमां जता अगर त्यांथी मनुष्यभवमां आवता सातराजनी स्पर्शना, तथा सम्यक्त्वप्राप्त कर्या पहेला बांध्युंछे नरकायु जेणे तेवो मनुष्य तिर्यंचपैकीनो कोइ पण अविरतसम्यग्दृष्टि जीव क्षायोपशमिकसम्यक्त्वसहित सिद्धान्तकारना अभिप्राये तमःप्रभानामनी छठ्ठी पृथ्वीमां पण नारकीपणे उत्पन्नथाय छे अगर छठ्ठी नारकीमांथी क्षायोपशमिक सम्यक्त्वसहित मनुष्यगतिमां उत्पन्नथाय छे एटले अहींथी छठ्ठी नरकमां जता अगर त्यांथी अहीं मनुष्यमां आवता पांचराजनी स्पर्शना थाय तेथी अविरतसम्यग्दृष्टिजीवने बारराज स्पर्शना पण घटीशकेछे, वळी अच्युतेन्द्र थयेल सीतानो जीव चोथी पंकप्रभानरकपृथ्वीमां नारकपणे उत्पन्न थयेल

लक्ष्मणना जीवनी वेदना शमाववा गया हता तेम पण कथनछे तो ते अभिप्राये पूर्वे बतावेल अनुत्तर विमानमां जता आवतानी अपेक्षाये सातराजस्पर्शना अने चोथी नरकसुधीनी अगराजस्पर्शना मली इग्यारराजस्पर्शना विगेरे विशेषस्वरूप पण जाणवुं, वळी श्रीभगवतीजीमां सातमी पृथ्वीना नीचेना प्रदेशसुधी पण वैमानिकदेवोनुं गमन कहुंछे. तो ते अपेक्षाये चौद राज स्पर्शना पण संभवीशके ? इत्यादि अपेक्षाभेदे अनेक तारतम्य संभवीशके पण अनेकशास्त्रोमां त्रीजी नरकसुधीज वैमानिकदेवोनुं गमन कहुंछे, जेथी ते अपेक्षाये आठराजनी स्पर्शना बतावी छे.

[२] सास्वादनसम्यग्दृष्टि गुणस्थानवाळाने बारराजनी स्पर्शना होयछे, तेनी भावना नीचेप्रमाणेजाणवीछठी तमःप्रभा पृथ्वीमां वर्ततो कोइ नारकजीव पोताना भवना अन्त्यविभागमां औपशमिकसम्यक्त्व पामी ते वमतो सास्वादनभावने पामे अने तेज सास्वादनअवस्थामां काल करीने अहीं तिर्यंच अथवा मनुष्योमां उत्पन्नथाय तेथी तेने पांचराजनी स्पर्शना थाय, अहींथी सास्वादनभावसहित काल करी नारकमां उत्पन्नथाय नहि जेथी अहींथी जतानी स्पर्शना कही नथी, सातमी तमस्तमःप्रभा नरकना नारकी सास्वादनलाभ पाम्या होयतो ते त्यागकरीनेज तिर्यंचोमां उत्पन्न थाय सास्वादनसहित काल करे नहि, माटे छठीनरकना नारकी लीधाछे अने आ तिर्यग्लोकमांथी पण सास्वादनगुणस्थानमां वर्तता केटलाक तिर्यंचो अथवा मनुष्यो काल करीने ऊर्ध्वलोकना उपरना लोकान्तनिष्कुटोरूप त्रसनाडीना उपरना लोकान्तप्रदेशोमां उत्पन्न थायछे तेथी तेमने सातराजनी स्पर्शना घटेछे एटले नीचेनी पांचराजनी अने उपरनी सातराजनी ए उभय मली सास्वादनगुणस्थानवाळाओने बारराजनी स्पर्शना थायछे. सास्वादनवाळानी नीचे गति थती नथी जेथी बारराजनी स्पर्शना कहीछे तेज घटेछे, जो नीचे गति सास्वादनवाळानी थती होततो अधोलोकनिष्कुटादिमां पण तेओना उत्पादनो संभव थात अने तेम थातनो चौदराजनी स्पर्शना पण कहेवी जोइये. आप्रमाणे ग्रन्थान्तरोमां जणाव्युं छे-के अधोलौकिकपृथ्वीकायिकादिमां सास्वादनवाळो जनो नथी, जो जतो होयतो बारेराज स्पर्शना पण लाभत.

(६ थी ११) उपशमश्रेण्यारूढ अपूर्वकरण आठमुं गुणस्थान, नवमुं अनिवृत्तिबादरसंपरायगुणस्थान दशमुं सूक्ष्मसंपरायगुणस्थान, अगीयारमुं उपशान्तमोह

वीतराग छद्मस्थगुणस्थान तथा सातमुं अप्रमत्तसंयतगुणस्थान अने छठ्ठं प्रमत्तसंयतगुणस्थान ए छगुणस्थानवाळा जीवो सर्वार्थसिद्धमहाविमानमां ऋजुगतिए उत्पन्न थाय छे जेथी तेओने सातराजनी स्पर्शना थायछे, अने क्षपकश्रेण्यारूढ अपूर्वकरण विगेरे गुणस्थानना जीवोते ते गुणस्थानोमां काल करता नथी तेम मारणान्तिकसमुद्घात पण करता नथी तेथी तेओने लोकना असंख्यातमा भागमात्रनीज स्पर्शना घटेछे, अधिकस्पर्शना होती नथी. अर्थात् उपशमश्रेणिनी अपेक्षाये सातराजनी स्पर्शना उपर कह्या प्रमाणे घटेछे. शंका—मनुष्यभवना आयुष्यनो क्षय थये अने परभव (देवभव)ना आयुष्यनो उदय थयेज मरण पामी परलोकगमन थायछे. अने ते वखते ( देवभवायुष्यना उदयसमये ) तो अविरतपणुंज होय अपूर्वकरण विगेरे गुणस्थानो होता नथी तो शीरीते अपूर्वकरणादिनी सातराजनी स्पर्शना घटी शके ? उत्तर—ए दोषापत्ति नथी कारण अहींथी मरण पामी परलोकमां जता जीवनी बे प्रकारनी गति होयछे. १ एक कन्दुकगति २ बीजी इलिकागति, कन्दुक (दडो) नी माफक उडतीगति ते कन्दुकगति एटले के जेम कन्दुक (दडो) उछाळ्यो छतो पोताना प्रदेशोवडे पिण्डित थयो छतो (सर्वप्रदेशयुक्त) उपर जायछे, तेम कोइक जीव पण परभवायुष्यनो उदय थये परलोकमां जतो पोताना सर्व प्रदेशोने एकत्रपिंड करीने (सर्व प्रदेशोसहित) गति करेछे अने इलिका (इयल)नी जेवी गति ते इलिकागति कहेवाय एटलेके जेम इयल पुंछडाभागे पूर्वस्थानने नहि छोडती मुखना भागे करी आगळना स्थान सुधी पोतानुं शरीर फेलावी ते स्थानने स्पर्शकरी त्यारबाद पुंछडानो भाग संहार करे (खेंची लेछे) एज प्रमाणे कोइक जीव पण आयुष्यना अन्तसमये केटलाक आत्मप्रदेशोवडे पोताना पूर्वस्थळने नहि छोडतो केटलाक प्रदेशोये आगलाभवना उत्पत्ति स्थानने स्पर्श करी परभवायुष्यना प्रथमसमये शरीरनो परित्याग करेछे, आ बे गतिओ पैकी इलिकागतिनी अपेक्षाये अपूर्वकरणादिनी सातराज स्पर्शनानो व्याघात थतो नथी. कन्दुकगतिमां परभवायुष्यनो उदयज परभवमां लइ जतो होवाथी ते जवानासमये अविरतसम्यग्दृष्टिजीव होयछे. शंका—ग्रन्थान्तरमां प्रमत्तसंयत अप्रमत्तसंयत तथा अपूर्वकरणादि गुणस्थानवाळा जीवोए लोकनो असंख्यातमो भाग स्पर्श कर्यो छे ए प्रमाणे कथन होवाथी सातराजनी स्पर्शना केम घटी शके ? उत्तर—

कारण भवान्तरमांज प्रमत्तसंयत विगेरे अवस्थानो त्याग करी असंयतपणुं पामे छे. तेथी प्रमत्तसंयतादि जीवो स्वस्थानस्थज लेवाय छे, भरत ऐरवत अने महाविदेहस्वरूप जे स्वस्थान ते लोकना असंख्यातमा भागमांजछे माटे उपर कह्या प्रमाणे लोकना एक असङ्ख्यातमाभागने स्पर्श करनारा प्रमत्तसंयतादि ग्रन्थान्तरमां बताव्या छे, तो सातराजनी स्पर्शनाना वचननी साथे केवी रीते सङ्गति थाय ? उत्तर सूत्रशैली सापेक्ष होवाथी सातराज स्पर्शनाना सूत्रमां उपर कहेलो प्रकार विवक्ष्यो नथी अने लोकना असङ्ख्यातमाभागनी स्पर्शनाना सूत्रमां सातराज स्पर्शनामां कहेलो प्रकार विवक्ष्यो नथी जेथी कोइ जातनी दोषापत्ति नथी.

[ ५ ] देशविरतगुणस्थानवाळा मनुष्यगतिना जीवो ऋजुगतिए बारमा अच्युत देवलोके उत्पन्न थाय छे, अने ते अच्युतदेवलोक तिर्यग्लोकना मध्यथी छ रज्जु प्रमाण होवाथी छराजनी स्पर्शना देशविरतिवाळा मनुष्योनी जाणवी आ प्रमाणे स्पर्शनाद्वार विचार जाणवो. ॥ ४ ॥

**(५) पांचमुं कालद्वार— (१) मिथ्यादृष्टिगुणस्थानवाळा** कालथी विचारीये तो त्रण प्रकारे छे, अनादिअनन्त १, अनादिसान्त २ अने सादिसान्त ३, तेमां जेओ कोइ दिवस मुक्ति पामवाना नथी तेवा अभव्यजीव तथा तथाविध सामग्रीना अभावे जे मुक्तिसुख पामवाना नथी तेम व्यवहारराशिमां प्रवेश करवाना पण नथी तेवा भव्यजीव ए सर्वनी अपेक्षाये **अनादिअनन्त प्रकार छे** १, जे भव्यजीवो अनादिमिथ्यादृष्टि छतां अवश्य आगामिकाले सम्यक्त्व पामशे. ते जीवोनी अपेक्षाये **अनादिसान्त प्रकार छे** २, तथा जे भव्यजीवो भव्यत्वपरिपाकादि कारणो पामी सम्यक्त्व पाम्या छतां पाछा अर्हत् आशातना विगेरे कोइपण कारणे सम्यक्त्वथी पतित थइ मिथ्यात्व पामे छे ते अवश्य कालान्तरे सम्यक्त्व पामशे तेथी ते जीवनी अपेक्षाये **सादिसान्त प्रकार छे** कारण सम्यक्त्व पाम्या बाद मिथ्यात्व पाम्यो माटे मिथ्यात्वगुणस्थाननी आदि थइ, वळी कालान्तरे अवश्य मिथ्यात्व दूर करशे-सम्यक्त्व पामशे तेथी मिथ्यात्वनो अन्त थयो एटले **सादिसान्त प्रकार** ३, आ सादिसान्त भांगानुं मिथ्यात्व जघन्यथी अन्तर्मुहूर्त सुधी रहे छे, कारण सम्यक्त्वथी पड्या बाद कोइक जीव तरतज अन्तर्मुहूर्तमां सम्यक्त्व पामे छे, अने उत्कृष्ट महाआशातनावन्त जीवोनुं मिथ्यात्व देशोन अर्धपुद्गलपरावर्त सुधी रहे छे, एटले उत्कृष्टथी पण अर्धपुद्गल परावर्ते अवश्य सम्यक्त्व पामे छे, आ ज हेतुथी मिथ्यात्वनो **सादि अनन्त** भांगो नथी कारण मिथ्यात्वनी

आदि थये अवश्य उत्कृष्टथी अर्धपुद्गलपरावर्ते पण अन्त होय छे, आ प्रमाणे एक जीवनी अपेक्षाये मिथ्यादृष्टिगुणस्थाननुं कालमान कह्युं, अने अनेक जीवोनी अपेक्षाये नारक मनुष्य अने देवगतिमां प्रत्येकमां असङ्ख्याता मिथ्यादृष्टिजीवो सदाकाल विद्यमान होय छे, मात्र मनुष्यगतिमां सम्मूर्छिममनुष्यना विद्यमानकालमां असङ्ख्याता अने तेना विरहकालमां संख्याताजीवो जाणवा अने तिर्यंचगतिमां पृथ्व्यादि चार एकेन्द्रिय, विकलेन्द्रिय अने पञ्चेन्द्रियनी अपेक्षाये असंख्याता अने वनस्पतिनी अपेक्षाये अनन्ता जीवो मिथ्यात्वमां सदाकाल विद्यमान होय छे. अर्थात् **नाना जीवापेक्षया मिथ्यात्वगुणस्थान अनादि अनन्त काल छे.**

( २ ) बीजुं **सास्वादनसम्यग्दृष्टिगुणस्थान** एक जीवनी अपेक्षाये जघन्यथी एक समय अने उत्कृष्टथी छ आवलिका प्रमाण रहे छे. उपशमसम्यक्त्व वमतो कोइक जीव एक समय सास्वादनभावमां रही मिथ्यात्व पामे, कोइ बे समय रहे यावत् कोइक छ आवलिकाकाल प्रमाण रहे छे, आ प्रमाणे एक जीवनी अपेक्षाये जघन्यथी एक समय अने उत्कृष्टथी छ आवलिकाकाल जाणवो, अने अनेक जीवोनी अपेक्षाये ज्यारे सास्वादननो विरहकाल न होय अने सतत सास्वादनगुणस्थानमां वर्तता जीवो विद्यमान होय त्यारे जघन्यथी एक जीवनी अपेक्षाये कहेलो काल (एक समय) छे तेनो तेज जाणवो,कारण उपशमसम्यक्त्वकालना चरमसमये सास्वादनपणुं पामे बीजे समये मिथ्यात्व पामे अने ते बीजे समये सास्वादन पामनार बीजा जीवनो अभाव होवाथी जघन्य एकज समय जाणवो. अने उत्कर्षथी क्षेत्रपल्योपमना असंख्यातमाभाग प्रमाण कालसुधी सास्वादनगुणस्थान अनेक जीवोनी अपेक्षाये होय छे, अर्थात् क्षेत्रपल्योपम (पल्योपमस्वरूपकाल समजवा माटे कल्पेला योजनप्रमाण पालामां वर्तनार आकाशप्रदेशराशिना असंख्यातमा भागमां वर्ति आकाशप्रदेश राशिमांथी प्रतिसमये एक एक प्रदेश अपहार करता जेटले काले ते राशि खाली थाय तेटला काल (असंख्यात उत्सर्पिणी अवसर्पिणीप्रमाण) सुधी निरन्तर सास्वादनगुणस्थान लभ्यमान छे ते पछी अवश्य तेनो विरह थाय.

( ३ ) त्रीजुं **मिश्रदृष्टि गुणस्थान**-एक जीवनी अपेक्षाये जघन्यथी अने उत्कृष्टथी अन्तर्मुहूर्तकाल प्रमाण होय छे, मात्र जघन्यथी नानुं अन्तर्मुहूर्त अने उत्कृष्टथी मोटुं अन्तर्मुहूर्त. **नाना जीवापेक्षया** मिश्रदृष्टिजीवो ज्यारे विद्यमान होय त्यारे जघन्यथी सम्यग्मिथ्या(मिश्र)दृष्टिगुणस्थान जघन्यथी अन्तर्मुहूर्तकाल सुधी निरन्तर पाय छे, ते बाद विरह होय, उत्कर्षथी बीजा गुणस्थाननी जेम क्षेत्रप-

ल्योपमना असंख्यातमा भागप्रमाण कालसुधी मिश्रदृष्टिगुणस्थान निरन्तर पमाय छे. एटले उत्कर्षथी क्षेत्रपल्योपमना असंख्यातमा भाग प्रमाण काल जाणवो,

(४) चोथुं अविरतसम्यग्दृष्टिगुणस्थान–त्रण प्रकारना जीवोने होय छे, १ औपशमिकसम्यक्त्ववाळाने, २ क्षायिकसम्यक्त्ववाळाने अने ३ क्षायोपशमिकसम्यक्त्ववाळाने, तेमां औपशमिक सम्यक्त्व अनादिमिथ्यादृष्टिजीवोने थतुं १ तथा उपशमश्रेणि करनारने थतुं २ एम बे प्रकारनुं छे, तेमां अनादिमिथ्यात्व त्यजीने थता प्राथमिक औपशमिक सम्यक्त्व सहित अविरतगुणस्थान अन्तर्मुहूर्तप्रमाण होय छे, अन्तर्मुहूर्त बाद सैद्धान्तिकमते त्रिपुंज नहि करता होवाथी मिथ्यात्वज पामे, अने कार्मग्रन्थिकमते त्रिपुञ्ज कर्युं होवाथी कोइ जीव क्षायोपशमिक सम्यक्त्व पामे, कोइक जीव मिश्रदृष्टि थाय, कोइक सास्वादन पामी मिथ्यात्वे जाय, उपशमश्रेणिमां थता औपशमिकसम्यक्त्व सहित अविरतगुणस्थान पण अन्तर्मुहूर्तज रहे छे, क्षायिकसम्यक्त्व सहित अविरतगुणस्थान जघन्यथी अन्तर्मुहूर्त बाद देशविरत्यादि गुण पामे तो अन्तर्मुहूर्तकाल प्रमाण, अने उत्कृष्टथी उत्कृष्टायुष्ये अनुत्तरविमानमां उत्पन्न थइ अहीं आवी ज्यां सुधी विरति न पामे त्यांसुधी एटले साधिक तेत्रीश सागरोपम प्रमाण जाणवुं, क्षायोपशमिक सम्यक्त्व सहित अविरतगुणस्थान जघन्यथी अन्तर्मुहूर्तकाल प्रमाण, त्यारबाद पतित थाय–मिथ्यात्वादि पामे, अगर देशविरत्यादि गुण पामे, अथवा उपशमश्रेणि करे तो औपशमिक सम्यक्त्व पामे, अथवा क्षायिकसम्यक्त्व पामे. उत्कर्षथी साधिक तेत्रीश सागरोपमप्रमाण होय छे, ते आ प्रमाणे–क्षायोपशमिक सम्यक्त्ववान् कोइ साधु उत्कृष्टस्थितिना अनुत्तर विमानमां तेत्रीश सागरोपमना आयुष्ये उत्पन्न थाय त्यां ते तेत्रीश सागरोपम सुधी अविरत होय छे, वळी त्यांथी च्यवीने अहीं आव्या छतां ज्यांसुधी विरतिगुण प्राप्त न करे त्यांसुधी पण अविरत होय छे, माटे सातिरेक तेत्रीश सागरोपमकाल क्षायोपशमिक सम्यक्त्वसहित अविरतगुणस्थाननो जाणवो, शंका–कोइक जीव अनुत्तर विमानोमां तेत्रीश सागरोपम सुधी अविरतपणुं अनुभवी अहिं आव्या छतां पण विरति पाम्यो नथी. अने अविरत सम्यक्त्वभावमांज आयुष्य पूर्ण करी सम्यक्त्वनीज आराधनाना बळे उत्कृष्ट बावीश सागरोपमनी स्थितिये बारमा देवलोके उत्पन्न थाय तो तेने अविरत सम्यक्त्वनो साधिक पञ्चावन सागरोपम विगेरे वधारे काल पण संभवी शके छे छतां तेत्रीशसागरोपमज काल केम कह्यो ? उत्तर–आ प्रमाणे

उत्पत्ति थती होत तो सत्य छे, परन्तु आवीरीते अप्रतिपतित सम्यक्त्ववाळो अविरतभावमां रहेवा संभवज नथी, अथवा बीजा कोइपण कारणनी अपेक्षाये बहुश्रुतभगवन्तोए साधिक ३३ सागरोपमज काल कह्यो छे. तत्त्व श्रीकेवलिभगवन्तो जाणे. नाना जीवापेक्षया अविरतसम्यग्दृष्टिगुणस्थान सर्वदा लभ्य होय छे. देव तिर्यञ्च अने नारक गति ए त्रणेमां प्रत्येके अविरतसम्यग्दृष्टि गुणस्थानवाळा असंख्याताजीवो होय छे, अने मनुष्यगतिमां संख्याता जीवो होय छे. चारे गतिनी अपेक्षाये समुदित विचारणाये क्षेत्रपल्योपमना असंख्यातमा भागमां आवेला प्रदेशराशि प्रमाण अविरत सम्यग्दृष्टिजीवो सर्वदा विद्यमान होय छे, तेथी अनादि अनन्तकाल चोथा गुणस्थाननो जाणवो.

( ५ ) पांचमुं देशविरतगुणस्थान पण उपरनी माफक त्रण प्रकारना जीवोने होय छे, सामान्यथी देशविरतगुणस्थान एक जीवापेक्षाये जघन्यथी अन्तर्मुहूर्त रहे छे, अन्तर्मुहूर्त बाद पतित थाय, मरण थाय अगर सर्वविरत थाय. उत्कर्षथी देशोनपूर्वकोटि सुधी देशविरतगुणस्थान रहे छे, ते आ प्रमाणे–पूर्वकोटि आयुष्यवाळो कोइ जीव साधिक आठ वर्ष सुधी अविरत रही यावज्जीव देशविरति पाळे तेने साधिक आठवर्ष न्यून पूर्वकोटि काल देशविरतगुणस्थाननो जाणवो, अनेक जीवोनी अपेक्षाये देशविरतगुणस्थान सर्वदा विद्यमान होय छे, देशविरतजीवो मनुष्यगतिमां संख्याता होय अने तिर्यञ्चगतिमां असंख्याता होय, क्षेत्रपल्योपमना असंख्यातमा भागमां आवेल प्रदेशराशिप्रमाण असंख्याता देशविरतगुणस्थानवाळा जीवो सर्वाकाल होवाथी अनादि अनन्तकाल जाणवो.

(६–७) छट्ठुं प्रमत्तसंयतगुणस्थान अने सातमुं अप्रमत्तसंयतगुणस्थान ते बेउ एकजीवनी अपेक्षाये जघन्यथी एकसमय होय छे, आयुष्यना चरमसमये प्रमत्तसंयतपणुं अथवा अप्रमत्तसंयतपणुं पामी मरण पामी अविरत थाय तेथी १ समय. उत्कर्षथी ते बेउ अन्तर्मुहूर्तप्रमाण होय छे. ते आ प्रमाणे–प्रमत्तसंयतपणे अन्तर्मुहूर्त रही संक्लिश्यमान अध्यवसाये देशविरतादि थाय. अथवा मरण पामे. अथवा विशुद्धयमान अध्यवसाये अप्रमत्तसंयत थाय. तेज प्रमाणे अप्रमत्तसंयत अवस्थामां उत्कर्षथी अन्तर्मुहूर्त रहे त्यारबाद प्रमत्त संयतपणुं अथवा श्रेणिए आरोहण करे अगर देशविरत्यादि भाव पामे. शंका—प्रमत्तसंयतभाव अने अप्रमत्तसंयतभाव अन्तर्मुहूर्त अन्तर्मुहूर्त परावर्तमान रहे छे पण वधारे काल रहेता नथी एम शाथी जाणवुं ? उत्तर— जे संक्लेशस्थानकोमां वर्ततो प्रमत्तपणुं पामे अने जे विशुद्धि-

स्थानकोमां अप्रमत्तमुनि थायछे ते दरेक स्थानको असंख्य लोकाकाशप्रदेशप्रमाण होयछे, संयतभावमां वर्तता ते मुनिए ज्यांसुधी उपशमश्रेणिके क्षपकश्रेणिमां आरोहण कर्युं नथी त्यांसुधी तथा स्वभावथी अन्तर्मुहूर्त सुधी संक्लेशस्थानकोमां रहीने विशुद्धिस्थानकोमां जायछे वली अन्तर्मुहूर्त सुधी विशुद्धिस्थानकोमां रहीने संक्लेशस्थानकोमां जायछे, आ प्रमाणे देशोनपूर्वकोटि कालसुधी अन्तर्मुहूर्ते अन्तर्मुहूर्ते प्रमत्तभाव अने अप्रमत्तभावनुं परावर्तन थयाज करेछे माटे प्रमत्तसंयतभाव उत्कर्षथी अन्तर्मुहूर्तकाल रहेछे अने अप्रमत्तसंयतभाव पण उत्कर्षथी अन्तर्मुहूर्तकाल रहेछे, अधिक काल रहेता नथी. आ प्रमाणे एकजीवापेक्षया जाणवुं, हवे अनेकजीवापेक्षया प्रमत्तसंयतगुणस्थान अने अप्रमत्त संयत गुणस्थान ए बेउ सदाकाल विद्यमान होयछे, ६ थी १४ सुधीना नवे गुणस्थानो मनुष्यगतिमांज होयछे प्रमत्तसंयतगुणस्थानवाळा जीवो कोटिसहस्रपृथक्त्व प्रमाण अने अप्रमत्तसंयतगुणस्थानवाळा जीवो कोटिशतपृथक्त्वप्रमाण सदाकाल होवाथी छट्ठा अने सातमा ए बेउ गुणस्थाननो अनादि अनन्तकाल जाणवो.

(८ थी ११मुं उपशमश्रेणिगत) आठमुं अपूर्वकरणगुणस्थान, नवमुं अनिवृत्तिबादर संपराय गुणस्थान अने दशमुं सूक्ष्मसंपरायगुणस्थान ए त्रणे गुणस्थानो उपशमश्रेणिमां तथा क्षपकश्रेणिमां एम बेउमां होय छे, पण अहीं उपशमश्रेणिगत लेवाना छे, अने अगीआरमुं उपशान्तमोहवीतरागछद्मस्थगुणस्थान उपशमश्रेणिमांज होय छे, उपशमश्रेणिना ए चारे पैकीना दरेक गुणस्थानको जघन्यथी एक समयकाल रहे छे, ते आ प्रमाणे–कोइक जीव उपशमश्रेणिमां चढतो अथवा श्रेणिथी उतरतो आठमुं अपूर्वकरणगुणस्थान एक समय अनुभवी मरण पामे अने अनुत्तरविमानोमां अविरतसम्यग्दृष्टिपणे उत्पन्न थाय, तेथी एक समयज काल आठमा गुणस्थाननो जाणवो, तेज प्रमाणे कोइक जीव चढता उतरता नवमुं गुणस्थान पामी समयमात्र रही तथा कोइक जीव चढता उतरता दशमुं गुणस्थान पामी समयमात्र रही तथा कोइक जीव अगीआरमुं गुणस्थान पामी समयमात्र रही मरण पामी अनुत्तरविमानोमां अविरतसम्यग्दृष्टिपणे उत्पन्न थाय तो एक समय मात्र काल चारे गुणस्थानको पैकी दरेक गुणस्थाननो जाणवो, अने उत्कर्षथी ए चारे गुणस्थानकोनो प्रत्येक काल अन्तर्मुहूर्तप्रमाण छे, अन्तर्मुहूर्त बाद बीजुं गुणस्थान पामे अथवा मरण पामे माटे अन्तर्मुहूर्तकाल जाणवो, ए चारेनो समुदितकालपण अन्तर्मुहूर्त छे पण ते अन्तर्मुहूर्त मोटुं अने प्रत्येकनुं अन्तर्मुहूर्त न्हाना प्रमा-

पनुं जाणवुं. उपशमश्रेणिनो सर्वकाल अन्तर्मुहूर्तज छे, अनेकजीवापेक्षाये पण उपशमश्रेणिगत ए चारे गुणस्थानकोये ज्यारे जीवो विद्यमान होय त्यारे प्रत्येके जघन्यथी एक समयमात्र पमाय छे, प्रथम समये प्रवेश करी बीजे समये मरण पामे अने बीजा नवा प्रवेश करे नहि तो एक समय जघन्यथी जाणवो. अने उत्कर्षथी ए चारे गुणस्थाननो प्रत्येके तथा समुदित अन्तर्मुहूर्तकाल जाणवो, ते उपरांत अवश्य अन्तर पडे छे.

( ८ थी १०--१२ मु क्षपकश्रेणिगत) क्षपकश्रेणिवर्ति आठमु अपूर्वकरण, नवमु अनिवृत्तिबादरसंपराय, दशमु सूक्ष्मसंपराय अने बारमुं क्षीणमोहवीतरागछद्मस्थगुणस्थान ए चारे गुणस्थानको एक जीवापेक्षया प्रत्येके अजघन्योत्कृष्टस्थितिये अन्तर्मुहूर्त प्रमाण रहे छे, क्षपकश्रेणिये चढेला नीचे उतरता नथी पण अवश्य सकल कर्मक्षये सिद्ध थाय छे, वचमां मरण पण होय नहि, वळी चारेनो समुदितकाल पण अजघन्योत्कृष्टस्थितिये अन्तर्मुहूर्तप्रमाण होय छे, बारमा गुणस्थानना अन्तर्मुहूर्तकालना चरमसमये त्रण घातिकर्मनो क्षय थया पछी सयोगिकेवलिगुणस्थान प्राप्त करे छे. नानाजीवापेक्षया पण ज्यारे क्षपकश्रेणिगत ए चारे गुणस्थानोमां जीवो विद्यमान होय त्यारे प्रत्येक अथवा समुदित ए चारे गुणस्थानको अजघन्योत्कृष्टस्थितिये अन्तर्मुहूर्तप्रमाणना छे, निरन्तर कालनो सम्पूर्ण क्षपकश्रेणिनो काल अन्तर्मुहूर्तप्रमाणज छे. मात्र एक जीवाश्रित अन्तर्मुहूर्तकालथी अनेक जीवाश्रित अन्तर्मुहूर्त सातसमये अधिक समजवुं. निरन्तर सर्वविरति पामता जीवो तथा सिद्धिये जता जीवो अविच्छिन्न पणे आठ समय सुधी होय छे, तेम केवलज्ञानप्राप्ति पण अविच्छिन्न आठ समय सुधी संभवे छे, तेमां प्रथमनो समय अन्तर्मुहूर्तमां गणायेल होवाथी बीजाथी आठ सुधीना सात समयो अधिक समजवा, अथवा बीजा कोइ हेतुये सात समयाधिक अन्तर्मुहूर्तकाल बहुश्रुतभगवन्तोये वर्णव्यो छे, तत्त्व श्रीकेवलिभगवान् जाणे.

(१३) तेरमु सयोगिकेवलिगुणस्थान एकजीवापेक्षया जघन्यथी अन्तर्मुहूर्तप्रमाण जाणवुं. केवलज्ञान पामी अन्तर्मुहूर्तमां अन्तगडकेवलि थनाराओ ( मोक्षे जनारा जीवो ) ने आ जघन्य काल जाणवो, उत्कर्षथी देशोनपूर्वकोटिकाल, पूर्वकोटिना आयुष्यवाळा साधिक आठवर्षनी वये चारित्र लइ तरतज क्षपकश्रेणिये आरोहण करी केवलज्ञान पामनाराओने उत्कृष्टकाल जाणवो, आ प्रमा-

णे एक जीवापेक्षाये काल कह्यो. नानाजीवापेक्षाये सयोगिकेवलिगुणस्थाने वर्तता जीवो सदाकाळ विद्यमान होवाथी तेरमा गुणस्थाननो विरह पडतो नथी एटले के सयोगिकेवलिगुणस्थान अनादि अनन्तस्थितिमान जाणवुं.

(१४) चौदमुं अयोगिकेवलि गुणस्थान एकजीवापेक्षया अजघन्योत्कृष्टस्थितिये पञ्चह्रस्वाक्षरोच्चारणस्वरूप अन्तर्मुहूर्तकालप्रमाण जाणवुं, नाना जीवापेक्षया पण अजघन्योत्कृष्टस्थितिये अन्तर्मुहूर्तस्थितिमान जाणवुं. मात्र एक जीवापेक्षाना अन्तर्मुहूर्तकाल करता नानाजीवापेक्षाये सात समय अधिककाल जाणवो कारण सिद्धि प्राप्तिनो निरन्तरकाल उत्कृष्ट आठसमयनो छे अने अयोगिगुणस्थाननो काल अन्तर्मुहूर्त अनुभवी जीव मुक्ति प्राप्त करे छे, ते अन्तर्मुहूर्तकालमां प्रथम समयनो समावेश थइ जाय छे, बीजाथी आठमा सुधीना सातसमयो सुधी निरन्तर अयोगिगुणस्थानमां जीवो प्रवेश करे छे. अने नवमे समये अवश्य अन्तर पडे छे माटे सात समयाधिक अन्तर्मुहूर्तकाल अयोगिगुणस्थाननो जाणवो. आ प्रमाणे कालद्वार स्वरूप निरूपण कर्युं.

हवे कालद्वारना प्रसङ्गथी गुणस्थानकोनो नाना जीवोनी अपेक्षाये निरन्तर प्राप्तिकाल जाणवा माटे आटलो विशेष समजवो, सम्यक्त्व अने देशविरतिमां वर्तता पूर्वप्रतिपन्नजीवो तो अनेक जीवोनी अपेक्षाये सर्वदा विद्यमान होय छे, पण प्रतिपद्यमाननी अपेक्षाये जघन्यथी एक समयज प्रतिपद्यमान होय, बीजे समये अन्तर पडे अने उत्कर्षथी आवलिकाना असङ्ख्यातमा भाग सुधी निरन्तर सम्यक्त्व तथा देशविरति पामता जीवो होय, त्यारपछी अवश्य अन्तर पडे, सर्वविरतिचारित्रमां पण तेज प्रमाणे ( जघन्यथी १ समय प्रतिपद्यमान होय ) जाणवुं. मात्र उत्कर्षथी सिद्धिप्राप्तिनी जेम आठ समय सुधी निरन्तर सर्वविरति पामता जीवो होय, त्यारबाद अवश्य अन्तर पडे, उपशमश्रेणि तथा उपशान्त अवस्थाने पामता जीवो जघन्यथी एक समय अने उत्कर्षथी संख्याता समय सुधी प्राप्त करे ते पछी अवश्य अन्तर पडे क्षपकश्रेणिना प्रतिपद्यमानजीवो पण तेज प्रमाणे जाणवा. ( इति कालद्वारस्वरूपम् )

(६ ठुं अन्तरद्वार) अन्तर एटले अमुक गुणस्थान प्राप्त कर्युं होय तेनाथी बीजामां संक्रमण करे अने त्यारबाद केटलोक काल फरी जेटले काळे ते मूल गुणस्थान प्राप्त करे ते वचलो काल अन्तर कहेवाय.

( १ ) एक जीवापेक्षया पहेलुं मिथ्यादृष्टिगुणस्थान त्याग करीने

अन्य गुणस्थानमां जइ फरी मिथ्यात्व गुणस्थान जघन्यथी अन्तर्मुहूर्त प्राप्त करे माटे मिथ्यात्वगुणस्थाननुं जघन्य अन्तर अन्तर्मुहूर्त जाणवुं. अने उत्कृष्ट अन्तर कार्मग्रन्थिकोना अभिप्राय प्रमाणे-१३२ सागरोपमकाल प्रमाण जाणवुं. कारण मिथ्यादृष्टिजीव सम्यक्त्व प्राप्त करी उत्कर्षथी सम्यक्त्वमां ६६ सागरोपमकाल रहे, त्यारबाद एक अन्तर्मुहूर्त सम्यग्मिथ्यात्व (मिश्रगुणस्थान)नो अनुभव करी (कारण कर्मग्रन्थकारो सम्यक्त्वथी मिश्रमां आववुं माने छे.) फरी पण ६६ सागरोपम सुधी सम्यक्त्वनो अनुभव करे ते पछी अन्य गुणस्थाने, कोइ एकादा जीव मुक्ति प्राप्त करे अने कोइक अधन्य जीव मिथ्यात्व प्राप्त करे तो तेवा जीवनी अपेक्षाये मिथ्यात्व त्याग कर्यांना कालथी आरम्भी फरीथी मिथ्यात्व प्राप्त करनारनुं उत्कृष्ट अन्तर बे छासठ (१३२) सागरोपमकाल जाणवुं. वचमां आवतो मिश्रदृष्टिभावनो अन्तर्मुहूर्तकाल अल्प होवाथी विवक्ष्यो नथी. आज कारणथी कर्मप्रकृतिचूर्णिमां " उक्कोसेणं अन्तोमुहूत्तब्भहियाओ दोछावट्ठीओ सागरोवमाणं मिच्छत्तस्स अन्तरकालो हवइ इति " तेमज बीजा ग्रन्थोमां पण अन्तर्मुहूर्ताधिक काल कह्यो छे, सैद्धान्तिक अभिप्राय प्रमाणे—सम्यक्त्वथी मिश्रमां गमन थतुं नथी, आ प्रमाणे एकजीवापेक्षया जघन्य अने उत्कृष्ट अन्तर बताव्युं अने नानाजीवापेक्षया चारे गतिमां मिथ्यात्वगुणस्थाने वर्तता जीवो सदैव विद्यमान होवाथी मिथ्यात्वगुणस्थाननु अन्तर पडतुं नथी.

(२) बीजुं सास्वादनसम्यग्दृष्टि गुणस्थाननु एक जीवापेक्षया जघन्य अन्तर पल्योपमनो असंख्यातमो भाग जाणवो अर्थात् सास्वादनभाव भोगवीने फरीपण जो सास्वादनभाव पामे तो जघन्यथी पण पल्योपमनो असङ्ख्यातमोभाग गये छते ज पामे छे ते पहेला पामी शकाय नहि, आ जघन्य पल्योपमना असङ्ख्येयभागरूप अन्तरकाल चारे गतिमां वर्तता घणा जीवोनी अपेक्षाये जाणवो अने एकवार उपशमश्रेणि प्राप्त करी उपशमश्रेणिथी पडेलो जीव सास्वादनपणु अनुभवी जो फरी पाछो अन्तर्मुहूर्त उपशमश्रेणि पामीने त्यांथी पड्यो छतो सास्वादनभाव पामे तो जघन्यथी अल्प अन्तर अन्तर्मुहूर्तकाल पण पमाय छे, परन्तु ते अन्तर मात्र मनुष्यगतिमां ज थतुं होवाथी विवक्षा करी नथी, सास्वादनथी मिथ्यात्वे गयेलाने ते वखते तो अवश्य सम्यक्त्व अने मिश्र ए बेउ पुञ्जो सत्तामां होय छे, ज्यां सुधी ते बे पुञ्जो सत्तामां होय त्यांसुधी फरी औपशमिकसम्यक्त्वनी प्राप्ति थती नथी, अने औपशमिकसम्यक्त्व वमतां

ज सास्वादन थाय, तेथी मिथ्यात्वे गयेलो जीव सम्यक्त्वमोहनीय अने मिश्रमोहनीय ए बेउ पुञ्जोने दरेक समये उकेलवा मांडे छे, अर्थात् सम्यक्त्वमोहनीय अने मिश्रमोहनीयना दलीयाने मिथ्यात्वपुञ्जमां प्रतिसमय नांखे छे, आ प्रमाणे ते बे पुञ्जोने उकेलता उकेलता पल्योपमना असंख्यातमा भागरूप काले ते बे संपूर्ण उकेलाय छे, एटले के ते बे मोहनीयनो सर्वथा अभाव थाय छे, अर्थात् ते बे पुञ्जोने संपूर्ण उकेलता पल्योपमनो असंख्यातमो भाग काल लागे छे, तेथी ओछा काले ते उकेली शकाता नथी, ते बे पुंजो उकेल्याबाद कोइ जीव औपशमिक सम्यक्त्व पामे, अने औपशमिक सम्यक्त्व वमतां सास्वादन पामे, माटे जघन्य अन्तर पल्योपमना असंख्यातमा भागनुं कह्युं. उत्कृष्ट अन्तर देशोन अर्धपुद्गल परावर्त काल जाणवुं. सम्यक्त्वथी पडेला उत्कृष्ट आशातनावन्त जीवो अर्धपुद्गलपरावर्त सुधी मिथ्यात्वमां भमेछे. अने ते पछी अवश्य सम्यक्त्व पामे, तेमां कोइ जीव उपशमसम्यक्त्व पामी ते वमतां सास्वादन पामे माटे उत्कृष्ट अन्तर देशोन अर्धपुद्गलपरावर्त काल सास्वादननुं जाणवुं. अने नाना जीवापेक्षया सास्वादनगुणस्थाननुं उत्कृष्ट अन्तर पल्योपमना असंख्यातमाभाग प्रमाण काल होय छे.अर्थात् उत्कृष्टथी तेटला काल सुधी कोइपण जीव सास्वादनगुणस्थानके वर्ततो नथी पण उत्कृष्ट तेटला काल पछी अवश्य कोइ जीव सास्वादनगुणस्थान पामे.

(३) त्रीजा मिश्रदृष्टि (सम्यग्मिथ्यात्व) गुणस्थाननुं एक जीवापेक्षया जघन्य अन्तर अन्तर्मुहूर्त प्रमाण छे, अर्थात् मिश्रगुणस्थानथी मिथ्यात्वे गयो होय अथवा सम्यक्त्वमां गयो होय त्यां अन्तर्मुहूर्त रही पाछो मिश्रमां आवे माटे जघन्य आंतरु अन्तर्मुहूर्त छे. अने उत्कृष्ट अन्तर देशोन अर्धपुद्गल परावर्तकाल जाणवुं. नाना जीवापेक्षया मिश्रगुणस्थाननुं उत्कृष्टअन्तर पल्योपमना असंख्यातमा भागप्रमाण काल छे. ते पछी अवश्य कोइ जीव मिश्रगुणस्थान पामे.

( ४ थी ७ ) चोथा अविरतसम्यग्दृष्टिगुणस्थाननुं पांचमा देशविरतगुणस्थाननुं छट्ठा प्रमत्तसंयतगुणस्थाननुं अने सातमा अप्रमत्त संयतगुणस्थाननुं अर्थात् ए चारे गुणस्थानोनुं एक जीवापेक्षया प्रत्येक जघन्य अन्तर अन्तर्मुहूर्त अन्तर्मुहूर्तप्रमाण जाणवुं. अर्थात् ते ते गुणस्थानोथी चढ्या छतां अथवा पड्या छतां अन्य अन्य गुणस्थानोमां जघन्यथी अन्तर्मुहूर्त रही फरी ते ते गुणस्थान पामे छे, माटे जघन्य अन्तर अन्तर्मुहूर्त कह्युं छे, अने उत्कृष्ट अन्तर देशोन अर्ध पुद्गलपरावर्तकाल जाणवुं, अने नाना जीवापेक्षया ए

चारे गुणस्थाने वर्तता जीवो सदैव लोकमां विद्यमान होवाथी तेओनुं अन्तर होतु नथी. चोथुं गुणस्थान चारे गतिमां सदैव होय छे, पांचमुं तिर्यञ्च अने मनुष्यगतिमां सदैव होय छे. अने छट्ठु सातमुं गुणस्थान मनुष्यगतिमां सदैव होय छे, तेथी अन्तर नथी.

( ८ थी ११ उपशमश्रेणिगत ) उपशमश्रेणिना आठमु अपूर्वकरण, नवमु अनिवृत्तिबादरसंपराय, दशमु सूक्ष्मसंपराय अने अगीयारमु उपशान्त मोहवीतरागछद्मस्थ गुणस्थान ए चारे गुणस्थानोनुं प्रत्येके एक जीवापेक्षया जघन्य अन्तर अन्तर्मुहूर्त अन्तर्मुहूर्त होय छे, कारण एकवार उपशमश्रेणि कर्या बाद फरीथी अन्तर्मुहूर्त बीजीवार कोइ जीव उपशमश्रेणि करे तो ए चार गुणस्थानकोनुं जघन्य अन्तर अन्तर्मुहूर्त थाय छे. जो के प्रथम आठमु विगेरे गुणस्थान प्राप्त करी नवमा विगेरे गुणस्थानकोये चढी फरी पाछा उतरी फरी श्रेणि करता ते गुणस्थान प्राप्त करवामां अनेक अन्तर्मुहूर्तो थाय छे तो पण अन्तर्मुहूर्तना असंख्यभेदो होवाथी ते सर्व अन्तर्मुहूर्तो मळीने पण उपशमश्रेणिना कालरूप अन्तर्मुहूर्तमां समावेश पामे छे. माटे अन्तर्मुहूर्तरूप जे अन्तरकाल कह्यो छे ते यथार्थ छे, तेमज वळी एकवार उपशमश्रेणि प्राप्त करी पाछा फरी क्षपकश्रेणि करे तो पण अपूर्वकरणादि गुणठाणाओनुं जघन्य अन्तर अन्तर्मुहूर्त घटी शके छे, छतां सूत्राभिप्राये उपशमश्रेणि करनार ते भवमां क्षपकश्रेणि करी शकतो नथी तेथी ते अपेक्षाये क्षपकश्रेणिवाळो प्रकार विवक्ष्यो नथी, अथवा उपशम भावयुक्त अपूर्वकरणादि गुणस्थान अने क्षपकभाव युक्त अपूर्वकरणादि गुणस्थानोनी विलक्षणता होवाथी तथा बे वार उपशमश्रेणि करवानुं उभयसम्मत होवाथी उपशमश्रेणिनो प्रकार विवक्ष्यो छे, उत्कृष्ट अन्तर देशोन अर्धपुद्गल परावर्तकाल प्रमाण जाणवुं. अने नानाजीवापेक्षया उत्कृष्ट अन्तर ए चारे गुणस्थानोमां कोइपण जीव न होय तेवो विरहकाल पडे तो उत्कृष्ट वर्षपृथक्त्व अन्तर पडे, वर्षपृथक्त्व गया बाद कोइ जीव अवश्य उपशमश्रेणि करनार लभ्य होय.

( ८ थी १०-१२ मुं क्षपकश्रेणिगत ) क्षपकश्रेणिगत ए चारे गुणस्थानकोनुं एकजीवापेक्षया अन्तर पडतुं नथी,कारण क्षपकश्रेणि करनार ते ते गुणस्थानको पामी गयेल आत्माओ फरी ते ते गुणस्थान पामवाना नथी, नानाजीवापेक्षया उत्कृष्ट अन्तर क्षपकश्रेणिगत ते चारे गुणस्थानकोमां कोइपण जीव विद्यमान न होय तेवो विरहकाल पडे तो उत्कृष्ट अन्तर छ मासनुं पडे छमास

पछी अवश्य कोइ जीव क्षपकश्रेणिकरनार लभ्य होय, सिद्धिनो उत्कृष्ट विरह छ मासनो होय, जेथी छमासे अवश्य क्षपकश्रेणिकरनार होयज.

( १३ मुं ) तेरमा सयोगिकेवलिगुणस्थाने जीवो सर्वदा विद्यमान होवाथी तेनुं अन्तर पडतुं नथी अने एकजीवापेक्षया पण ते गुणस्थान फरी पामवानुं नथी तेथी तेनुं अन्तर बताव्युं नथी.

( १४ मुं ) अयोगिकेवलिगुणस्थाननुं एकजीवापेक्षया फरी ते गुणस्थान पामवानुं न होवाथी अन्तर पडतुं नथी, अने नानाजीवापेक्षया उत्कृष्ट अन्तर छमासनुं होयछे, एटले के चौदमे गुणस्थाने कोइ पण जीव न होय तेवो विरहकाल पडे तो उत्कर्षथी छमास सुधी कोइ पण जीव चौदमुं गुणस्थान पामतो नथी, छमास बाद अवश्य कोइपण जीव चौदमुं गुणस्थान पामे आ प्रमाणे अन्तरद्वारस्वरूप जाणवुं.

अन्तरद्वारनो प्रसङ्ग होवाथी गुणस्थानकोमां अनेक जीवोनी अपेक्षाये प्रतिपत्तिने उद्देशी अन्तर जाणवा कंइक विशेष विचार विशेष जिज्ञासुओ माटे बतावीये छीये.

चोथा अविरतसम्यग्दृष्टिगुणस्थानके पूर्वप्रतिपन्न जीवो तो सर्वदा असंख्यात विद्यमान छे, पण एक जीव अविरतसम्यग्दृष्टि पाम्या पछी बीजो कोइपण जीव ते गुणस्थान न ज पामे तेवुं प्रतिपत्तिनुं अन्तर पडे तो सात दिवसनो निरन्तर अन्तर काल कह्यो छे, अर्थात् एक जीव चोथुं गुणस्थान पाम्या पछी बीजो कोइ जीव चोथुं गुणस्थान उत्कर्षथी सात दिवसने अन्तरे अवश्य पामे, एज प्रमाणे देशविरतगुणस्थाननुं प्रतिपत्ति अन्तर चौद दिवस छे, सर्वविरत गुणस्थाननुं प्रतिपत्ति अन्तर पंदर दिवस काल प्रमाणनुं छे. अने अयोगिगुणस्थाननुं प्रतिपत्ति अन्तर छ मासनुं होय छे, मुक्तिनो विरहकाल पण छ मास ज छे, कह्युं छे के— " सम्माइ तिन्नि गुणा, कमसो सग चोद्दस पन्नरदिणाणि । छम्मास अजोगित्तं, न को वि पडिवज्जइ सययं ॥१॥ " श्री आवश्यकमां देशविरतिनुं प्रतिपत्ति अन्तर बार दिवस कह्युं छे. " विरयाविरइए होइ बारसगं " जघन्यथी तो सर्व ठेकाणे प्रतिपत्तिने उद्देशी अतरकाल १ समय मात्र छे. आ प्रमाणे अन्तरद्वार स्वरूप कह्युं.

( ७ मु भागद्वार ) सातमा भागद्वारनो विचार नवमा अल्पबहुत्वद्वार विचारनी अन्तर्गत होवाथी अल्पबहुत्वद्वारनी साथे ज ते कहेवाशे.

(८ मुं भावद्वार) औदयिक १ औपशमिक २ क्षायोपशमिक ३ क्षायिक ४ अने पारिणामिक ५ ए पांच भावो छे, १ **औदयिकभाव— क**र्मना उदयथी थता पर्यायरूप परिणामो जेवा के गति, वेद, कषाय, विगेरे, २ **औपशमिकभाव**—कर्मना उपशमथी थता पर्यायरूप परिणामो औपशमिक सम्यक्त्व अने औपशमिकचारित्र, ३ **क्षायोपशमिकभाव**—कर्मना क्षयोपशमथी थता पर्यायरूप परिणामो जेवा के-मत्यादिज्ञान,मत्यादि अज्ञान, चक्षुरादिदर्शन विगेरे, ४ **क्षायिकभाव**—कर्मना क्षयथी थता पर्यायरूप परिणामो केवलज्ञान, केवलदर्शन, क्षायिकसम्यक्त्व, क्षायिकचारित्र अने दानादि पांच लब्धि, ५ **पारिणामिकभाव**—अनादि सिद्ध स्वभाव जीवत्व, भव्यत्व, अभव्यत्व, आ पांच भावो पैकी कये कये गुणस्थानके केटला केटला भावो होय ते आ भावद्वारमां दर्शावाय छे.

(१) **पहेला मिथ्यात्वगुणस्थानके—औदयिक** १ **क्षायोपशमिक** २ अने **पारिणामिक** ३ ए त्रण भावो जीवोमां होय छे, औदयिकभावना मनुष्यगति आदि गतिओ, वेदो, कषायो विगेरे भेदो, क्षायोपशमिक भावना मति-अज्ञान, श्रुतअज्ञान, विभङ्गज्ञान, चक्षुर्दर्शनादि भेदो अने पारिणामिक भावे भव्यजीवोमां भव्यत्व तथा जीवत्व अने अभव्यजीवोमां अभव्यत्व, जीवत्व होय छे.

(२) बीजा **सास्वादनगुणस्थानके**—पण **औदयिक क्षायोपशमिक** अने **पारिणामिक** ए त्रण भावो होय छे, **सिद्धान्तकारमते** क्षायोपशमिक भावमां ज्ञानविवक्षा छे, अने **कर्मग्रन्थकारमते** अज्ञान विवक्षा छे. पारिणामिकभावमां अभव्यत्व अहीं होतुं नथी विगेरे विशेष विचार संभव प्रमाणे विचारवो.

(३) **त्रीजा मिश्रदृष्टिगुणस्थानके**—पण औदयिक क्षायोपशमिक अने पारिणामिक ए त्रण भावो होय छे, त्यां क्षायोपशमिक भावमां ज्ञान अज्ञान उभय विवक्षा छे. बाकी भेदविचारणा पूर्वनी माफक जाणवी.

(४) **चोथा अविरत सम्यग्दृष्टिगुणस्थानके**—भावोना त्रण प्रकारो पडे छे, **प्रथम प्रकार**—१ औदयिक २ क्षायोपशमिक अने ३ पारिणामिक ए प्रमाणे त्रण भावो क्षायोपशमिक सम्यक्त्ववाळा जीवोने होय छे. **बीजो प्रकार**—१ औदयिकभाव २ क्षायोपशमिकभाव ३ औपशमिकभाव ४ पारिणामिकभाव ए चार भावो औपशमिक सम्यक्त्ववान् जीवोने होय छे. **त्रीजो प्रकार**—१ औदयिक भाव २ क्षायोपशमिकभाव ३ क्षायिकभाव ४ पारिणामिकभाव ए प्रमाणे चार भावो क्षायिक सम्यक्त्ववान जीवोने होय छे. भेदविचारो पूर्वनी माफक.

(५) पांचमा देशविरतगुणस्थानके–पण तेज प्रमाणे भावोना त्रण प्रकारो पडे छे मात्र अहीं क्षायोपशमिक भावमां देशविरतिचारित्र वधारे होय छे.

(६–७) छट्ठा प्रमत्त संयतगुणस्थानके अने सातमा अप्रमत्त संयतगुणस्थानके–पण उपर प्रमाणे भावोना त्रण त्रण प्रकारो पडे छे, मात्र अहीं क्षायोपशमिकभावमां देशविरतिने बदले सर्वविरतिचारित्र गणवुं.

(८ थी ११ उपशमश्रेणिगत) आठमु अपूर्वकरण गुणस्थानक, नवमु अनिवृत्तिबादरसंपराय गुणस्थानक. दशमु सूक्ष्मसंपराय गुणस्थानक अने अगीयारमु उपशान्तमोहवीतराग छद्मस्थ गुणस्थानक ए चारे उपशमश्रेणिगत गुणस्थानकोमां–भावोना बबे प्रकारो पडे छे. औपशमिक सम्यक्त्ववाळा जीवो उपशमश्रेणि करे छे तथा क्षायिकसम्यक्त्ववाळा पण उपशमश्रेणि करे छे, आ प्रमाणे बे प्रकारना जीवो उपशमश्रेणि करता होवाथी भावोना बे प्रकारो थाय छे, पहेलो प्रकार–उपशमसम्यक्त्ववाळा जीवो उपशमश्रेणि करे तो १–औदयिक २–क्षायोपशमिक ३-औपशमिक अने ४-पारिणामिक ए चार भावो होय छे, अने क्षायिकसम्यक्त्वसहित उपशमश्रेणि करे तो १–औदयिक २–क्षायोपशमिक ३–औपशमिक ४–क्षायिक अने ५–पारिणामिक ए पांचे भावो साथे होय छे, कारण सम्यक्त्व क्षायिक होवाथी क्षायिकभाव छे अने चारित्र औपशमिकभावनुं होवाथी औपशमिक भाव पण छे, बाकी ज्ञान, दर्शन अने लब्धिओ क्षायोपशमिकभावे, मनुष्यगतिविगेरे औदयिकभावे अने जीवत्व भव्यत्व पारिणामिकभावे होयछे, विशेषस्वरूप जे जे गुणस्थानके तरतमताए होय छे त्यां त्यां विशेष ग्रन्थोथी जोइ लेवुं.

(८ थी १० तथा १२मु क्षपकश्रेणिगत) आठमु, नवमु, दशमु अने बारमुं क्षीणमोहवीतरागछद्मस्थगुणस्थान ए चारे क्षपकश्रेणिवर्ति गुणस्थानकोमां–औपशमिकभाव शिवायना १–औदयिक २- क्षायोपशमिक ३–क्षायिक अने ४–पारिणामिक ए चार भावो होय छे, उपशमसम्यक्त्वसहित क्षपकश्रेणि थती नथी. तेमज क्षपकश्रेणिये चडेलाने औपशमिकचारित्र पण होतुं नथी.

(१३-१४) तेरमु सयोगिकेवलिगुणस्थानक अने चौदमु अयोगिकेवलिगुणस्थानक ए बे गुणस्थानकोमां-क्षायोपशमिकभाव निवृत्त थयेलो होवाथी १-औदयिक २–क्षायिक अने ३–पारिणामिक ए त्रण भावो होय छे, औदयिकभावमां मनुष्यगति आदि, क्षायिकभावमां केवलज्ञान, केवलदर्शन, क्षायिकसम्यक्त्व,

क्षायिकचारित्र अने दानादि पांचलब्धि अने पारिणामिकभावमां जीवत्व भव्यत्व ए भेदो होय छे, औपशमिकभाव मोहनीयकर्मनो ज थाय छे अने क्षायोपशमिकभाव चार घातिकर्मोंनो थाय छे, केवलिभगवंतोने ते कर्मोंनो क्षय थयेलो होवाथी ते बे भावो होता नथी, आ प्रमाणे गुणस्थानकोमां भावद्वारविचारणा करी.

(९ मुं अल्पाबहुत्वद्वार) उपशामक, उपशामक एटले उपशमश्रेणिगत आठमुं नवमुं, दशमुं अने अगीआरमुं ए चार गुणस्थाने वर्तता जीवो सर्वथी स्तोक होय, तेनाथी क्षपक एटले क्षपकश्रेणिगत ८-९-१०-१२ अने चौदमुं अयोगिकेवलिगुणस्थान ए पांच गुणस्थाने वर्तता संख्यातगुण होय, आ अल्पबहुत्व ज्यारे उत्कृष्टपदे ए गुणस्थानोमां जीवो विद्यमान होय ते कालनी अपेक्षाये जाणवुं, बीजे काले तो कोइ वखत ते गुणस्थानोए जीवो न पण होय अथवा होय तो तेनां पण कोइ वखत क्षपक जीवो वधारे तो कोइ वखत उपशामक पण वधारे होय एम अनियमित अल्पबहुत्व होय, क्षपक करता सयोगिकेवलिओ संख्येयगुण, ते करतां अप्रमत्तगुणस्थानवाळा संख्येयगुण, ते करतां प्रमत्तगुणस्थानवाळा संख्येयगुण, ते करतां देशविरतगुणस्थानवाळा असंख्येयगुण, ते करतां सास्वादनगुणस्थानवाळा असंख्येयगुण, आ अल्पबहुत्व पण सास्वादनगुणस्थानमां ज्यारे उत्कृष्टपदे जीवो विद्यमान होय ते अपेक्षाये जाणवुं, अन्यथा कोइ वखत सास्वादनगुणस्थाने जीवो न पण होय, होय तो जघन्यथी एक बे त्रण आदि होय, पण ज्यारे उत्कृष्टपदे जीवो होय त्यारे क्षेत्रपल्योपमना असंख्यातमा भागवर्ति आकाशप्रदेशराशि प्रमाण देशविरत तिर्यंच तथा मनुष्यजीवो होय छे, ते करतां असंख्यगुण मोटा प्रमाणवाळा क्षेत्रपल्योपमना असंख्यातमा भागवर्ति आकाशप्रदेशराशिप्रमाण सास्वादनवर्ति जीवो होय छे, तेनां करतां मिश्रगुणस्थानवाळा जीवो असंख्यातगुण वधारे होय, आ अल्पबहुत्वमां पण उत्कृष्टपदे मिश्रगुणस्थानमां जीवो विद्यमान होय ते अपेक्षाये जाणवुं, अन्यथा उपरनी माफक कोइ वखत मिश्रगुणस्थानके जीवो न पण होय अने होय तो जघन्यथी एक बे त्रण विगेरे पण होय एम अनियमित अल्पबहुत्व होय, पण ज्यारे उत्कृष्टपदे मिश्रगुणस्थाने जीवो होय त्यारे सास्वादनगुणस्थाने उत्कृष्टपदे जेटला जीवो होय ते करतां मिश्रगुणस्थाने असंख्येयगुण मोटा क्षेत्रपल्योपमासंख्येयभागवर्ति आकाशप्रदेशराशिप्रमाण होय छे, ते करतां अविरतसम्यग्दृष्टिगुणस्थानवाळा असंख्येयगुण वधारे होय छे. मिश्रगुणस्थाने उत्कृष्टपदे वर्तनार जीवो करता असंख्येयगुण मोटा प्रमाणवाळा क्षेत्रपल्योपमासंख्येयभागवर्ति आकाशप्रदेशराशिप्रमाण जीवो होय छे, अविरतसम्यग्दृष्टि करतां नारक मनुष्य अने देवगति ए त्रण गतिओमां वर्तता मिथ्यादृष्टिओ

असंख्येयगुण वधारे होय छे, ते करतां तिर्यग्गतिवर्ति मिथ्यादृष्टिजीवो अनन्तगुण होय छे. आ प्रमाणे अल्पबहुत्वद्वार जाणवुं, अल्पबहुत्वद्वारविचारान्तर्गत भागद्वारविचार होवाथी प्रथम अवशिष्ट राखेल भागद्वारविचार नीचे प्रमाणे, मिथ्यादृष्टिजीवोने अनन्तमे भागे अविरतसम्यग्दृष्टिजीवो, अविरतसम्यग्दृष्टिने असंख्यातमे भागे मिश्रदृष्टिजीवो, मिश्रदृष्टिने असंख्यातमे भागे सास्वादनसम्यग्दृष्टिजीवो, सास्वादनसम्यग्दृष्टिने असंख्यातमे भागे देशविरतजीवो, देशविरतने असंख्यातमे भागे प्रमत्तसंयतजीवो, प्रमत्तसंयतने संख्यातमे भागे अप्रमत्तसंयतजीवो, अप्रमत्तसंयतने संख्यातमे भागे सयोगिकेवलिभगवंतो, सयोगिकेवलिने संख्यातमे भागे क्षपकश्रेणिवाळा तथा अयोगिकेवलिजीवो, क्षपकने संख्यातमे भागे उपशामक तथा उपशान्तमोह गुणस्थानवाळा जीवो होय छे, आ प्रमाणे चौदगुणस्थानोमां सत्पदप्ररूपणतादि नव अनुयोगद्वार विचार जाणवो.

प्रतिसमय असंख्यगुणवृद्धिनिर्जराना हेतुभूत अध्यवसायविशुद्धि विशेषताये थती गुणश्रेणिओ अगीयार छे अने ते गुणस्थान विचारनी सहधर्मवाळी होवाथी गुणस्थानद्वारनी साथे ज प्रसङ्ग प्राप्त छे, परन्तु विस्तार भयथी ते दर्शावी नथी मात्र तेना जिज्ञासुओ माटे **नाममात्र दर्शावीये छीये.**

(१) **पहेली सम्यक्त्वोत्पादगुणश्रेणि**—मिथ्यादृष्टिजीवो जे कर्मनिर्जरा करे छे. तेना करता धर्मपृच्छा विचारवान पृच्छाभिलाषी छतो साधु पांसे जतो—प्रश्न करतो—सम्यक्त्व अङ्गीकारनी इच्छावाळो, अङ्गीकार करनार—अङ्गीकार करेलो ए सर्वने उत्तरोत्तर असंख्यगुण निर्जरा जाणवी.

(२) **बीजी देशविरतगुणश्रेणि**—उपर प्रमाणेज सम्यक्त्व पामेला जीव करता देशविरति पामवानी इच्छावाळाने-पामताने अने पामेलाने अनुक्रमे असंख्यगुणनिर्जरा जाणवी. आ प्रमाणे सर्वगुणश्रेणिमां जाणवुं.

(३) **त्रीजी सर्वविरतगुणश्रेणि**—(४) **चोथी अनन्तानुबन्धिविसंयोजक०** (५) **पांचमी दर्शनमोहक्षपक०** (६) **छठ्ठी उपशामक०** (७) **सातमी उपशान्त०** (८) **आठमी क्षपक०**—(९) **नवमी क्षीणमोह०**—(१०) **दशमी सयोगिकेवलि०**—(११) **अगीयारमी अयोगिकेवलिगुणश्रेणि**, आ सर्वमां उत्तरोत्तर असंख्यगुण निर्जरा जाणवी, कर्मनिर्जरा माटे संयमस्थान श्रेणि उत्तरोत्तर असंख्येयगुण प्रवर्धमान होय अने काल अयोगिकेवलिथी लइने विपरीत रीतिये संख्यातगुणवृद्धिये जाणवो. अर्थात् जेटले काले जेटलुं कर्म अयोगिकेवलि खपावे तेटलुं ज कर्म सयोगिकेवलि संख्यातगुणदीर्घकाले खपावे, आ प्रमाणे पश्चानुपूर्वीये पृच्छाभिलाषी सुधी जाणवुं. विशेष विचार शतकवृत्ति आदिथी जाणवो.

———*———

## ॥ गुणस्थान यन्त्रकम् ॥

| | गुणस्थाननां नाम (१) | कया गुणने अंगे ए नाम छे ? (२) | क्षपकने होय के उपशमकने ? (३) | श्रेणिगत के अश्रेणिगत ? (४) | परभवमां साथे आवनार के नहि आवनार ? (५) |
|---|---|---|---|---|---|
| १ | मिथ्यात्व | मिथ्यात्व-मोहनीयना उदयथी | एकेने नहि | कोइ नहि | साथे आवनार |
| २ | सास्वादन | अनन्ता०ना उदयवडे सम्यक्त्वनुं वमन थवाथी | ,, | ,, | ,, |
| ३ | मिश्र | मिश्रमोहनीयना उदयथी. | ,, | ,, | नहि आवनार |
| ४ | अविरत सम्यग्दृष्टि | व्रतरहित सम्यक्त्व होवाथी. | विकल्पे बन्नेने | विकल्पे श्रेणिगत | आवनार |
| ५ | देशविरत | अंशपूर्ण व्रत होवाथी | ,, | ,, | नहि आवनार |
| ६ | प्रमत्त | निद्रादिस्पष्ट प्रमाद होवाथी | ,, | ,, | ,, |
| ७ | अप्रमत्त | निद्रादि प्रमाद (स्पष्ट) नहि होवाथी | ,, | ,, | ,, |

| मरण थाय के नहि ? (६) | उत्कृष्ट अल्पबहुत्व एक समयवर्ति जीवापेक्षया (७) | जघन्य तथा उत्कृष्ट स्थिति (८) | जघन्य तथा उत्कृष्ट अन्तर (९) |
|---|---|---|---|
| मरण होय | अयोगि (सिद्ध-भगवन्तो) थी अनन्तगुण. | जघ०—अन्तर्मुहूर्त<br>उ०—भव्यने अनादिसान्त-सादिसान्त<br>अभव्यने अनादि अनन्त | जघ०—अन्तर्मु०<br>उ०—बे छासठसागर साधिक. |
| ,, | ५ माथी असंख्य गुण | जघ०—१ समय<br>उ०—६ आवलिका | जघ० पल्यासंख्येयभाग<br>उ०—देशोन ०॥ पुद्गल परावर्त |
| मरण न होय | २ माथी असंख्य गुण | जघ०— अन्तर्मुहूर्त<br>उ०— ,, | जघ०—अन्तर्मु०<br>उ०-देशोन ०॥ पुद्गल परावर्त |
| मरण होय | ३ माथी असंख्य गुण | जघ०—अन्तर्मुहूर्त<br>उ०— साधिक ३३ सागर | ,, |
| ,, | ६ हाथी असंख्य गुण | जघ०—अन्तर्मुहूर्त<br>उ०—८ वर्ष ७ मास न्यून पूर्व क्रोडवर्ष | ,, |
| ,, | ७ माथी संख्य गुण ( कोटिसहस्र-पृथक्त्व) | जघ० १ समय<br>उ०—देशविरतवत् ( वा अन्तर्मुहूर्त) | ,, |
| ,, | १३ माथी संख्य गुण [कोटिशतपृथ-क्त्व] | जघ०—१ समय<br>उ०—अन्तर्मुहूर्त | ,, |

| | (१) | (२) | (३) | (४) | [५] |
|---|---|---|---|---|---|
| ८ | अपूर्वकरण | अपूर्व एवां पांच करणोनो प्रारंभ थवाथी | बन्नेने | (बन्ने) श्रेणिगत | नहि आवनार |
| ९ | अनिवृत्ति बादरसंपराय | अध्यवसायो तुल्य होवाथी निवृत्ति (फेरफार) न होवाथी | ,, | ,, | ,, |
| १० | सूक्ष्मसंपराय | सूक्ष्म (लोभ) कषायना उदयथी | ,, | ,, | ,, |
| ११ | उपशान्तमोह | सर्वमोहनीय उपशान्त होवाथी | ,, | उपशमश्रेणिगत | ,, |
| १२ | क्षीणमोह | सर्वमोहनीय क्षय पामेली होवाथी | क्षपकने | क्षपकश्रेणिगत | ,, |
| १३ | सयोगिकेवलि | योग सहित केवळज्ञान होवाथी | ,, | ,, | ,, |
| १४ | अयोगिकेवलि | योग रहित केवळज्ञान होवाथी | ,, | ,, | ,, |

| (६) | (७) | [८] | (९) |
|---|---|---|---|
| मरण होय. | १२ मांथी विशेषाधिक [१६२] | जघन्य–१ समय<br>उत्कृष्ट-अन्तर्मुहूर्त. | उपशमश्रेणिगतजीवापेक्षया<br>जघ-अन्तर्मुहूर्त<br>उत्कृष्ट-देशोन-अर्धपुद्गलपरावर्त. |
| ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, |
| ,, | सर्वथी अल्प [५४] | ,, | ,, |
| मरण नहि | ११ मांथी संख्यगुण (१०८) | अजघन्योत्कृष्ट } अन्तर्मुहूर्त | नथी |
| ,, | १० मांथी संख्यगुण (कोटिपृथक्त्व) | जघ०–अन्तर्मुहूर्त<br>उ०–८ वर्ष ७ मास न्यून पूर्वक्रोड वर्ष | नथी |
| मरण होय | ४ थांथी अनंतगुण ( सिद्ध ) | अजघन्योत्कृष्ट { पंच ह्रस्वाक्षरोच्चारकाळ [अन्तर्मुहूर्त] | नथी |

चतुर्दशसु गुणस्थानेषु त्रिषष्ट्युत्तरपञ्चशत ५६३ जीवभेदसंख्यायन्त्रकम् ।

| गुणस्थान नाम. | जीवभेद संख्या | विशेष विचार. |
|---|---|---|
| मिथ्यात्व गुणस्थाने | ५३५ | पांचसो त्रेसठ जीवभेदमांथी<br>पांच अनुत्तरदेवो अने नवलोकान्तिक ए चौद पर्याप्त तथा अपर्याप्त ए अठावीश भेदो बाद करतां बाकीना ५३५ जीवभेदो संभवी शके छे. |
| सास्वादन सम्यग्दृष्टि गुणस्थाने | कर्मग्रन्थकारमते ४००<br>सिद्धान्तमते ३९७ | ३ बादर अपर्याप्त पृथ्वीकाय १, अप्काय २, प्रत्येकवनस्पतिकाय ३ एकेन्द्रिय<br>३ अपर्याप्त विकलेन्द्रिय<br>५ अपर्याप्तसंमूर्छिमतिर्यञ्चपंचे.<br>१० गर्भज पर्याप्त तथा अप० तिर्यञ्च पञ्चेन्द्रिय<br>२०२ गर्भजपर्याप्त १०१ तथा अपर्याप्त १०१ मनुष्य.<br>१७० देवताना १९८ भेदमांथी पांच अनुत्तर अने नव लोकान्तिक ए चौदना पर्याप्त अपर्याप्त मळी २८ शिवाय. १७०<br>७ पर्याप्त नारको<br>(सिद्धान्तकारमते ३ एके० शिवाय ३९७ ) |
| मिश्रदृष्टि गुणस्थाने | १९८ | ५ गर्भज पर्याप्त तिर्यंचो.<br>१०१ गर्भज पर्याप्त मनुष्य<br>८५ पर्याप्त देवताओना ९९ भेदमांथी ५ अनुत्तर अने ९ लोकान्तिकना पर्याप्त चौद भेद बाद करता ८५<br>७ पर्याप्त नारकीओ |
| अविरतसम्यग्दृष्टि गुणस्थाने | ४२३ | १० गर्भज पर्याप्त तथा अपर्याप्त तिर्यंचो.<br>२०२ गर्भज पर्याप्त तथा अपर्याप्त मनुष्यो.<br>१९८ पर्याप्त तथा अपर्याप्त चारे निकायना देवो<br>१३ पहेली छ नारकना पर्याप्ता तथा अपर्याप्ता ए १२ तथा पर्याप्त सातमी नारकीना नारको १ (सातमी नारकीना अपर्याप्त जीवोमां न होय). |
| देशविरत गुणस्थाने | २० | ५ गर्भज पर्याप्त तिर्यंचो.<br>१५ गर्भज पर्याप्त पांचभरत, पांच ऐरवत पांचमहाविदेह ए पंदर कर्मभूमिना मनुष्यो. |
| छट्ठा प्रमत्तसंयतगुणस्थान थकी चौदमा अयोगिकेवलि गुणस्थान सुधी ९ गुणस्थानोमां | १५ | १५ गर्भज पर्याप्त पांच भरत, पांच ऐरवत, पांच महाविदेह ए पंदर कर्मभूमिना मनुष्यो. |

१ ५६३ जीवभेदसंख्या—(२२ एकेन्द्रियभेदो) १पृथ्वीकाय, २अप्काय, ३ ते-

उकाय, ४वायुकाय अने ५साधारण वनस्पतिकाय ए पांचेने सूक्ष्मपर्याप्ता अने सूक्ष्म अपर्याप्ता तथा बादरपर्याप्ता अने बादर अपर्याप्त ए चार भेदे गुणतां २० तथा प्रत्येक वनस्पतिकाय बादरज होवाथी तेना पर्याप्त अने अपर्याप्त ए बे भेद मेळवतां बावीश भेद एकेन्द्रियना थाय. ( ६ विकलेन्द्रिय ) द्वीन्द्रिय, त्रीन्द्रिय, चतुरिन्द्रिय, ए त्रणने पर्याप्ता अने अपर्याप्ता एम बे भेदे गुणतां छ भेद थाय. [ १४ नारकजीवो ] सात नारकीना पर्याप्त अने अपर्याप्त एम बे भेदे गुणतां १४ थाय. ( २० तिर्यञ्च पञ्चेन्द्रियभेदो ) जलचर खेचर ए बे भेद तथा स्थलचरना चतुष्पद १, उरःपरिसर्प २ अने भुजपरिसर्प ३, ए त्रण मेळवतां पांचभेद थया, ते पांचने १ संमूर्छिम पर्याप्त तथा २ संमूर्छिम अपर्याप्ता अने ३ गर्भज पर्याप्ता तथा ४ गर्भज अपर्याप्त ए चार भेदे गुणतां वीश भेद तिर्यञ्च पञ्चेन्द्रियना थाय. [ ३०३ मनुष्यभेदो ] पांच भरत पांच ऐरवत अने पांच महाविदेह ए पंदर कर्मभूमि (१ जम्बूद्वीपमां, २ धातकीखण्डमां अने २ पुष्करार्धमां ए रीते पांच भरत, तेज प्रमाणे पांच ऐरवत तथा पांच महाविदेह पण जाणवा अने तेवीज रीते अकर्मभूमि क्षेत्रोनी पण पांच पांच संख्या जाणवी. ) पांच हिमवन्त, पांच हिरण्यवन्त, पांच हरिवर्ष, पांच रम्यक, पांच देवकुरु अने पांच उत्तरकुरु ए त्रीश अकर्मभूमि. अने ५६ अन्तरद्वीप [ भरतक्षेत्रनी उत्तर तरफना क्षुल्लहिमवन्त पर्वतनी लवणसमुद्रमां गयेली पूर्वदिशाना बे बाजुना खूणामां बे अने पश्चिम दिशाना बे बाजुना खुणामां बे एम चार दाढाओ तथा ऐरवतक्षेत्रनी दक्षिण तरफना शिखरिपर्वतनी तेज प्रमाणे लवणसमुद्रमां गयेली चार दाढाओ मळी आठ दाढाओ उपर प्रत्येके सात सात अन्तर्द्वीप होवाथी ५६ अन्तर्द्वीपो थाय ] ते १०१ भूमिमां उत्पन्न थता मनुष्यो जुदा जुदा स्वभाववाळा होवाथी क्षेत्रभेदथी भिन्न कहेवाय, तेमा संमूर्छिममनुष्यो अपर्याप्तज होय छे जेथी ते १०१ तथा १०१ भूमिमां उत्पन्न थता गर्भज मनुष्यो पर्याप्ता तथा अपर्याप्ता एम बे भेद होवाथी २०२ भेदो थाय कुल संमूर्छिम १०१ तथा गर्भजना २०२ भेगा करतां ३०३ मनुष्यभेदो थाय. ( १९८ देवभेदो ) १० भुवनपति, १५ परमाधामी, ८ व्यन्तरो, ८ वाणव्यन्तरो, १० तिर्यग्जृंभको, ५ चरज्योतिष्को, ५ स्थिरज्योतिष्को, ३ किल्बिषिक, १२ सौधर्मकल्पादि, ९ लोकान्तिक, ९ ग्रैवेयक, अने ५ अनुत्तर, ए कुल ९९ भेदने पर्याप्त तथा अपर्याप्त एम बे भेदे गुणतां १९८ भेदो थाय, सर्वमळी ५६३ भेदो जीवना जाणवा.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ५६३ जीवभेद यन्त्रकम् | २२ | एकेन्द्रिय | १४ | नारकी | कुल ५६३ |
| | ६ | विकलेन्द्रिय | ३०३ | मनुष्य | |
| | २० | पञ्चेन्द्रिय तिर्यंच | १९८ | देवता | |

दशपञ्चाधिका योगाः, सप्त स्युस्तत्र कायिकाः । चत्वारो मानसोद्भूतास्तावन्त एव वाचिकाः ॥३॥ औदारिकस्तन्मिश्रः स्याद्वैक्रियस्तेन मिश्रितः । आहारकस्तन्मिश्रः सप्तमस्तैजसकार्मणः ॥ ४ ॥ पर्याप्तानां नृतिरश्चामौदारिकाभिधो भवेत् । स्यात्तन्मिश्रस्तु पर्याप्तापर्याप्तानां तथोच्यते ॥ ५ ॥ कार्मणेन वैक्रियेणाहारकेणेति च त्रिधा । औदारिकमिश्रकाययोगं योगीश्वरा जगुः ॥ ६ ॥ औदारिकाङ्गनामादितादृक्कर्मनियोगतः । उत्पत्तिदेशं प्राप्तेन, तिरश्चा मनुजेन वा ॥ ७ ॥ यदौदारिकमारब्धं, न च पूर्णीकृतं भवेत् । तावदौदारिकमिश्रः, कार्मणेन सह ध्रुवम् ॥ ८ ॥ तथा चोक्तं निर्युक्तिकारेण शस्त्र परिज्ञाध्ययने—"तेएण कम्मएणं, आहारेई अणंतरं जीवो । तेण परं मिस्सेणं. जाव सरीरस्स निप्फत्ती ॥ ९ ॥" (तैजसेन कार्मणेन आहारयत्यनन्तरं जीवः । ततः परं मिश्रेण यावत् शरीरस्य निष्पत्तिः ) (सा० २३९)

अर्थ—३१ योगद्वारम् ॥ योग पंदर छे तेमां ७ काययोग छे, चार मनथी उत्पन्न थयेला (मनोयोग) अने तेटलाज (४)वचनयोग छे ॥३॥ औदारिक अने औदारिकमिश्र, वैक्रिय अने वैक्रियमिश्र, आहारक अने आहारकमिश्र, (ए छ) अने सातमो तैजस कार्मण काययोग छे ॥ ४ ॥ त्यां पर्याप्त मनुष्य अने तिर्यंचने औदारिक नामनो काययोग होय छे, अने औदारिकमिश्र तो पर्याप्त अने अपर्याप्तने होय छे ते जेवी रीते होय छे तेवी रीते कहेवाय छे ॥ ५ ॥ कार्मणसाथे वैक्रिय साथे अने आहारक साथे एम त्रण प्रकारे औदारिकमिश्र काययोग योगीश्वरोए ( महामुनीश्वरोए ) कह्यो छे ॥ ६ ॥ औदारिक शरीर नाम कर्मादि तेवा प्रकारना कर्मनी प्रेरणाथी उत्पत्ति स्थाने आवेला तिर्यंचे अथवा मनुष्ये ॥७॥ ज्यांसुधी प्रारंभेलुं औदारिकशरीर पूर्ण नथी रच्युं, त्यांसुधी निश्चयथी ते कार्मणनी साथे मिश्र एवो औदारिकमिश्रयोग होय छे ॥ ८ ॥ निर्युक्तिकारे

१ श्रीसूत्रकृतांग आहारपरिज्ञाध्ययननिर्युक्तिमां पण छे.

(श्रीभद्रबाहुस्वामीए आचारांगसूत्रना) शस्त्रपरिज्ञानामना अध्ययनमां कह्युं छे के-"तैजस (कोइ स्थळे 'जोएणं' एवो पाठ छे त्यांपण 'योतेन' ए प्रमाणे तैजस अर्थ करवो). अने कार्मण कायवडे अनंतर समये ( पूर्वभवना मरण समयथी तुरतना अनंतर समये ) जीव आहार करे छे, अने त्यारबाद ज्यांसुधी शरीरनी रचना (उत्पत्ति) थाय त्यांसुधी मिश्रवडे ( तैजसकार्मणसहित औदारिकादिवडे ) आहार करे" ॥ ९ ॥

ननु मिश्रत्वमुभयनिष्ठमौदारिकं यथा। मिश्रं भवेत्कार्मणेन, तथा तेनापि कार्मणम् ॥१०॥ ततश्चौदारिकमिश्रमेवेदं कथमुच्यते? । अस्य कार्मणमिश्रत्वमपि किं नाभिधीयते ?॥११॥ अत्राहुः॥ आसंसारं कार्मणस्यावस्थितत्वेन सर्वदा। सकलेष्वपि देहेषु, संभवेदस्य मिश्रता ॥१२॥ ततश्च॥ कार्मणमिश्रमित्युक्ते, निर्णेतुं नैव शक्यते। किमौदारिकसंबन्धि, किं वाऽपरशरीरजम् ॥१३॥ औदारिकस्य चोत्पत्तिं, समाश्रित्य प्रधानता। कादाचित्कतया चास्य, प्रतिपत्तिरसंशया ॥ १४ ॥ तदौदारिकमिश्रत्वव्यपदेशोऽस्य यौक्तिकः। न तु कार्मणमिश्रत्वव्यपदेशस्तथाविधः ॥१५॥ यदाप्यौदारिकदेहधरो वैक्रियलब्धिवान्। पञ्चाक्षतिर्यङ् मर्त्यश्च, पर्याप्तो बादरानिलः ॥ १६ ॥ वैक्रियाङ्गमारभते, न च पूर्णीकृतं भवेत्। तदौदारिकमिश्रः स्याद्वैक्रियेण सह ध्रुवम् ॥ १७ ॥ एवमाहारकारम्भकाले तल्लब्धिशालिनः। सहाहारकदेहेन, मिश्र औदारिको भवेत् ॥ १८ ॥ यद्यप्यत्रोभयत्रापि, मिथस्तुल्यैव मिश्रता। तथाप्यारम्भकत्वेनौदारिकस्य प्रधानता ॥ १९ ॥ तत औदारिकेणैव, व्यपदेशो द्वयोरपि। न वैक्रियाहारकाभ्यां, व्यपदेशो जिनैः कृतः ॥ २० ॥ मतं सिद्धान्तिनामेतत्, कर्मग्रन्थविदः पुनः। वैक्रियाहारकमिश्रे, एव प्राहुरिमे क्रमात् ॥ २१ ॥ यदारम्भे वैक्रियस्य, परित्यागेऽपि त-

स्य ते । वदन्ति वैक्रियं मिश्रमेवमाहारकेऽपि च ॥ २२ ॥ वैक्रियदेहपर्याप्त्या, पर्याप्तस्य शरीरिणः । वैक्रियः काययोगः स्यात्तन्मिश्रस्तु द्विधा भवेत् ॥ २३ ॥ योऽपर्याप्तदशायां स्यान्मिश्रो नारकनाकिनाम् । योगः समं कार्मणेन, स स्याद्वैक्रियमिश्रकः ॥२४॥ तथा यदा मनुष्यो वा, तिर्यक् पञ्चेन्द्रियोऽथवा । वायुर्वा वैक्रियं कृत्वा, कृतकार्योऽथ तत्त्यजन् ॥ २५ ॥ औदारिकशरीरान्तः, प्रवेष्टुं यतते तदा । योगो वैक्रियमिश्रः स्यात्सममौदारिकेण च ॥ २६ ॥ मिश्रीभावो यदप्यत्रोभयनिष्टस्तथाप्यसौ । प्राधान्याद्वैक्रियेणैव, स्यात्तो नौदारिकेण च ॥२७॥ प्राधान्यं तु वैक्रियस्य, प्राज्ञैर्निरूपितं ततः ।औदारिके तु प्रवेश, एतस्यैव बलेन यत् ॥ २८ ॥ आहारकाङ्गपर्याप्त्या, पर्याप्तानां शरीरिणाम् । आहारकः काययोगः, स्याच्चतुर्दशपूर्विणाम् ॥ २९ ॥ आहारकवपुः कृत्वा कृतकार्यस्य तत्पुनः । त्यक्त्वा स्वाङ्गे प्रविशतः, स्यादाहाकमिश्रकः ॥ ३० ॥ द्वयोः समेऽपि मिश्रत्वे, बलेनाहारकस्य यत् । औदारिकेऽनुप्रवेशस्तेनेत्थं व्यपदिश्यते ॥ ३१ ॥ तैजसं कार्मणं चेति, द्वे सदा सहचारिणी । ततो विवक्षितः सैको, योगस्तैजसकार्मणः ॥ ३२ ॥ जन्तूनां विग्रहगतावयं केवलिनां पुनः । समुद्घाते समयेषु, स्यात्तृतीयादिषु त्रिषु ॥ ३३ ॥ एवं निरूपिताः सप्त, योगाः कायसमुद्भवाः । अथ चित्तवचोजातांश्चतुरश्चतुरो ब्रुवे ॥ ३४ ॥

अर्थ—शंका—मिश्रपणानो व्यपदेश तो बन्नेमां रहेलो छे, एटले जेम कार्मणवडे औदारिकशरीर मिश्र छे तेम औदारिकवडे कार्मण पण मिश्र छे ॥१०॥ तो पछी औदारिकमिश्र एम केम कहेवाय छे? अने तेने कार्मणमिश्र एम केम कहेवातुं नथी ? ॥११॥ उत्तर—आखा संसार भ्रमणसुधी कार्मण शरीर सर्वकाळ अवस्थित होवाथी सदाकाळ सर्व शरीरोनो साथे तेनी मिश्रता तो संभवे छे ज ॥१२॥ अने

तेथी "कार्मणमिश्र" एम कह्ये छते ते कार्मणमिश्र शुं औदारिकसंबंधि छे के बीजा कोइ शरीर संबंधि छे ? तेनो निर्णय करी शकातो नथी ॥ १३ ॥ अने उत्पत्तिनी अपेक्षाए (ते पेळाए) औदारिकनी प्रधानता छे, अने ते कदाचित् उत्पत्तिवाळुं होवाथी ते [औदारिकसंबन्धी]नो स्वीकार निःसंशय पणे थाय छे॥१४॥ ते माटे तेनो (उभयमिश्रनो) औदारिकमिश्रपणारूप व्यपदेश युक्तिवाळो छे, अने कार्मणमिश्रपणारूप व्यपदेश तेवा प्रकारनी युक्तिवाळो नथी ॥१५॥ वळी ज्यारे औदारिकदेहने धारण करनार वैक्रिय लब्धिवाळो पर्याप्त पंचेन्द्रिय तिर्यंच-मनुष्य— अने पर्याप्तबादर वायुकाय ॥ १६ ॥ वैक्रिय शरीर रचवानो आरंभ करे परन्तु पूर्ण न थयुं होय ते वखते वैक्रिय देह सहित (होवाथी) निश्चय औदारिकमिश्र योग होय ॥ १७ ॥ ए प्रमाणे आहारकलब्धिवाळा मुनिने आहारक देहना प्रारंभकाळे आहारकदेह सहित औदारिकमिश्र योग होय ॥१८॥ जो के अहिं बन्ने स्थाने मिश्रता परस्पर तुल्यज छे तोपण आरंभकपणावडे औदारिकदेहनी प्रधानता छे ॥१९॥ माटे बन्नेनो व्यपदेश औदारिकना नामवडे ज छे, परन्तु श्रीजिनेश्वरोए (ते मिश्रनो) आहारक अने वैक्रियना नाम वडे व्यपदेश कर्यो नथी ॥२०॥ ए सिद्धांतकारोनो मत छे, अने कर्मग्रंथना जाणकारो तो ते बन्ने योगने अनुक्रमे वैक्रियमिश्र अने आहारकमिश्रज कहे छे॥२१॥ जे कारणथी वैक्रियना आरंभमां अने वैक्रियना त्यागमां पण तेओ ( कार्मग्रंथिको वैक्रियनी प्रधानता होवाथी) वैक्रियमिश्र ज कहे छे, तेमज आहारकमां पण तेवी रीतेज कहे छे ॥२२॥ वैक्रियशरीरनी पर्याप्तिवडे पर्याप्त थयेला जीवोने वैक्रियकाययोग होय छे, अने वैक्रियमिश्र तो बे प्रकारे होय छे ॥ २३ ॥ त्यां नारक अने देवने अपर्याप्त अवस्थामां जे मिश्र योग छे ते वैक्रियमिश्र योग कार्मण साथे मिश्र होय छे ॥२४॥ तथा मनुष्य अथवा तिर्यंचपंचेन्द्रिय अथवा वायु ज्यारे वैक्रिय शरीर करीने कृतकार्य (कार्य समाप्त थये) थयो छतो ते वैक्रियनो त्याग करतो ॥२५॥ ज्यारे औदारिकशरीरनी अंदर प्रवेश करवाने प्रयत्न करे त्यारे औदारिकसहित एवो वैक्रियमिश्र योग होय॥२६॥ वळी अहिं पण मिश्रभाव बन्नेमां [बन्ने देहमां] रहेलो छे तोपण (वैक्रियनी) प्रधानताए तेने वैक्रियना नामथी मिश्र (वैक्रियमिश्र)

१ भावार्थ ए छे के-औदारिकादि भवधारणीय शरीर तैजसकार्मणनी अपेक्षाए कदाचित् उत्पत्तिवाळां होवाथी मिश्रपणामां औदारिकादि शरीरनी मुख्यता ग्रहण करी औदारिकमिश्र वैक्रियमिश्र इत्यादि नाम आपवाथी कोनी साथे मिश्र ? एवो संशय रहेतो नथी.

कहेलो छे, परन्तु औदारिकना नामवडे मिश्र [ औदारिकमिश्र ] कहेल नथी. ॥२७॥ जे माटे कारण एनाज [ वैक्रियनाज ] बळवडे औदारिककायमां प्रवेश होय छे ते कारणथी पंडित पुरुषोये वैक्रियनुंज प्रधानपणुं कहेलुं छे. ॥ २८ ॥ आहारकशरीरनी पर्याप्तिवडे पर्याप्त थयेला चौदपूर्वी मनुष्योने आहारक काययोग होय छे ॥ २९ ॥ वळी आहारकशरीर करीने कृतकार्य थयेला जीवने तेनो ( आहारक देहनो ) त्याग करीने पोताना शरीरमां प्रवेश करतां आहारकमिश्र योग होय छे ॥ ३० ॥ जे कारणथी अहिं पण मिश्रपणुं बन्ने शरीरनुं तुल्य छे तोपण आहारक देहना बळवडे औदारिकदेहमां प्रवेश होय छे ते कारणथी एवा प्रकारनो व्यपदेश थाय छे ॥ ३१ ॥ तैजस अने कार्मण ए बे शरीर सदाकाळ साथे रहेनारां छे, तेथी ते बन्नेनो एकज तैजसकार्मण काययोग कहेलो छे ॥३२॥ ए योग जीवोने परभवमां विग्रहगतिए जतां (१-२-३ समय) होय छे, अने केवळी भगवानने समुद्घात वखते त्रीजो विगेरे त्रण ( त्रीजे-चोथे-ने पांचमे ) समये होय छे ॥ ३३ ॥ ए प्रमाणे कायाना व्यापारथी उत्पन्न थयेला साते योग कह्या. अने हवे मन अने वचनना व्यापारथी उत्पन्न थयेला चार चार योग कहुं छुं ॥ ३४ ॥

सत्यो मृषा सत्यमृषा, न सत्यो न मृषापि च । मनोयोगश्चतुर्धैवं, वाग्योगोऽप्येवमेव च ॥३५॥ तत्र च ॥ सन्त इत्यभिधीयन्ते, पदार्था मुनयोऽथवा । तेषु साधु हितं सत्यमसत्यं च ततोऽन्यथा ॥ ३६ ॥ पदार्थानां हितं तत्र, यथावस्थितचिन्तनात् । मुनीनां च हितं यस्मान्मोक्षमार्गैकसाधनम् ॥ ३७ ॥ स्वतो विप्रतिपत्तौ वा, वस्तु स्थापयितुं किल । सर्वज्ञोक्तानुसारेण, चिन्तनं सत्यमुच्यते ॥ ३८ ॥ यथाऽस्ति जीवः सदसद्रूपो व्याप्य स्थितस्तनुम् । भोक्ता स्वकर्मणां सत्यमित्यादिपरिचिन्तनम् ॥ ३९ ॥ प्रश्ने विप्रतिपत्तौ वा, स्वभावादुत वस्तुषु । विकल्प्यते जैनमतोत्तीर्णं यत्तदसत्यकम् ॥ ४० ॥ नास्ति जीवो यथैकान्तनित्योऽनित्यो महानणुः । अकर्ता निर्गुणोऽसत्यमित्यादिपरिचिन्तनम् ॥ ४१ ॥ किञ्चित्सत्यमसत्यं वा, यत्स्या-

दुभयधर्मयुक्। स्यात्तत्सत्यमृषाभिख्यं, व्यवहारनयाश्रयात् ॥४२॥ यथाऽन्यवृक्षमिश्रेषु, बहुष्वशोकशाखिषु । अशोकवनमेवेदमित्यादिपरिचिन्तनम् ॥ ४३ ॥ सत्त्वात्कतिपयाशोकतरूणामत्र सत्यता । अन्येषामपि सद्भावाद्भवेदसत्यतापि च ॥ ४४ ॥ भवेदसत्यमेवेदं, निश्चयापेक्षया पुनः । विकल्पितस्वरूपस्यासद्भावादिह वस्तुनः ॥ ४५ ॥ विनार्थप्रतितिष्ठासां, स्वरूपमात्रचिन्तनम् । उक्तलक्षणायोगाच्च सत्यं न मृषा च तत् ॥ ४६ ॥ यथा चैत्राद्याचनीया, गौरानेयो घटस्ततः । पर्यालोचनमित्यादि, स्यादसत्यामृषाभिधम् ॥ ४७ ॥ व्यवहारापेक्षयैव, पृथगेतदुदीर्यते । निश्चयापेक्षया सत्येऽसत्ये वाऽन्तर्भवेदिदम् ॥ ४८ ॥ तथाहि ॥ गौर्याच्येत्यादिसंकल्प, दम्भेन विदधीत चेत् । अन्तर्भवेत्तदाऽसत्ये, सत्ये पुनः स्वभावतः ॥ ४९ ॥ सर्वमेतद्भावनीयं, वाग्योगेऽप्यविशेषतः । भाविताश्चिन्तने भेदा, भाव्यास्तेऽत्र तु जल्पने ॥ ५० ॥ एवं मनोवचोयोगाः, स्युः प्रत्येकं चतुर्विधाः । ततो योगाः पञ्चदश, व्यवहारनयाश्रयात् ॥ ५१ ॥

अर्थ–सत्यमनोयोग–मृषा (असत्य) मनोयोग–सत्यमृषा [मिश्र] मनोयोग–अने असत्यामृषा ( व्यवहार ) मनोयोग ए प्रमाणे मनोयोग चार प्रकारनो छे, अने वचनयोग पण ए प्रमाणेज चार प्रकारनो छे ॥३५॥ त्यां संतः [सत्] एटले पदार्थ अथवा मुनिओ कहेवाय छे, तेओने विषे साधु एटले हितकारी जे मन ते सत्य, अने तेथी विपरीत ते असत्य. ॥ ३६ । त्यां ( पदार्थोने ) यथार्थस्वरूपे चिंतववाथी (मानवाथी) पदार्थोनुं हित मनाय छे, अने मुनिओनुं पण हित मनाय छे, कारण के ( ते यथार्थ चिंतवन ) मोक्ष मार्गनुं एक (मुख्य) साधन छे ॥३७॥ अथवा पोतानी मेळे अथवा विप्रतिपत्ति (विवाद) थये छते कोइ पदार्थनुं स्वरूप स्थापवाने ( निर्णय करवाने ) माटे सर्वज्ञे कहेला

१ 'इदमेवं, तथा' एक कहे छे के-आ वस्तु आम छे, बीजो कहे छे के नहि, आवी विरुद्ध प्रतिपत्ति तेनुं नाम विप्रतिपत्ति एटले विवाद.

स्वरूपने अनुसारे चिंतवन करवुं ते १सत्यमनोयोग ॥३८॥ जेमके सत् अने असत् स्वरूपवाळो [ स्वद्रव्यादि अपेक्षाए सत् ने परद्रव्यादि अपेक्षाए असत् एवो ] जीव शरीरमां व्यापीने रहेलो छे, अने पोताना कृतकर्मनो भोक्ता [ भोगवनार ] छे, इत्यादि(सत्स्वरूप)चिंतवन करवुं ते १ सत्यमनोयोग कहेवाय. ॥३९॥ वळी प्रश्न थये छते अथवा परस्पर विरुद्धविचार (विवाद)थी या स्वभावथी पदार्थोने विषे [पदार्थ-विषयक] सर्वज्ञ मतथी विपरीत विचाराय ते २ असत्यमनोयोग ॥४०॥ जेमके जीव नथी—जीव एकान्ते नित्य छे—वा अनित्यज छे—अथवा (कायाथी) म्होटो (सर्वव्यापि) छे-अथवा कायाथी न्हानो(अणुस्वरूप-श्यामाकतन्दुल प्रमाण)छे-अकर्ता छे-गुणरहित छे—इत्यादि जे चिंतववुं ते असत्यमनोयोग कहेवाय॥४१॥ कंइक सत्य अने कंइक असत्य एम जे बन्ने धर्मयुक्त होय ते व्यवहारनयनी अपेक्षाथी ३ सत्यमृषा (मिश्र) मनोयोग छे. ॥ ४२ ॥ जेम अन्य वृक्षो सहित बीजां अशोकनां घणां झाड होते छते आ अशोक वन छे इत्यादि जे चिंतववुं ते मिश्रमनोयोग ॥४३॥ केटलाएक अशोकवृक्ष होवाथी सत्यपणुं अने बीजां वृक्षो पण होवाथी ( ते नहि कहेवाथी ) असत्यपणुं पण छे. ॥ ४४ ॥ वळी निश्चयनयनी अपेक्षाए तो ए असत्यज छे कारणके एमां विचार करेला स्वरूपवाळी वस्तुनो अभाव छे. ॥४५॥ वळी पदार्थनी (अमुक रूपे छे एवुं) स्थापन करवानी इच्छा विना स्वरूप मात्रनुं जे विचारवुं ते पूर्वे कहेला (सत्य अने असत्यना) लक्षणो नहि घटवाथी ते विचार सत्य नथी तेम असत्य पण नथी ते ४ ( असत्याऽमृषामनोयोग. ) ॥४६॥ जेम चैत्रनी पासेथी गाय मांगवी छे, तेनी पासेथी ( अथवा त्यांथी ) घडो लाववो छे, इत्यादि विचार करवो ते असत्यामृषा नामनो मनोयोग छे ॥४७॥ व्यवहार नयनी अपेक्षाएज ए ( असत्यामृषा ) भेद जुदो गणाय छे, अने निश्चयनयनो अपेक्षाए तो ए भेद सत्यमां के असत्यमां अंतर्गत थाय छे. ॥ ४८ ॥ ते आ प्रमाणे—"गाय मागवानी छे" इत्यादि विचार जो दंभ—कपटवडे कर्यो होय तो असत्यमां अंतर्गत थाय, अने जो स्वभावथीज (सरळताथी) कर्यो होय तो पुनः सत्यमां अंतर्गत थाय छे ॥४९॥

१ अर्थात् अशोकवन कहेवामां वस्तुना यथार्थ स्वरूपनो विचार करेलो नथी माटे सत्यासत्य कहेवाय अने बीजा वृक्षोनो अभाव नथी मात्र अशोकवृक्षनी अधिकता होवाथी अशोकनी मुख्यताए वननुं नाम अशोकवन कहेवाय एवा संस्कार पूर्वक जो " अशोकवन छे " एम चिंतववामां आवे तो ते सत्यमनोयोग कहेवाय, कारण जिनेश्वरो पण एवा वनने अपेक्षा पूर्वक अशोक वन कहे छे, ने तेमने मिश्रयोग नथी.

ए सर्वे स्वरूप वचनयोगमां कंइपण फेरफार विना विचारवुं. अर्थात् जे [चार] भेद विचार(मनोयोग)ना संबंधमां दर्शाव्या ते ( चारे भेद ) अहिं बोलवा[वचनयोग] ना संबंधमां विचारवा. ॥५०॥ ए प्रमाणे मनोयोग ने वचनयोग प्रत्येक चार चार प्रकारना छे,तेथी व्यवहार नयनी अपेक्षाए १५ योग थया.॥५१

किमु कश्चिद्विशेषोऽस्ति, भाषावाग्योगयोर्ननु । भाषाधिकारो यत्प्रोक्तः, सूत्रे वाग्योगतः पृथक् ॥ ५२ ॥ अत्रोच्यते ॥ युज्यते इति योगः स्यादिति व्युत्पत्तियोगतः। भाषाप्रवर्त्तको जन्तुयत्नो वाग्योग उच्यते ॥ ५३ ॥ भाषात्वेनापादिता या, भाषार्हद्रव्यसंत(ह)तिः। सा भाषा स्यादतो भेदो, भाषावाग्योगयोः स्फुटः ॥५४॥ तथोक्तमावश्यकबृहद्वृत्तौ ॥ "गिण्हइ य काइएणं निसिरइ तह वाइएण जोगेणं"ति । (गृह्णाति च कायिकेन, निसृजति तथा वाचिकेन योगेन) अत्र कश्चिदाह॥ तत्र कायिकेन गृह्णातीत्येतद्युक्तं, तस्यात्मव्यापाररूपत्वात्, निसृजति तु कथं वाचिकेन ?, कोऽयं वा वाग्योग ? इति, किं वागेव व्यापारापन्ना?,आहोश्वित्तद्विसर्गहेतुः कायसंरम्भ इति?, यदि पूर्वो विकल्पः स खल्वयुक्तः,तस्या योगत्वानुपपत्तेः, तथा च न वाक् केवला जीवव्यापारः, तस्याः पुद्गलमात्रपरिणामरूपत्वात्, रसादिवत्, योगश्चात्मनः शरीरवतो व्यापार इति, न च तया भाषा निसृज्यते, किंतु सैव निसृज्यत इत्युक्तं, अथ द्वितीयः पक्षः,ततः स कायव्यापार एवेति कृत्वा कायिकेनैव निसृजतीत्यापन्नम्, अनिष्टं चैतद्, अत्रोच्यते, न, अभिप्रायापरिज्ञानाद्, इह तनुयोगविशेष एव वाग्योगो मनोयोगश्चेति, कायव्यापारशून्यस्य सिद्धवत् तदभावात्. ततश्चात्मनः शरीरव्यापारे सति येन शब्दद्रव्योपादानं करोति स कायिकः, येन तु कायसंरंभेण तान्येव मुञ्चति स वाचिक इति, तथा

**येन मनोद्रव्याणि मन्यते स मानस इति, कायव्यापार एवायं व्यवहारार्थं त्रिधा विभक्त इत्यतोऽदोषः (सा. २४०) ॥**

अर्थ-प्रश्न-भाषा अने वचनयोगमां एवो शुं कोइ तफावत छे ? के जेथी सूत्रमां भाषानो अधिकार वचनयोगथी अलग वर्णवेलो छे ! ॥ ५२ ॥

उत्तर-युज्यते-जोडाय ते योग कहेवाय एवी व्युत्पत्तिना योगथी भाषाने प्रवर्तावनारो एवो जीवनो जे प्रयत्न ते वचनयोग कहेवाय ॥ ५३ ॥ अने भाषापणे परिणमेली भाषायोग्य द्रव्यनी ( पुद्गलनी ) जे संहति ( समूह ) ते भाषा कहेवाय छे, ए हेतुथी भाषा अने वचनयोगनो भेद प्रगट रीतेज छे. ॥५४॥ श्री आवश्यक सूत्रनी बृहद्वृत्तिमां कह्युं छे के-" काययोगवडे ( भाषावर्गणाने ) ग्रहण करे अने वचनयोगवडे बहार काढे " अहिं कोइक एवो प्रश्न करे छे के-त्यां काययोगवडे ( भाषावर्गणाने ) ग्रहण करे ते तो युक्त छे, कारणके ते काययोग आत्माना व्यापार रूपछे माटे, परन्तु वचनयोगवडे बहार काढे ते केवी रीते ?, अने वचनयोग ते शुं छे ?, शुं व्यापारने प्राप्त थयेली वाणी ( तेज वचनयोग छे?. के बहार निकळवामां निमित्तभूत कायानो प्रयत्न ते वचनयोग छे ?, जो प्रथमनो विकल्प लइये के (व्यापृत थयेली वाणी) ते वचनयोग छे,तो ते विकल्प अयुक्त छे,कारणके ते वाणीने योगपणानी अनुपपत्ति छे (वाणीनेयोगपणुं घटतुं नथी ). वळी केवळ वाणी जीवनो व्यापार नथी. कारण के ते वाणी तो रसादिनी पेठे मात्र पुद्गलपरिणामरूप छे. अने योग तेतो शरीरवाळा आत्मानो व्यापार छे, अने ते वाणीवडे भाषा ( पुद्गलो ) बहार नीकळे नहिं, परन्तु वाणी पोतेज निकळे छे एम पहेलां कहेलुं छे. हवे जो बीजो पक्ष अंगीकार करीए तो ते कायानो व्यापारज छे ते कारणथी "काययोगवडे करीने ( भाषा पुद्गलोने ) बहार काढे" ए भाव प्राप्त थयो अने ए भाव तो इष्ट नथी ( माटे वचनयोग वडे बहार काढे एम कह्युं ते केवी रीते युक्त गणाय ? ) उत्तर — अभिप्राय नहिं जाणवाथी, अहिं तमोए कह्युं तेम नथी कारण के अहिं वचनयोग अने मनोयोग ते काययोग विशेषज छे कारण के जो तेम न होय तो कायाना व्यापारथी शून्य ( रहित ) एवा सिद्धनी पेठे तेनो (मन वचनयोगनो), काययोगना अभावे) अभाव थाय. ते कारणथी (ए तात्पर्य छे के ) आत्मानो शरीरद्वारा व्यापार प्रवर्त्ये छते जेना वडे (शरीरना जे व्यापारवडे) शब्दपुद्गलोनुं ग्रहण करे ते व्यापार काययोग कहेवाय, अने जे शरीर व्यापारवडे ते शब्दपुद्गलोने बहार काढे ते वचनयोग कहेवाय. तेवीज रीते जे शरीर

[illegible] अर्थात् व्यवहारने माटे ए काययोगज त्रण प्रकारे (भेदवाळो) थयेलो छे ते माटे ("वचनयोगवडे चडार काढे") ए वात दोष रहितछे.(आ वात विशेषावश्यकभाष्यमां विशेष स्पष्ट करेलीछे.)

अथ प्रसङ्गतो भाषास्वरूप वच्मि साऽपि हि । चतुर्विधोक्तन्यायेन, सत्याऽसत्यादिभेदतः ॥५५॥ सन्तो जीवादयो भावाः, सन्तो वा मुनयोऽथवा । मूलोत्तरगुणास्तेभ्यो, हिता सत्याऽभिधीयते ॥ ५६ ॥ अयं भावः ॥ मुक्तिमार्गाराधनी या, सा गीः सत्योच्यते हिता । सा तु सत्याऽप्यसत्यैव, याऽन्येषामहितावहा ॥ ५७ ॥ असत्या तु भवेद्भाषा, मुक्तिमार्गविराधनी । द्विस्वभावा तृतीयाऽन्त्या, नाराधनविराधनी ॥ ५८ ॥ उक्तं च ॥ "सच्चा हिया सयामिह संतो मुणयो गुणा पयत्था वा । तव्विवरीया मोसा मीसा जा तदुभयसहावा ॥ ॥१॥ अणहिगया जा तीसुवि सद्दो च्चिय केवलो असच्चमुसा" (सत्या हिता सतामिह सन्तो मुनयो गुणाः पदार्था वा । तद्विपरीता मृषा मिश्रा या तदुभयस्वभावा ॥ १ ॥ अनधिगता या तिसृष्वपि शब्दश्चैव केवलोऽसत्यमृषा) इति । (सा० २४१)

अर्थ—हवे प्रसंगथी भाषानुं स्वरूप कहुं छुं,—ते भाषा पण पूर्वोक्तरीतिए निश्चये सत्य अने असत्यादि भेदथी ४ प्रकारनी छे. । त्यां संतः एटले जीवादि पदार्थो अथवा संतः एटले मुनिओ अथवा संतः एटले मूळ अने उत्तरगुण तेओ प्रत्ये जे हितकारी भाषा ते सत्यभाषा कहेवाय छे ॥५५-५६॥ तात्पर्य ए छे के–मोक्षमार्गने आराधन करवा योग्य तेवी हितकारी भाषा ते सत्य कहेवाय छे, परन्तु जे बीजाओने अहितकारी (मोक्षमार्गने प्रतिकूळ) एवी सत्यभाषा होय तोपण ते असत्यज छे ॥ ५७ ॥ मोक्षमार्गने विराधवा वाळी जे भाषा ते

१ भाषानो सान्तर निरन्तर ग्रहणनिसर्ग विचार मन्द तीव्रप्रयत्नोच्चरित भाषानुं व्याप्तिस्वरूप, केटले समये लोकव्याप्ति ? विगेरे विचार श्रीविशेषावश्यक–प्रज्ञापनाजी विगेरे ग्रन्थोथी जाणवो.

असत्य छे, अने बे स्वभाववाळी ( मोक्षमार्गने कंइक आराधवावाळी अने कंइक विराधवावाळी ) ते त्रीजी ( सत्यासत्य ) भाषा छे, अने ( मोक्षमार्गने ) न आराधवा वाळी के न विराधवा वाळी एवी जे भाषा ते अन्यभेदवाळी ( असत्याऽमृषा ) भाषा छे. ॥ ५८ ॥ कह्युं छे के—" अहिं सत्य एटले सत्ने हितकारी, अने सत् एटले मुनिओ–गुणो–अथवा पदार्थो जाणवा. ( ते त्रणेने जे हितकारी ते सत्य ) अने तेथी विपरीत ते असत्य, अने जे उभयस्वभाव वाळी होय ते मिश्र, अने जे भाषा ए त्रणेने विषे नहि अधिकृत थयेली (अप्राप्त) होय परन्तु केवळ शब्दज होय ते असत्याऽमृषा जाणवी. " ॥ १ ॥

तत्र सत्या दशविधा, प्रज्ञप्ता परमर्षिभिः । एभिः प्रकारैर्दशभिर्वदन्न स्याद्विराधकः ॥५९॥ तथाऽऽहुः ॥ "जणवय १ सम्मय २ ठवणा ३ नामे ४ रूवे ५ पडुच्चसच्चे ६ अ ॥ ववहार ७ भाव ८ जोगे ९ दसमे ओवम्मसच्चे १० अ ॥ १ ॥" [ जनपदसंमतस्थापनानामरूपप्रतीत्यसत्यं च । व्यवहारभावयोगे दशमं औपम्यसत्यं च ] ( सा० २४२ ) तस्मिंस्तस्मिन् जनपदे, वचोऽर्थप्रतिपत्तिकृत् । सत्यं जानपदं पिच्चं, कोङ्कणादौ यथा पयः ॥ ६० ॥ भवेत्संमतसत्यं तद्, यत्सर्वजनसंमतम् । यथाऽन्येषां पङ्कजत्वेऽप्यरविन्दं हि पङ्कजम् ॥ ६१ ॥ तद्भवेत्स्थापनासत्यं, स्थापितं तत्प्रतीतिकृत् । यथैककः पुरो बिन्दुद्वययुक्तः शतं भवेत् ॥६२॥ अर्हदादिविकल्पेन, कर्म लेप्यादिकं हि यत् । स्थाप्यते तदपि प्राज्ञैः, स्थापनासत्यमीरितम् ॥ ६३ ॥ यद्यस्य निर्मितं नाम, नामसत्यं तु तद्भवेत् । अवर्धयन्नपि कुलं, यथा स्यात्कुलवर्द्धनः ॥ ६४ ॥ तत्तद्वेषाद्युपादानाद्रूपसत्यं भवेदिह । यथाऽऽत्तमुनिनेपथ्यो. दाम्भिकोऽप्युच्यते मुनिः ॥ ६५ ॥ वस्त्वन्तरं प्रतीत्य स्याद्दीर्घताह्रस्वतादिकम् । यदेकत्र तत्प्रतीत्यसत्यमुक्तं जिनेश्वरैः ॥६६॥

दैर्घ्यं यथाऽऽनामिकाया, अधिकृत्य कनिष्ठिकाम् । तस्या एव च ह्रस्वत्वं, मध्यमामधिकृत्य तु ॥ ६७ ॥ यथा चैत्रस्य पुत्रत्वं, स्यात्तत्पितुरपेक्षया । पितृत्वमपि तस्यैव, स्वपुत्रस्य व्यपेक्षया ॥ ६८ ॥ विवक्षया यल्लोकानां,तत्सत्यं व्यवहारतः ॥ गलत्यमत्रं शिखरी, दह्यतेऽनुदरा कनी ॥६९॥ भूभृत्तत्स्थतृणादीना–मम-त्रोदकयोरपि । अविभेदं विवक्षित्वा,लोको ब्रूते तथाविधं ॥७०॥ संभोगबीजप्रभवो–दराभावे वदंति च । कन्यामनुदरां सत्य-मित्यादिव्यवहारतः ॥ ७१ ॥ भावो वर्णादिकस्तेन, सत्यं तु भावतो यथा । नैकवर्णोऽपि नीलस्य, प्रबलत्वाच्छुको हरित् ॥ ७२ ॥ स्थूलस्कन्धेषु सर्वेषु, सर्वे वर्णरसादयः । निश्चयाद्व्यवहा-रस्तु, प्रबलेन प्रवर्त्तते ॥ ७३ ॥ योगोऽन्यवस्तुसंबन्धो, योगस-त्यं ततो भवेत् । छत्रयोगाद्यथा छत्री, छत्राभावेऽपि कर्हिचित् ॥ ७४ ॥ ह्यं साधर्म्यमौपम्यं, तेन सत्यं तु भूयसा । काव्येषु विदितं यद्व–त्तटाकोऽयं पयोधिवत् ॥ ७५ ॥ मृषाभाषापि दश-धा, क्रोधमानविनिःसृता । मायालोभप्रेमहास्य–भयद्वेषविनिः सृताः ॥ ७६ ॥ आख्यायिकानिःसृतातु, कथास्वसत्यवादिनः । चौर्यादिनाभ्याख्यातोऽन्य, उपघातविनिःसृता ॥ ७७ ॥ त-थाहुः ॥ कोहे माणे माया लोभे पेज्जे तहेव दोसे य । हासे भय अक्खाइया, उवघाइया णिस्सिया दसमा ॥७८॥ (क्रोधे माने मायायां लोभे प्रेम्णि तथैव द्वेषे च ॥ हास्ये भये आख्यायि-कायां उपघातितनिःसृता दशमा ॥ ) ( सा० २४३ ॥

अर्थ–त्यां सत्यभाषा महामुनिओए १० प्रकारनी कहेली छे, अने ए १० प्रकारोवडे भाषा बोलतो जीव विराधक न होय ।।५९।। ते १० प्रकार कहे छे– १.जनपदसत्य,२सम्मत सत्य-३स्थापनासत्य-४नामसत्य-५.रूपसत्य–६ प-

तीत्य(अपेक्षा) सत्य-७व्यवहारसत्य-८भावसत्य-९योगसत्य अने १०मुं उपमासत्य ॥१॥ ते ते देशने विषे [तेवा प्रकारना] पदार्थने ओळखावनारुं जे वचन ते जनपदसत्य (१) कहेवाय, जेमके कुंकणादि देशमां पाणीने पिच्च कहेवामां आवे छे ॥६०॥ जे सर्वलोकने सम्मत (प्रमाण) थयेलुं वचन छे ते सम्मतसत्य (२) छे, जेम पंक कादवमां जन्मवारूप पंकज पणुं (घास देडका वगेरे) बीजा पदार्थोमां छतां पण कमळनेज पंकज कहेवुं ॥६१॥ ते वस्तुनी ओळखाण करनारुं जे कंइ स्थापेलुं होय ते स्थापनासत्य(३) कहेवाय. जेम एकडो आगळ बे बिंदुओ सहित होय तो ते सो कहेवाय. ॥६२॥ अथवा आ अरिहंतादिक छे एवा विकल्पपूर्वक जे लेप्यादिक कर्म ( चित्रामण वगेरे वस्तु ) स्थपाय तेने पण बुद्धिमानोए स्थापनासत्य कहेलुं छे ॥६३॥ जेनुं जे नाम निर्णित कर्युं तेनुं ते नाम नामसत्य [४] कहेवाय. जेमके कुळने नहि वधारता पुत्रने पण कुळवर्धन नामथी बोलाववो. ॥६४॥ ते ते वेषादिकनुं ग्रहण करवाथी आहि रूपसत्य (५) कहेवाय छे, जेम धारण करेला मुनिवेषवाळो दांभिक होय तोपण मुनि कहेवाय. ॥ ६५ ॥ बीजी वस्तुओने आश्रयिने जे लंबाइ वा म्होळाइ एकज वस्तुमां कहेवाय ते जिनेश्वरोए प्रतीत्यसत्य (६)कहेलुं छे ॥६६ । जेम कनिष्ठा आंगळीनी अपेक्षाए अनामिका (कनिष्ठा पासेनी ) आंगळी दीर्घ कहेवाय, अने तेज [ अनामिका ] आंगळी मध्यमा आंगळीनी अपेक्षाए ह्रस्व ( ठुंकी ) कहेवाय ॥ ६७ ॥ अथवा जेम तेना पितानी अपेक्षाए चैत्रने पुत्रपणुं छे, अने तेना ( चैत्रना) पुत्रनी अपेक्षाए तेनेज पितापणुं पण छे. ॥६८॥ लोकनी विवक्षावडे जे बोलाय छे ते व्यवहारसत्य (७), जेम वासण गळे छे, पर्वत बळे छे, कन्या पेट विनानी छे इत्यादि. ॥ ६९ ॥ कारणके पर्वत अने पर्वतपर रहेलां तृण वगेरेनो तेमज वासण अने पाणीनो अभेद विवक्षीनेज ( बन्नेने एकरूप गणीने) लोको तेवा प्रकारे बोले छे ( माटे ते व्यवहार सत्य छे ). ॥७०॥ संभोग बीज वीर्य)थी थवावाळा (गर्भोत्पत्तिवाळा) पेटना अभावे कन्याने पेट विनानी कहे छे इत्यादि सर्व सत्य व्यवहार सत्य छे. ॥७१॥ भाव ते वर्णादि ( वर्ण-गंध इत्यादि ) तेना वडे जे सत्य ओळखाय ते भावसत्य [८] जेमके पोपट एक रंगवाळो नथी छतांपण लीलावर्णनी प्रबळताथी (अधिकताथी) पोपट लीला रंगवाळो कहेवाय छे ॥ ७२ ॥ ए प्रमाणे सर्व बादरस्कन्धोमां निश्चयथी सर्व वर्ण-गंध वगेरे छे, पण बोलवानो व्यवहार तो प्रबळपणा वडेज ( जे वर्णादि अधिक होय ते विशेषवडेज ) प्रवर्ते छे. ॥७३॥ योग एटले अन्य पदार्थनो संबंध ते संबंधथी

(बोलातुं वचन) ते योगसत्य(९)छे. जेम छत्रना संबंधथी छत्री (छत्रवाळो) अने कोइक वखत छत्र न होय तो पण ( पहेलांनी अपेक्षाए ) छत्री कहेवाय. ॥ ७४ ॥ वळी मनोहर एवुं जे सरखापणुं ते उपमा कहेवाय, ते उपमावडे जे सत्य ते उपमासत्य (१०) छे, अने ते घणुंखरुं काव्योमां प्रसिद्ध छे, जेमके आ तळाव समुद्र सरखुं छे. ॥ ७५ ॥ हवे मृषाभाषा पण दश प्रकारनी छे ते आ प्रमाणे-१क्रोध-२ मान-३ माया-४ लोभ-५ प्रेम-६ हास्य-७ भय-अने ८ द्वेषथी नीकळेली ॥ ७६ ॥ तथा ९ आख्यायिकाथी नीकळेली ते कथा प्रसंगे असत्य बोलनारनी जाणवी, अने चोरी विगेरेना कलंकथी बीजा प्रत्ये आळ देवा (सम्बन्धी) निकळेली भाषा ते (दशमी) १० उपघातथी निकळेली उपघातभाषा जाणवी. कह्युं छे के-क्रोधथी-मानथी-मायाथी-लोभथी-प्रेमथी-द्वेषथी-हास्यथी-भयथी-आख्यायिकाथी अने दशमी उपघातथी निकळेली [असत्यभाषा] जाणवी. ॥ ७७-७८ ॥

सत्यामृषापि दशधा, प्रथमोत्पन्नमिश्रिता १ विगतमिश्रिता २ चान्यो--त्पन्नविगतमिश्रिता ३ ॥ ७९ ॥ जावाजीवमिश्रिते द्वे, स्याज्जीवाजीवमिश्रिता ४-५ । प्रत्येकमिश्रिता७ऽनन्त--मिश्रिता८ऽद्धाविमिश्रिता९ ॥ ८० ॥ अद्धाद्धामिश्रिते-१०त्यत्र, प्रथमोत्पन्नमिश्रिता । उत्पन्नानामनिश्चित्य, संख्यानं वदतो भवेत् ॥ ८१ ॥ यथात्र नगरे जाता, नूनं दशाद्य दारकाः । मृतास्तान् वदतोऽप्येवं, भवेद्विगतमिश्रिता ॥८२॥ एवं च ॥ उत्पन्नांश्च विपन्नांश्च, युगपद्वदतो भवेत् । उत्पन्नविगतमिश्रा--ह्वयो भेदस्तृतीयकः ॥ ८३ ॥ शंखशंखनकादीनां, राशौ तान् जीवतो बहून् । दृष्ट्वाल्पांश्च मृतान् जीव--राश्युक्तौ-जीवमिश्रिता ॥ ८४ ॥ तत्रैव च मृतान् भूरीन्, दृष्ट्वा स्वल्पांश्च जीवतः । अजीवराशिरित्येवं, वदतोऽजीवमिश्रिता ॥ ८५ ॥ एतावन्तोऽत्र जीवन्त, एतावन्तो मृता इति । तत्रानिश्चित्य वदतो जीवाजीवविमिश्रिता ॥८६॥ अनन्तकायनिकरं, दृष्ट्वा

प्रत्येकमिश्रितं । अनन्तकायं तं सर्वं, वदतोऽनन्तमिश्रिता ॥ ८७ ॥ एवं प्रत्येकनिकर--मनंतकायमिश्रितं । प्रत्येकं वदतः सर्वं, भवेत्प्रत्येकमिश्रिता ॥ ८८ ॥ अद्धा कालः स च दिनं, रात्रिर्वा परिगृह्यते । यस्यांशमिश्रिता साद्धा--मिश्रिता जायते यथा ॥ ८९ ॥ कश्चन त्वरयन् कश्चि--द्वदेदुत्तिष्ठ भो लघु । रात्रिर्जातेति दिवसे, रात्रौ च रविरुद्गतः ॥ ९० ॥ अद्धाद्धा त्वेकदेशः स्या--द्रात्रेर्वा दिवसस्य वा ॥ सा मिश्रिता यथाऽद्धाद्धामिश्रिता सा भवेदिह ॥ ९१ ॥ कश्चिद्यथाद्यपौरुष्यां, कश्चन त्वरयन् वदेत् । त्वरस्व जातो मध्यान्ह, एवमेव निशास्वपि ॥ ९२ ॥

अर्थः--हवे सत्यासत्यभाषा पण १० प्रकारनी छे, तेमां पहेली उत्पन्नमिश्रित१, बीजो विगतमिश्रित२, त्रीजो उत्पन्नविगतमिश्रित ३ ॥ ७९ ॥ जीवमिश्रित४-अजीवमिश्रित५-जीवाजीवमिश्रित६-प्रत्येकमिश्रित७-अनंतमिश्रित८-अने (नवमी) अद्धामिश्रित९ छे, ॥ ८० ॥ तथा अद्धाद्धामिश्रित १०. ए प्रमाणे अहिं ( १० प्रकार छे ) त्यां उत्पन्न थयेलाओनी संख्यानो निर्णय कर्याविना बोलनारने प्रथम उत्पन्नमिश्रित (नामनी मिश्र भाषा) छे. (१)॥ ८१ ॥ जेम आ नगरमां आजे निश्चय १० बाळको जन्म्या ( ए उत्पन्न मिश्रित १ भाषा ) तेमज तेओने ए प्रमाणे ( निर्णयविना ) मरेला बोलनारने ( आजे १० बाळको मरण पाम्या एम बोलनारने) विगतमिश्रित नामनी मिश्रभाषा [२] होय. ॥ ८२ ॥ वळी ए प्रमाणे उत्पन्न थयेला अने मरण पामेलाओने समकाळे बोलनारने उत्पन्नविगतमिश्र नामनो त्रीजो भेद [३] होय छे. ॥ ८३ ॥ जेम शङ्ख ( मोटा शङ्ख ) अने शङ्खनक(ख) (क्षुद्र नाना शङ्ख) वगेरेना ढगलामां तेओने घणा जीवता अने थोडा मरेला देखीने आ जीवराशि छे एम कहेवामां जीवमिश्रित भाषा ( ) जाणवी. ॥ ८४ ॥ वळी तेज ढगलामां घणाओने मरेला अने थोडाओने जीवता जोइने आ अजीवराशि छे एम बोलनारने अजीवमिश्रित नामनी मिश्रभाषा (५) जाणवी. ॥ ८५ ॥ वळी तेज ढगलामां निर्णय कर्याविना आटला मरेला छे ने आटला जीवता छे एम बोलनारने जीवाजीवमिश्रित नामनी मिश्रभाषा (६) जाणवी.

॥ ८६ ॥ वळी प्रत्येक जीवो सहित अनन्तकायनो ढगलो देखीने ते सर्वने आ अनन्तकाय छे एम बोलनारने **अनंतमिश्रित** भाषा [७] छे. ॥८७॥ ए प्रमाणे अनन्तकाय सहित प्रत्येक जीवनो राशि जोइने सर्वने आ प्रत्येक राशि छे, एम बोलनारनी **प्रत्येकमिश्रित** भाषा (८) छे, ॥ ८८ ॥ **अद्धा** एटले काळ अने ते दिवस अथवा रात्रिरूप ग्रहण कराय छे. तेमां जेनो ( जे काळनो ) अंश मिश्रित होय ते **अद्धामिश्रित** भाषा (९) थाय छे. ॥८९॥ जेम कोइक माणस कोइने जल्दी करतो बोले के हे भाइ ! जल्दी ऊठ रात्रि पडी एम दिवसे बोले, अने रात्रे ( रात्रि छतां ) सूर्य उग्यो ( माटे जल्दी ऊठ ) एम बोले ( ते अद्धामिश्र भाषा (९) छे. ) ॥ ९० ॥ **अद्धाद्धा** एटले रात्रिनो अथवा दिवसनो एक भाग, जे वडे ( जे भाग वडे ) ते ( भाग रूप अद्धाद्धा ) मिश्रित थयेली होय ते अहिं **अद्धाद्धामिश्रित** भाषा (१०) जाणवी. ॥९१॥ जेम कोइक पुरुष पहेला प्रहरमां बीजा कोइ पुरुषने जल्दी करतो कहे के तुं उतावळ कर कारणके मध्याह्न थयो, ए प्रमाणे रात्रिने विषे पण [ मध्य रात्रि थइगइ ] कहे ( ते अद्धाद्धामिश्र भाषा ) छे. ॥ ९२ ॥ आ प्रमाणे मिश्रभाषाना १० भेदस्वरूप कह्युं.

**या त्वसत्यामृषाभिख्या, भाषा सापि जिनेश्वरैः । प्रज्ञप्ता द्वादशविधा, विविधातिशयान्वितैः ॥ ९३ ॥ आमन्त्रण्याज्ञापनी च, याचनी प्रच्छनी तथा । प्रज्ञापनी प्रत्याख्यानी, भाषा चेच्छानुकूलिका ॥ ९४ ॥ अनभिगृहीता भाषा–भिगृहीता तथा परा । संदेहकारिणी भाषा, व्याकृताव्याकृता तथा ॥ ९५ ॥ हे देवेत्यादि तत्राद्या, द्वितीया त्वमिदं कुरु । तृतीयेदं ददस्वेति, तुर्याज्ञातार्थनोदनं ॥ ९६ ॥ पञ्चमी तु विनीतस्य, विनेयस्योपदेशनं । यथा हिंसायां निवृत्ता, जंतवः स्युश्चिरायुषः ॥ ९७ ॥ उक्तं च ॥ पाणिवहाओ नियत्ता, हवंति दीहाउया अरोगा य । एमाइ पन्नत्ता; पन्नवणी वीयरायेहिं ॥ ९८ ॥ [ प्राणिवधान्निवृत्ता भवन्ति दीर्घायुषोऽरोगाश्च । एवमादि प्रज्ञप्ता प्रज्ञापनी वीतरागैः ] ( सा० २४४ ) पछी**

तु याचमानस्य, प्रतिषेधात्मिका भवेत् । सप्तमी पृच्छतः कार्यं, स्वीयानुमतिदानतः ॥ ९९ ॥ कार्यं यथाऽऽरभमाणः, कश्चित्कंचन पृच्छति । स प्राहेदं कुरु लघु, ममाप्येतन्मतं सखे ! ॥ १४०० ॥ उपस्थितेषु बहुषु, कार्येषु युगपद्यदि । किमिदानीं करोमीति, कश्चित्कञ्चन पृच्छति ॥ १ ॥ स प्राह सुन्दरं यत्ते, प्रतिभाति विधेहि तत् । भाषाऽनभिगृहीताख्या, सा प्रज्ञप्ता जिनेश्वरैः ॥ २ ॥ अभिगृहीता तत्रैव, नियतार्थावधारणम् । यथाऽधुनेदं कर्त्तव्यं, न कर्त्तव्यमिदं पुनः ॥ ३ ॥ अनेकार्थवादिनी तु, भाषा संशयकारिणी । संशयः सि(सै)न्धवस्योक्तौ, यथा लवणवाजिनोः ॥४॥ व्याकृता तु भवेद्भाषा, प्रकटार्थाभिधायिनी । अव्याकृता गभीरार्थाऽथवाऽव्यक्ताक्षराञ्चिता ॥ ५ ॥ आद्यास्तिस्रो दशविधास्तुर्या द्वादशधा पुनः । द्विचत्वारिंशदित्येवं, भाषाभेदा जिनैः स्मृताः ॥ ६ ॥ स्तोकाः सत्यगिरः शेषास्त्रयोऽसङ्ख्यगुणाः क्रमात् । अभाषकाश्चतुर्भ्योऽपि, स्युरनन्तगुणाधिकाः ॥७॥ इति योगाः ॥३१॥

अर्थः—वळी जे असत्यामृषा नामनी भाषा छे ते पण विविध प्रकारना अतिशयवाळा जिनेश्वरोए १२ प्रकारनी कही छे, ॥ ९३ ॥ ( ते आ प्रमाणे-) आमन्त्रणी—आज्ञापनी—याचनी-पृच्छनी—तथा प्रज्ञापनी—प्रत्याख्यानी भाषा वळी इच्छानुकूल—अनभिगृहित भाषा तथा बीजी अभिगृहीता—संदेहकारिणी भाषा—तथा व्याकृत अने अव्याकृत भाषा (ए १२ प्रकार छे.) ॥९४-९५॥ त्यां हे देव ! इत्यादि (सम्बोधन वचनो) पहेली (आमंत्रणी) भाषा (१), तुं आ कर इत्यादि बीजी (आज्ञापनी)भाषा (२), आ वस्तु मने आप इत्यादि त्रीजी ( याचनी ) भाषा (३), अने अजाण्या अर्थनी प्रेरणावाळी ( अजाणी वात पूछवा रूप ) चोथी ( पृच्छनी ) भाषा(४) छे. ॥ ९६ ॥ अने विनयवान् शिष्यने जे उपदेश अपाय जेम के-" हिंसाथी निवृत्त थयेला प्राणीओ दीर्घ आयुष्यवाळा थाय छे" ते पांचमी [प्रज्ञापनी] भाषा [५]

छे. ॥९७॥ कह्युं छे के-“प्राणी वधथी विराम पामेला जीवो दीर्घ आयुष्यवाळा अने निरोगी होय छे, इत्यादि भाषा वीतराग भगवाने प्रज्ञापनी नामनी कहेली छे ” ॥९८॥ वळी मारनारने निषेध करवारूप भाषा छट्ठी (प्रत्याख्यानी-नामनी) (६) छे, अने कार्य पूछनारने पोतानी सम्मति आपवाथी सातमी (इच्छानुलोम(कूल) नामनी) भाषा(७) छे. ॥९९॥ जेम कार्यने आरम्भ करतो कोइ पुरुष कोइकने पूछे, तो ते कहे के हे मित्र ? आ कार्य शीघ्र करो, मारे पण ए कार्य सम्मत (इष्ट) छे, (ए इच्छानुलोम भाषा) छे. ॥१४००॥ ज्यारे एकी वखते घणां कार्य आवी पडे त्यारे हवे कयुं कार्य करुं? एम कोइक पुरुष कोइकने पूछे ॥१४०१॥ तो ते कहे के तने जे ठीक लागे ते कर, एम कहेवुं ते अनभिगृहीत नामनी भाषा (८)जाणवी.॥१४०२॥ अने एज सम्बन्धमां निर्णय करेला कार्यने दर्शाववा वाळी, जेम हालमां आ कार्य करवुं अने आ कार्य न करवुं (एम कहेवारूप) अभिगृहीता नामनी भाषा [९]जाणवी. ॥१४०३॥ वळी जे भाषा अनेक अर्थ सूचववा वाळी होय ते संशयकारिणी भाषा(१०) छे,जेम सैंधव कहेवामां लूण अने घोडानो संशय थाय (कारणके “सैंधव” शब्दनो अर्थ लूण विशेष अने घोडा ए बन्ने थाय छे.) ॥१४०४॥ वळी जे भाषा स्पष्ट अर्थने कहेनारी होय ते व्याकृत भाषा(११),अने गम्भीर अर्थ अथवा अस्पष्ट अक्षरवाळी ते अव्याकृत भाषा [१२]कहेवाय. ॥१४०५॥ ए प्रमाणे पहेली त्रण (सत्य-असत्य-ने मिश्र) भाषा दश दश भेदवाळी अने चोथी (व्यवहार) भाषा १२ भेदवाळी ते सर्व मळी भाषाना ४२ भेद श्री जिनेश्वरोए कहेला छे. ॥१४०६॥ सत्यवचन योग वाळा जीवो सर्वथी अल्प छे, अने शेष त्रण भाषावाळा अनुक्रमे असंख्यगुणा छे, अने चारेथी पण अभाषक (एकेन्द्रियने सिद्ध मळीने सर्व) जीवो अनन्तगुणा अधिक छे. ॥१४०७॥ ए प्रमाणे योगद्वार कह्युं. ॥ इति योगद्वारम् ॥३१॥

## ॥ योगभेद यन्त्रकम् ॥

### मनोयोग भेद ४

| | | | |
|---|---|---|---|
| १ | सत्यमनोयोग | ३ | मिश्र ( सत्यासत्य ) मनोयोग |
| २ | असत्यमनोयोग | ४ | व्यवहार (असत्यामृषा) मनोयोग |

## वचनयोग भेद ४ प्रतिभेद ४२

### (१) सत्य वचनयोग (१०)

| | | | |
|---|---|---|---|
| १ | देशसत्य वचनयोग. | ६ | प्रतीत्य सत्य वच० |
| २ | सम्मतसत्य वचन ,, | ७ | व्यवहार सत्य वच० |
| ३ | स्थापना सत्य वच० | ८ | भाव सत्य वच० |
| ४ | नाम सत्य वच० | ९ | योग सत्य वच० |
| ५ | रूप सत्य वच० | १० | उपमा सत्य वच० |

### (२) असत्य वचनयोग (१०)

| | | | |
|---|---|---|---|
| १ | क्रोधनिःसृत वच० | ६ | हास्य निःसृत वच० |
| २ | मान निःसृत वच० | ७ | भय निःसृत वच० |
| ३ | माया निःसृत वच० | ८ | द्वेष निःसृत वच० |
| ४ | लोभ निःसृत वच० | ९ | आख्यायिका निःसृत वच० |
| ५ | प्रेम निःसृत वच० | १० | उपघात निःसृत वच० |

### (३) मिश्र वचनयोग (१०)

| | | | |
|---|---|---|---|
| १ | उत्पन्न मिश्रित वच० | ६ | जीवाजीव मिश्रित वच० |
| २ | विगत मिश्रित वच० | ७ | प्रत्येक मिश्रित वच० |
| २ | उत्पन्न विगत मिश्रित वच० | ८ | अनंत मिश्रित वच० |
| ४ | जीवमिश्रित वच० | ९ | अद्धा मिश्रित वच० |
| ५ | अजीव मिश्रित वच० | १० | अद्धाद्धा मिश्रित वच० |

### (४) व्यवहार वचनयोग (१२)

| | | | |
|---|---|---|---|
| १ | आमंत्रणी वच० | ७ | इच्छानुकूलिक वच० |
| २ | आज्ञापनी वच० | ८ | अनभिगृहित वच० |
| ३ | याचना वच० | ९ | अभिगृहित वच० |
| ४ | पृच्छना वच० | १० | संदिग्ध वच० |
| ५ | प्रज्ञापन वच० | ११ | व्याकृत वच० |
| ६ | प्रत्याख्यान वच० | १२ | अव्याकृत वच० |

काययोग ७

| | |
|---|---|
| १ औदारिकमिश्र काययोग | ४ वैक्रिय काय० |
| २ औदारिक काय० | ५ आहारकमिश्र काय० |
| ३ वैक्रियमिश्र काय० | ६ आहारक काय० |
| | ७ तैजसकार्मण काय० |

के के जीवाः कियन्तः स्युरितिदृष्टान्तपूर्वकम् । निरूपणं यत्तन्मानमित्यत्र परिकीर्त्तितम् ॥८॥ ३२। परस्परं कतिपयसजातीयव्यपेक्षया । वक्ष्यते याऽल्पबहुता, साऽत्र ज्ञेया कनीयसी ॥ ९ ॥ ३३। भूयांसो दिशि कस्यां के, जीवाः कस्यां च केऽल्पकाः । एवंरूपाऽल्पबहुता, विज्ञेया दिगपेक्षया ॥१०॥३४। प्राप्य पृथ्व्यादित्वमङ्गी, जघन्योत्कर्षतः पुनः । कालेन यावताऽऽप्नोति, तद्भावं स्यात्तदन्तरम् ॥ ११ ॥ ३५। विवक्षितभवात्तुल्येऽतुल्ये च यद्भवान्तरे । गत्वा भूयोऽपि तत्रैव, यथासंभवमागतिः ॥ १२ ॥ जघन्यादुत्कर्षतश्च, वारानेतावतो भवेत् । इत्यादि यत्रोच्यतेऽसौ, भवसंवेध उच्यते ॥ १३ ॥ ३६। सर्वजातीयजीवानां, परस्परव्यपेक्षया । वक्ष्यते याऽल्पबहुता, महाल्पबहुताऽत्र सा ॥ १४ ॥ ३७। भवतु सुगमं द्वारैरेभिः सदागमशोभनैनगरमिव सश्रीकं जीवास्तिकायनिरूपणम् । विमलमनसां चेतांसीह प्रविश्य परां मुदं, दधतु त्रिविधैरर्थैर्व्यक्तीकृतैश्च पदे पदे ॥१५॥ हरिणी ॥ विश्वाश्चर्यदकीर्तिकीर्त्तिविजयश्रीवाचकेन्द्रान्तिषद्राजश्रीतनयोऽतनिष्ट विनयः श्रीतेजपालात्मजः । काव्यं यत्किल तत्र निश्चितजगत्तत्त्वप्रदीपोपमे, सर्गो निगलितार्थसार्थसुभगः पूर्णस्तृतीयः सुखम् ॥ १६ ॥

—*—

॥ इति श्रीलोकप्रकाशे तृतीयः सर्गः समाप्तः ॥

३२ मानद्वारम् ॥ कया कया जीवो केटला छे ? एम दृष्टान्त पूर्वक जे निरूपण करवुं ते अहिं मान (प्रमाणद्वार) कहेलुं छे. ॥ १४०८ ॥

३३ अल्पबहुत्वद्वारम् ॥ वळी परस्पर केटलाक स्वजातीय जीवोनी अपेक्षाए जे अल्पबहुत्व आगळ कहेवाशे ते लघु अल्पबहुत्व. ॥ १४०९ ॥

३४ दिगल्पबहुत्वद्वारम् ॥ कया जीवो कइ दिशिमां वधारे ? अने कया जीवो कइ दिशिमां अल्प होय ? एवा प्रकारनुं जे अल्पबहुत्व कहेवुं ते दिशानी अपेक्षाए अल्पबहुत्व ( दिश्यल्पबहुत्व ) कहेवाय. ॥ १४१० ॥

३५ अन्तरद्वारम् ॥ जीव पृथ्वीकायादिपणुं पामीने पुनः जेटला जघन्य वा उत्कृष्टकाळे ते भाव (पृथ्वीकायादिपणुं) पामे ते अन्तर कहेवाय ॥ १४११॥

३६ भवसंवेध द्वारम् ॥ विवक्षित ( अमुक ) भवमांथी बीजा तुल्य (तेज) वा अतुल्य (भिन्न) भवमां जइने पुनः पण तेज भवमां यथायोग पणे जघन्यथी वा उत्कृष्टथी आटलीवार आगमन थाय इत्यादि स्वरूप जेमां कहेवाय छे ते भवसंवेध कहेवाय. ॥ १४१२–१४१३ ॥

३७ महाल्पबहुत्वद्वारम् ॥ सर्वे जातना जीवोमां परस्परनी अपेक्षाये (सर्व जीव भेदोनुं समुदाय पणे ) जे अल्पबहुत्व कहेवाय ते अहि महाऽल्पबहुत्व कहेवाय. ॥ १४१४ ॥ ( आ प्रमाणे सर्व द्वारोनुं स्वरूप कह्युं )

शोभा [[१]लक्ष्मी] युक्त नगरनी जेम जीवास्तिकायनुं निरूपण उत्तम आगमे करी मनोहर आ (उपर बतावेल ३७) [२]द्वारोये करी सुखे [३]गम–ज्ञान थवा (सुखे पामवा–समजवा ) लायक थाओ, आ जीवास्तिकायनिरूपणरूप नगरमां निर्मळ मनवाळा (विद्वानो–अकलुषित–नीतीसंपन्न जीवो) ना अन्तःकरणो प्रवेश करीने पदे पदे (पगले पगले) स्पष्ट कराएल विविध पदार्थोवडे उत्कृष्ट हर्षने धारण करो

---

१ जीवास्तिकायनिरूपण पक्षमां यथार्थ सकल जीवोना स्वरूपावबोधरूप ज्ञानलक्ष्मी, नगरपक्षमां द्रव्यादिलक्ष्मी.

२ जीवास्तिकाय निरूपणपक्षमां उत्तमसिद्धान्तसाक्षिओथी सुंदर अथवा उत्तम प्रकारना द्वारे करी मनोहर एवा उपर बतावेला ३७ द्वारोरूप दरवाजा, नगरपक्षमां उत्तम पुरुषोना आवागमन करी सुंदर अथवा उत्तम रीते ( कोइ जातनी अन्यायादि पीडा न थाय तेवी रीते ) अवनुं जवुं जेमांथी थाय तेवा मनोहर दरवाजा.

३ जीवास्तिकायनिरूपणपक्षमां सुखे करी जाणवुं, समजवुं, पामवुं, नगर पक्षमां जवुं, पामवुं, वसवुं, विगेरे.

[जेम सुखे जवा लायक उत्तमनगरमां न्याययुक्त जीवोना अन्तःकरणो प्रवेश करी ने स्थाने स्थाने स्पष्ट थयेल ] ( कोइपण अन्याय पामे नहि तेवा खुल्ला थयेल ) जुदी जुदी जातना पदार्थोवडे हर्ष पामे छे तेम आ जीवास्तिकायनिरूपणमां पण विद्वानोना अन्तःकरणो पेसीने स्थाने स्थाने स्पष्ट करेला विविध पदार्थोवडे उत्कृष्ट आनन्दने पाम्यो

विश्वने आश्चर्य पमाडनारी कीर्तिवाळा श्रीज्ञानादि लक्ष्मी ( शोभा ) युक्त वाचकोना इन्द्र एटले उपाध्यायमां अग्रेसर श्रीकीर्तिविजय महाराजना शिष्य अने ( सांसारिक सम्बन्धथी ) राजश्री माताना पुत्र अने श्रीतेजपाल पिताना पुत्र, श्रीविनयविजयजी उपाध्याय महाराज निश्चयथी जे काव्य विस्तारता [रचता] हवा, ते निश्चय करेलुं जे जगत् तेना पदार्थो अथवा निश्चित थयेला एवा जगतना पदार्थो दर्शाववाने दीपक समान अथवा जगतना तत्त्वोने प्रकाश करवामां निश्चल [अबाधित] दीपक समान आ काव्यमां सिद्धान्तमांथी साररूपे भरेला अर्थसमूहवडे सौभाग्यवाळो ( भव्यजीवोने व्हालो लागतो) आ त्रीजो सर्ग सुखे करीने समाप्त थयो. ॥ १६ ॥

पीयूषप्रतिमोपदेशप्रतिबोधिताकब्बरनरपत्युद्घोषिताहिंसासत्क-अनादिर्स-
सिद्धश्रीजैनसद्दर्शनशत्रुंजयादितीर्थयात्रोद्घोषणासत्कमहस्फुरन्माना-
दिसन्मानसमलङ्कृत-जगद्गुरुबिरुदधारक- महाप्रभावश्रीतपागच्छाचार्यभ-
ट्टारकश्रीविजयहीरसूरीश्वरशिष्यमहोपाध्यायश्रीकीर्तिविजयगणिविनेयावतंस-
नानाविधग्रन्थसन्दोहप्रणयनलब्ध यशःकीर्तिधवलीकृतदिङ्मण्डल महोपाध्याय-
श्रीविनयविजयगणिविरचितस्य-द्रव्याद्यनुयोगमयसिद्धान्तशास्त्रसमूहसंघाटि-
तस्य-तत्त्वनिष्पन्नस्य- निखिलतत्त्वप्रकाशनैकप्रवृत्तिनिमित्तस्य-द्रव्य-क्षेत्र-
काल-भावैश्चतुर्विभागोपलक्षितस्य लोकप्रकाशाभिधेयस्यास्य ग्रन्थस्यादिम-
विभागरूपे द्रव्यलोकप्रकाशे शास्त्रतत्त्वप्रदर्शकयच्चाञ्चितविस्तृतविशेषविचार-
लङ्कृतगुर्जरभाषानुवादविभूषितोऽयं

## ॥ तृतीयः सर्गः समाप्तः ॥

तृतीयसर्ग निष्कर्षः

द्वारैः समविंशता यैरुक्ताः संसारिणोऽङ्गिनः ॥
सर्गे तृतीयके तेषां, द्वाराणामतिविस्तृतिः ॥ १ ॥